

# મહાનિબંધ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની
પીએચ.ડી. (સંસ્કૃત) ની પદવી માટે રજૂ કરવામાં આવનાર મહાનિબંધ

## ''મહાભારતનાં આખ્યાનો અને ઉપાખ્યાનોનું
## વિવેચનાત્મક અને તુલનાત્મક અધ્યયન''

## (ભાગ–૧)

## "A Critical and Comparative Study of Akhyanas and Upakhyanas of The Mahabharata"


પ્રસ્તુતકર્ત્રી
પ્રા. જયશ્રી શાંતિલાલ જોષી
મ્યુનિ. મહિલા કોલેજ,
ગોંડલ.

માર્ગદર્શિકાશ્રી
પ્રા. ડો. કુસુમબા યુ. જાડેજા
મ્યુનિ. મહિલા કોલેજ,
ગોંડલ.


ઈ.સ. ૨૦૦૯

માર્ગદર્શિકાશ્રીની સહી
સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શિકા

# પ્રસ્તાવના

## ''મહાભારતનાં આખ્યાનો–ઉપાખ્યાનોનું વિવેચનાત્મક અને તુલનાત્મક અધ્યયન''✓

મહાભારત રત્નાકર સમાન છે, જે ઈતિહાસ, વિજ્ઞાન, આયુર્વેદ, ગણિત, ખગોળ જેવા અમૂલ્ય રત્નોથી પૂર્ણ છે. મહાભારતના વર્ણ્ય વિષય જ્ઞાનના ભંડાર મનાય છે. પ્રાચીન ભારતની સભ્યતા, સંસ્કૃતિ, વૈભવ, જનજીવન આદિ મહાભારતમાં દષ્ટિગોચર થાય છે.

મહાભારત જેટલી જ મહત્ત્વની તેની આડકથાઓ છે, જે આખ્યાનો–ઉપાખ્યાનોથી પ્રસિદ્ધ છે. તે આખ્યાનો–ઉપાખ્યાનોની વિવેચના તથા તુલના કરવાનો પ્રસ્તુત શોધ નિબંધમાં મેં નમ્ર પ્રયાસ કર્યો છે.✓

માનવજીવનની અનેકવિધ વૈવિધ્યપૂર્ણ ઘટનાઓને આટલી સૂક્ષ્મતાથી અને વાસ્તવિકતાથી આલેખનાર આ મહાકાવ્યના અંતરંગમાં આટલો વ્યાપક અને સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ રહેલો છે, તે આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા ફલિત થાય છે.

ભારત સંહિતાને 'મહા' ભારત બનાવવામાં એનું કદ વિરાટ કરવામાં, મહાનતા અર્પવામાં અર્થગૌરવ અને જીવનદર્શનનો ભાર ઉમેરવામાં માત્ર આખ્યાનો–ઉપાખ્યાનોનું જ મોટું પ્રદાન છે. એટલે મહાભારતની મહત્તા સમજવા માટે ઉપાખ્યાનોનું સ્વરૂપ, વસ્તુ, કાર્ય, ઈત્યાદિ સમજવા જોઈએ.

મહાભારતના કુલ આઠ પર્વ આદિપર્વ, વનપર્વ, ઉદ્યોગપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, શાન્તિપર્વ, અનુશાસન પર્વ અને આશ્વમેધિક પર્વના ચયન કરેલા આખ્યાનો–ઉપાખ્યાનોની સમીક્ષા કરી છે, જે ત્યાગ, વૈરાગ્ય, ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ, પાપ–પુણ્ય, હિંસા–અહિંસા ઈત્યાદિ બાબતોને ઉજાગર કરતા હોય. આખ્યાનોની અપેક્ષાએ ઉપાખ્યાનોની સંખ્યા અધિક હોવાને કારણે ઉપાખ્યાનોની સમીક્ષા વિશેષ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

તદ્ ઉપરાંત પ્રસ્તુત મહાનિબંધમાં વેદથી પ્રારંભી રામાયણ, અષ્ટાદશપુરાણ ઈત્યાદિના આખ્યાનો–ઉપાખ્યાનોમાં કેવું સામ્ય–વૈષમ્ય છે, તે દર્શાવી સાંપ્રત સમયમાં તેની ઉપાદેયતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત મહાનિબંધને બે ભાગમાં વિભાજીત કર્યો છે. ભાગ–૧ માં વિભાગ–૧ અને ૨ સમાવિષ્ટ છે. જ્યારે ભાગ–૨ માં વિભાગ–૩ નો સમાવેશ કરવામાં આવ્યો છે. વિભાગ–૩ માં ૧ થી ૬ પ્રકરણ છે. જે ભાગ–૨ માં સમાવવામાં આવ્યા છે.

વર્તમાન સમયનો માનવી અનેક સમસ્યાઓમાં સપડાયેલો છે. તેને નૂતનદિશા આપવાનો મારો મુખ્ય ઉદ્દેશ મારી આ ગાગરમાં સાગર સમાવવાનો પરિશ્રમ સાર્થક થશે.

*– પ્રા. જયશ્રીબેન શાંતિલાલ જોષી*

# ઋણ સ્વીકાર

**''મહાભારતનાં આખ્યાનો–ઉપાખ્યાનોનું વિવેચનાત્મક અને તુલનાત્મક અધ્યયન''** એ વિષય પર મહાનિબંધ લખતા હું હર્ષની લાગણી અનુભવું છું.

ઉકત વ્યાપક વિષયની પસંદગીમાં મારા શોધ નિર્દેશક, પૂજય ગુરુવર્ય પ્રા. ડૉ. કુસુમબા યુ. જાડેજાએ મને પ્રેરણા આપી. મારા પર અનુગ્રહ કર્યો છે. તેઓના ધૈર્ય, માર્ગદર્શન એવં આશીર્વાદ માટે હાર્દિક કૃતજ્ઞતા અર્પણ કરું છું તથા સાદર પ્રણામ કરું છું. મારા શોધનિબંધ તૈયાર કરવા પરત્વે સતત કાર્યશીલ રહી અનેક વિટંબણાઓ વચ્ચે પણ મને માર્ગદર્શન આપનાર તેઓશ્રીની હું ઋણી છું.✓

મારા જીવનમાં શીલ, સ્નેહ, સંસ્કાર અને વિદ્યાનું સિંચન કરનાર મારા માતા–પિતાની પણ હું ઋણી છું. મારા આ લેખન કાર્યમાં તેમની કૃપા તથા વિદ્યાવારસાનો મોટો ફાળો છે. મારી આ પ્રગતિમાં તેમના વિશિષ્ટ યોગદાનને હું ભૂલી શકું તેમ નથી.

મારા જીવનસંગી શ્રી પ્રકાશભાઈ પુરોહિત કે જેઓ વાણિજયના અભ્યાસી હોવા છતાં મહાભારતમાં રુચિ લઈ. સમયે–સમયે સહયોગ આપ્યો તથા હું ક્ષમાપ્રાર્થી છું મારા બંને પુત્રો કૃતાર્થ અને પરમની જેઓ મારી વ્યસ્તતાને કારણે અધિકૃત પ્રેમથી વંચિત રહ્યા, તે સૌની આભારી છું.

કોઈપણ સમયે અને સ્થળે માર્ગદર્શન અને સતત પ્રેરણા આપનાર મારા પિતાતુલ્ય પ્રો. શ્રી ડી.વી. શાસ્ત્રીનો પ્રેમાદર વ્યકત કરું છું.

હું ધન્યવાદ અર્પણ કરું છું મહિલા કોલેજ, ગોંડલ – ગ્રંથાલય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય, શ્રી મહારાજા ભગવતસિંહજી કોલેજ, ગોંડલ, શ્રીરામ પુસ્તકાલય, ગોંડલ, શ્રી ભગવતસિંહજી પુસ્તકાલય, ગોંડલ, બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢ, ગાંધી સ્મૃતિ સાર્વજનિક પુસ્તકાલય, ભાવનગર આદિ ગ્રંથાલય અને ગ્રંથપાલોએ વિષયાનુરૂપ ગ્રંથોની પ્રાપ્તિને સુલભ બનાવી.

પ્રસ્તુત મહાનિબંધને ક્ષતિરહિત કરવાની પૂરતી કાળજી લીધી છે છતાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો ક્ષમા ચાહું છું.

પુનઃ પ્રા. ડૉ. કુસુમબા યુ. જાડેજાને સાદર નમસ્કાર કરું છું કે જેઓએ આધારગ્રંથોના પઠન તથા શોધકાર્યની રૂપરેખા નિર્ધારણમાં માર્ગદર્શન આપ્યું.

મારા લખાણને મુદ્રિત કરનાર નવરંગ ગ્રાફિકસની પણ હું આભારી છું.

*– પ્રા. જયશ્રી શાંતિલાલ જોષી*

# સોગંદનામું

આથી હું સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે પ્રસ્તુત મહાનિબંધ રૂપે રજૂ થયેલું સંશોધન કાર્ય મેં ઉપર્યુક્ત સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કરેલું છે. તેમાં આવતા નિરુપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાત કરું છું. ઉપરાંત તેમાં રજૂ થયેલા મંતવ્ય અને વિગતો માટે હું એકલી જ સંપૂર્ણપણે જવાબદાર છું. તે પણ આથી જાહેર કરું છું.

સહી

માર્ગદર્શિકાની સહી

**પ્રા. ડૉ. કુસુમબા યુ. જાડેજા**
સંસ્કૃત વિભાગ,
મ્યુ. મહિલા કોલેજ,
ગોંડલ.

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. જયશ્રીબેન શાંતિલાલ જોષી દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ ''મહાભારતનાં આખ્યાનો–ઉપાખ્યાનોનું વિવેચનાત્મક તથા તુલનાત્મક અધ્યયન'' તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન કાર્ય છે. પ્રસ્તુત શોધનિબંધ તેમણે મારા માર્ગદર્શન નીચે આવશ્યક અભ્યાસ અને સંશોધન કરીને તૈયાર કરેલ છે, તે હું આથી પ્રમાણિત કરું છું.

સ્થળ :✓

તારીખ :

માર્ગદર્શિકાની સહી


**પ્રા. ડૉ. કુસુમબા યુ. જાડેજા**

સંસ્કૃત વિભાગ,

મ્યુ. મહિલા કોલેજ, ગોંડલ.

# અનુક્રમ

## વિભાગ – ૧


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | મહર્ષિ વ્યાસનું જીવન | ૧ |
| ૨. | મહાભારતનો રચનાકાળ | ૭ |
| ૩. | મહાભારત – પરિચય, ત્રણ સંસ્કરણ, મહાભારત લેખન પ્રસંગ | ૯ |
| ૪. | મહાભારત – એક ઈતિહાસ | ૨૦ |
| ૫. | મહાભારત – આર્ષકાવ્ય | ૨૫ |
| ૬. | મહાભારત – વીરકાવ્ય | ૨૯ |
| ૭. | મહાભારતના વર્ણ્ય વિષયો | ૩૧ |
| ૮. | આખ્યાન–ઉપાખ્યાનની વિભાવના | ૪૫ |
| ૯. | પાદટીપ | ૫૨ |


## વિભાગ – ૨

### પ્રકરણ – ૧

### વૈદિક સાહિત્યના આખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | વેદ પરિચય | ૬૨ |
| ૨. | ઉપનિષદ્ પરિચય | ૬૯ |
| ૩. | ઋગ્વેદનાં આખ્યાનો | ૭૧ |
| | શુનઃ શેપાખ્યાન | ૭૨ |
| | અગસ્ત્ય અને લોપામુદ્રા આખ્યાન | ૭૬ |
| | દધ્યઙ્ઙ આખ્યાન | ૭૭ |
| | યમ–યમી આખ્યાન | ૮૦ |
| | દેવાપિ અને શન્તનુ આખ્યાન | ૮૨ |
| | સરમા–પણિ આખ્યાન | ૮૪ |
| ૪. | ઉપનિષદ્નાં આખ્યાનો | ૮૬ |
| | યક્ષોપાખ્યાન | ૮૬ |
| | નચિકેતા ઉપાખ્યાન | ૮૯ |
| | ભૃગુ અને વરુણનું આખ્યાન | ૯૨ |
| | ઉષસ્તિ આખ્યાન | ૯૪ |
| | રાજા જાનશ્રુતિ અને રૈકવનું આખ્યાન | ૯૬ |
| | સત્યકામ જાબાલ આખ્યાન | ૯૮ |
| | પાંચાલોની સભામાં શ્વેતકેતુ આગમન આખ્યાન | ૧૦૦ |
| | યાજ્ઞવલ્કય–મૈત્રેયી આખ્યાન | ૧૦૨ |
| | સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા યાજ્ઞવલ્કયનું આખ્યાન | ૧૦૪ |
| | પ્રજાપતિના ઉપદેશનું આખ્યાન | ૧૦૬ |
| ૫. | પાદટીપ | ૧૦૮ |

## પ્રકરણ – ૨
## પુરાણ સાહિત્યના આખ્યાન


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પુરાણ પરિચય | ૧૧૬ |
| ૨. | પુરાણોની સંખ્યા | ૧૧૯ |
| ૩. | પુરાણોનો રચનાકાર | ૧૨૨ |
| ૪. | અષ્ટાદશ પુરાણોનો પરિચય | ૧૨૫ |
| ૫. | પુરાણોમાં આખ્યાન | ૧૩૦ |
| ૫. | વિષ્ણુ પુરાણનાં આખ્યાનો | ૧૩૧ |
| | વેન અને પૃથુનું આખ્યાન | ૧૩૧ |
| | જડ–ભરત આખ્યાન | ૧૩૫ |
| | સૌભરિ આખ્યાન | ૧૪૦ |
| | સ્યમન્તકમણિ આખ્યાન | ૧૪૩ |
| | સગર આખ્યાન | ૧૪૬ |
| ૬. | મત્સ્યપુરાણનાં આખ્યાનો | ૧૪૯ |
| | ઈલા આખ્યાન | ૧૪૯ |
| | પુરુરવા ઉર્વશી આખ્યાન | ૧૫૨ |
| | યયાતિ આખ્યાન | ૧૫૬ |
| | સહસ્ત્રાર્જુન આખ્યાન | ૧૬૦ |
| ૭. | શ્રીમદ્ ભાગવત પુરાણનાં આખ્યાનો | ૧૬૩ |
| | પુરંજન આખ્યાન | ૧૬૩ |
| | અજામિલ આખ્યાન | ૧૬૫ |
| | મત્સ્યાવતાર આખ્યાન | ૧૬૮ |
| | મહર્ષિ ચ્યવન અને સુકન્યા આખ્યાન | ૧૭૧ |
| | અંબરીષ આખ્યાન | ૧૭૩ |
| | અવધૂત આખ્યાન | ૧૭૭ |
| ૮. | પદ્મપુરાણનાં આખ્યાનો | ૧૮૧ |
| | પતિવ્રતા બ્રાહ્મણીનું ઉપાખ્યાન | ૧૮૧ |
| | શુકર–શુકરી ઉપાખ્યાન | ૧૮૩ |
| ૯. | શિવપુરાણાન્તર્ગત આખ્યાનો | ૧૮૬ |
| | કુમારી સંધ્યા ચરિત્ર આખ્યાન | ૧૮૬ |
| | સોમનાથ પ્રાદુર્ભાવ કથા | ૧૮૮ |
| | શિવરાત્રી વ્રત કથા | ૧૯૦ |
| ૧૦. | પાદટીપ | ૧૯૩ |

## પ્રકરણ – ૩
## રામાયણનાં આખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | રામાયણ પરિચય | ૨૦૭ |
| ૨. | વાલ્મીકિ જીવન | ૨૧૧ |
| ૩. | રામાયણ રચનાકાળ | ૨૧૩ |
| ૪. | રામાયણ કથા સાર | ૨૧૪ |
| ૫. | રામાયણનાં આખ્યાનો | ૨૧૭ |
| | ઋષ્યશૃંગ આખ્યાન | ૨૧૮ |
| | અહલ્યા આખ્યાન | ૨૨૦ |
| | શ્રવણાખ્યાન | ૨૨૨ |
| | નૃગ રાજાનું આખ્યાન | ૨૨૫ |
| | લવણાસુર આખ્યાન | ૨૨૭ |
| | કલ્માષપાદનું આખ્યાન | ૨૨૯ |
| ૬. | પાદટીપ | ૨૩૧ |

# અનુક્રમ

## <u>વિભાગ – ૩</u>

### મહાભારતમાં પ્રાપ્ત થતાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૨૩૫ |


### પ્રકરણ–૧
### આદિપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **परीक्षितोपाख्यान** | ૨૪૦ |
| | વિવેકભ્રષ્ટ | |
| | દુર્ગુણ | |
| | રાજધર્મ | |
| | શાપ | |
| | ક્ષમા | |
| ૨. | **शकुन्तलोपाख्यान** | ૨૫૨ |
| | અતિથિ સત્કાર | |
| | વિવાહ પ્રકાર | |
| | પતિવ્રતા ધર્મ | |
| | કન્યા વિદાય પ્રસંગ | |
| | પુત્રનું મહત્ત્વ | |
| | શકુન્તલા પ્રત્યાખ્યાન | |
| | સત્ય | |
| ૩. | **ययात्युपाख्यान** | ૨૬૬ |
| | વિવાહ પ્રકાર | |
| | ક્રોધ | |
| | બ્રાહ્મણનું મહત્ત્વ | |
| | વિષય સેવન | |
| | તૃષ્ણાનો ત્યાગ | |
| | સુપુત્ર | |
| | વૃદ્ધ યયાતિનું યુવાન બનવું | |
| ૪. | **तपत्युपाख्यान** | ૨૮૧ |
| | સૌંદર્ય | |
| | પ્રથમ દૃષ્ટિનો પ્રેમ | |
| | ગાંધર્વ વિવાહ | |
| | સ્ત્રી સ્વાતંત્ર્ય | |
| | કુદરતી પ્રકોપ | |
| | તપનો પ્રભાવ | |

| | | |
|---|---|---|
| ૫. | **और्वोपाख्यान**<br>યજ્ઞ<br>પિતૃવંશ જાળવણી<br>ક્રોધ | ૨૯૦ |
| ૬. | પાદટીપ | ૨૯૫ |


## પ્રકરણ–૨
## વનપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **सुरभ्युपाख्यान**<br>દયા<br>પુત્ર સ્નેહ | ૩૨૩ |
| ૨. | **नलोपाख्यान**<br>સંદેશાવાહક<br>કલિયુગનો પ્રભાવ<br>દમયંતી પતિવ્રતા સ્ત્રી<br>પ્રારબ્ધ<br>ઉપકાર<br>ધર્મ | ૩૨૭ |
| ૩. | **ऋष्यशृंग उपाख्यान**<br>અતિ પ્રાકૃત તત્ત્વ<br>તપ<br>વિષયાસક્તિ<br>પ્રાયશ્ચિત્ત | ૩૪૭ |
| ૪. | **परशुराम उपाख्यान**<br>વિવાહ<br>કન્યા વિક્રય<br>સ્ત્રી ચારિત્ર્ય<br>ક્રોધ<br>પિતૃભક્તિ<br>માતૃભક્તિ | ૩૫૬ |
| ૫. | **सुकन्योपाख्यान**<br>અજ્ઞાનવશ કરેલ કર્મ<br>પ્રાયશ્ચિત્ત<br>ક્રોધ<br>પતિવ્રતા માહાત્મ્ય | ૩૬૯ |

| | | |
|---|---|---|
| ૬. | **जन्तूपाख्यान** | ૩૭૬ |
| | અનેક પુત્રોની કામના | |
| | પુત્રેષ્ટિ યજ્ઞ | |
| | કર્મફળની પ્રાપ્તિ | |
| | ગુરુ પ્રત્યે પ્રેમ | |
| ૭. | **पतिव्रतोपाख्यान** | ૩૯૦ |
| | પશ્ચાત્તાપ | |
| | પતિવ્રતા | |
| | બ્રાહ્મણ ધર્મ | |
| | ધર્મ | |
| | વર્ણધર્મ | |
| | પાપ | |
| | હિંસા–અહિંસા | |
| | શુભાશુભ કર્મફળ | |
| | બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો | |
| | બ્રાહ્મી વિદ્યા | |
| | પંચમહાભૂતોના ગુણો | |
| | ત્રણ ગુણોનું સ્વરૂપ | |
| | પ્રાણ વાયુની સ્થિતિનું વર્ણન | |
| | માતા–પિતાની સેવા | |
| ૮. | **रामोपाख्यान** | ૪૧૫ |
| | પિતૃભકિત | |
| | શ્રીરામનું એક પત્નીવ્રત | |
| | ભ્રાતૃપ્રેમ | |
| | મૈત્રી ધર્મ | |
| | રાજનીતિ | |
| | સીતાનો પતિવ્રત ધર્મ | |
| ૯. | **सावित्र्युपाख्यान** | ૪૩૦ |
| | સંતાન પ્રાપ્તિ માટે તપ | |
| | યોગ્ય વરની શોધ | |
| | અડગતા | |
| | સાવિત્રી વ્રત | |
| | સાવિત્રી–યમ સંવાદ | |
| | પતિવ્રતા ધર્મ | |
| ૧૦. | પાદટીપ | ૪૪૩ |

## પ્રકરણ–૩
## ઉદ્યોગપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **विदुलोपाख्यान** | ૪૯૩ |
| | યુદ્ધ માટે પ્રોત્સાહિત | |
| | ક્ષત્રિય ધર્મ | |
| | શત્રુ વશીકરણ ઉપાય | |
| ૨. | **अम्बोपाख्यान** | ૪૯૭ |
| | રાક્ષસ વિવાહ | |
| | ભાગ્ય | |
| | શત્રુતા | |
| | શરણાગત વત્સલતા | |
| | સ્વધર્મ | |
| | કઠોર તપ | |
| ૩. | **हंसकाकीयोपाख्यान** | ૫૦૬ |
| | અહંકાર | |
| | સજ્જન–દુર્જન | |
| | શરણાગતતા | |
| ૪. | **त्रित आख्यान** | ૫૧૮ |
| | લોભ | |
| | બુદ્ધિ | |
| | ભય | |
| ૫. | પાદટીપ | ૫૨૪ |


## પ્રકરણ – ૪
## શાન્તિપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **मार्जारमूषिक आख्यान** | ૫૩૮ |
| | શીઘ્ર નિર્ણય | |
| | મિત્રતા–શત્રુતા | |
| | સંગઠિત થઈ કરેલ કર્મ | |
| | સ્વાર્થ | |
| | ઉપકાર | |
| ૨. | **कपोत लुब्धक आख्यान** | ૫૪૭ |
| | શરણાગત રક્ષા | |
| | ગૃહસ્થી | |
| | આતિથ્ય ધર્મ | |
| | વૈરાગ્ય | |
| | પ્રાયશ્ચિત્ત | |

| | | |
|---|---|---|
| ૩. | **गृधगोमायु आख्यान** | ૫૫૭ |
| | મૃત્યુ | |
| | અપત્ય પ્રેમ | |
| | ક્ષુધા | |
| ૪. | **कृतघ्नोपाख्यान** | ૫૬૩ |
| | બ્રાહ્મણત્વ | |
| | સંગદોષ | |
| | અતિથિ સત્કાર | |
| | દાન | |
| | મિત્ર | |
| | કૃતઘ્ન | |
| ૫. | **तुलाधार–जाजलि आख्यान** | ૫૭૭ |
| | તપ | |
| | અહંકાર | |
| | ધર્મ | |
| | અહિંસા | |
| | યજ્ઞ | |
| | કર્મ | |
| | શ્રદ્ધા | |
| ૬. | **चिरकारीकोपाख्यान** | ૫૯૮ |
| | માતૃપ્રેમ | |
| | પિતૃપ્રેમ | |
| | ક્રોધ | |
| | સ્ત્રી ચારિત્ર્ય | |
| | અપરાધ | |
| | દીર્ઘદષ્ટા | |
| ૭. | પાદટીપ | ૬૧૨ |


## પ્રકરણ – ૫
## અનુશાસન પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **भङ्गास्वनोपाख्यान** | ૬૪૩ |
| | પુત્રેષ્ટિ હોમ | |
| | શત્રુતા | |
| | લિંગ પરિવર્તન | |
| | રતિ સુખમાં આનંદ | |
| ૨. | **च्यवनोपाख्यान** | ૬૫૦ |
| | ઉચિત મૂલ્ય | |

| | | |
|---|---|---|
| ૩. | **नृगोपाख्यान** | ૬૫૪ |
| | બ્રાહ્મણના ધનનું અપહરણ | |
| | કરેલ કર્મનું ફળ | |
| ૪. | **नचिकेतोपाख्यान** | ૬૫૯ |
| | શાપ | |
| | આજ્ઞાકારી પુત્ર | |
| | ગૌદાન | |
| ૫. | પાદટીપ | ૬૬૮ |


## પ્રકરણ – ૬
## આશ્વમેધિક પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો


| ક્રમ | વિગત | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | **उत्तङ्क उपाख्यान** | ૬૭૬ |
| | અધ્યાત્મતત્ત્વનું જ્ઞાન | |
| | વિશ્વરૂપ દર્શન | |
| | વરદાન | |
| ૨. | **नकुल आख्यान** | ૬૮૪ |
| | દાન | |
| | અતિથિ સત્કાર | |
| | સ્ત્રી રક્ષા | |
| ૩. | પાદટીપ | ૬૯૧ |
| | ઉપસંહાર | ૬૯૬ |
| | પરિશિષ્ટ–૧ | ૭૦૪ |
| | સંદર્ભ ગ્રંથોની સૂચિ | ૭૦૭ |

# ॐ✓

# વિભાગ – ૧✓

## (૧) મહર્ષિ વ્યાસનું જીવન✓

મહાભારતના કર્તા તરીકે જે પ્રસિદ્ધ છે, તે મહામુનિ વ્યાસની વિભૂતિને 'ભારતભવ્ય' કહી શકાય. ભારત તેમની કૃતિ છે. કૃતિ કરતાં કર્તા હંમેશા મહાન્ હોય છે.✓

ઋગ્વેદ પ્રમાણે **स भूमिं विश्वतो वृत्वा अत्यतिष्ठत् दशाङ्गुलम्।** સર્જન કરતાં સર્જક હંમેશા 'દશાંગુલ' ઊંચો છે, મહત્તર છે છતાં મહાભારતનો વિસ્તાર એટલો વિસ્તૃત છે અને ભારતીય સંસ્કૃતિના પ્રતિબિંબ તરીકે ગ્રંથ એટલો સમૃદ્ધ છે કે મહામુનિ વ્યાસને ભારતભવ્ય કહી પરિચય અપાય.

વ્યાસ એટલે માત્ર કૃષ્ણ દ્વૈપાયન નહીં, પરંતુ અનેક કાલની વિભૂતિઓનો સંગમ છે. સંશોધકોની આ વાત માન્ય રાખી વ્યાસની વાત કરીએ ત્યારે અનેક કાલને આવરી લેતી એ વ્યકિતની જ વાત કરીએ.

વેદકાળથી આરંભી પુરાણકાળના અંત સુધી તેમની સુવાસ ફેલાઈ છે તેમને આર્યોની ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ ગણીએ છીએ.

આવા મહર્ષિ વ્યાસ શબ્દની વ્યુત્પત્તિ જોઈએ. **वि + आस्** માંથી વ્યાસ શબ્દ બન્યો. અર્થાત્ જે વિશિષ્ટ બેઠક ધરાવે છે તે.

બ્રહ્મપુરાણ અનુસાર,

**नमोडस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविन्दायतपत्रनेत्र य**

**येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।**

હે વિશાલબુદ્ધિ વ્યાસ ! આપને નમસ્કાર પ્રફુલ્લ ખીલેલા કમળના નેત્રવાળા ! આપને નમસ્કાર ! આપે (મહા) ભારતરૂપી તેલથી ભરેલા જ્ઞાનમય પ્રદીપને પજ્વલિત કર્યો છે.

મહાભારતથી મહાન્ જ્ઞાન પ્રદીપ સરળતાથી અન્યત્ર મળવા દુર્લભ છે. વ્યાસની પ્રશંસા કરતાં કહ્યું છે કે, ચાર મુખ નથી છતાં બ્રહ્મા, બે જ હાથ છતાં બીજા ભગવાન્ વિષ્ણુ, ભાલમાં નેત્ર નહી છતાં શિવ, તે જ ભગવાન્ બાદરાયણ છે.

વ્યાસ શબ્દને પ્રો. સાંડેસરાએ પોતાની રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

ગણિતમાં જેમ વર્તુલના કેન્દ્રમાંથી પસાર થઈ બંને બાજુના પરિઘને જોડતી રેખાને વ્યાસ કહેવામાં આવે છે તેમ મહાભારતમાં માનવીને કેન્દ્રમાં રાખીને એના ઈષ્ટ–અનિષ્ટ બંને પાસાઓને બે હાથ લાંબા કરીને જોડવાનો કવિએ પ્રયત્ન કર્યો છે. આથી તેમને 'વ્યાસ' કહી શકાય.

સંસ્કૃત સાહિત્ય મહર્ષિ વ્યાસનું અનુગ્રહિત છે. તેમાંના વિશાળ ભાગના તે પ્રણેતા છે તેથી તેમને યુગ નિર્માતા એવં અમર સ્મારકરૂપે નવાજી શકાય.

મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસ મહાભારતના પાત્રો સાથે વંશીય સંબંધ ધરાવે છે. મહાભારતના શાન્તિપર્વમાં આપેલી વંશાવલી પ્રમાણે નારાયણના પુત્ર બ્રહ્મા, બ્રહ્માના વશિષ્ઠ, વશિષ્ઠના શકિત, શકિતના પરાશર, પરાશરના પુત્ર તે વ્યાસ. તેથી તેને 'પારાશર્ય' પણ કહે છે. તૈત્તિરીય આરાણ્યકમાં તેમનો પારાશર્ય તરીકે ઉલ્લેખ છે.

વ્યાસ સત્યવતીના પુત્ર ચેદિરાજ ઉપરિચરનું વીર્ય માછલીના ગર્ભમાં પ્રવેશી ગયું. તેથી તે માછલીના ગર્ભમાંથી જન્મી. ઉપરિચર રાજાએ તેને એક માછીમારને આપી દીધી. શરીરમાંથી મત્સ્યની દુર્ગંધ આવવાને કારણે તે મત્સ્યગંધા નામે પ્રસિદ્ધ થઈ તેમજ રૂપ અને સમસ્ત સદ્‌ગુણોથી સમ્પન્ન હોવાને કારણે 'સત્યવતી' નામે પ્રખ્યાત થઈ.

મત્સ્યગંધા યમુના નદીમાં નાવ ચલાવી પિતાની આજીવિકામાં સહાય કરતી હતી. ઋષિ પરાશરે તેનું કૌમાર્યભંગ કર્યું અને તે એક પુત્રની માતા બની. તે જ આપણા વિદ્વાન્ ઋષિ કૃષ્ણ દ્વૈપાયન.

શરીરમાંથી પ્રસરતી દુર્ગંધને સ્થાને સો યોજન સુધી સુગંધ પ્રસરાવતી તેથી યોજનગંધા કહેવાઈ.

પુત્રને દ્વિપ પર જન્મ આપ્યો તેથી 'દ્વૈપાયન' કહેવાયા. [૧]

રંગ શ્યામ હોવાને કારણે કૃષ્ણ કહેવાયા તથા વેદોને ચાર સંહિતાઓમાં વિભાજીત કર્યા તેથી વેદ વ્યાસ નામે પ્રસિદ્ધ થયા. [૨]

સમયાંતરે સત્યવતીએ શાંતનુ સાથે વિવાહ કર્યા. આ સંબંધે કૃષ્ણ દ્વૈપાયન ભીષ્મ પિતામહ અને વિચિત્રવીર્યના માતૃ સંબંધી થયા. વિચિત્રવીર્ય અપુત્ર મૃત્યુ પામ્યા. માતા સત્યવતીના આગ્રહથી વંશ પરંપરાને જીવંત રાખવા દ્વૈપાયને વિચિત્રવીર્યની વિધવા પત્ની સાથે નિયોગ પદ્ધતિથી ગર્ભ સ્થાપન કર્યું. જેને કારણે ધૃતરાષ્ટ્ર, પાંડુ અને દાસી પુત્ર વિદુર જન્મ્યા.

ધૃતરાષ્ટ્ર દ્વારા કૌરવ અને પાંડુ દ્વારા પાંડવોના વંશની પ્રતિષ્ઠા થઈ.

વ્યાસ માત્ર આ સર્વના જન્મના કારણરૂપ ન હતા. પરંતુ વારંવાર તેમણે કૌરવો–પાંડવો એવં વિદુરને ઉપદેશ આપ્યો. સત્ય પ્રતિજ્ઞ પાંડવો એવં વિદુરે તેમનો ઉપદેશ ગ્રહણ કર્યો, જેથી તેમનું ઉત્થાન થયું. જયારે કૌરવોએ તેમના ઉપદેશની અવહેલના કરી જેથી તે સર્વ બાંધવો સહિત નષ્ટ થયા.

વિષ્ણુપુરાણ પ્રમાણે કૃષ્ણ દ્વૈપાયનના પ્રપિતામહ વશિષ્ઠના એક પૌત્રનું નામ જતુકર્ણ્ય છે. આ દષ્ટિએ જતુકર્ણ્ય દ્વૈપાયનના સહોદરભાઈ અથવા કાકા થાય છે. તેમાં કહ્યું છે કે –

''કૃષ્ણ દ્વૈપાયને જતુકર્ણ્ય પાસેથી વેદ જ્ઞાન પ્રાપ્ત કરી તે વેદરૂપી દ્રુમને શાખાઓથી પલ્લવિત કર્યું. આ દૃષ્ટિએ કૃષ્ણ દ્વૈપાયન જતુકર્ણ્યના ભાઈ જ નહીં. પરંતુ ગુરુ પણ છે. જતુકર્ણ્ય અને કૃષ્ણ દ્વૈપાયનના આ ગુરુ–શિષ્ય સંબંધની ચર્ચા અનેક ગ્રંથોમાં વર્ણિત છે.'' [૩]

વેદ વ્યાસે કુરુવંશને પુનઃ સ્થાપિત કર્યો. વેદોનું વિભાજન કરી ચાર શિષ્યો દ્વારા તેનું અધ્યયન અને નવ સંસ્કરણ કરાવ્યું. ''સર્વશ્રેષ્ઠ વરદાયક ભગવાન્ વ્યાસે ચાર વેદ તથા પંચમ વેદ મહાભારતનું અધ્યયન સુમન્તુ, જૈમિનિ, પૈલ, પુત્ર શુકદેવ તથા વૈશમ્પાયન પાસે કરાવ્યું. તે સર્વેએ પોતાની અલગ–અલગ સંહિતા પ્રકટ કરી.'' [૪]

સંસ્કૃત સાહિત્યમાં વ્યાસ સર્વત્ર વિદ્યમાન છે. તેમણે એક વેદને ચાર ભાગોમાં વિભાજીત કરી તેની પુનઃ સ્થાપના કરી. અઢાર પુરાણોનું સંસ્કરણ પણ વેદ વ્યાસે કર્યું.

કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો ઉલ્લેખ આશરે ૨૭ થી ૩૨ નામધારી વ્યકિત તરીકે થયેલો છે. ભારદ્વાજ, પરાશર એવં શકિત નામ પણ પુરાણગ્રંથોમાં વ્યાસ જ બતાવ્યું છે. [૫]

વ્યાસ એક કર્તૃત્વવાચક નામ હોય તેમ લાગે છે. તે એક જાતીય પરંપરા, શિષ્ય પરંપરા, વંશ પરંપરા, સન્માન પરંપરા, સંપ્રદાય પરંપરા, સંકેત પરંપરા અથવા ઉપાધિ પરંપરાના પર્યાયવાચક શબ્દ હોય તેમ લાગે છે.

પંડિત ગિરધર શર્મા ચતુર્વેદીએ એવું સ્પષ્ટ કર્યું છે કે 'વેદ વ્યાસ એક વ્યકિત વિશેષનું નામ નથી તે એક પદવી છે, જે ઋષિ–મુનિ વેદ સંહિતાનું વિભાજન અથવા પુરાણનું સંક્ષેપણ કરતાં તે મુનિ તે સમયે વેદ વ્યાસ કહેવાતા. આથી કદાચિત પરાશર તો કદાચિત વશિષ્ઠ વ્યાસ તરીકે ઓળખાતા.'

શંકરાચાર્યના મતે પુરાકાલીન વ્યાસે દ્વૈપાયન રૂપે પુનઃ જન્મ ધારણ કર્યો છે.

કૃષ્ણ દ્વૈપાયને રચેલ હોવાથી મહાભારતને કાર્ષ્ણવેદ પણ કહે છે.

શ્રી આદ્ય શંકરાચાર્યના મતે ''શ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ એમના પૂર્વાવતારમાં અપાન્તરતમા નામના વેદાચાર્ય હતા અને ભગવાન્ વિષ્ણુની આજ્ઞાથી તેઓ કલિયુગ અને દ્વાપરયુગના સંધિકાળે દ્વૈપાયન વ્યાસ તરીકે પ્રકટ થયા હતા.''

પરંપરા બ્રહ્મસૂત્રના કર્તા બાદરાયણ અને મહર્ષિ વ્યાસને એક ગણે છે. પરંતુ આધુનિક સંશોધકોએ આ વિષે સંદેહ પ્રકટ કર્યો છે.

શ્રી અગ્રવાલ બ્રહ્મસૂત્રોની રચના વ્યાસે કરી તેમ માને છે.

શ્રી મોનિયર વિલિયમ્સ આ બંને વિદ્વાનો એક હોવા અંગે પોતાની અસંમતિ દર્શાવતા કહે છે, બાદરાયણ વ્યાસ એક મહાન હસ્તી હતી.

પ્રસિદ્ધ ભારતીય વિદ્વાન્ શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ મહર્ષિ વ્યાસ વિષેના વિવિધ વિરોધી મતોનું નિરસન કરતાં જણાવે છે કે,

''જય નામના આ ઉત્તમ ઈતિહાસના રચયિતા મહામુનિ વ્યાસ જેમનું નામ અઢાર પુરાણોના અંતે આવે છે, તે અવશ્ય આપણા ચિરપરિચિત પુરાણ મુનિ છે કે જે કુરુ–પાંડવ યુગમાં પૃથ્વી ઉપર બદરીકાશ્રમ અને હસ્તિનાપુરની વચ્ચે આવતા–જતા હતા.''

હિમાલયના રમણીય શિખર પર જ્યાં નર–નારાયણ નામના બે પર્વત છે ત્યાં મહર્ષિ વ્યાસે આશ્રમ બનાવ્યો. અત્રે વ્યાસે તેમના ચાર પ્રમુખ શિષ્યોને વૈદિક સંહિતાઓનું અધ્યયન કરાવ્યું હતું.

પૈલે ઋગ્વેદની, વૈશમ્પાયને યજુર્વેદની, જૈમિનિએ સામવેદની અને સુમન્તુએ અથર્વવેદની સંહિતાઓનું પારાયણ કર્યું.

આ આશ્રમમાં વ્યાસે મહાભારત નામના શ્રેષ્ઠ કાવ્યાત્મક ઈતિહાસની રચના કરી. હસ્તિનાપુર સમીપ સરસ્વતીના તટ પર આશ્રમ બનાવ્યો હતો. પાંડુના મૃત્યુ પશ્ચાત્ પાંડવો હસ્તિનાપુર આવ્યા ત્યારે વ્યાસ ત્યાં ઉપસ્થિત હતા.

મહાભારત પ્રમાણે અપાન્તરતમા નામના વેદાચાર્ય ઋષિનું પ્રાચીન નામ ગર્ભ હતું, જેમણે પુરાકાળમાં વેદ શાખાઓમાં વિભાજીત કર્યો. આ કાર્ય વ્યાસે કર્યું હતું.

અહિર્બુધ્ન્ય સંહિતામાં વિષ્ણુની આજ્ઞાથી અપાન્તરતમા વ્યાસ દ્વારા વેદત્રયીનું વિભાજન થયાની કથા છે તથા શંકરાચાર્ય દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે કે પુરાનકાલીન અપાન્તરતમા વ્યાસ પશ્ચાત્માં કૃષ્ણ દ્વૈપાયન થયા અને આ સર્વ વિષ્ણુની આજ્ઞાથી થયું તેમ નહી. સંહિતાઓમાં વર્ણવ્યું છે કે વિષ્ણુની આજ્ઞાથી કૃષ્ણ દ્વૈપાયન નામથી પુનરુદ્ભૂત થયા.

આ તથ્યોથી સાબિત થાય છે કે વ્યાસ એક ઉપાધિ હતી. પરંપરાગત ઉપાધિને કારણે મહાભારતકાર વ્યાસ કહેવાયા. વ્યાસ અર્થાત્ વર્ગીકૃત કરનાર, જેમણે વેદો–પુરાણોનું વિભાજન સંપાદન, પ્રકાશન અને પુનઃ સંસ્કરણ કર્યું, તે જ વ્યાસ ઉપાધિથી વિભૂષિત થયા.

શંકરાચાર્ય દ્વારા એક નવીન વિચારધારા પ્રકટી કે કૃષ્ણ દ્વૈપાયન કલિ અને દ્વાપરના સંધિકાળમાં થયા.

આ તથ્યોથી પ્રમાણિત થાય છે કે વ્યાસ માત્ર એક વ્યકિત માત્ર નથી એમાં સ્પષ્ટ વિવિધતા છે.

આ તથ્યોથી સાબિત થાય છે કે પુરાણકાળમાં વ્યાસ નામની એક અદ્ભૂત પ્રતિભાશાળી વ્યકિત થઈ. તદ્પશ્ચાત્ વશિષ્ઠ પરાશર યા શકિત સર્વે વ્યાસ નામક ઉપાધિથી અભિષિકત થયા.

વ્યાસની પરંપરાગત ઉપાધિથી એ નિશ્ચિત થાય છે કે વ્યાસ કોઈ એક વ્યકિત નહી પરંતુ અનેક વ્યકિતઓનો એક સંપ્રદાય છે. વેદ વ્યાસ નામથી પ્રસિદ્ધ માત્ર એક કૃષ્ણ દ્વૈપાયન મનાય છે. [૬]

મહાકવિ અશ્વઘોષે વ્યાસ સંબંધી ત્રણ મત આપ્યા છે –

(૧) કૃષ્ણ દ્વૈપાયને વેદોને વિભાજીત કર્યા.

(૨) વશિષ્ઠ એવં શકિત એમના પૂર્વજો હતા.

(૩) તેઓ સારસ્વત વંશીય હતા.

અશ્વઘોષે કહ્યું છે કે, સારસ્વતવંશીય વ્યાસે વેદ વિભાજન જેવું દુષ્કર કાર્ય કર્યું, જે તેમના વંશજ વશિષ્ઠ અને શકિત ન કરી શકયા. [૭]

મહાભારત મુજબ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ ઉત્તરાપથ હિમાલયમાં વાસ કરતા હતા. મહાનતીર્થ બદરીકાશ્રમમાં વેદ વ્યાસનો આશ્રમ હતો.

હરિવંશમાં વ્યાસની વંદના આ પ્રમાણે છે. માતા સત્યવતીના હૃદયને આનંદ આપનાર, પરાશર મુનિના સુપુત્ર, વ્યાસ વિજય પામે છે, જેના હૃદય કમળમાંથી વહેતા વાઙ્મયરૂપી અમૃતનું વિશ્વ પાન કરે છે. [૮]

પિતામહ બ્રહ્માના આદિ એવા નારાયણથી છઠ્ઠી પેઢીએ જન્મેલા મહર્ષિ અક્ષય વિભૂતિથી યુકત, નારાયણના અંશથી ઉદ્ભવેલા શુકદેવરૂપી એક પુત્રવાળા અથવા પોતાના પુત્ર પરાશરના એક માત્ર પુત્ર, દ્વૈપાયન મહાન્ નિધિરૂપ વ્યાસની હું ઉપાસના કરું છું. [૯]

મહાકવિ બાણે મહર્ષિ વ્યાસને બ્રહ્મા સમાન માન્યા છે. તેઓ હર્ષચરિતમાં લખે છે –

**नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।**

**चक्रतत्पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥**

અર્થાત્, જેમ સરસ્વતીથી ભારતવર્ષ પવિત્ર થાય.

તેમ, પોતાની સરસ્વતીથી મહાભારતને જેમણે પવિત્ર કર્યું છે, તેવા સર્વજ્ઞ અને કવિઓને જન્માવનારા તે વ્યાસને નમસ્કાર. [૧૦]

બ્રહ્માના વચનાનુસાર **'रहस्यज्ञानवेदनात्'** હું તમને શ્રેષ્ઠતર માનું છું અને જે કંઈ સર્વત્ર વિદ્યમાન વસ્તુનું તમે પ્રતિપાદન કર્યું છે. પૃથ્વી પર આપ સિવાય અન્ય કોઈ સર્જક નથી. ભવિષ્યમાં થશે પણ નહી. વેદના શબ્દો દ્વારા કહીએ તો વ્યાસ સમાન અન્ય કવિ **न जातो न जनिष्यते ॥** જન્મ્યો નથી અને જન્મશે પણ નહી.

હિન્દુ અને ભારતીય સંસ્કૃતિ જીવંત છે, ત્યાં સુધી ઈતિહાસમાં વ્યાસ અમર રહેશે. તેઓ વિશ્વના મહાન્ પથ પ્રદર્શક છે. તેમણે જગદ્ગુરુનું ગૌરવ પ્રાપ્ત કર્યું. ગુરુપૂર્ણિમાએ પ્રત્યેક આસ્તિક હિન્દુ વ્યાસનું પૂજન કરે છે.

ભારતીય પરંપરાએ મહર્ષિ વ્યાસને વિષ્ણુનું રૂપ કહ્યા છે. વ્યાસ અર્થાત્ વિષ્ણુ ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું, **मुनीनामप्यहं व्यासः** (ભ.ગી. ૩૦/૩૭) મહાભારતના કૃષ્ણ અને વ્યાસના ચરિત્રનું સમીકરણ કરવાની ઈચ્છા થાય. વ્યાસ = કૃષ્ણ, કૃષ્ણ = વ્યાસ.

ઉદ્યોગપર્વમાં કૃષ્ણને મહાબુદ્ધિ કહ્યા છે, [૧૧] તો વ્યાસ વિશાલબુદ્ધિ તો છે જ.

આવા મહાબુદ્ધિ અથવા વિશાલબુદ્ધિ વ્યાસનું મૂલ્યાંકન કરવું તે સામાન્ય વ્યકિતનું કાર્ય નથી.

અંતે એટલું કહી શકાય કે માનવમાંથી મહામાનવ થવું છે ? દુર્ગુણોથી પરિચિત થવું છે ? આત્મદર્શન કરવું છે ? વ્યાસના શરણમાં આ પ્રત્યેક મળી રહેશે. નશ્વર અને શાશ્વત, અવસ્તુ અને વસ્તુ, અસત્ય અને સત્ય, મિથ્યા અને અમિથ્યા, મર્ત્ય અને અમર્ત્ય, આસુરી અને દૈવી, ભૌતિક અને નૈતિક, સાંસારિક અને પારમાર્થિક, નિત્ય અને અનિત્યનો ભેદ તારવતા શીખવું હોય, જીવનમાં વિવેકનો ઉદય થાય તેમ હૃદયના એક ખૂણામાં સહેજ કિરણની અપેક્ષા હોય, તો અલ્પબુદ્ધિ માનવે મહામાનવ વ્યાસ, વિશાલબુદ્ધિ વ્યાસના શરણે જવું.

એ મહર્ષિ વ્યાસે જીવનના અસંખ્ય પ્રસંગોમાંથી જે તત્ત્વજ્ઞાન તારવ્યું અને મહાભારતમાં અનેક સંવાદોમાં ગોઠવ્યું તે મહાભારત ભારતીય જનોની મહત્ત્વની મૂડી છે. પુરાણકારે સાત વ્યકિતને ચિરંજીવ કહી છે. પરંતુ ભારતીય હૃદયમાં સતત જીવંત રહ્યા તે મહર્ષિ વ્યાસ.

## (૨) મહાભારતનો રચનાકાળ

ગ્રીસના પ્રસિદ્ધ વીર કાવ્યો 'ઈલિયડ' અને 'ઓડિસી' એ બંનેના કુલ કદ કરતાં આઠ ગણા મોટા આ વિરાટ કાવ્યનો સમય નક્કી કરવાનું કામ અતિ કઠીન છે, એમ કેટલાક વિદ્વાનો માને છે. આમ છતાં પૂર્વ–પશ્ચિમના અનેક વિદ્વાનોએ પરિશ્રમપૂર્વકના સંશોધન પછી મહાભારતનો સમય નિશ્ચિત કરવાના પ્રયાસો કર્યા છે.✓

કાલ નિર્ણયની દષ્ટિએ એક મહત્ત્વપૂર્ણ બાબત સ્પષ્ટ થાય છે. મહાભારતની નક્ષત્ર ગણના અશ્વિનીથી કૃતિકા છે. મેષ, વૃષભ આદિ રાશિઓનો મહાભારતમાં ઉલ્લેખ નથી. જેનાથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં મેષ, વૃષભ આદિ રાશિઓના પ્રચારક યૂનાનવાસીઓ પહેલા મહાભારતની રચના થઈ હતી. મહાભારતના ઉલ્લેખ મુજબ વિશ્વામિત્રે શ્રવણ આદિ નક્ષત્ર ગણનાનો આરંભ કર્યો.

ટીકાકારોના અર્થઘટન પ્રમાણે તે સમયે શ્રવણ નક્ષત્રથી ઉત્તરાયણ આરંભ થતો હતો. આ સ્થિતિ શક સંવતથી ૧૫૦૦ વર્ષ પહેલાની છે. જયોતિષ અનુસાર ઉદગયનને એક નક્ષત્ર પશ્ચાત્ લગભગ એક હજાર વર્ષ થાય છે. આ રીતે મહાભારતનો રચનાકાળ શક સંવત ૫૦૦ વર્ષ પહેલાનો મનાય છે. આ મત શંકર બાલકૃષ્ણ દીક્ષિતનો પણ છે.

મહાભારતમાં ઉદધૃત ઋતુ, અયન, માસ, વાર, નક્ષત્ર, તારા મેષાદિ નામ, સૌરમાસ, ગ્રહણ, ગ્રહજ્ઞાન અને યુદ્ધકાલીન ગ્રહ સ્થિતિ આદિ બાબતોનું વિશ્લેષણ કરી દીક્ષિતજીએ નિશ્ચિત કર્યું છે કે પાંડવોનો સમય કલિ–દ્વાપરની સંધિમાં હતો, જે આજથી ૫૦૦૦ વર્ષ પહેલાનો હતો. આ દષ્ટિએ પાંડવો લગભગ ૩૨૦૦ શક પૂર્વે થયા હતા.

સામાન્યતઃ કુરુક્ષેત્રનું યુદ્ધ ઈ.સ. પૂ. ૨૫૦૦ મનાય છે. અતએવ મહાભારતના પાત્રો કૃષ્ણ, યુધિષ્ઠિર આદિને આજથી ૫૦૦૦ વર્ષ પહેલા માનવા જોઈએ. પરંતુ આ વિષયમાં એક માન્યતા એ પણ છે કે બ્રાહ્મણ ગ્રંથો અને ઉપનિષદોમાં મહાભારતકાલીન વ્યકિતઓના આખ્યાનો છે. તેથી શું એમ માની શકાય કે આ ગ્રંથોની રચના મહાભારત પશ્ચાત્કાલીન છે. તેનો ઉત્તર એ છે કે નિશ્ચિતરૂપે તે ગ્રંથોના અંશો પ્રક્ષિપ્ત છે.

ઈ.સ. ૪૪૫ ના ગુપ્તકાળના એક શિલાલેખમાં મહાભારતનો 'શતસાહસ્રી' તરીકે ઉલ્લેખ છે. તેથી એમ માની શકાય કે ઈ.સ. પૂર્વે ૨૦૦ માં તેનું અસ્તિત્વ હતું.

પ્રાચીન ભારતમાં સૂત્ર સાહિત્યની રચના ઘણી પ્રાચીન છે. જુદા–જુદા સૂત્ર સાહિત્યમાં કૃષ્ણ, અર્જુન અને મહાભારતના અન્ય પાત્રોનો શ્લોકોનો અને ભગવદ્ ગીતાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આમાં 'બોધાયન ધર્મસૂત્ર' અને 'બોધાયન ગૃહ્ય સૂત્ર' કે જેનો સમય અનુક્રમે ઈ.સ. પૂ. ૮૦૦ થી ૪૦૦ અને

ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૪૦૦ નો છે. તેમાં વિષ્ણુ પૂજા અને કૃષ્ણના સંખ્યાબંધ નિર્દેશો છે. બોધાયન ગૃહ્ય સૂત્રમાં વિષ્ણુ સહસ્ર નામ તથા ભગવદ્ ગીતાના એક શ્લોક (૯/૨૬) નો ઉલ્લેખ છે.

પ્રસિદ્ધ વૈયાકરણ મહર્ષિ પાણિનિ કે જેનો સમય ઈ.સ. પૂર્વે પાંચમી સદી માનવામાં આવે છે. એમના ગ્રંથ 'અષ્ટાધ્યાયી' માં મહાભારતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. (૬/૨/૩૮) શ્રીકૃષ્ણ અને અર્જુનનો અનુક્રમે નારાયણ અને નરના અવતાર તરીકે ઉલ્લેખ છે. આ ઉપરાંત મહાભારતના સંખ્યાબંધ પાત્રોનો ઉલ્લેખ પણ અલગ–અલગ સૂત્રોમાં છે. આથી સ્પષ્ટ થાય છે કે મહાભારત પાણિનિના સમયમાં અત્યંત પ્રખ્યાત હતું.

આશ્વલાયન ગૃહ્યસૂત્ર ઈ.સ. પૂ. ૮૦૦–૪૦૦ માં મહર્ષિ વ્યાસના ચાર શિષ્યો અને મહાભારતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. **सुमन्तुजैमिनिवैशम्पायनपैल सूत्रभाष्य महाभारत धर्माचार्याः ।**

આ ઉપરાંત શાંખાયન શ્રોતસૂત્રમાં કૌરવ–પાંડવ વચ્ચેના યુદ્ધનો એક મહાવિનાશક યુદ્ધ તરીકેનો ઉલ્લેખ છે.

આ બધા નિર્દેશો દ્વારા સ્પષ્ટ થાય છે કે ઈ.સ. પૂર્વે પાંચમી સદીની પણ પૂર્વે મહાભારતની રચના થઈ હોવી જોઈએ.

ઉપર્યુકત આધારો પરથી શ્રી બલદેવ ઉપાધ્યાય માને છે કે – ''તે સ્પષ્ટ છે કે મૂળ મહાભારતની રચના આનાથી ઓછામાં ઓછી બસ્સો વર્ષ પૂર્વે અવશ્ય થઈ હશે. મહાભારત બુદ્ધ પૂર્વેની રચના છે, પરંતુ વર્તમાન રૂપ બુદ્ધ પશ્ચાત્ પ્રાપ્ત થયું, એમ માનવું ન્યાય સંગત છે.'' [૧૨]

આધુનિક વિદ્વાનોમાં પ્રો. મેકસમ્યુલર વૈદિક સાહિત્ય અને મહાભારત વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરે છે અને બ્રાહ્મણ ઋત્વિજોએ પોતાના ધર્મના દઢીકરણ માટે મહાભારતની રચના કરી તેમ માને છે. એમના મતે મહાભારતની રચના વૈદિક યુગ પશ્ચાત્ તુર્ત જ થયેલી છે.

વૈદિક સાહિત્યના ઊંડા અભ્યાસી પ્રો. રોથને મતે મહાભારતની રચના બુદ્ધ પશ્ચાત્‌ની છે.

પ્રો. વિન્ટર્‌નિત્સના મતે મહાભારતનું પ્રાચીનમાં પ્રાચીન સ્વરૂપ પણ બૌદ્ધ ધર્મના ઉત્થાન અને પ્રચાર પછીનું જ નહિ પણ એલેકઝાન્ડરના ભારતના આક્રમણ પછી અસ્તિત્વમાં આવ્યું હોવું જોઈએ. કારણ કે મહાભારતમાં બૌદ્ધ ધર્મના અસંખ્ય ઉલ્લેખો છે.

મહાભારતના અન્તર્બહિર્સાક્ષ્યો અને વિભિન્ન વિદ્વાનોના મતોનું વિશ્લેષણ કરી એ નિષ્કર્ષ તારવી શકાય કે મહાભારતની પૂર્વ સીમા વૈદિક યુગ પર્યન્ત અને અંતિમ સીમા ઈ.સ.ની ચોથી કે પાંચમી સદી સુધી વ્યાપ્ત છે.

આ પ્રમાણે મહાભારતનો કોઈ નિશ્ચિત સમય નિશ્ચિત કરવાનું મુશ્કેલ છે પણ પ્રાયઃ વિદ્વાનો તેને પ્રાચીન કાવ્ય ગણે છે.

# (૩) મહાભારત પરિચય

ભારતીય સંસ્કૃતિના વિશ્વકોશ તરીકે ગૌરવ પ્રદાન કરનાર મહાનગ્રંથ મહાભારત વિશ્વ સાહિત્યની અનુપમ ભેટ છે. પ્રાચીનકાળથી પ્રતિભાશાળી વીરપુરુષોને પ્રોત્સાહિત કરવામાં 'રામાયણ અને મહાભારત' નું અનેરું પ્રદાન છે.

મહાભારત અત્યંત લોકપ્રિય મહાકાવ્ય છે. વર્તમાન યુગનો ઐતિહાસિક, નૈતિક, પૌરાણિક, ઉપદેશમૂલક એવં તત્ત્વજ્ઞાન સંબંધી કથાનો વિશાળ ગ્રંથ છે. મહાભારત બૃહદ રાષ્ટ્રનો આર્ષ ગ્રંથ છે.

મહાભારતના વર્ણ્ય વિષયની બાબતમાં વેદવ્યાસનું વચન સર્વથા યોગ્ય છે –

**धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ ।**

**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित् ॥**

અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી વિષયોનો સમાવેશ જે મહાભારતમાં છે તે અન્યત્ર છે અને જે મહાભારતમાં નથી તે કયાંય નથી. [૧૩]

મહાભારતને ઈતિહાસ માનવામાં આવે છે. તેને પંચમવેદ પણ કહે છે.

સામાન્યતયા મહાભારતમાં કૌરવો–પાંડવોની પ્રસિદ્ધ યુદ્ધ કથા છે. પરંતુ મહાભારતનો મુખ્ય ઉદ્દેશ મનુષ્ય જાતિના ભૌતિક જીવનની નિઃસારતા દર્શાવી મોક્ષમાર્ગ તરફ પ્રવૃત્ત કરવાનો છે.

કાવ્યશાસ્ત્રજ્ઞોએ મહાભારતને શાંતરસ પ્રધાન ગ્રંથ માન્યો છે. મહાભારતકાર ધર્મની સર્વોપરિતા દર્શાવતા કહે છે –

**ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति माम् ।**

**धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥**

અર્થાત્, ''હું હાથ ઊંચા કરીને કહું છું પણ કોઈ મને સાંભળતું નથી. ધર્મથી અર્થ અને કામ મળે છે તે ધર્મનું સેવન કેમ કરતા નથી ?'' [૧૪]

જીવનમાં ચાર પુરુષાર્થનું મહત્ત્વ છે. તેમાં સાચું સુખ મેળવવા ધર્મની મર્યાદામાં રહીને કામનું સેવન કરવું જોઈએ.

મહાભારત વેદથી અધિક ગણાય છે. આદિપર્વ પ્રમાણે પ્રાચીનકાળમાં સર્વ દેવો સાથે મળીને એક પલ્લામાં વેદ અને દ્વિતીય પલ્લામાં મહાભારતનો ગ્રંથ મૂકયો, તો મહાભારતનું પલ્લું નમી ગયું. [૧૫]

ઈતિહાસ અને પુરાણોની સહાયતાથી જ વેદ સમજી શકાય છે. જે ઈતિહાસ પુરાણથી અનભિજ્ઞ છે, તેનાથી વેદો પણ ભય પામે છે. [૧૬]

ભારત જેવા વિશાળ દેશને એકસૂત્રે બાંધી રાખવાનું કાર્ય 'મહાભારતે' કર્યું છે. નાત, જાત, પ્રદેશ અને ભાષાના ભેદ હોવા છતાં દેશની એકતા જાળવી રાખવામાં તેનું મહત્ત્વનું પ્રદાન છે.

મહાભારત ધર્મનું મહત્ત્વનું અંગ છે. ધર્મ અને સંસ્કૃતિનું કવચ છે. ત્વચા અને છાલ, ફળના રસ અને સત્ત્વને જાળવી રાખે છે. તેમ ધર્મનું સત્ત્વ અને તત્ત્વ મહાભારત જાળવી રાખે છે. વસ્તુ કરતાં આકારનું મહત્ત્વ અલ્પ નથી. ધર્મના સત્ત્વને નીચોવી તેને એક પાત્રમાં ભરી રાખવાનું શકય નથી. એમ કરવું ઉપયોગી નહી બને. કોઈપણ સંસ્કૃતિ માટે ધાર્મિક ગ્રંથો અને દેવાંશીપાત્રો આવશ્યક છે. આધ્યાત્મિકતાના પાયાને સ્થિર રાખનારા મજબુત સ્તંભ છે. જીવનને એમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળે. ધર્મમાં તે પ્રાણ પૂરે છે. સર્વનાશ તરફ જતાં મનુષ્યને ધર્મ જ રક્ષી શકે તેમ છે.

ભારતીય સાહિત્યનો સર્વશ્રેષ્ઠ ધાર્મિક ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' મહાભારતનો જ એક અંશ છે. તે ઉપરાંત 'વિષ્ણુ સહસ્રનામ', 'અનુગીતા', 'ભીષ્મ સ્તવરાજ', 'ગજેન્દ્ર મોક્ષ' જેવા પંચરત્નોની ઉત્પત્તિ મહાભારતમાંથી જ થઈ. મહાભારતમાંથી ઉદધૃત થયેલા આ ગ્રંથો સ્વતંત્ર ગ્રંથ જેવા છે. તેમનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી. ''આથી જ મહત્તા ભારવત્તા અથવા ગંભીરતાની વિશેષતાને કારણે તેને મહાભારત કહે છે.'' [૧૭]

આદિપર્વમાં અન્યત્ર મહાભારતનું અર્થઘટન આપવામાં આવ્યું છે. તે પ્રમાણે 'ભરત વંશના મહાન્ રાજવીઓનું વર્ણન આપવામાં આવ્યું છે માટે તેને મહાભારત કહેવામાં આવે છે.' [૧૮]

આ ગ્રંથને આપવામાં આવેલું મહાભારત શીર્ષક એના શબ્દાર્થ અને સૂચિતાર્થ એમ બંને રીતે યથાર્થ છે.

મહાભારત માત્ર એક ગ્રંથ નથી. પરંતુ તેને સર્વવેદો, ઉપનિષદોના સાર રૂપ ગણ્યું છે. મહાભારતકાર આદિપર્વમાં કહે છે,

**ब्रह्मन् वेदरहस्यं च यच्चान्यत् स्थापितं मया ।**
**साङ्गोपनिषदां चैव वेदानां विस्तरक्रिया ॥**

અર્થાત્, આ મહાકાવ્યમાં સંપૂર્ણ વેદનું ગુપ્ત રહસ્ય તથા અન્ય શાસ્ત્રોનો સાર સંકલિત કર્યો છે. માત્ર વેદ જ નહી. વેદાંગો અને ઉપનિષદોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. [૧૯]

આ ઉપરાંત તેમાં ઈતિહાસ, પુરાણ, ત્રણે કાળને પ્રકટ કર્યા છે. જન્મ–મૃત્યુ સનાતન અને શાશ્વત છે. તેનાથી કોઈ પર રહી શકતું નથી. મહાભારતના જ્ઞાન દ્વારા તેને સમજી શકાય છે.

મહાભારત જ્ઞાનનો અખૂટ ભંડાર અને ભારતીયોનો શ્રેષ્ઠ ધાર્મિક ગ્રંથ છે. મહાભારતમાં વિવિધ આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા ધર્મના વિવિધ અંગો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

શાન્તિપર્વમાં રાજધર્મ તથા મોક્ષધર્મની વિસ્તૃત વ્યાખ્યા આપી છે.

મહાભારત નીતિશાસ્ત્રનો અનુપમ ગ્રંથ છે. તેમાં સંજયનીતિ, વિદુરનીતિ એવં ભીષ્મનીતિનું વર્ણન છે.

મહાભારત અધ્યાત્મશાસ્ત્રનો પણ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. તેમાં દાર્શનિક એવં આધ્યાત્મિક સિદ્ધાંતોનું સુંદર આલેખન છે. તેથી તેને હિન્દુ ધર્મનો 'ધર્મશાસ્ત્ર' એવં 'બૃહદ્કોષ' કહે છે.

મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે, કર્મ, ભકિત, જ્ઞાન અને તપ આદિને દષ્ટિ સમક્ષ રાખી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. મહાભારતે વૈદિક ધર્મના ભોગવાદ અને ઉપનિષદોના ત્યાગનો મધ્યમ માર્ગ અપનાવ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમાં સાંસારિક સુખ અને મોક્ષના આદર્શોની વચ્ચે સમન્વય સ્થાપિત કર્યો છે.

મહાભારતમાં પ્રવૃત્તિ, નિવૃત્તિ, કર્મ અને સંન્યાસના સુંદર વિચારોનું પ્રતિપાદન કર્યું છે. આ પ્રમાણે મહાભારતમાં વ્યાવહારિક જીવન સંબંધી દષ્ટિકોણ નિરુપીત થયો છે.

મહાભારતને એક વૃક્ષના બીજની ઉપમા આપવામાં આવી છે. તેના પર્વ અને પાત્રો, શાખા અને પર્ણ છે. સંસારના જેટલા શ્રેષ્ઠ કવિઓ છે તેમના કાવ્ય માટે મૂળ આશ્રયરૂપ છે. જેવી રીતે મેઘ સંપૂર્ણ પ્રાણીઓના જીવનદાતા છે, તેમ મહાભારતમાં અક્ષય વૃક્ષ છે.

મહાભારતના પાત્રોમાં જીવનનો ધબકાર સંભળાય છે. વિશાળ પાયા પર થયેલું આવું તાદશ આલેખન અન્યત્ર મળવું દુર્લભ છે. વીર યૌદ્ધા અને રાજનીતિજ્ઞ ભીષ્મ પિતામહ, આદરણીય વિદ્યાગુરુ દ્રોણ, સ્વમાની છતાં દાનવીર કર્ણ, શૂરવીર છતાં પ્રપંચી દુષ્ટ દુર્યોધન, મહામતા પરાક્રમી પાંડવો, ત્યાગ અને કરુણાની મૂર્તિ મન્દભાગી દ્રોપદી, વીર પુત્રોની જનની કુંતી, દુષ્ટ પુત્રોની દુઃખી માતા અને અંધ ધૃતરાષ્ટ્રની પતિવ્રતા પત્ની ગાંધારી, આ મહાકથાના અમર પાત્રો છે. આ સર્વ ઉપરાંત સમગ્ર કાવ્યમાં સર્વત્ર પ્રભાવ પાડતા યોગેશ્વર પૂર્ણ પુરુષ શ્રીકૃષ્ણ છે. માનવદેહમાં રહેલો એ પરમાત્મા સૌને મુગ્ધ કરી પૂજયભાવ જન્માવે છે.

મહાભારત કથાનું સાચા સ્વરૂપે શ્રવણ કરવામાં આવે તો તેની મહત્તા સમજી શકાય, તેને માટે આદર જન્મે, મહાન્ થવાની પ્રેરણા મળે, આત્મા બળવાન્ બને અને લોભ, મોહ, ક્રોધ, ઘૃણા ઈત્યાદિ પર નિયંત્રણ કરી શકાય.

મહાભારત એક વિશ્વકોશ છે. તે સંગ્રહગ્રંથ પણ છે, જે સમયે–સમયે સંકલિત, સંપાદિત અને સંશોધિત થતો ગયો. તેથી પ્રત્યેક પર્વની પુષ્પિકામાં તેને 'સંહિતા' કહ્યો છે.

વિદ્વાન્ વિન્ટર્નિત્સ કહે છે કે, 'મહાભારતનું કથાનક મુળ રૂપમાં વીર ગીતોના રૂપમાં પ્રચલિત હતું. આ વીરગીતોના સંકલન, સંશોધન અને વ્યવસ્થાપન કરીને કૃષ્ણ દ્વૈપાયન વેદ વ્યાસે મહાભારતની

રચના કરી. વર્ષો પછી સૂત–ચારણો દ્વારા અન્ય વીર ગાથાઓ ઉમેરાતી ગઈ જેથી તેના કલેવરમાં વૃદ્ધિ થઈ.'

ચારણો–સૂતો પછી તત્કાલીન પ્રભાવશાળી બ્રાહ્મણ–પુરોહિતોએ 'મહાભારત' ની વૃદ્ધિ જોઈને કેટલાક ધાર્મિક, સામાજિક, દાર્શનિક આખ્યાનો અને ઋષિ વંશોની કથાઓનો સમાવેશ કરી એક ધર્મગ્રંથના રૂપમાં 'મહાભારત' ને પ્રચલિત કર્યું.

વ્યાસની મૂળ કથામાં જે અસંખ્ય કથાઓ ઉમેરાતી ગઈ તેમાં સૌપ્રથમ ઉમેરાયેલા કથા સમૂહો સંભવતઃ કથાના નાયકોને લગતા હશે. કથાઓ નાયકોના પૂર્વજીવનને લગતી અથવા એમના મુખ્ય કથાનક સિવાયના પરાક્રમોને વર્ણવનારી હશે એમ કલ્પી શકાય. આ રીતે ભારત યુદ્ધના મુખ્ય નાયકો યુધિષ્ઠિર ભીમ અને અર્જુનના નામે અનેક ઈતર કથાઓ ઉમેરાયેલી દેખાય છે. કૃષ્ણની કથાઓનો તો એક સમુદાય જ પ્રથમ હરિવંશમાં અને પછીથી અન્ય પુરાણોમાં સ્વતંત્ર રીતે વિકસતો ગયો.

આ ઉપરાંત મહાભારતના આખ્યાન–ઉપાખ્યાનમાં જે ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, દયા, દાક્ષિણ્ય, કરુણા, ઉદારતા, પશુ–પક્ષી, દેવ–દાનવ, ભૂત–પ્રેત અને સાધુ સંતો સંબંધી જે વાર્તાઓ મળે છે તેમનું પણ ઐતિહાસિક મહત્ત્વ છે. આ વિષયોની પસંદગી સાધુ–સંતો સંન્યાસીઓએ કરી. આ નવા મનોરંજક આખ્યાનોના ઉમેરણથી 'મહાભારત' નું સ્વરૂપ વિશેષ વિશાળ બની ગયું.

મહાભારતના શાન્તિપર્વમાં મહાભારતને એક આખ્યાન કહ્યું છે, 'જે મનુષ્ય સદા આ ઉત્તમ ઉપાખ્યાનનું શ્રવણ કરશે તે ભકત વિષ્ણુલોકને પ્રાપ્ત કરશે.' [૨૦]

માનવજીવનની અનેકવિધ વૈવિધ્યપૂર્ણ સંકુલ ઘટનાઓને આટલી સૂક્ષ્મતાથી અને વાસ્તવિકતાથી આલેખનાર આ મહાકાવ્યના અંતરંગમાં આટલો વ્યાપક અને ગહન સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ રહેલો છે, એમ આપણને સમજાવે છે. મહાભારતની કથાના વૈશ્વિક અને આધ્યાત્મિક સ્તરે અર્થો ઉઘડે છે તે આખ્યાનો ઉપાખ્યાનોની સહાયથી. તેથી સમજાય છે કે મહાભારતની મૂળ કથા અતિ સરસ, સંકુલ, તાદશ, વાસ્તવિક, સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક રહસ્યો દર્શાવનારી અત્યંત આકર્ષક છે. પરંતુ એ કથાના અનેક સ્તરે અર્થ ઉઘાડતા જઈ માત્ર લૌકિક સ્તરની કથાને અલૌકિક, વૈશ્વિક, આધ્યાત્મિક, દાર્શનિક પરિણામ બક્ષનાર તેને માત્ર આકર્ષકમાંથી મહાન કથા બનાવનાર સાચા અર્થમાં 'મહા' ભારત બનાવનાર એની મહત્તા સિદ્ધ કરી અર્પનાર તો મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનો જ છે. એ જ એનું કાર્ય અને ગૌરવ છે.

ભારત સંહિતાને 'મહા' ભારત બનાવવામાં એનું કદ વિરાટ કરવામાં, મહાનતા અર્પવામાં, અર્થગૌરવ અને જીવનદર્શનનો ભાર ઉમેરવામાં માત્ર આખ્યાનો–ઉપાખ્યાનોનું જ મોટું પ્રદાન છે. એટલે મહાભારતની મહત્તા સમજવા માટે ઉપાખ્યાનોનું સ્વરૂપ, વસ્તુ, કાર્ય ઈત્યાદિ સમજવા આવશ્યક છે. તેની ચર્ચા આખ્યાનના ઉદ્ભવ સમયે કરીશું.

મહાભારતના પઠન–શ્રવણનું માહાત્મ્ય દર્શાવતા સ્વર્ગારોહણ પર્વમાં કહ્યું છે કે, ''જેમ સમુદ્ર અને હિમાલય પર્વત રત્નોનો ભંડાર છે તે રીતે મહાભારત પણ 'ગીતા' જેવા રત્નોનો ખજાનો છે.'' [૨૧]

આ મહાભારત મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયને રચેલો 'પંચમવેદ' છે. જે વિદ્વાન્ તેનું અન્યને શ્રવણ કરાવે તેના સર્વ કાર્યો સિદ્ધ થાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે. [૨૨]

ભગવાન્ કૃષ્ણ દ્વૈપાયનના મુખારવિન્દમાંથી નીકળેલું આ મહાકાવ્ય અત્યંત પુણ્યકારી, પવિત્ર, પાપાહારી તથા કલ્યાણપ્રદ છે, તેનો મહિમા અપાર છે. જે કોઈ આ મહાભારતની કથા સાંભળીને તેને હૃદયંગમ કરી લે છે, તેને તીર્થરાજ પુષ્કરના પવિત્ર જળમાં સ્નાન કરવાની આવશ્યકતા રહેતી નથી. [૨૩]

એક તરફ કોઈ મનુષ્ય વેદજ્ઞ તેમજ અનેક શાસ્ત્રોના જ્ઞાતા બ્રાહ્મણને સુવર્ણમંડિત શૃંગવાળી સો ગાયોનું દાન કરે અને બીજી તરફ કોઈ નિત્ય મહાભારતની પુણ્યમયી કથાનું શ્રવણ કરે એ બંનેનું ફળ સમાન છે. [૨૪]

**મહાભારત ત્રણ સંસ્કરણ :**

'ભારત' શબ્દનો અર્થ થાય – 'જે ગ્રંથોમાં ભરતવંશીય રાજાઓના પરાક્રમો અથવા યુદ્ધનું વર્ણન હોય.'

આવી સ્થિતિમાં એ પ્રશ્ન થાય છે કે 'ભારત' શબ્દ દ્વારા યોગ્ય અર્થ પ્રતિત થતો હતો તો પૂર્વે 'મહા' શબ્દ જોડવાની શું આવશ્યકતા હતી ?

રામાયણ લઘુ ગ્રંથ નથી આ ઉપરાંત અનેક બૃહદ્ ગ્રંથ સંસ્કૃતમાં પ્રાપ્ય છે, તો 'ભારત' પૂર્વે 'મહા' શબ્દ જોડવાનો શો અર્થ ?

મહાભારતના અંતે સ્પષ્ટ કહ્યું છે કે –

**महत्त्वाद् भारवत्त्वाच्च महाभारतमुच्यते ॥**

અર્થાત્, મહત્ત્વ અને ભારત્ત્વને કારણે તેને મહાભારત કહ્યું છે. [૨૫]

આ બાબત સંતોષપ્રદ નથી. 'મહાભારત' પ્રથમ લઘુ ગ્રંથ હતો તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

મહર્ષિ દ્વૈપાયન વ્યાસ મહાભારતના સર્જક છે. મૂળ મહાભારતનું સર્જન વ્યાસની કલમે થયું. તેમાં કોઈ શંકા નથી. મહાભારતમાં વ્યાસનો કર્તા તરીકે ઉલ્લેખ છે.

આદિપર્વ સ્પષ્ટ કહે છે કે, ''સતત ત્રણ વર્ષ સુધી પરિશ્રમ કરીને કૃષ્ણ દ્વૈપાયને આ આખ્યાનની રચના કરી છે.'' [૨૬]

તેમ છતાં અનુમાન થાય છે કે પ્રારંભથી જ મહાભારત કોઈ એક વ્યકિતનું સર્જન નથી. તેમાં ઉત્તરોતર વૃદ્ધિ થતી ગઈ. તે ત્રણ તબક્કામાં અસ્તિત્વમાં આવ્યું તેમ મનાય છે તે વિકાસના ક્રમિક ત્રણ તબક્કા આ પ્રમાણે છે –

(૧) જય

(૨) ભારત

(૩) મહાભારત

**(૧) જય :**

આ ગ્રંથનું મૌલિક રૂપ 'જય' નામે પ્રસિદ્ધ હતું. તેના રચયિતા સ્વયં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ હતા.

મહાભારતના પ્રત્યેક પર્વના મંગલ શ્લોકમાં 'જય' શબ્દનો ઉલ્લેખ છે. અંતર્યામી નારાયણ સ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ તેના નિત્ય સખા નર સ્વરૂપ નરશ્રેષ્ઠ અર્જુન, ભગવતી સરસ્વતી અને મહર્ષિ વેદ વ્યાસને નમસ્કાર કરી 'જય' નામના ગ્રંથનું પઠન કરવું જોઈએ. [૨૭]

વિદ્વાનોનો મત છે કે 'જય' મહાભારતના આદિરૂપનું નામ છે. અથવા 'જય' માત્ર મહાભારત ગ્રંથનું નામ છે. પરંતુ તેમ નથી.

આ 'જય' સંજ્ઞા મહાભારતને આપેલ છે. આદિપર્વ પ્રમાણે 'જય' નામના ઈતિહાસનું વિજય ઈચ્છતી વ્યકિતએ શ્રવણ કરવું જોઈએ. [૨૮]

ભવિષ્ય પુરાણ અનુસાર 'જય' શબ્દથી આ ગ્રંથોને સમજવામાં આવે છે. જે વાત અઢાર પુરાણો, રામાયણ, વૈષ્ણવ ધર્મશાસ્ત્રો, શૈવ ધર્મશાસ્ત્રો, મહાભારત નામથી ઉલ્લિખિત કૃષ્ણ દ્વૈપાયન પ્રણીત ' પંચમવેદ' આ સર્વને મનીષીઓ 'જય' કહે છે. [૨૯]

આ ઉલ્લેખો પરથી સાબિત થાય છે કે 'જય' સંજ્ઞા જેમાં વિજય કથા હોય કે વિજય મેળવવા માટેનો ઉપદેશ હોય તેવા ભિન્ન–ભિન્ન ગ્રંથો માટે એક સર્વ સામાન્ય નામ તરીકે વપરાતી હશે. એ વિજય ભૌતિક કે આધ્યાત્મિક કોઈપણ હોઈ શકે.

પાંડવોના વિજય વર્ણનને કારણે આ ગ્રંથનું 'જય' એવું નામ પડયું હશે. વેદ વ્યાસ ઉકત આ ગ્રંથમાં ૮૮૦૦ શ્લોકો હતા. 'આ ગ્રંથમાં ૮૮૦૦ શ્લોક એવા છે જેનો અર્થ હું સમજું છું. શુકદેવ સમજે છે અને સંજય સમજે છે કે નહી તેમાં શંકા છે. [૩૦]

આ બાબતથી એટલું સ્પષ્ટ થાય છે કે ઘણા સમય પૂર્વે એ માન્યતા પ્રવર્તતી હતી કે મહર્ષિ વ્યાસે જે મહાભારત રચ્યું હશે તે પ્રમાણમાં નાનું હશે, એમ માનવામાં આવે છે. આ જય કાવ્યમાં માત્ર પાંડવો અને કૌરવોના સંઘર્ષનું જ આલેખન હતું.

## (૨) ભારત :

દ્વિતીય સંસ્કરણનું નામ છે, ભારત. મહર્ષિ વ્યાસના શિષ્ય વૈશમ્પાયને જનમેજય રાજાને વ્યાસ પાસેથી શ્રવણ કરેલી કથા સંભળાવતા કુરુવંશની વંશાવલી ઉપરાંત કેટલીક ધર્મકથાઓ સંભળાવી. આ રીતે મૂળ કથા વૃદ્ધિ પામતાં તેમાં કુલ ૨૪,૦૦૦ શ્લોકો થયા. ઉપાખ્યાનો વિનાની આ કથા 'ભારત' તરીકે પ્રસિદ્ધિ પામી. [૩૧]

વૈશમ્પાયનના હસ્તે વિસ્તૃત કાવ્ય 'ભારત' તરીકે પ્રખ્યાતી પામ્યું.

## (૩) મહાભારત :

તૃતીય સંસ્કરણ મહાભારત તરીકે પ્રસિદ્ધ થયું. તેમાં વિભિન્ન આખ્યાનો–ઉપાખ્યાનોનો સમાવેશ થાય છે. સૌતિ મુનિએ શૌનક ઈત્યાદિને જે કથા કહી અને જે સંહિતા તૈયાર કરી તે મહાભારત તરીકે પ્રસિદ્ધ થઈ. આ સંહિતામાં આશરે એક લાખ શ્લોક થયા હોવાથી આ બૃહદ્ગ્રંથ 'શતસાહસ્રી' થી ઓળખાવા લાગ્યો.

આજે પ્રાપ્ત થતો મહાભારત ગ્રંથ એક લાખ શ્લોક સાથે અઢાર પર્વોમાં વિભાજીત છે તથા હરિવંશ સહિત ૧૯ પર્વોમાં વિભકત એક નૈતિક ગ્રંથ છે.

સામાન્ય ભારતીય પ્રજા મહાભારતને એક જ કર્તાની કૃતિ માને છે. પરંતુ આ શતાબ્દિઓથી સંવર્ધિત અનેક બ્રાહ્મણો દ્વારા સંશોધિત એવં પુનઃ સંસ્કરણિત ગ્રંથ છે. તેનાથી અવિશ્વસનીય વિવિધતાનું જ્ઞાન થાય છે. એટલા માટે તો વિદ્વાનો આ ગ્રંથનો પ્રારંભ **'नारायणं नमस्कृत्य'** થી માને છે, તો કોઈ આસ્તિક પર્વથી, તો અન્ય કોઈ બ્રાહ્મણ ઉપરિચર વસુની કથાથી પ્રારંભ માને છે. [૩૨]

જે કંઈ હોય, આ ગ્રંથના અધ્યયનથી મનુષ્યના જ્ઞાનચક્ષુ ખુલી જાય છે. તે અજ્ઞાનના અંધકારમાંથી નીકળીને અંતઃકરણ રૂપ પ્રકાશમાં પહોંચી જાય છે. [૩૩]

મહાભારતના ત્રણ સંસ્કરણ પરથી એવું વિદિત થાય છે કે મહાભારતની રચના કરનાર ત્રણ અલગ–અલગ વ્યકિત હતી. મહાભારતની કથાનું ત્રણ વ્યકિતએ પ્રવચન કર્યું.

પ્રથમ પ્રવકતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ હતા. તેમણે સૌપ્રથમ મહાભારતની સંપૂર્ણ કથા પોતાના શિષ્ય વૈશમ્પાયનને સંભળાવી.

દ્વિતીય કથા વૈશમ્પાયને જનમેજયના સર્પ સત્રમાં જનમેજયને સંભળાવી, જનમેજય પરીક્ષિતનો પુત્ર અને અર્જુનનો પ્રપૌત્ર હતો.

તૃતીય કથા લોમહર્ષણના પુત્ર સૌતિએ આ પવિત્ર મહાખ્યાન શૌનકાદિ ઋષિઓને સંભળાવ્યું. આમ શૌનકાદિ ઋષિઓ દ્વારા આ કથા લોક વિશ્રુત થઈ.

મહાભારતનું કદ કેવી રીતે વિસ્તૃત થતું ગયું, તેના કારણોની સ્પષ્ટ અને સુરેખ ચર્ચા કરતા શ્રી સાંડેસરા કહે છે –

વેદ વ્યાસે મહાભારતની રચના પશ્ચાત્ તે ભારતીય ગ્રંથમાં એવું ઓતપ્રોત થઈ ગયું કે તે જે પ્રદેશમાં પહોંચ્યું તે તે પ્રદેશના લોકોના હૈયામાં સ્થાન પ્રાપ્ત કર્યું. પરિણામે પ્રત્યેક પ્રદેશના કવિઓ, પ્રાજ્ઞો, ભાટચારણો, લહિયાઓએ તેનો લાભ લીધો. આ ધર્મકાવ્ય જે પ્રદેશમાં ગયું ત્યાંના પ્રાદેશિક રીત–રિવાજો, માન્યતાઓ, સમય, પરિસ્થિતિ અને જ્ઞાનનું તેમાં ઉમેરણ થતું ગયું. તે પ્રદેશના મનુષ્યોએ જે સંગત લાગ્યું તે ઉમેરી દીધું અને અસંગત લાગ્યું તે દૂર કર્યું. તેમ આ ઈતિહાસ કાવ્યનો પ્રસાર–પ્રચાર વધતો ગયો. પ્રત્યેક ધર્મ પ્રવર્તક આચાર્યને પોતાના ધર્મ સિદ્ધાંતોને તેમાં માન્યતા મળે છે એ દર્શાવવાની અભિપ્સા જાગી. તદ્પશ્ચાત્ આ ચમત્કારિક મહાકાવ્યના આશ્રય નીચે સર્વ પુરાણકથાઓ ઈતિહાસ, ધર્મ સંપ્રદાયો, દર્શનો, વાદો, પરંપરાઓ, સર્જનકૃતિઓ, કાવ્યો, શાસ્ત્રો ઈત્યાદિએ પ્રવેશ કર્યો અને તેને હિન્દુસ્તાનની 'નેશનલ લાયબ્રેરી' નું રાષ્ટ્રીય ગ્રંથ નિધિ બનાવી દીધું.

ફલ સ્વરૂપે મહાભારતની મુખ્ય બે વાચનાઓ ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય અસ્તિત્વમાં આવી. તેમાં પણ પેટા વિભાગ પડયા.

મહાભારત જેમ વ્યાપક બનતું ગયું તેમ હિતકર્તા તત્ત્વોએ પોતાને અનુકૂળ આવે તેવી બાબતો ઉમેરવાનું ચાલુ રાખ્યું. તેમાં સમયાંતરે મહાભારતની કથાને ઉપકારક બને તેવા પ્રાચીન કથાનકો, બ્રાહ્મણ ધર્મને ઉપયોગી થાય તેવા સિદ્ધાંતો, ઉપનિષદો આદિ વિચારો અલગ–અલગ નીતિ કથાઓ અને ધાર્મિક આખ્યાનો ઉમેરાતાં મહાભારત ખરેખર મહાભારત બની ગયું.

મહાભારતના મૂળ કથાનકને ઈતિહાસકાર વિદ્વાનોની દષ્ટિથી જોતા તેના મૂળ કથાનકમાં વર્તમાન કથાનકથી સર્વથા ભિન્નતા દષ્ટિગોચર થાય છે.

વિદ્વાનોના મત પ્રમાણે વ્યાસ પ્રણીત મૂળ ભારત ગ્રંથ ઉત્તરવર્તી વિદ્વાનો દ્વારા સમયે–સમયે વિસ્તૃત થતો ગયો.

વિદ્વાનોની અન્ય એક વિચારસરણી પ્રમાણે મહાભારતમાં વિદ્વાનોના પાત્રો કાલ્પનિક છે. તે વ્યાસ દ્વારા પાછળથી જોડવામાં આવ્યા છે. તેનાથી આગળ વધીને એક વિદ્વાને ત્યાં સુધી કહ્યું કે, પાંડવોનું ભારતીય યુદ્ધ જ કાલ્પનિક છે.

ઉપર્યુકત મત ધરાવનાર બિન ભારતીય વિદ્વાનો વેબર, મેકસમ્યુલર, વિન્સેન્ટ સ્મીથ ઈત્યાદિ છે.

ભારતીય વિદ્વાન્ શ્રી ચિંતામણિ વૈદ્યે ઉકત મતનું ખંડન કરી મહાભારત સંદર્ભમાં પ્રવર્તતી ભ્રાંતિ દૂર કરી છે. વિન્ટરનિત્સે પણ આ મતને સમર્થન આપ્યું છે.

શ્રી વૈદ્ય મહાભારત અને રામાયણના અવિકારી ટીકાકાર ગણાય છે.

તેમના મતે મહાભારતના બે રૂપો છે –

(૧) ભગવાન્ વ્યાસ કૃત ભારત

(૨) સૌતિ દ્વારા ઉદ્બોધાયેલું મહાભારત

તેઓ વ્યાસકૃત ભારતનો સમય ઈ.સ. પૂ. ૩૧૦૦ અને સૌતિ કૃત મહાભારતનું નિર્માણ ઈ.સ. પૂ. ૨૦૦૦ માને છે.

મહાભારતકાર પ્રમાણે આજે પ્રચલિત મહાભારતનું સ્વરૂપ ૧૫૦૦ વર્ષ પૂર્વેનું મનાય છે.

તેમાં વૈદિક એવું લૌકિક સંસ્કૃત ભાષાનો પ્રયોગ થયો છે. અનુષ્ટુપ્, ઈન્દ્રવજ્ઞા ઈત્યાદિ વૃત્તોમાં પ્રયુકત છે. [૩૪]

આ વિચિત્ર એવં ગૂઢાર્થી ગ્રંથના પ્રથમ અધ્યેતા શ્રીકૃષ્ણ દ્વૈપાયન પુત્ર શુકદેવજી છે તથા વાચક વૈશમ્પાયન છે. [૩૫]

આ ગ્રંથનો પ્રતિપાદ્ય વિષય પાંડવો–કૌરવોનું યુદ્ધ છે. પરંતુ દાર્શનિકો તેમાં એક રૂપકનું આરોપણ કરે છે.

આદિપર્વ અનુસાર દુર્યોધન ક્રોધમય વિશાલ વૃક્ષ છે. કર્ણ, સ્કંધ, શકુનિ શાખા, દુઃશાસન સમૃદ્ધ પુષ્પ છે. અજ્ઞાની રાજા ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે. [૩૬]

અર્થાત્ આ મન્યુરૂપ વૃક્ષનું દઢ અજ્ઞાન મૂળ છે. ક્રોધ–લોભાદિ સ્કંધ છે. હિંસા–ચોરી ઈત્યાદિ શાખા છે. એવં નરકાદિ પુષ્પફળ છે. પુરુષાર્થી વ્યકિતએ મૂળ અજ્ઞાનનું ઉન્મૂલન કરી ક્રોધરૂપી વૃક્ષનું ઉચ્છેદન કરવું જોઈએ.

અન્ય રીતે યુધિષ્ઠિર ધર્મમય વિશાળ વૃક્ષ છે. અર્જુન સ્કંધ, ભીમ શાખા, માદ્રીનન્દન સમૃદ્ધ પુષ્પફળ છે. શ્રીકૃષ્ણ એવં બ્રાહ્મણ આ વૃક્ષના મૂળ છે. [૩૭]

ભાવાર્થ એ છે કે ધર્મમય વૃક્ષની અહિંસા સત્યાદિ શરીર છે. ધારણા–ધ્યાનાદિ શાખા છે. તત્ત્વ સાક્ષાત્કાર ફળ તથા પરમાત્મા વેદ છે તથા વૃક્ષના મૂળ ધર્માત્મા બ્રાહ્મણ છે. આ ધર્મમય વૃક્ષના આશ્રયમાં જ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. અન્યથા નહીં.

આ રૂપક દ્વારા સત્ય–અસત્ય, ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ, હિંસા–અહિંસા આદિ વિષયો પ્રતિપાદિત થાય છે.

દુર્યોધનને ક્રોધમય વિશાલ વૃક્ષ કહ્યો છે. દુર્યોધન અધર્મનું પ્રતીક છે. જયારે મૂળ વૃક્ષ જ અધર્મ ઈત્યાદિ ગુણોથી પરિપૂર્ણ હોય તો તેની શાખા, ફૂલ, ફળ ઈત્યાદિ સદ્ગુણો કેવી રીતે ક્રોધમય વૃક્ષ સાથે આરોપિત કર્યા છે.

બીજી બાજુ યુધિષ્ઠિર કે જે સ્વયં ધર્મરાજ છે. ધર્મરાજ ધર્મનું પ્રતિક છે. તેને ધર્મમય વિશાળ વૃક્ષ કહ્યું છે જેનું મૂળ સ્વયં બ્રહ્મ હોય તેના વૃક્ષાદિ બ્રહ્મ જ હોઈ શકે. જયાં બ્રહ્મ છે ત્યાં સદાચાર વગેરે સદ્ગુણો પણ સ્વયં આવે છે. ધર્મ છે ત્યાં વિજય પણ છે. **यतो धर्मः ततो जयः ।**

### મહાભારત લેખન પ્રસંગ :

મૂળ મહાભારતના કર્તા વ્યાસ અને લહિયા શ્રીગણેશ હતા. મહાભારતના આદિપર્વ પ્રમાણે પરાશરનંદન બ્રહ્મર્ષિ શ્રીકૃષ્ણ દ્વૈપાયને આ ઈતિહાસ શિરોમણી મહાભારતની રચના કરી. સત્યવતી નંદનનો વિચાર જાણી બ્રહ્મા તેની પાસે આવ્યા. વ્યાસજી બ્રહ્માને પ્રણામ કરી બોલ્યા –

''મેં આ સર્વોત્કૃષ્ટ કાવ્યની રચના કરી છે. તેમાં વેદનું રહસ્ય, વેદાંગ, સર્વશાસ્ત્રોના સારની છણાવટ કરી છે. પરંતુ સૃષ્ટિમાં મને કોઈ યોગ્ય લહિયો દશ્યમાન થતો નથી. બ્રહ્માએ આ કાર્ય માટે ગણપતિનું સ્મરણ કરવા કહ્યું. વિઘ્ન વિનાશક શ્રીગણેશજી શીઘ્ર ઉપસ્થિત થયા.''

વ્યાસજીએ વિનંતિ કરી, 'તમે મારા દ્વારા નિર્મિત આ મહાભારત ગ્રંથના લેખક બનો.'

આ કથન સાંભળી વિઘ્નહર્તાએ એક શરત કરી, 'લખતાં મારી કલમ એક ક્ષણ પણ વિરામ નહી લે, તો હું આ ગ્રંથ લખું.'

વ્યાસજીએ સમજયા વગર એક અક્ષર પણ લખવાની ના કહી.

ગણપતિએ 'ૐ' કહી શરતનો સ્વીકાર કર્યો. વ્યાસજી કુતુહલપૂર્વક ગ્રંથની ગૂઢ રચના કરવા લાગ્યા. વેદ વ્યાસજી ગૂઢ શ્લોકો રચતા તેને સમજવા માટે ગણેશજીએ ક્ષણિક અટકવું પડતું. તે સમય દરમિયાન વેદ વ્યાસ અનેક શ્લોકોની રચના કરી લેતા. [૩૮]

એક પ્રશ્ન ઉદ્ભવે કે જો વ્યાસે માત્ર ચોવીસ હજાર શ્લોકોની રચના કરી હોય તો તેટલા શ્લોક રચવા માટે લહિયાની શી આવશ્યકતા ?

સ્વયં વૈશમ્પાયને કહ્યું છે કે – દ્વૈપાયન મુનિએ નિત્ય ઉદ્યોગપરાયણ રહીને ત્રણ વર્ષમાં અદ્ભુત મહાભારતના વ્યાખ્યાનની રચના કરી.

આ પરથી એમ વિચારી શકાય કે ત્રણ વર્ષ સુધી સતત પરિશ્રમ માત્ર ચોવીસ હજાર શ્લોકો માટે ન હોઈ શકે. તેથી એમ અનુમાન કરવું પડે કે એક લાખ શ્લોકવાળો સંપૂર્ણ ગ્રંથ વ્યાસ રચિત હશે.

આદિપર્વના પ્રથમ અધ્યાય પ્રમાણે વેદ વ્યાસે પ્રથમ આખ્યાન રહિત ચોવીસ હજાર શ્લોકોની સંહિતા રચી, જે ભારત તરીકે પ્રસિદ્ધ થઈ.

તેને સંક્ષિપ્ત કરી દોઢસો શ્લોકની પર્વ સહિત અનુક્રમણિકા રચી. ભારત પ્રથમ પોતાના પુત્ર શુકદેવને સંભળાવ્યું. પુનઃ મહર્ષિ વ્યાસે સાઠ લાખ શ્લોકોની બીજી ભારત સંહિતા રચી. તેમાંથી ત્રીસ લાખ

શ્લોક દેવતા માટે, પંદર લાખ પિતૃઓ માટે, ચૌદ લાખ ગંધર્વો અને યક્ષો માટે અને એક લાખ શ્લોકો મનુષ્યો માટે હતા. આ લાખ શ્લોક પોતાના શ્રેષ્ઠ શિષ્ય વૈશમ્પાયનને સંભળાવ્યા.

આથી એમ માની શકાય કે આઠ હજાર આઠસો શ્લોકો મૂળ સંખ્યા નહીં. પરંતુ કૂટ શ્લોકોની સંખ્યા છે.

વ્યાસ મુજબ તે કૂટ શ્લોકો એટલા ગૂંથાયેલા અને ગંભીર અર્થવાળા છે કે આજે પણ તેનું રહસ્ય જાણી શકાતું નથી. [૩૯]

આ શ્લોકને હું અથવા શુકદેવજી સમજી શકીએ, સંજય સમજે છે કે નહીં તેમાં શંકા છે. [૪૦]

મહાભારત અને પુરાણોમાં વ્યાસને ભગવાન્‌ના અવતાર મનાય છે. શ્રીમદ્ ભાગવતમાં જે ચોવીસ અવતારો છે, તેમાં સત્તરમાં અવતાર તરીકે પરાશર અને સત્યવતીના પુત્ર વ્યાસ ભગવાન્ છે. [૪૧]

મહાભારતમાં પણ તેના માહાત્મ્યને દર્શાવતા શ્લોકો છે. 'જેણે જન્મતાની સાથે જ પોતાની ઈચ્છા મુજબ શરીર વધાર્યું અને તે મહાયશસ્વીએ સ્વયં ઈતિહાસ તથા વેદાંગો સહિત સર્વવેદોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.' [૪૨]

આ રીતે અદ્ભુત દૈવી સામર્થ્યથી યુકત ત્રિકાળ જ્ઞાની અને ભગવાન્‌ના અવતારરૂપ વ્યાસજીએ ભૂત, વર્તમાન અને ભવિષ્યના વૃત્તાંતોને એક જ સાથે મહાભારતમાં નિરુપ્યા હોય તો તેમાં કંઈ આશ્ચર્ય નથી. ઈશ્વરીય શકિતમાં શ્રદ્ધા રાખનારને તેમાં કંઈ સંશય ઉત્પન્ન ન જ થાય.

## (૪) મહાભારત – એક ઈતિહાસ

સામાન્યતઃ રામાયણ અને મહાભારત પ્રાચીન મહાકાવ્યો છે. જો કે પ્રશિષ્ટ કાળના મહાકાવ્યના સ્વરૂપ કરતાં મહાભારતનું સ્વરૂપ ભિન્ન અને વ્યાપક છે. ભારતીય વિદ્વાનો મહાભારતને મહાકાવ્યને બદલે ઈતિહાસ, આખ્યાન અને પુરાણ કહે છે.✓

વૈદિક સાહિત્યમાં **'शब्द'** નું મહત્વ છે. ઋગ્વેદ છંદોબદ્ધ રચના છે. તેમાં કાવ્ય તત્ત્વ છે. છતાં તે અપૌરુષેય શબ્દ છે. અન્ય રીતે કહીએ તો વેદો શબ્દ પ્રધાન છે. તેમાં એકસૂત્રતા ધરાવતી કોઈ કથા નથી. જયારે મહાભારત કથા જ છે. આથી મહાભારતને ભારતીય પરંપરાએ ઈતિહાસ કહ્યું છે.

મહાભારત ઉપરાંત રામાયણને પણ ઈતિહાસ કહ્યું છે. વેદ–વેદાંગો પછી ભારતીય પરંપરા ઈતિહાસ અને પુરાણના ગ્રંથોને એક જ વર્ગમાં ગણાવે છે. તેમાં ઈતિહાસ કાવ્યો બે રામાયણ અને મહાભારત તથા અઢાર પુરાણો. પુરાણોમાં કથા સાહિત્યની અનેક કથાઓનો સમાવેશ થાય છે.

**'पुराण'** અર્થાત્ પ્રાચીન. પરંતુ ઈતિહાસમાં એમ નથી. **इति ह आस** અર્થાત્, આમ ખરેખર બન્યું હતું, એવું કોઈ કથાના સંદર્ભે કહીએ એટલે એમાં વર્ણવેલી ઘટના ભૂતકાળમાં ખરેખર બની હતી, એવું માની શકાય.

ઈતિહાસ કાવ્યો રામાયણ અને મહાભારતમાં મૂળ તો એક જ વાર્તા રસપૂર્વક કંઈક વિસ્તારથી કહેવાનો ઉપક્રમ રચ્યો હોય.

અન્ય રીતે કહીએ તો રામાયણમાં માત્ર રામની જ કથા વર્ણવવાનું વાલ્મીકિનું લક્ષ્ય હોય અને મહાભારતમાં માત્ર કૌરવો–પાંડવોના વૈમનસ્ય, વેર અને યુદ્ધની કથા વ્યાસમુનિએ સૌપ્રથમ કાવ્યબદ્ધ કરી હોય પરંતુ સમયાંતરે તે બંને કથાઓમાં અન્ય લોકકથાઓ પણ પ્રવેશી ગઈ.

પરંતુ મહાભારતમાં તો મૂળ કથા સિવાય અનેક કથાઓ વિવિધ સ્વરૂપે મૂળ ભારત સંહિતામાં જયાં અવકાશ મળ્યો ત્યાં પ્રવેશી ગઈ. એટલે વ્યાસે રચેલી ભારત સંહિતાનું મૂળ સ્વરૂપ ઈત્તર કથાઓના પ્રક્ષેપને કારણે પરિવર્તિત થઈ ગયું. કલાત્મક દષ્ટિએ ચરબી જામી હોય એવા મેદસ્વી શરીર જેવું બેડોળ બની ગયું.

મહાભારતના પ્રારંભે તેને ઈતિહાસ તરીકે વર્ણવતા દ્વૈપાયન વ્યાસ કહે છે કે,

**पुराणसंहिताः पुण्याः कथा धर्मार्थसंश्रिताः ।**
**इति वृत्तं नरेन्द्राणामृषीणां च महात्मनाम् ॥**

અર્થાત્, શું ધર્મ અને ગૂઢ અર્થથી યુકત અંતઃ કરણને શુદ્ધ કરનારી ભિન્ન–ભિન્ન કથા સંભળાવું કે ઉદારચરિત ઋષિઓનો ઈતિહાસ ? [૪૩]

આ ઈતિહાસ ગ્રંથ વિષે કહેવાય છે કે વ્યાસજી કૌરવો–પાંડવો યુદ્ધનાં પ્રત્યક્ષ સાક્ષી રહ્યા હતા. લગભગ પ્રત્યેક પ્રસંગે આ વિગ્રહ ટાળવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. તેમાં તેઓ નિષ્ફળ ગયા અને ભીષણ વિનાશ જોયો. એ વિનાશનો તેમણે ઈતિહાસ રચ્યો. જે માનવ આત્માનો સનાતન ઈતિહાસ બની રહ્યો. તેણે યુગોપર્યન્ત ભારત અને વિશ્વને પ્રેરણા આપી. સેંકડો વર્ષ પૂર્વે રચાયેલ હોવા છતાં આજે જ રચાયો હોય. તેવો તાજગીભર્યો લાગે છે. પ્રત્યક્ષ અનુભવાતો હોય આધુનિક પણ લાગે છે. આ બાબત વર્ણવતા મહાભારતકાર લખે છે કે, ''પૃથ્વી પર આ ઈતિહાસને અનેક કવિઓએ વર્ણવ્યો છે અને વર્ણવાય છે. ભવિષ્યમાં અન્ય કવિઓ વર્ણવતા રહેશે.''[૪૪]

અન્ય રીતે પણ તેને ઈતિહાસ તરીકે વર્ણવતા વ્યાસજીએ કહ્યું છે કે – ''આ મહાભારત ગ્રંથમાં વ્યાખ્યા સહિત ઈતિહાસ તથા વિવિધ પ્રકારની શ્રુતિઓનું રહસ્ય વગેરે પૂર્ણરૂપે નિરુપિત કર્યું છે અને તે પૂર્ણતાને મહાભારતનું લક્ષ્ય બતાવ્યું છે.'' [૪૫]

મહર્ષિ વ્યાસે પોતાની તપસ્યા એવં બ્રહ્મચર્ય દ્વારા સનાતન વેદનો વિસ્તાર કરી આ ઈતિહાસનું નિર્માણ કર્યું છે. [૪૬]

આ ઈતિહાસ એક દીપક છે કે જે મોહના અંધકારમાંથી અંતઃકરણરૂપ સંપૂર્ણ અંતરંગને જ્ઞાનથી પ્રકાશિત કરે છે. [૪૭]

મહાત્મા ગાંધીએ ઈતિહાસ વિષે ચર્ચા કરતા 'યરવડાના અનુભવ' માં લખ્યું છે તે મુજબ, ''આ બે ઈતિહાસ ગ્રંથો ગિબન કૃત 'રોમનો ઈતિહાસ' અને મોટ્લે કૃત 'રાઈઝ ઓફ ડચ રિપબ્લિકન' માં લોર્ડ રોઝબરીએ લખેલ પિટનું ચિત્ર ઉમેરો. તેમાં ઈતિહાસ અને કલ્પના વચ્ચેનો ભેદ બહુ ઓછો છે. ખરી હકીકતને પણ ઓછામાં ઓછી બે બાબતો હોય છે જ અથવા તો કાયદાશાસ્ત્રી કહે છે તેમ ખરી વિગતો પણ આખરે તો અમુક મત જ રજૂ કરે છે પણ આપણી પ્રજાના વિકાસમાં મદદ તરીકે ઈતિહાસની કિંમત વિષેના મારા વિચારો પર વાચકનું ધ્યાન રોકી રાખવા નથી ઈચ્છતો. હું પોતે તો એ કહેણીમાં માનનારો છું કે જે પ્રજાને ઈતિહાસ નથી, તે સુખી છે. મારી પ્રિય કલ્પના તો એવી છે કે આપણા હિન્દુ પૂર્વજોએ ઈતિહાસનો આજે જે અર્થ સમજવામાં આવે છે, તે અર્થમાં ઈતિહાસ લખવા પ્રત્યે દુર્લક્ષ કરીને અને નાની–નાની બાબતો પર પોતાના તાત્ત્વિક વિવેચનો રચીને આ સવાલનો ફડચો કરી આપ્યો છે. મહાભારત આવો જ ગ્રંથ છે. ગિબન અને મોટ્લેને મહાભારતની ઉતરતી આવૃત્તિ ગણું છું. કારણ કે 'ગિબન' અને 'મોટ્લે' ની કૃતિઓ ઉત્તમ ઈતિહાસ ગ્રંથો છે. તે ખૂબ સુંદર અને આત્માના ઉત્તમ ઈતિહાસ ગ્રંથો છે. પરંતુ મહાભારતની તુલનામાં તે ઉતરતા ગણાય. મહાભારતની તુલના સામાન્ય ઈતિહાસ ગ્રંથો સાથે તો થઈ જ ન શકે માટે તેને આ બે ગ્રંથ રત્નો સાથે સરખાવ્યું છે.''

કવિ બુદ્ધિ ઉત્પન્ન કરતો આ અસાધારણ ઈતિહાસ માનવ આત્માનો સનાતન ઈતિહાસ છે. આ બાબત સ્પષ્ટ કરતાં મહાભારતકાર કહે છે કે,

**इतिहासोत्तमादस्माज्जायते कविबुद्धयः ।**

**पत्त्रभ्य इव भूतेभ्यो लोकसंविधयस्त्रयः ॥**

અર્થાત્, જેવી રીતે પંચભૂતોથી ત્રણે લોકનું સંવિધાન થાય છે, તેવી રીતે આ ઉત્તમ ઈતિહાસમાંથી કવિબુદ્ધિ ઉત્પન્ન થાય છે. [૪૮]

મહાભારત એ આત્માનો સનાતન ઈતિહાસ છે. એના ઉદાહરણરૂપ જોઈએ તો સ્વર્ગારોહણ માટે જતાં પાંડવ યુધિષ્ઠિરને બોલાવવા સ્વયં ઈન્દ્ર આવ્યા ત્યારે ધર્મરાજાએ મહાપ્રસ્થાન દરમિયાન તેમની સાથે રહેલા શ્વાનને દયાને કારણે સ્વર્ગમાં લઈ જવા ઈચ્છા કરી અને તેના વિના સ્વર્ગમાં જવાનું છોડી દીધું.

સાંખ્યમાર્ગી પ્રમાણે સ્વર્ગ એટલે સુખ. આમ, આ પ્રસંગ દ્વારા પ્રત્યેક સજીવમાં રહેલ આત્મા સમાન છે તે નિરુપ્યું છે.

આદિપર્વ પ્રમાણે ''જે બ્રાહ્મણ વેદ–વેદાંગ અને ઉપનિષદ્ જાણે છે, પરંતુ આ મહાન્ મહાભારત–ઈતિહાસને નથી જાણતા તે અજ્ઞાની છે.'' [૪૯] મહાભારતને વેદથી પણ મહાન્ બતાવ્યું છે.

મહાભારતની શ્રેષ્ઠતા સાબિત કરતાં સ્પષ્ટ કહ્યું છે કે, ''જેવી રીતે પદાર્થોમાં આત્મા અને તેમાં જીવન શ્રેષ્ઠ છે. તેમ સંપૂર્ણ શાસ્ત્રોમાં પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ રૂપ પ્રયોજનને પૂર્ણ કરનાર આ ઈતિહાસ શ્રેષ્ઠ છે.'' [૫૦]

રામાયણ અને મહાભારતનું ઐતિહાસિક મહત્ત્વ છે. સંસ્કૃત સાહિત્યના બૃહદ્ ઈતિહાસમાં બે વિભિન્ન યુગોને વિભાજીત કરવામાં બંને ગ્રંથો એક પ્રકારના સીમા વિભાજન છે. બંને વૈદિક સાહિત્યના સીમાન્ત અને લૌકિક સાહિત્યના સીમોદયના પ્રાક્રૂપ છે. વૈદિક સંસ્કૃતિની અન્ત્યેષ્ટિ અને લૌકિક સંસ્કૃતિના અભ્યુદય એ બંનેની વચ્ચેનો ગ્રંથ છે. આ દષ્ટિએ વાલ્મીકિ અને વ્યાસ આદિકાવ્ય રચયિતા છે.

આર્ષ મહાકાવ્ય અથવા વીરચરિત મહાકાવ્ય તરીકે મહાભારતનું સ્વરૂપ વિચારીએ તો તેમાં કૌરવો–પાંડવોના યુદ્ધની કથા કેન્દ્ર સ્થાને છે અને તેની આસપાસ અનેક નાની–મોટી કથાઓ ગૂંથવામાં આવી છે. આમ તે અર્થપ્રધાન ઘટનાપ્રધાન મહાકાવ્ય છે.

આ કથા વકતા–શ્રોતા વચ્ચે થયેલા સંવાદરૂપે રજૂ થાય છે. ઉદા. અંધ ધૃતરાષ્ટ્ર દિવ્યદષ્ટિ ધરાવનાર સંજયને પૂછે છે કે યુદ્ધ ભૂમિ પર એકઠા થયેલા મારા અને પાંડવોના પુત્રોએ શું કર્યું ? તેના ઉત્તરમાં સંજય યુદ્ધભૂમિની ઘટના નિરુપે છે. લોક સમૂહમાં પ્રચલિત થયેલ આખ્યાન ચક્રએ સૌપ્રથમ 'જય' નામનું કાવ્ય સર્જ્યું.

મહાભારતમાં જ કહ્યું છે કે આ જય નામનો ઈતિહાસ છે.

**जय नामेतिहासोडयम् ।**

વ્યાસ શિષ્ય વૈશમ્પાયને તે જય કાવ્ય થોડા ઉમેરા સાથે 'ભારત' રૂપે તે કાવ્ય જનમેજયને કહી સંભળાવ્યું.

તદ્પશ્ચાત્ સૌતિ ઉગ્રશ્રવાએ 'ભારત' કાવ્યમાં અન્ય ઉપાખ્યાનો ઉમેરી મહાભારત ઈતિહાસ કાવ્ય બનાવી શૌનકાદિ ઋષિઓને કહી સંભળાવ્યું. એટલે કે આ આર્ષ મહાકાવ્ય અથવા વીરચરિત મહાકાવ્ય વિકસતા મહાકાવ્ય પ્રકારનું છે.

સંતાનોના આંતર્વિગ્રહ, પાંડવોનો કૌરવો પર જય, ધર્મનો મન્યુ પરનો વિજય, ભૌતિક તત્ત્વોના માળખામાં આસુરી તત્ત્વો ઉપરનો આત્માનો જય આલેખતાં નિષ્કામ કર્મ, કર્મફલાસકિત ત્યાગ, યજ્ઞાર્થ કર્મના સિદ્ધાંતનું હિન્દુ ધર્મે વેદ દ્વારા વિશ્વને ભેટ ધરેલ સર્વશ્રેષ્ઠ સિદ્ધાંતોનું તેના અનેક પાસાઓ ઉપર તાત્ત્વિક અને વ્યાવહારિક વિચાર કરીને નિષ્કામ ધર્મની પાવકતા તથા તેના વડે પ્રચલિત નીતિમૂલ્યોને મૂળભૂત રીતે પલટી નાખનારી ક્રાંતિકારી તીક્ષ્ણ બુદ્ધિમતી અને સંવાદ સ્થાપનારી નિરુપણ દષ્ટિ વડે આ ઈતિહાસમાં ભાષ્ય કર્યું છે.

મહાભારત પર બ્રાહ્મણોનું પ્રભુત્વ વિશેષ છે. મહાભારતના સંશોધન માટે શિલાલેખો, જાતકો તથા અન્ય પાલિ ગ્રંથો, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને વિદેશીઓના લખેલા પર્યાપ્ત પ્રમાણ વિદ્યમાન છે.

મહાભારત રામાયણનું અનુગામી લાગે છે. બંને ગ્રંથોના ચરિત્ર નાયકોના મૂળ શોધીએ તો રામનો યુગ કૌરવ–પાંડવોની પહેલાનો છે. રામ ત્રેતા યુગમાં થયા અને કૌરવ–પાંડવ દ્વાપર યુગમાં. મહાભારતના આખ્યાનોમાં રામોપાખ્યાનનો ઉલ્લેખ છે.

મહાભારતમાંથી પ્રેરણા લઈને કવિઓએ અનેકાનેક કૃતિઓની રચના કરી છે. આ સૃષ્ટિ પર એવી એકપણ રચના નથી, જેણે મહાભારતનો આશ્રય ન લીધો હોય. જેવી રીતે ઉન્નતિ ઈચ્છતા સેવકો શ્રેષ્ઠ સ્વામીનો આશ્રય લે છે, જેમ ત્રણે આશ્રમો ગૃહસ્થાશ્રમને આશ્રયે રહેલા છે, તેમ મહાભારતથી શ્રેષ્ઠ અન્ય કોઈ રચના નથી. [૫૧]

આ ગ્રંથના અભ્યાસથી કવિઓની બુદ્ધિમાં સ્ફૂર્તિ ઉત્પન્ન થાય છે. વ્યાસજીનું આ કથન બિલકુલ સત્ય છે.

મહાભારત સંસ્કૃત સાહિત્યના અનેક કાવ્યો, નાટકો, ચમ્પૂકાવ્યો અને અન્ય કથાકૃતિઓનો જન્મદાતા ગ્રંથ છે. રામાયણ–મહાભારતના સ્રોતમાંથી જ કાલિદાસ જેવા મહાકવિઓએ મહાકાવ્યો અને નાટકોની રચના કરી છે. કાલિદાસની વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ કૃતિ 'અભિજ્ઞાન શાકુન્તલમ્' ની કથા મહાભારતમાંથી ઉદ્ધૃત કરેલ છે.

'શિશુપાલવધ', 'કિરાતાર્જુનીયમ્' વગેરે મહાકાવ્યો મહાભારતની નીપજ છે.

ભાસ નાટકચક્રના નાટકો રાજનૈતિક, સાહિત્યિક, સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક આ સર્વના વિષયોના બીજ મહાભારતમાં વિખરાયેલા પડયા છે.

તેથી કૃષ્ણ દ્વૈપાયન ગૌરવ સાથે કહે છે, **यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित् ।**

મહાભારતની શ્રેષ્ઠતાનો અન્ય પ્રસંગ જોઈએ તો, જેમ દહીંમાં નવનીત, મનુષ્યોમાં બ્રાહ્મણ, વૈદિક સાહિત્યમાં આરણ્યક, ઔષધિમાં અમૃત, જળાશયોમાં સમુદ્ર અને ચતુષ્પાદોમાં ગાય શ્રેષ્ઠ છે, તેમ સમસ્ત ઈતિહાસમાં મહાભારત શ્રેષ્ઠ છે. [૫૨]

મહાભારત પ્રાચીન ભારતીય સાહિત્યનો કેવળ વિશ્વકોશ નથી. પ્રાચીન ભારતીય સાહિત્યનો માત્ર આકર ગ્રંથ નથી. માનવ–જીવનના અપાર વૈવિધ્યને આલેખતો સાહિત્ય ગ્રંથ જ નથી. પરંતુ 'વિરાટ' શબ્દના સર્વ અર્થને સાર્થક કરતો વ્યાપકમાં વ્યાપક જીવનદર્શન કરાવતો મહત્તમ 'ગ્રંથસાગર' છે.

આમ, મહાભારતને માત્ર મહાકાવ્ય કહેવું ઉચિત નથી. તે ઈતિહાસ પણ છે. ઘટનાઓનો ઈતિહાસ નહીં, કારણ તેવા ઈતિહાસ તો અમુક સમયને અવલંબીને હોય છે. મહાભારત તો ભારત વર્ષનો ચિરકાળનો ઈતિહાસ છે. અન્ય ઈતિહાસ સમયે–સમયે કેટલાય પરિવર્તિત થયા પણ આ ઈતિહાસ પરિવર્તન પામ્યો નથી. ભારતવર્ષની સાધના, આરાધના અને સંકલ્પ છે. તેનો જ ઈતિહાસ આ વિપુલ કાવ્ય પ્રાસાદમાં ચિરકાળના સિંહાસન પર બિરાજમાન છે.

મહાભારત ઈતિહાસ, પુરાણ, આખ્યાન પરંપરાનું પ્રતિપાદન કરે છે, જયારે રામાયણ કાવ્ય પરંપરાનું.

## (૫) મહાભારત આર્ષ કાવ્ય

રામાયણ–મહાભારત જેવા આર્ષકાવ્યોના આધારે જ કાલિદાસાદિ કવિઓએ મહાકાવ્યનું સર્જન કર્યું, જે પાછળથી વિદગ્ધ કે અલંકૃત મહાકાવ્ય તરીકે પ્રસિદ્ધ થયા. આર્ષ મહાકાવ્યના સ્વરૂપ વિશે વિચારીએ તો –✓

વિશ્વનાથે સાહિત્ય દર્પણમાં રામાયણ–મહાભારતને આર્ષ વિશેષણથી જોડી તેમની પ્રાથમિકતા, પ્રાચીનતા, પ્રામાણિકતા, પવિત્રતા એવં સ્વાભાવિક વિકસન શીલાદિ ગુણોને વ્યકત કરતાં ઉત્તરકાલીન સંસ્કૃતિ સંસ્કૃતિ જન્ય મહાકાવ્યથી ભિન્ન કર્યું. [૫૩]

આર્ષનો અર્થ ઋષિ પ્રણિત છે. કવિને ઋષિ કહ્યા છે.

આનંદવર્ધને ધ્વન્યાલોકમાં રામાયણ–મહાભારતને ઈતિવૃત્ત પ્રધાન, કથાશ્રય કહ્યું છે. [૫૪]

આર્ષ કાવ્યના લક્ષણો નિમ્નલિખિત છે.

આર્ષ મહાકાવ્ય ઋષિ પ્રણિત, પ્રાચીન, સ્વયં સ્ફૂર્ત, સત્ય એવં ઐતિહાસિક હોય છે.

રામાયણ–મહાભારત બંને આર્ષકાવ્યો પાશ્ચાત્ય વિદ્વાનો અનુસાર કપોલકલ્પિત યા કેવળ રૂપક નથી. મનુષ્ય જીવનના ઉદ્દેશ્ય રૂપ ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચર્તુવિધ પુરૂષાર્થની શિક્ષા આપે છે. લૌકિક ભાવોની સાથે ઐતિહાસિક ઘટનાને અભિવ્યકત કરે છે.

તત્કાલીન માનવની અતિમાનુષીય તત્ત્વ પરની શ્રદ્ધાને કારણે દેવ–દાનવોની યોજના કરી હોય, ધર્મ સ્વરૂપ રામ એવં પાંડવોના પથમાં વિષમતા એવં અવરોધ છે તે માત્ર સદ્ગુણ–દુર્ગુણનું પ્રતીક છે.

દ્રૌપદીનું સ્વાભિમાન, રાવણની પર સ્ત્રી લોલુપતા, ભીમની સાહસપ્રિયતા, રામ–યુધિષ્ઠિરની ધૈર્યવૃત્તિ, સીતા–સાવિત્રીની પતિભકિત, દુર્યોધન–દુઃશાસનની દીર્ઘ દ્વેષવૃત્તિ ભાવના, શકુનિની કપટ મનોવૃત્તિ આદિ મનોવિકારોનું ચિત્રણ સ્પષ્ટ એવં સૂક્ષ્મ રીતે કર્યું છે.

કેટલાક વિદ્વાનોને આર્ષકાવ્યોમાં ત્રિકાલાબાધિત ચિરંતન સત્ય જોઈને તેમને ઈતિહાસની પુનરાવૃત્તિના રૂપમાં સ્વીકાર કર્યો છે.

પાંડવો જેવા પરાક્રમી વીરો એવં શ્રીકૃષ્ણ જેવા કુશળ રાજનીતિજ્ઞ સાથે વીર અભિમન્યુનો વધ, રામ–લક્ષ્મણનો વનવાસાદિ બાબતો નિયતિની સર્વશકિતમત્તા નિશ્ચિત કરે છે.

વાલ્મીકિનો જીવન વિષયક આશાવાદી દષ્ટિકોણ અને ભારતીય યુદ્ધમાં નિરાશા એવં કરુણ ઘટના પશ્ચાત્ માનવજીવનના સંપૂર્ણ સંચયનો ક્ષય થાય છે. ઉન્નતિનું પતન, સંયોગનું વિયોગમાં જીવનનું મૃત્યુમાં પર્યવસાન થાય છે. આ નિરાશાવાદી દષ્ટિકોણ શાન્તિપર્વમાં રજૂ થાય છે.

**सुखं दुःखान्तमालस्यं दाक्ष्यं दुःखं सुखोदयम् ।**

**भूतिः श्री ह्रीं धृतिः कीर्तिदक्षे वसति नालसे ॥**

અર્થાત્, આળસ સુખરૂપ છે, પરંતુ તેનો અંત દુઃખરૂપ છે તથા કાર્યદક્ષતા દુઃખરૂપ છે. પરંતુ તેમાંથી સુખનો ઉદય થાય છે. તેના વિના ઐશ્વર્ય, લક્ષ્મી, લજ્જા, ધૃતિ અને કીર્તિ–કાર્ય–દક્ષ વ્યકિતમાં નિવાસ કરે છે, પ્રમાદીમાં નહી.

ઉપર્યુકત પરસ્પર વિરોધી વિચાર અંતિમ એવં સર્વકાલિક છે.

ઋગ્વેદકાલીન ઋષિ પ્રતિભાનું કંઈક તત્ત્વમૂળ પ્રથમ સ્ફૂટિત થઈને પોતાની સાર્વકાલિકતાથી અંતિમ સિદ્ધ થયું. તે રીતે આ બંને ભારતીય આર્ષ કાવ્યએ માનવીય ગુણ–દોષની ઉન્નતિ–અવનતિની સ્થાપના કરી.

આર્યોનો સંયમ અને સાહસ, ધૈર્ય અને ભય, સહૃદયતા અને દુષ્ટતા, ત્યાગ અને ભોગ, ઉદારતા અને કૃપણતા, વિશાલતા અને સંકુચિતતા આદિ ગુણ અતિશયાતિશય કઈ બાબતોનું અતિક્રમણ કરે છે, એમનું રામાયણ–મહાભારતાદિ આર્ષ કાવ્યોમાં વર્ણન કર્યું છે. ભારતીય આર્યો ગુણાવગુણનું અતિક્રમણ નથી કરતા તે પ્રતિપાદિત કર્યું છે. ઉત્તરકાલીન ભારતીય વાङ્મયમાં આ ગુણોની પુનરાવૃત્તિ જોવા મળે તો આશ્ચર્ય નથી.

ઉપર્યુકત વિચારથી એ નિષ્કર્ષ પર આવી શકાય કે ભારતીય આર્ષકાવ્ય રામાયણ–મહાભારત કેવળ પ્રાચીન હોવાથી જ લોકપ્રિય નથી. પરંતુ કેટલાક ત્રિકાલાબાધીત માનવીય મનોવિકારોનું સૂક્ષ્મ પ્રતિપાદન કરવાથી જયાં સુધી પૃથ્વી પર પર્વત, નદી સ્થિર રહેશે ત્યાં સુધી સંસારમાં રામાયણની કથાનો પ્રચાર રહેશે. [૫૫]

સંસારમાં જેટલા શ્રેષ્ઠ કવિ થશે, એમના કાવ્યને પ્રેરણા માટે મહાભારત મૂળ આશ્રય રહેશે. [૫૬]

તેમના પ્રતિ આ ઉદ્ગાર યથાર્થ સિદ્ધ થયો છે.

સંક્ષેપમાં કહીએ તો ભારતીય આર્યવંશોના સંપૂર્ણ વિશેષોના ગુણ સમાવિષ્ટ છે. આ વિચારને દષ્ટિ સમક્ષ રાખી કોઈ વિદ્વાને યથાર્થ જ કહ્યું છે કે –

**व्यासोच्छिष्टं जगत् सर्वम् ।**

### આર્ષ મહાકાવ્ય તરીકે મહાભારત :

તેમાં કૌરવો–પાંડવોના યુદ્ધની કથા કેન્દ્રસ્થાને છે અને તેની આસપાસ અનેક નાની–મોટી કથાઓ ગૂંથવામાં આવી છે. આમ તે અર્થપ્રધાન મહાકાવ્ય છે.

આ કથા વકતા–શ્રોતા વચ્ચે થયેલા સંવાદરૂપે રજૂ થાય છે. દા.ત. અંધ ધૃતરાષ્ટ્ર દિવ્ય દષ્ટિવાળા સંજયને પૂછે છે કે યુદ્ધભૂમિ પર એકત્ર થયેલા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ?

તેના ઉત્તરમાં સંજય યુદ્ધભૂમિની ઘટના નિરુપે છે.

વ્યાસની કલમે લોક સમૂહમાં પ્રચલિત થયેલા આખ્યાન ચક્રને સૌપ્રથમ ‘જય’ નામનું કાવ્ય સર્જયા પછી; વ્યાસ શિષ્ય વૈશમ્પાયને તે ‘જય’ કાવ્ય થોડા ઉમેરા સાથે એટલે કે ‘ભારત’ રૂપે તે કાવ્ય જનમેજયને કહી સંભળાવ્યું. સૌતિ ઉગ્રશ્રવાએ તે ‘ભારત’ કાવ્યમાં અન્ય કેટલાક ઉપાખ્યાનાદિ ઉમેરીને ‘મહાભારત’ ઈતિહાસ કાવ્ય આર્ષ મહાકાવ્ય બનાવીને તે શૌનકાદિ ઋષિઓને કહી સંભળાવ્યું. એટલે કે આ આર્ષ મહાકાવ્ય અથવા વીરચરિત મહાકાવ્ય 'Epic of Growth' વિકસતા મહાકાવ્ય પ્રકારનું થયું.

મહાભારતમાં કથાનક પ્રધાન હોવાની સાથે અન્ય વર્ણનો પ્રાપ્ત થાય છે. અલબત્ત, આ વર્ણનો મહદ્ અંશે વિગતોથી ભરેલા છે; તેને અલંકૃત કરવામાં નથી આવ્યા.

મહાભારત સંવાદાત્મક શૈલીમાં રજૂ કરવા ઉપરાંત તેને પર્વ, ઉપપર્વ, અધ્યાય અને શ્લોકોમાં વિભકત કરવામાં આવેલ છે. શ્લોકો અનુષ્ટુપ્ છંદ અને કદાચિત્ ઉપજાતિ કે વંશસ્થ છંદોને પણ પ્રયોજયા છે.

મહાભારતમાં નાયક શૌર્ય, ધૈર્ય, ત્યાગ અને ઔદાર્યાદિ ગુણોથી સમન્વિત યુગપુરુષ શ્રીકૃષ્ણ છે.

મહાભારતમાં અતિ માનુષ તત્ત્વોનું બાહુલ્ય જોવા મળે છે. ઈન્દ્ર, અગ્નિ, વરુણ, બ્રહ્મદેવ, વિષ્ણુ, શંકર આદિ વૈદિક અને પૌરાણિક દેવો અને રાક્ષસોનો માનવીય વ્યવહાર પ્રધાન છે.

રામાયણ–મહાભારતમાં માનવજીવન નિયતિ દ્વારા ચાલે છે તે દષ્ટિગોચર થાય છે. અભિમન્યુનું યુવાવસ્થામાં મૃત્યુ, સીતાને કાંચનમૃગ તથા ધર્મરાજને દ્યૂતનો મોહ આ સર્વનું એકમાત્ર કારણ નિયતિ છે.

સભાપર્વ અનુદ્યૂત પર્વ પ્રમાણે કાલ દંડા યા તલવાર લઈને મસ્તક નથી કાપતા પરંતુ પ્રત્યેક વસ્તુમાં બુદ્ધિ વિપરીત કરી દે છે.

ઉપર્યુકત મત અનુસાર ઋગ્વેદના સંવાદ સૂકતો, દાનસ્તુતિઓ કે ઈન્દ્ર જેવા વીર યૌદ્ધાઓની સ્તુતિમાંથી કાળક્રમે વીરગાથાઓ અને વિવિધ આખ્યાન સમૂહો વિકસ્યાં. આવા આખ્યાન ચક્રોને આધારે વાલ્મીકિ અને વ્યાસ જેવા પ્રતિભાશાળી કવિઓએ ‘રામાયણ’ અને ‘મહાભારત’ જેવા આર્ષ કાવ્યોની રચના કરી.

આ આર્ષ કાવ્યોમાંથી પ્રેરણા લઈને કાલિદાસાદિ અનુકાલિક કવિઓએ રઘુવંશાદિ મહાકાવ્યોની રચના કરી. આ દષ્ટિએ સંસ્કૃત ભાષામાં રચાયેલા મહાકાવ્યો મુખ્યત્વે બે પ્રકારના ગણી શકાય.

મહાકાવ્ય

નૈસર્ગિક
અર્થાત્
આર્ષ મહાકાવ્ય
(વીર ચરિત મહાકાવ્ય)

અલંકૃત
અર્થાત્
પ્રશિષ્ટ મહાકાવ્ય
વિદગ્ધ મહાકાવ્ય

પ્રચલિત પંચ મહાકાવ્ય
(૧) કાલિદાસ કૃત – કુમારસંભવ રઘુવંશ
(૨) ભારવિ કૃત – કિરાતાર્જૂનીયમ્
(૩) માઘ કૃત – શિશુપાલવધ
(૪) શ્રીહર્ષ કૃત – નૈષધચરિતમ્

આ પંચ મહાકાવ્ય ઉપરાંત અનેક મહાકાવ્યો રચાયા.

ભારતીય પરંપરામાં રામાયણ–મહાભારતને વાલ્મીકિ અને વ્યાસની માત્ર કવિ કલ્પનાનું સર્જન ગણવામાં નથી આવ્યા કે મનુષ્યોને ઉપદેશ આપવા માટે પ્રયોજાયેલું તે કોઈ રૂપક પણ નથી. આર્ષ પ્રજામાં એકપત્નીત્વ તથા પિતાના આજ્ઞાંકિત પુત્ર તરીકે આદર્શ મૂર્તિ શ્રીરામ કે પરાક્રમી વીર પાંડવો કુશળ રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણએ ઐતિહાસિક પાત્રો છે. આથી રામાયણ–મહાભારતને પણ ઈતિહાસ કહ્યા છે. વાલ્મીકિ જેવા ઋષિની દષ્ટિ સમક્ષ લોકમાં પ્રચલિત કે અપ્રચલિત થયેલું રામનું અયન પ્રત્યક્ષ થયું હતું. તેથી વિશ્વનાથ જેવા અનેક અલંકાર શાસ્ત્રીએ તેમને આર્ષ મહાકાવ્ય કહ્યા છે.

## (૬) મહાભારત – વીર કાવ્ય

પ્રાચીનકાળથી જ દેવ મુનિ રાજાદિ કે વીરોદારતાદિ ગુણોની પ્રશંસાત્મક કથાઓને ઈતિહાસ, પુરાણ, આખ્યાન, ઉપાખ્યાન, ગાથા, નારાશંસી આદિ કહીને સન્માનિત કર્યા છે. કોઈ રાજાના કૃત્ય તેમજ પૂર્વઘટિત ઘટનાઓ કહેનારને ઈતિહાસ કહેવાય છે.✓

સર્ગ, સંસારોત્પત્તિ, પ્રતિસર્ગ, સંહાર, ઉત્પત્તિ, વંશ, દેવ, વંશાવલી, મન્વન્તર, મનુયુગ, વંશાનુચરિત, રાજવંશાવલી આદિના વર્ણનને પુરાણ કહે છે.

વિષ્ણુપુરાણમાં શ્રીધર ટીકામાં

**स्वयं श्चष्टार्थकथनं प्राहुराख्यानकं बुधाः ।**

**श्रुतस्यार्थस्य कथनं उपाख्यानं प्रचक्षते ॥**

**गाथास्तु पितृपृथिवीगीताख्या कल्पशुद्धिः कल्पादिनिर्णयः ।**

અર્થાત્, સ્વયં દષ્ટ ઘટનાના વર્ણન અને કથનને આખ્યાન, શ્રુત ઘટનાઓને ઉપાખ્યાન, પિતર, પૃથ્વી આદિ દ્વારા કથિત ઘટનાને ગાથા અને માનવસ્તુતિને નારાશંસી કહ્યું છે. [૫૭]

વર્તમાન પૂર્ણ વિકસિત સંસ્કૃતિ એવં સભ્યતાના યુગમાં યદ્યપિ વીરયુગ અત્યંત અસભ્ય યુગ પ્રતીત થાય છે. કારણ કે તે યુગમાં યુવકની વૃદ્ધ પર, સબળની નિર્બળ પર વિજય ગૌરવ મનાતું હતું. તે સમયમાં ભીમ જેવા શકિતશાળી પુરુષ દ્વારા યુદ્ધમાં દુઃશાસનનું રકતપાન, ભરી સભામાં દ્રોપદીનું વસ્ત્રાહરણ, બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને અર્જુનનો પ્રેમ વ્યાપાર, હિડિમ્બા જેવી સ્ત્રી સાથે ભીમના વિવાહ આદિ બાબતો શકય બને છે.

મહાભારત કાવ્યની કથા મુખ્યતયા અર્જુન, ભીમ, કર્ણ, દ્રોણ, ભીષ્મ, દુર્યોધન આદિની વ્યકિતગત વીરતાની કથા છે. સાથે તેમાં પ્રાચીન વીરો, અર્વાચીન વીરો સામે ઝૂકતા અને પરાજીત થતાં જોવા મળે છે. તત્કાલીન વીરોની એક વિશિષ્ટતા હતી, જેમની પ્રાપ્તિ માટે ભૌતિક શરીર એવં સંપત્તિની ઉપેક્ષા કરી તથા સ્વયંને અસામાન્ય વીરોમાં, અભૂતપૂર્વ સાહસિકોમાં પરિગણિત કરવા માટે નિરંતર પ્રયત્નશીલ રહેવું.

તત્કાલીન વીર નિયતિવાદી હતા. મહાભારતના વીરોને જો યુવકોની દષ્ટિએ જોઈએ તો પ્રતીત થાય છે કે ભારતીય વીરોનો યુવાકાળ સમાપ્ત થઈ ચૂકયો હતો. મહાભારતમાં પ્રધાન વીરોની આયુ અધિક છે. અર્જુન, ભીમ, કર્ણ, દુર્યોધન ઈત્યાદિ વીરોની આયુ અધિક હતી. એમની અપેક્ષાએ ભીમ દ્રોણ તો વૃદ્ધ જ હતા. આમ છતાં અભિમન્યુ, ઘટોત્કચ વગેરે જેવા યુવાનો હતા.

વીર યુગીન મહાકાવ્યમાંથી વિદિત થાય છે કે યુવા વીરોની મહત્ત્વાકાંક્ષા, અદમ્ય સાહસ અને શારીરિક પરાક્રમની પ્રખરતાથી પારસ્પરિક પ્રેમભાવ શિથિલ થઈ જાય છે.

આ રીતે મહાભારતમાં પાંડવ બન્ધુના પ્રેમ બંધન કારણવશાત્ શિથિલ થઈ જાય છે. પરંતુ બ્રાહ્મણ સૂતવર્ગના પ્રભાવથી આદર્શ ભ્રાતૃપ્રેમ ચિત્રિત કર્યો છે.

પાશ્ચાત્ય વિવેચકોની દષ્ટિએ તેમાં પાંડવો, કર્ણ, દુર્યોધન, ભીષ્મ, દ્રોણ, કૃષ્ણાદિ વીર યોદ્ધાઓનું ચરિત ગૂંથાયું છે માટે તેને વીરચરિત મહાકાવ્ય કહેવાય છે.

મહાભારત અંતર્ગત અનેક આખ્યાનો–ઉપાખ્યાનો, ઉપદેશાત્મક કથાઓ ઉમેરાતી ગઈ. એટલે કે કાલક્રમે તે મહાકાવ્યનો વિસ્તાર વધતો ગયો. આથી તેને વિકસનશીલ મહાકાવ્ય પણ કહેવામાં આવે છે.

## (૭) મહાભારતનો વર્ણ્ય વિષય

મહાભારતના ખંડોને પર્વ કહે છે. પર્વોની સંખ્યા ૧૮ છે. કેટલાક ૧૯ માં હરિવંશ પર્વને મહાભારતમાં સમાવે છે. તેને ખિલ પર્વ કહે છે. તેમાં વિષ્ણુપર્વ, શ્રીકૃષ્ણની બાળલીલા એવં કંસવધનું વર્ણન છે. આ ખિલ પર્વને ભવિષ્ય પર્વ પણ કહે છે, જે મહાન્ અદ્‌ભૂત છે. મહાત્મા શ્રી વેદ વ્યાસજીએ આ પ્રમાણે સો ઉપપર્વની રચના કરી છે.✓

મહાભારત તથા પુરાણકર્તા શ્રી વ્યાસજી ૧૮ સંખ્કયા વિશેષ પ્રિય હોય તેમ લાગે છે. કારણ કે મહાભારતનું પ્રથમ સંસ્કરણ 'જય' નામે પ્રસિદ્ધ થયું તે જય શબ્દ વર્ણ પ્રમાણે પ્રથમ **'अ'** વર્ણ અને અષ્ટમ **'ज'** વર્ણ તેમ મળી ૧ અને ૮–૧૮ થાય. તેથી અઢારનો અંક પ્રિય હોય તેમ લાગે છે.

જેમ કે, શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય–૧૮, પુરાણોની સંખ્યા ૧૮, મહાભારતનું યુદ્ધ ચાલ્યું. ૧૮ દિવસ, મહાભારતના યુદ્ધનું સૈન્ય ૧૮ અક્ષૌહિણી, તેના સેનાપતિ ૧૮, સ્થિતપ્રજ્ઞના લક્ષણો ૧૮, મહાભારતના યુદ્ધ પશ્ચાત્ ૧૮ મે વર્ષે ધૃતરાષ્ટ્રનો દેહાંત, ધૃતરાષ્ટ્રના દેહાંત પશ્ચાત્ ૧૮ વર્ષે યાદવાસ્થળી ઈત્યાદિ.

આ સર્વ બાબતને કારણે શ્રી વેદ વ્યાસજીને અઢારનો અંક પ્રિય હોય તેમ સૂચિત થાય છે.

મહાભારતના પર્વો, અવાન્તર પર્વો તથા તદ્ અંતર્ગત પ્રાપ્ત થતા અધ્યાયો વિષે વિગતે ચર્ચા કરીએ. શ્લોક સંખ્યા પણ સાથે દર્શાવી છે.

### (૧) આદિપર્વ :

આ પર્વમાં ૨૨૭ અધ્યાય અને ૮૮૮૪ શ્લોક છે તેમજ ઉપપર્વની સંખ્યા ૧૯ છે, [૫૮] જે આ પ્રમાણે છે –

૧) અનુક્રમણિકા પર્વ
૨) પર્વસંગ્રહ પર્વ
૩) પૌષ્ય પર્વ
૪) પૌલોમ પર્વ
૫) આસ્તિક પર્વ
૬) અંશાવતરણ પર્વ
૭) સમ્ભવ પર્વ
૮) જતુ પર્વ
૯) હિડિમ્બ વધ પર્વ
૧૦) બક વધ પર્વ

૧૧) ચૈત્રરથ પર્વ

૧૨) સ્વયંવર પર્વ

૧૩) વૈવાહિક પર્વ

૧૪) વિદુરાગમન રાજયલમ્ભ પર્વ

૧૫) અર્જુન વનવાસ પર્વ

૧૬) સુભદ્રાહરણ પર્વ

૧૭) હરણાહરણ પર્વ

૧૮) ખાંડવ દાહ પર્વ

૧૯) મય દર્શન પર્વ

અનુક્રમણિકા પર્વમાં ગ્રંથ માહાત્મ્ય છે.

પર્વ સંગ્રહપર્વમાં મહાભારતના વર્ણ્યવિષયનું વિવેચન છે.

પૌષ્ય પર્વમાં ઉત્તઙ્કના માહાત્મ્યનું વર્ણન છે.

પૌલોમ પર્વમાં ભૃગુવંશનું વિસ્તારપૂર્વક આલેખન છે.

આસ્તિક પર્વમાં નાગ તથા ગરુડ ઉત્પત્તિની કથા છે. ઉપરાંત ક્ષીરસાગર મંથન અને ઉચ્ચૈશ્રવા અશ્વના જન્મની કથા છે.

અંશાવતાર પર્વમાં દેવતાઓની કથા ઉપરાંત ઉપરિચર સત્યવતી એવં શ્રીકૃષ્ણ દ્વૈપાયન ઈત્યાદિ મહાભારતના પ્રમુખ પાત્રોના જન્મની કથા છે.

સંભવ પર્વમાં મરીચ વગેરે મહર્ષિઓ તથા અદિતિ વગેરે દક્ષપુત્રીઓના જન્મની કથાની છણાવટ છે. ઉપરાંત શકુન્તલા–દુષ્યન્તની કથા, યયાતિ કથા, શાંતનુના ગંગા સાથે વિવાહ, આઠમા વસુ ભીષ્મના જન્મનું વૃત્તાંત, મત્સ્યગંધા સત્યવતી સાથે રાજા શાંતનુના પુર્નવિવાહ, શ્રીવેદ વ્યાસજી વિચિત્રવીર્યની પત્નીઓ સાથે નિયોગ પદ્ધતિથી સંતાનોત્પત્તિ, ધૃતરાષ્ટ્ર, પાંડુ વિદુરનો જન્મ, પાંડુનું અકાળે નિધન ઈત્યાદિ કથા છે.

જતુગૃહ પર્વમાં પાંડવોની વારણાવત યાત્રા, વિદુરના હિતવચન અનુસાર સુરંગ ખોદાવી, પાંડવોનું બહાર નીકળી જવું ઈત્યાદિ કથા છે.

હિડિમ્બ વધ પર્વમાં પાંડવોના વનવાસ દ્વારા માર્ગમાં હિડિમ્બાસુરનો ભીમ દ્વારા વધ, તથા ઘટોત્કચના જન્મથી કથા છે.

બકવધ પર્વમાં એક ચક્રાનગરીમાં વ્યાસજીનું પાંડવો સાથે મિલન છે.

ચૈત્રરથ પર્વમાં દ્રોણ દ્વારા દ્રુપદનું અપમાનિત થવું, દ્રૌપદી પ્રાકટય, દ્રૌપદી સ્વયંવર, વિશ્વામિત્ર–વશિષ્ઠ વિરોધની કથા, ઔર્વઆખ્યાન ઈત્યાદિ કથા છે.

સ્વયંવર પર્વમાં દ્રૌપદીના પાંચ પાંડવો સાથે વિવાહનું વર્ણન છે.

વૈવાહિક પર્વમાં પાંડવોના દ્રૌપદી સાથે વિવાહ સમ્પન્ન, ભીષ્મ તથા વિદુરની સલાહથી પાંડવોને અર્ધુ રાજય સોંપવું. સુન્દ–ઉપસુન્દની કથા પણ પ્રસ્તુત પર્વમાં છે.

અર્જુન વનવાસપર્વમાં અર્જુન દ્વારા નિયમભંગ થતા અર્જુનને વનવાસ, તે દરમિયાન ઉલૂપી, ચિત્રાંગદા સાથે વિવાહ, શ્રીકૃષ્ણ સાથે મિલન તથા શ્રીકૃષ્ણ સાથે દ્વારકાગમનની કથા છે.

સુભદ્રાહરણ પર્વમાં અર્જુનની સુભદ્રા પ્રત્યે આસકિત તથા શ્રીકૃષ્ણના સંકેત દ્વારા સુભદ્રાહરણ અભિમન્યુ તથા દ્રોપદી પુત્રના જન્મ, સંસ્કાર અને શિક્ષાના પ્રસંગ છે.

ખાંડવદાહ પર્વમાં અગ્નિવેશમાં અર્જુન તથા શ્રીકૃષ્ણનું અગ્નિ સાથે મિલન, ખાંડવ દાહ પ્રસંગ, મય દાનવની શાપ મુકિત વગેરે કથા છે.

મયદર્શન પર્વમાં મય દાનવે પાંડવો માટે વિચિત્ર સભા નિર્માણનો પ્રારંભની કથા છે.

**(૨) સભા પર્વ :**

પ્રસ્તુત પર્વમાં ૭૮ અઘ્યાય છે. ૧૦ ઉપપર્વ અને ૨૫૧૧ શ્લોકોની સંખ્યા છે. [૫૯]

દસ ઉપપર્વો આ મુજબ છે.

૨૦) સભા ક્રિયા પર્વ

૨૧) લોકપાલ સભાખ્યાન પર્વ

૨૨) રાજસૂયારમ્ભ પર્વ

૨૩) જરાસંઘ વઘ પર્વ

૨૪) દિગ્વિજય પર્વ

૨૫) રાજસૂય પર્વ

૨૬) અર્ઘાભિહરણ પર્વ

૨૭) શિશુપાલવઘ પર્વ

૨૮) ઘૂત પર્વ

૨૯) અનુઘૂત પર્વ

આદિપર્વના મયદર્શન પર્વ પશ્ચાત્ સભાક્રિયા પર્વ આવે છે. શ્રીકૃષ્ણના આદેશાનુસાર મય દાનવ ખાંડવપ્રસ્થમાં એક અદ્‌ભુત સભાનું નિર્માણ કરે છે અને અર્જુનને શઙ્ખ તથા ગદા પ્રદાન કરે છે.

લોકપાલ સભાખ્યાન પર્વમાં નારદજીનું યુધિષ્ઠિરની સભામાં આગમન, નારદનો ઉપદેશ, રાજસૂય યજ્ઞના અનુષ્ઠાનનો પ્રારંભ ઈત્યાદિ કથા વર્ણવેલ છે.

પિતાનું મનોવાંછિત કર્મ કરવું તે પુત્રનો સનાતન ધર્મ છે. યુધિષ્ઠિરનો અન્ય પાંડવો સાથે રાજસૂય યજ્ઞનો પરામર્શ, સમગ્ર સૃષ્ટિનું આધિપત્ય મેળવવાની શ્રીકૃષ્ણની સલાહ, જરાસંધવધનો નિર્ણય ઈત્યાદિ વર્ણનો છે.

જરાસંધ વધ પર્વમાં ભીમ–જરાસંધનું યુદ્ધ કેદી રાજાઓની મુકિતની કથા છે.

દિગ્વિજય પર્વમાં પાંડવોના દિગ્વિજય પ્રસ્થાનની કથા છે.

રાજસૂય પર્વમાં શ્રીકૃષ્ણની આજ્ઞાથી યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞની દીક્ષા ગ્રહણ કરી.

અર્ઘાભિહરણ પર્વમાં ભીષ્મની સંમતિથી શ્રીકૃષ્ણની અગ્રપૂજા, શિશુપાલનો વિરોધ ઈત્યાદિ કથાનું વિસ્તૃત વર્ણન છે.

શિશુપાલ વધ પર્વમાં શિશુપાલ દ્વારા ભીષ્મની નિંદા, જેના કારણે ભીમનું ક્રોધિત થવું અંતે શ્રીકૃષ્ણએ સુદર્શન ચક્ર વડે શિશુપાલનો વધ કર્યો.

દ્યૂત પર્વમાંનો પ્રારંભ વ્યાસની ભવિષ્યવાણી દ્વારા થાય છે. દુર્યોધનનું ઈર્ષ્યાવશ યુધિષ્ઠિરને દ્યૂત માટે આમંત્રણ, યુધિષ્ઠિરની હાર, દ્રૌપદીને હોડમાં મૂકવી, દુર્યોધન તથા અન્ય કૌરવો દ્વારા દ્રૌપદીના ચીરહરણ, દ્રૌપદીની આક્રોશપૂર્ણ વાણી અને અંતમાં ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને ગુમાવેલું સર્વ પરત કરે છે.

અનુદ્યૂત પર્વમાં દુર્યોધનનું પુનઃ યુધિષ્ઠિરને દ્યૂતનું નિમંત્રણ, સર્વસ્વ હારી શરત પ્રમાણે બાર વર્ષ વનવાસ, તથા તેરમા વર્ષ અજ્ઞાતવાસનો સ્વીકાર, યુધિષ્ઠિરના વનગમન સાથે સભાપર્વ સમાપ્ત થાય છે.

**(૩) વનપર્વ :**

આ પર્વમાં ૨૬૯ અધ્યાય છે. ૧૧૬૬૪ શ્લોક અને ૨૨ ઉપપર્વ છે. [૬૦]

આ પર્વ દીર્ઘ પર્વમાંનું એક છે. તેના ઉપપર્વો વિશે જોઈએ તો –

૩૦) અરણ્ય પર્વ

૩૧) કિર્મીરવધ પર્વ

૩૨) અર્જુનાભિગમન પર્વ

૩૩) કૈરાત પર્વ

૩૪) ઈન્દ્રલોકાભિગમન પર્વ

૩૫) નલોપાખ્યાન પર્વ

૩૬) તીર્થયાત્રા પર્વ

૩૭)	જટાસુર વધ પર્વ

૩૮)	યજ્ઞયુદ્ધ પર્વ

૩૯)	નિવાતકવચ યુદ્ધ પર્વ

૪૦)	આજગર પર્વ

૪૧)	માર્કન્ડેય સમસ્યા પર્વ

૪૨)	દ્રૌપદી–સત્યભામા પર્વ

૪૩)	ઘોષયાત્રા પર્વ

૪૪)	મૃગસ્વપ્નોદ્ભવ પર્વ

૪૫)	વ્રીહિદ્રોણિક પર્વ

૪૬)	દ્રોપદીહરણ પર્વ

૪૭)	જયદ્રથ વિમોક્ષ પર્વ

૪૮)	રામોપાખ્યાન પર્વ

૪૯)	પતિવ્રતા માહાત્મ્ય પર્વ

૫૦)	કુંડલાહરણ પર્વ

૫૧)	આરણેય પર્વ

અરણ્ય પર્વમાં પાંડવો કુંતીને વિદુરગૃહે મૂકીને વનાભિગમન કરે છે. મહર્ષિ ધૌમ્યના ઉપદેશથી સૂર્ય ભગવાન્‌ની કૃપા તેમજ પાંડવોને અક્ષયપાત્રની પ્રાપ્તિ, વ્યાસજી દ્વારા કથિત સુરભિઆખ્યાન, મૈત્રેયના શાપ દ્વારા દુર્યોધનના શાપનો સંકેત, ઈત્યાદિ કથા આ પર્વમાં ઉલ્લેખાયેલ છે.

કિર્મીરવધ પર્વમાં ભીમસેન દ્વારા કિર્મીરવધની કથાનું આલેખન થયું છે.

અર્જુનાભિગમન પર્વમાં શ્રીકૃષ્ણની દ્વારકા પર શાલ્વનું આક્રમણ તથા પ્રદ્યુમ્ન દ્વારા તેના પ્રતિકારની કથા છે.

કૈરાતપર્વ અંતર્ગત અર્જુન એવં કિરાતવેષધારી શિવ સાથેના યુદ્ધનો પ્રસંગ છે. ઉપરાંત અર્જુનને દેવતાઓ દ્વારા દિવ્યાસ્ત્ર પ્રાપ્તિ તથા સ્વર્ગ પ્રસ્થાનની કથા છે.

ઈન્દ્રલોકાભિગમન પર્વમાં સ્વર્ગમાં અર્જુન દ્વારા સંગીત વિદ્યાનું જ્ઞાન તેમજ ઉર્વશી શાપની કથા છે.

નલોપાખ્યાન પર્વમાં નૈષધ નરેશ નલ એવં ભીમપુત્રી દમયંતીની કથાનો પ્રસંગ છે.

તીર્થયાત્રા પર્વમાં પાંડવોની સમસ્ત તીર્થયાત્રા સ્થાનોનું વર્ણન છે. તીર્થયાત્રા દરમિયાન ઋષ્યશૃંગ ઉપાખ્યાન, પરશુરામ ઉપાખ્યાન, ચ્યવનની કથા, જંતુ ઉપાખ્યાન, રાજા શિબિની દાનશીલતાનો પ્રસંગ, યવક્રીત પતનની કથા છે.

જટાસુર વધ પર્વ અંતર્ગત જટાસુર દ્વારા દ્રૌપદી સહિત યુધિષ્ઠિર, નકુલ તથા સહદેવ હરણની કથા તથા ભીમ દ્વારા જટાસુરનો વધ આદિ પ્રસંગોનું વર્ણન છે.

યક્ષ યુદ્ધ પર્વમાં પાંચાલીના આગ્રહવશ ગંધમાદન પર્વત પર પ્રયાણની કથા છે.

નિવાત કવચ યુદ્ધ પર્વમાં અર્જુન દ્વારા તપસ્યા વૃત્તાંત તથા પ્રાપ્ત દિવ્યાસ્ત્રોના પ્રદર્શનની કથા છે.

આજગર પર્વમાં સર્પરૂપધારી નહુષે ભીમને બંધનમાં લીધો. યુધિષ્ઠિરે અજગર વેષધારી નહુષના પ્રશ્નોના ઉત્તર આપી ભીમને બંધન મુકત કર્યો.

માર્કંડેય સમસ્યા પર્વ અંતર્ગત પાંડવોના કામ્યક વનમાં પ્રવેશની કથા છે. પતિવ્રતા સ્ત્રી, ધર્મવ્યાધ ઉપાખ્યાન દ્વારા ધર્મ સંબંધી તથ્યો ઉજાગર થાય છે. દ્રોપદી સત્યભામા સંવાદ પણ આ પર્વ અંતર્ગત છે.

ઘોષયાત્રા પર્વમાં અર્જુન દ્વારા પરાસ્ત ગંધર્વ દુર્યોધનને મુકત કરે છે, તે કથા છે.

મૃગસ્વપ્નોદ્‌ભવ પર્વમાં મૃગની પ્રાર્થના દ્વારા પાંડવોના કામ્યક વનમાં પ્રવેશની કથા છે.

વ્રીહિ દ્રોણિક પર્વમાં દુર્વાસા દ્વારા મુનિ મુદ્‌ગલના દાનધર્મ એવં દેવદૂત દ્વારા સ્વર્ગના ગુણદોષ જાણીને સ્વર્ગમાં ન જવાની કથા છે.

દ્રૌપદીહરણ પર્વ અંતર્ગત જયદ્રથ દ્વારા દ્રૌપદીહરણ તથા જયદ્રયનું પાંડવો દ્વારા પરાજીત અને અપમાનિત થવાની કથા છે.

જયદ્રથવિમોક્ષ પર્વમાં અપમાનિત જયદ્રય દ્વારા શિવની ઉપાસના તથા અસ્ત્ર પ્રાપ્તિની કથા છે.

રામોપાખ્યાન પર્વમાં પુરુષોત્તમ શ્રીરામની કથા છે.

પતિવ્રતા માહાત્મ્ય પર્વમાં અશ્વપતિની પુત્રી સાવિત્રી તથા ધુમત્સેનના પુત્ર સત્યવાન્‌ના પાવન પ્રેમની કથા છે.

કુંડલાહરણ પર્વમાં કર્ણના કવચ–કુંડળ દાન લેવા ઈન્દ્રનું આગમન, ઈન્દ્ર દ્વારા અમોઘ શકિતનું પ્રદાન એવં કર્ણ જન્મની કથા છે.

આરણેય પર્વમાં યક્ષ દ્વારા પૂછાયેલ પ્રશ્નના યુધિષ્ઠિરે આપેલ ઉત્તરની કથા તેમજ પાંડવોનું જીવિત થવું, એક વર્ષ અજ્ઞાતવાસ કેવી રીતે પસાર કરવો તેની મંત્રણાની છણાવટ છે.

## (૪) વિરાટપર્વ :

ઉપર્યુકત પર્વમાં ૬૭ અધ્યાય ૨૦૫૦ શ્લોકો અને ૫ અનુપર્વો છે. [61] તે પર્વો આ પ્રમાણે છે –

૫૨) પાંડવ પ્રવેશ પર્વ

૫૩) સમય પાલન પર્વ

૫૪) કીચક વધ પર્વ

૫૫)  ગોહરણ પર્વ

૫૬)  વૈવાહિક પર્વ

પાંડવ પ્રવેશ પર્વમાં અજ્ઞાતવાસ પસાર કરવા પાંડવોનો વિરાટનગરીમાં પ્રવેશ તથા શમીવૃક્ષ પર અસ્ત્ર–શસ્ત્ર છુપાવવા, ગુપ્તવેષે પાંડવોનું વિરાટ રાજાના રાજયમાં પ્રવેશ ઈત્યાદિ કથા છે.

સમય પાલન પર્વમાં ભીમસેન દ્વારા જીમુત મલ્લના વધનો પ્રસંગ છે.

કીચકવધ પર્વમાં ભીમ દ્વારા રાજા વિરાટના સાળા કીચકના વધની કથા છે.

ગોહરણ પર્વ અંતર્ગત કીચક વધ દ્વારા પાંડવોના અજ્ઞાતવાસની શોધ, કૌરવો દ્વારા વિરાટરાજાની ગૌ હરણ, અર્જુન–ઉત્તરકુમારના વિજયની કથા છે.

વૈવાહિક પર્વમાં વિરાટને પાંડવોનો પરિચય, અર્જુન સાથે ઉત્તરાના વિવાહનો પ્રસ્તાવ, અર્જુન ઉત્તરાના વિવાહ અભિમન્યુ સાથે કરવાનું કહે છે.

**(૫) ઉદ્યોગપર્વ :**

આ અધ્યાય અંતર્ગત ૧૮૬ અધ્યાય, ૬૬૯૮ શ્લોક અને ૮ ઉપપર્વો છે. [૬૨] તે આ મુજબ છે –

૫૭)  સેનોદ્યોગ પર્વ

૫૮)  સંજયયાન પર્વ

૫૯)  પ્રજાગર પર્વ

૬૦)  સનત્સુજાત પર્વ

૬૧)  યાન સંધિ પર્વ

૬૨)  ભગવદ્યાન પર્વ

૬૩)  સૈન્ય નિર્માણ પર્વ

૬૪)  ઉલૂક દૂતાગમન પર્વ

૬૫)  રથાતિરથ સંખ્યા પર્વ

૬૬)  અમ્બોપાખ્યાન પર્વ

સેનોદ્યોગ પર્વ અંતર્ગત રાજા વિરાટની સભામાં યદુકુળવંશી બલરામ, કૃષ્ણ તથા સાત્યકી એવં પાંચાલ નરેશ દ્રુપદનું આગમન, શ્રીકૃષ્ણ દ્વારા કૌરવો–પાંડવો બંને પક્ષે યુદ્ધની સહાયતા માટે આશ્વાસન, ઈન્દ્ર દ્વારા ત્રિશિરાવધ, વૃત્રાસુર ઉત્પત્તિ એવં તેના વિનાશનું વર્ણન છે.

સંજય યાન પર્વમાં દ્રુપદના પુરોહિત દ્વારા કૌરવોને શાંતિપૂર્ણ ઈન્દ્રપ્રસ્થ આગમનનો આગ્રહ, સંજયને પાંડવો પાસે શાંતિ પ્રસ્તાવ માટે મોકલવા ઈત્યાદિ પ્રસંગોનું વર્ણન છે.

પ્રજાગર પર્વમાં વિદુર દ્વારા ધૃતરાષ્ટ્રને અપાયેલ ધર્મોપદેશની ચર્ચા છે.

સનત્સુજાત પર્વ અંતર્ગત વિદુરના આગ્રહવશ સનત્સુજાત દ્વારા ધૃતરાષ્ટ્રને ધર્મોપદેશનું વર્ણન છે.

યાન સંધિ પર્વમાં સંજય દ્વારા શ્રીકૃષ્ણએ આપેલ પ્રત્યુત્તર, ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુર આદિ દ્વારા યુધિષ્ઠિરના પ્રસ્તાવને સંમતિ તથા દુર્યોધન, કર્ણ, શકુનિ દ્વારા તેના ખંડનનો પ્રસંગ ઈત્યાદિ પ્રસંગો છે.

ભગવદ્યાન પર્વમાં શ્રીકૃષ્ણનું શાંતિદૂત બની હસ્તિનાપુર ગમન, દમ્ભોદ્ભવની કથા, માતલિ દ્વારા કન્યા માટે ઉત્તમ વરની શોધ, ગાલવ ચરિત્ર, વિદુલા ઉપાખ્યાન વગેરે કથાઓ છે. કૃષ્ણનું ધૃતરાષ્ટ્ર સભામાં વિરાટદર્શન પ્રસંગ આ પર્વ અંતર્ગત છે.

સૈન્ય નિર્માણ પર્વમાં પાંડવો દ્વારા સેનાપતિની નિયુક્તિ પ્રસંગ છે.

ઉલૂકદૂતાગમન પર્વમાં શકુનિ પુત્ર ઉલૂક દ્વારા દુર્યોધને પાંડવોને અપમાનિત કરવા સંદેશ મોકલ્યો તથા પાંડવોના યુદ્ધક્ષેત્રમાં પ્રસ્થાનની કથા છે.

રથાતિરથ સંખ્યાન પર્વમાં દુર્યોધનને ભીષ્મ પાંડવ પક્ષના રથી અતિરથીઓનો પરિચય આપે છે. અને સંકલ્પ કરે છે કે પાંડવો તથા શીખંડીનો વધ નહીં કરે.

અમ્બોપાખ્યાન પર્વમાં અંબાનું જીવનચરિત્રનું વર્ણન છે. ભીષ્મ–પરશુરામ યુદ્ધ, અંબાનું પુર્નજન્મમાં શીખંડી બનવું અને શીખંડીનો વધ ન કરવા ભીષ્મ પ્રતિજ્ઞા ઈત્યાદિ પ્રસંગો છે.

### (૬) ભીષ્મ પર્વ :

ભીષ્મ પર્વ અંતગર્ત ૧૧૭ અધ્યાય, ૫૮૮૪ શ્લોક અને ૪ ઉપપર્વ છે. [૬૩] અન્ય ઉપપર્વોના નામ નીચે પ્રમાણે છે.

૬૭) જમ્બુખંડ વિનિર્માણ પર્વ

૬૮) ભૂમિ પર્વ

૬૯) શ્રીમદ્ ભગવદ્ ગીતા પર્વ

૭૦) ભીષ્મ વધ પર્વ

જમ્બૂ ખંડ વિનિર્માણ પર્વમાં બન્ને પક્ષો સંબંધી યુદ્ધ નિયમોનું વિવેચન છે. સંજયને વ્યાસ દ્વારા યુદ્ધ દર્શન માટે દિવ્ય દષ્ટિની પ્રાપ્તિ ઈત્યાદિ કથા છે.

ભૂમિપર્વ અંતર્ગત શાકદ્વીપ, કુશ, ક્રૌંચ, પુષ્કર ઈત્યાદિ દ્વીપોનું વર્ણન છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા પર્વમાં યુદ્ધમાં શત્રુપક્ષમાં સ્વજનો જોઈને અર્જુનનું મોહવશ અસ્ત્ર મૂકી યુદ્ધ ન કરવાની તૈયારી, આ સંદર્ભે શ્રીકૃષ્ણનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ આ કથા છે.

ભીષ્મવધ પર્વમાં અર્જુન મોહમુકત થઈ ભીષ્મ, દ્રોણ, કૃપ તથા શલ્યની સંમતિથી યુદ્ધ માટે તૈયારી, અર્જુન શીખંડીને સામે કરી ભીષ્મ પર બાણવર્ષા કરી અને ભીષ્મનું શરશય્યા પર શયન, આ કથાનું વર્ણન છે.

**(૭) દ્રોણપર્વ :**

આ પર્વ અંતર્ગત ૧૭૦ અધ્યાય, ૮ ઉપપર્વો અને ૮૯૦૯ શ્લોકો છે. [૬૪] આ ઉપપર્વો નિમ્નલિખિત છે –

(૭૧) દ્રોણાભિષેક પર્વ

(૭૨) સંશતક વધ પર્વ

(૭૩) અભિમન્યુ વધ પર્વ

(૭૪) પ્રતિજ્ઞા પર્વ

(૭૫) જયદ્રથવધ પર્વ

(૭૬) ઘટોત્કચ વધ પર્વ

(૭૭) દ્રોણવધ પર્વ

(૭૮) નારાયણાસ્ત્રમોક્ષ પર્વ

દ્રોણાભિષેક વધ પર્વ અંતર્ગત ભીષ્મના શરશયન પશ્વાત્ કૌરવનું યુદ્ધ ભૂમિ પર પ્રસ્થાનથી કૌરવ સેના ઉત્સાહિત થઈ. કર્ણ દ્વારા દ્રોણાચાર્યને સેનાપતિત્વ પ્રદાન કરવાનો પ્રસ્તાવ અને સંમતિ વગેરે વર્ણનો છે.

સંશતક વધ પર્વમાં અર્જુન દ્વારા ભગદત્, વૃષક એવં અચલ વધ, શકુનીની માયા તેમજ તેમનો પરાજય, અશ્વત્થામા દ્વારા રાજા નીલનો વધ ઈત્યાદિ વર્ણનો છે.

અભિમન્યુ વધ પર્વ અંતર્ગત અભિમન્યુ દ્વારા અશ્મક પુત્ર શલ્યના ભાઈનો વધ, સત્યશ્રવા ક્ષત્રિય સમૂહ, રુકમરથ વગેરે વીરોનો વધ, તથા શોર્ય પ્રદર્શન ઉપરાંત છ મહારથીઓ દ્વારા અસ્ત્ર–શસ્ત્રહીન અભિમન્યુનો છળપૂર્વક વધવર્ણન છે.

પ્રતિજ્ઞાવધ પર્વમાં જયદ્રથવધ પર્વમાં અભિમન્યુના મૃત્યુના શોકમાં ગ્રસ્ત અર્જુનની પ્રતિજ્ઞાની કથા છે. અર્જુન દ્વારા શ્રુતાયુ, અશ્યુતાયુ, નિયતાયુ, દીર્ઘાયુ, મ્લેચ્છ, સૈનિક એવં અમ્બષ્ઠ વગેરેનો વધ તથા જયદ્રથ વધનું વર્ણન છે.

ઘટોત્કચ વધ પર્વમાં દ્રોણાચાર્ય દ્વારા શિવિ વધ, ભીમસેન દ્વારા કલિંગ રાજકુમાર વધ, અશ્વત્થામા દ્વારા દ્રુપદ પુત્રનો વધ તેમજ અનેક વીરોનો સંહાર નિરુપ્યો છે.

દ્રોણવધ પર્વ દ્વારા દ્રુપદના પૌત્રો, વિરાટ વધ, દ્રોણનો શસ્ત્ર ત્યાગ વગેરે વર્ણનો છે.

નારાયણાસ્ત્ર મોક્ષપર્વમાં દ્રોણવધને કારણે કૌરવ સૈન્યમાં અંધાધૂંધી તથા અશ્વત્થામા દ્વારા સમાચાર જાણીને નારાયણાસ્ત્ર પ્રાકટ્ય તથા તેમનો પ્રયોગ ઈત્યાદિ પ્રસંગો છે.

### (૮) કર્ણપર્વ :

આ પર્વ અંતર્ગત ૬૯ અધ્યાય અને ૪૯૬૪ શ્લોકો છે. તેમજ ઉપપર્વ માત્ર એક જ છે. [૬૫] તે આ પ્રમાણે છે –

(૭૯) કર્ણપર્વ

કર્ણપર્વ અંતર્ગત બુદ્ધિમાન મહારાજ શલ્યને કર્ણના સારથિ બનાવ્યા તદ્‌પશ્વાત્ પુરાણ પ્રસિધ્ધ ત્રિપુરવધની કથા છે. કર્ણ–શલ્યના સંવાદ અંતર્ગત હંસ–કાગડાનું ઉપાખ્યાન છે.

આ પર્વ અંતર્ગત ભીમસેન પ્રતિજ્ઞાનુસાર દુઃશાસનનું વક્ષસ્થળ છેદીને રકતપાન કરે છે.

### (૯) શલ્ય પર્વ :

આ પર્વમાં ૫૯ અધ્યાય અને ૩૨૨૦ શ્લોકોની રચના વ્યાસજીએ કરી છે.[૬૬] અનુપર્વોની સંખ્યા ત્રણ છે –

(૮૦) શલ્યવધ પર્વ

(૮૧) હૃદય પ્રવેશ પર્વ

(૮૨) ગદાપર્વ

શલ્યવધ પર્વ અંતર્ગત કૌરવ સેનાના મુખ્ય સેનાપતિના મૃત્યુ પશ્વાત્ શલ્યરાજ સેનાપતિ બન્યા.

હૃદયપ્રવેશ પર્વમાં કૌરવ સેના સંહાર તથા દુર્યોધનનું સરોવરમાં છૂપાવાની કથા છે.

ગદાપર્વ અંતર્ગત યુધિષ્ઠિર વગેરે સરોવર પાસે જઈને દુર્યોધન સમક્ષ યુદ્ધનું આહ્‌વાન. દુર્યોધન–ભીમ યુદ્ધ, દુર્યોધનનું મૃત્યુ, અનૈતિક યુદ્ધ પદ્ધતિથી બલરામનું ક્રોધિત થવું. શ્રીકૃષ્ણનું ગાંધારીને આશ્વાસન. અશ્વત્થામાની પ્રતિજ્ઞા એવં સેનાપતિ પદ ગ્રહણ ઈત્યાદિ પ્રસંગો છે.

### (૧૦) સૌપ્તિક પર્વ :

પ્રસ્તુત પર્વમાં ૧૮ અધ્યાય અને ૮૭૦ શ્લોકો છે. [૬૭] અવાંતર પર્વો બે છે.

(૮૩) સૌપ્તિક પર્વ

(૮૪) ઐષિક પર્વ

સૌપ્તિક પર્વમાં નિંદ્રાધીન પાંડવ પક્ષીય સેના પર અશ્વત્થામાનું આક્રમણ, પાંડવ સેનાના મૃત્યુના સમાચારથી દુર્યોધનનો પ્રસન્નતાપૂર્વક પ્રાણ ત્યાગ આદિ કથા આ પર્વમાં છે.

ઐષિક પર્વમાં પાંચાલ વીરોનો સંહાર સાંભળી યુધિષ્ઠિરનો વિલાપ, ભીમસેનનું અશ્વત્થામા વધ માટે પ્રયાણ, અશ્વત્થામાનું મણિવંચિત થઈ ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર પ્રક્ષેપણ, ઈત્યાદિ કથા વિશેષ છે.

### (૧૧) સ્ત્રી પર્વ :

આ પર્વ અંતર્ગત ૨૭ અધ્યાય છે, જે ત્રણ અવાંતર પર્વમાં વિભાજિત છે. તથા ૭૭૫ શ્લોકો છે. [૬૮] તે અવાંતર પર્વો આ પ્રમાણે છે –

(૮૫) જલપ્રદાનિક પર્વ

(૮૬) સ્ત્રીવિલાપ પર્વ

(૮૭) શ્રાદ્ધ પર્વ

જલપ્રદાનિક પર્વમાં વિદુર દ્વારા પુત્ર વિયોગમાંથી વ્યથિત ધૃતરાષ્ટ્રની સમજૂતી છે.

સ્ત્રી વિલાપ પર્વમાં વ્યાસ દ્વારા પ્રદત્ત દિવ્યશકિતથી ગાંધારી ઉભયપક્ષી સેનામાં થયેલ સંહાર જોઈને વીર પત્નીઓનો વિલાપ, ગાંધારીનો શ્રીકૃષ્ણને શાપ ઈત્યાદિ વર્ણન છે.

### (૧૨) શાન્તિપર્વ :

શાન્તિપર્વમાં અધ્યાયોની સંખ્યા ૩૩૯ છે. જેમાં ૧૪૭૩૨ શ્લોક છે. [૬૯] અનુપર્વોની સંખ્યા ત્રણ છે.

(૮૮) રાજધર્માનુશાસન પર્વ

(૮૯) આપદ્ધર્મ પર્વ

(૯૦) મોક્ષધર્મ પર્વ

રાજધર્માનુશાસન પર્વમાં યુદ્ધમાં થયેલ ભીષણ સંહારને કારણે યુધિષ્ઠિરનો સંન્યાસી બનવાનો આગ્રહ, વ્યાસજીનો યુધિષ્ઠિરને ઉપદેશ, મૃત્યુ શય્યા પર પડેલ ભીષ્મનો યુધિષ્ઠિરને ઉપદેશ ઈત્યાદિ કથા છે.

આપદ્ધર્મ પર્વમાં આપત્તિગ્રસ્ત રાજાના કર્તવ્યનું વર્ણન છે. શત્રુઓ દ્વારા આવૃત્ત રાજાના કર્તવ્યના વિષયમાં બિલાડી અને ઊંદરનું આખ્યાન, ગીધ–શિયાળની કથા, શરણાગતની રક્ષા કાજે કબૂતર યુગલ સંવાદ, આવી અનેક ઉપદેશાત્મક કથાઓનું નિરુપણ છે.

મોક્ષધર્મ પર્વમાં પ્રહલાદ–અવધૂત સંવાદ, જાજલિ આખ્યાન, રાજા વિચખ્નુની કથા, મહર્ષિ ગૌતમ તથા ચિરકારી ઉપાખ્યાન, નર–નારાયણની કથા સંકલિત છે.

### (૧૩) અનુશાસન પર્વ :

આ પર્વ અંતર્ગત ૧૪૬ અધ્યાય છે અને શ્લોકોની સંખ્યા ૮૦૦૦ છે. [૭૦] ઉપપર્વો બે છે, જે નીચે પ્રમાણે છે –

(૯૧) દાનધર્મ પર્વ

(૯૨) ભીષ્મસ્વર્ગારોહણ પર્વ

દાનધર્મ પર્વમાં ભીષ્મ દ્વારા યુધિષ્ઠિરને સાંત્વના માટે ગૌતમી, બ્રાહ્મણી, વ્યાઘ, સર્પ, મૃત્યુ આદિના સંવાદો છે. તે ઉપરાંત વિશ્વામિત્રને બ્રાહ્મણત્વ લાભની કથા, ભંગાસ્વનનું ઉપાખ્યાન, ચ્યવનની કથા, નચિકેતાની કથા ઈત્યાદિ કથાઓ છે.

ભીષ્મ સ્વર્ગરોહણ પર્વમાં યુધિષ્ઠિરને કર્તવ્યનો ઉપદેશ આપી શ્રીકૃષ્ણ પાસે દેહત્યાગની અનુમતિ લઈને પ્રાણત્યાગ કરે છે અને ગંગા સાક્ષાત્ પ્રકટ થઈને પુત્ર શોક કરે છે.

## (૧૪) આશ્વમેધિક પર્વ :

આ પર્વ અંતર્ગત ૧૦૩ અધ્યાય છે જેમાં ૩૩૨૦ શ્લોક સંકલિત છે. [૭૧] ત્રણ અવાંતર પર્વો છે. જે આ પ્રમાણે છે –

(૯૩) અશ્વમેધ પર્વ

(૯૪) અનુગીતા પર્વ

(૯૫) વૈષ્ણવધર્મ પર્વ

અશ્વમેધ પર્વમાં શ્રીકૃષ્ણ એવં વ્યાસજીની આજ્ઞાથી યુધિષ્ઠિર અશ્વમેધ યજ્ઞનું અનુષ્ઠાન કરે છે. યજ્ઞ માટે ધનપ્રાપ્તિના ઉપાયમાં વ્યાસજી સંવર્ત એવં મરૂત પ્રસંગ વર્ણવે છે.

અનુગીતા પર્વમાં શ્રીકૃષ્ણ સમસ્ત વિશ્વનું જ્ઞાન અર્જુનને કહે છે ઉત્તઙ્ક મુનિનું આખ્યાન આ પર્વ અંતર્ગત છે. આ ઉપરાંત ઉત્તરાનો મૃત બાળકને જન્મ, શ્રીકૃષ્ણ દ્વારા મૃત બાળકને સજીવન કરવો, અશ્વમેધ યજ્ઞ, યજ્ઞમાં હિંસાત્મક બલિની નિંદા ઈત્યાદિ વર્ણનો છે.

વૈષ્ણવધર્મ પર્વમાં શ્રીકૃષ્ણ દ્વારા યજ્ઞ એવં દાનની મહત્તા પ્રતિપાદિત કરી છે તદ્–પશ્વાત્ શ્રીકૃષ્ણનું દ્વારકા ગમન નિરુપ્યું છે.

## (૧૫) આશ્રમવાસિક પર્વ :

ત્રણ અનુપર્વમાં વિભકત આશ્રમવાસિક પર્વ ૪૨ અધ્યાયમાં સંકલિત છે. જેમાં ૧૫૦૬ શ્લોક છે. [૭૨] અનુપર્વો નીચે પ્રમાણે છે –

(૯૬) આશ્રમવાસિક પર્વ

(૯૭) પુત્રદર્શન પર્વ

(૯૮) નારદાગમન પર્વ

આશ્રમવાસિક પર્વમાં પાંડવોના વ્યવહારથી સંતુષ્ટ ધૃતરાષ્ટ્ર એવં ગાંધારી ધર્માનુસાર વાનપ્રસ્થાશ્રમમાં પ્રસ્થાન કરવાનો નિશ્ચય કરે છે. ધૃતરાષ્ટ્રનો યુધિષ્ઠિરને રાજનીતિ સંબંધી ઉપદેશ, વિદુર દ્વારા કૌરવોનું શ્રાદ્ધકર્મ, વ્યાસજી દ્વારા યુધિષ્ઠિરને ધર્મનું તત્ત્વજ્ઞાન અપાયું છે.

પુત્રદર્શન પર્વમાં ધૃતરાષ્ટ્રના કહેવાથી વ્યાસ ગંગાકિનારે હણાયેલા સર્વજનોને જલથી પ્રકટ કરે છે. યુધિષ્ઠિર ઈત્યાદિનું હસ્તિનાપુરમાં પુનરાગમન આદિ વર્ણવેલ છે.

નારદાગમન પર્વમાં ધૃતરાષ્ટ્ર વગેરે દાવાનળમાં દગ્ધ થયાની યુધિષ્ઠિરને સૂચના મળે છે. કુંતીના મૃત્યુ પર પાંડવોનો શોક, શ્રાદ્ધકર્મ પશ્ચાત્ ગંગામાં અસ્થિ વિસર્જન વગેરે કથા છે.

## (૧૬) મૌસલ પર્વ :

મૌસલ પર્વમાં મહર્ષિ વ્યાસે ૩૨૦ શ્લોકો ૮ અધ્યાયમાં વિભકત કર્યા છે. [૭૩] અહીં માત્ર એકજ ઉપપર્વ છે.

(૯૯) મૌસલ પર્વ

મૌસલપર્વમાં યાદવોના વિનાશની કથા છે. ઋષિના શાપ અનુસાર સામ્બના ઉદરમાંથી મૂસલની ઉત્પત્તિ, યાદવો વચ્ચે ભયંકર સંહાર. અર્જુનનું દ્વારકા ગમન, શ્રીકૃષ્ણ–બલરામનું પરમધામ ગમન અને દ્વારકાનું સમુદ્રમાં સમાપન વગેરે પ્રસંગો છે.

## (૧૭) મહાપ્રસ્થાનિક પર્વ :

આ પર્વમાં વ્યાસજીએ ૩ અધ્યાય અને ૧૨૩ શ્લોકો કહ્યા છે. [૭૪] ઉપપર્વ માત્ર એક જ છે.

(૧૦૦) મહાપ્રસ્થાનિક પર્વ

આ પર્વ સૌથી લઘુ પર્વ છે. તેમાં દ્રૌપદી સહિત પાંડવોના મહાપ્રસ્થાનની કથા છે. યદુવંશીઓના શ્રાદ્ધ તર્પણ કરીને પાંડવો દ્રૌપદી સહિત પ્રજાજનોની આજ્ઞા લઈને મહાપ્રસ્થાન કરે છે માર્ગમાં ભીમ, અર્જુન, નકુલ, સહદેવ તથા દ્રૌપદી પડી જાય છે. પરંતુ યુધિષ્ઠિર સદેહે સ્વર્ગારોહણ કરે છે.

## (૧૮) સ્વર્ગારોહણ પર્વ :

૨૦૯ શ્લોકવાળા સ્વર્ગારોહણપર્વમાં ૫ અધ્યાય છે. [૭૫] માત્ર એક જ ઉપપર્વ સમાવિષ્ટ છે –

(૧૦૧) સ્વર્ગારોહણ પર્વ

સ્વર્ગારોહણ પર્વમાં દેવદૂત યુધિષ્ઠિરને નરકનું દર્શન કરાવે છે. પોતાના મૃતજનોનું આક્રંદ સાંભળીને યુધિષ્ઠિર નરકમાં રહેવાનો નિર્ણય કરે છે. ઈન્દ્ર અને ધર્મ દ્વારા શાંત કરાયેલા યુધિષ્ઠિર દેહ ત્યાગીને દિવ્યલોકમાં જાય છે ત્યાં શ્રીકૃષ્ણ, બલરામ, અર્જુન, ભીષ્મ, વગેરે વીરોના મૂળ સ્વરૂપમાં દર્શન કરે છે. આ પર્વમાં જ મહાભારતનો ઉપસંહાર સંકલિત છે.

મહાભારતની બે વાચના ઉપલબ્ધ છે. એક ઉત્તરીય અને બીજી દાક્ષિણાત્ય ઉત્તરીય પાઠની શ્લોક સંખ્યા ૮૬,૬૦૦ છે. દાક્ષિણાત્ય પાઠની શ્લોક સંખ્યા ૬૫૮૪, **उवाच** શ્લોક ૭૦૩૩ છે.

આમ તો મહાભારતને શતસાહસ્રી કહેવાય છે. સૌતિના કથન મુજબ ''પુણ્યકર્મા મનુષ્યોના ઉપાખ્યાનો સહિત એક લાખ શ્લોકવાળો મહાભારત ઉત્તમગ્રંથ છે.'' [૭૬]

વાસ્તવમાં શ્લોકોની બૃહદ સંખ્યા દર્શાવવા માટે વપરાયેલ સામાન્ય શબ્દપ્રયોગ હશે, તેમ સમજાય છે. કારણકે અલગ–અલગ સંસ્કરણોમાં સંખ્યા ભિન્ન–ભિન્ન છે.

વર્તમાન મહાભારતના અનેક સંસ્કરણો ઉપલબ્ધ છે. તેમાં મદ્રાસનું દાક્ષિણાત્ય સંસ્કરણ, કુંભકોણમ્નું સંસ્કરણ, ચિત્રશાળા પ્રેસનું નીલકંઠની ટીકા સહિત સંસ્કરણ અનેક પાઠભેદ સહિત ભાંડારકર ઈન્સ્ટિટયૂટનું સંસ્કરણ, જે અત્યંત પ્રસિધ્ધ છે. ગીતાપ્રેસનું સંસ્કરણ ઉપર્યુકત સંસ્કરણોના આધારે જ તૈયાર થયું છે, જેમાં હરિવંશના શ્લોકો ન ઉમેરાતા હોવા છતાં શ્લોક સંખ્યા એક લાખ ઉપરની છે એ જ તેની ઉપલબ્ધિ છે.

## (૮) આખ્યાન–ઉપાખ્યાનની વિભાવના

આખ્યાન–ઉપાખ્યાનની વિભાવના સ્પષ્ટ કરીએ તે પૂર્વે આખ્યાનો–ઉપાખ્યાનો વિશે જાણીએ તો✓

મહાભારત એક ઈતિહાસ, એક આર્ષ કાવ્ય અને એક વીરકાવ્ય છે તેની પ્રતીતિ આપણને તેના આખ્યાનો ઉપાખ્યાનોમાં જોવા મળે છે. કારણકે કોઈ આખ્યાન ઐતિહાસિક બાબત ઉજાગર કરે છે, કોઈ આખ્યાન ચરિત્રના ગુણોનું વર્ણન કરે છે. મહાભારતકારને જે કંઈ બોધ ઉપદેશ આપવો છે તે મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા આપે છે. વ્યાસ મહાભારતના વર્ણ્ય વિષયને અસરકારક બનાવવા આખ્યાનો–ઉપાખ્યાનોનો સહારો લે છે.

મહાભારત કાળમાં આ આખ્યાનો–ઉપાખ્યાનોની ઉપાદેયતા હતી તેટલી સાંપ્રત સમયમાં પણ છે. આજે પાંચ હજાર વર્ષ પૂર્વે બનેલ ઘટનામાંથી પણ મનુષ્ય પ્રેરણા લઈને નવીન આદર્શને અપનાવે છે.

વૈશ્વિક સમસ્યાના નિવારણ માટે આખ્યાન–ઉપાખ્યાન અતિ આવશ્યક છે. આજે સમાજમાં આતંકવાદ, ભ્રષ્ટાચાર નૈતિક મૂલ્યોનું અધઃપતન, કાયરતા, પ્રદેશવાદ, સાંપ્રદાયિકવાડા, દેશદ્રોહ ઈત્યાદિ પ્રશ્નો ઉપસ્થિત છે તેના નિવારણ માટે આખ્યાનો–ઉપાખ્યાનોની આવશ્યકતા છે.

મહાભારત આખ્યાનો–ઉપાખ્યાનોનો નિધિ છે. આદિપર્વથી લઈ મહાભારતકારને જે કંઈ અભિપ્રેત છે તે તેમણે બોધ–ઉપદેશ કથાઓ દ્વારા કહ્યું છે. આવી બોધ કથાઓને આખ્યાન–ઉપાખ્યાન તરીકે ઓળખવામાં આવે છે. પોતાના સંદેશને અસરકારક રીતે પ્રયોજવા માટે મહાભારતકારે આખ્યાનો–ઉપાખ્યાનોનો સહારો લીધો છે. મહાભારતમાં પ્રત્યક્ષ કથાનું પ્રમાણ પરોક્ષ કથાની અપેક્ષાએ અલ્પ છે.

પ્રત્યક્ષ કથા તે આખ્યાન –

**આખ્યાન શબ્દની વ્યુત્પત્તિ :**

આખ્યાન શબ્દ **आ + ख्यै (ख्या)** ધાતુ પરથી આવેલો છે. **आख्यायते अनेन इत्याख्यानम् ।**

**'ख्या'** નો અર્થ છે, 'પ્રકટ કરવું' તેને **'आ'** જોડવાથી સારી રીતે પ્રકટ કરવું તેવો અર્થ થાય.

'આખ્યાન' શબ્દનો અર્થ થાય. કોઈ પૂર્વ જ્ઞાત ઘટનાને સમજાવવાની ક્રિયા.

'આખ્યાન' એટલે માંડીને કથા કહેવી તે.

'આખ્યાન' શબ્દની વ્યાખ્યા ભોજના 'શૃંગાર પ્રકાશ'માં આ પ્રમાણે મળે છે –

**आख्यानसंज्ञा तल्ल्भते यद्यथिनयन पठन गायन ।**

**ग्रान्थिकः त्त्कः कथयति गोविन्दवहिते सवसि ॥**

અર્થાત્ જેને એક જ કથા વાંચનાર અભિનય કરીને પાઠ કરીને અને ગાઈને એકત્રિત થયેલા શ્રોતાઓને સંભળાવે છે, તે આખ્યાન કહેવાય.

સાહિત્યદર્પણકાર શ્રી વિશ્વનાથે આખ્યાનની વ્યાખ્યા આપતા કહ્યું છે. **आख्यानं पूर्ववृत्तांतोक्तिः।** અર્થાત્ પૂર્વે બની ગયેલા બનાવનું કથન તે આખ્યાન.

મુનિશ્રી હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'માં

**आख्यानक संज्ञा तल्लभते यद्यभिनयन् पठन् गायन्।**

**प्रबन्धमध्ये परबोधनार्थ नलाद्युपाख्यानमियापाख्यानम् अभिनयन्।**

**पठन् गायन् पदेका ग्रन्थिकः कथयति तद् गोविन्दवत् आख्यानम्।**

અભિનવ ગુપ્તે 'આખ્યાન' શબ્દનું લક્ષણ આપતાં કહ્યું છે ''આખ્યાન દ્રષ્ટાર્થકથન છે અર્થ શબ્દ વસ્તુ તથા ઘટનાની તથ્યતા છે. વસ્તુતઃ જે વસ્તુ દ્રષ્ટ છે અથવા જે ઘટના બની છે, તેમનું અર્ધુ જ જ્ઞાન થાય છે. ઈન્દ્રિયો તથા મનથી અર્ધું જ જ્ઞાન થાય છે. વાસ્તવિકતાનું પૂર્ણ જ્ઞાન નથી થતું કારણકે વાસ્તવિકતા કેવળ ઈન્દ્રિયગોચર યા કેવળ મનોગોચર નથી કયારેક તે બુદ્ધિગમ્ય પણ નથી હોતી તે ચેતનાના આંતરિક પ્રકાશથી દેખાય છે. એટલા માટે દ્રષ્ટાર્થકથનની પરિભાષા અત્યંત વ્યાપક છે.''

આ પરિભાષાથી જાણી શકાય કે આખ્યાન તે ન તો કોઈ ઘટનાનો ઈતિહાસ છે અને ન તો કોઈ ઘટનાનું આધિભૌતિક વિવરણ.

પુરાણ સંહિતાની રચના આખ્યાન–ઉપાખ્યાનનો આશ્રય લઈને થઈ છે, એવું સ્પષ્ટ વિધાન વિષ્ણુપુરાણમાં પ્રાપ્ત થાય છે.

**आख्यानैश्चाप्युपाख्यानैर्गाथाभिः कल्पशुद्धिभिः**

**पुराणसंहितां चक्रे पुराणार्थविशारदाः ।**

અર્થાત્ આખ્યાન, ઉપાખ્યાન, ગાથાઓ અને કલ્પશુદ્ધિરૂપી ઉપકરણોથી પુરાણાર્થજ્ઞોએ પુરાણસંહિતાની રચના કરી છે. [૭૭]

## આખ્યાન–ઉપાખ્યાન વચ્ચે ભેદ :

આખ્યાન અને ઉપાખ્યાનમાં કથાતત્ત્વની સમાનતા છે આમ છતાં બન્ને વચ્ચેના ભેદનો નિર્દેશ પણ થયો છે. વિષ્ણુપુરાણમાં ઉપર્યુકત શ્લોકની ટીકામાં શ્રીધર સ્વામીએ ઉદ્‌ધૃત કરેલા શ્લોકને આધારે સમજાય છે.

**स्वयं दृष्टार्थकथनं प्राहुराख्यानकं बुधाः ।**

**श्रुतस्यार्थस्य कथतमुपाख्यानं प्रचक्षते ॥**

અર્થાત્ આખ્યાન સ્વયંદ્રષ્ટ અર્થનું કથન કરે છે, જયારે ઉપાખ્યાનમાં વકતા દ્વારા પરંપરાથી શ્રુત અર્થનું પ્રકાશન કરાય છે અર્થાત્ એવી કથા જેનો વકતા સ્વયં સાક્ષી હોય તે આખ્યાન અને વકતા જયારે સાંભળેલી વાત, પ્રત્યક્ષ અનુભૂત નહીં, તે ઉપાખ્યાન કહેવાય. આ અર્થ પ્રમાણે રામ, નચિકેતા ઈત્યાદિની કથા રામોપાખ્યાન નચિકેતાપાખ્યાન કહેવાય.

આ ઉપરાંત આ બે વચ્ચેનો ભેદ એક અન્ય રીતે પણ સમજી શકાય તેમ છે. લઘુ કથાનકવાળું ઉપાખ્યાન, ગુરુ કથાનકવાળું આખ્યાન કહેવાય. આ અર્થને વ્યવહારમાં આ રીતે ઉતારી શકાય કે જે તે ગ્રથનું જે મુખ્ય નિરૂપ્યમાણ કથાવસ્તુ તે આખ્યાન અને તે માટે આનુષંગિક રીતે ઉપકલક કથાવસ્તુ તે ઉપાખ્યાન. આમ રામાયણમાં રામનું આખ્યાન અને સુગ્રીવનું કથાવસ્તુ તે ઉપાખ્યાન છે એમ સમજી શકાય આ આખ્યાન શબ્દ પ્રાચીન ગ્રંથોમાં બહુધા 'ઈતિહાસ' તથા 'પુરાણ'ના અર્થમાં વપરાયો છે. ઉ.દા. મહાભારતમાં આદિપર્વ.

**इदं कविवरैः सवैराख्यानमुपजीव्यते ।** કહી પોતાને 'આખ્યાન' પણ કહે છે.

**'पुराणं पत्तक्रक्तक्षणम् ।** એ ચતુર્થપાદવાળા શ્લોકમાં જે પુરાણના પાંચ લક્ષણ : સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત બતાવેલ છે તે હેતુ સિધ્ધ કરવા માટે જે કંઈ પુરાણમાં કથારૂપે સમાવવામાં આવે તે આખ્યાન અને તે ઉપરાંત કોઈ હેતુથી જે કોઈ કથા કહેવામાં આવે તે ઉપાખ્યાન એવી પણ આ બે શબ્દો વચ્ચેની અર્થભેદ વ્યવસ્થા થઈ શકે.

આખ્યાન શબ્દ અંગ્રેજીના Myth અને Le'gend શબ્દોના અર્થ સાથે સામ્ય ધરાવે છે.

ડો. મેકસમ્યુલરના મતાનુસાર ધાર્મિક દેવતા સંબંધિત કથાઓને આખ્યાન અથવા દેવકથા અથવા Myth કહે છે. કાલાન્તરે તેમનું ક્ષેત્ર લૌકિક જગત્ સુધી વિસ્તૃત થયું ઉત્પત્તિ સમયે આખ્યાન સજીવ અને પવિત્ર મનાતું હતું.

આનાથી વિરુધ્ધ ઈસાઈ વિદ્વાનોએ આખ્યાનની વ્યાખ્યા 'સત્યતાના વિરોધી કંઈપણ આપી છે.

આધુનિક વિદ્વાનો આખ્યાનને સામાજિક જીવન અને સંસ્કૃતિના મૂળ આધાર માને છે. પરંપરાગત સમાજ માનવ અને સત્યની એકમાત્ર યથાર્થ ઈશ્વરીય અભિવ્યકિત માને છે.

આખ્યાન અથવા દેવકથાની ઉત્પત્તિ અને પ્રકૃતિ અથવા સ્વરૂપની સમસ્યા યૂનાની આખ્યાન શાસ્ત્ર સંબંધમાં ઉત્પન્ન થઈ. [૭૮]

આખ્યાન વૈદિક સંહિતામાં પ્રાપ્ત થાય છે. વૈદિક સાહિત્યમાં ગાથા, નારાશંસી અને પુરાણ વગેરે શબ્દોનો પ્રયોગ થયો છે. અથર્વવેદના મંત્રમાં [૭૯] પ્રયુકત **'पुराणवित्'** ના અર્થમાં **'पुराण'** નો અર્થ 'સૃષ્ટિ' અને જગત્નું વિજ્ઞાન થાય છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં આખ્યાનો મળે છે. બ્રાહ્મણમાં ગ્રંથ કોઈ અનુષ્ઠાનની પ્રક્રિયા સમજાવવાની હોય ત્યારે એક આખ્યાન સંભળાવવામાં આવતું. આખ્યાન ક્રિયાની અભિવ્યકિત સ્પષ્ટ કરે છે.

જો કે મહાભારત પાસે આખ્યાનનું સ્વરૂપ સ્પષ્ટ ન હતું તેમ છતાં વ્યાસે મહાભારતમાં આખ્યાનનો ઉલ્લેખ કરી મહાભારતને એક આખ્યાન કહેતા કહ્યું છે કે જે,

**श्रुत्वा त्विदमुपाख्यानं श्राव्यमन्यन्न रोचते ।**

**पुंस्कोकिलरूक्षां श्रुत्वा घ्वाङ्क्षस्य वागिव ॥**

અર્થાત્ આ આખ્યાનનું શ્રવણ કરી અન્ય કંઈ પસંદ પડતું નથી. કોયલનો કલરવ સાંભળી કાગડાનો કઠોર અવાજ કોને પસંદ પડે. [૮૦]

વેદો પાસે પણ આખ્યાનનું સ્વરૂપ સ્પષ્ટ ન હતું તેમ છતાં વેદોમાં આખ્યાનો પ્રાપ્ત થાય છે. આખ્યાનની સ્પષ્ટ વ્યાખ્યા સાહિત્ય દર્પણમાં પ્રાપ્ત થાય છે. તે પૂર્વે આખ્યાનો હતા પરંતુ લક્ષણ ન હતું. પુરાણોમાં અસ્પષ્ટ વ્યાખ્યા જોવા મળે છે. જેવી રીતે કાલિદાસ પાસે મહાકાવ્યના લક્ષણો ન હતા છતાં કુમારસંભવ અને રઘુવંશમાં મહાકાવ્યના લક્ષણો દષ્ટિગોચર થાય છે. વેદોમાં જે સંવાદસૂકતો કથાઓ ઈત્યાદિ છે, તેને આખ્યાન કહેવાય છે.

આ પ્રમાણે આખ્યાન પ્રત્યેક સોપાનને સમજાવવા મોટું પ્રદાન આપે છે. કયારેક આખ્યાન સાદ્રશ્યમૂલક, પ્રતિકાત્મક, અન્યોકિતપરક તો કયારેક બનેલ ઘટનાનું દેશાતીત અને કાલાતીત પ્રસ્તુત કરે છે. આવા આખ્યાનોનું વિસ્તૃતીકરણ પુરાણોમાં છે. તે કાવ્ય સાહિત્ય અને નાટય સાહિત્યનું બીજ મનાય છે.

વૈદિક આખ્યાનોનું સૌંદર્ય આ બાબતોમાં છે –

- તે અત્યંત સંક્ષિપ્ત છે.
- નાટકીય ચઢાવ–ઉતાર છે.
- તેમને શણગાર્યું છે.
- ભાષા પારદર્શી છે. પરંતુ સાથે–સાથે ગહન છે. શબ્દનો અપવ્યય નથી.
- દરેક આખ્યાનનો અંત કોઈ પૂર્ણતાના ભાવથી થાય છે.
- આખ્યાનોમાં ઈતિવૃત્તોનો વિસ્તાર સીધી રેખામાં નથી. જેમકે એક ઘટના પછી બીજી ઘટના.
- ત્રણ–ચાર પંકિતનું આખ્યાન એક મોટી કથા બની જાય છે. જેમકે – ~~तत्रकककककक~~– ભરત આખ્યાન અભિજ્ઞાન શાકુન્તલમ્ નાટક બની ગયું.

ઉત્તરવર્તી સાહિત્યને પૂર્ણતયા સમજવા માટે વૈદિક આખ્યાન ચાવીરૂપ છે.

પ્રકાશના કિરણો સમાન તથા દીર્ઘ મરુભૂમિમાં હરિભૂમિ સમાન આ આખ્યાનો પાઠકોના ઉદ્વિગ્ન હૃદયને શાંત તથા શીતળ બનાવે છે. વિધિ–વિધાનોના સ્વરૂપની વ્યાખ્યા જ આ આખ્યાનોની જનની છે.

આખ્યાન બે પ્રકારના છે –

– સ્વલ્પકાય

– દીર્ઘકાય

સ્વલ્પકાય આખ્યાનોમાં તે કથાઓની ગણના થાય, જે સદ્ય કવિની સંયુકિતતા પ્રદર્શિત કરવા ઉલ્લેખાયેલા હોય. આ આખ્યાન અલ્પ ભેદથી અનેક બ્રાહ્મણગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.

બ્રાહ્મણગ્રંથના ઉપાખ્યાનોથી બે બાબત સિધ્ધ થાય છે. એક તો યજ્ઞોના સ્વરૂપનું સ્પષ્ટીકરણ અને બીજું ચારિત્રિક એવં સામાજિક આદર્શોની સ્થાપના.

આ રીતે સમસ્ત વૈદિક સાહિત્યમાં અનેક આખ્યાન વિદ્યમાન છે. વૈદિક આખ્યાન જ વિશેષતઃ આ બ્રાહ્મણગ્રંથોમાં સંવર્ધિત અને વિકસિત રૂપમાં પ્રાપ્ત થાય છે. આખ્યાન ઉત્પતિ સમયે સજીવ અને પવિત્ર ગણાતું હતું.

**इतिहास पुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।** એ ન્યાયે ભારતીય પુરાણો વૈદિક સિદ્ધાંતોનું વ્યાપક જનસમાજમાં પ્રસારણ કરે છે. આવા પ્રસારણનું–પુરાણોનું સક્ષમ માધ્યમ છે, આખ્યાનો અને ઉપાખ્યાનો. પુરાણોમાં આવા કથાત્મક આખ્યાનો–ઉપાખ્યાનોની અધિકતા હોવાથી પુરાણને 'ઈતિહાસ' સંજ્ઞા પ્રાપ્ત થઈ એમ કહી શકાય. પુરાણ સંહિતાની રચના આખ્યાન–ઉપાખ્યાનનો આશ્રય લઈને થઈ છે. એવું સ્પષ્ટ વિધાન પુરાણમાંથી પ્રાપ્ત થાય છે.

આખ્યાન મનુષ્યનું મનોરંજનનું સાધન છે. આખ્યાનો મનોરંજનની સાથે ચારિત્રિક પ્રકર્ષ, નૃમ્ણતા, કર્મણ્યતા આદિની ઉપલબ્ધિનાં સાધન છે.

ઈતિહાસ અને કાવ્યથી ગૌરવાન્વિત મહાભારત ભારતીય સાહિત્યનું અણમોલ રત્ન છે. તેના કથાપ્રવાહમાં લોકભાગ્ય એવી અનેક રમણીય કથાઓ, ઉપકથાઓ, દ્રષ્ટાંત કથાઓ વગેરે મળી આવે છે, જે તેના મૂલ્યમાં નિરંતર વૃદ્ધિ કરે છે. આવી કેટલીક ગૌણ આખ્યાનો–ઉપાખ્યાનોમાં મળતી કથાઓ છે.

કેટલાક વિસ્તૃત આખ્યાનો એવા પણ છે કે જો તેને બહાર કાઢી નાખવામાં આવે તો મૂળ કથાવસ્તુને કંઈ બાધા આવતી નથી. આવા ઉપાખ્યાનોમાં શકુન્તલોપાખ્યાન, યયાતિ ઉપાખ્યાન, નલ ઉપાખ્યાન અને રામોપાખ્યાનને ગણાવી શકાય. આ ઉપાખ્યાનોને મૂળ કથાનક સાથે સીધો સંબંધ નથી. માત્ર તત્કાલીન ઘટનાને અથવા એ ઘટના સાથે સંકળાયેલા પાત્રોની મનોભૂમિકાને સ્ફૂટ કરવા પૂરતું જ આ કથાનકોનું મહત્વ છે. આમ કહેવું હોય તો કહી શકાય કે આવા ઉપાખ્યાનો મુખ્યત્વે બે પ્રકારના છે. પહેલા પ્રકારના આખ્યાનો મૂળ કથાનકના અંશો બનીને જ સ્થાન પામ્યા છે.

બીજા પ્રકારના આખ્યાનો માટે આવું કહી શકાય તેમ નથી. આ બીજા પ્રકારના આખ્યાનો અમુક હદે મૂળ કથાવસ્તુને સહાય કરે છે, એમ કહી શકાય.

સંસ્કૃત સાહિત્ય શાસ્ત્રીઓએ આપેલી આખ્યાનની પરિભાષાની પૂર્તિ પ્રશિષ્ટ સંસ્કૃતમાં પૂર્ણતયા જોવા મળતી નથી, પરંતુ આ આખ્યાનનું ખેડાણ ગુજરાતી સાહિત્યકારો અને તેમાં પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારોએ કર્યું. જો કે તેમણે વ્યાખ્યા તો સંસ્કૃતની જ માન્ય રાખી.

આચાર્ય હેમચંદ્રાચાર્યે આખ્યાનની વ્યાખ્યા આપી. ત્યારના સમયમાં જૈન આખ્યાનો રચાયા અને તેનો નરસિંહ યુગમાં સારો વિકાસ થયો એમ કે.કા. શાસ્ત્રી નોંધે છે.

ગુજરાતી સાહિત્યમાં આખ્યાનનો પ્રારંભ નરસિંહથી થયેલો મનાય છે. નરસિંહ મહેતાએ પોતાના જીવનના પ્રસંગો પર આધારિત કાવ્યો રચ્યાં છે. એમાં આખ્યાન કાવ્યનું બીજ જોઈ શકાય છે. તે પરલક્ષી ઓછા અને આત્મલક્ષી વધુ હોવાની છાપ ઊભી કરે છે છતાં એ કથાત્મક તો છે જ. તેથી આખ્યાનનું બીજ આપનાર આદ્ય કવિ નરસિંહ મહેતા, એ મત સ્વીકાર્ય બન્યો છે.

ભાલણે સંસ્કૃતમાંથી ભાષાંતર કરી ગુજરાતી ભાષામાં અસંખ્ય આખ્યાનો આપી ગુજરાતી સાહિત્યમાં આખ્યાન કાવ્ય પ્રકાર દ્રઢ કર્યો. ભાલણ પૂર્વે કડવાબધ્ધ આખ્યાન અપ્રાપ્ય છે.

ભાલણ બાદ નાકરે આખ્યાનો રચ્યાં, તદ્પશ્વાત્ આવ્યા પ્રેમાનંદ તેમણે આખ્યાનના કાવ્ય પ્રકારને કાવ્ય કલાની પરાકાષ્ઠાએ પહોંચાડયો.

આમ નરસિંહે આખ્યાનનો પ્રારંભ કર્યો. ભાલણ અને નાકરે વિકાસ સાધ્યો અને પ્રેમાનંદે પોતાની કાવ્ય પ્રતિભાથી આખ્યાનને પરિપૂર્ણ કલાએ પહોંચાડી દીધું. આ બધા આખ્યાનોનું કથાનક અષ્ટાદશ પુરાણ રહ્યું છે. તત્કાલીન ગુજરાતને પુરાણકથા અને પ્રસંગોમાં ધબકતું કર્યું.

સંસ્કૃત ઉપાખ્યાનમાંથી મધ્યકાલીન ગુજરાતી કવિઓએ આખ્યાનો રચ્યા આમ સંસ્કૃતના આખ્યાનો–ઉપાખ્યાનો આદિમાં ગુજરાતી આખ્યાનનું મૂળ જોવાના પ્રયત્ન કર્યા છે. પણ સાથે–સાથે એ પણ નોંધવું જોઈએ કે સ્વરૂપ અને લક્ષણોની દ્રષ્ટિએ ગુજરાતી આખ્યાન એક સ્વતંત્ર કાવ્યપ્રકાર છે.

મહાભારતના કર્તા વ્યાસજીએ પ્રથમ માત્ર ‘જય’ સંહિતાની રચના કરી. ઉપાખ્યાન ભાગો છોડીને ચોવીસ હજાર શ્લોકોની ‘ભારત સંહિતા’ રચી. પુણ્યકર્મા મનુષ્યોએ ઉપાખ્યાનો સહિત એક લાખ શ્લોકના આ ઉત્તમ ગ્રંથને આદ્ય ભારત મહાભારત જાણવો. [૯૧]

જો કે મૂળ કથાનકમાં આખ્યાનો ઉપાખ્યાનો ઉમેરવાનું કારણ તે નાયકના ચરિત્રનું ઉત્થાન કરવાનું હોઈ શકે. જેમ કે અર્જુનના નામે અનેક કથાઓ કહેવાઈ છે, જે અર્જુનના પાત્રનું ઉદાત્તીકરણ બતાવે છે.

આ ઉપરાંત મહાભારતના આખ્યાનોમાં ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, શીલ, દયા, દાક્ષિણ્ય, ઔદાર્ય વગેરે ગુણો મહત્ત્વ ધરાવે છે. આખ્યાનો–ઉપાખ્યાનોથી મહાભારતના કદમાં વૃદ્ધિ થઈ છે અને મહાભારતની મહત્તા પણ વધી છે.

આ આખ્યાન–ઉપાખ્યાનોની કુલ સંખ્યા નિશ્ચિત આપી શકાય તેમ નથી, કયાંક–કયાંક જેને ઉપકથા કે ઉપાખ્યાન પણ કહી ન શકાય એવી નાની–નાની પ્રસંગકથાઓ આપવામાં આવી છે. રાજા હયગ્રીવ અને રાજા માંધાતાની કથાને આ વર્ગમાં મૂકી શકાય.

મહાભારતના કેટલાક આખ્યાનો–ઉપાખ્યાનો પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના કથાનક બન્યાં છે. જેમ કે નલોપાખ્યાન–નૈષધચરિતમ્, શાકુન્તલોપાખ્યાન–અભિજ્ઞાન શાકુન્તલમ્. આમ આખ્યાનો પ્રશિષ્ટ સાહિત્યના પ્રેરણાસ્રોત છે.

આવા મહાભારતના કેટલાક આખ્યાનો ઉપાખ્યાનોને તારવીને, એનું બુદ્ધિપૂર્વક ચયન કરીને જો આજના સંદર્ભમાં એની સમીક્ષા કરવામાં આવે તો એક રસપ્રદ આયામ બની રહે તેમ છે. કોઈક આખ્યાન તો એટલા સુંદર છે કે આજે હજારો વર્ષો પછી પણ શાશ્વત સ્વરૂપે સ્વીકારી શકાય.

## વિભાગ – ૧ પાદટીપ

## (૧) વ્યાસનું જીવન

(१) न्यस्तो द्वीपे स यद् बाल तस्माद् द्वैपायनः स्मृतः ।✓

म.भा. आ.प. – ६३/८६

(२) विव्यास वेदान् यस्मात् स तस्माद् व्यास इति स्मृतः ।

एजन आ.प. – ६३/८८

(३) संस्कृत साहित्य का इतिहास –

वाचस्पति गैरोला

(४) वेदानध्यापयामास महाभारत पञ्चमान् ।

सुमन्तुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ॥

प्रभुर्वरिष्टो वरदो वैशम्पायनमेव च ।

संहितास्तैः पृथक्त्वेन भारतस्य प्रकाशिताः ॥

म.भा. आ.प. – ६३/८९, ९०

(५) श्री देवी भागवत पुराण स्कंध – १

विष्णुपुराण – १/३५/१९

(६) संस्कृत साहित्य का इतिहास –

वाचस्पति गैरोला

(७) सारस्वतश्चापि जगाद् नष्टं वेदं पुनर्य दश्चशुर्न पूर्वे ।

व्यासस्तथैनं बहुधा चकार न यं वसिष्ठः कृतवान् शक्तिः ॥

बुद्धचरित – १/४२

(८) जयति पराशरसूनुः सत्यव्रतीहृदयनन्दनो व्यासः

यस्यास्यकमलगलितं वाङ्मयमृतं जगत् पिबति ॥

हरिवंश – १/१/३

(९) पितामहाद्यं प्रवदन्ति षष्टं महर्षिमक्षप्यविभूति युक्तम् ।

नारायणस्यांशजमेकपुत्रं द्वैपायनं वेद महानिधानम् ॥

एजन – १/१/८

(१०) हर्षचरितम् – प्रथम उच्छवास – ३

(११) संकर्षणानुजः श्रीमान् महाबुद्धिर्जनार्दनः ।

म.भा. उद्योगपर्व – १५७/१५

## (૨) મહાભારતનો રચનાકાળ✓

(१२) संस्कृत साहित्य का इतिहास –✓

श्री बलदेव उपाध्याय, पृ. १६

## (૩) મહાભારત પરિચય

(१३) म.भा. आ.प. – ६२/५३

स्वर्गा. पर्व – ५/५०

(१४) एजन स्वर्गा. पर्व – ५/६२

(१५) पुरा किल सुरै सर्वैः समेत्य तुलया धृतम् ।
चतुर्भ्यः सरहस्येभ्यो वेदेभ्यो ह्यधिकं यदा ॥

म.भा. आ.प. – १/२७२

(१६) इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।
बिभेत्यल्पश्रुताद् वेदो मामयं प्रहरिष्यति ॥

एजन – आ.प. १/२६७

(१७) महत्वाद् भारवत्वाच्च महाभारतमुच्यते ।

एजन – आ.प. १/२७४

(१८) भरतानां महज्जन्म महाभारतमुच्यते ।

एजन – आ.प. ६२/३९

(१९) एजन – आ.प. १/६२

(२०) आख्यानमुत्तमं चेदं श्रावयेद् यः सदा नृप ।
तदैव मनुजो भक्तः शुचिर्भूत्वा समाहितः ॥
प्राप्नुयादचिराद् राजन् विष्णुलोकं सनातनम् ॥

म.भा.शा.प. ३३९/१२५

(२१) यथा समुद्रो भगवान् यथा हि हिमवान् गिरिः ।
ख्यातावुभौ रत्ननिधी तथा भारतमुच्यते ॥

म.भा. स्वर्गा – ५/६५

(२२) कार्ष्णं वेदमिमं विद्वाञ्छ्रावयित्वार्थमश्नुते ।
इदं भारतमाख्यानं यः पठेत् सुसमाहितः ।
स गच्छेत् परमां सिद्धिमिति मे नास्ति संशयः ॥

एजन स्वर्गा – ५/६६

(२३) द्वैपायनोष्ट पुटनिः सृतमप्रमेयं पुण्यं पवित्रमय पापहरं च शिवं च ।
यो भारतं समधिगच्छति वाच्यमानं किं तस्य पुष्करजलैरभिषेचनेन ॥

एजन स्वर्गा. पर्व – ५/६७

(२४) यो गोशतं कनकश्रृङ्गमयं ददाति विप्राय वेदविदुषे सुबहुश्रुताय ।
पुण्यां च भारतकथां सततं श्रृणोति तुल्यं फलं भवति तस्य च तस्य चैव ॥

एजन स्वर्गा. पर्व –५/६८

## મહાભારત – ત્રણ સંસ્કરણ

(२५) म.भा.आ.प. १/२७४

(२६) त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः ।
महाभारतमाख्यानं कृतवानिदमद्भुतम् ॥

एजन आ.प. – ६२/५२

(२७) नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥

म.भा. आ.प. – १/१

(२८) जयो नामेतिहासोडयं श्रोतव्यो विजिगीषुणा ।
महीं विजयते क्षिप्रं श्रुत्वा शत्रुं   मर्दति ॥

म.भा. उद्योग पर्व – १३६/१८

(२९) अष्टादशपुराणानि रामस्य चरितं तथा ।

विष्णुधर्मादिशास्त्राणि शिवधर्मा भारत ॥

कार्ष्णं च पञ्चमो वेदो यन्महाभारतं स्मृतम् ।

शैवा धर्मा राजेन्द्र मानवोक्ता महीपते ।

जयेति नाम एतेषां प्रवदन्ति मनीषिणः ॥

कालमयूख पृ. १२

(३०) अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोकशतानि च ।

अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा ।

म.भा. आ.प. १/८१

(३१) चतुर्विंशतिसाहस्रीं चक्रे भारतसंहिताम् ।

उपाख्यानैर्विना तावद् भारतं प्रोच्यते बुधैः ॥

एजन आ.प. – १/१०२

(३२) मन्वादि भारतं केचिदास्तीकादि तथा परे ।

तथोपरिचराद्यन्ये विप्राः सम्यगधीयते ॥

एजन आ.प. – १/५२

(३३) इतिहासप्रदीपेनं मोहावरणधातिना ।

लोकगर्भगृहं कृत्स्नं यथावत् सम्प्रकाशितम् ॥

एजन आ.प. – १/८७

(३४) अलंकृतं शुभैः शब्दैः समयैर्दिव्यमानुषैः ।

छन्दोवृत्तै विविधैरन्वितं विदुषां प्रियम् ॥

एजन आ.प. – १/२८

(३५) अनुक्रमणिकाध्यायं वृत्तान्तं सर्वपर्वणाम् ।

इदं द्वैपायनः पूर्वे पुत्रमध्यापयच्छुकम् ॥

एजन आ.प. – १/१०४

(३६) दुर्योधनो मन्युमयो महाद्रुमः स्कन्धः कर्णः शकुनिस्तस्य शाखाः ।

दुःशासनः पुष्पफले समृद्धै मूलं राजा धृतराष्ट्रोऽमनीषी ॥

एजन आ.प. - १/११०

(३७) युधिष्ठिरो धर्ममयो महाद्रुमः स्कन्धोऽर्जुनो भीमसेनोऽस्य शाखाः ।
माद्रीसुतौ पुष्पफले समृद्धे मूलं कृष्णो ब्रह्म च ब्राह्मणा ॥

एजन आ.प. - १/१११

## મહાભારત લેખન સામગ્રી

(३८) एजन आ.प. - १/५५-८३

(३९) तच्छलोककूटमद्यापि ग्रथितं सुश्रढं मुने ।
भेत्तुं न शक्यतेऽर्थस्य गूढत्वात् प्रश्रितस्य च ॥

एजन आ.प. - १/८२

(४०) अहं वेद्वि शुको वेत्ति संजयो वेत्ति वा न वा ।

एजन आ.प. - १/८१

(४१) द्वापरे समुनाप्राप्ते तृतीये युगपर्यये ।
जातः पराशराद्योगी वासव्यां फलया हरेः ॥

श्रीमद् भागवत - १/४/१४

(४२) इतिहासोः सवैयाख्या विविधाः श्रुतयोऽपि च ।
इह सर्वमनुक्रान्तमुक्तं ग्रन्थस्य लक्षणम् ॥

म.भा. आ.प. - १/५०

## (४) મહાભારત એક ઈતિહાસ

(४३) एजन आ.प. - १/१६

(४४) आचख्युः कवयः केचित् सम्प्रत्याचक्षते परे ।
आख्यास्यन्ति तथैवान्ये इतिहासमिमं भुवि ॥

एजन आ.प. - १/२६

(४५) इतिहासाः सवैयाख्या विविधाः श्रुतयोऽपि च ।
इह सर्वमनुक्रान्तमुक्तं ग्रन्थस्य लक्षणम् ॥

एजन आ.प. – १/५०

(४६) तपसा ब्रह्मचर्येण व्यस्य वेदं सनातनम् ।
इतिहासमिमं चक्रे पुण्यं सत्यवतीसुतः ॥ एजन आ.प. – १/५४

(४७) इतिहासप्रदीपेन मोहावरणधातिना ।
लोकगर्भगृहं कृत्स्नं यथावत् सम्प्रकाशितम् ॥

एजन आ.प. – १/८७

(४८) एजन आ.प. – २/३८५

(४९) यो विद्याच्चतुरो वेदान् साङ्गोपनिषदो द्विजः ।
न चाख्यानमिदं विद्यान्नैव स स्याद् विचक्षणः ॥

एजन आ.प. – २/३८२

(५०) आत्मेव वेदितव्येषु प्रियेष्विव हि जीवितम् ।
इतिहासः प्रधानार्थः श्रेष्ठः सर्वांगमेष्वयम् ॥

एजन आ.प. – २/३६

(५१) इदं कविवरैः सर्वैराख्यानमुपजीव्यते ।
उदयप्रेत्सुभिर्भृत्यैरभिजात इवेश्वरः ॥
अस्य काव्यस्य कवयो न समर्था विशेषणे ।
साधोरिप गृहस्थस्य शेषास्त्रय इवाश्रमाः ॥

एजन आ.प. – २/३८९–९०

(५२) नवनीतं यथा दध्नो द्विपदां ब्राह्मणो यथा ।
आरण्यकं च वेदेभ्य ओषधिभ्योडमृतं यथा ॥
ह्लादानामुदधिः श्रेष्ठो गौर्वरिष्ठा चतुष्पदाम् ।
यथैतानीतिहासानां तथा भारतमुच्यते ॥

एजन आ.प. – १/२६४–६५

## (५) મહાભારત આર્ષકાવ્ય

(५३) अस्मिन्नार्षे पुनः सर्गा भवन्त्याख्यानसंज्ञकाः ।
अस्मिन्महाकाव्ये यथा महाभारतम् ॥

विश्वनाथ साहित्यदर्पण – ६/३२५

(५४) सन्ति सिद्धरसप्रख्या ये च रामायणादयः श्च

कथाश्रया न तैर्योज्या स्वेच्छा रसविरोधिनी श्च्च

त्वन्यालोक – आनंदवर्धन – ३/१४

(५५) यावत्स्थास्यन्ति गिरयः सरित   महीतले ।

तावद् रामायणकथा लोकेषु प्रचरिष्यति ॥

रामायण – बालकाण्ड – २/३६

(५६) इतिहासोत्तममादस्माजायन्ते कविबुद्धयः ।

पत्त्वभ्य इव भूतेभ्यो लोकसंविधयस्त्रयः ॥

म.भा. – आदिपर्व – २/३८५

## (૬) મહાભારત વીરકાવ્ય

(५७) विष्णुपुराण – श्रीधर टीका – ६/१५

## (૭) મહાભારતનો વર્ણ્ય વિષય

(५८) अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोकशतानि च ।

श्लोका   चतुराशीतिर्मुनिनोक्ता महात्मना ॥

एजन आ.प. – २/१३१

(५९) अत्व्रायाः सप्ततिर्ज्ञेयास्तथा चाष्टौ प्रसंख्यया ।

श्लोकानां द्वे सहस्रे तु पत्त्व श्लोकशतानि च ॥

श्लोका ैकादश ज्ञेयाः पर्वण्यस्मित् द्विजोत्तमाः ।

अतः परं तृतीयं तु ज्ञेयमारण्यकं महत् ॥

एजन आ.प. २/१४१–१४२

(६०) अत्रात्व्रायशते द्वे तु संख्यया परिकीर्तिते ।

एकोनसप्तति ैव तथात्व्रायाः प्रकीर्तिताः ॥

एकादशसहस्राणि श्लोकानां षट् शतानि च ।

चतुः षष्टिस्तथा श्लोकाः पर्वण्यस्मिन् प्रकीर्तिताः ॥

एजन आ.प. – २/२०४–२०५

(६१) सप्तषष्टिरथो पूर्णा श्लोकानामपि मे श्रृणु ।
श्लोकानां द्वे सहस्त्रे तु श्लोकाः पञ्चाशदेव तु ॥

एजन आ.प. – २/२१६

(६२) श्लोकानां षट्सहस्राणि तावन्त्येव शतानि च ।
श्लोकानां नवतिः प्रोक्तास्तथैवाष्टौ महात्मना ॥

एजन आ.प. – २/२४३

(६३) अध्यायानां शतं प्रोक्तं तथा सप्तदशापरे ।
पञ्च श्लोकसहस्राणि संख्ययाष्टौ शतानि च ॥

एजन आ.प. – २/२५२

(६४) अष्टौश्लोकसहस्राणि तथा नव शतानि च ।
श्लोका नव तथैवात्र संख्यातास्तत्त्वदर्शिना ॥

एजन आ.प. २/२६९

(६५) एकोनसप्ततिः प्रोक्ता अध्यायाः कर्णपर्वणि ।
चत्वार्यैव सहस्राणि नव श्लोकशतानि च ॥

एजन आ.प. – २/२७८

(६६) एकोनषष्टिरध्यायाः पर्वण्यत्र प्रकीर्तिताः ।
संख्याता बहुवृत्तान्ताः श्लोकसंख्यात्र कथ्यते ॥
त्रीणि श्लोकसहस्राणि द्वे शते विंशतिस्तथा ।

एजन आ.प. – २/२८९–९०

(६७) अष्टादशास्मिन्नध्यायाः पर्वण्युक्ता महात्मना ।
श्लोकानां कथितान्यत्र शतान्यष्टौ प्रसंख्यया ।
श्लोका सप्ततिः प्रोक्ता मुनिना ब्रह्मवादिना ।

एजन आ.प. २/३१०–११

(६८) सप्तविंशनिरध्यायाः पर्वण्यस्मिन् प्रकीर्तिता ।
श्लोकसप्तशती चापि पञ्चसप्ततिसंयुता ॥

एजन आ.प. २/३२३-२४

(६९) त्रिंशच्चैव तथाध्याया नव चैव तपोधनाः ।

चतुर्दश सहस्राणि तथा सप्तशतानि च ॥

सप्तश्लोकास्तथैवात्र पञ्चविंशतिसंख्यया ।

एजन आ.प. - २/३३०-३३१

(७०) एतत् त्रयोदशं पर्व धर्मनि यकारणम् ।

अध्यायानां शतं त्वत्र षट्चत्वारिंशदेव तु ॥

श्लोकानां तु सहस्राणि प्रोक्तान्यष्टौ प्रसख्यया ।

एजन आ.प. - २/३३७-३३८

(७१) अध्यायानां शते चैव त्रयोडध्याया कीर्तिताः

त्रीणि श्लोकसहस्राणि तावन्त्येव शतानि च ।

विंशति तथा श्लोकाः संख्यातास्तत्त्वदर्शिना ।

एजन आ.प. - २/३४३-३४४

(७२) द्विचत्वारिंशदध्यायाः पर्वे तदभिसंख्यया ।

सहस्रमेकं श्लोकानां पञ्चश्लोकशतानि च ॥

षडेव च तथा श्लोकाः संखातास्तत्त्वदर्शिना ।

एजन आ.प. - २/३५२-५३

(७३) अध्यायाष्टौ समाख्याताः श्लोकानां च शतत्रयम्

विंशति तथा श्लोकाः संख्यातास्तत्त्वदर्शिना ।

एजन आ.प. - २/३६३-६४

(७४) यत्राध्यायास्त्रयः प्रोक्ताः श्लोकानां च शतत्रयम् ।

विंशति तथा श्लोकाः संख्यानास्तत्त्वदर्शिना ॥

एजन आ.प. - २/३६९

(७५) अध्यायाः पञ्च संख्याता पर्वण्यस्मिन् महात्मना ।

श्लोकानां द्वे शते चैव प्रसंख्याते तपोधनाः ॥

नवश्लोकास्तथैवान्ये संख्याताः परमर्षिणा ।

एजन आ.प. – २/३७७–३७८

(७६) इदं शतसहस्रं तु लोकानां पुण्यकर्मणाम् ।
उपाख्यानैः सह ज्ञेयमाद्यं भारतमुत्तमम् ॥

एजन आ.प. – १/१०१

## (૮) આખ્યાન–ઉપાખ્યાનની વિભાવના

(७७) विष्णुपुराण – ३/६/१५

(७८) वैदिक आख्यानो की प्रकृति

(७९) येत आसीद् भूमिः पूर्वा यामद्धातय इद् विदुः
यो वै तां विद्यान्नामथा स मन्येत पुराणवित् ॥

अथर्ववेद – ११/१०/७

(८०) म.भा. आ.प. – २/३८४

(८१) इदं शतसहस्रं तु लोकानां पुण्यकर्मणाम् ।
उपाख्यानैः सह ज्ञेयमाद्यं भारतमुत्तमम् ॥

एजन आ.प. – १/१०१

# વિભાગ – ૨

## પ્રકરણ – ૧

# વૈદિક સાહિત્યનાં આખ્યાન

**વેદ પરિચય :**

પ્રાચીન ધર્મગ્રંથોમાં વેદોને સર્વસત્તાધીશ ગણવામાં આવ્યા છે. આધુનિક યુગમાં પણ વેદના અભ્યાસને અનિવાર્ય ગણવામાં આવે છે. પ્રાચીન ભારતનો ધર્મ અને સંસ્કૃતિનો જીવંત દસ્તાવેજ વેદ છે. તેની ઐતિહાસિક મહત્તા અમાપ છે. સંસ્કૃત ભાષાના ઈતિહાસની દષ્ટિએ વેદનો અભ્યાસ આવશ્યક છે. સંસ્કૃત ભાષાના શબ્દોના તુલનાત્મક વિકાસની દષ્ટિએ વેદ ભાષાની સમજણ આવશ્યક છે.

ભારતીય પરંપરા ધર્મ, તત્ત્વજ્ઞાન અને જીવન રીતિને સમજવામાં વેદનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી છે. આપણા ઉપાસ્ય દેવો સંસ્કારો અને વિચારોના આદિમ સ્રોતરૂપે વેદની ભારે મહત્તા છે. માનવ જાતિના વિચારોને લિપિબદ્ધ કરનારા ગૌરવમય ગ્રંથોમાં વેદ સૌથી પ્રાચીન છે.

ભારતીય વાઙ્મયના પ્રાચીનત્તમ સંગ્રહરૂપે અને ભારત–યુરોપીય સાહિત્યના પુરાણ અવશેષરૂપે વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં વેદનું સ્થાન અદ્વિતીય છે.

અનેક પાશ્ચાત્ય વિદ્વાનો સ્વીકારે છે કે ઓછામાં ઓછા ૩૦૦૦ વર્ષથી લાખો હિન્દુઓ વેદનો પરમેશ્વરના નિઃશ્વસ્ રૂપે આદર કરતા આવ્યા છે. બૃહદારણ્યકમાં કહ્યું છે કે –

**अस्य महतो भूतस्य निःश्वसितमेतत् ऋग्वेदो यजुर्वेदः ।**

હિન્દુઓના ભાવ અને વિચાર પણ વેદોમાંથી જ આવિર્ભાવ પામ્યા છે. **सर्वं वेदात् प्रसिद्ध्यति ।**

હિન્દુઓ વેદને અપૌરુષેય અને ઈશ્વરની વાણી સમજે છે. હિન્દુઓના ચિંતન, મનન અને નિદિધ્યાસનનો મૂળ આધાર વેદ છે. ભારતીય વાઙ્મયના આદિ સ્રોત સમા વૈદિક વાઙ્મયને સમજયા વગર ભારતીય સંસ્કૃતિ અને ભારતીય આધ્યાત્મિક પરંપરાને સમજવી મુશ્કેલ છે.

શતપથ બ્રાહ્મણ અનુસાર ''ધનથી પરિપૂર્ણ પૃથ્વીનું દાન કરવાથી જેટલું ફળ મળે છે, તેટલું ફળ વેદના અભ્યાસથી પ્રાપ્ત થાય છે.'' [૧]

અવિનાશી અક્ષયલોકની વેદની પ્રશંસા કરતા મનુ કહે છે કે – વેદ શાસ્ત્રના અર્થતત્ત્વને જાણનાર વ્યકિત જે કોઈ આશ્રમમાં નિવાસ કરતો કાર્યનું સંપાદન કરે છે, તે આ લોકમાં રહીને પણ બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે. [૨]

''પિતૃઓ, દેવતાઓ અને મનુષ્યોનું વેદ એ સનાતન નેત્ર છે. વેદશાસ્ત્રને સંપૂર્ણ સમજવા અશકય છે. વેદ અપ્રમેય છે. તે સ્થિતિ છે.'' [૩]

લૌકિક વસ્તુના સાક્ષાત્કાર માટે જેવી રીતે નેત્રની ઉપાદેયતા છે, તેવી રીતે અલૌકિક તત્ત્વનું રહસ્ય સમજવા માટે વેદની ઉપયોગીતા છે. ઈષ્ટ પ્રાપ્તિ તથા અનિષ્ટ ત્યાગનો અલૌકિક ઉપાય સમજાવતા ગ્રંથ વેદ છે.

વેદનું વેદત્ત્વ તેમાં છે જો પ્રત્યક્ષ અથવા અનુમાન દ્વારા દુર્બોધ તથા અજ્ઞેય ઉપાયનું સ્વયં જ્ઞાન કરાવે. [૪]

વૈદિક યુગમાં વેદ શબ્દ વાઙ્મયના પર્યાયવાચી શબ્દ તરીકે પ્રયુકત થતો. જેવી રીતે આજે શાસ્ત્રોના નામ પર ધર્મશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર આદિ અનેક વિષયોનો બોધ થાય છે.

કાલક્રમે વેદ શબ્દ માત્ર ચાર વેદો – **ऋग्, यजुः, साम, अथर्व** નો સૂચક બન્યો. બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્, ઈત્યાદિ વિષય ભેદની મર્યાદાની અંતર્ગત હોવા છતાં મૂળ વેદથી સર્વથા અલગ કર્યા.

તૈત્તિરીય સંહિતાની ભાષ્યભૂમિકામાં સાયણાચાર્યે સ્પષ્ટીકરણ કર્યું છે, ''જો મંત્ર અને બ્રાહ્મણ બંને વેદ કહેવાય તો બ્રાહ્મણગ્રંથ મંત્રોના વ્યાખ્યાન સ્વરૂપ હતા તો તેમનું સ્થાન મંત્રો પછી આવે.'' [૫]

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના મૂલ્યવાન્ દસ્તાવેજ જેવા વૈદિક સાહિત્યની અંતર્ગત ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ તેમજ બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ સાહિત્યનો સમાવેશ થાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્ મુજબ ઈશ્વરે પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરી લોકના શિક્ષણ માટે એમને વેદ આપ્યા.

### વેદ શબ્દની વ્યુત્પત્તિ :

પ્રાચીન સમયથી શરૂ કરી વર્તમાન સમય સુધી હિન્દુઓનો વેદો પર સમાન વિશ્વાસ છે. વેદ હિન્દુઓનું સૌથી પ્રાચીન અને પવિત્ર પુસ્તક છે. આ પુસ્તક 'કુરાન' જેવું એકમાત્ર ધર્મ પુસ્તક નથી અને 'બાઈબલ' જેવું અનેક મહાપુરુષોની વાણીનો સંગ્રહ માત્ર નથી. તે પૂર્ણ સાહિત્ય છે.

'વેદ' શબ્દની ઉત્પત્તિ પર સંહિતાઓથી પ્રારંભી ઉપનિષદ્, આયુર્વેદ, નાટ્યશાસ્ત્ર, કોશ, કલ્પ અને મનુસ્મૃતિ ઈત્યાદિ ગ્રંથોએ વ્યાપક પ્રકાશ પાડયો છે.

'વેદ' શબ્દ ચાર ધાતુમાંથી નિષ્પન્ન કરી શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| **विद्** | – | **ज्ञाने** | – | પાલન |
| **विद्** | – | **सत्तायाम्** | – | ઉત્પત્તિ |
| **विद्** | – | **लाभे** | – | પ્રાપ્તિ |
| **विद्** | – | **विचारणे** | – | વિચારવું |

અભિનવ ગુપ્ત નાટયશાસ્ત્ર પરની ટીકામાં આ અર્થો આપે છે. 'વિચાર' જ્ઞાન અંતર્ગત આવી જાય. લાભ આનંદનું પરિણામ છે. 'સત્તા' સર્જનની સર્વોપરિતાની વાચક છે.

આ ત્રણે શબ્દો બ્રહ્મના લક્ષણો છે. વેદ શબ્દ બ્રહ્મનો પર્યાયવાચી બને છે. બ્રહ્મ, વિદ્યા અને વેદ એ ત્રણે શબ્દોને પર્યાયરૂપે સ્વીકારવાની ભારતીય પરંપરા હતી.

ઋગ્વેદ ભાષ્ય–ભૂમિકામાં દયાનંદ સરસ્વતીએ વેદ શબ્દનું નિર્વચન આ રીતે કર્યું છે. ''જેનાથી સર્વ મનુષ્યો સત્ય વિદ્યા જાણે છે, પ્રાપ્ત કરે છે, વિચારે છે, વિદ્વાન્ બને છે અથવા સત્યવિદ્યાની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત બને છે, તે વેદ છે.[5]

**'वेद'** શબ્દ **'विद्'** ધાતુ પરથી ઉતરી આવેલ મનાય છે. વૈદિક સંહિતામાં **'वेद'** શબ્દનો પ્રયોગ બે પ્રકારે થાય છે. **वेद** આદ્યુદાત્ત અને **वेद** અંતોદાત્ત. **'विद्'** ધાતુને ભાવ કે અધિકરણના અર્થમાં પ્રત્યય લાગતા 'વેદ' શબ્દ બને છે. ત્યારે આદ્યુદાત્ત સમજવામાં આવે છે.

**वेत्ति येन स वेदः ।** એમ કરણના અર્થમાં क्तक्तक प्रत्यय થાય છે, ત્યારે અંતોદાત્ત થાય છે. **वेद** એમ શ્રી દયાનંદ સરસ્વતી માને છે.

'વેદ' શબ્દ બહુવચનમાં વપરાય છે ત્યારે ઋક્, યજુષ્, સામનો અર્થ દર્શાવે છે, એમ પ્રો. મેકડોનલ માને છે.

'વેદ' શબ્દ 'વિષ્ણુ' અર્થમાં પ્રયોજાયેલો જોવા મળે છે. 'વેદ' શબ્દ જ્ઞાન પરંપરાના મૂળ સ્રોતના અર્થમાં પ્રયોજાયો છે. 'વેદ' નો અર્થ કોઈ એક જ્ઞાન વિશેષ થતો નથી.

'વેદ' શબ્દનો વ્યાકરણ નિષ્પન્ન શાસ્ત્રીય અર્થ 'જ્ઞાન' છે. કારણકે 'વેદ' શબ્દની વ્યુત્પત્તિ જ્ઞાનાર્થક **'विद्'** ધાતુથી થાય છે. જ્ઞાન શબ્દ વ્યાપક અર્થનો પ્રતિપાદક છે.

વેદ કહેવાથી ઈશ્વરીય જ્ઞાન અભિપ્રેત થાય છે. હિન્દુ ધર્મની પરંપરા અનુસાર જેને સૌપ્રથમ ઋષિ–મહર્ષિઓએ શોધ્યું અથવા જેમનો તેમને સાક્ષાત્કાર થયો.

અતઃ એ સ્પષ્ટ થાય છે કે તપઃ પૂત ઋષિમુનિઓ દ્વારા ઈષ્ટ જ્ઞાન જ 'વેદ' શબ્દનું અભિપ્રેત જ્ઞાન છે.

શ્રી અરવિંદની દૃષ્ટિએ વેદ પ્રત્યેની અસીમ શ્રદ્ધાથી જ તેના અર્થ સ્વતઃ ખુલે છે. વેદનો અર્થ રહસ્યાત્મક અને ગૂઢ છે. વેદનો અર્થ યોગ અને તપસ્યા દ્વારા પવિત્ર થયેલા હૃદયમાં સ્ફૂરે છે.

મીમાંસકો અપૌરુષેય વાકયને વેદ કહે છે. મહાભારતમાં વેદ શબ્દ કર્મકાંડના અર્થમાં પ્રયોજાયો છે.

સાયણાચાર્ય મંત્ર અને બ્રાહ્મણના સમૂહને વેદ કહે છે – **मन्त्रब्राह्मणात्मको हि वेदः ।** જેનાથી યજ્ઞયાગ નિષ્પન્ન થાય છે અને તેમાં ઉલ્લિખિત દેવોની સ્તુતિ કરાય છે તેને મંત્ર કહેવામાં આવે છે.

વેદ વસ્તુતઃ એક જ છે. પરંતુ સ્વરૂપ ભેદથી ત્રણ પ્રકારના કહ્યા છે. **ऋक्, यजुः**, **साम** આ ત્રણેનું સામૂહિક નામ **'त्रयी'** કહેવાયું.

**ऋच् –** પ્રાર્થના અથવા સ્તુતિના પર્યાયવાચી છે. **ऋच्यते स्तूयते अनया इति ऋच् ।** અર્થાત્ જે વૈદિક દેવતાઓની સ્તુતિ અથવા પ્રાર્થના સંબંધિત છે તેને **ऋच्** કહે છે. જે મંત્રોમાં અર્થવશાત્ પાદોની વ્યવસ્થા છે તે છન્દોબદ્ધ મંત્રોનું નામ છે, ઋચા કે ઋક્. [૭]

આ ઋગ્વેદનો રચનાકાળ મેકસમૂલર મુજબ ઈ.સ. પૂ. ૧૨૦૦ થી ૧૦૦૦ નો સિદ્ધ થાય છે.

આ ઋગ્વેદનું વિભાજન બે રીતે જોવા મળે છે. (૧) અષ્ટક વિભાગ (૨) મંડલ વિભાગ.

અષ્ટક વિભાગમાં આઠ અષ્ટક છે. અષ્ટકનું અધ્યાયમાં કુલ ૬૪ અધ્યાય, અધ્યાયના વર્ગ કુલ ૨૦૦૬ વર્ગ, વર્ગની મંત્ર સંખ્યા ૧૦૪૭૨ – આ રીતે વિભાજિત છે.

મંડલ વિભાગમાં દસ મંડલ છે. મંડલનું વિભાજન અનુવાકમાં કુલ ૮૫ અનુવાકો, અનુવાકનું સૂકત સંખ્યા, કુલ ૧૦૧૭ સૂક્ત છે.

યજુષ્માં એવા મંત્રોને ક્રમબદ્ધ કર્યા છે, જેમનો વિષય અલગ છે. આ મંત્રોનો વિષય 'પૂજા' હતો. **'यजुष्'** શબ્દની વ્યુત્પત્તિ **यजति यजते वा अनेन इति यज् ।** અર્થાત્ જે મંત્રોમાં પૂજા અર્ચનનું વિધાન વર્ણિત છે, તેને યજુષ્ કહે છે. જે રીતે પ્રથમ **ऋच्** માં કેવળ પદ્યાત્મક મંત્રો જ સંગ્રહીત હતા. તે રીતે દ્વિતીય **'यजुष्'** વર્ગમાં કેવળ ગદ્યાત્મક મંત્રો જ સંકલિત છે. [૮]

**अनियताक्षरावसानो यजुः ।**

તેમાં કુલ ૪૦ અધ્યાય છે. આ અધ્યાયને બે પરંપરામાં વિભાજિત કર્યા છે. (૧) શુકલ યજુર્વેદ (૨) કૃષ્ણ યજુર્વેદ.

ઋષિજન યજ્ઞોના અવસર પર દેવતાઓની પ્રસન્નતા માટે ગીત ગાય છે એ ગીતિરૂપ મંત્રોને 'સામ' કહે છે. [૯]

સામવેદ સંહિતામાં કુલ ૧૮૪૫ મંત્રો જ છે. મોટાભાગના મંત્રો ઋગ્વેદના છે. ૭૫ મંત્રો સામવેદના છે.

કેટલાક મંત્રો એવા હતા, જે 'ત્રયી' માં સમન્વિત થઈ શકતા નથી. તે મંત્રો મારણ, મોહન, ઉચ્ચાટન વિષયક હતા. એવા મંત્રોનું અભિધાન 'અથર્વ' માં થયું. આમ વેદ ત્રણની જગ્યાએ ચાર થયા. પરંતુ વેદોમાં આ ચતુર્ધા વર્ગીકરણમાં અથર્વની સત્તા 'ત્રયી' જેટલી જ સનાતન છે.

અથર્વ શબ્દની વ્યાખ્યા નિરુકત આ પ્રમાણે આપે છે. **अथर्वणोडथर्ववन्तः । थर्व रतिकर्मा तत्प्रतिषेधः ।** [10]

તે અનુસાર **थर्व्** – ચાલવું, **अथर्व** – સ્થિર રહેવું, સ્થિર રહેનારનો વેદ તે અથર્વ.

અથર્વ શબ્દમાં **थर्व्** ધાતુ છે. તેનો અર્થ કુટિલતા કે હિંસાવાચી છે. તેથી તેનો અર્થ અકુટિલતા તથા અહિંસાવૃત્તિ મનને સ્થિરતા પ્રાપ્ત કરાવનાર વ્યકિત એવો થાય.

**'अथरवाणी'** શબ્દનો અર્થ જાદુ કામણ–ટુમણ એવો થાય.

અથર્વવેદના અન્ય નામો પ્રાપ્ત થાય છે. જેમ કે, **ब्रह्मवेद, अथर्वाङ्गिरस्, भृग्वंगिरोवेद ।**

અથર્વવેદમાં કુલ ૨૦ કાંડ, ૭૩૧ સૂકત અને ૫૯૦૮ મંત્રો છે. લગભગ ૧૨૦૦ મંત્રો ઋગ્વેદના છે.

નિરુકત ટીકાકાર દુર્ગાચાર્યનું કથન છે કે વેદ મૂલતઃ એક હતો. આ કઠીન વેદને સુગમ બનાવવા શાખાઓમાં વિભાજિત કર્યો. આ કાર્ય વ્યાસે કર્યું. [11]

કૃષ્ણ દ્વૈપાયનને વેદોનો વ્યાસ કરવાથી વેદવ્યાસ સંજ્ઞા પ્રાપ્ત થઈ. [12]

ભાસ્કર ભટ્ટના કથન મુજબ મૂળ રૂપમાં વેદ મંત્રો એક સાથે હતા. ભગવાન્ વેદ વ્યાસે લોકોપકારાર્થ તેમને વિભાજિત કરી પુનઃ શાખા નિશ્ચિત કરી.

ભાષ્યકાર મહીધર મુજબ બ્રહ્માથી વેદની પરંપરા હતી તેમને ગ્રહણ કરીને વેદ વ્યાસે એ વેદને મંદમતિ મનુષ્યો માટે **ऋक्, यजु, साम** અને **अथर्व ।** આ ચાર ભાગમાં વિભકત કરી એમનો ઉપદેશ ક્રમશઃ પૈલ, વૈશમ્પાયન, જૈમિની અને સુમંતને આપ્યો.

પુરાણોમાં આ બાબતમાં એક નવીન વિચારધારા જોવા મળે છે. વિષ્ણુપુરાણ મુજબ વેદ પ્રારંભમાં જ ચાર અથવા ત્રણ ભાગોમાં વિભકત હતા. વેદ વિભાજન ૨૮ વાર થયું. જેમણે તે વિભાજનનું કાર્ય સમ્પન્ન કર્યું, તેનું નામ વ્યાસ પડયું. મત્સ્ય પુરાણ પણ આ વાતને અનુમોદન આપે છે. [13]

આ બાબત પરથી નિષ્કર્ષ તારવી શકાય કે વેદમંત્રો મૂળ સ્થિતિમાં એકબીજા સાથે સગંઠિત હતા. કાલાન્તરે તેમને ચાર ભાગોમાં વિભકત કર્યા. બીજી વાત એ કે વેદ ચાર હતા, ન ચારથી ઓછા કે ન ચારથી વધારે.

પુરાણોના સાક્ષ્યોને છોડીને વેદ ચાર હતા એમ માનવામાં આવે છે. પુરાણોનું કથન અસત્ય ન ઠરાવી શકાય. પરંતુ તેમને માટે સમીક્ષાની આવશ્યકતા છે.

### વૈદિક સાહિત્ય :

વેદના મુખ્યતઃ બે વિભાગ છે. (૧) સંહિતા (૨) બ્રાહ્મણ [14]

જિતેન્દ્ર દેસાઈ વૈદિક સાહિત્યના ત્રણ વિભાગ કહે છે. (૧) સંહિતા (૨) બ્રાહ્મણ (૩) આરણ્યક તથા ઉપનિષદ્. આ ત્રણે સાહિત્યિક વિભાગો પોતપોતાની રીતે સ્વતંત્ર હોવા છતાં શ્રૃંખલાબદ્ધ છે. [૧૫]

મંત્રોના સમુદાયને સંહિતા કહે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં વેદ મંત્રોની વિસ્તૃત વ્યાખ્યા છે. પરંતુ વિશેષતઃ યજ્ઞયાગનું સવિસ્તર વર્ણન તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે. બ્રાહ્મણના ત્રણ ભાગ છે. (૧) બ્રાહ્મણ (૨) આરણ્યક (૩) ઉપનિષદ્

## (૧) સંહિતા :

વેદ વસ્તુતઃ એક છે પરંતુ સ્વરૂપ ભેદને કારણે તેના ચાર પ્રકાર છે. યાસ્ક મુજબ મંત્રોના સમૂહને 'સંહિતા' કહે છે. સંહિતા એટલે અત્યંત સામીપ્ય.

ચાર વેદોના યજ્ઞકર્મ માટે ચાર ઋત્વિજોની આવશ્યકતા રહે છે.

ઋગ્વેદની ઋચાઓનો પાઠ કરી તે સંબંધિત દેવતાઓનું યજ્ઞમાં આહ્વાન કરવાનું કાર્ય કરનાર ઋત્વિજ્‌ને 'હોતા' કહેવાય છે. સામવેદના મંત્રોનું ગાન કરનાર ઋત્વિજ્‌ને 'ઉદ્‌ગાતા', યજુર્વેદના ઋત્વિજ્‌ને અધ્વર્યું. અથર્વવેદના ઋત્વિજ્‌ને બ્રહ્મા કહેવામાં આવે છે.

વેદવ્યાસ દ્વારા સંકલન પામેલી વેદ સંહિતાઓના મંત્ર વ્યવસ્થામાં કાળક્રમે જન્મેલા ઋષિઓએ ફેરફાર કર્યા. તેમણે પોતાના ગોત્ર અને શાખા અનુસાર સંહિતાની રચના કરી. પરિણામે ચાર વેદોની અનેક શાખાઓ રચાઈ.

મહાભાષ્ય અનુસાર ઋગ્વેદની ૨૧ શાખાઓ, સામવેદની ૧૦૦૦ શાખાઓ, યજુર્વેદની ૧૦૧ શાખાઓ અને અથર્વવેદની ૯ શાખાઓ હતી.

પરંતુ આજે ઋગ્વેદની શાકલ, બાષ્કલ, આશ્વલાયન, માંડૂકાયન, શાંખાયન. આ શાખામાંથી માત્ર 'શાકલ' શાખા જ મળે છે.

શુકલ યજુર્વેદની માધ્યંદિન અને કાણ્વ તેમજ કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય, મૈત્રાયણી, કાઠક અને કઠ શાખા મળે છે.

સામવેદની રાણાયણીય, કૌથુમી અને જૈમિનીય શાખા ઉપલબ્ધ છે.

અથર્વવેદની પિપ્પલાદ અને શૌનક શાખા પ્રાપ્ત થાય છે.

## (૨) બ્રાહ્મણ સાહિત્ય :

'બ્રહ્મ' શબ્દ અનેક અર્થમાં વપરાય છે, જેનો એક અર્થ 'મંત્ર' થાય છે. **ब्रह्म वै मन्त्रः ।** [૧૬]

વેદમાં નિર્દિષ્ટ મન્ત્રને બ્રાહ્મણ કહે છે. વૈદિક મંત્રોની વ્યાખ્યા કરનાર આ સાહિત્યને બ્રાહ્મણ નામ મળ્યું છે.

બ્રહ્મ શબ્દનો અર્થ 'યજ્ઞ' પણ થાય છે. વિસ્તાર કરવાને કારણે યજ્ઞ બ્રહ્મ તથા વિતાન શબ્દ દ્વારા વ્યકત કરવામાં આવે છે. આ વ્યુત્પત્તિ મુજબ યજ્ઞના કર્મકાંડની વ્યાખ્યા તથા વિવરણ કરવાનું કાર્ય બ્રાહ્મણ સાહિત્ય કરે છે.

બ્રાહ્મણગ્રંથ પ્રધાનતઃ કર્મકાંડ વિષયક છે તે ઉપરાંત તેમાં પ્રાચીન ઋષિ વંશોની કથા અને વિશ્વ સંબંધી વિચાર વર્ણિત છે. પ્રત્યેક વેદ સંબંધિત અલગ–અલગ બ્રાહ્મણ છે.

ઋગ્વેદના ઐતરેય અને કૌષીતકિ, શુકલ યજુર્વેદના બ્રાહ્મણનું નામ 'શતપથ' સામવેદના બ્રાહ્મણ ગ્રંથોમાં પંચવિંશ જ મુખ્ય છે. અથર્વવેદના બ્રાહ્મણનું નામ ગોપથ છે.

### (૩) આરણ્યકો :

વિષય પ્રતિપાદનની દષ્ટિએ બ્રાહ્મણ અને આરણ્યક બંનેમાં ભેદ નથી. આરણ્યક વસ્તુતઃ બ્રાહ્મણ ગ્રંથોનો જ અંશ છે. અરણ્યમાં અધ્યયન કરવામાં આવતા આ ગ્રંથોને આરણ્યકો કહેવામાં આવે છે.

આરણ્યકોનો મુખ્ય વિષય યજ્ઞ નથી. પરંતુ યજ્ઞયાગની અંતર્ગત રહેલી અધ્યાત્મ વિદ્યાની જાણકારી છે. પ્રાણવિદ્યાનું પ્રતિપાદન આરણ્યકોનું આગવું પ્રદાન છે.

## (૪) ઉપનિષદ્ પરિચય :

વૈદિક સાહિત્યના અંતિમ ભાગમાં હોવાથી ઉપનિષદોને 'વેદાન્ત' એવું નામ આપવામાં આવ્યું છે. ઉપનિષદ્ બ્રહ્મવિદ્યાના પ્રતિપાદક છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં ગંગોત્રી સમા ઉપનિષદો આધ્યાત્મિક રહસ્યોને ઉકેલવાની મથામણમાં પડેલા ગ્રંથો છે.

વેદાન્ત દર્શનના ત્રણ પ્રસ્થાન ગ્રંથો છે. ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્ર. ઉપનિષદ્ શ્રવણાત્મક, ગીતા નિદિધ્યાનાત્મક અને બ્રહ્મસૂત્ર મનનાત્મક છે.

### ઉપનિષદ્ શબ્દાર્થ :

ઉપનિષદ્ શબ્દનો અર્થ પ્રાચીન ટીકાકાર જુદી–જુદી રીતે આપે છે.

કઠોપનિષદ્ તથા તૈત્તિરીય ઉપનિષદ્ પરના ભાષ્યના ઉપોધ્ઘાતમાં શ્રી શંકરાચાર્ય **'उपनिषद्'** શબ્દને **उप** અને **नि** ઉપસર્ગયુક્ત **सद्** ધાતુમાંથી નિષ્પન્ન થયાનું માને છે. **'सद्'** ધાતુના અર્થ છે, **विशरण** – નાશ થવો, **'गति'** – મેળવવું કે જાણવું, **अवसादन** – શિથિલ થવું.

ઉપનિષદ્ મુખ્ય તથા બ્રહ્મવિદ્યાના દ્યોતક છે. આ વિદ્યાના અનુશીલનથી મુમુક્ષુઓની સંસાર બીજરૂપ અવિદ્યા નાશ **(विशरण)** પામે છે. આ વિદ્યા બ્રહ્મની પ્રાપ્તિ **(गति)** કરાવે છે, આ વિદ્યાથી મનુષ્યના ગર્ભવાસ આદિ દુઃખ દૂર **(अवसादन)** થાય છે.

આ દષ્ટિએ **'उपनिषद्'** શબ્દનો અર્થ થયો જે વિદ્યા સમસ્ત અનર્થોને ઉત્પન્ન કરનારી સાંસારિક ક્રિયા કલાપોનો નાશ કરે છે. જેનાથી સંસારના કારણભૂત અવિદ્યાથી બંધન શિથિલ થઈ જાય અથવા સમાપ્ત થઈ જાય અને જેના દ્વારા બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તે ઉપનિષદ્ વિદ્યા ઉપનિષદોનો પ્રતિપાદ્ય વિષય છે. **उपनिषदति सर्वानर्थकसंसारं विनाशयति संसारकारणभूतामविद्यां च शिथिलयति च ब्रह्म च गमयति इति उपनिषद् ।**

અથવા **उप** – વ્યવધાન રહિત, **नि** – સંપૂર્ણ, **सद्** – જ્ઞાનના પ્રતિપાદક ઉપનિષદ્ છે. અર્થાત્ તે સર્વોત્તમ જ્ઞાન જે જ્ઞેયથી અભિન્ન દેશ, કાલ, વસ્તુથી રહિત, પરિપૂર્ણ બ્રહ્મ જ ઉપનિષદ્ શબ્દનું અભિપ્રેત જ્ઞાન છે.

આપ્ટે અનુસાર ઉપનિષદ્ શબ્દની વ્યુત્પત્તિની દષ્ટિએ જે અર્થ પ્રચલિત છે તે મુજબ **उप** – પાસે, **नि** – નિષ્ઠાપૂર્વક, **सद्** – બેસવું. અર્થાત્ ગુરુ પાસે બેસીને નિષ્ઠાપૂર્વક મેળવવાની રહસ્ય વિદ્યા. [૧૭]

આપ્ટે મુજબ ઉપનિષદ્ શબ્દ સ્ત્રીલિંગ છે.

પશ્ચિમના વિદ્વાનો ઉપનિષદ્ શબ્દના વિવિધ અર્થો આપે છે –

**ડોયસન** – ‘રહસ્યમય શબ્દ’ અને ‘રહસ્યમય પાઠ’ એવો અર્થ કરે છે.

**ઓલ્ડેનબર્ગ** – ઉપનિષદ્‌નો અર્થ ‘ઉપાસના’ કરે છે.

૧૩ મી સદીના દારાશિકોહ તથા ૧૯ મી સદીના જર્મન દાર્શનિક શોપેનહાવર તથા મહાકવિ ગેટેએ પોતાના ગ્રંથોમાં ઉપનિષદોની વિશેષ પ્રશંસા કરી તેમજ તાત્ત્વિક વિચારના મૂળ આશ્રય તરીકે ઓળખાવ્યા છે.

ઉપનિષદોની સંખ્યા વિશે મતભેદ છે. મુક્તિકોપનિષદ્ અનુસાર ૧૦૮ ઉપનિષદો છે, જેમાંથી ૧૦ ઋગ્વેદના, ૧૯ શુક્લ યજુર્વેદના, ૩૨ કૃષ્ણ યજુર્વેદના, ૧૬ સામવેદના, ૩૧ અથર્વવેદ સાથે સંબંધિત છે. પરંતુ ઉપનિષદોની સંખ્યા તેનાથી પણ અધિક છે.

અડયાર લાયબ્રેરી (મદ્રાસ) થી લગભગ ૬૦ અપ્રકાશિત ઉપનિષદોનો એક સંગ્રહ પ્રકાશિત થયો. તેમાં ‘છાગલેય’ વગેરે ૪ (ચાર) ઉપનિષદ્‌નો સમાવેશ છે. આ ઉપનિષદોનો અનુવાદ દારાશિકોહની આજ્ઞાથી ફારસી ભાષામાં કરવામાં આવ્યો હતો. [૧૮]

શ્રી શંકરાચાર્યે જે દશ ઉપનિષદો પર ભાષ્ય લખ્યું છે, તેમને પ્રાચીનત્તમ અને પ્રમાણિત માનવામાં આવે છે –

**ईश केन कठ प्रश्न मुण्डक माण्डूक्य तित्तिरिः ।**

**ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥**

આ ક્રમ મુક્તિકોપનિષદ્ અનુસાર આપવામાં આવ્યો છે.

આ ઉપનિષદોનો રચનાકાળ નિશ્ચિત કરવો કઠીન છે. ઉપનિષદો ઈ.સ. પૂ. ૬૦૦ પહેલા રચાઈ ગયા હોય એમ લાગે છે.

પ્રો. એ.બી. કીથ ઉપનિષદોનો રચનાકાળ ઈ.સ. પૂ. ૫૦૦ પહેલાનો ગણે છે.

ડો. રાધાકૃષ્ણન્ ઉપનિષદોનો સમય ઈ.સ. પૂ. ૮૦૦ થી ઈ.સ. પૂ. ૩૦૦ ની વચ્ચેનો માને છે.

# ઋગ્વેદનાં આખ્યાનો

ઋગ્વેદમાં અનેક આખ્યાનો છે તેમાંથી અમુક આખ્યાનો સામૂહિક ઘટનાને લક્ષ્ય બનાવે છે. અનન્તર યુગોથી આખ્યાન પરિસ્થિતિના પરિવર્તન અથવા નવીન યુગની નવીન કલ્પનાના પ્રભાવથી પરિવર્તિત થતા દષ્ટિગોચર થાય છે.✓

આ પ્રમાણે ઋગ્વેદના અનેક આખ્યાન બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, સૂત્ર–ગ્રંથો, રામાયણ–મહાભારત તથા પુરાણોમાં કથાવસ્તુના વિષયમાં વિશેષરૂપે વિકસિત અને પરિવર્તિત રૂપે જોવા મળે છે. આ વિકાસ પર તત્કાલીન ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિઓના પ્રભાવ સ્પષ્ટરૂપે જોઈ શકાય છે.

ઋગ્વેદમાં પ્રમુખ અને વિવાદાસ્પદ ૩૦ થી ૩૫ આખ્યાનો છે. [૧૯]

# (૧) શુનઃ શેપાખ્યાન

શુનઃ શેપાખ્યાન ઋગ્વેદના ૧–૨૪–૩૦ સૂકતમાં જોઈ શકાય છે. ઐતરેય બ્રાહ્મણમાં (૭/૩) આ આખ્યાન વિસ્તારથી વર્ણવેલ છે. મંત્ર દષ્ટા ઋષિના રૂપમાં આજીગર્ત શુનઃ શેપનો ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણની આ કથાને આધારે કર્યો છે.✓

હરિશ્ચન્દ્રોપાખ્યાન વૈદિક સાહિત્યનું અમૂલ્ય રત્ન છે.

રાજા હરિશ્ચન્દ્રે વરુણદેવને પુત્ર પ્રાપ્તિની પ્રાર્થના કરી અને પ્રતિજ્ઞા કરી કે પુત્ર પ્રાપ્ત થતા તે આપને સમર્પિત કરીશ. પરંતુ પુત્ર પ્રાપ્ત થતા પુત્ર મોહને કારણે પ્રતિજ્ઞાનું પાલન કરતા નથી. અન્તતોગત્વા કોઈ અન્ય ઉપાય ન રહેતા રોહિત પોતાની મુકિત માટે અજીગર્ત બ્રાહ્મણ પાસે સો ગાયોના બદલામાં બલિ માટે તેમના પુત્ર શુનઃ શેપનો ક્રય કરે છે.

યજ્ઞના બલિ સમયે યજ્ઞ સ્તંભ પર બાંધવા માટે કોઈ તૈયાર ન થતા અજીગર્ત અન્ય સો ગાયોના બદલામાં આ કાર્ય કરવા તૈયાર થયા. અન્ય સો ગાયો દ્વારા વધ કરવા માટે ખડ્ગ લઈને તૈયાર થયા.

આ જોઈને શુનઃશેપ સ્તુતિ કરવા લાગ્યો, જેથી તે બંધન મુકત થઈ શકે. સર્વપ્રથમ પ્રજાપતિની સ્તુતિ કરતા કહે છે.

કયા અમૃત તત્ત્વો જાણી પરમેશ્વરના સુંદર નામને અમે જાણીએ ? કોણ મહતી અદિતિને પ્રાપ્ત કરાવે ? જેનાથી અમે માતા–પિતાને જાણી શકીએ ? [૨૦]

પ્રજાપતિ સર્વ દેવોમાં નિકટ છે.

તત્પશ્ચાત્ તે અગ્નિની સ્તુતિ કરે છે.

અમે અમૃત તત્ત્વમાં પ્રથમ એવા અગ્નિદેવનું મનન કરીએ, તે અમને મહાન અદિતિ પ્રાપ્ત કરાવશે. જેનાથી અમે માતા–પિતાને જોઈ શકીએ. [૨૧]

અગ્નિદેવ સવિતાની સ્તુતિ માટે કહે છે તે સવિતાદેવની સ્તુતિ કરે છે. તૃતીય, ચતુર્થ અને પંચમ ઋચામાં સવિતા દેવની સ્તુતિ છે.

સવિતાદેવ વરુણ દ્વારા બંધાયેલ હોવાથી તેની સ્તુતિ કરો. આ સૂકતની શેષ દસ ઋચાઓ અને આગળના સૂકત ૧/૨૫ દ્વારા વરુણની ઉપાસના કરતા અંતિમ ઋચામાં કહે છે.

''હે વરુણદેવ ! અમારા દીર્ઘ જીવન માટે અમારા ઉત્તમ, મધ્યમ અને અધમ બંધનોનો નાશ કરો.'' [૨૨]

વરુણ પ્રત્યુત્તર આપતા કહે છે – ''અગ્નિદેવોનું મુખ છે. તમે તેમની સ્તુતિ કરો. તત્પશ્ચાત્ તને મુકત કરીશું. આ રીતે ૧/૨૬ થી ૧/૨૭/૧૨ સુધી અગ્નિની સ્તુતિ છે.''

અગ્નિ તેને વિશ્વદેવાની સ્તુતિ કરવા સૂચવે છે. વિશ્વદેવે કહ્યું, ઈન્દ્ર સૌથી મહાન છે. તેમની સ્તુતિ કરો. શુનઃશેપ ૧/૨૯ થી ૧/૩૦/૧૫ સુધી ઈન્દ્રની સ્તુતિ કરી.

ઈન્દ્રે પ્રસન્ન થઈ શુનઃશેપને સુવર્ણરથ આપ્યો. તેમણે પુનઃ ઈન્દ્રની સ્તુતિ કરી. ઈન્દ્ર અશ્વિનૌની સ્તુતિ કરવા કહે છે. ૧/૩૦/૧૭, ૧૮, ૧૯ મા અશ્વિનૌની સ્તુતિ આવે છે.

અશ્વિનૌના નિર્દેશાનુસાર ત્રણ ઋચાઓમાં ઉષાની સ્તુતિ આવે છે. ૧/૩૦/૨૦, ૨૧, ૨૨.

આ સ્તુતિ દ્વારા શુનઃશેપ બંધન મુકત થઈ ગયો. ઋત્વિજો પ્રસન્ન થઈ રાજસૂયના સોમસવનની વિધિ શુનઃશેપને પૂછવા લાગ્યા. શુનઃશેપ ૧/૨૮ દ્વારા વિધિ સ્પષ્ટ કરે છે.

શુનઃશેપ કોનો પુત્ર ? તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો. સુયવસ્ અજીગર્તે શુનઃશેપનો ત્રણસો ગાયોમાં વિક્રય કર્યો. આથી તે વિશ્વામિત્રનો પુત્ર બન્યો. શુનઃશેપ સ્વયં તેના પિતાને આ વાત કહે છે. અંતે વિશ્વામિત્રે તેમના એકસો એક પુત્રોમાં સૌથી જયેષ્ઠ પુત્ર તરીકે શુનઃશેપને સ્વીકાર્યો અને દેવરાત તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

આ આખ્યાનમાં ઋગ્વેદની ૧૦૦ થી અધિક ઋચાઓનો સંદર્ભ આપ્યો છે. તે રાજસૂય યજ્ઞમાં શુનઃશેપનો વિનિયોગ પણ આ આખ્યાનના સમાપનમાં દર્શાવ્યો છે. રાજસૂય યજ્ઞના અભિષેચનીય નામના કર્મમાં આ આખ્યાન કહી સંભળાવે છે. હોતાએ સુવર્ણના તારથી નિર્મિત ગાદી પર બેસી આખ્યાન કથન કરવું જોઈએ અને રાજાએ સુવર્ણના તારની ગાદી પર બેસી આખ્યાન શ્રવણ કરવું જોઈએ.

તેની ફલશ્રુતિ એ છે કે આખ્યાન શ્રવણ કરવાથી રાજા યશસ્વી બને.

શુનઃશેપાખ્યાન અનેક રીતે ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો આ આખ્યાનમાં નરમેધની અસંસ્કારી પ્રણાલિકાના સૂચનો નિહાળે છે. જો કે આ એમને પક્ષે થયેલી ગેરસમજ છે. આ અર્થઘટનનું ભારતીય વિદ્વાનોએ ખંડન કર્યું છે.

બ્રાહ્મણકાળના પ્રારંભિક તબક્કામાં યજમાન અને દેવ વચ્ચેનો સંબંધ લોક વ્યવહાર જેવો પારસ્પરિક આદાન–પ્રદાનનો હતો એવું સૂચિત થાય છે.

વરુણે હરિશ્ચન્દ્રને પુત્ર પ્રદાન કર્યો બદલામાં વરુણને બલિયાગની અપેક્ષા છે. સમગ્ર જીવસૃષ્ટિમાં જીવનના સાતત્ય માટે પુત્ર પ્રાપ્તિની અનિવાર્યતા આ આખ્યાનના પાયામાં રહેલી છે.

મનુષ્ય પ્રકૃતિ સ્વાર્થ સાધી લઈ છલ કરવાની છે. હરિશ્ચન્દ્રનું પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય, સ્વાર્થ વગેરે વરુણને આપેલા વરદાનને સાર્થક કરતા રોકે છે. સંતાન પ્રત્યેનો સંબંધ વાત્સલ્ય મહાભારતના ધૃતરાષ્ટ્ર સુધી લંબાયેલ છે.

નારદે હરિશ્ચન્દ્ર સમક્ષ વર્ણવેલ પુત્ર માહાત્મ્યની ચરિતાર્થતા કથાના સમાપનમાં દેખાય છે.

મનોવૈજ્ઞાનિક દષ્ટિએ આ આખ્યાનનું પૃથક્કરણ કરીએ તો રસપ્રદ સૂચનો મળે છે. અજીગર્ત ઋષિ અને રાજા હરિશ્ચન્દ્ર બંને પિતા છે. પરંતુ સામસામા અંતિમો પર ઊભેલા છે. અજીગર્ત દ્રવ્યલોભે પુત્રનો વિક્રય કરે છે. જ્યારે હરિશ્ચન્દ્ર પુત્રના રક્ષણ માટે વરુણ સાથે બાથ ભીડે છે. અજીગર્તને ત્રણ પુત્રો છે. તેથી તે એકનો વિક્રય કરવા તૈયાર થયા. માતા–પિતાને મન સર્વ સંતાન સમાન એવી આપણી માન્યતાનું શું ? માતા–પિતાનું મનોવૈજ્ઞાનિક વલણ આજે પણ નાના–મોટાને વહાલા અને વચ્ચેનાની ઉપેક્ષા કરવાનું નથી દેખાતું ?

વિશ્વામિત્ર શુનઃશેપનો જયેષ્ઠ પુત્ર તરીકે સ્વીકાર કરે છે અને પોતાનો વારસદાર ગણાવે છે. તેમાં કેટલાક પુત્રોનો વિરોધ આ આખ્યાનને સમાજશાસ્ત્રીય પરિમાણ અર્પે છે. પણ સાથે–સાથે ઔરસ્ પુત્રોની પિતા દ્વારા પોતે ઉપેક્ષિત થયા હોવાની જે માનસિક લાગણી છે તે અભ્યાસનો વિષય બની શકે તેટલી આધુનિક લાગે છે.

શુનઃશેપની માનસિકતા આ આખ્યાનમાં સૌથી મહત્ત્વનું અધ્યયનબિંદુ બની શકે તેમ છે. માતા–પિતાની સ્વાર્થવૃત્તિ જોઈને તેને જે મૂલ્ય બોધ થાય છે તે આ આખ્યાને નવદીક્ષાની કથા બનાવે છે. જન્મદાતા દ્વારા દાખવેલી સ્વાર્થવૃત્તિ સામેની તેની પ્રતિક્રિયા તીવ્ર છે.

શુનઃશેપને પ્રાપ્ત થયેલી આ નવદીક્ષાની કથા પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં ‘મધ્યમવ્યાયોગ’ નાટકરૂપે મળે છે.

આ કથા ઋગ્વેદ ઉપરાંત ઐતરેય બ્રાહ્મણ, શ્રીમદ્ ભાગવત મહાપુરાણ, મહાભારત અનુશાસન પર્વ, દેવી ભાગવત અને રામાયણમાં ઉલ્લિખિત છે.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં આ કથા અલ્પ તફાવત સાથે આવે છે. હરિશ્ચન્દ્રને વશિષ્ઠ વારંવાર આશ્વાસન આપે છે જે વાત બ્રાહ્મણ ગ્રંથમાં નથી. વસિષ્ઠના આદેશથી શુનઃશેપ અરણ્યમાં ગયો. બ્રાહ્મણગ્રંથે કહ્યું છે કે શુનઃશેપ મૃત્યુના ભયથી અરણ્યમાં ચાલ્યો ગયો ત્યાં ઈન્દ્રના આદેશાનુસાર ફરતો રહ્યો.

શુનઃશેપના બદલામાં વિશ્વામિત્રે તેમના પચાસ પુત્રોમાંથી કોઈ એકની બલિ ચઢાવવાની તૈયારી કરી. પરંતુ વિશ્વામિત્રના પુત્રએ અસ્વીકાર કર્યો. આ વાત ભાગવત પુરાણમાં કહેલ છે. ઐતરેય બ્રાહ્મણમાં કયાંય ઉલ્લેખ મળતો નથી.

ઐતરેય બ્રાહ્મણના આ આખ્યાનનો નિષ્કર્ષ એ છે કે સદાચારના માર્ગે ચાલતા રહેવું. નિરંતર પુરુષાર્થ કરો. **चरैवेति – चरैवेति** – સદાચારનો શાશ્વત સંદેશ છે.

શુનઃશેપ આખ્યાનના આરંભમાં રાજા હરિશ્ચન્દ્રના પુત્ર સાથે તથા કથાન્તમાં ઋષિ વિશ્વામિત્ર સાથે સંબંધ નવીનરૂપ ધારણ કરે છે. શુનઃશેપના અન્ય ભાઈઓ, તેમના પિતાની દરિદ્રતા, તેનો વિક્રય આદિ ઘટના કથાનકમાં રોચકતા લાવવા માટે પાછળથી ઉમેરી હોય તેવું લાગે છે.

શુનઃશેપનો અર્થ શુનઃ સુખ, કલ્યાણ તથા શેપ – સ્તંભ. અર્થાત્ કલ્યાણ સ્તંભ. આ રીતે આ કથા વરુણ પાશથી મુકિત તથા કલ્યાણના માર્ગને પ્રશસ્ત બનાવે છે.

# (૨) અગત્સ્ય અને લોપામુદ્રા આખ્યાન

ઋગ્વેદના ૧/૧૭૯ માં અગત્સ્ય અને લોપામુદ્રાની કથા આવે છે.✓

આ કથામાં સુસંતાન ઉત્પત્તિની આવશ્યકતા એવં મર્યાદાનો ઉલ્લેખ કર્યો છે. ઋષિ દંપતી લોપામુદ્રા અને અગત્સ્ય વચ્ચે થયેલ સંવાદ આનો આધાર છે.

ઋષિઓએ પરિપકવ શારીરિક એવં માનસિક સ્થિતિ પ્રાપ્ત કરી દંપતીએ આવશ્યકતાનુસાર સંતાનોત્પત્તિનો નિર્દેશ કર્યો છે. પતિ–પત્નીની શારીરિક–માનસિક સ્થિતિનું પરીક્ષણ કર્યા પછી ગર્ભાધાન સંસ્કાર કરાવાય છે. પરિપકવતા લાવવા વિશેષ તપ પણ કરાવાય છે. તેનું ઉદાહરણ દિલીપ દ્વારા સપત્નીક ગુરુ આશ્રમમાં રહી તપ કરવાથી રઘુની પ્રાપ્તિ, ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારા બદ્રિકાશ્રમમાં તપ કરવાથી પ્રદ્યુમ્ન જેવા પુત્રની પ્રાપ્તિની કથા સર્વવિદિત છે.

સંતાનોત્પાદનના યજ્ઞીય અનુશાસનનો ઉલ્લેખ આ સૂકતમાં છે.

લોપામુદ્રા કહે છે, અમે દિવસ–રાત શ્રમનિષ્ઠ રહ્યા. વૃદ્ધાવસ્થા શારીરિક ક્ષમતાને ક્ષીણ કરે છે. તેથી શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ માટે સમર્થ પુરુષ પત્નીની સમીપ જાય. એક રીતે અત્રે ભોગ–વિલાસના રૂપમાં પત્નીની સમીપ જવાનો નિષેધ છે.

પૂર્વકાળમાં જે સત્યની સાધના માટે પ્રવૃત્ત ઋષિઓએ ઉપર્યુકત સમય પર સંતાનોત્પાદનનું કાર્ય કર્યું. શ્રેષ્ઠ વ્યકિતત્વવાળી વ્યકિતઓથી સમાજમાં શ્રેષ્ઠ સંસ્કારયુકત નવી પેઢી પ્રાપ્ત થાય છે. તેથી શ્રેષ્ઠ વ્યકિતત્વવાનોને સંતાન ઉત્પન્ન કરવાની પ્રેરણાનો ઉલ્લેખ કર્યો છે.

પ્રથમ મંત્રમાં વૃદ્ધાવસ્થા વિષે કહ્યું છે, દ્વિતીય ઋચામાં દામ્પત્ય ધર્મની વાત છે. તૃતીય મંત્રમાં દંપતીની અભિલાષા સંતાનોત્પત્તિ અને યુદ્ધમાં વિજયની વર્ણવી છે.

ચતુર્થ ઋચામાં સંભોગ વર્ણન છે. તદ્પશ્ચાત સોમ દેવતાની સ્તુતિ કરી છે. અંતિમ ઋચામાં દામ્પત્ય ધર્મની વિવેચના કરી છે. કોદાળીથી ખોદતા લોકો જેમ અન્ન મેળવે છે, તેમ બળ અને સંતાન ઈચ્છતા નિર્દોષ

ઋષિ તેજસ્વી અને પુષ્ટ હોય છે. દેવતાઓના સાચા આશીર્વાદ મળે છે તે બંને પતિ–પત્ની અન્યોન્યને પ્રેમ કરે.

સંતાનોત્પત્તિ માટેની સ્તુતિ ઋગ્વેદમાં અનેક સ્થળે જોવા મળે છે. તેના આખ્યાનો પણ આપ્યા છે. શુનઃશેપાખ્યાન તેનું દષ્ટાંત છે. આ આખ્યાનમાં હરિશ્ચન્દ્રને પુત્રથી થતાં લાભ નારદ દ્વારા કહ્યા છે. હરિશ્ચન્દ્રની પ્રતિજ્ઞામાં પોતાના પુત્ર દ્વારા વરુણદેવનું યજન તે પુત્રની લાલસા દર્શાવે છે.

## (૩) દધ્યઙ્ઙ આખ્યાન

ઋગ્વેદમાં દધ્યઙ્ઙ ઋષિનો ઉલ્લેખ ૧/૮૪, ૧૩, ૧૪ [૨૩], ૧/૧૧૬/૧૨ [૨૪], ૧/૧૧૭/૨૨ [૨૫], ૬/૧૬/૧૪ [૨૬], ૧૦/૪૮/૨ [૨૭] માં છે.✓

આ મંત્રોમાં ઈન્દ્ર દ્વારા દધ્યઙ્ઙના અસ્થિઓથી વૃત્રવધ અને અશ્વસિરયુકત દધ્યઙ્ઙ દ્વારા અશ્વિનોને મધુવિદ્યાનો ઉપદેશ આ બે ઘટનાનો ઉલ્લેખ છે, જે નીચે મુજબ છે –

એકવાર દેવરાજ ઈન્દ્રે તપોવન નિવાસી મહર્ષિ દધ્યઙ્ઙ આથર્વણને કહ્યું – 'હું આપનો અતિથિ છું, મારો મનોરથ પૂર્ણ કરો.'

મહર્ષિને સ્વપરિચય આપતા ઈન્દ્રે કહ્યું, ''પ્રથમ મનોરથપૂર્ણની સ્વીકૃતિ આપો તો હું પરિચય આપું.'' મહર્ષિની સ્વીકૃતિ પ્રાપ્ત થતા ઈન્દ્રે કહ્યું – ''આ પૃથ્વી પર આપ સમાન અન્ય બ્રહ્મવેત્તા નથી. પરમતત્ત્વનું ગૂઢ રહસ્ય સમજાવી મને કૃતકૃત્ય કરો.''

મહર્ષિ દધ્યઙ્ઙ ઈન્દ્રનું વચન સાંભળી ચિંતિત થઈ ગયા. કારણ કે તેઓ વચન આપી ચૂકયા હતા અને જો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે તો અનધિકારીને શિક્ષાપ્રદાન નો દોષ લાગે.

શિક્ષા યોગ્ય વ્યકિતને પ્રદાન કરવાથી ફળવતી બને છે. આ ગુણ ઈન્દ્રમાં નથી કારણ કે ઈન્દ્રના મનમાં કામવાસના તથા શત્રુમર્દનની લાલસા પડી છે. તદન્તર મહર્ષિએ શિક્ષા પ્રદાન કરતા શ્રેય–પ્રેય, ભોગ–યોગ ઈત્યાદિ વિષયક જ્ઞાન આપતા ઈન્દ્રની શ્વાન સાથે તુલના કરી.

ઈન્દ્ર આ કથન સાંભળી ક્રોધિત થયા પરંતુ ક્રોધ પર સંયમ રાખી બોલ્યા, ''આ વિદ્યાનું જ્ઞાન અન્ય વ્યકિતને આપશો તો હું આપનું મસ્તક ઉડાવી દઈશ.''

અલ્પકાળ પશ્ચાત્ મહર્ષિ દધ્યઙ્ઙને અશ્વિનીકુમારોએ વિનંતિ કરી કે – 'અમને મધુવિદ્યાનો ઉપદેશ આપો.'

પુનઃ મહર્ષિ મુશ્કેલીમાં આવી પડયા. અધિકારી વ્યકિતને જ્ઞાન વંચિત રાખવી મહા અપરાધ છે. પરંતુ ઈન્દ્રના અભિશાપની અવગણના થઈ શકે નહીં. અશ્વિની કુમારોને ઈન્દ્રના અભિશાપની ઘટના કહી. અશ્વિનીકુમારોએ સંજીવની વિદ્યા દ્વારા મસ્તક ધડમાં જોડી દેવાનું વચન આપ્યું.

અશ્વિનીકુમારોની વાણીથી આશ્વસ્ત થઈ મહર્ષિએ ઉપદેશનો પ્રારંભ કર્યો.

ગર્વિષ્ઠ ઈન્દ્રને આ સમાચાર પ્રાપ્ત થયા. ઈન્દ્રે તત્કાળ દધ્યઙ્ગના મસ્તક પર વજ્ર પ્રહાર કરી છેદી નાખ્યું.

અશ્વિનીકુમારોના વચનાનુસાર મહર્ષિનું મસ્તક છેદીને એક બાજુ મૂકયું હતું. તે ઋષિના ધડ સાથે જોડી દીધું.

આ વૃત્તાંત સાંભળી ઈન્દ્રને પશ્ચાતાપ થયો. તેમણે મહર્ષિની ક્ષમા માંગી.

મહર્ષિએ ક્ષમા આપતા કહ્યું – 'રાજર્ષિ ! હું અનધિકારીને વિદ્યાદાનથી તત્ક્ષણ પરાઙ્મુખ બની ગયો હતો. પરંતુ આપના આગ્રહવશ મધુવિદ્યાનો ઉપદેશ કર્યો. ગર્વશાળી વ્યકિત જ્ઞાનયોગ્ય હોતી નથી. પશ્ચાત્તાપને કારણે તારો અપરાધ નષ્ટ થયો છે. મારું અશ્વશિર શર્મણા નામના જળાશયમાંથી શોધી કાર્ય સિદ્ધ કરો.'

ઋષિના ઉપદેશાનુસાર અશ્વશિરથી ઈન્દ્રે શસ્ત્ર બનાવી શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો.

પ્રસ્તુત કથા ઋગ્વેદ ઉપરાંત શતપથ બ્રાહ્મણ ૧૪/૪/૫/૧૩, બૃહદ્દેવતા ૩/૮/૨૪, જૈમિનીય બ્રાહ્મણ ૩/૬૪/૬૫, બૃહદારણ્યક ઉપનિષદ્ ૨/૫ ઈત્યાદિ ઉપરાંત પૌરાણિક ગ્રંથોમાં મહાભારત વનપર્વ, શિવમહાપુરાણ, રુદ્રસંહિતા સતીખંડમાં ઉપલબ્ધ થાય છે.

પ્રસ્તુત આખ્યાનનો ઉદ્દેશ અનધિકારી અને અધિકારી શિષ્યને રહસ્ય વિદ્યાના ઉપદેશનું કુપરિણામ અને સુપરિણામ નિર્દેશી શકાય.

ઋગ્વેદ ભાષ્યકાર સ્કંદસ્વામી ભિન્નરૂપે પ્રસ્તુત કરે છે. તેમના મતે કાલકંજ નામનો અસુર હતો. તેમના ત્રાસથી પીડિત દેવતા બ્રહ્મા પાસે ઉપાય માટે ગયા. બ્રહ્માએ દધ્યઙ્ગ ઋષિ પાસે જવા કહ્યું. ઋષિએ યોગ દ્વારા દેવતાના આગમનનું પ્રયોજન જાણી સ્વેચ્છાએ પ્રાણ ત્યાગ કર્યો. તેના અસ્થિઓથી વજ્ર બનાવી ઈન્દ્રે અસુરોનો સંહાર કર્યો.

આ પ્રમાણે ઈન્દ્ર દ્વારા દધ્યઙ્ગના અસ્થિઓથી વૃત્રવધ આખ્યાન શનૈઃ શનૈઃ વિકસિત અને પરિવર્તિત થતું મહાભારત જેવા ઐતિહાસિક ગ્રંથો અને પુરાણોમાં સમાવેશ પામ્યું. આ આખ્યાનમાં એ ભેદ છે કે દધ્યઙ્ગ પદને સ્થાને દધીચ અથવા દધીચિ પદ પ્રાપ્ત થાય છે.

વિચારણીય બાબત એ છે કે ઈન્દ્ર વૃત્ર દધ્યઙ્ગ સંબંધી આ આખ્યાન વાસ્તવમાં કોઈ ઐતિહાસિક ઘટનાનું પરિચાયક છે યા તેનો અભિપ્રાય અન્ય કંઈ છે ?

એક જ ઘટના પર આધારિત ભિન્ન–ભિન્ન ગ્રંથોમાં આખ્યાનોમાં અંતર આ વાતનું પ્રમાણ છે કે આ કોઈ ઐતિહાસિક ઘટના નથી. વેદમંત્રો પરની માત્ર કલ્પિત કથાઓ છે. ઐતિહાસિક ઘટના હોય તો કથાનકમાં વિવિધતા ન હોઈ શકે.

પ્રસ્તુત આખ્યાનના સંદર્ભમાં કતિપય આધુનિક વૈદિક વિદ્વાનોની કલ્પનાઓ ઉલ્લેખનીય છે.

જયદેવ શર્મા ઋગ્વેદના ૧/૮૪/૧૩ મંત્રનો અર્થ આ પ્રમાણે કરે છે –

**(इन्द्र)** આત્મા **(दधिचिः)** શરીરધારક પ્રાણના **(अस्थिभिः)** રોગનાશક બળોથી બળવાન બની. **(नवतीः नवः)** પ્રકૃતિજન્ય વિકારોને નષ્ટ કરે અથવા નવાણું વર્ષોને પાર કરી પૂર્ણાયુ જીવે છે.

વાસ્તવમાં ઈન્દ્રે દધ્યઙ્ગના અસ્થિઓથી વૃત્રને હણ્યો. તે કોઈ વ્યકિત વિશેષ નહીં. પરંતુ એક સામાન્ય ધ્યાનશીલ અથવા વિચારશીલ વ્યકિત છે, જેને પ્રક્રિયાભેદથી ધારણાવતી બુદ્ધિથી યુકત મંત્રી, ધારણ કરવાવાળા વાયુ ઈત્યાદિ શરીરધારક પ્રાણ, શત્રુમર્દન પ્રતિ એકમાત્ર ધ્યાનસ્થ શૂરવીર સેનાપતિ યા સૃષ્ટિતત્ત્વ વિદ્વાન કહી શકાય. [૨૮]

પ્રસ્તુત આખ્યાન તથાકથિત માનવીય ઈતિહાસનો દ્યોતક ન બનતા સૃષ્ટિના કોઈ આધ્યાત્મિક, આધિદૈવિક યા આધિભૌતિક તત્ત્વ પર પ્રકાશ પાડે છે.

# (૪) યમ–યમી આખ્યાન

પ્રસ્તુત આખ્યાન ઋગ્વેદ મંડલ–૧૦ અંતર્ગત ૧૦ માં સૂકતમાં નિરુપાયેલ છે.✓

તે કથાનુસાર યમ–યમી બંને સહોદર એવં યુગલ ભ્રાતૃ–ભગિની છે. યમીનું કામાભિભૂત થઈ ભાઈ યમ સાથે વિવાહ પ્રસ્તાવ કરવો અને કહેવું કે પિતાનો પૌત્ર મારામાં ઉત્પન્ન કરો. **पितुर्नपातमा दधीत ।**

યમીના આ પ્રસ્તાવનો યમે વારંવાર અનાદર કર્યો.

ઉપર્યુકત સંવાદ દ્વારા વાચકના મનમાં વેદ પ્રતિ અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. બહેન દ્વારા ભાઈને પતિરૂપે સ્વીકારવો તે બાબત હિન્દુઓના અપૌરુષેય ધર્મગ્રંથ વેદમાં જ પ્રાપ્ત થાય તો શંકા ઉત્પન્ન થાય. આ ભ્રાતૃ–ભગિની વચ્ચેનો વ્યર્થ કામકલાપ વેદમાં વર્ણિત હોય તો અવશ્ય આ આખ્યાનનું કોઈ તાત્પર્ય હોવું જોઈએ.

આ સંપૂર્ણ સૂકતને પ્રહેલિકા તરીકે સ્વીકારવાથી વેદનું ગૌરવ જળવાઈ રહે છે. કારણ કે પ્રહેલિકા આશ્ચર્યજનક હોય છે. વેદોમાં આ રીતે પ્રહેલિકા આપી ભાઈ–બહેનના અનૈતિક સંબંધનું વર્ણન કરે તો તે વિશેષ આકર્ષક બને છે. આ સંપૂર્ણ આખ્યાનને આલંકારિક માનવાથી અનેક નવીન કાવ્યોનો આવિર્ભાવ થાય છે.

આ સંપૂર્ણ આખ્યાનને પ્રહેલિકા ન ગણીએ તો આ સંવાદાત્મક સૂકત દ્વારા તેમનું તાત્પર્ય સામાજિક શિક્ષણ તરફ માની શકાય.

પ્રસ્તુત આખ્યાનનો એ અભિપ્રાય નથી કે યમ અને યમી નામના બે સહોદર હતા, જેમનો વાર્તાલાપ વેદમાં સંગ્રહિત છે. પરંતુ આ આખ્યાન દ્વારા જનસમાજને નૈતિકતાનો ઉપદેશ આપે છે. આખ્યાનના પાત્રોના નામકરણ આ તથ્યનું પ્રમાણ છે. યમ–યમી નામ સંયમના સૂચક છે.

**यमु उपरमे** ધાતુથી સમ્પન્ન આ બંને શબ્દ શાંત અને નિયંત્રિત ઈન્દ્રિયનો સંકેત કરે છે.

આ આખ્યાન ઈતિહાસ હોય તો આખ્યાનમાં બંને પાત્રોના નામ યમ–યમીને સ્થાને શ્રૃંગારિક, ઉત્તેજક અને કામદીપક હોઈ શકે.

આ સૂકતમાં યમીનું ભાવુકતાસભર અનર્ગલ કથન તથા યમ દ્વારા તેમનું પ્રત્યાખ્યાન સમાજમાં એક આવશ્યક સંકેત આપે છે. કોઈપણ દેશમાં કોઈપણ કાળમાં ભાઈ–બહેનનો સહનિવાસ પતનનું કારણ બને છે. આ પ્રસ્તુત સૂકતનો સારાંશ છે.

સહોદર એવં સગોત્ર ભાઈ–બહેનના પરસ્પર વિવાહ વેદ માન્ય નથી. આ આખ્યાન દ્વારા એ નિષ્કર્ષ તારવી શકાય.

શતપથ બ્રાહ્મણ અનુસાર અગ્નિ યમ છે, તો પૃથિવી યમી છે.

**अग्निर्वै यमः इयं (पृथिवी) यमी, आभ्यां हीदं सर्वततम्।**

સ્કન્દ સ્વામી અનુસાર યમ આદિત્ય છે અને યમી રાત્રી છે અથવા માધ્યમિક મેઘવાણી અથવા મધ્યમ સ્થાનીય વાયુ અથવા વૈદ્યુતાગ્નિ યમ છે. [૨૯]

મેકસમૂલર દિવસ અને રાત્રિને યમ–યમી માને છે. આધ્યાત્મિક રીતે પ્રાણને યમ તથા શરીરને યમી માની શકાય છે.

સાંખ્ય મુજબ પુરુષ અને પ્રકૃતિને યમ–યમી માની શકાય છે.

# (૫) દેવાપિ તથા શન્તનુ આખ્યાન

પ્રસ્તુત આખ્યાન ઋગ્વેદ ૧૦/૯૮ માં ઉલ્લિખિત છે, જે આ પ્રમાણે છે –✓

આચાર્ય યાસ્કે 'સમુદ્ર' શબ્દના નિર્વચનમાં એક ઈતિહાસ ઉદ્ધૃત કર્યો છે. તદ્નુસાર આર્ષ્ટિષેણ દેવાપિ તથા શન્તનુ કૌરવ ભાઈ હતા. નાના ભાઈ શન્તનુ એ દેવાપિનો ત્યાગ કરી રાજય પ્રાપ્ત કર્યું. દેવાપિ તપ કરવા લાગ્યા. શન્તનુના રાજયમાં દ્વાદશવર્ષ પર્યન્ત વર્ષા ન વરસી. બ્રાહ્મણોએ કહ્યું, જયેષ્ઠ ભ્રાતા પાસેથી રાજયાભિષેકનું જે અધર્મ કરેલ છે, તેનું પરિણામ છે. શન્તનુ એ દેવાપિને રાજય સોંપવા ઈચ્છા કરી પરંતુ દેવાપિએ કહ્યું, 'તું યજ્ઞ કર હું તેનો પુરોહિત બનીશ.'

વર્ષાની કામનાવાળા દેવાપિનું આ સૂકત છે. [૩૦]

પ્રસ્તુત સૂકતમાં શન્તનુનો અર્થ રાજા અથવા શાંતિના વિસ્તાર અને દેવાપિનો અર્થ દેવોને મેળવનારો કર્યો છે.

ઉપર્યુકત કથા ઋગ્વેદ ઉપરાંત શૌનકીય બૃહદ્દેવતા. ૭/૧૫૫, ૧૫૬ માં પણ નિર્દેશેલ છે.

ઋગ્વેદીય કથાનો નિર્દેશ મહાભારતમાં પ્રાપ્ત થાય છે. મહાભારત અનુસાર દેવાપિ અને શાન્તનું (શન્તનુને સ્થાને) કુરુવંશના પાંડવો–કૌરવોના પિતામહ પ્રસિદ્ધ પુરુષ હતા. મહાભારત યુદ્ધ સમયે દેવાપિ જીવિત હતા. શાન્તનુ મૃત્યુ પામી ચૂકયા હતા. ભીષ્મ શાન્તનુ પુત્ર હતા. [૩૧]

એક વર્ણનાનુસાર દેવાપિ ચર્મરોગગ્રસ્ત હોવાથી બ્રાહ્મણો દ્વારા રાજયાભિષેકને અયોગ્ય ઘોષિત કરવાથી શાન્તનુ રાજય સિંહાસન પર બેઠા. [૩૨]

અન્ય કથાનુસાર દેવાપિ બાલ્યાવસ્થામાં જ અરણ્યમાં ચાલ્યા ગયા હતા. [૩૩]

મહાભારત ઉપરાંત પુરાણો જેવા કે, બ્રહ્મપુરાણ – ૯/૩૫, માર્કન્ડેય પુરાણ – ૧૩/૪/૭, મત્સ્ય પુરાણ – ૫૦/૩૭/૩૬, વાયુ પુરાણ – ૯૯/૨૩૪ થી ૨૩૯ તથા ભાગવત પુરાણ ૯/૨૨ અને ૧૦/૧૫ માં ઉપર્યુકત કથા નિર્દેશ પામી છે.

આ પુરાણોકત કથામાં અલ્પાંશે તફાવત જોવા મળે છે.

બ્રહ્મપુરાણનુસાર આર્ષ્ટિષેણ શલના પુત્ર હતા ઋષિષેણના નહિ.

ભાગવત પુરાણ પ્રમાણે શલ શાન્તનુ પુત્ર હતા. અત્રે દેવાપિના પુરોહિતત્વનો ઉલ્લેખ નથી.

વાયુપુરાણ મુજબ તેઓ ધર્મભાવનાથી પરિવ્રાજક બની ગયા.

આ પ્રમાણે ઐતિહાસિક દષ્ટિએ આ આખ્યાનોમાં ભિન્ન–ભિન્ન એવં વિરોધી વિવરણ પ્રાપ્ત થાય છે.

સ્કન્દ મહેશ્વર અનુસાર દેવાપિ વિદ્યુત તથા શન્તનુ વૃષ્ટિરૂપ જળ અને બૃહસ્પતિ મધ્યમસ્થાનીય વિદ્યુતરૂપ વાણી મનાય છે. વિદ્યુત દેવાપિએ વૃષ્ટિરૂપ જળ માટે શન્તનુ નિમિત્તે પુરોહિત કાર્ય કર્યું. પૂર્વ વિદ્યુત પ્રકાશે છે. પશ્ચાત્ ઉદક વર્ષા થાય છે. [૩૪]

શન્તનુના રાજયમાં અનાવૃષ્ટિ થઈ તે માટે તેમણે યજ્ઞાનુષ્ઠાન કરવું આવશ્યક છે. આ પ્રસ્તુત આખ્યાનનું આધ્યાત્મિક રહસ્ય છે.

## (૬) સરમા–પણિ આખ્યાન

પ્રસ્તુત સૂકત ઋગ્વેદ ૧૦/૧૦૮ માં ઉપલબ્ધ છે.✓

પ્રસ્તુત આખ્યાનમાં પણિઓ અને દેવશુની સરમા વચ્ચે સંવાદ છે.

પરંપરા પ્રમાણે પણિઓ દેવોની ગાયોને હરી 'રસા' નામની નદીને કિનારે એક પર્વતની ગુફામાં સંતાડી દીધી. દેવોએ ગાયોની શોધ કરવા 'સરમા' નામની શુનીને મોકલી. સરમાએ દેવોની દૂતી બની ગાયોની શોધ કરી. પણિઓ પાસે ગાયોની યાચના કરવા ગઈ. આ પ્રસંગે પણિઓ અને સરમા વચ્ચે જે સંવાદ થયો, તે આ આખ્યાનનું કથાનક છે.

સરમા દેવોના રાજા ઈન્દ્રના પરાક્રમનું અહોભાવપૂર્વક વર્ણન કરે છે. તેમના મતે ઈન્દ્ર ઘાયલ ન થાય તેવો **न दभ्यः** અને અન્યને ઘાયલ કરે તેવો **दभत्** છે.

સરમા પણિઓએ કહેલ યુદ્ધની અને તીક્ષ્ણ હથિયારની વાતને ગણકારતી નથી અને કહે છે, 'યુદ્ધમાં બૃહસ્પતિ દેવ તમારો સંહાર કરશે.'

સમગ્ર હકીકત સાંભળી પણિઓ સરમાને ભેદનીતિથી બહેન બનાવવા તૈયાર થયા અને ગાયોના ભાગની લાલચ આપી.

પરંતુ સરમા પ્રામાણિક અને વફાદાર છે. તે કહે છે, 'હું ભાઈપણા કે બહેનપણાને સ્વીકારતી નથી. ઈન્દ્ર ગાયોની ઈચ્છાવાળા છે. તે અહીં આવશે. માટે તમે આ પર્વત છોડી ચાલ્યા જાવ.' [૩૫]

પ્રસ્તુત સૂકતમાં સંવાદ છે. ક્રમાનુસાર એક મંત્ર સરમા બોલે છે, બીજો મંત્ર પણિઓ બોલે છે. તેથી સમગ્ર સંવાદ સૂકતમાં નાટકીય ઓજસ્વિતા જોઈ શકાય છે. કલાત્મક દષ્ટિએ આ સૂકત નિતાન્તસુંદર અને પ્રભાવોત્પાદક છે. તત્કાલીન પરિસ્થિતિ પર વેધક પ્રકાશ પાડે છે.

વલ ગાયોને હરી ગયા અને છૂપાવી રાખી તેવા વર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. પણિઓ વલના અનુયાયીઓ હતા કે કેમ તે કહેવું મુશ્કેલ છે. આ સૂકતમાં **'अहिर्बुघ्न'** શબ્દનો પ્રયોગ મળે છે. પરંતુ ગુફા ભેદી નાખવાની વાત મળતી નથી. ઉપરાંત વલની વાતમાં રસા નદીનો ઉલ્લેખ નથી તેથી પણિઓ વલના અનુયાયી લાગતા નથી.

અન્ય એક કથા મુજબ સરમા દેવોની ગાયોની શોધ કરવા ગઈ. ત્યાં પણિઓ સાથે મિત્રતા કરી ગાયોનું દૂધ પી ઈન્દ્ર પાસે આવી, અસત્ય ભાષણ કર્યું કે મારાથી ગાયો શોધાઈ નથી. પરંતુ ઈન્દ્ર સરમાની વાત પામી ગયા. તેથી તેને મારવા લાગ્યા. સરમા દૂધનું વમન કરતી ગુફા સુધી પહોંચી અને ઈન્દ્રે ગાયોની શોધ કરી.

પરંતુ પ્રસ્તુત કથામાં આ બાબતનો ઉલ્લેખ નથી. અત્રે સરમાનું વર્તન દૂતીને યોગ્ય છે. કારણ કે તે પણિઓની કોઈ લોભામણી બાબતોમાં સપડાતી નથી અને પોતાનું દૂતકર્મ નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરે છે.

મહાભારત આદિપર્વમાં સરમાનો ઉલ્લેખ છે. પરંતુ ત્યાં કથાનક ભિન્ન છે. સરમા દેવશુની પુત્ર સારમેય જનમેજયના યજ્ઞમાં પહોંચ્યો. જનમેજય ભાઈઓએ તેમના પર પ્રહાર કર્યો. સારમેય માતા સરમા પાસે આવી નિરપરાધ હોવા છતાં પ્રહારની વાત કરી. આથી સરમાએ ક્રોધિત શાપ આપ્યો કે, 'તમારી પર અકસ્માત ભય આવી પડશે.'

મહાભારત આ પ્રમાણે સરમાનો ઉલ્લેખ કરે છે. 'પણિ' શબ્દ ઋગ્વેદમાં અનેક રીતે વપરાયો છે. અલગ–અલગ સંદર્ભ પ્રમાણે તેના વિવિધ લક્ષ્યાર્થો કરવામાં આવ્યા છે. પરંતુ તેનો વાચ્યાર્થ **'पण'** વેપાર કરવો એ ધાતુ પરથી તારવી શકાય છે. વેદકાળમાં વેપાર કરતી જાતિને **'पणि'** કહેતા હશે. તદ્પશ્ચાત્ **'वणिक्'** શબ્દ **'पणि'** નું જ રૂપાંતર લાગે છે.

કેટલાક ઈતિહાસકારોના મતે **'पणि'** લોકો ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલા ફેનિશિયાની પ્રજા છે. તેઓ વેપારાર્થે ભારતમાં આવી હશે.

આનાથી તદ્દન વિપરીત મત એ છે કે વેદમાં ઉલ્લેખિત મૂળ ભારતની જ વેપારી પ્રજા સમુદ્ર માર્ગે ભૂમધ્યના કિનારે જઈને વસી હશે. તેથી આ **'पणि'** પરથી તે પ્રદેશનું નામ ફેનિશિયા પડ્યું હશે.

વેદમાં આ શબ્દ ધનિક હોવા છતાં દાન ન કરતાં કંજૂસના અર્થમાં પ્રયોજાયો છે. કયાંક દેવો અને યજ્ઞમાં ન માનતા લોભી કે લુચ્ચા લોકો માટે વપરાયો છે.

કયારેક ધનના ખજાનાની રક્ષા કરતા ઈર્ષાળુ કે લૂંટારા રાક્ષસવર્ગ માટે આ શબ્દ પ્રયોજાયો છે.

પ્રસ્તુત સૂકતમાં પણિઓ સરમાને લાલચ આપીને નીતિ ભ્રષ્ટ કરવા મથતા નિરુપાયા છે.

આચાર્ય યાસ્ક શીઘ્રગામિની હોવાને કારણે **'सरमा'** માને છે. [35]

સ્કન્દ મહેશ્વર સરમાને મધ્યમસ્થાનીય વાક્ માને છે. [૩૭]

મૈત્રાયણી સંહિતા અનુસાર સરમા માનવીય મનની અંદર સત્યની ઉષાની અગ્ર દૂતી હોવી જોઈએ.

આ પ્રમાણે આ આખ્યાન સૂર્ય રશ્મિઓના અન્વેષણનું આલંકારિક વર્ણન કરે છે.

# ઉપનિષદ્‌નાં આખ્યાનો

ઉપનિષદોની સંખ્યા નિશ્ચિત નથી. પરંતુ શંકરાચાર્યએ જે દશ ઉપનિષદ્ પર ભાષ્ય રચ્યું છે, તે ઉપનિષદ્‌ને માન્ય ગણવામાં આવે છે. ઋગ્વેદ અને બ્રાહ્મણો ગ્રંથોની માફક ઉપનિષદોમાં પણ અનેક આખ્યાનો છે. પ્રાયઃ તે આખ્યાનો બ્રહ્મસંબંધી કથાનું નિરુપણ કરે છે. ઉપનિષદોના સર્વ આખ્યાનો તો નહી પરંતુ આશરે દશેક આખ્યાનનું નિરુપણ કર્યું છે, જે આ પ્રમાણે છે –✓

## (૧) યક્ષોપાખ્યાન/ઉમા–હૈમવતી આખ્યાન

પ્રસ્તુત આખ્યાન સામવેદના તલવકાર બ્રાહ્મણના કેનોપનિષદ્‌ના તૃતીય ખંડમાં પ્રાપ્ત થાય છે, જે ગદ્યાત્મક છે.

તે કથાનુસાર બ્રહ્મ દ્વારા દેવોનો ઉત્કર્ષ થયો. દેવો મહત્તા પામ્યા અને તે જાણે કે પોતાનો જ ઉત્કર્ષ કે પ્રભાવ હોય એમ માનવા લાગ્યા.

દેવોની આ ગેરસમજ દૂર કરવા અને તેમનો ગર્વખંડિત કરવા તેમની સન્મુખ બ્રહ્મ તેજરૂપે પ્રકટ થયું. આ અદ્‌ભુત ચમત્કારિક તેજ એટલે યક્ષ.

દેવો આ યક્ષને સમજી ન શકયા અને અભીષ્ટની આશંકાથી ભયભીત થઈ ગયા.

દેવોએ પોતાનામાંથી મુખ્ય એવા **जातवेदस्** (અગ્નિ) ને બ્રહ્મને જાણવા મોકલ્યા. ત્યારબાદ **मातरिश्वा** (વાયુ) ને મોકલ્યા, પરંતુ સર્વશકિતમાન્ દેવો બ્રહ્મરૂપ તૃણને કંઈ કરી શકયા નહી.

અંતે દેવરાજ ઈન્દ્ર ગયા. દેવરાજનું આગમન થતાં યક્ષ અદશ્ય થઈ ગયું અને તે સ્થળે એક પરમ તેજોમયી હૈમવતી ઉમાદેવી પ્રકટ થયા.

ઉમાદેવીએ યક્ષ વિષે સ્પષ્ટતા કરતા કહ્યું, ''તે યક્ષ અન્ય કોઈ નહી પરંતુ બ્રહ્મ હતું અને જે વિજયને તમે તમારો વિજય ગણી ગર્વ અનુભવો છો, તે ખરેખર તો તેનો જ વિજય હતો.'' [૧]

ઈન્દ્રને જ્ઞાન પ્રાપ્ત થયું અને તે અલૌકિક યક્ષનું રહસ્ય પ્રકટ થયું.

**अहं करोमीति वृथाभिमानः ।** એ અનુભવ વચન જાણે કે સમજાવતો હોય તેવો આ ભાગ છે.

આ વિશ્વમાં અનાદિકાળથી દૈવી અને આસુરી શકિત વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરતો. દેવો પ્રકાશ અને સત્ત્વગુણના પ્રતીક છે. અસુરો અંધકાર અને તમોગુણના પ્રતીક છે. જયારે આસુરી શકિત દૈવી શકિતને અતિશય પરેશાન કરે ત્યારે પ્રકાશના પણ પ્રકાશ સ્વરૂપ પરબ્રહ્મ તેમની સહાય કરે છે અને દૈવી શકિતને વિજય અપાવે છે.

આ સંક્ષિપ્ત આખ્યાન પરબ્રહ્મની સર્વોપરિતા, સર્વશકિતમત્તા અને સર્વજ્ઞતા સુંદર રીતે વ્યકત કરે છે.

પરમેશ્વરની સત્તાની પ્રશંસા કરતા કોઈ કવિએ કહ્યું છે –

**तेरी सत्ता के बिना है प्रभु मंगल मूल ।**
**पत्ता भी हिलता नहीं, खिले न कोई फूल ॥**

સર્વ દેવોમાંથી અગ્નિ, વાયુ અને ઈન્દ્ર એ ત્રણ દેવો મુખ્ય હોવાથી આ કથામાં તેમને પસંદ કર્યા. સૃષ્ટિમાં આ દેવોનું કાર્ય મહત્ત્વપૂર્ણ છે.

અગ્નિ સૃષ્ટિમાં ઉષ્ણતા ઉત્પન્ન કરનાર, વાયુ વિશ્વમાં ગતિ આપનાર અને ઈન્દ્ર સામર્થ્ય બક્ષનાર દેવ છે.

આ ત્રણે દેવોની કાર્યશકિત અદ્વિતીય છે. છતાં આ દેવોને પણ શકિત આપનારું તત્ત્વ અન્ય છે, એમ આ કથા દર્શાવે છે.

આ પરમ તત્ત્વ એવું ગૂઢ રીતે કાર્ય કરતું હોય કે દેવોને પણ તે અગોચર લાગે.

ઈન્દ્રનું આગમન થતાં તે યક્ષ અદ્રશ્ય થઈ ગયું, તે હકીકત દ્વારા આ પરમ તત્ત્વ મન દ્વારા અગોચર છે, એમ સૂચવ્યું છે અને પરમાત્મા સ્વયં કૃપા કરે ત્યારે જ તેની પ્રતીતિ અને અનુભૂતિ થાય છે.

મુંડક ઉપનિષદ્ અને કઠઉપનિષદ્ આ વાતને અનુમોદન આપે છે. તે જેનો સ્વીકાર કરે છે તેને પ્રાપ્ત થાય છે. આ આત્મા તેમના માટે પોતાનું યથાર્થ રૂપ પ્રકટ કરે છે. [૨]

આખ્યાયિકાને અંતે ઉમાદેવી દ્વારા ઈન્દ્રને પરબ્રહ્મનો પરિચય આપવામાં આવ્યો છે તે પણ સૂચક છે. બ્રહ્મતત્ત્વ ઈન્દ્રિયાગોચર છે છતાં પણ તેનું ચિંતન અને તેને પામવાનો પ્રયત્ન તો મન દ્વારા જ સંભવે છે. મન જયારે અંતર્મુખ બની પરમ તત્ત્વના ચિંતનમાં ઊંડે ઉતરતુ જાય અને બાહ્ય જગત્ ભૂલી જઈ તલ્લીન

બની સમાધિની અવસ્થાએ પહોંચે ત્યારે પરમાત્માની પરમ કરુણામયી ચિન્મયી શકિત જિજ્ઞાસુ સમક્ષ પરમાત્માનું રહસ્ય પ્રકટ કરે છે અને તેને કૃતાર્થ કરે છે.

ઉમા સ્ત્રીરૂપે પ્રકટી, તે હિમાલયની પુત્રી એ પૌરાણિક કલ્પના પશ્ચાત્કાલીન છે. કેનોપનિષદ્ જેવા પ્રાચીન ઉપનિષદ્માં આવી અર્વાચીન કલ્પના અસ્થાને છે.

છાંદોગ્ય ઉપનિષદ્માં પિંડ બ્રહ્માંડના દેવોના એક ક્રમ આપ્યો છે. તેમાં પ્રાણની આગળ તેજ અને તેજની પેલે પાર જે પરમ દેવતા સૂચવેલ છે તે જ આ સ્ત્રી હોવાનો સંભવ છે.

**उमा** શબ્દમાંનો **उ** વર્ણ તૈજસ્નો સૂચક છે અને **मा** વર્ણ જ્ઞાનાર્થે સૂચવાયો છે.

એ રીતે ઈન્દ્રને દશ્યમાન ઉમા સ્વરૂપ તે પરમાત્માનું જ્ઞાન આપનાર તેજસ્વી પરમ દેવતા જ હશે. ‘હૈમવતી’ શબ્દ પણ આવા દિવ્ય તેજનો જ વાચક લાગે છે.

ઉપનિષદ્ના ઉત્તરાર્ધમાં યક્ષોપાખ્યાનનો આશ્રય લઈ બ્રહ્મનું ગૂઢ અને રહસ્યમય સ્વરૂપ સરળ, રસપ્રદ અને રોચક રીતે નિરુપ્યું છે. બ્રહ્મતત્ત્વની ઓળખનો આગવો પ્રયાસ કર્યો છે.

પ્રારંભમાં આ પરમતત્ત્વની ઈન્દ્રિયાગોચરતા, અજ્ઞેયતા દર્શાવી અંતે તેની સર્વોપરિતા સિદ્ધ કરી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનું પથદર્શન ઋષિએ કલાત્મક રીતે કર્યું છે.

## (૨) નચિકેતા ઉપાખ્યાન

નચિકેતા ઉપાખ્યાન કૃષ્ણ યજુર્વેદની કઠશાખા અંતર્ગત કઠોપનિષદ્‌માં ઉલ્લિખિત છે. કઠોપનિષદ્‌ના પ્રથમ અધ્યાયની પ્રથમ વલ્લીમાં આ ઉપાખ્યાન સમાવિષ્ટ છે, જે આ પ્રમાણે છે –✓

'ન આપવા યોગ્ય ગાયોના દાનથી અમંગળ થાય છે.' આ વિચારથી સાત્ત્વિક બુદ્ધિ સમ્પન્ન નચિકેતા ઉદ્વિગ્ન થઈ ગયો.

પિતા વાજશ્રવસે યજ્ઞ સમ્પન્ન થતાં સર્વ સંપત્તિ દાન કરી દીધી. પરંતુ દાનમાં દુર્બળ–સબળ સર્વ ગાયો હતી. પિતાના અનિષ્ટ નિવારણ માટે નચિકેતાએ નમ્રતાથી પૂછયું. **तत कस्मै मां दास्यसीति ।** અર્થાત્ મને કોને દાનમાં આપશો ? [૩]

પિતા ઉદ્દાલકનો ઉત્તર ન મળતા એક, બે, ત્રણવાર પૂછયું. પિતાએ ગુસ્સે થઈ કહ્યું.

**मृत्यवे त्वा ददामीति ।** અર્થાત્ હું તને મૃત્યુને આપું છું.

પિતાનું વચન સાંભળી નચિકેતા વિચારવા લાગ્યો, શા માટે પિતાએ તેને યમરાજ પાસે જવાનું કહ્યું હશે ? તે પિતાના પુત્રોમાં પ્રથમ રહેનાર કેટલાક શિષ્યોમાં મધ્યમ રહેનાર પિતા યમરાજ પાસે તેનું કયું પ્રયોજન સિદ્ધ કરાવવા માંગતા હશે ? [૪]

નચિકેતાએ યમસદન ત્રણ રાત્રિ અન્ન–જળ રહિત પસાર કરી. તેના ફળ સ્વરૂપ યમે નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું.

પિતૃભકત બાળકે પ્રથમ વરદાન માંગ્યું, ''શાંત સંકલ્પયુકત મારા પિતા પ્રસન્નચિત્ત અને ક્રોધરહિત બની મારી સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરે.'' [૫]

યમરાજે 'તથાસ્તુ' કહ્યું, દ્વિતીય વરદાનમાં નચિકેતાએ અગ્નિ વિદ્યા જે સ્વર્ગલોકના આધારરૂપ છે, તે માગી.

યમરાજ નચિકેતાની અલ્પાયુ, તીક્ષ્ણબુદ્ધિ તથા વાસ્તવિક જિજ્ઞાસા જોઈને પ્રભાવિત થયા અને પરિણામે **तवैव नाम्ना भवितायमग्निः सृश्रा चेमामनेकरूपां गृहाण।** કહી વિશિષ્ટ વરદાન આપ્યું.

નચિકેતાએ તૃતીય વરદાનમાં જ્ઞાન પ્રાપ્તિનું સર્વોત્તમ શિખર સર કરવા વરદાન માંગ્યું. મૃત મનુષ્ય વિષે જે આ શંકા છે કેટલાક આ 'છે' એમ કહે છે, કેટલાક આ નથી એમ કહે છે. તમારા વડે સમજાવાયેલો હું આ જાણવા માંગું છું. [૬]

યમ નચિકેતાનું વરદાન સાંભળી વિચારવા લાગ્યા અને નચિકેતાને આ વરદાનના બદલામાં અનેક પ્રલોભનો આપ્યા. પરંતુ નચિકેતા પોતાના વચન પર અડગ રહ્યો. યમે નચિકેતાની અડગતા જોઈ બ્રહ્મજ્ઞાનના ઉપદેશનો પ્રારંભ કર્યો.

યમે શ્રેય–પ્રેય અને વિદ્યા–અવિદ્યાનું વર્ણન કર્યું.

તત્પશ્ચાત્ યમરાજે આત્મા તથા પરમાત્મ તત્ત્વનું નિરુપણ કર્યું.

આત્મા નથી જન્મતો કે નથી મૃત્યુ પામતો. આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, સનાતન છે. શરીર નાશથી તે હણાતો નથી. **न हन्यते हन्यमाने शरीरे।** તે સૂક્ષ્માતિસૂક્ષ્મ અને મહત્ થી પણ મહત્ છે. તે શરીર રહિત છે. કણ–કણમાં વ્યાપ્ત છે. સંપૂર્ણ સૃષ્ટિ તેના આદેશાનુસાર ચાલે છે.

યમે કહ્યું, આત્મા વેદના પ્રવચનથી પ્રાપ્ત થતો નથી. ન વિશાળ બુદ્ધિ દ્વારા કે નહીં માત્ર જીવનભર શાસ્ત્રોના શ્રવણ દ્વારા. તે તો તેને પ્રાપ્ત થાય છે જે તેની પાસે પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. [૭]

આ પ્રમાણે યમરાજના મુખે સારગર્ભિત ઉપદેશ ગ્રહણ કરી નચિકેતાની જિજ્ઞાસા શાંત થઈ ગઈ.

ઉપર્યુકત આખ્યાન કઠોપનિષદ્ ઉપરાંત અન્ય ગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે તે જેમ કે ઋગ્વેદ – ૧૦/૧૩૫, તૈત્તિરીય બ્રાહ્મણ – ૩/૧૧/૮, વરાહપુરાણ – ૧૯૩ થી ૧૯૮, મહાભારત અનુશાસન પર્વ–૭૧ માં ઉલ્લિખિત અને વર્ણિત છે.

મહાભારત અનુશાસન પર્વ અ–૭૧ માં પ્રસ્તુત કથા આ પ્રમાણે છે –

ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ગોદાનનું ફળ વર્ણવતા કહે છે.

મહાભારતની કથા તદ્દન ભિન્ન છે. અહી વાજશ્રવા ઋષિ યજ્ઞની સામગ્રી નચિકેતા ન લાવતા શાપ આપે છે. નચિકેતાને મૂર્છાવસ્થામાં યમપુરીના દર્શન થાય છે.

યમરાજે શા માટે નચિકેતાને વરદાન આપ્યું તેનો ઉલ્લેખ નથી.

મહાભારતની કથા અંતર્ગત ગોદાનનો મહિમા દર્શાવ્યો છે, જેનો ઉલ્લેખ મૂળ કથામાં નથી.

ઉપર્યુક્ત આખ્યાનની સમીક્ષા કરીએ તો –

કઠોપનિષદ્‌ના આરંભે સ્વયં મૃત્યુ સમક્ષ નચિકેતાને ઉપસ્થિત કરીને **मृत्योर्मा अमृतं गमय ।** ની વાણી સિદ્ધ કરી છે. યમ અર્થાત્ મૃત્યુને ગુરુ બનાવી નચિકેતા અમૃત પ્રાપ્ત કરે છે. આત્મા અને પરમાત્મા વિષયક રહસ્યોનો પડદો દૂર થાય છે.

યમ નચિકેતાને જે સમૃદ્ધિની લાલચ આપે છે. તેના વર્ણનમાં તત્કાલીન સમાજની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. નચિકેતાના સંયમમાં તત્કાલીન બૌદ્ધિક વર્ણની નિઃસ્પૃહ વૃત્તિના દર્શન થાય છે. ભોગવાદી સમાજ ચિંતનનો અર્ક સમજી ન શકે. તે માટે તો મુમુક્ષુઓનો વર્ગ સમર્પણની ભાવનાયુક્ત હોવો જોઈએ.

યમની લાલચોના વર્ણનમાં શૃંગાર રસ છે, તો નચિકેતા તરફના વર્તનમાં વાત્સલ્ય રસ છે. નચિકેતાના યમલોક ગમનમાં કરુણરસની છાંટ છે, તો વાજશ્રવાના રોષમાં રૌદ્ર રસનું બિંદુ છે.

ઉપનિષદ્‌માં પડેલા ગંભીર રહસ્યો રૂપક દ્વારા પ્રકટ થતા લાગે છે. જેમ કે, રથ–રથીનું રૂપક, અશ્વત્થ વૃક્ષનું રૂપક વગેરે.

આ ઉપનિષદ્‌માં ઉપમા પણ જોવા મળે છે. જેમકે, **अन्धेन एवं नीयमाना यथान्धाः ।**

કઠોપનિષદ્‌ના કેટલાક વાક્યો નિત્ય સ્મરણ યોગ્ય બની રહ્યા છે, જેમકે –

**योनिमन्ये प्रपद्यन्ते यथाकर्म यथाश्रुतम् ।**

**अक्षरं परं आलम्बनम् ।**

**न वित्तेन तर्पणीयो मनुष्यः ।**

**वादे वादे जायते तत्त्वबोधः ।** એ ન્યાયે નચિકેતા પ્રશ્નોના ઉત્તરો શોધવાના પ્રયત્નો કરે છે. ભગવદ્‌ગીતાનો અર્જુન પણ જાણે નચિકેતાનું જ સ્વરૂપ હોય એમ લાગ્યા વગર રહેતું નથી.

કઠોપનિષદ્‌ના વિચારોથી ભગવદ્‌ગીતાકાર પણ પ્રભાવિત હોય એમ લાગે છે. કારણ કે આત્મા–પરમાત્મા વિષયક વિચારો, રથ–રથીનું રૂપક, અશ્વત્થવૃક્ષનું વર્ણન ઈત્યાદિ તે જ સ્વરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પ્રાપ્ત થાય છે.

પ્રા. નલિન રાવળ કઠોપનિષદ્ વિષે લખતા કહે છે કે – કઠોપનિષદ્ ઉપનિષદ્‌માંનું એક અત્યંત રમણીય ઉપનિષદ્ છે. આ પ્રસન્ન પદ, લલિત અને મધુર ઉપનિષદ્ વિદ્વદ્‌ભોગ્ય છે. સાધન સમ્પન્ન મનુષ્ય માટે સૂક્ષ્મ સિદ્ધાંતો આખ્યાયિકા દ્વારા અહીં હૃદયંગમ બનાવાય છે.

## (૩) ભૃગુ અને વરુણનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન કૃષ્ણ યજુર્વેદીય તૈત્તિરીય શાખા અન્તર્ગત તૈતિરીય આરણ્યકના દસ અધ્યાયમાં ૭–૮–૯ અધ્યાય, જે અધ્યાય–૮ તૈત્તિરીય ઉપનિષદ્ તરીકે ઓળખાય છે. તદ્ અંતર્ગત ત્રીજી વલ્લી ભૃગુવલ્લીમાં આ આખ્યાન પ્રાપ્ત થાય છે, જેની કથા નીચે મુજબ છે –✓

પુરાતનકાળમાં વરુણપુત્ર ભૃગુ નામના મહર્ષિ હતા. ભૃગુના મનમાં પરમાત્મા સંબંધી ઉત્કંઠા ઉત્પન્ન થઈ. તેના સમાપન માટે તે પિતા વરુણ પાસે આવ્યો અને કહ્યું **अधीहि भगवो ब्रह्म इति ।** બ્રહ્મનો ઉપદેશ કરો. [૮]

પુત્રની વાત સાંભળી પિતા વરુણે કહ્યું, અન્ન, પ્રાણ, નેત્ર, કર્ણેન્દ્રિય, મન અને વાણી આ સર્વ બ્રહ્મ પ્રાપ્તિના દ્વાર છે. પ્રત્યક્ષ દશ્યમાન સર્વ પ્રાણી જેના દ્વારા ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈ જેના સહારે, જેની શકિત દ્વારા સર્વ જીવંત છે અને પ્રલય સમયે જેમાં વિલીન થઈ જાય છે, તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરો તે જ બ્રહ્મ છે.

પિતાનો ઉપદેશ સાંભળી ભૃગુ ઋષિ બ્રહ્મચર્ય અને સામ–દામ ઈત્યાદિ નિયમોને આશ્રયે સમસ્ત ભોગોનો સંયમપૂર્વક ત્યાગ કરી ચિંતન કરવા લાગ્યા.

ભૃગુએ પિતાના ઉપદેશાનુસાર એ નિશ્ચય કર્યો કે **'अन्नं ब्रह्मेति व्यजानात् ।'** [૯] પિતાએ વિચાર્યું, પુત્રએ બ્રહ્મના સ્થૂળ શરીરને નથી જાણ્યો. તેથી તપ દ્વારા બ્રહ્મ પ્રાપ્ત કરવા કહ્યું.

આ પ્રમાણે વરુણે પુત્ર ભૃગુને અન્ન, પ્રાણ, મન, તપ, આનંદ ઈત્યાદિ દ્વારા બ્રહ્મ પ્રાપ્ત કરવા કહ્યું.

અંતે ભૃગુ એ નિર્ણય પર પહોંચ્યા કે – **आनन्दो ब्रह्मेति व्यजानात् ।** અર્થાત્ આનંદ જ બ્રહ્મ છે. [૧૦]

આનંદમય પરમાત્મા અન્ન ઈત્યાદિના અંતરાત્મા રૂપ છે. આ સર્વ તેના સ્થૂળરૂપ છે. તેથી બ્રહ્મના આંશિક લક્ષણ પ્રાપ્ત થાય છે. બ્રહ્મના સંપૂર્ણ લક્ષણ આનંદમાં જ સંગ્રહિત છે. સર્વ મનુષ્ય આનંદપૂર્વક જીવન વ્યતીત કરવા ઈચ્છે છે. સર્વના જીવનાધાર આનંદ સ્વરૂપ પરમાત્મા છે.

આ પ્રમાણે અવગત થતા ભૃગુને પરમબ્રહ્મનું વાસ્તવિક જ્ઞાન થયું. તે જિજ્ઞાસારહિત પરમાત્મામાં સ્થિર થઈ ગયા.

આ આખ્યાન એ પ્રેરણા આપે છે કે જો વ્યકિત સંયમ અને ધૈયપૂર્વક દઢ નિશ્ચયી બની લક્ષ્ય પ્રાપ્તિની પ્રતિજ્ઞા ધારણ કરે તો અવશ્ય લક્ષ્ય સિદ્ધ કરી શકે છે.

કેનોપનિષદ્માં પણ જે મનનું મન, પ્રાણનું પ્રાણ, વાક્નું વાક્, શ્રોત્રનું શ્રોત્ર, ચક્ષુનું ચક્ષુ છે, તેનાથી અવગત થઈ જ્ઞાનીજન જીવન્મુકત બની વિદેહમુકત બની જાય છે, [૧૧] તેમ કહ્યું છે.

## (૪) ઉષસ્તિ આખ્યાન

પ્રસ્તુત આખ્યાન સામવેદીય તલવકાર બ્રાહ્મણના છાન્દોગ્યોપનિષદ્‌ના પ્રથમ અધ્યાય, દશમખંડમાં નિર્દેશેલ છે, જેની કથા નીચે પ્રમાણે છે –

કુરુ પ્રદેશના ઈભ્ય નામના નગરમાં ઉષસ્તિ ચાક્રાયણ નામે ઋષિ નિવાસ કરતા હતા. પત્ની આટિકી સાથે તપ સ્વાધ્યાયમાં લીન રહી શાંતિપૂર્વક જીવન વ્યતીત કરતા હતા.

કેટલાક દિવસો સુધી આહાર ન મળવાથી આટિકી મૂર્છિત બની ગઈ. તે કારણે ઋષિ એકલા આહારની શોધમાં નીકળી પડયા.

ફરતાં–ફરતાં તેમણે એક મહાવતને અડદ ખાતા જોયો. ઋષિએ અડદની યાચના કરી.

મહાવતે કહ્યું, **नेतोऽन्ये विद्यन्ते यच्च ये म इम उपनिहिता इति ।** અર્થાત્ આ અડદ સિવાય મારી પાસે કંઈ નથી. [૧૨]

ઋષિએ કહ્યું, ‘તે મને આપો.’ [૧૩]

ઋષિએ થોડા અડદ આરોગ્યા, થોડા રાખી દીધા.

ઋષિના ચાલતા થવાથી મહાવતે કહ્યું, ‘ઋષિવર ! જળપાન કરો.’ ઋષિએ પ્રત્યુત્તર આપતા કહ્યું, ‘હું જળપાન નહી કરું, કારણ કે તે આપનું ઉચ્છિષ્ટ છે.’

મહાવત આશ્ચર્ય પામતા બોલ્યો, ‘મારા અડદ આરોગ્યા, જળ કેવી રીતે ઉચ્છિષ્ટ બની ગયું ?’ મહર્ષિ ઉષસ્તિએ આ પ્રશ્નનું સમાધાન કરતા કહ્યું, ‘અડદ આરોગ્યા વિના હું જીવિત રહી શકું તેમ ન હતો જળ તો યથેચ્છ માત્રામાં મળે છે.’ [૧૪]

શેષ અડદ લઈ ઋષિ પત્ની પાસે આવ્યા. જે પહેલાથી ખૂબ ભિક્ષા પ્રાપ્ત કરી ચૂકી હતી. તેથી પત્નીએ અડદ મૂકી દીધા.

પ્રાતઃકાળે ઋષિ ઉષસ્તિએ પોતાની દુર્દશા પર વિચાર કરતા કહ્યું, 'આજે થોડું અન્ન પ્રાપ્ત થાય તો તે આરોગી ધન પ્રાપ્તિ કરી શકું કારણ કે રાજા ત્રિવિક્રમ ઋત્વિક કર્મ માટે મારું વરણ કરે તો તેની દક્ષિણા દ્વારા જીવન નિર્વાહ થઈ શકે.

આ સાંભળી પત્ની આટિકી બોલી, ''આપના શેષ અડદ પડયા છે, તેના દ્વારા કાર્ય સમ્પન્ન કરો.''

યજ્ઞ સ્થળે જઈ ઉદ્‌ગાતા સમીપ બેસી પ્રસ્તોતાને કહ્યું, 'જે દેવતાની સ્તુતિ કરો છો તેને જાણ્યા વિના પ્રસ્તવન કરશો તો તમારું મસ્તક નીચે પડી જશે.' [૧૫]

રાજાએ આ વાકય સાંભળી ઉષસ્તિને જ યજ્ઞ કાર્ય સમ્પન્ન કરવા કહ્યું.

યજ્ઞ કાર્ય સમ્પન્ન પશ્ચાત્ ઉષસ્તિએ પ્રાણની ઉપાસના, આદિત્ય ઉપાસનાનો ઉપદેશ આપ્યો અને ઉદ્‌ગીથ તો ઈશ્વરનું મુખ્ય નામ 'ૐ' નું પ્રતીક છે કહી 'ૐ' વિષયક જ્ઞાન આપ્યું.

આ પ્રમાણે પ્રશ્નકર્તાઓનું સમાધાન કરી ઉષસ્તિએ રાજા દ્વારા સમ્માન એવં સત્કાર પ્રાપ્ત કર્યા.

આ કથાનો સારાંશ એ છે કે પરમાત્માની અનભિજ્ઞતાથી યજ્ઞાદિ કર્મો કરવા ઉચિત નથી. બ્રહ્મ જ સર્વસાર છે, તેને જાણવો આવશ્યક છે.

તે બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો ઉપનિષદ્‌કાર અલગ–અલગ રીતે આપે છે.

માંડૂકયોપનિષદ્ 'ૐ' કારની ચર્ચા કરી તેના દ્વારા બ્રહ્મ પ્રાપ્તિ દર્શાવે છે.

પ્રાણ ટકાવવા આહારની આવશ્યકતા છે, તે આહાર ગમે તે સ્થળેથી પ્રાપ્ત થાય તેમાં દોષ નથી, તે બાબત પણ આ આખ્યાન સ્પષ્ટ કરે છે.

## (૫) રાજા જાનશ્રુતિ અને રૈકવનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન સામવેદીય તલવકાર બ્રાહ્મણના છાંદોગ્ય ઉપનિષદ્‌ના ચતુર્થ અધ્યાયના પ્રથમ ખંડમાં પ્રાપ્ત થાય છે, જેની કથા આ પ્રમાણે છે –

જાનશ્રુતિ નામના મહા દાનેશ્વરી રાજા હતા. તેમણે સર્વ પ્રજા પોતાને આધીન રહે તેવા આશયથી પુષ્કળ અનાજ ઉત્પન્ન કર્યું અને નિવાસાર્થે ધર્મશાળા બંધાવી.

એક દિવસ રાજા ગ્રીષ્મના દિવસોમાં મહેલની છત પર બેઠા હતા. તે સમયે બે હંસોનો વાર્તાલાપ શ્રવણ કર્યો. તેમાં એક હંસ દ્વારા રૈકવ, જે રાજાથી વિશેષ પ્રસિદ્ધ છે, તેનું નામ સાંભળ્યું.

રૈકવની પ્રશંસા કરતા હંસે કહ્યું, 'જેવી રીતે જુગારી અનુકૂળ પાસા ફેંકી જીતી લે છે તેવી રીતે જે કોઈ પ્રજા શુભ કાર્ય કરે તે સંપૂર્ણ રૈકવને પ્રાપ્ત થઈ જાય છે. વાસ્તવમાં જે તત્ત્વ રૈકવ જાણે છે, તેને જે કોઈ જાણી લે તેને તેટલું ફળ પ્રાપ્ત થાય છે.' [૧૬]

આ સાંભળી રાજા જાનશ્રુતિએ પ્રાતઃકાળે સેવકોને રૈકવને બોલાવવા આદેશ આપ્યો.

રાજાની આજ્ઞાનુસાર સેવકોએ બ્રહ્મવેત્તાના રહેવા યોગ્ય નિવાસ, અરણ્ય, નદી તટ, એકાંત સ્થળ ઈત્યાદિ સ્થળે શોધ કરી.

અંતે એક નિર્જન પ્રદેશમાં ગાડીની નીચે બેઠેલા રૈકવની શોધ થઈ.

રાજા છસો ગાયો, એક હાર સામગ્રી સભર એક રથ લઈ રૈકવને ભેટ આપતા કહ્યું, ''આ સર્વ આપ માટે છે. તેનો સ્વીકાર કરો અને ફળરૂપે દેવતાઓનો ઉપદેશ આપો.'' [૧૭]

રાજાની વાતનો અસ્વીકાર કરતા રૈકવ મુનિએ કહ્યું, ''ભૌતિક સાધનોથી બ્રહ્મજ્ઞાન ખરીદી શકાતું નથી.''

તદ્પશ્ચાત્ રૈકવે જાનશ્રુતિને ધનાદિ સંપત્તિથી અભિમાન શૂન્ય જાણી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો.

સંવર્ગ વિદ્યાનો ઉપદેશ કરતા રૈકવે કહ્યું, ''સંવર્ગ વાયુને કહે છે. અગ્નિ શાંત થઈ વાયુમાં વિલીન થઈ જાય છે. સૂર્ય એવં ચંદ્રની જયોતિ પણ વાયુમાં સમાવિષ્ટ થાય છે. તેના દ્વારા બ્રહ્માંડને આલોકિત કરે છે. જળ બાષ્પ બની વાયુમાં વિલીન થઈ જાય છે. સમસ્ત જીવિત પ્રાણીઓના પ્રાણ વાયુમાં સમાપ્ત થાય છે. તમારું ધન, દાન, તપ, યશ સર્વ એક દિવસ વાયુમાં વિલીન થઈ જશે. તેથી તમે સમસ્ત સત્કર્મ, ધર્મ–કાર્ય વાયુ દેવતાને અર્પિત કરી દો. વાયુ તમારા યશને પ્રકાશિત કરશે. મારા આ ઉપદેશ સાથે આપ સર્વ સામગ્રી પરત લઈ લો. મારે કંઈ ન જોઈએ.''

આ સારગર્ભિત ઉપદેશ શ્રવણ કરી જાનશ્રુતિની આંખો ખુલી ગઈ. તે રૈકવના ચરણમાં પડી ગયા અને તેમના શિષ્ય બની ગયા.

પ્રસ્તુત આખ્યાન દ્વારા એ બોધપ્રદાન થાય છે કે જયાં સુધી મનુષ્યમાં અહંકાર છે, પોતાના ધન, દાન, અને યશનો, ત્યાં સુધી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પરંતુ અહંકારના નષ્ટ થવાથી બ્રહ્મ મેળવી શકાય છે.

બ્રહ્મજ્ઞાન ખરીદી શકાતું નથી. તે તો આત્મસ્ફુરણા દ્વારા પ્રાપ્ત થાય છે.

ગમે તેટલા સત્કર્મ કરીએ પરંતુ જો તેમાં અહંકાર આવે તો સત્કર્મનું ફળ પ્રાપ્ત થતું નથી માટે અહંકારનો ત્યાગ કરો. તેથી જ મુનિ રાજાને કહે છે, ''આ સર્વ ભૌતિક સામગ્રી સાથે આપ આપનો અહંકાર પણ મને ભેટ તરીકે આપી દો.''

## (૬) સત્યકામ જાબાલનું આખ્યાન

આ આખ્યાન સામવેદીય તલવકાર છાંદોગ્ય ઉપનિષદ્‌ના ૪/૪ માં ઉલ્લિખિત છે, જે આ પ્રમાણે છે –

જબાલા નામની એક સદાચારિણી બ્રાહ્મણી હતી. તેના પુત્રનું નામ હતું, સત્યકામ.

પુત્ર સત્યકામ વિદ્યાધ્યયન યોગ્ય થતા માતાને પૂછયું. 'હું ગુરુકુળમાં રહી વિદ્યાભ્યાસ કરવા ઈચ્છું છું. મારા ગોત્રનું નામ શું છે ?' [૧૮]

માતાએ સત્યભાષણ કર્યું કે તારા પિતાના ગોત્ર વિશે મને ખ્યાલ નથી.

માતાની આજ્ઞા લઈ પુત્ર ગૌતમ ઋષિના આશ્રમે ગયો. ઋષિએ ગોત્ર વિષે પૂછતા સત્યકામે માતાએ કહ્યું હતું, તે પ્રમાણે કહ્યું.

ગૌતમ બ્રાહ્મણે બાળકની સત્યપ્રિયતા જોઈ કહ્યું, **नैतदब्राह्मणो विवक्तुमर्हति ।** અર્થાત્ આવું સ્પષ્ટ ભાષણ કોઈ બ્રાહ્મણેત્તર ન કરી શકે. [૧૯]

ગુરુએ વરદાન આપ્યું કે તું તારી માતા જબાલા નામે પ્રસિદ્ધિ પામીશ. ગુરુએ દીક્ષા આપી. આજ્ઞા કરી, આ ચારસો ગાયોનું અનુગમન કર. સત્યકામે જતા–જતા કહ્યું, આની સહસ્ર ગાયો થશે ત્યારે પુનઃ પધારીશ. [૨૦]

એક સહસ્ર ગાયો થઈ જવાથી એક વૃષભે કહ્યું, 'અમે એક સહસ્ર થઈ ગયા. અમને આચાર્યકુળમાં પહોંચાડી દો.' [૨૧]

તે સમયે વૃષભે સત્યકામને એક પાદમાં બ્રહ્મનો ઉપદેશ કર્યો અને દ્વિતીય ચરણ અગ્નિદેવ પાસેથી જાણવા કહ્યું.

તદ્પશ્ચાત્ ક્રમશઃ અગ્નિદેવતા હંસ તથા મદ્ગુ નામક જળચરે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો.

આ પ્રમાણે દેવતાઓ દ્વારા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી સત્યકામ ગુરુકૂળ એક સહસ્ર ગાયો લઈ પહોંચ્યો. આચાર્યે તેની ચિંતારહિત, તેજપૂર્ણ દિવ્ય મુખકાન્તિ જોઈ જાણી લીધું કે તેને બ્રહ્મ પ્રાપ્તિ થઈ ગઈ.

સત્યકામે કહ્યું, 'મને મનુષ્યેત્તર દ્વારા વિદ્યા પ્રાપ્ત થઈ છે. આપ સદશ આચાર્ય દ્વારા પ્રાપ્ત વિદ્યા જ શ્રેષ્ઠ વિદ્યા છે. તેથી આપ મને વિદ્યાદાન કરો.'

તદનન્તર ગુરુએ ઉપદેશ આપ્યો. જ્ઞાની તો તે પ્રથમથી જ થઈ ચૂકયો હતો. પરંતુ નામ માત્ર માટે ગુરુ દ્વારા જ્ઞાન મેળવ્યું.

ઉપર્યુકત આખ્યાન દ્વારા સત્યકામ તથા તેની માતા જબાલાની સત્યનિષ્ઠા દષ્ટિગોચર થાય છે. સત્યમાં કેટલી શકિત છે તે સત્યકામના વ્યકિતત્વ દ્વારા જોઈ શકાય છે. વેદ તેમજ મુંડક ઉપનિષદ્માં કહ્યું છે કે – **सत्यमेव जयते नानृतम् ।** અર્થાત્ સત્ય જ વિજયી બને છે, અસત્ય નહી. [૨૨]

જ્ઞાન પાત્રતા હોય તો મેળવી શકાય. પરમાત્માની પ્રાપ્તિ માટે પાત્રતા એવં શ્રદ્ધા અતિ આવશ્યક છે. ભ.ગી. અનુસાર શ્રદ્ધાવાન્ પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. [૨૩]

ગૌ સેવા દ્વારા ઉપર્યુકત આખ્યાનમાં બ્રહ્મજ્ઞાન મેળવ્યું છે. મહાભારતકાર ગૌનું માહાત્મ્ય વર્ણવતા લખે છે, ''હું નિત્ય ગાયોના દર્શન કરું અને મારા પર ગાયોની કૃપા દષ્ટિ બની રહે. ગાયો અમારી છે અને અમે ગાયોના છીએ. જયાં ગાયો રહે ત્યાં અમે રહીએ. મારી અગ્ર, પૃષ્ઠ, ચોતરફ ગાયો રહે.'' [૨૪]

લક્ષ્યસિદ્ધિ માટે કઠીન પ્રયત્ન આવશ્યક છે. અથર્વવેદ કહે છે, ઉન્નતિ પામવું અને આગળ વધવું પ્રત્યેક જીવનું લક્ષ્ય છે. [૨૫]

## (૭) પાંચાલોની સભામાં શ્વેતકેતુ આગમન આખ્યાન

પ્રસ્તુત આખ્યાન સામવેદીય તલવકાર છાંદોગ્યોપનિષદ્‌ના અધ્યાય–૫, ખંડ–૩ માંથી ઉદધૃત કરવામાં આવ્યું છે. ઉપરાંત પ્રસ્તુત આખ્યાન યજુર્વેદીય કાણ્વી શાખાના વાજસનેય બ્રાહ્મણ અંતર્ગત બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ૬/૨ માં ઉપલબ્ધ છે, જે કથા આ પ્રમાણે છે –

ઋષિ આરુણિનો પુત્ર શ્વેતકેતુ દેશાટન કરતા પાંચાલ દેશના રાજા પ્રવાહણની સભામાં પહોંચ્યો.

રાજા પ્રવાહણ યશસ્વી એવં પરમ વિદ્વાન્ હતા. શ્વેતકેતુને તેમણે પૂછયું, શું તમે સર્વ વિદ્યા પ્રાપ્ત કરી ચૂકયા છો ? [૨૬]

જો આપે સર્વ વિદ્યા પ્રાપ્ત કરી હોય તો આ પ્રશ્નોના ઉત્તર આપો –

(૧) આ લોકમાંથી પ્રજા કયાં જાય છે ?

(૨) પુનઃ આ લોકમાં કેવી રીતે આવે છે ?

(૩) દેવયાન અને પિતૃયાન બંને માર્ગોના પારસ્પરિક અલગ સ્થાન કયાં છે ?

(૪) પિતૃલોક કેમ ભરાતો નથી ?

(૫) સોમ ઘૃતાદિ રસ સંજ્ઞા કેવી રીતે પ્રાપ્ત થાય ?

શ્વેતકેતુ ઉપર્યુકત પ્રશ્નોના ઉત્તર આપી શકયા નહીં.

રાજા પ્રવાહણે કહ્યું, સર્વ વિદ્યા પ્રાપ્ત કરી છતાં એકપણ પ્રશ્નના ઉત્તર કેમ આપી ન શકયા ?

શ્વેતકેતુએ પિતાને આ વાત કરી. પિતા આરુણિ પણ અજ્ઞાત હોવાને કારણે રાજા પ્રવાહણ પાસે આવ્યા.

રાજા પ્રવાહણે આરુણિનો આતિથ્ય સત્કાર કરી ક્રમશઃ પાંચ પ્રશ્નોના ઉત્તર આપ્યા.

પ્રશ્નોના ઉત્તર આપતા પ્રવાહણે કહ્યું –

(૧) મૃત્યુ પશ્ચાત્ જીવ સ્વકર્મો તથા ઈશ્વરીય અવસ્થા અનુસાર પુનર્જન્મ પ્રાપ્ત કરે છે.

(૨) શરીરનો ત્યાગ કરી જીવ માટે બે માર્ગ છે. પ્રથમ દેવયાન, જે મોક્ષમાર્ગી છે. જે સાધક અધ્યાત્મ વિદ્યાથી સમ્પન્ન થઈ સાધનાયુકત જીવન જીવી દેહત્યાગ કરે છે. તેઓ સ્વયં પ્રકાશરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે. પરંતુ જેઓ લૌકિક હિતના કાર્યો કરે છે તેઓ પિતૃયાન માર્ગે જાય છે. તેઓ સકામકર્મી છે. અતઃ નિશ્ચિત અવધિમાં સાંસારિક સુખોને ભોગવવા જન્મધારણ કરે છે.

(૩) આ પ્રશ્નનો ઉત્તર દ્વિતીય ઉત્તરમાં સમ્મિલિત છે.

(૪) લોક હિતના કાર્યો કરવાથી ઉત્તમ યોનિ પ્રાપ્ત કરી સુખપૂર્વક જીવન વ્યતીત કરે છે. અન્ય પ્રાણીઓ માટે જીવન અને મૃત્યુનું ચક્ર ચાલતું રહે છે. તેઓ **पुनरपि जनमं पुनरपि मरणं** ના ચક્રમાં ફર્યા કરે છે તેથી પરલોકમાં સ્થાન ન રહેવાનો પ્રશ્ન વ્યર્થ છે.

(૫) સંસારમાં યજ્ઞ એક શાશ્વત ક્રિયા છે. વિદ્વાન્ અને જ્ઞાની વ્યકિત શ્રદ્ધારૂપી અગ્નિ પ્રકટાવી તેમાં આહુતિ આપે છે. બાહ્ય યજ્ઞ તો પ્રતીક માત્ર છે.

પોતાના વકતવ્યનું સમાપન કરતા રાજા પ્રવાહણે કહ્યું, પાંચ પ્રકારના પાપથી મનુષ્યે દૂર રહેવું –

(૧) સુવર્ણની ચોરી, સામાન્ય ચોરી પણ થાય છે.

(૨) મદિરાપાન

(૩) ગુરુ પત્ની સાથે દુરાચાર

(૪) વિદ્વાન્ બ્રાહ્મણની હત્યા, પ્રાણી માત્રની હત્યા પાપ છે.

(૫) ઉપર્યુકત પાપાચારીનો સંસર્ગ કરવો. [૨૭]

ઉપર્યુકત આખ્યાન પર વિવેચન કરીએ તો આ ઉપનિષદ્ વિદ્યા પ્રાચીનકાળમાં ક્ષત્રિયોમાં પણ પ્રચલિત હતી. બ્રાહ્મણ જિજ્ઞાસુ ક્ષત્રિયોને ગુરુ બનાવી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરતા.

પ્રવાહણ રાજાના પાંચ પ્રશ્નોના ઉત્તરમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું તત્ત્વજ્ઞાન દષ્ટિગોચર થાય છે.

યોગ્ય વિદ્યા પ્રાપ્તિ માટે યોગ્ય ગુરુની આવશ્યકતા છે.

મૃત્યુ પશ્ચાત્ જીવની શી ગતિ થાય છે, આવો પ્રશ્ન કઠોપનિષદ્માં નચિકેતા તૃતીય વરદાનમાં યમને પૂછે છે, જેનો યમ સવિસ્તર ઉત્તર આપે છે. તે બાબત પ્રસ્તુત આખ્યાનના પ્રવાહણના પ્રથમ પ્રશ્નમાં જોઈ શકાય છે.

બૃહદારણ્યક ઉપનિષદ્માં મંથવિદ્યાની ચર્ચા છે. ત્યાં જે સૂકા વૃક્ષ ઉપર મંથ છાંટવાથી તેમાં ફળ અને શાખા ફૂટે છે. [૨૮] તે બાબત છાંદોગ્ય ઉપનિષદ્માં પણ ચર્ચવામાં આવી છે. [૨૯]

## (૮) યાજ્ઞવલ્કય–મૈત્રેયી આખ્યાન

પ્રસ્તુત આખ્યાન શુકલ યજુર્વેદીય શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ઉપલબ્ધ છે. તદ્ અંતર્ગત છ અધ્યાય અને ૪૭ બ્રાહ્મણ છે.✓

યાજ્ઞવલ્કય – મૈત્રેયી સંવાદ ૨/૪ તેમજ ૪/૫ માં નિર્દેશેલ છે, જેની કથા નીચે પ્રમાણે છે –

યાજ્ઞવલ્કયને મૈત્રેયી અને કાત્યાયની નામની બે પત્ની હતી. તે પૈકીમાંની મૈત્રેયી વિદુષી હતી, કાત્યાયની સામાન્ય ગૃહિણી હતી.

યાજ્ઞવલ્કયે સંન્યસ્ત ગ્રહણ કરવા વિચાર્યું. તેમની સર્વ સંપત્તિ મૈત્રેયીને આપવા વિચાર્યું. મૈત્રેયી ઉચ્ચ આદર્શ સ્ત્રી હતી. તેમણે કહ્યું.

**'येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम् यदेव भगवान्वेद तदेव मे ब्रूहीति ।'**

અર્થાત્, 'જેને મેળવીને હું અમર ન બની શકું તેને પ્રાપ્ત કરીને હું શું કરું ?' [૩૦]

મૈત્રેયીનો વિચાર જાણી યાજ્ઞવલ્કયે તેને ધન્યવાદ આપતા કહ્યું, ''તું મને અતિ પ્રિય છો. તારું આ વાકય પણ મને પ્રિય છે. મારી પાસે બેસી હું કહું તે સાવધાન થઈ સાંભળ.'' [૩૧]

આ સાથે યાજ્ઞવલ્કયે સદષ્ટાંત આત્મવિદ્યાનો ઉપદેશ આપતા કહ્યું –

**पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति ।**

અર્થાત્ જેમકે સર્વને પતિ પ્રિય લાગે છે તે પતિના સ્વાર્થ માટે નથી લાગતો. પરંતુ આપણા સ્વાર્થ માટે લાગે છે. [૩૨]

આ ઉપરાંત આત્મા વિષયક અનેક બાબતો કહી જેમકે પુત્ર દ્રવ્ય ઈત્યાદિ પદાર્થો તે પદાર્થોના માટે પ્રિય નથી લાગતા. પરંતુ આત્માને માટે લાગે છે. વિશ્વમાં જે કંઈ છે તે આત્માને માટે પ્રિય લાગે છે. દેવો

અને મનુષ્યોની આધારશીલા આત્મા છે. આત્મા માટે જ તેમનું અસ્તિત્વ, ઉપયોગીતા, હેતુતા છે. આથી આત્માને જાણી લેવાથી સર્વ કંઈ જાણવામાં આવી જાય છે.

યાજ્ઞવલ્કયે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઈતિહાસ, પુરાણ ઈત્યાદિ સમસ્ત શાસ્ત્રોને બ્રહ્મનો નિઃશ્વાસ કહ્યો છે. અર્થાત્ પ્રાણીમાત્રનો શ્વાસોચ્છવાસ ચાલે છે તેવી રીતે સર્વજ્ઞાન બ્રહ્મ દ્વારા ઉત્પન્ન થાય છે.

મનુષ્ય શરીરમાં શ્વાસોચ્છવાસ, નિમેષ–ઉન્મેષ, જવું–આવવું, પ્રયત્ન–ત્યાગ, ગ્રહણ, સંકોચ–વિકાસ આદિ જે ક્રિયા જોવામાં આવે છે, તે સમસ્ત દ્વારા બ્રહ્મ અને સૃષ્ટિ રચનાનો સંબંધ વ્યકત થઈ રહ્યો છે.

તદ્પશ્ચાત્ યાજ્ઞવલ્કયે એકાયન સિદ્ધાંત સમજાવ્યો. તે દ્વારા પ્રજાપતિની સૃષ્ટિની સર્વ રચના ચક્ષુને પ્રાપ્ત થાય છે. ચક્ષુ સર્વરૂપોનું એકાયન છે. જે સર્વના દષ્ટા છે, તેવો આત્મા જ એકાયન છે. આ સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ છે. એક આત્મામાં સર્વ જ્ઞાન–વિજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. એવો આ આત્મા સર્વનો વિજ્ઞાતા છે. તે આત્માને જાણવા માટે અન્ય કોઈ સાધન નથી. કારણ કે, તે સર્વનો વિજ્ઞાતા છે.

આત્મા અગ્રાહ્ય, અંશીર્ય, અસંગ, બંધન રહિત શાશ્વત છે. તેને સર્વ પ્રાણી કેવી રીતે જાણે ? શ્રુતિ તેને **'नेति नेति'** કહે છે, તે આત્મા અનિર્વચનીય છે. આ જ મોક્ષ છે.

સર્વજ્ઞાન ઉપદેશી યાજ્ઞવલ્કય સંન્યાસી થયા અને મૈત્રેયી પરમ કલ્યાણને પ્રાપ્ત થઈ.

પ્રસ્તુત આખ્યાનનો ઉપદેશ આ મુજબ છે –

સાંસારિક ભૌતિક સુખ નાશવંત છે. સાચું સુખ પરમતત્ત્વમાં સમાયેલું છે. તે જ્ઞાન પ્રાપ્ત થયા પછી કંઈ જાણવાનું રહેતું નથી. આ બાબત યાજ્ઞવલ્કય–મૈત્રેયી સંવાદ દ્વારા ફલિત થાય છે.

યાજ્ઞવલ્કયની બે પત્ની મૈત્રેયી અને કાત્યાયની આત્મા અને પરમાત્માના પ્રતીક હોય તેમ લાગે છે. કાત્યાયની સાંસારિક સુખને સાચું સુખ માની ગૃહસ્થ જીવન પસાર કરવાનું વિચારે છે, જયારે મૈત્રેયીને આ સર્વ જગત્ પોકળ લાગે છે. તે તો પરમાત્મામાં લીન થવા ઈચ્છે છે. આ બંને નામ દ્વારા ઋગ્વેદનું આત્મા–પરમાત્મા દ્વારા સમજાવેલ પક્ષીના રૂપકનું સ્મરણ થાય છે.

સંસાર વૃક્ષની ડાળી પર બેઠેલા જીવ અને શિવરૂપી બે પક્ષીઓમાંનું એક સ્વાદિષ્ટ ફળ ખાય છે અને બીજું જોયા કરે છે. [૩૩]

મૈત્રેયીની તુલના કઠોપનિષદ્ના નચિકેતા સાથે કરી શકાય. નચિકેતા સાંસારિક ઉપભોગનો ત્યાગ કરી પરમ સુખની શોધમાં નીકળી પડયો. યમની લાલચ તેને લોભાવી શકી નહી. તે પણ મૈત્રેયીની જેમ કહે છે, ''મનુષ્ય શરીર જીર્ણ છે. આ તત્ત્વનો જ્ઞાતા કોણ મનુષ્ય છે જે અજીર્ણ, અમૃત તત્ત્વને જાણી આ લોકમાં જીવિત રહેવામાં આનંદ મેળવે ?'' [૩૪]

પ્રસ્તુત ઉપનિષદ્‌માં આત્માનું સ્વરૂપ વર્ણન અને તેને પ્રાપ્ત કરવાના સાધનોનો ઉલ્લેખ કર્યો છે. તેનું કોઈ સ્પષ્ટ સ્વરૂપ નથી. કયારેક તેને અણુથી પણ અણુ અને મહત્‌થી પણ મહત્‌ કહ્યો છે. **अणोरणीयान्महतो महीयान् ।** તેની પ્રાપ્તિ માટે તો જ્ઞાનરૂપી ચક્ષુ આવશ્યક છે. તે મન, ચક્ષુ, કર્ણ દ્વારા મેળવી શકાતો નથી. પરંતુ તેને તો જેનો આત્મા સ્વીકાર કરે છે, તેના દ્વારા જાણી શકાય છે. [35]

ઉપનિષદોનો આ **'नेति नेति'** સિદ્ધાંત સમગ્ર વિશ્વમાં અનુપમ છે.

પ્રસ્તુત આખ્યાનના મંત્રોનો પડઘો શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં પણ જોવા મળે છે.

## (૯) સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા યાજ્ઞવલ્કયનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન શુકલ યજુર્વેદીય શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ઉપલબ્ધ છે. આ ઉપનિષદમાં કુલ છ અધ્યાય અને ૪૭ બ્રાહ્મણ છે.

રાજા જનકની સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેતાને સહસ્ત્ર ગાય દાનમાં આપવાની ઘોષણા તૃતીય અધ્યાયના પ્રથમ બ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે, તે આ મુજબ છે.

વૈદેહી રાજા જનકે યજ્ઞ કર્યો. તે યજ્ઞમાં મહાન દક્ષિણા આપવા માટે રાજા જનકે ઘોષણા કરતા કહ્યું, ''સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીને સુવર્ણશૃંગી સહસ્ર ગૌ દાનમાં આપવા ઈચ્છું છું.'' [36]

જનકની વાત સાંભળી કોઈ બ્રાહ્મણ ગાયો લેવા તૈયાર ન થયા. યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યને ગાયો લઈ જવા આજ્ઞા કરી. આથી સૌ બ્રાહ્મણો ક્રોધિત થયા. જનકના હોતા અશ્વલે કહ્યું, **त्वं नु खलु नो याज्ञवल्क्य ब्रह्मिष्ठोऽसि ।** અર્થાત્‌ આ સર્વમાં શું આપ જ બ્રહ્મનિષ્ઠ છો ?

યાજ્ઞવલ્કયે ઉત્તર આપતા કહ્યું, **नमो वयं ब्रह्मिष्ठाय कुर्मो गोकामा एव वयं स्म ।** અર્થાત્‌ બ્રહ્મનિષ્ઠને નમસ્કાર અમે તો ગાયોની ઈચ્છાવાળા છીએ. [37]

આ સાંભળી અશ્વલે યાજ્ઞવલ્કયને પ્રશ્ન પૂછયો, ''સમગ્ર સૃષ્ટિ મૃત્યુથી વ્યાપ્ત છે. આ વ્યાપ્તિનું યજમાન કેવા સાધનથી અતિક્રમણ કરી શકે ?'' [38]

યાજ્ઞવલ્કયે તેના પ્રત્યુત્તરમાં વાક્‌, પ્રાણ, ચક્ષુ અને મન આ ચાર અધ્યાત્મ યજ્ઞની શકિતઓ છે અને તેમને અનુરૂપ અગ્નિ, વાયુ, આદિત્ય અને ચંદ્ર આ અધિદૈવત શકિતઓ છે. તેમને જાણી લેવાથી મનુષ્ય મૃત્યુને પાર કરી જાય છે.

તદ્‌પશ્ચાત્‌ અશ્વલે મંત્રોની સંખ્યા, દેવતાની સંખ્યા, તદ્‌ વિષયક પ્રશ્નો પૂછયા. યાજ્ઞવલ્કયે તેના સમાધાનકારી પ્રત્યુત્તર આપ્યા.

અશ્વલ ઉપરાંત અન્ય ઋષિઓ જેવા કે આર્તભાગ, ભૂજયુ, ઉષસ્ત, કહોલ, ઉદ્દાલક ઈત્યાદિના પ્રશ્નોના યાજ્ઞવલ્કયે યથાયોગ્ય ઉત્તર આપ્યા.

અંતે ગાર્ગીએ બે પ્રશ્નો પૂછયા, જેમાં યાજ્ઞવલ્કય, અતિ પ્રશ્ન ન કરવાની સલાહ આપે છે.

અંતે યાજ્ઞવલ્કય સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા ઘોષિત થયા.

યજ્ઞના અંતે દક્ષિણા આપવાની પ્રથા ઋગ્વેદકાળથી ચાલી આવે છે. જનકે મહાન દક્ષિણાવાળો યજ્ઞ કર્યો. તે કદાચ અશ્વમેધ યજ્ઞ હોઈ શકે.

યજ્ઞને અંતે અપાતું દાન જ્ઞાની વ્યકિતને જ અપાતું હશે.

યજ્ઞવલ્કયે મૃત્યુની અનિવાર્યતાની સ્પષ્ટતા કરી.

ગાર્ગીનો પ્રશ્ન બ્રહ્મલોક શેમાં ઓતપ્રોત છે ? તેના ઉત્તરમાં યાજ્ઞવલ્કયે ગાર્ગીને અતિપ્રશ્ન ન કરવાની સલાહ આપી. આ બાબત દ્વારા યાજ્ઞવલ્કયની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે. બ્રહ્મ માત્ર આચાર્ય ઉપદેશ અને શાસ્ત્ર દ્વારા જાણી શકાય છે.

યાજ્ઞવલ્કય મહાજ્ઞાની વ્યકિત છે. તેના અધ્યાત્મ વિષયક જ્ઞાન પાસે સર્વ બાબત ફિક્કી લાગે છે. તેમણે પત્ની મૈત્રેયીને પણ અધ્યાત્મ વિષયક જ્ઞાન આપ્યું હતું. તે ચર્ચા આગળ થઈ ગઈ છે. તેમણે ઉપસ્થિત સર્વ ઋષિઓને પરાસ્ત કરી પોતાની જાતને સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા તરીકે ઘોષિત કરી.

## (૧૦) પ્રજાપતિના ઉપદેશનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન શુકલ યજુર્વેદીય શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ૫/૨ માં પ્રાપ્ત થાય છે.

પ્રજાપતિના દેવ, મનુષ્ય અને અસુર ત્રણેને એક અક્ષર **'द'** થી પૃથક્ ઉપદેશની કથા નિરૂપે છે.

પ્રજાપતિની ત્રણ સંતાન દેવતા, મનુષ્ય અને અસુર પિતા પ્રજાપતિ પાસે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી તપ કરવા ગયા. બ્રહ્મચર્ય વ્રત પાલન કર્યા બાદ દેવતાઓને કહ્યું, 'અમને ઉપદેશ આપો.' પ્રજાપતિ **'द'** એક અક્ષર બોલ્યા અને પૂછ્યું, સમજી ગયા ? દેવતાએ કહ્યું હા, સમજયા. દમન કરો. પ્રજાપતિએ હા કહી.

તદ્‌પશ્ચાત્ મનુષ્ય વ્રત પૂર્ણ કરી ગયા તેમણે પણ ઉપદેશ કરવા કહ્યું, તેમને પ્રજાપતિએ **'द'** અક્ષર કહી સમજયા તેમ પૂછયું. મનુષ્યે કહ્યું, દાન કરો પ્રજાપતિએ તથાસ્તુ કહ્યું.

અંતે અસુર આવ્યા. તેમને પણ **'द'** અક્ષરનો ઉપદેશ કર્યો. અસુરોએ તેનો અર્થ 'દયા કરો' તેવો કર્યો.

મેઘગર્જના સમયે **द-द-द** સ્વર નીકળે છે. અર્થાત્ દમન કરો, દાન કરો, દયા કરો.

આના દ્વારા શિક્ષા લેવી જોઈએ કે આ ત્રણે આવશ્યક છે, જીવનમંત્ર છે. મનુષ્ય માટે દાન વ્રતનું ફળ છે. આ બીજમંત્ર છે. તેથી મહત્ત્વપૂર્ણ છે. દાનની પરિભાષા છે. મમત્ત્વનો ત્યાગ દાન દઈ મનુષ્ય મહાન બને છે. દાનનો કણ એ પારસમણિ છે જે લોખંડને પણ સુવર્ણ બનાવી દે છે, પરંતુ શરત એ છે કે મમત્ત્વનો ત્યાગ કરવો જોઈએ.

મનુષ્ય માટે દાન અસુરો માટે દયા અને દેવતા માટે દમન, આવું કેમ ? તેનું કારણ છે. મનુષ્ય સ્વભાવમાં મમતા છે તેથી દાન દ્વારા મમતાનો સ્વાભાવિક વિસ્તાર થાય છે જે મનુષ્યના ઉન્નયનનું કારણ છે. દેવતાની યોનિ ભોગયોનિ છે, તેમાં કેવળ સુખભોગ છે.

તેવી રીતે અસુર વૃત્તિનો સ્વભાવ છે, અન્યને દુઃખ આપી સુખ ભોગવવું. તેથી તેના માટે આવશ્યક છે, અન્યના દુઃખે દુઃખી થવું. તેથી દયાનો ઉપદેશ કર્યો.

દાનવૃત્તિનો વિસ્તાર જ માનવ સંસ્કૃતિ માત્રનો વિસ્તાર છે. કેવળ ભારતીય સંસ્કૃતિનો નહીં.

આજે પણ પ્રજાપતિ દમન કરો. દાન કરો, દયા કરો, આ પ્રકારે અનુશાસન કરે છે. તેથી દમ, દાન અને દયા આ ત્રણેને સમજો. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે કામ, ક્રોધ, લોભ એ નરકના દ્વાર છે. તે આત્માનો નાશ કરનાર છે. તેથી આ ત્રણેનો ત્યાગ કરો. મનુષ્ય જીવનમાં દમ, દાન, દયાનું વિશેષ મહત્ત્વ હોવાને કારણે પ્રજાપતિએ દેવતા, મનુષ્ય અને અસુર દ્વારા આ ત્રણ પર નિયમન રાખવા કહ્યું છે.

મનુષ્યથી ભિન્ન અન્ય કોઈ દેવ કે અસુર નથી. મનુષ્યોમાં જ જે દમનશીલ છે. પરંતુ અન્ય ઉત્તમ ગુણોથી સમ્પન્ન છે, તે દેવ છે. લોભપ્રધાન વ્યકિત મનુષ્ય કહેવાય છે તથા હિંસાપરાયણ અને ક્રૂર વ્યકિત અસુર. તે મનુષ્ય સત્ત્વ, રજ, તમ, આ ત્રણ ગુણો અનુસાર દેવતા આદિ નામ ધારણ કરે છે.

અતઃ આ ત્રણે સાધન મનુષ્યે જ સ્વીકારવા જોઈએ. કારણ કે તેના ઉદ્દેશ્યથી પ્રજાપતિએ આ ઉપદેશ કર્યો છે. મનુષ્ય અજિતેન્દ્રિય, લોભી અને ક્રૂર જોવા મળે છે. આ સ્મૃતિકારો પણ કહે છે.

આ આખ્યાન મનુષ્ય સ્વભાવનો પરિચય આપે છે. સરળ ભાષામાં ગૂઢ સત્યનું પ્રકાશન કર્યું છે.

# વિભાગ – ૨ પાદટીપ

## પ્રકરણ – ૧

# વૈદિક સાહિત્યનાં આખ્યાનો

## વેદ પરિચય

(१) **यावन्तं ह वै इमां पृथिवीं वित्तेन पूर्णां ददत् लोकं जयति – त्रिभिस्तावन्तं जयति, भूयांसं च अक्षय्यं च य एवं विद्वान् अहरहः स्वाध्यायमधीत तस्मात् स्वाध्यायोऽध्येतव्यः ।**

**शतपथ ब्राह्मण – ११/५/६/१**

(२) **वेद शास्त्रार्थतत्त्वज्ञो यत्रो कुत्राश्रमे वसन् ।**
**इहैव लोके तिष्ठन् स ब्रह्मभूयाय कल्पते ॥**

**मनुस्मृति – १२/१०२**

(३) **पितृदेव मनुष्याणां वेदश्चक्षुः सनातनम् ।**
**अशक्यं चाप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः ॥**

**एजन – १२/९४**

(४) વૈદિક સાહિત્યનો ઈતિહાસ – બલદેવ ઉપાધ્યાય – પ્રથમ પરિચ્છેદ

(५) **यद्यपि मन्त्रब्राह्मणात्मको वेदः तथापि ब्राह्मणस्य ।**
**मंत्र व्याख्या स्वरूपत्वात् मन्त्रा एवादौ समाम्नाताः ॥**

**तैत्तिरीय संहिता – सायणाचार्य भाष्य भूमिका**

(६) विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति विन्दन्ति अथवा विन्दन्ते, लभन्ते, विन्दन्ति विचारयन्ति, सर्वे मनुष्याः सत्यविद्या यैर्येषु वा तथा विद्वांस भवन्ति ते वेदाः ।

ऋग्वेद भाष्य भूमिका – स्वामी दयानंद सरस्वती

(७) तेषामृग् यत्रार्थवशेन पादव्यवस्था ।

जैमिनी सूत्र – २/१/३५

(८) शेषे यजुः शब्दः ।

एजन – २/१/३७

(९) गीतिषु सामाख्या ।

एजन – २/१/३६

(१०) निरूक्त – ११/२/७

(११) वेदं तावदेकं सन्तं अतिमहत्वाद् दुरध्येयमनेकशाखाभेदेन समाम्नासिषुः । सुखग्रहणाय व्यासेन समाम्नातवन्तः ।

दुर्गाचार्य निरूक्त वृत्ति – १/२०

(१२) वेदान् विव्यास यस्मात् स वेदव्यास इति स्मृतः ।

म.भा. आ.प. – ६३/८८

(१३) संस्कृत साहित्य का इतिहास

वाचस्पति गैरोला – पृ. ३०

(१४) संस्कृत साहित्य का इतिहास

बलदेव उपाध्याय – पृ. २३

(१५) સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

જિતેન્દ્ર દેસાઈ – પૃ. ૫

(१६) शतपथ ब्राह्मण – ७/१/१/४

(१७) સંસ્કૃત અંગ્રેજી કોશ – આપ્ટે. વી.એસ.

(१८) वैदिक साहित्य एवं संस्कृति –

बलदेव उपाध्याय – पृ. २४१

(१९) वैदिक साहित्य एवं संस्कृति

बलदेव उपाध्याय – पृ. २६३

(२०) कस्य नूनं कतमस्यामृतानां मनामहे चारू देवस्य नाम।

को नो मह्या अदितये पुनर्दात्पितरं च दृशेयं मातरं च॥

ऋग्वेद – १/२४/१

(२१) अग्नेर्वयं प्रथमस्यामृतानां मनामहे चारू देवस्य नाम।

स नो मह्या अदितये पुनर्दात्पितरं च दृशेयं मातरं च॥

एजन – १/२४/२

(२२) उदुत्तमं मुमुग्धि नो वि पाशं मत्त्रमं वृत।

अवाधमानि जीवसे॥

एजन – १/२५/२१

(२३) इन्द्रो दधीचो अस्थभिर्वृत्राण्य प्रतिष्कुतः।

जधान नवतीर्नव।

इच्छन्नश्वस्य यच्छिरः पर्वतेष्वपा तम्।

तद्विदच्छर्यणावति॥

एजन – १/८४/१३-१४

(२४) नद्वां नरा सनये दंस उग्रमाविष्कृणोमि तन्यतुर्नवृष्टिम्।

दघ्यङ्ग ह यन्मत्त्राथर्वणो वामश्वस्य शीर्ष्णा प्र ऋ यदीमुवाच॥

एजन – १/११६/१२

(२५) आथर्वणायाा ना दधीचेडश्व्यं शिरः प्रत्यैरयतम्।

स वां मधु प्र वोचदृतायन्त्वाष्ट्रं यत्त्स्त्रावपिकक्ष्यं वाम्॥

एजन – १/११७/२२

(२६) तमु त्वा दघ्यङ्ङृषिः पुत्र ईधे अथर्वणः।

वृत्रहणं पुरन्दरम्।

एजन – ६/१६/१४

(२७) अहमिन्द्रो रोधो वक्षो अथर्वणस्त्रिताय गा अजनयमहेर।
अहं दस्युभ्यः परि नृम्णमा ददे गोत्रा शिक्षन् दधीचे मातरिश्वने ॥

एजन – १०/४८/२

(२८) वैदिक आख्यानों की प्रकृति –

डॉ. वसुंधरा रिहानी पृ. १०८

(२९) यदा नैरूक्तपक्षे मत्तमस्थाना यमी तदा मत्तमस्थानो यमो वायुर्वैद्युतो वा वर्षकाले व्यतीते तामाह श्वप्रागस्माद् वर्षकालादष्टौ मासान् अन्यमूषु त्वमित्यादि ॥

निरूक्त – ३५२ स्कन्द भाष्य

(३०) निरूक्त – २/११

(३१) महाभारत आदिपर्व – ९४/६२, १५/४५, १७/१८, १००/७

(३२) महाभारत उद्योगपर्व – १४९/१५, १८

(३३) महाभारत आदिपर्व – १५/४५

(३४) बृहस्पति मत्तमस्थाने स्तनयित्नुलक्षणां वाचम् । मत्तम प्रभवत्वाद् देवापिर्विद्युत् शन्तनुरूदकं वृष्टिलक्षमणम्। यत् यदा देवापि वैद्युत शन्तनवे वृष्टिलक्षणस्योदकस्यार्थाय पुरोहितः – पूर्व हि विद्योतते पश्चादुदकम्। मत्तमो बृहस्पतिः। ददद् वाचं गर्जितलक्षणम्।

निरूक्त टीका – २/१२

(३५) नाहं वेद भ्रातृत्वं नो स्वसृत्वमिन्द्रो विदुरङ्गिरस घोराः।
गोकामा मे अच्छदयन्यदायमपात इत पणयो वरीयः ॥

ऋग्वेद – १०/१०८/१०

(३६) सरमा सरणात्।

निरूक्त – ११/२४

(३७) यदा तुं मात्तमिका वाक् सरमा तदैवम्।

निरूक्त टीका – १२/२५

(१) सो ब्रह्मेति होवाच। ब्रह्मणो वा एतद् विजये महीयत्त्बमिति। ततो हैव विदांचकार ब्रह्मेति॥

केनोपनिषद् – ४/१

(२) यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूस्वाम।

मुण्डक उपनिषद् – ३/२/३,

कठ उपनिषद् – १/२/२३

(३) कठोपनिषद् – १/१/४

(४) बहूनामेमि प्रथमो बहूनामेमि मध्यमः।

किंस्विद्यमस्य कर्तव्यं यन्मयाद्य करिष्यति॥ एजन – १/१/५

(५) शान्तसंकल्पः सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माभि मृत्योः।

त्वत्प्रसृष्टं माभिवदेत्प्रतीत एतत्त्रयाणां प्रथमं वरं वृणे॥ एजन – १/१/१०

(६) येयं प्रते विचिकित्सा मनुष्ये डस्तीत्येके नायमस्तीति चैके।

एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः।

एजन – १/१/२०

(७) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहूना श्रुतेन।

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्॥

कठोपनिषद् – १/२/२३,

मुण्डक उपनिषद् – ३/२/३

(८) तैत्तिरीय उपनिषद् – भृगुवल्ली, १

(९) एजन – भृगुवल्ली, २

(१०) एजन भृगुवल्ली, ६

(११) श्रोत्रस्यं श्रोत्रं मनसा मनो यद्वायो ह वाच् स उ प्राणस्य प्राणः।

चक्षुष क्षुरतिमुच्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति॥

केनोपनिषद् – १/२

(१२) छांदोग्य उपनिषद् – १/१०/२

(१३) एतेषां मे देहीति।

एजन – १/१०/३

(१४) न स्विदेतेऽप्युच्छिष्टा इति न वा अजीविष्यमिभान
खादन्निति होवाच कामो म उदकपानमिति।

एजन – १/१०/४

(१५) प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता तां चेदविद्वान्प्रस्तोष्यसि मूर्धा ते विपतियतीति।

एजन – १/१०/९

(१६) यथा कृतायविजितायाधरेयाः संयन्त्येवमेनं सर्व तेदभिसमेति यत्किञ्च प्रजाः साधु कुर्वन्ति
यस्तद्वेद यत्स वेद स मयैतदुक्त इति।

एजन – ४/१/४

(१७) रैक्वेमानि षट्शतानि गवामयं निष्कोऽयमश्वतरीरथो
नु म एतां भगवो देवतांशाधि यां देवतामुपास्स इति।

एजन – ४/२/२

(१८) ब्रह्मचर्य भवति विवत्स्यामि किं गोतो न्वहमस्मीति।

एजन – ४/४/१

(१९) एजन – ४/४/५

(२०) ना सहस्त्रेणावर्तेयेति स ह वर्षगणं प्रोवास ता यदा सहस्त्रसंपेदुः।

एजन – ४/४/५

(२१) सहस्त्रंस्मः प्रापय न आचार्यकुलम्।

एजन – ४/५/१

(२२) मुण्डक उपनिषद् – ३/१/६

(२३) श्रद्धावाँल्लभते ज्ञानम्। –

श्रीमद् भगवद् गीता – ४/३१

(२४) गा वै पश्यामहं नित्यं गावः पश्यन्तु मां सदा।
गावोऽस्माकं वयं तासां यतो गावस्ततो वयम्॥

म.भा. अनु.प. – ७८/२४

गावो ममाग्रतो नित्यं गावः पृष्ठत एव च।
गावो मे सर्वतश्चैव गवां मध्ये वसाम्यहम्॥

एजन – अनु. पर्व – ८०/१३

(२५) आरोहणमाक्रमणं जीवतोजीवतोडयनम्।

अथर्ववेद – ५/३०/७

(२६) त्वाशिषत्पिनेत्यनु हि ॥

छांदोग्य उपनिषद् – ५/३/१

(२७) स्तेनो हिरण्यस्य सुरां पिबँ गुरोेस्तल्पमावसन्ब्रह्महा।
चै ते पतन्ति चत्वारः प म रँ स्तैरिति ॥

एजन – ५/१०/९

(२८) य एनँ शुष्के स्थाणौ निषिञ्चेञ्जायेरञ्शाखाः प्ररोहेयुः पलाशानीति।

बृहदारण्यक उपनिषद् – ६/३/७

(२९) यद्यप्येतच्छुष्काय स्थाणवे ब्रूयाज्जायेरन्नेवास्मिञ्छाखाः प्ररोहेयुः पलाशानीति।

छांदोग्य उपनिषद् – ५/२/३

(३०) बृहदारण्यक उपनिषद् – २/४/३

(३१) प्रिया बतारे नः सती प्रियं भाषस एह्यास्स्व व्याख्यास्यामि ते व्याचक्षाणस्य तु मे निदिध्यासस्वेति।

एजन – २/४/४

(३२) एजन – २/४/५

(३३) द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति।

ऋग्वेद – १/१६४/२०,

अथर्ववेद – ९/१४/२०,

मुण्डक उपनिषद् – ३/१/१

(३४) अजीर्षताभमृतानामुपेत्य जीर्यन् मर्त्यः क्वधःस्थः प्रजानन्।
अभिध्यायन् वर्णरतिप्रमोदानातिदीर्घे जीविते को रमेत ॥

कठ उपनिषद् – १/१/२८

(३५) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य स्तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ।

कठ उपनिषद् – १/२/२३,

मुण्डक उपनिषद् – ३/२/३

(३६) ब्राह्मणा भगवन्तो यो वो ब्रह्मिष्ठः स एता गा उदजतामिति ।

बृहदारण्यक उपनिषद् – ३/१/१२

(३७) एजन – ३/१/२

(३८) यदिदं सर्वं मृत्युनाप्तं सर्वं मृत्युनाभिपन्नं केन यजमानो मृत्योराप्तिमतिमुच्यत ।

एजन – ३/१/३

## પ્રકરણ – ૨

# પુરાણ સાહિત્યનાં આખ્યાનો

## પુરાણ પરિચય

પુરાણોના આખ્યાનનું નિરુપણ કરતા પૂર્વે પુરાણ વિષયક માહિતી પ્રાપ્ત કરીએ તો –✓

સંસ્કૃત સાહિત્યમાં પુરાણોનું વિશેષ મહત્ત્વ છે. ભારતની સભ્યતા અને સંસ્કૃતિને સાધારણજન સુધી પ્રચલિત કરવાનું શ્રેય પુરાણોનું છે. ઈતિહાસની દષ્ટિએ પુરાણોનું મહત્ત્વ વિશેષ છે. ભારતીયોને આ સાહિત્યે જેટલી પ્રભાવિત કરી છે તેટલી અન્ય સાહિત્યે કરી નથી. આ પ્રસંગે વિન્ટર્નિત્ઝનો મત નોંધપાત્ર છે.

ધાર્મિક સાહિત્યમાં પુરાણોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પુરાણ, ધર્મશાસ્ત્ર અને તન્ત્ર આ ત્રણે તેના ધાર્મિક પથદર્શક છે. વેદોનું અધ્યયન પ્રાચીન પરંપરાના પ્રેમી અને ઉપનિષદ્નું અધ્યયન દાર્શનિક ચિંતકો કરે છે. પરંતુ પ્રત્યેક ભારતીય માટે પુરાણોનું જ્ઞાન કોઈને કોઈ રૂપમાં અનિવાર્ય છે. [૧]

પાશ્ચાત્ય વિવેચકો પુરાણોને કપોલ કલ્પિત માને છે. પુરાણોમાં જે કથા છે, તેને માત્ર પુરાતન કથા માને છે તથા તેના પર થોડો પણ વિશ્વાસ નથી કરતા.

પશ્ચિમી વિદ્વાનો દ્વારા પ્રસારિત આ બાબતથી પુરાણો પ્રતિ લોકોની ઉપેક્ષાવૃત્તિ વધવા લાગી. પરંતુ ભારતીય વિદ્વાનો જ નહીં પાશ્ચાત્ય વિદ્વાનો પણ તેનું મહત્ત્વ સમજવા લાગ્યા અને ભારતીય ઈતિહાસ માટે અમૂલ્ય નિધિ માનવા લાગ્યા. [૨]

વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું વૈજ્ઞાનિક વિવરણ પુરાણમાંથી પ્રાપ્ત થાય છે. સૃષ્ટિના નિગૂઢ રહસ્યોનું આખ્યાન અને યુગ મન્વન્તર અથવા કલ્પોની વિચિત્ર કલ્પનાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન પુરાણોની નિજી વિશેષતા છે. [૩]

**પુરાણ શબ્દની વ્યુત્પત્તિ :**

પુરાણ શબ્દની વ્યુત્પત્તિ પાણિનિ, યાસ્ક અને સ્વયં પુરાણોએ આપી છે.

પાણિનિ અનુસાર **'पुरा भवम्'** પ્રાચીનકાળમાં થયેલું, એ અર્થમાં પુરાણ શબ્દ નિષ્પન્ન થાય છે.

અહીં ટ્યુ અને ટ્યુની પ્રત્યયોથી પુરાતન બને છે. નિપાતને કારણે ટયુટ્ ન થતા અહીં ટ્ ની **इत्** સંજ્ઞા થતા **युवोरनाकौ** થી **यु** ને બદલે **अन्** આદેશ અને **न्** નો **ण्** થતાં **पुराण** શબ્દ બને છે.

યાસ્ક અનુસાર, જે પ્રાચીન હોવા છતાં નવું છે. [૪]

પુરાણ શબ્દ છેક ઋગ્વેદમાં જોવા મળે છે. ત્યાં તે વિશેષણ તરીકે વપરાયો છે અને તેનો અર્થ 'પ્રાચીન' એવો થાય છે. [૫]

વાયુપુરાણ અનુસાર 'પુરાણ' ની વ્યુત્પત્તિ **'पुरा अनति'** અર્થાત્ પ્રાચીનકાળમાં જે જીવિત હતું. [૬]

પદ્મપુરાણાનુસાર જે પ્રાચીનતાની અર્થાત્ 'પરંપરાની કામના કરે છે તે પુરાણ કહેવાય છે.' [૭]

બ્રહ્માંડ પુરાણમાં પુરાણની વ્યુત્પત્તિ છે, પ્રાચીનકાળમાં આમ થયું. [૮]

શ્રીજીવ ગોસ્વામીના મતે **'पुरणात् पुराणाम्'** કહેવાયું છે.

અમરકોશમાં **पुराणे प्रतन प्रत्न पुरातन चिरन्तनाः ।** કહી પુરાણનો ઉલ્લેખ કર્યો છે.

આદિકાળે કશું ન હતું ત્યારથી પ્રારંભી સૃષ્ટિના સર્ગ સંબંધિત ચર્ચા કરે તે 'પુરાણ'.

**વેદોમાં પુરાણનો નિર્દેશ :**

વૈદિકકાળના આર્યોથી આરંભી આજ સુધીના પ્રખર વિદ્વાનોએ પુરાણો ઉપર ભિન્ન–ભિન્ન વિચારો વ્યકત કર્યા છે. પુરાણનો અને વૈદિક સાહિત્યનો સંબંધ પોષ્ય–પોષક ભાવરૂપે જોવામાં આવે છે.

ઋગ્વેદમાં પુરાણ શબ્દનો ઉલ્લેખ અનેક મંત્રોમાં થયો છે. [૯] પરંતુ ત્યાં 'પુરાણ' શબ્દ કેવળ પ્રાચીનતાનો બોધક છે.

અથર્વવેદમાં પુરાણ શબ્દનો બે સ્થળે ઉલ્લેખ છે. [૧૦]

આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે અથર્વવેદના સમયમાં પુરાણોનું અસ્તિત્વ અવશ્ય વિદ્યમાન હતું.

**બ્રાહ્મણ સાહિત્યમાં પુરાણ :**

બ્રાહ્મણ સાહિત્યમાં પુરાણનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

યજુર્વેદના શતપથ બ્રાહ્મણમાં પુરાણના ઉદયની મહત્ત્વપૂર્ણ ગાથા ગાવામાં આવી છે. જો કે શતપથ બ્રાહ્મણમાં **'इतिहास पुराणम्'** સમ્મિલિત રૂપ એક જ સમસ્ત પદ દ્વારા નિર્દિષ્ટ કરાયું છે. [૧૧]

જયારે અથર્વવેદનું ગોપથ બ્રાહ્મણ પુરાણ અને ઈતિહાસને પૃથક્ બતાવે છે. [૧૨]

**આરણ્યક અને ઉપનિષદ્માં પુરાણ :**

આરણ્યક અને ઉપનિષદો બ્રાહ્મણ સાહિત્યનો અંતિમ ભાગ છે. બ્રાહ્મણગ્રંથો કરતાં આરણ્યક અને ઉપનિષદોમાં પુરાણનું વિકસિત રૂપ ઉપલબ્ધ થાય છે.

તૈત્તિરીય આરણ્યકમાં પુરાણ શબ્દ પ્રાપ્ત થાય છે. ત્યાં **'पुराणाति'** એવું પદ પ્રયુકત થયેલ છે. [૧૩] જો કે ત્યાં તેનો અર્થ 'અનેક પ્રાચીન ગ્રંથો' નહીં કરતાં 'પુરાણગત આખ્યાનોનું બહુત્વ' એવો કરવો અભીષ્ટ જણાય છે.

બૃહદારણ્ક ઉપનિષદ્ પુરાણને વેદ સમાન બતાવે છે. [૧૪] ઈતિહાસ પુરાણ એ પરમેશ્વરના શ્વાસરૂપ છે.

છાંદોગ્ય ઉપનિષદ્ ઈતિહાસ પુરાણનું નામ વેદોની સાથે સ્પષ્ટ રૂપે આપે છે. [૧૫] જયાં **'पञ्चम्'** પદ પુરાણોનું પંચમવેદ હોવાનું સિદ્ધ કરે છે.

યાજ્ઞવલ્કય સ્મૃતિ અનુસાર ચતુર્દશ વિદ્યાઓમાં પુરાણવિદ્યાને પ્રમુખ સ્થાન આપ્યું છે.

સ્મૃતિકારના કથન મુજબ પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર, ચારવેદ, છ વેદાંગ આ ચૌદ વિદ્યા ધર્મસ્થાને છે. [૧૬]

પંચમ વેદ સમાન મનાતી પુરાણ વિદ્યા વેદ માફક અનાદિ અને નિત્ય છે. આથી જ ઈતિહાસ પુરાણ પંચમવેદના નામથી અભિહિત છે.

## પુરાણોની સંખ્યા

જેવી રીતે પુરાણોના નિર્માણ, આવિર્ભાવ, સમય બાબતમાં વિભિન્ન ઈતિહાસકારોના વિભિન્ન મતો છે, તેવી રીતે પુરાણોની સંખ્યા વિષયમાં પણ ઈતિહાસકારો અથવા વિદ્વાનો એકમત નથી.

વેદની માફક પુરાણો બૃહત્સંહિતામાં વિદ્યમાન હતા. પશ્ચાત્કાળમાં પાઠકોની સુવિધા માટે વેદવ્યાસે ઋક્, યજુ, સામ, અથર્વ ચાર વિભાગ કર્યા. તેવી રીતે પુરાણોનું પણ બૃહત્સંહિતામાંથી કૃષ્ણ દ્વૈપાયને અઢાર ભાગોમાં વિભાજન કર્યું હશે. આ સૂકિત આ બાબત પર સંકેત કરે છે –

**मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ॥**

**अनापद्ल्लिङ्ग-कू-स्कानि पुराणानि पृथक्-पृथक् ॥** [१७]

અર્થાત્,

| | | | |
|---|---|---|---|
| (૧) | **म** કારાદિ બે પુરાણ | – | મત્સ્ય અને માર્કણ્ડેય |
| (૨) | **भ** કારાદિ બે પુરાણ | – | ભાગવત અને ભવિષ્ય |
| (૩) | **ब्र** ત્રયમ્ પુરાણ | – | બ્રહ્મવૈવર્ત, બ્રહ્મ, બ્રહ્માંડ |

(૪) **व** કારાદિ ચાર પુરાણ – વામન, વિષ્ણુ, વાયુ, વારાહ

(૫) **अनापतलिङ्ग कूस्क** – અગ્નિ, નારદ, પદ્મ, લિંગ, ગરુડ, કૂર્મ તથા સ્કન્દ

વિષ્ણુપુરાણમાં અષ્ટાદશ પુરાણોની સૂચિ તથા ક્રમ આ પ્રમાણે છે. (૧) બ્રહ્મ (૨) પદ્મ (૩) વિષ્ણુ (૪) શિવ (૫) ભાગવત (૬) નારદ (૭) માર્કણ્ડેય (૮) અગ્નિ (૯) ભવિષ્ય (૧૦) બ્રહ્મવૈવર્ત (૧૧) લિંગ (૧૨) વારાહ (૧૩) સ્કંદ (૧૪) વામન (૧૫) કૂર્મ (૧૬) મત્સ્ય (૧૭) ગરુડ (૧૮) બ્રહ્માંડ. [૧૮]

ભાગવત પુરાણમાં અઢાર સંખ્યા અને ક્રમ ઉપર પ્રમાણે જ વર્ણવ્યા છે. [૧૯]

નારદીય પુરાણમાં મહાપુરાણોનો પરિચય આ પ્રમાણે છે.

(૧) બ્રહ્મ (૨) પદ્મ (૩) વૈષ્ણવ (૪) વાયવીય (૫) ભાગવત (૬) નારદીય (૭) માર્કન્ડેય (૮) અગ્નિ (૯) ભવિષ્ય (૧૦) બ્રહ્મવૈવર્ત (૧૧) લિંગ (૧૨) વારાહ (૧૩) સ્કંદ (૧૪) વામન (૧૫) કૂર્મ (૧૬) મત્સ્ય (૧૭) ગરુડ (૧૮) બ્રહ્માંડ.

અલ્બેરુની અષ્ટાદશ પુરાણોનો ઉલ્લેખ કરે છે. પરંતુ તેની સૂચિ ભિન્ન છે. અલ્બેરુનીના મતાનુસાર પુરાણ ઋષિ દ્વારા રચાયેલા છે, જેની સંખ્યા અઢાર છે –

(૧) આદિ (૨) મત્સ્ય (૩) કૂર્મ (૪) વારાહ (૫) નારસિંહ (૬) વામન (૭) વાયુ (૮) નંદ (૯) સ્કંદ (૧૦) આદિત્ય (૧૧) સોમ (૧૨) સાબ (૧૩) બ્રહ્માંડ (૧૪) માર્કન્ડેય (૧૫) તાકર્ય (૧૬) વિષ્ણુ (૧૭) બ્રહ્મા (૧૮) ભવિષ્ય. [૨૦]

આ સૂચિ વિશ્વસનીય લાગતી નથી. આ મહાપુરાણોને આધારે અઢાર ઉપપુરાણો તથા અઢાર ઔપપુરાણો રચાયા.

થાનેશચંદ્ર ઉપ્રેતિ તથા અન્ય વિદ્વાનોના મતે મહાપુરાણોનું ત્રિધા વિભાજન સત્ત્વ, રજસ્, તમસ્ ગુણને આધારે અઢાર પુરાણોનું વિભાજન કરવામાં આવ્યું. આ ગુણોને આધારે કોઈ પુરાણ સાત્ત્વિક કોઈ રાજસ તો કોઈ તામસ છે. [૨૧]

**સાત્ત્વિક પુરાણ :**

**वैष्णवं नारदीयं च तथा भागवतं शुभम् ।**
**गारूडं च तथा पाद्मं वाराहं शुभदर्शने ।**
**सात्त्विकानि पुराणानि विज्ञेयानि शुभानि वै ॥**

**રાજસ્ પુરાણ :**

**ब्रह्माण्डे ब्रह्मवैवर्त मार्कण्डेय तथैव च ।**
**भविष्यं वामनं ब्राह्मं राजसानि निबोधत ॥**

તામસ્ પુરાણ :

**मात्स्यं कौर्मं तथा लिङ्गं शैवं स्कान्दं तथैव च ।**

**आग्नेयं च षडेतानि तामसानि निबोधत ॥**

ત્રણ ગુણોને આધારે ત્રણ ભેદ પુરાણનું ઉત્તમ, મધ્યમ કે અધમતાનું સૂચન નથી. પરંતુ ત્રણ ગુણ સમસ્ત વિશ્વના ઉપાદાન કારણ છે. આ સૃષ્ટિ ત્રિગુણાત્મિકા છે. ત્રણ ગુણો દ્વારા પરમેશ્વર – બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપે પ્રકટ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણ ત્રણ ગુણોની ચર્ચા કરે છે. પરંતુ ત્યાં માનવ સ્વભાવના અર્થમાં ચર્ચા કરી છે. જેમ કે, પ્રકૃતિથી ઉત્પન્ન થતા રજસ્ અને તમસ્ એ ગુણો અવિનાશી જીવાત્માને દેહમાં બાંધે છે. [૨૨]

સાંખ્યદર્શનમાં પ્રકૃતિના કાર્યોની લાક્ષણિકતાને આધારે તેની વિકાસયાત્રાને ત્રણ ઘટક શકિતઓ અથવા ગુણો પર નિર્ભર માનવામાં આવે છે.

સાંખ્યકારિકાના મતે સત્ત્વગુણ લઘુ અને પ્રકાશક મનાયો છે. રજોગુણ ઉત્તેજક અને ચલ છે તથા તમોગુણ ગુરુ અને આવરણરૂપ છે. તેમની ક્રિયાઓ દીપકની જેમ એક જ પ્રયોજન માટે હોય છે. [૨૩]

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે – ગુણ પ્રકૃતિના ત્રણ દોરા છે, જેનાથી પ્રકૃતિનું દોરડું તૈયાર થાય છે. સત્ત્વ ચેતનના પ્રકાશને પ્રતિધ્વનિત કરે છે અને તેના દ્વારા આલોકિત કરે છે. તેની વિશેષતા પ્રકાશ છે. રજસ્‌માં બહિર્મુખ ગતિવિધિ છે અને તમસ્‌ની વિશેષતા જડતા અને પ્રસાદ છે.

## પુરાણોનો રચનાકાળ

પુરાણોના રચનાકાળનો પ્રશ્ન વિવાદાસ્પદ રહ્યો છે. ડૉ. દીક્ષિતાર મુજબ પુરાણોનો રચનાકાળ નિશ્ચિત કરવા જેટલો મુશ્કેલીભર્યો અને વિવાદાસ્પદ પ્રશ્ન બીજો કોઈ નથી.

વિન્ટર્નિત્સના મતે પુરાણો પ્રાચીન છે અને તેનું બીજ વૈદિક સાહિત્યમાં વિદ્યમાન છે. આ વાતમાં સંદેહ નથી.

પ્રો. વિલ્સનના મતે પુરાણોની રચના છેલ્લા એક હજાર વર્ષોમાં થઈ, પરંતુ આ મતનું વિન્ટર્નિત્સે ખંડન કર્યું છે.

પાર્જિટર સામાન્યતઃ પુરાણોની રચના ઈ.સ. પૂ. ૪૦૦ વર્ષના ગાળામાં થયેલી માને છે.

સી.વી. વૈદ્ય પુરાણોની રચના ઈ.સ. ૪૦૦ ની આસપાસ થયેલી માને છે.

પુરાણોનો રચનાકાળ અનેક શતાબ્દીઓ સુધી ફેલાયેલો છે. એ વાત નિશ્ચિત છે કે તેમાં સમયાંતરે અનેક પરિવર્તનો થયા છે. પુરાણોના રચનાકાળ સંબંધી કોઈ નિર્ણય પર પહોંચવા માટે આપણી પાસે પર્યાપ્ત પ્રામાણિક સામગ્રી નથી. તેમ છતાં વિદ્વાનોએ પુરાણોના રચનાકાળનો નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રો. બલદેવ ઉપાધ્યાયના મતે વિવિધ પુરાણોનો વિભિન્ન રચનાકાળ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે –

| **ક્રમ** | **પુરાણનું નામ** | **સમય** | **શ્લોકની સંખ્યા (ભાગવત પ્રમાણે)** |
|---|---|---|---|
| ૧. | બ્રહ્મ | ઈ.સ. ની ૧૩મી શતાબ્દી | ૧૦ હજાર |
| ૨. | પદ્મ | ઈ.સ. ની ૧૬મી શતાબ્દી પશ્ચાત્ | ૫૫ હજાર |
| ૩. | વિષ્ણુ | ઈ.સ. પૂ. બીજી સદી | ૨૩ હજાર |
| ૪. | શિવ | ઈ.સ. ની ચોથી સદી | ૨૪ હજાર |
| ૫. | ભાગવત | ઈ.સ. ની ચોથી સદી | ૧૮ હજાર |
| ૬. | નારદીય | ઈ.સ. ની ૭મી થી ૯મી સદી | ૨૫ હજાર |
| ૭. | માર્કન્ડેય | ઈ.સ. ની ૪–૫ સદી વચ્ચે | ૯ હજાર |
| ૮. | અગ્નિ | ઈ.સ. ની ૭–૯ સદી વચ્ચે | ૧૫૪૦૦ |
| ૯. | ભવિષ્ય | ઈ.સ. ની ૧૦મી સદી | ૧૪૫૦૦ |
| ૧૦. | બ્રહ્મવૈવર્ત | ઈ.સ. ની ૧૫મી શતાબ્દી | ૧૮ હજાર |
| ૧૧. | લિંગ | ઈ.સ. ૮–૯મી સદી | ૧૧ હજાર |
| ૧૨. | વારાહ | ઈ.સ. ૯–૧૦મી સદી | ૨૪ હજાર |
| ૧૩. | સ્કન્દ | ઈ.સ. ૭–૯મી સદી વચ્ચે | ૮૧૧૦૦ |
| ૧૪. | વામન | ઈ.સ. ૬–૯મી સદી વચ્ચે | ૧૦ હજાર |
| ૧૫. | કૂર્મ | ઈ.સ. ૬–૭મી સદી વચ્ચે | ૧૭ હજાર |
| ૧૬. | મત્સ્ય | ઈ.સ. ૨–૪ સદી વચ્ચે | ૧૪ હજાર |
| ૧૭. | ગરુડ | ઈ.સ. ની નવમી સદી | ૧૯ હજાર |
| ૧૮. | બ્રહ્માંડ | ઈ.સ. ની છઠ્ઠી સદી | ૧૨ હજાર |

**પુરાણના લક્ષણો :**

વિષ્ણુ પુરાણ પુરાણના લક્ષણો આ પ્રમાણે આપે છે. સૃષ્ટિ, પ્રલય, પ્રસિદ્ધ રાજવંશ પરંપરા, મન્વન્તરોનું વર્ણન અને વિશિષ્ટ વ્યકિતઓના પવિત્ર ચરિત્ર, આ પાંચ વિષયો પ્રધાનરૂપે જે ગ્રંથમાં વર્ણિત હોય, તેને પુરાણ કહે છે. [૨૪]

આ વ્યાખ્યા અલ્પ તફાવત સાથે અગ્નિ પુરાણ [૨૫] અને મત્સ્યપુરાણ [૨૬] બતાવે છે.

અમરકોશમાં પુરાણના અન્ય પર્યાય શબ્દોનો ઉલ્લેખ ન કરતાં પુરાણ માટે અન્ય પુરાણોએ દર્શાવેલ પાંચ લક્ષણોને રજૂ કર્યા છે. [૨૭]

પુરાણની સર્વમાન્ય પરંપરા અનુસાર આ પાંચ વિષય વર્ણનીય ગણાયા છે, જે નીચે પ્રમાણે છે –

(૧) સર્ગ – સૃષ્ટિ ઉત્પત્તિ

(૨) પ્રતિસર્ગ – પુનઃ રચના યા પુનઃ સૃષ્ટિ

(૩) વંશ – રાજકુળોનું વર્ણન અથવા મહાપુરુષોના વંશ–પરંપરાનું વર્ણન

(૪) મન્વન્તર – મનુના સમયની અવધિનો નિર્દેશ

(૫) વંશાનુચરિત – રાજકુળો અથવા મહાપુરુષોના પરંપરાગત ઈતિહાસનું નિરુપણ

ડૉ. રેપસન મુજબ પુરાણની આ પંચ લક્ષણો પરિભાષા મહાપુરાણોને બંધબેસતી નથી.

આ પાંચ ઉપરાંત અન્ય લક્ષણો પણ મહાપુરાણોમાં દષ્ટિગોચર થાય છે, જે ભાગવત પુરાણ [૨૮] અને બ્રહ્મવૈવર્ત પુરાણ [૨૯] ગણાવ્યા છે.

તેમના મતે પુરાણોના દશ લક્ષણ છે. પાંચ લક્ષણ ઉપપુરાણોના અને પાંચ મહાપુરાણોના છે – [૩૦]

પુરાણના દશ લક્ષણો –

શ્રીમદ્ ભાગવતમાં બે સ્થળે પુરાણોના લક્ષણોનો નિર્દેશ કર્યો છે, તે આ પ્રમાણે છે –

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુકિત અને આશ્રય. [૩૧]

જયારે દ્વાદશ સ્કંધ મુજબ સર્ગ, વિસર્ગ, વૃત્તિ, રક્ષા, અન્તર, વંશ, વંશાનુચરિત, સંસ્થા, હેતુ, અપાશ્રય. [૩૨]

બંને લક્ષણોમાં કેવળ શબ્દોનો ભેદ છે, અભિપ્રાયનો નહીં.

## પુરાણોના કર્તા :

અષ્ટાદશ પુરાણોના કર્તા મહર્ષિ વેદવ્યાસ છે, જેમના જીવન વિષેની છણાવટ મહાભારતના કર્તાના વિવેચનમાં કરી છે. પુનરુકિત દોષે તેનું પુનરાવર્તન ટાળ્યું છે.

## અષ્ટાદશ પુરાણોનો પરિચય

અષ્ટાદશ પુરાણોના સંક્ષિપ્ત પરિચય તરફ દષ્ટિપાત કરીએ, જેમાં તત્તત્ પુરાણોના નામ, શ્લોક સંખ્યા, પ્રતિપાદ્ય વિષય વગેરેનો નિર્દેશ આવી જાય છે –✓

**(૧) બ્રહ્મપુરાણ :**

જે બ્રહ્મપુરાણ 'આદિ પુરાણ' તરીકે પણ ઓળખાય છે. તેમાં ૨૪૫ અધ્યાય અને આશરે ૧૪૦૦૦ શ્લોકો છે. પાર્વતી આખ્યાન, માર્કંડેય આખ્યાન, ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરિત્ર વર્ણન ઈત્યાદિ વર્ણનો છે.

સાંખ્યયોગની સમીક્ષા વિસ્તારપૂર્વક કરી છે તેના કતિપય અધ્યાય મહાભારતના શાન્તિપર્વ સાથે અક્ષરશઃ સામ્ય ધરાવે છે.

આદિમાં સૂર્યપૂજા ઈત્યાદિના વર્ણનને કારણે તેને 'સૌરપુરાણ' પણ કહેવાય છે.

**(૨) પદ્મપુરાણ :**

પદ્મપુરાણ પાંચ ખંડ, ૬૪૧ અધ્યાય અને ૫૦,૦૦૦ શ્લોકોમાં વિભાજીત છે. સમગ્ર વિશ્વની ભૂમિને પદ્માકાર કલ્પી ભૂમિ વિન્યાસ આપેલ છે. અનેક આખ્યાનો છે. જેવા કે પૃથુ, વેન, યયાતિ, ચ્યવન, ઈત્યાદિ. વિષ્ણુ ભકિત તીર્થ માહાત્મ્ય વગેરેનું આલેખન નોંધપાત્ર છે.

## (૩) વિષ્ણુ પુરાણ :

પ્રાયઃ સર્વ પુરાણ વિષ્ણુપુરાણને ક્રમની દષ્ટિએ ત્રીજા સ્થાને મૂકે છે. માત્ર દેવી ભાગવત દશમા સ્થાને મૂકે છે.

વિષ્ણુ પુરાણના બે ભાગ છે. પૂર્વભાગ અને ઉત્તર ભાગ.

પૂર્વભાગમાં છ અંશ અને ૧૨૬ અધ્યાયો છે. ઉત્તર ભાગ વિષ્ણુ ધર્મોત્તર પુરાણ પણ કહેવાય છે. તેમાં શ્લોક સંખ્યા ૨૩૦૦૦ છે.

વિષ્ણુ પુરાણનો ચોથો અંશ ગદ્યમય છે. તેમાં પ્રહલાદ, ભરત ઈત્યાદિ આખ્યાનો નોંધપાત્ર છે. આ ઉપરાંત ધ્રુવ, પૃથુ વગેરે રાજાઓના ચરિત્ર વર્ણન છે.

સાહિત્યિક દષ્ટિએ આ પુરાણ અતિ રમણીય સરસ તથા સુંદર છે.

## (૪) વાયુ પુરાણ :

આ પુરાણ અત્યંત પ્રાચીન છે. તેમાં કેવળ ૧૧૨ અધ્યાય અને આશરે ૧૧૦૦૦ શ્લોકો છે. આ પુરાણમાં ચાર ખંડ છે. તેને 'પાદ' કહે છે.

વિલ્સનના મતે ૭૦૦૦ શ્લોકો છે. ડૉ. રાજેન્દ્ર મિશ્ર ૧૨૦૦૦ શ્લોકો માને છે. મુંબઈની આવૃત્તિમાં તેથી વધુ શ્લોકો છે.

આ એક જ પુરાણ શિવની મહિમાનું સૂચક હોવાથી શિવપુરાણ અને વાયુ દ્વારા કથન કરાયેલ હોવાથી વાયુ પુરાણ કહેવાય છે.

તેમાં જયોતિર્લિંગ વર્ણન, શિવરાત્રિ વ્રત માહાત્મ્ય વગેરે વર્ણન છે.

## (૫) ભાગવત પુરાણ :

આ પુરાણ સંસ્કૃત સાહિત્યનું અનુપમ રત્ન છે, ભકિતશાસ્ત્રનું સર્વસ્વ છે.

આ પુરાણમાં બાર સ્કંધ અને ૧૮૦૦૦ શ્લોકો છે. દેવી ભાગવત અને શ્રીમદ્ ભાગવત બંને ભાગવત તરીકે પ્રસિદ્ધ છે.

ડૉ. વી. રાઘવન ભુશુંડિ રામાયણને 'રામ ભાગવત' કહી 'ભાગવત ત્રયી' હોવાનો મત દર્શાવે છે.

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, પરબ્રહ્મના ગુણાવતાર છે. તે પ્રકારે કલ્પાવતાર, યુગાવતાર, મન્વન્તરાવતાર આદિનું વર્ણન વિસ્તારપૂર્વક કર્યું છે.

વર્તમાન સમયમાં ભાગવતની લોકપ્રિયતા સવિશેષ છે.

**(૬) નારદ પુરાણ :**

આ પુરાણમાં બે ભાગ છે. પૂર્વ ભાગ અને ઉત્તર ભાગ. પૂર્વભાગના ૧૨૫ અધ્યાય અને ઉત્તર ભાગના ૮૨ અધ્યાય છે. શ્લોકોની સંખ્યા ૨૫૦૦૦ હજાર છે.

વિલ્સનના મતે આ પુરાણ ૧૬ મી સદીનું છે. તેમાં અઢાર પુરાણોની વિસ્તૃત માહિતી મળે છે.

આ પુરાણમાં અનેક પ્રકારની ધાર્મિક કથાઓ છે. ઉપરાંત કાશી, પ્રયાગ, કુરુક્ષેત્ર, હરિદ્વાર, બદ્રીનાથ, પ્રભાસ, અવન્તી, મથુરા આદિ તીર્થોના માહાત્મ્યનું વર્ણન છે.

**(૭) માર્કણ્ડેય પુરાણ :**

આ પુરાણનું નામકરણ માર્કણ્ડેય ઋષિ દ્વારા કથન કરવાને કારણે પડયું છે. આ પુરાણ લઘુ છે. અધ્યાયોની સંખ્યા ૧૩૭ અને શ્લોકોની સંખ્યા ૯૦૦૦ છે.

પાર્જિટરે સંપૂર્ણ પુરાણનો અંગ્રેજી અનુવાદ કર્યો છે.

જન્મજન્માંતર અને નાગોના ઉપાખ્યાનો બૌદ્ધોના ઉપાખ્યાનો સાથે સંબંધ ધરાવે છે. હરિશ્ચન્દ્ર, મદાલસાનું ઉપાખ્યાન પ્રસિદ્ધ છે. કર્મયોગ અને જ્ઞાનયોગનો સમન્વય છે.

**(૮) અગ્નિ પુરાણ :**

આ પુરાણમાં ૩૮૩ અધ્યાય અને નારદીય પુરાણ અનુસાર ૧૫૦૦૦ અને મત્સ્ય પુરાણ અનુસાર ૧૬૦૦૦ શ્લોક સંખ્યા છે.

છંદ, અલંકાર, જયોતિષ, રત્નપરીક્ષા, વાસ્તુવિદ્યા જેવી અનેક વિદ્યાઓ અને અનેક અવતારની કથાઓ નિરુપાઈ છે.

**आग्नेये हि पुराणेडस्मिन् सर्वाः विद्याः प्रदर्शिताः ।** ઉકિત સાર્થક જણાય છે.

વિષય વૈચિત્ર્યને કારણે અષ્ટાદશ પુરાણોમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે.

**(૯) ભવિષ્ય પુરાણ :**

ભવિષ્યમાં બનનારી ઘટનાઓના વર્ણનને કારણે ભવિષ્ય પુરાણ નામકરણ થયું. તેમાં પાંચ પર્વ–૬૦૫ અધ્યાય અને શ્લોકોની સંખ્યા ૧૪૦૦૦ છે.

વકતા શ્રીકૃષ્ણ અને શ્રોતા યુધિષ્ઠિર છે. રથયાત્રા, મદનોત્સવ અનુષ્ઠાન વગેરે તેમાં સમાવાયા છે.

**(૧૦) બ્રહ્મ વૈવર્ત પુરાણ :**

બ્રહ્મ વૈવર્ત પુરાણમાં ચાર ખંડ છે. (૧) બ્રહ્મખંડ (૨) પ્રકૃતિ (૩) ગણેશ ખંડ (૪) શ્રીકૃષ્ણ ખંડ કુલ ૨૬૬ અધ્યાય અને ૧૮૦૦૦ શ્લોકો છે.

લગભગ અર્ધા ભાગમાં શ્રીકૃષ્ણ ચરિત્ર આલેખાયું છે. આથી આ ભાગવત પછીનું પુરાણ ગણી શકાય.

**(૧૧) લિંગ પુરાણ :**

ભગવાન્ શંકરની લિંગરૂપની ઉપાસના વિશેષરૂપે જોવા મળે છે. તેના બે ભાગ છે. પૂર્વભાગ અને ઉત્તરભાગ અધ્યાયોની સંખ્યા ૧૩૩ તથા શ્લોકોની સંખ્યા ૧૧૦૦૦ છે.

શિવનો પ્રભાવ, લિંગપૂજાનું માહાત્મ્ય, શિવના વ્રતો ઉપરાંત કામતૃષ્ણાનું પ્રાબલ્ય દર્શાવતું યયાતિનું પ્રખ્યાત ઉપાખ્યાન છે.

**(૧૨) વારાહ પુરાણ :**

વિષ્ણુનું વરાહરૂપ ધારણ કરી પૃથ્વીને પાતાળ લોકમાંથી બહાર કાઢી હતી, તે કથા સાથે સમ્બન્ધ હોવાને કારણે વરાહ પુરાણ નામકરણ થયું.

પૂર્વભાગ અને ઉત્તરભાગમાં વિભાજિત આ પુરાણમાં ૨૧૮ અધ્યાયો અને ૨૪૦૦૦ શ્લોકો છે.

કલકત્તાની એશિયાટીક સોસાયટીના ગ્રંથમાં કેવળ ૧૦૭૦૦ શ્લોક છે.

દસ અવતારોની લીલાનું વર્ણન, મથુરા માહાત્મ્ય, નચિકેતોપાખ્યાન, પ્રાચીન વિષ્ણુ માહાત્મ્ય, સર્વ ધર્મનું માહાત્મ્ય વગેરે વર્ણનો છે.

**(૧૩) સ્કન્દ પુરાણ :**

અષ્ટાદશ પુરાણોમાં સર્વાધિક બૃહત્કાય આ ગ્રંથ છે. તેની શ્લોક સંખ્યા ૮૧૦૦૦ છે.

ઈન્ડિયા હાઉસ લંડન આ પુરાણની ૧૪ ખંડોની બે સંહિતા હોવાનું જણાવે છે.

સી.પી. ક્રાઉન ૭ સંહિતા અને બાર ખંડ હોવાનું માને છે.

શિવપાર્વતી લીલા, જગન્નાથ મંદિરની પૂજા, પ્રતિષ્ઠા તથા તત્સબંધી અનેક ઉપાખ્યાનોનું વર્ણન મળે છે. સત્યનારાયણ વ્રતની સુપ્રસિદ્ધ કથા આ પુરાણના રેવાખંડમાં મળે છે.

**(૧૪) વામન પુરાણ :**

આ પુરાણનો સંબંધ ભગવાનના વામનાવતારથી છે. એક લઘુકાય પુરાણ કેવળ ૯૫ અધ્યાય અને ૧૦,૦૦૦ શ્લોકો છે.

આ પુરાણમાં શિવ, શિવ માહાત્મ્ય, શૈવ તીર્થ, ઉમા–શિવ વિવાહ, ગણેશની ઉત્પત્તિ અને કાર્તિકેય ચરિત્રાદિ વિષયોનું વર્ણન મળે છે.

**(૧૫) કૂર્મ પુરાણ :**

આ પુરાણની ચાર સંહિતા હતી. બ્રાહ્મી, ભાગવતી, સૌરી, વૈષ્ણવી. પરંતુ આજે માત્ર બ્રાહ્મી સંહિતા જ ઉપલબ્ધ છે. કુલ ૯૯ અધ્યાય અને નારદીય પુરાણાનુસાર ૧૭,૦૦૦ શ્લોકો આ પુરાણ ધરાવે છે.

વિષ્ણુના કૂર્માવતાર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશમાં અભેદ દર્શન, શકિત પૂજા, વ્યાસ ગીતા, તીર્થ માહાત્મ્ય, ધર્મ આદિનું વર્ણન છે.

**(૧૬) મત્સ્ય પુરાણ :**

આ પુરાણ પર્યાપ્ત રૂપમાં વિસ્તૃત છે. તેમાં અધ્યાયોની સંખ્યા ૨૯૧ અને શ્લોકોની સંખ્યા ૧૫,૦૦૦ છે. આ પુરાણના આરંભમાં મન્વન્તરના સામાન્ય વર્ણન અનન્તર પિતૃવંશનું વર્ણન વિશેષ રૂપે કર્યું છે.

મન્વન્તર, પિતૃવંશ, શ્રાદ્ધ કલ્પ, સૂર્ય–ચંદ્ર વંશ, યયાતિ ચરિત્ર, રાજવંશો, સ્વયં બ્રહ્મા દ્વારા સાંખ્યશાસ્ત્ર ઉપદેશ, શંકર દ્વારા અનંગદહન, રતિશોક ઈત્યાદિ વર્ણનો છે.

મૌલિકતા અને પ્રાચીનતાની દષ્ટિએ આ પુરાણનું વિશેષ મહત્ત્વ છે.

**(૧૭) ગરુડ પુરાણ :**

આ પુરાણમાં બે ભાગ છે. (૧) પૂર્વ ખંડ (૨) ઉત્તર ખંડ. ૧૮,૦૦૦ શ્લોક અને ૨૬૪ અધ્યાય છે.

આતુરકાળ, આતુરકાલીન દાન, દેહ ત્યાગ, પરલોકમાં પ્રેતની સ્થિતિ અને મરણોત્તર ક્રિયા તેના પ્રધાન વિષયો છે.

**(૧૮) બ્રહ્માંડ પુરાણ :**

સમસ્ત બ્રહ્માંડના વર્ણનને કારણે બ્રહ્માંડ પુરાણ કહેવાય છે. તેમાં પ્રક્રિયા પાદ, આનુષઙ્ગપાદ, ઉપોદ્‌ઘાત પાદ અને ઉપસંહાર પાદ નામના ચાર પાદ છે. પ્રથમ બે પાદ પૂર્વભાગ અને અંતિમ બે પાદ ઉત્તર પાદ કહેવાય છે.

નારદીય પુરાણ અનુસાર ૧૨,૦૦૦ શ્લોકો છે. સામાન્યતઃ ભુવનકોશનું વર્ણન પ્રત્યેક પુરાણમાં મળે છે. પરંતુ આ પુરાણમાં તેનું સાંગોપાંગ વર્ણન જોવા મળે છે.

દ્વીપો, વર્ષો, ગ્રહ, નક્ષત્ર, યુગ અગત્યતા ધરાવે છે. આ પુરાણનું ભૂગોળ, ખગોળ અને ઈતિહાસની દષ્ટિએ અધ્યયન ઉપયોગી બને તેવું છે.

## પુરાણોમાં આખ્યાન

પૌરાણિક આખ્યાનો સર્વલોકોને આકર્ષિત કરે છે. પૌરાણિક આખ્યાનોમાં અનેક પ્રેરણાદાયી આખ્યાનો છે.✓

આખ્યાનો સઉદ્દેશ્ય અને પ્રેરક છે. આખ્યાનો કોઈને કોઈ પ્રેરણા લઈને આવે છે. આખ્યાનોની ભાષા સરળ એવં સુબોધ હોય છે. સાંસારિક જીવનના ઉચ્ચ લક્ષ્ય તરફ દોરી જનારા આ આખ્યાનો છે.

પૌરાણિક આખ્યાનો દ્વારા ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના એ મૂલ્યવાન્ ઉપાદાનોનું મિશ્રણ છે, જેને કારણે આપણે આજે પણ ગૌરવ લઈ શકીએ છીએ. પૌરાણિક આખ્યાનો યુવાપેઢીની મૂલ્યવાન્ ધરોહર છે.

મનુષ્યને આદિકાળથી મુંઝવતા સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય અંગેના પ્રશ્નોના સમાધાન શોધતી પુરાકથાઓ પુરાણોમાં યથેચ્છ વિકસી છે, તો બીજી બાજુ ભારતવર્ષમાં થયેલ વિવિધ મહામાનવોના જીવનની ઐતિહાસિક બાબતો પણ આખ્યાનોમાં ગૂંથાઈ છે.

પુરાણના આખ્યાનો પુરાકથીય તત્ત્વોથી ભરપુર છે, જેમ કે, સમુદ્રમંથન. કેટલાક કથાનકોમાં ઐતિહાસિક તત્ત્વોનું આછું–પાતળું દર્શન થાય છે. ઉદાહરણ તરીકે પૃથ્વી દોહન, યયાતિ ચરિત્ર વગેરે. જયારે કેટલાક કથાનકો ઐતિહાસિક વૃત્તો જણાય છે. જેવા કે સ્યમન્તકોપાખ્યાન વગેરે.

પ્રસ્તુત આખ્યાનોમાં અઢાર પુરાણના અમુક આખ્યાનો ટાંકયા છે. આવશ્યકતાનુસાર અન્ય પુરાણોના સંદર્ભ પણ નોંધ્યા છે.

પુરાણો આખ્યાનોનો નિધિ છે. તેમાંથી કેટલાક આખ્યાનોનું નિરુપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. પુરાણોની પૌરાણિકતા પ્રમાણે મુકવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મુખ્યત્વે વિષ્ણુપુરાણ, મત્સ્ય પુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, શિવપુરાણ, પદ્મપુરાણ જેવા પુરાણોનો તેની પૌરાણિકતા પ્રમાણે આખ્યાનો નિરુપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અન્ય પુરાણોના આખ્યાનોના સંદર્ભો આપ્યા છે.

# વિષ્ણુ પુરાણનાં આખ્યાનો

મુખ્ય વિષય મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનોનું નિરુપણ કરવાનો હોય વિસ્તૃત વિવેચન તે આખ્યાનોના નિરુપણમાં કરીશું.

વિષ્ણુપુરાણ અંતર્ગત મુખ્ય કહી શકાય તેવા આખ્યાનોનો ક્રમશઃ સવિસ્તર પરિચય જોઈએ. સમગ્ર આખ્યાનોમાંથી અમુક આખ્યાનોનું નિરુપણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## (૧) વેન અને પૃથુનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન વિષ્ણુપુરાણ અંતર્ગત ૧/૧૩ માં પ્રાપ્ત થાય છે, તે કથા આ પ્રમાણે છે –

અઙ્ગની પત્ની **'सुनीथा'** નો પુત્ર વેન. વેન દુષ્ટ રાજા હતો. પિતા અઙ્ગના મૃત્યુ પશ્ચાત્ પુત્ર વેને રાજય ધૂરા સંભાળી સ્વયંને યજ્ઞપુરુષ તરીકે સ્થાપિત કર્યો. વેને રાજયશાસનના નિયમોનો ત્યાગ કર્યો. આથી ઋષિઓએ તેમને ધર્મમાર્ગનું અનુસરણ તથા પાપાચારનો ત્યાગ કરવા કહ્યું. પરંતુ વેન સમ્મત ન થતા ઋષિઓએ તેનો વધ કર્યો.

રાજા વિનાની પૃથ્વી નાશ પામે છે. આ વાત ઋષિઓ સમજતા હતા. જયાં સમર્થ રાજા ન હોય ત્યાં અરાજકતા વધી જાય છે. બળવાન નિર્બળ પર પ્રહાર કરે છે. આમ વિચારી ઋષિઓએ વેનના દેહનું મંથન કર્યું.

વેનના શરીરમાં માતૃપક્ષે પ્રાપ્ત થયેલ જે પાપી અંશ હતો, તેની જાંઘમાંથી એક કદરૂપા અને શ્યામવર્ણ પુત્ર પ્રકટ થયો. તે વિકૃત હતો.

જન્મતાની સાથે જ તેણે ઋષિઓને પૂછયું, **किं करोमीति ?** તેમણે કહ્યું, **निषीद** તેથી તે નિષાદ કહેવાયા. [૧]

તેમાંથી નિષાદ, મ્લેચ્છ જાતિ ઉત્પન્ન થઈ. નિષાદના રૂપમાં વેનના શરીરમાં રહેલું સર્વ પાપ બહાર નીકળી ગયું.

ઋષિઓએ વેનના જમણા હાથનું મંથન કર્યું. તેમાંથી મહા પ્રતાપી અગ્નિ સમાન તેજસ્વી ધનુર્ધર હાથમાં ગદા તેમજ કવચ–કુંડળ ધારણ કરેલ પુત્ર ઉત્પન્ન થયો, જે પૃથુ કહેવાયો.

પૃથુના જમણા હાથમાં ચક્રનું ચિહ્ન હતું, જેને કારણે તે વિષ્ણુનો અંશ મનાવા લાગ્યો. આવું ચિહ્ન ચક્રવર્તી રાજાના હાથમાં દષ્ટિગોચર થાય છે.

વેનના રાજયશાસન દરમિયાન પૃથ્વી ધન–ધાન્ય પ્રદાન કરતી ન હતી. આથી પૃથુ પૃથ્વીને પ્રહાર કરવા લાગ્યો. પૃથ્વી ગાયનું સ્વરૂપ લઈ દોડવા લાગી. અંતે પૃથુએ સ્વાયભુવ મનુને વત્સ બનાવી પૃથ્વીનું દોહન કર્યું.

પૃથુએ પ્રજાનું રંજન કરીને પોતાનું 'રાજા' નામ સાર્થક કર્યું. જે પ્રજાને પિતા વેને દુ:ખી કરી હતી. તે પ્રજાને પ્રસન્ન કરી 'રાજા' પદવી પ્રાપ્ત કરી હતી. [૨]

પૃથુએ પૃથ્વી અને સમગ્ર સૃષ્ટિને જીવનદાન આપ્યું, માટે તેઓ પૃથ્વીના પિતા કહેવાયા. પૃથ્વી તેમની પુત્રી તરીકે ઓળખાઈ. આથી તે 'પૃથ્વી' તરીકે પ્રસિદ્ધિ પામી.

વિષ્ણુપુરાણ ફલશ્રુતિ આપતા કહે છે કે – મનુષ્યના દુ:સ્વપ્નો સર્વદા શાંત થઈ જાય છે અને દુષ્કર્મનું પાપ ફળદાયી થતું નથી.

વિષ્ણુપુરાણ ઉપરાંત આ આખ્યાન મત્સ્યપુરાણ ૧૦, પદ્મપુરાણ ૧/૮/૩ થી ૧૫, ૨/૨૭ થી ૩૯, બ્રહ્મપુરાણ–૪, વાયુપુરાણ–૪૭, બ્રહ્માંડ પુરાણ–૧/૩૬, શ્રીમદ્ ભાગવત પુરાણ – ૪/૧૩ થી ૧૬,

અગ્નિપુરાણ–૧૮, સ્કંદ પુરાણ–૬/૨૩, વિષ્ણુધર્મોત્તર પુરાણ–૧/૧૦/૮, હરિવંશ–૧/૨, કૂર્મપુરાણ પૂર્વભાગ–૧૩ માં ઉલ્લિખિત છે. સર્વ આખ્યાનોમાં અલ્પાંશે તફાવત છે.

મહાભારત આ આખ્યાનનો નિર્દેશ કરે છે.

પૃથુ નામધારી વ્યકિત અનેક છે, તેમ પૌરાણિક કથાકોશ ઉલ્લેખે છે, જે નીચે પ્રમાણે છે –

(૧) પૃથુ – તામસ મન્વન્તરના સપ્તર્ષિમાંનો એક

(૨) પૃથુ – વેનનો પુત્ર

(૩) પૃથુ – સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળમાં થયેલા કકુત્સ્ય રાજાનો પુત્ર અને સુયોધન રાજાનો પુત્ર

(૪) પૃથુ – એક બ્રહ્મર્ષિ

(૫) પૃથુ – રામની સેનાનો પ્રસિદ્ધ વાનર

(૬) પૃથુ – સોમવંશી યદુ પુત્ર

(૭) પૃથુ – સોમવંશીય યદુકુળમાં સાત્વત રાજાના વૃષ્ણિ નામના પુત્રવંશમાં વૃષ્ણીય પુત્ર ચિત્રરથ રાજાનો મોટો પુત્ર.

(૮) પૃથુ – આઠ વસુઓમાંનો એક [૩]

## (૧) વેન :

ચક્ષુષ મનુના પ્રપૌત્ર અને ઉલ્મુક રાજાના પૌત્ર અંગરાજાને સુનીથાની કૂખે થયેલો પુત્ર. [૪]

વિષ્ણુ પુરાણ દ્વિતીય પૃથુ અને પ્રથમ વેનનો ઉલ્લેખ કરે છે.

અન્ય આખ્યાનો સાથે તુલના કરીએ તો –

વિષ્ણુપુરાણ પૃથુ વિશે એક વિશિષ્ટ બાબત નોંધે છે. પૃથુએ ઉત્પન્ન થતાં જ પૈતામહ યજ્ઞ કર્યો. અન્ય પુરાણો આ બાબત ઉલ્લેખતા નથી.

આગળ નિર્દેશેલ સર્વ પુરાણો પૃથુના સુંદર રાજયશાસનનું વર્ણન કરે છે. તેના રાજયમાં પ્રજા દીર્ઘાયુ, ધન–ધાન્ય સમ્પન્ન અને સુખી હતી. પૃથુ શસ્ત્રધારી હોવાથી અન્યને શસ્ત્ર ગ્રહણ કરવાની આવશ્યકતા ન હતી.

મત્સ્યપુરાણ કરતા વિષ્ણુપુરાણનું કથાનક વધુ જીવંત લાગે છે. શ્રીમદ્ ભાગવત તો આ બંનેથી વિશેષ વિસ્તૃત વિગતો આપે છે. શ્રીમદ્ ભાગવતમાં સ્તુતિ વિશેષ છે.

શ્રીમદ્ ભાગવતમાં કોઈ શાસક ન રહેતા વેનનો રાજયાભિષેક કર્યો. રાજા વિના રાજય ન સંભવે માટે વેન દુરાચારી હોવા છતાં રાજા બન્યો.

કૂર્મ પુરાણ પૃથુ વિશે અલ્પ પરિચય આપે છે.

વેન અને પૃથુના આખ્યાન પરથી નીચેની બાબતો તારવી શકાય –

જેવો રાજા તેવી પ્રજાએ રાજનીતિનો અફર નિયમ છે. રાજા દુરાચારી હોય તો સમગ્ર સૃષ્ટિમાં દુરાચાર પ્રવર્તે. રોગ, ભય, દરિદ્રતા, શોક વગેરે પાછળ રાજાની મનોવૃત્તિ કારણભૂત છે.

મનુસ્મૃતિ મુજબ અવિનયને કારણે રાજા સપરિવાર નાશ પામ્યા છે. વિનયથી વનવાસી પણ રાજય પ્રાપ્ત કરે છે. [૫]

દુષ્ટ શાસકોના શાસનમાં બહુરત્ના વસુંધરા વન્ધ્યા બની જાય છે.

ગુજરાતી કવિ કલાપીની 'ગ્રામ્યમાતા' કાવ્યમાં આવો જ ધ્વનિ છે. રાજા દયાહીન થયો હોય તો જ ધરતી રસહીન બની જાય. એ વાત અભણ ખેડૂત સ્ત્રીના મૂખે કવિ મૂકે છે.

*દયાહીન થયો નૃપ, રસહીન થઈ ધરા.*

સમાજમાં રાજા જયારે કર્તવ્યચ્યુત થઈને પ્રજાનું શોષણ કરતો હોય ત્યારે નિઃસ્વાર્થ બુદ્ધિશાળી લોકોએ આગળ આવી રાજસત્તાને સંકુચિત કરવા પ્રયત્નો કરવા જોઈએ. દુરાચારી રાજાનું નિકંદન કાઢતા પણ અચકાવું જોઈએ નહીં.

આ વાતને અનુમોદન આપવા શ્રીકૃષ્ણ દ્વારા શિશુપાલ વધ, ભીમ દ્વારા જરાસંધ વધ, રામ દ્વારા વાલી તથા રાવણ વધ વગેરે ઉદાહરણ આપી શકાય. આ સર્વ રાજાઓનું રાજય તેમની પાસેથી ઝૂંટવી યોગ્ય રાજવીને અર્પણ કર્યું. શાસ્ત્રોમાં આવા કેટલાય ઉદાહરણ પ્રાપ્ત થાય છે.

વેનની ડાબી જાંઘમાંથી દુરાચારી નિષાદ પ્રજા જન્મી જયારે જમણા અંગમાંથી ધાર્મિક વૃત્તિનો પૃથુ જન્મ્યો. તેનું કારણ એ હોઈ શકે કે વેનની માતા મૃત્યુની કન્યા હતી, જયારે પિતા ધર્મનિષ્ઠ હતા. માતા–પિતાના સંયુકત સંસ્કારો બાળક પર પ્રભાવ પાડે છે.

તેનું ઉદાહરણ ઘટોત્કચ ગણાવી શકાય જેની માતા રાક્ષસી છે પરંતુ પિતા મહા પરાક્રમી ક્ષત્રિય ભીમ છે.

પૃથુના શાસનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિનો અનુભવ થવાનું કારણ 'આદર્શ રાજયસત્તા' ગણાવી શકાય.

પૃથ્વી દોહન પ્રસંગે પૃથ્વીએ સર્વ વસ્તુ આપી કારણ કે પૃથ્વી અખૂટ રત્નોનો ભંડાર છે. પૃથ્વી ભૌતિક વસ્તુ તો આપે છે, સાથે દૈવી તત્ત્વોનો નિધિ છે માટે તેને 'વસુધા' કહી છે. પૃથ્વી દોહન પ્રસંગે જેઓ જેની કામના કરે છે, તેમને તે પ્રાપ્ત થાય છે. પૃથ્વીનું મહત્ત્વ દર્શાવી પૃથ્વીને સમર્થ બનાવી છે.

## (૨) જડ–ભરત ચિત્ર

પ્રસ્તુત આખ્યાન વિષ્ણુપુરાણના દ્વિતીય અંશ, અધ્યાય ૧૩ થી ૧૭ એમ કુલ ચાર અધ્યાયમાં નિરુપીત છે. તેની કથા આ પ્રમાણે છે –

મહાભાગ પૃથ્વીપતિ ભરતજી રાજય ત્યાગી શાલગ્રામ ક્ષેત્રમાં ચિરકાળ પર્યન્ત રહ્યા. તેઓ અહિંસા, સંયમ વગેરેનું આચરણ કરતા નિસંગ, તપસ્વી અને યોગી રાજાએ ઈશ્વર અર્ચન માટે સમિધ, પુષ્પ, દર્ભ સિવાયના અન્ય કર્મોનો ત્યાગ કર્યો.

રાજર્ષિ ભરત નદીએ સ્નાન કરવા ગયા ત્યારે સિંહની ગર્જનાથી ભયભીત આપનસત્ત્વા મૃગીએ છલાંગ મારી જેથી તેનો ગર્ભ સરી ગયો. રાજર્ષિ ભરતે આ મૃગબાળનું માતૃતુલ્ય પોષણ કર્યું.

રાજર્ષિ ભરતનું મન મૃગબાળ પ્રત્યે આસકત થયું. તેઓ તેમની દૈનિક ક્રિયા તરફ પર્યાપ્ત ઘ્યાન આપી શકતા નહીં. સંસાર ત્યાગનાર રાજાને મૃગબાળ પર મોહ થયો. [૬]

મૃગબાળ પ્રત્યેના રાજાના મોહને કારણે તેમની સમાધિમાં ભંગ પડવા લાગ્યો. મૃત્યુકાળે ચિત્ત મૃગબાળમાં રહેવાને કારણે ઈશ્વર સ્મરણ ન થયું. પરિણામે પુનર્જન્મ મૃગરૂપે થયો. પરંતુ પૂર્વજન્મની

સ્મૃતિને કારણે મૃગરૂપે વૈરાગ્ય કેળવ્યો. પૂર્વકર્મનો અંત થતા સદાચારી અને યોગી બ્રાહ્મણને ગૃહે જન્મ થયો. અહીં પણ પૂર્વજન્મની સ્મૃતિ ટકી રહી.

બ્રાહ્મણ પુત્ર તરીકે ભરત વૈરાગી જેવું જીવન વ્યતીત કરવા લાગ્યા. તેઓની માન્યતા પ્રમાણે યોગીઓને માટે સમ્માન સૌથી અધિક હાનિકારક અને અપમાન સવિશેષ સિદ્ધકારક છે. [૭]

ભરતના બંધુઓ તેને દૂષિત આહાર આપી કષ્ટદાયક કાર્ય કરાવતા. વૃષભ સમાન પુષ્ટ શરીર તેમજ કર્મને કારણે જડભરતથી ઓળખાવા લાગ્યા. સૌવીર રાજાના દ્વારપાળે સંસ્કાર શૂન્ય આ બ્રાહ્મણને રાજાની પાલખી ઊંચકવાના કાર્યમાં લગાડયો.

સૌવીર રાજા પાલખીમાં આરૂઢ થઈ ઈક્ષુમતી નદીના કિનારે કપિલ મુનિના આશ્રમમાં સંસારના લોકોના દુઃખનો ઉપાય પૂછવા જતા હતા. ભરત પાલખી ઊંચકી રહ્યા હતા. પરંતુ કોઈ જીવજન્તુ નીચે આવી ન જાય તેનું ઘ્યાન રાખીને નિરાંતે ચાલતા હતા. આને કારણે પાલખી હાલક–ડોલક થવા લાગી.

રાજાએ ક્રોધિત થઈ ભરતને કહ્યું, ‘થોડા સમયથી પાલખી ઊંચકી ત્યાં થાકી ગયા ? શરીરે હૃષ્ટપુષ્ટ છે છતાં ભાર વહન કરી શકતો નથી.’

ભરતે કહ્યું,

**नाहं पीवान्न चैवोढा शिबिका भवतो मया ।**

**न श्रान्तोऽस्मि न चापासो सोढव्योऽस्ति महीपते ॥**

અર્થાત્, હું પુષ્ટ નથી. આપની પાલખીનું વહન કરતો નથી. હું થાકયો પણ નથી અને મારે આપનો ભાર ઉપાડવાનો શ્રમ કરવાની જરૂર નથી. [૮]

આવા ઉત્તરથી રાજાને આશ્ચર્ય થયું. જડભરતે રાજાને નીચે પ્રમાણે પ્રશ્નો કર્યા –

(૧) હે રાજા ! તમને પ્રત્યક્ષ શું દેખાય છે તે કહો પછી તમારે પુષ્ટ કે નિર્બળ વિશેષણોનો ઉપયોગ કરવો.

(૨) મેં આ પાલખી ઉપાડી હજુએ મારા પગ પર છે એ વાત અસત્ય છે. પૃથ્વી પર મારા બે પગ છે. પગની ઉપર બે જાંઘ છે, જાંઘ ઉપર ઉરુ છે અને ઉરુ પર પેટ છે. પેટના આધારે છાતી, છાતીના આધારે બે હાથ અને બે ખભા છે. ખભા ઉપર પાલખી છે. આમાં **मम भारोऽत्र किं कृतः ।**

(૩) આપ પાલખીમાં છો, હું ભૂમિ પર છું એ વાત મિથ્યા છે. કારણ કે હું, તું અને સર્વ જીવોને પંચમહાભૂત વહન કરે છે. ભૂતોનું વહન ત્રણ ગુણો કરે છે. ગુણો કર્મને વશ રહેનારા છે અને જે કર્મો છે તે અવિદ્યાજન્ય છે. આત્મા તો શુદ્ધ અવિનાશી, નિર્વિકાર, શાંત, નિર્ગુણ અને પ્રકૃતિથી પર છે. આત્માની વૃદ્ધિ–ક્ષય થતા નથી. પ્રત્યેક જીવમાં એક આત્મા છે. આમાં હું અને તું કઈ રીતે જુદા છીએ ? [૯]

(૪) મને પુષ્ટ કહેવો યોગ્ય નથી. આત્માના વૃદ્ધિ–ક્ષય થતાં નથી તો તેને જાડો–પાતળો કહી શકાય નહી. જમીન, પગ, જાંઘ, સાથળ, પેટ વગેરે પર રહેલા આ ખભાની ઉપર પાલખીનો ભાર મને અને મારા આત્માને લાગે તો તને પણ લાગવો જોઈએ. પ્રકૃતિના કાર્યો સાથે આત્માની એકતા નથી તેથી મને તેનો ભાર કઈ રીતે લાગે ?

જડ ભરતે સૌવીર રાજા સાથે આ પ્રમાણે પ્રશ્નોત્તર કરી પાલખી લઈ ચાલવા લાગ્યા. રાજાએ નીચે ઉતરી તેના ચરણ પકડી પૂછયું. જડવેષધારી આપ કોણ છો ? કયા નિમિત્તે અહીં આવ્યા છો ? તે સર્વ કહો.

જડ ભરતે રાજાને ઉત્તર આપ્યો –

(૧) હું અમુક છું એમ કહેવું શકય નથી.

(૨) સર્વ જીવ ધર્મ–અધર્મ જન્ય કર્મોના સુખ–દુઃખને ભોગવવા માટે દેહ ધરણ કરે છે, તો મારા આગમનનું વિશેષ કારણ કયું હોઈ શકે ?

સૌવીર રાજા 'હું કોણ છું' એ કેમ ન કહી શકાય તે વાત સમજી શકયા નહીં. આ અંગે ભરતે આ પ્રમાણે કહ્યું.

'આત્મા' વિશે હું શબ્દ પ્રયોગ કરવામાં કોઈ દોષ નથી. પરંતુ અનાત્મા વિષે આમ કહેવું એક ભ્રમણા છે. શરીરના અલગ–અલગ ભાગો માટે હું શબ્દ વાપરવો યોગ્ય નથી. મારાથી અન્ય ભિન્ન હોય ત્યારે જ 'હું' અને 'તું' એવો ભેદ કરી શકાય. સમગ્ર શરીરમાં એક જ પુરુષ રહે છે ત્યારે આવો પ્રશ્ન જ વ્યર્થ છે. [૧૦]

જડ–ભરતે નામ રૂપની વ્યર્થતા સમજાવતા કહ્યું, ''હે રાજા, તું છે, આ પાલખી છે, અમે પાલખી ઉપાડનારા તારી આગળ છીએ વગેરે કહેવું શકય નથી. પાલખી પ્રથમ વૃક્ષરૂપે હતી. પછી કાષ્ઠ થયું. કાષ્ઠ કયાં ગયું ? પાલખી એ તો અમુક આકાર રૂપે રચાયેલો કાષ્ઠનો સમુદાય છે. કાષ્ઠથી અલગ પાલખી કઈ રીતે હોઈ શકે ? આવું જ તારા–મારા અંગે છે વસ્તુ જે દેખાય છે તે નથી. જે કાળાન્તરે પણ અન્ય સંજ્ઞાને ન પામે તે વસ્તુ જ સત્ય છે. હે રાજન, તુ પ્રજાનો રાજા છે, તારા પિતાનો પુત્ર, પત્નીનો પતિ, પુત્રનો પિતા અને શત્રુનો શત્રુ છે. આમાં હું તને કયા નામે ઉદ્દેશું ?

જડ–ભરતની તત્ત્વજ્ઞાન સભર વાતોથી રાજાએ તેમને ઉપદેશ આપવા પ્રાર્થના કરી. રાજા કપિલમુનિ પાસે જે જ્ઞાન મેળવવા જતા હતા. તે જણાવવા કહ્યું.

જડભરતે રાજાને કહ્યું, શ્રેઠ અને પરમાર્થને એક માનવા તે ભૂલ છે. યજ્ઞરૂપ કર્મ શ્રેય છે તે નિષ્કામ કરાય તો એ જ પરમાર્થ છે. આત્મા જ પરમાર્થ છે તે એક સર્વવ્યાપી સમાન, શુદ્ધ, નિર્ગુણ, પ્રકૃતિથી પર, સર્વગત, અવ્યય, પરમ જ્ઞાન સ્વરૂપ, નામ–જાતિ ભેદથી રહિત છે. તે સ્વયં અને અન્યના શરીરમા

વિદ્યમાન હોવા છતાં એક જ એવું વિશેષ વિજ્ઞાન તે પરમાર્થ છે. જેઓ દ્વૈતભાવ જુએ છે તેઓ યથાર્થદર્શી નથી.[૧૧]

જડભરત સૌવીર રાજાને ઋભુ–નિદાઘનો સંવાદ કહે છે. ઋભુએ નિદાઘને આત્મબોધ આપ્યો. અંતે આત્માને સર્વગત જાણી સ્વયંને, શત્રુને, સ્નેહીને, મિત્રને સમાન ગણવા બોધ આપે છે. આકાશ એક જ છતાં રંગબેરંગી ભાસે છે તેમ આત્મા પણ ભ્રાન્તિથી અલગ–અલગ સ્વરૂપવાળો દીસે છે.[૧૨]

અંતે આખ્યાનની ફલશ્રુતિ આપતા મહર્ષિ વ્યાસ લખે છે, 'જે વ્યકિત આ સારભૂત આખ્યાનને ભકિતપૂર્વક કહે અને સાંભળે તેની બુદ્ધિ નિર્મળ બને છે તે જન્મ–જન્માંતરની મુકિતની યોગ્યતા પ્રાપ્ત કરે છે.'

પૌરાણિક કથાકોશ અનેક નામધારી ભરતનો ઉલ્લેખ કરે છે. તેમાંથી પ્રસ્તુત આખ્યાન કયા ભરતની કથા કહે છે તે જોઈએ તો –

(૧) ભરત – પ્રિયવ્રત વંશના ઋષભદેવથી જયંતી નામની ભાર્યાની કૂખે થયેલા સો પુત્રોમાંનો મોટો

(૨) ભરત – શંયુ નામના અગ્નિનો પુત્ર

(૩) ભરત – નાટયશાસ્ત્ર પ્રણેતા એક ઋષિ

(૪) ભરત – સોમવંશી દુષ્યન્ત–શકુન્તલા પુત્ર

(૫) ભરત – દશરથ – કૈકેય પુત્ર[૧૩]

પ્રસ્તુત આખ્યાન પ્રથમ ક્રમના ભરત ઋષભદેવ પુત્રનો ઉલ્લેખ કરે છે.

ઉપર્યુકત આખ્યાન વિષ્ણુપુરાણ ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણ, અગ્નિ પુરાણમાં ઉલ્લેખાયેલું છે. મહાભારત ભરતનો ઉલ્લેખ કરે છે. શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત પ્રસ્તુત આખ્યાન સવિસ્તાર વર્ણવાયું છે, તે બંને વચ્ચેનું વૈષમ્ય તપાસીએ તો –

ભાગવત પુરાણ અંતર્ગત ભરતનો મૃગબાળ પછીનો બ્રાહ્મણ પુત્ર તરીકે જન્મનો ઉલ્લેખ સવિસ્તર છે. વિષ્ણુપુરાણ માત્ર બ્રાહ્મણ પુત્ર તરીકે જ ઉલ્લેખ કરે છે.

ભાગવત પુરાણ એક વિશિષ્ટ બાબત નોંધે છે, તે મુજબ બ્રાહ્મણ પુત્રનો યજ્ઞના બલિ તરીકે વધ, જેનો વિષ્ણુપુરાણમાં ઉલ્લેખ નથી. ભાગવત પુરાણે આપેલ ભરતવંશ વર્ણન વિષ્ણુ પુરાણ નિરુપતું નથી.

હવે આખ્યાનની સમીક્ષા કરતા ઉમેરીએ કે – પ્રસ્તુત આખ્યાનમાં વ્યકિતના મૃત્યુ સમયે તેની જે વાસના હોય તે પ્રમાણે તેનો પુનર્જન્મ થાય છે. તે વાતનું સમર્થન કરે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે –

**यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।**

**तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥**

અર્થાત્, મનુષ્ય અંતકાળે જે ભાવનું સ્મરણ સાથે દેહ ત્યાગે છે તે ભાવને પ્રાપ્ત કરે છે. [૧૪]

હિન્દુ ધર્મની માન્યતા પૂર્વજન્મ–પૂર્નજન્મની બાબત વર્ણવે છે. વ્યકિતને પૂર્વજન્મની સ્મૃતિ અને સંસ્કાર પુનર્જન્મમાં પ્રાપ્ત થાય છે. ધર્મ જ પુનર્જન્મમાં સાથે રહે છે. મનુસ્મૃતિ વર્ણવે છે કે –

**एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः ।**

**शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ॥**

અર્થાત્ આ સંસારમાં એક ધર્મ જ મિત્ર છે. મૃત્યુ પછી સાથે રહે છે. શરીર નાશ થતા સર્વ સંગ છૂટી જાય છે. પરંતુ ધર્મનો સંગ છૂટતો નથી. તેનું ઉદાહરણ ભરત ચરિત્ર છે.

મહાન રાજય ત્યાગનાર રાજર્ષિનું મન એક મૃગબાળમાં એવું આસકત થયું કે તેમણે તેમના સમગ્ર ચિત્તને વશ કર્યું કે જેને કારણે પુનર્જન્મ મૃગરૂપે થયો ઉપરાંત આસકિત અને મમત્વનું પ્રાબલ્ય આ પ્રસંગમાંથી સ્પષ્ટ થાય છે.

ભરતના ઉપદેશ દ્વારા વેદાન્તનું અદ્વૈત તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં દ્રષ્ટિગોચર થાય છે. શુદ્ધ શાસ્ત્રીય મીમાંસાને ન સમજનાર સામાન્ય મનુષ્યના મનમાં તત્ત્વજ્ઞાન સ્પષ્ટ થઈ જાય તેવી સરળ રીતે પુરાણકારે રજૂ કર્યું છે.

હું કોણ છું ? આત્મા–પરમાત્માનું ઐકય, ઈશ્વરની સર્વવ્યાપકતા, ઈશ્વરનું નિર્ગુણ સ્વરૂપ વગેરે બાબતો ઉપનિષદ્ની સ્મૃતિ કરાવે છે. આત્માને કોઈ નામ રૂપ નથી. તે રૂપ તો વ્યકિતનું છે. સાથોસાથ ધર્મ–અધર્મ પ્રમાણે જન્મ–કર્મનો સિદ્ધાંત આપે છે, ઈત્યાદિ સિદ્ધાંતો પ્રતિપાદિત કરે છે.

પાલખી કેવી રીતે બની ? તે પાલખી નથી, માત્ર કાષ્ઠ છે. તે બાબત પુરવાર કરતા કહ્યું છે કે પ્રથમ તો માત્ર કાષ્ઠ જ હતી. તેના આકારને કારણે તે પાલખી કહેવાય. જેવી રીતે સુવર્ણ એક જ છે. પરંતુ તેમાંથી અલગ–અલગ અલંકારો બન્યા પછી તે અલંકારના નામથી ઓળખાય છે. પરંતુ તેની મૂળમાં તો સુવર્ણ જ છે. આ બાબત સમજાવતા નરસિંહ મહેતા કહે છે – 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે', આત્મા એક જ છે. સર્વ પ્રાણીમાં રહેલો છે જે અવિનાશી છે.

જડ ભારત જેવા અવધૂતો આત્મામાં રમમાણ હોઈ પોતાના શરીર અને બાહ્ય જગત્ પ્રત્યે ઉદાસીન હોય છે. વ્યકિતનું બાહ્ય સૌંદર્ય નહીં પરંતુ આંતરિક સૌંદર્યજ્ઞાન પરથી મૂલ્યાંકન કરવું જોઈએ.

આત્માની શાશ્વતતા અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ ગીતાના આત્મા વિષયક વિચારો સાથે તુલના કરી શકાય.

## (૩) સૌભરિ આખ્યાન

આ આખ્યાન વિષ્ણુ પુરાણ અંતર્ગત ચતુર્થ અંશ, દ્વિતીય અધ્યાયમાં ઉલ્લિખિત છે. તે આખ્યાનની કથા જોઈએ તો –

ભૂતલ પર તેજસ્વી માંધાતાનું રાજય હતું. માંધાતા સમગ્ર ભૂમંડલના શાસક હતા તેથી કહેવાય છે કે – ''જયાંથી સૂર્ય ઉદય અને અસ્ત થાય છે તે સર્વ ક્ષેત્ર યુવનાશ્વ પુત્ર માંધાતાનું છે.'' [૧૫]

માંધાતાના રાજયકાળમાં સૌભરિ નામના યશસ્વી ઋષિ હતા. તેમણે દ્વાદશ વર્ષ જળમાં ઉગ્ર તપ કર્યું. દૈવની લીલા વિચિત્ર છે. સંસર્ગનો પ્રભાવ અમોઘ છે. તે જળમાં સમ્મદ નામનો મત્સ્યરાજ નિવાસ કરતો હતો.

તેમણે મત્સ્યરાજને પુત્ર–પૌત્રો સાથે ક્રીડા કરતો જોયો. આ દશ્ય જોઈ બ્રહ્મચારી સૌભરિનું મન લોભાઈ ગયું. તેમણે વિચાર્યું –

**वयमप्येवं पुत्रादिभिस्सह ललितं रंस्यामहे ।**

અર્થાત્ હું પણ મત્સ્યરાજ માફક ગૃહસ્થ બની પુત્ર–પૌત્રાદિ સાથે ક્રીડા કરીશ. [૧૬]

સૌભરિનું કથન સાંભળી માંધાતા અવાક્ બની ગયા. પરંતુ શાપભયે અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો. અત્યંત મનોરમ્ય સ્વરૂપ ધારણ કરી સૌભરિ અંતઃપુરમાં પ્રવેશ્યા.

સૌભરિના સ્વરૂપને જોઈ માંધાતાની સર્વ કન્યા તેના તરફ આકૃષ્ટ થઈ. તેથી સર્વ કન્યાએ સૌભરિ સાથે વિવાહ કર્યા.

મહર્ષિ સૌભરિ પત્ની સાથે આશ્રમમાં પહોંચ્યા. વિશ્વકર્મા પાસે હંસ અને કમળથી યુકત પૃથક્–પૃથક્ ગૃહ બનાવડાવ્યા. સર્વ મહેલોમાં રાજગૃહ જેવી સામગ્રી વિદ્યમાન હતી.

એક દિવસ માંધાતા પોતાની પુત્રીઓ પાસે વનમાં ગયા. પ્રત્યેક પુત્રીએ પોતાના ગૃહસ્થી જીવન સર્વ સંપત્તિ સમ્પન્ન કહ્યું. ઉપરાંત કન્યાઓએ કહ્યું, ‘મારા પતિ માત્ર મારી સાથે જ રહે છે. અન્ય કન્યા પાસે જતા નથી, જેથી અન્ય પત્નીઓ દુઃખી થતી હશે.’

આ સાંભળી માંધાતા પ્રસન્ન થયા અને મહર્ષિ સૌભરિની યોગસિદ્ધિની પ્રશંસા કરી. કાળક્રમે સૌભરિને ૧૫૦ પુત્રો થયા. પરંતુ ઈચ્છાઓને અંત હોતો નથી. તેઓ વિચારવા લાગ્યા, ‘મારા પુત્રો–પૌત્રો વગેરે સાથે હું રહી શકીશ ?’ અંતે સૌભરિને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે વિચાર્યું, **अहो मे मोहस्यातिविस्तारः ।** સંસર્ગ બંધનનું કારણ છે.

આ રીતે વિચારી સપત્નીક તેઓ વનમાં ચાલ્યા ગયા. સમસ્ત પાપોના ક્ષય તથા વૃત્તિઓનો રાગ–દ્વેષ સમાપ્ત થઈ જવાથી સૌભરિ સંન્યાસી બની ગયા અને અજન્મા, અનાદિ, અવિનાશી, ઈન્દ્રિયાતીત અચ્યુત પદ પામ્યા.

અંતે ફલશ્રુતિ આપતા કહ્યું છે, ‘જે આ આખ્યાન કહે અથવા સાંભળે તેના છ જન્મો સુધી દુઃસંતતિ, અસદ્ધર્મ વાણી અથવા મનની કુમાર્ગે પ્રવૃત્તિ તથા મમતા રહેતી નથી.’

પૌરાણિક કથાકોશ બે સૌભરિ નામનો ઉલ્લેખ કરે છે, તે પૈકીમાં પ્રસ્તુત આખ્યાન કયા સૌભરિની કથા આલેખે છે તે જોઈએ તો –

(૧) સૌભરિ – એક બ્રહ્મર્ષિ

(૨) સૌભરિ – ઋષિ વિશેષ જેણે શાપ ગરુડને દઈને યમુનાના દ્રહમાં આવવાની મનાઈ કરી હતી તે.[૧૭]

પ્રસ્તુત આખ્યાન ક્રમ એકના સૌભરિની કથા આલેખે છે.

સૌભરિ આખ્યાનનું નિરૂપણ ઋગ્વેદ ૮/૧૯/૮૧, નિરુકત–૧૫, શ્રીમદ્ ભાગવત પુરાણ–૯/૬માં કરવામાં આવ્યું છે.

તે કથામાં આંશિક ફેરફાર છે. જેમ કે, ભાગવતાનુસાર સૌભરિ ઋષિ સાથે વિવાહ કરવા કન્યાઓ કલહ કરવા લાગી. આ પુરુષ મારે લાયક છે. હું તેમની સાથે વિવાહ કરીશ. આ બાબતનો વિષ્ણુપુરાણમાં ઉલ્લેખ નથી.

વિષ્ણુપુરાણ અનુસાર સૌભરિ એક બ્રહ્મર્ષિ હતા. શ્રીમદ્ ભાગવત જેણે ગરુડને શાપ આપી યમુનાના દ્રહમાં આવવાની મનાઈ કરી હતી, તે સૌભરિનો ઉલ્લેખ કરે છે.

ઉપરાંત વિષ્ણુપુરાણ સર્વ પત્નીઓ પોતાના પતિથી સંતુષ્ટ છે તે વાત કરતા ઉમેરે છે કે મારા પતિ મારાથી દૂર જતા નથી જેથી અન્ય પત્નીઓ દુઃખી થતી હશે. પરંતુ આ બાબત પ્રત્યેક કન્યા દ્વારા કહેવામાં આવે છે, જે બાબતનો ઉલ્લેખ ભાગવતમાં નથી.

ઉપર્યુકત આખ્યાનનું વિવેચન કરીએ તો સૌભરિના આખ્યાન દ્વારા સંસર્ગની બાબત સ્પષ્ટ થાય છે. 'જેવો સંગ તેવો રંગ' તે મનુષ્ય સ્વભાવ છે. સૌભરિ જેવા ઋગ્વેદી ઋષિ પણ સંસર્ગથી દૂર રહી શકતા નથી. ઈન્દ્રિયો ચંચળ છે, તે આ વાતથી ફલિત થાય છે.

સૌભરિ ઋષિના આખ્યાન દ્વારા ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે. તેમજ ગૃહસ્થ જીવન માટે આવશ્યક સમગ્ર સામગ્રીનું નિરુપણ કર્યું છે. ગૃહસ્થ જીવનનું વર્ણન કરતા ભાગવતકાર કહે છે, 'ઘીની આહુતિથી અગ્નિ તૃપ્ત થતો નથી તે પ્રમાણે સૌભરિને સંતોષ ન થયો.' [૧૮]

કામવાસનાને કોઈ અંત નથી, એ આ આખ્યાનનો મુખ્ય બોધ છે. આ વાત સર્વ મનુષ્યે સમજી લેવી જોઈએ. પરંતુ મનુષ્ય વાસના પાછળ ભટકયા કરે છે અને અંતે પતનના માર્ગે જાય છે. મોક્ષની ઈચ્છાવાળાએ ભોગી મનુષ્યના સંગનો ત્યાગ કરવો. ઈન્દ્રિયોને અંતર્મુખ રાખવી. એકાંતમાં ચિત્તને ઈશ્વર પરાયણ કરવું.

વિષ્ણુપુરાણ નોંધે છે કે 'મૃત્યુ પર્યન્ત મનોરથોનો અંત નથી. ચિત્તમાં મનોરથની આસકિત પશ્ચાત્ પરમાર્થ થઈ શકતું નથી.' [૧૯]

આ કથાની તુલના યયાતિ આખ્યાન સાથે કરી શકાય.

અંતે મનુષ્ય સર્વ ત્યાગી ઈશ્વર પરાયણ બને તેમાં જ શાશ્વત સુખ રહેલું છે અને તે શાશ્વત સુખની શોધમાં સૌભરિ ચાલી નીકળ્યા. પત્નીઓ પણ તે માર્ગે ચાલી. જેવી રીતે યાજ્ઞવલ્કય સર્વ ત્યાગી શાશ્વત સુખની શોધમાં ચાલી નીકળ્યા હતા.

ઋષિઓના કોપાયમાન સ્વભાવને કારણે ઋષિ માંધાતા પોતાની પચાસ કન્યામાંથી કોઈ એક કન્યા સાથે સૌભરિ વૃદ્ધ હોવા છતાં વિવાહ કરવા તૈયારી બતાવે છે. ઉપરાંત પિતૃ હૃદયના દર્શન થાય છે.

## (૪) સ્યમન્તક મણિ આખ્યાન

આ આખ્યાન વિષ્ણુપુરાણ ૪/૧૩ માં પ્રાપ્ત થાય છે.

વિષ્ણુપુરાણ કથાનો પ્રારંભ કરતા પહેલા સત્રાજિતની વંશાવલી આપે છે.

સત્રાજિત સોમવંશી યદુકુળોત્પન્ન સાત્ત્વત વંશના અનમિત્ર રાજાના નિઘ્ન નામના પુત્રનો જયેષ્ઠ પુત્ર.

વિષ્ણુપુરાણ પ્રમાણે –

સત્રાજિત ભગવાન્ સૂર્યનો મહાન્ ભકત હતો. સૂર્ય ભગવાને પ્રસન્ન થઈ સ્યમન્તક મણિ ભેટ આપ્યો.

સત્રાજિત કંઠમાં મણિ ધારણ કરી શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણે મણિ યાચના કરી પરંતુ સત્રાજિતે આપ્યો નહી. સત્રાજિતે તે મણિ પ્રસેનને આપ્યો.

પ્રસેન મણિ ધારણ કરી શિકારે ગયો. ત્યાં સિંહ દ્વારા મરાયો. સિંહ પાસેથી તે મણિ જામ્બવાને ઝૂંટવી લીધો.

પ્રસેનના પરત ન આવવાને કારણે યાદવો માનવા લાગ્યા કે મણિ શ્રીકૃષ્ણે પડાવી લીધો અને પ્રસેનનો વધ કર્યો.

આ લોકાપવાદથી બચવા શ્રીકૃષ્ણ સેના સહિત પ્રસેનની શોધમાં નીકળ્યા. મણિ અંગે શોધ કરતા શ્રીકૃષ્ણ જામ્બવાનની ગુફા સુધી આવી પહોંચ્યા.

શ્રીકૃષ્ણે ૨૫ દિવસ યુદ્ધ કરી જામ્બવાનને પરાજિત કર્યો. ફળ સ્વરૂપ જામ્બવાને પોતાની કન્યા જામ્બવતી શ્રીકૃષ્ણને મણિ સાથે અર્પણ કરી.

શ્રીકૃષ્ણે સભા સમ્મુખ તે મણિ સત્રાજિતને અર્પણ કર્યો. સત્રાજિતે પોતાના મિથ્યાભાષણના અપરાધમાં પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણને સમર્પિત કરી.

વિષ્ણુપુરાણ ફલશ્રુતિ આપતા કહે છે, 'જે આ કથાને જાણે છે તે મિથ્યાભિશાપના દોષિત થતા નથી.'

આ આખ્યાન વિષ્ણુપરાણ ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણ ૧૦/૫૬, મત્સ્ય પુરાણ–૪૫, અંતર્ગત ઉપલબ્ધ છે. અન્ય પુરાણો જેમ કે બ્રહ્માંડ પુરાણ, બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, અગ્નિપુરાણ, હરિવંશ વગેરેમાં ઉલ્લિખિત છે.

મહાભારતમાં પ્રસ્તુત આખ્યાનનો ઉલ્લેખ નથી.

ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં સ્યમન્તક મણિનો પ્રસંગ અત્યંત વિશિષ્ટ છે. ભગવાન શ્રીકૃષ્ણના ચમત્કારો હજારો વર્ષોથી ભારતીય પ્રજા પર આકર્ષણ જમાવતા રહ્યા છે. તેમની લીલા અલૌકિક છે.

વિવિધ પુરાણોમાં પ્રાપ્ત થતી સ્યમન્તક મણિની કથા શ્રીકૃષ્ણની ઐતિહાસિકતા સિદ્ધ કરવામાં મહત્ત્વનું પ્રમાણે બને છે. પ્રસ્તુત કથાનકમાં શ્રીકૃષ્ણ પર મણિની ચોરીનો મિથ્યા આક્ષેપ અને તેમાંથી મુકત થવામાં તેમના પ્રયત્નોનું વર્ણન થયું છે.

અન્ય પુરાણોમાં પ્રાપ્ત થતી સ્યમન્તક મણિની કથાની તુલના કરીએ તો –

મત્સ્યપુરાણ અનુસાર સત્રાજિતનું અન્ય નામ શકિતસેન છે અને આ સ્યમન્તકમણિ પ્રસેન રાજા પાસે હતો.

વિષ્ણુપુરાણ મુજબ શ્રીકૃષ્ણ પર મિથ્યાપવાદનો દોષ લગાડવામાં આવ્યો છે. પ્રથમ વખતના દોષની વાત મત્સ્યપુરાણ અને ભાગવત મુજબ છે. જયારે બીજી વખતના મિથ્યા દોષની વાત ભિન્ન છે. તેમાં અક્રૂરનું ચરિત્ર એક કપટી વ્યકિત તરીકે ઉપસી આવે છે.

મત્સ્યપુરાણમાં સ્યમન્તક મણિની પ્રાપ્તિ અંગે કોઈ વિશેષ નિર્દેશ નથી. ભાગવત, વિષ્ણુપુરાણ ઈત્યાદિ ભગવાન્ સૂર્ય દ્વારા સત્રાજિતને સ્યમન્તક મણિ પ્રદાન અંગે જણાવે છે તે જેમ કે –

સત્રાજિત સૂર્યનો મિત્ર હતો. સમુદ્રના કિનારા પર સત્રાજિત સ્તુતિ કરતા હતા ત્યારે સૂર્યદેવ પ્રકટ થયા. સૂર્યના તેજસ્વી ગોળાને જોવા અશકત સત્રાજિતે તેને પ્રકટ થવા વિનંતિ કરી. સૂર્યે કંઠમાં ધારણ કરેલ મણિ એક તરફ મૂકયો. ત્યારે તે દશ્યમાન થયા અને વરદાન માગવા કહ્યું. સત્રાજિતે સૂર્યનો મણિ માગી લીધો. આ મણિ તે જ સ્યમન્તક મણિ.

વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત સ્યમન્તક મણિના પ્રભાવનો ઉલ્લેખ છે. આ મણિ નિત્ય આઠ ભાર સોનું આપતો.

ભાર અર્થાત્ ચાર વ્રીહિ (ડાંગર) બરાબર એક ગુંજા (ચણોઠી), પાંચ ગુંજાનો એક પણ. આઠ પણનો એક ધરણ, આઠ ધરણનો એક કર્ષ, ચાર કર્ષનો એક પલ, સો પલની એક તુલા, વીસ તુલાનો એક ભાર.

મત્સ્ય પુરાણમાં સત્રાજિત પાસેથી સ્યમન્તક મણિ મેળવવા શ્રીકૃષ્ણની યાચનાની વાત છે, પરંતુ વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ ભાગવતના ઉલ્લેખ અનુસાર આ માગણી ઉગ્રસેન માટે કરી હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

અત્રે શ્રીકૃષ્ણનો મણિ યાચનાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રહિત  છે. મણિ દ્વારા પ્રાપ્ત થયું સુવર્ણ, કોઈની વ્યકિગત માલિકીનું નહીં. પરંતુ રાષ્ટ્રની માલિકીનું છે, એવી રાષ્ટ્રભાવના વ્યકત થાય છે.

સત્રાજિત અર્થ લોલુપ રાજા છે. તેણે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. ફળ સ્વરૂપ પ્રસેનનું મૃત્યુ થયું.

જામ્બવાન સાથેના યુદ્ધમાં શ્રીકૃષ્ણ તરત તેને વશ કરે છે, એમ મત્સ્યપુરાણ નોંધે છે. જયારે વિષ્ણુપુરાણ મુજબ આ યુદ્ધ એકવીસ દિવસ ચાલ્યું. શ્રીકૃષ્ણ ગુફામાંથી સાત દિવસ સુધી બહાર ન આવ્યા તેથી યદુ સૈન્ય તેમને મૃત માની જતા રહ્યા. દ્વારકામાં શ્રીકૃષ્ણના પરિવારે તેમના મૃત્યુના સમાચાર સ્વીકારી ઉત્તર ક્રિયા કરી.

પુરાણકાર કહે છે કે તેમાં શ્રદ્ધાપૂર્વક આપવામાં આવેલા અન્ન અને જળથી શ્રીકૃષ્ણને પુષ્ટિ મળી અને તેઓ જામ્બવાનને પરાજિત કરવા સમર્થ બની શકયા.

ભાગવત પુરાણ પણ વિષ્ણુપુરાણ જેવો જ મત ધરાવે છે. શ્રીકૃષ્ણનું અમંગળ થયું એમ વિચારી વાસુદેવ, દેવકી, રુકિમણી અને અન્ય સ્વજનો તેમના મંગળ માટે દુર્ગાની સ્તુતિ કરે છે. ભાગવત મુજબ યુદ્ધનો સમય અઠયાવીસ દિવસનો છે.

બલરામ શ્રીકૃષ્ણના બીજી વખતના આરોપમાં દ્વારકા છોડી હસ્તિનાપુર ચાલ્યા ગયા. સમગ્ર યાદવો શ્રીકૃષ્ણ પ્રત્યે શંકાથી જુએ છે. આવી સ્થિતિમાં પણ શ્રીકૃષ્ણ પોતાના ધૈર્યથી ચ્યુત થયા નહીં, એ જ તેમની મહત્તા છે.

અક્રૂર ન છૂટકે શ્રીકૃષ્ણને મણિ આપે છે ત્યારે જે સ્પષ્ટતા કરે છે, તે હાસ્યાસ્પદ છે.

પુરાણોમાં ઉલ્લેખિત સ્યમન્તકોપાખ્યાનનું અધ્યયન કરતાં જણાય છે કે તેમાં શ્રીકૃષ્ણના જીવનકાળ દરમિયાન તેમના પોતાના સ્વજનો દ્વારા મૂકાયેલ આક્ષેપ અને તેમાંથી નિષ્કલંક બહાર આવનાર એક મહા માનવની સંઘર્ષ ગાથા છે. શ્રીકૃષ્ણને પરમાત્મા તરીકે સ્વીકારી તેમની અલૌકિક લીલાઓનું ગાન કરવા છતાં પુરાણોએ તેમની આ સંઘર્ષ ગાથાને ટકાવી રાખી છે. બે વખત મિથ્યારોપનો ભોગ બન્યા છતાં શ્રીકૃષ્ણ રાજનૈતિક, સામાજિક, પારિવારિક અને ધાર્મિક ક્ષેત્રોમાં યુગ નિર્માતાને અનુરૂપ કાર્યો સતત કરતા રહ્યા. તે અંગે વિચાર કરીએ ત્યારે શ્રીકૃષ્ણનું યોગેશ્વરપણું શું ? તેની કંઈક ધારણા બાંધી શકાય.

સ્યમન્તક મણિનું આ કથાનક શ્રીકૃષ્ણચરિતનું પ્રાચીનત્તમ અંશ જણાય છે. કારણ કે પુરાણો તેમના લીલા ચરિત્રો વર્ણવતા નથી. તેઓ પણ આ પ્રસંગની નોંધ આપે છે. વળી આ કથા વંશ વર્ણન દરમિયાન પ્રાપ્ત થાય છે. વિષ્ણુપુરાણ યદુવંશ વર્ણન પ્રસંગે ચતુર્થ અંશમાં આ પ્રસંગ વર્ણવે છે. પાંચમા અંશમાં શ્રીકૃષ્ણ ચરિત્ર વર્ણવાયું છે. ત્યાં તેને સ્થાન નથી. આનું કારણ એ છે કે શ્રીકૃષ્ણ સાથે જોડાયેલ આ કથાનક પૌરાણિક વંશાનુચરિત છે.

સ્યમન્તક મણિનો સૌથી પ્રાચીન ઉલ્લેખ યાસ્કના નિરુકતમાં પ્રાપ્ત થાય છે. તેમાં **दण्डः** શબ્દને ધારણાર્થક **दद्** (જવા – **आ**) ધાતુમાંથી નિષ્પન્ન માનવામાં આવે છે. **दद्** ધાતુ ધારણાર્થક હોવાના ઉદાહરણરૂપે યાસ્ક **अक्रूरो ददते मणिम् ।** (નિરુકત–૨/૨/૭) અક્રૂર મણિને ધારણ કરે છે. આ વાકયને ઉદ્દધૃત કરે છે.

## (૫) સગર આખ્યાન

પ્રસ્તુત આખ્યાન વિષ્ણુપુરાણ ચતુર્થ અંશ અધ્યાય–૩ અંતર્ગત ઉલ્લિખિત છે. જેની કથા આ પ્રમાણે છે.

રાજા બાહુક હૈહય અને તાલજંઘ ઈત્યાદિ રાજાથી પરાસ્ત થઈ સગર્ભા પત્ની સાથે વનમાં ચાલ્યા ગયા. પટરાણીને સપત્નીઓએ તેના ગર્ભમાં રહેલ બાળકનો વધ કરવા વિષપાન કરાવ્યું. આ વિષથી તેનું મૃત્યુ ન થયું ગર્ભને સાત વર્ષ ગર્ભાશયમાં રાખ્યો. બાહુકનું મૃત્યુ થતા રાણી સતી થવા તૈયાર થઈ ત્યારે ઔર્વ ઋષિ તેને પોતાના આશ્રમમાં લઈ આવ્યા અને આશ્રમમાં રાણીએ બાળકને જન્મ આપ્યો. બાળક ઝેર સાથે જન્મ્યુ માટે તે સગર કહેવાયો. ગર અર્થાત્ વિષ, સગર એટલે વિષ સાથે.

બાળક સગરે પિતા વિષયક પ્રશ્ન પૂછયા. આથી માતાએ પતિના પરાજયની વાત કરી. સગરે પિતા દ્વારા પરાજિત રાજય પાછું મેળવ્યું.

રાજા સગરે ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું. તેમણે સુમતિ અને કેશિની નામે બે રાણીઓ હતી. ઔર્વના આશીર્વાદ દ્વારા કેશિનીએ એક પુત્ર તથા સુમતિએ આઠ હજાર પુત્ર પ્રાપ્ત કર્યા.

ચક્રવર્તી સગરે અશ્વમેધ યજ્ઞ કર્યો. સગરના પુત્રો અશ્વનું રક્ષણ કરવા પાછળ ફરતા હતા. તે અશ્વને કોઈ વ્યકિત ચોરી ગયું. સગર પુત્રોએ અશ્વની શોધ કરવા પૃથ્વી ખોદવા ભાગી. કપિલમુનિના પાતાળના આશ્રમમાં અશ્વ જોયો. તેથી કપિલને મારવા લાગ્યા. કપિલ મુનિના પ્રભાવથી સર્વ પુત્રો અગ્નિમાં ભસ્મ થઈ ગયા.

સગરે કપિલ મુનિ દ્વારા પુત્રોના દગ્ધ થઈ જવાની વાત સાંભળી. તેથી અસમંજસ પુત્ર અંશુમાનને અશ્વ લેવા નિયુકત કર્યો. સગર પુત્રો દ્વારા ખોદાયેલી પૃથ્વીના માર્ગે પહોંચી કપિલ મુનિની સ્તુતિ કરી કપિલ મુનિએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. અંશુમાને સર્વ પિતૃઓને જીવિત કરવા કહ્યું. કપિલ મુનિએ વરદાન આપ્યું, ''તારા પૌત્રો ગંગાને પૃથ્વી પર પધરાવશે. જેના દ્વારા તારા પિતૃઓને મોક્ષ પ્રાપ્ત થશે. અંશુમાન અશ્વ લઈ રાજા સગર પાસે આવ્યા.''

રાજા સગરે અશ્વમેધ યજ્ઞ પૂર્ણ કર્યો જે પૃથ્વીને પોતાના પુત્રોએ ખોદી હતી ત્યાં સાગર બન્યો. આ સાગરને પુત્ર બનાવ્યો.

અંશુમાનનો પુત્ર દિલીપ, દિલીપનો પુત્ર ભગીરથ જેમણે ગંગાજીને સ્વર્ગથી પૃથ્વી પર લાવી ભાગીરથી નામ પાડયું.

વિષ્ણુપુરાણ મુજબ કથા અહીં સમાપ્ત થાય છે.

શ્રીમદ્ ભાગવત પુરાણ ૯/૮ સગર આખ્યાનનું વિસ્તૃત નિરુપણ કરે છે. અન્ય પુરાણ ખાસ કરીને બ્રહ્મપુરાણ, બ્રહ્માંડ પુરાણમાં પણ આ કથા વિસ્તારથી વર્ણવાયેલી છે. મહાભારત, રામાયણ ઈત્યાદિ પણ આ કથા નિરુપે છે.

અન્ય કથા ખાસ ભાગવતની કથા સાથે સગર આખ્યાનની તુલના કરીએ તો –

શ્રીમદ્ ભાગવત એવા ઘણા ઉલ્લેખ કરે છે, જે વિષ્ણુ પુરાણ નોંધતું નથી. જેમ કે –

અશ્વમેધના અશ્વ હરણનું નામ શ્રીમદ્ ભાગવત ઈન્દ્ર આપે છે જે વિષ્ણુપુરાણ કોઈ એક વ્યકિત તેમ નોંધે છે.

અન્ય પુરાણો નોંધે છે કે કપિલે ક્રોધિત થઈને સગરના પુત્રોનો નાશ કર્યો. પણ ભાગવત આ કથા સાથે સહમત નથી. તે નીચેના કારણો આપે છે –

કપિલ મુનિ સત્ત્વ ગુણવાળા હતા તેથી તેને ક્રોધ થાય નહી.

કપિલે સંસારમાં સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન આપ્યું તે મોક્ષ બક્ષનારું શાસ્ત્ર છે. આવા જ્ઞાની વ્યકિત ક્રોધિત થાય નહી.

કપિલ મુનિ શુદ્ધ અને સાત્ત્વિક વ્યકિત હોવાથી ભેદવૃત્તિ ન હતી. [૨૦]

શ્રીમદ્ ભાગવત અંશુમાનની તેજસ્વિતાનું નિરૂપણ કરે છે તે મુજબ અંશુમાન યોગભ્રષ્ટ વ્યકિત હતા તેને પૂર્વજન્મનું સ્મરણ હતું. તેને લોકોમાં આસકિત ન થાય તેથી એક રમતા બાળકને સરયૂ નદીમાં ફેંકી દીધો. આથી સગર રાજાએ તેનો ત્યાગ કર્યો. પુનઃ સરયૂ નદીમાં ફેંકેલ બાળકને જીવિત કરી વનમાં ચાલ્યા ગયા. આ કારણે સગરને પશ્ચાત્તાપ થયો. તેને પુનઃ બોલાવ્યો અને અશ્વ શોધવાની આજ્ઞા કરી. આ કથા વિષ્ણુપુરાણ ઉલ્લેખતું નથી.

શ્રીમદ્ ભાગવત પુરાણ અંશુમાનની કપિલ મુનિને સ્તુતિ વિસ્તારપૂર્વક નિરુપે છે. તે સ્તુતિ પ્રમાણે, બ્રહ્મા પણ આપને પામી શકયા નથી. અમારા જેવા અજ્ઞાની કેવી રીતે પામી શકે ?

અમે આપની માયાથી મોહિત થયા છીએ. શરીરધારી ત્રિગુણ પ્રધાન છે. જેથી હૃદયમાં સ્થિત આત્માને જોઈ શકતા નથી.

આપ જ્ઞાનની મૂર્તિ છો. જ્ઞાની વ્યકિત દ્વારા ઓળખી શકાય તેવા છો. આપને કેવી રીતે જાણી શકીએ ? આજે આપના દર્શનથી મોહ થયો છે. [२१]

શ્રીમદ્ ભાગવત મુજબ સગર રાજા અંશુમાનને રાજય સોંપી વિષયોથી ઉપરામ અને બંધન મુકત થઈ મહર્ષિ ઔર્વના ઉપદેશેલા માર્ગે પ્રયાણ કર્યું.

અંશુમાન ગંગાને પૃથ્વી પર અવતરિત કરી શકયા નહીં. તેના પૌત્ર ભગીરથે ગંગાને પ્રસન્ન કરી પૃથ્વી પર પ્રકટ કરી. તેને ઝીલવા ભગીરથે શિવની આરાધના કરી, શિવજીએ પ્રસન્ન થઈ મસ્તક પર ગંગા ધારણ કરી.

ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું અને ભગીરથના પિતૃઓનો ઉદ્ધાર કર્યો. ગંગાજળના સ્પર્શથી સગર પુત્રો ઉત્તમ ગતિને પામ્યા. [२२]

ઉપર્યુકત કથા વિષ્ણુપુરાણ નિરુપતું નથી.

હવે આ કથાની સમીક્ષા કરીએ તો –

સગરપુત્રો યુવાન, ધનવાન અને રાજપુત્ર હોવાથી અભિમાની અને અવિવેકી હતા. એક શ્લોક મુજબ –

**यौवनं धनसंपत्तिः प्रभुत्वं अविवेकिता ।**
**एकैकमपि अनर्थाय किं नु यत्र चतुष्टयम् ॥**

અર્થાત્ યૌવન, ધન સંપત્તિ ઈત્યાદિમાંથી એક ગુણ પણ અનર્થકારી છે, તો ચારે સાથે હોય તો પૂછવું જ શું ?

પ્રસ્તુત આખ્યાનમાં સ્ત્રી સ્વભાવની લાક્ષણિકતાનું નિરૂપણ કર્યું છે. સાથે ઋષિ સ્વભાવ પણ નિરુપ્યો છે.

સાંખ્યશાસ્ત્રના પ્રણેતા કપિલ મુનિનું જ્ઞાન દષ્ટિગોચર થાય છે. વિનમ્રતાપૂર્વક કરેલ સ્તુતિ ફળદાયી નીવડે છે. કપિલ મુનિ તેનું ઉદાહરણ છે. દઢ નૌકા દ્વારા સંસાર પાર કરી શકાય છે તે સાંખ્યમતનું પ્રતિપાદન કર્યું છે. કપિલમુનિ માત્ર જ્ઞાની નથી. સ્વયં પરમાત્મા છે. આવી વ્યકિત કોપાયમાન કેવી રીતે થઈ શકે ? તેથી જ ભાગવત તેના ક્રોધને સ્થળે શુદ્ધ સત્ત્વ ગુણશાળી નિરુપે છે.

ભાગવત પુરાણ કપિલ મુનિ પ્રત્યે અનહદ આદર ધરાવે છે, તે પણ અત્રે સ્પષ્ટ થાય છે.

કપિલે બ્રહ્મદંડથી સગર પુત્રોનો નાશ કર્યો. બ્રહ્મ દંડ એટલે બ્રહ્મશાપ. વિષ્ણુપુરાણ ઉપરાંત બ્રહ્માંડ પુરાણ પણ આ વાત વર્ણવે છે.

મહાભારતના વનપર્વ મુજબ ભગીરથે હિમાલયના ગોકર્ણ ક્ષેત્રમાં એક હજાર વર્ષ પર્યન્ત તપ કર્યું.

પુણ્યશાળી આત્મા જ અશકય કામ શકય બનાવી શકે છે. ભગીરથ મહાન દાનવીર હતો, જેથી તેના દ્વારા પૃથ્વી પર ગંગાવતરણ થયું.

સગર રાજાએ પિતા દ્વારા ગુમાવેલું રાજય પુનઃ પ્રાપ્ત કરી ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું. આ બાબત દ્વારા પિતા દ્વારા અપૂર્ણ રહેલ કાર્ય પુત્ર દ્વારા પૂર્ણ થાય છે તે પુરવાર થાય છે.

## મસ્ત્યપુરાણનાં આખ્યાનો

મત્સ્યપુરાણ અંતર્ગત આખ્યાનોનો ક્રમશઃ સવિસ્તર વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે. વિષ્ણુપુરાણમાં વર્ણવેલ આખ્યાનનું પુનરાવર્તન કર્યું નથી. મહદ્અંશે મહત્ત્વના આખ્યાનોનો વિસ્તાર કર્યો છે, જે આખ્યાનો આ પ્રમાણે છે –

### (૧) ઈલા આખ્યાન

મત્સ્યપુરાણ અધ્યાય–૧૧, ૧૨ અંતર્ગત ઈલા આખ્યાનનું નિરુપણ કરવામાં આવ્યું છે.

મત્સ્યપુરાણ પ્રમાણે ધર્માત્મા મહારાજ મનુએ જયેષ્ઠ પુત્ર ઈલને રાજયધૂરા સોંપી વાનપ્રસ્થ ગ્રહણ કર્યું. ઈલ દિગ્વિજયની ઈચ્છાથી વિચરણ કરતા શરવણ વનમાં પ્રવેશ્યા, જે વન પ્રવેશ નિષેધ માટે ભગવાન શંકરે પ્રથમથી જ કહ્યું હતું કે –

**पुन्नाम सत्त्वं यत्किञ्चिदागमिष्यति ते वने ।**

**स्त्रीत्वमेष्यति तत् सर्वं दशयोजनमण्डले ॥**

અર્થાત્ જે કોઈ પુરુષ આ વનમાં પ્રવેશ કરશે તે સ્ત્રીત્વ પ્રાપ્ત કરશે. [૧]

ઈલ આ વાતથી અજ્ઞાત હતા. તેથી વન પ્રવેશ સાથે જ સ્ત્રી બની ગયા અને ઈલા નામથી પ્રસિદ્ધ થયા.

સ્ત્રીત્વ પ્રાપ્ત થતાં ઈલ પૂર્વ સ્મૃતિ ગુમાવી બેઠા. તે વિચારવા લાગ્યા, 'હું કોણ છું ?'

સોમ પુત્ર બુધ તેના પ્રત્યે આકૃષ્ટ થયો. ઈલાને પત્નીરૂપે સ્વીકાર કર્યો.

રાજા ઈલ રાજધાની પરત ન થતા લઘુ બંધુ શોધ માટે નીકળ્યા. ઋષિ વશિષ્ઠ દ્વારા ઈલ વૃત્તાંત જાણ્યો. વશિષ્ઠએ કહ્યું, ઈલની પુનઃ પુરુષત્વ પ્રાપ્તિ માટે શિવની સ્તુતિ કરો. શિવે પ્રસન્ન થઈ વરદાન આપ્યું. અશ્વમેધ યજ્ઞનું ફળ અમને અર્પિત કરો. જેથી ઈલ 'કિં પુરુષ' બની શકશે. યજ્ઞના ફળ સ્વરૂપ ઈલ 'કિં પુરુષ' બની ગયો. એક માસ પુરુષ અને એકમાસ સ્ત્રીરૂપે રહેવા લાગ્યો. [૨] આ કિં પુરુષ સ્વરૂપમાં તે સુદ્યુમ્ન નામે ઓળખાયો.

ઈલના નામથી તે વર્ષનું નામ ઈલાવૃત્તવર્ષ પડયું, પૌરાણિક કથાકોશ ઈળનો ઉલ્લેખ કરતા લખે છે. (૧) ઈલ – વૈવસ્વત મનુનો કુત્સિત પુરુષત્વ પામેલો પ્રથમ પુત્ર. [૩]

પૌરાણિક કથાકોશ એક માત્ર ઈલનો પ્રયોગ કરે છે.

પ્રસ્તુત ચરિત્ર મત્સ્યપુરાણ ઉપરાંત વિષ્ણુપુરાણ ૪/૧, બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, શિવપુરાણ, માર્કંડેય પુરાણ, ભવિષ્ય પુરાણ, લિંગ પુરાણ, સ્કંદ પુરાણ, નરસિંહ પુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ વગેરેમાં પ્રાપ્ત થાય છે.

ઉપરાંત મહાભારત, રામાયણ જેવા મહાકાવ્યોમાં આ કથા ઉલ્લેખાયેલ છે.

મનુ પુત્રી ઈડાનો ઉલ્લેખ શતપથ બ્રાહ્મણ ૧–૬–૩–૬–૧૧ માં આવે છે. મનુએ સંતતિ માટે યજ્ઞ કર્યો. પરિણામે પુત્રી ઈડા પ્રાપ્ત થઈ. [૪]

શિવપુરાણ ઈલાને ઈડા તરીકે ઓળખાવે છે. ઈલનું ઈલા શાપવર્તી ઘટના છે તે પુરાણોમાં વિસ્તારથી વર્ણવ્યું છે.

મહાભારતમાં કિંપુરુષ તરીકે સુદ્યુમ્ન પુરુરવા યુવાન થયા પર્યન્ત રહ્યો. સુદ્યુમ્ન પુરુરવાને રાજય સોંપી વનમાં જતો રહ્યો.

વિષ્ણુ પુરાણમાં આ કથાનક ગદ્યમાં છે.

બ્રહ્મપુરાણ આ કથાને બેવાર પ્રયોજે છે.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રીહરિની કૃપાથી ઈલા સુદ્યુમ્ન બની ગયો તેવો નિર્દેશ છે. બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ પ્રમાણે ચિત્રાવરુણની કૃપાથી ઈલા સુદ્યુમ્ન બને છે.

શિવપુરાણ અને બ્રહ્મપુરાણની કથામાં કોઈ તફાવત નથી માત્ર ઈલાની સાથે ઈડા નામ છે.

ભાગવત મુજબ હોતાની ભૂલથી ઈલા જન્મે છે. વશિષ્ઠની કૃપાથી ઈલાને સુદ્યુમ્ન બનાવે છે.

ભાગવતમાં ઋષિઓ શિવ–પાર્વતીને જુએ છે. શિવના નગ્ન હોવાની વાત ભાગવતમાં નથી. ભાગવતમાં પાર્વતી વસ્ત્ર રહિત હતા તેવો ઉલ્લેખ છે.

વિષ્ણુપુરાણના કથાનકે શતપથ બ્રાહ્મણના અંશને ટકાવી રાખ્યો છે. મત્સ્ય પુરાણમાં તેનો કાયાકલ્પ થઈ ગયો છે. કોઈ કુશળ કવિની કલ્પનાનો સંસ્પર્શ થયાની પ્રતીતિ થાય છે.

આ કથાનો નિષ્કર્ષ આપતા ડૉ. શ્રી હર્ષદેવ માધવ કહે છે કે, ''આત્માને કોઈ જાતિ હોતી નથી. આવું અર્થઘટન મૂળ કથાને અન્યાય કરનારું છે. કારણ કે ત્યાં આવા આધ્યાત્મિક અર્થઘટન માટે કોઈ સીધો કે આડકતરો નિર્દેશ નથી. તેને મદદ કરે તેવું કોઈ વિધાન પણ નથી.'' [૫]

મત્સ્ય પુરાણમાં ઈલાના દેહ સૌંદર્યનું વર્ણન આપ્યું છે. તે પુષ્ટ અને ઉન્નત સ્તનો ધરાવતી સ્ત્રીરૂપે પરિણમી છે. તેના નિતંબ ઉન્નત, કમલપાત્ર સમાન આંખો, પૂર્ણ ચંદ્ર સમાન મુખ, પાતળી કાયા, વિલાસ વરસાવતી દષ્ટિ, લાંબી ભૂજા, વાંકડીયા કાળા કેશ, સૂક્ષ્મ રોમ, સુંદર દંતાવલી, મૃદુ અને ગંભીર વાણી, શ્યામ અને ગૌર એવો મિશ્રિત વર્ણ, હંસ અને હાથી સમાન ચાલ, ધનુષ્યાકાર ભ્રમર, કોમળ પાતળા નખાંકુરો. [૬]

આવું વિવિધ અંગોપાંગનું વર્ણન એવી રોચક શૈલીથી કર્યું છે કે પુરાણ નહીં પરંતુ કોઈ સિદ્ધહસ્ત મહાકવિનું મહાકાવ્ય હોય એવી પ્રતીતિ થાય છે.

સ્મૃતિહીન ઈલાની મનઃસ્થિતિનું પુરાણકારે કરેલું વર્ણન મનઃચક્ષુ સમક્ષ વિહ્વળ ઈલાનું દશ્ય ચિત્રિત કરી દે છે. પુરાણકારના શબ્દોમાં જોઈએ તો – 'તે ભામિની વિચારવા લાગી, મારા પિતા, માતા કે ભાઈ કોણ છે ? કોની પત્ની છું ? અહીં કેટલો સમય રહીશ ?' [૭]

ચંદ્ર પુત્ર બુધ કામી પુરુષ હતો. ઈલાના મનોભાવ વ્યકત કરતી ભાષામાં ચમત્કૃતિ જોવા મળે છે.

સ્ત્રીમાંથી પુરુષ અને પુરુષમાંથી સ્ત્રીમાં થતા કોઈક શારીરિક રૂપાંતરની આ કથા કોઈ સત્ય ઘટના પર આધારિત હોય. આવા રૂપાંતરો આજે પણ સ્વાભાવિક રીતે માનવદેહમાં રહેલા છે. આધુનિક વિજ્ઞાન આવા રૂપાંતરને સ્વીકારે છે.

પાર્વતીનો શાપ અને ઈલારૂપે ઈલનું પરિણમવું શંકર–પાર્વતી માતા–પિતાની મૈથુની વૃત્તિની ગુપ્તતાની અનિવાર્યતા દર્શાવે છે. સમાજમાં સંતાનોથી આવી ગુપ્તતા આવશ્યક છે.

મહાભારતમાં અર્જુન પણ ઉર્વશીના શાપવશાત્ એક વર્ષ સ્ત્રીરૂપે બૃહન્નલાના રૂપમાં રહે છે.આ કથાને દૈવી ચમત્કારિક શાપ કથાથી વર્ણવાયા હોય.

આમ ઈલાનું સુદ્યુમ્ન થવું, સુદ્યુમ્નનું ઈલા થવું એવી આ કથા વૈવિધ્યથી સભર છે.

આ કથામાં શાપવશાત્ લિંગ પરિવર્તન થવું તેમજ વ્યક્તિત્વમાં પરિવર્તન આવવું એ સુંદર રીતે વ્યકત થયું છે.

## (૨) પુરુરવા–ઉર્વશી આખ્યાન

મત્સ્ય, પુરાણ અધ્યાય–૨૪ માં, પુરુરવા–ઉર્વશીની કથા નિરુપે છે.

મત્સ્ય પુરાણ અનુસાર બુધ અને ઈલાનો પુત્ર તે પુરુરવા, સમગ્ર લોકમાં આદરપાત્ર ધર્માત્મા રાજવી હતો. અશ્વમેધ યજ્ઞો અને વિષ્ણુની આરાધના દ્વારા તે સપ્તદ્વીપનો સ્વામી બન્યો. કેશિ વગેરે અનેક દાનવોનો વધ કર્યો. તેમના પરાક્રમને કારણે ઈન્દ્રે તેને અર્ધાસનનો અધિકારી બનાવ્યો. સ્વર્ગની અપ્સરા ઉર્વશી તેના પર મોહિત થઈ હતી.

પુરુરવા ધર્મ, અર્થ, કામનું સમાનરૂપે પાલન કરતો. એકવાર ધર્મ, અર્થ, કામે કુતુહલવશ તેની પરીક્ષા કરી. પુરુરવાએ તેમનો સત્કાર કર્યો. પરંતુ ધર્મને વિશેષ આદર આપ્યો. આથી અર્થ અને કામે ક્રોધિત થઈ શાપ આપ્યો, 'તું લોભવશ નાશ પામીશ અને ગન્ધમાદન પર્વત પર કુમારવનમાં ઉર્વશીના વિયોગથી ઉન્મત થઈશ.' [૮]

ધર્મે વરદાન આપતા કહ્યું –

**धर्मोप्याह चिरायुस्त्वं धार्मिक भविष्यसि ।**

**सन्ततिस्तव राजेन्द्र यावच्चद्रार्कतारकम् ॥**

અર્થાત્ તું દીર્ઘાયુ અને ધાર્મિક બનીશ. તારી સંતતિ સતત વૃદ્ધિ પામશે. તું યાવત્ચંદ્ર દિવાકર બનીશ. [૯]

પુરુરવા નિત્ય ઈન્દ્રરાજ પાસે જતા. દાનવરાજ કેશિ દ્વારા ઉર્વશી અને ચિત્રલેખાનું અપહરણ થતું પુરુરવાએ અટકાવ્યું અને કેશિ દાનવનો વધ કર્યો.

ઉર્વશી પુરુરવા પ્રત્યે આકૃષ્ટ થઈ. ભરતમુનિ દ્વારા યોજિત નાટકમાં ઉર્વશી 'પુરુષોત્તમ' નામને બદલે પુરુરવાનું નામ બોલી જેથી ક્રોધિત મુનિએ શાપ આપ્યો, ''તું પંચાવન વર્ષ સુધી પુરુરવાના વિયોગમાં સૂક્ષ્મ લત્તારૂપે રહીશ અને પુરુરવા પિશાચ યોનિમાં રહેશે.'' [૧૦]

ભરતનો લક્ષ્મી સ્વયંવર નાટય પ્રયોગ ભરતના નાટયશાસ્ત્ર પશ્ચાત્ મત્સ્યપુરાણનું સર્જન કે મત્સ્યપુરાણનું સંસ્કરણ થયું હશે તેમ દેખાય છે.

તત્પશ્ચાત્ પુરુરવાની પત્નીરૂપે ઉર્વશી ચિરકાળ પર્યન્ત પૃથ્વી પર રહી.

પૌરાણિક કથાકોશ પુરુરવાનો ઉલ્લેખ કરતા કહે છે –

પુરુરવા – સોમપુત્ર બુધથી ઈલાને થયેલો પુત્ર. [૧૧]

ઉર્વશી નામ વિશે જોઈએ તો –

(૧) ઉર્વશી – એક અપ્સરા વિશેષ

(૨) ઉર્વશી – પ્રાધાની કન્યા, એક અપ્સરા

(૩) ઉર્વશી – સોમવંશી પુરુકુલોત્પન્ન જદુવંશના પ્રતીપ રાજાના જમણા ખોળામાં બેસવાને કારણે ઉર્વશી નામ પડયું.

(૪) ઉર્વશી – એક અપ્સરા, મિત્રાવરુણના શાપને કારણે પુરૂરવા સાથે સંબંધ બાંધ્યો.

(૫) ઉર્વશી – અંશુમાન્ સૂર્યની સાથે માગશર માસમાં સંચાર કરનાર એક અપ્સરા [૧૨]

પ્રસ્તુત આખ્યાન ક્રમ એકના પુરુરવા અને ક્રમ બેના ઉર્વશીની કથા નિરુપે છે.

તદુપરાંત આ આખ્યાન બ્રહ્મપુરાણ–૩૧/૧૧૦, પદ્મપુરાણ–૧૨/૫૭, વિષ્ણુપુરાણ–૪/૬, શ્રીમદ્ ભાગવત પુરાણ–૯/૧૪, સ્કંદ પુરાણ, બ્રહ્માંડ પુરાણ, વિષ્ણુ ધર્મોત્તર પુરાણ, દેવી ભાગવત, વાયુ પુરાણ, ઈત્યાદિમાં આલેખિત છે.

રામાયણ ઉત્તરકાંડ–૫૬, હરિવંશ વગેરેમાં પ્રાપ્ત થાય છે.

મહાભારત પણ પુરુરવાનો ઉલ્લેખ કરે છે. પરંતુ અન્ય પુરાણની અપેક્ષાએ અલ્પ કથા નિરુપે છે.

પુરુરવાનો ઉલ્લેખ ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. [૧૩]

અન્ય સૂકત ૧૦/૯૫ માં પુરુરવા–ઉર્વશી વચ્ચેના સ્નેહની અસ્પષ્ટ કથા સંવાદરૂપે છે. અત્રે અઢારમી ઋચામાં પુરુરવા માટે ''ઐલ'' શબ્દ પ્રયોજાયો છે. [૧૪]

ઈલાનો પુત્ર તે ઐલ. તે ઈલાની કથા આગળ જોઈ ગયા.

ઉપરાંત વૈદિક સાહિત્યમાં શતપથ બ્રાહ્મણ, બૃહદ્દેવતા, સર્વાનુક્રમણી, ઈત્યાદિમાં આ આખ્યાનનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

વિષ્ણુપુરાણમાં શતપથ બ્રાહ્મણની કથાનો અંશ જોવા મળે છે. વિષ્ણુપુરાણમાં નિરુપિત આખ્યાન મત્સ્ય પુરાણથી મહદ્અંશે ભિન્ન છે.

ધર્મ, અર્થ, કામ દ્વારા પુરુરવાને શાપ અને વરદાનની કથા મત્સ્ય પુરાણ અને પદ્મપુરાણ સિવાય અન્યત્ર પ્રાપ્ય નથી.

રામાયણમાં આવતી પુરુરવા–ઉર્વશીની કથા વૈદિક અને પુરાણોના સંસ્કરણોમાં મૂકાયેલ વિવિધ શરતોનો ઉલ્લેખ નથી. ઉર્વશી મિત્રના શાપને કારણે પૃથ્વી પર આવી. શાપ સમાપ્ત થતાં સ્વર્ગમાં ચાલી ગઈ.

બ્રહ્મપુરાણ પુરુરવા વિશે એક અલગ કથા આપે છે. પુરુરવાએ સરસ્વતીને બ્રહ્માની સભામાં જોઈને તેને પોતાની પાસે લઈ આવવાનું કામ ઉર્વશીને સોંપ્યુ. જેથી સરસ્વતીને સારસ્વાન્ નામે પુત્ર થયો. આને કારણે સરસ્વતીને નદી બનવાનો બ્રહ્માનો શાપ મળ્યો.

હર્ષચરિતમાં સરસ્વતીએ સારસ્વતને દધીચના સંયોગથી ઉત્પન્ન કર્યો તેવો ઉલ્લેખ છે. સરસ્વતીનું પૃથ્વી પર આગમન દુર્વાસાના શાપનું ફળ હતું.

રાજાનું કુમારવનમાં ઉન્માદાવસ્થા પામવાનું કારણ 'વિક્રમોર્વશીયમ્' માં નથી. પુરાણકારે તેમને શાપની ઘટના દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પદ્મપુરાણમાં ઉર્વશીની લત્તારૂપે રહેવાની અવધિ પંચાવન વર્ષની છે. વિષ્ણુપુરાણમાં ચોસઠ વર્ષ ઉર્વશી શાપમોહિત રહે છે. સ્કંદ પુરાણમાં એકસઠ વર્ષનો સમયગાળો છે.

આ શાપ તત્ત્વમાં રોમાંચ સભર તત્ત્વ જોવા મળે છે, જે કથાને રસપ્રદ બનાવે છે.

વિક્રમોર્વશીયમ્માં લક્ષ્મી સ્વયંવર નાટકમાં ઉર્વશી લક્ષ્મીનો અભિનય કરે છે અને શાપવશાત્ પુરુરવા પાસે ઉર્વશીને સંતાન પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી રહે તેમ ઈન્દ્ર અનુગ્રહ કરે છે. [૧૫]

મત્સ્ય પુરાણમાં પુરુરવાના રૂપથી ઉર્વશીના તેના તરફના આકર્ષણની વાત છે. વિષ્ણુપુરાણે પુરુરવા–ઉર્વશી અરસપરસ રૂપથી આકર્ષાયા હોવાનું નોંધ્યું છે. ઘટના વચ્ચે તફાવત છે. બંનેમાં શાપતત્ત્વ પણ ભિન્ન છે. મત્સ્યપુરાણ મુજબ ભરતમુનિનો શાપ મળે છે, જયારે વિષ્ણુપુરાણમાં મિત્રાવરુણના શાપને કારણે ઉર્વશી પૃથ્વી પર આવે છે.

વિક્રમોર્વશીયમ્માં આ શાપનું કારણ સ્ત્રીઓને માટે પ્રવેશ નિષિધ્ધ કુમારવનમાં ઉર્વશીનો પ્રવેશ છે.

વિષ્ણુપુરાણની કથાને વાયુપુરાણ અનુમોદન આપે છે. વિષ્ણુપુરાણની કથા વૈદિક કથાની સૌથી નજીક છે. અત્રે ઉર્વશી પોતાનો આહાર ઘીનો રહેશે તેમ કહે છે.

ભાગવતની કથા વિશે શ્રી દુર્ગાચાર્ય શાસ્ત્રી પ્રતિભાવ આપતા કહે છે, શ્રીમદ્ ભાગવત હંમેશા વિષ્ણુપુરાણના ગદ્યનું પદ્યમય રૂપાંતર કરે છે. ભાગવતકારની કલ્પના પણ કથાના ચિત્રમાં નાટકીય રંગ પૂરે છે અને કવચિત્ ચિત્રને વધારે પડતું જાડું કરી નાખે છે.

મહાકવિ કાલિદાસે વિક્રમોર્વશીયમ્ના પ્રથમ અંકમાં પુરુરવા–ઉર્વશી વચ્ચેના પ્રણયનું પ્રાકટ્ય નિરુપ્યું છે. તેનો આધાર મત્સ્યપુરાણ કહી શકાય તેમ છે.

પુરુરવા–ઉર્વશી કથામાં ઉર્વશીને મિત્રનો શાપ, મિત્રાવરુણનો શાપ, બ્રહ્માનો શાપ, રૈભ્યનો શાપ, ભરતનો શાપ, પુરુરવાને તંબૂરનો શાપ, કામ–અર્થના શાપ, કુમાર સ્વામીનો વનને શાપ, ઈત્યાદિ અનેક શાપનું એક ચક્ર કથાની આસપાસ રચાયેલું છે.

આમ, પુરુરવા–ઉર્વશી રોમાંચ સભર કથાઓમાં શાપતત્ત્વ ગૂંથાઈને કથાને રસપ્રદ બનાવે છે.

પ્રસ્તુત આખ્યાનમાં પૃથ્વીવાસી રાજા પુરુરવા અને સ્વર્ગમાં રહેતી ઉર્વશીના પ્રણયની કથા છે. રાજા પુરુરવા વારંવાર ઈન્દ્ર પાસે જતો, એવા ઉલ્લેખ દ્વારા રાજા પુરુરવા અને ઈન્દ્રની મિત્રતા દષ્ટિગોચર થાય છે.

ઉર્વશી રાજા પ્રત્યે આકર્ષિત થઈ અને અભિનયમાં ભૂલ કરી આના પરથી ઉર્વશીમાં માનવીય ગુણ જોવા મળે છે. ઉર્વશી ઈન્દ્રની અપ્સરા હોવા છતાં પુરુરવા પ્રત્યે આસકત બની તે જોતા પુરુરવાનું અસામાન્ય વ્યકિતત્વ દેખાય છે.

પુરુરવાનું ધર્મનું વિશેષ સ્વાગત તે તેની આધ્યાત્મિકતા દર્શાવે છે. રાજા હોવા ઉપરાંત તે એક ધર્મમાં આસ્થાવાળી વ્યકિત છે તે જોઈ શકાય છે. જીવનમાં ધર્મનું વિશિષ્ટ સ્થાન છે તે પુરૂરવા જાણે છે.

કામના શાપની અસર પુરુરવા પર છે, જેથી તેને ઉર્વશીથી વિયોગ સહન કરવો પડયો. આ કથા કવિ કાલિદાસે વિક્રમોર્વશીયમ્માં શ્રેષ્ઠતાથી રજૂ કરી છે. પુરુરવા વિયોગમાં એટલો ઉન્મત્ત બની ગયો કે તે જડ ચેતન વચ્ચેનો ભેદ પણ ભૂલી ગયો.

આ બાબત સાથે મેઘદૂતને સરખાવી શકાય. યક્ષ જડ મેઘ પાસે દૂતકર્મ કરાવે છે. તેનું કારણ આપતા કવિ કાલિદાસ કહે છે – **कामार्ता हि प्रकृतिकृपणा`तनाचेतनेषु ।** અર્થાત્ કામી વ્યકિત જડ–ચેતનનો ભેદ ભૂલી જાય છે. [૧૬]

ભરતનો લક્ષ્મી સ્વયંવર નાટ્ય પ્રયોગ ભરતના નાટયશાસ્ત્ર પશ્ચાત્ મત્સ્યપુરાણનું સર્જન કે મત્સ્યપુરાણનું સંસ્કરણ થયું હશે તેમ દેખાય છે.

## (૩) યયાતિ આખ્યાન

યયાતિ ચરિત મત્સ્યપુરાણ અંતર્ગત અધ્યાય ૨૭ થી ૪૩ પર્યન્ત વર્ણવેલ છે.

આખ્યાનની કથા આલેખતા પૂર્વે યયાતિની વંશાવલી જોઈએ તો –

પુરુરવા → આયુ → નહુષ → યયાતિ

મત્સ્યપુરાણ પ્રમાણે તૃષાથી વ્યાકુળ યયાતિ કૂવા પાસે પહોંચ્યો. તે જલશૂન્ય કૂવામાં અત્યંત સુંદર કન્યાને જોઈ, જે શુક્રાચાર્ય પુત્રી દેવયાની હતી. તેને યયાતિએ બહાર કાઢી અને રાજર્ષિ નગરમાં ચાલ્યા ગયા.

દેવયાની વનમાં જ રહી તેના પિતાને સંદેશો મોકલ્યો કે – વૃષપર્વા પુત્રી શર્મિષ્ઠાએ મારું અપમાન કર્યું છે તેથી હું નગર પ્રવેશ નહી કરું.

દેવયાનીએ શર્મિષ્ઠા સાથે બનેલ સમગ્ર વૃત્તાંત પિતાને કહી સંભળાવ્યો. પુત્રીના અપરાધ બદલ પિતા વૃષપર્વાએ શર્મિષ્ઠાને એક સહસ્ત્ર દાસી સાથે દેવયાનીની દાસી બનાવી.

દેવયાની સહસ્ર દાસી સાથે વનવિહારમાં ગઈ ત્યાં પુનઃ રાજા યયાતિને જોયો. દેવયાનીએ રાજા યયાતિ સાથે પાણિગ્રહણની યાચના કરી.

રાજા યયાતિ વિવાહનો અસ્વીકાર કરતા કહે છે, 'ક્ષત્રિયના બ્રાહ્મણ સાથે વિવાહ નિષિદ્ધ છે. ચાર વર્ણની ઉત્પત્તિ એક પુરુષમાંથી થઈ છે. પરંતુ સર્વના આચાર–વિચાર ધર્મ અલગ છે. બ્રાહ્મણ સર્વથી શ્રેષ્ઠ છે. [૧૭]

અંતે શુક્રાચાર્યના આશીર્વાદથી દેવયાની–યયાતિ વિવાહ સંબંધથી જોડાયા. દેવયાનીના ગર્ભથી તુર્વસુ અને યદુ નામના બે પુત્રો થયા.

યયાતિએ એકાંતમાં શર્મિષ્ઠા સાથે દેહ સંબંધ બાંધ્યો. શર્મિષ્ઠાએ દ્રુહ્યુ, અનુ, પરુ ત્રણ પુત્રોને જન્મ આપ્યો.

દેવયાનીએ આ વાત જાણી. તેમણે પિતા શુક્રાચાર્યને ફરિયાદ કરી. શુક્રાચાર્યે યયાતિને શાપ આપતા કહ્યું –

**धर्मज्ञस्त्वं महाराज योत्त्धर्ममकृथाः प्रियम् ।**

**तस्माज्जरा त्वामचिराद् घर्षयिष्यति दुर्जया ॥**

અર્થાત, ''ધર્મજ્ઞ છતાં અધર્મનું આચરણ કર્યું. તેથી તમને કઠીન વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાઓ.'' [૧૮]

યયાતિએ ઉત્તર આપ્યો, ''હું દેવયાની સાથેની યુવાવસ્થાથી સંતુષ્ટ નથી. કૃપા કરી વૃદ્ધાવસ્થા મારા શરીરમાં ન પ્રવેશે.''

શુક્રાચાર્યે શાપમાં પરિવર્તન લાવતા કહ્યું, તારી વૃદ્ધાવસ્થા કોઈ લેશે અને બદલામાં યુવાવસ્થા આપશે તો તું યુવાન રહીશ.

યયાતિએ પુત્રો પાસે યુવાવસ્થાની યાચના કરી. શર્મિષ્ઠા પુત્ર પુરુએ પિતાની આજ્ઞા સ્વીકારી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી.

યયાતિએ પુરુ દ્વારા મેળવેલ યુવાનીનો સહસ્ર વર્ષ ઉપભોગ કર્યો છતાં તૃપ્તિ ન થઈ. અંતે વૈરાગ્ય ઉત્પન્ન થતા પુત્ર પુરુને યુવાવસ્થા અર્પણ કરી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી સાથે સમગ્ર રાજય પણ પુરુને સોંપ્યું.

પૌરાણિક કથાકોશ એક યયાતિનો ઉલ્લેખ કરે છે તે મુજબ –

(૧) યયાતિ

સોમવંશી આયુપુત્ર નહુષ રાજાનો પુત્ર. [૧૯]

પ્રસ્તુત આખ્યાન ભાગવત ૯/૧૮, વિષ્ણુપુરાણ–૪/૧૦, પદ્મપુરાણ, બ્રહ્મપુરાણ ઉપરાંત રામાયણ ઉત્તરકાંડ ૫૯ માં ઉપલબ્ધ છે.

મહાભારત આદિપર્વ ૮૪ થી ૯૩ તેમજ ઉદ્યોગપર્વ ૧૨૦ થી ૧૨૩ આ આખ્યાન નિરુપે છે. મહાભારતના આખ્યાન નિરૂપણ સમયે વિશેષ વિવેચન કરીશું. તેમ છતાં અન્ય પૌરાણિક આખ્યાન સાથે તુલના કરીએ તો –

ભાગવત પુરાણ ૯/૧૯ માં યયાતિ વિષયો પ્રત્યે નિર્વેદ વ્યકત કરતા દેવયાનીને એક બકરીની કથા કહે છે.

યયાતિ સ્વયંને બકરા સમાન ગણે છે અને દેવયાની બકરી, યયાતિને સ્વપર તિરસ્કાર થયો. તેમણે કહ્યું, ''વિષયો કદાપિ મનુષ્યને સુખ આપી શકતા નથી. કામનાનું સેવન કરવાથી તે શાંત ન થતાં વધે છે, જેમ ઘીની આહુતિ આપવાથી અગ્નિ પ્રજવલિત થાય છે.'' [૨૦]

તૃષ્ણાનો અંત નથી. તે વૃદ્ધ થતી નથી. મનુષ્ય વૃદ્ધ થાય છે. [૨૧] રાગ, દ્વેષ ઈત્યાદિ નિત્ય રહે છે. જયાં સુધી વૈરાગ્ય ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ઈચ્છાઓ મનુષ્યને પરેશાન કરે છે.

વિષ્ણુપુરાણ યયાતિ ચરિત્રનો બહુ વિસ્તાર કરતું નથી.

શ્રીમદ્ ભાગવત પુરાણ મુજબ દેવયાની સખી સાથે સ્નાન કરતી હતી, ત્યારે ભગવાન્ શિવ પસાર થયા અને ત્વરિત ગતિએ સખીઓએ અન્યોન્યના વસ્ત્ર પરિધાન કર્યા. મત્સ્ય પુરાણ આ નિર્દેશ કરતું નથી.

ભાગવતમાં કૂવામાં પડેલી દેવયાની નિર્વસ્ત્ર હતી. રાજા યયાતિએ પોતાનું ઉત્તરીય આવ્યું તેવો ઉલ્લેખ છે.

ઉપરાંત ભાગવત અંતર્ગત દેવયાની પ્રથમ મિલનમાં યયાતિ સમક્ષ વિવાહ પ્રસ્તાવ મૂકે છે. મત્સ્ય પુરાણ યયાતિ સાથે પુનર્મિલનમાં વિવાહ યોજે છે.

ભાગવત દેવયાની દ્વારા કચને અપાયેલા શાપની વાત કરે છે, જેથી બ્રાહ્મણ સાથે તેના વિવાહ શકય નથી. આ બાબત મત્સ્ય પુરાણ નિરૂપતું નથી.

આવા અનેક તફાવત બંનેની કથામાં જોવા મળે છે. તેમ છતાં પ્રાયઃ કથાનકમાં સમાનતા છે.

પૌરાણિક કથાકોશ પ્રમાણે યયાતિ પિતા નહુષ મહા પરાક્રમી હતા. દેવોએ ઈન્દ્રની અનુપસ્થિતિમાં તેને સ્વર્ગાધિપતિ બનાવ્યો. નહુષે ઈન્દ્ર પત્ની શચિને પોતાની પત્ની બનાવવાની ઈચ્છા કરી. પાછળથી ઋષિઓના શાપને કારણે અજગર થઈ પડયો હતો. [૨૨]

નહુષમાં રહેલું આ કામલોલુપતાનું પ્રતિબિંબ પુત્ર યયાતિમાં જોઈ શકાય છે. તે વિષયોને ભોગવવા માટે પુત્રના યૌવનનું બલિદાન લેતા પણ અચકાતો નથી. આમ, અહી કામાંધ વ્યકિતનું પતન કેટલી હદે થઈ શકે છે તે બતાવ્યું છે.

આ આખ્યાનનો મુખ્ય ઉદ્દેશ છે – કામનાઓને ભોગવવાથી તેની તૃપ્તિ થતી નથી. હજારો વર્ષોનો ઉપભોગ પણ કામતૃપ્તિમાં પરિણમતો નથી. તેથી સાચુ સુખ તેના ત્યાગમાં રહેલું છે.

ભાગવત પુરાણ તો યયાતિને બકરા સમાન ગણે છે. દેવયાનીને જે બકરા–બકરીની ગાથા સંભળાવે છે તે અન્ય કોઈને ઉદ્દેશીને નહિ, પરંતુ સ્વયંને ઉદ્દેશીને જ કહે છે.

દેવયાની એક સ્વમાની અને અહંકારી સ્ત્રી છે. તે અભિમાનને કારણે અપમાનિત અને પરાજિત થાય છે.

દેવયાની સાથેના વિવાહમાં ધર્મશાસ્ત્રના નિયમોમાં છૂટ આપવા જેટલી ઉદારતા આપવામાં આવી છે. બ્રાહ્મણ કન્યા ક્ષત્રિય પુરુષ સાથેના વિવાહ પ્રતિલોમ વિવાહ છે. આ પ્રતિલોમ વિવાહના અનેક દષ્ટાંતો ઋગ્વેદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં જોવા મળે છે. ક્ષત્રિય રાજા ભાવયવ્યની પત્ની અંગિરસી બ્રાહ્મણ કન્યા હતી.

આવા વિવાહથી પ્રાપ્ત થતી સંતતિ વર્ણસંકરત્વ પ્રાપ્ત કરે છે. પરંતુ શુક્રાચાર્ય આ વિવાહને તે દોષથી મુકિત અપાવે છે. પુત્રી વત્સલ પિતા તરીકેનું પાત્ર શુક્રાચાર્યમાં જોવા મળે છે.

પુરુનો ત્યાગ પ્રશંસનીય છે. એક પુત્ર તરીકે પિતા માટે શું કર્તવ્ય છે, તે પ્રત્યેક વ્યકિતને પ્રેરક છે. પુરુએ સ્વેચ્છાએ વૃદ્ધાવસ્થા સ્વીકારી. આ કારણે જ પુરુનો વંશ ભારતના ઈતિહાસને ઘડનારો થયો. એમ મહાભારતકાર કહે છે.

મત્સ્યપુરાણમાં શર્મિષ્ઠાનું પાત્ર ધ્યાનાકર્ષક છે. દેવયાની સાથે દાસી ભાવે રહેતી શર્મિષ્ઠાના મનોભાવને પુરાણકારે યોગ્ય વાચા આપી છે. યયાતિ પાસે ઋતુદાનની યાચના કરતી શર્મિષ્ઠામાં પુરાણકારે સ્ત્રીભાવોનું જીવંત આલેખન કર્યું છે.

ત્યાગ અને વૈરાગ્યમાં જ સાચું સુખ છે. એ વાત આ કથાનકનો મુખ્ય સાર છે.

ભાગવત પુરાણમાં યયાતિના વૈરાગ્યની તીવ્રતાને સમજાવવા માટે સુંદર ઉપમાન આપતા કહ્યું છે કે, ‘જેમ પાંખ ફૂટી નીકળતા પક્ષીના બચ્ચાઓ માળાનો ત્યાગ કરે છે, તેમ યયાતિએ એક જ ક્ષણમાં સર્વ ત્યાગી દીધું.’ [૨૩]

કામોપભોગનું ચિંતન કરતા ભર્તૃહરિ લખે છે કે –

**भोगा न भुक्ता वयमेव भुक्ता स्तपो न तप्तं वयमेव तप्ता ः ।**

**कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥**

અર્થાત્ ભોગો ન ભોગવાયા, અમે ભોગવાઈ ગયા. તપ ન તપ્યા, અમે તપી ગયા. તૃષ્ણા વૃદ્ધ ન થઈ, અમે વૃદ્ધ થઈ ગયા. [૨૪]

મહાભારત આદિપર્વ અધ્યાય ૮૪ થી ૯૩ માં આ આખ્યાન નિરુપે છે. યયાતિએ તપ કરીને દેહને સૂકવીને દેવયાની સાથે સ્વર્ગગમન કર્યું.

પદ્મપુરાણ અનુસાર યયાતિએ શૌચ ક્રિયા પછી પ્રક્ષાલન ન કર્યું. તેથી તે વૃદ્ધ બન્યો હતો એવી નોંધ છે.

## (૪) સહસ્રાર્જુન આખ્યાન

મત્સ્ય પુરાણ અધ્યાય–૪૩ માં સહસ્રાર્જુન આખ્યાનનું નિરુપણ કરે છે.

મત્સ્ય પુરાણ પ્રથમ સહસ્રાર્જુનની વંશાવલી નિરુપે છે તે મુજબ સહસ્રજિ → શતજ → હૈહય → ધર્મનેત્ર → કુન્તી → સંહત → મહિષ્માન્ → રુદ્રશ્રેણ્ય → દુર્દમ → કનક → કૃતવીર્ય → અર્જુન.

વાયુપુરાણની આ વંશાવલીમાં અલ્પાંશે તફાવત છે. યદુ → સહસ્રજિત → હૈહય → ધર્મતત્ત્વ → ધર્મતન્ત્ર → કીર્તિ → સંજ્ઞેય → મહિષ્માન → ભદ્રશ્રેણ્ય → દુર્દમ → કનક → કૃતવીર્ય → કાર્તવીર્ય. [૨૫]

Pauranic Encyclopaedia પ્રમાણે વંશાવલી જોઈએ તો –

બ્રહ્મા → અત્રિ → ચંદ્ર → બુધ → પુરુરવા → આયુ → યયાતિ → યદુ → સહસ્રાજિત → શતાજિત → હૈહય → ધર્મ → કણી → ભદ્રસેન → ધનક → કૃતવીર્ય → કાર્તવીર્યાર્જુન. [૨૬]

સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતમાં જન્મેલા કૃતવીર્ય રાજાના પુત્ર અર્જુનનું દ્વિતીય નામ કાર્તવીર્ય. તે મહાપ્રતાપી રાજા હતો. તેને સહસ્રભૂજા હોવાથી તે સહસ્રાર્જુન તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

રાજા સહસ્રાર્જુને દસ હજાર વર્ષ પર્યન્ત તપસ્યા કરી દત્તાત્રય પાસેથી ચાર વરદાન પ્રાપ્ત કર્યા. તે વરદાન આ પ્રમાણે છે.

(૧) એક હજાર ભૂજાઓ

(૨) સત્પુરુષો સાથે અધર્મ કરનારાઓનું નિવારણ કરવાનો અધિકાર.

(૩) યુદ્ધ દ્વારા પૃથ્વી જીતી ધર્માનુસાર પાલન.

(૪) યુદ્ધ સમયે સ્વથી શકિતશાળી વ્યકિત વડે વધ.

આ વરદાનના પ્રભાવથી સહસ્રાર્જુને ધર્મ વડે સાત સમુદ્રોથી વીંટળાયેલી પૃથ્વી જીતી લીધી. સપ્ત દ્વીપોમાં નિર્વિઘ્ને દસ હજાર યજ્ઞોનું અનુષ્ઠાન કર્યું.

નારદ નામના ગંધર્વ તેમની ગાથા ગાતા કહે છે કે – મનુષ્યો યજ્ઞ, દાન, તપ, પરાક્રમ કે જ્ઞાન વડે કાર્તવીર્યની ગતિને પામશે નહીં. [૨૭]

તે જયારે યુદ્ધ કરવા જતો ત્યારે તેની ઈચ્છા માત્રથી જ તેની સહસ્ર ભૂજાઓ પ્રકટ થતી તેમજ દિવ્ય રથ અને ધ્વજ પ્રકટ થતા હોવાની અનુશ્રુતિ છે. [૨૮]

તેમણે કર્કોટક નાગના પુત્રને જીતી મહિષ્મતી નગરીમાં કેદ કર્યો હતો. લંકાનગરીમાં પ્રવેશી પોતાના પાંચ બાણ વડે રાવણને પરાજિત કરી બંદી બનાવ્યો. રાવણના પિતામહ પુલસ્ત્ય ઋષિએ તેમને સમજાવી રાવણને કેદમુકત કરાવ્યો.

અર્જુનને વશિષ્ઠે શાપ આપ્યો કે, ''તેં મારા વનને ભસ્મ કર્યું તેથી બ્રાહ્મણ કુળમાં જન્મેલ કોઈ બળવાન તારી ભૂજાઓ કાપી તારો વધ કરશે.'' [૨૯]

કાર્તવીર્યાર્જુન કથાની ફલશ્રુતિ આપતા કહ્યું છે કે **न तस्य वित्तनाशः स्यान्नष्टं च लभते पुनः ।** અર્થાત્ અર્જુનની કથા શ્રવણ કરનાર દ્રવ્યવાન્ થાય છે.

પૌરાણિક કથાકોશ અનુસાર સહસ્રાર્જુન – સોમવંશી યદુકુળના કૃતવીર્ય રાજાના પુત્ર કાર્તવીર્યનું એક નામ. [૩૦]

આ આખ્યાન મત્સ્યપુરાણ ઉપરાંત વાયુપુરાણ ઉત્તરાર્ધ–૩૨, શ્રીમદ્ ભાગવત પુરાણ–૯/૧૫, માર્કંડેય પુરાણ–૧૬/૧૮, વિષ્ણુપુરાણ–૪/૧૧, બ્રહ્મપુરાણ–૧૩, અગ્નિપુરાણ–૪, પદ્મપુરાણ સૃષ્ટિ–૧૨, નારદ પુરાણ–૧/૭૬, કૂર્મ પુરાણ–૧૧, હરિવંશ–૧/૩૩, વિષ્ણુ ધર્મોત્તર પુરાણ–૧/૨૩ માં ઉલ્લિખિત છે.

રામાયણ, મહાભારત વનપર્વ–૧૧૭ માં આ આખ્યાન પ્રાપ્ત થાય છે.

અન્ય પુરાણોમાં પ્રાપ્ત થતી વિશિષ્ટ બાબત –

ઉપર્યુકત સહસ્રાર્જુનનું ચરિત્ર પુરાણોમાં પ્રાપ્ત થાય છે. કૂર્મપુરાણ અત્યંત સંક્ષેપમાં માત્ર એક જ શ્લોકમાં નિરુપે છે.

અગ્નિપુરાણમાં ચાર શ્લોક પ્રાપ્ત થાય છે.

વિષ્ણુપુરાણમાં આ કથા ગદ્યમાં છે. તેનો વિસ્તાર ભાગવત પુરાણમાં થયો છે.

મત્સ્યપુરાણ અને વાયુ પુરાણના આખ્યાન વચ્ચે અત્યંત સામ્ય છે.

માર્કંડેય પુરાણ અને રામાયણમાં મળતું આ ચરિત્ર ઉપર્યુકત ગ્રંથો કરતાં વિસ્તૃત છે. તેમાં અનેક નવી બાબતો આપવામાં આવી છે.

વિષ્ણુપુરાણ વરદાનોની સંખ્યા આપતું નથી. પરંતુ વિગતો ઉપર મુજબ છે. અહીં ત્રિલોક પ્રસિદ્ધ પુરુષ પાસેથી મૃત્યુની વાત વિશેષ નોંધનીય છે.

વિષ્ણુપુરાણ મુજબ કર્કોટક નાગના બંધન અંગેનો ઉલ્લેખ નથી. રાવણના બંધન અંગે પણ ભિન્ન મત મળે છે. તે મુજબ મદથી છકી ગયેલ રાવણ સ્વયં મહિષ્મતી જીતવા આવ્યો અને અર્જુનના હાથે બંધાયો.

રામાયણમાં રાવણ અને અર્જુનના યુદ્ધપ્રસંગે રાવણના પરાજયને ઉદ્દેશીને સુંદર બોધવચન પ્રાપ્ત થાય છે, ''આ જગત્‌માં બળવાન્ કરતાં પણ બળવાન્ હોય જ છે. તેથી મનુષ્યે અન્યની અવજ્ઞા કરવી નહી.'' [૩૧]

ભાગવત પુરાણ અર્જુનના મૃત્યુ અંગેની વાત તદ્દન ભિન્ન આપે છે. તેમાં તેનો શાપનો કોઈ નિર્દેશ જ નથી. ભાર્ગવો અને હૈહયો વચ્ચેની શત્રુતા તેના મૃત્યુનું કારણ છે.

ભાગવત પુરાણમાં અર્જુન દ્વારા પરશુરામની કામધેનુની ચોરીની વાત આવે છે. આખ્યાનનો વિસ્તાર પણ વિશેષ છે. આ ચોરીમાં તેનું બ્રાહ્મણ દ્વેષી અને ધનલોભી વ્યકિતત્વ ઉપસે છે, જે તેના સમગ્ર વ્યકિતત્વથી વિરુદ્ધ છે.

પ્રજાના કલ્યાણ માટે તત્પર અને સહસ્ર યજ્ઞો કરનાર ઋષિની ગાય ચોરવા તત્પર થાય તે બંધબેસતું નથી.

તે યોગી, ક્ષેત્રપાલ, પશુપાલ, ચક્રવર્તી ઈત્યાદિ પદને પામ્યો હતો. તેના નામ સ્મરણથી પ્રજાને વિત્ત પ્રાપ્તિ થતી હતી. તેનું ચરિત્રગાન પુણ્યદાયી મનાયું છે. તેમણે વારસાથી પ્રાપ્ત રાજગાદી સ્વીકારવાને બદલે તેને લાયક થવાની અપેક્ષા સેવી છે. આ સર્વ વિગતો સાથે કામધેનુના અપહરણની વાત વિચારણીય છે.

પરશુરામ દ્વારા કાર્તવીર્ય વધ માટેના ઉપર્યુકત તારણો વિચારણીય છે. આપવ મુનિના તપોવનને ભસ્મ કરવામાં તે તદ્દન નિર્દોષ છે. સૂર્યદેવની આજ્ઞાનુસાર તેમણે આ કર્મ કર્યું છે.

# શ્રીમદ્ ભાગવત પુરાણનાં આખ્યાનો

અન્ય પુરાણોની માફક શ્રીમદ્ ભાગવત પુરાણ પણ આખ્યાનોનો નિધિ છે. અન્ય પુરાણોની અપેક્ષાએ શ્રીમદ્ ભાગવત પુરાણનું મહત્ત્વ અધિક છે. તેથી તેમાં નિરુપાયેલ કથાઓ પણ અતિ મહત્ત્વની હોય તે સ્વાભાવિક છે. શ્રીમદ્ ભાગવત પુરાણના આખ્યાનો અંતર્ગત મહત્ત્વના આખ્યાનોનું જ નિરુપણ કર્યું છે, જે આખ્યાનો આ પ્રમાણે છે –

## (૧) પુરંજન આખ્યાન

પ્રસ્તુત અખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણના ચતુર્થ સ્કંધના ૨૫ માં અધ્યાયમાં ઉપલબ્ધ છે, જે આ પ્રમાણે છે.

પુરંજન નામે એક મહા યશસ્વી રાજા હતો. રાજા પુરંજન તેનું નિવાસ શોધવા નગરની શોધ કરવા લાગ્યો. શોધ કરતાં હિમાલયના દક્ષિણ તટે નવ દ્વારવાળું એક નગર જોયું. તેના ઉદ્યાનમાં એક સુંદર કન્યા જોઈ. તે કન્યાને પુરંજને પૂછ્યું, **का त्वम् ? कस्यासीह कुतः सति ?** [૧]

તે કન્યાએ કહ્યું, ‘મને ઉત્પન્ન કરનારને હું જાણતી નથી. હું અન્ય કોઈ નામ કે ગોત્ર જાણતી નથી.’ [૨] તમારું આગમન મારું સૌભાગ્ય છે. તમારા વિષયોપભોગની તૃપ્તિ માટે સર્વ પ્રકારના ભોગ પ્રસ્તુત કરીશ.

પુરંજન તે કન્યા સાથે સો વર્ષ પર્યન્ત રહ્યો. તેની પત્નીનું અનુકરણ કરતો રાજા પુરંજન સુંદર પત્નીથી છેતરાઈ ગયો. ઈચ્છા નહીં હોવા છતાં તે ખેલ કરતાં વાંદરાની માફક અનુકરણ કરતો હતો. [૩]

એક દિવસ રાજા પુરંજન શિકારે નીકળ્યો. દયાશૂન્ય તે રાજાએ અનેક નિર્દોષ પ્રાણીની હિંસા કરી. અંતે ભૂખ–તરસથી શિથિલ થઈ રાજમહેલમાં પરત થયો. મદથી ઉન્મત્ત અને કામથી વ્યથિત થઈ તે પત્નીને શોધવા લાગ્યો.

સ્ત્રીના સંગથી તે રાજા વિવેકભ્રષ્ટ થઈ ગયો હતો. પોતાની પત્નીને જમીન પર પડેલી જોઈ તે વ્યાકુળ થઈ ગયો. તે પત્નીને સુંદર વચનો દ્વારા વિનવવા લાગ્યો. અંતે તેની પત્નીએ પુરંજનને આલિંગન આપ્યું.

અનેક ભોગ ભોગવતા તે રાજાને અગિયારસો પુત્રો અને એકસો દસ પુત્રીઓ ઉત્પન્ન થઈ. પુરંજન કામોપભોગમાં એટલો ડૂબી ગયો હતો કે આત્મ કલ્યાણના કાર્યો પરત્વે અસાવધ રહ્યો. અંતે સ્ત્રી લંપટ પુરુષોને અપ્રિય એવી વૃદ્ધાવસ્થા આવી પહોંચી.

અંતે પુરંજનને સ્ત્રીયોની પ્રાપ્ત થઈ.

પૌરાણિક કથાકોશ મુજબ પુરંજન તે એક રાજા નારદે પ્રાચીનબહિને ઉપદેશ કરતાં આનું ઉદાહરણ આપ્યું હતું. [૪]

રીસાયેલ પ્રેમી–પ્રેમિકા અન્યોન્યને કેવી રીતે મનાવે છે, ચાટુકારિતા પ્રદર્શિત કરે છે, તેનું રોચક વર્ણન જોવા મળે છે.

આ આખ્યાનમાં જીવનની ધારા શાશ્વત રાગ તેમજ ભોગો પ્રતિ પ્રવાહિત થઈ રહી છે. ક્રોધ, ભય તેમજ પ્રેમાદિની અનુભૂતિમાં મન–શરીરની ક્રિયાઓ તીવ્ર થઈ ગઈ છે. પરંતુ એ સત્ય છે કે આવેગોની તીવ્રતામાં પણ ક્ષોભ નથી. દામ્પત્ય જીવનમાં વિરોધથી ક્ષોભ ઉત્પન્ન થાય છે અને ક્ષોભથી આનંદ એ કાવ્યાત્મક સત્યની અભિવ્યંજના પ્રસ્તુત આખ્યાનમાં થઈ છે.

દામ્પત્ય જીવનમાં મલિનતા ઉત્પન્ન થાય અને પ્રેમને ઢાંકી દેનાર કાલુષ્ય તિમિર સઘન થાય તો કામનાનો નવીન દીપક પ્રકાશે છે અને જીવનને પ્રકાશિત કરે છે.

વસ્તુતઃ વિવિધ સૌંદર્ય ભોગ એ જીવનનો યથાર્થવાદી દૃષ્ટિકોણ છે.

પ્રસ્તુત આખ્યાનમાં અલંકાર પ્રયોગ વિના નારીના રૂપ સૌંદર્યના ચિત્રણમાં ભાગવતકારે કવિત્વ નિષ્પન્ન કર્યું છે. પુરંજનીનું નખશીખ વર્ણન કર્યું છે. પુરંજનીને જોઈ પુરંજન વિસ્મય અનુભવે છે. તે વિચારે છે, આ ઉમા–રમા અને સરસ્વતીમાંથી કોણ છે ? સાક્ષાત્ લક્ષ્મી હોય તો હાથનું ક્રીડા કમલ કયાં ગયું ? ચરણ પૃથ્વીને સ્પર્શતા હોવાથી દેવી ન હોઈ શકે ! [૫]

પુરંજને પ્રણયકુપિતા પુરંજની પ્રત્યે જે અનુનય કર્યો છે તે જાણે મહાકાવ્યના અંશરૂપ છે. ભાગવતકારે લલિત તેમજ માધુર્યપૂર્ણ શબ્દાવલિમાં વર્ણન કર્યું છે. ઉપરાંત વન, ઉપવન, લત્તા, પુષ્પ,

સરોવર ઈત્યાદિની અનંત પ્રાકૃતિક સૌંદર્ય ચિત્રણની સાથે હૃદયના ઉલ્લાસ અને દામ્પત્ય જીવનના વિલાસોનું સુંદર આલેખન થયું છે.

પુરંજન આખ્યાનનું તાત્પર્ય આપતા ભાગવતકાર કહે છે કે – પુરંજનએ જીવ છે. તેમણે સ્વ માટે શરીરરૂપી નગર બનાવ્યું. તે જીવનો મિત્ર અવિજ્ઞાત છે. તે ઈશ્વર છે. બુદ્ધિ અથવા અવિદ્યાને પુરંજની નામની સ્ત્રી જાણવી. એના જ કારણે દેહ, ઈન્દ્રિયો વગેરેમાં અહંભાવ ઉત્પન્ન થાય અને મનુષ્ય તેનો આશ્રય લઈને શરીરમાં ઈન્દ્રિયો વડે વિષયોનો ભોગ કરે છે.

## (૨) અજામિલ ઉપાખ્યાન✓

પ્રસ્તુત આખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત ૬/૧ માં નિરુપિત છે.

પરીક્ષિતના પાપોનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું ? તેવા પ્રશ્નના ઉત્તરમાં શુકદેવજી બ્રાહ્મણ અજામિલનું આખ્યાન કહે છે, જે આ પ્રમાણે છે –

કાન્યકુબ્જ નગરમાં દાસીના સંસર્ગને કારણે સદ્‌વૃત્તિચ્યુત થયેલ બ્રાહ્મણ નિવાસ કરતો હતો. દાસી સાથેના સહજીવનના અઠ્ઠાશી વર્ષમાં તે દસ પુત્રોનો પિતા થયો. તેમાંથી લઘુપુત્ર નારાયણ પ્રત્યેના અપાર સ્નેહને કારણે તેમણે ઈશ્વર સ્મરણ ન કર્યું.

પુત્ર નારાયણ વિશે ચિંતિત હતો તે દરમિયાન યમદૂતો આવી પહોંચ્યા. યમદૂતોને જોઈ અજામિલ ભયભીત થઈ ગયો અને પુત્ર નારાયણને બોલાવવા લાગ્યો આ સાંભળી વિષ્ણુના પાર્ષદો આવી પહોંચ્યા. યમદૂતોને તેના શરીરમાંથી પ્રાણ ખેંચતા અટકાવ્યા. યમદૂતો અને વિષ્ણુદૂતો વચ્ચે સંવાદ થયો.

વિષ્ણુના દૂતોએ પૂછયું, **धर्मस्य नस्तत्त्वं यच्च धर्मस्य लक्षणम् ।** અર્થાત્ તમે ધર્મ અને તેનું લક્ષણ કહો.

પ્રત્યુત્તર આપતા યમદૂતોએ કહ્યું, ‘વેદ નિહિત કર્મ કરવા વેદ સ્વયં ભગવાનનું સ્વરૂપ છે. શ્વાસોચ્છવાસ અને સ્વયં પ્રકાશ જ્ઞાન છે.’ [૬]

આ ઉપરાંત કર્મનો સિદ્ધાંત, ત્રિગુણાત્મક પ્રકૃતિ, શરીરની નાશવંતતા ઈત્યાદિ વિષયક જ્ઞાન આપ્યું.

વિષ્ણુના પાર્ષદોએ યમદૂતોને કહ્યું –

**यद्यदाचरति श्रेयानितरस्तत्तदीहते ।**

**स यत्प्रमाणं कुरूते लोकस्तदनुवर्तते ॥**

અર્થાત્, જેઓ પ્રજાના રક્ષક, શાસક, સમદર્શી અને પરોપકારી છે. તેઓ પ્રજા પ્રત્યે વિષમ વ્યવહાર કરે તો પ્રજા કોને શરણે જશે ? સામાન્ય જન સત્પુરુષોના આચરણનું અનુકરણ કરે છે. [૭]

અજામિલે કરોડો જન્મોના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું. જે સમયે 'નારાયણ' એ ચાર અક્ષરનું ઉચ્ચારણ કર્યું, તેનાથી તેના સમસ્ત પાપો નષ્ટ થઈ ગયા.

ચોર, મદ્યપાન કરનારો, મિત્રદ્રોહી, બ્રહ્મ હત્યારો, ગુરુપત્ની ગમન કરનારા, સ્ત્રી, રાજા, પિતા કે ગાયની હત્યા કરનારા વ્યકિત માટે પ્રાયશ્ચિત્ત ઈશ્વર સ્મરણમાં રહેલું છે.

આવી અનેક બાબતો વર્ણવી વિષ્ણુના પાર્ષદોએ અજામિલને ન લઈ જવા સમજાવ્યા.

ઈશ્વર સ્મરણ પાપોનો નાશ કરનારું છે. તેનું દષ્ટાંત આપતા કહે છે, 'જેમ બળતણ સાથે અગ્નિનો અજ્ઞાનવશ પણ સ્પર્શ થતા તે ભસ્મ થઈ જાય છે. તેવી રીતે અજ્ઞાનવશ પણ ઈશ્વર સ્મરણ કરવામાં આવે તો તે પાપ નાશકારી બને છે.' [૮]

અંતે યમદૂતોના પાશમાંથી વિષ્ણુના પાર્ષદોએ અજામિલને મુકત કર્યો.

મુકત અજામિલે વિષ્ણુના પાર્ષદોને નમસ્કાર કર્યા. વિષ્ણુના પાર્ષદો પાસેથી ભાગવત–ધર્મ અને યમદૂતો દ્વારા વેદોકત સગુણ ધર્મનું શ્રવણ કરવાથી અજામિલને ખુબ પશ્ચાત્તાપ થયો. તે વિચારવા લાગ્યો કે હું કેવો ઈન્દ્રિયોનો દાસ બન્યો. દાસી સાથે સંસર્ગ કરી બ્રાહ્મણત્વ નષ્ટ કર્યું.

અનેક પશ્ચાત્તાપને અંતે અજામિલ ભગવદ્ ભકત બન્યો.

આ આખ્યાનની ફલશ્રુતિ આપતા ભાગવતકાર કહે છે –

**म्रियमाणो हरेर्नाम गृणन् पुत्रोपचारितम् ।**

**अजामिलोऽप्यगाद्धाम किं पुनः श्रद्धया गृणन् ॥**

અર્થાત્ આ આખ્યાન સમસ્ત પાપોનો નાશ કરનારું છે. જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક શ્રવણ–કીર્તન કરે તેને વૈકુંઠ લોકની પ્રાપ્તિ થાય છે. [૯]

પ્રસ્તુત આખ્યાનની સમીક્ષા કરતા નીચેના મુદ્દા તારવી શકાય –

મનુષ્ય મન, વાણી અને શરીરથી પાપ કરે છે. પરંતુ પાપોનું પ્રાયશ્ચિત્ત ન કરે તો અવશ્ય નરકમાં જાય છે. તેથી જીવન પર્યન્ત કરેલા પાપોની ગુરુતા અને લઘુતાનો વિચાર કરી પ્રાયશ્ચિત કરી લેવું. જેવી રીતે વૈદ્ય રોગીનો રોગ જાણી તેની ચિકિત્સા કરે છે.

શુદ્ધ હૃદયથી કરેલું પ્રાયશ્ચિત્ત પાપનાશભંજક બને છે. કચ્છનો રાજા જેસલ આ બાબતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

અજામિલ શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ હોવા છતાં એક શુદ્ર સ્ત્રીનો સંગી બન્યો. તેના દ્વારા સંગ તેવો રંગ તે બાબત જોઈ શકાય. મનુષ્ય સત્પુરુષોનો સંગ કરે તો કથીરને પણ સુવર્ણ બનાવી શકે. પરંતુ એ જ મનુષ્ય કુમાર્ગે વળે તો પોતાનું સ્વત્વ ગુમાવી બેસે છે. આ બાબત ભર્તૃહરિએ સુંદર રીતે સમજાવી છે –

**जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं मानोन्नतिं दिशति पापमपाकरोति ।**

**चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥**

અર્થાત્, બુદ્ધિની જડતા હરી લે છે. વાણીમાં સત્ય અર્પે છે. સ્વમાનની ઉન્નતિ બતાવે છે, પાપને દૂર કરે છે, મનને પ્રસન્ન કરે છે અને દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. સત્સંગ, કહો મનુષ્યોને શું નથી આપતો ? [૧૦]

અતિ મોહ મનુષ્યનું પતન કરે છે. અજામિલને પુત્ર પ્રત્યે આસકિત થઈ, જેથી ભગવત્ ધર્મની વિસ્મૃતિ થઈ ગઈ. આવો મોહ ભરતને પણ થયો હતો, જેને કારણે તેને પુનર્જન્મ મૃગરૂપે ધારણ કરવો પડયો.

અજામિલને નારાયણ પુત્રનો મોહ સ્વર્ગરૂપ નીવડયો. મૃત્યુ સમયે નારાયણ પુત્રનું સ્મરણ ભગવદ્ પ્રાપ્તિમાં પરિણમ્યું.

યમદૂતો દ્વારા વેદોની શાશ્વતતા સિદ્ધ થાય છે અને સાંખ્યદર્શનના સિદ્ધાંતો પ્રતિપાદિત થાય છે.

વિષ્ણુના પાર્ષદો ભાગવત ધર્મની સમજૂતી આપે છે. અન્ય શાસ્ત્રોનું અધ્યયન, વ્રત, નિયમ, કીર્તન સર્વથી પર નારાયણ નામ માત્ર શ્રેષ્ઠ છે. નારાયણ નામ ઉચ્ચાણ સર્વ પાપનાશક છે. નારાયણ સર્વશ્રેષ્ઠ, સર્વથી પર અને મોક્ષપ્રદ છે.

અજામિલનું પ્રાયશ્ચિત્ત સર્વ પાપોનો નાશ કરી સ્વર્ગ પ્રાપ્તિ કરાવનારું નીવડયું. તેમણે પરમ તત્ત્વને પામી 'હું' અને 'મમત્વ' નો ત્યાગ કરી ભગવત્ પ્રાપ્તિમાં મન લગાડયું.

## (૩) મત્સ્યાવતાર આખ્યાન

આ આખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત ૮/૨૪ માં વર્ણવેલ છે.

ભાગવત મુજબ સત્યવ્રત નામે મહા ઉદાર અને ભગવત્યપરાયણ રાજર્ષિ માત્ર જળાહાર કરીને તપ કરી રહ્યા હતા ત્યારે તેની અંજલિમાં એક લઘુકાય મત્સ્ય આવી. રાજાએ માછલી નદીના પ્રવાહમાં મૂકી. તેથી તે આર્દ્રસ્વરે કહેવા લાગી, **कथं विसृजसे राजन् भीता तस्मिन् सरिज्जले ।** અર્થાત્ મને પુનઃ આ જળમાં શા માટે છોડો છો ? [११]

આ સાંભળી સત્યવ્રત તેને આશ્રમે લઈ કમંડળમાં મૂકી એક જ રાત્રીમાં મત્સ્યનું કદ એટલું વિરાટ થઈ ગયું કે તે કમંડળ તેને નાનું પડવા લાગ્યું. મત્સ્યે રાજાને કહ્યું, ‘મને એવા સ્થળે મૂકો, જેથી હું સુખથી રહી શકું.’

રાજાએ તેને જળપાત્રમાં મૂકી ક્ષણભરમાં તે મત્સ્ય ત્રણ હાથ જેટલી વૃદ્ધિ પામી.

પુનઃ મત્સ્યે વિશાળ સ્થાનની માંગણી કરી. રાજાએ તેને સરોવરમાં મૂકી ક્ષણવારમાં મત્સ્ય સમગ્ર સરોવરમાં વ્યાપી ગઈ.

મત્સ્યે પુનઃ વિનંતિ કરી તેથી રાજા તેને સમુદ્રમાં છોડી આવ્યા. મત્સ્યે કહ્યું, ‘સમુદ્રમાં મોટા મગર રહે છે તેથી મને સમુદ્રમાં ન મૂકો.’ [१२]

સત્યવ્રત મત્સ્યના રૂપથી મોહિત બન્યા. સ્તુતિ કરતા કહ્યું, **तमाह को भवानस्मान् मत्स्यरूपेण मोहयन् ।** અર્થાત્, મત્સ્યરૂપ ધરી મોહિત કરનારા આપ કોણ છો ? [१३]

અવશ્ય આપ સર્વશકિતમાન્, સર્વાન્તર્યામી, અવિનાશી, શ્રીહરિ છો, જીવો પર અનુગ્રહ કરવા માટે આપે જળચરરૂપ ધારણ કર્યું છે. આપ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્વામી છો. ભકતોના આત્મા અને આશ્રય છો. શરણાગત વત્સલ છો, આપનો આવતાર પ્રાણીઓના કલ્યાણ માટે હોય છે. આપનું શરણ નિષ્ફળ જતું નથી. [૧૪]

મત્સ્યરૂપે રહેલા ભગવાને સત્યવ્રતને કહ્યું, ''આજથી સાત દિવસ પછી ભૂ, ર્ભૂવઃ આદિ ત્રણે લોક પુણ્યકાળમાં સમુદ્રમાં ડૂબી જશે. ત્યારે હું તમારા માટે એક નૌકા મોકલીશ. તે સમયે તમે નૌકામાં ધર્મગ્રંથો આદિ લઈ ચડી જજો.

પ્રચંડ વાયુને કારણે નૌકા ડોલવા લાગશે. ત્યારે હું તારી પાસે આવીશ. તમે વાસુકિ નાગ વડે મારા શૃંગ સાથે નૌકા બાંધી દેજો. જયાં સુધી બ્રહ્માની રાત્રી રહેશે. ત્યાં સુધી તમને વિહાર કરાવીશ અને જ્ઞાનોપદેશ આપીશ.

ભગવાને જે પ્રમાણે કહ્યું તેમ બન્યું. ઈશ્વર સ્મરણ કરતાં સમુદ્રમાં મત્સ્યના રૂપમાં ભગવાન્ પ્રકટયા. તેનું સ્વરૂપ સુવર્ણમય, કદ ચાર લાખ કોસ અને શરીર પર શૃંગ હતું. [૧૫]

રાજા સત્યવ્રતે સ્તુતિ કરતા કહ્યું, સંસારમાં જીવોનું આત્મજ્ઞાન અવિદ્યાને કારણે નાશ પામ્યું છે. અમારી હ્રદયરૂપી ગ્રંથિ છેદી નાખો. અમારા ગુરુ બનો, આપની કૃપા વર્ણવવા કોઈ સમર્થ નથી. આપ મારી અહંકારની ગ્રંથિને છેદી નાખો અને આપના સ્વરૂપને પ્રકટ કરો. જેમ અગ્નિમાં તપાવવાથી સુવર્ણ શુદ્ધ બને છે, તેમ આપની સેવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. આપ સર્વશકિતમાન્ અવિનાશી છો. જેમ અંધ અંધને જ પથદર્શક બનાવે તેમ અજ્ઞાની જીવ અજ્ઞાનીને પોતાના ગુરુ બનાવે છે.

સત્યવ્રતની સ્તુતિ સાંભળી શ્રીહરિએ મત્સ્યના રૂપમાં આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો, જે મત્સ્ય પુરાણ તરીકે પ્રસિદ્ધ થયો. પ્રલયનો અંત થતા ભગવાને અસુરનો નાશ કરી વેદો પુનઃ બ્રહ્માને આપ્યા.

ભાગવતકાર કથાની ફલશ્રુતિ આપતા કહે છે,

**अवतारो हरेर्योऽयं कीर्तयेदन्वहं नरः ।**

**सङ्कल्पास्तस्य सित्त्यन्ति स याति परमां गतिम् ॥**

અર્થાત્, જે મનુષ્ય આ કથાનું શ્રવણ કરશે તે સર્વ પાપોથી મુકત થઈ સર્વ સંકલ્પ સિદ્ધ કરશે. [૧૬]

શતપથ બ્રાહ્મણ ૧/૮/૧/૧ માં આ કથા ઉપલબ્ધ છે.

મહાભારતકાર આ કથા વનપર્વ અંતર્ગત માર્કંડેય સમાસ્યા પર્વ અધ્યાય–૧૮૭ માં વર્ણવે છે.

આ ઉપરાંત પદ્મપુરાણ, મત્સ્યપુરાણાદિ પુરાણ પણ આ કથાનો નિર્દેશ કરે છે.

ઉપર્યુકત કથામાં વર્ણવેલ રાજર્ષિ સત્યવ્રત નામની અનેક વ્યકિત થઈ ગઈ, તે જોઈએ તો –

(૧) સત્યવ્રત – ત્રિગર્ત અને દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય

(૨) સત્યવ્રત – પૂર્વકલ્પમાંનો રાજા

(૩) સત્યવ્રત – સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળોત્પન્ન રાજાનો પૌત્ર, અન્ય નામ ત્રિશંકુ હતું.

(૪) સત્યવ્રત – ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક

(૫) સત્યવ્રત – એક બ્રાહ્મણ જે સત્યવાણીને આધારે સત્યવ્રત કહેવાયો.

(૬) સત્યવ્રત – શાકદ્વીપમાંના લોક વિશેષ

(૭) સત્યવ્રત – સત્યસેન અવતારનો એક અનુચર [૧૭]

પ્રસ્તુત આખ્યાન દ્વિતીય સત્યવ્રત રાજાનો ઉલ્લેખ કરે છે.

ભગવાન્ વિષ્ણુ વિવિધ હેતુ માટે અવતાર ધારણ કરે છે.

ગૌ, બ્રાહ્મણ, દેવો, સાધુઓ, વેદો, ધર્મ, અર્થ વગેરેની રક્ષા કરવા.

સત્પુરુષોની રક્ષા કરવા, દુર્જનોને દંડ આપવા.

જ્યારે કલ્પના અંતે બ્રહ્માના શયનને કારણે નૈમિત્તિક પ્રલય થયો. સમગ્ર પૃથ્વી સમુદ્રમાં ડૂબી ગઈ. બ્રહ્માના નિદ્રાકાળે તેના મુખમાંથી જે વેદ નીકળ્યા. તે હયગ્રીવ નામના રાક્ષસે ચોરી લીધા. તે સમયે સર્વશકિતમાન્ શ્રીહરિને જાણ થતાં હયગ્રીવનો નાશ કરવા મત્સ્યાવતાર ધારણ કર્યો. [૧૮]

પુરાણોકત વિષ્ણુના દસ અવતારોમાં મત્સ્યાવતાર પ્રથમ અવતાર છે.

વૈજ્ઞાનિકોના મત સાથે સહમત થઈએ તો સૃષ્ટિના આરંભમાં જળ અને જળચર પ્રાણીઓ ઉત્પન્ન થયા હતા.

ભગવાન્ વિષ્ણુ વિવિધ હેતુ માટે અવતાર ધારણ કરે છે. મત્સ્યાવતાર વેદોની રક્ષા કરવા માટે થયો છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે આપેલું વચન **परित्राणायं साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥** સાર્થક થતું લાગે છે.

આ સૃષ્ટિનો અકાળે પ્રલય થવાનો નથી. તેથી પ્રલયકાળે ભગવાન્ લિંગ શરીર, વનસ્પતિ, ઋષિઓ અને વેદોને સુરક્ષિત રાખે છે.

વેદ રક્ષણનું કારણ અમૂલ્ય વારસાનું રક્ષણ સત્યવ્રત જેવા ઋષિએ કર્યું છે.

મત્સ્ય માટે 'મીન' શબ્દ પ્રખ્યાત છે. આ અવતાર માટે પણ 'મીન' શબ્દનો પ્રયોગ 'ગીત ગોવિન્દ' માં થયો છે. અવેસ્તામાં એક સ્થળે 'Minos' શબ્દ રાજા માટે પ્રયોજાયો છે. 'મીન' શબ્દનું રૂપાંતર 'મનુ' થયું હોવાની શકયતા છે. આમ, મનુને જ વિષ્ણુના અવતાર તરીકે ગણાવાયા હશે. 'મીન' નો મૂળ અર્થ ન સમજાવાથી મત્સ્યની વાત આવી હશે. ખરેખર તો આ મનુ વૈવસ્વતનો અવતાર ગણી શકાય. પ્રજાને પ્રલયમાંથી રક્ષવાનું કામ મનુએ કર્યું હતું. [૧૯]

સત્યવ્રતની સ્તુતિ દ્વારા સાંખ્યયોગ અને ભક્તિનો સમન્વય દશ્યમાન થાય છે.

ઈશ્વર સર્વનો કર્તા, હર્તા, સંહર્તા છે, એ વાતની પ્રતીતિ થાય છે.

મત્સ્યાવતારની આ કથા પુરાણની કલ્પના ન રહેતા વેદ દ્વારા અનુમોદિત તથ્ય છે. ફલતઃ આ અવતારની કલ્પના પૂર્ણ રૂપેણ વૈદિક છે.

## (૪) મહર્ષિ ચ્યવન અને સુકન્યા આખ્યાન

પ્રસ્તુત આખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણ ૯/૩ અંતર્ગત પ્રાપ્ત થાય છે તે કથા નીચે મુજબ છે –

અઙ્ગિરા ગોત્રમાં મનુ પુત્ર રાજા શર્યાતિ વેદનિષ્ઠ વિદ્વાન્ હતા. તેમને સુકન્યા નામની અત્યંત સ્વરૂપવાન કન્યા હતી.

એકવાર રાજા શર્યાતિ કન્યા સાથે વનવિહાર કરી રહ્યા હતા. તેમાં એક વલ્મીકના છિદ્રોમાં આગિયા જેવી બે તેજસ્વી જયોતિ ચમકતી જોઈ. સુકન્યાએ વિચાર્યા વગર તે જયોતિને કાંટા વડે વીંધી નાખી. તેમાંથી રકત નીકળતું જોઈ સુકન્યા ભયભીત થઈ ગઈ.

ઋષિની આંખો વીંધાતા ઋષિના પ્રભાવથી શર્યાતિના સૈનિકોના મળ–મૂત્ર બંધ થઈ ગયા. રાજાએ વિચાર્યું કે, તમે ચ્યવન ઋષિ પ્રતિ અનુચિત વ્યવહાર કર્યો નથી ને ? અવશ્ય કોઈએ તેનો અપરાધ કર્યો છે. [૨૦]

સુકન્યાએ સત્ય હકીકત કહી સંભળાવી. રાજાએ ઋષિની સ્તુતિ કરી તેમને પ્રસન્ન કરી પુત્રી સુકન્યાના ચ્યવન ઋષિ સાથે વિવાહ કર્યા.

સુકન્યા પરમ ક્રોધી ચ્યવન ઋષિનો પતિ તરીકે સ્વીકાર કરી તેમની સેવા કરવા લાગી.

થોડા સમય પછી તેમના આશ્રમમાં અશ્વિનીકુમારો આવ્યા. ઋષિએ આદર સત્કાર કરી માંગ્યું કે –

**क्रियतां मे वचो रूपं प्रमदानां यदीप्सितम् ।**

અર્થાત્, મને યુવાવસ્થા પ્રદાન કરો.

વૈદ્ય અશ્વિનીકુમારોએ વૃદ્ધ ચ્યવન ઋષિને એક કુંડમાં પ્રવેશ કરાવ્યો. એ પાણીના કુંડમાંથી એક સાથે સમાન રૂપવાળા ત્રણ યુવાનો બહાર નીકળ્યા. તેમાંથી પોતાના પતિને ન ઓળખતા સુકન્યા અશ્વિનીકુમારોને શરણે ગઈ. અશ્વિનીકુમારો તેની પતિભકિત જોઈ તેના પતિના દર્શન કરાવ્યા.

અલ્પકાળ પશ્ચાત્ યજ્ઞ કરવાની ઈચ્છાથી રાજા શર્યાતિ આશ્રમમાં આવ્યા. તેમણે સુકન્યાને સૂર્ય સમાન તેજસ્વી પુરુષ સાથે જોઈ. આથી પિતાએ ક્રોધિત થઈ કહ્યું, ''અરે દુષ્ટ બુદ્ધિવાળી ! સર્વવંદનીય એવા તારા પતિનો ત્યાગ કર્યો. ?'' [૨૧]

સુકન્યાએ કહ્યું, **जामाता तवैष भृगुनन्दनः ।** સુકન્યાએ સવિસ્તર ચ્યવનના યૌવન પ્રદાનની વાત કહી. પતિવ્રતા પુત્રીથી રાજા પ્રસન્ન થઈ નગરમાં પરત થયા.

ઉપર્યુકત આખ્યાન શ્રીમદ્ ભાગવત ઉપરાંત પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ ઈત્યાદિ અન્ય પુરાણોમાં ઉલ્લિખિત છે.

ઋગ્વેદ શતપથ બ્રાહ્મણ ઈત્યાદિ પણ આ કથાનો નિર્દેશ કરે છે તે કથામાં અલ્પાંશે વૈષમ્ય જોવા મળે છે. અશ્વિનીકુમારોએ સુકન્યા સાથે વિવાહની યાચના કરી. પરંતુ સુકન્યાએ અસ્વીકાર કર્યો તે બાબત નિર્દેશી છે. પોતાના પતિના યૌવન પ્રદાનના ફળ સ્વરૂપ અશ્વિનીકુમારો સોમયજ્ઞના અધિકારી બન્યા.

મહાભારત વનપર્વ અંતર્ગત તીર્થયાત્રા પર્વમાં આ આખ્યાન નિરુપેલ છે. વિશેષ ચર્ચા મહાભારતના આખ્યાન વિવેચન સમયે કરીશું.

ચ્યવન નામધારી એકાધિક વ્યકિત જોવા મળે છે. પૌરાણિક કથાકોશ મુજબ –

(૧) ચ્યવન – પરીક્ષિત રાજા પાસે આવેલ ઋષિ

(૨) ચ્યવન – વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો મોટો પુત્ર

(૩) ચ્યવન – સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ રાજાનો પૌત્ર

(૪) ચ્યવન – સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના નીલવંશના મિત્રેયુ રાજાના બે પુત્રોમાંનો દ્વિતીય

પ્રસ્તુત આખ્યાન દ્વિતીય ભૃગુપુત્રનો ઉલ્લેખ કરે છે.

ઋગ્વેદ ચ્યાવન એવું નામ નોંધે છે. તદ્પશ્ચાત્ ગ્રંથોમાં ચ્યવન છે.

ઋગ્વેદ–૧૦–૧૯ માં ચ્યવન ભાર્ગવનો ઉલ્લેખ છે. ચ્યવન વૃદ્ધ થયા. તેથી પ્રજાએ તેને ત્યજી દીધા. અશ્વિનોએ તેમને યુવાન બનાવ્યા.

શતપથ બ્રાહ્મણ અનુસાર શર્યાતિના પુત્રોએ જીર્ણ ચ્યવનને માટીના ઢેફાથી માર્યો. તેથી તેને શાંત કરવા શર્યાતિએ સુકન્યા આપવી પડી.

પ્રસ્તુત આખ્યાનનું વિવેચન કરીએ તો –

અજાણતા થયેલું પાપ પણ ભોગવવું પડે છે. સુકન્યાએ સ્ત્રી સહજ ચ્યવન ઋષિની આંખો વીંધી નાખી તેના ફળ સ્વરૂપ વૃદ્ધ ચ્યવન ઋષિ સાથે વિવાહ કરવા પડયા.

સુકન્યાએ પોતાના વૃદ્ધ પતિને યુવાન બનાવ્યા. તેના દ્વારા તેની પતિભકિત દષ્ટિગોચર થાય છે.

પુરાણકાલીન સમાજદર્શન જોવા મળે છે તે સમયમાં સ્ત્રી ચારિત્ર્ય ખંડન ચલાવી લેવાતું નહીં હોય તેથી સુકન્યાના પિતા સુકન્યાને યુવાન પુરુષ સાથે જોઈ ક્રોધાયમાન થઈ ગયા. પરંતુ પુત્રીએ સત્ય હકીકત કહી તેથી પ્રસન્ન થયા.

ચારિત્ર્ય ખંડનની કથા પુરાણોમાં જોવા મળે છે. જેમ કે રામાયણની અહલ્યા, પરશુરામની માતાની ચારિત્ર્ય ભ્રષ્ટની વાત આવા અનેક ઉદાહરણ પ્રાપ્ત થાય છે.

## (૫) અંબરીષ આખ્યાન

અંબરીષ આખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત ૯–સ્કંધ, ૪–અધ્યાયમાં નિર્દેશેલ છે.

મનુપુત્ર નભગ, તેનો પુત્ર નાભાગ, નાભાગનો પુત્ર અંબરીષ.

સામાન્ય મનુષ્ય માટે દુર્લભ એવું સાત દ્વીપનું આધિપત્ય અચળ સંપત્તિ અને અપાર ઐશ્વર્ય રાજર્ષિ અંબરીષ પાસે હતું. તે નિઃસ્પૃહ અને ભગવત્ ભકત હતા. વિષ્ણુ પ્રત્યે તેમને અપાર પ્રેમ હતો. તે નિત્ય એકાદશી વ્રત કરતા.

વ્રતની સમાપ્તિ સમયે સર્વ સામગ્રી અને સંપત્તિ દ્વારા વિષ્ણુનો અભિષેક કર્યો. તે જ સમયે શાપ અને વરદાન આપવા સમર્થ સ્વયં દુર્વાસાજી અતિથિરૂપે પધાર્યા.

દુર્વાસાજીનું યથોચિત્ત સ્વાગત કરી ભોજન માટે પ્રાર્થના કરી. દુર્વાસાએ યમુના નદીમાં સ્નાન કર્યા પશ્ચાત્ ભોજન લેશે તેમ કહ્યું. દુર્વાસાજી પરબ્રહ્મનું ધ્યાન ધરી પવિત્ર જળમાં સ્નાન કરવા લાગ્યા.

આ તરફ દ્વાદશી ક્ષણ માત્ર જ શેષ હતી. ધર્મજ્ઞ અંબરીષે ધર્મ સંકટમાં પડી બ્રાહ્મણો સાથે પરામર્શ કર્યો. તેમણે કહ્યું –

**ब्रह्मणातिक्रमे दोषो द्वादश्चां यदपारणे ।**

**यत्कृत्वा साधू मे भूयादधर्मो वा न मां स्पृशेत् ॥**

અર્થાત્, બ્રાહ્મણને ભોજન કરાવ્યા વિના સ્વયં ભોજન કરી લેવું અને દ્વાદશી રહે ત્યાં સુધીમાં પારણું ન કરવું બંને પ્રકારે દોષ લાગે છે. શું કરવાથી મારું હિત થાય ? [૨૨]

બ્રાહ્મણો સાથે વિચાર વિમર્શ કરી કહ્યું. શ્રુતિઓ કહે છે કે જળ પી લેવું એ ભોજન કર્યું પણ ગણાય અને ન કર્યું પણ કહેવાય તેથી માત્ર જળથી પારણું કરું છું. [૨૩]

દુર્વાસા ઋષિ આવશ્યક કર્મો કરી પરત થયા. તેમણે અનુમાન કર્યું કે રાજાએ પારણું કરી લીધું છે. તેઓ ક્રોધિત થઈ અંબરીષને કહેવા લાગ્યા –

**अहो अस्य नृशंसस्य श्रियोन्मत्तस्य पश्यत ।**

**धर्मव्यतिक्रमं विष्णोरभक्तस्येशमानिनः ॥**

મને ભૂખ્યો રાખી તેં ભોજન કરી લીધું. તત્ક્ષણ તને તેનું ફળ આપું છું. **सद्यस्ते दर्शये फलम् ।**

દુર્વાસાએ જટામાંથી અંબરીષનો વધ કરવા એક કૃત્યા ઉત્પન્ન કરી. તે પ્રલયકાળના અગ્નિ જેવી હતી પરંતુ રાજર્ષિ અવિચળ રહ્યા.

ભગવાન વિષ્ણુએ ભકતના રક્ષણ માટે સુદર્શન ચક્ર તૈયાર રાખ્યું હતું. તે સુદર્શનચક્રે દુર્વાસાજીની કૃત્યાને 'જેમ અગ્નિ ક્રોધથી ફૂંફાડા મારતા સાપને ભસ્મ કરે તેમ ભસ્મ કરી નાખી. તે ચક્ર દુર્વાસા ઋષિની પાછળ પડયું.'

સુદર્શન ચક્રથી રક્ષણ પામવા દુર્વાસા ચારે દિશામાં નાસવા લાગ્યા. પરંતુ સુદર્શન ચક્ર પાછું ફર્યું નહીં.

અંતે દુર્વાસાજી બ્રહ્મા પાસે ગયા. આ તેજોમયી ચક્રથી મારી રક્ષા કરો. પરંતુ બ્રહ્માએ ભકતના દ્રોહીનું રક્ષણ કરવા અસમર્થતા દર્શાવી. તેથી ઋષિ શંકર પાસે ગયા. શિવે પણ પોતાની અશકિત દર્શાવી. તેઓ વૈકુંઠમાં ગયા. શ્રીહરિએ કહ્યું, **अहं भक्तपराधीनो** તેથી આપ ભકત અંબરીષ પાસે જાઓ. તેની ક્ષમા માગો.

સુદર્શન ચક્રના તેજથી દગ્ધ થઈ રહેલા દુર્વાસાજી અંબરીષના શરણે આવ્યા. રાજાએ સુદર્શન ચક્રને સ્તુતિ કરી દુર્વાસા ઋષિને મુકત કર્યા. અંબરીષને આશીર્વાદ આપી તેની પ્રશંસા કરવા લાગ્યા.

સુદર્શન ચક્રથી ભયભીત થઈ દુર્વાસા નાસવા લાગ્યા. ત્યારથી તેઓ પરત થયા ત્યાં સુધીમાં એક વર્ષનો સમય પસાર થયો. અંબરીષ રાજા દુર્વાસાના દર્શનની આકાંક્ષાથી માત્ર જળપાન કરતા રહ્યા. અંતે દુર્વાસાને ભોજન કરાવી સ્વયં ભોજન માટે તૈયાર થયા.

આ આખ્યાનની ફલશ્રુતિ આપતા ભાગવત પુરાણકાર કહે છે –

**इत्येतत्पुण्यमाख्यानमम्बरीषस्य भूपतेः ।**

**सङ्कीर्तयन्ननुध्यायन्भक्तो भगवतो भवेत् ॥**

અર્થાત્ આ પવિત્ર આખ્યાનનું જે સંકીર્તન કરે તે ભગવત્ ભકત થઈ જાય છે. [૨૪]

પુરાણો અનેક અંબરીષનો ઉલ્લેખ કરે છે તે સર્વમાંથી ઉપર્યુકત આખ્યાન કયા અંબરીષનો નિર્દેશ કરે છે, તે માટે અંબરીષ નામધારી અનેક વ્યકિતનો પરિચય મેળવીએ તો –

| | | | |
|---|---|---|---|
| (૧) | અંબરીષ | – | એક બ્રહ્મર્ષિ |
| (૨) | અંબરીષ | – | સૂર્યવંશી વૈવસ્વત મનુના નવમા પુત્ર નભાગનો પૌત્ર અને નાભાગનો પુત્ર |
| (૩) | અંબરીષ | – | સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળોત્પન્ન માંધાતા રાજાનો પુત્ર |
| (૪) | અંબરીષ | – | સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન ત્રિશંકુ રાજાનો પુત્ર |
| (૫) | અંબરીષ | – | સૂર્યવંશના ઈક્ષ્વાકુ કુળમાં ભગીરથ રાજાના પુત્ર નાભાગ રાજાનો પુત્ર |

ઉપર્યુકત ઉલ્લેખ પૌરાણિક કથાકોશ મુજબ આપ્યો છે. [૨૫]

પ્રસ્તુત આખ્યાન અન્ય પુરાણો પણ ઉલ્લેખે છે. મહાભારત શાન્તિપર્વમાં ઉપર્યુકત આખ્યાનનું નિરુપણ છે.

અંબરીષ આખ્યાનનું વિવેચન કરીએ તો –

અંબરીષ આખ્યાનમાં ભાગવતકારે અંબરીષની ભકિત અને આત્મનિષ્ઠાનું કાવ્યોચિત વર્ણન કરીને સૌંદર્ય ચેતના જાગૃત કરી છે. સુદર્શન ચક્ર દુર્વાસા તરફ ધસવા લાગ્યું ત્યારે તે નાસવા લાગ્યા. આ સ્થળે દુર્વાસાની દયનીય અને અશરણ અવસ્થા તેમજ સુદર્શનચક્રની આતંકદાયી સ્થિતિનું અનુપમ ચિત્રણ કર્યું છે.

અંબરીષ રાજાનું આ આખ્યાન અત્યંત પુણ્યકારિણી છે. અંબરીષ સાચા અર્થમાં ભગવદ્ ભકત છે. તેને પોતાના શત્રુ પ્રત્યે પણ શત્રુતા નથી. દુર્વાસા તેનો વધ કરવા તત્પર થયા તો તેને ઉદારતાથી માફ કર્યા.

અંબરીષની ધન વૈભવમાં નિરાસકિત દર્શાવી સાબિત કર્યું કે, ધન–વૈભવના મોહમાં પડેલ મનુષ્ય નર્કમાં જાય છે. તે માત્ર ચાર દિવસની ચાંદની છે. વૈભવ નાશવંત છે. તે વૈભવથી મનુષ્ય મોહમાં પડે છે. [૨૬]

અંબરીષની ભકિતથી પ્રસન્ન થઈ વિષ્ણુએ તેમના રક્ષણની જવાબદારી સુદર્શન ચક્રને સોંપી હતી. ભગવાન્‌ને પોતાનો ભકત અત્યંત પ્રિય હોય છે. તેના રક્ષણની સંપૂર્ણ જવાબદારી તે પોતાના હસ્તક લઈ લે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે,

**न मे भक्तः प्रणश्यति ।**

આ બાબતની પૂર્તિ ભકત પ્રહલાદ પણ કરે છે. ભકત પ્રહલાદના રક્ષણ માટે ભગવાન વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરી તેમના પિતા હિરણ્યકશિપુનો વધ કર્યો.

આમ જયારે–જયારે ભકત પર આપત્તિ આવી પડી ત્યારે તેમના ઉદ્ધાર માટે ઈશ્વર અલગ–અલગ સ્વરૂપે દર્શન આપી પોતાના ભકતોના તારણહાર બન્યા છે. તેનું અન્ય દષ્ટાંત અર્જુનનું આપી શકાય. અર્જુનને સમગ્ર યુદ્ધ દરમિયાન સાથે રહી કૌરવો પર વિજય પ્રાપ્ત કરાવ્યો.

ભગવાન્ અને ભકત અભિન્ન છે. ભગવાન્ કરતા ભકતનું પ્રભુત્વ વિશેષ છે, એવું અહીં ફલિત થાય છે. ભગવાન્‌નો ભકત સ્વયં ઈશ્વર બની જાય છે.

દુર્વાસા ઋષિને સુલભકોપા કહ્યા છે. દુર્વાસા એટલે ક્રોધનું પ્રતીક. એવા દુર્વાસાને 'અભિજ્ઞાન શાકુન્તલ' માં મહાકવિ કાલિદાસે અગ્નિ સમાન કહ્યા છે.

**कोडन्यो हुतवहाद् दग्धुं प्रभवति ।**

શિવપુરાણ દુર્વાસાને શિવ સ્વરૂપ કહે છે. દુર્વાસા રુદ્રનો અવતાર હતા. આવા તપસ્વી ક્રોધી હતા તે દુઃખદ વાત છે.

ક્રોધથી સર્વનાશ થાય છે. ગીતાકાર પણ આ વાતને અનુમોદન આપતા કહે છે – ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિમાં વિભ્રમ થાય છે. સ્મૃતિનો વિભ્રમ થવાથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિ નાશ પામવાથી મનુષ્ય નાશ પામે છે. [૨૭]

અંબરીષ ભગવાન્ વિષ્ણુના પરમ ભકતરૂપે પ્રસ્તુત થાય છે તે સંસારના સ્વાર્થોથી ત્રસ્ત થઈને સર્વસ્વ પરમાત્માના ચરણોમાં સમર્પિત કરી દે છે. સંસારના ભોગ અને સુખથી ઉપર ઉઠે છે. તેને દઢ વિશ્વાસ છે કે ભકિત દ્વારા જ આત્મબોધ પ્રાપ્ત થઈ શકે તેમની દષ્ટિએ બાહ્ય સ્થૂળ સૌંદર્યની અપેક્ષાએ આંતરિક સૂક્ષ્મ સૌંદર્યનું વિશેષ મૂલ્ય છે. ભાગવતકારે આ આખ્યાનના માધ્યમથી ભકતોની નિષ્ઠા દઢતાનું પ્રતિપાદન કર્યું છે.

મનુષ્યે ભૌતિક પદાર્થો પ્રતિ અનાસકિત કેળવી આત્માની સમૃદ્ધિનો આનંદ માણવાનો ધ્વનિ સંભળાય છે. પ્રેમ અને ભકિતનો સમુચ્ચય દષ્ટિગોચર થાય છે. વ્યકિતગત પ્રેમ અંતે વિશ્વપ્રેમ કે ભગવત્યપ્રેમમાં પરિણમે છે. પ્રેમ અને ભકિતનું આવું ઉજ્જવળ રૂપ રાષ્ટ્રચેતના જાગૃત કરવા સક્ષમ છે.

અંબરીષ એટલે શુદ્ધ ભકિત, દુર્વાસા એટલે ક્રોધ, સુદર્શન એટલે જ્ઞાન. જો શુદ્ધ ભકિત હોય તો જ્ઞાનના સુદર્શનથી ક્રોધનો નાશ થાય છે. આટલું આ આખ્યાનનું હાર્દ છે.

ભકતો પ્રત્યે જે ભગવાનનો પ્રેમ છે. તેનું પ્રત્યક્ષ દષ્ટાંત એટલે અંબરીષ આખ્યાન.

અંબરીષ ધર્મજ્ઞ હતા. તેમની પત્ની સાથે તેમણે એકાદશીવ્રત નિયમ લીધું હતું. પત્નીના સહકાર વિના પતિ અપૂર્ણ છે. તેથી જ પત્નીને સહધર્મચારિણી કહી છે. તેનુ ઉદાહરણ સુદક્ષિણા છે. રાજા દિલીપ સાથે નંદિની ગાયની સેવા કરવા વનમાં ગઈ અને પતિ સાથે રહી કામધેનુની સ્તુતિ કરી.

## (૬) અવધૂત ઉપાખ્યાન

પ્રસ્તુત આખ્યાન શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત ૧૧/૭ માં ઉલ્લિખિત છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ ઉદ્ધવને જ્ઞાન આપતા આ આખ્યાન વર્ણવે છે, તે અવધૂત અર્થાત્ ભગવાન્ દત્તાત્રય. યદુરાજા અને અવધૂત દત્તાત્રયનો સંવાદ આ આખ્યાનમાં નિર્દેશેલ છે. તેના સંવાદનું નિરુપણ કરીએ તે પૂર્વે દત્તાત્રય વિશે થોડી જાણકારી પ્રાપ્ત કરીએ.

અત્રિ અને અનસૂયાના પુત્ર તે દત્તાત્રય. તે વિષ્ણુના દશ અવતારમાંના એક ગણ્યા છે.

શ્રીમદ્ ભાગવત અનુસાર જયારે બ્રહ્માજીએ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ મહર્ષિ અત્રિને સૃષ્ટિ રચવા નિમંત્રિત કર્યા ત્યારે પત્ની અનસૂયા સાથે ઋક્ષ પર્વત પર તપ કરવા લાગ્યા. જે કોઈ સંપૂર્ણ જગત્‌ના ઈશ્વર હોય, હું તેમના શરણે જાઉં છું. તે મને પોતાની સમાન સંતાન પ્રદાન કરે.

તેમના તપથી પ્રસન્ન થઈ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સ્વયં તેમના આશ્રમ પર પધાર્યા અને તે ત્રણેના અંશ સ્વરૂપ દત્તાત્રયનો જન્મ થયો.

એક અન્ય પુરાણ કથાનુસાર એકવાર દેવી સરસ્વતી, ઉમા અને રમાને અનસૂયાજીની મહાનતાની ઈર્ષ્યા થઈ. તેથી ત્રણેય દેવીઓએ પોતાના પતિદેવને અત્રિના આશ્રમમાં સતીત્વની પરીક્ષા કરવા મોકલ્યા. ત્રિદેવ અનસૂયાજીના આશ્રમમાં ગયા ત્યારે દેવી અનસૂયાના પ્રભાવથી તેઓ નવજાત શિશુ બની ગયા. ત્રણેય દેવોએ પોતાના કર્તવ્યની ક્ષમા માંગી. અનસૂયાજીએ ત્રણેય દેવોને પુનઃ દેવ બનાવી દીધા.

ત્રિદેવે અનસૂયાજીને વરદાન આપ્યું. તેઓ તમારા ગૃહે પુત્ર થઈ જન્મ લેશે.

ધર્મગ્રંથાનુસાર અનસૂયાના તપથી પ્રસન્ન થઈ ભગવાન્ વિષ્ણુનો છઠ્ઠો અવતાર અત્રિપુત્ર દત્તાત્રય સ્વરૂપે અવતર્યો.

હવે શ્રીમદ્ ભાગવત પુરાણાનુસાર દત્તાત્રય અને યદુરાજાનો સંવાદ જોઈએ તો –

ભગવાન્ દત્તાત્રયને ત્રણ મુખ અને છ હસ્ત છે. તેમની આસપાસ શ્વાન તેમજ ગાય વિચરતા રહે છે. તેમના (૨૪) ચોવીસ ગુરુના નામ તથા ગુણ જોઈએ તો –

| | | | |
|---|---|---|---|
| (૧) | પૃથ્વી | – | સહનશીલતા, ઉપગુરુ – વૃક્ષ અને પર્વત |
| (૨) | વાયુ | – | નિર્લેપતા |
| (૩) | આકાશ | – | આત્મા નિર્વિકાર, નિશ્ચલ એક અને અખંડ છે. |
| (૪) | જળ | – | એકાકાર થઈ જવું |
| (૫) | અગ્નિ | – | જે કંઈ મળે તે લિપ્ત થયા વિના સુખેથી ખાવું. |
| (૬) | ચંદ્ર | – | વિકાર દેહના છે અને આત્મા અવિકારી છે. |
| (૭) | સૂર્ય | – | આત્માની સ્થિરતા |
| (૮) | કપોત | – | સ્ત્રી–પુત્રાદિમાં મમત્વ ન રાખવું |
| (૯) | અજગર | – | પ્રારબ્ધ પર વિશ્વાસ રાખી અંતર્નિષ્ઠ થવું. |
| (૧૦) | સાગર | – | સ્વધર્મનું પાલન કરીને સ્વસ્થતાપૂર્વક જીવવું. |
| (૧૧) | પતંગિયું | – | રૂપમાં મોહ ન પામવો. |
| (૧૨) | ભ્રમર | – | રસમાં વિશેષ લોભ રાખી દુઃખી થવું નહી. |
| (૧૩) | મધમાખી | – | વસ્તુનો સંગ્રહ કરવો નહીં. |
| (૧૪) | હાથી | – | સ્પર્શ સુખમાં ફસાવું નહી. |
| (૧૫) | પારધી | – | માધુકરી દ્વારા ધ્યાન તપશ્ચર્યા ઘનિષ્ઠ કરવી. |
| (૧૬) | મૃગ | – | સ્ત્રીગાનમાં ન ફસાતા નાદ બ્રહ્મમાં લીન થવું. |
| (૧૭) | મત્સ્ય | – | જીહ્વાની લોલુપતા છોડવી. |
| (૧૮) | વેશ્યા | – | આશા એ જ દુઃખનું મૂળ છે અને સુખ નિરાશામાં છે. |
| (૧૯) | ટિટોડી | – | સંગ્રહએ દુઃખનું કારણ છે. |
| (૨૦) | કુંવારી કન્યા | – | સંગ ત્યજી એકલા રહી સાધના કરવી. |
| (૨૧) | સાપ | – | એક સ્થળે નિત્ય વસવાટ ન કરવો તેમજ કોઈનો સંગ કરવો નહિ. |
| (૨૨) | શરકાર | – | આસન સિદ્ધ કરી વૃત્તિ એકાગ્ર કરી ધ્યાન કરવું. |
| (૨૩) | ભમરી અને કીડો | – | ઈશ્વરના સતત ચિંતનથી જીવ પરબ્રહ્મ બને છે. |
| (૨૪) | કરોળિયો | – | ઈશ્વરે કરેલી સૃષ્ટિની રચના અને તેનું પ્રલયકાર્ય. |

ઉપર્યુકત ગુરુઓના વર્ણન પછી દત્તાત્રયજી જણાવે છે કે –

**एवं गुरूभ्य एतेभ्य एषा मे शिक्षिता मतिः ।**

**स्वात्मोपशिक्षितां बुद्धिं श्रृणु मे वदतः प्रभो ॥**

અર્થાત્, આ સર્વ ગુરુ પાસેથી મેં ઉપદેશ ગ્રહણ કર્યો. મારા શરીર પાસેથી જે કંઈ શિક્ષણ પ્રાપ્ત કર્યું. તે તમને કહું.

મારો દેહ મારો ગુરુ છે **'देहो गुरूर्मम'** તે જન્મે અને મૃત્યુ પામે છે. આ શરીર લોષ્ઠવત્ છે. તે આપણું નથી. શરીર નાશવંત છે અને દુઃખો અપાર છે. ઈન્દ્રિયો ચંચળ છે. મનુષ્ય શરીર બુદ્ધિયુકત છે, જે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. વિષયોપભોગ તો સર્વ યોનિમાં પ્રાપ્ત થાય છે. મનુષ્ય શરીર દુર્લભ છે. તેથી વિષયોથી પરાઙ્મુખ બનવું અને ભગવત્પ્રાપ્તિ વડે પરમ કલ્યાણ કરવું.

દત્તાત્રયને આ રીતે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને અહંકાર મુકત બની ભૂતળ પર ભ્રમણ કરવા લાગ્યા. વિવિધ પ્રકારનું જ્ઞાન એક ગુરુ પાસેથી પ્રાપ્ત થતું નથી. જ્ઞાન આપવું તે માત્ર ગુરુનો ઈજારો નથી. પ્રકૃતિના તત્ત્વોમાંથી નિતનવીન ઉપદેશ મળે છે, તે દત્તાત્રયે સમજાવ્યું.

ઉપર્યુકત આખ્યાન ભાગવત ઉપરાંત મત્સ્યપુરાણ–અ, ૪, દેવી ભાગવત સ્કંધ–૪, અ–૧૬, માર્કન્ડેય પુરાણ, સ્કંદ પુરાણ ઈત્યાદિ ઉલ્લેખે છે.

મહાભારતના અનુશાસન પર્વમાં સ્વયંભૂ મન્વંતરમાં અત્રિ ઋષિના ત્રણ પુત્રોમાંના એક દત્ત હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ભગવાન્ દત્તાત્રયના સ્વયં દેહના ઉપદેશ દ્વારા ઉપનિષદ્નું તત્ત્વજ્ઞાન જોઈ શકાય છે.

શરીર નાશવંત છે. આત્મા અમર છે તે વાતની પુષ્ટિ કઠોપનિષદ્ પણ આપે છે.

**न जायते म्रियते वा विपर्ि न्नायं कुतर्ि न्न बभूव कर्ि त् ।**

**अजो नित्यः शाश्वतोडयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥**

શ્રીમદ્ ભગવદ્ ગીતા આંશિક તફાવત સાથે આ બાબતને અનુમોદન આપે છે. (૨–૨૦)

પ્રસ્તુત આખ્યાનનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ પ્રાપ્તિ છે. વિષયોપભોગ તો પ્રત્યેક યોનિમાં પ્રાપ્ત થઈ શકે. પરંતુ મનુષ્ય સ્વયંનો જન્મ અંધકારમાં વ્યતીત કરે છે. મનુષ્યની મૂર્ખાઈની શી વાત કરવી ?

અલ્પ મૂલ્યના ઘૃત–દુગ્ધ ઢોળાઈ જાય તો તેને નુકશાન ગણી દુઃખી થાય છે. પરંતુ અમૂલ્ય આયુષ્ય વ્યર્થ વહી જતું હોય તો તે મૂઢ નુકશાનની ચિંતા કરતો નથી.

કર્ણ હોવા છતાં વેદવાણીનું શ્રવણ કરી શકતો નથી. વિષયો તરફ લાલચું શ્વાન્ની માફક દોડી જીવન વ્યતીત કરે છે. જેવી રીતે જર્જરીત હાડકાને સ્વયંના મુખથી નીકળેલ રકતથી રંજિત કરી શ્વાન્ ચાંટયા કરે છે, તેવી જ રીતે ઈન્દ્રિય સુખમાં રાચતો મનુષ્ય શ્વાન્ જેવો છે.

મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. વિષયોનો ત્યાગ કરી ઈશ્વર પ્રાપ્તિ કરવી.

આ ગુરુ દત્તાત્રયનો સંદેશ છે.

ક્ષમા અને જ્ઞાનના પ્રચારથી ધર્મનું રક્ષણ કરવાનું પ્રતીક સ્વયં દત્તાત્રય છે. જયારે વૈદિક ધર્મ, કર્મ તથા વર્ણવ્યવસ્થાનો લોપ થયો હતો, તે સમયે ભગવાન્ દત્તાત્રય સ્વરૂપે તેનો પુનઃ ઉદ્ધાર કર્યો. આથી જ દત્તાત્રયના નામ પૂર્વે ગુરુદેવ કે સદ્ગુરુનો ઉચ્ચાર થાય છે.

આ દત્તાત્રય જ 'આત્રેય', 'અવિનાશી', 'સિદ્ધરાજ', દેવ–દેવેશ્વર', 'સ્મૃતિગામી' એવં દત્તના નામથી પ્રસિદ્ધ થયા.

ગુરુ દત્તાત્રય દ્વારા 'અવધૂતોપનિષદ્', જાબાલોપનિષદ્', 'અવધૂત ગીતા', ત્રિપુરોપાસ્તિ પદ્ધતિ', 'પરશુરામ કલ્પસૂત્ર', 'દત્તમંત્ર વિજ્ઞાનસાર' ઈત્યાદિ ગ્રંથોની રચના થઈ.

માર્ગશીર્ષ માસની પૂર્ણિમાએ દત્તજયંતી ઉજવાય છે.

ગુજરાતમાં ગિરનાર પર શ્રી દત્તાત્રયનું સ્થાન છે. અહી તેમની પાદુકાની પૂજા થાય છે. ગરૂડેશ્વર પાસે તેમજ નારેશ્વરમાં શ્રી દત્તાત્રય મંદિર છે. વડોદરામાં ગોત્રી રોડ પર તેમજ ભાવનગરમાં દત્તાત્રય મંદિર આવેલા છે. શિરડી પાસે ટાકોરી ગામમાં એકમુખી દત્તાત્રય સ્થિત છે. આવી રીતે સમગ્ર ભારતીયો દત્તાત્રયની પૂજા કરે છે.

અન્યત્ર દેવ–દેવીના મંદિરોમાં તેઓની મૂર્તિની પ્રાણ–પ્રતિષ્ઠા થયેલી છે.

શૈવ અને વૈષ્ણવ પંથના મનુષ્યો દત્તના ઉપાસક હોય છે. મહારાષ્ટ્રમાં દત્તાત્રયની પૂજા કરનારની સંખ્યા વિશાળ છે. ત્યાં ગુરુ ચરિત્ર, ઔદુમ્બર વૃક્ષ અને ત્રિમૂર્તિ દત્તાત્રયની નિત્ય અને ખાસ કરીને બૃહસ્પતિવારે પૂજા કરાય છે.

# પદ્મ પુરાણનાં આખ્યાનો

અન્ય પુરાણોની માફક પદ્મપુરાણ પણ આખ્યાનોનો ખજાનો છે. પદ્મપુરાણના આખ્યાનો અંતર્ગત મહત્ત્વના આખ્યાનોનું જ નિરુપણ કર્યું છે, જે આ પ્રમાણે છે –

## (૧) પતિવ્રતા બ્રાહ્મણીનું ઉપાખ્યાન

પ્રસ્તુત ઉપાખ્યાન પદ્મપુરાણ સૃષ્ટિખંડ અ–૪૦ અંતર્ગત પ્રાપ્ત થાય છે.

મધ્ય દેશના નગરમાં પતિવ્રતા બ્રાહ્મણી નિવાસ કરતી હતી. પૂર્વજન્મના પાપને કારણે તેમનો પતિ કુષ્ટરોગી હતો. તે બ્રાહ્મણી પતિ સેવામાં તત્પર રહેતી.

એક દિવસ પતિએ માર્ગ પરથી પસાર થતી એક સુંદર વેશ્યાને જોઈ. તેના પર દષ્ટિ પડતા તે મોહવશ બની ગયો અને દીર્ઘકાળ પર્યન્ત નિઃશ્વાસ મૂકવા લાગ્યો. પત્નીએ કહ્યું, આપને જે પ્રિય હોય તે હું પૂર્ણ કરીશ.

પતિ દ્વારા જાણ્યું કે તે એક સુંદર વેશ્યામાં આસકત થયા છે. તેથી પત્ની રાત્રીના અંતિમ પ્રહરમાં વેશ્યાને ગૃહે ગઈ અને વેશ્યા પાસે પતિની ઈચ્છા વ્યકત કરી.

પતિવ્રતા બ્રાહ્મણી પોતાના પતિને રાત્રીના અંધકારમાં વેશ્યાગૃહે લઈ ગઈ.

કોઈ અગમ્ય કારણવશાત્ માંડવ્ય મુનિને શૂલી પર ચઢાવવામાં આવ્યા હતા. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને લઈને અરણ્યમાંથી પસાર થઈ તો તેમના શરીરનો સ્પર્શ માંડવ્યના શરીર સાથે થયો. માંડવ્ય ક્રોધિત થઈ બોલ્યા, ‘જે કોઈએ મને વેદનાનો અનુભવ કરાવ્યો તે સૂર્યોદય સાથે ભસ્મ થઈ જશે.’

પતિવ્રતા સ્ત્રીએ ત્રણ દિવસ સુધી સૂર્યોદય અટકાવી રાખ્યો. સૂર્યોદય ન થવાથી ચરાચર સંપૂર્ણ ત્રિલોકી વ્યથિત થઈ ગયા. સર્વેએ બ્રહ્મા પાસે જઈ હકીકત કહી સંભળાવી.

સર્વ દેવતા સાથે બ્રહ્મા પતિવ્રતા સ્ત્રી પાસે આવ્યા અને કહ્યું, સૂર્યોદય વિરુદ્ધ તારા ક્રોધનો ત્યાગ કર.

સ્ત્રીએ કહ્યું, એકમાત્ર પતિ જ મારા ગુરુ છે. સૂર્યોદય સાથે મારા પતિ મૃત્યુ પામશે તેથી મેં સૂર્યને શાપ આપ્યો છે.

બ્રહ્માજીએ વરદાન આપ્યું કે કુષ્ટરોગી બ્રાહ્મણ કામદેવ સમાન સુંદર થઈ જશે.

સ્વર્ગલોકથી વિમાન આવ્યું અને તે સાધ્વી પતિ સહિત દેવતાઓ સાથે સ્વર્ગલોકને પામી.

પદ્મપુરાણ ફલશ્રુતિ આપતા કહે છે, જે આ પુણ્યમય ઉપાખ્યાનનું શ્રવણ કરે, તેના જન્મ–જન્માંતરના પાપ નષ્ટ થાય છે.

પ્રસ્તુત આખ્યાન પતિવ્રતા સ્ત્રીનું માહાત્મ્ય વર્ણવે છે. સ્ત્રીને મન તેનો પતિ સર્વસ્વ છે તે આ આખ્યાન દ્વારા ફલિત થાય છે.

ઉપર્યુકત આખ્યાન દ્વારા પુરાણકાલીન સમાજ દર્શન પણ થઈ શકે છે. પુરુષો પત્ની હોવા છતાં પરસ્ત્રી સંસર્ગ વિષયક વિચાર કરી શકતો અને તેની પત્ની તેને સહકાર પણ આપતી. પરંતુ સ્ત્રી ભ્રષ્ટ થાય તો તે સમાજ સ્વીકાર કરી શકતો નહી હોય સ્ત્રી ભ્રષ્ટ થતાં તેને કરવું પડતું પ્રાયશ્ચિત અનેક આખ્યાનમાં પ્રાપ્ત થાય છે. જેમ કે પરશુરામની માતાનો વધ, અહલ્યા ચરિત્ર ઈત્યાદિ આ બાબતની પૂર્તિ કરે છે.

સ્ત્રી ઈચ્છે તો પોતાના પતિને યમદેવ પાસેથી પણ મુકત કરાવી શકે. તેનું દષ્ટાંત સતી સાવિત્રી છે. અહીં પોતાના પતિની મુકિત માટે સૂર્યદેવ સાથે કલહ છે. સૂર્યોદય અટકાવવો તે મહાન બાબત છે તે પતિવ્રતા પત્નીએ કર્યું.

સ્ત્રી સમાજની ઉદ્ધારક છે. સ્ત્રી સંપૂર્ણ રીતે તેના પતિને વશ હોય છે. તેની સર્વ ઈચ્છાની પૂર્તિ કરનારી છે. અહીં સતી સ્ત્રીના સતીત્વના દર્શન થાય છે.

## (૨) શુકર અને શુકરી ઉપાખ્યાન

પ્રસ્તુત ઉપાખ્યાન પદ્મપુરાણ અંતર્ગત ભૂમિખંડના અ–૬૩ માં સમાવિષ્ટ છે.

ધર્મજ્ઞ, પરમ સૌભાગ્યશાળી, દેવતા તથા બ્રાહ્મણોના પૂજક મનુપુત્ર મહારાજ ઈક્ષ્વાકુ અયોધ્યાપુરીમાં રાજય કરતા હતા.

સપત્ની ગંગા કિનારે અરણ્યમાં શિકાર માટે ગયા ત્યાં સપરિવાર સુવર આવી ગયું.

સુવરે પોતાના સંતાનોને કહ્યું, 'મહાત્મા ઈક્ષ્વાકુ શિકાર માટે આવ્યા છે તો હું રણભૂમિમાં પરાક્રમ બતાવીશ.'

શુકરીએ કહ્યું, 'આપણે પર્વતની ગુફામાં જતા રહીએ પતિ વિનાનું જીવન સ્ત્રીની શોભા નથી. તમે રાજા સમક્ષ મૃત્યુ માટે જઈ રહ્યા છો.'

સુવરે ધર્મોપદેશ આપતા કહ્યું, યૌદ્ધાને રણભૂમિ પર લલકારવામાં આવે અને યુદ્ધ ન કરે તેનો નરકમાં વાસ થાય છે. રાજા ઈક્ષ્વાકુ સ્વયં વીર છે. મહારાજ અતિથિ બની પધાર્યા છે. અતિથિ સનાતન શ્રીવિષ્ણુનું સ્વરૂપ હોય છે. તેથી તેની સાથે યુદ્ધ કરવું મારું કર્તવ્ય છે.

પુત્રો પણ પિતાની સાથે યુદ્ધ કરવા તત્પર થયા.

યુદ્ધ તીર્થનો ત્યાગ કરવાથી પાપના ભાગીદાર થવાય છે, તેમ શુકરે કહ્યું.

આ પ્રમાણે અન્યોન્યના હિતચિંતક તેમણે યુદ્ધ કરવા નિશ્ચય કર્યો.

વરાહ દ્વારા તેમના સૈન્યનો નાશ થતો જોઈ ઈક્ષ્વાકુ ક્રોધિત થયા. વરાહ અને ઈક્ષ્વાકુ વચ્ચે ભીષણ યુદ્ધ થયું, જેમાં વરાહનું મૃત્યુ થયું.

આ જોઈ વરાહ પત્ની યુદ્ધભૂમિમાં આવી તેમણે પણ ઈક્ષ્વાકુ સાથે પુત્ર સહિત યુદ્ધ કર્યું. શુકરીએ દંત પ્રહારથી વિશાળ સૈન્યને પરાસ્ત કર્યું.

આ ઘટના જાણી મહારાણી સુદેવાએ પતિને કહ્યું, આ શુકરીએ મહાન સૈન્યને ધ્વંસ કર્યું તેમ છતાં આપ કેમ તેની ઉપેક્ષા કરો છો ?

રાજાએ તે સ્ત્રી હોવાથી તેનો વધ કર્યો નથી કારણ કે સ્ત્રી વધથી મહાન પાતક લાગે છે.

એક વ્યાઘ્ર દ્વારા શુકરી પર પ્રહારને કારણે શુકરી મૂર્છિત થઈ ગઈ. ક્ષણમાત્રમાં શુકરી સ્વસ્થ થઈ મનુષ્યવાણીમાં બોલવા લાગી.

આ જોઈ રાણી સુદેવાને આશ્ચર્ય થયું. તેમણે પતિને સમગ્ર હકીકત કહી મહારાણીના આગ્રહથી શુકરીએ પોતાના પૂર્વજન્મ વૃત્તાંત કહ્યો.

શુકરી કહેવા લાગી મારા પતિ પૂર્વ જન્મમાં રંગવિદ્યાધર નામના ગંધર્વ હતા.

એકવાર પુલસ્ત્યજી તપસ્યા કરતા હતા તે સ્થાન પર ગંધર્વ ગીત ગાવા લાગ્યા. જેથી ઋષિનો તપોભંગ થયો. ઋષિએ ગંધર્વને આ સ્થળનો ત્યાગ કરવા કહ્યું અથવા સ્વયં તે સ્થળનો ત્યાગ કરી ચાલ્યા જાય.

રંગ વિદ્યાધરે ઈન્દ્રિય નિગ્રહનો ઉપદેશ આપ્યો. તેથી પુલસ્ત્યજી અન્ય સ્થળે ચાલતા થયા.

રંગ વિદ્યાધરે વરાહ રૂપ ધરી તે ઋષિ શું કરી રહ્યા છે તે જાણવા આશ્રમે પહોંચ્યા. પુલસ્ત્યજીએ શાપ આપતા કહ્યું, 'તું શુકર રૂપ ધરી વારંવાર મને વિચલિત કરે છે માટે તું શુકર યોનિમાં જન્મ લઈશ.'

આ રીતે શુકરીએ પોતાના પતિના પૂર્વજન્મનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તદ્ પશ્ચાત સ્વયંનો વૃત્તાંત કહ્યો.

રાણી સુદેવાના પુણ્ય દ્વારા શુકરીનો ઉદ્ધાર થયો.

પ્રસ્તુત ઉપાખ્યાનની સમીક્ષા કરીએ તો –

શુકર–શુકરીના ઉપાખ્યાન દ્વારા યુદ્ધ નીતિનો સંદેશ પ્રાપ્ત થાય છે.

શુકર પશુ યોનિનો હોવા છતાં મનુષ્ય જેવો વ્યવહાર કરે છે. યુદ્ધના નીતિ–નિયમોનો તજજ્ઞ છે સાથે કુટુંબ વત્સલ પણ છે.

યુદ્ધના નિયમો દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિચારો જાણી શકાય. શ્રીકૃષ્ણ અર્જુનને યુદ્ધથી થતા લાભ વર્ણવતા કહે છે, યુદ્ધમાં મૃત્યુ થશે તો તને સ્વર્ગની પ્રાપ્તિ થશે અને જીત થશે તો પૃથ્વી પતિ બનીશ. [1]

સુવરના પુત્રોની વાત દ્વારા માતા–પિતાને મુશ્કેલીમાં છોડવાથી થતા પાપની વાત કરી છે.

રાજા અને સુવરના યુદ્ધમાં માનવ–પશુના યુદ્ધની ભયાનકતા જોવા મળે છે. બે યોદ્ધા વચ્ચેનું તુમુલ યુદ્ધ છે.

રાજા ઈક્ષ્વાકુ યુદ્ધ દરમિયાન યુદ્ધના નિયમોનો પણ ખ્યાલ રાખે છે. શુકરી વિશાળ સૈન્યનો વધ કરવા લાગી. તેમ છતાં રાજાએ તેના પર પ્રહાર ન કર્યો તે દ્વારા રાજા કહે છે, 'સ્ત્રી વધ કરવાથી મહાન પાપ લાગે છે.'

આ બાબતની પૂર્તિ મહાભારતના ભીષ્મના પાત્ર દ્વારા થાય છે. ભીષ્મ પણ શીખંડી સમક્ષ શસ્ત્ર પ્રહાર કરતા નથી.

શુકરના પૂર્વ જન્મમાં તે એક વિદ્યાધર હતો અને ઋષિના શાપવશાત્ વરાહ બન્યો. વિદ્યાધરના રૂપમાં તે મહાન જ્ઞાની હતો. ઋષિને તે ઈન્દ્રિય નિગ્રહનો ઉપદેશ આપે છે.

**क्षमा वीरस्य भूषणम् ।** આ વાત પુલત્સ્યના પાત્ર દ્વારા દષ્ટિગોચર થાય છે.

શુકરી પૂર્વજન્મમાં સુંદર પરંતુ ગર્વિષ્ઠ સ્ત્રી હતી. તેના કારણે તેનું પતન થયું અને તે પશુ યોનિને પ્રાપ્ત થઈ. કારણ કે અભિમાન પતનની ખીણ છે.

શુકર–શુકરી પૂર્વજન્મના સંસ્કારને કારણે જ આ જન્મમાં મનુષ્ય માફક વ્યવહાર કરી શકે છે. મનુષ્યના માનસમાં પૂર્વજન્મના સંસ્મરણો રહેલા હોય છે. સમય થતા તે આગળ આવે છે.

સ્ત્રી સ્વચ્છંદી બને તો તેનું પતન થાય છે. શુકરી પૂર્વજન્મમાં સ્વચ્છંદી સ્ત્રી હતી. જેને કારણે તેના પતિએ તેનો ત્યાગ કર્યો.

# શિવપુરાણાન્તર્ગત આખ્યાનો

## (૧) કુમારી સંધ્યા ચરિત્ર આખ્યાન

કુમારી સંધ્યા આખ્યાન શિવપુરાણ અંતર્ગત રુદ્ર સંહિતા દ્વિતીય ખંડ (સતીખંડ) અધ્યાય–૨ માં નિર્દેશેલ છે, જેનો ઉલ્લેખ કરીએ તો –

બ્રહ્માજીની માનસપુત્રી સંધ્યાના મનમાં કામભાવ ઉત્પન્ન થયો. તે સાધ્વી સ્ત્રીએ નિશ્ચય કર્યો કે – ''વૈદિક માર્ગ અનુસાર હું મારા શરીરની અગ્નિમાં આહુતિ આપીશ. કઠોર તપશ્ચર્યા દ્વારા કામના પ્રભાવને નષ્ટ કરીશ. તદ્પશ્ચાત્ જીવનનો ત્યાગ કરીશ.

તપસ્યાનો દઢ નિશ્ચય કરી ચંદ્રભાગ પર્વત પર જતી રહી.

વશિષ્ઠજીએ સંધ્યાને વિધિવત્ દીક્ષા ગ્રહણ કરાવી.

તપસ્યા કરવા દઢ નિશ્ચયી બનેલી સંધ્યા અને વશિષ્ઠજીએ શિવનું સ્મરણ કરી આ પ્રમાણે કહ્યું, ''પરમારાધ્ય પરમાત્મા શિવનું આરાધન કરો, જે ધર્મ, અર્થ, કામ, મોક્ષના આદિકારણ છે. 'ॐ **नमः शंकराय** ॐ' નો જપ કરો. મૌનાલંબનપૂર્વક શિવજીની પૂજા કરો. પ્રથમ માત્ર જળાહાર કરો. તદ્પશ્ચાત્ ઉપવાસ કરો.''

ઉપર્યુકત તપસ્યા બ્રહ્મચર્ય ફળ આપનારી છે.

આ પ્રમાણે તપસ્યા વિધિ ઉપદેશી મુનિ વશિષ્ઠજી અન્તર્ધ્યાન થઈ ગયા.

કઠોર તપશ્ચર્યાથી શિવ પ્રસન્ન થયા. સંધ્યા ભયભીત થઈ. વિચારવા લાગી 'ભગવાન્ હર પાસે શું માંગું ?' આથી વિચારથી તેમણે નેત્રો બંધ કર્યા. તેથી ભગવાન્ શિવે હૃદયમાં પ્રવેશી દિવ્ય દષ્ટિ વડે દિવ્ય વાણી, જ્ઞાન અને દષ્ટિ પ્રદાન કરી, સ્તુતિ કરી સંધ્યા કહેવા લાગી.

**निराकारं ज्ञानगम्यं परं यन्नेव स्थूलं नापि सूक्ष्मं न योच्यम् ।**

**अन्तर्ि न्त्यं योगिभिस्तस्य रूपं तस्मै तुभ्यं लोककर्त्रे नमोडस्तु ॥**

ભગવાન્ શિવ નિર્મળ, નિરાકાર અને જ્ઞાનગમ્ય છે. જે અવિકારી, નિર્ગુણ, ઐશ્વર્યયુકત, સત્ત્વપ્રધાન છે, તેમને નમસ્કાર.

જે સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક છે. જે સમસ્ત લોકના આવિર્ભાવના કારણરૂપ છે. [૧]

આ પ્રમાણેની સ્તુતિ દ્વારા શિવે પ્રસન્ન થઈ ઈચ્છાનુસાર વર માંગવા કહ્યું.

સંધ્યાએ પ્રથમ વર માંગતા કહ્યું, 'સમસ્ત લોકના પ્રાણી જન્મ સાથે કામભાવયુકત ન બને. મારી દષ્ટિ સકામ ન બને. પતિથી અતિરિકત અન્ય પુરુષ મને સકામ દષ્ટિએ જુએ તો તે નપુંસક બની જાય.'

ઉપર્યુકત વરનો શિવે સ્વીકાર કર્યો. મહાન્ તપસ્વી, દિવ્યરૂપ સમ્પન્ન, સાત કલ્પો સુધી જીવંત રહેનાર વ્યકિત તારો પતિ બનશે.

વિશેષ વાત એ છે કે તારી પ્રતિજ્ઞા મુજબ 'અગ્નિ પ્રવેશ કરી શરીર ત્યાગ કરવાની' પૂર્તિ માટે એક ઉપાય દર્શાવું છું.

મુનિવર મેધાતિથિ દ્વાદશ વર્ષ સુધી ચાલતો યજ્ઞ કરી રહ્યા છે. તે અગ્નિમાં પ્રવેશ કરી શરીર ઉત્સર્ગ કરો. મારી કૃપાથી તું મુનિની અગ્નિથી ઉત્પન્ન પુત્રી બનીશ.

મહર્ષિ વશિષ્ઠજીનું પતિરૂપે ધ્યાન ધરી સંધ્યા અગ્નિમાં પ્રવેશી, તેમાંથી સુવર્ણ જેવી ક્રાંતિયુકત પુત્રી ઉત્પન્ન થઈ. તેનું નામ 'અરુન્ધતી' પડ્યું.

તે કન્યા વિવાહ યોગ્ય થતાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. ત્રિદેવોએ વશિષ્ઠ સાથે તેના વિવાહ કર્યા.

ફળશ્રુતિ આપતા મહર્ષિ વ્યાસ કહે છે, 'જે સ્ત્રી અથવા શુભ વ્રતના આચરણ કરતો પુરુષ આ પ્રસંગને શ્રવણ કરે છે, તે સંપૂર્ણ કામના પ્રાપ્ત કરે છે.'

પ્રસ્તુત આખ્યાનનો ઉદ્દેશ છે, કામરહિત જીવન સફળ થાય છે. સમગ્ર જીવસૃષ્ટિ કામરહિત બનવી જોઈએ. જીવનની ચાર અવસ્થા શૈશવ, કૌમાર્ય, યૌવન, વૃદ્ધ. તેમાંથી યૌવનાસ્થામાં કામ ઉત્પન્ન થવો જોઈએ. પરંતુ કયારેક દ્વિતીય અવસ્થામાં જ મનુષ્ય સકામ બની જાય.

સંધ્યા અરુંધતી બની ત્યાં સુધી તેમણે તપ કરી જીવન ધન્ય બનાવ્યું. શિવ પાસે વરદાન માંગ્યું. અપરાધનું પ્રાયશ્ચિત અગ્નિ પ્રવેશ દ્વારા કર્યું. આમ મનુષ્ય કૃતનિશ્ચયી બને તો ઈચ્છાનુસાર કાર્ય કરી શકે.

સંધ્યાની શિવોપાસના દ્વારા અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થયું. તેમાં સાંખ્યદર્શન, પ્રકૃતિ, પુરુષ ઈત્યાદિ વિષયોનું જ્ઞાન થાય છે.

શિવને અનાદિ કહેતા સંધ્યા કહે છે –

**यस्य नादिर्न मध्यं च नान्तमस्ति जगद्धतः ।**

**कथं स्तोष्यामि तं देवभवाङ्मनस गोचरम् ॥**

વશિષ્ઠ–અરુંધતી કથા રામાયણ પણ ઉલ્લેખે છે.

## (૨) સોમનાથ પ્રાદુર્ભાવની કથા

પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ પ્રાદુર્ભાવની કથા શિવપુરાણ અંતર્ગત કોટિ રુદ્ર સંહિતા અધ્યાય ૮ થી ૧૪ માં ઉલ્લિખિત છે, જેની કથા નીચે મુજબ છે.

જ્યોર્તિલિંગમાં સૌપ્રથમ સોમનાથનો ઉલ્લેખ મળે છે.

પ્રજાપતિ દક્ષે પોતાની અશ્વિની વગેરે સત્તાવીશ કન્યાઓના વિવાહ ચન્દ્રમા સાથે કર્યા. સર્વ પત્નીઓમાં રોહિણી નામની પત્ની ચન્દ્રમાને વિશેષ પ્રિય હતી. આથી અન્ય પત્નીઓ દુ:ખી થઈ પિતાને શરણે ગઈ.

પુત્રીઓએ પોતાના દુ:ખનું નિવેદન પિતાને કર્યું. પિતાએ ચન્દ્રમાને કહ્યું, ''આપ નિર્મળકુળમાં ઉત્પન્ન થયા છો. તમારા આશ્રયે રહેનારી સ્ત્રીઓ પ્રતિ આપના મનમાં ન્યૂનાધિક ભાવ કેમ છે ? આપે આવો વિષમતાપૂર્વક વ્યવહાર કરવો યોગ્ય નથી.

ચન્દ્રમાએ શ્વસુરની વાત સ્વીકારી નહીં. તે રોહિણીમાં એટલા આસકત થઈ ગયા હતા કે અન્ય પત્નીનો આદર કરતા ન હતા.

પુનઃ દક્ષે ચન્દ્રમાને વિનંતિ કરી અને શાપ આપ્યો કે, 'આપને ક્ષય રોગ થાઓ.'

દક્ષના શાપથી ચન્દ્રમા ક્ષયગ્રસ્ત થયા. દેવતાઓ ચિંતિત થયા તેથી બ્રહ્મા પાસે ઉપાય શોધવા ગયા.

બ્રહ્માએ નિવારણ આપતા કહ્યું, ચન્દ્રમા દેવતા સાથે પ્રભાસ ક્ષેત્રમાં જઈ મૃત્યુંજય મંત્રનું અનુષ્ઠાન કરી ભગવાન્ શિવની આરાધના કરી શિવલિંગની સ્થાપના કરે, તેના દ્વારા શિવ પ્રસન્ન થઈ તેને ક્ષયમુકત કરશે.

બ્રહ્માજીની આજ્ઞાનુસાર ચન્દ્રમાએ છ માસ સુધી નિરંતર તપ કર્યું. ભકત વત્સલ શિવે પ્રસન્ન થઈ કહ્યું, આપ મનોવાંછિત વર માંગો.

ચન્દ્રમાએ કહ્યું, મારા દ્વારા થયેલ અપરાધની ક્ષમા કરી મને ક્ષયરહિત કરો.

શિવજીએ વરદાન આપતા કહ્યું, 'એક પક્ષમાં આપની કલાની વૃધ્ધિ થશે અને દ્વિતીય પક્ષમાં ક્ષીણ થશે.

તદનંતર ચન્દ્રમાએ ભકિતભાવપૂર્વક ભગવાન્ શિવની સ્તુતિ કરી. ભગવાન્ શિવ નિરાકાર હોવા છતાં સાકાર થયા. ચન્દ્રમાના યશવૃધ્ધિ કરવા સોમેશ્વર નામથી વિખ્યાત થયા.

આ કથાની ફળશ્રુતિ આપતા શિવપુરાણકાર કહે છે, 'આ કથાના શ્રવણથી મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે અને સર્વોપાયોથી મુકત થાય છે.'

પ્રસ્તુત ચન્દ્રમા અને રોહિણીની કથા અન્ય પુરાણો પણ ઉલ્લેખે છે. સર્વ સ્થળે કથામાં સમાનતા જોવા મળે છે.

પ્રસ્તુત આખ્યાનમાં ચન્દ્રમાની સત્તાવીશ પત્નીનો ઉલ્લેખ છે, તે સત્તાવીશ નક્ષત્રો છે.

ભગવાન શિવ ભકત વત્સલ છે. તેથી ચન્દ્રમાના તપથી પ્રસન્ન થઈ મનોવાંછિત વરદાન માંગવા કહ્યું.

રોગમુકિત માટે ભગવાન્‌ની તપસ્યા કરવામાં આવતા અને રોગ નિવારણ થતું તેના ઉલ્લેખો સંસ્કૃત સાહિત્યમાં અનેક જોવા મળે છે.

જેમ કે, મયૂર કવિએ કુષ્ઠરોગથી મુકિત મેળવવા સૂર્યની ઉપાસના કરી, સૂર્યશતકની રચના કરી રોગમુકત થયા.

તેમજ મહાકવિ બાણભટ્ટે પોતાના હાથ કાપી તે પુનઃ પ્રાપ્ત કરવા ચંડીની ઉપાસના કરી ચંડી શતકની રચના કરી હાથ પુનઃ પ્રાપ્ત કર્યા.

વૈદિક વિદૂષી અપાલાએ સૂર્યની ઉપાસના કરી કુષ્ઠરોગમાંથી મુકિત મેળવી.

દ્વાદશ જયોર્તિલિંગમાં પ્રથમ સ્થાને રહેનાર સોમનાથ ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં અરબ સાગરના તટે આવેલું છે. તેના પુનરુધ્ધારમાં ગુજરાતના સરદાર પટેલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

સમુદ્ર કિનારે આવેલું સોમનાથ તીર્થ રમણીય છે તે સાથે ભગવાન્ શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ પણ આ ભૂમિ પર થયો હતો.

મુખ્ય દ્વાદશ જયોર્તિલિંગ આ પ્રમાણે છે –

સૌરાષ્ટ્રમાં સોમનાથ, શ્રીશૈલ પર મલ્લિકાર્જુન, ઉજ્જૈનમાં મહાકાલેશ્વર, ઓમકારતીર્થમાં પરમેશ્વર, હિમાલય શિખર પર કેદાર, ડાકિનીમાં ભીમશંકર, વારાણસીમાં વિશ્વનાથ, ગોદાવરી તટે ત્ર્યંબકેશ્વર, ચિત્તાભૂમિમાં વૈદ્યનાથ, દારુકાવનમાં નાગેશ, સેતુબન્ધમાં રામેશ્વર, શિવાલયમાં ધૂશ્નેશ્વર.[२]

દ્વાદશ જયોર્તિલિંગનું માહાત્મ્ય વર્ણવતા શિવપુરાણ નોંધે છે કે –

**ग्राह्यमेषां च नैवेद्यं भोजनीयं प्रयत्नतः ।**

**तत्कर्तुः सर्वपापानि भस्मस्याद्यान्ति वैक्षणात् ॥**

## (૩) શિવરાત્રી વ્રત કથા

પ્રસ્તુત કથા શિવપુરાણ અંતર્ગત કોટિ રુદ્ર સંહિતાના અધ્યાય–૪૦ માં સમાવિષ્ટ છે, જે આ પ્રમાણે છે.

કોઈ એક વનમાં ગુરુદ્રુહ નામનો ભીલ સપરિવાર નિવાસ કરતો હતો. તે બળવાન અને ક્રૂર હોવાથી પ્રતિદિન અનેક પશુઓનો શિકાર કરતો.

એક દિવસ ભીલના માતા–પિતા તેમજ પત્નીએ આહારની યાચના કરી. દૈવયોગે તે દિવસે સૂર્યાસ્ત પર્યન્ત શિકાર ન મળ્યો. તેથી દુઃખી થઈ વિચારવા લાગ્યો. ‘હવે હું શું કરું ? મારા પરિવારની ક્ષુધાથી શી દશા થશે ?’

આમ વિચારી વ્યાધ જળાશય પાસે શિકારની શોધ કરવા ગયો. તે એક બિલ્લીના વૃક્ષ પર લોકો પર બેઠો. રાત્રીના પ્રથમ પ્રહરમાં એક મૃગલી આવી શરસંધાન કરતા તેની પાસેનું જળ તથા બિલ્વપત્ર શિવલિંગ પર પડયું. આ અજાણતા થયેલા પૂજનથી વ્યાધના અલ્પ પાતક નાશ થયા.

ભયભીત મૃગલી બોલી –

**उपकारकरस्यैव यत् पुण्यं जायते त्विह ।**

**तत्पुण्यं शक्यते नैव वक्तुं वर्षशतैरपि ॥**

અર્થાત્, આ અનર્થકારી શરીર માટે આનાથી વિશેષ મહાન્ પુણ્ય કાર્ય શું હોઈ શકે ? ઉપકાર કરનાર વ્યકિતને પુણ્ય પ્રાપ્ત થાય છે. [૩]

મારા બચ્ચા મારા પતિને સોંપીને પરત થાઉં. તેમાં સંશય નથી. સત્યથી સમુદ્ર પોતાની મર્યાદામાં સ્થિત છે અને સત્યમાં સર્વ સ્થિત છે. [૪]

મૃગલીની વાત પર વ્યાધે વિશ્વાસ કરી તેને મુકત કરી.

ક્ષણપશ્ચાત્ એક મૃગ ત્યાં આવ્યું. પુનઃ ભીલે શરસંધાન કર્યું. જેથી જળ અને બિલ્વપત્રનો અભિષેક શિવલિંગ પર થયો. વ્યાધે મૃગને કહ્યું, ''હું મારા પરિવારના ભોજન માટે તારો વધ કરીશ.''

મૃગે પ્રત્યુત્તર આપતા કહ્યું, 'જેનું શરીર પરોપકારના કાર્યમાં આવતું નથી, તેનું જીવન વ્યર્થ છે અને તે નરકગામી બને છે.' [૫]

પરંતુ એકવાર મને જવા દે મારા બાળકોને તેની માતાને સોંપીને પરત આવીશ.

મૃગનું વચન સાંભળી વ્યાધને વિસ્મય થયું. તેનું હૃદય શુધ્ધ હતું અને પાપપુંજ નષ્ટ થયો હતો.

વ્યાધે કહ્યું, 'જે અહીં આવ્યા તે સર્વ વંચક છે. અસત્ય ભાષણ કરી ચાલ્યા ગયા હું શું કરું ?

મૃગે કહ્યું, 'ચરાચર વિશ્વ સત્યથી ટકી રહ્યું છે. જેની વાણી અસત્યમય હોય તેનું પુણ્ય નષ્ટ પામે છે. આમ કહી શિવરાત્રીને દિવસે ભોજન કરનાર, સંધ્યાકાળે મૈથુન કરનાર ઈત્યાદિ શાસ્ત્રનિષિધ્ધ કર્મ કરનારને જે ફળ મળે તે મને પ્રાપ્ત થાઓ.'

મૃગ–મૃગલીએ અન્યોન્યના વૃત્તાંતને જાણી નિશ્ચય કર્યો કે વ્યાધ પાસે અવશ્ય જવું.

આ રીતે કૃતનિશ્ચયી મૃગ–મૃગલી બચ્ચા સાથે ચાલતા થયા.

સર્વનું પુનરાગમન જોઈ વ્યાધે હર્ષિત થઈ શરસંધાન કર્યું. પુનઃ વ્યાધ દ્વારા ચતુર્થ પ્રહરની શિવલિંગની પૂજા થઈ.

શિવપૂજાના પ્રભાવથી વ્યાધને જ્ઞાન પ્રાપ્તિ થઈ. તેણે વિચાર્યું, 'આ મૃગ જ્ઞાનરહિત પશુ હોવા છતાં ધન્ય છે, આદરણીય છે. મેં મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યો હોવા છતાં પુરુષાર્થ ન કર્યો. અન્યનો વધ કરી પરિવારનું પાલન કર્યું. મારી શી ગતિ થશે ? જન્મથી અદ્યપર્યન્ત જે પાપ કર્યા તેનું સ્મરણ કરી પોતાના જીવનને ધિક્કારવા લાગ્યો.'

વ્યાધે મૃગને જીવતદાન આપ્યું. વ્યાધના આ વર્તનથી શિવ પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું.

શિવની કૃપા દષ્ટિથી વ્યાધે 'ગુહ' નામ પ્રાપ્ત કરી દિવ્ય વરદાન મેળવ્યા.

મૃગ પરિવારને મૃગયોનિમાંથી મુકિત મળી. ત્યારથી અર્બુદ પર્વત પર ભગવાન્ શિવ 'વ્યાધેશ્વર' નામે પ્રસિદ્ધ થયા.

આ કથાની ફળશ્રુતિ આપતા કહ્યું છે કે, 'શિવરાત્રીનું દિવ્ય વ્રત કરવાથી સદા ભોગ અને મોક્ષ પ્રાપ્તિ થાય છે.

પ્રસ્તુત આખ્યાન દ્વારા અજાણતા પણ શિવજી પર જળ અને બિલ્વપત્રનો અભિષેક થાય તો મોક્ષપ્રદ નીવડે છે, તે બાબત સ્પષ્ટ થાય છે.

શિવરાત્રી વ્રતને ઉત્તમ વ્રત કહ્યું છે.

ભગવાન્ ભકત–વત્સલ હોય છે. અજાણતાં કરેલ વ્રત પૂજનથી ભીલનો ઉદ્ધાર થઈ શકે તો શાસ્ત્રોકત વિધિ દ્વારા કરેલ પૂજન તો ઉત્તમ ફળ આપે જ, તેમાં આશ્ચર્ય નથી.

ભકત વત્સલ ભગવાન્ના અનેક દષ્ટાંતો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. જેમ કે, પ્રહલાદ, અંબરીષ, અજામિલ ઈત્યાદિ.

શિવની આરાધનાથી ભીલમાંથી તો મોક્ષ પ્રાપ્તિ થઈ. પરંતુ પુર્નજન્મમાં ગુહ તરીકે રામ સાથે મિત્રતા પ્રાપ્ત કરી. આમ ભગવાન માત્ર એક જન્મના ઉદ્ધારક નથી. જન્મોજન્મ ભગવત્પ્રાપ્તિ કરાવે છે.

મૃગના વચન પાલન દ્વારા સત્યનિષ્ઠા જોઈ શકાય છે.

ભારતીય વેદકાલીન સંસ્કૃતિની પરંપરામાં આધ્યાત્મિક ક્ષેત્રે મહાશિવરાત્રીનું આગવું મહત્વ છે. મહા માસના કૃષ્ણપક્ષ ચૌદશ ભગવાન્ આશુતોષને રીઝવવા માટે મહાશિવરાત્રી આવે છે. તેને શંકરના પ્રાદુર્ભાવનો દિવસ ગણવામાં આવે છે.

પ્રકરણ – ૨ પાદટીપ

# પુરાણ સાહિત્યનાં આખ્યાનો

## પુરાણ પરિચય

(१) A History of Indian Literature, Vol. I, P. 606✓

(२) संस्कृत साहित्य का इतिहास

बलदेव उपात्ध्माय – पू. ४३

(३) पुराण तत्व विमर्श

थानेशचंद्र उप्रेति – पू. १

(४) पुरा नवं भवति ।

निरूक्त – ३/१९

(५) सना पुराणमत्ध्मेम्यारान्महः पितुर्जनितुर्जामि तन्नः ।

देवासो यत्र पनितार एवैरूरौ पथि व्युते तस्थुरन्तः ॥

ऋग्वेद – ३/५४/९

(६) यस्मात् पुरा ह्यनक्तीयं पुराणं तेन तत् स्मृतम् ।

वायु पुराण – १/२०/३

(७) पुरा परम्परां वष्टि पुराणं तेन तत् स्मृतम्।

पद्म पुराण – ५/२/५३

(८) यस्मात् पुरा ह्यभूच्चैतत् पुराणं तेन तत् स्मृतम्।

ब्रह्माण्ड पुराण – १/१/११३

(९अ) सना पुराणमध्येम्यारान्महः पितुर्जनितुर्जामि तन्नः।

देवासो यत्र पनितार एवैरूरौ पथि व्युते तस्थुरन्तः॥

ऋग्वेद – ३/५४/९

(९ब) पुराणमोकः सख्यं शिवं वा युवोर्नश द्रविणं जह्नाव्याम्।

पुनः कृण्वानाः सख्या शिवानि मध्वा मदेम सह नू समानाः॥

एजन – ३/५८/६

(१०अ) ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह।

उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रितः॥

अथर्ववेद – ११/९/२४

(१०ब) इतिहासस्य च वै स पुराणस्य च गाथानां च नाराशंसीनां च प्रियं धाम भवति य एवं वेद।

एजन – १५/६/१२

(११अ) इतिहास पुराणं गाथा नाराशंस्य।

शतपथ ब्राह्मण – ११/५/६/८

(११ब) इतिहास पुराणं विद्या उपनिषदः।

एजन – १४/६/१०/६

(१२अ) एवमिमे सर्वे वेदा निर्मिताः संकल्पाः सरहस्याः स ब्राह्मणाः सोपनिषत्काः सेतिहासाः सान्वाख्याता सपुराणाः।

गोपथ ब्राह्मण – भाष्य भूमिका – २/१०

(१२ब) पञ्चवेदान् निरमितत सर्ववेदं पिशाचवेदमसुखेदमिति हासवेदं पुराणवेदम्।

एजन – १/१०

(१३) यद् ब्रह्मणानीतिहासान् पुराणानि कल्पान्

तैत्तिरीय आरण्यक – २/९

(१४) ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः ।

बृहदारण्यक उपनिषद् – २/४/१०

(१५अ) ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेद सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं ।

छांदोग्य उपनिषद् – ७/१/२

(१५ब) नाम वा ऋग्वेदो यजुर्वेदः सामवेद आथर्वणश्चतुर्थ इतिहासपुराणः पञ्चमो वेदानां वेदः ।

एजन – ७/१/४

(१५क) वाग्वाव नाम्नो भूयसी वाग्वा ऋग्वेदं विज्ञापयति यजुर्वेद सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेद ।

एजन – ७/२/१

(१६) संस्कृत साहित्य का इतिहास –

वाचस्पति गैरोला – पृ. १४६

(१७) देवी भागवत – १/३/२१

(१८) विष्णुपुराण – ३/६/२०–२४

(१९) भागवतपुराण – १२/१३/३–८

(२०) संस्कृत साहित्य का इतिहास –

वाचस्पति गैरोला – पृ. १५१

(२१) पुराण तत्त्व विमर्श

थानेशचंद्र उप्रेति – पृ. ११

(२२) सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।

निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥

श्रीमद् भ.गी. – १४/५

(२३) सत्त्वं लघु प्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः ।

गुरू वरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः ॥

सांख्यकारिका – १३

(२४) सर्ग प्रतिसर्ग वंशमन्वन्तराणि च ।
सर्वेष्वेतेषु कथ्यन्ते वंशानुचरितं च यत् ॥

विष्णुपुराण – ३/६/२५

(२५) सर्गस्य प्रतिसर्गस्य वंशभन्वन्तरस्य च ।
वंशानुचरितादे मत्स्यकूर्म्मादिरूपधृक् ॥

अग्निपुराण – १/१४

(२६) सर्ग प्रतिसर्ग वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं चैव पुराणं पक्ष्लक्षणम् ॥

मत्स्य पुराण – ५३/६४

(२७) सर्ग प्रतिसर्ग वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैव पुराणं पक्ष्लक्षणम् ॥

अमरकोश – १/६/५

(२८) अत्र सर्गो विसर्ग स्थानं पोषण मूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥

भागवतपुराण – २/१०/१

(२९) ब्रह्म वैवर्त पुराण – ४/१३१/८–१०

(३०) एजन – ४/१३१/६–७

(३१) अत्र सर्गो विसर्ग स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥

भागवतपुराण – २/१०/१

(३२) सर्ग ाथ विसर्ग वृत्ती रक्षान्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥

एजन – १२/७/१

## વિષ્ણુ પુરાણનાં આખ્યાનો

(१) किं करोमीति तान्सर्वान्स विप्रानाह चातुरः ।✓
निषीदेति तमूचुस्ते निषादस्तेन सोऽभवत् ॥

विष्णुपुराण – १/१३/३५

(२) पित्राऽपरक्तिक्रतास्तस्य प्रजास्तेनानुरक्तिक्रताः ।
अनुरागात्ततस्तस्य नाम राजेत्यजायत ॥

एजन – १/१३/४८

(३) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૩૮

(४) एजन – भा. २, पृ. १८३

(५) बहवोऽविनयान्नष्टा राजानः सपरिच्छदाः ।
वनस्था अपि राज्यानि विनयान्प्रतिपेदिरे ॥

मनुस्मृति – ७/४०

(६) विमुक्तराज्यतनयः प्रोज्झिताशेषबान्धवः ।
मम‍त्वं चकारोच्चैवस्तस्मिन्हरिण बालके ॥

विष्णुपुराण – २/१३/२३

(७) सम्मानना परां हानिं योगाद्यैः कुरूते यतः ।
जनेनावमतो योगी योगसिद्धिं च विन्दति ॥

एजन – २/१३/४२

(८) एजन – २/१३/६२

(९) आत्मा शुद्धोऽक्षरः शान्तो निर्गुणः प्रकृतेः परः ।
प्रवृद्धयपययौ नास्य एकस्याखिलजन्तुषु ॥

एजन – २/१३/७१

(१०) यदा समस्तेषु देहेषु पुमानेको व्यवस्थितः ।
तदा हि को भवान्सोऽहमित्येतद्विफलं वचः ॥

एजन – २/१३/९१

(११) एजन – २/१४/२८–३३

(१२) एजन – २/१६/२२–२३

(१३) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૪

(१४) श्रीमद् भगवद् गीता – ८/६

(१५) यावत्सूर्य उदेत्यस्तं यावच्च प्रतितिष्ठति ।
सर्व तद्यौवनाश्वस्य मान्धातुः क्षेत्रमुच्यते ॥

विष्णुपुराण – ८/२/६५

(१६) एजन – ४/२/७५

(१७) પૌરાણિક કથા કોશ – શ્રી ડાહ્યાભાઈ દેરાસરી – ભાગ–૨, પૃ. ૩૦૨

(१८) एवं गृहष्वेभिरतो विषयान् विविधैः सुखैः ।
सेवमानो न चातुष्यदाज्यस्तौकैरिवानलः ॥

श्रीमद् भागवत पुराण – ९/६/४८

(१९) आमृत्युतो नैव मनोरथानामन्तोऽस्ति विज्ञातमिदं मयाद्य ।
मनोरथासक्तिपरस्य चित्तं न जायते वै परमार्थसङ्गि ॥

विष्णुपुराण – ४/२/११९

(२०) नं साधुवादो मुनिकोपभर्जिता नृपेन्द्र पुत्रा इति सत्त्वधामानि ।
कथं तमो रोषमयं विभाव्यते जगत्पवित्रात्मनि खे रजो भुवः ॥
यस्येरिता साङ्ख्यमयी श्च्ढेह नौर्यया मुमुक्षुस्तरते दुरत्ययम् ।
भवार्णवं मृत्युपथं विपर्ा तः परात्मभूतस्य कथं पृथङ्मतिः ॥

श्रीमद् भागवत पुराण – ९/८/१३, १४

(२१) श्रीमद् भागवत पुराण – ९/८/२२–२७

(२२) सगरात्मजा दिवं जग्मुः केवलं देहभस्माभिः ।

एजन – ९/९/१२

## મત્સ્ય પુરાણનાં આખ્યાનો

(१) मत्स्य पुराण – ११/४६✓

(२) मासमेकं पुमान् वीरः स्त्री च मासमभूत् पुनः ।

एजन – १२/१२

(३) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી – ભાગ–૧, પૃ. ૭૬

(४) પૌરાણિક કથાઓ અને આખ્યાનો – એક અવગાહન

ડૉ. હર્ષદેવ માધવ, પૃ. ૧૮

(५) એજન – ડૉ. શ્રી હર્ષદેવ માધવ, પૃ. ૨૪

(६) मत्स्य पुराण – ११/४८–५१

(७) भ्रमन्ती च वने तस्मिं न्तयामास भामिनी ।
को मे पिताथवा भ्राता का मे माता भवेदिह ॥
कस्यं भर्तुरहं दत्ता कियद् वत्स्यामि भूतले ।

एजन – ११/५२, ५३

(८) अर्थः शापमदात् तस्मै लोभात् त्वं नाशमेष्यसि ।
कामोप्याह तवोन्मादो भविता गन्धमादने ।
कुमारवनमश्रित्य वियोगादुर्वशीभवात् ॥

एजन – २४/१८, १९

(९) एजन – २४/२०

(१०) पत्क्र पत्क्रत्शब्दानि लता सूक्ष्मा भविष्यसि ।
पुरूरवाः पिशाचत्वं तत्रैवानुभविष्यति ॥

एजन – २४/३१

(११) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી – ભાગ–૧, પૃ. ૩૩૨

(१२) એજન, ભાગ–૧, પૃ. ૮૯

(१३) त्वमग्ने मनवे द्यामवाशयः पुरूरवसे सुकृते सुकृतरः ॥

ऋग्वेद – १/३१/४

(१४) इति त्वा देवा इम आहुरैळ यथेमेतद्भवसि मृत्युबन्धुः ।
प्रजा ते देवान्हविषा यजाति स्वर्ग उ त्वमपि मादयासे ॥

एजन – १०/९५/१८

(१५) येन ममोपदेशस्त्वया लङ्घितस्तेन न ते दिव्यं स्थानं भविष्यतीत्युपात्तग्रायस्य शापः ।
सो त्वं यथाकामं पुरूरवसमुपतिष्ठस्व यावत्स त्वयि दृष्ट संतानो भवेदिति ॥

विक्रमोर्वीशीयम् – ३ – विष्कंभक

(१६) मेघदूत – पूर्वमेघ – ५

(१७) एकदेहोद्भवा वर्णा त्वरोडपि वरानने ।
पृथग्धर्माः पृथक्छौचास्तेषां वै ब्राह्मणो वरः ॥

मत्स्यपुराण – ३०/२०

(१८) एजन – ३२/३१

(१९) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૭૮

(२०) न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

भागवत पुराण – ९/१९/१४

विष्णु पुराण – ४/१०/२३

मत्स्य पुराण – ३४/१०

(२१) जीर्यन्ति जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः ।
धनाशा जीविताशा च जीर्यतोऽपि न जीर्यतः ॥

विष्णुपुराण – ४/१०/२७

(२२) **'नहुष'** શબ્દ – પૌરાણિક કથા કોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૦૮

(२३) आसेवितं वर्षपूगान् षड्वर्ग विषयेषु सः ।
क्षणेन मुमुचे नीडं जातपक्ष इव द्विजः ॥

भागवत पुराण – ९/१९/२४

(२४) वैराग्य शतक – १२, भर्तृहरि

(२५) वायुपुराण, उत्तरार्ध – ३२

(२६) Pauranic Encyclopaedia – P. 393

(२७) न नूनं कार्तवीर्यस्य गतिं यास्यन्ति मानवाः ।
यज्ञै र्दानैस्तपोभि विक्रमेण श्रुतेन च ॥

वायु पुराण – उत्तरार्ध – ३२/२०

मत्स्य पुराण – ४३/२४

(२८) जज्ञे बाहुसहस्रं वै इच्छतस्तस्य धीमतः ।
रथो ध्वजश्च संजज्ञे इत्येवमनुशुश्रुमः ॥

मत्स्य पुराण – ४३/१९

(२९) यस्माद् वनं प्रदग्धं वै विश्रुतं मम हैहय ।

तस्मात् ते दुष्करं कर्म कृतमन्यो हरिष्यति ॥

छित्त्वा बाहुसहस्रं ते प्रथमं तरसा बली ।

तपस्वी ब्राह्मण  त्वां स वधिष्यति भार्गवः ॥

मत्स्य पुराण – ४३/४२, ४३

(३०) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૫૩

(३१) एवं बलिभ्यो बलिनः सन्ति राघवनन्दन ।

नावज्ञा हि परे कार्या च इच्छेच्छ्रेय आत्मनः ॥

वा. रामायण – ७/३३/२२

## શ્રીમદ્ ભાગવત પુરાણનાં આખ્યાનો

(१) श्रीमद् भागवत पुराण – ४/२५/२६✓

(२) न विदाम वयं सम्यक्कर्तारं पुरुषर्षभ ।

आत्मन  परस्यापि गोत्रं नाम च यत्कृतम् ॥

एजन – ४/२५/३३

(३) विप्रलब्धो महिष्यैवं सर्वप्रकृतिवञ्चितः ।

नेच्छन्ननुकरोत्यज्ञः क्लैब्यात्क्रीडामृगो यथा ॥

एजन – ४/२५/६२

(४) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૩૧

(५) त्वं मोनीर्भवान्यस्य थ वाग्रमापतिं विचिन्वती किं मुनिवद् रहो वने ।
त्वदङ्घ्रिकामाप्तसमस्तकामं क्व पद्मकोशः पतितः कराग्रात् ॥

भागवत पुराण – ४/२५/२८

(६) वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः ।
वेदो नारायणः साक्षत्स्वयम्भूरिति शुश्रुम ॥

एजन – ६/१/४०

(७) एजन – ६/२/४

(८) अज्ञानादथवा ज्ञानादुत्तमश्लोकनाम यत् ।
सश्चीर्तितमघं पुंसो दहेदेधो यथाडनलः ॥

एजन – ६/२/१८

(९) एजन – ६/२/४९

(१०) नीतिशतक – २०

(११) श्रीमद् भागवत पुराण – ८/२४/१४

(१२) क्षिप्यमाणस्तमाहेदमिह मां मकरादयः ।
अदन्त्यतिबला वीर मां नेहोत्स्रष्टुमर्हसि ॥

एजन – ८/२४/२४

(१३) एजन – ८/२४/२५

(१४) एजन – ८/२४/२७–३०

(१५) सोडनुत्तमातस्ततो राज्ञा प्रादुरासीन्महार्णवे ।
एक शृङ्गधरो मत्स्यो हैमो नियुतयोजनः ॥

एजन – ८/२४/४४

(१६) एजन – ८/२४/६०

(१७) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૩૯

(१८) ज्ञात्वा तदावनेन्द्रस्य हयग्रीवस्य चेष्टितम् ।

दधार शरीररूपं भगवान् हरिरीश्वरः ॥

श्रीमद् भागवत पुराण – ८/२४/९

(१९) પૌરાણિક કથાઓ અને આખ્યાનો
શ્રી હર્ષદેવ માધવ – પૃ. ૫૩

(२०) अप्यभद्रं न युष्माभिर्भार्गवस्य विचेष्टितम् ॥
व्यक्तिं केनापि नस्तस्य कृतमाश्रमदूषणम् ॥

श्रीमद् भागवत पुराण – ९/३/६

(२१) चिकीर्षितं ते किमिदं पतिस्त्वया प्रलम्भितो लोकनमस्कृतो मुनिः ॥
यत्वं जराग्रस्तमसत्यसम्मतं बिहाय जारं भजसेडमुमत्त्वगम् ॥

एजन – ९/३/२०

(२२) एजन – ९/४/३९

(२३) अम्भसा केवलेनाय करिष्ये व्रतपारणम् ।
प्राहुरब्भक्षणं विप्रा ह्यशितं नाशितं च तत् ॥

एजन – ९/४/४०

(२४) एजन – ९/५/२७

(२५) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૩

(२६) मेनेडतिदुर्लभं पुंसां सर्वं तत्स्वप्नसंस्तुतम् ।
विद्वान्विभवनिर्वाणं तमो विशति यत्पुमान् ॥

श्रीमद् भागवत पुराण – ९/४/१६

(२७) क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥

श्रीमद् भगवद्गीता – २/६३

# પદ્મપુરાણનાં આખ્યાનો

(१)　हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।✓
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृत नि  यः ॥

एजन – २/३७

# શિવપુરાણના આખ્યાનો✓

(૧) શિવપુરાણ રુદ્ર સંહિતા સતીખંડ અ. ૬/૧૨ થી ૨૩

(२) **सौराष्ट्रे सोमनाथं च श्रीशैले मल्लिकार्जुनम् ।**
**उज्जयिन्यां महाकालमोंकारे परमेश्वरम् ॥**
**केदारं हिमवत्पृष्ठे डाकिन्यां भीमशंकरम् ।**
**वाराणस्यां च विश्वेशं त्र्यंबकं गौतमीतटे ॥**

बैद्यनाथं चिताभूमौ नागेशं दारूकावने ।
सेतुबन्धे च रामेशं धुश्मेशं तु शिवालये ॥
द्वादशैतानि नामानि प्रातरूत्थाय यः पठेत् ।
सर्वपापैर्विनिर्मुक्तः सर्वसिद्धिफलं लभेत् ॥

शिवपुराण कोटि रुद्र संहिता – १/२१ थी २८

(३) शिवपुराण कोटि रुद्र संहिता – ४०/२६

(४) स्थिता सत्येन धरणी सत्येनैव च वारिधिः ।
सत्येन जलधारा सत्ये सर्वं प्रतिष्ठितम् ॥

एजन – ४०/२९

(५) यो वै सामर्थ्ययुक्त नोपकारं करोति वै ।
तत्सामर्थ्यं भवेद् व्यर्थ परत्र नरकं व्रजेत् ॥

एजन – ४०/५७

✓

## પ્રકરણ – ૩

# રામાયણનાં આખ્યાનો

રામાયણના આખ્યાનો વિશે ઉલ્લેખ કરીએ તે પૂર્વે રામાયણનો પરિચય મેળવીએ તો –

### રામાયણનો પરિચય

કાવ્ય, કથા કે આખ્યાનના ક્ષેત્રમાં રામાયણ, મહાભારત એવં શ્રીમદ્ ભાગવત, આ ત્રણ ગ્રંથ રત્નો ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય નિધિ છે.

સંસ્કૃત વાઙ્મયમાં વેદ પછી જો કોઈ સાહિત્ય હોય તો તે આ ત્રણ ગ્રંથ રત્નો છે. વેદાંત દર્શનમાં જે સ્થાન બ્રહ્મસૂત્ર, ઉપનિષદ્ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાનું છે, જેને પ્રસ્થાનત્રયી કહે છે, લૌકિક સાહિત્યમાં તે સ્થાન આ ત્રણ ગ્રંથ રત્નોનું છે. જેને પ્રસ્થાનત્રયી કહીશું તો અતિશયોકિત નહી લાગે. વેદની જેમ આ ગ્રંથો પણ પરવર્તી સાહિત્યના ઉપજીવ્ય ગ્રંથ રહ્યા છે.

જો સંસ્કૃત સાહિત્યમાંથી આ ત્રણ ગ્રંથ રત્નોને અલગ કરી દેવામાં આવે તો સંસ્કૃત સાહિત્ય પોતાની તેજસ્વિતા ખોઈ બેસે. નિઃસંદેહ આ ગ્રંથો ગુણ અને પરિમાણમાં અન્ય ગ્રંથોની અપેક્ષાએ મહાન્ છે.

પ્રાયઃ સર્વ વિદ્વાનોએ પોતાની રામાયણની વ્યાખ્યાના પ્રારંભમાં એક સુંદર મનોહારી શ્લોક લખ્યો છે. જે આ પ્રમાણે છે.

**वेदवधे परे पुंसि जाते दशरथात्मजे ।**

**वेदः प्राचेतसादासीत् साक्षाद् रामायणात्मना ॥**

અર્થાત્, પરમાત્મા કેવળ વેદો દ્વારા જાણી શકાય છે જયારે પરબ્રહ્મ પરમેશ્વર લોક કલ્યાણ માટે દશરથનંદન શ્રીરામચંદ્રરૂપે અવતરીત થયા ત્યારે સર્વ વેદો પ્રચેતામુનિ પુત્ર વાલ્મીકિના મુખે રામાયણ રૂપમાં અવતીર્ણ થઈ.

તાત્પર્ય એ છે કે રામાયણ વિશુદ્ધ વેદાર્થરૂપમાં લોક કલ્યાણ માટે પ્રકટ થઈ. આ કારણે જ રામાયણનો એક–એક અક્ષર સર્વ પાપોનો પ્રશમન કરી પરમ પુણ્યનું ઉત્પાદન કરાવે છે.

**चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरम् ।**

**एकैकमक्षरं पुंसां महापातकनाशकम् ॥**

વેદો ગૂઢાર્થ છે અને રામાયણનો ભાવ અત્યંત સરળ છે. રામાયણ દ્વારા જ વેદાર્થ જાણી શકાય છે.

મહર્ષિ વાલ્મીકિએ આ રહસ્યનું વર્ણન રામાયણમાં વારંવાર કર્યું છે. રામાયણની ફલશ્રુતિમાં તેઓ કહે છે, ''વેદો સમાન પવિત્ર એવં પાપનાશક તથા પુણ્યમય આ રામચરિતનું જે પઠન કરશે તે સર્વ પાપોથી મુકત થશે.'' [૧]

**पठन् द्विजो वागृषभत्वमीयात् स्यान्क्षत्रियो भूमिपतित्वमीयात् ।**

**वणिग्जनः पुण्यफलत्वमीयात् जन   शुद्रोडपि सहत्वमीयात् ॥**

અર્થાત્, રામાયણના પઠનથી બ્રાહ્મણ શબ્દ બ્રહ્મના પારને પામે છે, ક્ષત્રિયને રાજનીતિ પ્રાપ્ત થાય, વૈશ્યને વ્યાપાર કુશળતા તથા શુદ્રને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય.

સ્વામી વિવેકાનંદ રામાયણ વિષે લખતા કહે છે કે, ''જગત્માં જેનો જોટો નથી એવા અનન્ય સાહિત્યગ્રંથ તરીકે રામાયણ આપણને પ્રાપ્ત થાય છે.''

બંકિમચંદ્ર અનુસાર 'રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઈ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજ સુધારક, રાજપુરુષ કે રાજાથી દૂર કરાયો નથી.''

વેબર મુજબ ''હોમરના કાવ્યમાં જે રસ છે તેના કરતાં રામાયણમાં વિશેષ રસ છે.''

ગોરસિયો કહે છે, 'અન્ય દેશોના મહાકાવ્યો કરતાં હિન્દનું રામાયણ મહાકાવ્ય સર્વોપરી છે અને જે અદ્ભૂત સદ્ગુણોનું વર્ણન વાલ્મીકિએ આ ગ્રંથમાં દર્શાવ્યું છે, તે તરફ લક્ષ દેતાં પોતાના કાળમાં તો શું પણ તદ્પશ્ચાત્ અનેક સૈકા વીત્યા છતાં રામ જેવા સત્ય પરાયણ રાજા કોઈપણ રાજકુળમાં થયા નથી એ રામ સકળ ગુણ સમ્પન્ન અને પ્રજાપ્રીતિ સંપાદન કરવામાં અદ્ભૂત રાજા હતા. વાલ્મીકિનું કાવ્ય આદિ કાવ્યના સ્થાનને યોગ્ય છે અને સર્વ રસથી ભરપુર છે.'

વાલ્મીકિ સ્વયં ગ્રંથના અંતે રામાયણનું મહાત્મ્ય વર્ણવતા કહે છે –

''આ સર્વ સચરાચર ત્રિલોકમાં જે વ્યાપી રહ્યા છે એવા તે ભગવાન વિષ્ણુની કથા છે અને તેમના ભકતજનો સહિત સ્વર્ગમાં રહેલા દેવો, ગંધર્વો, સિદ્ધો, મહર્ષિઓ આદિ સર્વે નિરંતર પ્રસન્ન ચિત્તે તેનું ગાન શ્રવણ કરે છે.'' [૨]

આ આખ્યાન દીર્ઘાયુષ્ય આપનારું છે. સૌભાગ્ય વધારનાર છે, પાપનો નાશ કરનાર અને વેદતુલ્ય છે. બુદ્ધિમાન્ પુરુષે શ્રાદ્ધપક્ષમાં અવશ્ય તેનું શ્રવણ કરવું. આ મહાકાવ્યના એક ચરણના પઠનથી અપુત્રવાન્ને પુત્ર પ્રાપ્તિ, નિર્ધનને ધન અને સર્વ પાપોથી મુકત થવાય છે. [૩]

''આ રામાયણ આખ્યાનનો પાઠ કરનાર મનુષ્ય દીર્ઘાયુષી થાય છે અને પુત્રપૌત્રાદિનું સુખ ભોગથી સ્વર્ગમાં પૂજાય છે. જે મનુષ્ય રામાયણનો પાઠ ગાયોને છોડતી વખતે, મધ્યાહને, તૃતીય પ્રહરમાં અને સાંયકાળે એક ચિત્તે કરે છે, તે કદાપિ દુઃખી થતો નથી.'' [૪]

આયુષ્યની વૃદ્ધિ કરનાર, ભવિષ્ય તથા ઉત્તરકાંડ સહિત સંપૂર્ણ કાવ્ય પ્રચેતાના પુત્ર ભગવાન્ વાલ્મીકિએ રચેલું છે અને તે બ્રહ્માએ માન્ય કરેલું છે. [૫]

સદીઓથી ભારત વર્ષના રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરનાર રામાયણ છે. આ ગ્રંથોમાં ભારતનું અનશ્વરરૂપ ઝીલાયું છે.

રામાયણ નિઃસંદેહ એક મહાન્ વ્યકિતની મહાન્ કૃતિ છે. 'રામાયણ' ભારતીય સાહિત્યનું પ્રથમ મહાકાવ્ય છે. વિશ્વ સાહિત્યના પ્રાચીનત્તમ મહાકાવ્યોની તુલનામાં ભાષા, ભાવ, છંદ, રચના વિધાન એવં રસ વ્યંજનાની દષ્ટિએ એક ઉત્કૃષ્ટ કૃતિ પ્રમાણિત થયેલ છે.

રામાયણની પ્રત્યેક બાબત ચરમોત્કર્ષ પ્રાપ્ત કરે છે. આ સર્વાંગીય ભાવનાનો પરિચય સ્થાન પર દષ્ટિગોચર થાય છે. તેને કદાપિ આખ્યાન. કાવ્ય, ગીતા અને સંહિતા કહ્યું છે. તેથી જ રામાયણ વિશે કહેવાયું છે કે – **'रम्या रामायणी कथा ।'**

**રામાયણ શબ્દાર્થ :**

**'रामायण'** શબ્દ આ રીતે બન્યો છે. **'रामस्य अयनम् रामायणम् ।'** અહી **'अयन'** શબ્દ મૂળ 'જવું' પરથી બનેલ છે. **अयनम्** અર્થાત્ ગતિ અથવા જીવનની ગતિ, **रामस्य अयनम्** અર્થાત્ રામની જીવનગતિ અથવા શ્રમનું જીવન.

વાલ્મીકિ રામાયણ **'स्मृत'** ગ્રંથ છે. તેમના શબ્દો મહર્ષિ વાલ્મીકિના છે. પરંતુ તેનો એક–એક અર્થ આદિકવિ દ્વારા કલ્પિત નથી.

સંસ્કૃત સાહિત્યમાં મહર્ષિ વાલ્મીકિ કૃત 'રામાયણ' આદિકાવ્ય તથા વાલ્મીકિ 'આદિકવિ' મનાય છે.

રામાયણ વિષે એક પ્રસિદ્ધ કથા છે –

એકવાર વાલ્મીકિ તમસા નદીમાં સ્નાન કરી શિષ્ય સહિત પાછા ફરતા હતા ત્યારે કોઈ એક પારધીએ ક્રૌંચયુગલમાંથી નર ક્રૌંચનો વધ કર્યો. આ દશ્ય જોઈ મહર્ષિનું હૃદય દ્રવી ઉઠયું. 'કામ ભોગમાં આસકત થયેલા પ્રાણીનો વધ કરવો અધર્મ છે,' એમ વિચારી તેના મુખમાંથી એક શ્લોક સરી પડયો.

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।**

**यत्क्रौत्त्वमिथुनादेकमवधीः काममोहितम् ॥**

અર્થાત્, કામમોહિત થયેલા ક્રૌંચયુગલમાંથી એકનો વધ કર્યો તેથી તું અનંત વર્ષો સુધી શાંતિ નહી પામે. [6]

સંસ્કૃત ટીકાકારો આ શ્લોકના અનેક અર્થો કરે છે. પરંતુ તેમાં બે અર્થ મુખ્ય છે. એક અર્થ ઉપર્યુકત આપ્યો છે. બીજો અર્થ રામચંદ્રજીને આશીર્વાદ આપવા બાબતનો છે, તે અન્ય અર્થ.

''હે લક્ષ્મીના સ્વામી રામચંદ્ર ! તમે મંદોદરી અને રાવણરૂપી ક્રૌંચમિથુનમાંથી એક રાવણ કે જે કામાસકત હતો તેનો વધ કર્યો માટે દીર્ઘકાળ સુધી આ પૃથ્વી પર સ્થિતિ પામો.''

આ પ્રમાણે અનુષ્ટુપ્ છંદમાં શ્લોક રચાયો હોવાથી મહર્ષિ વાલ્મીકિ અનુષ્ટુપ્ છંદના આવિષ્કર્તા મનાય છે. વેદોમાં પણ અનુષ્ટુપ્ છંદ પ્રયુકત થયેલ છે. પરંતુ વાલ્મીકિનો અનુષ્ટુપ્ છંદ લઘુ–ગુરુ માત્રાવાળો નિયમબદ્ધ છે.

મહર્ષિ વાલ્મીકિની વાણી સાંભળી સ્વયં બ્રહ્મા ઉપસ્થિત થયા અને આ જ છંદમાં રામચરિત્ર રચવાનું કહ્યું. વાલ્મીકિએ આ આજ્ઞા માન્ય કરી અને રામાયણની રચના અનુષ્ટુપ્ છંદમાં કરી.

## વાલ્મીકિ જીવન

**कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।**

**आसह्यंकविताशाखां वन्दे वाल्मीकिकोकिलम् ॥**

રામાયણના કર્તા વાલ્મીકિ વિષે ચોક્કસ માહિતી પ્રાપ્ય નથી. એક માન્યતા પ્રમાણે વાલ્મીકિ ભાર્ગવ કે પ્રાચેતસ તરીકે વિખ્યાત હતા.

વિષ્ણુપુરાણ અનુસાર વાલ્મીકિ ભૃગુના વંશજ અને વૈવસ્વત મન્વન્તરના ૨૪મા વ્યાસ હતા. વાલ્મીકિને પ્રાચેતસ્ પણ કહેવામાં આવે છે.

સંક્ષેપ રામાયણની ટીકા જણાવે છે કે –

**ननु वल्मीकनामकमुनेः स्कन्नं रेतः काचित्सपङ्गिना पीत्वा ।**

**वाल्मीकिं जनयामासेति स्कान्दे वैशाखमाहात्म्ये श्रूयते ॥**

આ માન્યતા પ્રમાણે વાલ્મીકિ વલ્મીક નામના મુનિ હતા અને સર્પિણીથી તે ઉત્પન્ન થયા હતા.

વાલ્મીકિનું મૂળ નામ 'રત્નાકર' હતું. વાલ્મીકિ વિષે એક ખૂબ પ્રચલિત લોકકથા મુજબ તેઓ દ્વિજપુત્ર હતા. છતાં કિરાતો સાથે ઉછર્યા હતા. શુદ્ર પત્નીથી તેમને અનેક સંતાનો થયા હતા. વાલ્મીકિ ગુજરાન ચલાવવા લૂંટ–ફાંટ કરતા હતા. તેથી જ ગુજરાતી ગ્રંથોમાં તે લૂંટારા વાલ્મીકિને 'વાલિયો લૂંટારો' કહે છે.

એકવાર જંગલમાં તેઓ લૂંટ માટે ગયા ત્યારે સપ્તર્ષિઓ ત્યાંથી પસાર થયા. વાલ્મીકિએ તેમને લૂંટવાની ઈચ્છાથી અટકાવ્યા. ઋષિઓએ તેને પૂછયું, ''તું આ પાપ કોના માટે કરે છે ?'' વાલ્મીકિએ ઉત્તર આપ્યો, ''મારી પત્ની અને સંતાનોના સુખ માટે.'' ઋષિઓએ પુનઃ પૂછયું, તું કયારેય તારી પત્ની અને સંતાનોને પૂછયું કે, ''તેઓ આ પાપમાં ભાગીદાર થવા માંગે છે કે નહિ ?'' લૂંટારાના પૂછવાથી તેની પત્ની અને સંતાનોએ પાપમાં ભાગીદાર થવાની ના કહી. આથી લૂંટારાને વૈરાગ્ય આવી ગયો. સપ્તર્ષિઓને ગુરુ બનાવી તેમની પાસેથી **'मरा मरा'** મંત્ર શીખ્યો.

દીર્ઘકાળ પશ્ચાત્ તે સપ્તર્ષિ એ જ માર્ગે પસાર થયા. તેમણે એક વલ્મીક–રાફડામાંથી **'राम राम'** એવો અવાજ સાંભળ્યો. ઋષિઓ સમજી ગયા કે તે લૂંટારો જ વલ્મીક નીચે છવાઈ ગયો છે અને **'मरा मरा'** શબ્દના અક્ષરો ઉલટા બનીને **'राम राम'** થઈ ગયા.

ઋષિઓ રાફડા પાસે જઈને બોલ્યા. 'ઊભા થાઓ વલ્મીક જન્મા વાલ્મીકિ ! તમે તો ઋષિ બની ગયા. વલ્મીકને ભેદીને ઊભા થયેલા પુરુષ હવે લૂંટારો ન હતો. તે તો હતા, આદિકવિ વાલ્મીકિ.'

રામાયણના બાલકાંડ અને ઉત્તરકાંડમાં વાલ્મીકિ વિષેની વાત આવે છે.

બાલકાંડમાં ક્રૌંચવધની વાતનું નિરુપણ છે. તે મુજબ વાલ્મીકિએ પારધી દ્વારા ક્રૌંચયુગલમાંથી નર ક્રૌંચનો વધ કર્યો. આ દશ્ય જોઈ વાલ્મીકિનું હ્દય દ્રવી ઉઠયું. તેના મુખમાંથી અનુષ્ટુપ્ છંદમાં એક શ્લોક સરી પડયો.

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतः समाः ।**

**यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥**

બ્રહ્માએ આજ છંદમાં પૂર્વે નારદ દ્વારા કહેવાયેલ રામ કથાની રચના કરવા કહ્યું.

આવી કથા રામાયણના બાલકાંડમાં છે.

ઉત્તરકાંડમાં રામ દ્વારા પરિત્યકત સીતાને વાલ્મીકિ આશ્રય આપે છે. સીતા આ આશ્રમમાં જ લવ–કુશને જન્મ આપે છે. વાલ્મીકિ દ્વારા શીખવાયેલી રામ કથા લવ–કુશ રામના અશ્વમેઘ યજ્ઞ સમયે રામ સમક્ષ ગાય છે.

વાલ્મીકિ વિષે આપણી પાસે કોઈ પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત નથી. પરંતુ રામાયણના કર્તાની વાણીમાં એવું શાશ્વત તે જ ભર્યું છે કે **'यावत्स्थास्यन्ति गिरयः सरित महीतले ।'** તેનું તેજ ઝાંખુ પડશે નહીં.

ઉપર્યુકત માહિતીને આધારે વાલ્મીકિના જીવન વિષે નીચે પ્રમાણે સાર તારવી શકાય –

૧) વાલ્મીકિ રામના સમકાલીન હતા.

૨) પ્રથમ વાલ્મીકિ સામાન્ય મનુષ્ય શિકારી હતા. તત્પશ્ચાત્ મહર્ષિપદ પામ્યા.

૩) તપ કરતાં વલ્મીક થયો. જેથી વાલ્મીકિ નામાભિધાન પ્રાપ્ત કર્યું.

૪) વાલ્મીકિને સપ્તર્ષિ કે નારદજીનો સંગ થયેલો.

૫) ક્રૌંચ પ્રસંગના વિષાદ પરથી વિષાદયુકત બનતા રામકથા લખવાની પ્રેરણા મળી.

૬) તેઓ પ્રચેતાના દસમા પુત્ર હતા.

૭) તેઓએ લવ–કુશને રામાયણનું અધ્યયન કરાવ્યું.

૮) તરછોડાયેલી સીતાને પોતાના આશ્રમમાં પુત્રીવત્ રાખી સીતા અને પુત્રોનું પાલન કર્યું.

૯) તેઓ અગ્નિશર્મા નામના બ્રાહ્મણ હતા.

૧૦) અધ્યાત્મ રામાયણની કથા પ્રમાણે તેઓ કિરાતોની સાથે રહેતા. તેમના વિવાહ શુદ્ર કન્યા સાથે થયેલા અને અનેક સંતાનોના પિતા થયેલા.

## રામાયણ રચનાકાળ

વાલ્મીકીય રામાયણના નિર્માણનો સમય નિશ્ચિત કરવો કઠીન છે. રામાયણ પ્રાચીન કૃતિ છે. રામ વૈદિક, બૌદ્ધ તથા જૈન ધર્મોમાં મર્યાદા પુરુષોત્તમ મનાય છે. બૌદ્ધ તથા જૈન સાહિત્યમાં રામકથાનો સ્પષ્ટ નિર્દેશ છે.

એક કલ્પના પ્રમાણે વાલ્મીકિ રામના સમકાલીન ત્રેતાયુગમાં થયા. ત્રેતાયુગની ગણતરી પ્રમાણે આશરે ૮૬૭૧૦૦ ઈ.સ. પહેલા હોય. [૭]

બલદેવ ઉપાધ્યાય અનુસાર મહાભારત રામકથાથી પરિચિત હતું. રામાયણમાં મહાભારતના પાત્રનો ઉલ્લેખ નથી. પરંતુ મહાભારતના વનપર્વમાં રામોપાખ્યાન (અ. ૨૭૩) નો સમાવેશ છે. [૮]

વાચસ્પતિ ગૈરોલાને મતે મહાભારત ઈ.પૂ. ૩૧૦૦ માં રચાયું અને રામાયણની રચના તેની પૂર્વે થઈ ચૂકી હતી.

રામાયણની રચના બુદ્ધ, પાણિનિ અને વ્યાસ પૂર્વે થઈ. આમ છતાં તેનો નિશ્ચિત સમય કહેવો કઠીન છે. જુદા–જુદા વિદ્વાનોએ રામાયણ સમયની ભિન્ન–ભિન્ન કલ્પના કરી છે.

ડો. વચનદેવકુમાર રામાયણનો સમય ઈ.સ. પૂ. ૪૦૦૦ નો માને છે.

શ્રી વરદાચાર્ય ઈ.સ.પૂ. ૩૧૦૦ ને રામાયણનો સમય ગણે છે.

તિલકના મતે રામાયણ ઈ.સ.પૂ. ૧૮૦૦ થી ઈ.સ.પૂ. ૧૬૦૦ સુધીમાં રચાયું હશે.

શ્રી બલદેવ ઉપાધ્યાય ઈ.સ.પૂ. છઠ્ઠી સદીને રામાયણનો રચનાકાળ માને છે.

શ્રીકીથ ઈ.સ.પૂ. ૪થી સદી, વિન્ટર્ નિત્સ ઈ.સ.પૂ. ૩જી સદી અને ડો. બેલવેલકર ઈ.સ.પૂ. ૨જી સદીને રામાયણનો રચના સમય માને છે.

પ્રાયઃ વિદ્વાનો માને છે કે વાલ્મીકિના મૂળ રામાયણની રચના ઈ.સ.પૂ. ત્રીજી સદીમાં થઈ હશે અને રામાયણનું વર્તમાન સ્વરૂપ ઈ.સ.ની બીજી સદીમાં આકારાઈ ગયું હશે.

## રામાયણ કથા સાર

રામાયણ સાતકાંડમાં વિભકત છે. આ કાંડ આ પ્રમાણે છે –✓

૧) બાલકાંડ

૨) અયોધ્યાકાંડ

૩) અરણ્યકાંડ

૪) કિષ્કિન્ધાકાંડ

૫) સુંદરકાંડ

૬) યુદ્ધકાંડ / લંકાકાંડ

૭) ઉત્તરકાંડ

પ્રત્યેક કાંડના અવાંતર વિભાજનને ‘સર્ગ’ કહેવામાં આવે છે.

કેટલાક વિદ્વાનો બાલકાંડ અને ઉત્તરકાંડને પ્રક્ષિપ્ત માને છે. તેમના મત મુજબ બાલકાંડના પ્રથમ અને તૃતીય સર્ગમાં જે વિષય સૂચિ છે, તેમાં ઉત્તરકાંડનો નિર્દેશ નથી. [૯]

જર્મન વિદ્વાન્ યાકોબી મૂળ રામાયણમાં અયોધ્યાકાંડથી યુદ્ધકાંડ કુલ પાંચ જ કાંડ છે. લંકાકાંડમાં અંતે કથા સમાપ્ત થઈ જાય છે. તેથી ઉત્તરકાંડને પાછળથી જોડાયેલ માને છે. આ કાંડમાં કેટલાક એવા આખ્યાનો છે, જેનો મૂળ કથા સાથે સંબંધ નથી.

**(૧) બાલકાંડ :**

રામાયણનો આ પ્રથમ કાંડ છે. તેમાં ૭૭ સર્ગ અને ૨૨૬૭ શ્લોકો છે.

રામાયણના ઉપોદ્‌ઘાતથી પ્રારંભી સૂર્યવંશ અને દશરથ ચરિત્ર, શૃંગી ઋષિનું આખ્યાન, દશરથ રાજાનો અશ્વમેધ યજ્ઞ, શ્રીરામ જન્મ પ્રસંગ, વિશ્વામિત્રનો યજ્ઞ, વિશ્વામિત્ર સાથે રામ–લક્ષ્મણનો પ્રવાસ, ગંગા પ્રાકટય, સીતા સ્વયંવર, જનકપુરીથી વિદાય ઈત્યાદિ પ્રસંગોનું વર્ણન છે.

**(૨) અયોધ્યાકાંડ :**

આ કાંડમાં ૧૧૯ સર્ગ અને ૪૨૮૬ શ્લોક સંખ્યા છે.

રામના રાજયાભિષેકથી આરંભી શ્રીરામ વનગમન, અયોધ્યાવાસીઓનો શોક, દશરથના પૂર્વકૃત કર્મનું સ્મરણ, તદ્ અંતર્ગત શ્રવણ આખ્યાન, દશરથ રાજાનો પ્રાણ ત્યાગ, ભરતનું ચિત્રકૂટમાં રામ સાથે મિલન, રામ–ભરત સંવાદ, ભરતનો નંદિગ્રામવાસ વગેરે વર્ણ્ય વિષયો છે.

**(૩) અરણ્યકાંડ :**

પ્રસ્તુત કાંડમાં ૭૫ સર્ગ અને ૨૪૪૪ શ્લોકો આવેલા છે.

આ કાંડમાં રામના દંડકારણ્ય નિવાસથી પ્રારંભી અલગ–અલગ ઋષિઓ સાથે મિલન, રામ–લક્ષ્મણ–સીતાનો પંચવટી નિવાસ, શૂર્પણખાના કર્ણ–નાસિકા છેદન, ચૌદ રાક્ષસોનો વધ, રાવણ દ્વારા સીતાહરણ, શોકગ્રસ્ત રામ, સીતા વિરહ, સીતા શોધ માટે રામ–લક્ષ્મણનું પ્રયાણ, જટાયુ વધ, શબરીની ભેટ, રામ–લક્ષ્મણનું પંપા સરોવરમાં આગમન વગેરે વિષયોનું નિરુપણ છે.

**(૪) કિષ્કિન્ધા કાંડ :**

આ કાંડમાં કુલ ૬૭ સર્ગ અને ૨૪૫૫ શ્લોકો સમાવિષ્ટ છે.

પ્રસ્તુત કાંડ સીતાની શોધ કરતાં કિષ્કિન્ધા નગરીમાં પ્રવેશથી આરંભી રામ–લક્ષ્મણનો હનુમાન સાથે સમાગમ, મૈત્રીનો પ્રસ્તાવ, વાલી–સુગ્રીવની શત્રુતા, વાલી–સુગ્રીવ યુદ્ધનો પ્રારંભ, વાલીવધ, સુગ્રીવનો રાજ્યાભિષેક, હનુમાનનો સુગ્રીવને બોધ, વાનર સેનાનું એકત્ર થવું. ચારે દિશામાં સીતાની શોધ, હનુમાન જન્મ કથા વગેરે વૃત્તાન્તોનું નિરુપણ છે.

**(૫) સુંદરકાંડ :**

રામાયણના આ પંચમકાંડમાં ૬૮ સર્ગ અને ૨૮૨૯ શ્લોકો છે.

આ કાંડનું નામ સુંદરકાંડ છે. તદ્ અંતર્ગત હનુમાનનું લંકા પહોંચવું, અશોક વાટિકામાં સીતાનું દર્શન, હનુમાને ગાયેલી રામકથા, હનુમાનનું સીતાને સાંત્વન, હનુમાનનું લંકા દહન, હનુમાનનું કિષ્કિન્ધામાં પુનરાગમન ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.

**(૬) યુદ્ધકાંડ / લંકાકાંડ :**

આ કાંડમાં રામ દ્વારા હનુમાનની પ્રશંસા, યુદ્ધ માટે પ્રયાણ, વિભીષણનો હિતોપદેશ, યુદ્ધ મંત્રણા, રાવણવધની પ્રતિજ્ઞા, સેતુબંધ બાંધી લંકામાં સૈન્યનું આગમન, લંકા પર આક્રમણ, વાનરો અને રાક્ષસોનું દ્વન્દ્વ યુદ્ધ, ઈન્દ્રજીતનું પરાક્રમ, લક્ષ્મણની મૂર્છા, કુંભકર્ણનું યુદ્ધ, રાવણનો વિલાપ, ઈન્દ્રજીતનું યુદ્ધ, રાવણનું યુદ્ધ, રાવણવધ, વિભીષણનો રાજ્યાભિષેક, સીતાની અગ્નિપરીક્ષા, રામ–લક્ષ્મણ–સીતાનું અયોધ્યા પ્રયાણ વગેરે વર્ણ્ય વિષયો છે.

**(૭) ઉત્તરકાંડ :**

રામાયણનો આ પ્રક્ષિપ્ત અંતિમ કાંડ મનાય છે. તેમાં ૧૧૧ સર્ગો અને ૩૩૭૯ શ્લોકો છે.

લંકા સ્થપાયાથી આરંભી રાવણચરિત્ર, હનુમાન ચરિત્ર, શ્રીરામચન્દ્રજીનું રાજ્ય, સીતા સંબંધી લોકવાયકા, સીતાત્યાગ, સીતાને વાલ્મીકિ ઋષિએ આપેલ આશ્વાસન, રાજધર્મ વિષયક કથાઓમાં નૃગ રાજાની કથા, યયાતિ ચરિત્ર, લવણાસુરનું આખ્યાન, શ્રીરામચન્દ્રજીનું રાજ્ય, કલ્માષપાદ રાજાનું આખ્યાન, ધર્મરાજ્યનું સ્થાપન, શ્રીરામ દ્વારા અશ્વમેધ યજ્ઞનું અનુષ્ઠાન, લવ–કુશ દ્વારા રામાયણ ગાન, શ્રીરામનું સ્વર્ગારોહણ વગેરે વિષયો નિરુપ્યા છે.

રામાયણમાં કુલ સાત કાંડ ૬૪૫ સર્ગ અને ૨૩૩૭૦ શ્લોકો છે. ક્ષેપક સર્ગ અને શ્લોક સાથેની સંખ્યા ૬૬૦ અને ૨૪૦૬૦ થાય છે.

રામાયણમાં શ્લોકોની સંખ્યા કેટલી છે, તે વિષયમાં નિમ્નલિખિત શ્લોકને પ્રમાણ માની શકાય.

**चतुर्विंशत्सहस्त्राणि श्लोकानमुक्तवानृषिः ।**

**तथा सर्गशतान्यज्च षट्काण्डानि सहोत्तरम् ॥**

અર્થાત્, ઋષિ ૨૪૦૦૦ શ્લોક એવું ૫૦૦ સર્ગ તથા ઉત્તર સહિત છ કાંડ કહે છે.

એક માન્યતા મુજબ રામાયણના ૨૪૦૦૦ શ્લોકો છે અને તેના પ્રત્યેક હજાર શ્લોકના પ્રારંભના અક્ષરને એકત્ર કરો તો ગાયત્રી મંત્ર થાય છે. આ ચમત્કૃતિપૂર્ણ તારણનું મૂલ્ય શંકાસ્પદ ગણાય તે સ્પષ્ટ છે.

# રામાયણનાં આખ્યાનો✓

**પ્રસ્તાવના :**

રામાયણમાં ઉલ્લિખિત આખ્યાનોના વર્ણન પૂર્વે આખ્યાન વિશે અલ્પ પરિચય પ્રાપ્ત કરીએ.

'આખ્યાન' અર્થાત્ કહેલું. પૂર્વે બનેલી ઘટનાનું વર્ણન. જેમ કે, મહાભારત, રામાયણ, પુરાણ આદિ.

આખ્યાન વેદમાંથી ઉદ્ભવ્યું, તે ચર્ચા પૂર્વે કરી. વેદ પશ્ચાત્ આખ્યાન બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો, પુરાણો ઈત્યાદિમાં વિકસ્યા.

આખ્યાનો મૂળ કથામાં અવાન્તર કથા જેવા હોય છે. આ આખ્યાનો કહેવાનો મૂળ ઉદ્દેશ બોધ આપવાનો હોય છે.

રામાયણ અંતર્ગત પ્રસિદ્ધ કથાઓને કારણે તે ઉપજીવ્ય ગ્રંથની સંજ્ઞા પ્રાપ્ત કરે છે. સ્વયં વાલ્મીકિએ રામાયણને **'परं कवीनामाधारम्'** ઘોષિત કર્યું છે.

કવિ વાલ્મીકિએ આખ્યાનો પ્રાયઃ મુખ્યકથાના આદિ એવં અંતમાં ગૂંથી પાઠકની રસ–રુચિની રક્ષા કરી છે.

મહાભારત એવં પુરાણોની અપેક્ષાએ રામાયણમાં આખ્યાનોનું પ્રમાણ અલ્પ છે. રામાયણના ઉત્તરકાંડ સર્ગ–૯૪ અનુસાર રામાયણમાં ૨૪૦૦૦ શ્લોક અને ૧૦૦ ઉપાખ્યાનો છે. [૧૦]

પ્રસ્તુત નિબંધમાં રામાયણના પ્રત્યેક આખ્યાનનો ઉલ્લેખ કર્યો નથી. અલ્પ આખ્યાનો જે ઐતિહાસિક દષ્ટિએ મહત્ત્વના છે, તે નિરુપવાનો પ્રયત્ન કર્યો છે.

રામાયણનું કથાનક પ્રમાણમાં સાદું અને સરળ છે. બાલકાંડ અને ઉત્તરકાંડને બાદ કરતાં સમગ્ર કથા એક સરળ પ્રવાહમાં જ વહે છે. વિદ્વાનો આ બંને કાંડને પ્રક્ષિપ્ત ગણે છે.

આ બંને કાંડમાં કેટલીક ઉપકથાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ તેનો વિસ્તાર મહાભારત જેટલો નથી.

અત્રે રામાયણના સંસ્કાર અને સંસ્કૃતિના ઘડતર કરે તેવા આખ્યાનો નિરુપ્યા છે.

## (૧) ઋષ્યશૃંગ આખ્યાન

પ્રસ્તુત આખ્યાન રામાયણના પ્રથમ કાંડ બાલકાંડના ૧૦મા સર્ગમાં ઉલ્લેખાયેલું છે, જે નીચે પ્રમાણે છે –

મુનિકુમાર ઋષ્યશૃંગ ધીર અને તપસ્વી હતા. તેઓ જન્મથી અદ્યપર્યન્ત નગરમાં પ્રવેશ્યા ન હતા. તેમણે સ્ત્રી દર્શન પણ કર્યું ન હતું.

તે મુનિકુમાર વિચરણ કરતા ગણિકાના નિવાસ સ્થાન પર પહોંચી ગયા. ગણિકાઓએ પૂછ્યું.

**कस्त्वं किं वर्तसे ब्रह्मज्ज्ञातुमिच्छामहे वयम् ।**

**एकस्त्वं विजने दूरं वने चरसि शंस नः ॥**

અર્થાત્, આપ કોણ છો ? નિર્જન વનમાં કેમ વિચરી રહ્યા છો ? અમે તે જાણવા ઈચ્છીએ છીએ ? [૧૧]

ઋષ્યશૃંગે સ્ત્રી દર્શન કર્યું ન હતું તેથી તે સ્ત્રી સાથે વાત કરવા પ્રેરાયા. ઋષિએ કહ્યું, વિભાંડક મુનિ મારા પિતા છે, મારું નામ ઋષ્યશૃંગ છે. તપ દ્વારા હું પ્રસિદ્ધ છું. [૧૨]

તે સર્વ ગણિકા ઋષ્ય શૃંગ સાથે આશ્રમે આવી. ઋષિએ તેમનો આતિથ્ય સત્કાર કર્યો અને ગણિકાઓએ એક ઉત્તમ ફળ આપી ઋષિને તે આરોગવા કહ્યું.

ગણિકાઓના ચાલી જવાથી ઋષિ વ્યાકુળ થઈ ગયા. ગણિકાની શોધ કરતા તે ઋષિ ગણિકાના આશ્રમે ગયા.

આ જોઈ ગણિકાઓ પ્રસન્ન થઈ અને ઋષિને રોમપાદ રાજાના નગરમાં લઈ આવી. તેમના આગમનથી શીઘ્ર ઈન્દ્રદેવે વૃષ્ટિ કરી.

રોમપાદે વરદાન માગતા કહ્યું કે, ''ગણિકાઓ દ્વારા આપ અહી પધાર્યા. તેથી હું આપનો અપરાધી છું. આપના પિતા વિભાંડકનો મારા તરફ ક્રોધ ન થાઓ.'' [૧૩]

આ પ્રમાણે પ્રાર્થનાથી પ્રસન્ન થયેલ ઋષ્ય શૃંગના પોતાની પુત્રી 'શાન્તા' સાથે વિવાહ કરાવ્યા.

મહાભારત વનપર્વ આ કથા ઉલ્લેખે છે. તેથી વિશેષ વિવેચન મહાભારતના આખ્યાન અંતર્ગત કરીશું.

પ્રસ્તુત આખ્યાનની સમીક્ષા કરીએ તો –

સ્ત્રીઓના કામબાણથી સમગ્ર વિશ્વ આસકત છે. ઋષિ મુનિઓ પણ તેનાથી મુકત નથી. સ્ત્રી પોતાના રાગથી સર્વ કાર્ય સિદ્ધ કરી શકે છે. તેનું દષ્ટાંત ઋષ્યશૃંગના જન્મની કથા આપી શકાય.

ઋષ્યશૃંગના જન્મ વિષે પુરાણોમાં એક આખ્યાન પ્રચલિત છે, જે આ મુજબ છે.

વિભાંડક મુનિનું વીર્ય ઉર્વશીના દર્શનથી સરોવરમાં સ્ખલિત થયું. તે જળ સાથે મૃગીના ઉદરમાં ઉતરી ગયું. તેમાંથી ઋષ્યશૃંગનો જન્મ થયો. તેના મસ્તક પર શૃંગ હોવાને કારણે ઋષ્યશૃંગ નામ પડયું.

ઋષ્યશૃંગને વિભાંડકના ઔરસ્ પુત્ર કહ્યા છે. સ્મૃતિ અનુસાર – **संस्कृतायां तु भार्यायां स्वयमुत्पादयतु तं तमौरसं विजानीयात् ।** સંસ્કારયુકત સ્વસ્ત્રીમાં પોતે જે પુત્રને ઉત્પન્ન કર્યો હોય તેને 'ઔરસ્' કહેવો.

ઉપર્યુકત વચન સાથે આ કથા બંધબેસતી નથી. કારણ કે ઋષ્યશૃંગનો જન્મ એક મૃગલીથી વર્ણવ્યો છે. તેથી તે વિભાંડક મુનિનો ઔરસ પુત્ર ન કહી શકાય.

ઉપર્યુક્ત કથા કંઈક અન્ય તાત્પર્ય બતાવનારી હશે.

ઋષ્યશૃંગ બ્રહ્મચારી હતા. બ્રહ્મચારીના બે સ્વરૂપનું વર્ણન કરતાં રામાયણકાર લખે છે. ''બ્રાહ્મણોએ નિત્ય બંને સ્વરૂપોનું વર્ણન કર્યું છે. એક દંડ મેખલા ઈત્યાદિ ધારણરૂપ મુખ્ય બ્રહ્મચર્ય અને દ્વિતીય ઋતુકાળમાં પત્ની સમાગમરૂપ ગૌણ બ્રહ્મચર્ય.'' [૧૪]

પોતાના પુત્ર ઋષ્યશૃંગનું બ્રહ્મચર્ય ભંગ થવા છતાં મુનિ વિભાંડક ક્રોધિત કેમ ન થયા ? તે બાબતનું સમાધાન આ રીતે આપી શકાય. વિભાંડક મુનિ તત્ત્વજ્ઞ તથા ત્રિકાલદર્શી હતા. તેથી તેમણે 'પુત્રનું ભાવિ હતું તેમ થયું,' એમ વિચારીને ક્રોધ શાંત કર્યો.

કેટલાક પુરાણો મુજબ 'શાન્તા' દશરથ રાજાની કન્યા હતી અને તેમના મિત્ર રોમપાદ રાજાએ પોતે નિઃસંતાન હોવાથી તેને દત્તક લીધી હતી.

રાજા દશરથ નિઃસંતાન હતા અને સંતાન પ્રાપ્તિ માટે યજ્ઞ કાર્ય કરાવવા રાજા રોમપાદ પાસે તેમના જામાતા ઋષ્યશૃંગની માગણી કરે છે, તેવો ઉલ્લેખ રામાયણ–૧/૧૧ માં છે.

રાજા રોમપાદ બ્રાહ્મણોને કહે છે. વનમાં રહેનાર વિભાંડક પુત્ર ઋષ્યશૃંગને લઈ આવો અને તેમની સાથે પુત્રી શાંતાના વિધિપૂર્વક વિવાહ કરો. જેથી તમારા દેશમાં વૃષ્ટિ થશે. [૧૫]

આ બાબતનો ઉલ્લેખ રામાયણે કર્યો છે. રાજા પોતાની પ્રજાના સુખ માટે કોઈપણ મુશ્કેલ કાર્ય સિદ્ધ કરે છે તે ત્યાં સુધી કે તે પોતાની કન્યાના વિવાહ પણ ઋષિ સાથે કરાવે છે.

આ બાબતનું ઉદાહરણ રાજા શર્યાતિનું આપી શકાય. શર્યાતિએ ચ્યવન ઋષિ વૃદ્ધ હોવા છતાં પોતાની પ્રજાના કલ્યાણ માટે સુકન્યાના વિવાહ તેમની સાથે કર્યા.

## (૨) અહલ્યા આખ્યાન

અહલ્યા આખ્યાન રામાયણના બાલકાંડમાં સર્ગ–૪૮ માં નિર્દેશાયેલ છે. અહલ્યાનો ઉદ્ધારક કેવી રીતે થયો તે આ કથામાં નિરુપ્યું છે, જે આ પ્રમાણે છે –

મિથિલાનગરીમાં ઉપવનમાં આશ્રમમાં ગૌતમ ઋષિ અહલ્યા સાથે નિવાસ કરતા હતા.

એક દિવસ ગૌતમની અનુપસ્થિતિમાં શચીપતિ ઈન્દ્ર ગૌતમ મુનિનું રૂપ ધારણ કરી અહલ્યા પાસે આવી કહેવા લાગ્યા.

**संगमं त्वहमिच्छामि त्वया सह सुमध्यमे ।**

અર્થાત્, તારી સાથે સમાગમની ઈચ્છા રાખું છું. [16]

ઈન્દ્રનું આવું યુકિતપૂર્ણ વચન સાંભળી ઈન્દ્ર પોતાના સ્વામીના રૂપે આવ્યા છે તે જાણતી હોવા છતાં કુતુહલવશ ઈન્દ્રના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

સમાગમ પશ્ચાત્ સંતુષ્ટ થયેલી અહલ્યા કહેવા લાગી, અહીંથી શીઘ્ર ચાલ્યા જાવ. મહર્ષિ ગૌતમના કોપથી મારી રક્ષા કરો. [17]

ઈન્દ્ર ચાલતો થયો તે સમયે ઋષિ ગૌતમ સમિધ સાથે આશ્રમમાં પ્રવેશ્યા. ઈન્દ્રને પોતાના રૂપમાં જોઈ ગૌતમ ક્રોધિત થઈ કહેવા લાગ્યા.

**मम रूपं समास्थाय कृतवानसि दुर्मते ॥**

**अकर्तव्यमिदं यस्माद् विफलस्त्वं भविष्यसि ॥॥**

અર્થાત્, મારું રૂપ ધરી નિંદ્ય કર્મ કર્યું માટે તું વૃષણરહિત થઈશ. [18]

તત્ક્ષણ ઈન્દ્રના બંને વૃષણ પૃથ્વી પર તૂટી ગયા.

ગૌતમ પત્ની અહલ્યાને પણ શાપ આપ્યો કે તું હજારો વર્ષ પર્યન્ત આ આશ્રમમાં નિવાસ કરીશ. કોઈ પ્રાણી તને જોઈ શકશે નહી. દશરથનંદન રામના દર્શનથી પવિત્ર થઈશ અને મારી સમીપ રહીશ. [19]

આ પ્રમાણે દુષ્ટ કર્મ કરનારી અહલ્યાને શાપ આપી ગૌતમ ઋષિ તપ કરવા ચાલ્યા ગયા.

વિશ્વામિત્ર મુનિનું વચન સાંભળી રામ–લક્ષ્મણ સહિત અહલ્યાના આશ્રમમાં પ્રવેશ્યા. દિવ્ય સ્વરૂપા અહલ્યાને જોઈ શ્રીરામચન્દ્રજીના દર્શનમાત્રથી અહલ્યાએ દેહ ધારણ કર્યો અને પતિ ગૌતમના શાપનો અંત થયો.

શ્રીરામ–લક્ષ્મણે અહલ્યાના ચરણ સ્પર્શ કર્યા. અહલ્યાએ તેમનો આતિથ્ય સત્કાર કર્યો. ગૌતમને આશ્રયે રહેનારી પત્ની અહલ્યા તપશકિતથી વિશુદ્ધ સ્વરૂપે પ્રાપ્ત થઈ. મુનિ ગૌતમ પત્નીને જોઈ હર્ષ પામ્યા. વિધિવત્ શ્રીરામનું પૂજન કરી તપસ્યાનો આરંભ કર્યો.

પ્રસ્તુત આખ્યાનનું વિવેચન કરતાં નીચેના મુદ્દા તારવી શકાય –

પ્રસ્તુત કથામાં દેવોમાં સુલભ માનવીય દુર્બળતાનું સુંદર ચિત્રણ કર્યું છે. અપરાધીને ઉચિત દંડ પ્રાપ્ત થયો છે.

સ્ત્રી પતનના માર્ગે વળે તો સમાજનું પતન થાય છે. અહલ્યાના પતિત થવાથી પોતાના પતિ દ્વારા શાપનો ભોગ બની. પતિ પણ પત્નીની અવનતિ સહી શકતો નથી. ગૌતમ ઋષિ તેનું ઉદાહરણ છે.

ગૌતમ આદર્શ ઋષિ છે. ઋષિ સમાજના નીતિ–નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યકિતને તે પૂજયતમ હોય અથવા પ્રિયત્તમ, પૂર્ણતઃ દંડીત કરે છે.

અહલ્યા શીલા બની ગઈ, તે વાત રામાયણ સ્વીકારતું નથી. રામાયણ અનુસાર અહલ્યા અદશ્ય સ્વરૂપમાં હતી. રામના દર્શનમાત્રથી દશ્ય બની. શીલા બની તે વાત રામાયણમાં નથી. આ કલ્પના પુરાણો પરથી સંસ્કૃત ટીકાકારોએ કરી હોય એમ લાગે છે.

અહલ્યા પંચ સતી સ્ત્રીઓમાં મુખ્ય છે. **अहल्या द्रौपदी सीता तारा मन्दोदरी तथा ।**

પરંતુ અહીં અહલ્યાએ કુતુહલવશ ઈન્દ્ર સાથે સમાગમ કર્યો. એવું સ્પષ્ટ કહ્યું હોવાથી અહલ્યાના સતીત્વ વિશે શંકા થયા વિના ન રહે.

મહાત્મા તુલસીદાસજી તથા ગુર્જર કવિ ગિરધરે પોતાની રામાયણમાં અહલ્યાનું સતીત્વ જાળવવા માટે ઉલ્લેખ કરતા કહ્યું છે કે, તેમણે પતિના રૂપે આવેલા ઈન્દ્રથી અજાણ હતી તેથી આજ્ઞાધીન બની સમાગમ કર્યો. અહલ્યા જેવી મહાસતી સ્ત્રી પરપુરુષ સંગ કરે તે માની શકાય નહીં.

કથાકારે દેવ–માનવીય સંયોગ તથા શાપના રૂપમાં લોકતત્ત્વની યોજના કરી કથાને અધિક રોચક બનાવી છે.

વાલ્મીકિની ઉપમાઓ અહલ્યાની સૌંદર્યમય પરંતુ તપકિલષ્ટ બાહ્ય આકૃતિ એવં આંતરિક તેજ તથા ભૂત એવં વર્તમાનનું સુંદર ચિત્રણ કરવામાં પૂર્ણ સમર્થ છે.

કથાનો ઉદ્દેશ્ય નૈતિકતાનું પ્રતિપાદન છે. નૈતિક મર્યાદાનું ઉલ્લંઘન દેવરાજને પણ ક્ષમ્ય નથી.

આ કથા કિંચિત્ પરિવર્તન સાથે ઉત્તરકાંડમાં પુનઃ દષ્ટિગોચર થાય છે. પ્રસ્તુત કથામાં અહલ્યા સર્વથા નિર્દોષ છે. તેમને શાપ આપવામાં ઋષિ ચરિત્રમાં નિમ્નતા આવે છે.

સંક્ષેપમાં અહલ્યા કથા વાલ્મીકિની લેખનીના સ્પર્શથી યુગો–યુગો પર્યન્ત અમર બની પરવર્તી સાહિત્યની પ્રેરણાસ્ત્રોત બની છે.

## (૩) શ્રવણાખ્યાન

પ્રસ્તુત આખ્યાન વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડ અંતર્ગત ૬૩મા સર્ગમાં નિરુપેલ છે. દશરથ રાજા પુત્ર વિયોગે મરણાસન્ન થયા. પુનઃ મૂર્છિત થઈ અને સભાન થતાં કૌશલ્યાને પૂર્વકૃત દુષ્કર્મની વાત કરે છે, જે કથા નીચે અનુસાર છે –

દશરથ રાજાને પૂર્વસ્મૃતિ થતા કૌશલ્યાને કહે છે, યુવાસ્થામાં વર્ષાઋતુ સમયે ધનુષ્ય લઈ રથારૂઢ થઈ શિકાર માટે ગયો. યુવાવસ્થાના કારણે ઈન્દ્રિયો વશમાં ન હતી. માટે શિકારની રાહ જોઈ અંધકાર સુધી બેઠો.

રાત્રિના અંધકારને કારણે દષ્ટિ ન પહોંચતા માત્ર જળથી ભરાતા ઘડાનો અવાજ સાંભળ્યો. જે અવાજ હાથીના પાણી પીવાના અવાજ જેવો હતો.

સત્વરે બાણ ચઢાવી અવાજની દિશામાં વીઘ્યું. તે બાણ કોઈ વનવાસી મનુષ્યના મર્મસ્થાન પર લાગ્યું હોય તેવો આર્તનાદ સાંભળ્યો.

**कथमस्मद्विधे शस्त्रं निपतेच्य तपस्विनि ।**

**प्रविविक्तां नदीं शत्रावुदाहारोडहमागतः ॥**

અર્થાત્, તપસ્વી પર શસ્ત્ર પ્રહાર કેવી રીતે સંભવે ? હું તો પાણી લેવા માટે આવ્યો હતો. [20]

કોણે મને બાણ માર્યું ? મારું જીવન તો ઋષિ જેવું છે. મારા જેવા નિરપરાધી મનુષ્યનો શા માટે વધ કર્યો ? મારા વધનો પ્રયત્ન વ્યર્થ છે. મારા જીવનનું મહત્વ નથી. પરંતુ મારા મૃત્યુથી મારા માતા–પિતાનું પોષણ કોણ કરશે ? કયા વિવેકહીન અને અજિતેન્દ્રિય પુરુષે અમારા સર્વનો વિનાશ કર્યો. [21]

આવા કરુણાસભર વચન સાંભળી નિરંતર ધર્મની અપેક્ષાવાળા રાજા વ્યથિત થઈ ગયા અને કરેલ અપરાધની ક્ષમા માંગવા તેની પાસે ગયા. કઠોર વાણીમાં તપસ્વીના કઠોર વચનો સાંભળ્યા. તે મુનિકુમાર દ્વારા જાણ્યું કે તે અંધ માતા–પિતાનો એકમાત્ર આશ્રયરૂપ પુત્ર હતો. આથી રાજા વિશેષ દુઃખી થયા. તે મુનિકુમારે તેના દેહમાંથી બાણ ખેંચી કાઢવા કહ્યું. આથી વિચારવા લાગ્યા કે, જો બાણ મર્મસ્થાન પર રહેવા દઈશ તો તેને પીડા કરશે અને જો ખેંચી કાઢીશ તો તે ત્વરિત મૃત્યુ પામશે.

રાજાને આ પ્રમાણે વિચાર કરતાં જોઈ શ્રવણે કહ્યું –

**ब्रह्महत्याकृतं तापं हृदयपादपनीयताम् ।**

**न द्विजातिरहं राजन् मा भूत् ते मनसो व्यथा ॥**

અર્થાત્, હું બ્રાહ્મણ પુત્ર નથી. તેથી આપને બ્રાહ્મણવધનું પાતક નહી લાગે. [22]

આ કથન સાંભળી રાજાએ બાણ ખેંચી કાઢયું. તત્ક્ષણ તે તપસ્વીએ પ્રાણ ત્યાગ કર્યા.

તદ્પશ્ચાત્ રાજા દશરથ શ્રવણના માતા–પિતા પાસે જઈ સ્વકૃત્યની ક્ષમા માંગી. વૃદ્ધ માતા–પિતાએ દશરથના કૃત્યને અજાણતા થયેલ કૃત્ય ગણી ક્ષમા આપી. પરંતુ શાપ આપતા કહેવા લાગ્યા. પુત્ર વિયોગના દુઃખથી મૃત્યુ પામીશ. [23]

આ પ્રમાણે શાપ આપી તે દંપત્તિએ અગ્નિમાં પ્રવેશ કર્યો.

ઉપર્યુકત આખ્યાનનો સાર તારવીએ તો –

શ્રવણાખ્યાન દ્વારા માતૃ–પિતૃભકિત તેમજ પુત્રવત્સલતા દષ્ટિગોચર થાય છે. પુત્ર માતા–પિતાના આશ્રયરૂપ હોય છે. આલંબન દૂર થતાં તેના આશ્રયે રહેલ વ્યકિત રહી શકતી નથી. જેવી રીતે લત્તા વૃક્ષના આશ્રયે રહે વૃક્ષ નાશ પામતા લત્તાનું અસ્તિત્વ રહેતું નથી. પુત્ર નાશ પામતા માતા–પિતા પણ તેના વિરહમાં મૃત્યુ પામે છે.

શ્રવણાખ્યાનમાં શ્રવણના માતા–પિતાના આક્રંદમાં કરુણા સાથે પુત્રપ્રેમ જોવા મળે છે.

દશરથ રાજાને પ્રસ્તુત આખ્યાનનું મૃત્યુ સમયે સ્મરણ થયું. કારણ કે વૃદ્ધ માતા–પિતાએ શાપ આપ્યો હતો કે તું પણ પુત્ર વિયોગે મૃત્યુ પામીશ. આજે ચાર પુત્ર હોવા છતાં રાજા પુત્રનો વિરહ વેઠી રહ્યા છે. રામને વનમાં ગયે પાંચ રાત્રિ પસાર થઈ ગઈ છતાં રામનું પુનરાગમન ન થયું. ત્યારે તેને વૃદ્ધ માતા–પિતાના શાપનું સ્મરણ થયું.

પૂર્વે કરેલ કર્મ યેનકેન પ્રકારેણ પ્રત્યક્ષ થાય છે. અજ્ઞાત અવસ્થામાં પણ દુષ્કર્મ થાય તો તેનું ફળ ભોગવવું પડે છે, તેનું ઉદાહરણ આપતા ભગવાન વાલ્મીકિ કહે છે.

**सम्मोहादिह बालेन यथा स्याद् भक्षितं विषम् ।**

અર્થાત્, બાળક અજ્ઞાનવશ વિષપાન કરે તો મૃત્યુ નીપજાવે છે. તે રીતે અજ્ઞાનવશ કરેલ દુષ્કૃત્યનું ફળ ભોગવવું પડે છે.

રાજા દશરથ ‘શબ્દવેધી બાણ’ ચઢાવી શકતા હતા.

શ્રવણના વધથી દશરથને બ્રહ્મહત્યાનું પાતક નહી લાગે. કારણ કે શ્રવણ વૈશ્ય પિતા અને શુદ્ર માતાનો પુત્ર હતો. આ બાબતથી ફલિત થાય છે કે રામાયણકાળમાં બ્રહ્મહત્યા મહાન પાતક ગણાતું હશે. ઉપરાંત તત્કાલીન સમાજ વર્ણવ્યવસ્થામાં જડ નહીં હોય. આંતર્‌જ્ઞાતીય વિવાહ સમાજ સ્વીકૃત હશે. સમાજ સન્માનપૂર્વક આ વિવાહને સ્વીકારતો હશે.

શ્રવણનો કોઈ પૌરાણિક ઉલ્લેખ પ્રાપ્ત નથી. તેના માતા–પિતા ઈત્યાદિના નામનો પણ ઉલ્લેખ નથી. શ્રવણ વિષે જે કથા સાંભળવા મળે છે. તેમાં શ્રવણના માતા–પિતા અંધ હતા. તેથી તેના માતા–પિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રામાં નીકળ્યો ત્યાં માતા–પિતા માટે જળ લેવા જતાં તેનું દશરથના બાણથી મૃત્યુ થયું.

આ બધી બાબતો સાંભળવા મળે છે.

આમ, પ્રસ્તુત આખ્યાન માતા–પિતા પ્રત્યે પુત્રનું કર્તવ્ય દર્શાવે છે.

## (૪) નૃગ રાજાનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન રામાયણ અંતર્ગત ઉત્તરકાંડના ૫૩મા સર્ગમાં નિર્દિષ્ટ છે. રામ રાજધર્મ વિષયક ચર્ચા કરતાં લક્ષ્મણને નૃગરાજાની કથા સંભળાવે છે, જેનું નિરુપણ કરીએ તો –

પૂર્વકાળમાં નૃગ નામના મહા યશસ્વી એવં પ્રસિદ્ધ રાજા પૃથ્વી પર શાસન કરતા હતા. તે ભૂપાલ બ્રાહ્મણભકત, સત્યવાદી તથા સદાચારી હતા.

કોઈ એક સમયે સુવર્ણમંડિત તથા વત્સ સાથે એક કરોડ ગાયો બ્રાહ્મણોને દાન કરી તે સાથે એક બ્રાહ્મણની ગાય પણ તેમાં આવી ગઈ.

વર્ષો સુધી શોધવા છતાં ગાય ન મળી ત્યારે એક સમયે તે બ્રાહ્મણે પોતાની ગાય એક બ્રહ્મ ગૃહે જોઈ. ગાયના નામ ઉચ્ચારણથી તે ગાય બ્રાહ્મણ સાથે ચાલવા લાગી. આથી તે ગાયનો પાલક બ્રાહ્મણ ગાયની પાછળ ગયો અને કહ્યું, 'આ ગાય મારી છે. મને નૃગરાજાએ દાન કરી છે.'

આ પ્રમાણે તે ગાય વિષે બંને વચ્ચે વાક્યુદ્ધ થયું. અંતે સમાધાન માટે રાજા નૃગ પાસે ગયા. રાજા નૃગ મળી શકયા નહીં. તેથી તે બ્રાહ્મણોએ કોપાયમાન થઈ રાજાને શાપ આપ્યો.

**अदृश्यः सर्वभूतानां कृकलासो भविष्यसि ।**

**बहुवर्षसहस्राणि बहुवर्षशतानि च ॥**

**श्वभ्रे त्वं कृकलीभूतो दीर्घकालं निवत्स्यसि ।**

અર્થાત્, તું સરીસૃપ યોનિનો મગર થઈ જઈશ અને હજારો વર્ષ પર્યન્ત પડી રહીશ. [૨૪]

અને તે શાપના ઉદ્ધારકરૂપે સાક્ષાત્ વિષ્ણુ અવતાર લઈ તારો ઉદ્ધાર કરશે.

શાપ આપી તે બંને બ્રાહ્મણો તે ગાય અન્ય બ્રાહ્મણને દાનમાં આપી.

શાપગ્રસ્ત નૃગે બ્રાહ્મણોના ચાલ્યા ગયા પછી મંત્રીઓને કહ્યું.

નારદ અને પર્વત નામના બે બ્રાહ્મણો મને શાપ આપી વાયુવેગે ચાલ્યા ગયા છે. તમે કુમાર વસુનો રાજયાભિષેક કરો અને મારા માટે એક ખાડો તૈયાર કરાવો જે ત્રણે ઋતુઓમાં સ્પર્શ સુખ આપનાર હોય.

તદ્પશ્ચાત્ રાજા નૃગે અભિષિકત રાજકુમાર વસુને રાજધર્મનો ઉપદેશ આપી ખાડામાં પ્રવેશ કર્યો.

મહાભારત અનુશાસનપર્વ પણ આ કથા ઉલ્લેખે છે. વિશેષ ચર્ચા મહાભારતના આખ્યાન વર્ણનમાં કરીશું. તેમ છતાં અત્રે અલ્પાંશે વિવેચન કરીએ તો –

પ્રસ્તુત આખ્યાન રાજાના કર્તવ્યનો ઉલ્લેખ કરે છે. રાજાનું પ્રથમ કર્તવ્ય પ્રજાપાલન છે. રાજા આ કાર્યથી ચ્યુત થાય તો તેના કર્મનું ફળ ભોગવવું પડે છે. રાજા નૃગે બ્રાહ્મણોને ન્યાય ન કર્યો તેથી શાપિત થયો.

રામાયણકાર આ બાબતની પૂર્તિ કરતાં વર્ણવે છે. જે રાજા પ્રતિદિન નગરવાસીઓનું કાર્ય કરતો નથી, તે સમગ્રતયા નરકમાં જાય છે. [૨૫]

પુરુષાર્થી પુરુષોના વિવાદનો નિર્ણય રાજા ન કરે તો તે રાજા મહાન દોષી બને છે.

**सुकृतस्य हि कार्यस्य फलं नावैति पार्थिवः ।**

રાજા નૃગના પુત્રને આપેલ ઉપદેશમાં સ્વકર્મનું પ્રાયશ્ચિત્ત દષ્ટિગોચર થાય છે. ઉપરાંત ક્ષાત્રધર્મનો ઉપદેશ આપતા કર્મનો મહિમા દર્શાવ્યો છે.

રાજા નૃગ પ્રજાપાલક રાજા હતો. અજાણતા કરેલ કર્મથી તેને શાપનો ભોગ બનવું પડયું. અંતે ભગવાન્ વિષ્ણુના કૃષ્ણાવતાર દ્વારા તેનો ઉદ્ધાર થયો. આ બાબત સૂચવે છે કે શ્રેષ્ઠ વ્યકિતની ગતિ માટે સ્વયં ઈશ્વર અવતાર ધારણ કરે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના આપેલ ભગવાન્ શ્રીકૃષ્ણનું વચન **'संभवामि युगे युगे'** નું સ્મરણ થાય છે.

મહાભારતકાર આ કથા ભિન્ન રીતે ઉલ્લેખે છે. તેમાં બ્રાહ્મણના શાપની વાત નથી. પરંતુ રાજા બે બ્રાહ્મણો વચ્ચેના કલહમાં યથાયોગ્ય ન્યાય કરવા અસમર્થતા દર્શાવી તેથી મૃત્યુ પશ્ચાત્ તેના કર્મનું ફળ ભોગવવા સરીસૃપ યોનિમાં જન્મ ધારણ કરવો પડયો.

જ્ઞાની મનુષ્યે બ્રાહ્મણના ધનનું અપહરણ ન કરવું. કારણ કે બ્રાહ્મણનું ધન ચોરનો નાશ કરે છે. આ બાબત નૃગ આખ્યાનથી સ્પષ્ટ થાય છે.

## (૫) લવણાસુર આખ્યાન

પ્રસ્તુત આખ્યાન રામાયણના ઉત્તરકાંડ અંતર્ગત સર્ગ–૬૧માં ઉપલબ્ધ થાય છે, જે નીચે અનુસાર છે.

સત્‌યુગમાં મધુ નામે બુદ્ધિમાન દૈત્ય હતો. તે બ્રાહ્મણ ભકત, શરણાગત વત્સલ અને દેવતાઓનો મિત્ર હતો. ભગવાન શિવની આરાધના કરી શકિતશાળી શૂલ પ્રાપ્ત કર્યું.

પરંતુ તે શૂળની શરત હતી. બ્રાહ્મણો અને દેવતાનો વિરોધ કરશે તો શિવ પાસે પુનઃ આવી જશે.

મધુએ પ્રાર્થના કરતા કહ્યું, ''પરમ ઉત્તમ શૂલ મારા વંશજો પાસે સદૈવ રહો.'' [૨૬]

શિવે કહ્યું, **भवतः पुत्रमेकं तु शूलये तद् भविष्यति ।** અર્થાત્‌, તારા એક પુત્ર પાસે આ શૂલ રહેશે. [૨૭]

અદ્‌ભૂત વર પ્રાપ્ત કરી મધુએ સુંદર ભવન નિર્માણ કર્યું. કુમ્ભીનસી પત્ની દ્વારા મહાપરાક્રમી લવણ નામે પુત્ર ઉત્પન્ન કર્યો. તે પુત્ર દુષ્ટ હતો. શૂલના પ્રભાવથી તેમની દુષ્ટતા તપસ્વીઓને સંતાપ આપતી હતી.

સર્વ ઋષિઓ લવણના સંતાપથી રક્ષણ પામવા શ્રીરામ પાસે ગયા. શ્રીરામે તેના વિનાશ માટે શત્રુઘ્નને પ્રયોજયો. ભગવાન શ્રીરામે શત્રુઘ્નને લવણાસુરનો વધ કરવાની પ્રયુકિત કરી.

શ્રીરામે કહ્યું, 'લવણાસુર શૂલ વિહીન હશે, ત્યારે તેનો નાશ થઈ શકશે, અન્યથા નહીં.'

શત્રુઘ્નના માર્ગમાં વાલ્મીકિ, ચ્યવન ઈત્યાદિ ઋષિઓનું આગમન થતાં તેમણે અનેક કથાઓ દ્વારા શત્રુઘ્નની શકિતની પ્રશંસા કરી.

પ્રભાતે વીર લવણાસુર આહાર માટે નગરમાંથી બહાર નીકળ્યો. દ્વાર પર શત્રુઘ્નને જોઈ તેમણે કહ્યું, ''મારો આહાર સંપૂર્ણ થયો નથી, માટે તું સ્વયં મારા મુખમાં પ્રવેશ કર.''

શત્રુઘ્ને ક્રોધિત થઈ લવણાસુર સાથે દ્વન્દ્વ યુદ્ધની તત્પરતા દર્શાવી.

શત્રુઘ્ન અને લવણાસુર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. લવણાસુરે શત્રુઘ્નને મહાત કર્યો. તત્ક્ષણ શત્રુઘ્ન સભાન થઈ પુનઃ લવણાસુર સાથે યુદ્ધ કરવા લાગ્યા.

શત્રુઘ્ને દિવ્ય અમોઘ અને ઉત્તમ બાણ હાથમાં ધારણ કર્યું. તેનાથી સર્વ દેવો ભય પામ્યા. બ્રહ્માએ તે બાણની પ્રશંસા કરતા કહ્યું, ''આ બાણ વિષ્ણુનું છે. ભગવાન્‌ શ્રીહરિએ મધુ–કૈટભ દેત્યનો સંહાર કરવા આ મહાન્‌ બાણનું નિર્માણ કર્યું હતું. અલ્પ ક્ષણોમાં શત્રુઘ્નના હાથે લવણાસુરનો વધ થતો જોઈ શકશો.

શત્રુઘ્નના બાણથી વિદીર્ણ થઈ પર્વત સમાન લવણ પૃથ્વી પર ઢળી પડયો. લવણાસુરના મૃત્યુથી દિવ્ય શૂલ ભગવાન્‌ રુદ્ર પાસે આવી ગયું.

પ્રસ્તુત આખ્યાન પરથી નીચેની બાબતો તારવી શકાય –

અસુરો તપ દ્વારા ઈશ્વરારાધના કરી વર પ્રાપ્ત કરી શકતા. પરંતુ તેની સાથે વરદાનની અવધિનો ઉલ્લેખ પણ કરતાં. જેમ કે, હિરણ્યક શિપુએ વરદાન મેળવ્યું, કોઈ મનુષ્ય કે પ્રાણી દ્વારા મારું મૃત્યુ ન થાય તો તેના વધ માટે ભગવાને નૃસિંહ અવતાર ધર્યો.

પિતા દ્વારા પ્રાપ્ત કરેલ વારસાનો પુત્ર યોગ્ય રીતે સંભાળ ન રાખે તો કેવું ફળ મળે, તે આ આખ્યાનમાં દષ્ટિગોચર થાય છે. પિતાએ શિવનું શૂલ વિશ્વના શ્રેય માટે રાખ્યું. પરંતુ પુત્રએ તે શૂલનો યોગ્ય ઉપયોગ ન કર્યો અને શૂલ જેવા જ ભયંકર વિષ્ણુના બાણથી લવણાસુર મૃત્યુ પામ્યો.

આ આખ્યાનમાં શત્રુઘ્નનું પરાક્રમ જોઈ શકાય છે. ઉપરાંત ભ્રાતૃપ્રેમ પણ જોવા મળે છે. જીવન પર્યન્ત શત્રુઘ્ને શ્રીરામનું કોઈ કાર્ય કર્યું ન હતું. તેથી લવણાસુરને હણવા સ્વયં જશે તેવી ભ્રાતા શ્રીરામને વિનંતિ કરી.

શત્રુઘ્ન યુદ્ધનીતિ જાણે છે. તે કહે છે, ''બુદ્ધિમાન્ પુરુષે ઉપસ્થિત શત્રુને છોડવો નહીં. જે શત્રુને ભયભીત થઈ મુકત કરે છે, તે કાયરની માફક મૃત્યુ પામે છે.'' [૨૮]

## (૬) કલ્માષપાદનું આખ્યાન

પ્રસ્તુત આખ્યાન રામાયણના ઉત્તરકાંડના સર્ગ–૬૫માં વર્ણવેલ છે. શત્રુઘ્નના લવણાસુર વધ માટે જતાં માર્ગમાં વાલ્મીકિ આશ્રમમાં વાસ કર્યો. ત્યાં યજ્ઞસામગ્રી દષ્ટિગોચર થતા શત્રુઘ્ન વાલ્મીકિને યજ્ઞના યજમાન વિષે પૃચ્છા કરતાં મહર્ષિ વાલ્મીકિ આ આખ્યાન કહે છે, જે આ મુજબ છે –

સૂર્યવંશમાં સૌદાસ નામે રાજા હતો. તેમને પરાક્રમી અને ધર્માત્મા વીરસહ (મિત્રસહ) નામે પુત્ર હતો.

સુદાસ પુત્ર બાલ્યાવસ્થામાં શિકારાર્થે વનમાં ગયો. વનમાં વાઘરૂપધારી બે રાક્ષસો જોયા. તે રાક્ષસોએ સમગ્ર વનને મૃગરહિત કરી નાંખ્યું. આ દશ્ય જોઈ રાજા સૌદાસે એકનો વધ કર્યો. અન્ય રાક્ષસે કહ્યું, ''નિરપરાધી મારા સહાયકનો વધ કર્યો માટે હું તેનો પ્રતિશોધ લઈશ.'' [૨૯]

આમ કહી તે રાક્ષસ અદશ્ય થઈ ગયો.

તદ્પશ્ચાત્ મિત્રસહ વર્ષો પર્યન્ત અયોધ્યાના રાજા રહ્યા અને પુષ્કળ ધનધાન્યથી સમૃદ્ધ, દેવયજ્ઞ સમાન દીર્ઘકાળ સ્થાપિત મહાયજ્ઞ કર્યો.

પૂર્વવૈરનું સ્મરણ કરી તે રાક્ષસ વશિષ્ઠરૂપ ધરી રાજા પાસે આવી કહેવા લાગ્યો –

**अद्य यज्ञावसानान्ते समिषं भोजनं मम ।**
**दीयतामतिशीघ्रं वै नात्र कार्या विचारणा ॥**

અર્થાત્, આજે યજ્ઞની પૂર્ણાહુતિ છે. મને શીઘ્ર માંસયુકત ભોજન આપો. [૩૦]

બ્રાહ્મણરૂપ ધારી રાક્ષસનું વચન સાંભળી રાજાએ શીઘ્ર માંસ તૈયાર કરવા કહ્યું. પશ્ચાત્ રાજાને નિવેદન કર્યું. **'इदं स्वादु हविष्यं च सामिषं चान्नमाहूतम् ।'** અર્થાત્, 'માંસયુકત હવિષ્ય અતિ સ્વાદિષ્ટ છે.' [૩૧]

રાજાએ માંસયુકત ભોજન વશિષ્ઠ સમક્ષ પ્રસ્તુત કર્યું. મહર્ષિ વશિષ્ઠે ક્રોધિત થઈ શાપ આપ્યો, ''તું મને આ ભોજન આપવા ઈચ્છે છે, માટે તે તારું ભોજન થશે.'' [૩૨]

સૌદાસ પુત્રના શાપની તત્પરતા જોઈ તેમની પત્નીએ શાપ ન આપવા કહ્યું. તેથી જળ નીચે મૂકયું. આ જળ સુદાસ પુત્રના બે ચરણને સ્પર્શ્યું, જેને કારણે તેના બંને ચરણ કાળા થઈ ગયા. તે ક્ષણથી એ મહાયશસ્વી સુદાસ પુત્ર કલ્માષપાદથી પ્રસિદ્ધ થયા.

તદનન્તર રાજાએ પ્રણામ કરી વશિષ્ઠને રાક્ષસ રૂપધારી વશિષ્ઠની વાતથી માહિતગાર કર્યા.

રાક્ષસની વંચના જોઈ વશિષ્ઠ ઋષિએ રાજાને કહ્યું, ક્રોધિત થઈ તમને જે વચન કહ્યા તે મિથ્યા થઈ શકશે નહિ. પરંતુ એક વરદાન પ્રદાન કરું છું.

**कालो द्वादशवर्षाणि शापस्यान्तो भविष्यति ।**

**मत् प्रसादाच्च राजेन्द्र अतीतं न स्मरिष्यसि ॥**

અર્થાત્, દ્વાદશવર્ષ પર્યન્ત આ શાપની અસર રહેશે. તદ્‌પશ્ચાત્ તેનો અંત થઈ જશે અને તને આ વાતનું સ્મરણ પણ નહીં રહે. [૩૩]

આ પ્રમાણે શાપ ભોગવી રાજાએ પુનઃ રાજય સંપાદન કર્યું.

પૌરાણિક કથાકોશ પાંચ સુદાસનો ઉલ્લેખ કરે છે, તે પૈકી કયા સુદાસ તે જોઈએ તો –

| | | | |
|---|---|---|---|
| ૧) | સુદાસ | – | સૂર્યવંશી પુરુકુળના સર્વકામનો પુત્ર, મિત્રસહનો પિતા |
| ૨) | સુદાસ<br>વંશના | – | સોમવંશી પુરુકુળના અજમીઢના પુત્ર, નીલ રાજાના વંશમાં મુદ્‌ગલ પાંચાલી ચ્યવન રાજાનો પુત્ર. |
| ૩) | સુદાસ | – | સોમવંશી પુરુકુળના પાંડવ વંશના નિમિ રાજાના પુત્ર બૃહદ્રથનો પુત્ર. |
| ૪) | સુદાસ | – | યવન રાજા. |
| ૫) | સુદાસ | – | સરસ્વતીના પાત્રમાં આવેલું તીર્થ વિશેષ. |

ઉપર્યુકત પૈકી પ્રથમ ક્રમના સુદાસનો પ્રસ્તુત આખ્યાન નિર્દેશ કરે છે.

રાજા સર્વ પ્રાણી પ્રત્યે જીવ દયા પ્રેમી હોવો જોઈએ. મિત્રસહ સર્વ જીવાત્મા પ્રત્યે સમદષ્ટિ જોવા મળે છે. રાજા પરદુઃખભંજક છે.

રાક્ષસ યથેચ્છરૂપધારણ કરી સર્વકાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરે છે.

પ્રસ્તુત આખ્યાનમાં બે રાક્ષસોની મિત્રતા દશ્યમાન થાય છે. એકના મૃત્યુના પ્રતિશોધમાં રાજા સુદાસના યજ્ઞમાં વિઘ્ન ઉત્પન્ન કરી તેને વશિષ્ઠ ઋષિ દ્વારા શાપની ભાગી બને છે.

રામાયણકાલીન સમાજમાં માંસભક્ષણ યોગ્ય ગણાતો હશે. પરંતુ બ્રાહ્મણ માંસભક્ષણ કરી શકતા નહીં હોય, તેથી પાકશાસ્ત્રીને મનુષ્ય માંસયુકત ભોજન બનાવવાનું કહેવામાં આવ્યું. ત્યારે ભોજન પકાવનાર આશ્ચર્ય પામતા કહે છે, આજે ગુરુજી અભક્ષ્ય ભક્ષણમાં કેમ પ્રવૃત્ત થયા ?

ઋષિમુનિઓ તો અતિકોપા હોય છે. કરેલ અપરાધનું પ્રાયશ્ચિત શાપ આપીને કરાવે છે. શાપ મિથ્યા થઈ શકતો નથી. તેથી મિત્રસહના પ્રતિશાપનું જળ તેમના પાદ પર પડતા તેના પાદ કાળા થઈ ગયા. શાપમાં કેટલું તેજ છે, તે જ્ઞાત થાય છે.

પ્રકરણ – ૩ પાદટીપ

# રામાયણનાં આખ્યાનો

(१) इदं पवित्रं पापघ्नं पुण्यं वेदै सम्मितम् ।
यः पठेद् रामचरितं सर्वपापैः प्रभुच्यते ॥

वा.रा. – १/१/९८

(२) ततः प्रतिष्ठितो विष्णुः स्वर्गलोके यथा पुरा ।
येन व्याप्तमिदं सर्वे त्रैलोक्यं सचराचरम् ॥
ततो देवाः सगन्धर्वाः सिद्धा परमर्षयः ।
नित्यं शृण्वन्ति संहृष्टाः काव्यं रामायणं दिवि ॥

एजन उ.का. – १११/२–३

(३) इदमाख्यानमायुष्यं सौभाग्यं पापनाशनम् श्च
रामायणं वेदसमं श्राद्धेषु श्रावयेद् बुधः श्श्च
अपुत्रो लभते पुत्रमधनो लभते धनम् श्च
सर्वपापैः प्रमुच्येते पादमप्यस्य यः पठेत् श्श्च

एजन उ. का. – १११/४–५

(४) एतदाख्यानमायुष्यं पठन्रामायणं नरः ।
सुपुत्रपौत्रो लोकेऽस्मिन् प्रेत्य चेह महीयते ॥
रामायण गोविसर्गे मध्याह्ने वा समाहितः ।
सायाह्ने वापराह्ने च वाचयन्नावसीदति ॥

एजन उ.का. – १११/८

(५) एतदाख्यानमायुष्यं समविष्यं सहोत्तरम् ।
कृतवान्प्रचेतसः पुत्रस्तदब्रह्माप्यन्वमन्यत ॥

एजन उ.का. – १११/११

(६) एजन बालकाण्ड – २/१५

(७) संस्कृत साहित्य का इतिहास –

वाचस्पति गैरोला – पृ. १०९

(८) संस्कृत साहित्य का इतिहास –

श्री बलदेव उपाध्याय – पृ. ६५

(९) संस्कृत साहित्य का इतिहास –

श्री बलदेव उपाध्याय – पृ. ६३

(१०) संनिबद्धं हि श्लोकानां चतुर्विंशत्सहस्रकम्।
उपाख्यानं शतं चैव भार्गवेण तपस्विना ॥

वा.रा. उ.का. – ९४/२६

(११) वा.रा. बा.का. – १०/१२

(१२) पिता विभाण्डकोऽस्माकं तस्याहं सुत औरसः ।
ऋष्यशृंङ्ग इति ख्यातं नाम कर्म च मे भुवि ॥

एजन बा.का. – १०/१४

(१३) अर्घ्यं च प्रददौ तस्मै न्यायतः सुसमाहितः ।
वव्रे प्रसादं विप्रेन्द्रान्मा विप्रं मन्युराविशेत् ॥

एजन बा.का. – १०/३१

(१४) द्वैविध्यं ब्रह्मचर्यस्य भविष्यति महात्मनः ।
लोकेषु प्रथितं राजन् विप्रै कथितं सदा ॥

एजन बा.को. – ९/५–६

(१५) विभाण्डकसुतं राजन् सर्वोपायैरिहानय ॥
आनाप्य तु महीपाल ऋष्यशृङ्गं सुसत्कृतम्।
विभाण्डकं सुतं राजन् ब्राह्मणं वेद पारगम्।
प्रयच्छ कन्यां शान्तां वै विधिना सुसमाहितः ॥

एजन बा.का. ९/१२–१३

(१६) एजन बा.क. – ४८/१८

(१७) कृतार्थास्मि सुरश्रेष्ठ गच्छ शीघ्रमितः प्रभो ॥
आत्मनं मां च देवेश सर्वथा रक्ष गौतमात् ॥

एजन बा.का. – ४८/२०–२१

(१८) एजन बा.का. – ४८/२७

(१९) एजन बा.का. – ४८/२९–३२

(२०) एजन अयोत्मा काण्ड – ६३/२६

(२१) एजन अयोत्मा काण्ड – ६३/२७–३२

(२२) एजन अयोत्मा काण्ड – ६३/५०

(२३) पुत्रव्यसनजं दुःखं यदेतन्मम साम्प्रतम्।
एवं त्वं पुत्रशोकेन राजन् कालं करिष्यसि ॥

एजन अयोत्मा काण्ड – ६४/५४

(२४) एजन उ.का. – ५३/१९–२०

(२५) पौरकार्याणि यो राजा न करोति दिने दिने।
संवृत्ते नरके घोरे पतितो नात्र संशयः ॥

एजन उ.का. एजन – ५३/६

(२६) भगवन् मम वंशस्य शूलमेतदनुत्तमम्।
भवेत् तु सततं देव सुराणामीश्वरो ह्यसि ॥

एजन उ.का. – ६१/११

(२७) एजन उ.का. – ६१/१३

(२८) स्वयमेवागतः शत्रुर्न मोक्तव्यः कृतान्मना।
यो हि विक्लवया बुद्ध्या प्रसरं शत्रवे दिशेत्।
स हतो मन्दबुद्धिः स्याद् यथा कापुरुषस्तथा ॥

एजन उत्तरकांड – ६८/९९

(२९) यस्माद्नपराधं ते सहाय मम जघ्निवान्।
तस्मात् तवापि पापिष्ठ प्रदास्यामि प्रतिक्रियाम् ॥

एजन उत्तरकांड – ६५/१६

(३०) एजन उत्तरकांड – ६५/२१

(३१) एजन उत्तरकांड – ६५/२५

(३२) यस्मात् त्वं भोजनं राजन् ममैतद् दातुमिच्छसि ।
तस्माद् भोजनमेतत् ते भविष्यति न संशयः ॥

एजन उत्तरकांड – ६५/२८

(३३) एजन उत्तरकांड – ६५/३६✓

# વિભાગ – ૩

# મહાભારતનાં આખ્યાનો–ઉપાખ્યાનો

**પ્રસ્તાવના :**

મહાભારતનાં આખ્યાનોનો પરિચય મેળવીએ તે પૂર્વે મહાભારતના વર્ણિત આખ્યાનો વિશે અલ્પ પરિચય પ્રાપ્ત કરીએ.

આખ્યાન વિષેની સવિસ્તર ચર્ચા આખ્યાનના ઉદ્ભવ વિકાસમાં કરી ગયા છીએ. પુનરુક્તિ દોષ નિવારવા એ ચર્ચાને સ્થાન નહીં આપીએ, પરંતુ મહાભારતકાર સ્વયં મહાભારતમાં તેને આખ્યાન સ્વરૂપે ગણાવે છે.

**महाभारतमाख्यानं पाण्डवानां यशस्करम् ।**

શૌનકજી મહાભારતનું શ્રવણ કરી પ્રસન્ન થતા કહે છે –

**भृगुवंशात् प्रभृत्येव त्वया मे कीर्तितं महत् ।**
**आख्यानमखिलं तात सौते प्रीतोडस्मि तेन ते ॥**

મહાભારતનું મહત્ત્વ દર્શાવતા વ્યાસજી લખે છે, ''જેમ આહાર વિના શરીર નિર્વાહ અશકય છે તેમ મહાભારતના આશ્રય વિના પૃથ્વી પર કોઈ કથા નથી.''[૧]

સર્વશ્રેષ્ઠ કવિઓ મહાભારતની કથાનો આશ્રય લેશે. જેવી રીતે ઉન્નતિ ઈચ્છતા સેવક શ્રેષ્ઠ સ્વામીનો આશ્રય સ્વીકારે છે. યથાહિ ત્રણ આશ્રમ ઉત્તમ ગૃહસ્થાશ્રમને આશ્રયે રહેલા છે. તથાહિ સંસારના અન્ય કોઈ કવિ મહાભારત કાવ્યથી શ્રેષ્ઠ કાવ્ય રચનામાં અસમર્થ છે.[૨]

ઈતિહાસરૂપે પ્રસિદ્ધ મહાભારત વસ્તુતઃ કથાનો વિશ્વકોશ છે. વિશ્વની પ્રાચીન એવં નવીન કથા સાહિત્યમાં સંભવતઃ કથાનો કોઈ એવો પ્રકાર નથી, જે મહાભારતમાં ઉપલબ્ધ ન હોય. તેથી તો ભગવાન્ વેદવ્યાસ કહે છે –

**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित् ।**

મહર્ષિ વ્યાસ મહાન્ ગ્રંથ દ્વારા મનુષ્યને માનવતાનો મહાન સંદેશ અર્પવા ઈચ્છે છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે આખ્યાનો–ઉપાખ્યાનોનું માધ્યમ ગ્રહણ કરે છે.

પ્રતિત થાય છે કે કથાકારે કોઈ વિશિષ્ટ કથાને કેન્દ્રમાં રાખી શ્રોતાને મુખે પ્રશ્ન કરાવી કથા કહેવાનો અવસર મેળવ્યો છે. પ્રાયઃ ઉપદેશાત્મક કથાઓમાં લોકતત્ત્વનો સમાવેશ પાઠકના કુતુહલને ઉદ્દિપ્ત કરે છે.

મહાભારતે પૂર્વવર્તી કથાઓ ગ્રહણ કરી છે. પ્રાયઃ તે કથાઓનું સ્વરૂપ અધિક સુંદર એવં વિકસિત બન્યું છે. પરંતુ કદાચિત્ વિશિષ્ટ ઉદ્દેશ્ય સંગત હોવાથી તેમના આકર્ષણમાં ન્યૂનતા જોઈ શકાય છે.

સામાન્યતઃ મહાભારતમાં પૂર્વવર્તી સાહિત્યની અપેક્ષાએ સાહિત્યિક કથાઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. પશુકથા એવં નૈતિક કથાઓને પણ સાહિત્યિક સ્વરૂપ પ્રાપ્ત થયું છે. પ્રાયઃ સમસ્ત કથાઓમાં માનવીય મનોભાવોનું સુંદર ચિત્રણ દશ્યમાન છે.

રામાયણની અપેક્ષાએ મહાભારતમાં શ્રૃંખલા શૈલીનું વિકસિતરૂપ પ્રાપ્ત થાય છે. કથાઓમાં યત્ર–તત્ર સુંદર વર્ણનાત્મક સ્થળ પ્રાપ્ત થાય છે. મહાકાવ્યોની આ કાવ્યાત્મક કથા શૈલીએ સંભવતઃ બાણભટ્ટને કથાત્મક ગદ્યકાવ્યોના સર્જન માટે પ્રેરિત કર્યા.

મહાભારતીય કથાઓનું ઉદ્દેશ્ય તપ, નૈતિકતા એવં બ્રાહ્મણ માહાત્મ્યના પ્રતિપાદન સાથે ધર્મના સર્વાંગીણ સ્વરૂપને પ્રસ્તુત કરવાનું છે.

બ્રાહ્મણગ્રંથો સમાન મહાભારતની કથાઓને મનુષ્ય માટે અપરિહાર્ય બનાવવાના હેતુથી કથાકારે તેમાં લૌકિક કામનાપૂર્તિ વિષયક વ્યાવહારિક ઉદ્દેશ્યોનો સમાવેશ કર્યો છે. આ પ્રયોજનથી મહાભારત ભારતીય જીવનમાં પુરુષાર્થ ચતુષ્ટયની પ્રાપ્તિનો અનુપમ ગ્રંથ સિદ્ધ થયો છે.

સામાન્યતઃ અગણિત મહાભારતીય કથાઓનો ઉદ્દેશ્ય માનવજીવનને પૂર્ણતા બક્ષી અધિકાધિક સુખ સમ્પન્નતા પ્રદાન કરવાનો છે. અતઃ આ કથાઓમાં વ્યવહાર એવં નીતિ, નૈતિકતા એવં ધર્મ, મનોરંજન તથા ઉપદેશ જેવા સમસ્ત ઉદ્દેશ્યોનો સમન્વય થયો છે.

નૈતિક એવં ધાર્મિક કથાઓ માનવજીવનમાં સદાચાર, ઈન્દ્રિય સંયમ, ત્યાગ, તપસ્યા, કર્મનિષ્ઠતા ઈત્યાદિ મહત્વના ગુણો પર પ્રકાશ પાડે છે. નૈતિક ગુણો મનુષ્યોના ઈહલૌકિક જીવન દષ્ટિથી એટલા આવશ્યક છે, જેટલા પરલૌકિક દષ્ટિથી પ્રાયઃ લોકકથાઓ પણ અંતે નૈતિક ઉદ્દેશ્યોને પ્રકાશિત કરે છે.

આ ઉદ્દેશ્યોથી અતિરિકત પ્રાયઃ કથાઓ વ્યાવહારિક ઉદ્દેશ્યને પણ સિદ્ધ કરે છે. આ કથા શ્રવણથી પુણ્યપ્રાપ્તિ એવં પાપમુકિતથી વિશેષ યશ, સંતાન, સમૃદ્ધિ આદિ સમસ્ત ઈહલૌકિક કામનાઓની પૂર્તિ કરે છે.

ઉર્વશી કથાશ્રવણથી પાપપૂર્ણ વિષયોપભોગમાં પુનઃ પ્રવૃત્તિ થતી નથી. આધુનિક મનોવિજ્ઞાનનો મનોવિશ્લેષણવાદ પણ આ પ્રકારના મતનું પ્રતિપાદન કરે છે.

વસ્તુતઃ મહાભારતમાં ધર્મનું સર્વાંગીણ સ્વરૂપ વિદ્યમાન છે. વેદની સ્તુતિ, બ્રાહ્મણોના યજ્ઞ, ઉપનિષદોનું જ્ઞાન એવં રામાયણનું કર્મ સમસ્ત સમાન સ્તર પર પોતાની ભવ્યતાની સાથે ભવ્યતમરૂપમાં મહાભારતની કથાઓમાં વ્યકત થાય છે.

સંક્ષેપમાં મહાભારત માનવના સર્વાંગીણ માનવતાનો સંદેશ આપતો અનુપમ ગ્રંથ છે.

મહાભારતનાં આખ્યાનો—ઉપાખ્યાનોનો અનુવર્તી સંસ્કૃત સાહિત્ય પર અનેરો પ્રભાવ રહેલો છે. એક કથાનકને અલગ—અલગ સર્જકોએ ભિન્ન—ભિન્ન રીતે જોયો અને અલગ—અલગ ઢાંચામાં અનુસર્જનો કર્યા. કાવ્ય, નાટક ઈત્યાદિ સાહિત્યિક કલેવરમાં આ સમગ્ર કથાનકો સર્જાયા અને આજે હજારો વર્ષ પશ્ચાત્ પણ મહાભારતની જેમ જ આપણી વચ્ચે જીવંત રહ્યા છે. આવા કેટલા સંસ્કૃત અને અન્ય ભાષાના ગ્રંથો હશે તેનો કોઈ નિશ્ચિત અંદાજ મેળવી શકતો નથી.

આખ્યાનો—ઉપાખ્યાનો પાછળથી ઉમેરવામાં આવ્યા હોવાની સંભાવનાને કારણે તત્કાલીન સામાજીક ભૂમિકા, ધાર્મિક મતમતાંતરો અને નીતિ વિષયક માન્યતાઓ તદ્અંતર્ગત જોઈ શકાય છે. કેટલાક કથાનકો સમયાંતરે પંચતંત્ર કે હિતોપદેશની વાર્તામાં વર્ણવવામાં આવ્યા હોવાની સંભાવના વ્યકત કરી શકાય.

કોઈ આખ્યાનો—ઉપાખ્યાનો તો એટલા સુંદર છે કે આજે સેંકડો વર્ષ પછી પણ શાશ્વત સ્વરૂપે સ્વીકારી શકાય.

શાંતિપર્વમાં મૃત બાળકના અગ્નિ સંસ્કાર કરવા સ્મશાનમાં આવેલા તેના શોકાતુર પરિવારજનો સાથે સ્મશાનમાં રહેતા એક ગીધ અને શિયાળ જે રીતે સંવાદ કરે છે એ અદ્ભૂત છે. ગીધ અને શિયાળ ખરેખર તો મૃત બાળકના મૃતદેહનું માંસ ભક્ષણ કરવા માંગતા હોય છે પણ જે રીતે ધર્મનો આશ્રય લઈ પરસ્પર જ્ઞાન ચર્ચા કરે છે, તે આજે એકવીસમી સદીમાં પણ યથાર્થ લાગે છે.

સત્તાના સિંહાસન માટે રાજકીય પક્ષો જે રીતે દેશના મતદારોને ભ્રમિત કરે છે અને રાષ્ટ્રસેવા, સમાજ સેવા, પ્રજા કલ્યાણ, દરિદ્રોનો ઉદ્ધાર, લઘુમતીઓનું રક્ષણ, માનવ અધિકાર આ સર્વ મહર્ષિ વ્યાસે આ આખ્યાનમાં ગીધ અને શિયાળના મુખે મૂકી છે.

એવું જ બીજું કથાનક શાંતિપર્વમાં ઊંદર—બિલાડાનું છે. ભયમાં આવી પડેલા આ બે જન્મજાત શત્રુઓ મિત્રો બને અને મૈત્રીમાં પણ જે શાશ્વત વ્યવહાર છે તેની કથા ખૂબ સુંદર રીતે કહેવાઈ છે. મૈત્રી હોવા છતાં જે પ્રકૃતિજન્ય છે તેને સમજવું અને વ્યવહારની મર્યાદા આંકવી એટલે શું ? આ સર્વ એક ઊંદર જેવા ક્ષુદ્ર જંતુના મુખેથી રસપ્રદ રીતે વર્ણવાયું છે.

મહાભારતનાં આવા કેટલાક આખ્યાનો—ઉપાખ્યાનોને તારવીને તેનું બુદ્ધિપૂર્વક ચયન કરીને જો આજના સંદર્ભમાં તેની સમીક્ષા કરવામાં આવે, તો એક રસપ્રદ આયામ બની રહે એમ છે.

પ્રસ્તુત નિબંધમાં ઉપર્યુકત બાબત રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મહાભારત તો આખ્યાનો–ઉપાખ્યાનોનો નિધિ છે. તેની સંખ્યા કેટલી છે તેનો નિશ્ચિત આંક આપી શકાય તેમ નથી. તેમાં પણ શાંતિપર્વ તો અવાંતરકથાઓનો સંગ્રહસ્થાન છે. ભીષ્મ–યુધિષ્ઠિરના સંવાદમાં અનેક કથાઓ જોવા મળે છે. પરંતુ તે સર્વ આખ્યાનો–ઉપાખ્યાનોનું નિરુપણ કર્યું નથી. જેનો સંદેશ હિંસા–અહિંસા, ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ, રાગ–દ્વેષ, દયા–ક્ષમા હોય તેવા ૩૦ આખ્યાનો જ નિરુપ્યા છે.

અંતે પરિશિષ્ટમાં અઢાર પર્વ પ્રમાણે આખ્યાનો–ઉપાખ્યાનોનો માત્ર નામ નિર્દેશ કરીશું.

પ્રસ્તુત નિબંધમાં વેદથી પ્રારંભી બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, રામાયણ, પુરાણાદિ આખ્યાનો–ઉપાખ્યાનોનું અનુશીલન કર્યું છે. મહાભારતના કેટલાક આખ્યાનો વેદમાં પણ ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે પુરુરવા–ઉર્વશી આખ્યાન, નચિકેતા આખ્યાન ઈત્યાદિ. પરંતુ આ આખ્યાનોમાં વૈષમ્ય જોવા મળે છે. તે તફાવત શોધવાનો પ્રયત્ન મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનોમાં કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

પુરાણોના આખ્યાનો મહાભારતમાં ઉપલબ્ધ છે. જેમ કે યયાતિ આખ્યાન, જડ–ભરત આખ્યાન ઈત્યાદિ. પરંતુ તે આખ્યાનોનો સંદેશ, ઔચિત્ય, આવશ્યકતા ભિન્ન–ભિન્ન છે. મહાભારતના આખ્યાનો અન્ય ગ્રંથોના આખ્યાનોથી કેવી રીતે ભિન્ન છે, તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત આખ્યાનોનું નિરુપણ વિશદરૂપે પ્રવેશથી આરંભી, તેની આવશ્યકતાઓ, નિમિત્તો, નિષ્કર્ષ અને મૂળ મહાભારતમાં સ્થાન સસંદર્ભ શાસ્ત્રીય ઢબે નિરુપણ કર્યું છે.

ઉદાહરણ તરીકે ઈન્દ્રિયો ચંચળ છે. વિષયોપભોગને અંત નથી. આ બાબતનો નિર્દેશ કરતું યયાતિનું આખ્યાન છે. અંતમાં તે યયાતિ વિષય વાસનાથી દૂર હટી ત્યાગી બને છે અને જીવનનું રહસ્ય સમજાવે છે.

ઉપર્યુકત બાબતોને વફાદાર રહીને મેં મારા મહાનિબંધમાં મહાભારત અંતર્ગત રહેલા આખ્યાનો–ઉપાખ્યાનોને પર્વ પ્રમાણે કુલ છ પ્રકરણમાં મુલવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તે પર્વ પ્રમાણે આખ્યાનો–ઉપાખ્યાનોની વિવેચના આ પ્રમાણે છે.

## પ્રકરણ –૧

# આદિપર્વના આખ્યાનો–ઉપાખ્યાનો

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન મહાભારતના પ્રથમ પર્વ એવા આદિપર્વમાં અનેક આખ્યાનો–ઉપાખ્યાનોનું નિરુપણ કરે છે.

આદિપર્વ પ્રારંભિક પર્વ છે. તેમાં જે આખ્યાનો–ઉપાખ્યાનો નિરુપ્યા છે, તે ઉપદેશ પ્રધાન છે. આદિપર્વમાં અનેક કથાઓ છે. પરંતુ તે પ્રત્યેક આખ્યાન–ઉપાખ્યાનનું નિરુપણ ન કરતાં મુખ્ય–મુખ્ય આખ્યાનો–ઉપાખ્યાનો નિરુપ્યા છે. અંતે પરિશિષ્ટમાં પ્રત્યેક આખ્યાન–ઉપાખ્યાનનો નામ નિર્દેશ કરવાનો પ્રયાસ કરીશ.

આદિપર્વના કુલ પાંચ ઉપાખ્યાનોનું નિરુપણ કર્યું છે. તેમાં માત્ર ઉપાખ્યાનો છે, આખ્યાન એક પણ નથી. નિરુપણ કરેલ ઉપાખ્યાનોના નામ :

(१) **परीक्षित उपाख्यान – आस्तिक पर्व – ४०**

(२) **शकुन्तलोपाख्यान – सम्भव पर्व – ६५**

(३) **ययात्युपाख्यान – सम्भव पर्व – ८१**

(४) **तपत्युपाख्यान – चैत्ररथ पर्व – १००**

(५) **और्वोपाख्यान – चैत्ररथ पर्व – १७७**

## (૧) પરીક્ષિત ઉપાખ્યાન

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત આદિપર્વનું, આસ્તિક પર્વ અંતર્ગત પરીક્ષિત ઉપાખ્યાન નામના ૪૦ માં અધ્યાયમાં નિરુપેલ છે.

શૌનક ઋષિના જરુત્કારુ વિષયક પ્રશ્નના ઉત્તરમાં સૌતિ ઋષિ કૌરવવંશીરાજા પરીક્ષિતની કથા કહે છે.

પરીક્ષિત આખ્યાનનું નિરુપણ કરતાં પૂર્વે પરીક્ષિત નામ સમજી લઈએ. પરીક્ષિત શબ્દની સમજૂતી આ રીતે આપવામાં આવી છે –

પરિ + ઈક્ષ્ પરથી, સારી રીતે નિરીક્ષણ અને પરીક્ષણ કરવું, તે પરીક્ષિત.

ગર્ભમાં પરિચ્છિન્ન થયો તેથી પરીક્ષિત.

સતત પોતાની જાતનું પરીક્ષણ કર્યા કરે, પ્રભુના સંકીર્તનમાં સતત પરીક્ષણ કર્યા કરે, તે પરીક્ષિત.

પરીક્ષિતે ગર્ભમાં ભગવાન વિષ્ણુનું ચતુર્ભુજ સ્વરૂપ જોયું હતું. તેને પૃથિવી પર શોધ્યા કર્યા, તેથી પરીક્ષિત.

પરીક્ષિત નામનો સૌપ્રથમ ઉલ્લેખ બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાય–૩ ના બ્રાહ્મણ–૩ ના પ્રથમ શ્લોકમાં થયો છે, ત્યાં પારીક્ષિત નામ છે. પારીક્ષિત કયાં રહ્યા ? તેવો પ્રશ્ન ત્રણવાર પૂછાયેલ છે. [૧]

બૃહદારણ્યક ઉપનિષદ્ કયા પારીક્ષિત, તેનો સંદર્ભ આપતું નથી.

પુરાણ સાહિત્યમાં એકાધિક પરીક્ષિત રાજાનો ઉલ્લેખ છે. પૌરાણિક કથાકોશ પ્રમાણે –

(૧) પરીક્ષિત : મહાભારત પ્રમાણે સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળોત્પન્ન રાજા.

(૨) પરીક્ષિત : મહાભારત અનુસાર સોમવંશી પુરુકુળોત્પન્ન અર્જુનનો પૌત્ર.

(૩) પરીક્ષિત : સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ વંશના સંવરણ રાજાનો પૌત્ર.

(૪) પરીક્ષિત : પરીક્ષિત નામનો એક રાજા, જેનું કુળ અજ્ઞાત છે. [૨]

ઉપર્યુકત પરીક્ષિત નામોલ્લેખને આધારે એટલું નિશ્ચિત છે કે ક્રમ બે અનુસાર સોમવંશી પુરુકુળોત્પન્ન અર્જુનના પૌત્રની કથા આ આખ્યાનમાં સમાવિષ્ટ છે.

મહાભારતની કથા પ્રમાણે મૃગયા પ્રેમી રાજા પરીક્ષિત મૃગયા માટે નીકળ્યા. પરંતુ તેને સફળતા મળી નહી. તપસ્વી ઋષિને મૃગ બાબત પ્રશ્ન કર્યો, પરંતુ ધ્યાનસ્થ ઋષિએ ઉત્તર આપ્યો નહી.

ક્રોધિત રાજાએ વગર વિચાર્યે ઋષિના કંઠમાં મૃત સર્પ ફેંકયો. પિતાના અપમાનથી ક્રોધિત થઈ પુત્ર શૃંગીએ રાજા પરીક્ષિતને શાપ આપ્યો કે – **सप्तरात्रादितो नेता यमस्य सदनं प्रति ।** [૩] ''સાત દિવસમાં તું મૃત્યુ પામીશ.''

શમીક ઋષિના ગાયની કૂખે જન્મેલ પુત્ર તે શૃંગી. પુત્ર શૃંગીના શાપથી ઋષિ માહિતગાર થયા. પુત્રને ઉપદેશ આપતા ઋષિ નારાજ થઈ રાજાનું મહત્ત્વ દર્શાવી રાજધર્મ વિશે ઉપદેશ આપતા કહેવા લાગ્યા –

રાજા વિના અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થાય છે. રાજા દોષિત વ્યકિતને દંડ દ્વારા શિક્ષા કરે છે. [૪]

દંડથી ભય અને તેના દ્વારા તત્કાલ શાંતિ સ્થાપિત થાય છે. ભયથી ઉદ્વિગ્ન વ્યકિત ધર્માનુષ્ઠાન કરી શકતી નથી.

**राज्ञा प्रतिष्ठितो धर्मो धर्मात् स्वर्ग प्रतिष्ठितः ।**
**राज्ञो यज्ञक्रियाः सर्वा यज्ञाद् देवाः प्रतिष्ठिताः ॥**

અર્થાત્ રાજાથી ધર્મની સ્થાપના થાય છે અને ધર્મથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. રાજા દ્વારા સંપૂર્ણ યજ્ઞકર્મ પ્રતિષ્ઠિત થાય છે. યજ્ઞથી દેવતાની પ્રાપ્તિ થાય છે. [૫]

તપસ્વી રાજા શ્રમિત હતા. તેને સારાસારનો વિવેક ન હતો. તેથી મારા મૌનથી દ્રવિત થયા તેં મૂર્ખતાવશ શાપ ન આપવા યોગ્ય વ્યકિતને શાપ આપ્યો.

પિતાનો ઉપદેશ સાંભળી શૃંગી શાપ મિથ્યા કરવા તૈયાર ન થયા. પરંતુ રાજાને જયારે શાપનો ખ્યાલ આવ્યો ત્યારે તે પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

મંત્રીઓ દ્વારા રાજાને વાયુ પણ પ્રવેશી ન શકે, તેવા મહેલમાં કેદ કર્યા. કશ્યપ ઋષિ રાજાનું વિષ મારણ કરવા તૈયાર થયા. પરંતુ તક્ષક નાગે તેને ધન આપી પરત કર્યા. શાપ અનુસાર બરાબર સાતમા દિવસે તક્ષક સર્પના દંશથી રાજા મૃત્યુ પામ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

આ પરીક્ષિતનું આખ્યાન શ્રીમદ્ ભાગવત (૧–૧૮) પણ નિરુપે છે. ત્યાં અલ્પ તફાવત છે. કશ્યપ ઋષિની વાત ભાગવત પુરાણ આલેખતું નથી. પરંતુ શ્રીમદ્ ભાગવત પુરાણના શ્રવણ માત્રથી પરીક્ષિતને મોક્ષ પ્રાપ્તિ થઈ, તે કથા આલેખે છે.

આખ્યાન કથા ઉપદેશાત્મક કથા છે. ઉપદેશનું માધ્યમ છે. અહીં આખ્યાનના માધ્યમ દ્વારા અનેક બાબતો ઉજાગર થતી હોય છે, જેના દ્વારા સામાન્ય જન સમાજ પ્રેરણા લઈને જીવનને નવી દિશા અર્પે છે.

મહાભારતકારે આવશ્યકતાનુસાર આવી ઉપદેશાત્મક કથાઓ દ્વારા પોતાના મનની વાતને ખુલ્લી કરી છે. આવી કથાઓ દ્વારા ઉજાગર થતા માનવજીવનના અનેક પાસાઓ રજૂ કર્યા છે.

મહાભારતકાર પ્રસ્તુત આખ્યાન દ્વારા આવી અનેક સારી–માઠી આવશ્યક બાબતોની ચર્ચા કરે છે, જેને આપણે ક્રમશઃ જોઈએ.

**વિવેકભ્રષ્ટ :**

રાજા પરીક્ષિત થાકને કારણે વિવેકહીન થયા. તે સારાસાર વિવેક ભૂલી માત્ર થાક અને વિશેષ તો શિકારમાં મળેલ નિષ્ફળતાએ તેમને વધારે વિવેકહીન બનાવ્યા.

નીતિશતકમાં ભર્તૃહરિ કહે છે. – ''વિવેકહીન મનુષ્યનો શતમુખે વિનિપાત થાય છે.'' [૬]

અવિચક્ષણ મનુષ્ય ધર્મ–અધર્મનો વિવેક જાણતો નથી. પરંતુ દરેક મનુષ્ય દરેક સમયે વિચક્ષણ કે અવિચક્ષણ હોઈ શકે નહી. ખૂબ વિચક્ષણ પણ પ્રસંગોપાત અવિચક્ષણ જેવું અને અવિચક્ષણ વિચક્ષણ જેવું આચરણ કરે છે. [૭] અર્થાત્ જે વિચક્ષણ હોય, તેમણે મત્ત, પ્રમાદી ઈત્યાદિ ભાવના સંપર્કમાં આવવું નહી.

પંચતંત્ર અનુસાર –

**अनागतं य कुरूते स शोभते ।**

**स शोच्यते यो न करोत्यनागतम् ॥**

અર્થાત્ જે સાવધાનીપૂર્વક કાર્ય કરે તે શોભા પામે છે. વિચાર્યા વિના કાર્ય કરનાર પશ્ચાત્તાપ અનુભવે છે. [૮]

પરીક્ષિત શિકારમાં મળેલ નિષ્ફળતાથી ક્રોધિત બન્યા હતા અને ક્રોધ તો સર્વસ્વ નાશનું કારણ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ ક્રોધ ન કરવા માટે કહે છે, ''કામ, ક્રોધ, લોભ નરકના દ્વાર છે. તેથી આ ત્રણેયનો ત્યાગ કરવો.'' [૯]

કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિભ્રષ્ટ, સ્મૃતિભ્રષ્ટથી બુદ્ધિ નાશ પામે છે અને બુદ્ધિ નાશથી મનુષ્યનું પતન થાય છે. [૧૦]

બુદ્ધિ વ્યકિતને ભ્રષ્ટ કરી દે છે. સદ્બુદ્ધિ સદાચાર આચરાવે છે. જયારે દુર્બુદ્ધિથી મનુષ્ય દુરાચારી બની પોતાનું જ પતન નોતરે છે. ક્રોધી મનુષ્ય સારા–ખરાબનો ભેદ પારખી શકતો નથી. તેથી જ કહેવાય છે કે – **विनाशकाले विपरित बुद्धिः ।**

**દુર્ગુણ :**

રાજા શ્રેષ્ઠ હોવો જોઈએ, તેમ શાસ્ત્રો કહે છે. પરંતુ શ્રેષ્ઠ વ્યકિતમાં પણ કંઈક દુર્ગુણ તો હોય જ છે. આમ રાજા પણ એક વ્યકિત જ છે. કોઈ વ્યકિત સર્વગુણસમ્પન્ન હોતી નથી. રાજા પણ તેમાં અપવાદ

નથી. આ રાજાના પતન માટે આનંદ રામાયણના રાજયકાંડમાં રાજાના સાત દોષ ગણાવ્યા છે. (૧) અધિક નિંદ્રા (૨) આળસ (૩) મદ્યપાન (૪) દ્યૂત (૫) વેશ્યાગમન (૬) રમતપ્રિય (૭) અધિક શિકાર [૧૧]

મૃગયાના શોખથી રાજાનું પતન થયું તે સૂચવે છે કે દુર્ગુણ પતનની ખાઈ છે. પોતાના શોખે પોતે કેટલું મોટું અનિષ્ટ કરી બેઠા તેનો ખ્યાલ અનિષ્ટ થઈ ગયા પછી આવ્યો. પરંતુ પ્રાયશ્ચિત્ત સિવાય કોઈ ઉપાય ન હતો. 'અબ પછતાયે હોત કયા જબ ચિડિયા ચુગ ગઈ ખેત.'

મહાભારતમાં વિદુર ધૃતરાષ્ટ્રને રાજધર્મ સમજાવતા જણાવે છે, દશ મનુષ્ય ધર્મ જાણતા નથી. મત્ત, પ્રમાદી, ઉન્મત્ત, થાકેલો, ક્રોધી, ભૂખ્યો, ઉતાવળો, ડરપોક, લોભી અને કામી. [૧૨]

દુર્ગુણ અનિષ્ટનું મૂળ છે તે વાતને વાલ્મીકિ રચિત રામાયણના અયોધ્યાકાંડના શ્રવણ આખ્યાન સાથે સરખાવી શકાય.

સૂર્યવંશી રાજા દશરથ મૃત્યુ શય્યા પર હતા ત્યારે પૂર્વકૃત કર્મનું સ્મરણ કરતાં કૌશલ્યાને પશ્ચાત્તાપરૂપે શ્રવણ આખ્યાન કહે છે.

દશરથ કહે છે, મેં વિચાર્યા વિના માત્ર અવાજ સાંભળી શબ્દવેધી બાણ છોડયું તે બાણ મૃગને ન લાગતા મનુષ્યને લાગ્યું અને અજાણતા શ્રવણનો વધ કરી બેઠો.

મનુષ્ય શુભ–અશુભ કર્મ દ્વારા સુખ પ્રાપ્ત કરે છે. [૧૩]

શ્રીમદ્ ભાગવત અનુસાર સુખ–દુઃખયુકત મનુષ્ય પોતાના પૂર્વકર્મનું ફળ પ્રાપ્ત કરે છે. [૧૪]

મહાભારતકાર મુજબ પૂર્વ જન્મના કર્મ દ્વારા મનુષ્ય વૃદ્ધિ તથા હ્રાસ પ્રાપ્ત કરે છે. [૧૫]

કર્મ પૂર્વે શુભ–અશુભ પરિણામનો વિચાર કરવો જોઈએ. આવેશવશ કરેલ કર્મ પશ્ચાત્તાપ જ આપે છે.

વાલ્મીકિ રામાયણમાં દશરથ પશ્ચાત્તાપ કરતા કહે છે –

**अविज्ञाय फलं यो हि कर्म त्वेवानुधावति ।**

**स शोचेत् फलवेलायां यथा किंशुकसेवकः ॥**

અર્થાત્ જે કર્મ ફળના જ્ઞાન અથવા વિચાર કર્યા વગર કર્મ પ્રતિ દોડે છે તે ફળ પ્રાપ્ત થવાથી કેરી તોડી પલાશ સિંચન કરનારની માફક શોક કરે છે. [૧૬]

પરીક્ષિત પણ અવિચારી કર્મ બદલ પશ્ચાત્તાપ કરે છે.

ભર્તૃહરિ પ્રમાણે સારું અથવા ખરાબ કૃત્ય બુદ્ધિમાને વિચારીને કરવું જોઈએ, કારણ કે શ્રેષ્ઠ કર્મ જ મનુષ્યને સફળતા અર્પે છે. [૧૭]

ઋગ્વેદ અનુસાર મનુષ્યે શ્રેષ્ઠ કર્મ કરવું જોઈએ, જેથી સુખ પ્રાપ્તિ થાય. [૧૮]

શુભ–અશુભ કર્મનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. રઘુ શિરોમણી રાજા દશરથનું અશુભ કર્મ મૃત્યુ પર્યન્ત સાથે રહ્યું.

મહાભારતમાં કહ્યું છે કે,

**यत् करोत्य शुभं कर्म शुभं वा यदि सत्तम ॥**

**अवश्यं तत् समाप्नोति पुरूषो नात्र संशयः ॥**

અર્થાત્ મનુષ્યએ શુભ–અશુભ કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. તેમાં સંશય નથી. [૧૯]

આ વાતને અનુમોદન આપતા સંતશ્રી તુલસીદાસજી કહે છે – ''કર્મ પ્રધાન છે જેવું કર્મ તેવું ફળ મળે છે. દરેક વ્યકિત કર્મ પ્રમાણે ફળ પ્રાપ્ત કરે છે.'' [૨૦]

સામવેદમાં કર્મની ચર્ચા કરતાં કહ્યું છે કે – ''પરમેશ્વર કયારેય કોઈના કર્મને નિષ્ફળ કરતા નથી અને નિરપરાધીને દંડ દેતા નથી. આ જન્મ તેમજ પૂર્વજન્મના પ્રત્યેક માનવીને માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવે છે.'' [૨૧]

રાજા દશરથ પણ શિકાર અર્થે નીકળ્યા હતા. પરંતુ પોતાના જ મૃત્યુનું કારણરૂપી ફળ લઈ પાછા ફર્યા.

પરીક્ષિત પણ મૃગયાર્થે ગયા હતા. પરંતુ કર્મમાં નિષ્ફળતા પ્રાપ્ત થતાં પોતાના મૃત્યુરૂપ શાપ પ્રાપ્ત કરી પાછા ફર્યા.

સૂર્યવંશી રાજા દશરથ મૃત્યુ સમયે પૂર્વકૃત કર્મનું સ્મરણ કરી મૃત્યુનું કારણ જાણવા પ્રયત્ન કરે છે. શ્રવણના માતા–પિતાએ આપેલ શાપ 'પુત્ર વિયોગે તું મૃત્યુ પામીશ' [૨૨] નું સ્મરણ કરી પશ્ચાત્તાપ અનુભવે છે.

મનુષ્યમાં સો સદ્‌ગુણ હોય પરંતુ એકમાત્ર દુર્ગુણ વિનાશ નોતરે છે.

ચાણકય સૂત્ર જણાવે છે કે,

**बहूनपि गुणानेको दोषे ग्रसति ।** [૨૩]

પરીક્ષિત શિકારથી શ્રમિત હતા. દશ અવગુણોએ તેના પર સ્થાન ગ્રહણ કર્યું હતું. તેથી ધર્મ–અધર્મ જાણી શકયા નહીં અને સૌથી મહત્વની બાબત એ છે કે તેના મસ્તક પર કલિયુગે સ્થાન લીધું હતું. અન્યથા પરીક્ષિત જેવા વિચક્ષણ વ્યકિત દુરાચાર કરે નહીં.

**કલિ પ્રભાવ :**

પુરાણ અનુસાર બ્રહ્માના એક દિવસને કલ્પ કહે છે. એક કલ્પમાં એક હજાર મહાયુગ અને ચૌદ મન્વન્તર હોય છે. તેને ચતુર્યુગી કહે છે. જેવી રીતે દિવસમાં પ્રાતઃ, મધ્યાન્હ અને સાયં હોય. એવી જ રીતે પ્રત્યેક યુગમાં સંધ્યા અને સંધ્યાંશ હોય છે.

યુગના આરંભિક કાળને સંધ્યા અને અંતકાળને સંધ્યાંશ કહે છે.

| | *કાલ* | *સંધ્યા* | *સંધ્યાંશ* | *યોગ* |
|---|---|---|---|---|
| સત્યયુગ | ૪૦૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૪૮૦૦ |
| ત્રેતાયુગ | ૩૦૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૬૦૦ |
| દ્વાપરયુગ | ૨૦૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૪૦૦ |
| કલિયુગ | ૧૦૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૨૦૦ |
| | | | | ૧૨૦૦૦ |

એક કલ્પમાં ૧૨૦૦૦ × ૧૦૦૦ = ૧૨૦૦૦૦૦૦ દિવ્ય વર્ષ અને ૧૨૦૦૦૦૦ × ૩૬૦ = ૪૩૨૦૦૦૦૦૦૦ માનવ વર્ષ હોય છે.

આ વૈવસ્વત મન્વન્તરમાં ૨૮ વાર સત્યયુગ, ૨૮ વાર ત્રેતાયુગ, ૨૮ વાર દ્વાપર યુગ અને ૨૭ વાર કલિયુગ પૂર્ણ થયા છે. વર્તમાનમાં ૨૮ મો કલિયુગ ચાલે છે.

રાજાના સમયમાં ત્રેતાયુગ પૂર્ણ થયો. શ્રીકૃષ્ણના સ્વધામગમનથી દ્વાપર યુગની સમાપ્તિ થઈ અને પરીક્ષિતના રાજયશાસનમાં કલિયુગે સ્થાન ગ્રહણ કર્યું.

શ્રીમદ્ ભાગવત અનુસાર દિગ્વિજય માટે નીકળેલા રાજા પરીક્ષિત રાજોચિત્ત વસ્ત્રાભૂષણથી સજ્જ શુદ્રને ગાય અને વૃષભને દંડ વડે પ્રહાર કરતો જોયો. શુદ્ર તે કલિયુગ, ગૌ તે પૃથ્વી અને વૃષભ તે ધર્મનું પ્રતીક હતો. અર્થાત્ કલિયુગમાં ધર્મનું તત્ત્વ નહીં રહે. પૃથ્વી પર આરાજકતા વ્યાપી વળશે અને સર્વ લોકો શુદ્ર જેવું કર્મ કરશે.

રાજા પરીક્ષિતે કલિયુગનો વધ કરવા ખડ્ગ ઉપાડયું. પરંતુ શુદ્ર શરણે આવી વિનંતિ કરવા લાગ્યો. કલિયુગમાં માત્ર ભગવદ્ સ્મરણથી ઈશ્વર પ્રાપ્તિ થાય છે. તેને રહેવા માટે મદ્ય, સ્ત્રી, હિંસા, દ્યૂત આ ચાર સ્થાન આપ્યા. [૨૪] કારણ કે આ સ્થળે અસત્, મદ, અપવિત્રતા અને ક્રૂરતાદિ દોષ રહેલા છે.

કલિયુગે પુનઃ યાચના કરતા પરીક્ષિતે વધારાના સ્થાન તરીકે સુવર્ણ અર્થાત્ ધન આપ્યું. આથી પાંચ સ્થાન તેને રહેવા માટે થયા. પરીક્ષિતે આપેલા આ પાંચ સ્થાનોમાં અધર્મની ઉત્પત્તિના કારણરૂપ કલિયુગ રહેવા લાગ્યો.

કલિયુગના કારણે રાજા નલ દ્યૂતમાં હાર્યા અને વનમાં ભટકયા. કલિયુગે નલ રાજાનું વસ્ત્રહરણ કર્યું. કલિયુગના પ્રભાવથી દમયંતીનો વિરહ ભોગવ્યો. આમ, કલિયુગનો પ્રભાવ નલના જીવનને ધ્વસ્ત કરી દે છે.

માત્ર ભગવદ્ સ્મરણથી કલિયુગમાં ઈશ્વર પ્રાપ્તિ થાય છે. તેનું ઉદાહરણ ભાગવત પુરાણમાં (૯–૪) માં રાજા અંબરીષનું આપી શકાય.

અંબરીષની રક્ષા કરવા ભગવાન વિષ્ણુએ દુર્વાસાના શસ્ત્રને બાળીને ભસ્મ કરી નાખ્યું. અંબરીષની ભકિતથી પ્રસન્ન થઈ ભગવાન શ્રી વિષ્ણુએ તેમના રક્ષણની જવાબદારી સુદર્શન ચક્રને સોંપી હતી. ભગવાન્‌ને તેનો ભકત અતિ પ્રિય હોય છે. તેના રક્ષણની સંપૂર્ણ જવાબદારી તે સ્વયં પર લે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે – **न मे भक्तः प्रणश्यति ।**

જે અનન્ય ભાવે મારું ચિંતન કરી ઉપાસના કરે છે તેના યોગક્ષેમને હું વહન કરું છું. [૨૫]

અત્યંત દુરાચારી પણ પ્રભુ ભજન કરે તો સાધુત્વ પ્રાપ્ત કરે છે. કારણ કે ભગવત્ કૃપાથી ભકતના દુરાચાર નષ્ટ થઈ આધ્યાત્મિક ઉન્નતિ પામે છે અને શુદ્ર પણ પરમગતિને પ્રાપ્ત કરે છે. [૨૬] વિશેષતઃ કલિયુગમાં તો ભકિત જ પ્રધાન છે.

શ્રીમદ્ ભાગવત કથાનું માહાત્મ્ય ભકિત માટે શ્રેષ્ઠ છે. શૃંગી ઋષિના શાપને કારણે પરીક્ષિતનું મૃત્યુ થવાનું હતું. તે સાત દિવસના શ્રીમદ્ ભાગવતના શ્રવણથી પરીક્ષિતને મોક્ષ પ્રાપ્તિ થઈ. પ્રભુના નામ સ્મરણ માત્રથી પણ કલિયુગમાં મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.

પદ્મપુરાણના શ્રીમદ્ ભાગવત મહાત્મ્યમાં સ્પષ્ટ લખ્યું છે કે –

**सत्यादित्रियुगे बोधवैराग्यौ भुक्तिसाधकौ ।**
**कलौ तु केवलं भक्ति ब्रह्मसायुज्यकारिणी ॥** [२७]

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અનુસાર,

તપ, વેદાધ્યયન, જ્ઞાન અને કર્મ વગર માત્ર ભકિતથી ઈશ્વર પ્રસન્ન થાય છે. [૨૮]

માત્ર નામ સ્મરણથી ઈશ્વર પ્રાપ્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ ગોપી છે.

એકવાર ભગવાન્ શ્રીકૃષ્ણ નાદુરસ્ત તબિયતને કારણે અસ્વસ્થ થયા. સેંકડો ઔષધ કરવા છતાં સ્વસ્થતા પ્રાપ્ત ન થઈ. નારદે પધારી રુક્મિણીને કહ્યું કે જો તમારી ચરણરજ કૃષ્ણને આપવામાં આવે તો રોગ દૂર થાય. રુક્મિણીએ ચરણરજ આપવાની ના કહી નારદ ગોપી પાસે ગયા. શ્રીકૃષ્ણના રોગ અને ચરણરજની વાત કહી શીઘ્ર ગોપીઓએ પોતાની ચરણરજ કૃષ્ણ માટે આપી.

આ વાતથી સ્પષ્ટ થાય છે કે ગોપીનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ કેટલો ગાઢ છે. રુક્મિણીને પણ ખ્યાલ આવ્યો કે ગોપીની ભકિત નિર્વ્યાજ અને શ્રેષ્ઠ છે.

સ્વામી વિવેકાનંદ ભકિતની વ્યાખ્યા આપતા કહે છે કે – ‘‘અવિવેકી મનુષ્યોને વિષયોમાં જેવી ગાઢ પ્રીતિ લાગેલી હોય છે અને તમારા સ્મરણમાં લાગતી તેવી ગાઢ પ્રીતિ મારા હૃદયમાંથી ન નીકળો.’’ [૨૯]

ભકિતના લક્ષણ પર વિચાર કરતાં શ્રી સ્વામી મધુસુદન સરસ્વતી અદ્વૈત સિદ્ધિમાં લખે છે કે, ''ભગવદ્ ભાવથી દ્રવિત થઈ ઈશ્વર સાથે ચિત્તનો તદાકાર ભાવ ભકિતનું લક્ષણ છે.'' [30]

ભગવાન્ પ્રતિ પ્રેમ હોવો તે ભકિતનું લક્ષણ છે. પ્રભુનો ભકત પ્રભુ વિના અન્ય કોઈની કામના કરતો નથી. [31]

ભકત કવિ નરસિંહ મહેતા ઈશ્વર સ્તુતિ કરતાં કહે છે કે –

*પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, અહર્નિશ એને ગાઉં રે*

*તપ તીરથ વૈકુંઠ પદ મૂકી, મારા ભકત બોલાવે ત્યાં જાઉં રે.*

આગળ વધતા નરસિંહ મહેતા કહે છે, 'ભકિત કરતાં કદાચ ભ્રષ્ટ થઈ જઈશું તો શ્રીકૃષ્ણની સેવા કરીશું.' [32]

પ્રભુ પ્રત્યેનો આ પ્રકારનો પ્રેમ ભકિતનું લક્ષણ છે. ભકિત દર્શનના સૂત્રકાર દેવર્ષિ નારદ, મહર્ષિ શાંડિલ્ય અને અંગિરા ૠષિએ આ સિદ્ધાંત સાથે ભકિતનું લક્ષણ આપ્યું છે.

નારદ મતે – પરમેશ્વર પ્રતિ પરમ પ્રેમને ભકિત કહે છે. [33]

શાંડિલ્ય મતે – ઈશ્વર પ્રતિ પરમ અનુરાગને ભકિત કહે છે. [34]

અંગિરા મતે – ભકિત ભગવાન્ પ્રતિ અનુરાગ રૂપ છે. લૌકિક અનુરાગ ત્રણ પ્રકારનો છે – સ્નેહ, પ્રેમ તથા શ્રદ્ધા. [35]

નારદ પંચરાત્રમાં ભકિતનું લક્ષણ આ પ્રમાણે છે –

**सर्वोपधिविनिर्मुक्तं तत्परत्वेन निर्मलम् ।**

**हृषीकेश हृषीकेश सेवनं भक्ति रूच्यते ॥**

ભકિત સિવાય ઈશ્વરને કંઈ પ્રિય નથી. ભગવાને સ્વયં નારદજીને કહ્યું કે –

**नाहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च ।**

**मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥**

ભકિત ભગવાન્‌ને પ્રાણથી અધિક પ્રિય છે. ભકિતથી પ્રસન્ન થઈ ભગવાન્ નિમ્ન જાતિના લોકોને ગૃહે પણ જાય છે. [36]

વિદુર, શબરી ઈત્યાદિ આના ઉદાહરણ છે.

ભકિત માટે રૈદાસનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. ચમાર રૈદાસ માટે પ્રભુએ રૈદાસનું રૂપ લીધું તેમજ રૈદાસ માટે જ ઈશ્વરે મૂર્તિમાં પ્રાણ પૂર્યા.

શ્રીરામ ચરિત માનસના ઉત્તરકાંડમાં કહ્યું છે કે,

**भक्ति सुतंत्र सकल सुख खानी ।**

અર્થાત્ ભકિત સ્વતંત્ર છે. સર્વ સુખોનો ભંડાર છે. [૩૭]

ભગવાન્‌ને કેવો ભકત પ્રિય છે, તેનું વર્ણન કરતાં ગીતાકાર કહે છે –

જે હર્ષ, દ્વેષ કે શોક કરતો નથી, તે ભકત મને પ્રિય છે. [૩૮]

ભકતોના પ્રકારની સ્પષ્ટતા કરતાં ભગવાન્ શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે,

''ભકત ચાર પ્રકારના હોય છે. અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની.'' [૩૯]

તે ચારમાંથી ઈશ્વરને જ્ઞાની ભકત પ્રિય છે. [૪૦]

સંક્ષેપમાં ભકિત દ્વારા કલિયુગમાં પ્રભુની સમીપ જઈ શકાય છે.

**कर्कोटकस्य नागस्य दमयन्त्या नलस्य च ।**
**ऋतुपर्णस्य राजर्षे कीर्तनम् कलिनाशनम् ॥**

કલિયુગમાં તેનું કીર્તન કરવાથી કલિનો પ્રભાવ પડતો નથી.

સ્વામી વિવેકાનંદ જણાવે છે કે – ''ભકિત આપણી વૃત્તિઓનો નાશ નથી કરતી, આપણી પ્રકૃતિથી વિરુદ્ધ નથી જતી. પરંતુ તેને વધુ ઉચ્ચ અને વધુ પ્રબળ વલણ આપે છે.'' [૪૧]

**રાજધર્મ :**

રાજા પરીક્ષિત શ્રેષ્ઠ રાજા હતો. પરંતુ તેનામાં મૃગયારૂપી એક દુર્ગુણ હતો, જે મોતનું કારણ બન્યો. રાજાની શ્રેષ્ઠતા દર્શાવતાં શમીક ઋષિ પુત્ર શૃંગીને રાજધર્મ સમજાવતા કહે છે –

શાપ આપવો તપસ્વીનો ધર્મ નથી. રાજા પરીક્ષિત ન્યાયપૂર્વક પ્રજાની રક્ષા કરે છે. સાધુ પુરુષોએ રાજાના અપરાધને ક્ષમા આપવી જોઈએ. પરીક્ષિત રાજા શ્રમિત હતા. મારા મૌનવ્રતથી અજ્ઞાત હતા. તેથી તેમણે દુર્વ્યવહાર કર્યો.

મહાભારતકાર આગળ વધતા કહે છે. ''રાજા વગરના દેશમાં અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થાય છે. રાજા ધર્મથી વિમુખ બનેલ પ્રજાને ધર્માભિમુખ બનાવે છે.'' [૪૨]

મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે – જે મનુષ્ય મૂર્ખતાને કારણે રાજાનો દ્વેષ કરે છે તે નાશ પામે છે. કેમ કે રાજા તેનો શીઘ્ર નાશ કરવા માટે વિચાર કરે છે. [૪૩]

રાજા ઈશ્વર સમાન છે. જે રીતે સૃષ્ટિના સંચાલન માટે ઈશ્વરની આવશ્યકતા છે તે જ રીતે રાજયની પ્રજાના રક્ષણાર્થે રાજાની આવશ્યકતા છે. [૪૪]

રાજા વિના દંડ કે ક્ષમા આપી શકાતા નથી. રાજા ઈચ્છે તો દંડ આપી શકે અને ઈચ્છે ત્યારે ક્ષમા આપી શકે.

રાજા દંડ આપવા યોગ્ય છે. તેના માટે મહાભારતમાં મંખ અને લિખિતની કથા આપવામાં આવેલ છે.

એકવાર લિખિતની અનુપસ્થિતિમાં મંખે તેમના ગૃહે જઈ ઉદ્યાનમાંથી ફળ આરોગ્યા. લિખિતે આ જાણ્યું ત્યારે પૂછયા વગર કોઈની વસ્તુ પર આપણો અધિકાર નથી. એટલે તું દંડ માટે રાજા પાસે જા. એમ સૂચન કર્યું. રાજાએ દંડમાં મંખના બન્ને હાથ કાપી નાખ્યાં.

લિખિતે કહ્યું, ‘હું પણ દંડ આપી શકું. પરંતુ દંડ આપવો તે રાજાનો અધિકાર છે.

રાજાએ મંખના બંને હાથ કાપી નાખી દંડ આપ્યો.

આથી ફલિત થાય છે કે દંડ માટે રાજા જ શ્રેષ્ઠ છે. રાજા મંખને ક્ષમા આપવા તૈયાર થયા. પરંતુ મંખે દંડની યાચના કરતા દંડ કર્યો.

રાજા દ્વારા સંસાર ચાલે છે. મનુષ્ય માટે રાજા વિધાતા છે.

શ્રેષ્ઠ રાજાનું ઉદાહરણ પૃથુનું આપી શકાય પૃથુએ પૃથ્વીનું દોહન કર્યું. તેથી ‘પૃથુ’ કહેવાયો તેના સમયમાં કયાંય અશાંતિ ન હતી. પૃથુના સમયમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ મળવાનું કારણ આદર્શ રાજયસત્તા છે.

પરીક્ષિત પણ એક આદર્શ રાજા હતો. તેના વડે ઋષિનો અપરાધ થયો તે જાણ્યા પછી પશ્ચાત્તાપ કરતાં કહે છે, મને શાપ મળવાથી દુઃખ થયું નથી. પરંતુ ઋષિના અપરાધથી મન ઉદ્વિગ્ન બની ગયું. [45]

વર્તમાન સમયમાં લોકશાહી શાસન પ્રથા પ્રચલિત છે. તેમાં પણ નેતાની નીતિમત્તા પર શાસનનો આધાર રહે છે. **‘यथा राजा तथा प्रजा’** સુચારુ શાસન વ્યવસ્થામાં પ્રજા સુખી સમૃદ્ધ હોય છે.

રાજા યુગનું સંતાન છે. અન્યત્ર રાજાને યુગ–પ્રવર્તક ગણી **‘राजा कालस्य कारणम्’** પણ કહેવાયું છે.

**શાપ :**

ઋષિ શમીકે પુત્ર શૃંગીને શાપ દૂર કરવા જણાવ્યું, પરંતુ પુત્ર શૃંગી પિતાના અપમાનનો બદલો લેવા તત્પર હતા.

શૃંગીની પિતૃભકિત તેને મિથ્યા કરતા રોકે છે. શૃંગીને પરીક્ષિતના અપમાનનો બદલો લેવો હતો.

ઋષિ મુખે નીકળેલ શાપ મિથ્યા થઈ શકતો નથી, તે વાત કાલિદાસે અભિજ્ઞાનશાકુન્તલમ્માં દુર્વાસાના મુખે મૂકી છે. [46]

દુર્વાસા શકુન્તલાના શાપમાં થોડો ફેરફાર કરે છે. પરંતુ મિથ્યા કરી શકતા નથી. ઋષિ મુખે નીકળેલ વાકય બ્રહ્મવાકય કહેવાય છે તેને અસત્ય સાબિત કરી શકાતું નથી. જેવી રીતે એકવાર તીરમાંથી છૂટેલ બાણ પાછું વાળી શકાતું નથી. તેવી રીતે સત્ય વચન મિથ્યા થઈ શકતું નથી. શાપથી થતી હાનિ માટેનું ઉદાહરણ શ્રીકૃષ્ણ–ગાંધારીનું આપી શકાય. ગાંધારીના શાપને કારણે યાદવોનો નાશ થયો અને શ્રીકૃષ્ણ પણ સ્વધામ પધાર્યા.

અહીં પિતા અને પુત્રમાં બે વિરોધાભાસ જોવા મળે છે. પિતા રાજાના અપરાધને ક્ષમા આપવા તૈયાર થયા. પરંતુ પુત્ર તેના વચન પ્રત્યે અટલ છે. અહીં બે પેઢી વચ્ચેનું અંતર પણ જોઈ શકાય છે. પિતા પીઢ વ્યકિત છે તે અપરાધીને ક્ષમા આપવા ઈચ્છે છે. જયારે પુત્ર વર્તમાન યુગનો યુવાન છે. તે અપરાધ સામે અપરાધ જ હોય, **शठं प्रति शाठयम्** માં માને છે.

**ક્ષમા :**

**'क्षमा वीरस्य भूषणम्'** ક્ષમાએ વીરનું આભૂષણ છે, તે સત્ય છે. ડરપોક વ્યકિતના ક્ષમાદાન કરતાં નીડરનું ક્ષમાદાન શ્રેષ્ઠ ગણાય છે. યુધિષ્ઠિર ક્ષમાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભીમે દુર્યોધનના ઊરુ પર પ્રહાર કરી તેનો વધ કરી દુર્યોધનના મસ્તક પર ચઢી નૃત્ય કરવા લાગ્યો ત્યારે યુધિષ્ઠિરે તેમને આવું કૃત્ય ન કરવા કહ્યું. કારણ કે અંતે તો તે આપણો બંધુ છે, તેને ક્ષમા આપવી જોઈએ. આવી ક્ષમાભાવના અન્ય સ્થળે જોઈ શકાતી નથી.

ક્ષમા જેવી રીતે વીરનું આભૂષણ છે તેમ ગુણવાનોનું બળ છે. [૪૭]

ક્ષમા અસમર્થ મનુષ્ય માટે ગુણ તથા સમર્થ માટે ભૂષણ છે. [૪૮]

વાલ્મીકિએ રામાયણમાં કહ્યું છે કે ક્ષમાએ દાન, સત્ય, યજ્ઞ, યશ અને ધર્મ છે. ક્ષમા પર સમસ્ત વિશ્વનો આધાર છે. [૪૯]

**अलंकारो हि नारीणां क्षमा तु पुरुषस्य वा ।**

અર્થાત્ સ્ત્રી અથવા પુરુષ માટે ક્ષમા અલંકાર છે. [૫૦]

ક્ષમા માટે એક સુભાષિત પ્રસિદ્ધ છે.

મનુષ્યનું આભૂષણ રૂપ છે. રૂપનું આભૂષણ ગુણ છે. ગુણનું આભૂષણ જ્ઞાન છે. જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે. [૫૧]

શમીક ઋષિ તપસ્વી છે. તેનામાં ક્ષમાનો ગુણ ભરેલો છે. કારણ કે ચાણકય નીતિમાં કહ્યું છે કે – **क्षमा रूपं तपस्विनाम् श्च**[૫૨]

**ધનલોલુપતા :**

રાજા પરીક્ષિતને તક્ષક નાગથી રક્ષવા એક મહેલમાં કેદ કર્યા. કશ્યપ ઋષિ તેના વિષમારણ માટે નીકળ્યા. માર્ગમાં તક્ષકે તેને ધન આપી પરત કર્યા.

આ બાબત સૂચવે છે કે ધનથી સર્વ વસ્તુ ખરીદી શકાય છે. તેમ છતાં ધનની મર્યાદા છે. સર્વ વ્યકિત ધનવાંચ્છુ હોતી નથી.

અથર્વવેદ પણ આ વાતને અનુમોદન આપતા કહે છે કે – ''ધન દ્વારા અભિમાન આવે છે. જેના દ્વારા લોકો ધર્મ માર્ગથી વિચલિત થઈ જાય છે. ધન પ્રાપ્ત કરવું પરંતુ તેનો શિકાર ન બનવું.'' [૫૩]

વર્તમાન યુગ પણ ધનલોભી છે. ધનથી સર્વ કાર્ય સિદ્ધ કરી શકાય છે. સમાજમાં લાંચ–રૂશ્વત વગેરેનું પ્રમાણ અધિક છે. કઠીન કાર્ય પણ ધન દ્વારા સરળ બની જાય છે. મહાભારતમાં કવિએ તે સમયમાં પણ ધન–લાંચનું મહત્ત્વ હતું, તે દર્શાવ્યું છે. પછી તે ધન સન્માર્ગે પ્રાપ્ત કર્યું હોય કે દુરાચારથી, તે બાબત ગૌણ છે. સમાજમાં ધનને જ સર્વસ્વ માનનારા લોકો હતા, તે વાતને મહાભારત પુષ્ટિ આપે છે.

નીતિશતક અનુસાર જેની પાસે ધન છે, તે મનુષ્ય કુલીન ગણાય છે, તે જ પંડિત છે તે જ જ્ઞાની છે. તે જ ગુણ જાણનારો છે, તે જ વકતા છે, અને રૂપવાન્ છે. બધા જ ગુણો સુવર્ણમાં રહેલા છે. [૫૪]

મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે – ધર્મપાલન દ્વારા ધન પ્રાપ્ત કરવું તે સાચું ધન છે. અધર્મ દ્વારા પ્રાપ્ત કરેલ ધન ધિક્કાર યોગ્ય છે. ધનની ઈચ્છા માટે શાશ્વત ધર્મનો ત્યાગ ન કરવો જોઈએ. [૫૫]

**નિષ્કર્ષ :**

ઉપર્યુકત આખ્યાન દ્વારા એ નિષ્કર્ષ આપી શકાય કે અવિવેકી અથવા વિવેકભ્રષ્ટ લોકોનો વિનાશ થાય છે. **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।** તેનું ઉદાહરણ પરીક્ષિત, દશરથ, પાંડુ જેવા અનેક રાજા છે.

મૃગયા તે રાજાનો પ્રિય શોખ છે. પરંતુ તેનો અતિરેક વિનાશકારી છે. મૃગયાને કારણે શુભફળની પ્રાપ્તિનું ઉદાહરણ રાજા દુષ્યંત, કાદમ્બરીનો નાયક ચંદ્રાપીડ વગેરેને ગણાવી શકાય. તે બંનેને મૃગયા દ્વારા શુભફળની પ્રાપ્તિ થઈ. દુષ્યંતને શકુન્તલા પ્રાપ્ત થઈ અને ચંદ્રાપીડે સુંદર અચ્છોદ સરોવર અને તાપસી મહાશ્વેતાને જોયા.

કલિયુગને કારણે પરીક્ષિતની કેવી અવદશા થઈ, તે જાણ્યું. કલિયુગમાં માત્ર ભગવદ્ સ્મરણથી જ ઈશ્વર પ્રાપ્ત કરી શકાય છે.

ઋષિ મુખે નીકળેલ શાપ કેટલો વિનાશક હોય છે, તે મિથ્યા થઈ શકતો નથી. શાપને કારણે કેટલું મોટું અનિષ્ટ થાય છે, તે જોયું.

ધન પ્રાપ્તિ તે મનુષ્યની નબળાઈ છે. ધનથી સર્વે લોભાય છે. શ્રીરામ પણ સુવર્ણ મૃગ પાછળ લોભાયા હતા. સન્માર્ગે પ્રાપ્ત કરેલ ધન ઉન્નતિ કરે છે. પરંતુ કુમાર્ગે પ્રાપ્ત કરેલ ધન અવગતિ તરફ ધકેલે છે.

ક્ષમાનું ગુણ સમર્થ વ્યકિત માટે ઉત્તમ ગુણ છે.✓

## (२) शकुन्तलोपाख्यान

**સ્થાન :**

આ ઉપાખ્યાન મહર્ષિ વ્યાસ રચિત મહાભારતના આદિપર્વ અંતર્ગત આવતા સમ્ભવ પર્વના ૬૮મા અધ્યાયમાં ઉલ્લિખિત છે.

જનમેજય વૈશમ્પાયનને દેવતા, દાનવ, રાક્ષસ, ગંધર્વ તથા અપ્સરાઓના અંશાવતરણનું વર્ણન સાંભળ્યા પછી કુરુવંશનું વર્ણન શ્રવણ કરવાની ઈચ્છા વ્યકત કરે છે. ત્યારે વૈશમ્પાયન દુષ્યન્ત શકુન્તલાની કથા કહે છે.

શકુન્તલોપાખ્યાનનું આલેખન કરતાં પૂર્વે દુષ્યન્ત નામધારી કેટલી વ્યકિત પુરાણોમાં છે, તેનો ઉલ્લેખ કરીએ તો –

પૌરાણિક કથાકોશ બે નામધારી દુષ્યન્તનો ઉલ્લેખ કરે છે.

(૧) દુષ્યન્ત – સોમવંશીય અજમીઢનો પુત્ર

(૨) દુષ્યન્ત – સોમવંશીય રૈજય રાજાનો પુત્ર, તેની પત્ની શકુન્તલા અને પુત્ર સર્વદમન હતા. [૧]

ઉપર્યુકત નિરુપણને આધારે ક્રમ (૨) ના દુષ્યન્તની કથા મહાભારતકાર નિરુપે છે તેમ કહી શકાય.

દુષ્યન્ત નામનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ દષ્ટિગોચર થાય છે. તે મુજબ **दोःषन्ति** નામ ઉપલબ્ધ છે.

મહાભારતકાર પ્રમાણે –

મહાન પરાક્રમી, પૃથ્વીના પાલક, મૃગયા પ્રિય, દુષ્યન્ત નામે રાજા હતો. મૃગયા કરતા તે અતિરમણીય મનોહારી કણ્વ ઋષિના આશ્રમે આવી પહોંચ્યા.

રાજા જાણે છે કે આશ્રમમાં વિનિત વેષે પ્રવેશવું જોઈએ. તેથી સાથે રાખેલ સૈન્ય તથા શસ્ત્ર આશ્રમ બહાર મૂકયા.

આશ્રમમાં દુષ્યન્તે એક સર્વાંગ સુંદર કન્યા જોઈ. તે કન્યા વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી શકુન્તલા હતી. શકુન્તલા ક્ષત્રિય કન્યા છે. તેથી તેની સાથે દુષ્યન્ત વિચારે છે કે વિવાહ શકય છે.

ભારતીય સ્મૃતિગ્રંથો ઉચ્ચકુળના પુરુષ અને નિમ્નકુળની સ્ત્રી સાથેના વિવાહ માન્ય રાખે છે. પરંતુ ઉચ્ચકુળની સ્ત્રી અને નિમ્નકુળના પુરુષના વિવાહ શાસ્ત્ર સંમત નથી. [२]

આ બાબતને મહાકવિ કાલિદાસ પણ પુષ્ટિ આપે છે. અ.શા. માં કાલિદાસ કહે છે કે **अपि नाम कुलपतेरियमसवर्णक्षेत्रसंभवा स्यात् ।**

શકુન્તલાએ સ્વમુખે પોતાના જન્મની કથા કહી, તે મુજબ શકુન્તલા વિશ્વામિત્ર મેનકાની પુત્રી છે. તેના જન્મની કથા પૂર્વે વિશ્વામિત્ર વિષે થોડી માહિતી પ્રાપ્ત કરીએ તો –

જન્મે ક્ષત્રિય પરંતુ કર્મે બ્રાહ્મણ તેવા વિશ્વામિત્રની પુત્રી શકુન્તલા. મહર્ષિ વિશ્વામિત્ર જેવા પુરૂષાર્થી ઋષિ મળવા અશકય છે. સ્વયંના પુરૂષાર્થ વડે ક્ષત્રિયત્વથી બ્રહ્મત્વ પ્રાપ્ત કર્યું. સપ્ત ઋષિમાં અગ્રગણ્ય બન્યા તેમજ વેદમાતા ગાયત્રી મંત્રના દ્રષ્ટા ઋષિ બન્યા.

પ્રજાપતિના પુત્ર કુશ, તેના વંશમાં ગાધિ થયા. તે ગાધિના પુત્ર તે વિશ્વામિત્ર કુરુવંશમાં ઉત્પન્ન થયા. તેથી કૌશિક ગાધિપુત્ર હોવાને કારણે ગાધિ, ગાધિનન્દન, અથવા ગાધિતનય પણ કહેવાયા.

શકુન્તલાને પ્રથમ દષ્ટિએ જોતાં જ દુષ્યન્ત તેના તરફ આકર્ષાયો. શકુન્તલા દ્વારા જાણ્યું કે તે આશ્રમ કન્યા નહીં પરંતુ ક્ષત્રિય કન્યા છે. તેથી દુષ્યન્ત પ્રસન્ન થયો. શકુન્તલાનો ઉછેર આશ્રમમાં થયો હતો. તેથી તેનામાં આશ્રમ કન્યા જેવા ગુણો હોવા સ્વાભાવિક છે.

શકુન્તલા નામ કેવી રીતે પડયું તેનું સ્પષ્ટીકરણ કરતાં શકુન્તલા કહે છે –

**निर्जने तु वने यस्माच्छकुन्तैः परिवारिता ।**
**शकुन्तलेति नामास्याः कृतं चापि ततो मया ॥**

અર્થાત્ નિર્જન વનમાં શકુન્તો દ્વારા ઘેરાયેલી હતી તેથી શકુન્તલા નામ પાડયું. [३]

શકુન્તલાના જન્મની કથા દ્વારા દુષ્યન્તે જાણ્યું કે શકુન્તલા ક્ષત્રિય કન્યા હોવાથી વિવાહ યોગ્ય છે.

આ બાબતમાં દુષ્યન્તના ગુણ દષ્ટિગોચર થાય છે. રાજા દુષ્યન્ત શાસ્ત્ર માનનાર ધાર્મિક રાજા છે તે ઈચ્છે તો કોઈપણ રીતે શકુન્તલા સાથે વિવાહ કરી શકે. પરંતુ પ્રથમ તેમણે શકુન્તલાના કુળ વિશે માહિતી પ્રાપ્ત કરી, ત્યારપછી વિવાહ પ્રસ્તાવ મૂકયો. રાજા માટે કંઈ જ અશકય નથી. પરંતુ દુષ્યન્તમાં ક્ષત્રિયોચિત ગુણો રહેલા છે. તેથી તે આ બાબત વિચાર કરે છે.

કાલિદાસ શકુન્તલાના મુખે તેના જન્મની કથા ન કહેતા તેની સખી દ્વારા કહેવડાવે છે. કારણ કે કાલિદાસની શકુન્તલા સ્ત્રી સહજ ભાવ લજ્જાથી યુકત છે.

પિતા કોને–કોને કહી શકાય તે બાબત સમજાવતા શકુન્તલા દુષ્યન્તને કહે છે. જે ગર્ભાધાન દ્વારા શરીરનું નિર્માણ કરે છે. જે અભયદાન આપી પ્રાણની રક્ષા કરે છે અને જેનું અન્ન ભોજન કરાય છે. ધર્મશાસ્ત્ર આને પિતા કહે છે. [૪]

રાજાને પણ પિતાનો દરજ્જો આપ્યો છે. કારણ કે પ્રજા રાજાના સંતાનો છે.

કણ્વ ઋષિ શકુન્તલાના પ્રાણરક્ષક તથા અન્નદાતા પિતા છે.

વિશ્વામિત્રનો તપોભંગ કરનારી મેનકાને વિશ્વામિત્રએ જોઈ ત્યારે તેના મનમાં વિકાર ઉત્પન્ન થયો.

આ કામ વિકારથી કોઈ અલિપ્ત રહી શકતું નથી. શિવ પણ પાર્વતીને જોઈને પ્રથમ દષ્ટિએ ક્ષણિક વિકાર અનુભવે છે. તે બાબતનું નિરુપણ કવિકુલ ગુરુ કાલિદાસે કુમારસંભવમાં કર્યું છે. [૫]

મેનકા વિશ્વામિત્રનો તપોભંગ કરવા ગઈ ત્યારે વાતાવરણ મોહક બનાવવામાં આવ્યું. વનમાં સુગંધી પ્રસરી ગઈ. આ બાબતને કુમાર સંભવમાં પણ વર્ણવી છે. શિવને રીઝવવા પાર્વતી શિવની આરાધના કરવા ગઈ ત્યારે કામદેવે અકાળે વસંતઋતુ ખીલવી હતી.

દુષ્યન્તે શકુન્તલા સાથે વિવાહની માગણી કરી, તેના પ્રત્યુત્તર રૂપે શકુન્તલાએ કહ્યું –

**पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।**

**पुत्रस्तु स्थविरे भावे न स्त्री स्वातन्त्र्यमर्हति ॥**

અર્થાત્ સ્ત્રી સ્વાતંત્ર્ય માટે યોગ્ય નથી. કૌમાર્યાવસ્થામાં પિતા, યૌવનાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર સ્ત્રીનું રક્ષણ કરે છે. [૬]

સ્ત્રી સ્વાતંત્ર્ય માટે યોગ્ય નથી એમ કહેવાનો સ્મૃતિકારોનો હેતુ એવો છે કે બાલ્યાવસ્થામાં અનાચાર વગેરેથી પિતાએ કન્યાનું રક્ષણ કરવું, યુવાવસ્થામાં પતિએ સ્ત્રીના શીલનું રક્ષણ કરવું અને વૃદ્ધાવસ્થામાં પુત્રએ અનર્થથી કોઈ ધન ઈત્યાદિ પડાવી ન લે, તેની સંભાળ રાખવી જોઈએ.

શકુન્તલા દુષ્યન્ત સાથે શરતી વિવાહ કરવા તૈયાર થઈ શકુન્તલાએ કહ્યું કે –

**मयि जायते यः पुत्रः स भवेत् त्वदनन्तरः ।**

**युवराजो महाराज सत्यमेतद् ब्रवीमि ते ॥**

અર્થાત્ મારા ગર્ભમાં આપના દ્વારા જે પુત્ર ઉત્પન્ન થાય તે યુવરાજ બને. [૭]

આવા શરતી વિવાહ મહાભારતમાં રાજા શાન્તનુએ મત્સ્યગંધા સાથે પણ કર્યા હતા. તેમણે પણ કહ્યું હતું કે મારો પુત્ર યુવરાજ બને. [૮]

તફાવત એટલો કે અત્રે કન્યાના પિતા નિષાદ શરત કરે છે જયારે શકુન્તલોપાખ્યાનમાં શકુન્તલા સ્વયં શરત મૂકે છે.

દુષ્યન્તે શકુન્તલાની શરત માન્ય રાખી ગાંધર્વ વિવાહ કર્યા.

વિવાહ પશ્ચાત રાજા **अपि च त्वां हि नेष्यामि नगरं स्वं शुचिस्मिते ।** કહી નગરમાં પાછા ફર્યા.

શકુન્તલા દ્વારા કણ્વ ઋષિ દુષ્યન્ત સાથેના ગાંધર્વ વિવાહથી માહિતગાર થયા. **क्षत्रियस्य गांधर्व विवाहः श्रेष्ठ उच्यते ॥** કહી કણ્વ ઋષિ પ્રસન્ન થયા.

અભિજ્ઞાન શાકુન્તલમ્‌માં કાલિદાસના કણ્વ ઋષિ તપોબળ દ્વારા વિવાહથી માહિતગાર થયા. કારણ કે કાલિદાસની શકુન્તલા લજ્જાયુકત છે. તે પિતાને પોતાના વિવાહની વાત કરતા શરમ સંકોચ અનુભવે છે.

ત્રણ વર્ષ પછી શકુન્તલાએ પુત્રને જન્મ આપ્યો. કણ્વ ઋષિએ ચક્રવર્તીના ચિહ્નયુકત પુત્રનું નામ સર્વનું દમન કરતો તેથી સર્વદમન પાડયું. [૯]

પિતાની આજ્ઞાથી શકુન્તલા પતિગૃહે ગઈ. રાજા દુષ્યન્ત વિસ્મૃતિને કારણે શકુન્તલાને ઓળખી શકયા નહી.

આકાશવાણી દ્વારા દુષ્યન્તે પુત્ર સહિત શકુન્તલાનો સ્વીકાર કર્યો. રાજા શકુન્તલાનો અસ્વીકાર કરવા પાછળનું કારણ આપતા કહે છે –

જો મેં તારો સ્વીકાર કર્યો હોત તો પ્રજા આ કાર્ય કામવશ કર્યું તેમ કહેત. તેથી આ ઉપાય શોધ્યો. [૧૦]

દુષ્યન્તે શકુન્તલાની ક્ષમા માંગી પુત્ર સહિત સ્વીકાર કર્યો. ભરતને રાજય શાસન સોંપી દુષ્યન્તે શકુન્તલા સાથે રાજભવનમાં નિવાસ કર્યો.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

ઉપર્યુકત ઉપાખ્યાન શ્રીમદ્ ભાગવત્ પદ્મપુરાણ ઈત્યાદિ પુરાણોમાં ઉલ્લેખિત છે. પરંતુ તે કથામાં કયાંક થોડે–વત્તે અંશે તફાવત જોવા મળે છે.

આ દુષ્યંત–શકુન્તલાની કથાવસ્તુ લઈને કુલગુરુ કાલિદાસે વિશ્વપ્રસિદ્ધ અભિજ્ઞાન શાકુન્તલમ્ નામના નાટકની રચના કરી, જે વિશ્વ સાહિત્યની એક શ્રેષ્ઠ કૃતિ છે.

અભિજ્ઞાન શાકુન્તલમ્‌ની અનેક કવિઓએ સમીક્ષા કરી છે. તેમાં રવીન્દ્રનાથ ટાગોરને પણ મૂકી શકાય. તેમણે સેકસપિયરના ટેમ્પેસ્ટ નાટકની સાથે શાકુન્તલની તુલના કરી છે. ઉભયનું બાહ્ય સાદશ્ય અને આંતરિક ભિન્નતાની આલોચના કરી છે.

નિર્જનતામાં ઉછરેલી મિરાન્ડા અને રાજકુમાર ફર્ડિનાન્ડનો પ્રણય તાપસ કુમારી શકુન્તલા અને દુષ્યન્ત જેવો છે. ઘટના સ્થળનું પણ સાદશ્ય છે. એકમાં સમુદ્રથી વીટળાયેલ દ્વિપ છે અને બીજામાં તપોવન છે.

યુરોપના કવિ ગેટે અભિજ્ઞાન શાકુન્તલથી પ્રભાવિત થતાં એક જ વાકયમાં કહે છે કે ''કોઈને તરુણ વયના ફૂલનું અને પરીણિત વયના ફળનું મર્ત્ય તેમજ સ્વર્ગનું એક સાથે દર્શન કરવું હોય તો શાકુન્તલમાં થશે.''

આચાર્યશ્રી જીવનલાલ ત્રિ. પરીખે અભિજ્ઞાન શાકુન્તલને આધારે છાયા શાકુન્તલની રચના કરી. તેમાં કથાવસ્તુ કાલિદાસની લઈને ભવભૂતિના છાયા નાટકમાંથી પ્રેરણા લઈ છાયા શાકુન્તલનું ગુજરાતી ભાષાંતર કર્યું છે.

આ ઉપરાંત ઉમાશંકર જોષીએ અભિજ્ઞાન શાકુન્તલનું ગુજરાતી ભાષાંતર કર્યું.

ઈ.સ. ૧૮૩૦ માં A. Chezy એ શકુન્તલોપાખ્યાનનો ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કર્યો અને જર્મન અનુવાદ ઈ.સ. ૧૮૩૩ માં થયો.

આમ, અન્ય ભાષામાં પણ શકુન્તલોપાખ્યાનની કથા દષ્ટિગોચર થાય છે.

આખ્યાન કથા દ્વારા અનેક બાબતોને જાણી શકાય છે. કારણ કે આખરે તો આખ્યાન પાછળનો મૂળ હેતુ કંઈકને કંઈક સંદેશ અથવા બોધ આપવાનો હોય છે. શકુન્તલોપાખ્યાનમાંથી નીચેની બાબતો ફલિત થાય છે.

રાજા દુષ્યન્તે વિનીત વેષે આશ્રમમાં પ્રવેશ કર્યો, તે સૂચવે છે કે રાજામાં વિવેક અને મહાનતા જેવા ગુણો છે. રાજા સમગ્ર પૃથ્વીનો શાસક છે. પરંતુ તપોવન પ્રત્યે તેને આદર છે. પોતાના ઠાઠ–માઠથી તે તપોવનને પ્રભાવિત કરવા માંગતો નથી. પરંતુ તે સ્વયં કહે છે તેમ પવિત્ર આશ્રમના દર્શનથી પોતાની જાતને પવિત્ર કરવા અને મહર્ષિ પ્રત્યેની પોતાની શ્રદ્ધા વ્યકત કરવા જાય છે. આમ તેની વાણી અને વ્યવહારની એકતામાં તેની સાધુતાના પણ દર્શન થાય છે.

**અતિથિ સત્કાર :**

ભારતીય સંસ્કૃતિમાં અતિથિને આદરભર્યું સ્થાન આપવામાં આવ્યું છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે **अतिथि देवो भव ।** અર્થાત્ અતિથિને દેવ માનો [११] અતિથિ સત્કાર આર્ય સંસ્કૃતિનો વિશિષ્ટ ગુણ છે. **'सर्व देवमयोऽतिथिः'** કહી અતિથિને અધિક સમ્માન આપ્યું છે.

દુષ્યન્તનું કણ્વ ઋષિના આશ્રમમાં કણ્વની અનુપસ્થિતિમાં શકુન્તલા આતિથ્ય સત્કાર કરે છે. તેમાં ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવના સમાયેલી છે.

અતિથિ સત્કારનું મહત્વ દર્શાવતા કઠોપનિષદ્‌માં કહ્યું છે કે – જે ઘરમાં અતિથિ બ્રાહ્મણ ભૂખ્યો રહે તે મંદ બુદ્ધિ મનુષ્યના આશા, પ્રતીક્ષા, સર્વ સુખ, ઈષ્ટાપૂર્તમ્, સર્વ પુત્ર ઈત્યાદિ નષ્ટ થાય છે. [१२]

મનુસ્મૃતિ તેમજ મહાભારતકાર કહે છે – ''બેસવા માટે આસન, પાણી, મધુરવાણી – સજ્જનોના ગૃહે આ વસ્તુનો અભાવ ન હોવો જોઈએ.'' [૧૩]

પરીચિત મનુષ્ય ગૃહ પર આવે તો તેને 'અભ્યાગત' કહે છે તથા અપરિચિત વ્યકિતને 'અતિથિ' કહે છે.

સદ્ ગૃહસ્થે આ બંનેની પૂજા કરવી જોઈએ. જે વ્યકિત અતિથિના ચરણોમાં તેલ લગાડી યથાશકિત ભોજન કરાવી જળપાન કરાવી પૂજા કરે છે, તેના દ્વારા ઈશ્વરની પૂજા થાય છે. અને તેના સર્વ પાપો નષ્ટ પામે છે.

જે વ્યકિત યજ્ઞનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત કરવા ઈચ્છે તેમણે ક્ષુધાતુર, પ્યાસા, પરિશ્રમિત અતિથિનું સત્કારપૂર્વક અન્ન પ્રદાન કરી સ્વાગત કરવું. [૧૪]

અતિથિ સત્કાર માટે મહર્ષિ મુદ્ગલનું દષ્ટાંત શ્રેષ્ઠ છે.

મહર્ષિ મુદ્ગલે શિલોચ્છવૃત્તિ ધારણ કરી હતી અને પ્રતિજ્ઞા કરી હતી કે ૩૪ શેરથી અધિક ધન ન મેળવવું. તેઓ માત્ર અમાવસ્યા અને પૂર્ણિમાને દિવસે આહાર લેતા.

એક અમાવસ્યાને દિવસે મહર્ષિ દુર્વાસા મુદ્ગલની પર્ણકુટી પર પધાર્યા અને દુર્વાસાજી મુદ્ગલનું સર્વ ભોજન આરોગી ગયા. તે ભોજન તેને એટલું સ્વાદિષ્ટ લાગ્યું કે પૂર્ણિમાને દિવસે પણ પધાર્યા.

આ રીતે ૬ પર્વ સુધી દુર્વાસા ભોજન માટે પધાર્યા. પૂરા ત્રણ માસ મુદ્ગલનો પરિવાર અન્ન વિના રહ્યો.

અંતે મુદ્ગલને પરમપદની પ્રાપ્તિ થઈ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છે કે, જે પોતાના માટે અનાજ પકાવે છે તે પાપ ખાય છે. [૧૫]

ૠગ્વેદ પ્રમાણે **केवलाघो भवति केवलादी ।** [૧૬]

અતિથિ સત્કાર કરવાથી સમસ્ત પાપ નષ્ટ થાય છે.

શકુન્તલા રાજા દુષ્યન્તથી અપરિચિત હતી, છતાં તેમનું યોગ્ય સ્વાગત કર્યું.

હિતોપદેશ કહે છે, બ્રાહ્મણોને માટે અગ્નિ પૂજનીય છે. વર્ણોમાં બ્રાહ્મણ મહાન્ છે. સ્ત્રીઓ માટે પતિ એક ગુરુ છે. પરંતુ અતિથિ સર્વનો વડીલ છે. [૧૭]

આગળ વધતા કહે છે, 'જેના ઘરેથી અતિથિ નિરાશ થઈ પાછો ફરે છે, તે અતિથિ તે યજમાનને પાપ આપીને પુણ્ય લેતો જાય છે.' [૧૮]

**વિવાહ પ્રકાર :**

ભારતીય શાસ્ત્રોમાં અનેક પ્રકારના વિવાહનો ઉલ્લેખ છે. તેમાના ગાંધર્વ વિવાહ ક્ષત્રિય માટે શ્રેષ્ઠ છે. તેથી દુષ્યંત શકુન્તલા સાથે ગાંધર્વ વિવાહથી જોડાયા.

મનુસ્મૃતિ પ્રમાણે આઠ પ્રકારના વિવાહ છે. બ્રહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને અધમ પૈશાચ. [૧૯]

વિવાહ પ્રકારની વ્યાખ્યા કરતા મનુસ્મૃતિમાં કહ્યું છે કે –

(૧) કન્યાને વસ્ત્રાભૂષણથી અલંકૃત કરી સજાતીય યોગ્ય વરને કન્યાદાન કરવું, તે બ્રાહ્મ વિવાહ.

(૨) યજ્ઞાન્તે ઋત્વિજને પોતાની કન્યાનું દાન કરવું, તે દૈવ વિવાહ.

(૩) બંને સાથે રહી ધર્માચરણ કરો એમ કહી કન્યાદાન કરાય, તે પ્રાજાપત્ય વિવાહ.

(૪) કન્યાને યથાશકિત દ્રવ્ય આપી સ્વેચ્છાએ કન્યાદાન કરાય, તે આસુર વિવાહ.

(૫) વર પાસેથી એક ગાય અને એક બળદ શુલ્કરૂપે લઈ કન્યાદાન કરાય, તે આર્ષ વિવાહ.

(૬) વર–વધૂ બંને એકાંતમાં પરસ્પરનો સ્વીકાર કરે, તે ગાંધર્વ વિવાહ.

(૭) કન્યાની ચોરી કરવી, તે પૈશાચ વિવાહ.

(૮) યુદ્ધ કરી કન્યાનું અપહરણ કરી સગા સંબંધીઓથી હરી લેવાયેલ કન્યાનું વિવાહ, તે રાક્ષસ વિવાહ.

ઉપર્યુકત વિવાહમાંથી કયા વિવાહ કયા વર્ણ માટે યોગ્ય છે, તેનું નિરુપણ કરતાં મનુસ્મૃતિમાં કહ્યું છે કે –

બ્રાહ્મણને માટે બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ વિવાહ ધર્મયુકત છે. ક્ષત્રિયને માટે આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ વિવાહ ધર્મયુકત છે. વૈશ્ય તથા શુદ્રને માટે આસુર, ગાંધર્વ અને પૈશાચ વિવાહ યોગ્ય છે. [૨૦]

વર્તમાન યુગમાં ગાંધર્વ, પૈશાચ અને રાક્ષસ વિવાહનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. ગાંધર્વ વિવાહને હાલના રજીસ્ટર્ડ મેરેજ સાથે સરખાવી શકાય.

પ્રાચીન સમયમાં ગાંધર્વ વિવાહ પ્રાયઃ ક્ષત્રિયોમાં પ્રચલિત હતા. તે વાતને મહાભારત પણ પુષ્ટિ આપે છે. [૨૧]

દુષ્યન્તે શુકન્તલા પાસે ગાંધર્વ વિવાહની ઈચ્છા વ્યકત કરી, કારણ કે આશ્રમમાં શકુન્તલાના પાલક પિતા કણ્વ ઉપસ્થિત ન હતા.

કણ્વનું આગમન થતા શકુન્તલાએ પિતાને વિવાહથી માહિતગાર કર્યા. કણ્વ ઋષિ હર્ષિત થતાં કહેવા લાગ્યા –

**अद्यप्रभृति देवि त्वं दुष्यन्तस्य महात्मनः ।**

**पतिव्रत्तानां या वृत्तिस्तां वृत्तिमनुपालय ॥**

અર્થાત્ ''આજથી તું રાજા દુષ્યન્તની મહારાણી બની. પતિવ્રતા સ્ત્રી બની નિરંતર સદાચારનું પાલન કર.'' [૨૨]

મહાકવિ કાલિદાસ અહીં થોડો ફેરફાર કરે છે. કાલિદાસની શકુન્તલા સ્વમુખે પિતા કણ્વને તેના ગાંધર્વ વિવાહથી જ્ઞાત કરતી નથી. પરંતુ કણ્વ સ્વયં તપતેજ દ્વારા જાણી લે છે.

કાલિદાસની શકુન્તલા મહાભારતની શકુન્તલા જેટલી કુશળ નથી. કાલિદાસે શકુન્તલામાં સ્ત્રી સહજ ગુણો ભારોભાર મૂકયા છે. જયારે વેદવ્યાસની શકુન્તલામાં તેનો અભાવ છે. વેદ વ્યાસની શકુન્તલા સ્પષ્ટ વકતા છે, જયારે કાલિદાસની શકુન્તલા લજજાશીલ છે. તે વાતની પ્રતીતિ પદે–પદે થાય છે.

ત્રણ વર્ષ પછી શકુન્તલાએ ચક્રવર્તીના ગુણયુકત દુષ્યન્તના પુત્રને જન્મ આપ્યો.

### પતિવ્રતા ધર્મ :

આર્ય સ્ત્રીને માટે પતિ એક જ દેવતા છે. પતિ સેવામાં જ સમગ્ર સુખની પ્રાપ્તિ થાય છે. તેનું ઉદાહરણ પતિવ્રતા બ્રાહ્મણીનું આપી શકાય કે જે આતિથ્ય ધર્મને એક બાજુ મૂકી પતિની સેવામાં લીન બની ગઈ.

રાજા દુષ્યન્તનો શકુન્તલા માટે કોઈ સંદેશ ન આવ્યો. તેથી કણ્વ ૠષિ શકુન્તલાને પતિવ્રતા ધર્મ સમજાવતા કહે છે. ''સતી સ્ત્રીનું સર્વપ્રથમ કર્તવ્ય પતિસેવા છે. મન, વાણી, શરીર અને ચેષ્ટાઓ દ્વારા નિરંતર પતિની સેવા કરવી.'' [૨૩]

વાલ્મીકિ રામાયણમાં ભગવાન્ શ્રીરામ કૌશલ્યાને વનમાં સાથે ન આવવા પતિવ્રતાનો ઉપદેશ આપતા કહે છે.

''જે નારી પતિની સેવા કરતી નથી, તેની ગતિ પાપી જેવી થાય છે.'' [૨૪]

આગળ વધતા કહે છે, ''જે નારી દેવતા અને વંદનાથી દૂર રહી સ્વામીની સેવા કરે તેને સ્વર્ગ લોકની પ્રાપ્તિ થાય છે.'' [૨૫]

આ સૂચવે છે કે પત્નીને માટે પતિથી મહાન્ કોઈ દેવ નથી.

વાલ્મીકિ રામાયણમાં સીતામાતા શ્રીરામ સાથે વનમાં જવા માંગતા કહે છે.

''સ્ત્રીઓ માટે સમસ્ત વિશ્વમાં પતિ જ એકમાત્ર આશ્રય છે.'' [૨૬]

વનગમન કરતા સીતાને માતા કૌશલ્યા પતિ સેવા સમજાવતા કહે છે.

**मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः ।**
**अमितस्य तु दातारं भर्तारं का न पूजयेत् ॥**

અર્થાત્, પિતા, ભ્રાતા અને પુત્ર પરિચિત સુખદાતા છે. પરંતુ પતિ અપરિચિત સુખ પ્રદાન કરે છે. તેમની સેવા ઈહલોક અને પરલોકમાં કલ્યાણકારી છે. એવી કઈ સ્ત્રી હોય જે પતિની સેવા ન કરે. [૨૭]

સ્ત્રી માટે પતિ જ દેવતા છે, બંધુ ગુરુ છે. તેથી વિશેષરૂપે પતિને ખુશ કરવા જોઈએ. [૨૮]

મનુસ્મૃતિ અનુસાર ''સ્ત્રીઓ માટે પતિસેવા અતિરિકત કોઈ યજ્ઞ, વ્રત કે ઉપવાસ નથી. પતિ સેવા જ સ્વર્ગ સુખ પ્રાપ્ત કરાવનારી છે.'' [૨૯]

ચાણકય નીતિ પ્રમાણે – ''સ્ત્રી દાન, સેંકડો ઉપવાસ અને તીર્થોના સેવનથી શુદ્ધ થતી નથી. પરંતુ પતિના ચરણોદકથી શુદ્ધ થાય છે.'' [૩૦]

કવિ કુલગુરુ કાલિદાસ પણ કણ્વ મુખે પતિની શ્રેષ્ઠતા દર્શાવતા કહે છે – ''વડીલોની સેવા કરજે. સપત્ની સાથે પ્રિય સખી જેવો વ્યવહાર રાખજે, પતિ તારું અપમાન કરે તો પણ રોષપૂર્વક સામનો કરીશ નહી. આ રીતે વર્તનાર તરુણીઓ ગૃહિણી પદ પામે છે. તેનાથી વિરૂદ્ધ વર્તનાર સ્ત્રીઓ કુટુંબને માટે પીડાકારક બની રહે છે.'' [૩૧]

**કન્યા વિદાય પ્રસંગ :**

વિવાહ પ્રસંગમાં કન્યાવિદાય તે કરુણ પ્રસંગ છે. માતા–પિતા માટે કન્યાદાન સુવર્ણદાનથી અધિક છે. કણ્વ ઋષિએ શકુન્તલાને વિદાય આપતા કહ્યું –

**नारीणां चिरवासो हि बान्धवेषु न रोचते ।**
**कीर्तिचारित्रधर्मघ्नस्तस्मान्नयत मा चिरम् ॥**

અર્થાત્, સ્ત્રીએ ભાઈ–બંધુ સાથે અધિક સમય રહેવું ઈચ્છનીય નથી. તે તેમની કીર્તિ, શીલ તથા પતિવ્રત્ય ધર્મનો નાશ કરે છે. [૩૨]

તેથી કણ્વે શકુન્તલાને પતિગૃહે વિદાય કરવાનું નક્કી કર્યું.

કન્યાવિદાયનો પ્રસંગ કુલગુરુ કાલિદાસ અભિજ્ઞાન શાકુન્તલમ્‌માં વિશદરૂપે નિરુપે છે. એટલી વિશદ ચર્ચા મહાભારતમાં પણ નથી. મહાભારતકાર માત્ર એક શ્લોકમાં શકુન્તલાને વિદાય કરી દે છે. પરંતુ કાલિદાસનો આ પ્રસંગ વિશેષ મનનીય અને અનુકરણીય છે. અભિજ્ઞાન શાકુન્તલમ્‌નું દશ્ય વધારે મર્મસ્પર્શી અને વાસ્તવિક બનવા પામ્યું છે. તેથી અત્રે તેનો ઉલ્લેખ કર્યો છે.

અભિજ્ઞાન શાકુન્તલના ચોથા અંકના ચાર શ્લોકો કન્યાવિદાય માટે સર્વોત્તમ ગણ્યા છે, જે નીચે મુજબ છે.

(૧) અમે સંયમને જ ધન માનનારા છીએ. તારું પોતાનું કુળ ઊંચું છે તેમજ સંબંધીઓના પ્રયાસ વગર જ એને તમારા તરફ સ્નેહ ઢળ્યો છે. આ બરાબર વિચારીને રાણીઓમાં એને તમે સમાન

માનવૃત્તિથી જોજો. આથી આગળનું તો ભાગ્યને આધીન છે. કન્યાના સગાએ ખરેખર તે ન કહેવું જોઈએ. [૩૩]

(૨) વડીલોની સેવા કરજે, સપત્ની સાથે પ્રિય સખી જેવું વર્તન કરજે. પતિ તારું અપમાન કરે તો પણ રોષપૂર્વક સામનો કરીશ નહીં. સેવકો પ્રત્યે માયાળુ વર્તન રાખજે, સદાભાવથી છકી જઈશ નહીં. આ રીતે વર્તનાર તરુણીઓ ગૃહિણી પદને પામે છે. તેનાથી વિપરીત રીતે રહેનાર સ્ત્રીઓ કુટુંબને માટે પીડાકારક બની રહે છે. [૩૪]

(૩) ચાર સમુદ્રની સીમાવાળી એવી પૃથ્વીની દીર્ઘકાળ પર્યન્ત સપત્ની બની રહી. દુષ્યન્ત અને તારા પુત્રને બિનહરીફ સ્થાપી, તેને કુળનો સર્વભાર સોંપી દેનાર પતિની સાથે આ શાંત આશ્રમમાં પુનઃ પ્રવેશ કરીશ. [૩૫]

(૪) કન્યા તો ખરે જ પારકું ધન છે. એટલે આજે જ તેને પતિ પાસે વળાવી મારો અંતરાત્મા જાણે કે કોઈની થાપણ પાછી સોંપી હોય તેમ ખૂબ જ પ્રસન્ન થયો છું. [૩૬]

અભિજ્ઞાન શાકુન્તલના આ ચાર શ્લોક વિષે કહેવાય છે કે –

**काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला ।**

**तत्रापि च चतुर्थोक्तकः तत्र श्लोक चतुष्टयम् ॥**

અર્થાત્, કાવ્યોમાં નાટક રમ્ય છે. નાટકોમાં અભિજ્ઞાન શાકુન્તલ રમણીય છે. એમાં પણ ચોથો અંક અને ચોથા અંકના ચાર શ્લોકો શ્રેષ્ઠ છે.

અભિજ્ઞાન શાકુન્તલમાં શકુન્તલા વિદાયનો વિચાર કરતા મહર્ષિ કણ્વ કહે છે, 'આજે શકુન્તલા શ્વસુર ગૃહે જશે.' એ વિચારથી હૃદય ઉત્કંઠાથી ભરાઈ આવે છે. આંસુથી વેગને રોકવા જતા કંઠ રૂંધાય છે. ચિંતાથી આંખ જડ બની છે. જો મારા જેવા અરણ્યવાસીની પણ સ્નેહને કારણે આવી વ્યાકુળ દશા હોય તો ગૃહસ્થીઓને નવા પુત્રી વિયોગના દુઃખથી જાણે કેવીય વેદના થતી હશે. [૩૭]

શકુન્તલા વિદાયનું વર્ણન કરતાં રવીન્દ્રનાથ ટાગોર જણાવે છે કે – ''શકુન્તલા જયારે તપોવન ત્યજીને પતિગૃહે જાય છે. ત્યારે પદે–પદે તે આકર્ષણ અનુભવે છે. પદે–પદે તેને વેદના થાય છે. વન અને મનુષ્યનો વિયોગ આટલો મર્માન્તિક સકરુણ બની શકે છે, તે વિશ્વના સમસ્ત સાહિત્યમાં માત્ર અભિજ્ઞાન શાકુન્તલના ચતુર્થ અંકમાં જણાય છે. આ કામમાં સ્વભાવ અને ધર્મનિયમનું જેવું મિલન છે, તેવું જ મનુષ્ય અને પ્રકૃતિનું મિલન છે. વિસદશી વસ્તુઓ વચ્ચે આવા સંપૂર્ણ મિલનનો ભાવ ભારતવર્ષ સિવાય અન્ય કોઈ દેશમાં સંભવિત થઈ શકે તેમ નથી.'' [૩૮]

કન્યાવિદાય પ્રસંગે પ્રત્યેક પિતામાં કણ્વના અને પુત્રીમાં શકુન્તલાના દર્શન થાય છે. પિતા–પુત્રીનું આવું હૃદયદ્રાવક સમીકરણ અન્યત્ર કયાંય જોવા મળતું નથી.

**પુત્રનું મહત્ત્વ :**

પુરુષ પ્રધાન સમાજમાં પુત્રનું અત્યંત મહત્વ છે. પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞો કરવાની પ્રથા પણ શાસ્ત્રોમાં નિરુપેલ છે.

શકુન્તલા પુત્ર સહિત દુષ્યન્તના મહેલમાં આવી ત્યાં પુત્રની આવશ્યકતા સમજાવતા શકુન્તલા કહે છે.

**पुन्नाम्नो नरकात् यस्मात् पितरं त्रायते सुतः।**
**तस्मात् पुत्र इति प्रोक्तः स्वयंमेव स्वयम्भुवा ॥**

અર્થાત, પુત્ર પુમ્ નામના નરકમાંથી પિતાનો ત્રાણ કરે છે. તેથી સ્વયં બ્રહ્માએ તેને પુત્ર કહ્યો છે. [૩૯]

વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડમાં થોડા તફાવત સાથે આ શ્લોક જોવા મળે છે. ત્યાં **'स्वयमेव स्वयम्भुवा'** ને સ્થાને **'पितृत्वं पाति सर्वतः'** છે. [૪૦]

પુત્ર કુલદીપક છે. પુત્ર માટે રાજા હરિશ્ચન્દ્રે વરુણનો યજ્ઞ પુત્ર દ્વારા કરવાની પ્રતિજ્ઞા કરી પુત્રની શી આવશ્યકતા છે, તે દર્શાવતા નારદ ઐતરેય બ્રાહ્મણના શુનઃશેપાખ્યાનમાં હરિશ્ચન્દ્રને કેટલાક શ્લોક કહે છે. જે આ મુજબ છે –

જો જન્મેલા પુત્રનું મુખ પિતા જુએ તો પિતા તેને પોતાનું ઋણ સોંપે છે અને અમૃતત્વને પામે છે.

પ્રાણીઓમાં જેટલા ભોગો પૃથ્વીમાં છે, જેટલા અગ્નિમાં છે, પાણીમાં છે, તેનાથી વધારે પિતાના પુત્રમાં છે.

પિતા પુત્રથી હંમેશને માટે ઘોર અંધકારને ઓળંગી ગયા છે. આત્મા આત્માથી જન્મ્યો છે તે પાર લઈ જનારી અન્નયુકત નાવ છે.

મળ, મૃગચર્મ, જટા, તપ ઈત્યાદિથી શું ? એકમાત્ર પુત્રની ઈચ્છા રાખો તે ખરેખર અનિદ્ય લોક છે.

અન્ન પ્રાણ છે, વસ્ત્ર શરણ છે, સુવર્ણ એ જ રૂપ છે. પશુઓ વિવાહ છે. પત્ની સખા છે. પુત્ર દુઃખનું કારણ છે. પુત્ર પરમ વ્યોમમાં જયોતિરૂપ છે.

અપુત્રને કોઈ લોક મળતો નથી. પુત્રમાતા અને બહેનથી અધિક છે. [૪૧]

પુત્ર વિશે વશિષ્ઠ સ્મૃતિ કહે છે, 'પિતા પુત્ર દ્વારા આ લોકને જીતી લે છે. પૌત્ર દ્વારા અખિલ બ્રહ્માંડને વશ કરી લે છે અને પ્રપૌત્રના જન્મથી સૂર્યલોકને પ્રાપ્ત કરી લે છે.' [૪૨] મહાભારતકાર પણ આ વાતને અનુમોદન આપે છે.

ચાણકય સૂત્ર પ્રમાણે, ''પુત્ર તમામ સંકટોથી માતા–પિતાની રક્ષા કરે છે.'' [૪૩]

આજ્ઞાકારી પુત્રને શ્રેષ્ઠ પુત્ર કહેતા મહાભારતકાર કહે છે, ''જે માતા–પિતાની આજ્ઞા પાળે છે. તેમનું હિત ઈચ્છે છે, તેને અનુકૂળ રહે છે, તથા માતા–પિતા પ્રતિ પુત્રોચિત્ત વ્યવહાર કરે છે. વાસ્તવમાં તે પુત્ર છે.'' [૪૪]

પુત્ર કેવો હોવો જોઈએ તો તેનું પ્રમાણ આપતા ચાણકય નીતિ કહે છે – 'એક ગુણી પુત્ર શ્રેષ્ઠ છે, અનેક મૂર્ખ પુત્ર નહીં. ચંદ્ર એકલો અંધકારને દૂર કરે છે, સેંકડો તારાઓ નહીં.' [૪૫]

શકુન્તલા પણ અનેક ઉદાહરણ આપી પુત્રની આવશ્યકતા સિદ્ધ કરે છે. પુત્ર જન્મ પછી પત્ની **'जाया'** બને છે. કારણ કે પતિ જ પત્નીની અંદર ગર્ભરૂપે પ્રવેશ કરી પુત્ર તરીકે જન્મધારણ કરે છે તે **जायानुं जायात्व** છે. [૪૬]

વર્તમાન યુગ પણ પુત્રનું મહત્ત્વ સ્વીકારે છે. તેને કારણે સમાજમાં સ્ત્રી ભ્રૂણ હત્યા વધતી જાય છે. સ્ત્રી પુરુષની સંખ્યા સમાન હશે તો તંદુરસ્ત સમાજની રચના થઈ શકશે. અન્યથા સમાજમાં અસમતુલા સર્જાઈ જશે. ગર્ભમાં રહેલ બાળક પુત્ર છે કે પુત્રી તે ચકાસી તેની હત્યા કરવામાં આવે છે. આ વિજ્ઞાને પ્રાપ્ત કરેલી એક સિદ્ધિ તો છે. પરંતુ તે અભિશાપરૂપ છે.

**શકુન્તલા પ્રત્યાખ્યાન :**

શકુન્તલાનું પુત્ર સહિત પતિગૃહે આગમન થયું. પરંતુ દુષ્યન્ત શકુન્તલાનો અસ્વીકાર કરે છે. તે અસ્વીકારનું કોઈ કારણ નથી. જેથી રાજાની ઉદ્દંડતા દષ્ટિગોચર થાય છે.

અભિજ્ઞાન શાકુન્તલમાં પણ શકુન્તલાનો દુષ્યન્તે અસ્વીકાર કર્યો. પરંતુ ત્યાં દુર્વાસાનો શાપ કારણભૂત છે.

કવિ વ્યાસનો દુષ્યન્ત સ્વાર્થી લાગે છે. તેમની સ્વાર્થ પરાયણતાથી તે વાચકોની સહાનુભૂતિ ગુમાવી બેસે છે.

અભિજ્ઞાન શાકુન્તલમાં શાપની પ્રબળ અસર નીચે મૂકાયો હોવા છતાં રાજા ઊંડે ઊંડે જે રીતે શકુન્તલાના પ્રેમની અનુભૂતિ કરે છે. તે એના માટેની પ્રેક્ષકોની સહાનુભૂતિમાં વૃદ્ધિ કરે છે.

મહાભારતમાં શકુન્તલા વિવાહ પછી કણ્વ ઋષિના ભયને કારણે નવ વર્ષ સુધી શકુન્તલાને નગરમાં લાવતો નથી. જયારે શકુન્તલા સર્વદમન સાથે રાજસભામાં ઉપસ્થિત થઈ ત્યારે લોકાપવાદના ભયે શકુન્તલાનો અસ્વીકાર કરે છે. જયારે અશરીરી વાણી શકુન્તલાને તેની પત્ની તરીકે અને સર્વદમનને તેના પુત્ર તરીકે જાહેર કરે છે. તદ્પશ્ચાત્ તેનો સ્વીકાર કરે છે.

શકુન્તલા રાજાને અનેક ખરા ખોટા વાકયો કહે છે. પરંતુ રાજા તે સર્વનો અસ્વીકાર કરતા શકુન્તલાને નિમ્નજાતિની કહી હલકી પાડે છે. શકુન્તલા બધા પ્રશ્નોના સ્પષ્ટતાથી ગભરાયા વિના ઉત્તર આપે છે. તે રાજાને એટલી હદે કહે છે કે –

**राजन् सर्षप मात्राणि परच्छिद्राणि पश्यसि ।**

**आत्मनो बिल्वमात्राणि पश्यन्नापि न पश्यसि ॥**

અર્થાત્, ''અન્યના રાઈ જેવડાં દોષો જુએ છે. પરંતુ પોતાનો પહાડ જેવડો દોષ દેખાતો નથી.'' [૪૭]

મહાભારતકારની શકુન્તલા સ્પષ્ટ વકતા છે. તે દુષ્યન્તના સર્વ પ્રશ્નોના ઉત્તર આપે છે. મહાભારતની શકુન્તલા અભિજ્ઞાન શાકુન્તલાની શકુન્તલા કરતા જુદી માટીની છે. કાલિદાસ તેનું સૌમ્ય સ્વરૂપ પ્રકટ કરે છે. જયારે વ્યાસ તેને અન્યાયનો સામનો કરતી વિદ્રોહ કરતી નારી ચીતરી છે. કારણ કે મહાભારતકારને ગભરું નારી પસંદ ન હોય તેમ લાગે છે. તેમણે દ્રૌપદી તથા ગાંધારીને પણ અન્યાય સામે વિદ્રોહ કરતી દર્શાવી છે. દ્રૌપદી વારંવાર યુધિષ્ઠિરને યુદ્ધ માટે ઉશ્કેરે છે. દુશ્મનોને હણવા માટે પ્રતિજ્ઞા કરે છે. ચીરહરણ પ્રસંગે તે મૌન ન રહેતા યુધિષ્ઠિર ભીષ્મ અને સભાસદોને અનેક પ્રશ્નો કરે છે.

તેવું જ ચરિત્ર ગાંધારીનું છે તેમણે કયારેય દુર્યોધનને યુદ્ધમાં જીત થાય તેવા આશીર્વાદ આપ્યા નથી. હંમેશા તેમજ કહે છે. **यतो धर्मः ततो जयः ।** ઉપરાંત પતિ ધૃતરાષ્ટ્રને પણ અનેકવાર પુત્રને સમજાવવાની અને યુદ્ધ ન કરવાની સલાહ આપે છે.

આમ, વેદ વ્યાસના નારી પાત્રો અન્યાયનો સામનો કરે તેવા ક્રાંતિકારી છે.

**સત્ય :**

દરેક વ્યકિત જો સત્યને વળગી રહે તો સત્ સમાજની રચના થઈ શકે. ગાંધીજી સત્યને વરેલા હતા. આજીવન સત્ય પાલનનું વ્રત લીધું હતું. તે સત્યને સમજાવતા મહાભારતકાર શકુન્તલાના મુખે કહે છે, ''સો કૂવાની અપેક્ષા એક વાવડી ઉત્તમ છે, સો વાવડીની અપેક્ષા એક યજ્ઞ ઉત્તમ છે. સો યજ્ઞની અપેક્ષા એક પુત્રને જન્મ આપવો ઉત્તમ છે અને સો પુત્રોની અપેક્ષાએ સત્ય પાલન શ્રેષ્ઠ છે.'' [૪૮]

આગળ વધતા કહે છે, ''અશ્વમેઘ યજ્ઞ કરતાં સત્ય શ્રેષ્ઠ છે.'' [૪૯]

મુંડકોપનિષદ્ સત્યનો મહિમા વર્ણવતા કહે છે, **सत्यमेव जयते नानृतम् ।** [૫૦]

બૃહદારણ્યક મુજબ 'સત્ય જ બ્રહ્મ છે.' [૫૧]

મનુસ્મૃતિ અનુસાર ''સદા પ્રિય સત્ય બોલવું, અપ્રિય સત્ય ન બોલવું. પ્રિય અસત્ય ન બોલવું આ સનાતન ધર્મ છે.'' [૫૨]

સત્યને ખાતર હરિશ્ચન્દ્રએ દુઃખ વેઠયું સત્યને ખાતર યુધિષ્ઠિર દ્યૂતમાં પરાજીત થઈ બાંધવો તેમજ પત્ની સહિત વનમાં ગયા.

સત્યને માટે ગાંધીજીએ ભારતને આઝાદ કરવા લડત આપવા દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા.

અંતે સત્યનો જય થાય છે તે ન્યાયે અશરીરી વાણી દ્વારા દુષ્યન્તે શકુન્તલાનો પુત્ર સહિત સ્વીકાર કર્યો.

અસ્વીકારનું કારણ આપતા દુષ્યંત કહે છે. જો પ્રથમથી જ શકુન્તલાનો સ્વીકાર કર્યો હોત તો લોકાપવાદનું કારણ બનત આકાશવાણી દ્વારા સ્વીકારથી શકુન્તલાની પવિત્રતા પણ જળવાઈ રહે તેથી અસ્વીકાર કર્યો.

મહાભારતકાર કથાવસ્તુને અહીં વિરામ આપે છે. પરંતુ કવિ કાલિદાસ અભિજ્ઞાન શાકુન્તલને આગળ વધારે છે. કારણ કે કવિ કાલિદાસ પ્રણયીઓના પ્રેમને વિરહની આગમાં દગ્ધ કરવા માંગતા હતા અને કાલિદાસ વ્યકિતનિષ્ઠ પ્રેમથી ઊંચે ઉઠતા સમષ્ટિનિષ્ઠ પ્રેમનો મહિમા કરવા માંગતા હતા. કથાનકને પાંચમા અંક આગળ પૂર્ણ ન કરતા સાતમા અંક સુધી તેને હેતુપૂર્વક લંબાવીને પ્રણયીઓના નિર્મળ હૃદય સંવાદની સ્થાપના કરીને કવિએ મૂળ કથાનકનું ભારે ઉદાત્તીકરણ કર્યું છે.

**નિષ્કર્ષ :**

અતિથિ સત્કાર એ ભારતીય સંસ્કૃતિનો અનેરો ગુણ છે, તે આ કથા પરથી ફલિત થાય છે.

શકુન્તલામાં ક્ષત્રિયોચિત ગુણો રહેલા છે અને દુષ્યંત તેની સાથે વિવાહ સંબંધ બાંધી શકશે તેના દ્વારા વૈદિક ધર્મનું પાલન થતું જોવા મળે છે.

વિવાહ પ્રકારોની ચર્ચા કરી કયા વર્ણ માટે કયા વિવાહ ઉત્તમ છે તેના દ્વારા વર્તમાન વિવાહ પ્રણાલી દષ્ટિગોચર થાય છે.

શકુન્તલા પતિવ્રતા સ્ત્રી છે તે તેની વાણી દ્વારા સાબિત થાય છે. શાસ્ત્રોમાં પતિવ્રતા સ્ત્રીના અનેક ઉદાહરણો છે. જેમ કે, સતિ સાવિત્રી, સતિ અનસૂયા, સીતામાતા ઈત્યાદિ.

શકુન્તલાએ પુત્રની આવશ્યકતા સમજાવી સત્યનું મુખ હિરણ્યના પાત્રથી ઢંકાયેલું છે. [૫૩] તેને ખોલવાનો પ્રયત્ન ન કરતા સુવર્ણમાં જ મોહિત થાય છે. સત્યનો શ્રેષ્ઠ મહિમા શકુન્તલાએ દુષ્યન્તને સમજાવ્યો.

શકુન્તલા ભારતીય આર્ય નારીનું ઉત્તમ દષ્ટાંત છે. આ આખ્યાન દ્વારા ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, પિતૃપ્રેમ, અપત્યપ્રેમ ઈત્યાદિ બાબતો ઉજાગર થાય છે.

# (३) ययात्युपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતના પ્રથમ પર્વ આદિપર્વના સમ્ભવપર્વ અંતર્ગત ૭૮ મા અધ્યાયમાં નિરુપાયેલ છે.

વૈશમ્પાયન રાજાઓના ચરિત્રોના વર્ણન કરતા યયાતિનું ચરિત્ર જન્મેજયને કહે છે.

પૌરાણિક કથાકોશ એકમાત્ર યયાતિનો જ ઉલ્લેખ કરે છે.

જે સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના છ પુત્રોમાંનો દ્વિતીય પુત્ર હતો. [1]

મહાભારતની કથા પ્રમાણે એક મનોહર વનમાં કન્યાઓ જલક્રીડા કરી રહી હતી. તે સમયે ઈન્દ્રએ વાયુનું રૂપ ધારણ કરી સર્વ કન્યાના વસ્ત્રો એકઠા કરી દીધા. તેથી શર્મિષ્ઠા–વૃષપર્વાની પુત્રીએ દેવયાની–શુક્રાચાર્ય પુત્રીના વસ્ત્રો પરિધાન કર્યા.

આ દશ્ય જોઈ દેવયાની બોલી –

**कस्माद् गृह्णासि मे वस्त्रं शिष्या भूत्वा ममासुरि ।**

**समुदाचारहीनाया न ते साधु भविष्यति ॥**

અર્થાત્, મારી શિષ્યા બની તેં મારા વસ્ત્રો કેમ પરિધાન કર્યા ? તું સજ્જનોના ઉત્તમ આચારથી શૂન્ય છે. [2]

શર્મિષ્ઠાએ પ્રત્યુત્તર આપતા અનેક વચનો કહ્યા જેમાં દેવયાનીને ભિક્ષુકની પુત્રી કહી અને પોતાના પિતા પર નિર્ભર છે, તેમ કહ્યું.

આ વાત સાંભળી દેવયાની શર્મિષ્ઠાના શરીર પરથી વસ્ત્રો ખેંચવા લાગી. આથી શર્મિષ્ઠાએ તેને એક કૂવામાં ધકેલી દીધી.

શિકારની શોધ કરતા રાજા યયાતિ ત્યાં પહોંચ્યા. તેમણે દેવયાનીને કૂવામાંથી બહાર ખેંચી દેવયાનીએ યયાતિ પાસે વિવાહ પ્રસ્તાવ મૂકયો. પરંતુ યયાતિ ક્ષત્રિય અને દેવયાની બ્રાહ્મણ દુહિતા હોવાથી આ વિવાહ શકય નથી, તેમ કહ્યું. [3]

તત્પશ્ચાત્ રાજા નગરમાં ચાલ્યો ગયો. દેવયાની આશ્રમમાં પરત ન થતા પિતાએ શોધ કરી દેવયાનીએ શર્મિષ્ઠાના વ્યવહારની પિતાને જાણ કરી. દેવયાનીએ કહ્યું,

**दासीं कन्यासहस्रेण शर्मिष्ठामभिकामये ।**

**अनु मां तत्र गच्छेत् सा यत्र दद्या   मे पिता ॥**

અર્થાત્, શર્મિષ્ઠા એક સહસ્ર દાસી સાથે મારી સેવા કરે. પિતાજી જયાં મારા વિવાહ કરે ત્યાં મારી સાથે રહે. [4]

વૃષપર્વા અને શર્મિષ્ઠાએ આ વાત માન્ય રાખી.

દીર્ઘકાલ પશ્ચાત્ દેવયાનીના યયાતિ સાથે વિવાહ થયા. યયાતિ દ્વારા દેવયાનીને બે પુત્રોની પ્રાપ્તિ થઈ.

આ તરફ શર્મિષ્ઠાની યાચનાથી યયાતિએ શર્મિષ્ઠા સાથે વિવાહ કર્યા અને ત્રણ પુત્રોની પ્રાપ્તિ થઈ.

આ વાતની જાણ દેવયાનીને થઈ. તેથી ક્રોધિત થઈ દેવયાની પિતા શુક્રાચાર્ય પાસે ગઈ. શુક્રાચાર્યએ યયાતિને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય તેવો શાપ આપ્યો.

શાપ સાંભળી યયાતિએ કહ્યું –

**अतृप्तो यौवनस्याहं देवयान्यां भृगूद्वह ।**

**प्रसादं कुरू मे ब्रह्मञ्जरेयं न विशे   माम् ॥**

અર્થાત્, હું દેવયાની સાથે યુવાવસ્થામાં રહી હજુ તૃપ્ત થયો નથી. મને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય તેવી કૃપા કરો. [5]

શુક્રાચાર્યએ કહ્યું,

**नाहं मृषा ब्रवीम्येतज्जरां प्राप्तोडसि भूमिष श्च**

**जरां त्वेतां त्वमन्यस्मिन् संक्रामय यदीच्छसि श्च**

અર્થાત્, અન્ય કોઈની યુવાની લઈ વૃદ્ધાવસ્થા તેના શરીરમાં નાખી શકીશ. [6]

તદ્ પશ્ચાત્ યયાતિએ દેવયાની પુત્ર પાસે યુવાવસ્થાની યાચના કરી. પરંતુ તેમણે ના કહી. આથી યયાતિએ તેમને શાપ આપ્યો.

અંતે શર્મિષ્ઠા પુત્ર પુરુએ પિતાની વૃદ્ધાવસ્થા લઈ પોતાની યુવાવસ્થા આપી. આથી યયાતિએ પ્રસન્ન થઈ તેને વરદાન આપ્યું કે, **सर्वकामसमृद्धा ते प्रजा राज्यं भविष्यति श्च**અર્થાત્, તારા રાજયમાં સમગ્ર પ્રજા સમસ્ત કામનાઓથી સમ્પન્ન થશે. [૭]

યયાતિ એક સહસ્ર વર્ષ સુધી પુત્રની યુવાવસ્થા માણી અંતે તેમને જીવનનો સાર સમજાતા જીવન વ્યર્થ છે, તેમ માની તૃષ્ણાનો ત્યાગ કરી પોતાની યુવાવસ્થા પુનઃ પુત્ર પુરુને આપી પુરુને રાજયની સોંપણી કરી યયાતિએ વનગમન કર્યું.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

પ્રસ્તુત આખ્યાન મહાભારત ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણ, મત્સ્યપુરાણ, વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ, વાયુપુરાણ, બ્રહ્મપુરાણ અને રામાયણમાં પણ ઉપલબ્ધ છે.

મહાભારતમાં ઉદ્યોગપર્વમાં પણ પુનઃ યયાતિનું ચરિત્ર વર્ણવેલ છે.

મરાઠી કવિ વિ.સ. ખાંડેકરે યયાતિ નામની નવલકથા લખી છે. તેનો અનુવાદ ગોપાલરાવ, ગ. વિદ્વાંસે કર્યો છે. આ કૃતિને જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

મહાભારતમાં અનેક સ્થળે આખ્યાનો ઉપાખ્યાનો નિરુપ્યા છે. તેની પાછળનો મહર્ષિ વેદવ્યાસનો મૂળ હેતુ કંઈક પ્રેરણા આપવાનો છે. આખ્યાનો દ્વારા સામાન્યજન તેમજ બૌદ્ધિક જન સર્વને ઉપદેશ પ્રાપ્ત થાય છે. આખ્યાનો ઉપાખ્યાનોમાંથી ફલિત થતા મુદ્દાઓ પ્રેરણાદાયી હોય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન પણ બોધાત્મક છે. તેમાંથી ફલિત થતાં મુદ્દાઓ નીચે પ્રમાણે છે –

**વિવાહ પ્રકાર :**

ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારોનું નિરુપણ થયું છે. તેમાં વિવાહ એક સંસ્કાર માનવામાં આવે છે. તે વિવાહના મનુસ્મૃતિ આઠ પ્રકાર જણાવે છે. બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને અધમ પૈશાચ વિવાહ છે. [૮]

કયા વર્ણની વ્યકિતએ કયો વિવાહ કરવો તેનો પણ ઉલ્લેખ કર્યો છે. વિવાહ સંબંધો બાબતે જે નિયમો રૂઢ થયા તે ઈસુની વીસમી સદીમાં પણ ભારતીય સમાજમાં ઘણા અંશે જળવાઈ રહ્યા છે.

વિવાહના બે પ્રકાર છે, સવર્ણ વિવાહ અને અસવર્ણ વિવાહ. સવર્ણ વિવાહ ઉત્તમ છે અને અસવર્ણ વિવાહ કામજ અને પાપમય છે, એવી માન્યતા ઊભી થઈ.

અસવર્ણ વિવાહ બે પ્રકારના છે. (૧) અનુલોમ (૨) પ્રતિલોમ

ઉચ્ચ વર્ણનો પુરુષ પોતાના વર્ણ કરતા ઉતરતા વર્ણની સ્ત્રી સાથે વિવાહ કરે તો તે અનુલોમ વિવાહ કહેવાય છે.

નિમ્ન વર્ણનો પુરુષ પોતાના કરતા ઉચ્ચવર્ણની સ્ત્રી સાથે વિવાહ કરે તો તે પ્રતિલોમ વિવાહ કહેવાય.

પ્રસ્તુત આખ્યાનમાં યયાતિ બ્રાહ્મણ કન્યા દેવયાની સાથેના વિવાહને માન્ય ગણતો નથી. તેથી જ કહે છે, 'હું ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયો છું અને તું બ્રાહ્મણ કન્યા છે. અતઃ તારી સાથે મારો સમાગમ શકય નથી.' [૯]

યયાતિને ભય છે કે આ વિવાહ દ્વારા જે પ્રજા ઉત્પન્ન થશે તે વર્ણસંકર થશે. તેથી શુક્રાચાર્ય પાસેથી વરદાન માંગે છે કે વર્ણસંકર જનિત મહાન અધર્મ મારો સ્પર્શ ન કરે. [૧૦]

શુક્રાચાર્યના આશીર્વાદ દ્વારા યયાતિએ દેવયાની સાથે વિવાહ કર્યા.

પ્રાચીનકાળના રાજાઓ ધર્મભીરુ હતા, અને ધર્મ જાણતા પણ હતા. તેથી જ આવા વિવાહ અશકય છે, તે વાત રાજા યયાતિ કરે છે.

શકુન્તલોપાખ્યાનમાં અને અભિજ્ઞાન શાકુન્તલમાં પણ શકુન્તલાને પ્રથમ દષ્ટિએ નિહાળી રાજા દુષ્યંત વિચારે છે કે આ ક્ષત્રિય કન્યા હોય તો વિશેષ રહેશે. કારણ કે જો બ્રાહ્મણ કન્યા હશે તો મારા તેની સાથેના વિવાહ અશકય બનશે.

શાસ્ત્રોમાં અસવર્ણ વિવાહના અનેક ઉદાહરણ છે. પરંતુ તેમના તરફ કોઈ કટુભાવ જણાતો નથી. વેદકાલીન પુરુષોએ ક્ષત્રિય કન્યા સાથે કે ક્ષત્રિય રાજાઓએ બ્રાહ્મણ કન્યા સાથે વિવાહ કર્યાના ઉલ્લેખો ઋગ્વેદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં મળે છે. જેમ કે,

ભૃગુ ગોત્રના ચ્યવને ક્ષત્રિય કન્યા સુકન્યા સાથે વિવાહ કરેલા.

સ્યાવાશ્વની પત્ની પણ ક્ષત્રિય કન્યા હતી.

શતપથ બ્રાહ્મણના જણાવ્યાનુસાર રાજા વૈશ્ય કન્યા સાથે પણ વિવાહ કરી શકતો. [૧૧]

ઐતરેય બ્રાહ્મણમાં કવષ ઐલુષનો ઉલ્લેખ દાસીપુત્ર તરીકે થયો છે. [૧૨]

ઉપર્યુકત નિર્દેશાનુસાર વેદ, બ્રાહ્મણમાં કોઈ–કોઈ સ્થળે અસવર્ણ વિવાહ અંગેના સંદર્ભો મળે છે. પરંતુ પુરાણ સાહિત્યમાં તો તેના અનેક દષ્ટાંતો ઉપલબ્ધ થાય છે, જેના વિષે વિગતે જોઈએ તો –

ભૃગુ ઋષિના પુત્ર શુક્રાચાર્ય અને પ્રિયવ્રત રાજાની કન્યા ઉર્જસ્વતીના વિવાહનો ઉલ્લેખ મળે છે. જેનાથી દેવયાની નામે પુત્રી પ્રાપ્ત થઈ હતી. [૧૩]

બ્રાહ્મણ પુરુષના ક્ષત્રિય કન્યા સાથેના વિવાહ અનુલોમ વિવાહ કહી શકાય.

જો કે વાયુપુરાણ મુજબ દેવયાનીનો જન્મ શુક્રાચાર્ય દ્વારા ઈન્દ્રપુત્રી જયંતિમાં થયો હતો. [૧૪]

ચ્યવન ઋષિના વિવાહ ક્ષત્રિય કન્યા સુકન્યા સાથે થયા હતા.

ભૃગુ વંશમાંથી જ આ અન્ય દષ્ટાંત એટલા માટે નોંધપાત્ર છે કે તે પ્રતિલોમ વિવાહ છે. [૧૫]

શુક્રાચાર્ય પુત્રી દેવયાની યયાતિના પ્રેમમાં પડી અને તેમણે પિતા પાસે વિવાહની સંમતિ માંગી. પુત્રી વત્સલ પિતાએ શાસ્ત્રની મર્યાદાની વિરુદ્ધ જઈને પણ પુત્રીના વિવાહ રાજા યયાતિ સાથે કરાવ્યા. એટલું જ નહીં પરંતુ યયાતિને વર્ણ સંકરતાના પાપમાંથી મુકત થવાનું વરદાન પણ આપ્યું.

દેવયાનીએ દુરાગ્રહ કરી યયાતિ સાથે વિવાહ કર્યા. કારણ કે દેવયાની દ્વારા કચને અપાયેલ શાપ કારણભૂત છે. બ્રાહ્મણ સાથે તેના વિવાહ શકય નથી, તેવો શાપ કચે દેવયાનીને આપ્યો હતો. [૧૬]

બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્ય પાસે મૃત સંજીવની વિદ્યા શીખતો હતો. અધ્યયન પૂર્ણ કરી સ્વગૃહે ગયા. તે સમયે દેવયાનીએ તેની સાથે વિવાહની માંગણી કરી. પરંતુ ગુરુ પુત્રી હોવાને કારણે કચે તેનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહીં. તેથી દેવયાનીએ તેને શાપ આપ્યો કે, 'તારી શીખેલી સર્વ વિદ્યા નિષ્ફળ બની જાય.' [૧૭]

કચે પ્રતિશાપ આપતા કહ્યું, ''કોઈપણ બ્રાહ્મણ તારો પત્નીરૂપે સ્વીકાર કરશે નહીં.'' [૧૮]

તેથી દેવયાનીના કોઈ ક્ષત્રિય રાજા સાથે જ વિવાહ શકય હતા. યયાતિએ તેનો હાથ પકડયો. તેથી હવે તે જ તેનું પાણિગ્રહણ કરે તેમ દેવયાની કહે છે, 'કચનો શાપ સાર્થક થતો લાગે છે.'

ભૃગુ વંશજ આભવાને નહુષ કન્યા રુચિ સાથે વિવાહ કર્યા. [૧૯]

ભૃગુવંશી ઋચિકે ક્ષત્રિય રાજા ગાધિની કન્યા સત્યવતીને પત્ની તરીકે સ્વીકારી હતી. આ અનુલોમ વિવાહથી ઋચિકને જમદગ્નિ જેવો પરમ યશસ્વી પુત્ર પ્રાપ્ત થયો હતો. [૨૦]

ભૃગુવંશી જમદગ્નિએ ઈક્ષ્વાકુ વંશજ રાજા સુરેણની પુત્રી રેણુકા સાથે વિવાહ કર્યા હતા. [૨૧] આ વિવાહથી બ્રહ્મકુળમાં મહાપ્રતાપી પરશુરામનો જન્મ થયો. તેમણે પૃથ્વી પરના અનાચારી અને અત્યાચારી ક્ષત્રિયોનો વધ કરીને પોતાના બ્રહ્મતેજનો પરિચય આપ્યો હતો.

દશરથ રાજાએ પોતાની પુત્રી શાન્તાને ઋષ્યશૃંગ સાથે પરણાવી હતી. [૨૨]

ભવભૂતિએ કદાચ વિષ્ણુપુરાણ (૪/૧૮/૩) નો આધાર લઈને તેનો સંબંધ રામના પિતા દશરથ સાથે બતાવ્યો છે. [૨૩] પરંતુ વાયુપુરાણ અને મત્સ્યપુરાણ તથા રામાયણના આધારો શાન્તાને ઈક્ષ્વાકુ દશરથની પુત્રી તરીકે આધારભૂત પ્રમાણો આપતા નથી.

કુરુના વંશજ શન્તનુના મત્સ્યજીવી કન્યા સત્યવતી સાથેના વિવાહની કથા અત્યંત પ્રસિદ્ધ છે. આ દષ્ટાંતમાં ક્ષત્રિય પુરુષના શુદ્ર કન્યા સાથેના અનુલોમ પ્રકારના વિવાહનું દર્શન થાય છે.

ક્ષત્રિય રાજા દિવોદાસની બહેન અહલ્યા ગૌતમ ઋષિને પરણી હતી. [૨૪] ગૌતમ અને અહલ્યાનું વૃત્તાંત રામાયણમાં અતિ પ્રસિદ્ધ છે.

સૂર્યવંશી માંધાતાની પચાસ કન્યાઓ સૌભરિ નામના ઋષિને પરણી હતી. [૨૫]

શૂરનન્દન વસુદેવને વૈશ્ય કન્યામાં કૌશિક નામે પુત્ર હતો, જેના કારણે કૃષ્ણનું મૃત્યુ થયું તે જરા નામનો નિષાદ વસુદેવનો અન્ય વર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન પુત્ર જ હતો, તેવા પૌરાણિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. [૨૬]

અત્રે કેટલાક અસવર્ણ વિવાહોના દષ્ટાંતો વિશે નોંધ્યા બાદ વિશેષમાં એ નોંધવું રહ્યું કે પ્રાયઃ અસવર્ણ નિયોગ કે લગ્નેતર સંબંધથી ઉત્પન્ન સંતાનોએ પણ સમાજમાં ઉચ્ચ પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાના દષ્ટાંતો પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે.

જેમ કે મત્સ્યકન્યા સત્યવતી અને પરાશર મુનિના સંયોગથી ઉત્પન્ન મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે માત્ર પિતાના વર્ણ તરીકે બ્રાહ્મણત્વ મેળવ્યું. એટલું જ નહીં પણ ભારતીય સંસ્કૃતિના મહાન દષ્ટા અને ઉદ્‌ગાતા પણ બની શકયા. વેદોનું વિભાજન તેમજ મહાભારત, બ્રહ્મસૂત્ર, અઢાર પુરાણોનું કર્તૃત્વ તેમણે પ્રાપ્ત કર્યું છે.

ખરેખર તો સત્યવતી અને પરાશરના વિવાહને સામાજિક કે ધાર્મિક સ્વીકૃતિની મહોર પણ લાગી ન હતી. આમ છતાં પોતાની પ્રતિભા અને તેજસ્વિતાથી વ્યાસમુનિ જગદ્‌ગુરુ બની શકયા.

તે જ પ્રમાણે વિચિત્ર વીર્યની બંને પત્નીઓ અને એક દાસીમાં વ્યાસ દ્વારા નિયોગથી ઉત્પન્ન પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુરની કથા તો પ્રખ્યાત છે જ.

પુરાણકારની દષ્ટિ સમક્ષ એક તરફ ધર્મસૂત્રો અને સ્મૃતિગ્રંથો દ્વારા ઘડવામાં આવેલ લગ્ન સંસ્થા વિષયક નિયમનો છે તો બીજી તરફ એવા કેટલાક દષ્ટાંતો પણ છે જેમાં આવા નિયંત્રણો સચવાયા નથી. આથી તેમણે સવર્ણ વિવાહને ઉત્તમ કક્ષાના ગણ્યા હોવા છતાં અસવર્ણ વિવાહની આડકતરી નિંદા ત્યજી છે.

યયાતિ દેવયાની વિવાહમાં આ બંને વિચારધારાઓ સ્પષ્ટ દેખાય છે.

અત્રે જોઈ શકાય છે કે જેની અતિશય નિંદા કરવામાં આવે છે. તેવા પ્રતિલોમ વિવાહને પણ પુરાણોએ નિરુપ્યા છે. યયાતિ દેવયાનીના આ પ્રતિલોમ વિવાહ તરફ કયાંય પણ નિંદા કે તિરસ્કાર બતાવાયા નથી.

અસવર્ણ વિવાહ બાબતે એક અન્ય બાબત પણ નોંધી શકાય કે તેમાં મોટા ભાગના અનુલોમ પ્રકારના હતા. પ્રતિલોમ પ્રકારમાં માત્ર દેવયાની યયાતિના વિવાહ ઉદાહરણ રૂપ છે.

અંતે એટલું કહી શકાય કે ઋગ્વેદકાલીન મુકત વર્ણ વ્યવસ્થા સ્મૃતિકાળમાં જડ અને નિયંત્રિત બની તે વચ્ચેના સમયગાળામાં ભારતીય સમાજમાં ધીમે–ધીમે આવતું જતું પરિવર્તન પુરાણ સાહિત્યમાં ઝીલાયું

છે. કાલાન્તરે આ ચાતુવર્ણ્ય વ્યવસ્થા અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓના સાંકડા વર્તુળોમાં ફેરવાઈ ગઈ છે. વીસમી સદીના આરંભ સુધી આ જ્ઞાતિ પેટા જ્ઞાતિઓના વિવાહ વિષયક બંધનો અતિચુસ્ત રીતે જળવાયા બાદ પરિવર્તનના પ્રવાહમાં શિથિલ થવા લાગ્યા. આજે કાયદા દ્વારા આંતર્જ્ઞાતીય વિવાહને માન્યતા મળવાની સાથે–સાથે અમુક અંશે સામાજિક સ્વીકૃતિ પણ મળવા લાગી છે ત્યારે પૌરાણિક સાહિત્યમાં જોવા મળતો આંતર્વર્ણ વિવાહ તરફનો અભિગમ ખરેખર ક્રાંતિકારક છે.

**ક્રોધ :**

અતિ ક્રોધ વિનાશ નોતરે છે. ક્રોધને કારણે દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે શત્રુતા ઉત્પન્ન થઈ. વસ્ત્રની ફેરબદલીને કારણે શર્મિષ્ઠાએ ક્રોધમાં દેવયાનીને ન કહેવા યોગ્ય વચનો કહ્યા તેને કારણે દેવયાની પણ ક્રોધિત થઈ આ શત્રુતાને ભૂલી શકતી નથી અને ક્રોધ વશ પિતાને શર્મિષ્ઠાને પોતાને વશ કરવા ઈચ્છે છે. દેવયાનીના ક્રોધ પર નિયમન કરવા શુક્રાચાર્ય સમજાવતા કહે છે –

**यः परेषां नरो नित्यमतिवादांस्तितिक्षते ।**
**देवयानि विजानीहि तेन सर्वमिदं जितम् ॥**

અર્થાત્, જે મનુષ્ય સદા અન્યના કટુ વચનો સહન કરે છે, તે સંપૂર્ણ વિશ્વ પર વિજય પ્રાપ્ત કરી શકે છે. [૨૭]

જે ક્રોધને અશ્વ સમાન વશમાં કરી લે છે, તે સત્યપુરુષો દ્વારા સાચો સારથિ કહેવાય છે. જે ઉત્પન્ન થયેલ ક્રોધને અક્રોધ દ્વારા મનમાંથી દૂર કરે છે, તેમણે વિશ્વ જીતી લીધું છે. જેવી રીતે સાપ પુરાણી કાંચલી ઉતારી નાખે છે, તેવી રીતે મનુષ્યે ઉત્પન્ન થતા ક્રોધને ક્ષમા દ્વારા ત્યાગ કરવો જોઈએ. તે જ શ્રેષ્ઠ પુરુષ છે. જે ક્રોધને રોકી નિંદા સહન કરે છે અને અન્યના ક્રોધ પર દુઃખી થતા નથી, તે પુરુષાર્થનું સુદઢ પાત્ર છે. ક્રોધ ન કરનાર શ્રેષ્ઠ છે. [૨૮]

ક્રોધ વિશે કવિ બાણભટ્ટ કહે છે, ''અત્યંત ક્રોધી સ્વભાવવાળો આંખ હોવા છતાં આંધળો છે.''

મહમદ પયગંબર કહે છે, ''બળવાન્ તે નથી જે અન્યને નીચે પાડી નાખે, આપણામાં બળવાન્ તે છે કે જે પોતાના ગુસ્સાને કાબુમાં રાખે છે.''

યુનાની કહેવત છે કે ક્રોધનું તોફાન વિવેકનો નાશ કરે છે.

ક્રોધિત વ્યકિત શુભાશુભનો વિચાર કરી શકતી નથી. ક્રોધ નિર્બળ મનની નિશાની છે.

મહાત્મા ગાંધી કહે છે, ક્રોધને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી.

ક્રોધ એ તાકાત નથી. પરંતુ તાકાતનો દુરુપયોગ છે. જયાં સુધી મનુષ્યમાં કામ, ક્રોધ, મદ અને લોભ રહે છે, ત્યાં સુધી મૂર્ખ અને પંડિતમાં કોઈ ફર્ક નથી.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકના દ્વાર છે. [૨૯]

ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે. સંમોહથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને બુદ્ધિ નાશથી મનુષ્ય સ્વયં નષ્ટ થાય છે. [૩૦]

ક્રોધ શત્રુ છે, તલવાર સમાન છે, તથા ક્રોધ સર્વ ગુણોનો નાશ કરે છે. [૩૧]

ઋગ્વેદમાં કહ્યું છે કે ક્રોધને સદા નમ્રતાથી શાંત કરો. [૩૨]

ક્રોધી વ્યકિત સાથે રહેવાથી સ્વભાવ ઉલટો થઈ જાય છે અને ધર્મને હાનિ થાય છે. [૩૩]

મત્સ્યપુરાણ અનુસાર પ્રાયઃ ક્રોધથી પ્રેરિત મનુષ્ય અકાર્ય કરી બેસે છે. [૩૪]

અક્રોધથી ક્રોધને જીતો. [૩૫] કારણ કે ક્રોધ કાળસમાન છે. [૩૬]

શ્રીમદ્ ભાગવત પ્રમાણે ક્રોધ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને અહંકારથી વધે છે. [૩૭]

બુદ્ધિમાન્ મનુષ્ય કદાપિ ક્રોધ નથી કરતા કારણ કે તે પૃથ્વી સમાન અચલ હોય છે. [૩૮]

વાલ્મીકિ રામાયણ મુજબ તે મહાન્ પુરુષ ધન્ય છે જે ક્રોધને બુદ્ધિ દ્વારા શાંત કરે છે. જેવી રીતે પ્રજ્વલિત અગ્નિને જળ શાંત કરે છે. [૩૯]

દેવયાની પણ ક્રોધિત થઈ શર્મિષ્ઠાને પોતાની દાસી તરીકે યોજે છે.

આદિપર્વમાં કહ્યું છે કે ક્રોધિત વ્યકિતના યજ્ઞ, દાન અને તપ નિષ્ફળ જાય છે. જે ક્રોધમાં વશીભૂત થઈ જાય છે, તે કયારેય પવિત્ર નથી થઈ શકતા, તપસ્યા પણ કરી શકતા નથી. યજ્ઞ અનુષ્ઠાન અને કર્મના રહસ્યને પણ જાણતા નથી. તેના લોક પરલોક બંને નષ્ટ થઈ જાય છે. ક્રોધિત વ્યકિતને પુત્ર, પુત્રી, મિત્ર, પત્ની, ધર્મ અને સત્ય આ સર્વ છોડી દે છે. [૪૦]

**બ્રાહ્મણનું મહત્ત્વ :**

ચાતુર્વર્ણ્યમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ કહ્યા છે. રાજા વૃષપર્વાને બ્રાહ્મણો પ્રત્યે અપાર સ્નેહ હતો તેથી જ પુત્રી શર્મિષ્ઠાના અપરાધને તે માફ ન કરતા, તેને સજા કરવાનું કહેતા કહે છે. દેવયાનીની જે કામના હોય તે પૂર્ણ કરો. કારણ કે શર્મિષ્ઠા પણ દેવયાની પાસે ક્ષમાયાચના કરતા કહે છે, દેવયાનીની ઈચ્છા પ્રમાણે હું કરીશ. હું એક સહસ્ર દાસીઓ સાથે તારી દાસી બની સેવા કરીશ. તારા વિવાહ થશે ત્યારે સાથે આવીશ. [૪૧]

ઋગ્વેદ કાળથી બ્રાહ્મણોનું સ્થાન મૂર્ધન્ય છે, તેવું જોવા મળે છે. સુકન્યા આખ્યાનમાં પણ ચ્યવન ઋષિના અપરાધને કારણે શર્યાતિ પોતાની કન્યાના વિવાહ ચ્યવન સાથે કરે છે. તેમાં પણ બ્રાહ્મણ પરનો

પ્રેમ જ દષ્ટિ ગોચર થાય છે. ઋગ્વેદકાળથી બ્રાહ્મણોને એક ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે. કારણ કે પુરુષ સૂકત અનુસાર બ્રાહ્મણની ઉત્પત્તિ પુરુષના મુખમાંથી થઈ છે. [૪૨]

અથર્વવેદમાં કહ્યું છે કે જયાં બ્રાહ્મણનો તિરસ્કાર થાય છે, ત્યાંથી સુખ શાંતિ ચાલી જાય છે. [૪૩]

શાંતિપર્વ પ્રમાણે ચોપગા પ્રાણીઓમાં ગાય ઉત્તમ છે. ધાતુઓમાં સુવર્ણ, શબ્દોમાં વેદમંત્રો અને મનષ્યમાં બ્રાહ્મણ ઉત્તમ છે. [૪૪]

વેદશૂન્ય તે બ્રાહ્મણ માટે કલંક છે. [૪૫]

બ્રાહ્મણનું હ્દય નવનીત જેવું મૃદુ હોય છે. પરંતુ તેની વાણી ક્ષુરા જેવી હોય છે. [૪૬]

જે ઈન્દ્રિયોને વશ કરી શકતો નથી, તે બ્રાહ્મણ નથી. [૪૭]

શ્રીમદ્ ભગવદ્ ગીતા મુજબ –

**शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।**

**ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्॥**

અર્થાત્, અંતઃકરણ નિગ્રહ, ઈન્દ્રિય દમન, ધર્મપાલન, શુદ્ધિકરણ, ક્ષમા, મન, ઈન્દ્રિય અને શરીરને સરળ રાખવું, ઈશ્વર અને પરલોકમાં શ્રદ્ધા, વેદશાસ્ત્રનું અધ્યયન–અધ્યાપન અને પરમાત્મ તત્ત્વનો અનુભવ, આ બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ છે. [૪૮]

ગર્ગ સંહિતા પ્રમાણે, ''જે બ્રાહ્મણોનો દ્વેષ કરે છે, તેઓ મારા શત્રુ છે. જે બ્રાહ્મણોની પૂજા કરે છે. તેને સુખ પ્રાપ્તિ થાય છે, અને અંતે સ્વર્ગલોકનો અધિકારી બને છે.'' [૪૯]

રાજા વૃષપર્વાએ પણ બ્રાહ્મણની વાત માન્ય રાખી પોતાની પુત્રીને દેવયાનીની દાસી તરીકે આપી.

**વિષય સેવન :**

વિષય સેવનનો અંત નથી. તે અનંત છે તેથી સજ્જન વ્યકિતએ તેનાથી દૂર રહેવું.

રાજા નહુષ પણ કામ લોલુપ હતો. તેમણે ઈન્દ્ર પત્ની શચીને પોતાની પત્ની બનવા કહ્યું હતું. આ કામલોલુપતાનો ગુણ પુત્રમાં પણ પ્રતિબિંબિત થયો. રાજા યયાતિ વિષયોને ભોગવવા પુત્રના યૌવનનું બલિદાન લેતા પણ અચકાતો નથી. કામાંધ વ્યકિતનું કેટલી હદે પતન થાય છે, તે પ્રસ્તુત આખ્યાન દ્વારા ફલિત થાય છે.

રાજા યયાતિને જે પુત્રો પોતાની યુવાવસ્થા આપવાનો અસ્વીકાર કરે છે, તેને શાપ આપે છે.

યયાતિની કામલોલુપતાને કારણે તે શુક્રાચાર્યને કહે છે, ''હું દેવયાની સાથે યુવાવસ્થામાં રહી તૃપ્ત થયો નથી. મારા પર કૃપા કરો જેથી વૃદ્ધાવસ્થા મારા શરીરમાં ન પ્રવેશે.'' [૫૦]

શુક્રાચાર્યએ કહ્યું, ''તું અન્યનું યૌવન લઈ બદલામાં તારી વૃદ્ધાવસ્થા તેને આપી શકીશ.'' [૫૧]

અંતે પુરુએ પિતાની વાતનો સ્વીકાર કરતા કહ્યું –

**प्रतिपत्स्यामि ते राजन् पाप्मानं जरया सह ।**

**गृहाण यौवनं मत्त र कामान् यथेप्सितान् ॥**

અર્થાત્, ''હું વૃદ્ધાવસ્થા સાથે આપના દોષ પણ ગ્રહણ કરીશ. આપ મારી યુવાવસ્થા ગ્રહણ કરો અને ઈચ્છાનુસાર વિષયોનું સેવન કરો.'' [૫૨]

ઋગ્વેદ અનુસાર ઈન્દ્રિયોની વિષય લોલુપતા પ્રતિ સદૈવ સાવધ રહેવું. [૫૩]

જે મનુષ્ય કામનાઓમાં આસકત રહે છે, તે મૃત સમાન છે. [૫૪]

વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે જે ધર્મ અને અર્થનો ત્યાગ કરી માત્ર કામનું જ સેવન કરે છે તે વૃક્ષની શાખાના અગ્રભાગમાં શયન કરતા મનુષ્ય જેવો છે. [૫૫]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રમાણે જળની નાવને વાયુ હરી લે છે. તેવી રીતે વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોમાંથી મન ઈન્દ્રિયો સાથે હરાય છે. તેવા મનુષ્યની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. [૫૬]

વિષયોનું ચિંતન કરતા મનુષ્યને આસકિત થાય છે. આસકિતથી કામ જન્મે છે અને કામથી ક્રોધ જન્મે છે. [૫૭]

શ્રીરામચરિત માનસ પ્રમાણે જે મનુષ્ય શરીરને વિષયો પ્રત્યે આસકત કરે છે તે મૂર્ખ અમૃત છોડીને વિષગ્રહણ કરે છે. [૫૮]

મુંડકોપનિષદ્ અનુસાર જે મનુષ્ય ભોગોની કામના કરે છે તે કામનાઓને કારણે તે સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ જે પૂર્ણકામી છે તે પુરુષની કામના સર્વથા વિલીન થઈ જાય છે. [૫૯]

મનુસ્મૃતિ કહે છે કે ઈન્દ્રિયોને વશમાં કરવાથી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. [૬૦]

વૈર અને વાસના જીવનને બગાડે છે. તેનાથી દૂર થવાથી જીવન અને મૃત્યુથી તરી જવાય છે. વૈર અને વાસનાને મૃત્યુ પહેલા જ દૂર કરો. અન્યથા મૃત્યુ ખરાબ થશે. વૈરીને વંદન કરી તેમ છતાં વૈર ચાલુ રહે તો તેના પાપના ભાગીદાર બનાતું નથી. [૬૧]

**તૃષ્ણાનો ત્યાગ :**

કામ વાસનાની માફક તૃષ્ણા પણ અનંત છે. તેનો ત્યાગ કઠીન છે. પરંતુ યયાતિને સત્ય સમજાતા તે કહે છે –

**न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।**

**हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥**

અર્થાત્, વિષયોની કામના વિષયોના ઉપભોગથી શાંત થતી નથી. ઘીની આહુતિ દ્વારા અગ્નિ અધિક પ્રજ્વલિત થાય છે. [૬૨]

શ્રીમદ્ ભાગવત પુરાણમાં મહર્ષિ વ્યાસ કહે છે કે વિષયોની તૃષ્ણા જ દુઃખનું કારણ છે. મંદ બુદ્ધિના મનુષ્યો ખુબ મુશ્કેલીથી તેનો ત્યાગ કરી શકે છે. શરીર વૃદ્ધ થાય છે. પરંતુ તૃષ્ણા વૃદ્ધ થતી નથી. [૬૩અ]

શરીર ક્ષીણ થઈ જાય. મસ્તક શ્વેત થઈ જાય, મુખ દાંત વગરનું થાય. વૃદ્ધાવસ્થામાં લાકડીના આશ્રયે ચાલે, છતાં આશારૂપી તંતુને આપણે છોડી શકતા નથી. [૬૩બ]

ભાગવત પુરાણ યયાતિને બકરા સમાન ગણે છે. દેવયાનીને જે બકરા–બકરીની ગાથા સંભળાવે છે, તે અન્ય કોઈને ઉદ્દેશીને નહીં પરંતુ સ્વયંને ઉદ્દેશીને જ કહે છે.

એક બકરો વનમાં ફરતો હતો. તેમણે એક બકરીને કૂવામાં પડેલી જોઈ. તેમણે પોતાના શૃંગ દ્વારા માર્ગ બનાવી બકરીને કૂવામાંથી બહાર કાઢી. બકરીએ તેની સાથે વિવાહ કર્યા. અન્ય બકરીઓએ પણ આ જોઈ બકરાને પોતાનો પતિ બનાવ્યો. એક બકરો ઘણી બકરીઓ સાથે વિહાર કરવા લાગ્યો. કૂવામાંથી બહાર કાઢેલ બકરીથી આ દુઃખ સહન ન થયું. તેમને થયું. આ તો ખૂબ કામી છે તેથી તેનો ત્યાગ કરી ચાલી ગઈ. બકરો તેની પાછળ ગયો. બકરીના પાલક પિતાએ બકરાના અંડકોશને કાપી નાખ્યું અને પુનઃ જોડી દીધું. આમ તે બકરો અનેક વર્ષ સુધી કૂવામાંથી બહાર નીકળેલી બકરી સાથે વિષયભોગ કરતો રહ્યો. પરંતુ તેને સંતોષ થયો નહી.

યયાતિની દશા પણ બકરા જેવી છે. માયાથી મોહિત થઈ તે સ્વને પણ ભૂલી ગયો.

ત્યાગ અને વૈરાગ્યમાં જ સાચુ સુખ છે. યયાતિના વૈરાગ્યની તીવ્રતા સમજાવતા ભાગવત પુરાણ કહે છે –

**आसेवितं वर्षपूगान् षड्वर्ग विषयेषु सः ।**

**क्षणेन मुमुचे नीडं जातपक्ष इव द्विजः ॥**

અર્થાત્, જેમ પાંખો આવી જતા પક્ષીઓ પોતાનો માળો છોડી દે છે, તે જ પ્રમાણે યયાતિએ ક્ષણમાત્રમાં સર્વ ત્યાગી દીધું. [૬૪]

તૃષ્ણાનો અંત નથી. તે વૃદ્ધ થતી નથી. મનુષ્ય વૃદ્ધ થાય છે. [૬૫]

પ્રસ્તુત આખ્યાનનો મુખ્ય ઉદ્દેશ છે. કામનાઓને ભોગવવાથી તેની તૃપ્તિ થતી નથી. સેંકડો વર્ષોનો ઉપભોગ પણ કામતૃપ્તિમાં પરિણમતો નથી. તેથી સાચું સુખ તેના ત્યાગમાં છે.

તૃષ્ણા અનંત છે. તે સહસ્ર દોષ લઈ વિચરે છે. તેના દ્વારા અનેક અધર્મ થાય છે. અતઃ તૃષ્ણાનો ત્યાગ કરવો જોઈએ. [૬૬]

મહાભારતના આદિપર્વમાં મહર્ષિ વેદવ્યાસ કહે છે, તૃષ્ણા સર્વશ્રેષ્ઠ પાપિષ્ઠા છે. તેના દ્વારા અધર્મમાં પ્રવૃત્તિ થાય છે. મનુષ્યો માટે તેનો ત્યાગ અત્યંત કઠીન છે. મનુષ્ય વૃદ્ધ થાય છે. તૃષ્ણા વૃદ્ધ થતી નથી. તે પ્રાણાન્તકારી રોગ સમાન છે. તેવી તૃષ્ણાનો ત્યાગ કરવામાં જ સુખ પ્રાપ્તિ છે. [૬૭]

તૃષ્ણાનો અંત નથી. સંતોષ પરમ સુખ છે. તેથી વિદ્વાન્ પુરુષ સંતોષને જ સર્વશ્રેષ્ઠ માને છે. [૬૮અ]

સ્વામી સચ્ચિદાનંદ કહે છે – 'વિષયોનું સેવન કરનાર જેમ પોતાના તન–મનને કંગાળ બનાવી દે છે. તેમ અપ્રાપ્ત વિષયોની અતૃપ્તિથી સતત ચિંતન એ તેનું પાપ છે. તેની ભૂલ છે. જીવનને ખોટી રીતે સમજવાનું પરિણામ છે.' [૬૮બ]

તૃષ્ણા વિષે સુન્દરદાસ કહે છે –

**सुन्दर तृष्णा है छुरी, लोभ खड्ग की धार।**
**इन तै आप बचाइए, दोनों मारणहार ॥**

પ્રસ્તુત આખ્યાનની તુલના વિષ્ણુ પુરાણના ૪–૧૨ સૌભરિ આખ્યાન સાથે કરી શકાય.

સૌભરિ પણ માંધાતાની કન્યાઓ સાથે વિવાહ કરી અનંત સુખ પામી વિચારવા લાગ્યા, ઈચ્છાઓનો અંત નથી. મારા પુત્રો–પૌત્રો ઈત્યાદિ સાથે હું રહી શકીશ ? અંતે સૌભરિને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે વિચાર્યું, **''अहो मे मोहस्यातिविस्तारः।''**

આ રીતે વિચારી તેઓ વનમાં ચાલ્યા ગયા. સમસ્ત પાપોના ક્ષય તથા વૃત્તિઓનો રાગદ્વેષ સમાપ્ત થઈ જવાથી સૌભરિ સંન્યાસી બની ગયા અને અજન્મા અનાદિ, અવિનાશી અચ્યુત પદ પામ્યા.

વિષ્ણુ પુરાણ નોંધે છે કે ''મૃત્યુપર્યન્ત મનોરથોનો અંત નથી. ચિત્તમાં મનોરથોની આસકિત પશ્ચાત્ પરમાર્થ થઈ શકતું નથી.'' [૬૯]

કામોપભોગ વિશેનું ચિંતન કરતા ભર્તૃહરિ લખે છે કે ભોગો ભોગવતા નથી. પરંતુ અમે ભોગવાઈ ગયા. તપ તપતું નથી. પરંતુ અમે તપીએ છીએ. સમય પસાર થતો નથી, પરંતુ અમે પસાર થઈ ગયા તૃષ્ણાનો નાશ થતો નથી, પરંતુ અમે નાશ પામીએ છીએ. [૭૦]

પંચતંત્ર અનુસાર, **अतितृष्णा न कर्तव्या ॥**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે – ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતા જે ભોગો છે, તે દુઃખના કારણ છે, અને આદિ અંતવાળા છે. બુદ્ધિશાળી વ્યકિત તેનાથી દૂર રહે છે. [૭૧]

''ગીતા નિબંધો'' માં શ્રી અરવિંદ કહે છે, ''સાચો અને અંતર્નો સંન્યાસ કામનાઓના ત્યાગ કરવામાં અને સમતાથી પ્રાપ્તિ કરવામાં રહેલો છે.''

યોગવસિષ્ઠ પ્રમાણે ''વિષય ભોગ સંસારના મહારોગ છે અને તૃષ્ણા મૃગ તૃષ્ણા છે.'' [૭૨]

યયાતિને પણ સત્ય સમજાતા વૈરાગ્ય ઉત્પન્ન થયો અને શાશ્વત સુખની પ્રાપ્તિ માટે વનગમન કરી તપસ્યા દ્વારા સ્વર્ગપ્રાપ્તિ કરી.

વિષયો વિશે યયાતિ કહે છે, ''આ પૃથ્વી પર ધન, ધાન્ય, સુવર્ણ, પશુ અને સ્ત્રીઓ છે. તે મનુષ્ય માટે પર્યાપ્ત નથી. અતઃ તૃષ્ણાનો ત્યાગ કરવો જોઈએ. ખોટી બુદ્ધિવાળા માટે જેનો ત્યાગ કરવો અત્યંત કઠીન છે. જે કદાપિ વૃદ્ધ થતી નથી તથા જે પ્રાણાન્તક રોગ છે, તે તૃષ્ણાના ત્યાગમાં જ મનુષ્યને સુખ પ્રાપ્તિ થાય છે. અતઃ હું તૃષ્ણાનો ત્યાગ કરી પરબ્રહ્મ પરમાત્મામાં ચિત્ત જોડી દ્વન્દ્વ અને મમતા રહિત વનમાં વિચરણ કરીશ.'' [૭૩]

અંતે યયાતિએ પુત્ર પાસેથી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી, યુવાવસ્થા અર્પિત કરી, પુરુને રાજયની સોંપણી કરી, વનગમન કર્યું. અત્રે કવિ કલાપિના કાવ્ય બિલ્વ મંગલની પંકિતઓ યાદ આવે છે –

સ્થાયી કયાંયે સુખ નવ મળે, સ્થાયી આશા ન કયાંયે,
હો સંધ્યાની સુરખીવત્ સૌ સ્નેહના રંગ ભાસે :
ને આશામાં મધુર સુખ તે તૃપ્તિમાં કેમ છે ના ?
રે તોયે સૌ હૃદય ધરતાં, તૃપ્તિની કેમ આશા ?

**સુપુત્ર :**

પુત્ર તે છે, જે આજ્ઞાકારી હોય.

યયાતિને પણ દેવાયાનીથી બે, અને શર્મિષ્ઠાથી ત્રણ, એમ પાંચ પુત્રો હતા. તેમાં શર્મિષ્ઠા પુત્ર પુરુએ પિતાની આજ્ઞાનું પાલન કર્યું. તેથી યયાતિને તે વિશેષ પ્રિય હતો. વૈરાગ્ય પશ્ચાત્ યયાતિ પોતાનું સમગ્ર રાજય પુત્ર પુરુને અર્પણ કરે છે. કારણ કે,

**मम ज्येष्ठेन यदुना नियोगो नानुपालितः ।**
**प्रतिकूलः पितुर्य न स पुत्रः सतां मतः ॥**

અર્થાત્, જયેષ્ઠ પુત્ર યદુએ મારી આજ્ઞાનો અસ્વીકાર કર્યો. જે પિતાને પ્રતિકૂળ હોય, તે પુત્ર નથી. [૭૪]

પરંતુ જે માતા–પિતાની આજ્ઞાનું પાલન કરે છે, તેને અનુકૂળ હોય તથા પુત્રોચિત વ્યવહાર કરે તે વાસ્તવમાં પુત્ર છે. [૭૫]

'પુત્ર' કોને કહેવાય તે વિશે મહર્ષિ વ્યાસ કહે છે. પુમ્ નામના નરકમાંથી જે ત્રાણ કરે છે, તે પુત્ર છે. પોતાને અનુરૂપ પુત્ર દેવતાઓ, ઋષિઓ અને પિતૃઓનું પૂજનના અધિકારી છે. જે મનુષ્ય માટે લાભદાયક હોય, તેને જયેષ્ઠ પુત્ર કહેવાય. જે ઉત્તમ ગુણોથી સમ્પન્ન હોય, તે જયેષ્ઠ પુત્ર છે. ગુણહીન પુત્ર વ્યર્થ છે. [૭૬]

દેવી ભાગવત અનુસાર, ''મૂર્ખ પુત્રની અપેક્ષા પુત્રહીનતા ઉત્તમ છે.'' [૭૭]

તે પુત્ર ધિક્કારને પાત્ર છે, જે પિતાના મનોરથ પૂર્ણ કરતો નથી. આવા પુત્રના જન્મથી શું પ્રયોજન ? [૭૮]

ગરુડપુરાણ પ્રમાણે, ''પુત્ર સર્વ સુખદાયક છે. માતા–પિતાના આનંદવર્ધક છે. વેદો પ્રમાણે આત્મા જ પુત્ર રૂપે જન્મ ધારણ કરે છે.'' [૭૯]

યયાતિએ પુરુને પોતાનું રાજય સોંપ્યું. કારણ કે, શુક્રાચાર્યએ પણ કહ્યું હતું કે જે પુત્ર તારું અનુસરણ કરશે, તે રાજા બનશે. [૮૦]

જે પુત્ર ગુણવાન્ અને માતા–પિતાના હિતૈષી હોય, તે નાનો હોવા છતાં શ્રેષ્ઠત્તમ છે. તે સંપૂર્ણ કલ્યાણનો ભાગી છે. [૮૧]

આ રીતે પુરુને રાજ સોંપી યયાતિએ તપ કરવાનું વિચાર્યું.

તે પુરુના વંશથી પૌરવ વંશનો પ્રારંભ થયો, જેમાં કૌરવો–પાંડવોનો જન્મ થયો.

### વૃદ્ધ યયાતિનું યુવાન બનવું :

કેટલાક આલોચકોનું કહેવું છે કે રાજા યયાતિને શુક્રાચાર્યએ વૃદ્ધ બનવાનો શાપ આપ્યો. પરંતુ યયાતિની વિનંતિથી અન્યને વૃદ્ધત્વ આપી તેનું યૌવન પ્રાપ્ત કરવાની શરત મૂકી તદ્અનુસાર પોતાના કનિષ્ઠ પુત્ર પુરુને વૃદ્ધત્વ આપી તેમનું યૌવન પ્રાપ્ત કરી વિષયભોગ કર્યો.

પરંતુ આ બાબત સમજી શકાતી નથી. કારણકે એક પુરુષની યુવાની લઈ વૃદ્ધત્વ કેવી રીતે આપી શકે ? તેથી આ કથા અવિશ્ર્વસનીય લાગે.

આ બાબતનું ખંડન કરતા શ્રીકૃષ્ણમણિ ત્રિપાઠી કહે છે કે – સંસારમાં આ પરિવર્તન અશકય લાગે પરંતુ વેદ અને પુરાણોમાં આવી અનેક કથાઓ છે. જેમ કે અશ્વિનીકુમારોએ વૃદ્ધ ચ્યવનને યુવાન બનાવ્યા હતા.

યોગદર્શનમાં એવા અનેક સાધનો છે, જેના દ્વારા કાયાકલ્પ કરી શકાય. આયુર્વેદમાં આવી ઔષધિઓનો ઉલ્લેખ છે, જેના દ્વારા મનુષ્ય યુવાન સમાન દેખાય.

વર્તમાન યુગમાં ડોકટરો વાનર ઈત્યાદિની અસ્થિને વૃદ્ધ મનુષ્યના શરીરમાં જોડી તેને યુવાન બનાવવાની ચેષ્ટા કરી રહ્યા છે.

એ પ્રસિદ્ધ છે કે વર્ષાઋતુમાં ઉત્પન્ન થતા જંતુ અન્ય જાતિના કીટકોને પકડી તેની સાથે રાખે છે અને તેને અલ્પકાળમાં પોતાના જેવા બનાવે છે. જયારે જીવજંતુમાં મનોવૈજ્ઞાનિક પ્રભાવથી શરીર પરિવર્તનની શકિત વિદ્યમાન છે તો સર્વકર્મદક્ષ મનુષ્યની શી વાત કરવી ? અતઃ યયાતિનું યૌવન ગ્રહણ કરવું મનોવિજ્ઞાનની વાત છે. [૮૨]

**નિષ્કર્ષ :**

પ્રતિલોમ વિવાહનું શ્રેષ્ઠ ઉદાહરણ દષ્ટિગોચર થાય છે. **अति सर्वत्र वर्जयेत् ।** તે આ કથાનો સાર છે.

દેવયાની એક સ્વમાની અને અહંકારી સ્ત્રી છે. અહંકારવશ તે શર્મિષ્ઠાને પોતાની દાસી બનાવે છે. તેનું કારણ કદાચ ઈન્દ્રની દોહિત્રી હોવાને કારણે તે તેજોદ્વેષી છે, તેમ માની શકાય.

શર્મિષ્ઠાનું પાત્ર ધ્યાનાકર્ષક છે. દેવયાની સાથે દાસી ભાવે રહેતી શર્મિષ્ઠાના મનોભાવોને મહાભારતકારે યોગ્ય વાચા આપી છે. યયાતિ પાસે ઋતુદાનની યાચના કરતી શર્મિષ્ઠામાં સ્ત્રી ભાવોનું જીવંત આલેખન જોવા મળે છે.

શુક્રાચાર્ય એક પુત્રી વત્સલ પિતા છે, તે ફલિત થાય છે, મહાભારતની આ કથા પરથી બોધ લેવો જોઈએ કે, દેવયાની એક અતિ લાડ–પ્યારમાં ઉછરેલી પુત્રી છે. અતિ પુત્રી પ્રેમને કારણે આજીવન સપત્ની પીડા ભગવવી પડી. આધુનિક સમયના માતા–પિતાએ આમાંથી બોધ લેવો જોઈએ. પુત્રીને મુગ્ધાવસ્થામાં સાચવવી જોઈએ. પુત્રીને અમુક પ્રકારના સંસ્કાર, મર્યાદા, ઘડતર ઈત્યાદિ તે સમયની માંગ હતી.

કામાંધ વ્યકિતનું પતન થાય છે અને કામનાઓને ભોગવવાથી તે વધે છે. તેથી સાચું સુખ તેના ત્યાગમાં છે.

ત્યાગ અને વૈરાગ્યમાં જ સાચું સુખ છે, તે આ આખ્યાનનો મુખ્ય સૂચિતાર્થ છે. યયાતિ સ્વાર્થાંધતાનો પર્યાય છે. દેવયાની અને શર્મિષ્ઠા એ બે સુંદર તરુણીઓના સહવાસ સુખનો લાભ યયાતિ પામ્યો હતો. પરંતુ એટલાથી સંતોષ થયો ન હતો. ઈન્દ્રિય સુખની બાબતમાં સદા અસંતોષ એ માનવીના મનની નબળી કડી છે. એક સાદા ઉપાખ્યાન દ્વારા સનાતન સમસ્યાનું બરોબર પકડ લેવા મહાભારતકારની પ્રજ્ઞાનું સ્વરૂપ સંપૂર્ણ રીતે પ્રકટ થયું છે.

પુરુનો ત્યાગ પ્રશંસનીય છે. એક પુત્ર તરીકે પિતા માટે શું કર્તવ્ય છે, તે પ્રત્યેક વ્યકિતને પ્રેરક છે. પુરુએ સ્વેચ્છાએ વૃદ્ધાવસ્થા સ્વીકારી આ કારણે જ પુરુનો વંશ ભારતના ઈતિહાસને ઘડનારો બન્યો, એમ મહાભારતકાર કહે છે.

યયાતિ નવલકથામાં વિ.સ. ખાંડેકર નાયક યયાતિના મુખે કહે છે, જો પુષ્પ ચોથે કે પાંચમે દિવસે આપોઆપ કરમાઈ જવાનું જ છે, તો પછી હું એને આજે જ ચૂંટી લઉં, સૂંઘુ અગર તો ચોળી નાખું તેથી કયું મોટું નુકસાન થઈ જવાનું છે ? કોને એનાથી કશી હાનિ થવાની છે ? એ પુષ્પ સુંઘવાની મસ્તીમાં છેવટે એકાદ ક્ષણ પણ હું વીતાવી શકીશ કે નહિ ? ભ્રમર સાથે કવિએ યયાતિની સરખામણી કરી છે.

યયાતિએ ભોગવાદી સમાજનો પ્રતિનિધિ છે. સ્વકેન્દ્રી બનતા જતાં માનવીના મનોવિકારોએ માઝા મૂકવા માંડી છે એમ લાગતા પ્રકૃતિ સંસ્કૃતિ અને સાંપ્રત મનોવૃત્તિ એમ ત્રણેને સાંકળીને ભૌતિક ફલક અને આત્મિક ફલક વચ્ચે વર્તમાન મનુષ્ય કેવો અથડાય છે, તે વર્ણવ્યું છે.

## (૪) तपत्युपाख्यान

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત આદિ પર્વના ચૈત્રરથ પર્વ અંતર્ગત તપતી ઉપાખ્યાન નામના અધ્યાય ૧૭૦ માં સમાવિષ્ટ છે.

ગન્ધર્વરાજે અર્જુનને તપતીનંદન કહી સંબોધ્યા. આ સાંભળી અર્જુન ગંધર્વને આ સંબોધન પાછળનું કારણ પૂછતા ગન્ધર્વ પ્રસ્તુત આખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ બે નામધારી તપતીનો ઉલ્લેખ કરે છે. જે આ પ્રમાણે છે.

(૧) તપતી – અજમીઢ પુત્ર ઋક્ષ રાજાનો પુત્ર સંવરણ, તેની પત્ની તે.

(૨) તપતી – ભારતવર્ષીય નદી [1]

પ્રસ્તુત આખ્યાન ક્રમ (૧) માંની તપતીનો નિર્દેશ કરે છે. મહાભારતની કથા આ મુજબ છે –

ભગવાન્ સૂર્યદેવને તપતી નામની કન્યા હતી, જે સાવિત્રીની બહેન હતી. **विश्रुता त्रिषु लोकेषु तपती तपसा युता ।** અર્થાત્ તપસ્યાને કારણે તપતી નામથી પ્રખ્યાત થઈ. [2]

તે અત્યંત સૌંદર્યવતી હતી. ભગવાન્ સૂર્યદેવને સમગ્ર પૃથ્વી પર તેનો પતિ થવા યોગ્ય પુરુષ મળતો ન હતો.

તે દરમિયાન ઋક્ષ પુત્ર રાજા સંવરણે સૂર્યદેવની આરાધનાનો પ્રારંભ કર્યો. સૌંદર્યમાં તે તપતી સમાન હતો. તેથી સૂર્યએ સંવરણને તપતી માટે યોગ્ય માન્યો.

એકવાર રાજા સંવરણ શિકારે ગયા. દરમિયાન તેના અશ્વનું મૃત્યુ થયું. તેથી પગપાળા ચાલતા તેમણે તપતીને જોઈ.

તપતીનું સૌંદર્ય જોઈ રાજા સંવરણ મંત્રમુગ્ધ થઈ ગયો. તેના સૌંદર્યમાં તે આસકત થઈ ગયો. તપતીના અદશ્ય થવાથી સંવરણ નિશ્ચેષ્ટ થઈ ગયો. તેથી તપતી રાજા સમક્ષ પ્રકટ થઈ.

સંવરણે તેના પ્રેમનો સ્વીકાર કરી તેની સાથે ગાંધર્વ વિવાહ કરવા અનુનય કર્યો. કારણકે વિવાહમાં ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ છે. [૩]

પરંતુ તપતીએ પિતા પાસે યાચના કરવાનું કહેતા કહ્યું, ''હું મારા શરીરની સ્વામિની નથી કારણકે સ્ત્રીઓ કદાપિ સ્વતંત્ર નથી હોતી.'' [૪]

આ સ્પષ્ટતા કરી તપતી આકાશમાં ચાલી ગઈ. રાજા સંવરણ પુનઃ મૂર્છિત થઈ ગયો.

રાજા સંવરણે વશિષ્ઠનું સ્મરણ કર્યું. વશિષ્ઠ મુનિ તેની કાર્ય સિદ્ધિ માટે પધાર્યા. વશિષ્ઠએ સૂર્યદેવને પોતાની કન્યા સંવરણને આપવા નિવેદન કર્યું.

સૂર્યદેવે વશિષ્ઠની વાતનો સ્વીકાર કરી પોતાની કન્યા સંવરણ માટે વશિષ્ઠને અર્પણ કરી. વશિષ્ઠે રાજા સંવરણના વિવાહ તપતી સાથે કરાવ્યા.

વિવાહ પશ્ચાત્ બાર વર્ષ સુધી સંવરણ અને તપતીએ વનમાં વિહાર કર્યો. તે દરમિયાન ઈન્દ્રએ દ્વાદશ વર્ષ સુધી વર્ષા ન વરસાવી. તેથી પ્રજા દુઃખી થઈ ગઈ.

પ્રજાની આવી દુર્દશા જોઈ વશિષ્ઠએ પોતાના તપોબળથી વર્ષા કરી સંવરણના નગર પ્રવેશથી ઈન્દ્રએ પણ વર્ષા વરસાવી.

આ પ્રમાણે મહારાજ સંવરણે તપતીની કૂખે કુરુને જન્મ આપ્યો તે વંશમાં જન્મવાને કારણે તમે તાપત્ય કહેવાયા. [૫]

મહાભારત આખ્યાનો–ઉપાખ્યાનોનો નિધિ છે. પરંતુ તે આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા મહાભારતકાર સામાન્યજન સમાજને કંઈક ઉપદેશ આપવા માંગે છે. આ તે કથા પાછળનો મૂળ હેતુ છે. આવી કથાઓ દ્વારા અનેક પાસાઓ ઉજાગર થતા હોય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન પણ અનેક બાબતો ઉજાગર કરે છે, જે નીચે મુજબ છે –

**સૌંદર્ય :**

સૌંદર્ય તે ઈશ્વરની દેન છે. પ્રત્યેક વ્યકિત સૌંદર્યવાન્ હોય તેવું હોતું નથી. બાહ્ય સૌંદર્ય તે આકર્ષણનું માધ્યમ છે. કયારેક વ્યકિતનું બાહ્ય સૌંદર્ય સુંદર ન હોય પરંતુ તેનું આંતરિક સૌંદર્ય શ્રેષ્ઠ હોય છે.

સમાજ બાહ્ય સૌંદર્યને વિશેષ મહત્ત્વ આપે છે, જેના દ્વારા અન્ય વ્યકિત તેના પ્રત્યે આકર્ષાય છે.

જહોન કીપ્સ કહે છે કે સુંદર વસ્તુ શાશ્વત આનંદ છે.

ઓશો રજનીશ આંતરિક સૌંદર્યને મહત્ત્વ આપતા કહે છે. સાચી સુંદરતા એટલે કે આંતરિક સુંદરતા છે.

સદ્‌ગુણ વિના સુંદરતા અભિશાપ છે.

ચાણકય નીતિ અનુસાર કોયલનું સૌંદર્ય તેનો સ્વર છે. સ્ત્રીનું સૌંદર્ય તેનો પતિવ્રતા ધર્મ છે. કુરૂપ વ્યકિતનું સૌંદર્ય તેની વિદ્યા છે, અને તપસ્વીઓનું સૌંદર્ય ક્ષમા છે. [૬]

મનુષ્યનું આભૂષણ રૂપ છે. રૂપનું આભૂષણ ગુણ, ગુણનું જ્ઞાન અને જ્ઞાનનું ભૂષણ ક્ષમા છે. [૭]

સૌંદર્ય આકર્ષણનું કેન્દ્ર છે. પ્રત્યેક વ્યકિત સુંદરતા પ્રત્યે આકર્ષાય છે. કાદંબરીની મહાશ્વેતાનું સૌંદર્ય જોઈને પુંડરિક તેના પ્રત્યે આકર્ષાયો હતો. ચંદ્રાપીડ પણ મહાશ્વેતાનું સૌંદર્ય જોઈ મંત્રમુગ્ધ થઈ જતા કહે છે, **न हि मे संशीतिरस्या दिव्यतां प्रति। आकृतिरेवानुमायत्यमानुषताम्।** અર્થાત્ આની દિવ્યતા વિષે શંકા નથી. આની આકૃતિ જ આના અમાનુષી દૈવીપણાનું અનુમાન કરાવે છે. [૮]

અભિજ્ઞાન શાકુન્તલમાં કાલિદાસ દુષ્યન્તના મુખે શકુન્તલાના સૌંદર્યનું વર્ણન કરતા કહે છે, ''મધુર આકારવાળાને શું શણગારરૂપ નથી ?'' [૯]

સૂર્યદેવ દુહિતા તપતી જેવું સૌંદર્ય આ સૃષ્ટિ પર અન્ય કોઈનું ન હતું. તે દેવતા, અસુર, યક્ષ એવં રાક્ષસ જાતિની સ્ત્રી, અપ્સરા તથા ગંધર્વ પત્ની પણ ન હતી. [૧૦]

રાજા સંવરણ તપતીના સૌંદર્યનું વર્ણન કરતા કહે છે, આ સાક્ષાત્ લક્ષ્મી છે. શકય છે કે ભગવાન્ સૂર્યની પ્રભા સૂર્યમંડલમાંથી ચ્યુત થઈ આ કન્યારૂપે પૃથ્વી પર આવી હોય. [૧૧]

કવિ ભર્તૃહરિ શૃંગારશતકમાં સ્ત્રી સૌંદર્યનું વર્ણન કરતા કહે છે –

''ચંદ્રના જેવું પૂર્ણ ખીલેલું મુખ, કમળની શોભાને શરમાવે તેવા નેત્રો, સુવર્ણના જેવો સુંદર વર્ણ, ભ્રમર જેવા કેશપાશ, હાથીના ગંડ સ્થળ જેવા સ્તન, ભારે નિતંબો અને વાણીની મનોહારી મધુરતા. આ સર્વ યુવતીઓનું સ્વાભાવિક આભૂષણ છે.'' [૧૨]

રાજા સંવરણ તપતીનું સૌંદર્ય વર્ણન કરતા કહે છે. તારા સર્વ અંગ સુંદર અને નિર્દોષ છે. તું દિવ્ય આભૂષણોથી વિભૂષિત છે. આભૂષણોથી તારી શોભા નથી. અપિતુ તું સ્વયં આભૂષણોની શોભા વધારનાર આભૂષણ સમાન છે. [૧૩]

પ્રત્યેક વ્યકિતએ સુંદરતાના પૂજારી બનવું જોઈએ. ગુજરાતી કવિએ કહ્યું છે કે સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું જોઈએ.

**પ્રથમ દષ્ટિનો પ્રેમ :**

રાજા સંવરણને તપતી પ્રત્યે પ્રથમ દષ્ટિનો પ્રેમ થઈ ગયો છે, જેને નજરનો પ્રેમ કહી શકાય. તપતીને જોતાની સાથે જ સંવરણ તેના તરફ આકર્ષાયા.

તે વિચારવા લાગ્યા, બ્રહ્માએ દેવતા, અસુર અને મનુષ્ય સહિત સંપૂર્ણ લોકને સૌંદર્ય સિંધુને મથી આ કન્યાના મનોહર રૂપનો આવિષ્કાર કર્યો હશે. સંસારમાં આ દિવ્ય કન્યાની તુલના કરનાર કોઈ સ્ત્રી નથી. [૧૪]

પ્રેમમાં રાજા સંવરણ ઉન્મત્તની માફક પ્રલાપ કરવા લાગ્યા અને મૂર્છિત થઈ ગયા.

ભાનમાં આવતા રાજા સંવરણ કહેવા લાગ્યા. તારું મુખ કમળ અને ચન્દ્રમા સમાન છે. હું તારા વિના જીવિત નહી રહી શકું. [૧૫]

શાસ્ત્રો પણ પ્રથમ દષ્ટિના પ્રેમનો સ્વીકાર કરે છે. તેના અનેક ઉદાહરણો છે. જેમ કે – પરાશર–સત્યવતી પ્રથમ દષ્ટિના પ્રેમને કારણે વેદ વ્યાસનો જન્મ થયો.

પુરુરવા–ઉર્વશી, શાંતનુ–મત્સ્યગંધા, દુષ્યંત–શકુન્તલા, મહાશ્વેતા–પુંડરિક જેવા અનેક ઉદાહરણ આપી શકાય. પ્રેમની અવસ્થાઓના નિરુપણમાં જણાવ્યું છે કે – **प्रथमेत्वभिलाषः स्यात् ।** એ ન્યાયે દુષ્યંત–શકુન્તલાના પ્રથમ દષ્ટિએ જ અન્યોન્યના પ્રેમમાં આસકત થયા. શકુન્તલા રાજાને જોતાની સાથે જ તપોવન વિરોધી ભાવો અનુભવતી થઈ જાય છે અને પોતાની માનસિક અવસ્થાનો નિખાલસ સ્વીકાર પણ કરે છે. [૧૬]

કાલિદાસ કહે છે, કામી જનોની દષ્ટિ આત્મલક્ષી હોય છે. [૧૭]

મહાકવિ બાણભટ્ટ કાદંબરીમાં મહાશ્વેતા પુંડરિક પ્રત્યે આસકત થઈ વિચારવા લાગી. અહો ! વિધાતાના રૂપના અતિશયને ઉત્પન્ન કરનારા ઉપકરણોના ભંડારની અક્ષીણતા છે. [૧૮]

આગળ વધતા મહાશ્વેતા કહે છે કે – **कुसुमाथुधः कुसुमसमयमद इव मधुकरीं परवशामकरोत् ।** અર્થાત્, જેમ કુસુમ સમયનો મદ ભ્રમરીને પરવશ કરે તેમ મને પરવશ કરી લીધી. [૧૯]

પ્રેમી વિયોગમાં ઉન્મત્ત બની જાય છે તેના ઉદાહરણ પણ અનેક છે. જેમ કે પુંડરિકનું વિરહાવસ્થામાં જ મૃત્યુ થયું.

કુલગુરુ કાલિદાસ વિક્રમોર્વશીયના ચોથા અંકમાં રાજા પુરુરવાની વિરહાવસ્થા દરમિયાનની ઉન્મત્ત દશાનું વર્ણન કરે છે. રાજા પુરુરવા પ્રકૃતિને પણ પોતાની પ્રિયા કયાંય જોઈ છે, તેવા પ્રશ્નો પૂછે છે.

આનાથી પણ આગળ વધીને કવિ કાલિદાસે વિરહી જનોનું વર્ણન કરતા મેઘદૂત નામના ખંડકાવ્યનું સર્જન કર્યું. તેમાં તો કવિએ ઉત્કટ કક્ષાના પ્રેમનું નિરુપણ કરી જડ વસ્તુ મેઘ સાથે પોતાની પ્રિયાને સંદેશો મોકલ્યો.

કવિ કાલિદાસે પોતાની કૃતિમાં પ્રથમ દષ્ટિના પ્રેમનું નિરુપણ કર્યું છે. પરંતુ તેનો પ્રેમ છીછરો નથી. તેઓ શાશ્વત પ્રેમના હિમાયતી છે.

તપતી મહાભારતકાલીન સ્ત્રી છે. તત્કાલીન રીતરિવાજ મુજબ તેમણે તેના દામ્પત્યને આજીવન નિભાવ્યું. સાંપ્રત સમયમાં પ્રથમ દષ્ટિના પ્રેમથી જોડાતા યુગલોમાં દામ્પત્ય જીવન શતપ્રતિશત સફળ થતું નથી. કારણ કે પરસ્પરનો દીર્ઘ સહવાસ હોતો નથી. પરસ્પરની રુચિ, અરુચિ, ગમા–અણગમામાં ભિન્નતા હોવાને કારણે મતભેદ સર્જાય છે અને લગ્નજીવન ખંડિત થાય છે.

**ગાંધર્વ વિવાહ :**

અત્રે ગાંધર્વ વિવાહનો ઉલ્લેખ કર્યો છે. ગાંધર્વ વિવાહનો ઉલ્લેખ શકુન્તલોપાખ્યાનમાં પૂર્વે કરેલ છે. ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને શ્રેષ્ઠ કહ્યો છે. તેથી પ્રત્યેક સ્ત્રી–પુરુષે વિવાહ સંબંધથી જોડાવું જોઈએ.

સ્વામી વિવેકાનંદ કહે છે – 'બે' ના 'એક' બની દેશધર્મ, રાષ્ટ્રધર્મ અને માનવધર્મ જીવી બતાવવો, એનું નામ વિવાહ છે.

મહાત્મા ગાંધી કહે છે, 'લગ્નજીવન અર્થાત્, અખંડ પુરુષાર્થ, અખંડ બલિદાન અને અખંડ સર્વાંગી વિકાસ.'

ભારતીય હિન્દુ જાતિની વિવાહ પ્રથા અત્યંત પ્રાચીન, પવિત્ર એવં વિલક્ષણ છે. અન્ય જાતિમાં જે રીવાજ પ્રચલિત છે, તેનો દષ્ટિકોણ માત્ર ભૌતિક છે. અર્થકામપરાયણતા એનો આદર્શ છે. ભોગ તેમનું લક્ષ્ય છે. હિન્દુ જાતિમાં વિવાહ એક ધાર્મિક સંસ્કાર છે. [૨૦]

મનુસ્મૃતિમાં વિવાહના આઠ પ્રકાર દર્શાવ્યા છે. બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને અધમ પૈશાચ. [૨૧]

આ આઠ વિવાહ પ્રકારમાં ગાંધર્વ વિવાહ ક્ષત્રિય માટે શ્રેષ્ઠ ગણ્યો છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં રાજા સંવરણ પ્રણય અનુનય કરતા વિવાહની યાચના કરતા કહે છે. **विवाहानां हि रम्भोरू गांधर्वः श्रेष्ठ उच्यते ।** અર્થાત્, સર્વ વિવાહમાં ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ છે. [૨૨]

મહાભારતના આદિપર્વમાં દુષ્યંત પણ શકુન્તલાને ગાંધર્વ વિવાહની શ્રેષ્ઠતા દર્શાવતા આ જ વાતનું પુનરાવર્તન કરે છે.

ઋગ્વેદમાં વિવાહ વિશે કહ્યું છે કે, ''જેના હૃદય શુદ્ધ, નિર્મલ એવં પવિત્ર હોય, તે યુવાન અને યુવતીએ વિવાહ કરવા જોઈએ. શારીરિક શકિતશાળી પુરુષ વિવાહ કરી પરિવારને શકિતશાળી બનાવે છે.'' [૨૩]

**સ્ત્રી સ્વાતંત્ર્ય :**

વૈદિક કાળમાં સ્ત્રીને જે સ્વતંત્રતા હતી, તે તદ્ પશ્ચાત્ ન હતી એમ લાગે છે. કારણ કે વૈદિક કાળમાં સ્ત્રીઓ શાસ્ત્રાર્થ કરી શકતી, વર પસંદ કરી શકતી, જાહેર ઉત્સવોમાં ભાગ લઈ શકતી. કેટલીક કવયિત્રીઓ અને તત્વવેત્તાઓના નામ વૈદિક સાહિત્યમાં મળે છે. જેમ કે ગાર્ગી, મૈત્રેયી, અપાલા, લોપામુદ્રા ઈત્યાદિ તેને આધારે કહી શકાય કે સમાજમાં ઉચ્ચ સ્તરની સ્ત્રીઓ વિદ્યાભ્યાસ કરતી હતી.

મનુસ્મૃતિમાં સ્ત્રીને આદરભર્યું સ્થાન અને માન મળ્યું છે. મનુ ભગવાન્ કહે છે, ''જયાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન હોય છે, અને જયાં તેમની પૂજા થતી નથી તે કુળમાં બધા કર્મ નિષ્ફળ થાય છે.'' [૨૪]

આગળ જતા ભગવાન્ મનુ સ્ત્રી સ્વાતંત્ર્ય યોગ્ય નથી, તેવું વિધાન કરે છે. [૨૫]

તત્કાલીન રાજકીય અને સામાજિક કારણોસર ક્રમશઃ તેમનું સ્થાન નિમ્ન થતું ગયું. સ્વતંત્ર અને સ્વચ્છંદ વર્તનના અવલોકન પછી તે સમયે સ્ત્રીઓ પર લદાતા બંધનોને સ્મૃતિકારોએ કાયદાનું સ્વરૂપ આપ્યું.

પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રી–પુરુષને કાયદાની દષ્ટિએ સમાન અધિકાર છે. સ્ત્રી શિક્ષણ વધ્યું છે છતાં ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ એકંદરે સંતોષપ્રદ નથી. દહેજપ્રથા, કુરિવાજો ઈત્યાદિને કારણે સહન કરવા પડતા અપમાનો વગેરે અનેક સમસ્યાઓ છે. આ ઉપરાંત વર્તમાન યુગમાં નોકરી કરવાની એક વિશેષ જવાબદારી આવી, તેમ છતાં પરિસ્થિતિ સુધરવાની દિશામાં છે.

મનુના જેવો સ્ત્રીઓ પ્રત્યેનો સન્માનનો ભાવ, આદર કે પૂજયભાવ અન્ય ગ્રંથોમાં મળવો દુર્લભ છે.

મહાભારત અનુસાર સ્ત્રી ગૃહલક્ષ્મી છે, તે સૌભાગ્યશાલિની, આદર યોગ્ય, પવિત્ર, તથા ઘરની શોભા છે. અતઃ તેની વિશેષ રૂપે રક્ષા કરવી જોઈએ. [૨૬]

ચાણકય સૂત્ર મુજબ, **न स्त्रीरत्नसमं रत्नम् ।** અર્થાત્, સ્ત્રી રત્નથી શ્રેષ્ઠ અન્ય કોઈ રત્ન નથી. [૨૭]

જે ગૃહમાં કુલીન સ્ત્રીઓ શોક કરે છે, તે ગૃહ નષ્ટ થાય છે. [૨૮]

ભગવાન્ મનુ પણ ઉપર્યુકત ઉકિતને અનુમોદન આપતા કહે છે, ''જે ઘરમાં સ્ત્રીઓ શોક કરે છે તે કુળનો નાશ થાય છે. પરંતુ જે ઘરમાં સ્ત્રીઓ શોક કરતી નથી, તેની સર્વત્ર વૃદ્ધિ થાય છે.'' [૨૯]

તપતી પણ પોતે પિતાને આધીન છે. તેથી તેના પિતા જેની સાથે તેના વિવાહ કરશે, તેનો તપતી સ્વીકાર કરશે. તપતી કહે છે –

**न चाहमीशा देहस्य तस्मान्नृपतिसत्तम ।**
**समीपं नोपगच्छामि, न स्वतन्त्रा हि योषितः ॥**

અર્થાત્, હું મારા શરીરની સ્વામિની નથી. તેથી હું આપની સમીપ આવી શકતી નથી. કારણકે સ્ત્રીઓ કયારેય સ્વતંત્ર નથી હોતી. [૩૦]

આ વાકય ઉચ્ચારવા પાછળનો ભગવાન્ વેદ વ્યાસનો હેતુ કદાચ એવો હોય શકે કે સ્ત્રીનું સમાજમાં પ્રવર્તતા દૂષણોથી રક્ષણ કરવું તે પિતાની ફરજ છે. તેથી સ્ત્રી સદા પિતાને આધીન રહે છે.

**કુદરતી પ્રકોપ :**

અનાવૃષ્ટિ તે કુદરતી પ્રકોપ છે. કુદરતના બે સ્વરૂપ હોય છે, રૌદ્ર અને સૌમ્ય. તેમાં અનાવૃષ્ટિને રૌદ્ર સ્વરૂપમાં મૂકી શકાય.

રાજા સંવરણના સૂર્યપુત્રી તપતી સાથે વિવાહ થયા. પતિ–પત્ની પર્વત પર નિવાસ કરવા લાગ્યા. તે દિવસો દરમિયાન દ્વાદશ વર્ષ સુધી વર્ષા ન વરસી, જેને કારણે સ્થાવર–જંગમ પ્રજાનો ક્ષય થવા લાગ્યો. ખેતી નષ્ટ થઈ ગઈ. મનુષ્ય ભૂખથી પીડિત થઈ ભટકવા લાગ્યા. મનુષ્ય સનાતન મર્યાદાનું ઉલ્લંઘન કરી પુત્ર પરિવારનો ત્યાગ કરી અન્યોન્યનો વધ કરવા લાગ્યા. તે નગરી પ્રેતોના નિવાસસ્થાન જેવી થઈ ગઈ.

પ્રજાની આવી દુર્દશા જોઈ વશિષ્ઠએ તપોબળથી સંવરણના રાજયમાં વર્ષા કરી.

દુષ્કાળનું આવું વરવું સ્વરૂપ મહાકવિ દંડીએ દશકુમારચરિતના છઠ્ઠા ઉચ્છવાસ મિત્રગુપ્તવૃત્તાંતમાં કર્યું છે. તેમાં નગરમાં દ્વાદશ વર્ષ સુધી વર્ષા ન વરસી તેને કારણે મનુષ્ય એકબીજાને મારીને ખાવા લાગ્યા. [૩૧]

ગુજરાતી કવિ પન્નાલાલ પટેલે ‘માનવીની ભવાઈ’ નામની નવલકથામાં દુષ્કાળનું વર્ણન કર્યું છે. તેમાં છપ્પનીયા દુષ્કાળનું વર્ણન છે. તેમાં કહ્યું છે કે ‘ભીખથી ભૂંડી ભૂખ’ જેને કારણે મનુષ્ય એકબીજાને મારવા તત્પર થયા. મનુષ્ય મનુષ્યનું માંસ ખાવા લાગ્યા. જેમ મોટી માછલી નાની માછલીને ખાઈ જાય છે તેવી રીતે મનુષ્ય મનુષ્યના માંસ ભક્ષક બન્યા.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં અર્જુનને તપતીનંદન કહેવા પાછળનો હેતુ સ્પષ્ટ કર્યો છે તે તપતીની કૂખે કુરુનો જન્મ થયો તે વંશમાં જન્મવાને કારણે અર્જુન પણ તાપત્ય કહેવાયા. [૩૨]

**તપનો પ્રભાવ :**

સમાજમાં આજના યુવાનો જીવનસાથીની પસંદગી સમયે આંતરિક સૌંદર્યની અપેક્ષાએ બાહ્ય સૌંદર્યને વધારે મહત્ત્વ આપે છે. જેને પરિણામે અનેક સમસ્યાઓ ઉદ્ભવે છે. બાહ્ય સૌંદર્યએ ઈશ્વરની ભેટ છે. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે બાહ્ય સૌંદર્ય કરતાં આંતરિક સૌંદર્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

તપના બળે મનુષ્ય સંસાર તરી જાય છે. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ તપોબળથી દીર્ઘ આયુષ્ય ભોગવી શકતા, અને તપોબળને કારણે કુદરતને પણ રીઝવી શકતા.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં બેવાર વશિષ્ઠના તપનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ સંવરણને તપતીની પ્રાપ્તિ માટે સહાયતા કરી અને દ્વિતીય અનાવૃષ્ટિ સમયે ઋષિ વશિષ્ઠએ સંવરણના નગરમાં તપોબળથી વર્ષા વરસાવી.

તપને માટે કશું જ અસાધ્ય નથી. [૩૩] એવી મહાકવિ બાણની ઉકિત અત્રે સાર્થક થતી હોય તેમ લાગે છે.

બ્રહ્મપુરાણ અનુસાર **नासाध्यमस्ति तपसा ।** અર્થાત્, તપસ્યાને કંઈ દુર્લભ નથી. [૩૪]

મહાભારતકાર પણ તપનો મહિમા ગાતા કહે છે, ‘તપસ્યા સમગ્ર વિશ્વનું મૂળ છે.’ [૩૫]

મહાભારતમાં એવા અનેક પ્રસંગો છે, જે આજના બુદ્ધિજીવી વર્ગને ગળે ન ઉતરે. પરંતુ તે ‘શબ્દ’ પ્રમાણ માની તે વાત સ્વીકારવી પડે.

સાંખ્યદર્શન ત્રણ પ્રમાણનો સ્વીકાર કરે છે, પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ. કારણ કે તેમાં સર્વ પ્રમાણો સમાઈ જાય છે. [૩૬]

તે ન્યાયે શબ્દ પ્રમાણને માન્ય ગણી શ્રુતિ વાકયને અનુસરવું જ રહ્યું. કારણ કે શ્રુતિ વાકયમાં શંકાને સ્થાન ન હોય, તે નિયમને આધારે વશિષ્ઠના તપોબળને સ્વીકારવું જ પડે.

તપથી મેળવેલ સિદ્ધિના અનેક ઉદાહરણ શાસ્ત્રોમાં મળે છે, જે આજના યુગમાં અશકય લાગે. જેવા કે અગસ્ત્ય તપોબળથી સંપૂર્ણ સમુદ્ર પી ગયા. ઈન્દ્રએ જન્મતા જ સૂતિકાઘરમાં સોમનું પાન કર્યું. દુર્વાસાએ દ્રૌપદીને અક્ષયપાત્ર પ્રદાન કર્યું, જેના થકી દ્રૌપદી વનમાં પણ અતિથિને ભોજન કરાવી શકે. કોઈ કલાની સાધના દ્વારા પણ કાર્ય સિદ્ધિ થઈ શકે છે. જેમ કે સમ્રાટ્ અકબરના નવ રત્નોમાંના એક સંગીત સમ્રાટ તાનસેને મલ્હાર રાગ ગાઈ વર્ષા વરસાવી. નરસિંહ મહેતાએ ભકિતના બળે મલ્હાર રાગ ગાઈ વર્ષા વરસાવી અને તે જ ભકિત દ્વારા પુત્રી કુંવરબાઈનું મામેરૂ પૂર્યું.

આવા તો અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

ઋષિમુનિઓ તપોબળથી શાપ પણ સાર્થક કરતા શૃંગી ઋષિ દ્વારા પરીક્ષિતને મળેલ શાપ, દુર્વાસાનો શકુન્તલાને શાપ, ઈત્યાદિ.

**નિષ્કર્ષ :**

બાહ્ય સૌંદર્યનું મહત્ત્વ દર્શાવ્યું છે. વ્યકિત બાહ્ય સૌંદર્ય દ્વારા અન્યને અભિભૂત કરી શકે છે તે સાબિત થાય છે.

સમાજમાં આજના યુવાનો જીવનસાથીની પસંદગી સમયે આંતરિક સૌંદર્યની અપેક્ષાએ બાહ્ય સૌંદર્યને વધારે મહત્ત્વ આપે છે, જેને પરિણામે અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. જો કે બાહ્ય સૌંદર્યએ ઈશ્વરની ભેટ છે. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે બાહ્ય સૌંદર્ય કરતા આંતરિક સૌંદર્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

પ્રથમ દષ્ટિનો પ્રેમ એ ક્ષુલ્લક પ્રેમ નથી. પરંતુ તે શાશ્વત પ્રેમ છે, તે સૂચવ્યું છે.

ગાંધર્વ વિવાહની શ્રેષ્ઠતા દર્શાવી છે.

મહાભારતકાલીન સ્ત્રી સ્વાતંત્ર્ય વિષયક બાબત નિરુપી છે. તે સમયની સ્ત્રીઓ પિતાને આધીન રહેતી હશે, તે ફલિત થાય છે.

અનાવૃષ્ટિનું વર્ણન કરી કુદરતના પ્રકોપને શ્રેષ્ઠ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. કુદરત કોપે ત્યારે કેવું પરિણામ આવે છે તે સાબિત કર્યું.

## (૫) और्वोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતના આદિપર્વ અંતર્ગત ચૈત્રરથપર્વના ઔર્વોપાખ્યાન નામના ૧૭૭ માં અધ્યાયમાં નિર્દેશેલ છે.

પિતાના મૃત્યુના સમાચાર જાણી ક્રોધિત થયેલ પરાશરને શાંત કરવા માટે વશિષ્ઠજી ઔર્વોપાખ્યાન સંભળાવે છે.

ઔર્વ ઉપાખ્યાન સમજતા પૂર્વે ઔર્વ નામની વ્યકિતને સમજી લઈએ.

પૌરાણિક કથાકોશ પ્રમાણે,

(૧) ઔર્વ – બીજા સ્વરોચિષ્ મન્વન્તરના સપ્તર્ષિમાંના એક

(૨) ઔર્વ – વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો ચોથો

(૩) ઔર્વ – વારુણિ ભૃગુના પુત્રમાંના મોટા ચ્યવનના પુત્ર ઉર્વ ઋષિનો પુત્ર

(૪) ઔર્વ – પરીક્ષિતને મળવા આવનાર એક ઋષિ

(૫) ઔર્વ – ભૃગુનો પૌત્ર અને ચ્યવન પુત્ર ઉર્વ અને અરુષીનો પુત્ર એક પ્રસિદ્ધ ઋષિ [1]

ઉપર્યુકત ઔર્વના નિર્દેશ પરથી પાંચમા ક્રમના ઔર્વની કથા મહાભારતકાર નિરુપે છે તે કથા જોઈએ તો –

કાર્તવીર્યના પુત્રોએ ભૃગુના વંશજોનો સંહાર કર્યો, ગર્ભસ્થ શિશુનો પણ નાશ કર્યો. પરંતુ એક સ્ત્રીએ પોતાના ગર્ભને જાંઘમાં સંતાડયો.

**अनेनैव च विख्यातः नाम्ना लोकेषु सत्तमः ।**
**स औंर्व इति विप्रर्षिरूरूं भित्वा व्यजायत ॥**

ઊરુમાંથી જન્મ્યો તેથી ઔર્વ નામ પડયું. [2]

ઔર્વને જોતા કાર્તવીર્યના પુત્રો અંધ થઈ ગયા. તે સમસ્ત વિશ્વને ભસ્મ કરી નાંખશે તેમ લાગ્યું. પરંતુ તેના પિતૃઓની ઈચ્છાથી તેમણે પોતાના ક્રોધાગ્નિને સમુદ્રમાં નાંખ્યો.

ક્રોધાગ્નિનું મુખ અશ્વ જેવું બન્યું અને સમુદ્રમાં સંતાઈ રહ્યો. તે વડવાગ્નિ કહેવાયો.

ઔર્વ સાગરનો પુરોહિત બન્યો.

ઉર્વનો પુત્ર અને ઊરુ તોડીને જન્મ્યો તેથી ઔર્વ કહેવાયો, એમ બે રીતે આ નામ સાધિત થાય છે.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણ પણ ઔર્વ આખ્યાનનો ઉલ્લેખ કરે છે.

મહાભારતકારે આખ્યાનો દ્વારા કંઈક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશમાંથી પ્રેરણા લઈ સામાન્યજન સમાજને નવી દિશા પ્રાપ્ત થાય છે.

વ્યાસ અનેક આખ્યાનો નિરુપે છે, પરંતુ તે દરેકનો હેતુ અલગ–અલગ હોય છે. પ્રસ્તુત આખ્યાન પણ સહેતુક નિરુપવામાં આવ્યું છે. તેમાંથી ફલિત થતા મુદ્દા જોઈએ તો –

**યજ્ઞ :**

ભારતીય સંસ્કૃતિ યજ્ઞને અત્યંત મહત્ત્વનો લેખે છે. આ યજ્ઞ કાર્ય પૂર્ણ થયા પછી બ્રાહ્મણોને દક્ષિણા આપવાની પ્રથા વેદકાલીન સમયથી ચાલી આવે છે.

મહાભારતકાર લખે છે કે, ''દક્ષિણા વિના યજ્ઞ કરવો વ્યર્થ છે.'' [3]

કઠોપનિષદ્માં પણ વાજશ્રવસ્ ઋષિએ યજ્ઞ પૂર્ણ કર્યા પછી ગૌદાન આપ્યું હતું, જેના આધારે સમગ્ર કઠોપનિષદ્ની રચના થઈ.

મહાકવિ કાલિદાસે રઘુવંશના કૌત્સના પ્રસંગ દ્વારા સમગ્ર સંપત્તિ દાનમાં આપી દીધાની બાબત સ્પષ્ટ થાય છે.

ઉપર્યુકત કથામાં બ્રાહ્મણોનું ધન ક્ષત્રિય હરવા માટે ગયા, તે પરથી સાબિત થાય છે કે આવશ્યકતા પડવાથી ક્ષત્રિયો બ્રાહ્મણનું ધન પણ હરી લેતા હશે અને બ્રાહ્મણો ધનપતિ હશે.

ધન સંગ્રહ તે સર્વ વ્યકિતનો હક્ક છે. પરંતુ એટલું ધન સંચય ન કરવું જેટલી આવશ્યકતા ન હોય. પુરાતનકાળથી ધન સંગ્રહ માટે જમીનમાં દાટવાની પ્રથા ચાલી આવે છે. અહીં પણ ભાર્ગવોએ પોતાનું ધન

જમીનમાં દાટી દીધું. કારણ કે પૃથ્વી સર્વ વસ્તુનો ભંડાર છે. પૃથ્વીમાંથી અનેક પ્રકારના દ્રવ્યો પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત પૃથ્વી આપણા ધનનું રક્ષણ પણ કરે છે.

યજ્ઞ માટે ઋગ્વેદ કહે છે, 'પ્રત્યેક શુભ કાર્યનો પ્રારંભ યજ્ઞ સાથે કરો.'[૪]

અથર્વવેદ અનુસાર –

**ईजानाः स्वर्गं यान्ति लोकम् ।**

અર્થાત્ યજ્ઞ કરનારને સ્વર્ગ સુખ પ્રાપ્ત થાય છે.[૫]

યજુર્વેદ પ્રતિદિન યજ્ઞ કરવાનું મહત્ત્વ દર્શાવે છે.[૬]

શતપથ બ્રાહ્મણ પ્રમાણે યજ્ઞ જ સમસ્ત પ્રાણીઓનું ભરણપોષણ કરે છે.[૭]

શ્રીમદ્ ભગવદ્ ગીતા ફળ પ્રાપ્તિ માટે યજ્ઞની વાતને તદ્દન છોડી દે છે. યજ્ઞ વ્યકિતલક્ષી નહી પરંતુ સમષ્ટિને અનુલક્ષીને સામાજિક કે વૈશ્વિક ભાવનાથી કરવો જોઈએ. સમષ્ટિલક્ષી યજ્ઞની વાત તો ઋગ્વેદના દાનસ્તુતિ અનુસાર **नार्यमणं पुष्यति नो सरवायं केवलाधो भवति केवालधी ।** એ મંત્રથી પડયો છે.

અત્રે યજ્ઞની આવશ્યકતા દેવોને રીઝવીને ફળ પ્રાપ્તિ માટે નથી. દેવો તો આપે છે તેમને આપણે કંઈક અર્પણ કરી કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા યજ્ઞ આવશ્યક છે.

**પિતૃવંશ જાળવણી :**

શાસ્ત્રોમાં વંશ પરંપરાને અતિ મહત્ત્વ આપ્યું છે. વંશ આગળ વધવાથી પિતૃઓ આનંદ પામે છે. તેવા ઉલ્લેખો મહાભારતમાં છે.

તે પિતૃવંશની જાળવણી માટે બ્રાહ્મણીએ પોતાનો ગર્ભ ઊરુમાં સંતાડી દીધો. ઉપરાંત તેને પુત્ર પ્રત્યેનો મોહ પણ જણાવી શકાય.

પુત્ર દ્વારા પિતૃવંશ આગળ વધે છે. વંશ જો આગળ ન વધે તો પૂર્વજોની અસદ્ગતિ થાય તેની કથા મહાભારતમાં જરુત્કારુની છે.

જરુત્કારુના પૂર્વજો સ્વર્ગમાં ઊંચે લટકતા હતા. કારણ પૂછતા ખ્યાલ આવ્યો કે તેના જ પૂર્વજો વંશનો નાશ થવાથી લટકી રહ્યા છે.

જરુત્કારુ મહાન તપસ્વી હતા. તેમણે શરત કરી કે મારા નામની કન્યા મને પ્રાપ્ત થશે તો હું વિવાહ કરીશ. તેથી જરુત્કારી નામની સ્ત્રી સાથે તેમણે વિવાહ કર્યા. પત્ની જરુત્કારીને પુત્ર સોંપી ઋષિ જરુત્કારુ પુનઃ તપ કરવા ચાલી નીકળ્યા.

પુત્ર પિતાને નરકમાંથી તારે છે. વસિષ્ઠ સ્મૃતિ કહે છે – પુત્રહીનતા તે ખરેખર અભિશાપ છે.[૮]

ગરુડ પુરાણ પ્રમાણે પુત્ર સર્વ સુખદાયક છે.

વેદ અનુસાર આત્મા જ પુત્રરૂપે જન્મે છે. [૯]

**ક્રોધ :**

પ્રસ્તુત આખ્યાનમાં ક્રોધ વિષયક ચર્ચા છે. ક્રોધ મનુષ્યનો શત્રુ છે. તેથી ક્રોધથી દૂર રહેવું.

ઔર્વ પોતાના પૂર્વજોની હત્યાને કારણે ક્રોધિત થયો તેથી તેમણે સમગ્ર ક્ષત્રિયોની દષ્ટિ હરી લીધી. ક્રોધ સર્વનાશનું કારણ છે. ક્રોધિત વ્યકિત વિવેકહીન બની શુભ–અશુભ કર્મનો વિચાર કર્યા વિના કાર્ય કરે છે. અત્રે પૂર્વજોની હત્યા મુખ્ય કારણ હતું.

ચાણકયનીતિ કહે છે, **क्रोधो वैवस्वतो राजा ।** અર્થાત્, 'ક્રોધ એટલે જ યમરાજ.' [૧૦]

શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર કામ, ક્રોધ તથા લોભ પણ નરકનાં દ્વાર છે. [૧૧]

ઔર્વને વિનંતિ કરવાથી તેમણે પોતાનો ક્રોધ દૂર કરી એક સમુદ્રમાં ફેંકયો, જે વડવાનલ રૂપે રહ્યો. આ બાબત પરથી ફલિત થાય છે કે ઔર્વમાં ક્ષમાનો ગુણ હતો.

**ક્ષમા :**

**क्षमा वीरस्य भूषणम् ।** અર્થાત્ ક્ષમા વીરનું આભૂષણ છે. ક્ષમા આપવાથી વેર શાંત થાય છે. વેરથી વેર વધે છે.

ગુજરાતી કવિએ કહ્યું છે કે, 'અવેરે જ શમે વેર ન શમે વેર વેરથી.'

ઔર્વના પૂર્વજોના નાશથી તે ક્રોધિત થઈ સર્વ ક્ષત્રિયોનો સંહાર કરવા લાગ્યો. પરંતુ વશિષ્ઠ ઋષિની વિનંતિથી તે ક્રોધથી દૂર થયો અને પોતાના પૂર્વજોનો વધ કરનારને ક્ષમાદાન આપી મુકત કર્યા. શત્રુ પણ જો ક્ષમા માગે તો તેને આપવી જોઈએ.

ભગવાન શ્રીરામે તો ક્ષમા માટે એટલે સુધી કહ્યું છે કે, ''કરોડો બ્રહ્મહત્યા કરનારો મારે શરણે આવે તો હું તેને ક્ષમા આપું છું.'' [૧૨]

મહારાજ યુધિષ્ઠિરમાં ક્ષમાનો ગુણ હતો.

મહાભારતના વનપર્વમાં દ્રૌપદીને ક્ષમા વિશે સમજાવતા યુધિષ્ઠિર કહે છે,

**क्षमा धर्मः क्षमा यज्ञः क्षमा वेदाः क्षमा श्रुतम् ।**

**य एतदेवं च जानाति स सर्वं क्षन्तुमर्हति ॥**

અર્થાત્ ક્ષમા ધર્મ, યજ્ઞ, વેદ, શાસ્ત્ર છે. જે આ પ્રમાણે જાણે છે તે ક્ષમા કરવા યોગ્ય છે. [૧૩]

આગળ વધતાં યુધિષ્ઠિર કહે છે, ''ક્ષમા બ્રહ્મ, સત્ય, ભૂત, ભવિષ્ય, તપ અને શૌચ છે.'' [૧૪]

ક્ષમાશીલ મનુષ્ય યજ્ઞવેત્તા, બ્રહ્મવેત્તા અને તપસ્વી પુરુષોથી ઉચ્ચલોક પ્રાપ્ત કરે છે. [૧૫]

ક્ષમા તેજસ્વી પુરુષોનું તેજ છે. તપસ્વીઓનું બ્રહ્મ છે. ક્ષમા સત્યવાદી પુરુષોનું સત્ય છે. ક્ષમા યજ્ઞ અને મનોનિગ્રહ છે. [૧૬]

યુધિષ્ઠિર શત્રુને પણ ક્ષમા આપે છે. દુર્યોધનની રક્ષા કરવા ભીમ, અર્જુન ઈત્યાદિને મોકલ્યા હતા.

મહાભારતના ક્ષમાના પ્રસંગમાં અન્ય એક પ્રસંગ દ્રૌપદીનો પણ ઉલ્લેખી શકાય.

અશ્વત્થામાએ પાંડવ સમજી પાંડવ પુત્રનો વધ કર્યો. પુત્ર શોકથી વિહ્વળ ભીમ અશ્વત્થામાનો વધ કરવા ઉદ્યત થયો. પરંતુ દ્રૌપદીના અંતઃકરણમાં વિરાજીત ક્ષમાભાવે તેમ ન કરવા કહ્યું.

દ્રૌપદીએ કહ્યું, ''દ્રૌણાચાર્ય પત્ની ગૌતમી પણ એક માતા છે. જો અશ્વત્થામા મૃત્યુ પામશે તો તે પણ મારી માફક આંસુ સારશે. હું જેવી રીતે રડું છું તેમ કોઈ માતા ન રડે.'' [૧૭]

**નિષ્કર્ષ :**

પ્રસ્તુત આખ્યાનમાં યજ્ઞ મહિમા વર્ણવ્યો છે. યજ્ઞના ધૂમ્ર દ્વારા વાતાવરણ પવિત્ર બને તેમજ દેવોની તુષ્ટિ થાય છે.

પુત્ર દ્વારા વંશ વૃદ્ધિ કરવી તે પ્રત્યેક ગૃહસ્થનો ધર્મ છે.

ક્રોધ દ્વારા મનુષ્યને હાનિ થાય છે, તેથી ક્રોધથી દૂર રહેવું.

લોક વ્યવહારમાં ક્ષાન્ત ભાવને સ્વભાવનું અંગ બનાવવો જોઈએ. ક્ષમા દ્વારા વ્યકિતની મહાનતા સિદ્ધ થાય છે, તેમજ શાસ્ત્રકથાઓ દ્વારા ક્ષમાના મહત્વને માપી શકાય છે.

વિભાગ – ૩ પાદટીપ

## મહાભારતનાં આખ્યાનો–ઉપાખ્યાનો

પ્રસ્તાવના :✓

(१) अनाश्रित्येदमाख्यानं कथा भुवि न विद्यते ।
आहारमनपाश्रित्य शरीरस्येव धारणम् ॥

म.भा. आदिपर्व - २/३७

(२) इदं कविवरैः सर्वैराख्यानमुपजीव्यते ।
उदयप्रेप्सुभिर्भृत्यैरभिजात इवेश्वरः ॥
अस्य काव्यस्य कवयो न समर्था विशेषणे ।
साधोरिव गृहस्थस्य शेषास्त्रय इवाश्रमाः ॥

एजन आदिपर्व - २/३८९-३९०

પ્રકરણ – ૧

# આદિપર્વના આખ્યાનો–ઉપાખ્યાનો

## (१) परीक्षित उपाख्यान✓

(१) पारीक्षिता अभवन्निति ॥

बृहदारण्यक उपनिषद् – ३/३/१

(२) પૌરાણિક કથાકોશ ડાહ્યાલાલ દેરાસરી ભાગ–૧, પૃ. ૩૨૨

(३) महाभारत आदिपर्व – ४१/१४

(४) अराजकं जनपदे दोषा जायन्ति वै सदा ।
उद्धृतं सततं लोकं राज्ञा दण्डेन शास्ति वै ॥

एजन – ४१/२७

(५) एजन – ४१/२९

(६) विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।

नीतिशतक–१०

(७) ભારતરત્ન ધર્મવિષયક, પૃ. ૬૪

(८) पंचतंत्र काकोलूकीयम् – २१२

(९) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
काम क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

भ.गी. १६/२१

(१०) घ्यायतो विषयान्पुंस सङ्गस्तेषूपजायते ।
सङ्गात्सज्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

एजन – २/६२, ६३

(११) निद्रालस्यं मद्यपानं द्यूतं वाराङ्गनारतिः ।
अतिक्रीडाश्चतिमृगया सप्त दोषा नृपस्य च ॥

आनंद रामायण राज्यकाण्ड – १६/७

(१२) दश धर्मं न जानन्ति धृतराष्ट्र निबोध तान् ।
मत्तः प्रमत्त उन्मतः श्रान्त कृद्धो बुभुक्षितः ॥
त्वरमाण भीरूश्च लुब्धो कामी च ते दश ।
तस्मादेतेषु भावेषु न प्रसज्जेत पण्डित ः ॥

महाभारत उद्योगपर्व – ३३/१०१, १०२

(१३) यदाचरति कल्याणि शुभं वा यदि वा शुभम् ।
तदेव लभते भद्रे कर्ता कर्मजमात्मनः ॥

वा.रा. अयोध्याकाण्ड – ६३/६

(१४) सुखदुःखदो न चान्योऽस्ति यतः स्वकृतंभुक् पुमान् ।

श्रीमद् भागवत – १०/५४/३८

(१५) प्राक् कर्मभिस्तु भूतानि भवन्ति न भवन्ति च ।

महाभारत स्त्री पर्व – ३/१७

(१६) वा.रा. अयोत्ध्याकाण्ड – ६३/९

(१७) गुणवदगुणवद् वा कुर्वता कार्यमादौ ।
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ॥

नीतिशतक – ९६

(१८) मधुनक्तमुतोषसो मधुमत्पार्थिवं रजः ।
मधु द्यौरस्तु नः पिता ॥

ऋग्वेद – १/९०/७

(१९) महाभारत वनपर्व – २०९/५

(२०) कर्म प्रधान विश्व करि राखा ।

जो जस करे सो तस फल चाखा ।

काहु न कोउ सुख दुःख कर दाता ।

निज कृत करम भोग सब भ्राता ॥

श्रीराम चरित मानस – अयोघ्या काण्ड

(२१) कदाचनस्तरीरसि नेन्द्र सश्चसि दाशुषे ।

उपोयेन्नु मधवन् भूय ईन्नु ते दानं देवस्य प्रच्यते ॥

सामवेद – ३००

(२२) पुत्रव्यसनजं दुःखं यदेतन्मम साम्प्रतम् ।

एवं त्वं पुत्रशोकेन राजन् कालं करिष्यसि ॥

वा.रा. अयोघ्याकाण्ड – ६४/५४

(२३) चाणकय सूत्र – १७०

(२४) अभ्यर्पितस्तदा तस्मै स्थानानि कलये ददौ ।

द्यूतं पानं स्त्रियः सूना यत्राधर्मचर्तुविधः ॥

श्रीमद् भागवत – १/१७/३८

(२५) अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

श्रीमद् भ.गी. – ९/२२

(२६) अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।

साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।

स्त्रियो वैश्यास्तथा शुद्रास्तेऽपि यान्ति परांगतिम् ॥

श्रीमद् भगवत् गीता – ९/३०,३२

(२७) माहात्म्य पद्मपुराण श्रीमद् भागवत – २/४

(२८) न तपोभि र्न वेदैश्च न ज्ञानेनापि कर्मणा ।

हरिर्हि साध्यते भक्त्या प्रमाणं तत्र गोपिकाः ॥

(२९) या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी ।

त्वामनुस्मरतः सा मे हृदयान्माडपसर्पतु ॥

સ્વામી વિવેકાનંદ, ભકિત રહસ્ય – પૃ. ૯

(३०) द्रवीभावपूर्विका मनसो भगवदाकारतारूपा सविकल्प वृत्तिर्भक्तिः ।

શ્રી સ્વામી મધુસુદન સરસ્વતી – અદ્વૈતસાર

(३१) मय्यर्पितात्मेच्छति मद् विनाडन्यत् ।

श्रीमद् भागवत – ११/१४/१४

(३२) એવા રે અમો એવા રે, તમે કહો છો વળી તેવા રે;

ભકિત કરતા જો ભ્રષ્ટ કહેશો, તો કરશું દમોદરની સેવા રે.

નરસિંહ મહેતાના ભજનો – પૃ. ૨૮

(३३) सा तस्मिन्परमप्रेमरूपा ।

नारदसूत्र

(३४) सा परानुरक्तिरीश्वरे; त्संस्थस्यामृतत्वोपदेशात् ।

शांडिल्य सूत्र – १/१/२

(३५) 'सानुरागरूपा' स्नेहप्रेमश्रद्धातिरेकादलौकिके श्वरानुरागरूपाद्

अङ्गिरा ऋषि

(३६) त्वं तु भक्तेः प्रिया तस्य सततं प्राणतोधिका ।

त्वयाहुतस्तु भगवान् याति नीचगृहेष्वपि ॥

पद्मपुराण भागवत माहात्म्य – २/३

(३७) श्रीराम चरित मानस उत्तर काण्ड – ४४/३

(३८) यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।

शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥

श्रीमद् भ.गी. – १२/१७

(३९) चर्तुविधा भजन्ते मां जनाः सुकृतिनोडर्जुन ।

आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

श्रीमद् भ.गी. – ७/१६

(४०) तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं सच मम प्रियः ॥

एजन – ७/१७

(४१) સ્વામી વિવેકાનંદ ભકિત રહસ્ય, પૃ. ૯

(४२) अराजके जनपदे दोषा जायन्ति वै सदा ।
उद्धृतं सततं लोकं राजा दण्डेन शास्ति वै ॥

महाभारत आदि पर्व – ४१/२७

(४३) तं यस्तु द्वेष्टि संमोहात्स विनश्यत्यसंशयम् ।
तस्य ह्याशु विनाशाय राजा प्रकुरूते मनः ॥

मनुस्मृति – ७/१२

(४४) अराजके हि लोकेऽस्मिन्सर्वतो विद्रुते भयात् ।
रक्षार्थमस्य सर्वस्य राजानमसृजत्प्रभुः ॥

एजन – ७/३

(४५) न हि मृत्यु तथा राजा श्रुत्वा वै सोऽन्वतप्यत
आशोचदमर प्रख्यो यथा कृत्वेह कर्म तत् ।

महाभारत आदिपर्व – ४२/२६

(४६) ततो मे वचनमन्यथा भवितुं नार्हति ।

अभि शाकु. – अंक-४ विष्कंभक

(४७) क्षमा गुणवतां बलम् ।

विदुरनीति – २/७५

(४८) क्षमा गुणो ह्यशक्तानां शक्तानां भूषणं क्षमा ।

एजन – १/५४

(४९) क्षमा दानं क्षमा सत्यं क्षमा यज्ञाश्च पुत्रिकाः ।
क्षमा यशः क्षमा धर्मः क्षमायां विष्ठितं जगत् ॥

वा.रा. बालकाण्ड – ३३/८-९

(५०) एजन – ३३/७

(५१) नरस्याभरणं रूपं रूपस्याभरणं गुणः ।

गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा ॥

सुभाषित भण्डागार – ८७/२

(५२) चाणक्य नीति – ३/९

(५३) मा प्र गाम पथो वयं यज्ञादिन्द्र सोमिनः ।

मान्तः स्थुर्नो अरातयः ।

अथर्ववेद – १३/१/५९

(५४) यस्याास्ति वितं स नरः कुलीनः

स पण्डितः स श्रुतवान्गुणज्ञ ।

स एव वक्ता स च दर्शनीयः

सर्वे गुणाः कात्त्वनमाश्रयन्ते ॥ नीतिशतक – ३३

(५५) षडर्थो धर्मेण ते सत्या येत्त्वधर्मेण धिगस्तु तान् ।

धर्मं वै शाश्वतं लोकं न जह्याद् धनकांक्षया ॥

महा शान्तिपर्व – २९२/१९

## (२) शकुन्तलोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ ડાહ્યાભાઈ દેરાસરી ભાગ–૧, પૃ. ૨૫૯

(२) शुद्रैव भार्या शुद्रस्य सा च स्वा च विशः स्मृते ।
ते च स्वा चैव राज्ञश्च नाश्च स्वा चाग्रजन्मनः ॥

मनुस्मृति – ३/१३

(३) महाभारत आदिपर्व – ७२/१६

(४) शरीरकृत् प्राणदाता यस्य चानानि भुञ्जते ।
क्रमेणैते त्रयोडप्युक्ताः पितरो धर्मशासने ॥

महाभारत आदिपर्व – ७२/१५

(५) हरस्तु किंचित्परिलुप्तधैर्यश्चन्द्रोदयारम्भ इवाम्बुराशिः ।
उमामुखे बिम्बफलाधरोष्ठे व्यापारयामास विलोचनानि ॥

कुमार संभव – ३/६७

(६) महाभारत आदि पर्व – ७३/५ પછી

(७) एजन – ७३/१६, १७

(८) अस्यां जायेत यः पुत्रः स राजा पृथिवीपते ।
त्वदूर्ध्वमभिषेक्तव्यो नान्यः कश्चन पार्थिव ॥

महाभारत आदि पर्व – १००/५६

(९) अस्त्वयं सर्वदमनः सर्वं हि दमयत्यसौ श्च
स सर्वदमनो नाम कुमारः समपद्यत श्च्श्च

एजन आ.प. – ७४/८

(१०) मन्यते चैव लोकस्ते स्त्रीभावान्मयि संगतम्।
पुत्रश्चायं वृतो राज्ये मया तस्माद् विचारितम्॥

एजन – ७४/१२३

(११) तैत्तिरीय उपनिषद् – १/११/२

(१२) आशाप्रतीक्षे संगत ूँ सूनृतां च इष्टापूर्ते पुत्रपर्शूं सर्वान्।
एतद् वृङ्क्ते पुरूषस्याल्पमेधसो यस्यानश्नन् वसति ब्राह्मणो गृहे॥

कठोपनिषद् – १/१/८

(१३) तृणानि भूमिरूदकं वाक् चतुर्थी च सूनृता।
सतामेतानि गेहेषु नाच्छिद्यन्ते कदाचन॥

महाभारत वनपर्व – २/५४

(१४) क्षुत् पिपासाश्रमार्ताय देशकालागताय च।
सत्कृत्यान्नं प्रदातव्यं यज्ञस्य फलमिच्छता॥

महाभारत आश्वमेधिक पर्व – ९२

(१५) यज्ञ शिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः।
भुञ्जते ते त्वधं पापा ये पचन्त्यात्मकारणात्॥

श्रीमद् भगवद् गीता – ३/१३

(१६) ऋग्वेद – १०/११७/६

(१७) गुरूरग्नि र्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरूः।
पतिरेको गुरूः स्त्रीणां सर्वत्राभ्यागतो गुरूः॥

हितोपदेश मित्रलाभ – ६२

(१८) अतिथिर्यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते।
स तस्मै दुष्कृतं दश्चवा पुण्यमादाय गच्छति॥

एजन – ६३

(१९) ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाऽऽसुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाच ाष्टमोऽधमः ॥

मनुस्मृति – ३/२१

(२०) षडानुपूर्व्या विप्रस्य क्षत्रस्य चतुरोऽवरान् ।
विट्शुद्रयोस्तु तानेव विद्याद्धर्म्यानराक्षसान् ॥

एजन – ३/२३

(२१) गान्धर्वराक्षसौ क्षत्रे धर्म्यौ तौ मा विशङ्किथाः ।
पृथग् वा यदि वा मिश्रौ कर्तव्यो नात्र संशयः ॥

महाभारत आदिपर्व – ७३/१३

(२२) एजन – ७३/३६

(२३) पतिशुश्रूषणं पूर्वं मनोवाककायचेष्टितैः ।
अनुज्ञाता मया पूर्व पूजयेत्तद् व्रतं तव ॥ एजन आदिपर्व – ७४/९ પછી

(२४) व्रतोपवासनिरता या नारी परमोत्तमा ।
भर्तारं नानुवर्तेत सा च पापगतिर्भवेत् ॥

वा.रा. अयोत्त्याकाण्ड – २४/२५, २६

(२५) भर्तु शुश्रूषया नारी लभते स्वर्गमुत्तमम् ।
अपि या निर्ममस्कारा निवृत्ता देवपूजनात् ॥

एजन – २४/२६, २७

(२६) न पिता नात्मजो वात्मा न माता न सखीजनः श्च
इह प्रेत्य च नारीणां पतिरेको गतिः सदा श्च्च

एजन – २७/६

(२७) एजन – ३९/३०

(२८) पतिर्हि देवता नार्याः पतिर्बन्धुः पतिर्गुरूः ।
प्राणैरपि प्रियं तस्माद्भर्तुः कार्यं विशेषतः ॥

एजन उत्तरकाण्ड – ४८/१७, १८

(२९) नास्ति स्त्रीणां पृथग्यज्ञो न व्रतं नाप्युयोषितम् ।
पतिसुश्रूषते येन तेन स्वर्गे महीयते ॥

मनुस्मृति – ५/९

(३०) न दानैः शुद्ध्यते नारी नोपवासशतैरपि।

न तीर्थसेवया तद्वद् भर्तुः पादोदकैर्यथा ॥

चाणक्य नीति – १७/१०

(३१) शुश्रूषस्व गुरून्कुरू प्रियसखीवृतिं सपत्नीजने

भर्तुविप्रकृतापि रोषणतया मा स्म प्रतीपं गमः।

भूयिष्ठं भव दक्षिणा परिजने भाग्येष्वनुत्सेकिनी

यान्त्येवं गृहिणीपदं युवतयो वामाः कुलस्याधयः ॥

अभिज्ञान शाकुन्तलम् – ४/१८

(३२) महाभारत आदिपर्व – ७४/१२

(३३) अस्मान्साधु विचिन्त्य संयमघनानुच्चैः कुलं चात्मन –

स्त्वप्यस्याः कथमप्यबान्धवकृतां स्नेहप्रवृत्तिं च ताम्।

सामान्यप्रतिपतिपूर्वकमियं दारेषु श्वश्या त्वया

भाग्यायत्तमतः परं न खलु तद्वाच्यं वधूबन्धुभिः ॥

अभिज्ञान शाकुन्तलम् – ४/१७

(३४) शुश्रुषस्व गुरून्कुरू प्रियसखीवृत्तिं सपत्नीजने

भर्तुविप्रकृतापि रोषणतया मा स्म प्रतीपं गमः।

भूयिष्ठं भव दक्षिणा परिजने भाग्येष्वनुत्सेकिनी

यान्त्येवं गृहिणीपदं युवतयो वामाः कुलस्याधयः ॥

एजन – ४/१८

(३५) भूत्वा चिराय चतुरन्तमहीसपत्नी

दौष्यन्तिमप्रतिरथं तनयं निवेश्य।

भर्त्रा तदर्पितकुटुम्बभरेण सार्धं

शान्ते करिष्यसि पदं पुनराश्रमेऽस्मिन् ॥

एजन – ४/२०

(३६) अर्थो हि कन्या परकीय एव

तामद्य संप्रेष्य परिग्रहीतुः ।

जाता ममायं विशदः प्रकामं

प्रत्यर्पितन्यास इवान्तरात्मा ॥

एजन - ४/२२

(३७) यास्यत्यद्य शकुन्तलेति हृदयं संस्पृष्टमुत्कण्ठया

कण्ठः स्तम्भितबाष्पवृत्तिकलुषश्चिन्ताजडं दर्शनम् ।

वैक्लव्यं मम तावदीदृशमपि स्नेहादरण्यौकसः

पीड्यन्ते गृहिणः कथं नु तनयाविश्लेषदुःखैर्नवैः ॥

एजन - ४/६

(३८) રવીન્દ્રનાથ ટાગોર – પ્રાચીન સાહિત્ય પૃ. ૪૪

(३९) महाभारत आदिपर्व - ७४/३९

(४०) वा.रा. अयोध्याकांड - १०७/१२

(४१) ऋणमस्मिन्सनयत्यमृतत्वं च गच्छति ।

पिता पुत्रस्य जातस्य पश्येच्चेज्जीवतो मुखम् ॥

यावन्तः पृथिव्यां भोगा यावन्तो जातवेदसि ।

यावन्तो अप्सु प्राणिनां भूयान्पुत्रे पितुस्तवः

शश्वत्पुत्रेण पितरोऽत्यायन्बहुलं तमः ।

आत्मा हि जज्ञ आत्मनः स इरावत्यतितारिणी ॥

किं नु मलं किमजिनं किमु श्मश्रूणि किं तपः ।

पुत्रं ब्रह्माण इच्छध्वं स वै लोकोऽवदावदः ।

अन्नं हि प्राणः शरणं ह वासो रूपं हिरण्यं पशवो विवाहः ।

सखाह जाया कृपणं ह दुहिता ज्योतिर्ह पुत्रः परमे व्योमन् ॥

नापुत्रस्य लोकोऽस्तीति तत्सर्वे पशवो विदुः ।

तस्मात्तु पुत्रो मातरं स्वसारं चाधिरोहति ॥

ऐतरेय ब्राह्मण - ३३/२ थी ५ , ८, ९

(४२) पुत्रेण लोकांजयति पौत्रेणानन्तमश्नुते ।

अथ पुत्रस्य पौत्रेण ब्रध्नस्याप्नोति विष्टयम् ॥

वशिष्ठ स्मृति – १७/५

(४३) दुर्गते पितरौ रक्षति स पुत्रः ।

चाणक्य सूत्र – ४०८

(४४) माता पुत्रोर्वचनकृद्धितः पथ्य   यः सुतः ।
स पुत्रः पुत्रवद् य   वर्तते पितृमातृषु ॥

म.भा. आदिपर्व – ८५/२५

(४५) वरमेको गुणी पुत्रो न च मूर्खशतान्यपि ।
एकस्चन्द्रस्तभो हन्ति न च तारागणोडपि च ॥

चाणक्य नीति – ४/६

(४६) भार्या पतिः सम्प्रविश्य स यस्माज्जायते पुनः ।
जायायास्तद्धि जायात्वं पौराणाः कवयो विदुः ॥

म.भा. आदिपर्व – ७४/३७

(४७) एजन – ७४/८२

(४८) वरं कूपशताद् वापी वरं वापीशतात् क्तुः ।
वरं क्तुशतात् पुत्रः सत्यं पुत्रशताद् वरम् ॥

एजन आ.प. – ७४/१०२

(४९) अश्वमेध सहस्रं च सत्यं च तुल्या धृतम् ।
अश्वमेधसहस्राद्धि सत्यमेव विशिष्यते ॥

एजन आ.प. – ७४/१०३

(५०) मुण्डकोपनिषद् – ३/१/६

(५१) सत्यं ब्रह्मेति सत्यं ह्येव ब्रह्म ।

बृहदारण्यक उपनिषद् – ५/४/१

(५२) सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥

मनुस्मृति – ४/१३८

(५३) हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

तश्चवं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

ईशावास्य उपनिषद् – १५

## (३) ययात्युपाख्यान

(१) પૌરાણિક કથાકોશ ડાહ્યાભાઈ દેરાસરી – ભા. ૨, પૃ. ૭૮

(२) महाभारत आदिपर्व – ७८/८

(३) इत्येवमुक्तो नृपतिराह क्षत्रकुलोद्भवः ।
त्वं भद्रे ब्राह्मणी तस्मान्मया नार्हसि सङ्गमम् ॥

एजन – ७८/२३ પછી

(४) एजन – ७९/१६

(५) एजन – ८३/३८

(६) एजन – ८३/३९

(७) एजन – ८४/३३

(८) ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाडडसुरः ।
गान्धर्वो राक्षस ैव पैशाच ाष्टमोडधमः ॥

मनुस्मृति – ३/२१

(९) इत्येवमुक्तो नृपतिराह क्षत्रकुलोद्भवः ।
त्वं भद्रे ब्राह्मणी तस्मान्मया नार्हसि सङ्गमम् ॥

महाभारत आदिपर्व – ७८/२३ પછી

(१०) अधर्मो न स्पृशेदेष महान् मामिह भार्गव ।
वर्णसंकरजो ब्रह्मन्निति त्वां प्रवृणोम्यहम् ॥

एजन आदिपर्व – ८१/३२

(११) पी.वी. काणे, धर्मशास्त्र का इतिहास – पृ. ४४७

(१२) एजन – पृ. ४४७

(१३) भागवत पुराण – ५/१/३४

(१४) वायुपुराण – ९८/२०

(१५) भागवत पुराण – ९/१८, मत्स्यपुराण – ३०/३
वायुपुराण – ९८/२०, विष्णुपुराण – ४/१०/१-२

(१६) न ब्राह्मणो मे भविता हस्तग्राहो महाभुज ।
कचस्य बार्हस्पस्त्यस्य शापाद् यमशपं पुरा ॥

भागवत पुराण – ९/१८/२२

(१७) ततः कच न ते विद्या सिद्धिमेषा गमिष्यति ।

महाभारत आदिपर्व – ७७/१६

(१८) तस्माद् भवत्या यः कामो न तथा स भविष्यति ।
ऋषिपुत्रो न ते कर्ि ज्जातु पाणिं ग्रहीष्यति ॥

एजन आदिपर्व – ७७/१९

(१९) वायु पुराण – ६५/९१

(२०) भागवत पुराण – ९/१५/५
वायु पुराण – ६५/९४, ९१/६७

(२१) भागवत पुराण – ९/५/१२, वायु पुराण – ९१/८९

(२२) मत्स्य पुराण – ४८/९४, रामायण – १/७/७, वायु पुराण – ९९/१००

(२३) उत्तर रामचरित – १/४

(२४) मत्स्य पुराण – ५०/७

(२५) भागवत पुराण – ९/६/३८

(२६) मत्स्य पुराण – ४६/२०

દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઐતિહાસિક સંશોધન – પૃ. ૩૩૭

રસિકલાલ છો. પરીખ, ગુજરાત રાજયનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ–૧, પૃ. ૨૩૦

(२७) महाभारत आदिपर्व – ७९/१

(२८) यः समुत्पतितं क्रोधं निर्गृह्णाति हयं यथा ।
स यन्तेत्युच्यते सद्भिर्न यो रश्मिषु लम्बते ॥
यः समुत्पतितं क्रोधमक्रोधेन निरस्यति ।
देवायानि विजानीहि तेन सर्वमिदं जितम् ॥
यः समुत्पतितं क्रोधं क्षमयेह निरस्यति ।
यथोरगस्त्वचं जीर्णा स वै पुरूष उच्यते ॥
यः संधारयते मन्युं योडतिवादांस्तितिक्षते ।
य तप्तो न तपति श्वढं सोडर्थस्य भाजनम् ॥
यो यजेदपरिश्रान्तो मासि मासि शतं समाः ।
न कुद्धयेद् य सर्वस्य तयोरक्रोधनोडधिकः ॥

एजन आदिपर्व – ७९/२–६

(२९) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।

श्रीमद् भगवद् गीता – १६/२१

(३०) क्रोधाद् भवति सम्मोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

एजन – २/६३

(३१) क्रोधः प्राणहरः शत्रु क्रोधो मित्रमुखो रिपुः ।
क्रोधो ह्यसिर्महा तीक्ष्णः सर्वं क्रोधोडपकर्षति ॥

वाल्मीकि रामायण उत्तरकांड – २/२१

(३२) ते हेलो वरूण नमोभिः ।

ऋग्वेद – १/२४/१४

(३३) परा हि मे विमन्यवः पतन्ति वस्य इष्टये ।

वयो न वसतोरूप ॥

एजन – १/२५/४

(३४) अकार्यं क्रियते मूढैः प्रायः क्रोध समीरितैः ।

मत्स्य पुराण – १५७/३

(३५) अक्रोधेन जयेत् क्रोधम् ।

विदूरनीति – ७/७२

(३६) क्रोधो वैवस्वतो राजा ।

चाणक्यनीति – १८/१४

(३७) अज्ञान प्रभवो मन्युरहम्मानोपबृंहितः ।

श्रीमद् भागवत – ८/१९/१३

(३८) भूतैराक्रम्यमाणोडपि धीरो दैववशानुगैः ।

तद् विद्वान नचलेन्मार्गादन्व शिक्षं क्षितेर्व्रतम् ॥ एजन – ११/७/३७

(३९) धन्याः खलु महात्मानो ये बुद्त्म्रा कोपमुत्थितम् ।

निरूंधंति महात्मानो दीप्तमग्निमिवाम्भसा ॥

वाल्मीकि रामायण सुंदरकाण्ड – ५५/३

(४०) कुद्धस्य निष्फलान्येव दानयज्ञतपांसि च ।

तस्मादक्रोधने यज्ञस्तपो दानं महाफलम् ॥

न पूतो न तपस्वी च न यज्वा न च कर्मवित् ।

क्रोधस्य यो वशं गच्छेत् तस्य लोकद्वयं न च ॥

पुत्र भृत्यसुह्यदन्मित्रभार्या धर्म सत्यता ।

तस्यैतान्यपयास्यन्ति क्रोधशीलस्य निर्ि तम् ॥

महाभारत आदिपर्व – ७९ પછી

(४१) अहं दासीसहस्रेण दासी ते परिचारिका ।

अनु त्वां तत्र यास्यामि यत्र दास्यति ते पिता ॥

एजन – ७९/२२

(४२) ब्राह्मणोऽस्य मुखमासीद् ।

ऋग्वेद – १०/९०/१२

(४३) न ब्राह्मणस्य गां जग्ध्वा राष्ट्रे जागार कश्चन ।

अथर्ववेद – ५/१९/१०

(४४) चतुश्पदां गौः प्रवरां लोहानां कात्त्चनं वरम् ।

शब्दानां प्रवरो मंत्रो ब्राह्मणो द्विपदां वरः ॥

महाभारत शांतिपर्व – ११/११

(४५) ब्राह्मणस्याश्रुतं मलम् ।

महाभारत कर्णपर्व – ४५/२३

(४६) नवनीतं हृदयं ब्राह्मणस्य वाचि क्षुरो निहितस्तीक्ष्णधारः ।

एजन आदिपर्व – ३/१२३

(४७) अदान्तो ब्राह्मणोऽसाधुः ।

एजन सौप्तिक पर्व – ३/२०

(४८) श्रीमद् भगवद् गीता – १८/४२

(४९) ये ह्यहृयन्ति द्विजान् मूढाः सन्ति ते मम शत्रवः ॥

ये पूजयन्ति विप्राश्च मम भावेन पूजनाः ।

ते भूत्त्जन्ति सुखं चात्र ह्यन्ते यास्यन्ति मत्पदम् ॥

गर्ग संहिता / अश्वमेध – ५५/५२–५३

(५०) अतृप्तो यौवनस्याहं देवयान्यां भृगूद्वह ।

प्रसादं कुरू मे ब्रह्मञ्जरेयं न विशेत्त्व माम् ॥

महाभारत आदिपर्व – ८३/३८

(५१) नाहं मृषा ब्रवीम्येतज्जरां प्राप्तोऽसि भूमिप ।

जरांत्वेतां त्वमन्यस्मिन् संक्रामय यदीच्छसि ॥

एजन आदिपर्व – ८३/३९

(५२) एजन आदिपर्व – ८४/३१

(५३) वि मे कर्णा पतपतो वि चक्षुर्वीदं ज्योतिर्हृदय आहितं यत्।

वि मे मन रति दूर आधीः किं स्विद्वक्ष्यामि किमु नू मनिष्ये ॥

ऋग्वेद – ६/९/६

(५४) पुलुकामो हि मर्त्यः।

एजन – १/१७९/५

(५५) हित्वा धर्म तथार्थं च कामं यस्तु निषेवते।

स वृक्षाग्रे यथा सुप्तः पतितः प्रतिबुघ्यते।

वाल्मीकि रामायण किष्किन्धाकाण्ड – ३८/२१

(५६) इन्द्रियाणां हि चरतां यन्मनोऽनु विधीयते।

तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

श्रीमद् भगवद् गीता – २/६८

(५७) घ्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते।

संङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ (एजन – २/६२)

(५८) नर तनु पाइ विषय मन देहीं।

पलटि सुधा ते सठ विष लेहीं ॥

श्रीरामचरित मानस, उत्तरकाण्ड – ४३/१

(५९) कामान् यः कामयते मन्यमानः स कामभिर्जायते तत्र तत्र।

पर्याप्तकामस्य कृतात्मनस्त्वि हैव सर्वे प्रविलीयन्ति कामाः ॥

मुंडकोपनिषद् – ३/२/२

(६०) इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम्।

संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति ॥

मनुस्मृति – २/९३

(६१) अवतार कथाअ 'कल्याण'

(६२) महाभारत आदिपर्व – ८५/१२

मनुस्मृति – २/९४, विष्णुपुराण – ४/१०/२३

भागवत पुराण – ९/१९/१४, मत्स्य पुराण – ३४/१०

(६३अ) या दुस्त्यजा दुर्मतिभिर्जीर्यतो या न जीर्यते ।

तां तृष्णां दुःखनिवहां शर्मकामो द्रुतं त्यजेत् ॥

श्रीमद् भागवत पुराण – ९/१९/१६

(६३ब) अंगं गलितं पलितं मुण्डं दशन विहीनं जातं तुण्डम् ।

वृद्धो याति गृहीत्वा दण्डम् तदपि न मुञ्चत्याशापिण्डम् ॥

सुबोध सुभाषित मंजरी – भा. १

(६४) श्रीमद् भागवत पुराण – ९/१९/२४

(६५) जीर्यन्ति जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः ।

धनाशा जीविताशा च जीर्यतोऽपि न जीर्यतः ॥

विष्णु पुराण – ४/१०/२७, पद्मपुराण सृष्टिखण्ड – १९/२५४

(६६) अनन्तपारा दुष्पूरा तृष्णा दोषशतावहा ।

अधर्मबहुला चैव तस्मात् तां परिवर्जयेत् ।

पद्मपुराण सृष्टिखण्ड – १९/२५७

(६७) तृष्णा हि सर्व पापिष्ठा नित्योद्वेगकरी स्मृता ।

अधर्मबहुला चैव घोरा पापानुबन्धिनी ।

या दुस्त्यजा दुर्मतिभिर्या न जीर्यति जीर्यतः ।

योऽसौ प्राणान्तिको रोगस्तां तृष्णां त्यजतः सुखम् ॥

महाभारत वनपर्व – २/३५-३६

(६८अ) अन्तो नास्ति पिपासायाः संतोषः परमं सुखम् ।

तस्मात्संतोषमेवेह परं पश्यन्ति पण्डिताः ॥

एजन वनपर्व – २/४६

(६८ब) ગીતા અને આપણા પ્રશ્નો, સ્વામી સચ્ચિદાનંદ – પૃ. ૧૧૨

(६९) आमृत्युना नैव मनोरथानामन्तोऽस्ति विज्ञातमिदं मयाद्य ।

मनोरथासक्तिपरस्य चित्तं न जायते वै परमार्थसङ्गि ॥

विष्णु पुराण – ४/२/११९

(७०) भोगा न भुक्ता वयमेव भुक्ता स्तपो न तप्तं वयमेव तप्ताः ।

कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

वैराग्य शतक – १२

(७१) ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥

श्रीमद् भगवद् गीता – ५/२२

(७२) भोगा भवमहारोगाः तृष्णाश्च मृगतृष्णिकाः ।

योगवशिष्ठ – १/२६/१०

(७३) यत् पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं तस्मात् तृष्णां परित्यजेत् ॥
या दुस्त्यजा दुर्मतिभिर्या न जीर्यति जीर्यतः ।
योऽसौ प्राणान्तिको रोगस्तां तृष्णां त्यजतः सुखम् ॥
तस्मादेनामहं त्यक्त्वा ब्रह्मण्याधाय मानसम् ।
निर्द्वन्द्वो निर्ममो भूत्वा चरिष्यामि मृगैः सह ॥

महाभारत आदिपर्व – ८५/१३, १४, १६

(७४) एजन आदिपर्व – ८५/२४

(७५) मातापित्रोर्वचनकृद्धितः पथ्य  यः सुतः ।
स पुत्रः पुत्रवद् य  वर्तते पितृमातृषु ॥

एजन आदिपर्व – ८५/२५

(७६) पुदिति नरकस्याख्या दुःखं हि नरकं विदुः ।
पुतस्त्राणात् ततः पुत्रमिहेच्छन्ति परत्र च ॥
आत्मनः सश्चशः पुत्रः पितृदेवर्षिपूजने ।
यो बहूनां गुणकरः स पुत्रो ज्येष्ठ उच्यते ॥
ज्येष्टांशभाक् स गुणकृदिह लोके परत्र च ।
श्रेयान् पुत्रो गुणोपेतः स पुत्रो नेतरो वृथा ॥

एजन आदिपर्व – ८५/२५ પછી

(७७) मूर्खपुत्रादपुत्रत्वं वरं वेदविदो विदुः ।

देवी भागवत – ३/१०/३१

(७८) धिक् तं सुतं यः पितुरीप्सितार्थं क्षमोडपि सन्न प्रतिपादयेद् यः ।
जातेन किं तेन सुतेन कामं पितुर्न चिन्तां हि समुद्धरद् यः ॥

एजन – २/५/४४

(७९) सर्वसौख्यप्रदः पुत्रः पित्रोः प्रीतिविवर्द्धनः ।
आत्मा वै जायते पुत्र इति वेदेषु नि तम् ॥

गरुड पुराण – २/१५/२१

(८०) पुत्रो यस्त्वानुवर्तेत स राजा पृथिवीपतिः ।

महाभारत आदिपर्व – ८५/२९

(८१) यः पुत्रो गुणसम्पन्नो मातापित्रोर्हितः सदा ।
सर्वमर्हति कल्याणं कनीयानपि सत्तमः ॥

एजन आदिपर्व – ८५/३०

(८२) पुराण तत्त्व मीमांसा – श्रीकृष्णमणि त्रिपाठी, पृ. ५४३

## (४) तपत्युपाख्यान

(१) પૌરાણિક કથાકોશ ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૨૩

(२) महाभारत आदिपर्व – १७०/७

(३) विवाहानां हि रम्भोरू गान्धर्वः श्रेष्ठ उच्यते ।

एजन आदिपर्व – १७१/१९

(४) न चाहमीशा देहस्य तस्मान्नृपतिसत्तम ।
समीपं नोपगच्छामि न स्वतन्त्रा हि योषितः ॥

एजन आदिपर्व – १७१/२२

(५) तस्यां संजनयामास कुरूं संवरणो नृपः ।
तपत्यां तपतां श्रेष्ठ तापत्यस्त्वं ततोऽर्जुन ॥

एजन आदिपर्व – १७२/५०

(६) कोकिलानां स्वरो रूपं नारीरूपं पतिव्रतम् ।
विद्या रूपं कुरूपाणां क्षमा रूपं तपस्विनाम् ॥

चाणक्यनीति

(७) नरस्याभरणं रूपं रूपस्याभरणं गुणः ।
गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा ॥

सुबोध सुभाषित मंजरी – भाग–१

(८) कादम्बरी महाश्वेतावृत्तांत, परिच्छेद – ७

(९) किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् ।

अभिज्ञान शाकुन्तल – अंक १/२०

(१०) न देवी नासुरी चैव न यक्षी न च राक्षसी ।
नाप्सरा न च गन्धर्वी तथा रूपेण काचन ॥

महाभारत आदिपर्व – १७०/८

(११) स हि तां तर्कयामास रूपतो नृपतिः श्रियम् ।
पुनः सतर्कयामास खेर्भ्रष्टामिव प्रभाम् ।

एजन आदिपर्व – १७०/२५

(१२) वक्त्रं चन्द्रविकासि पङ्कजपरिहासक्षमे लोचने
वर्णः स्वर्णमपाकरिष्णुरलिनी जिष्णुः कचानां चयः ।
वक्षोजाविभकुम्भविभ्रमहरौ गुणं नितम्बस्थली ।
वाचां हारि च मार्दवं युवतिषु स्वाभाविकं मण्डनम् ॥

शृंगारशतक – ५

(१३) त्वं हि सर्वानवद्याङ्गी सर्वाभरणभूषिता ।
विभूषणमिवैतेषां भूषणानामभीप्सितम् ॥

महाभारत आदिपर्व – १७०/३७

(१४) अस्या नूनं विशालाक्ष्याः सदेवासुरमानुषम् ।
लोकं निर्मथ्य धात्रेदं रूपमाविष्कृतं कृतम् ॥
एवं संतर्कयामास रूपद्रविणसम्पदा ।
कन्यामसश्चर्शीं लोके नृपः संवरणस्तदा ॥

एजन आदिपर्व – १७०/३२–३३

(१५) चारूसर्वानवद्याङ्गि पद्मेन्दुप्रतिमानने ।
न ह्यहं त्वश्चते भीरू शक्ष्यामि खलु जीवितुम् ॥

एजन आदिपर्व – १७१/११

(१६) किं नु खल्विमं प्रेक्ष्य तपोवनविरोधिनो विकारस्य गमनीयास्मि संवृत्ता ।

अभिज्ञान शाकुन्तल – १

(१७) कामी स्वतां पश्यति ।

एजन – २/२

(१८) अहो रूपातिशयनिष्पादनोपकरणकोषस्याक्षीणता विधातुः ।

कादम्बरी महाश्वेतावृत्तांत, परिच्छेद – १५

(१९) एजन महाश्वेतावृत्तांत, परिच्छेद – १५

(२०) कल्याण – संस्कार अश्व

(२१) ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाडडसुरः ।
गान्धर्वो राक्षस ै व पैशाच ाष्टमोडधमः ।

मनुस्मृति – ३/२१

(२२) महाभारत आदिपर्व – १७१/१९

(२३) तमस्मेरा युवतयो युवानं मर्मृज्यमानाः परि यन्त्यापः ।
स शुक्रेभिः शिक्वभी रेवदस्मे दीदायानिघ्मो धृतनिर्णिगप्सु ॥

ऋग्वेद – २/३५/४

(२४) यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥

मनुस्मृति – ३/५६

(२५) पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।

पुत्राश्च स्थाविरे भावे न स्त्री स्वातन्त्रयमर्हति ॥

मनुस्मृति – ९/३, महाभारत अनुशासनपर्व – ४६/१४

(२६) पूजनीया महाभागाः पुण्याश्च गृहदीप्तयः ।

स्त्रियः श्रियो गृहस्योक्तास्तस्माद् रक्ष्या विशेषतः ॥

महाभारत उद्योगपर्व – ३८/११

(२७) चाणक्य सूत्र – ३१३

(२८) तदैव तत्कुलं नास्ति यदा शोचन्ति जामयः ।

महाभारत अनुशासन पर्व – ४६/६

(२९) शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् ।

न शोचन्ति तु यत्रैता वर्धते तद्दिह सर्वदा ॥

मनुस्मृति – ३/५७

(३०) महाभारत आदिपर्व – १७१/२२

(३१) अन्योन्यमभक्षयन्प्रजाः ।

दशकुमार चरित – उ. ६, परिच्छेद–५

(३२) तस्यां संजनयामास कुरूं संवरणो नृपः ।

तपत्यां तपतां श्रेष्ठ तापत्यस्त्वं ततोऽर्जुन ॥

महाभारत आदिपर्व – १७२/५०

(३३) नास्ति खल्वसाध्यं नाम तपसाम् ।

कादम्बरी महाश्वेतावृत्तांत, परिच्छेद – ९

(३४) ब्रह्मपुराण – १२९/५०

(३५) तपोमूलमिदं सर्वम् ।

महाभारत उद्योगपर्व – ४३/१३

(३६) श्चष्टमनुमानमाप्तवचनं च सर्वप्रमाणसिद्धत्वात् ।

त्रिविधं प्रमाणमिष्टं प्रमेयसिद्धिः प्रमाणाद्धि ॥

सांख्यकारिका – ४

## (५) और्वोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૧૦૩

(२) **म.भा. आदिपर्व – १७८/८**

(३) **मृतो यज्ञस्त्वदक्षिणः ।**

म.भा. वनपर्व – ३१३/८४

(४) प्राचं यज्ञं प्रणतया स्वसायः ।

ऋग्वेद – १०/१०१/२

(५) अथर्ववेद – १८/४/२

(६) अहरहर् प्रयावं भरन्तोऽश्वायेव तिष्ठते घासमस्मै ।
रायस्पोषेणं समिषा मदन्तोग्तेमा ते प्रतिवेशा रिषाम ॥

यजुर्वेद – ११/७५

(७) यज्ञो हि सर्वाणि भूतानि भुनक्ति ।

शतपथ ब्राह्मण – ९/४/१/११

(८) अपुत्रेण इत्यभिशापः ।

वसिष्ठ स्मृति – १७/३

(९) सर्वसौख्यप्रदः पुत्रः पित्रोः प्रीतिविवर्द्धनः ।
आत्मा वै जायते पुत्र इति वेदेषु निर्ि तम् ॥

गरुड पुराण – २/१५/२१

(१०) चाणक्य नीति – १८/१४

(११) त्रिविधं नरकस्यदं द्वारं नाशनमात्मनः
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

श्रीमद् भ.गी. – १६/२१

(१२) कोटि बिप बध लागहि जाहूँ ।
आए सरन तजश्रँ नहि ताडू ॥

रामचरित मानस – ५/४४/१

(१३) म.भा. वनपर्व – २९/३६

(१४) क्षमा ब्रह्म क्षमा सत्यं क्षमा भूतं च भावि च ।
क्षमा तपः क्षमा शौचं क्षमयेदं धृतं जगत् ॥

एजन वनपर्व – २९/३७

(१५) अति यज्ञविदां लोकान् क्षमिणः प्राप्नुवन्ति च ।

अति ब्रह्मविदां लोकानति चापि तपस्विनाम् ॥

एजन वनपर्व – २९/३८

(१६) क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनाम् ।

क्षमा सत्यं सत्यवतां क्षमा यज्ञः क्षमा शमः ॥

एजन वनपर्व – २९/४०

(१७) मा रोदीदस्य जननी गौतमी पतिदेवता ।

यथाहं मृतवत्साऽऽर्ता रोदिम्यश्रुमुखी मुहुः ॥

श्रीमद् भागवत – १/७/४७

પ્રકરણ – ૨

# વનપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

મહાભારતનું તૃતીય પર્વ અત્યંત મહત્ત્વનું પર્વ છે. તે કથાઓનો નિધિ છે. વનપર્વ અંતર્ગત પાંચ પાંડવો વનવાસ દરમિયાન અનેક તીર્થોના દર્શન કરે છે. તે અંતર્ગત અનેક ઋષિમુનિઓના દર્શન કરે છે. તે દરમિયાન ઋષિમુનિઓ પાંડવોને ઉપદેશ આપતા અનેક આખ્યાન–ઉપાખ્યાન કહે છે, જેમાં અમુક આખ્યાનો તો એટલા પ્રસિદ્ધ છે કે વર્તમાનયુગમાં પણ તેના ઉદાહરણ અપાય છે અને અમુક આખ્યાનને તો તે ચરિત્રને આધારે સમગ્ર ઉપપર્વનું નામ પ્રાપ્ત થયું છે. જેમ કે, રામોપાખ્યાન, નલોપાખ્યાન ઈત્યાદિ, જે સમાજના આદર્શરૂપ પાત્રો છે. પતિવ્રતા સ્ત્રીમાં સાવિત્રીનું ઉદાહરણ આપી શકાય, તે પણ વનપર્વ અંતર્ગત છે. આવા તો અનેક આખ્યાનો વનપર્વ અંતર્ગત છે, જે પ્રત્યેકનો નામ નિર્દેશ પરિશિષ્ટમાં કરવામાં આવશે પ્રત્યેક ઉપાખ્યાન છે, આખ્યાન એકપણ નથી, જે આ પ્રમાણે છે –

ઉપાખ્યાન :

**(१) सुरभ्युपाख्यान – अरण्य पर्व – ९**

**(२) नलोपाख्यान – नलोपाख्यान पर्व – ५२**

**(३) ऋष्यशृंगोपाख्यान – तीर्थयात्रा पर्व – ११०**

**(४) परशुरामोपाख्यान – तीर्थयात्रा पर्व – ११५**

**(५) सुकन्योपाख्यान – तीर्थयात्रा पर्व – १२१**

**(६) जन्तूपाख्यान – तीर्थयात्रा पर्व – १२७**

**(७) पतिव्रतापाख्यान – मार्कन्डेयसमास्या पर्व – २०६**

**(८) रामोपाख्यान – रामोपाख्यान पर्व – २७३**

**(९) सावित्र्युपाख्यान – पतिव्रतामाहात्म्य – २९३**

## (१) सुरभ्युपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત તૃતીય પર્વ વનપર્વના, અરણ્યપર્વના સુરભિ અને ઈન્દ્રના ઉપાખ્યાન નામના ૯ મા અધ્યાયમાં ઉલ્લેખાયેલ છે.

વ્યાસજી ધૃતરાષ્ટ્રને પુત્ર સ્નેહને કારણે સુરભિ નામની ગાય કેટલી દુઃખી થાય છે, તે દર્શાવતા સુરભિ અને ઈન્દ્રનું ઉપાખ્યાન કહે છે.

આખ્યાનની ચર્ચા પૂર્વે સુરભિ નામધારી કેટલી વ્યકિત તેની ચર્ચા કરી લઈએ.

પૌરાણિક કથાકોશ મુજબ –

(૧) સુરભિ – કશ્યપ રાજાની તેર કન્યાઓમાંની એક

(૨) સુરભિ – કશ્યપ ઋષિની સ્ત્રી ક્રોધાની કન્યાઓમાંની એક, તેને રોહિણી અને ગંધર્વી નામની બે પુત્રીઓ હતી.

(૩) સુરભિ – વંશેકસારા નદીને તીરે આવેલું એક વન વિશેષ

(૪) સુરભિ – દક્ષ પ્રજાપતિની કન્યા અને કશ્યપની નંદિની નામે વશિષ્ઠની ધેનુની માતા [૧]

પ્રસ્તુત કથામાં નંદિનીની માતા સુરભિની કથા એટલે ક્રમ ચારની કથા નિર્દેશેલ છે.

મહાભારતની કથા પ્રમાણે ગૌમાતા સુરભિ ઈન્દ્ર પાસે જઈ આક્રંદ કરવા લાગી. આ જોઈ ઈન્દ્રએ પૂછયું –

**किमिदं रोदिषि शुभे कच्चित् क्षेमं दिवौकसाम् ।**
**मानुषेष्वथ वा गोषु नैतदल्यं भविष्यति ॥**

અર્થાત્, તારા રુદનનું કારણ શું છે ? દેવલોકવાસીઓ કુશળ તો છે ને ? તારું આક્રંદ કોઈ અલ્પ કારણથી ન હોઈ શકે ! [૨]

કારણ આપતા સુરભિએ કહ્યું, 'પુત્ર સ્નેહને કારણે શોક કરું છું. કારણ કે કૃષિકાર મારા દુર્બળ પુત્રને વારંવાર કોડા વડે પ્રહાર કરે છે અને હળમાં જુતાડી અત્યંત પીડા આપે છે.'

આ દશ્ય જોઈ સુરભિ પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે દુઃખી થઈ.

સુરભિને તો સહસ્ર પુત્રો હતા. પરંતુ જે દીનહીન છે, દુર્બળ છે, તેના પર થતાં અત્યાચારોને કારણે સુરભિ ગાયને દુઃખ થાય છે.

વ્યાસજી પણ ધૃતરાષ્ટ્રને પાંડવો પ્રત્યે સહાનુભૂતિપૂર્વકનું વર્તન કરવા કહે છે. કારણ કે તે પણ પાંચ છે, નિર્દોષ છે. નિર્દોષ પ્રત્યે કોઈપણ પ્રકારનો દ્વેષ ન રાખવો જોઈએ.

આવી ઉપદેશાત્મક કથાઓ દ્વારા મહાભારતકાર કંઈકને કંઈક બોધ આપવા ઈચ્છે છે. કથાઓ તે બોધનું માધ્યમ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા વ્યાસજી અનેક બાબતો ઉજાગર કરે છે, તે જોઈએ તો –

**દયા :**

પ્રત્યેક વ્યકિતએ દયા દાખવવી જોઈએ. કારણ કે દયા ધર્મનું મૂળ છે. દયાહીન વ્યકિત નિષ્ઠુર ગણાય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા વેદવ્યાસ ધૃતરાષ્ટ્રને પાંડવો પ્રત્યે દયા દાખવવાનું કહે છે. કારણ કે, કૌરવોની જેમ પાંડવો પણ ધૃતરાષ્ટ્રને માટે તો પુત્ર સમાન જ છે. પરંતુ ધૃતરાષ્ટ્રને પોતાના પુત્રો પ્રત્યે આંધળો પ્રેમ છે. તે બાબતની પ્રતીતિ મહાભારતમાં પદે–પદે થાય છે.

જેમકે, દ્યૂત સમયે દુર્યોધનની જીતથી ધૃતરાષ્ટ્ર પ્રસન્ન થઈ આનંદની કિકિયારી કરવા લાગ્યા.

મહાભારતના યુદ્ધ સમયે પણ ધૃતરાષ્ટ્ર સંજયને યુદ્ધભૂમિમાં એકઠા થયેલા મારા અને પાંડવોના પુત્રોએ શું કર્યું ? [3] તેવા પ્રશ્નમાં પોતાના પુત્રો માટે **मामकाः** શબ્દ પ્રયોજે છે. તે તેનો પુત્રસ્નેહ દર્શાવે છે.

ધૃતરાષ્ટ્ર પુત્ર પ્રેમમાં એટલા અંધ હતા કે તે સારાસાર વિવેક ખોઈ બેઠા હતા. હંમેશા તેમણે દુર્યોધનનો જ પક્ષ લીધો.

મુશ્કેલીના સમયે શત્રુ પ્રત્યે પણ દયા દાખવવી જોઈએ. યુધિષ્ઠિરે દુર્યોધન શત્રુ હોવા છતાં તેને મુકત કરવા ભીમ, અર્જુન ઈત્યાદિને મોકલ્યા હતા. સુરભિને પણ પોતાના પુત્ર પ્રત્યે અનહદ પ્રેમ હતો. તે પોતાના પુત્ર પ્રત્યે થતો અન્યાય જોઈ શકતી ન હતી. તેથી દુઃખી થાય છે.

સુરભિ કામધેનુ છે. તે યથાયોગ્ય સમયે દરેક વ્યકિતને મદદરૂપ થાય છે. તેની સેવાથી દિલીપ રાજાને પુત્ર પ્રાપ્તિ થઈ.

કવિ કુલગુરુ કાલિદાસે તેના રઘુવંશ નામના મહાકાવ્યના પ્રારંભમાં રાજા દિલીપને નન્દિનીની સેવા કરતા દર્શાવ્યા છે. પુત્ર પ્રાપ્તિ માટે નન્દિનીનો થયેલ અપરાધ દૂર કરવા તેની સેવા કરે છે. તેની સેવાથી પ્રસન્ન થઈ, અંતે નંદિની દ્વારા દિલીપ અને સુદક્ષિણાને પુત્ર પ્રાપ્તિ થઈ.

ઋષિ વશિષ્ઠ પણ નિરંતર તેની સેવા કરતા, કામધેનુ ગાય કલ્પવૃક્ષ સમાન છે. એકવાર વશિષ્ઠના આશ્રમે વિશ્વામિત્ર પધાર્યા તો તેમના સંપૂર્ણ સ્વાગતની તૈયારી કામધેનુ ગાયે પૂર્ણ કરી તેનાથી લોભાઈને વિશ્વામિત્રે ગાયની માંગણી કરી. પરંતુ ગાય વિશ્વામિત્ર સાથે ચાલી નહીં. તેની સાથે વિશ્વામિત્રે ભયંકર યુદ્ધ કર્યું ત્યારે યુદ્ધના સંપૂર્ણ શસ્ત્ર વગેરે કામધેનુ ગાયે આપ્યા.

સુરભિ ગાય ખેડૂતને પોતાના દુર્બળ પુત્ર પ્રત્યે દયા દાખવવાનું કહે છે. કારણ કે, મહાભારતમાં કહ્યું છે કે, 'દયા પરમો ધર્મ' [4]

શત્રુ પણ શરણે આવે તો તેના પર દયા કરવી. [5]

તુલસીદાસ પણ કહે છે –

**दया धर्म का मूल है, पाप मूल अभिमान ।**

**तुलसी दया न छोडिए जब लग घट में प्राण ॥** [૬]

સજ્જન પુરુષો માટે દયા મહાન ધર્મ છે. [૭]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં દૈવી સંપદાનું વર્ણન કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે –

અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, નિંદા, સર્વ પ્રાણી પ્રત્યે દયાનો ભાવ, નિર્લોભતા, કોમળતા, લજ્જા, વ્યર્થ ચેષ્ટાઓનો અભાવ, દૈવી સંપત્તિ છે. [૮]

ચાણકયનીતિ મુજબ –

શાંતિ સમાન તપ નથી. સંતોષથી મોટું સુખ નથી. તૃષ્ણાથી મોટો રોગ નથી અને દયા સમાન કોઈ ધર્મ નથી. [૯]

દયાને કારણે ક્ષુધાતુર શિકારીએ હરણના પરિવારને શિકારમાંથી મુકિત અપાવી.

**પુત્ર સ્નેહ :**

પ્રત્યેક પુત્ર પ્રત્યે સમાન ભાવ રાખવો જોઈએ. પુત્ર સ્નેહનું કારણ છે. પરંતુ તેમાં ભેદભાવ ન હોવો જોઈએ. સુરભિને સર્વ પુત્ર સમાન છે. પરંતુ તેમાં જે દીનહીન છે, તેના પ્રત્યે અધિક આસકિત છે.

એક તરફ હરિશ્ચન્દ્ર છે, જે પુત્ર માટે વરુણદેવનો યજ્ઞ કરે છે, તો બીજી તરફ અજીગર્ત જેવા પિતા છે, જે પુત્રથી અધિક ધનને મહત્ત્વ આપે છે. અજીગર્ત જેવા તો કોઈક જ પિતા હોય, જે ધન માટે પુત્રની બલી ચડાવે.

સામાન્ય રીતે માતા–પિતાને પુત્ર પ્રત્યે સમાન ભાવ હોય છે. પરંતુ અમુક પુત્ર પ્રત્યે ઓરમાયા વર્તનની વાત પણ શાસ્ત્ર નિરુપે છે. આના ઉદાહરણ રૂપે ઐતરેય બ્રાહ્મણના શુનઃશેપાખ્યાનમાં એક કથા છે, જેમાં ઋષિ અજીગર્ત મધ્યમ પુત્ર માતા કે પિતા કોઈને પ્રિય નથી તેથી સો ગાયોના બદલામાં તેનો વિક્રય કર્યો. આથી શુનઃશેપ વિશ્વામિત્રનો પુત્ર કહેવાયો.

આ કથા પરથી કવિ ભાસનું નાટક ‘મધ્યમ વ્યાયોગ’ ની કથાનું સ્મરણ થાય છે. તેમાં પણ હિડિંબા રાક્ષસીના ભોજનના પારણા માટે મધ્યમ બ્રાહ્મણ પુત્રને મોકલવામાં આવે છે. કારણ કે તે પણ માતા કે પિતા કોઈને પ્રિય ન હતો, અને અંતે મધ્યમ પુત્ર એટલે કે ભીમ જઈ ઘટોત્કચ સાથે યુદ્ધ કરી બ્રાહ્મણ પુત્રનું રક્ષણ કરે છે.

માતા–પિતાને પુત્ર પ્રાણથી અધિક પ્રિય હોય છે.

**નિષ્કર્ષ :**

સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ રાખી દયાનું મહત્ત્વ બતાવ્યું.

પુત્ર સ્નેહનું કારણ છે. કોઈપણ માતા–પિતા દુર્બળ અથવા પાછળ રહી ગયેલ પુત્ર તરફ વિશેષ સ્નેહ ધરાવે છે. આ બાબત ફલિત થાય છે.

સંક્ષેપમાં પ્રસ્તુત આખ્યાન પરથી ઉપર્યુકત મુદ્દા ફલિત થાય છે.

## (૨) નલોપાખ્યાન

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત વનપર્વના નલોપાખ્યાન પર્વમાં અધ્યાય ૫૩મા નિરુપવામાં આવેલ છે.

પાંડવોના વનગમન દરમિયાન અર્જુન શસ્ત્ર વિદ્યા માટે અરણ્યમાં તપ કરવા ગયો, યુધિષ્ઠિર વગેરે પાંડવોને અર્જુન વિના અરણ્ય શૂન્ય લાગે છે. પોતાની જાતને દોષિત ગણી યુધિષ્ઠિર દુઃખી થયા અને

કહેવા લાગ્યા. મારા જેવો દ્યૂતનો શોખ અન્ય કોઈને નહીં હોય કે શોખને કારણે મારું તથા અન્ય બાંધવોનું પતન થયું. તેના ઉત્તરમાં બૃહદશ્વ યુધિષ્ઠિરને નલનું ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ એકાધિક નલનો ઉલ્લેખ કરે છે તે મુજબ –

(૧) નલ – તેર સૈંહિકયોમાંનો એક

(૨) નલ – સૂર્યવંશના ઈક્ષ્વાકુ કુળના નિષધ રાજાના બે પુત્રોમાંનો મોટો પુત્ર.

(૩) નલ – રાજાની સેનાનો નાયક વાનર, જેણે લંકામાં સૈન્ય લઈ જવા સેતુબંધન કર્યું હતું.

(૪) નલ – ચંદ્રવંશી આયુકુળમાં ઉત્પન્ન થયેલા યદુ રાજાના ચાર પુત્રોમાંથી ત્રીજો પુત્ર.

(૫) નલ – નિષદ દેશાધિપતિ વીરસેન રાજાનો પુત્ર

(૬) નલ – ઈક્ષ્વાકુ કુળોત્પન્ન ૠતુપર્ણ રાજાના બે પુત્રોમાંનો એક [૧]

ઉપર્યુકત નલ નામના ઉલ્લેખને આધારે એટલું નિશ્ચિત છે કે એકથી વધારે નલ હતા. પરંતુ મહાભારત ક્રમ પાંચના નલ જે નિષદ દેશના વીરસેન રાજાનો પુત્ર હતો, તેની કથા કહે છે.

મહાભારતની કથા પ્રમાણે વીરસેન પુત્ર નલ બ્રાહ્મણ ભકત, વેદવેત્તા, શૂરવીર, દ્યૂતપ્રેમી, સત્યવાદી હતો.

વિદર્ભ દેશના અધિપતિ ભીમને ત્રણ પુત્રો અને દમયન્તી નામની પુત્રી હતી.

નલ અને દમયન્તી એક હંસે કરેલ સંદેશ વાહકત્વને કારણે પરસ્પર પ્રેમાવિષ્ટ થયા. દમયંતીના પિતાએ સ્વયંવર યોજયો, જેમાં ઈન્દ્ર, અગ્નિ, વરુણ અને યમને પસંદ ન કરતા. દમયંતીએ નલને પસંદ કર્યો.

કલિ પણ દમયંતીના સ્વયંવરમાં આવવા નીકળ્યો. પરંતુ મોડો થતા ક્રોધિત થઈ નવદંપતિમાં વિચ્છેદ પાડવાનો નિર્ણય કરી યથોચિત સમયની રાહ જોવા લાગ્યો.

સમય જોઈ કલિએ નલના શરીરમાં પ્રવેશ કર્યો, જેને કારણે દ્યૂતમાં હાર થવાથી દમયંતી સાથે વનગમન કર્યું. ત્યાં પણ કલિ તેને છોડતો નથી. પક્ષીરૂપે આવી નલનું વસ્ત્ર ઉપાડી ગયો. નિર્વસ્ત્ર નલ આમ–તેમ ભટકવા લાગ્યો.

આ બાજુ દમયંતીને નલે છોડી દીધી. દમયંતીને અજગર ગળવા લાગ્યો. પરંતુ પારધીએ તેનો વધ કર્યો. દમયંતીનું નલ સાથે પુર્નમિલન થશે તેવી તપસ્વી દ્વારા આકાશવાણી થઈ. [૨]

બીજી બાજુ નલ જે વનમાં ગયો, ત્યાં દાવાનલ લાગ્યો. દાવાનલમાંથી નલે કર્કોટક નાગની રક્ષા કરી. નાગદંશથી નલનું સ્વરૂપ કદરૂપું બની ગયું. નાગે નલ ઉપર ઉપકાર કર્યો. બાહુક નામધારણ કરી અયોધ્યા નરેશ ૠતુપર્ણને ત્યાં નાગે જવાનું કહ્યું. નાગે નલને એવા વસ્ત્રો આપ્યા કે જે પરિધાન કરવાથી તે પોતાના મૂળ સ્વરૂપમાં આવી જશે. [૩]

નલ ૠતુપર્ણની અશ્વશાળાના અશ્વાધ્યક્ષ તરીકે રહેવા લાગ્યો.

આ દરમિયાન નલ અને દમયંતીને શોધવા માટે ભીમે દૂતો મોકલ્યા. દમયંતીની શોધ થઈ ગઈ. પરંતુ એવી માહિતી મળી કે ઋતુપર્ણના અશ્વાધ્યક્ષ તરીકેનું કાર્ય કરતો બાહુક નલ હોય તેમ લાગે છે.

આ વાત સાંભળી દમયંતીએ શીઘ્ર સ્વયંવરની ઘોષણા કરી. ઋતુપર્ણ ત્વરિત ગતિએ બાહુકને સ્વયંવરમાં લઈ જવા આદેશ આપે છે. આજે કલિ નલનું શરીર ત્યાગ કરવાનો હતો. બાહુકે બનાવેલ રસોઈ પરથી તે નલ સાબિત થયો અને ત્યાં પુત્ર સહિત દમયંતી સાથે નલનું મિલન થયું.

પોતાના નગરમાં પ્રવેશી પુનઃ પુષ્કરને દ્યૂત માટે આમંત્રણ આપ્યું અને તેમાં નલની જીત થઈ. ચાર વર્ષ પછી નલે પુનઃ રાજય ગ્રહણ કર્યું અને શેષ જીવન આનંદપૂર્વક વિતાવ્યું.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત અન્ય ગ્રંથો પણ નલ રાજાની કથા આલેખે છે. તેમાં મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ, કૂર્મપુરાણ, અગ્નિપુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ ઈત્યાદિને ઉલ્લેખી શકાય.

પરંતુ આ પુરાણોમાં નિરુપિત નલ કથામાં મહાભારતના નલની, કથા છે કે અન્ય નલની તે સ્પષ્ટ નથી.

આ ઉપરાંત નલકથા લોક સાહિત્ય કે કથા સાહિત્યમાં સચવાઈ રહેલી છે.

ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરીમાં નલકથા સંક્ષેપમાં કહેવામાં આવેલી છે.

ગુણાઢયની બૃહત્કથામાં નલકથા પૈશાચી ભાષામાં લખાયેલ છે. તે બૃહત્કથા હાલ અનુપલબ્ધ છે. પરંતુ તેનું રૂપાંતર સોમદેવ ભટ્ટના કથાસરિત્સાગરમાં જોવા મળે છે.

સોમપ્રભાચાર્ય વિરચિત 'કુમારપાલ પ્રતિબોધ' નામના જૈન સાહિત્યના એક ગ્રંથમાં આવેલ નલકથા પણ મહાભારતની કથાને અનુસરે છે.

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં નલકથાની કથાનકવાળી કૃતિ મળે છે, તેમાં શ્રીહર્ષનું નૈષધચરિત (૨૨ સર્ગ) શ્રેષ્ઠ મહાકાવ્ય છે.

નલોદયઃ – આ કાવ્ય કાલિદાસના નામે પ્રસિદ્ધ થયું છે. તેમાં ચાર સર્ગ છે, અને તે ચિત્રકાવ્ય છે.

નલાભ્યુદય – આ કાવ્ય વામન ભટ્ટ બાણનું છે. તેમાં આઠ સર્ગ છે.

દમયંતી કથા – ત્રિવિક્રમ ભટ્ટની આ કૃતિ 'નલચમ્પુ' નામે પણ પ્રસિદ્ધ છે. તેમાં સાત પ્રકરણ છે.

રાઘવનૈષધીય – આના રચયિતા હરદત્ત છે.

આબોધાકર – આના કવિ ઘનશ્યામ છે.

દમયંતી પરિણય – ચક્ર કવિની આ નાનકડી કૃતિ છે.

નારાયણ શાસ્ત્રી કૃત 'કલિવિડંબન'

નલ હરિશ્ચન્દ્રીય – આ કૃતિના રચયિતાનું નામ મળતું નથી.

સહૃદયાનન્દ – આના સર્જક કૃષ્ણાનંદ છે. આ કાવ્ય ૧૫ સર્ગનું છે અને તેમાં નલની સમગ્ર કથાનો સમાવેશ છે.

ઉત્તરનૈષધ – આ કાવ્ય નૈષધચરિતની અપૂર્ણ કથાને પૂર્ણ કરવા રચાયુ હોય તેમ વન્દારુ ભટ્ટે તેનું સર્જન કર્યું. આ ૧૬ સર્ગના મહાકાવ્યમાં કવિએ શ્રીહર્ષનું અનુસરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

કલ્યાણ નૈષધ – આના રચયિતાનું નામ મળતું નથી. સાત સર્ગનું આ કાવ્ય નલ અને દમયંતીના વિવાહનું વર્ણન કરે છે.

સાર શતક – કૃષ્ણરામની આ રચનામાં નૈષધચરિતનો સંક્ષેપ કાવ્યરૂપે આકાર પામેલ છે.

આર્યાનૈષધ – એ.વી. નરસિંહાચારી રચિત નલકથાનો સંક્ષેપ છે.

પ્રતિનૈષધ – વિદ્યાધર લક્ષ્મણનું કાવ્ય છે.

**નાટય સાહિત્ય :**

મંજુલ નૈષધ – વૈંકટનાથ રચિત સાત અંકનું નાટક છે.

ભૈમી પરિણય – રામ શાસ્ત્રી રચિત દશ અંકનું નાટક છે.

નલાનંદ – જીવબુધ લિખિત સાત અંકનું નાટક છે.

નલ વિલાસ – રામચંદ્ર રચિત સાત અંકનું નાટક છે.

નલ ચરિત – નીલકંઠ રચિત નાટક છે.

નલ દમયંતીય નાટક – કાલિપાદ તર્કાચાર્યનું નાટક છે.

અનર્ઘનલચરિત – સુદર્શનાચાર્યનું મહાનાટક છે.

નલભૂમિપાલ રૂપક – સુદર્શનાચાર્યનું નાટક છે.

દમયંતી કલ્યાણ – રંગનાથ રચિત પાંચ અંકનું નાટક છે. તેમાંનો અમુક અંશ ખંડિત છે.

આ સિવાય ભારતની પ્રાંતીય ભાષાઓમાં પણ નલ કથા ઉપર ઘણું સાહિત્ય રચાયેલ છે, જેમાં ગુજરાતી ભાષામાં રચાયેલ દયાનંદનું નળાખ્યાન ઘણું પ્રસિદ્ધ છે. ઉપરાંત ભાલણ અને નાકરનું નળાખ્યાન નથ સુંદર કૃત નળદમયંતી રાસ.

આ ઉપરાંત નલકથાના લેટીન, જર્મન તથા ઈંગ્લીશ ભાષામાં ભાષાંતર મળી આવે છે.

**નલકથા અને જૈન સાહિત્ય :**

સોમપ્રભાચાર્ય વિરચિત 'કુમારપાલ પ્રતિબોધ' નામના જૈન સાહિત્યના એક ગ્રંથમાં આવેલ નલકથા મહાભારતની કથાને અનુસરે છે.

મહાભારતમાં ઉલ્લેખાયેલ આખ્યાનો ઉપાખ્યાનોના માધ્યમ દ્વારા મહર્ષિ વેદવ્યાસ ઉપદેશ આપવા ઈચ્છે છે. જેના દ્વારા સામાન્ય જન સમુદાય પણ કંઈક બોધ પ્રાપ્ત કરી શકે. આ જ આખ્યાનો ઉપાખ્યાનોનો મુળ હેતુ છે. પ્રસ્તુત ઉપાખ્યાન કથા દ્વારા નીચેની બાબતો ઉજાગર થાય છે.

**સંદેશવાહક :**

સાંપ્રત સમયમાં જેના માટે 'રાજદૂત' કે 'એલચી' શબ્દ વપરાય છે તે દૂત પરંપરા વૈદિકકાળથી ચાલી આવે છે.

વેદમાં દૂત અગ્નિ, ઈન્દ્ર, દૂતી સરમા ઈત્યાદિનો સમાવેશ થાય છે. દૂત સત્યવકતા, વફાદાર, નીડર ઈત્યાદિ ગુણોથી યુકત હોવો જોઈએ.

મહાભારતકારે પણ દ્રુપદ દૂત પુરોહિત, દુર્યોધન દૂત સંજય અને શાંતિદૂત શ્રીકૃષ્ણ આદિના ચરિત્રચિત્રણ તથા તેમના દૌત્યકર્મ દ્વારા ઉત્તમ દૂતના લક્ષણો સૂચિત કર્યા છે.

કૌટિલ્યે **''दूतमुखा वै राजानः ।''** રાજદૂતને રાજાનું મુખ કહ્યો છે.

કૌટિલ્ય દઢપણે એવું માને છે કે જાનનું જોખમ આવી પડે તો પણ રાજદૂતે સ્વામીના સંદેશને તેના મૂળભૂતરૂપે રાજાને પહોંચાડવો જોઈએ.

ધર્મશાસ્ત્રો અને રાજનીતિના આચાર્યોએ એવી વ્યવસ્થા કરી છે કે રાજદૂત અવધ્ય છે. કૌટિલ્યે કહ્યું છે કે રાજદૂત ચાંડાલ કેમ ન હોય, પણ તે અવધ્ય જ છે. [૪]

રામાયણમાં પણ સંદર્ભ છે કે દૂતનો વધ સર્વથા નિષિદ્ધ છે. [૫]

મહાભારતમાં કહ્યું છે કે જે રાજા સત્યવાદી દૂતનો વધ કરે છે, તેના પિતૃઓને ભૃણહત્યાનું પાપ લાગે છે. [૬]

શાંતિપર્વમાં દૂતના ગુણો વર્ણવતા ભીષ્મ પિતામહ કહે છે કે દૂત, કુલીન, શીલવાન્, વાચાળ, ચતુર, પ્રિય બોલનાર, સંદેશને યથાવત્ કહેનાર તથા સ્મરણશકિતથી સમ્પન્ન હોવો જોઈએ. [૭]

મનુસ્મૃતિમાં દૂતના ગુણો વર્ણવતા ભગવાન્ મનુ કહે છે કે – સર્વશાસ્ત્રો, અભિપ્રાય, હાવભાવ તથા ચેષ્ટા સમજનારો પવિત્ર ચતુર અને કુળવાન્ હોવો જોઈએ. દૂત અનુરકત, દક્ષ, સ્મૃતિશીલ, દેશકાળનો જાણકાર, સુંદર બાંધાવાળો, નિર્ભય અને વાચાળ દૂત હોવો જોઈએ. [૮]

ગુણોના આધારે કૌટિલ્ય દૂતના ત્રણ પ્રકાર વર્ણવે છે –

(૧) અમાત્યના ગુણોથી યુકત દૂત નિસૃષ્ટાર્થ

(૨) અમાત્યના ચતુર્થાંશ ગુણોથી રહિત દૂત પરિમિતાર્થ

(૩) અમાત્યના અર્ધા ગુણોથી રહિત દૂત શાસનહર કહેવાય છે. [૯]

પ્રથમ શ્રેણીમાં આવતો દૂત નિસૃષ્ટાર્થ અમાત્યના સર્વ ગુણોથી સમ્પન્ન હતો. તેનું કાર્ય રાજાનો સંદેશ લઈ જવો અને પોતાના રાજા માટેનો સંદેશ લઈ આવવાનું હતું. તે દૂતને સમય અને સ્થિતિ અનુસાર રાજાની કાર્યસિદ્ધિ માટે પોતે પણ પોતાના તરફથી આવશ્યક વાતચીત કરી શકે તેવો અધિકાર પ્રાપ્ત હતો. તેનું ઉદાહરણ મહાભારતના ઉદ્યોગપર્વના દૂત શ્રીકૃષ્ણને ગણાવી શકાય.

બીજી શ્રેણીના દૂત પરિમિતાર્થનું કાર્ય સંદેશ લઈ જવાનું જ હતું. પરંતુ તેનો અધિકાર સીમિત હતો.

તૃતીય શ્રેણીના શાસનહર દૂતોનું કાર્ય માત્ર સંદેશાનું આદાન–પ્રદાન કરવાનું જ હતું.

પ્રાચીન સમયમાં પણ દૂત અંગે નિર્ધારિત નીતિ–નિયમોને આંતર્‌રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી હતી. રાજદૂતથી કોઈ અક્ષમ્ય અપરાધ થઈ જતો તો તેને મૃત્યુદંડ ન આપતા નિમ્ન સ્તરની સજા કરવામાં આવતી. રાવણના અનુરોધથી ધર્મવેત્તા વિભિષણે હનુમાન્‌ને જે સજા આપી હતી, તે એનું દષ્ટાંત છે.

વર્તમાન સમયમાં પણ રાજદૂત પરરાષ્ટ્રમાં સંપૂર્ણ સમ્માનભર્યું સ્થાન ભોગવે છે. રાજદૂતનું રક્ષણ કરવાની જવાબદારી જે રાષ્ટ્રમાં તે ગયો છે ત્યાંના વડાની છે.

કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે, 'The success of diplomacy of any country will greatly depend upon the choice of its diplomats. Their abilities, their competence to discharge their functions.' [૧૦]

ઋગ્વેદના સાતમા મંડળમાં ઋષિએ અગ્નિને દૂતરૂપે કલ્પ્યો છે તથા દૂતરૂપે તેની પ્રશંસા પણ કરી છે. [૧૧]

ઋગ્વેદમાં ૧૦ મા મંડળમાં ઈન્દ્રની દૂતી સરમા નામની કૂતરી અને પણિઓ વચ્ચે થયેલ સંવાદ મનુષ્યેત્તર પ્રાણીઓ દ્વારા દૌત્યકર્મનું પ્રમાણ છે. અહીં દેવશુની સરમાની સ્વામી પ્રત્યેની વફાદારી પ્રશસ્ય છે. અહીં દૂતના ગુણોનું પણ સૂચન થયેલું છે.

સરમાની સ્વામી પ્રત્યેની વફાદારી જોઈએ તો સરમા કહે છે, ‘હું ભ્રાતૃત્વ કે ભગિનીપણું જાણતી નથી. તે તો ઈન્દ્ર અને અંગિરસો જાણે, હું અહીં આવી ત્યારે તેઓ મને ગાયો ઈચ્છતા જણાયા.’ [૧૨]

રામાયણમાં ઋગ્વેદ કરતા વર્ણ્ય વિસ્તાર અને કાવ્યત્વની દષ્ટિએ દૌત્ય પ્રસંગનો વિકાસ થયેલો જણાય છે. અત્રે દૌત્ય વર્ણનના અનેક પ્રસંગો સ્થાન પામ્યા છે. તેમાંથી હનુમાન્‌નું દૌત્યકર્મ રામાયણમાં જ નહીં સંપૂર્ણ સંસ્કૃત સાહિત્યમાં અજોડ સ્થાન ધરાવે છે. આ દૌત્ય પ્રસંગ રામાયણના સુંદરકાંડ અને કિષ્કિન્ધાકાંડ, આ બે કાંડોમાં અનેક સર્ગોમાં વિભકત છે.

શ્રીમદ્ ભાગવતમાં પણ એવા ઘણા દૌત્ય પ્રસંગો પ્રાપ્ત થાય છે, જેમાં ઉદ્ધવ દૂત દ્વારા ગોપીઓ કૃષ્ણને સંદેશ પાઠવે છે, [૧૩] એ પ્રસંગ સુવિખ્યાત છે.

કૌરવો અને પાંડવો વચ્ચે સુલેહ સ્થાપવા માટે રાજા દ્રુપદ દ્વારા પુરોહિતની દૂતરૂપે નિયુકિત, ધૃતરાષ્ટ્ર દ્વારા સંજયની દૂતરૂપે નિયુકિત અને શ્લાઘનીય સર્વવિદિત ભાસ કવિ માટે પ્રેરકરૂપ એવું શ્રીકૃષ્ણનું અજોડ દૌત્યકર્મ, દુર્યોધનની આજ્ઞાથી શકુનિપુત્ર, ઉલૂકનું યુધિષ્ઠિરની સભામાં દૂતકર્મ વગેરે રાજદૂતોના પ્રસંગો મહાભારતમાં એક સ્વતંત્ર ભાતરૂપે અલગ તરી આવે છે.

શિવપુરાણમાં સિંહિકાપુત્ર રાહુ દૂતોમાં ઉત્તમ સેવા કાર્યો સાધનાર અને મહાવિદ્વાન્ બ્રાહ્મણ છે તે અસુર જલંધરની આજ્ઞાથી તેના દૂતના સ્વાંગમાં શંકર સમીપ સ્ત્રીરત્ન પાર્વતીની માંગણી માટે જાય છે. એ જ રીતે ગંધર્વોના રાજા ચિત્રરથ શિવના રાજદૂત બની દાનવરાજ શંખચૂડ સમીપ જઈ શિવનો સંદેશ પાઠવે છે. દૈત્ય અંધક પણ શંકરને યુદ્ધ મેદાનમાં આમંત્રિત કરવા વિઘસ્ નામના દૈત્યને શિવ સમીપ મોકલે છે.

શ્રીકૃષ્ણનું દૂત કાર્ય એ મહાભારતના શિરમોરરૂપ પ્રસંગોમાંનો એક છે. શ્રીકૃષ્ણ સામાન્ય દૂત નથી. એ પ્રાજ્ઞ છે. એ જાણે છે કે દૂતકાર્ય સફળ થવાનું નથી છતાં એમાં કયાંય ઉણપ ન રહે એવું તે ઈચ્છે છે. એમનું દૂતકાર્ય માત્ર કૌરવસભા પૂરતું મર્યાદિત નથી. એ કુંતીમાતાને મળ્યા પછી તુરત જ દુર્યોધનને મળવા જાય છે. ત્યાંથી જ દૂતકાર્યનો આરંભ થઈ જાય છે. શ્રીકૃષ્ણની દૂત તરીકેની સમર્થતા દર્શાવતા કહ્યું છે કે સંસારના પાપી, મૂઢ અને શત્રુ લોકો મારા વિષયમાં એમ ન કહે કે શ્રીકૃષ્ણના હોવા છતાં કૌરવો–પાંડવોને યુદ્ધથી ન અટકાવ્યા. [૧૪અ]

કિરાતાર્જુનીયમ્‌માં ગુપ્તચર કેવો હોવો જોઈએ તેના વિશે કહ્યું છે કે – ''કોઈ કાર્ય માટે નિયુકત કરેલ ગુપ્તચર સેવકો દ્વારા સ્વામીની છેતરપીંડી ન થવી જોઈએ. તેથી અપ્રિય અથવા પ્રિય વાત કરું. તેને ક્ષમા કરજો કારણ કે, મધુર અને કલ્યાણકારી વચનો દુર્લભ હોય છે.'' [૧૪બ]

મનુષ્યેત્તર પ્રાણીને દૂતકર્મ સોંપવાની પ્રથા પ્રાચીનકાળથી ચાલી આવે છે. ઋગ્વેદનું સરમા–પણિ સંવાદસૂકત આનું ઉદાહરણ છે.

આ ગુપ્તચર જેવો દૂત પણ હોવો જોઈએ. નલ–દમયંતીનો પ્રેમ પણ મનુષ્યેતર પ્રાણીના દૂતકર્મ દ્વારા ફળીભૂત થયો. અહીં હંસને દૂત તરીકે મોકલેલ છે. નલ દમયંતી સમક્ષ હંસને પોતાના ગુણ ગાવાનું કહે છે અને બંનેનો પ્રેમ આગળ વધે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં દૂત કર્મ માટે કોઈ મનુષ્યને ન મોકલતા હંસને મોકલેલ છે, જે એક પક્ષી છે. પરંતુ તે માનવીય ભાષા જાણે છે. તેના દ્વારા અતિપ્રાકૃત તત્ત્વ અથવા દૈવી તત્ત્વ જોઈ શકાય કે એક પક્ષી માનવીય ભાષા કઈ રીતે બોલી શકે.

શાંતિનાં પ્રતીક ગણાતા કબૂતરનો પણ શાંતિદૂત તરીકે પ્રયોગ થતો, કારણ કે કબૂતર દિશા પારખવામાં ચતુર છે.

વ્યકિત પ્રેમાસકિતમાં જડ–ચેતનનો ભેદ ભૂલી જાય છે. તેનું ઉદાહરણ કાલિદાસના ખંડકાવ્ય 'મેઘદૂત' નું આપી શકાય. મેઘદૂતમાં કવિ કાલિદાસ જડ મેઘ સાથે પોતાની પ્રિય પત્નીને સંદેશો મોકલે છે. પરંતુ ત્યાં કાલિદાસ તેનું કારણ આપતા કહે છે. **कामार्ता हि प्रकृतिकृपणा`तनाचेतनेषु ।** અર્થાત્, કામાતુર વ્યકિત ચેતન–અચેતન પ્રત્યે સ્વભાવતઃ ભેદભાવ વગરના હોય છે. [૧૫]

ભામહ પણ આ વાતને અનુમોદન આપતા કહે છે, ''કદાચ ઉત્કંઠાને કારણે ઉન્મત્તની જેમ કોઈ બોલે તો ભલે, પરંતુ બુદ્ધિમાન્ લોકો આવો પ્રયોગ કરતા.'' [૧૬]

આ રીતે નલોપાખ્યાનમાં હંસદૂતનું કાર્ય યોગ્ય છે. આ હંસદૂત કોઈ સામાન્ય પક્ષી નથી. પરંતુ શિવનું સ્વરૂપ છે. તેવી કથા શિવપુરાણ અંતર્ગત શતરુદ્ર સંહિતાના ૨૮ મા અઘ્યાયમાં આલેખાયેલ છે.

આબુ પર્વત સમીપ ધર્મપ્રિય શિવભકત આહુક અને આહુઆ નામના ભીલ દંપતી રહેતા હતા. ભગવાન્ શંકરે તેમની પરીક્ષા કરવા વિચાર્યું. તે એક યતિનું રૂપ લઈ આહુકના ગૃહે રાત્રિ નિવાસ માટે આવ્યા. આહુઆએ અતિથિ ધર્મ સમજાવી કહ્યું, ''હું ગૃહ બહાર પહેરો ભરતી રહીશ.'' આહુકે વિચાર્યું, સ્ત્રી રાત્રિ દરમિયાન એકલી બહાર રહે તે યોગ્ય નહીં. હું જ રાત્રે બહાર રહીશ, એમ વિચારી યતિ અને ભીલ પત્ની ગૃહની અંદર રહ્યા.

રાત્રિ દરમિયાન જંગલી પશુઓ દ્વારા ભીલ મરાયો. આથી ભીલ પત્ની તેની સાથે સતી થવા તૈયાર થઈ.

ભગવાન્ શંકરે પ્રસન્ન થઈ ભીલ પત્નીને વરદાન માંગવા કહ્યું. પરંતુ તે ઘ્યાનમગ્ન થઈ ચિતા પર ચડી ગઈ.

આથી ભગવાન્ શંકરે પ્રસન્ન થઈ કહ્યું, ''આગળના જન્મે તું નિષધદેશના રાજા વીરસેનનો પુત્ર નલ બનીશ અને ભીલ પત્ની વિદર્ભ દેશના રાજા ભીમસેનની રાજકુમારી થશે, અને આ યતિ હંસ બની બંનેના મિલનમાં સહાયતારૂપ થશે.''

તેથી આ હંસ તે અન્ય કોઈ નહી પરંતુ શિવનું સ્વરૂપ છે. આમ હંસને દૈવી સ્વરૂપ આપ્યું છે.

હંસ નલ–દમયંતીના પ્રણય અનુરાગમાં સહાયરૂપ થાય છે, તે એક મનુષ્યથી જરાપણ ઉતરતો ન લેખાય.

શ્રીહર્ષનો નૈષધ ચરિતનો હંસ મહાભારતના હંસ કરતાં વિશેષ ચતુર દેખાય છે. બંને હંસ સોનેરી છે એટલું જ. નૈષધ ચરિતનો હંસ તો વાહન તરીકે બ્રહ્માની સેવા કરતાં હંસોના કુળમાં જન્મેલ છે. એની

વાણી અતિશય કર્ણમધુર છે. એ સમગ્ર વિશ્વમાં એકધારો ઉડી શકે છે. તેને જાળમાં ફસાવી શકાય તેમ નથી. તેને એક માતા છે. સદ્ય પ્રસૂતા પત્ની છે અને નવપ્રસૂત શિશુઓ છે. તેમને માટે એ અત્યંત પ્રેમ ધરાવે છે.

નૈષધચરિતના હંસની એક મોટી વિશેષતા છે, એની કૃતજ્ઞતા, તે સાધારણ દૂત નથી, તેનું હૃદય ઉત્તમ તત્ત્વોનું બનેલ છે. પ્રારંભમાં તેણે નલ દ્વારા પકડાતા એક દયાળુ મહાન્ રાજાને અપ્રિય શબ્દો કહ્યા અને તે દ્વારા જે અપરાધ થયો, તેનું જાણે કે પ્રાયશ્ચિત્ત કરવા માંગે છે અને સામાન્ય રીતે શિષ્ટચાર એ છે કે પોતાના ઉપકારી ઉપર યથાસાધ્ય શીઘ્ર પ્રત્યુપકાર કરવો જોઈએ. ત્યારબાદ હંસ નલને સહાય કરવા નલનો સંદેશો દમયંતીને પહોંચાડવાનું બીડું ઝડપે છે.

નલે હંસને ઉદ્દેશીને કહેલા આ ઉદ્‌ગારો વાસ્તવમાં ખરા છે. નલ હંસને કહે છે, ''હે પ્રિય હંસ ! તારું રૂપ અતુલનીય છે. તારી સુશીલતા અવર્ણનીય છે તથા સામુદ્રિક શાસ્ત્રના એક સિદ્ધાંત કે રૂપમાં ગુણ પણ હોય છે. તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે.'' [૧૭અ]

પ્રેમાનંદે 'નળાખ્યાન' માં નળ અને હંસનું અપૂર્વ સખ્ય અને તેની પૂર્વજન્મની કથા મૂળ કથાના હંસના દૂતકાર્યને કેવી સુંદર ભૂમિકા પૂરી પાડી પુષ્ટ કરે છે અને હંસીના શાપથી તથા હંસના દમયંતીને સ્વયંવરના સૂચનથી તેમજ દેવોની સંભવિત ઉમેદવારી સામેની ચેતવણીથી નળને દ્યૂત ન રમવા અને નારીનો વિશ્વાસ ન કરવાની તેની સલાહથી આગામી બનાવો સાથે તેનો સંબંધ કેવો જોડી આપે છે !

નલોપાખ્યાનમાં બેવાર દૂત કર્મ આવે છે. એક હંસ અને બીજા નલ. હંસ દૂતની વાત સ્પષ્ટ કરી. હવે નલ દૂત વિષે સ્પષ્ટતા કરીએ તો :–

દમયંતી સ્વયંવરમાં દેવતાઓએ નલને પોતાનું પ્રણય નિવેદન કરવા દમયંતીના અંતઃપુરમાં નલને દૂત તરીકે મોકલ્યો. પરંતુ દૂત સ્વયં દમયંતી સાથે પ્રણય અનુરાગ સાધી પાછો ફર્યો.

વૈદિકકાળથી પ્રારંભી સાંપ્રત સમય સુધી દૂતની વ્યવસ્થા જોવા મળે છે.

રાજનીતિના વિવિધ પાસાઓમાં 'રાજદૂત' રાજયનું એક આવશ્યક અંગ છે.

વેદકાળથી શરૂ થયેલ દૂત પરંપરા રામાયણ, મહાભારત અને પુરાણમાં પૂર્ણકળાએ વિકસી છે, જેમાંથી પ્રેરણા લઈને વિશ્વસાહિત્યને કાલિદાસ દ્વારા મેઘદૂત જેવા નખશીખ સંદેશકાવ્યની ભેટ મળી. પછી તો મેઘદૂતના અનુકરણરૂપે લખાયેલા ઘણા દૂતકાવ્યોની સંસ્કૃત સાહિત્યને ભેટ મળી છે, જેમાં ભાસનું દૂત વાકય અને દૂત ઘટોત્કચ નાટકોને ગણાવી શકાય.

ઉપરાંત જૈન કવિઓમાં ચરિત્ર સુંદગણીનું (૧૫ મી સદી) 'શીલદૂતમ્', મેરુતુંગ કવિનું (૧૫ મી સદી) જૈન મેઘદૂતમ્, જેવા તત્ત્વોપદેશક દૂત કાવ્યો જોવા મળે છે. નીતિતત્વોપદેશ માટે લખાયેલા 'કાકદૂતમ્', 'ઈન્દ્રદૂતમ્', 'હંસદૂતમ્' જેવા દૂતકાવ્યો પણ મળી આવે છે.

સર્વશાસ્ત્રીના પુત્ર કૃષ્ણમૂર્તિ (૧૭ મી સદી) એ આ જ પદ્ધતિથી **'यक्षोल्लासः'** નામનું કાવ્ય લખ્યું છે અને તેમાં પોતાને 'અભિનવ કાલિદાસ' તરીકે ઓળખાવે છે.

| | | |
|---|---|---|
| પંડિત રામશાસ્ત્રી રચિત | – | **मेघप्रतिसन्देशम्** |
| કોરડ રામચન્દ્ર રચિત | – | **धनवृत्तम्** |
| પરમેશ્વર ઝા કૃત | – | **यक्षमिलनकाव्यम्** |
| મેઘ વિજયગણી રચિત | – | **मेघदूतसमस्यालेखम्** |
| અજ્ઞાત કવિનું | – | **चेतीदूतम्** |
| સંગમ સૂત વિક્રમ કૃત | – | **नेमिदूतम्** |
| આર. કૃષ્ણમાચાર્ય રચિત | – | **मेघसन्देशविमर्श** |

ડો. જતીન્દ્ર વિમલ ચૌધરીએ ૧૯૫૩ માં **बंगीय दूतकाव्येतिहासः** નામનું પુસ્તક સંસ્કૃતમાં રચ્યું. તેમાં બંગાળના આશરે ૨૫ દૂતકાવ્યોનો સવિસ્તર પરિચય આપ્યો.

| **દૂતકાવ્ય** | | **રચયિતા** |
|---|---|---|
| **उद्धवसन्देशम्** | – | રૂપ ગોસ્વામી (૧૭ મી સદી) |
| **पिकदूतम्** | – | રુદ્રન્યાય વાચસ્પતિ (૧૭ મી સદી) |
| **हंसदूतम्** | – | રઘુનાથદાસ (૧૭ મી સદી) |
| **पवनदूतम्** | – | ભટ્ટારક જ્ઞાનભૂષણના શિષ્ય વાદિરાજ (૧૭ મી સદી) |
| **पवनदूतम्** | – | સિદ્ધનાથ વિદ્યાવાગીશ |
| **वातदूतम्** | – | કૃષ્ણાનન ન્યાય પંચાનન (૧૭ મી સદી) |
| **अनिलदूतम्** | – | રામદયાલ તર્કરત્ન |
| **पादांकदूतम्** | – | શ્રીકૃષ્ણ સાર્વભૌમ (૧૭ મી સદી) |
| **पादपदूतम्** | – | ગાપેન્દ્રનાથ ગોસ્વામી (૧૭ મી સદી) |
| **कोकिल संदेशम्** | – | વેંકટાચાર્ય (૧૭ મી સદી) |
| **चन्द्रदूतम्** | – | કૃષ્ણચંદ્ર તર્કાલંકાર (૧૮ મી સદી) |
| **हनुमद्दूतम्** | – | નિત્યાનંદ શાસ્ત્રી |
| **गोपीदूतम्** | – | લમ્બોદર વૈદ્ય |
| **तुलसीदूतम्** | – | ત્રિલોચન |
| **तुलसीदूतम्** | – | વૈદ્યનાથ દ્વિજ |
| **कोकिलदूतम्** | – | હરિદાસ (૧૮ મી સદી) |

| | | |
|---|---|---|
| **काकदूतम्** | – | રામગોપાલ (૧૮ મી સદી) |
| **पिकदूतम्** | – | અંબિકાચરણ દેવ શર્મા |
| **मेघदूतम्** | – | ત્રૈલોકયમોહન (૧૯ મી સદી) |
| **पान्थदूतम्** | – | ભોલાનાથ (૨૦ મી સદી) |
| **भक्तिदूतम्** | – | કાલીપ્રસાદ |
| **भ्रमरदूतम्** | – | રુદ્ર વાચસ્પતિ |
| **भ्रमरसन्देशम्** | – | વાસુદેવ |

અર્વાચીન સંસ્કૃત સાહિત્યમાં પ્રાપ્ત થતા દૂત કાવ્યો –

| દૂતકાવ્યો | | **રચયિતા** |
|---|---|---|
| **शुकसन्देशम्** અને **हनुमत्प्रसाद सन्देशम्** | – | રંગનાથ તાતાચાર્ય |
| **कीरसन्देशम्** | – | શ્રી ગ. લક્ષ્મીકાંતથ્યા |
| **कीरदूतम्** | – | રામગોપાલ |
| **भृङ्गसन्देशम्** | – | લેખિકા ત્રિવેણી |
| **भ्रमरसन्देशम्** | – | લે.પ. મહાલિંગ શાસ્ત્રી |
| **मधुकरदूतम्** | – | ચક્રવર્તી રાજગોપાલ |
| **कोकिलसन्देशम्** | – | આ એક જ નામના ત્રણ કાવ્યો નૃસિંહ, વરદાચાર્ય અને વેંકટાચાર્યએ લખ્યા. |
| **पिकसन्देशम्** | – | રંગાચાર્ય અને નરસિંહાચાર્ય |
| **हंस सन्देशम्** | – | કવીન્દ્રાચાર્ય સરસ્વતી |
| **हंस सन्देशम्** | – | વેંકટેશ અને સરસ્વતી |
| **गरूडसन्देशम्** | – | કૌચા નરસિંહાચાર્ય |
| **चकोरसन्देशम्** | – | વાસુદેવ, વેંકટ અને પેરુસુરી |
| **मयुर सन्देशम्** | – | રંગાચાર્ય અને શ્રીનિવાસાચાર્ય |
| **सुरभिसन्देशम्** | – | વિજય રાઘવાચાર્ય |
| **मुद्गरदूतम्** | – | રામાવતાર શર્મા |
| **बल्लवदूतम्** | – | બટુકનાથ શર્મા |
| **सन्देशः** | – | જૈન કવિ મુનિ મહારાજ [૧૭૫] |

**કલિયુગનો પ્રભાવ :**

કલિ દમયંતીના સ્વયંવરમાં પહોંચી ન શકયો. તેથી દ્વેષ ભાવથી તે નલનો પ્રતિશોધ લેવા ઈચ્છે છે. યેન–કેન પ્રકારેણ તે નલના શરીરમાં પ્રવેશ કરવા ઈચ્છે છે. નલ સર્વગુણ સમ્પન્ન રાજા હતો. તેનામાં એકપણ દુર્ગુણ ન હતો પણ કલિયુગના પ્રભાવને કારણે નલ દ્યૂત તરફ પ્રેરાય છે.

રાજામાં સાત ગુણ હોવા જોઈએ, જે નલમાં વિદ્યમાન હતા, સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, સ્વભાવમાં કોમળતા, મધુરવાણી તથા ગૌ–બ્રાહ્મણ એવાં સજ્જનો પર શ્રદ્ધા. [૧૮]

એવી જ રીતે રાજાના સાત દોષ પણ છે. જેમ કે, અધિક નિદ્રા, આળસ, મદ્યપાન, દ્યૂત, વારાંગના પ્રત્યે પ્રેમ, અતિ રમત, અધિક શિકાર. [૧૯]

નલ રાજા દ્યૂત પ્રિય હતા. જેવી રીતે યુધિષ્ઠિરે દ્યૂતના શોખને કારણે સર્વનાશ સર્જ્યો, તેવી જ રીતે નલે પણ પોતાના જ બંધુ સાથે દ્યૂત રમી અરણ્યવાસ ભોગવ્યો. પરંતુ યુધિષ્ઠિર અને નલના પ્રસંગમાં તફાવત એટલો છે કે યુધિષ્ઠિર માત્ર શોખ માટે અને દ્યૂતનું કહેણ પાછું ન ઠેલાય તે ન્યાયે દ્યૂત રમ્યા.

યુધિષ્ઠિર કહે છે –

**आहतो न निवर्तेयमिति मे व्रतमाहितम् ।**

**विधि बलवान् राजन् दिष्टस्यास्मि वशे स्थितः ॥**

અર્થાત્, દ્યૂત વિષે કહેવાથી હું પાછો ફરતો નથી. આ મારું વ્રત છે. દૈવ બળવાન છે. હું દૈવને વશ છું. [૨૦]

નલના શરીરમાં કલિએ પ્રવેશ કર્યો હતો. તેથી દ્યૂત રમવા તૈયાર થયા.

દ્યૂત અનર્થકારી છે, તે જાણવા છતાં નલ રાજા દ્યૂતમાં ફસાયા.

કલિયુગના પ્રભાવને કારણે રાજા પરીક્ષિતનું પતન થયું. તેમાં સુવર્ણ દ્વારા કલિએ રાજાના મસ્તક પર સ્થાન ગ્રહણ કર્યું. નલરાજાની બાબતમાં દ્યૂતના પાસામાં કલિએ પ્રવેશ કર્યો.

દ્યૂત ઋગ્વેદકાળથી એક દુર્ગુણ તરીકે પ્રખ્યાત છે. કારણ કે ઋગ્વેદના ૧૦ મા મંડલમાં ૩૪ મા સૂકતમાં જુગારીની બેહાલ દશાનું વર્ણન છે.

વૈદિક કાળમાં પણ વ્યસનની બદીએ મનુષ્યને સામાજિક–આર્થિક–શારીરિક રીતે પરાસ્ત કર્યો હતો, જેનો સજીવ ચિતાર અક્ષસૂકત (૧૦–૩૪–૧ થી ૧૪) રજૂ કરે છે.

દ્યૂતના પાસા જોઈ જુગારીની દશા કેવી થાય છે. તેનું વર્ણન કરતાં અક્ષસૂકતમાં કહ્યું છે કે – ''કંપનશીલ, પવનવાળા સ્થાનમાં મોટા વિભિદક વૃક્ષથી ઉત્પન્ન અક્ષ ફલક પર વારંવાર નાચતા મને

આનંદિત કરે છે. મજબૂતીથી ઉત્પન્ન સોમના પાનની જેમ જાગૃત કરનારા અક્ષ મને અત્યંત આનંદિત કરે છે.'' [21]

શુદ્રક કવિના મૃચ્છકટિક નાટકના બીજા અંકમાં જુગારીનું વર્ણન છે. તેમાં સંવાહક ચારુદત્તની પગચંપી કરનાર હતો. પણ ચારુદત્તની દશા પલટાતા તે જુગાર રમવાનું શરૂ કરે છે. તેમાં પણ કમનસીબે તે પરાજીત થયો, હારેલી રકમ ભરપાઈ કરવા તે વસંત સેનાને શરણે આવ્યો. વસંત સેનાએ તેનું રક્ષણ કર્યું.

મૃચ્છકટિકમાં સંવાહક જુગારીની સ્થિતિનું વર્ણન કરતા કહે છે, ''નવા બંધનમાંથી ધૂટેલી ગર્દભીની માફક ગર્દભી નામના પાસાથી હું મરાયો.'' [22]

મૃચ્છકટિકના ત્રીજા અંકના પ્રારંભે જુગારીનું વર્ણન કરતા ચેટ કહે છે, ''ધનના લોભથી બળદને વારી શકાતો નથી, બીજાને આસકત પત્નીને વારી શકાતી નથી, જુગારમાં ઘેલા બનેલા મનુષ્યને વારી શકાતો નથી, જે કંઈ સ્વાભાવિક દોષ હોય તેને દૂર કરી શકાતો નથી.'' [23]

રાજાના મુખ્ય દોષોમાં દ્યૂતનું સ્થાન દ્વિતીય ક્રમે આવે છે. મનુ ભગવાન વ્યસન અને મૃત્યુની તુલનામાં વ્યસનને કષ્ટદાયક વર્ણવે છે. કારણ કે વ્યસનીને નરક પ્રાપ્તિ થાય છે.

### દમયંતી પતિવ્રતા સ્ત્રી :

ભગવાન્ બાદરાયણ વ્યાસે નારી શકિતને પતિવ્રતધર્મમાંની નારીના સામાન્ય ધર્મોનું અનેક રીતે વિવેચન કર્યું છે. ભારતીય નારી જ નહીં, સમગ્ર વિશ્વની નારી જાતિને તેઓ 'શીલવતી લલના' સ્વરૂપે જોવા ઈચ્છે છે. નારીની પવિત્રતા પર તેમણે અધિક બળ આપ્યું છે. કારણ કે નારીની પવિત્રતા પર સંપૂર્ણ માનવ જાતિની પવિત્રતા આધારિત છે.

પતિ–પત્નીએ એક સાથે રહી ધર્માચરણ કરવું જોઈએ. આ ધર્મશાસ્ત્ર અનુસાર જે સ્ત્રી ધર્મનું પાલન કરે છે. તે શ્રેષ્ઠ પતિવ્રતા છે.

સ્વયંવર પ્રસંગે પાંચ નલને જોઈ દમયંતી ક્ષણિક ગભરાઈ ગઈ. પરંતુ ત્વરિત પોતાના શુદ્ધ પ્રેમને સ્મરી પાંચમાંથી નલને શોધી કાઢયો. આ તેનું ઉત્તમ પતિવ્રત છે.

નલે દમયંતીને છોડી દીધી ત્યારે દમયંતી વિલાપ કરતાં કહે છે –

**नाकाले विहितो मृत्युर्मर्त्यानां पुरूषर्षभ ।**
**तत्र कान्ता त्वयोत्सृष्टा मुहूर्तमपि जीवति ॥**

અર્થાત્, મૃત્યુ અસમયે આવતું નથી. તેથી આપના વિયોગથી હું જીવી રહી છું. [24]

દમયંતીના પતિવ્રત ધર્મમાં વ્યાધનો પ્રસંગ મૂકી શકાય. વ્યાધે દમયંતી પર કુદષ્ટિ કરી ત્યારે તે બોલી ઉઠી, ''જો મેં નિષધરાજ નલ સિવાય અન્ય કોઈ પુરુષનું ચિંતન કર્યું ન હોય તો આ વ્યાધ મૃત્યુ પામે.'' [૨૫]

પતિવ્રતા સ્ત્રીમાં મહાભારત કૌશિક બ્રાહ્મણની કથા કહે છે, જેમણે આતિથ્ય સત્કાર એક તરફ મૂકી પતિની સેવાને પ્રથમ સ્થાને મૂકી.

દશકુમાર ચરિત ઉચ્છ્વાસ–૬ મિત્રગુપ્ત વૃત્તાંતમાં એક કથા છે. બ્રહ્મ રાક્ષસે ચિત્રગુપ્તને પૂછેલા પ્રશ્ન **किं गृहिणः प्रियहिताय ? दारगुणाः ।** ના અનુસંધાનમાં ગોમિનીની કથા કહે છે. [૨૬]

શકિતકુમાર નામનો યુવક કરકસરથી સંસાર ચલાવનારી ગોમિની નામની કન્યાને પરણ્યો, પરંતુ ટૂંકાગાળામાં તે શકિતકુમાર ગણિકાને સેવવા લાગ્યો. તેમની પત્ની ગોમિનીએ ગણિકા સાથે સખી જેવો વ્યવહાર કરી તેના હૃદયમાં સ્થાન ગ્રહણ કર્યું. પતિ ગમે તેટલો અધમ હતો, પરંતુ પોતાના પતિવ્રત ધર્મને કારણે તે પોતાના પતિને ગણિકા પાસેથી પાછો વાળી લાવી.

પતિવ્રતા સ્ત્રીમાં સાવિત્રીનું ઉદાહરણ શ્રેષ્ઠ છે, જે પોતાના પતિને યમરાજ પાસેથી પાછો લાવી.

સીતાનું પાતિવ્રત્ય પણ અજોડ છે. સીતા પતિવ્રત સમજાવતા કહે છે, ''પિતા, પુત્ર, માતા, સખી તથા પોતાનું શરીર સાચા સાથી નથી. સ્ત્રીને માટે એકમાત્ર પતિ જ આશ્રય સ્થાન છે.'' [૨૭]

દમયંતીનાં પુનઃ સ્વયંવરની વાત સાંભળી નલ દુઃખી થઈ ગયો. પરંતુ દમયંતી તેનું સાચું કારણ આપતા કહે છે, ''તમારી શોધ માટે મેં સ્વયંવરની ઘોષણા કરી અન્યથા આપના સિવાય અત્યાર સુધીમાં મનથી પણ અસદાચરણ કર્યું નથી. મેં કોઈ પાપ કર્યું હોય તો શીઘ્ર મારા પ્રાણનું હરણ કરે.'' [૨૮]

વાયુ દેવતાએ અંતરિક્ષમાંથી પ્રમાણ આપ્યું **नैषा कृतवती पापं नल सत्यं ब्रवीमि ते ।** [૨૯]

દમયંતી એક ત્રિભુવન સુંદરી છે. નૈષધચરિતમાં તેના સૌંદર્યનું વર્ણન કરતા કહ્યું છે કે,

**भुवनत्रयसुभ्रुवामसौ दमयन्ती कमनीयतामदम् ।**
**उदियाय यतस्तनुश्रिया दमयन्तीति ततोऽभिधां दधौ ॥**

અર્થાત્, ''ત્રણેય લોકની સુંદરીઓના સૌંદર્યના અભિમાનનું દમન કરવાને કારણે તેનું નામ દમયન્તી પાડવામાં આવ્યું.''

પતિવ્રતા માટે તે એક ઉદાહરણરૂપ મહિલા છે. **तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ।** એ રીતિ અનુસાર નલ તરફ આકર્ષાયેલા હૃદયવાળી દમયન્તીને દેવો કે સ્વર્ગનું પણ આકર્ષણ નથી.

દમયંતીનું એક વિશિષ્ટ લક્ષણ છે, નિશ્ચયનિષ્ઠા, પોતે કહેલ નિર્ણયને તે અડગતાથી વળગી રહે છે, અને મનસા, વાચા, કર્મણા તે નલના ધ્યાનમાં મગ્ન રહે છે.

મહાભારતની દમયન્તી હંસ પાસેથી નલનું નામ માત્ર શ્રવણ કરતાં તેની સાથે વિવાહ કરવા તૈયાર થઈ, જયારે નૈષધચરિતની દમયન્તી વધુ વિચક્ષણ, શરમાળ અને સંસ્કારી જણાય છે.

**પ્રારબ્ધ :**

દમયંતી પોતાની અવદશાનું કારણ પ્રારબ્ધને ગણાવે છે. પોતે કયા જન્મનું ફળ ભોગવે છે તે વિચાર કરતા કહે છે, ''મેં મન, વચન, ક્રિયા દ્વારા કદાપિ કોઈનું અમંગળ કર્યું નથી તો આ કયા કર્મનું ફળ ભોગવી રહી છું.'' [30]

પ્રારબ્ધ આ જન્મ તેમજ પુર્નજન્મનું પણ હોઈ શકે. ભારતીય સંસ્કૃતિ અનુસાર ભાગ્ય અને કર્તવ્યમાં કોઈ ભેદ નથી. બંને એકબીજાના પૂરક છે. પૂર્વજન્મના કર્તવ્ય કર્મ જ આ જન્મમાં પ્રારબ્ધ બને છે. પૂર્વજન્મમાં કરેલ સત્કર્ષ તેમજ દુષ્કર્મથી પ્રકટ થતા પાપ–પુણ્ય વર્તમાન સમયમાં મનુષ્યના પ્રારબ્ધરૂપે પ્રકટ થાય છે.

ભર્તૃહરિ નીતિશતકમાં કહે છે કે, ''રૂપ, કુળ કે શીલ વિદ્યા, પ્રયત્નપૂર્વક કરેલી સેવા પણ ફળતી નથી. પરંતુ પૂર્વકૃત કર્મ જેમ સમય આવ્યે વૃક્ષો ફળે છે, તેમ ફળ આપે છે.'' [31]

આગળ વધતા ભર્તૃહરિ કહે છે, **''नाभाव्यं भक्तीह कर्मवशतो भाव्यस्य नाशः कृतः ।''** અર્થાત્ કર્મને લીધે જે થવાનું હશે તે જ થશે. જે ભાવિ છે, તેનો વિનાશ કયાંથી થાય ? [32]

પૂર્વે કરેલા કર્મો રક્ષણ કરે છે. [33]

ભર્તૃહરિ પૂર્ણરૂપે પ્રારબ્ધની પ્રબળતાનો સ્વીકાર કરે છે. જેવી રીતે **उद्योगिनं पुरूषसिंहमुपैति लक्ष्मीः** અને **मनस्वी कार्यार्थी गणयति न दुःखं न च सुखम् ।** ઈત્યાદિ વિચારો દ્વારા પુરુષાર્થની પ્રશંસા કરી, પરંતુ પ્રારબ્ધને અવગણી ન શકયા.

ગોસ્વામી તુલસીદાસજી લખે છે.

**कर्म प्रधान विश्व करि राखा ।**

**जो जस करइ सो तस फल चाखा ।** [34]

મનુષ્યના કર્મફળ રૂપે જે પ્રારબ્ધ છે, તેને દૂર કરવાની શકિત નથી. **यत्पूर्व विधिना ललाटलिखितं , तन्मार्जितुं कः क्षमः ।**

દૈવની પ્રબળતા સામે પુરુષાર્થ વ્યર્થ છે. જો તેમ ન હોય તો રાવણ, શિશુપાલ, બલિ અને કાર્તવીર્ય અર્જુન જેવાનું પૌરુષ વ્યર્થ કેવી રીતે જાય ? મહા બળવાન્ ધનુર્ધારી અર્જુન એક સામાન્ય વ્યકિત દ્વારા કેવી રીતે પરાસ્ત થાય ?

મહાભારતકાર કહે છે, મહાન સમ્રાટ પણ જરા–મૃત્યુનું ઉલ્લંઘન કરી શકતા નથી. પ્રારબ્ધવશ પ્રાણીઓને સુખ–દુઃખ પ્રાપ્ત થાય છે. [૩૫]

પ્રારબ્ધ અનુસાર મનુષ્યને પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો સંયોગ પ્રાપ્ત થાય છે.

દમયન્તી પણ પ્રારબ્ધવશાત્ રાજા નલનો વિયોગ ભોગવી રહી છે.

**ઉપકાર :**

કર્કોટક નાગે નલ ઉપર ઉપકાર કર્યો, તેને દંશ દઈ નલનું સ્વરૂપ બદલી નાખ્યું, જેથી તે ઋતુપર્ણ રાજાને ત્યાં અશ્વાધ્યક્ષ તરીકે રહી શકે અને કલિયુગને દૂર કરવા માટે નલના શરીરમાં રહેલ કલિયુગમાં વિષ મૂક્યું. નાગે કર્કોટક નાગનું આગમાંથી રક્ષણ કર્યું. તેથી નાગે નલ પર ઉપકાર કર્યો.

કરેલ ઉપકાર મનુષ્યે કદાપિ ભૂલવો ન જોઈએ.

શ્રી અરવિંદ કહે છે, ''તણખલા જેટલો ઉપકાર કરવા મળે તો તે કરી લેવો. કારણ કે તેનું ફળ તાડ જેટલું મોટું હોય છે.''

શ્રી મોરારિબાપુ કહે છે, ''ઉપકાર ભૂલે તે મૂર્ખ, પણ ઉપકાર કહી બતાવે તે મહામૂર્ખ.''

મનુષ્ય જીવનની સફળતા તેમાં છે, જે ઉપકારીના ઉપકારને કદાપિ ન ભૂલે, તેના ઉપકારથી વધારે ઉપકાર કરે.

સ્વામી વિવેકાનંદ કહે છે, ''મનુષ્ય જયારે અન્ય પર ઉપકાર કરવાનું બંધ કરી દે છે, ત્યારે તેનું આધ્યાત્મિક મૃત્યુ થાય છે.''

ઉપકાર પર અપકાર કરે તે કૃતઘ્ની કહેવાય છે.

**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।** અર્થાત્, અન્યને પ્રિય અને અનુકૂળ તેવા આચરણ હો.

આ પ્રકારના અનુકૂળ વર્તનને ધર્મની વ્યાખ્યામાં પુણ્ય અને પ્રતિકૂળ વર્તનને પાપની સંજ્ઞા આપતા પુરાણોના વચનની સંગતિ સાધી છે –

**अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयम् ।**

**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥**

અર્થાત્, અઢાર પુરાણોમાંથી વ્યાસના બે વચન મુખ્ય છે. પરોપકાર તે પુણ્ય અને પરપીડન તે પાપ છે.

આમ શ્રુતિ, સ્મૃતિ અને પુરાણની સાથે સંતવાણી પણ ધર્મભાવના પોષે છે.

**परहित सरसि धरम नहीं भाई ।**

**परपीडा सम अध न दुराई ॥**

અર્થાત્, પારકાનું હિત કરવું, તેના સરખો ધર્મ નથી અને પરપીડા જેવું પાપ–અધર્મ બીજું કોઈ ગણાતું નથી. [૩૬]

અર્જુને કરેલ મયદાનવ પરના ઉપકારના બદલામાં તેમણે યુધિષ્ઠિર માટે સુંદર અલૌકિક સભાનું નિર્માણ કર્યું.

તે સભાનું વર્ણન અને પ્રશંસા કરતા નારદમુનિ પૂર્વનિર્મિત ઈન્દ્ર, યમ, વરુણ, કુબેર, બ્રહ્મા ઈત્યાદિ દેવોની સભાનું વર્ણન કરતા કહે છે, ''આ સર્વ સભાઓ મેં દેવલોકમાં જોઈ હતી. પરંતુ મૃત્યુલોકમાં તો તારી આ સભા જ સર્વશ્રેષ્ઠ છે.'' [૩૭]

પરોપકાર માટે વૃક્ષનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. વૃક્ષ પોતે તાપ સહન કરી અન્યને શીતળ છાયા અર્પે છે. તેવી જ રીતે નદી પણ પરોપકારાર્થે જ વહે છે. સજ્જનોનું જીવન પરોપકારાર્થે હોય છે. [૩૮]

પરોપકાર વિનાનું જીવન ધિક્કારમય છે. તે પશુઓને ધન્ય છે કે જેનું ચામડું અન્યના ઉપયોગમાં આવી શકે છે. [૩૯]

કર્કોટક નાગનું નલે રક્ષણ કર્યું. તેના પ્રતિરક્ષણમાં કર્કોટકે તેના પર ઉપકાર કર્યો.

નૈષધચરિત અનુસાર ઉપકૃત વ્યકિતએ ઉપકાર કરનાર પર પોતે કરી શકે તેવો પ્રત્યુપકાર ત્વરિત કરવો જોઈએ. પછી ભલે તે પ્રત્યુપકાર નાનો હોય કે મોટો હોય. [૪૦]

વર્તમાન યુગમાં પરોપકારી મનુષ્યો અલ્પ છે. આજનો સમાજ સ્વાર્થ પ્રધાન સમાજ છે. પોતાનો સ્વાર્થ પૂર્ણ થતા કાર્ય પૂર્ણ થાય છે. પછી પરોપકારની તો વાત જ શી કરવી ? કયારેક કોઈક પર નાનો સરખો ઉપકાર કરે તો તેનો ઢંઢેરો પીટે છે અને પ્રતિ ઉપકારની અપેક્ષા રાખે છે. પ્રાચીન સમયમાં મનુષ્ય કાંટો કાઢવાનો ગુણ પણ ભૂલતા નહીં.

પરોપકાર માટે દધિચીનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. એકવાર વૃત્રે સ્વર્ગ પર અધિકાર પ્રાપ્ત કર્યો. ઈન્દ્ર યુદ્ધ દ્વારા તેને પરાસ્ત કરી શકયા નહી. આથી દેવતા બ્રહ્મા પાસે જઈ વિનંતિ કરવા લાગ્યા અને નારાયણની સ્તુતિ કરવા લાગ્યા.

નારાયણે પ્રસન્ન થઈ દધિચીના અસ્થિઓથી વજ્ર બનાવી તેના દ્વારા વૃત્રને હણવા કહ્યું. દેવતાઓ વિચારવા લાગ્યા, અંતે દધિચી પાસે જઈ યાચના કરતા કહેવા લાગ્યા. અમારે આપના શરીરની અસ્થિ જોઈએ છે.

દધિચીએ કહ્યું, ''આ શરીર તો નાશવંત છે. તેથી તેનો મોહ શો ? મારા શરીર દ્વારા આપની સેવા થઈ શકે તો તે સ્વતઃ સિદ્ધ છે. મહર્ષિ યોગ દ્વારા પ્રાણોત્સર્ગ કરી સમાધિમાં લીન થઈ ગયા. જંગલી

પશુઓએ તેના શરીરના મેદ–માંસ ભક્ષણ કર્યા. અસ્થિઓથી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું અને તે વજ્ર દ્વારા ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો.''

આનાથી મહાન ઉપકાર અન્ય કયો હોઈ શકે ?

યાચકોને દાન આપીને ઘસાવાથી દાતાઓ શોભે છે એ વિચાર વધુ આકર્ષક બનાવવા ઘસાઈને શોભતી વસ્તુઓની એક રસિક અને સંપૂર્ણ યથાર્થ યાદી આપે છે. સરાણ ઉપર ચઢીને ઘસાયેલો મણિ, શસ્ત્રોથી ઘવાયેલો પણ વિજયને વરેલો યોદ્ધો, મદ ઝરવાથી ક્ષીણ બનેલો હાથી, શરદ્ ઋતુમાં પાતળો પડી ગયેલો સરિતાનો પ્રવાહ, જેની એક જ કલા શેષ રહી હોય તેવો ચંદ્ર અને રતિક્રીડાથી થાકી ગયેલી મુગ્ધા સુંદરી ઘસાઈને કૃશ બને છતાં શોભે છે. [૪૧]

મનુષ્યે ધૂપસળી અને ચંદન જેવું જીવન જીવવું જોઈએ કે જે પોતે ક્ષીણ થઈ અન્યને સુંગધ આપે છે.

નલરાજા પરથી કલિયુગનો પ્રભાવ દૂર થયો. એટલે પુનઃ દ્યૂતમાં તેની જીત થઈ અને પુનઃ રાજય પ્રાપ્તિ થઈ. નલ રાજાની પુણ્ય શ્લોકમાં ગણના થાય છે. તેથી કહેવાયું છે કે –

**पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः ।**
**पुण्यश्लोका च वैदेही पुण्यश्लोको जनार्दनः ॥**

તેમજ નળકથાનું સંકીર્તન કલિભયનો વિનાશ કરનાર છે, તેવી પણ પારંપરિક દૃઢ માન્યતા છે –

**कर्कोटकस्य नागस्य दमयन्त्या नलस्य च ।**
**ऋतुपर्णस्य राजर्षेः कीर्तनं कलिनाशनम् ॥**

**ધર્મ :**

નલ રાજાને પુણ્ય શ્લોકી કહ્યા છે. કારણ કે તેમણે ગમે તેવી વિપત્તિમાં પણ ધર્મનો માર્ગ ન છોડયો.

મહાભારતકાર સમય સંજોગો પ્રમાણે ધર્મની વ્યાખ્યા આપે છે.

'મહાભારત મર્મ' માં શ્રી દર્શક કહે છે કે 'કુલધર્મ, જાતિધર્મ, રાજધર્મ, આપદ્ધર્મ, સ્ત્રીધર્મ, વર્ણધર્મ, સ્વધર્મ, આશ્રયધર્મ વગેરે ધર્મ છે.' [૪૨]

શ્રીમદ્ ભાગવત પ્રમાણે ધર્મ આ મુજબ છે – સત્ય, દયા, તપસ્યા, શૌચ, તિતિક્ષા, ઉચિત–અનુચિતનો વિચાર, મન પર સંયમ, ઈન્દ્રિયો પર સંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સરલતા, સંતોષ, સમદર્શી, મહાત્માઓની સેવા, સાંસારિક ભોગોમાંથી નિવૃત્તિ, અભિમાન, આત્મ ચિંતન, શ્રીકૃષ્ણની ભકિત આ પ્રકારના આચરણ સર્વ મનુષ્યોનો પરમ ધર્મ છે. [૪૩]

ભારતીય વાઙ્મયમાં ધર્મ મહત્વપૂર્ણ શબ્દ છે. વર્તમાન સમયમાં ધર્મ શબ્દ દલ, સંપ્રદાય, પંથ ઈત્યાદિ માટે પ્રયોજાય છે. જેમ કે હિંદુ ધર્મ, ઈસાઈ ધર્મ, મુસ્લિમ ધર્મ, યહુદી ધર્મ આદિ. આ ધર્મનો સંકુચિત અને એકદેશીય પ્રયોગ છે. આને સર્વથા અશુદ્ધ તો ન કહી શકાય, પરંતુ ધર્મનો અપૂર્ણ પ્રયોગ છે.

'ધર્મ' શબ્દ વ્યાપક અર્થમાં પ્રયોજાય છે. જેમ કે, વર્ણાશ્રમ ધર્મ, સ્ત્રીધર્મ, પતિધર્મ, આપદ્ધર્મ ઈત્યાદિ.

ધર્મની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. **धर्मस्य गहना गतिः ।** તેથી ઋષિઓએ કહ્યું છે.

**धर्मस्य तत्त्वं निहितं गुहायां**

**महाजनो येन गतः स पंथाः ।**

વર્તમાન સમયમાં બુદ્ધિજીવી લોકો કહે છે. અમે તો માનવતાના ઉપાસક છીએ. ધર્મ સંપ્રદાય સાથે અમારે કોઈ સંબંધ નથી. માનવતાના પૂજારી અવશ્ય બનીએ, પરંતુ શાસ્ત્રોકત ધર્મનું પાલન અત્યાવશ્યક છે. પશુ અને મનુષ્યમાં એક જ બાબત ભિન્ન છે. પશુનું આચરણ શાસ્ત્ર સમ્મત આચરણ વિહીન હોય છે, જયારે મનુષ્ય શાસ્ત્ર સમ્મત ધર્મનું પાલન કરે છે. જે મનુષ્ય આનાથી વિરુદ્ધ કર્મ કરે તે પશુ સમાન છે. તેથી જ સુભાષિતમાં કહ્યું છે.

''આહાર, ભય, નિદ્રા અને મૈથુન – આ સર્વ મનુષ્ય અને પ્રાણીમાં સમાન છે. પરંતુ ધર્મ વિનાનો મનુષ્ય પશુ સમાન છે.'' [૪૪]

શ્રીમન્નારાયણોપનિષદ્‌માં કહ્યું છે કે, ''ધર્મ સંપૂર્ણ જગત્‌ની પ્રતિષ્ઠા છે અને ધર્મ પર સંસારનો આશ્રય છે. ધર્માચરણથી પાપ નષ્ટ થાય છે.'' [૪૫]

મનુસ્મૃતિ અનુસાર ધર્મપાલકનો રક્ષક સ્વયં ધર્મ હોય છે. જે ધર્મનો તિરસ્કાર કરે છે તે અધોગતિ પ્રાપ્ત કરે છે. [૪૬]

વૈદિક વાઙ્મયમાં વિશ્વના ધારણ તત્ત્વનું નામ ધર્મ છે. [૪૭]

પૂર્વ મીમાંસકોનો પ્રતિપાદ્ય ધર્મ **'अथातो धर्मजिज्ञासा'** છે.

ઉત્તર મીમાંસાના પ્રતિપાદ્ય બ્રહ્મ છે. **अथातो ब्रह्मजिज्ञासा ।** [૪૮]

મીમાંસા દર્શન અનુસાર **चोदनालक्षणोऽर्थो धर्मः** છે.

શાસ્ત્રોમાં ધર્મને એક પુરુષ કલ્પી તેના પરિવાર વિષે કલ્પના કરવામાં આવી છે.

મહાભારત અનુસાર ધર્મની દસ પત્નીઓ છે. [૪૯]

પરંતુ શ્રીમદ્ ભાગવત પુરાણમાં દસ અને તેર પત્નીઓ કહી છે. [૫૦]

યુધિષ્ઠિર ધર્મના અવતાર હતા. તેમણે કોઈપણ પરિસ્થિતિમાં સ્વધર્મનો ત્યાગ કર્યો ન હતો.

જયાં ધર્મ છે ત્યાં સદા વિજય પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે – **यतो धर्मः ततो जयः ।**

નલરાજાએ પણ વિપત્તિ સમયે ધર્મનો ત્યાગ ન કર્યો તેથી પુણ્યશ્લોક કહેવાયા.

ગુજરાતી કવિ પ્રેમાનંદ યુધિષ્ઠિર કરતા પણ નલનું દુઃખ વધુ છે. તે વર્ણવતા કહે છે.

'તેહના દુઃખ આગળ યુધિષ્ઠિર તાહરુ દુઃખ કોણ માત્ર' [૫૧]

ગુજરાતી કવિ રામાનારાયણ વિ. પાઠક પ્રેમાનંદકૃત નળાખ્યાનનું વિવેચન કરતાં કહે છે –

નળ–દમયંતી પરણે છે. અન્યોન્યના શરીર સૌંદર્યના મોહને કારણે પ્રેમ શરીર સૌંદર્યના આકર્ષણથી શરૂ થયો પણ પછી તેના વિકાસની છેલ્લી દશાએ તે શરીરને અતિક્રમી ગયો. એવો સુંદર નળ અનેક બનાવોથી છેક કદરૂપો બાહુક બન્યો છતાં દમયંતીને જયારે ખાતરી થઈ કે એ બાહુક સાચો નળ છે. ત્યારે તેણે તેને સ્વીકાર્યો. આ રીતે નળ–દમયંતી વૃત્તાંતમાં દામ્પત્ય પ્રેમનું એક મહાન રહસ્ય રહેલું જ છે. એ જ રહસ્યને અવલંબીને નળ–દમયંતીના વિરહનો કરુણ અંજામ આપ્યો. સાચો દામ્પત્ય પ્રેમ આવો ગહન, વ્યાપક, ગંભીર અને છેક શરીરથી આત્મા સુધી જનારો ભેદક છે. [૫૨]

નૈષધચરિતમાં કવિ શ્રીહર્ષે નલનું ચરિત્ર સુંદર રીતે આલેખ્યું છે. શ્રીહર્ષે નલનું એક આદર્શ રાજવી તરીકેનું ચિત્ર આલેખ્યું છે. તેનામાં સત્ય અને કર્તવ્યનિષ્ઠાના દર્શન થાય છે. નલ માત્ર પ્રેમી જ નથી. પરંતુ આદર્શ ગૃહસ્થ પણ છે. નલનો દમયંતી તરફનો અનુરાગ કેવળ ભોગવૃત્તિમૂલક નથી. તેમાં પવિત્રતા તથા ઉદાત્તતાના દર્શન થાય છે. નલ એક શૂરવીર રાજા છે.

**નિષ્કર્ષ :**

દૂત માટે હંસની પસંદગી એટલા માટે કરી કે હંસ શિવનું સ્વરૂપ છે. દૂત કર્મ શ્રેષ્ઠ વ્યકિત પાસે કરાવાય તેમ કાલિદાસ મેઘને દૂત તરીકે મોકલતા કહે છે, ''અધિક ગુણવાળા પાસે નિષ્ફળ થયેલી વિનંતિ વધારે સારી, અધમ પાસે સફળ થયેલી નહી.'' [૫૩]

હંસ સજ્જનતાનું પ્રતીક છે. નીર–ક્ષીર વિવેક તેનામાં છે. હંસ દૂત તરીકેનું કાર્ય શ્રેષ્ઠત્તમ રીતે પૂર્ણ કરે છે. નલ પણ દમયંતી પ્રત્યે આકૃષ્ટ હતો છતાં દેવતાઓનું દૂત કર્મ યથાર્થ રીતે પૂર્ણ કરે છે.

કલિયુગનો પ્રભાવ પ્રત્યેક વ્યકિત પર પડે છે. કહેવાય છે કે, ''કાળ લાકડી લઈને મારતો નથી, પરંતુ યોગ્ય સમયે પરિણામ આપે છે.''

દમયંતી પતિવ્રતા સ્ત્રી છે. તેથી તેની સતી સ્ત્રીમાં ગણના થાય છે. વિવાહ પૂર્વેનો પ્રેમ યથાર્થ રૂપે મુશ્કેલીના સમયે પણ પરાસ્ત થયા વિના પતિ તરફ આસકત રહે છે.

દમયંતીના પ્રેમમાં ભારતીય નારીની પતિભકિત છે. તથાકથિત અન્ય યુવતીઓની ઉદામ કામવાસના નહીં.

તે એક વ્યવહારદક્ષ નારી છે. તેના પ્રેમમાં એકનિષ્ઠતા છે. ઈન્દ્ર સ્વર્ગનો અધિપતિ છે. અનંત ઐશ્વર્યનો સ્વામી પણ છે, તેથી દમયંતીના નલ વિષયક પ્રેમમાં કોઈ ક્ષતિ કે ન્યૂનતા આવતી નથી. તે એક આદર્શ ગૃહિણી છે.

મહાભારતની દમયંતી તો હંસ પાસેથી નલનું નામ માત્ર સાંભળતા તેની સાથે વિવાહ કરવા તૈયાર થાય છે. જયારે નૈષધચરિતની દમયંતી વધુ વિચક્ષણ, લજ્જાશીલ અને સંસ્કારી જણાય છે.

નૈષધચરિતમાં દમયંતીની પ્રશસ્તિ કરતા નારદ દેવરાજ ઈન્દ્રને કહે છે, ''તે મધ્યમ લોકનું અનર્ઘ રત્ન છે અને અમોઘ મદનશસ્ત્ર છે.'' [૫૪]

પ્રારબ્ધમાં જે થવાનું હોય તે થઈને જ રહે છે. કહેવાય છે કે, ''પુરુષાર્થ દ્વારા પ્રારબ્ધને ફેરવી શકાય છે. પરંતુ પ્રારબ્ધમાં હોય તેટલું જ મળે છે. પ્રારબ્ધમાં જો મૃત્યુ નિર્મિત હોય તો તે આવી જાય છે.''

ઉપકાર કરવો તે સજ્જનનું લક્ષણ છે. કર્કોટકે નલ પર ઉપકાર કરી તેનું સ્વરૂપ બદલી નાખ્યું.

ધર્મ મનુષ્યનું જીવન જીવવાનું ભાથું છે. ધર્મપાલકનો રક્ષક સ્વયં ધર્મ છે. ધર્મનિષ્ઠ વ્યકિતમાં સત્ય, અડગતા, ક્ષમા ઈત્યાદિ ગુણો જોવા મળે છે. આ ગુણોના દર્શન થાય છે. સાંપ્રત સમયમાં મનુષ્યનો એક આદર્શ પ્રતીક છે.

પ્રસ્તુત ઉપાખ્યાન નલ–દમયંતીના પાત્ર દ્વારા ઉદાત્ત પ્રેમ, આદર્શ નારી, માનવધર્મનો સમુજ્જવલ સંદેશ આપે છે. નલ–દમયંતીના આદર્શને નજર સમક્ષ રાખીને આજનો મનુષ્ય જીવન જીવે તો સમાજમાં એક નૂતન ઉત્થાનનો યુગ શરૂ થાય. સત્ય, અહિંસા, પતિવ્રતા ધર્મ જેવા જે કાંઈ આદર્શ ટકી રહ્યા છે, તે આ મહાભારતના મહાન પાત્રને આભારી છે.

# (३) ऋष्यशृंगोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત વનપર્વના તીર્થયાત્રા પર્વ અંતર્ગત અધ્યાય–૧૧૦ માં વર્ણવેલ છે.

વનપર્વ અંતર્ગત તીર્થયાત્રા દરમિયાન યુધિષ્ઠિર કૌશિકી નદીમાં સ્નાન કરી વિશ્વામિત્રના આશ્રમે પધાર્યા. ત્યાં સમીપમાં પુણ્ય નામનો આશ્રમ છે. ઋષ્યશૃંગને લોમપાદે પોતાની શાન્તા નામની પુત્રી કેવી રીતે પરણાવી, તેવો પ્રશ્ન પૂછતાં લોમશ ઋષિ ઋષ્યશૃંગ ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ મુજબ ઋષ્યશૃંગ કયા, તેનો પરિચય કરીએ તો –

૧) ઋષ્યશૃંગ – કશ્યપ કુળના વિભાંડક ઋષિનો પુત્ર.

૨) ઋષ્યશૃંગ – સાવર્ણિ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક [૧]

ઉપર્યુકત ઋષ્યશૃંગ નામના ઉલ્લેખને આધારે પ્રથમ ઋષ્યશૃંગનો આ ઉપાખ્યાનમાં ઉલ્લેખ છે.

મહાભારતની કથા મુજબ ઋષ્યશૃંગ વિભાંડક ઋષિના મૃગીની કૂખે જન્મેલ પુત્ર ઋષ્યશૃંગના જન્મની કથા આ પ્રમાણે છે –

એકવાર વિભાંડક ઋષિએ ગંગાસ્નાન દરમિયાન ઉર્વશી અપ્સરાને જોઈ ઋષિ કામાતુર બન્યા. જેના કારણે તેનું વીર્ય ગંગાના પાણીમાં પડયું. શાપને કારણે કોઈ મૃગયોનિ પામેલી દૈવી કન્યા જલપાન કરવા આવી. પાણી સાથે ઋષિનું વીર્ય મૃગીના ઉદરમાં પ્રવેશ્યું. તે વીર્યથી આ મૃગીની કૂખે ઋષ્યશૃંગનો જન્મ થયો. તેના મસ્તક પર શૃંગ હોવાને કારણે ઋષ્યશૃંગ કહેવાયા. [૨]

ઋષ્યશૃંગે પિતા સિવાય અન્ય કોઈ વ્યકિતનું દર્શન કર્યું ન હતું. સ્ત્રી દર્શનની તો વાત જ શી કરવી ?

દશરથ મિત્ર લોમપાદના રાજયમાં અનાવૃષ્ટિ થઈ. બ્રાહ્મણો દ્વારા જાણ્યું કે વિભાંડક પુત્ર ઋષ્યશૃંગ પોતાના રાજયમાં આવે તો વૃષ્ટિ થાય.

ઋષ્યશૃંગના પિતા ક્રોધી હોવાથી તેને કેવી રીતે રાજયમાં લાવવા તેવો વિચાર રાજા કરતા હતા ત્યાં વારાંગનાઓએ તે કાર્ય પાર પાડવા કહ્યું.

વિભાંડક ઋષિ આશ્રમમાં ન હોય ત્યારે વારાંગના વેશ પરિવર્તન કરી આશ્રમમાં ગઈ અને પોતાની કામ લોલુપતાથી ઋષ્યશૃંગને ભ્રમિત કર્યા. એમ વારંવાર કરતા ઋષ્યશૃંગ મુનિ સ્વયં વારાંગનાની શોધમાં તેમના આશ્રમે પહોંચી ગયા. વારાંગના તેને લોમપાદના આશ્રમે લઈ ગઈ, જેના કારણે રાજયમાં વૃષ્ટિ થઈ. રાજાએ પોતાની શાન્તા નામની કન્યા ઋષિ સાથે પરણાવી.

વિભાંડક ઋષિના આશ્રમમાં ઋષ્યશૃંગ ન હતા તેથી શોધ કરતાં ક્રોધિત થતાં રાજયમાં આવ્યા. તેના સ્વાગત અને પુત્ર સાથે પુત્રવધૂને નિહાળતા તેનો ક્રોધ શાંત થયો. વિભાંડક ઋષિએ કહ્યું.

**जाते च पुत्रे वनमेवाव्रजेथा ।**

**राज्ञः प्रियाण्यस्य सर्वाणि कृत्वा ॥**

અર્થાત્ પુત્ર પ્રાપ્તિ પછી પુનઃ આશ્રમમાં પધારજે. [3] એમ કહી આશીર્વાદ આપી ચાલ્યા ગયા.

પુત્ર પ્રાપ્તિ પછી ત્વરિત ઋષ્યશૃંગ આશ્રમે આવી પહોંચ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

ઋષ્યશૃંગ ઋષિનું આખ્યાન રામાયણ બાલકાંડ સર્ગ–૯, શ્રીમદ્ ભાગવત પુરાણ ઈત્યાદિ પુરાણગ્રંથો નિરુપે છે. રામાયણમાં રાજા દશરથ પુત્રેષ્ટિ યજ્ઞ માટે ઋષ્યશૃંગને આમંત્રણ આપે છે. અલ્પ તફાવત સાથે કથા રજૂ થઈ છે.

મહાભારત એક ઉપદેશ પ્રધાન કાવ્ય છે, તે ઉપદેશનું માધ્યમ આવા આખ્યાનો–ઉપાખ્યાનો છે. જેના દ્વારા સામાન્ય જન સમાજને બોધ પ્રાપ્ત થાય છે. આવા આખ્યાનો ઉપાખ્યાનો અનેક છે. તેવું જ આ એક ઉપાખ્યાન છે, જેના દ્વારા નીચેના મુદ્દાઓ ફલિત થાય છે –

**અતિ પ્રાકૃત તત્ત્વ :**

પ્રસ્તુત ઉપાખ્યાનમાં ઋષ્યશૃંગની જન્મ કથા વિશિષ્ટ છે. મુનિ વિભાંડક એવં મૃગીના પુત્ર તરીકે સર્વત્ર ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકયા છે તે કારણે તેના મસ્તક પર એક શૃંગ હતું. વિભાંડક મુનિ દ્વારા સ્ખલિત મૃગીએ વીર્યધાન કરવાથી માનવ શિશુનું ગર્ભમાં આવવું અતિ પ્રાકૃતિક તત્ત્વ છે.

વર્તમાન યુગમાં પણ વધારાના અંગોવાળા વિકૃત શિશુઓ જન્મે છે. ઋષ્યશૃંગ પણ આવું વિકૃત બાળકનું રૂપ હોઈ શકે તેમ માની શકાય. મહાભારતકાળમાં પણ આવા વિકૃત બાળકો જન્મતા હશે.

મહાભારતકાળમાં તાત્ત્વિક અન્વેષણ ભારતીય સમાજની પ્રૌઢતાની ચરમસીમા પર હતું. આવી અવસ્થામાં કોઈપણ તથ્યને બાલોચિત કહેવું નરી મૂર્ખતા છે. આવી અવસ્થામાં મહાન્ વિદ્વાન્‌ની કથા પશ્ચાત્ રહેલ રહસ્યથી માહિતગાર થવું અસંભવ છે. ઋષ્યશૃંગને પણ તેનું ઉદાહરણ ગણાવી શકાય.

આ ઉપરાંત મહાભારતનો એક અન્ય પ્રસંગ સૌમક અને જન્તુ ઉપાખ્યાનમાં નરમેધ યજ્ઞમાં જન્તુની આહુતિનું વર્ણન સ્વાભાવિક છે. પરંતુ તેની ચરબીની આહુતિથી ઉત્પન્ન ધૂમ્રની સુગંધ દ્વારા રાણીઓ ગર્ભવતી બની. [4] તે સર્વથા અસ્વાભાવિક પ્રતીત થાય છે.

માન્ધાતાની જન્મકથા તો માનવબુદ્ધિથી પર લાગે છે. માન્ધાતાનો જન્મ એક પુરુષના શરીરમાંથી થયેલ બતાવ્યો છે.

મહાભારતકાલીન વિજ્ઞાન ખૂબ આગળ હતું. તેમાં એકવીસમી સદીમાં પણ અલ્પ અંશે જ શકય એવું પુરુષ પ્રજોત્પત્તિનું વર્ણન જોવા મળે છે.

**તપ :**

ઋષ્યશૃંગ મહાન તપસ્વી હતા. તપ એ જ તેનું કર્મ હતું. પિતા પાસેથી તપરૂપી ધન પ્રાપ્ત કર્યું હતું. તે એટલે સુધી કે તેમણે સ્ત્રીદર્શન કર્યું જ ન હતું. તપ દ્વારા કોઈપણ ઈષ્ટની પ્રાપ્તિ થઈ શકે છે. તપસ્વી ઋષિઓ તપ દ્વારા સહસ્ર વર્ષ પર્યન્ત જીવન ટકાવી રાખતા.

બ્રહ્મપુરાણ અનુસાર **नासाध्यमस्ति तपसो ।** અર્થાત્, તપસ્યા દ્વારા કંઈપણ દુર્લભ નથી. [૫]

ઋગ્વેદ પ્રમાણે, ''આ સંસાર શુભ મંગલદાયક અને મધુર પદાર્થોથી પૂર્ણ છે. પરંતુ તે તેને મળે છે જે તપ દ્વારા તેમનું મૂલ્ય ચૂકવે છે. વિવેકપૂર્ણ તપથી વિદ્યા, ધન આદિ પ્રાપ્ત થાય છે.'' [૬]

વિદ્વાનોને મતે ત્યાગ અને વિનય તપ છે. શ્રુતિ અનુસાર તપ યજ્ઞથી પણ શ્રેષ્ઠ છે.

ભગવાન્ વેદવ્યાસ મુજબ 'કોઈ પ્રાણીની હિંસા ન કરવી, સત્યભાષણ, ક્રુરતાનો ત્યાગ, મન અને ઈન્દ્રિયો પર સંયમ તથા સર્વ પ્રત્યે સદ્ભાવ તે તપ છે. માત્ર શરીર શોષણ તપ નથી.' [૭]

કુટિલતા મૃત્યુનું સ્થાન છે અને સરળતા પરબ્રહ્મ પ્રાપ્તિનું સ્થાન છે. એટલું જ તપ છે. શેષ સર્વ પ્રલાપ માત્ર છે. [૮]

તપમાં અતૂટ શકિત છે, તપ દ્વારા જરુત્કારુએ સૂર્યદેવને પોતાને આધીન બનાવ્યા.

વિશ્વામિત્ર પણ મહાન તપસ્વી હતા. તેમણે તપોબળને કારણે મહર્ષિ પદમાંથી બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કર્યું. વિશ્વામિત્રના તપની તેજસ્વિતા વર્ણવતા મેનકા કહે છે, ''તે સ્વતેજથી સંપૂર્ણ લોકને ભસ્મ કરી શકે, પગના આઘાતથી પૃથ્વી કંપાવી શકે, વિશાળ મેરુ પર્વતને નાનો બનાવી શકે અને સંપૂર્ણ દિશાઓ પરિવર્તિત કરી શકે છે. આવા પ્રજ્જવલિત અગ્નિ સમાન તેજસ્વી, તપસ્વી અને જિતેન્દ્રિય મહાત્માને મારા જેવી તુચ્છ નારી કેવી રીતે સ્પર્શ કરી શકે ? [૯]

તપસ્વી માટે કંઈ અસાધ્ય નથી. [૧૦] તે વાત મહાશ્વેતાવૃત્તાંતમાં ચંદ્રાપીડ પણ કહે છે. મહાશ્વેતા તાપસી હતી. તે વૃક્ષ નીચે ભિક્ષાપાત્ર લઈ ગઈ તો ભિક્ષાપાત્ર આપોઆપ ભરાઈ ગયું. આ દશ્ય જોઈ ચંદ્રાપીડ આ ઉકિત બોલે છે.

તપ કરવા માટે અરણ્યમાં જવાની કે સંસાર ત્યાગવાની પણ આવશ્યકતા નથી. સંસારમાં રહીને પણ બ્રહ્મચર્ય દ્વારા તપ કરી શકાય છે.

**બ્રહ્મચર્ય :**

ચાર આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્થાશ્રમ. તેમાં બ્રહ્મચર્ય પ્રથમ ક્રમે આવે છે.

અથર્વવેદ અનુસાર ''બ્રહ્મચર્ય પાલન અને તપસ્યા દ્વારા દેવતાઓ મૃત્યુને પણ જીતી લે છે. તપ એક સાધન છે, જેના દ્વારા સર્વ સંભવ છે. તેથી તપસ્યાનું મહત્ત્વ સર્વાધિક છે.'' [૧૧]

વશિષ્ઠ સંહિતા મુજબ ''શરીર, મન અને વાણી – આ ત્રણ અવસ્થામાં સદૈવ મૈથુન ત્યાગને બ્રહ્મચર્ય કહે છે.'' [૧૨]

વાલ્મીકિ રામાયણ બ્રહ્મચર્યના બે પ્રકાર આપે છે. એક દંડ, મેખલા આદિ ધારણરૂપ બ્રહ્મચર્ય અને બીજું ઋતુકાળમાં પત્ની સમાગમરૂપ ગૌણ બ્રહ્મચર્ય. [૧૩]

બ્રહ્મચર્ય વ્રત પાલનનો અર્થ છે, સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ અને બ્રહ્મ સ્વરૂપમાં વિચરણ કરવું. અર્થાત્, પરમાત્માના સ્વરૂપનું મનન કરવું.

શાસ્ત્રમાં આઠ પ્રકારના મૈથુન દર્શાવ્યા છે –

**स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ।**
**संकल्पोडत्त्मवसाय   क्रियानिष्पत्तिरेव च ॥**

અર્થાત્, સ્ત્રીનું સ્મરણ, સ્ત્રી સંબંધી વાતચીત, સ્ત્રી સાથે રમત, સ્ત્રીઓનું દર્શન, સ્ત્રી સાથે ગુપ્ત વાતો, સ્ત્રીને મળવાનો નિશ્ચય કરવો તથા સ્ત્રી સંગ કરવો.

બ્રહ્મચારીએ ઈન્દ્રિયોનું સંયમપૂર્વક યમ–નિયમ દ્વારા પાલન કરવું. આ ઉપરાંત શ્રી મનુ ભગવાનના વર્ણવ્યા મુજબના વિશેષ નિયમોનું પાલન કરવું. શ્રી મનુ ભગવાન્ કહે છે, ''બ્રહ્મચારીએ નિત્ય સ્નાન કરી શુદ્ધ બની દેવતા ઋષિ અને દિવ્ય પિતરોનું તર્પણ તથા દેવતાનું પૂજન તથા અગ્નિહોત્ર કરવો.'' [૧૪]

અથર્વવેદ અનુસાર ''નિયમિત આહાર, વ્યાયામ અને શ્રમ દ્વારા શરીર શુદ્ધ બનાવી સદૈવ સ્વસ્થ રહેવું, ઉત્તમ પદાર્થોનું સેવન અને શ્રેષ્ઠ પુરુષોનું સાંનિધ્ય પ્રાપ્ત કરી પૂર્ણ આયુષ્ય ભોગવવું.'' [૧૫]

ઋગ્વેદ સાદગીપૂર્ણ જીવન જીવવા માટે તેમજ શારીરિક, આત્મિક સુખ પ્રાપ્તિ માટે બ્રહ્મચારી બનવાનું કહે છે. [૧૬]

સત્ય, તપ, સમ્યક્જ્ઞાન અને બ્રહ્મચર્ય તેનાથી આત્માની બલિષ્ઠતા પ્રાપ્ત થાય છે. [૧૭]

બ્રહ્મચર્ય દ્વારા દીર્ઘાયુષ્ય, તેજ, બલ, વીર્ય, પ્રજ્ઞા, લક્ષ્મી, મહાયશ, પુણ્ય અને પ્રિયત્વ પ્રાપ્ત થાય છે. [૧૮]

ભારતીય સંસ્કૃતિના ચાર આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સન્યસ્થાશ્રમમાંથી બ્રહ્મચર્યાશ્રમમાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઈએ, તેમ અથર્વવેદ કહે છે. [૧૯]

મનુષ્ય આયુ સો વર્ષનું કલ્પી તેના ચાર વિભાગ પાડયા તેમાં બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાધ્યયનનું મહત્વ દર્શાવ્યું છે. મનુએ ૨૫ વર્ષના સ્થાન પર ૩૬, ૧૮, ૯ વર્ષ સુધી વેદાધ્યયન કરવાનો નિયમ બતાવ્યો છે. [૨૦]

પરંતુ ૨૫ વર્ષનો બ્રહ્મચર્યાશ્રમ અધિક માન્ય રહ્યો છે.

મનુએ કહ્યું છે કે બ્રહ્મચારીએ અખંડિત બ્રહ્મચર્ય ધારણ કરી ત્રણે વેદનું અધ્યયન કરવું. અન્યથા બે અથવા એક વેદનું અધ્યયન કરવું. પરંતુ વેદાધ્યયન વિના ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરવો. [૨૧]

સ્મૃતિઓમાં ત્રણ પ્રકારના સ્નાતકો દર્શાવ્યા છે – (૧) વિદ્યા સ્નાતક (૨) વ્રત સ્નાતક અને (૩) વિદ્યાવ્રત સ્નાતક.

બ્રહ્મચર્યાશ્રમમાં માત્ર વેદાધ્યયન સમાપ્ત કરનાર વિદ્યા સ્નાતક, વ્રત સમાપ્ત કરનાર વ્રત સ્નાતક તથા વિદ્યા તથા વ્રત બંનેને સમાપ્ત કરનાર વિદ્યા વ્રત સ્નાતક [૨૨] મનાયા છે.

બ્રહ્મચારી માટે અનેક કર્મોનું વિધાન છે, જેમાંથી કેટલાક અપરિહાર્ય હતા. ઈન્દ્રિય નિગ્રહ, નિત્ય સ્નાન કરી દેવતાઓ, ઋષિઓ તથા પિતૃતર્પણ, દેવતાઓનું પૂજન, પ્રાતઃ સાયં યજ્ઞ અનુષ્ઠાન. [૨૩]

બ્રહ્મચારી માટે ગુરુ ભકિત પરમ નૈતિક કર્તવ્ય હોય છે.

બ્રહ્મચર્યાશ્રમમાં નારી મોહથી સાવધાન રહેવા કહ્યું છે. મનુસ્મૃતિ અનુસાર સ્ત્રીઓનો પોતાની ચેષ્ટાઓ દ્વારા પુરુષોને મોહિત કરવાનો સ્વભાવ છે. [૨૪]

કેટલાક બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરતા જીવન પર્યન્ત બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે, પરંતુ અધિકાંશ ગુરુ આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી સંતાનોત્પત્તિ માટે સવર્ણ કન્યા સાથે વિવાહ કરી ધર્મપૂર્વક સ્વકર્તવ્યનું પાલન કરે છે.

ગૃહસ્થાશ્રમ અન્ય આશ્રમોની ધરિ છે. વસ્તુતઃ તે આશ્રમોનો આધારસ્તંભ છે. ગૃહસ્થાશ્રમ સર્વાધિક દુષ્કર છે. જેવી રીતે વાયુના આશ્રયે સર્વ જીવો જીવે છે. તેવી રીતે ગૃહસ્થના આશ્રયે સર્વ આશ્રમો અંતર્ગત વ્યકિત ધર્મનો નિર્વાહ કરે છે.

ઋષ્યશૃંગ ઋષિ પણ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેમણે સ્ત્રી મુખદર્શન તથા તેમની ચેષ્ટાઓ જોઈ ન હતી. તેથી જ વારાંગનાઓની દેહલતા જોઈ તેમને આશ્ચર્ય થયું અને તે વારાંગના પ્રત્યે આસકત થયા.

**વિષયાસકિત :**

ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષ અંતર્ગત કામને તૃતીય સ્થાને મૂકયું છે.

કામ–વિષયાસકિત વિના મનુષ્ય જીવન દુષ્કર છે. સદા કલ્યાણકારી શિવ પણ તે કામ પ્રત્યે આસકત થયા હતા અને પાર્વતી સાથે વિવાહ સંબંધથી બંધાયા હતા.

શિવે કામદેવને ભસ્મ કર્યો. પરંતુ તેને વરદાન આપ્યું કે, તારા પતિનું તત્કાલ મિલન થશે. [૨૫]

વિષયાસકિત માટે ભ્રમરનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. ભ્રમર સર્વ ફૂલોમાંથી રસ ચૂસે છે. તે ફૂલ પ્રત્યેની આસકિતને કારણે જ છે. કાષ્ઠ પણ કોતરી શકવા સક્ષમ છે તે નાજુક એવા ફૂલની પાંખડી કોતરવા અસમર્થ છે. તે કામાસકિતને કારણે જ છે.

વિષયાસકત મનુષ્ય મૃત સમાન હોય છે. ઋગ્વેદમાં કહ્યું છે કે – **प्रभुकामो हि मर्त्यः ।** [૨૬]

વાલ્મીકિ રામાયણ મુજબ જે ધર્મ અને અર્થનો ત્યાગ કરી માત્ર કામનું સેવન કરે છે તે વૃક્ષની શાખાના અગ્રભાગે શયન કરતા મનુષ્ય સમાન છે. નીચે પડવાથી જ તેને સત્ય સમજાય છે. [૨૭]

યોગ વસિષ્ઠ પ્રમાણે, ''વિષય ભોગ સંસારનો મહારોગ છે, અને તૃષ્ણાઓ મૃગ તૃષ્ણા છે.'' [૨૮]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે – ''વિષયોનું ચિંતન કરનારા પુરુષની વિષયો પ્રત્યે આસકિત થઈ જાય છે. આસકિતથી કામ ઉત્પન્ન થાય છે અને કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે.'' [૨૯]

''જેવી રીતે નાવને વાયુ હરી લે તેવી રીતે વિષયોમાં વિચરતી ઇન્દ્રિયોમાંથી મન ઇન્દ્રિય સાથે હરે છે તે એક ઈન્દ્રિય જ અયુકત પુરુષની બુદ્ધિને હરી લે છે.'' [૩૦]

''જે સુખ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થાય છે. નાના સરખા ભોગ વિલાસમાં અમૃત તુલ્ય પ્રતીત હોવા છતાં વિષ સમાન છે.'' [૩૧]

''વિષય વાસના નિશ્ચય દુઃખરૂપ છે.'' [૩૨]

આ બાબતને બાળક નચિકેતા ખૂબ સારી રીતે જાણે છે તેથી જ તે યમને કહે છે –

**श्वोभावा मर्त्यस्य पदन्तकैतत् ।**

**सर्वेन्द्रियाणां जरयन्ति तेजः ।**

અર્થાત્, આ સર્વ ક્ષણભંગુર છે. ઈન્દ્રિયોના તેજને ક્ષીણ કરે છે. [૩૩]

તેથી સજ્જન પુરુષે વિષયાસકિતથી દૂર રહેવું.

ઋષ્યશૃંગ ઋષિ કામ વિહ્વળ બની ગયા. ગણિકાના દૂર જવાથી તે વિચારવા લાગ્યા, ''તેના ચાલ્યા જવાથી હું અચેત થઈ ગયો શીઘ્ર તેમની સમીપ જતો રહું અથવા તે નિત્ય મારી પાસે રહે.'' [૩૪]

રાજા લોમપાદ દ્વારા બ્રાહ્મણનો કોપ થવાથી રાજયમાં વર્ષા થતી ન હતી. તે વાત અન્ય બ્રાહ્મણ દ્વારા જાણી અને તે કોપ દૂર કરવાનો ઉપાય પણ શોધ્યો.

બ્રાહ્મણ શીઘ્ર કોપી હોય છે. તેનું ઉદાહરણ દુર્વાસાનું આપી શકાય. દુર્વાસા સુલભ કોપા ઋષિ હતા. મહાભારતમાં બ્રાહ્મણોની શ્રેષ્ઠતા દર્શાવતા કહ્યું છે, ''બ્રાહ્મણોની પૂજા કરવાથી આયુ, કીર્તિ, યશ અને બળ પ્રાપ્ત થાય છે.'' [૩૫]

પરશુરામ પણ અત્યંત ક્રોધી હતા. તેમણે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી. ઋષિ મુનિની પ્રકૃતિ સ્વભાવથી જ ક્રોધિત હોય છે. મહાશ્વેતાવૃત્તાંતમાં મહાશ્વેતા પુંડરિકને જોઈને કહે છે, ''મુનિજનોની પ્રકૃતિ ક્રોધથી બહુ દૂર હોતી નથી.'' [૩૬]

ક્રોધને જે જીતી શકે, તે સંત કહેવાય છે. શ્રીકૃષ્ણે ક્રોધ પર વિજય મેળવ્યો હતો.

મહાભારતના અનુશાસન પર્વ ૧૫૯ અધ્યાયમાં એક કથા છે.

એકવાર દુર્વાસા કોપાયમાન થઈ નિવાસ શોધતા હતા સાથે એક શરત હતી કે, 'મારા અપરાધથી કોઈએ ગુસ્સે થવું નહીં.' [૩૭]

જ્યારે કોઈએ તેને આશ્રય ન આપ્યો ત્યારે શ્રીકૃષ્ણે તેને આશ્રય આપ્યો.

એકવાર નિજ આશ્રય ભસ્મ કરી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા, **''कृष्ण पायसमिच्छामि भोक्तुमित्येव सत्वरः ।''** અર્થાત્, હું શીઘ્ર ખીર ખાવા ઈચ્છું છું. [૩૮]

ક્ષણિક ખીર ખાઈ શેષ રહેલ ખીરનો શ્રીકૃષ્ણના શરીર પર લેપ કરવા આજ્ઞા કરી. શ્રીકૃષ્ણે આજ્ઞાનુસાર કર્યું.

રુકિમણીને રથમાં ઘોડાને સ્થાને જોતરી સ્વયં રથમાં બિરાજમાન થયા.

નગરવાસી વિચારવા લાગ્યા. કહેવાય છે કે વિષેલા નાગનું વિષ તીક્ષ્ણ હોય છે. પરંતુ બ્રાહ્મણ તેનાથી પણ અધિક તીક્ષ્ણ હોય છે. [૩૯]

શ્રીકૃષ્ણ રથ પાછળ **प्रसीद भगवन्** એમ બોલતા દોડવા લાગ્યા.

દુર્વાસા પ્રસન્ન થઈ કહેવા લાગ્યા, ''શ્રીકૃષ્ણ તમે ક્રોધને જીતી લીધો છે.'' [૪૦]

દુર્વાસાએ પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણને વરદાન આપતા કહ્યું –

**यावदेतत् प्रलिप्तं ते गोत्रेषु मधुसूदन ।**
**अतो मृत्युभयं नास्ति यावदिच्छसि चाच्युत ॥**

અર્થાત્, ''જે અંગો પર ખીર લગાડી તે અંગોનો કોઈ વધ નહી કરી શકે તમે અમર થઈ રહેશો.'' [૪૧]

દુર્વાસાનો આ શાપ શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ સમયે સાકાર થતો લાગે છે. શ્રીકૃષ્ણને પગના નીચેના ભાગમાં બાણ લાગ્યું, જે ભાગમાં તેમણે ખીર લગાડી ન હતી.

આ રીતે શ્રીકૃષ્ણે ક્રોધ પર વિજય પ્રાપ્ત કર્યો.

**પ્રાયશ્ચિત્ત :**

રાજા લોમપાદે પ્રાયશ્ચિત્ત રૂપે ઋષ્યશૃંગ ઋષિને સ્વગૃહે નિમંત્રી સ્વકન્યાના વિવાહ કરી પ્રાયશ્ચિત્ત કર્યું. સાચા હૃદયથી કરેલ અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવાથી અપરાધ દૂર થાય છે.

મનુ દેવ કહે છે, ''પાપના પ્રાયશ્ચિત્ત માટે જપ, હોમ, ઉપવાસ, આત્મજ્ઞાન, પવિત્ર તીર્થોમાં સ્નાન ઈત્યાદિ કરવા જોઈએ.'' [૪૨]

એક જ ક્રિયા દેશ, કાળ અને પરિસ્થિતિના ભેદથી ધર્મ અથવા અધર્મ બને છે. ચોરી કરવી, અસત્ય ભાષા, હિંસા આદિ અધર્મ પણ અવસ્થા વિશેષમાં ધર્મ બની જાય છે. [૪૩]

કર્મ પૂર્વે શુભ–અશુભ પરિણામનો વિચાર કરવો જોઈએ. અવિચારી કર્મ પશ્ચાત્તાપ જ આપે છે.

રાજા પરીક્ષિતે અને રાજા દશરથે અવિચારી કર્મ કર્યું, જેથી મૃત્યુ પ્રાપ્ત થયું. તેમાં આપેલ શાપ મહત્ત્વનો હતો. શાપને કારણે તેને પ્રાયશ્ચિત્ત કરવા છતાં તેઓ મૃત્યુને નિવારી શકયા નહીં.

વાલ્મીકિ રામાયણ પ્રમાણે, ''જે કર્મફળના જ્ઞાન અથવા વિચાર કર્યા વિના કર્મ પ્રતિ દોડે છે, તે ફળ પ્રાપ્ત થવાથી કેરી તોડી પલાશ સિંચન કરનારની માફક શોક કરે છે.'' [૪૪]

કઠોપનિષદ્માં પણ નચિકેતા યમ દ્વારે આવ્યો. પરંતુ યમની અનુપસ્થિતિમાં ત્રણ રાત ભૂખ્યો–તરસ્યો બેસી રહ્યો. તેના પ્રાયશ્ચિત્ત રૂપે યમે નચિકેતાને ત્રણ વરદાન આપ્યા. [૪૫]

પ્રાયશ્ચિત્ત દ્વારા કરેલ કર્મમાંથી મુકિત મળી શકે છે.

**નિષ્કર્ષ :**

ઋષ્યશૃંગ જન્મની કથામાં અતિ પ્રાકૃત તત્ત્વ જોવા મળે છે, જેને સત્ય ન ગણતા રૂપક તરીકે લઈ શકાય.

તપ સ્વયં સિદ્ધ છે. તપસ્વી પોતાના તપ દ્વારા અનેક કઠીન કાર્યો સિદ્ધ કરી શકે છે. તપ કરવા માટે અરણ્યમાં જવાની કે સંસાર ત્યાગવાની આવશ્યકતા નથી. તે ઋષ્યશૃંગના પાત્ર દ્વારા જાણી શકાય છે.

બ્રહ્મચર્ય દ્વારા મૃત્યુને પણ જીતી શકાય છે. પરંતુ તે બ્રહ્મચર્ય સંન્યાસી હોય અને ગૃહસ્થાશ્રમીનું પણ હોઈ શકે. ઋષ્યશૃંગ પણ ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી હતા. કારણ કે તે પુત્ર પ્રાપ્તિ પછી પુનઃ આશ્રમમાં પધારે છે. ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને શ્રેષ્ઠ કહ્યો છે.

ગૃહસ્થાશ્રમ શેષ ત્રણ આશ્રમોનું ઉદ્ગમસ્થાન છે અને તેના દ્વારા ભરણપોષણ થાય છે. આ પ્રમાણે વિશ્વાત્માની સેવા ગૃહસ્થાશ્રમનો સહજ ધર્મ છે. આ સહજ ધર્મનું પાલન કરી ગૃહસ્થી લક્ષ્યને પ્રાપ્ત કરી શકે

છે. આ માર્ગમાં અનેક પ્રકારના બાહ્ય એવં આંતરિક વિઘ્નો આવે છે. સાધક તેને પાર કરી શકતો નથી. તેથી તેને અભિન્ન સહધર્મીની અપેક્ષા હોય છે. આ ઉદ્દેશ્યથી દામ્પત્ય ધર્મનો સ્વીકાર કર્યો છે. [૪૬]

ગૃહસ્થ ધર્મનો મુખ્ય હેતુ ઉત્તમ સંતાન પ્રાપ્તિ છે. એ નથી ઈન્દ્રિય તૃપ્તિ માટે કે નથી કોઈ દિવ્ય હેતુ તેથી જ ગૃહસ્થાશ્રમને ધન્ય કહ્યો છે.

## (૪) પરશુરામોપાખ્યાન

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત અંતર્ગત વનપર્વના તીર્થયાત્રા પર્વ અંતર્ગત પરશુરામ ઉપાખ્યાન નામના ૧૧૫ મા અધ્યાયમાં નિરુપેલ છે.

તીર્થયાત્રા દરમિયાન સર્વ ઋષિઓનો પરિચય આપતા લોમેશજી યુધિષ્ઠિરને પરશુરામ ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ એક માત્ર પરશુરામનો ઉલ્લેખ કરે છે.

(૧) પરશુરામ – ઋચિક ઋષિના પુત્ર જમદગ્નિ, તેના પાંચ પુત્રોમાંના એક પરશુરામ. [૧]

મહાભારતની કથા પ્રમાણે પરશુરામે કાર્તવીર્ય અર્જુનનો વધ કર્યો હતો. તેમને સહસ્ર ભૂજાઓ હતી. તે કાર્તવીર્યનો પ્રકોપ એટલો વધી ગયો કે તેનો નાશ કરવા માટે ઈશ્વરીય અંશનું પ્રાકટ્ય આવશ્યક હતું. આથી પરશુરામનું પ્રાકટ્ય થયું.

પરશુરામના જન્મની કથા જોઈએ તો – ગાધી નામના મહા પરાક્રમી રાજાને અપ્સરા સમાન તેજસ્વી પુત્રી હતી. ભૃગુપુત્ર ઋચિક સાથે તેના વિવાહ થયા.

વિવાહ પૂર્વે ગાધીએ શરત કરી કે – 'પૂર્વકાળથી ચાલી આવતી પરંપરા પ્રમાણે આપને અમને એક સહસ્ર વેગવાન અશ્વ જેનો રંગ સફેદ અને પીળો હોય અને કર્ણ એક બાજુ કાળો હોય' આપવા પડશે.

ઋચિકે આ વાતનો સ્વીકાર કર્યો. વિવાહ પશ્ચાત્ ભૃગુ ઋષિએ ઋચિકસત્યવતીને વરદાન માંગવા કહ્યું.

સત્યવતીએ પોતાની માતા માટે પણ પુત્ર પ્રાપ્તિની વરયાચના કરી.

વરદાન આપતા ભૃગુ ઋષિએ 'ઋતુકાળના સ્નાન બાદ તમે બંને પુત્ર પ્રાપ્તિના ઉદ્દેશ્યથી ભિન્ન–ભિન્ન વૃક્ષોનું આલિંગન કરી ચરુ ભક્ષણ કરો તેમ કહ્યું.' [૨]

માતા–પુત્રીના ચરુ બદલી ગયા. તેથી સત્યવતીએ પુત્ર બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિયોચિત આચાર–વિચારવાળો બન્યો અને તેની માતાનો પુત્ર ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણોચિત આચાર–વિચારવાળો બન્યો.

સત્યવતીએ પોતાના પુત્રના બદલામાં પૌત્ર ક્ષત્રિયોચિત આચાર–વિચારવાળો બને તેમ માંગ્યું, ભૃગુ ઋષિએ તે પ્રમાણે થવા કહ્યું.

સત્યવતીનો પુત્ર જમદગ્નિ, તેમણે રેણુકા નામની રાજકન્યા સાથે વિવાહ કર્યા. રેણુકાએ પાંચ પુત્રને જન્મ આપ્યો. તેમાં સૌથી કનિષ્ઠ પરશુરામ હતા.

રેણુકાનો ચિત્રરથ નામના રાજા સાથે માનસિક વિકારમાં જોઈ પતિ જમદગ્નિએ ક્રોધિત થઈ પોતાના પુત્રોને માતાનો વધ કરવા આદેશ આપ્યો. પરંતુ કોઈએ તત્પરતા દાખવી નહીં. આથી પરશુરામને કહ્યું.

**जहीमां मातरं पापां मा च पुत्र व्यथां कृथाः ।**

**तत आदाय परशुं रामो मातुः शिरोडहरत् ॥**

અર્થાત્, આ પાપિની માતાનો વધ કરો અને તેનું કોઈને દુઃખ ન રહે. [૩]

પત્નીના વધથી જમદગ્નિનો ક્રોધ શાંત થઈ ગયો. પ્રસન્ન થઈ પરશુરામને વરદાન માંગવા કહ્યું.

વરદાન માગતા પરશુરામે કહ્યું, ''મારી માતા સજીવન થઈ જાય અને તેમણે કરેલ કૃત્ય તેને યાદ ન રહે, અને યુદ્ધમાં મારો સામનો કોઈ ન કરી શકે.'' [૪]

કાર્તવીર્ય અર્જુનના પુત્રે પરશુરામના પિતાનો વધ કર્યો. આથી ક્રોધિત થઈ પરશુરામે કાર્તવીર્યના પુત્રોની હત્યા કરી. આ રીતે પરશુરામે એકવીસવાર પૃથ્વીને નક્ષત્રિય કરી.

તદ્પશ્ચાત્ પરશુરામે યજ્ઞ દ્વારા દેવરાજ ઈન્દ્રને તૃપ્ત કરી પૃથ્વી ઋત્વિજોને દક્ષિણામાં આપી દીધી.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત પરશુરામની કથાનો અન્ય સ્થળે પણ ઉલ્લેખ છે. રામાયણમાં પણ પરશુરામની કથા આવે છે. પરંતુ ત્યાં રામના શિવ ધનુષ્ય ભંગ પૂરતી જ તે કથા છે.

આ ઉપરાંત મત્સ્યપુરાણ, વાયુપુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, માર્કન્ડેય પુરાણ, વિષ્ણુ પુરાણ, હરિવંશ બ્રહ્મ પુરાણ, અગ્નિ પુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુ ધર્મોત્તર પુરાણ, નારદ પુરાણ, કૂર્મ પુરાણ ઈત્યાદિ સ્થળે ઉલ્લિખિત છે. સર્વ કથાઓમાં થોડા–વત્તા અંશે તફાવત દષ્ટિગોચર થાય છે. તેમાં ખાસ કરીને કાર્તવીર્ય અર્જુનના વધની કથા સાથે પરશુરામની કથા સંકળાયેલી છે.

આખ્યાન કથા ઉપદેશમૂલક કથા છે, ઉપદેશનું માધ્યમ છે. આખ્યાનના માધ્યમ દ્વારા મહર્ષિ વેદવ્યાસ એક કથામાંથી અનેક બાબતો ઉજાગર કરે છે. જેના દ્વારા સામાન્ય જન સમાજ કંઈક પ્રેરણા લઈ જીવનને નવી દિશા અર્પી શકે છે.

મહાભારતકાર પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા નીચે મુજબની બાબતો ઉજાગર કરે છે, જેને ક્રમશઃ જોઈએ.

**વિવાહ :**

પ્રસ્તુત ઉપાખ્યાનમાં જમદગ્નિ બ્રાહ્મણના રાજકન્યા રેણુકા સાથે વિવાહ છે. જે શાસ્ત્રએ માન્ય કરેલ છે. ઉચ્ચકુળના પુરુષ અને નિમ્નકુળની કન્યાના વિવાહને શાસ્ત્ર માન્ય ગણે છે. પરંતુ ઉચ્ચકુળની સ્ત્રી અને નિમ્નકુળના પુરુષના વિવાહને શાસ્ત્ર માન્ય ગણતા નથી.

વર્ણ વ્યવસ્થામાં ખલેલ પાડનાર સૌથી મોટું પરિબળ અસવર્ણ વિવાહ છે. આથી પુરાણ, ધર્મશાસ્ત્ર અને સ્મૃતિ સાહિત્યમાં અસવર્ણ વિવાહની કડક શબ્દોમાં ભર્ત્સના કરવામાં આવી છે અને સવર્ણ વિવાહ પર ભાર મૂકવામાં આવ્યો છે.

અસવર્ણ વિવાહ બે પ્રકારના છે. (૧) અનુલોમ વિવાહ (૨) પ્રતિલોમ વિવાહ

ઉચ્ચવર્ણનો પુરુષ પોતાના વર્ણ કરતાં નિમ્ન કક્ષાના વર્ણની સ્ત્રી સાથે વિવાહ કરે તો તે અનુલોમ વિવાહ કહેવાય.

નિમ્ન વર્ણનો પુરુષ પોતાના વર્ણ કરતા ઉચ્ચ વર્ણની સ્ત્રી સાથે વિવાહ કરે તો તે પ્રતિલોમ વિવાહ કહેવાય.

પરશુરામની માતા ક્ષત્રિય કન્યા હતી અને પિતા બ્રાહ્મણ હતા. તેથી તે અનુલોમ વિવાહ કહેવાય.

સવર્ણ વિવાહ ઉત્તમ છે અને અસવર્ણ વિવાહ કામજ અને પાપમય છે, એવી માન્યતા ઊભી થઈ.

અસવર્ણ વિવાહમાં અનુલોમ વિવાહને સ્વીકૃતિ મળી છે પણ પ્રતિલોમ વિવાહની સખત ભર્ત્સના થઈ છે.

અભિજ્ઞાનશાકુન્તલમાં પણ કવિ કાલિદાસ અનુલોમ વિવાહને માન્ય ગણતા હોય તેમ લાગે છે. દુષ્યન્તના મુખે કાલિદાસ કહે છે, ''જો આ કન્યા ક્ષત્રિયની કૂખે જન્મી હશે તો મારે માટે યોગ્ય છે. પરંતુ જો બ્રાહ્મણ કન્યા હશે તો હું તેની સાથે વિવાહ કરી શકીશ નહીં.'' [૫]

સામાજિક સંતુલન અને વ્યવસ્થાના પ્રશ્ન તરીકે પુરાણોએ અસવર્ણ વિવાહને નિંદ્ય ગણ્યા છે છતાં તેના એવા અનેક દષ્ટાંતો અને પ્રસંગો મળે છે. જેમાં અસવર્ણ વિવાહ દષ્ટિગોચર થાય છે. આવા પ્રસંગોમાં તેમના તરફ અનુદાર દષ્ટિ રાખવાને બદલે તેમનો સ્વીકાર પણ થયો છે. કેટલીકવાર તો એટલી સાહજિકતાથી સ્વીકાર થયો છે કે તે શાસ્ત્ર વિરૂદ્ધ આંતર્વર્ણ વિવાહ છે અને તેનાથી ઉત્પન્ન સંતતિ વર્ણસંકર છે, એવી વાત જ જાણે કે વિસરાઈ ગઈ છે. આવા વિવાહોથી ઉત્પન્ન સંતાનોમાં યશસ્વી અને પરાક્રમી પુરુષો થયા છે, જેમના ચરિત્રોનું પુરાણોએ ગૌરવગાન કર્યું છે. આવા ચારિત્ર્યમાં પરશુરામને ગણાવી શકાય.

પરશુરામની માતા ક્ષત્રિય કન્યા હતી અને પિતા બ્રાહ્મણ હતા. છતાં પરશુરામ પરાક્રમી બન્યા.

જે–તે સમયના સમાજમાં આવા લગ્નો સ્વીકૃતિ પામ્યા હોય તો જ તેમને આવું માનભર્યું સ્થાન પુરાણોમાં મળ્યું હોય એ સ્વાભાવિક છે.

એ ઉપરથી એટલું ચોક્કસ કહી શકાય કે ધર્મશાસ્ત્રો અને સ્મૃતિગ્રંથો દ્વારા લગ્ન સંસ્થાને બંધિયાર બનાવાઈ હશે તે પહેલા વિવાહ સંબંધે વર્ણ વ્યવસ્થાના નિયમો સ્વીકારાયા હશે તો પણ પરવર્તીકાળ જેટલા જડ તો નહીં જ હોય.

ઋગ્વેદ અને બ્રાહ્મણગ્રંથોમાં પણ અસવર્ણ વિવાહના દષ્ટાંતો મળે છે. પણ તેમના તરફ કોઈ કટુભાવ જણાતો નથી. વેદકાલીન પુરુષોએ ક્ષત્રિય કન્યા સાથે કે ક્ષત્રિય રાજાઓએ બ્રાહ્મણ કન્યા સાથે વિવાહ કર્યાના ઉલ્લેખો ઋગ્વેદ અને બ્રાહ્મણગ્રંથોમાં મળે છે. [૬]

તે ઉદાહરણો જોઈએ તો –

ચ્યવને ક્ષત્રિય કન્યા સુકન્યા સાથે વિવાહ કરેલા.

શ્યાવાશ્વની પત્ની પણ ક્ષત્રિય કન્યા હતી.

બ્રાહ્મણ વિમદે પુરુમિત્રની કન્યા સાથે વિવાહ કર્યા.

ક્ષત્રિય રાજા ભાવયવ્યની પત્ની બ્રાહ્મણ કન્યા હતી.

શતપથ બ્રાહ્મણ અનુસાર રાજા વૈશ્ય કન્યાને પણ પરણી શકતો. [૭]

તૈત્તિરીય બ્રાહ્મણ પણ વૈશિ પુત્રોથી પરિચિત છે. [૮]

ઐતરેય બ્રાહ્મણમાં કવષ ઐલુષનો ઉલ્લેખ દાસીપુત્ર તરીકે થયો છે. [૯]

અસવર્ણ વિવાહ બાબતે એક અન્ય બાબત પણ નોંધી શકાય કે તેમાં મોટાભાગના અનુલોમ પ્રકારના હતા.

પ્રાચીન સાહિત્ય બ્રાહ્મણો દ્વારા સુરક્ષિત રહ્યું હોય બ્રાહ્મણ કન્યાઓના બ્રાહ્મણેતર વિવાહ તરફ તેમણે ઉપેક્ષા કરી હોય, એવો રાજબલિ પાંડેએ કરેલો ખુલાસો સ્વીકાર્ય જણાય છે. [૧૦]

વર્તમાન સમયમાં અસવર્ણ વિવાહને અમુક અંશે સામાજિક સ્વીકૃતિ મળવા લાગી છે. ત્યારે ઋગ્વેદ તેમજ પૌરાણિક કાળમાં જોવા મળતો આંતર્વર્ણ વિવાહ તરફનો અભિગમ ખરેખર ક્રાંતિકારી છે.

પરશુરામ ક્ષત્રિય માતા અને બ્રાહ્મણ પિતાનું ઉત્તમ કોટિનું સંતાન છે.

સંસ્કૃત સાહિત્યમાં પણ અસવર્ણ વિવાહના ઉદાહરણ મળે છે. કાલિદાસ કૃત માલવિકાગ્નિમિત્રમાં સેનાપતિ પુષ્યમિત્રનાં પુત્ર અગ્નિમિત્રે ક્ષત્રિય રાજકન્યા માલવિકા સાથે વિવાહ કર્યા. હર્ષચરિતમાં સ્વયં કવિ બાણભટ્ટ લખે છે કે તેની પારશવ માતાથી ઉત્પન્ન ચંદ્રસેન અને માતૃષેણ નામના બે ભાઈઓ હતા. રાજશેખરે કર્પૂરમંજરીમાં લખ્યું છે કે પોતાની ગુણશીલસમ્પન્ન પત્ની અવન્તિ સુંદરી ચાટુઅણ (આધુનિક ચૌહાણ) નામક ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થઈ હતી. [૧૧]

**કન્યા વિક્રય :**

મહાભારતકાળમાં વિવાહ સંબંધમાં કન્યાનો વિક્રય થતો હશે, તેમ સ્પષ્ટપણે માની શકાય. કારણ કે ગાધી બ્રહ્મર્ષિ ઋચિકને કહે છે. અમારા કુળમાં પૂર્વજોએ શુલ્ક લેવાનો નિયમ કર્યો છે. તેથી આપ અમને સહસ્ર અશ્વો આપો, જેના ફળ સ્વરૂપે મારી કન્યાના વિવાહ આપની સાથે કરું.

ઋચિક ઋષિએ તે માંગ પૂર્ણ કરી. વરુણ દેવ પાસેથી સહસ્ર અશ્વો માંગી ગાધીને અર્પણ કરેલ અને ગાધીકન્યા સાથે વિવાહ કર્યા.

ઋગ્વેદ (૧–૧૦૯–૨), મૈત્રાયણી સંહિતા (૧–૧૦–૧), નિરુકત (૬–૯, ૩–૪), ઋગ્વેદ (૩–૩૧–૧), ઐતરેય બ્રાહ્મણ (૩૩), તૈત્તિરીય સંહિતા (૫–૨, ૧–૩) તૈત્તિરીય બ્રાહ્મણ (૧–૭–૧૦) આદિના અવલોકન દ્વારા વિદિત થાય છે કે પ્રાચીનકાળમાં કન્યા વિક્રય થતો હતો. આ પ્રથા અન્ય દેશોમાં પણ હતી, પરંતુ ક્રમશઃ તે ઘટતી ગઈ અને વર પક્ષ પાસેથી કંઈ લેવું પાપમય મનાવા લાગ્યું. [૧૨]

મનુ ભગવાન કહે છે. કન્યાના પિતાએ કન્યાના વિવાહમાં અલ્પ ધન પણ ન લેવું, ધન લેનાર પિતા સંતાનને વેચનાર કહેવાય છે. [૧૩]

મહાભારતકાર ભગવાન્ શ્રીવ્યાસે કન્યા વિક્રયની ભર્ત્સના કરી છે.

જૈમિની સૂત્ર (૬–૧–૧૫) ના મતે ૧૦૦ ગાય, એક રથ લઈ કન્યાના વિવાહ કરવા તે ક્રય નથી. તે તો ભેટ માત્ર છે. આ કથનથી વ્યકત થાય છે કે પૂર્વકાળમાં કન્યા વિક્રયની પ્રથા હતી તો તે નીંદનીય છે.

મહાભારતકાલીન સમાજમાં રાજકન્યાઓ સ્વયંવર દ્વારા પતિની નિયુકિત કરતી હતી. પરંતુ અમુક સમયે કન્યાનો વિક્રય પણ કરવામાં આવતો હશે, તે બાબત સ્પષ્ટ થાય છે.

**સ્ત્રી ચારિત્ર્ય :**

મનુષ્યના સર્વ ગુણમાં ચારિત્ર્ય ઉત્તમ છે. મહાન્ ઋષિમુનિઓ પણ ચારિત્ર્યને જ ઉત્તમ ગણે છે.

મહાભારતકાલીન સમાજ ચારિત્ર્યહીન સ્ત્રીને સહન કરી શકતો નહીં હોય, તે વાત પરશુરામ દ્વારા પિતાના આદેશથી માતાની હત્યા દ્વારા સ્પષ્ટ થાય છે.

વર્તમાન યુગમાં પણ સમાજ ચારિત્ર્યહીન સ્ત્રીની ઉપેક્ષા કરે છે. આજે પણ આપણે એવી અનેક ઘટના સમાજમાં જોઈએ છીએ કે પતિ દ્વારા ચારિત્ર્યહીન સ્ત્રીની હત્યા કરવામાં આવી અથવા તો ચારિત્ર્યહીન સ્ત્રીને સમાજમાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત થતો નથી. ભારતીય સંસ્કૃતિ ચારિત્ર્યહીન સ્ત્રીનો સ્વીકાર કરતી નથી. ચારિત્ર્યમાં અપરાધ કરનારી સ્ત્રીને સજા થવી જોઈએ. જેવી રીતે સ્ત્રીના સૌંદર્યની પ્રશંસા કરવામાં આવે છે. તેવી રીતે સ્ત્રી ચારિત્ર્યની પણ પ્રશંસા કરી છે. સ્ત્રી નખ–શીખ પવિત્ર એવં પતિવ્રતા હોવી જોઈએ. આપણે સમાજમાં ગણિકાઓ જોઈએ છીએ તેવી સ્ત્રી પ્રત્યે કોઈ આદર કરતું નથી અને સમાજ આવી સ્ત્રીની હત્યા કરતાં પણ અચકાતો નથી.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં રેણુકાને માત્ર મનોવિકાર જ ઉત્પન્ન થયો હતો. તેમણે કોઈ અનિષ્ટ કૃત્ય કર્યું ન હતું. તેમ છતાં તેને પોતાના જ પુત્ર દ્વારા મૃત્યુદંડની સજા કરવામાં આવી.

આ કથામાં એક પ્રકારની અતિશયતા દષ્ટિગોચર થાય છે અને ચારિત્ર્ય શુદ્ધિના આદર્શનું ચિત્ર સ્પષ્ટ થાય છે. પણ તેથીય વિશેષ સ્ત્રી હત્યાનું પાતક પણ ખરું. ઉપરાંત પુત્ર દ્વારા માતાને દેહાંત દંડની સજા કરવામાં ચારિત્ર્ય શુદ્ધિના કે પુત્રની આજ્ઞાંકિતતાના આદર્શનું પણ વરવું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

સ્ત્રી ચારિત્ર્યના પતનનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ રામાયણમાંનું અહલ્યાનું આપી શકાય.

રામાયણના બાલકાંડ સર્ગ–૪૮ ની કથા મુજબ અહલ્યાએ પણ ચારિત્ર્યનો અપરાધ કર્યો હતો અને તેને ગૌતમ ઋષિ દ્વારા સજા પ્રાપ્ત થઈ હતી. ગૌતમ ઋષિનું સ્વરૂપ ધારણ કરી ઈન્દ્ર અહલ્યા પાસે સમાગમ માટે આવ્યા. અહલ્યાએ તેને ઓળખ્યા તો ખરા પરંતુ કૂતુહલવશ તેમણે ઈન્દ્રનો સત્કાર અને સ્વીકાર કર્યો. ગૌતમ ઋષિએ તપોબળથી આ વાત જાણી લઈ ઈન્દ્રને વૃષણરહિત અને અહલ્યાને એ જ આશ્રમમાં નિર્જન એકાંતવાસનો શાપ આપ્યો અને શાપનો અવધિ બાંધી દીધો કે વિશ્વામિત્ર રામ–લક્ષ્મણ સાથે આ સ્થળે આવશે ત્યારે તારો ઉદ્ધાર થશે.

અહલ્યા શલ્યા બની અને રામના ચરણ સ્પર્શથી શલ્યાની પાછી અહલ્યા થઈ એવી લોકપ્રચલિત માન્યતાને રામાયણ બાલકાંડની સંશોધિત આવૃત્તિનો આધાર સાંપડતો નથી. કંઈક અતિશયોક્તિમાં રાચતી લોક કલ્પનાની નીપજ હોય એમ જણાય છે. શાપના શબ્દો આ પ્રમાણે છે.

‘‘તું હજારો વર્ષો સુધી વાયુનું ભક્ષણ કરતી નિરાહાર તપ આચરતી, ભસ્મશાયિની, સર્વ પ્રાણીઓને અદશ્ય એવી નિવાસ કરીશ.’’ [૧૪]

આ શાપ ચમત્કાર કરતાં સામાજિક બહિષ્કારના સ્વરૂપનો વિશેષ લાગે છે. અહીં પતિની મનોદશાનું વર્ણન છે. ગૌતમ ઋષિથી અહલ્યાનું કૃત્ય સહન ન થતાં તેને શાપ આપ્યો.

અહલ્યાએ કૂતુહલવશાત્ ઈન્દ્રનો સ્વીકાર કર્યો, એમ રામાયણ કહે છે. પરંતુ તેને આતિથ્ય ધર્મની અધીનતારૂપે પણ ગણાવી શકાય.

આવી જ એક અન્ય કથા મહાભારતના શાન્તિ પર્વના ૨૬૬ મા અધ્યાયમાં ચિરકારીની છે.

એકવાર ચિરકારીની માતાનો કશોક વ્યભિચાર થયો. ક્રોધે ભરાયેલા પિતાએ પુત્ર ચિરકારીને કહ્યું, ‘‘તારી માતાનો વધ કર.’’ [૧૫]

ચિરકારી સ્વભાવ પ્રમાણે કાર્યની સમીક્ષા કરવા લાગ્યો. પિતાની આજ્ઞાપાલન પરમ ધર્મ છે. માતાનું રક્ષણ એ પણ સ્વધર્મ ગણાય. પુત્રની અવસ્થા આત્મનિર્ણયના અધિકાર વિનાની હોય છે. સ્ત્રીની અને તેમાંય માતાની હત્યા કરી કયો મનુષ્ય સુખી થઈ શકે ? તો પિતાની આજ્ઞાની અવગણના કરનારનેય કયાંથી પ્રતિષ્ઠા મળે ? [૧૬]

તેથી પિતાની આજ્ઞા પણ પાળી શકાય અને માતાને પણ હણવી ન પડે એ રીતે ધર્મસંકટમાં આવી પડેલ મારે શું કરવું ?

ચિરકારીને માતૃવધની આજ્ઞા આપ્યા પછી પિતાનો ક્રોધ દૂર થયો તે વિચારવા લાગ્યા. આ બાબતમાં જે અસત્ય થયું તેમાં શું સ્ત્રીનો, શું મારો કે દેવરાજ ઈન્દ્રનો કોઈનો અપરાધ નથી. અપરાધ હોય તો તે છે ધર્મના પ્રમાદનો. [૧૭]

ચિરકારીએ યથા નામ તથા ગુણ અનુસાર લાંબો વિચાર કરી માતાનો વધ ન કર્યો. તેથી તેના પિતા પ્રસન્ન થયા. જે દીર્ઘકાળ ક્રોધ પર કાબુ કરી શકે છે, તેને કદાપિ કર્મ માટે પશ્ચાત્તાપ કરવો પડતો નથી.

આ કથા આગલી બંને કથાઓની આડકતરી સમીક્ષા કરવાના હેતુથી રચાઈ છે, એમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઋષિનું નામ ગૌતમ, સ્ત્રીના કશાક વ્યભિચારનો નિર્દેશ અને સજા તેમજ ગૌતમના વિચારોમાં સ્પષ્ટ રીતે ઈન્દ્રના અતિથિવ્રત તથા પુણ્ય યાચનાનો ઉલ્લેખ અહલ્યા કરાવે છે તો આરંભમાં જ માતાના ચારિત્ર્યપરાધ માટે એની વધની સજાનો પિતાએ પુત્રને આપેલ આદેશ પરશુરામની કથાનું સ્મરણ કરાવે છે.

પરશુરામનું કાર્ય કેટલું યોગ્ય હતું, તેની યોગ્યાયોગ્યતાની સમીક્ષા કરતાં વિચારીએ તો પિતાની આજ્ઞાના પાલનરૂપે પણ પરશુરામનું માતૃવધનું કાર્ય ટીકાપાત્ર બન્યા વિના રહેતું નથી.

કથા સર્જકે કથાને ગૌતમ–ઈન્દ્રના નામ સાથે સાંકળી છે. પરંતુ તેનું કારણ કદાચ એ હોય કે ડો. સુકથનકરે બતાવ્યું છે તેમ મહાભારતની સંકલનનાં અંતિમ તબક્કામાં ભાર્ગવ બ્રાહ્મણનો પ્રભાવ ઘણો પ્રબળ હતો અને ટીકા–કથાકાર ભાર્ગવનો રોષ વહોરી લેવા ન માંગતો હોય તેથી તેણે અહલ્યા અને રેણુકાની કથાના મુખ્ય ઘટકોનો લાભ લઈને પરશુરામની વાત કરવા માટે પણ ગૌતમ–ઈન્દ્રના નામોનો ઉલ્લેખ કર્યો હોય.

સ્ત્રી વ્યભિચારની કથા શિવપુરાણ, પદ્મપુરાણ અને દેવી ભાગવતમાં વૃંદાના પાતિવ્રત્યભંગની.

વૃંદાનું પાતિવ્રત્ય ભંગ કરવા વિષ્ણુએ તેના પતિ જલંધરનું રૂપ લીધું. પરંતુ પાછળથી જયારે વૃંદાને ખ્યાલ આવ્યો ત્યારે તેમણે વિષ્ણુને પત્થર બની જવાનો શાપ આપ્યો અને તે પતિ સાથે ચિતામાં ભસ્મ થઈ ગઈ.

આ કથામાં વૃંદાના સતીત્વના દર્શન થાય છે. તેમનો અપરાધ અજાણતા થયેલ હતો. પરંતુ સાચી હકીકત જાણ્યા પછી તેણે વિષ્ણુને પણ શાપ આપ્યો.

વાસ્તવિક રૂપમાં વિદ્વાનોએ આ કથાના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવા ત્રણ પ્રકારના અર્થ કર્યા છે.

**ક્રોધ :**

ક્રોધ સર્વનાશનું મૂળ છે. ક્રોધિત થઈ જમદગ્નિએ પુત્ર પરશુરામને આજ્ઞા આપી કે **'जहीमां मातरं पाप्मां च पुत्र' ।** અર્થાત્, 'તારી માતાનો વધ કરી નાંખ.'

મહમદ પયગંબર કહે છે, 'બળવાન્ તે નથી જે અન્યને નીચે પાડી નાખે, બળવાન્ તે છે કે જે પોતાના ક્રોધને નિયંત્રણમાં રાખે.'

ક્રોધી મનુષ્ય પરિણામનો વિચાર કર્યા વિના કાર્ય કરે છે.

બાણભટ્ટ કહે છે, 'અત્યંત ક્રોધી સ્વભાવવાળો આંખ હોવા છતાં આંધળો છે.'

કિરાતાર્જુનીયમ્માં કહ્યું છે કે, 'વગર વિચાર્યે કામ ન કરવું, અવિવેક તે આપત્તિનું મોટું સ્થાન છે. કારણ કે ગુણોમાં લોભ રાખનારી સંપત્તિઓ વિચાર કરીને કામ કરનાર વ્યકિતને સ્વયં પસંદ કરે છે.' [૧૮]

ગાંધીજી ક્રોધ વિષે લખતા કહે છે કે, 'ક્રોધને જીતવામાં મૌન જેવું અન્ય કોઈ સહાયક નથી.'

ક્રોધ આચરતી વખતે વ્યકિત સૌથી વધુ ક્રૂરતા પોતાની જાત પર જ આચરે છે. ક્રોધમાં મનુષ્યનું મુખ ખુલ્લું રહે છે અને આંખ બંધ રહે છે તેથી તે કંઈ જોઈ શકતો નથી.

શ્રીમદ્ ભગવદ્ગીતા તો એટલે સુધી કહે છે કે કામ, ક્રોધ, લોભ નરકના દ્વાર છે. તેથી તેનાથી સદૈવ દૂર રહેવું. [૧૯]

શૃંગી ઋષિના ક્રોધને કારણે પરીક્ષિત મૃત્યુ પામ્યા. દુર્વાસાના ક્રોધને કારણે દુષ્યન્તને શકુન્તલાની વિસ્મૃતિ થઈ ગઈ.

ક્રોધને કારણે ભગવાન્ પરશુરામે સમગ્ર પૃથ્વીને એકવીસ વખત નક્ષત્રિય કરી અને ક્રોધ શાંત થતા સમગ્ર પૃથ્વી ઋષિને દાનમાં આપી દીધી.

ક્રોધિત અવસ્થામાં કરેલ કર્મ પાછળથી પશ્ચાત્તાપ નોતરે છે. જયારે ક્રોધ દૂર થાય ત્યારે તે વસ્તુનો ખ્યાલ આવે છે કે ક્રોધમાં કેટલું મોટું અનિષ્ટ થઈ ગયું.

પરશુરામના પિતાએ પણ ક્રોધવશ તેની માતાનો વધ કરવા કહ્યું અને પરશુરામે પિતાની આજ્ઞાનો સ્વીકાર કરી માતાનો વધ કર્યો. આમાં પરશુરામની પિતૃભકિત દષ્ટિગોચર થાય છે.

**પિતૃભકિત :**

તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યું છે કે **'पितृदेवो भव ।'** અર્થાત્, પિતાને દેવ માનવા તેથી પરશુરામે શીઘ્ર પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને પુનઃ માતૃભકિત માટે વરદાનમાં તેની માતા પુનર્જીવિત થાય તે માંગ્યું.

પિતૃભકિત માટે મહાભારતમાં શાન્તિપર્વમાં કહ્યું છે કે, **'पितुराज्ञा परोधर्मः स्वधर्मो मातृरक्षणम् ।'** અર્થાત્, પિતૃ આજ્ઞા પરમ ધર્મ છે, માતાની રક્ષા કરવી પુત્રનું કર્તવ્ય છે. [૨૦]

આગળ જતા કહ્યું છે કે પિતા ધર્મ, સ્વર્ગ અને તપસ્યા છે. પિતાના પ્રસન્ન થવાથી સર્વ દેવતા પ્રસન્ન થાય છે. [૨૧]

પિતૃભકિત માટે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ તથા નચિકેતાનું ઉદાહરણ શ્રેષ્ઠ છે.

પિતાના વચન પાલન માટે રામે ચૌદ વર્ષનો વનવાસ ભોગવ્યો.

વાલ્મીકિ રામાયણમાં રામ કૈકેયીને કહે છે, ''મનુષ્યનો જેના કારણે આ પૃથ્વી પર પ્રાદૂર્ભાવ થયો છે, તેવા પિતાને કોણ અનુકૂળ થઈને ન રહે ?'' [૨૨]

આ સંસારમાં પિતાની સેવા અથવા આજ્ઞા પાલન જેવો ધર્મ નથી. [૨૩]

અધ્યાત્મ રામાયણ અનુસાર શ્રીરામ કહે છે, ''હું પિતા માટે જીવન આપી શકું છું. ભયંકર વિષપાન કરી શકું છું અને સીતા, કૌશલ્યા તથા રાજયનો પણ ત્યાગ કરી શકું છું.'' [૨૪]

રામચરિતમાનસ પ્રમાણે તે પુત્ર ભાગ્યશાળી છે જે માતા–પિતાની આજ્ઞાનું પાલન કરે, માતા–પિતાને સંતુષ્ટ કરનાર પુત્ર આ સંસારમાં દુર્લભ છે. [૨૫]

બાલક નચિકેતા પણ પિતૃની આજ્ઞાથી યમ દ્વારે જઈ ચડયો. તે નચિકેતા પિતાની શ્રેષ્ઠતા દર્શાવતા કહે છે, ''હું પિતાનો ઉત્તમપુત્ર છું. પિતા મારી પાસે યમનું કયું કાર્ય સફળ કરવા માંગતા હશે ?'' [૨૬]

તે જ નચિકેતા જયારે યમે વરદાન માંગવા કહ્યું ત્યારે પોતાના પિતા તેના પ્રત્યે પહેલા જેટલો અનુરાગ રાખે. [૨૭] તેવું માંગ્યું.

આ ઉપરાંત કંડુ મુનિએ પિતાની આજ્ઞા પાલન માટે અધર્મ હોવા છતાં ગાયનો વધ કર્યો.

રઘુવંશમાં પિતાની આજ્ઞાથી પૃથ્વી ખોદતા સગર પુત્રો મૃત્યુ પામ્યા.

યયાતિ પુત્ર પુરુએ પિતાની આજ્ઞાથી પોતાનું યૌવન પિતાને અર્પણ કરી પિતાનું વૃદ્ધત્વ સ્વીકાર્યું હતું.

શાંતનુ પુત્ર દેવવ્રત (જે પાછળથી ભીષ્મ કહેવાયા) પિતૃપ્રેમ માટે જ આજીવન બ્રહ્મચર્ય પાલનની અને રાજા ન બનવાની ભીષ્મ પ્રતિજ્ઞા લે છે.

આવા તો અનેક ઉદાહરણ આપી શકાય જે પિતૃભકિત મટે સર્વસ્વનો ત્યાગ કરી દે છે.

પરશુરામે પિતૃભકિત માટે જ કાર્તવીર્ય અર્જુન સાથે યુદ્ધ કરી પૃથ્વીને એકવીસવાર નિઃક્ષત્રિય કરી અને સમન્તપંચક ક્ષેત્રમાં રકતના પાંચ કુંડ ભર્યા. તેમાં ભૃગુવંશી પિતૃઓનું તર્પણ કર્યું.

પરશુરામ શૌર્ય અને તેજસ્વીતા માટે પ્રસિદ્ધ છે. તેમણે એકવીસવાર પૃથ્વીને નક્ષત્રિય કરી ક્ષત્રિયો પ્રત્યે શત્રુતા ઉત્પન્ન કરી પૃથ્વી ક્ષત્રિય વગરની થઈ ગઈ. જે માતાના ગર્ભમાં હતા, તે બાળકો જ બચ્યા હતા. ક્ષત્રિયો પ્રત્યેના પૂર્વગ્રહનો પ્રસંગ મહાભારતમાં કર્ણ પ્રસંગને લેખી શકાય. કર્ણે અસત્ય ભાષણ કરી પરશુરામ પાસેથી વિદ્યા ગ્રહણ કરી તેને કારણે તેને શાપનું ભાગીદાર બનવું પડ્યું.

પરશુરામે પણ પિતાની આજ્ઞાથી માતાનો વધ કર્યો અને પુનઃ માતૃ વાત્સલ્યને કારણે વરદાનમાં પિતા પાસે પોતાની માતા પુનર્જીવિત થાય અને પોતે કરેલ દુષ્કૃત્યની વિસ્મૃતિ થઈ જાય તેવું માંગ્યું. આ બાબતમાં તેની માતૃભક્તિ જોઈ શકાય છે.

**માતૃભક્તિ :**

તૈત્તિરીય ઉપનિષદ્ અનુસાર **मातृदेवो भव ।** [૨૮] કહ્યું છે, તે યથાર્થ છે.

કારણ કે માતાનું ગૌરવ ગાન કરતાં ભગવાન વેદવ્યાસ કહે છે, ''માતાનું ગૌરવ પૃથ્વીથી અધિક છે, અને પિતા આકાશથી ઊંચા છે.'' [૨૯]

અનુશાસન પર્વ અનુસાર દસ આચાર્યથી ઊંચા ઉપાધ્યાય, દસ ઉપાધ્યાયથી શ્રેષ્ઠ પિતા અને દસ પિતાથી શ્રેષ્ઠ માતા છે. માતા પોતાના ગૌરવથી સમગ્ર પૃથ્વીનો તિરસ્કાર કરી શકે છે. અતઃ માતા સમાન અન્ય કોઈ ગુરુ નથી. [૩૦]

બલ્વર લિટન કહે છે કે, 'માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી અને ઈશ્વરે મા ને મોકલી.'

શેકસપિયર લખે છે કે યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે છે પણ માતાનો પ્રેમ સદા વધતો રહે છે.

હઝરત મહમદ પયગંબર કહે છે કે, ''તારું સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે.''

નેપોલિયન કહે છે કે, ''બાળકની ઉન્નતિ કે અવનતિનો આધાર તેની માતા પર જ હોય છે.''

મહાભારતના શાન્તિપર્વ અનુસાર માતા સમાન કોઈ છાયા નથી. માતા તુલ્ય અન્ય સહારો નથી, રક્ષક નથી. મા સમાન અન્ય કોઈ પ્રિય નથી. [૩૧]

માતા પુત્રમાં સુસંસ્કારોનું સિંચન કરે છે. તેનું ઉદાહરણ શિવાજીની માતા જીજીબાઈ તથા મદાલસાનું આપી શકાય.

કહેવાય છે કે, **जननी जन्मभूमि  स्वर्गादपि गरीयसी ।** અર્થાત્, જનની જન્મભૂમિને સ્વર્ગથી પણ મહાન ગણી છે.

તેથી જ સ્મૃતિકાર ભગવાન મનુ કહે છે કે, ''દસ ઉપાધ્યાયોની અપેક્ષા એક આચાર્ય, સો આચાર્યની અપેક્ષા પિતા અને પિતાથી સહસ્ત્ર ગણી શ્રેષ્ઠ માતા હોય છે.'' [૩૨]

પરશુરામે પણ માતૃભકિત માટે જ માતાને પુનર્જીવિત કરી.

માતૃભકિત માટે શંકરાચાર્યનું ઉદાહરણ આપી શકાય.

એકવાર શંકર તેની માતા સાથે નદીએ ગયા, ત્યાં મગરે શંકરનો પગ પકડયો. શંકરે માતાને કહ્યું, જો તેઓ મને સંન્યાસ ગ્રહણ કરવાની સંમતિ આપે તો તે મગર મારો પગ મૂકશે. તેથી માતાએ સંમતિ આપી. પરંતુ શરત કરી કે પોતાના મૃત્યુ સમયે તેનો અગ્નિ સંસ્કાર પુત્રના હસ્તે જ થાય. શંકરે તે શરત માન્ય રાખી અને માતાના મૃત્યુ સમયે સંન્યાસ નિયમની પરવા કર્યા વિના માતાના અગ્નિ સંસ્કાર કર્યા.

સમાજમાં માતા–પિતા બંનેનું સ્થાન સમાન છે તેમ છતાં માતાને પિતા કરતા શ્રેષ્ઠ કહી છે.

ભગવાન પરશુરામ વિષ્ણુના દશ અવતારમાં એક ગણાય છે. તેઓની ગણના સાત ચિરંજીવીઓમાં પણ થાય છે.

**अश्वत्थामा बलिर्व्यासो हनूमां  विभिषणः ।**
**कृपः परशुराम  सप्तैते चिरजीविनः ॥**

મહાભારતમાં કહ્યું છે કે, 'ત્રેતાયુગ એવં દ્વાપર યુગના સંધિકાળમાં વૈશાખ શુકલ તૃતીયા – અક્ષય તૃતીયાને શુભ દિવસે ભગવાન વિષ્ણુનો પરશુરામ રૂપમાં પૃથ્વી પર અવતાર થયો.' [૩૩]

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે જયારે–જયારે ધર્મનો હ્રાસ થાય, અધર્મની વૃદ્ધિ થાય ત્યારે ત્યારે સત્પુરુષોના કલ્યાણ માટે અને પાપાચારીઓના વિનાશ માટે ધર્મની સંસ્થાપનાનાં હેતુથી ભગવાન પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. [૩૫]

અવતાર શબ્દ **'अव'** ઉપસર્ગપૂર્વક **'तृ'** ધાતુથી બન્યો છે. અવતાર શબ્દનો અર્થ પોતાના મૂળ સ્થાનથી નીચે આવવું થાય છે.

આ શબ્દનો બીજો અર્થ – 'સાધુજનોને ભવસાગરથી પાર ઉતારવા માટે અવતીર્ણ થવું.'

વાયુપુરાણ (૯૮) અંતર્ગત અવતારના બે ભાગ કહ્યા છે. (૧) દિવ્ય સમ્ભૂતિ જેમકે, નારાયણ, નૃસિંહ આદિ (૨) માનવ સમ્ભૂતિ જેમ કે, દત્તાત્રય, પરશુરામ, દાશરથી રામ, કૃષ્ણ આદિ.

'રેણુકા માહાત્મ્ય' નામનાં મરાઠી ભાષાના ગ્રંથ પ્રમાણે પરશુરામ કાવડમાં એક પલ્લામાં પિતાનું ધડ (જેનું મસ્તક કાર્તવીર્ય એ ઉડાવી દીધું હતું) અને બીજા પલ્લામાં માતા રેણુકાને બેસાડી તીર્થાટન માટે નીકળ્યા. સહ્યાદ્રિ પર્વત પરના માહરગઢ નામના તીર્થમાં પહોંચ્યા ત્યાં આકાશવાણી થઈ કે, 'આ પવિત્ર ક્ષેત્રમાં પિતાના અગ્નિ સંસ્કાર કરો.' રેણુકા સ્વપતિ સાથે સતી થઈ.

'કેરલોત્પતિ' નામક ગ્રંથમાં એવું વર્ણન છે કે પરશુરામે પોતાનું દિવ્ય અસ્ત્ર સમુદ્રમાં ફેંકી સમુદ્રના જળનું શોષણ કર્યું હતું. તે નૂતન નિર્મિત ભૂમિ કોંકણ પ્રદેશ કહેવાઈ. ત્યાં તેમણે બ્રાહ્મણોનો નિવાસ કરાવ્યો. અતઃ તેઓ કોંકણસ્થ બ્રાહ્મણ કહેવાયા, તેઓ ભગવાન્ પરશુરામને પોતાના આરાધ્ય દેવ માને છે.

વર્તમાન યુગના મનુષ્યોમાં બ્રાહ્મણ વર્ણના મનુષ્યો પરશુરામને પોતાના આરાધ્ય દેવ માને છે. પરંતુ ભગવાન્ પરશુરામને કોઈ ચોક્કસ વર્ણના દેવ ન ગણતા સમગ્ર સૃષ્ટિના દેવ માનવા જોઈએ. કારણ કે, ભગવાન્ પરશુરામ શૌર્ય અને તેજસ્વિતાનું પ્રતીક છે. તેના આવા ગુણોમાંથી સાંપ્રત સમયના મનુષ્યોએ પ્રેરણા મેળવવી જોઈએ. આજે અનેક સ્થળે પરશુરામના મંદિર બનાવ્યા છે અને તેની એક સમગ્ર પૃથ્વીના આરાધ્ય દેવ તરીકે આરાધના થવી જોઈએ.

તેમના શૌર્ય અને પરાક્રમના ઉદાહરણ તરીકે તેનું ભીષ્મ પિતામહ સાથેનું યુદ્ધ ગણી શકાય. કાશીરાજ રાજકુમારી અંબાએ પોતાનો પ્રતિશોધ લેવા પરશુરામ દ્વારા ભીષ્મ સાથે યુદ્ધ કરાવ્યું તે યુદ્ધ ત્રેવીસ દિવસ પર્યન્ત ચાલ્યું. અંતે ભીષ્મની પ્રશંસા કરી ગુરુ પરશુરામ યુદ્ધભૂમિમાંથી વિદાય થયા.

ગુજરાતના નર્મદા તટ પર ભૃગુક્ષેત્ર (ભરૂચ) માં પરશુરામનું મંદિર છે.

મહાબલી પરશુરામ પોતાના સામર્થ્યના વિષયમાં દુષ્ટ રાજા કાર્તવીર્યને ગર્જના કરતા કહે છે –

**अग्रत तुरो वेदः पृष्टतः सशरं धनुः ।**

**इदं ब्राह्मं इदं क्षात्रं शापादपि शरादपि ॥**

અર્થાત્, મારા અગ્રભાગમાં વેદનું દિવ્ય તેજ છે અને પૃષ્ઠ ભાગમાં મંત્રયુકત મહાશકિતશાળી શિવધનુષ છે. હું વેદ મંત્રોના શાપથી અને અમોઘ બાણ વડે પૃથ્વીને ધ્વંસ કરી શકું છું.

ભારત દેશની દક્ષિણ દિશામાં સ્થિત કેરળ પ્રદેશમાં પરશુરામ – શક વર્ષ પ્રચલિત છે. આ શકનું વર્ષ સૌર હોવાથી તેનો વર્ષારંભ સિંહ નામથી થાય છે. આ વર્ષના સંવત્સર સહસ્રવર્ષના હોવાથી વર્તમાન સંવત્સર ચક્રના ક્રમાંક ચાર છે તે શકને કોલ્લમશક કહે છે. [૩૫]

મહાભારતના અનુશાસન પર્વના ઉલ્લેખ મુજબ ભગવાન્ શિવ પાસેથી તેમને નિષ્પાપ, અજેય તથા અજર–અમર થવાનું વરદાન પ્રાપ્ત થયું હતું. [૩૬]

આ પ્રમાણે સપ્ત ચિરંજીવીઓમાં પરશુરામની ગણના થાય છે. એવા મહાબલી, ભગવાનના અવતાર, ગૌ–બ્રાહ્મણ પ્રતિપાલક પરશુરામને કોટિશઃ વંદન.

**નિષ્કર્ષ :**

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા એ નિષ્કર્ષ તારવી શકાય કે તે સમયમાં વર્ણ વ્યવસ્થા જડ નહીં હોય અને આંતર્જ્ઞાતીય વિવાહો યોજાતા હશે.

વિવાહમાં કન્યાના પિતા દ્વારા વર પક્ષ પાસેથી પુષ્કળ ધનની માંગણી કરાતી હશે. તેનું ઉદાહરણ ગાધિએ ઋચિક પાસે કરેલ અશ્વની યાચના દ્વારા જોઈ શકાય છે.

સ્ત્રીને સમાજમાં ઉચ્ચ દરજ્જો અપાતો હશે તેવું મહાભારતમાં કરેલ વર્ણન પરથી જોઈ શકાય છે. સ્ત્રીનું પતન અયોગ્ય ગણાતું હશે અને ચારિત્ર્યશીલ સ્ત્રીને શ્રેષ્ઠ સ્ત્રી કહેવાતી હશે. વર્તમાન યુગમાં પણ સ્ત્રીને એક આદરણીય વ્યકિત તરીકેનું સ્થાન મળેલ છે. સ્ત્રીના હીન ચારિત્ર્યને આજનો સમાજ પણ સ્વીકૃતિ આપતો નથી. તેથી જ આજે પણ સમાજમાં ચારિત્ર્યહીન સ્ત્રીની પતિ દ્વારા હત્યા થતી જોવા મળે છે. આ ઉપાખ્યાન દ્વારા સ્ત્રીની નખશીખ પવિત્રતા અને પુરુષનું આધિપત્ય જોવા મળે છે.

ક્રોધથી સ્મૃતિ ભ્રંશ થાય છે અને તેના દ્વારા પતન થાય છે. તે વસ્તુ જમદગ્નિ અને પરશુરામનું પૃથ્વીનું નક્ષત્રિય કરવું તેના દ્વારા જોઈ શકાય છે.

પુરુષ પ્રધાન સમાજમાં પુરુષ પિતાનું વર્ચસ્વ હોય તેમ જણાય છે. પિતાનું સ્થાન સર્વોચ્ચ ગણાતું. પિતાને દેવ સમાન ગણવામાં આવતા. સાંપ્રત સમયનો સમાજ પણ પુરુષ પ્રધાન સમાજ છે. પરિવારમાં પુરુષને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે. માતાનું સ્થાન દ્વિતીય છે.

તેમ છતાં માતાનું સ્થાન ઓછું ન હતું. માતા–પિતાને સમાન દરજ્જો આપવામાં આવતો. પરશુરામને માતા–પિતા બંને પ્રત્યે અનન્ય ભકિતભાવ છે. તેથી પિતાની આજ્ઞાનું પાલન પણ કરે છે અને વરદાનમાં માતાનું પુનર્જીવન માંગે છે.

પરશુરામનું પાત્ર શૌર્ય, પરાક્રમ, તેજસ્વિતાના પ્રતિક રૂપે સ્પષ્ટ થાય છે.

# (૫) सुकन्योपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાભારતના વનપર્વ અંતર્ગત તીર્થયાત્રામાં સુકન્યોપાખ્યાન નામના ૧૨૨મા અધ્યાયમાં ઉપલબ્ધ છે.

તીર્થયાત્રા પ્રસંગે યુધિષ્ઠિરના પ્રશ્નાના ઉત્તરમાં લોમશજી આ ઉપાખ્યાન કહે છે.

આ ઉપાખ્યાનની ચર્ચા કરતા પૂર્વે સુકન્યા અને ચ્યવન નામનો ઉલ્લેખ અન્યત્ર કયાં છે ? તે પૌરાણિક કથાકોશને આધારે જોઈએ તો –

પ્રથમ સુકન્યા નામ વિશે જોઈએ. –

(૧) સુકન્યા – સૂર્યવંશીય શર્યાતિ રાજાની કન્યા અને ચ્યવન ભાર્ગવની પત્ની

(૨) સુકન્યા – મંકણક ઋષિની માતા [૧]

પ્રસ્તુત ઉપાખ્યાનમાં પ્રથમ ક્રમની સુકન્યાની ચર્ચા કરવામાં આવી છે.

હવે ચ્યવન નામ વિષે જોઈએ તો –

(૧) ચ્યવન – પરીક્ષિત રાજા પાસે આવેલ એક ઋષિ.

(૨) ચ્યવન – વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો મોટો પુત્ર.

(૩) ચ્યવન – સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ રાજાનો પૌત્ર.

(૪) ચ્યવન – સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ રાજાના નીલવંશના મિત્રેયુ રાજાના બે પુત્રોમાંનો બીજો [૨]

આ ઉપાખ્યાન દ્વિતીય ક્રમના ચ્યવન અને પ્રથમ ક્રમની સુકન્યાનો ઉલ્લેખ કરે છે.

ઋગ્વેદમાં ચ્યવનને સ્થાને ચ્યવાન નામ છે. પરંતુ બ્રાહ્મણ ગ્રંથો અને ત્યારપછીના ગ્રંથોમાં ચ્યવન છે.

ચ્યવન નામ કેવી રીતે પડયું, તેની ચર્ચા કરતાં મહાભારતકાર મહર્ષિ વ્યાસ મહાભારતના આદિપર્વમાં કહે છે કે, 'માતાના ગર્ભમાંથી ચ્યુત થવાને કારણે ચ્યવન કહેવાયા.' [૩] નિરુકતકાર ચ્યવન શબ્દની વ્યુત્પત્તિ આપતા કહે છે, **च्यावयिता स्तोमानाम् स्तोम** – સ્તુતિઓનો ચ્યવયિતા અર્થાત્ સંગ્રાહક થાય છે.

ચ્યવન ઋષિ વિષે મહાભારતમાં એક કથા છે. ભૃગુ ઋષિની ભાર્યા પુલોમાં જયારે ગર્ભવતી હતી ત્યારે રાક્ષસે તેનું અપહરણ કર્યું. આથી માર્ગમાં તેનો ગર્ભ પડી ગયો. **'च्यु'** ધાતુનો અર્થ પડવું થાય.

ગર્ભની ચ્યુતિ થઈ તેથી તેનું નામ ચ્યવન પડ્યું. ગર્ભને પડેલો જોઈ તેના તેજથી ભયભીત થઈ રાક્ષસો નાસી ગયા અને પુલોમા પુત્રને લઈ સ્વગૃહે આવી.

મહાભારતની કથા અનુસાર મહર્ષિ ચ્યવન મહાન્ તપસ્વી હતા. તપ કરતાં તેમના શરીર પર કીડીઓએ રાફડો બનાવ્યો. તે રાફડામાંથી માત્ર બે ચક્ષુ બહાર દેખાતા હતા.

એકવાર રાજા શર્યાતિ તેની રાણીઓ અને પુત્રી સહિત સૈન્ય લઈ આ વનમાં આવ્યા. શર્યાતિની પુત્રી સુકન્યાએ કુતુહલવશ તે રાફડામાં ઋષિની ચમકતી આંખો પર કાંટો ભોંકયો. ક્રોધિત થઈ ચ્યવન ઋષિએ શર્યાતિના સેન્યના મળમૂત્ર રોકી દીધા.

રાજા શર્યાતિએ ક્ષમા માંગતા કહ્યું –

**अज्ञानाद्बालया यत् ते कृतं तत् क्षन्तुमर्हति ।**

અર્થાત્ મારી પુત્રીએ અજ્ઞાનવશ જે કૃત્ય કર્યું છે, તેને ક્ષમા કરો. [૪]

મહર્ષિ ચ્યવને એક શરત કરતા કહ્યું –

**तामेव प्रतिग्रह्याहं राजन् दुहितरं तव ।**
**क्षस्यामीति महिपाल सत्यमेतद् ब्रवीमि ते ॥**

અર્થાત્, તારી પુત્રીને પત્નીરૂપે સ્વીકારી તે અપરાધને ક્ષમા આપું. [૫]

કંઈ વિચાર્યા વિના રાજા શર્યાતિએ પુત્રી આપી દીધી.

સુકન્યા અવિરતપણે પતિ સેવામાં રત રહેવા લાગી.

એકવાર સુકન્યા પાસે અશ્વિનીકુમારોએ વિવાહનો પ્રસ્તાવ મૂકયો. પરંતુ તે પતિવ્રતા સ્ત્રીએ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો અને પતિની આજ્ઞાથી કહ્યું, 'મારા પતિને યુવાન બનાવી દો.' અશ્વિનીકુમારોના કહેવાથી ચ્યવન ઋષિ જળમાં પ્રવેશ્યા અને તે અશ્વિનીકુમાર જેવા જ તેજસ્વી અને યુવાન બની ગયા.

જળમાંથી બહાર નીકળી ત્રણે યુવાનોએ કહ્યું, 'અમારામાંથી એકનો સ્વીકાર કરો.' સુકન્યાએ પોતાના પતિનો જ સ્વીકાર કર્યો.

આથી પ્રસન્ન થઈ ચ્યવન ઋષિએ અશ્વિનીકુમારોને દેવરાજ ઈન્દ્ર સામે સોમપાનના અધિકારી બનાવ્યા.

આ બાબતથી રાજા શર્યાતિ અત્યંત પ્રસન્ન થયા અને ચ્યવન ઋષિની આજ્ઞાથી એક યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. અશ્વિનીકુમારો તે યજ્ઞમાં ઉપસ્થિત થયા. તેથી ઈન્દ્ર ક્રોધિત થઈ ચ્યવન ઋષિ પર વજ્રઘાત કરવા તત્પર થયા. ચ્યવને તેની ભૂજાઓ સ્તંભિત કરી દીધી અને ઈન્દ્રનો વધ કરવા માટે એક કૃત્યા ઉત્પન્ન

કરી. ભયભીત થયેલ ઈન્દ્રએ અશ્વિનીકુમારોનો સ્વીકાર કર્યો. આથી ચ્યવન ઋષિ પ્રસન્ન થયા અને ઉત્પન્ન કરેલ કૃત્યાને મદ્યપાન, સ્ત્રી, દ્યૂત અને મૃગયા આ ચાર સ્થાનોમં પૃથક્–પૃથક્ વહેંચી દીધી.

અંતે ચ્યવન ઋષિએ યજ્ઞ સમ્પન્ન કરી પત્ની સુકન્યા સાથે દીર્ઘકાળ પર્યન્ત નિવાસ કર્યો.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

ઋગ્વેદ ૧૦–૧૯ માં ચ્યવન ભાર્ગવનો ઉલ્લેખ છે. શતપથ બ્રાહ્મણ ૪–૧–૫ અંતર્ગત સુકન્યા આખ્યાનનું નિરુપણ છે તે ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણ ૯–૩ માં દર્શાવેલ છે. તદ્ ઉપરાંત પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, ભવિષ્ય પુરાણ, મત્સ્યપુરાણ ઈત્યાદિ પુરાણોમાં પણ પ્રસ્તુત ઉપાખ્યાન ઉલ્લિખિત છે. પ્રત્યેક સ્થાને અલ્પાંશે તફાવત છે.

ગુજરાતી કવિ કનૈયાલાલ મુનશીએ આ કથાનકનો આધાર લઈને 'પૌરાણિક નાટકો' નામનું નાટક રચ્યું છે.

મહાભારતમાં અનેક આખ્યાનો–ઉપાખ્યાનો મૂકવા પાછળનો મહર્ષિ વેદ વ્યાસનો હેતુ કંઈકને કંઈક ઉપદેશ આપવાનો છે. કારણ કે મહાભારતકારનો મૂળ હેતુ તો ઉપદેશનો જ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન પણ કંઈક ઉપદેશ આપી અનેક પાસાઓને ઉજાગર કરે છે, તે જોઈએ તો –

**અજ્ઞાનવશ કરેલ કર્મ :**

કંઈપણ કર્મ કરતાં પૂર્વે તેના પરિણામનો વિચાર કરવો જોઈએ. અવિચારી કર્મ પાછળથી પશ્ચાત્તાપ નોતરે છે.

સુકન્યાએ પણ આવું અજ્ઞાનવશ કર્મ કર્યું, જેના પરિણામે તેના પિતાએ વૃદ્ધ ચ્યવન સાથે તેના વિવાહ કરાવ્યા.

પંચતંત્ર અનુસાર ''જે સાવધાનીપૂર્વક કાર્ય કરે તે શોભા પામે છે. વિચાર્યા વિના કાર્ય કરનાર શોભા પામતા નથી.'' [૬]

અજ્ઞાનવશ કરેલ કાર્ય પશ્ચાતાપ નોતરે છે. તેનું ઉદાહરણ રાજા પરીક્ષિત તેમજ રાજા દશરથનું આપી શકાય.

રાજા પરીક્ષિતે અજાણતા મૃત સર્પ શૃંગી ઋષિના કંઠમાં પહેરાવી દીધો. તેને પરિણામે મૃત્યુરૂપી શાપનો ભોગ બનવું પડ્યું.

તેવી જ રીતે રાજા દશરથે માત્ર શબ્દવેધી બાણથી શિકાર કર્યો અને શ્રવણકુમાર મૃત્યુ પામ્યો. તેના દ્વારા તેના પિતાના શાપનું કારણ બન્યા.

સુકન્યાએ અજ્ઞાનતા સાથે કુતુહલવશ ચ્યવન ઋષિના ચક્ષુ વીંધી નાખ્યા, તેના ફળ સ્વરૂપે ચ્યવન ઋષિ સાથે વિવાહ કરવા પડયા.

અત્રે પુત્રીની આજ્ઞાકારિતા જોઈ શકાય છે. પિતાએ વૃદ્ધ ચ્યવન સાથે તેના વિવાહ કર્યા તો પણ સુકન્યા લેશમાત્ર વિરોધ કરતી નથી અને વૃદ્ધ ચ્યવનનો પતિ તરીકે સ્વીકાર કરે છે. આ બાબત દ્વારા સુકન્યા એક સમજુ પુત્રી તરીકે પ્રસ્તુત થાય છે.

ભગવાન્ દ્વૈપાયન વ્યાસે આવા ચરિત્રો દ્વારા મહાભારતકાલીન સમાજનું દર્શન કરાવ્યું છે. કવિએ પોતાના વિચારો પોતાના પાત્રના વાણી વ્યવહાર દ્વારા અભિવ્યકત કર્યા છે, જેના દ્વારા સમાજને નૂતન શીખ મળી રહે છે.

સુકન્યાના વૃદ્ધ ચ્યવન સાથેના વિવાહ પાછળનું એક કારણ પોતે કરેલ કર્મનું પ્રાયશ્ચિત્ત પણ દર્શાવી શકાય.

**પ્રાયશ્ચિત્ત :**

સામાન્ય મનુષ્ય મન, ઈન્દ્રિયો, વાણી એવં કર્મથી એટલો દુર્બળ છે કે તેમના દ્વારા જાણતા–અજાણતા પાપકર્મ થઈ જાય છે. ધર્મશાસ્ત્રોમાં પાપકર્મોના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત વર્ણન છે. પ્રાયશ્ચિત્તના વિષયમાં ભગવાન્ કૃષ્ણ દ્વૈપાયનની એવી દષ્ટિ છે કે તપસ્યા, દાન, યજ્ઞ આદિ સત્કર્મો દ્વારા અવશ્ય કરેલ કર્મનું પ્રાયશ્ચિત્ત કરી શકાય છે.

પ્રાયશ્ચિત્ત કરવાથી કરેલ કર્મમાંથી મુકત થઈ શકાય છે. અન્યથા નરક આદિ લોકની પ્રાપ્તિ થાય છે. તદ્પશ્ચાત્ પુનઃ મનુષ્યને જન્મ ધારણ કરવો પડે છે. મહાપાતકોના ચિહ્ન સાત જન્મો સુધી પાછળ આવે છે.

**प्रायं त्तविहीनानां महापातकिनां नृणाम् ।**
**नरकान्ते भवेज्जन्म चिन्हाश्रितशरीरिणाम् ॥**

અતઃ જ્ઞાની મનુષ્ય અવશ્ય કરેલ કર્મનું પ્રાયશ્ચિત કરે છે.

**પતિવ્રતા માહાત્મ્ય :**

ભારતીય સંસ્કૃતિમાં પતિવ્રતાનું અનેકગણું માહાત્મ્ય છે. પતિવ્રતા સ્ત્રી પૂજનીય ગણાય છે.

મહાભારત વનપર્વ અનુસાર સંપૂર્ણ દેવતાઓમાં પતિ સર્વશ્રેષ્ઠ દેવતા છે. [૭]

ચાણકય નીતિ મુજબ સ્ત્રી દાન, સૈકંડો ઉપવાસ અને તીર્થ સેવનથી શુદ્ધ નથી થતી. પરંતુ પતિના ચરણોદકથી શુદ્ધ થાય છે. [૮]

વાલ્મીકિ રામાયણ પ્રમાણે સ્ત્રી માટે પતિ દેવતા, બંધુ, ગુરુ છે. તેથી વિશેષરૂપે પતિને જ ખુશ કરવા. [૯]

વાલ્મીકિ રામાયણમાં ભગવાન્ શ્રીરામ માતા કૌશલ્યાને પતિધર્મ સમજાવતા કહે છે, 'પતિની સેવા સ્ત્રી માટે સનાતન ધર્મ છે.' [૧૦]

સ્ત્રીઓ માટે પતિ જ આશ્રયરૂપ છે. પિતા, પુત્ર, માતા, સખી ઈત્યાદિ સાચા સાથી નથી. [૧૧]

સ્વામી જ સ્ત્રીના સર્વશ્રેષ્ઠ દેવતા છે. [૧૨]

પતિ વિના જે સ્થાનમાં નિવાસ કરવો પડે, તે નર્ક છે અને પતિ સાથે રહેવાથી સ્વર્ગ સુખ પ્રાપ્ત થાય છે. [૧૩]

મહાભારતમાં પતિવ્રતા ધર્મ વિશે કહ્યું છે કે, 'સતી સ્ત્રી માટે સર્વપ્રથમ કર્તવ્ય મન, વાણી, શરીર અને ચેષ્ટાઓ દ્વારા નિરંતર પતિની સેવા કરવી.' [૧૪]

સુકન્યા પણ પતિવ્રતા સ્ત્રી છે. તેમના પતિવ્રતા ધર્મને કારણે જ તે એક સમાન દશ્યમાન ત્રણ યુવાન પૈકીમાંથી પોતાના પતિનું વરણ કરી શકી.

સુકન્યાએ પોતાના વૃદ્ધ પતિને યુવાન બનાવ્યા. આમ સુકન્યાની પતિભકિતનો વિજય થયો.

**ક્રોધ :**

ક્રોધ વિષયક ચર્ચા પૂર્વે થઈ ગયેલ છે.

એરિસ્ટોટલ કહે છે, જે વ્યકિત યોગ્ય વસ્તુ કે યોગ્ય વ્યકિત સામે યોગ્ય રીતે, યોગ્ય સમયે અને યોગ્ય સમય પર્યન્ત ગુસ્સે થાય છે તે પ્રશંસાપાત્ર છે.

સુકન્યાએ ચ્યવન ઋષિની ચક્ષુમાં કાંટા ભોંકયા તેથી ચ્યવન ઋષિ ક્રોધિત થયા.

કવિ બાણભટ્ટ કહે છે, 'અત્યંત ક્રોધી સ્વભાવવાળો આંખ હોવા છતાં અંધ છે.'

મહમદ પયગંબર ગુસ્સા પર કાબુ રાખવાનું કહેતા કહે છે, 'બળવાન્ તે નથી જે અન્યને નીચા પાડી શકે, બળવાન્ તે છે કે જે પોતાના ગુસ્સાને કાબુમાં રાખે છે.'

ધમ્મપદમાંના મતે અક્રોધ વડે ક્રોધને જીતવો, સાધુતા વડે અસાધુતાને જીતવી, દાન વડે કંજુસાઈને જીતવી અને સત્ય વડે અસત્યવાદીને જીતવો. [૧૫]

ચ્યવન ઋષિ ક્રોધિત થયા તેમણે શર્યાતિ પાસે તેની કન્યાના વિવાહની માગણી કરી, જે વિવાહથી ઋષિનો ક્રોધ દૂર થયો.

આ વિવાહમાં મહાભારતકાલીન સમાજનું પ્રતિબિંબ જોઈ શકાય છે તે સમયમાં ઋષિ રાજકુમારી સાથે વિવાહ સંબંધ બાંધતા હશે. ઉપરાંત વૃદ્ધ વ્યકિતને પોતાની સ્વરૂપવાન્ યુવાન કન્યા રાજા પરણાવતા

હશે. તે સમયમાં અનુલોમ વિવાહ પણ માન્ય ગણાતા હશે. આ પ્રકારના વિવાહ ઋગ્વેદકાળથી ચાલ્યા આવે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં ક્રોધનો અન્ય પ્રસંગ પણ છે. ચ્યવન ઋષિએ શર્યાતિ રાજાના યજ્ઞમાં અશ્વિનીકુમારોને સ્થાન આપ્યું. તેથી ઈન્દ્ર ક્રોધિત થયા. પરંતુ ચ્યવન ઋષિના તપોબળ સામે તેનો ક્રોધ ટકી શકયો નહી.

ચ્યવન ઋષિ પર પ્રહાર કરવા ઈન્દ્રએ વજ્ર ઉપાડયું, તો ચ્યવન ઋષિએ તેના બંને બાહુ સ્તંભિત કરી દીધા. ક્રોધ સામે ક્રોધનો ટકરાવ થયો. ઈન્દ્રની હત્યા કરવા ચ્યવન ઋષિએ મદાસુરને ઉત્પન્ન કર્યો. અંતે ઈન્દ્રએ પરાજય સ્વીકારી અશ્વિની કુમારોને યજ્ઞમાં સોમપાનના અધિકારી બનાવ્યા. ચ્યવન ઋષિ પાસે ઈન્દ્રનો ક્રોધ ટકી શકયો નહીં. અંતે ચ્યવન ઋષિએ ઉત્પન્ન કરેલ મદાસુરને મદ્યપાન, સ્ત્રી, દ્યૂત, મૃગયામાં પૃથક્ વહેંચી દીધો. કારણ કે આ ચાર સ્થળ વ્યકિતના દૂષણ ગણાવ્યા છે. આ ચાર દૂષણોથી દૂર રહેવું.

દ્યૂતના શોખને કારણે યુધિષ્ઠિર તથા નલને દુઃખ વેઠવા પડયા.

મૃગયાના શોખને કારણે રાજા પરીક્ષિત, દશરથ અને પાંડુ ઈત્યાદિ રાજાનું મૃત્યુ થયું.

ક્રોધ પર સંયમ રાખવો જોઈએ. અભિજ્ઞાન શાકુન્તલમાં દુર્વાસા ઋષિના ક્રોધને કારણે શકુન્તલાને વિરહ વેઠવો પડયો.

ચાણકય નીતિ અનુસાર ક્રોધ કાળ છે. [૧૬]

વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે, 'તે મહાન્ પુરુષ ધન્ય છે, જે પોતાના ક્રોધ પર સંયમ રાખે છે.'[૧૭]

ચ્યવન ઋષિએ ક્રોધિત થઈ શર્યાતિ રાજાના સૈન્યના મળ–મૂત્ર અટકાવી દીધા હતા.

ક્રોધ પર વિજયનું શ્રેષ્ઠ દષ્ટાંત મહાવીર સ્વામીનું ગણાવી શકાય. મહાવીર સ્વામીના કાનમાં કોઈ એક વટેમાર્ગુએ સૂયા ભોંકયા તેમ છતાં તેમણે કોઈ પ્રતિક્રિયા કે પ્રતિકાર કર્યો નહી. કારણ કે મહાવીર સ્વામી ક્ષમાને શ્રેષ્ઠ ગુણ માનતા હતા અને વળી તે અહિંસાવાદી હોવાને કારણે પણ વટેમાર્ગુ પર કોપાયમાન થયા નહીં.

પરીક્ષિત રાજાએ પણ શૃંગી ઋષિ પર ક્રોધ વશ મૃત સર્પ ફેંકયો હતો. તેઓ પણ સમાધિસ્થ રહ્યા. એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. પરંતુ તેના પુત્રથી આ બાબત સહન ન થતાં તેમણે પરીક્ષિતને શાપ આપ્યો. પુત્રમાં પિતૃભકિતના દર્શન થાય છે.

અત્રે પણ સુકન્યાએ અજ્ઞાનવશ ચ્યવન ઋષિની આંખમાં કાંટા ભોંકયા, જેને કારણે તેના ક્રોધનો ભોગ બનવું પડયું.

**નિષ્કર્ષ :**

સુકન્યા ઉપાખ્યાન ભૃગુઓની મંત્રશકિત, તેમનો પ્રભાવ, સુકન્યાની પતિભકિત જણાવે છે.

ક્રોધ કરવાથી સફળતા પ્રાપ્ત થતી નથી. પરંતુ ક્રોધને દૂર કરવા સંયમની આવશ્યકતા છે. આધુનિક યુગમાં – એકવીસમી સદીમાં વ્યકિતમાં સંયમનો અભાવ જોવા મળે છે. કારણ કે વ્યકિત વારંવાર ગુસ્સે થઈ એકબીજા પર પ્રહાર કરવા લાગે છે. આજે સમાજમાં હત્યા, મારા–મારી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે, તેનું કારણ ક્રોધ છે. જે ક્રોધ પર સંયમ પ્રાપ્ત કરે છે, તે વિજયી બને છે. યુધિષ્ઠિરે પણ ક્રોધ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. અન્ય પાંડવો દ્વારા યુધિષ્ઠિરને દુર્યોધન વિરુદ્ધમાં અનેકવાર ઉશ્કેરવામાં આવ્યા. પરંતુ તેમણે હંમેશા સંયમ ધારણ કરી રાખ્યો.

અશ્વિનીકુમારો સાથેના સંવાદમાં સુકન્યાની પતિભકિતના દર્શન થાય છે.

પ્રાયશ્ચિત્ત દ્વારા કરેલ કર્મમાંથી મુકિત મેળવી શકાય છે તે બાબત ચરિતાર્થ થાય છે.

# (६) जन्तूपाख्यान

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત અંતર્ગત વનપર્વના તીર્થયાત્રા પર્વ અંતર્ગત અધ્યાય–૧૨૭ મા નિરુપાયેલ છે.

માંધાતાની ઉત્પત્તિની કથા પશ્ચાત્ યુધિષ્ઠિર લોમશજીને સોમક વિષયક પ્રશ્ન પૂછતાં લોમશજી આ ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ એકથી અધિક સોમકનો ઉલ્લેખ કરે છે. તે જોઈએ તો –

૧) સોમક – સોમવંશી પુરુકુલોત્પન્ન પાંચાલ વંશના સહદેવ રાજાનો પુત્ર

૨) સોમક – મહાભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજ સમુદાય

૩) સોમક – કૃષ્ણનો કાલિન્દીની કૂખે જન્મેલ પુત્રોમાંનો એક

૪) સોમક – પુરુકુલોત્પન્ન પાંડવવંશીય સુદાસ રાજાના પુત્ર શતાનિકનું બીજું નામ [૧]

પુરાણ એકાધિક સોમકનો ઉલ્લેખ કરે છે. તેમાં પ્રથમ ક્રમના સોમક વિષેની આ કથા છે.

આ પ્રમાણે જન્તુ વિષે પણ પૌરાણિક કથાકોશ માહિતી આપે છે.

(૧) જન્તુ :

સોમવંશી પુરુકુલોત્પન્ન સોમક રાજાના સો પુત્રોમાંનો મોટો પુત્ર [૨]

મહાભારતની કથા પ્રમાણે –

સોમક નામના મહાન્ ધર્માત્મા રાજાને સો રાણીઓ હતી. તેમાંથી એકને જન્તુ નામનો પુત્ર હતો.

એક દિવસ તે પુત્રને કીડીએ ડંખ દીધો. આથી સર્વ માતાઓ દુઃખી થઈ ગઈ. આથી રાજાએ વિચાર્યું કે, ''એક પુત્ર ધિક્કારનો વિષય છે. એક પુત્ર કરતા તો પુત્ર હીન રહેવું હિતકર છે.'' [૩]

સોમક પુત્ર પ્રાપ્તિ માટે કોઈપણ કાર્ય કરવા તત્પર હતો. ઋષિ દ્વારા જાણ્યું કે જન્તુની આહુતિ દ્વારા યજ્ઞ કરવામાં આવે તો તેમના ધૂમ્રની સુગંધથી રાણીઓ ગર્ભવતી બને અને જન્તુ પુનઃ પોતાની માતાની કૂખે જન્મ લેશે.

સોમક પુત્ર પ્રેમમાં કંઈપણ કરવા તત્પર હતો. તેથી જંતુનાં બલિ દ્વારા કરવામાં આવતા યજ્ઞની તૈયારી કરી. યજ્ઞની આહુતિની સુંગધથી સર્વ રાણી ગર્ભવતી બની અને સોમક સો પુત્રોનો પિતા બન્યો.

અલ્પકાળ પશ્ચાત્ યજ્ઞ કરાવનાર પુરોહિત અને સોમક મૃત્યુ પામ્યા. પુરોહિત નર્કની યાતના ભોગવી રહ્યો હતો. સોમકે તેનું કારણ પૂછતાં સ્વયં આ કાર્ય માટે જવાબદાર છે તેથી પોતે યાતના સહન કરવા કહ્યું. પરંતુ ધર્મરાજાએ કહ્યું.

**नान्य कर्तुः फलं राजन्नुपभुङ्क्ते कदाचन ।**

**इमानि तव श्वश्यन्ते फलानि वदतां वर ॥**

અર્થાત્, કર્તા સિવાય અન્ય કોઈ કર્મનું ફળ ભોગવતું નથી, તેથી આપને જે લોક પ્રાપ્ત થયો છે, તે યોગ્ય છે. [૪]

સોમક પુરોહિતની સાથે નર્ક યાતના ભોગવવા તૈયાર હતો. કારણકે તે કાર્ય પોતાના માટે કરેલ હતું. તેથી તે પણ બ્રાહ્મણ જેટલો જ પાપનો ભાગી હતો.

પુરોહિત અને સોમક નર્ક યાતના ભોગવી અંતે પુણ્યલોકને પામ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત અન્ય સ્થળે પણ પ્રસ્તુત કથાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમ કે શ્રીમદ્ ભાગવત અને હરિવંશમાં તેનો ઉલ્લેખ છે.

આખ્યાન ઉપાખ્યાન કથા બોધાત્મક કથા છે. મહર્ષિ વેદ વ્યાસે આવી બોધાત્મક કથા દ્વારા અનેક પાસાઓ ઉજાગર કર્યા છે અને પોતાના મનની વાતને ખુલ્લી રીતે વ્યકત કરી છે.

મહાભારતકાર ભગવાન વેદ વ્યાસ પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા અનેક આવશ્યક બાબતોની ચર્ચા કરે છે. જેને ક્રમશઃ જોઈએ તો –

**અનેક પુત્રોની કામના :**

સોમક રાજાના પાત્ર દ્વારા મહર્ષિ વેદ વ્યાસ એકાધિક પુત્રનું મહત્ત્વ દર્શાવે છે. સોમક ઋષિ એકાધિક પુત્રની કામના કરે છે. કારણ કે એક પુત્ર હોવો તેના કરતાં અપુત્ર હોવું તે પસંદ કરે છે. કારણ કે એક પુત્રથી સર્વ પ્રેમ તેના પ્રત્યે જ રહે છે. તેના રુદન દ્વારા સમસ્ત અંતઃપુર શોકમગ્ન બની જાય છે.

મનુષ્ય માત્રને પુત્ર પ્રત્યે અપાર સ્નેહ હોય છે. તે પુત્રની વિહ્વળતાથી માતા–પિતા વિહ્વળ બની જાય છે. કારણ કે તે પુત્ર જ અંતે સ્વર્ગની સીડી સમાન હોય છે.

ચાણકય સૂત્ર કહે છે કે 'પુત્ર તમામ સંકટોમાંથી માતા–પિતાની રક્ષા કરે છે.' [૫]

ગરુડ પુરાણ મુજબ પુત્ર સર્વ સુખદાયક હોય છે. માતા–પિતાનો આનંદવર્ધક હોય છે. આત્મા જ પુત્રરૂપે જન્મ લે છે. [૬]

પ્રસ્તુત ઉપાખ્યાનમાં સોમકને પુત્ર પ્રત્યે આંધળો પ્રેમ છે. તે ત્યાં સુધી કે અન્ય પુત્રોની પ્રાપ્તિ માટે તે પોતાના વહાલસોયા પુત્રની બલિ ચઢાવવા તૈયાર થાય છે. અંતે તે કાર્યમાં તેને સફળતા મળે છે અને સો પુત્રોની પ્રાપ્તિ થાય છે.

કયારેક પુત્ર પ્રત્યેનો આંધળો પ્રેમ અનર્થ સર્જે છે. શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં ગોકર્ણની કથા છે. તે મુજબ આત્મદેવ નામના સદાચારી, કર્મનિષ્ઠ બ્રાહ્મણને ધુન્ધુલી નામની પત્ની હતી. તેઓ નિઃસંતાન હતા. એકવાર આત્મદેવે એક મહાત્મા પાસે પુત્રની યાચના કરી. આત્મદેવના ભાગ્યમાં સંતાન પ્રાપ્તિ હતી નહીં, પરંતુ આત્મદેવ સંતાન પ્રાપ્તિ માટે મોહાંધ થયા હતા. અંતે મહાત્માએ બ્રાહ્મણને એક ફળ આપી તેની પત્નીને ખવડાવવા કહ્યું.

પરંતુ ધુન્ધુલીએ તે ફળ ન આરોગતા ગાયને ખવડાવ્યું અને પોતાની બહેનનો પુત્ર હતો, તે પોતાનો પુત્ર છે, તેમ જાહેર કર્યું, અને તેનું નામ ધુન્ધુકારી પડયું.

અલ્પકાળ પશ્ચાત્ ગાયે મનુષ્ય શિશુને જન્મ આપ્યો, તેનું નામ ગોકર્ણ પાડયું.

ધુન્ધુકારી દુષ્ટ બન્યો અને ગોકર્ણ ધર્મનિષ્ઠ બન્યો.

સંક્ષેપમાં પુત્ર પ્રત્યેનો આંધળો પ્રેમ અનર્થ સર્જે છે. પરંતુ પ્રસ્તુત ઉપાખ્યાનમાં સો પુત્રની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેને માટે તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કરવો પાડયો.

**પુત્રેષ્ટિ યજ્ઞ :**

બ્રાહ્મણ ગ્રંથો અને મીમાંસા ગ્રંથોમાં આ વેદ વાકય **'स्वर्गकामो यजेत'** વારંવાર કહ્યું છે. અતઃ એ સિદ્ધ થાય છે કે મનુષ્ય પ્રથમ સ્વર્ગરૂપ ફળનો સંકલ્પ કરે છે. પછી યજ્ઞનું અનુષ્ઠાન આરંભ કરે છે.

વૈદિક કાળમાં પણ યજ્ઞો થતા. યજુર્વેદને તો યજ્ઞનો વેદ જ કહે છે. ઋગ્વેદકાળથી પ્રારંભી મહાભારતકાળ સુધી નિરંતર યજ્ઞો થતા. તે યજ્ઞો સ્વાર્થપરાર્થ હતા. જેમ કે યુધિષ્ઠિરને સમગ્ર પૃથ્વીનું આધિપત્ય પ્રાપ્ત કરવા રાજસૂય યજ્ઞ કરવાનું કહ્યું. ભગવાન્ શ્રીરામે અશ્વમેધ યજ્ઞ કર્યો. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ નિઃસ્વાર્થ ભાવે જીવનના નિત્યક્રમ અનુસાર યજ્ઞ કરતા.

યજ્ઞ શબ્દ **यज्** ધાતુ પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ ત્યાગ, બલિદાન થાય છે. વૈદિક યજ્ઞયાગમાં પણ આ અર્થ અભિપ્રેત છે.

શ્રી પાંડુરંગ શાસ્ત્રી **'यज्'** ધાતુના દેવપૂજા, સંગતીકરણ અને દાન એવા ત્રણ અર્થ કરે છે. દૈવી સંપત્તિવાળા લોકો દેવ સમાન છે. (૧) એમનો સત્કાર કરવો. (૨) સામાન્યજનોનું સંગતીકરણ એટલે કે સંગઠન ઊભું કરવું. (૩) તેમનામાં મૈત્રીભાવ જગાડવો અને દાન કરવું. આ ત્રણ બાબતો જયાં હોય એ કર્મનું નામ યજ્ઞ ગણી શકાય. આ રીતે જોતા સત્કાર, સંગઠન અને ઉપકાર એ ત્રણ યજ્ઞના લક્ષણ છે. નીચેની કાવ્ય પંકિતમાં તેઓ યજ્ઞની વ્યાખ્યા આપે છે.

''વિબુધોનો સત્કાર જીવનમાં, સંઘતણો ચમકાર;
દાનથી દૈન્ય હટાવે જગનું, અસુરોને પડકાર !''

અર્થાત્, ''જે કર્મથી સન્માનનીય મનુષ્યોનો સત્કાર થાય છે, જનતાનું સંગઠન થાય છે, જેનાથી વિભકતતા નિર્માણ ન થતાં મૈત્રી સર્જાય છે તથા જેનાથી દીન જનોનું દૈત્ય દૂર થાય છે, એ યજ્ઞ કહેવાય છે. પોતાના કર્મથી ઉત્પન્ન થનાર ફળ મનુષ્યના કલ્યાણ માટે ત્યજવાની તૈયારી વિના કોઈ યજ્ઞ થતો નથી.'' [૭]

વૈદિક કાળમાં પાંચ મહાયજ્ઞોની વ્યવસ્થા જોવા મળે છે. શતપથ બ્રાહ્મણ (૧૧–૫–૬–૧) માં કથન છે કે કેવળ પાંચ મહાયજ્ઞ છે. તે ભૂતયજ્ઞ, મનુષ્ય યજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ એવં બ્રહ્મયજ્ઞ.

| | | |
|---|---|---|
| ભૂતયજ્ઞ | – | જીવોને અન્નદાન આપવું. |
| મનુષ્ય યજ્ઞ | – | અતિથિ સત્કાર |
| પિતૃયજ્ઞ | – | પિતરોનું તર્પણ |
| દેવયજ્ઞ | – | અગ્નિમાં આહુતિ આપવી |
| બ્રહ્મયજ્ઞ | – | વેદનું અધ્યયન–અધ્યાપન [૮] |

મુંડક ઉપનિષદ્ પ્રમાણે યજ્ઞ અદઢ નૌકા છે. તેના દ્વારા સંસાર પાર કરી શકાતો નથી. [૯]

ઋગ્વેદના દાનસ્તુતિ સૂકતમાં **नार्यमणं पुष्पति नो सरवायं केवलाधो भवति केवलादी ।** અર્થાત્, એકલો ખાનારો પાપ ખાય છે. [૧૦] કહ્યું છે. તેમાં સમષ્ટિલક્ષી બાબત નિરુપી છે.

મનુષ્ય માત્ર ભોગો જ ભોગવ્યા કરે તે જીવન ભોગવવાની સાચી રીત નથી. કારણ કે મનુષ્ય ગમે તેટલું ભોગવે અંતે તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થતી નથી અને ઉપભોગ કર્યા કરનારને અંતે કશું ન કર્યાની ઊંડી અને ગૂઢ ખિન્નતા રહે છે. જે અન્યને માટે સર્વસ્ય હોમ્યા કરે છે તે તાત્ત્વિક દષ્ટિએ સ્વાભાવિક રીતે જ વર્તતો હોવાથી સાચા આનંદનો અનુભવ કરે છે, કારણ કે આપવાની ક્રિયામાં મનુષ્યને ચૈતન્યનો અનુભવ થાય છે.

યયાતિ રાજા ભોગો ભોગવીને અંતે નિર્વેદ વ્યકત કરતા કહે છે, ''વિષયોની કામના વિષયોના ઉપભોગથી શાંત થતી નથી. પરંતુ ઘીની આહુતિ પડવાથી અગ્નિ જેમ પ્રદીપ્ત થાય તેમ પ્રદીપ્ત થાય છે.'' [૧૧]

ઈશોપનિષદ્‌ના **तेन त्यक्तेनभुक्त्जीथाः** [૧૨] માં એ જ ભાવના રણકે છે.

મનુષ્ય યજ્ઞ કરે અને તેનું ફળ પામનાર પણ તેમાંથી યજ્ઞ કરે તો જ આ સંસાર ચાલે છે. જો યજ્ઞ અટકી જાય તો સંસારની ક્રિયા આગળ વધે નહીં. મનુસ્મૃતિ મુજબ ''અગ્નિના વિધિ વિધાનપૂર્વક અપાયેલ આહુતિ સૂર્યદેવ પ્રાપ્ત કરે છે. તેના દ્વારા વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી અન્ન અને અન્નથી પ્રજાની ઉત્પત્તિ થાય છે.'' [૧૩]

મનુસ્મૃતિ યજ્ઞ અને પર્જન્યનો કાર્યકારણ ભાવ દર્શાવે છે.

આ વાત અર્વાચીન માનવીને ગળે ઉતરે તેવી નથી. પરંતુ મહાભારતકારે યજ્ઞ શબ્દનો વ્યાપક અર્થ લીધો છે. એ દષ્ટિએ વિચારીએ તો સૂર્ય તપે, વરાળના વાદળ બંધાય અને વૃષ્ટિ થાય. આમ પર્જન્ય એ નિરંતર યજ્ઞક્રિયાનું જ ફળ છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌માં **पुरूषो वाव यज्ञः** કહીને જે ભાવના સૂચવી છે, તે ભાવના ગીતાની **तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ।** માં પણ દેખાય છે.

નિરંતર ચાલુ રહેતા આ યજ્ઞ કર્મ દ્વારા જ નૂતનનું સર્જન થાય છે, સૃષ્ટિનો ક્રમ ચાલુ રહે છે, સર્જનમાં સ્થિરતા આવે છે, અને મનુષ્યની એષણાઓ સંતોષાય છે.

યજ્ઞ સર્જનનો કર્તા છે, એ ભાવના પણ પ્રાચીન છે. પુરુષ સૂકતમાં **तस्मायिज्ञात् सर्वहुतः संभृतं पृषदाडयम् ।** [૧૪] વગેરે મંત્રોમાં યજ્ઞમાંથી થયેલા સર્જનની વાત કરી છે. યજુર્વેદના ૧૮ મા અધ્યાયમાં ' 'સઘળું યજ્ઞમાંથી ઉત્પન્ન થયું છે,'' તેમ વર્ણવવામાં આવ્યું.

ઋગ્વેદ અનુસાર પ્રત્યેક શુભ કાર્ય યજ્ઞ સાથે પ્રારંભ કરો. [૧૫]

યજ્ઞની સાથે દક્ષિણા સંકળાયેલી છે. યજ્ઞ કાર્ય પૂર્ણ કર્યા બાદ ઋત્વિજોને દક્ષિણા આપવામાં આવે છે. મહાભારત વનપર્વ પ્રમાણે દક્ષિણા વગરનો યજ્ઞ વ્યર્થ છે. [૧૬]

પ્રાચીનકાળમાં યજમાન યજ્ઞ કાર્ય પૂર્ણ કરી દક્ષિણા આપતા તેમાં વાજશ્રવસ્‌નું ઉદાહરણ આપી શકાય. તેમણે યજ્ઞ કાર્ય પૂર્ણ કર્યા બાદ દક્ષિણામાં દુર્બળ ગાયો આપી. આથી પુત્ર નચિકેતાને દુઃખ થયું. કારણ કે નબળી વસ્તુ દાનમાં આપવાથી સ્વર્ગપ્રાપ્તિ થતી નથી. તેથી નચિકેતાએ પૂછયું, મને કોને દાનમાં આપશો ? આમ વારંવાર પૂછવાથી પિતાએ કહ્યું. **मृत्यवे त्वा ददामीति ।** [૧૭] અને નચિકેતા યમ દ્વારે ચાલી નીકળ્યો.

શતપથ બ્રાહ્મણ અનુસાર 'યજ્ઞ સર્વ દેવતાનો આત્મા છે.' [૧૮]

પ્રાચીનકાળમાં ઋષિઓ નિરંતર યજ્ઞ કરતા અને રાજાઓ પુત્રની કામના સમગ્ર પૃથ્વીના અધિપતિ બનવા માટે યજ્ઞ કરતા કારણ કે યજ્ઞનું ફળ કદાપિ નષ્ટ થતું નથી. બુદ્ધિમાન લોકો યજ્ઞના ફળનો સંચય કરે છે. [૧૯]

આ તો થઈ ભૌતિક યજ્ઞની વાત. પરંતુ ગીતાકાર ભૌતિક યજ્ઞની અપેક્ષાએ સમષ્ટિના કલ્યાણાર્થે થતા યજ્ઞોની ચર્ચા કરે છે.

ગીતાકાર યજ્ઞનો અર્થ 'મમત્વનો ત્યાગ' અનાસકત ભાવ એવો અર્થ કરે છે. કર્મકાંડના યજ્ઞના મૂળમાં પણ આ જ અર્થ રહેલો છે. તેમાં પણ અગ્નિને બલિદાનનો હોમ અર્પનાર યજમાન બોલે છે, **'अग्नये स्वाहा ।' इदमग्नये, न मम ।** આમ, પ્રાચીન યજ્ઞમાંથી **'न मम'** ની મૂળભૂત ભાવનાને ઉઠાવી લઈ ગીતાકારે તેનો જીવનના સર્વ સંદર્ભોમાં ઉપયોગ કર્યો છે.

ગીતાકાર અમુક વ્યકિતને અમુક ફળ મળે માટે યજ્ઞ કરવો, તે વાતને તદ્દન છોડી દે છે.

ગીતાકારના મતે વ્યકિતએ મમત્વનો ત્યાગ કરી સમાજને સ્વેચ્છાએ સમર્પણ કરવું, તે યજ્ઞ.

ગીતાકારની આ ઉમદા ભાવનાને વિનોબા ભાવેએ ભૂદાન યજ્ઞરૂપે સાકાર કરી.

ગીતાના મતે યજ્ઞ એટલે અગ્નિમાં ઘૃત, અન્નાદિ હોમવાનો માત્ર બાહ્યાચાર કે કર્મકાંડ નહીં, તેનો યજ્ઞ કોઈ ચોક્કસ ફળ યા કોઈ વ્યકિત વિશેષના શ્રેય અર્થે નહીં, પરંતુ સમષ્ટિના હિતાર્થે સામાજિક યા વિશ્વકલ્યાણની ભાવના અર્થે થવો જોઈએ. પોતાનું જે કાંઈ છે તે સમાજ તથા દેવોને અર્પણ કર્યા સિવાય ભોગવી શકાય નહી અને ભોગવનાર પ્રત્યે ગીતા સખત અણગમો દાખવે છે. [૨૦]

શ્રી અરવિંદના મતે કોઈપણ કર્મ પછી તે સંકુચિત કે વિશાળ એવી અહં–બુદ્ધિમાંથી અથવા પ્રભુને ખાતર યજ્ઞરૂપે કરી શકાય છે. [૨૧]

શ્રી મહાત્મા ગાંધી ગીતાબોધમાં કહે છે કે 'જે કર્મમાં વધારેમાં વધારે જીવોનું, વધારે વધારે ક્ષેત્રમાં, કલ્યાણ થાય ને જે કર્મ મનુષ્ય સહેલાઈથી કરી શકે, જેના દ્વારા સેવા થઈ શકે તે મહાયજ્ઞ.' [૨૨]

આગળ જતાં ગાંધીજી કહે છે કે, 'યજ્ઞ નિત્યનું કર્તવ્ય છે. યજ્ઞ એટલે સેવા એમ જાણતા **'परोपकाराय सतां विभूतयः'** જેવું વચન કહે છે. નિષ્કામ સેવા એ પરોપકાર નથી. પરંતુ પોતાની ઉપર ઉપકાર છે. [૨૩]

યજ્ઞ વ્યકિતને અનુલક્ષીને નહીં પરંતુ સમષ્ટિને અનુલક્ષીને સામાજિક કે વૈશ્વિક ભાવનાથી કરવો જોઈએ. પોતાની આજુબાજુની વિશાળ પ્રકૃતિ તથા માનવસમુદાયથી મનુષ્યને છૂટો પાડી શકાય નહીં. માનવ સમષ્ટિનું અંગ છે. એટલે સમષ્ટિ પાસેથી લાભ પામેલા માણસ માટે સમષ્ટિના મુખમાં પોતાના સંચિતનો હોમ કરવો તે ધર્મ્ય છે. ગીતા કહે છે, 'જે કેવળ પોતાને માટે રાંધે છે, તે પાપ ખાય છે.' [૨૪]

ગીતાની યજ્ઞભાવના પ્રાચીન ગ્રંથોની યજ્ઞભાવના સાથે તાલ જરૂર મિલાવે છે. પરંતુ અહી ગીતાકારે ધાર્મિક ભાવનાનું ઊર્ધ્વીકરણ કરીને યજ્ઞને સમાજ કલ્યાણ અને માનવધર્મનું સ્વરૂપ આપ્યું છે. કર્મકાંડના ગ્રંથોમાં યજ્ઞનો અર્થ સંકુચિત થયેલો જણાય છે. જેમ કે બ્રાહ્મણગ્રંથોએ યજ્ઞને ધાર્મિક જીવનની ચરમ સીમા તરીકે ઓળખાવેલ છે. ઉપનિષદોએ યજ્ઞોને 'તકલાદી હોડી', 'અશ્રદ્ધેય સાધન' તરીકે વર્ણવ્યા છે. મીમાંસાની યજ્ઞભાવનામાં ભોગ અને સ્વર્ગસુખની એષણા રહેલી જોવામાં આવે છે. જયારે ગીતાની દષ્ટિએ યજ્ઞનો સંકુચિત સ્વાર્થ તથા ભૌતિક સુખ સાથે કોઈ સંબંધ જ સંભવતો નથી. ગીતા માને છે કે યજ્ઞની સાથે કૃતજ્ઞતા બુદ્ધિ જોડાયેલી હોવી જોઈએ.

સંક્ષેપમાં અનાસકતભાવે લોક સંગ્રહાર્થે કરેલા સર્વ કર્મો યજ્ઞ જ છે. આ યજ્ઞ ભાવના દ્વારા ભારતીય સંસ્કૃતિએ એક ભવ્યાતિભવ્ય આદર્શ રજૂ કર્યો છે. તેમાં **''वसुधैव कुटुम्बकम्''** ની ઉદાત્ત ભાવના રહેલી છે. અતિથિ સત્કાર, લોકહિતાર્થે સંપત્તિનો સદુપયોગ, કુટુંબ ભાવના અને વડીલોની સેવામાં ગીતાની

યજ્ઞભાવના ચરિતાર્થ થાય છે. ગીતા કહે છે કે, **'नायं लोकोडस्त्यज्ञस्य कुतोडन्यः कुरूसत्तम'** અર્થાત્, સ્વાર્થ માટે પોતાની સંપત્તિનો વ્યય કરે છે. તેને પરલોક તો શું, આ લોકની પણ પ્રાપ્તિ થતી નથી. [૨૫]

સોમક આસકત ભાવે યજ્ઞ કરે છે. તેમને યજ્ઞ દ્વારા પુત્ર પ્રાપ્ત કરવો હતો. પ્રાચીન સમયમાં અનેક રાજાઓએ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરેલ. જેમ કે રાજા દશરથે યોગ્ય સંતાન પ્રાપ્તિ માટે ઋષિ ઋષ્યશૃંગ પાસે યજ્ઞ કરાવ્યો હતો, જેના ફળ સ્વરૂપે દશરથ રાજાને ચાર પુત્રોની પ્રાપ્તિ થઈ.

કવિ કાલિદાસ પણ અભિજ્ઞાનશાકુન્તલ અને વિક્રમોર્વશીયમ્માં પુત્રપીંડપાલન નામના યજ્ઞનો ઉલ્લેખ કરે છે.

મહાભારતના યજ્ઞ ક્ષુલ્લક લાગે છે, જે ભૌતિક અનુકરણીય નથી. આજે પણ પ્રત્યેક માતા–પિતામાં પોતાના વંશ માટે પુત્ર પ્રાપ્તિની ઘેલછા જોવા મળે છે. પુત્ર પ્રાપ્તિ માટે અનેક અનિષ્ટો જેમકે પુત્રનો બલિ દેવને શરણે ધરાવવો ઈત્યાદિ પ્રસંગો જોવા મળે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં હિંસાત્મક, સકામયજ્ઞની વાત છે. પોતાના જ પુત્ર જન્તુની આહુતિ દ્વારા હરિશ્ચન્દ્ર અને વરુણની કથાનું સ્મરણ થાય છે.

ઐતરેય બ્રાહ્મણના શુનઃશેપાખ્યાનમાં હરિશ્ચન્દ્ર પુત્ર પ્રાપ્તિ માટે પોતાના જ પુત્રના યજન દ્વારા વરુણ દેવનો યજ્ઞ કરવાની પ્રતિજ્ઞા કરે છે. અંતે તેના પુત્રના બદલામાં શુનઃશેપનો બલિ ચઢાવી યજ્ઞ કાર્ય પૂર્ણ કરે છે.

આ બાબત દ્વારા યજ્ઞમાં થતી હિંસા જોઈ શકાય છે. પ્રાચીન સમયમાં હિંસાત્મક યજ્ઞો થતા તેથી યજ્ઞ માટે **'अत्त्वरः'**, **'हिंसा रहित यज्ञ'** તેવો ઉલ્લેખ જોવા મળે છે.

પરંતુ યજ્ઞમાં થતી હિંસા દ્વારા બલિની અંતે મુકિત–મોક્ષ પ્રાપ્તિ થાય છે. શુનઃશેપ પણ વિશ્વામિત્રનો પ્રિય પુત્ર તરીકે પ્રખ્યાત થયો.

યજ્ઞમાં અપાયેલ પશુબલિ અથવા નરબલિ સર્વ પુણ્યોને નષ્ટ કરી દે છે. તેનું ઉદાહરણ મહાભારતના શાન્તિપર્વમાં વર્ણવેલ છે.

વિદર્ભ દેશમાં સત્ય નામે બ્રાહ્મણ પોતાની પરમ પવિત્ર પત્ની સાથે નિવાસ કરતો હતો. તેમણે એકવાર હિંસા રહિત યજ્ઞ કરવાનું વિચાર્યું.

તેની સાથે રહેતા મૃગે મનુષ્ય વાણીમાં કહ્યું, 'તું મારા દ્વારા યજ્ઞ પૂર્ણ કર.' સાક્ષાત્, સાવિત્રી દેવીએ પધારી મૃગનું બલિદાન આપવાની સલાહ આપી. પરંતુ તે બ્રાહ્મણે સ્વીકારી નહી.

મૃગે વારંવાર યજ્ઞમાં બલિ આપવાની યાચના કરી અંતે મૃગે કહ્યું.

**ततः स हरिणो गत्वा पदान्यष्टौ न्यवर्तत् ।**

**साधु हिंसय मां सत्य हतो यास्यामि सङ्गतिम् ॥**

અર્થાત્, 'તું' વિધિપૂર્વક મારી હિંસા કર, હું યજ્ઞમાં વધ પ્રાપ્ત કરી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવા ઈચ્છું છું. [૨૬]

અંતે બ્રાહ્મણે મૃગની હિંસા કરવાનું વિચાર્યું. જેથી બ્રાહ્મણનું સર્વ તેજ નષ્ટ થઈ ગયું. તેથી હિંસા યજ્ઞ માટે હિતકર નથી.

મૃગ સાક્ષાત્ ધર્મનું રૂપ હતો. ધર્મે તે બ્રાહ્મણનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કર્યો હતો. અંતે ધર્મએ સ્વયં સત્યનો યજ્ઞ પૂર્ણ કરાવ્યો.

મહાભારતકાર કહે છે, ''અહિંસા સંપૂર્ણ ધર્મ છે. હિંસા અધર્મ છે. અધર્મ અહિતકારક હોય છે.'' [૨૭]

**કર્મ ફળની પ્રાપ્તિ :**

કરેલ કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. સોમકના પુરોહિતે નરબલિ દ્વારા યજ્ઞ કરાવ્યો. તેને કારણે તેમને નરક યાતના ભોગવવી પડી. પરંતુ સોમકે તે કાર્ય પોતાના માટે થયું હતું, તેથી ફળ તો તેમણે પણ ભોગવવું પડે તેવી ધર્મરાજ પાસે માંગણી કરી. પરંતુ જેમણે કર્મ કર્યું હોય તેને જ તેનું ફળ મળે છે. પાપ કરે તે જ પાપનો ભાગીદાર બને છે.

આને માટે વાલ્મીકિ ઋષિના પૂર્વજીવનની વાતનું સ્મરણ થાય છે.

સ્કંદ પુરાણ પ્રમાણે અગ્નિશર્મા નામનો બ્રાહ્મણ હતો. એક વખત સપ્તર્ષિઓને લૂંટવા ગયો ત્યારે તેઓ પૂછવા લાગ્યા કે, 'હે લૂંટારા, આ પાપના ભાગીદાર કોણ કોણ છે ? શું તારો પરિવાર આ પાપના પરિણામને ભોગવવા તૈયાર છે ? પોતાના પરિવારને પૂછતા જાણ્યું કે પાપના ભાગીદાર તો કોઈ નથી ? ત્યારે ઋષિઓએ ભગવદ્ નામ જપવાનું કહ્યું. જપ યજ્ઞ શરૂ થઈ ગયો. સતત વર્ષો સુધી એક આસને જપ કરતા શરીર ધૂળથી ઢંકાઈ ગયું અને રાફડો–વલ્મીક બની ગયો. વર્ષો પસાર થયા પછી સપ્તર્ષિઓ પુનઃ પસાર થયા ત્યારે વલ્મીકમાંથી 'રામ' શબ્દનો જપ સાંભળ્યો. સપ્તર્ષિઓએ તેને વલ્મીકમાંથી બહાર કાઢયો. વલ્મીકમાંથી નવો જન્મ ધારણ કર્યો. તેથી 'વાલ્મીકિ' કહેવાયા. સપ્તર્ષિને બદલે નારદજી મળેલા અને તેઓએ લુંટારાને ઉપદેશ કહેલો તેવી દંતકથા પણ મળે છે.

પ્રચલિત દંતકથા પ્રમાણે મહર્ષિ વાલ્મીકિ કોઈ 'વાલી' કે 'વાલિયો' નામના લુંટારા હતા.

કર્મનું ફળ મળ્યા વિના રહેતું નથી. તેને ભોગવવા માટે પુનઃ જન્મ પણ લેવો પડે છે. જે કર્મ કરે તેને ફળ મળે છે. [૨૮]

ભારતીય સંસ્કૃતિનો સંપૂર્ણ મેરુદંડ પુનર્જન્મના સિદ્ધાંત પર આધારિત છે. પૂર્વજન્મમાં કરેલ કર્મોના સંસ્કાર પુનર્જન્મમાં મનુષ્યની સાથે ઉત્પન્ન થાય છે અને તે સંસ્કારો અનુસાર મનુષ્યને સુખ–દુઃખની પ્રાપ્તિ થાય છે. કારણ કે પુનર્જન્મનો આધાર કર્મ સિદ્ધાંત છે. મનુષ્ય પૂર્વ જન્મોના કર્મો અનુસાર પુનર્જન્મ પ્રાપ્ત કરે છે, તે ભારતીય સંસ્કૃતિનો અટલ સિદ્ધાંત છે. માત્ર હિન્દુ ધર્મ જ નહી પરંતુ અન્ય ધર્મો જેવા કે બૌદ્ધ, જૈન, ઈસાઈ ઈત્યાદિ પણ પુનર્જન્મના સિદ્ધાંતને સ્વીકારે છે.

''માનવના વસ્ત્ર પરિવર્તનની માફક દેહધારી આત્મા એક દેહનો ત્યાગ કરીને નૂતન દેહ ધારણ કરે છે.'' [૨૯]

ગીતાનો આ સિદ્ધાંત એક મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. વેદથી પ્રારંભી ઉપનિષદો, દર્શનો અને પુરાણો જેવા ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોએ જીવની મરણોત્તર ગતિ વિષેની કલ્પના કરી છે અને પુનર્જન્મનો સ્વીકાર કર્યો છે.

મનુષ્ય જે પ્રકારના કર્મ કરે તે પ્રકારની યોનિમાં તેનો જન્મ થાય છે, તેમ કહીને ગીતા ધર્મ અને કર્મને અવિભાજય ગણે છે. કારણ કે કર્મયોગ ગીતાનો પાયાનો સિદ્ધાંત છે.

આત્મા અમર છે, દેહવિલય થવા છતાં દેહીનો નાશ થતો નથી. પરંતુ મૃત્યુ બાદ આત્માની શી ગતિ થાય છે ? આ પ્રશ્ન અનેક ચિંતકોના ચિત્તને મુંઝવતો રહ્યો. કઠોપનિષદ્‌માં નચિકેતાએ યમને આવો જ કંઈક પ્રશ્ન પૂછયો હતો. જેના પ્રત્યુત્તર રૂપે યમે સમગ્ર કઠોપનિષદ્‌નું જ્ઞાન આપ્યું હતું.

મહાભારતમાં કહ્યું છે કે – ''મનુષ્ય બુદ્ધિમાન હોય કે મૂર્ખ, તેમણે પૂર્વજન્મમાં જેવું કર્મ કર્યું હશે તેવું ફળ ભોગવશે.'' [૩૦]

ડો. રાધાકૃષ્ણન્ માનવની અંતિમ પળને જ તેના ભાવિ જન્મના કારણરૂપે ગણતા લખે છે :

''આત્મા અંતિમ ક્ષણોમાં જેનું ધ્યાન કરી રહ્યો હોય છે, તે દશાને પ્રાપ્ત કરે છે. આપણે જે વિચારીએ છીએ, તે જ બની જઈએ છીએ. આપણા અતીતના વિચારોથી આપણો વર્તમાન જન્મ નક્કી થયો છે અને આપણા વર્તમાન વિચારોથી ભાવિ જન્મનું નિર્માણ થાય છે.'' [૩૧]

શ્રી અરવિંદ પણ સ્વીકારે છે કે માનવીમાં રહેલી ભાવના તેના ભાવિ જન્મનું નિર્માણ કરે છે. માનવમાં રહેલો આત્મા યાને પુરુષ જે કાંઈ ભાવના કરે છે કે વિચારે છે, તેવો જ તે બને છે. અત્યાર સુધીમાં એ પુરુષ જે કંઈ થયો હતો તેના પરિણામે એનો વર્તમાન જન્મ નિયત થયો છે. અત્યારે જે કાંઈ છે, વિચારે છે, મરણની ક્ષણ સુધી જે કાંઈ કરે તેને લઈને તે ભવિષ્યના જીવનમાં કેવો થશે, તેનું નિર્માણ થાય છે. [૩૨]

ગીતાકાર કહે છે, સ્વર્ગનું સુખ તે શાશ્વત સુખ નથી. પુણ્ય અનુસાર તેઓ સ્વર્ગ સુખ ભોગવે છે અને પુણ્ય ક્ષીણ થતાં ફરી જન્મના ફેરામાં અટવાય છે. [૩૩]

જીવન પર્યન્ત જેણે યોગ સાધના કરેલી છે, તેમાં અંત સમયે કોઈ ક્ષતિને કારણે વિઘ્ન આવે તો તેવા યોગ માર્ગમાંથી ભ્રષ્ટ થયેલા યોગીનો આલોક કે પરલોકમાં વિનાશ થતો નથી. કારણ કે, સન્માર્ગ તરફ જનાર વ્યકિતની કદાપિ દુર્ગતિથતી નથી. જો એવું ન બને તો લોકોનો સત્ પ્રત્યેનો વિશ્વાસ ઉઠી જાય. ભગવાન્ ખાતરી આપતા કહે છે કે સત્કર્મો કયારેય વ્યર્થ જતા નથી. [૩૪]

યોગભ્રષ્ટ લોકો મૃત્યુ પછી તેમના પુણ્યથી ઉપલબ્ધ થયેલા સ્વર્ગલોકનો અનુભવ કરીને, પુનઃ મૃત્યુલોકમાં અવતરે છે. વિષયાદિ પ્રત્યે કંઈક આકાંક્ષા રહેલી હોય તો તે કારણસર તે પવિત્ર શ્રેષ્ઠીને ત્યાં જન્મે છે. અથવા બુદ્ધિશાળી યોગીઓના કુળમાં જન્મે છે. [૩૫]

અજાતશત્રુ અને જનક યોગભ્રષ્ટ સાધકના દષ્ટાંતો છે.

રાજા ભરત આવા યોગભ્રષ્ટ સાધકનું ઉત્તમ ઉદાહરણ છે. ભરતની ઈશ્વર ભકિત નિષ્કામ હતી. મોક્ષ સિવાય તેનું કોઈ ઘ્યેય હતું નહીં. પરંતુ અંતિમ સમયે એક મૃગબાળમાં તેની માયા બંધાઈ ગઈ અને ઈશ્વર પ્રાપ્તિનું ઘ્યેય ચૂકી ગયા. આથી તેને પશુ યોનિમાં જન્મ લેવો પડયો. પરંતુ પૂર્વજન્મના સંસ્કારોને કારણે તેણે પશુયોનિમાં પણ તૃણાદિનું ભક્ષણ કરીને પોતાની સાધના ચાલુ રાખી, અને આ જન્મમાંથી મુકિત મેળવી અને બ્રાહ્મણનું શરીર પ્રાપ્ત કર્યું, અંતે મોક્ષ મેળવ્યો. આ રીતે અનેક જન્મોને અંતે પણ મોક્ષ પ્રાપ્તિનું લક્ષ્ય અવશ્ય સિદ્ધ થાય છે. નિષ્કર્ષ એ છે કે અનાદિ સૃષ્ટિ ચક્રમાં પડેલ પ્રાણીએ સ્વકર્મ ફળ ભોગવવા જન્મ–જન્માંતર ગ્રહણ કરવા પડે છે, તે સાર્વભૌમ નિયમ છે.

આ માટે શ્રીમદ્ ભાગવતમાં રાજા નૃગની કથા આપી છે.

રાજા નૃગ દ્વારા એક દુષ્કૃત્ય થઈ ગયું, જેને કારણે તેમને નર્ક યાતના ભોગવવા માટે સરીસૃપ યોનિમાં રહેવું પડયું. તેને પૂછવામાં આવ્યું કે તમે પ્રથમ તમારા સત્કર્મને સહારે જે સ્વર્ગ સુખ પ્રાપ્ત થવાનું છે તે ભોગવવા માંગો છો કે દુષ્કર્મ દ્વારા મળેલ નર્ક યાતના ? તો પ્રથમ નૃગે નર્ક યાતનાની યાચના કરી અને અંતે સ્વર્ગ સુખ પામ્યા.

મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે કે, ''કુંભાર જેમ માટીના પિંડામાંથી પોતાની ઈચ્છા મુજબનું પાત્ર બનાવે છે, તેવી રીતે પોતે કરેલા કર્મને મનુષ્ય ભોગવે છે.'' [૩૬]

તેના અનુસંધાનમાં ભીષ્મ યુધિષ્ઠિરને એક કથા કહે છે.

વૃદ્ધા ગૌતમીનો પુત્ર સર્પદંશથી મૃત્યુ પામતા અર્જુનક નામનો પારધી સર્પને બાંધીને મારી નાખવા તૈયાર થયો. ગૌતમીએ તેને આ પાપકર્મથી અટકાવતા કહ્યું. 'સર્પને મારવાથી મારો પુત્ર પુનર્જીવિત નહીં થાય. એક જીવતા જીવને નર્કમાં લઈ જાય તેવું કર્મ કોણ કરે ?' [૩૭]

પરંતુ પારધી સર્પને મારવા તત્પર હતો. વાદ–વિવાદને અંતે સર્પ મનુષ્ય વાણીમાં કહેવા લાગ્યો. ''આ બાળકને હું મૃત્યુની આજ્ઞાથી ડંખ્યો છું, ક્રોધ–કામનાથી નહીં. તેથી મૃત્યુનો અપરાધ છે.'' [૩૮]

અંતે મૃત્યુ માટે બાળક જ કારણ છે, એમ ગૌતમીને કહી કર્મનો સિદ્ધાંત સમજાવ્યો.

શતપથ બ્રાહ્મણ અનુસાર, **'कर्म मर्त्या हवा अग्ने देवा आसुः ।'** અર્થાત્, મનુષ્ય શુભ કર્મ કરી દેવ બને છે. [૩૯]

ઈશાવાસ્ય ઉપનિષદ્ કહે છે કે, 'મનુષ્યે કર્મ કરતા–કરતા સો વર્ષનું આયુષ્ય ભોગવવું.' [૪૦]

પૂર્વે કરેલ કર્મનું ફળ ભોગવવું પડે છે. [૪૧] તે વાતને શ્રીમદ્ ભાગવત પણ પુષ્ટિ આપે છે.

બ્રહ્મવૈવર્ત પુરાણ પ્રમાણે મનુષ્ય શુભ–અશુભ જેવું કર્મ કરે તેવું ફળ તેને ભોગવવું પડે છે. [૪૨]

ભર્તૃહરિ નીતિશતકમાં કહે છે કે, ''માત્ર આ જન્મના કર્મો નહીં, ગત જન્મે કરેલા અને તપથી પાવન બનેલા સંચિત કર્મો પણ ફળ આપે છે. મનુષ્ય સંસારમાં ગમે ત્યાં જાય અને ગમે તે કરે. પરંતુ સારા–નરસા કર્મોનું ફળ તેનો પીછો છોડતું નથી. તે કદાચ સાગરમાં ઊંડે ઉતરી જાય કે મેરુ પર્વતની ટોચે ચડી જાય. ગમે તેટલી વિદ્યાઓમાં પારંગત થાય કે પક્ષીની જેમ આકાશમાં ઉડી જાય, પરંતુ તેમણે કરેલા કર્મોનું પરિણામ ભોગવવું જ પડે છે.'' [૪૩]

ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ **रक्षन्ति पुण्यानि ।** અર્થાત્ પૂર્વે કરેલા પુણ્ય કર્મો તેનું રક્ષણ કરે છે.

સોમક રાજાને યજ્ઞ કરાવનાર પુરોહિત પણ તેના કર્મ અનુસાર, ફળ ભોગવવા, નર્ક યાતના ભોગવે છે.

### ગુરુ પ્રત્યે પ્રેમ :

સોમક રાજાને તેના ગુરુ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેથી ગુરુએ કરેલ કર્મમાં તેમનો પણ હિસ્સો છે. તેથી સ્વયં પણ નર્કયાતના ભોગવવા તૈયાર થયા. તેના દ્વારા રાજા સોમકની ગુરુભકિત પ્રદર્શિત થાય છે.

ગુરુ શબ્દનો અર્થ છે. ગુ – અંધકાર અને રુ – તેનો નાશ કરનાર. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારને ગુરુ કહેવાય છે. [૪૪]

આવા ગુરુને સ્થળકાળના બંધન નથી. ગમે તે સ્થળે મળી શકે. જેની પાસેથી કંઈક ગ્રહણ કરી શકાય, તેને ગુરુ બનાવી શકાય. આમ દત્તાત્રયે ૨૪ ગુરુઓ બનાવ્યા. તેમાં મનુષ્ય ઉપરાંત જીવ–જંતુનો પણ સમાવેશ થાય છે. દત્તાત્રયે પ્રકૃતિના ૨૪ તત્ત્વોને પોતાના ગુરુ બનાવ્યા. અહીં ગુરુ તત્ત્વ રહે છે. તેના પ્રતિ આદર રહે છે. ગુરુ વ્યકિત તરીકે રહેતા, જેને કારણે શિષ્યની જ્ઞાન લેવાની સીમાઓ વિસ્તૃત થઈ જાય. વળી તે કોઈ વ્યકિત વિશેષ ગુરુને અનુસરતો ન હોવાના કારણે તે ગુરુના દૂષણો જોતા નથી. પરંતુ જે તે ગુરુ પાસેથી જ્ઞાન લઈને આગળ વધતો રહે છે.

ગુરુ પ્રત્યેના પ્રેમ તથા ગુરુ આજ્ઞાપાલનનું ઉદાહરણ મહાભારતના આદિપર્વના આરુણી તથા ઉપમન્યુનું આપી શકાય.

એકવાર વર્ષા સમયે ધૌમ્ય ઋષિએ શિષ્ય આરુણિને ખેતરમાં કામ કરવા કહ્યું. જળપ્રવાહ એટલો વેગીલો હતો કે તેને અટકાવવો અશકય હતો. તેથી ખેતરના કયારાની મધ્યમાં તે સૂઈ ગયો જેથી પાણી રોકાઈ ગયું.

રાત્રિ થવા છતાં આરુણિ આશ્રમ પર ન પહોંચ્યો. તેથી ઋષિ તેની શોધ કરવા નીકળ્યા. ગુરુદેવનો અવાજ સાંભળી આરુણિએ ત્વરિત ઉત્તર આપ્યો. ગુરુએ તેને ઊભો થવા આદેશ આપ્યો અને આલિંગન કર્યું. વરદાન આપતા કહ્યું, ''તું કયારાઓને વિદીર્ણ કરીને ઊઠયો તેથી તારું નામ ઉદ્દાલક રહેશે. સર્વ શાસ્ત્રો અંતઃકરણમાં સ્ફૂરિત થશે.'' [૪૫]

તે જ ગુરુને ઉપમન્યુ નામનો અન્ય એક શિષ્ય હતો. તેને ગાયોની સંભાળ રાખવાનું કામ સોંપ્યું. તે શરીરે હૃષ્ટપૃષ્ટ હતો, માંગેલ ભિક્ષામાંથી ગુરુજી જે આપે તેના દ્વારા સંતોષ પામતો.

એકવાર ગુરુએ તેની તંદુરસ્તીનું કારણ પૂછતાં ઉપમન્યુએ કહ્યું, 'હું બીજીવાર ભિક્ષા માંગી મારો આહાર સમાપ્ત કરું છું.' ગુરુએ તેમ ન કરવા આદેશ આપ્યો. તેનું ઉપમન્યુએ પાલન કર્યું. આમ ઉપમન્યુના આહારના સર્વ દ્વાર એક પછી એક બંધ થઈ ગયા. ત્યારે તેમણે ઝેરીલા પર્ણનો આહાર કર્યો. જેના દ્વારા તેની આંખની જયોતિ ચાલી ગઈ. જેથી તે એક ઊંડા કૂવામાં પડી ગયો.

ગાયો પાછી ફરવા છતાં ઉપમન્યુ ન આવ્યો. તેથી ગુરુએ તેની શોધ પ્રારંભી. ગુરુજીનો સ્વર સાંભળી તેમણે ઊંડા કૂવામાંથી ઉત્તર આપ્યો અને તેના કૂવામાં પડવાનું કારણ જાણ્યું.

ગુરુ આજ્ઞાથી તેમણે અશ્વિનીકુમારોની સ્તુતિ કરી. પ્રસન્ન થયેલ અશ્વિનીકુમારોએ તેને આહાર આપ્યો. ગુરુના આશીર્વાદથી તે કૂવામાંથી બહાર નીકળ્યા.

ગુરુ કોઈ એક વિદ્યા નહીં, પરંતુ જીવન જીવવાનું શીખવાડતા. તેઓ જીવનના ચારેય પુરુષાર્થો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે શિષ્યને તૈયાર કરતા હતા. આવા જ ગુરુ સાંદિપનીના આશ્રમમાં રહી શ્રીકૃષ્ણ–સુદામા વિદ્યાભ્યાસ કરતા હતા. આવા ગુરુઓ વ્યકિત વિશેષ ગણાય. તેઓ તેમના જ્ઞાનના પ્રભાવે સાચા અર્થમાં ગુરુ હતા.

પોતાના આત્મામાં પડેલી શકિતને બહાર લાવવા માટે એક આલંબન જોઈએ અને તે સ્થૂળ આલંબન ન હોતા ભાવ આલંબન હોય તો શીઘ્ર શિખરે પહોંચી જઈ શકીએ અને તે ગુરુ વિના સંભવ નથી.

ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને પરબ્રહ્મ કહ્યા છે. [૪૬]

બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે કે, 'વિદ્યા દાતા અને મંત્ર દાતા ગુરુ માતાથી પણ વિશેષ છે. ગુરુથી શ્રેષ્ઠ કોઈ નથી. [૪૭]

કબીર પણ કહે છે કે, 'ઈશ્વરની પ્રાપ્તિ કરાવનાર ગુરુ શ્રેષ્ઠ છે.' [૪૮]

શ્રીમદ્ ભગવદ્ ગીતા ગુરુની વ્યાખ્યા આપતા કહે છે કે, 'દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા શરીર સંબંધી તપ છે. જે જ્ઞાન આપે અને બ્રહ્મ તરફ ગતિ કરાવે તે ગુરુ કહેવાય. [૪૯]

જ્ઞાન મેળવવા ગુરુ અનિવાર્ય છે. ગુરુ વિના જ્ઞાન પ્રાપ્તિ અશકય છે. તેથી જ શાસ્ત્રોએ **गुरू दैंवो भव ।** કહ્યું છે. તેની સાથે **आचार्य देवो भव ।** પણ કહ્યું છે.

સ્વામી વિવેકાનંદ ગુરુનું મહત્વ સ્થાપિત કરતા ત્યાં સુધી કહે છે કે, 'ગુરુની કૃપા હોય તો શિષ્ય કોઈપણ ગ્રંથ વાંચ્યા સિવાય પંડિત થઈ શકે છે.'

શ્રી અરવિંદના મતે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ગુરુ, માનવમાં રહેલા પોતાને કેવળ જ્ઞાનમય રૂપમાં પ્રકટ કરનાર પ્રભુ જ નથી; એ એવો પ્રભુ છે જે આપણા સમગ્ર કર્મમય જીવનનું સંચાલન કરે છે. જેને માટે અને જેના વડે આપણી સમગ્ર માનવજાતિ જીવે છે, જેના પ્રત્યે સમગ્ર માનવ જીવન ગતિ અને પ્રગતિ કરી રહેલું છે. [૫૦]

સ્વામી વિવેકાનંદ ગુરુના લક્ષણ આપતા કહે છે કે, 'ગુરુ શાસ્ત્રના–રહસ્યના જાણકાર હોવા જોઈએ.'

ગુરુ નિષ્પાપ હોવા જોઈએ. જયાં સુધી આત્મા પવિત્ર ન હોય ત્યાં સુધી ઈશ્વરના દર્શન પરમ તત્ત્વની ઝાંખી થઈ શકતી નથી.

ગુરુ નામ કીર્તિ કે અન્ય કોઈ છૂપા હેતુ માટે ઉપદેશ આપતા નથી.

ગુરુ આધ્યાત્મિક પૂર્વજ છે અને શિષ્ય તેનો વંશજ છે. [૫૧]

આધ્યાત્મિક ગુરુ દ્વારા સંચરિત જ્ઞાન કરતા વધુ ઉચ્ચ અને પવિત્ર અન્ય કંઈ નથી. [૫૨]

સાંપ્રત સમયમાં ધર્મની ધારાને સતત વહેતી રાખવા ગુરુ સંસ્થા ઉભી થઈ. તેમાં ગુરુની ગાદી સ્થપાઈ અને ગુરુનો પુત્ર ગુરુ થતો રહે. ભાવિક લોકો ગુરુની ગાદી પર આવનારને ગુરુ ગણી વંદન કરે. આદર આપે અને દક્ષિણા આપે. આ પરંપરાનું મોટું ભયસ્થાન એ રહ્યું કે ગુરુના પુત્રો, ગુરુ જેવા જ્ઞાની ન પણ હોય. વિના પ્રયત્ને ગાદીનો વારસો મળી જવાથી ઘણીવાર સ્વચ્છંદી પણ થઈ જાય. આજે વિજ્ઞાન યુગમાં આ પ્રથા વિદ્યમાન છે. તે કેટલી ઉપકારક છે કે અપકારક છે તે વિશે તેમના અનુયાયીઓએ વિચારવું રહ્યું.

**નિષ્કર્ષ :**

સોમક રાજા એકાધિક પુત્રની કામના રાખે છે અને તેની પૂર્તિ માટે પુત્રેષ્ટિ યજ્ઞ કરે છે. કારણ કે પ્રાચીન સમયમાં એક પુત્ર અપુત્ર બરાબર હતો. તેથી એકાધિક પુત્રની પ્રાપ્તિ માટે યજ્ઞ કરવામાં આવતા. ઉદાહરણ તરીકે સો કૌરવો, પાંચ પાંડવો, શુનઃશેપાખ્યાન અનુસાર વિશ્વામિત્રને સો પુત્રો હતા. આ પુત્રો કદાચ શિષ્યો પણ હોઈ શકે. રાજયશાસન સંભાળવા માટે એકથી વધારે પુત્રોની આવશ્યકતા હતી. રાજય વહીવટ, સીમા સુરક્ષા, સૈન્ય વ્યવસ્થા ઈત્યાદિ માટે અનેક પુત્રોની આવશ્યકતા રહેતી. દશરથ રાજાને પણ ચાર પુત્રો હતા.

'જેવી કરણી તેવી ભરણી' એ સનાતન નિયમ છે. ભારતીય ધર્મ, કર્મ અને પુનર્જીવનમાં માનનારો ધર્મ છે. જે મનુષ્ય જન્મે છે તે પૂર્વજન્મના કર્મને આધારે જન્મે છે અને તે પ્રમાણે કર્મ ફળ ભોગવવું પડે છે. શાસ્ત્રમાંના સિદ્ધાંતને આજનો માનવી અક્ષરશઃ સ્વીકારે છે. આજે પણ આવા સિદ્ધાંતોને આધારે (જેવા કે કર્મફળ સિદ્ધાંત) ગુરુ પ્રત્યે આદરને કારણે સમાજ ટકી રહ્યો છે.

'ગુરુ  બિન જ્ઞાન નહીં' એ સૂત્ર અનુસાર જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુની આવશ્યકતા છે. ગુરુ પાસે આશ્રમમાં રહી જ્ઞાન પ્રાપ્ત કરવાની પદ્ધતિ પ્રાચીનકાળમાં હતી. ત્યાં ગુરુના સર્વ કાર્ય પણ કરવામાં આવતા. શ્રીકૃષ્ણે પણ સાંદિપની આશ્રમમાં રહી ગુરુ સેવા કરી, જ્ઞાન પ્રાપ્તિ કરી હતી.

## (७) पतिव्रतोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતના વનપર્વ અંતર્ગત માર્કંડેય સમાખ્યા પર્વના પતિવ્રતોપાખ્યાન નામના ૨૦૬મા અધ્યાયમાં નિર્દેશેલ છે.

માર્કંડેય મુનિ યુધિષ્ઠિરને પતિવ્રતા સ્ત્રીના ધર્મ વિષયક માર્ગદર્શન આપતા પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

મહાભારતની કથા મુજબ સંપૂર્ણ દ્વિજ જાતિમાં શ્રેષ્ઠ વેદજ્ઞ, તપસ્વી, ધર્માત્મા એવા કૌશિક નામના બ્રાહ્મણ હતા.

એક દિવસ તેઓ વૃક્ષ નીચે બેસી વેદાધ્યયન કરતા હતા. તે સમયે એક પક્ષીએ તેમના પર બીટ કર્યું. જેથી ક્રોધિત મુનિએ તેને અચેતન બનાવી દીધું. શીઘ્ર પશ્ચાત્તાપ કરતા બોલ્યા.

**अकार्यँ कृतवानस्मि रोषरागबलात्कृतः ।**

અર્થાત્ આજે ક્રોધિત થઈને અનુચિત કાર્ય કર્યું. [૧]

પશ્ચાત્તાપ કરતા તે ઋષિ ભિક્ષા માટે ગયા. ત્યાં એક સ્ત્રીએ ભિક્ષા આપવાનું કહ્યું. તેથી બ્રાહ્મણ ઊભા રહ્યા. તે સમયે તે સ્ત્રીના પતિ ઘરે આવ્યા, જેથી તે પતિ સેવામાં મગ્ન ભિક્ષા આપવાનું ભૂલી ગઈ.

થોડીવાર પછી તેને બ્રાહ્મણનું સ્મરણ થયું. ત્વરિત ગતિએ ભિક્ષા આપવા આવી. બ્રાહ્મણ કોપાયમાન થઈ ક્રોધની અગ્નિમાં દગ્ધ હતા. પતિવ્રતા સ્ત્રીએ શાંતિપૂર્વક કહ્યું –

**क्षन्तुमर्हसि मे विद्वान् भर्ता मे दैवतं महत् ।**
**स चापि क्षुधितः श्रान्तः प्राप्तः शुश्रूषितो मया ॥**

અર્થાત્, વિદ્વાન્ ક્ષમા કરો, મારા માટે સર્વશ્રેષ્ઠ દેવતા પતિ છે. તેઓ ક્ષુધિત, શ્રમિત થયેલા ઘરે આવ્યા. તેથી તેમની સેવામાં મગ્ન થઈ ગઈ. [૨]

બ્રાહ્મણે બ્રાહ્મણની શ્રેષ્ઠતા દર્શાવતી બાબત વર્ણવી. પતિવ્રતા સ્ત્રીએ પોતાની શ્રેષ્ઠતા દર્શાવતા કહ્યું, ‘હું બગલી નથી, જે તમારા ક્રોધને કારણે બળીને ભસ્મ થઈ જાઉં’ [૩]

સ્ત્રીએ બ્રાહ્મણ કોને કહેવાય તે વિષે વિશદ રીતે ચર્ચા કરી અને અંતે કહ્યું, ‘તમારે ધર્મ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો મિથિલાપુરીના ધર્મવ્યાધ પાસે જાઓ.’ કહી કૌશિક બ્રાહ્મણની ક્ષમા યાચી. કૌશિક બ્રાહ્મણ પતિવ્રતા સ્ત્રીનો આભાર માની ધર્મવ્યાધ પાસે ગયા.

ધર્મવ્યાધ પ્રાણીઓનું માંસ વેચવાનો વ્યવસાય કરતો હતો. તે પ્રથમથી દિવ્ય શકિત દ્વારા તે બ્રાહ્મણના આગમનનું પ્રયોજન જાણી ગયા.

ધર્મવ્યાધે તેમને સ્વકર્મ, પરંપરાથી ચાલ્યો આવતો નિજ કર્મનો ત્યાગ ન કરવો. હિંસા–અહિંસા ધર્મની સૂક્ષ્મતા, શુભાશુભ કર્મ અને ફળ, બ્રહ્મપ્રાપ્તિના ઉપાયો, વિષય સેવનથી પ્રાપ્ત થતી હાનિ, સત્સંગથી થતો લાભ, બ્રાહ્મી વિદ્યા, પંચમહાભૂતોના ગુણ, ઈન્દ્રિય નિગ્રહનું વર્ણન, ત્રણ ગુણોનું સ્વરૂપ અને ફળ વર્ણન, પરમાત્મ સાક્ષાત્કારના ઉપાય, માતા–પિતાની સેવા શ્રેષ્ઠ ધર્મ અને પોતાનું પૂર્વજન્મનું વૃત્તાંત ઈત્યાદિ બાબતો વિષયક ઉપદેશ આપ્યો.

મહાભારતકાર ભગવાન્ કૃષ્ણ દ્વૈપાયને આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા બોધ આપવાનો પ્રયત્ન કર્યો છે. એક કથામાંથી અનેક બાબતો ઉજાગર થતી હોય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા સ્પષ્ટ થતી બાબતો જોઈએ તો –

**પશ્ચાત્તાપ :**

મહાભારતના કવિ વેદ વ્યાસ કૌશિક બ્રાહ્મણની કથા દ્વારા પશ્ચાત્તાપનો મહિમા ગાય છે.

દુષ્કૃત્ય દ્વારા થતાં પશ્ચાત્તાપનું નિરુપણ કર્યું છે. કૌશિક બ્રાહ્મણે પક્ષીને જડ તો બનાવી દીધું. પરંતુ તદ્પશ્ચાત્ તેને ભયંકર પશ્ચાત્તાપ થયો અને સહસા બોલી ઊઠયા, 'આજે મારા વડે અનુચિત કાર્ય થઈ ગયું.' [૪]

ગુજરાતી કવિ કલાપી તેના 'પશ્ચાત્તાપ' નામના કાવ્યમાં કહે છે.

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.

પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે; [૫]

પ્રાયશ્ચિત્ત રૂપ ઝરણામાં ડૂબકી મારી વ્યકિત તેના પાપ દૂર કરી શકે છે.

આ બાબત દ્વારા મહર્ષિ વાલ્મીકિના પશ્ચાત્તાપનું સ્મરણ થાય છે. તેમણે પારધિ દ્વારા વીંધાતા ક્રોંચ યુગલમાંના એકનો વધ થતાં ક્રોંચ પક્ષી જે વિલાપ કરે છે તે દશ્ય નિહાળી વાલ્મીકિનું મન દ્રવી ગયું અને સહસા તેના હૃદયમાંથી એક શ્લોક સરી પડયો. ''તને શાશ્વત કાળ સુધી શાંતિ પ્રાપ્ત નહી થાય. કારણ કે તેં કામમોહિત ક્રોંચ યુગલમાંથી એકનો વધ કર્યો છે.'' [૬]

પ્રાયશ્ચિત્ત કરવાથી પાપમાંથી મુકિત મળે છે. મહાભારતકાર કહે છે, ''જે મનુષ્ય પાપકર્મ કરી પશ્ચાત્તાપ કરે છે, તે પાપમાંથી મુકત થાય છે અને ભવિષ્યમાં તે કાર્ય કરતા નથી.'' [૭]

કૌશિક બ્રાહ્મણ પણ પશ્ચાત્તાપ દ્વારા મુકિત પામે છે.

**પતિવ્રતા :**

પતિવ્રતા સ્ત્રીનું સમાજમાં અનેરું સ્થાન છે. ભારતીય સંસ્કૃતિ પતિને પરમેશ્વર માનનારી છે.

મહર્ષિ વ્યાસ પણ પતિવ્રતા સ્ત્રીના ગૌરવનું ગાન કરે છે. પ્રસ્તુત ઉપાખ્યાનમાં પતિવ્રતા સ્ત્રી પતિની સેવામાં મગ્ન થઈ ગઈ. તેથી ભિક્ષા માટે આવેલ બ્રાહ્મણનું વિસ્મરણ થઈ ગયું.

હિન્દુ ધર્મશાસ્ત્રમાં પતિવ્રતા સ્ત્રીના અનેક ઉદાહરણ છે. તેમાં સાવિત્રી, સીતા, અનસૂયા, દમયંતી, શકુન્તલા, દ્રૌપદી ગાંધારી ઈત્યાદિને ગણાવી શકાય.

વનપર્વના દ્રૌપદી સત્યભામા સંવાદ પર્વમાં દ્રૌપદી સત્યભામાને ઉપદેશ આપતા કહે છે, ''પતિ અને તેના સેવકોને ભોજન કરાવ્યા વિના ભોજન કરતી નથી. એવં પતિદેવની પહેલા શયન કરતી નથી.''[૮]

આગળ વધતા દ્રૌપદી કહે છે, 'પતિના આશ્રયે રહેવું પત્નીઓનો ધર્મ છે. પતિ જ તેમનો દેવતા અને ગતિ છે. પતિ સિવાય નારીનું કોઈ આશ્રયસ્થાન નથી.' [૯]

સ્ત્રીઓ માટે સંપૂર્ણ લોકમાં પતિ સિવાય અન્ય કોઈ દેવતા નથી. પતિ પ્રસાદથી નારીની સંપૂર્ણ કામના પૂર્ણ થઈ જાય છે. પતિ ક્રોધિત થાય તો નારીની સર્વ આશા નષ્ટ થઈ જાય છે. [૧૦]

સાવિત્રી ઉપાખ્યાનમાં સતિ સાવિત્રી પતિવ્રતાનું માહાત્મ્ય વર્ણવતા કહે છે, 'પતિ વિના કોઈ સુખ ન જોઈએ, પતિદેવ વિના સ્વર્ગપ્રાપ્તિ કે ધન પ્રાપ્તિ પણ ન જોઈએ. પતિ વિના જીવવું વ્યર્થ છે.' [૧૧]

પતિવ્રતા સ્ત્રીને પતિસેવા અતિરિકત કોઈ યજ્ઞ, વ્રત કે ઉપવાસ નથી. પતિ સેવામાં જ સ્વર્ગ સુખની પ્રાપ્તિ થાય છે. [૧૨]

પતિવ્રતા સ્ત્રી પતિસેવાને ઉત્તમ ગણતા કહે છે, 'પતિ સેવામાં જે ધર્મ પ્રાપ્ત થાય છે તે અન્યમાં નથી થતો. સંપૂર્ણ દેવતામાં પતિ જ સર્વશ્રેષ્ઠ દેવતા છે.' [૧૩]

ભગવાન્ બાદરાયણે પતિવ્રતાનો મહિમા ગાયો છે.

**બ્રાહ્મણ ધર્મ :**

શાસ્ત્રો અનુસાર મનુ ભગવાન્થી માનવની ઉત્પત્તિ થઈ અને આ ઉત્પત્તિનું મૂળ સ્થાન ભારતવર્ષ છે. અહીંથી સમગ્ર પૃથ્વી પર માનવ સૃષ્ટિનો વિસ્તાર થયો. શ્રી મનુ ભગવાન્ના આદેશાનુસાર પૃથ્વીના માનવો અહીંથી જ શિક્ષા ગ્રહણ કરે છે. [૧૪]

તેથી મનુષ્યએ મનુષ્યના પૂર્ણ આદર્શ બનવા માટે મનુ પ્રોકત ધર્માનુસાર જીવન જીવવું જોઈએ. કારણ કે જેટલા સ્મૃતિઓના રચયિતા છે, તે સર્વમાં મનુ પ્રધાન છે, અતઃ મનુએ કહેલ મનુષ્ય ધર્મ છે. [૧૫]

બ્રહ્મા દ્વારા વેદ નિષ્પન્ન થયા. વેદોની ભાષા સંસ્કૃત છે. તે વેદના પુરુષ સૂકતમાં પુરુષમાંથી ચાર વર્ણની ઉત્પત્તિ દર્શાવતા કહ્યું છે કે – બ્રાહ્મણ મુખ, બંને ભુજા ક્ષત્રિય, જાંઘ વૈશ્ય અને બંને પગમાંથી શુદ્ર ઉત્પન્ન થયા. [૧૬]

સૃષ્ટિના સંચાલન, સંરક્ષણ અને સમુત્થાન માટે શ્રીમનુ ભગવાને વેદને આધારે ચાર વર્ણની વ્યવસ્થા કરી. આ વ્યવસ્થામાં અવ્યવસ્થા ઉત્પન્ન થવાને કારણે આજે પતન થઈ રહ્યું છે.

વેદમાં કર્મ અનુસાર વર્ણવ્યવસ્થા નિરુપી છે. ચાર વર્ણોમાં બ્રાહ્મણને સૌથી શ્રેષ્ઠ જવાબદારી સોંપી છે. સમગ્ર સંસારમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાની જવાબદારી સોંપી છે. દુર્ભાગ્યવશ આજે આ વર્ણવ્યવસ્થા કર્મ પ્રમાણે નહીં પરંતુ જન્મ પ્રમાણે માની લેવામાં આવે છે. ફકત બ્રાહ્મણ કુળમાં જન્મ લેનારો જ બ્રાહ્મણ કહેવાય, પછી ભલે તે દુરાચારી, કુટિલ, કે કપટી હોય.

ૠગ્વેદમાં મતે બ્રાહ્મણ તે છે જે શાંત, તપસ્વી અને યજનશીલ હોય, સંસારને જ્ઞાનવાન બનાવે, અને ભૂલા પડેલાને સન્માર્ગ તરફ દોરી જાય. [૧૭]

શ્રીમદ્ ભગવદ્ગીતા મંતવ્ય અનુસાર **चातुर्वर्ण्यँ मया सृष्टं गुणकर्मविभागशः ।** અર્થાત્ ગુણો અને કર્મોના વિભાગ અનુસાર ચાર વર્ણો છે. [૧૮]

અહીં ગીતાકારે ગુણ, કર્મ પર આધારિત ચાર વર્ણની વાત કરી છે. સમાજમાં જે વિભિન્ન વર્ણો જોવા મળે છે, તે ગુણ અને કર્મને આધારે છે.

સંસારમાં સત્ત્વ, રજસ્, તમસ્ એમ ત્રણ ગુણોની ભિન્નતાને કારણે પ્રાણીઓ વિવિધ સ્વભાવના જોવા મળે છે અને તેને કારણે કોઈ એક વર્ણ શકય નથી. ગુણોને કારણે શમ, દમ, તપ વગેરેના આધારે વિવિધ વર્ણો જોવા મળે છે. ગીતાકારના મતે વર્ણોનું માળખું જન્મને આધારે એટલે કે કદાપિ વારસાગત નથી. જો કે પાછળથી જન્માનુસાર વર્ણવ્યવસ્થા થઈ ગઈ, તે બાબત પણ સ્પષ્ટતયા દેખાય છે.

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા માનવીય વિકાસ માટે બનાવી છે. ઈતિહાસની પ્રક્રિયામાં આનું સ્વરૂપ બદલાતું રહે છે.

મહાભારત અનુસાર પૂર્વે સમગ્ર સંસાર એક જ વર્ણનો હતો. પરંતુ પાછળથી વિશિષ્ટ કર્તવ્યને આધારે આ ચાર વર્ણમાં વિભકત થઈ ગયો.

ચારે વર્ણોમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ કહ્યો છે. બ્રાહ્મણ માટે શિલ અને ઉચ્છવૃત્તિ શ્રેષ્ઠ છે. આવો બ્રાહ્મણ ઋષિતુલ્ય છે. વેદકાલીન બ્રાહ્મણ પતન શરૂ થયું, તેનું ઉદાહરણ ગુરુ દ્રોણનું આપી શકાય. ગુરુ દ્રોણાચાર્યે વિદ્યાનો વિક્રય કર્યો અને સ્વયં બ્રાહ્મણ ધર્મનું ઉલ્લંઘન કરી ક્ષત્રિયને આશ્રયે રહ્યા.

મહાભારત વનપર્વ પ્રમાણે, જે દુરાચારી છે તે શુદ્રથી નીચો છે. જે નિત્ય અગ્નિહોત્રમાં તત્પર અને જિતેન્દ્રિય છે, તે બ્રાહ્મણ છે. [૧૯(અ)]

ધમ્મપદ અનુસાર જટા રાખવાથી બ્રાહ્મણ થવાતું નથી. અમુક ગોત્રમાં પેદા થવાથી બ્રાહ્મણ થવાતું નથી. તેમ અમુક જાતિમાં જન્મ લેવાથી બ્રાહ્મણ થવાતું નથી. પરંતુ જેનામાં સત્ય અને ધર્મ છે તે પવિત્ર અને બ્રાહ્મણ છે. [૧૯(બ)]

ચાણકયનીતિ મુજબ સ્ત્રીને પતિ ગુરુ છે. સર્વને અતિથિ ગુરુ છે. દ્વિજો માટે અગ્નિ ગુરુ છે અને ચારે વર્ણો માટે બ્રાહ્મણ શ્રેષ્ઠ ગુરુ છે. [૨૦]

સમાજમાં બ્રાહ્મણનું વિશિષ્ઠ સ્થાન છે.

કૌશિક બ્રાહ્મણ બ્રાહ્મણની મહત્તા દર્શાવતા કહે છે. ગૃહસ્થ ધર્મમાં રહી બ્રાહ્મણોનું અપમાન કરે છે. ઈન્દ્ર પણ બ્રાહ્મણો પાસે મસ્તક નમાવે છે. બ્રાહ્મણ ઈચ્છે તો પૃથ્વીને ભસ્મ કરી શકે છે.

પતિવ્રતા સ્ત્રી બ્રાહ્મણનું મહત્ત્વ વર્ણવતા કહે છે –

**जितेन्द्रियो धर्मपरः स्वाध्यायनिरतः शुचिः ।**

**कामक्रोधौ वशौ यस्य तं देवा ब्राह्मणं विदुः ॥**

અર્થાત્ જે જિતેન્દ્રિય, ધર્મપરાયણ, સ્વાઘ્યાય તત્પર તથા કામ અને ક્રોધને જે વશ કરી લે છે તે બ્રાહ્મણ છે. [૨૧]

મહાભારત આદિપર્વ પ્રમાણે બ્રાહ્મણનું હૃદય મૃદુ હોય છે, પરંતુ તેની વાણી ક્ષુરા સમાન હોય છે. [૨૨]

જે અઘ્યયન કરાવે, યજ્ઞ કરાવે, યથાશકિત દાન આપે તેને બ્રાહ્મણ કહેવાય છે. [૨૩]

મનુસ્મૃતિ આ બાબત થોડી ભિન્ન રીતે નિરુપે છે. અઘ્યયન, અઘ્યાપન, યજ્ઞ કરવો–કરાવવો, દાન આપવું–લેવું તે કાર્યો બ્રાહ્મણો માટે છે. [૨૪]

બ્રાહ્મણની જીવિકાનું વર્ણન કરતા મનુસ્મૃતિકાર કહે છે, ''છ કર્મોમાં–અઘ્યાપન, યજ્ઞ કરાવવો અને વિશુદ્ધ દ્વિજાતિઓ પાસેથી દાન લેવું તેમાંથી ત્રણ બ્રાહ્મણની આજીવિકાના કર્મો છે.'' [૨૫]

ઉદ્યોગપર્વ વેદોનું અઘ્યયન–અઘ્યાપન બ્રાહ્મણનું શ્રેષ્ઠ કર્મ બતાવે છે. [૨૬]

શ્રીમદ્ ભગવદ્ ગીતા બ્રાહ્મણોના કર્મો નિરુપતા કહે છે, ''અંતઃ કરણનું નિગ્રહ, ઈન્દ્રિય દમન, ધર્મપાલનમાં કષ્ટ સહન કરવું, શુદ્ધ થવું, અપરાધને ક્ષમા કરવો, મન, ઈન્દ્રિય અને શરીરને સરળ રાખવું, ઈશ્વર અને પરલોકમાં શ્રદ્ધા રાખવી, વેદશાસ્ત્રોનું અઘ્યયન–અઘ્યાપન અને પરમાત્મ તત્ત્વનો અનુભવ કરવો.'' આ બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ છે. [૨૭]

પતિવ્રતા સ્ત્રી બ્રાહ્મણ ધર્મનું નિરુપણ કરતાં કહે છે, ''સ્વાઘ્યાય, મનોનિગ્રહ, સરલતા, ઈન્દ્રિય નિગ્રહ બ્રાહ્મણના સનાતન ધર્મ છે.'' [૨૮]

**ધર્મ :**

મહાભારતમાં ધર્મ વિશે વિવિધ વ્યાખ્યા આપી છે. તેમાં સમય અનુસાર ધર્મ પરિવર્તન થઈ શકે છે તેમ કહ્યું છે. માત્ર વેદ અઘ્યયન, તપ, મૌન ઈત્યાદિને ધર્મ નથી કહ્યો. પરંતુ અહિંસાને પણ ધર્મ કહ્યો છે. તે

ધર્મ શું છે ? તે જાણવા પતિવ્રતા સ્ત્રી કૌશિક બ્રાહ્મણને ધર્મવ્યાધ પાસે મોકલે છે અને તે વિભિન્ન પાસામાં ધર્મ વિષયક ચર્ચા કરે છે.

ધર્મ શબ્દ **धृत्तृ**ધાતુમાંથી નિષ્પન્ન થયો છે. ધર્મ શબ્દનો અર્થ 'ધારણ કરવું' થાય છે. અમરકોશ પ્રમાણે **धरति लोकोडनेन, धरति लोकं वा, धरति विश्वम् इति, धरति लोकान् ध्रियते वा जनैरिति ।** [२९]

મહાભારતકારની પ્રસિદ્ધ ધર્મની વ્યાખ્યા આ મુજબ છે –

**धारणाद् धर्ममित्याहुर्धर्मो धारयते प्रजाः ।**
**लोकयात्रामिहैक तु धर्मं प्राहुर्मनीषिण ॥**

શ્રી મનુભાઈ પંચોળી આ વ્યાખ્યાને વિશદ રીતે સમજાવતા કહે છે, ''મહાભારતકારને મતે ધર્મ એ કેવળ એક વ્યકિત, વર્ગ કે એક વર્ગની ધારણા માટેની બાબત નથી, તે સર્વના સાંઘિક જીવનને સ્પર્શતો વિચાર છે. સમાજના સર્વ અંગોપાંગને આવરતો વિષય છે.''

આમ, મૂળ વ્યાખ્યાને વળગી રહીએ તો, **धारणात् धर्ममित्याह –** ધારણ કરે તે ધર્મ – પણ કોને ધારણ કરે ? પ્રજાઓને ધારણ કરે તે ? કોઈ એક જૂથ, કોઈ એક કુટુંબ, એક વ્યકિત ? બલરામની પાસે પ્રશ્ન હતો કે દુર્યોધનને આ ઢબે નિરંકુશ રીતે ચાલવા દેવાય તો પ્રજા ટકી રહેશે ? લાક્ષાગૃહ, દ્રૌપદી વસ્ત્રાહરણ અને દ્યૂતના પ્રસંગો તેની સામે હતા. [૩૦]

તુલાધાર જાજલિ સંવાદમાં ધર્મની એક અન્ય વ્યાખ્યા આપી છે. –

**वेदाहं जाजले धर्मं सरहस्यं सनातनम् ।**
**सर्वभूतहितं मैत्रं पुराणं यं जना विदुः ॥**

અર્થાત્ જે સર્વપ્રાણી પ્રત્યે હિતકારી તથા મૈત્રીભાવની સ્થાપના કરે છે, જેને પુરાતન ધર્મરૂપે જાણે છે, ગૂઢ રહસ્યો સહિત તે સનાતન ધર્મનું મને જ્ઞાન છે. [૩૧]

મહાભારતના વનપર્વમાં ધર્મ વિશે કહ્યું છે, ''મન, વચન, કર્મથી સમસ્ત પ્રાણીઓ પ્રત્યે અદ્રોહ, સર્વ પર કૃપા, દાન દેવું. આ સત્પુરુષોનો સનાતન ધર્મ છે.'' [૩૨]

મનુસ્મૃતિ અનુસાર ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ, ઘી, વિદ્યા, સત્ય, અક્રોધ; આ દસ ધર્મના લક્ષણ છે. [૩૩]

ધર્મની કોઈ નિશ્ચિત વ્યાખ્યા નથી. તેથી જ કહ્યું છે કે – **धर्मस्य गहना गतिः ।** એટલે ઋષિઓ કહે છે –

**धर्मस्य तत्त्वं निहितं गुहायां**

**महाजनो येन गतः स पन्थाः ।**

ધર્મમાં બે બાબતો મુખ્ય છે. (૧) આચરણ શુદ્ધિ અને (૨) વંશપરંપરાગત આજીવિકાથી જીવન નિર્વાહ. જે આ કરે છે તે ધાર્મિક છે. ધર્મ પ્રવર્તકોએ આ બાબતો પર વિશેષ ધ્યાન આપ્યું છે. સનાતન ધર્મ એક જાતિ, દેશ કે સમાજ માટે નથી. ધર્મમાં હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ આવા વિશેષણો પણ ઉચિત નથી. ધર્મ તો ધર્મ જ છે. પછી દેશ, કાળ તથા પાત્રના ભેદથી ધર્મની બાહ્ય ક્રિયાઓમાં ભેદ માન્યો છે.

ઉદાહરણ તરીકે કોઈ બ્રહ્મચારીનો ધર્મ છે, સ્ત્રી સંસર્ગથી દૂર રહેવું. પરંતુ તે જ ધર્મ ગૃહસ્થ માટે અલગ છે. સનાતન ધર્મ સમાન હોય છે. કારણ કે તે શાશ્વત ધર્મ છે.

ધર્મ તે છે જે સંપૂર્ણ વિનાશ અને અધોગતિથી રક્ષા કરી અભ્યુદય પ્રદાન કરે.

**यतोऽभ्युदय-निःश्रेयससिद्धिः स धर्मः ।**

**धारणाद्धर्मः ।**

**धिन्वनाद्धर्मः ।**

**धरति इति धर्मः ।**

**ध्रियते अनेन इति धर्मः ।** ધર્મની આ પ્રમાણે વ્યુત્પત્તિ છે.

પૂર્વમીમાંસાનો પ્રતિપાદ્ય ધર્મ – **अथातो धर्म जिज्ञासा** છે.

ઉત્તર મીમાંસાના પ્રતિપાદ્ય બ્રહ્મ છે. **अथातो ब्रह्मजिज्ञासा ।** [૩૪]

મહાભારત શાન્તિપર્વ પ્રમાણે પ્રવૃત્તિ–નિવૃત્તિના ભેદથી વેદોકત ધર્મ બે પ્રકારનો છે. [૩૫]

વૈશેષિક દર્શનના આચાર્ય મહર્ષિ કણાદ જેના દ્વારા અભ્યુદય અને નિશ્રેયસ્‌ની સિદ્ધિ થાય તેને ધર્મ માન્યો છે. [૩૬]

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અંતર્ગત ધર્મ આ પ્રમાણે નિરુપ્યો છે. –

સત્ય, દયા, તપસ્યા, શૌચ, તિતિક્ષા, ઉચિત–અનુચિતના વિચાર, મનનો સંયમ, ઈન્દ્રિય સંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સરળતા, સમદર્શી, સંતોષ, મહાત્માઓની સેવા, સાંસારિક ભોગોમાંથી નિવૃત્તિ, અભિમાન, મૌન, આત્મચિંતન, અન્નાદિનું યથાયોગ્ય વિભાજન, ઈષ્ટદેવનો ભાવ, ભગવાન શ્રીકૃષ્ણનું શ્રવણ–કીર્તન, સ્મરણ, સેવા, પૂજા અને નમસ્કાર, દાસ્યભાવ, સખ્યભાવ, આત્મસમર્પણ – આ મનુષ્યનો પરમ ધર્મ છે. [૩૭]

ચાણકય નીતિ અનુસાર,

**येषां न विद्या न तपो न दानं न चापि शीलं न गुणो न धर्मः ।**

**ते मृत्युलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगा रन्ति ॥**

અર્થાત્, જેનામાં વિદ્યા, તપ, ધન, શીલ, ગુણ અને ધર્મ નથી. તે મનુષ્યલોકમાં પૃથ્વી પર ભારરૂપ બની પશુરૂપે વિચરણ કરે છે. [૩૮]

જે મનુષ્ય શાસ્ત્ર સમ્મત ધર્મનું અનુપાલન નથી કરતા, તે પશુ સમાન છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન – આ સર્વ આચરણ પશુ અને મનુષ્ય બંનેમાં સમાન છે. પરંતુ તેમાં ધર્મ વિશેષ છે. ધર્મ વિહીન મનુષ્ય પશુ સમાન છે. [૩૯]

ગોસ્વામી તુલસીદાસજી પરમાત્માના અવતારનો પ્રધાન હેતુ ધર્મનો હ્રાસ દર્શાવે છે. [૪૦]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણ આવી જ વાત કરે છે. ''જયારે–જયારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થશે ત્યારે હું ધર્મ સ્થાપના કરવા માટે સકામરૂપે પ્રકટ થઈશ.'' [૪૧]

ઋગ્વેદમાં ધર્મ શબ્દનું (૫૬) છપ્પનવાર નિરુપણ કર્યું છે.

અથર્વવેદમાં ધર્મ શબ્દનો અર્થ ધાર્મિક આચાર દ્વારા પ્રાપ્ત થતું પુણ્ય છે.

વાજસનેયી સંહિતામાં **'ध्रुवेण धर्मणा'** અર્થમાં ધર્મ શબ્દ છે.

છાંદોગ્ય ઉપનિષદ્માં ચાર આશ્રમમાં વિશિષ્ટ કર્તવ્યના અર્થમાં ધર્મ શબ્દ છે. [૪૨]

તૈત્તિરીય ઉપનિષદ્માં **'सत्यं वद, धर्मं चर'** એવો ધર્મનો અર્થ છે. [૪૩]

આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં ધર્મ વિશે કહ્યું છે કે, 'જે અનુસાર કર્મ કરવાથી મનુષ્યનું શ્રેય થાય છે.' [૪૪]

મહર્ષિ જૈમિની પૂર્વમીમાંસામાં કહે છે –

**चोदनालक्षणोऽर्थो धर्मः ।**

અર્થાત્ ઉપદેશ, આજ્ઞા વિધિ દ્વારા જ્ઞાત થતો શ્રેયસ્કર અર્થ ધર્મ છે.

મનુસ્મૃતિ ધર્મનું લક્ષણ આપતા સ્પષ્ટ કરે છે કે સમગ્ર વેદ, સ્મૃતિ, શીલ, આચાર તથા ધાર્મિક સજ્જનોના આત્મસંતોષ, તે ધર્મના મૂળ આધાર છે. [૪૫]

યાજ્ઞવલ્કય સ્મૃતિ અનુસાર વેદ, સ્મૃતિ, ધર્મસૂત્રાદિ, સજ્જનોનો આચાર તેમજ ઉપદેશ વિવેકબુદ્ધિ, આત્મસંતોષ અનુસાર, પ્રત્યેક વ્યકિતએ આચરણ કરવું જોઈએ. [૪૬]

ગૌતમ ધર્મસૂત્ર અનુસાર **वेदो धर्ममूलम् । तद्विदां च स्मृतिशीले ।**

આપસ્તમ્બ ધર્મસૂત્રમાં કહ્યું છે કે, 'જે ધર્મજ્ઞ છે, વેદને જાણે છે, તેમનો મત જ ધર્મ પ્રમાણ છે.' [૪૭]

મહાભારત પ્રમાણે 'અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે.' [૪૮]

મનુસ્મૃતિ આચારને શ્રેષ્ઠ ધર્મ કહે છે. [૪૯]

હારીતના મતે ધર્મ શ્રુતિ પ્રમાણક છે. ૫૦

વશિષ્ઠ ધર્મસૂત્ર પ્રમાણે **श्रुतिस्मृतिविहितो धर्मः । (१/४/६)**

**'ધર્મ'** શબ્દનો અર્થ સમયાનુસાર પરિવર્તન પામતો ગયો.

ગીતાકાર ધર્મ શબ્દનો વ્યાપક અર્થ આપતા કહે છે – **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।**

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે – કોઈપણ ધર્મ અંતિમ કે સંપૂર્ણ નથી. ધર્મ એ તો વિકસતું વૃક્ષ છે. વળી ધર્મનું કોઈપણ રૂપ સંપૂર્ણ, સર્વાંગ સુંદર અને સર્વથા દોષમુકત નથી.

મનુષ્ય સ્વભાવથી જ ધર્મપ્રિય પ્રાણી છે. જીવન અને ધર્મ એ પરસ્પર જોડાયેલા અવિભકત અને અવિચ્છિન્ન તત્ત્વો છે. મનુષ્યમાંથી ધર્મનું તત્ત્વ લઈ લેવામાં આવે તો તે પશુ સમાન બની જાય છે. ધર્મ માત્ર કર્મકાંડોમાં નથી, પણ જીવનના શ્રદ્ધાયુકત સદાચારમાં છે. તેથી જ વેદમાં નિર્દેશેલ આચાર–વિચાર, સ્મૃતિઓમાં ઘડેલા નિયમાદિઓ સત્પુરુષોએ કર્તવ્યમાં ઉતારેલા વ્યવહારો અને અંતરાત્માને પ્રસન્નતા આપનારા શુદ્ધ આચરણોએ સર્વને મનુસ્મૃતિમાં ધર્મની વિશાળ વ્યાખ્યામાં સમાવ્યા છે. ધર્મ સદાચાર, સદ્‌વર્તન, માનવસેવા અને માનવધર્મ ઉપર જ ભાર મૂકે છે. પ્રત્યેક ધર્મનું હાર્દ છે, માનવીને 'સાચો માનવ' બનાવવો. ધર્મના સ્થાપકોના તથા મુખ્ય ધર્મ પુરુષોના ઉદાત્ત અને ઊર્ધ્વગામી જીવનચરિત્રોના અભ્યાસથી તેમજ તે–તે ધર્મના મુખ્ય સિદ્ધાંતો અને આચાર ધર્મના પરિચયથી પ્રત્યેક અભ્યાસીના મનમાં એક ઉદાત્ત જીવનની અભીપ્સા જાગે છે. તેમનામાં વિવેકી સમભાવ સમદષ્ટિ અને ધાર્મિક સહિષ્ણુતા આવે છે.

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે, ''ધર્મ એટલે સૂક્ષ્મ તાત્ત્વિક સિદ્ધાંતોનો સ્વીકાર કે કર્મકાંડનું અનુશીલન નથી પણ એક પ્રકારનું જીવન, એક પ્રકારનો આધ્યાત્મિક અનુભવ છે. સત્યનું દર્શન અથવા સત્યનો અનુભવ, તેનું નામ ધર્મ છે.''

આગળ વધતાં રાધાકૃષ્ણન્ કહે છે, ધર્મએ વિશાળ અર્થવાળું વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ તત્ત્વ છે. તેથી તેની સર્વમાન્ય, સંતોષપ્રદ અને ચોક્કસ વ્યાખ્યા આપી શકાય નહીં.

મહાભારતમાં જુદા–જુદા યુગના ધર્મ આ રીતે બતાવ્યા છે – કૃતયુગમાં તપ શ્રેષ્ઠ છે, ત્રેતાયુગમાં જ્ઞાન, દ્વાપરમાં યજ્ઞ અને કલિયુગમાં દાનને ઉત્તમ ધર્મ કહ્યો છે.

આ બાબતને મનુસ્મૃતિ પરાશર સંહિતા, વાયુપુરાણ ઈત્યાદિ પણ વર્ણવે છે.

શ્રીમદ્ ભાગવત પુરાણ આ વાતને અન્ય સ્વરૂપે રજૂ કરતા કહે છે. સત્‌યુગમાં પ્રભુ ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞો દ્વારા, દ્વાપરમાં પ્રભુ સેવાથી અને કલિયુગમાં નામ સ્મરણથી ધર્મની પ્રાપ્તિ થાય છે. [૫૧]

પ્રસ્તુત ઉપાખ્યાનમાં ધર્મનું જ્ઞાન મેળવવા પતિવ્રતા સ્ત્રીએ કૌશિક બ્રાહ્મણને ધર્મવ્યાધ પાસે મોકલ્યો.

આ બાબતને પુષ્ટિ આપતી મહાભારતના શાન્તિપર્વમાં એક અન્ય કથા તુલાધાર–જાજલિની છે. તેમાં જાજલિ નામનો ઘોર તપસ્વી ધર્મનું ગર્વ કરવાથી આકાશવાણી દ્વારા તુલાધાર પાસે ધર્મ જાણવા ગયો. તુલાધારે ધર્મવ્યાધની માફક અનેક તત્ત્વોનું જ્ઞાન આપ્યું.

સ્વામી સચ્ચિદાનંદ ધર્મ વિષે કહે છે, ''ધર્મ એટલે વ્યકિતની અંદર રહેલા સદ્ગુણોને વિકસિત કરી પ્રકટ કરવાની પ્રક્રિયા. ધર્મ એટલે જીવન–સાધના.''

ગાંધીજી કહે છે, 'વ્યવહારમાં જે કામ ન આવે તેને ધર્મ કહેવાય ખરો ?'

રત્નસુંદરજી વિજયજી કહે છે, 'દવાની સીધી અસર રોગ પર છે તેમ ધર્મની સીધી અસર દોષ પર છે. રોગ મટાડે તે દવા અને દોષ મટાડે તે ધર્મ.'

ધર્મ આચરણનો વિષય છે.

ઋગ્વેદ કહે છે, ધર્મનો માર્ગ મનુષ્યને સુખ આપે છે. દુઃખમાંથી મુકિત આપે છે. [૫૨]

ચાણકય નીતિ એકમાત્ર ધર્મને જ અટલ કહે છે. [૫૩]

બ્રહ્મવૈવર્ત પુરાણ ધર્મ વિશે કહે છે, 'ધર્મથી શ્રેષ્ઠ કોઈ બંધુ, પ્રિય, દાન અને ઉત્તમ નથી. તેથી ધર્મની રક્ષા કરો. સ્વધર્મ દ્વારા યશ, પ્રતિષ્ઠા, પ્રતાપ અને પરમ આદરની પ્રાપ્તિ થાય છે.' [૫૪]

ધર્મની સૌથી સરળ વ્યાખ્યા આ પ્રમાણે છે –

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥**

અર્થાત્ પોતાને જે પ્રતિકૂળ છે તેવો વ્યવહાર અન્ય કોઈ પ્રત્યે ન કરવો. આનાથી સરળ ધર્મની બીજી વ્યાખ્યા હોઈ શકે ?

મનુષ્ય જીવને સાથે અવિભાજય રૂપે સંકળાયેલા ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ, મોક્ષમાંથી મોક્ષને તો મૃત્યુ પછીની પરિસ્થિતિ સાથે સંબંધ છે. પરંતુ મનુષ્યને જીવન દરમિયાન અભિષ્ટ એવા અર્થ અને કામ પણ ધર્મ દ્વારા સંમત પ્રકારે જો સમ્પન્ન કરી શકાતા હોય તો એવા આધાર શિલા સમા ધર્મનું સેવન લોકો કેમ કરતા નથી ? એ દુઃખ મહર્ષિ વ્યાસના હૃદયમર્મને કોરી ખાય છે અને એમના આ દુઃખના કારુણ્યની પરાકાષ્ઠા હકીકતમાં એ રહી છે કે પોતાના બંને બાહુઓને ઊંચા કરીને તેઓશ્રી પોકાર કરે છે, તો પણ તેમની આ વાત કોઈ સાંભળતું નથી.

**ऊत्तर्त्रबाहुर्विरोम्येषः न च कर्ि च्छृणोति माम्।**

**धर्मादर्थ काम स धर्मः किं न सेव्यते ॥**

મહર્ષિ વ્યાસને અભિપ્રેત ધર્મ કોઈ મંદિર–મૂર્તિ, મંત્ર–જપમાળા, પૂજા–પાઠ અને યજ્ઞયાગ કે તીર્થયાત્રા જેવા પરંપરાગત અને રૂઢ થઈ ગયેલા ક્રિયાકાંડ પૂરતો જ મર્યાદિત નથી. ધર્મશાસ્ત્રના ઊંડા અને આરૂઢ તજજ્ઞ હોવા છતાં તેઓશ્રી ધર્મના કોઈપણ પ્રકારના સ્થાપિત હિતનું અનુમોદન કરનાર એવા માત્ર સિદ્ધાંત વેત્તા ન હતા. ધર્મના કોઈ વાદ કે સંપ્રદાયનું તેમને વળગણ ન હતું. ધર્મના તંત્ર કરતાં તત્ત્વમાં અને ધર્મના મત કરતા મૂલ્યમાં તેમને વિશેષ રસ હતો અને તેથી બંધિયાર થઈ ગયેલા, આવા જીર્ણ ધર્મના માત્ર બાહ્ય અને સ્થૂળ સ્વરૂપને અતિક્રમીને ધર્મના એક વિરાટ અને ક્રાંતિકારક સ્વરૂપને તેમણે મહાભારતમાં પ્રકટ કર્યું છે. પ્રચલિત ધર્મની પેલી પાર કંઈક ઉચ્ચતર ધર્મ રહેલો છે અને એ જ પેલા પ્રચલિત ધર્મનું ઉદ્ભવ સ્થાન છે, એવા પરમ સત્યનું પણ તેમણે આર્ષદર્શન કર્યું છે અને તેથી આવા શાશ્વત ધર્મના ગોપ્તા સમા અને ધર્મની સર્વ ચીલાચાલુ સીમાઓનું ઉલ્લંઘન કરવાની તાકાત, તત્પરતા અને ખુમારી ધરાવતા શ્રીકૃષ્ણના અદ્ભૂત પાત્રાલેખન દ્વારા વ્યાસે પોતાના એ આર્ષદર્શનને સર્વજન સુલભ એવું સાહિત્યિક સ્વરૂપ મહાભારતમાં આપ્યું છે.

મહાભારતનો પ્રતિપાદ્ય ધર્મ એ માત્ર કોઈ એક વ્યકિત, પરિવાર, વર્ગ કે સમૂહને સ્પર્શતો જ વિષય નથી. સંસારના સમગ્ર લોકને વ્યાપી વળતો લોક સમુદાયની જીવન યાત્રામાં સહાયક બનતો એક વૈશ્વિક વિચાર છે.

**વર્ણધર્મ :**

ભારતીય સંસ્કૃતિમાં વર્ણધર્મનું અત્યંત મહત્ત્વ છે. મનુષ્યે વારસામાં મળેલ કર્મ ગમે તેટલું હીન હોય તો પણ ત્યજવું જોઈએ નહી.

ધર્મવ્યાધ પણ વંશપરંપરાગત કર્મનું આચરણ કરી ધર્મપૂર્વક જીવન વ્યતીત કરે છે.

ધર્મમાં બે બાબત મુખ્ય છે. (૧) આચરણ શુદ્ધિ અને (૨) વંશપરંપરાગત શુદ્ધ આજીવિકાથી જીવન નિર્વાહ. જે આ પ્રમાણે કરે છે તે ધાર્મિક છે.

શાસ્ત્રપ્રણિત સ્વધર્મનું પાલન કરવું જોઈએ. તેમાં સર્વનું હિત અને કલ્યાણ છે. શ્રી મનુ ભગવાન્ કહે છે. ''પોતાનો ધર્મ ગુણરહિત હોય તો પણ શ્રેષ્ઠ છે. અનુષ્ઠાન કરેલ પરધર્મ શ્રેષ્ઠ નથી. કારણકે પરધર્મમાં જીવન વ્યતીત કરવાથી મનુષ્ય પતિત થાય છે.'' [૫૫]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું છે, અન્ય ધર્મની અપેક્ષા ગુણરહિત સ્વધર્મ ઉત્તમ છે. કારણ કે સ્વધર્મમાં મૃત્યુ પણ શ્રેષ્ઠ છે. જયારે પરધર્મ ભયાનક છે. [૫૬]

સ્વધર્મ પાલનનું મહત્ત્વ અને ફળ ભગવાન્ શ્રી વાસુદેવે આ પ્રમાણે વર્ણવ્યું છે.

**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।**

અર્થાત્ પોતપોતાના કર્મમાં રત રહેલો મનુષ્ય ઉત્તમ સિદ્ધિ પામે છે. [૫૭]

બીજાનો ધર્મ આચરવો સહેલો હોય અને તેના કરતા પોતાનો ધર્મ મુશ્કેલ અને ઓછા ગુણલાભયુકત હોય છતાં મનુષ્ય માટે પોતાનો ધર્મ જ કલ્યાણકારક છે. કારણ કે પોતાની સાથે સ્વાભાવિક રીતે નિયત થયેલા કર્તવ્યનું આચરણ કરનાર મનુષ્ય પાપી બનતો નથી. [૫૮]

મનુષ્યે પોતાના સ્વભાવની મર્યાદામાં જ નિયત કર્મ કરવું જોઈએ. અન્ય ધર્મથી આકર્ષાઈને સ્વધર્મ ત્યજવો જોઈએ નહી. તેમ કરવાથી અનિષ્ટ પ્રાપ્ત થાય છે. તેથી જ શ્રીકૃષ્ણ કહે છે, અન્યના ધર્મ કરતાં સ્વધર્મ ઓછા ગુણવાળો હોવા છતાં ઉત્તમ છે.

ગીતાકાર કહે છે કે દોષયુકત હોવા છતાં સ્વાભાવિક કર્મને ત્યજવું ન જોઈએ. કારણ કે ધૂમાડાથી અગ્નિની જેમ બધા જ કર્મો કોઈને કોઈ દોષથી ઢંકાયેલા છે. [૫૯]

વર્ણાનુસાર પ્રત્યેક વ્યકિતએ સ્વકર્મ કરવું જોઈએ. ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે પ્રત્યેક વ્યકિતએ પોતાનો સ્વભાવ ઓળખીને તેની મર્યાદામાં રહીને નિષ્ઠાથી કર્મ કરવું જોઈએ.

મનુસ્મૃતિમાં ચારે વર્ણના નિર્દિષ્ટ ધર્મ આ પ્રમાણે છે –

અધ્યયન, અધ્યાપન, યજ્ઞ, દાન આ બ્રાહ્મણના કર્મ છે. પ્રેમપાલન, દાન દેવું, યજ્ઞ કરવો, અધ્યયન અને વિષયો પ્રત્યે અલોલુપતા ક્ષત્રિયના ધર્મ છે. પશુપાલન, દાન, યજ્ઞ, અધ્યયન, વ્યાપાર, વ્યાજ અને કૃષિ વૈશ્યના ધર્મ છે. આ ત્રણે વર્ણોની સેવા શુદ્રનું કર્મ છે. [૬૦]

પ્રત્યેક વ્યકિતએ સ્વકર્મનો ત્યાગ ન કરતા હીન કક્ષાનું પણ સ્વકર્મ કરવું જોઈએ.

ભારતીય આર્ય સંસ્કૃતિ વર્ણને ચુસ્તપણે વળગી રહી નથી. કર્માનુસાર વર્ણનું વર્ણન કર્યું છે. વર્તમાન સમયમાં વર્ણ જન્મને જ આધીન છે અને મનુષ્ય વર્ણ ધર્મનો પણ ત્યાગ કરવા લાગ્યો છે. પરંપરાથી ચાલ્યુ આવતું કર્મ છોડીને નવીન કર્મ તરફ આજનો મનુષ્ય આગળ વધ્યો છે.

ઈસુખ્રિસ્ત, માર્ટિન લ્યૂથર કિંગ ઈત્યાદિએ દક્ષિણ આફ્રિકામાં વર્ણધર્મ પ્રત્યે જેહાદ જગાવી હતી. વર્ણ કોઈ ઈજારો નથી. પરંતુ ઈશ્વરીય દેન છે. હીન વર્ણમાં પણ ઉચ્ચ આદર્શ ઊભા કરે તેવી વ્યકિતઓ જન્મી છે. જેમ કે શબરી, શ્રવણ ઈત્યાદિ.

વર્ણના ખોટા અર્થઘટનને કારણે સમાજમાં જ્ઞાતિના વાડા ઊભા થયા અને જ્ઞાતિવાદ ઉત્પન્ન થયો. જેને કારણે સમાજમાં અવ્યવસ્થા ઉત્પન્ન થઈ. સમાજ સંતુલન ગુમાવવા લાગ્યો.

**પાપ :**

ધર્મની વ્યાખ્યાની જેમ પાપની વ્યાખ્યા વિષે શાસ્ત્રોમાં મતમતાંતર છે.

ધર્મશાસ્ત્રોએ પાપ–પુણ્યનું વિવેચન સૂક્ષ્મતાથી કર્યું છે અને બંને વચ્ચે સ્પષ્ટ વિભાજક રેખા ખેંચવાનો પ્રયત્ન કર્યો છે. સામાન્યતઃ એમ કહેવાય છે કે ધર્મથી પુણ્યનો ઉદય થાય છે અને અધર્મથી પાપ ઉત્પન્ન થાય છે. વ્યાસજીએ પાપ–પુણ્યની વ્યાખ્યા એક વાકયમાં કરી છે.

**परोपकाराय पुण्याय पापाय परपीडनम् ।**

જે કાર્યથી અન્યને સુખ પ્રાપ્ત થાય તે પુણ્ય અને જે કાર્ય દ્વારા અન્યને દુઃખ ઉત્પન્ન થાય તે પાપ છે. ગોસ્વામીજીએ પણ આ બાબતનું સમર્થન કર્યું છે. **परहित सासि धर्म नहिं भाई । परपीडा सम नहि अधमाई ॥**

મહાભારત યુદ્ધમાં મહાન સંહારથી અર્જુન એટલો તો વ્યથિત થઈ ગયો કે તેણે યુદ્ધ ન કરવાનો નિર્ણય કર્યો. યુદ્ધ કરી સ્વજનોને હણવાથી પાપ લાગશે એવું અર્જુનનું મંતવ્ય છે. [૬૧] પરંતુ શ્રીકૃષ્ણે તેને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ આપી અર્જુનનો ઉત્પન્ન થયેલ પાપ સંબંધી મોહ દૂર કર્યો.

પાપાચરણથી મનુષ્યનું અનિષ્ટ થાય છે. માનસિક પાપ પણ અનિષ્ટ તરફ દોરી જાય છે. તેથી સર્વજન પ્રત્યે સદ્વ્યવહાર કરવો. જે અન્યનું અહિત કરવા ઈચ્છે છે તે સ્વયં નષ્ટ થઈ જાય છે. [૬૨]

પાપ કર્મથી મુકત થઈ શકાતું નથી. તે સમજાવતાં ધમ્મપદમાં કહ્યું છે કે, ''આકાશમાં જાય, સમુદ્રની મધ્યે રહે કે પર્વતની ગુફામાં બેસી રહે તો પણ વિશ્વમાં એવું એકપણ સ્થળ નથી કે જયાં રહેનારો લાલચુ મનુષ્ય પાપકર્મથી છૂટી શકે. [૬૩]

અથર્વવેદ કહે છે, ''માનસિક પાપનો ત્યાગ કરો. કારણ કે પાપ દુષ્કર્મ કરવા પ્રેરિત કરે છે.'' [૬૪]

મનુષ્યનું નાનામાં નાનું પાપ ઈશ્વર જાણે છે અને ઉચિત દંડ આપે છે. તેથી પાપથી સદૈવ દૂર રહેવું. [૬૫]

સમયાનુસાર વૃક્ષ પર ફૂલ આવે છે તેવી રીતે પાપકર્મ સમયાનુસાર ભયંકર ફળ આપે છે. [૬૬]

વાલ્મીકિ રામાયણમાં રાજા દશરથનો શ્રવણ વધ આનું ઉદાહરણ છે. વર્ષો પૂર્વે કરેલ કર્મ સમય થવાથી ફળ્યું અને દશરથ રાજાનું મૃત્યુ થયું.

ધર્મવ્યાધ પાપ વિશે ઉપદેશ આપતા કહે છે –

**विकर्मणा तप्यमानः पापाद् विपरिमुच्यते ।**
**न तत् कुर्यात् पुनरिति द्वितीयात् परिमुच्यते ॥**

અર્થાત્ જે મનુષ્ય પાપ કરી સાચા હૃદયથી પ્રાયશ્ચિત્ત કરે છે, તે પાપમુકત થાય છે. ફરી પાપ નહી કરે તેવો દઢ નિશ્ચય કરી ભવિષ્યના પાપથી બચી જાય છે. [૬૭]

વર્તમાન સમયમાં પણ પાપ–પુણ્યની ચોક્કસ વ્યાખ્યા મળી નથી. પરંતુ આજના સમાજમાં પુણ્ય કરતાં પાપ આચરનારાની સંખ્યા અધિક છે. જેમ કે વારંવાર થતાં બોમ્બ બ્લાસ્ટ તેમાં ભરપુર પાપ રહેલું છે. તેમાં કેટલાય નિર્દોષ લોકો મૃત્યુ પામે છે, જેને કારણે પાપનો ભાગીદાર બનવું પડે છે. તેવી જ રીતે એકબીજા મનુષ્યો સાથે છેતરપીડી, ભ્રષ્ટાચાર ઈત્યાદિ પાપ જ છે અને આવા પાપ આચરતા વર્તમાન યુગનો મનુષ્ય જરાપણ અચકાતો નથી. તેને પરિણામની પરવાહ નથી. એકબીજા મનુષ્યોની હત્યા પણ વધી રહી છે. આ બધા પાપ છે.

આજનો મનુષ્ય ક્ષણે–ક્ષણે પાપ આચરી રહ્યો છે. આ પાપાચરણ કયાં જઈને અટકશે તે વિચારવાની વર્તમાન યુગના મનુષ્યની તાતી જરૂરીયાત છે.

**હિંસા–અહિંસા :**

**अहिंसा परमो धर्मः ।** અહિંસા પરમ ધર્મ છે. મહાભારતકાર અહિંસાને હાથીના પગલા સાથે સરખાવે છે. જેમ હાથીના પગલામાં સર્વ પ્રાણીઓના પગલા સમાઈ જાય છે તેમ અહિંસામાં સકલ ધર્મનું તત્ત્વ સમાઈ જાય છે. [૫૮]

**अहिंसैव हि सर्वेभ्यो धर्मेभ्यो ज्यायसी मता ।** અર્થાત્ અહિંસા જ સર્વ ધર્મમાં શ્રેષ્ઠ છે. આવા સનાતન મંત્રો દ્વારા હિન્દુ શાસ્ત્રોએ અહિંસા ધર્મનો મહિમા ગાયો છે. સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે અહિંસાનું પાલન આવશ્યક છે.

ભારતવર્ષમાં અહિંસાનો પ્રસાર અને પ્રચાર ખાસ કરીને ભગવાન્ મહાવીર અને બુદ્ધના સમયમાં થયો. બુદ્ધ ભગવાન્‌ના શિષ્ય સમ્રાટ્ અશોકે શિલાલેખનું નિર્માણ કરી અહિંસા ધર્મના અમૃતનું સિંચન કર્યું.

આધુનિક સમયમાં અહિંસાના ઉપાસક તરીકે મહાત્મા ગાંધી આવ્યા. તેમણે અંગ્રેજો સામે અહિંસક લડત શરૂ કરી અંગ્રેજોને ભારતમાંથી દૂર કરી ભારત દેશને સ્વતંત્રતા અર્પી તેવા ગાંધીજી પોતાના ‘ધર્મમંથન’ નામના પુસ્તકમાં અહિંસા વિશે લખતા કહે છે, ‘‘અહિંસાનું જાગ્રત લક્ષણ પ્રેમ છે, અવૈર છે. મને દઢ વિશ્વાસ છે કે હું પ્રેમથી ઉભરાઈ રહ્યો છું. મને સ્વપ્ને પણ કોઈના પ્રત્યે વૈરભાવ ઉત્પન્ન થયો નથી.’’

આવો વ્યાપક પ્રેમ જેના સત્યશોધનનું મૂળ છે તેવાની અહિંસા એ મહાશકિત છે, પરમ ધર્મ છે. હાથીનું પગલું છે. [૫૯]

મહાત્મા ગાંધીજીના મતે, અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમાં પરમ પુરુષાર્થ છે. તે કાયરોથી દૂર ભાગે છે અને વીર પુરુષોની તે શોભા છે. તે શુષ્ક, નીરસ અને જડ પદાર્થ નથી. તે આત્માનો વિશેષ ગુણ છે.

આવા અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીએ અહિંસાને વારંવાર પરમ ધર્મ અને સર્વોચ્ચ ધર્મ કહ્યો છે.

મહાભારતકાર ભગવાન્ કૃષ્ણ દ્વૈપાયન તેના સમગ્ર કાવ્યમાં અહિંસાને શ્રેષ્ઠ ધર્મ માની અહિંસાના પૂજારી બનવાનો આદેશ આપે છે. કવિ મહાભારત દ્વારા વિશ્વને અહિંસાનો સંદેશ આપવા માંગે છે.

અહિંસાની વ્યાખ્યા સામાન્યપણે કોઈપણ જીવની હિંસા ન કરવી તેવી કરાય છે. મહાભારતકારે અહિંસાની વિભાવના વિસ્તૃત ફલકમાં આવરી લીધી. તેમના મતે અહિંસા એટલે સર્વત્ર સમાન પ્રેમભાવ, અન્યાયનો પ્રેમપૂર્વક પ્રતિકાર, ખરાબ કરનારને પણ સારું કરવાનો વિચાર, ભયથી ભાગવા કરતાં શ્રેષ્ઠ હિંસક પ્રતિકાર, હતાશ થયા વિના અનાસકતભાવે સત્યને માર્ગે ચાલવાનો પ્રયત્ન કરવો અને તે દ્વારા અહિંસા સિદ્ધ કરી ઈશ્વરદર્શન પામવું.

આ પ્રમાણે સર્વધર્મનો સાર અહિંસામાં સમાવિષ્ટ થઈ જાય છે. આથી અહિંસાને મહાશકિત કહે છે.

યાજ્ઞવલ્કય સંહિતામાં પણ અહિંસા અંગે આવો જ સૂર સંભળાય છે. મન, વચન, કર્મથી સર્વ ભૂતો પ્રત્યે કલેશની ઉત્પત્તિ ન કરવી, તેને જ યોગીઓ અહિંસા કહે છે. [૭૦]

અહિંસા સંપૂર્ણ ધર્મ છે, હિંસા અધર્મ છે. [૭૧]

યોગસૂત્રકારે અહિંસા વિષે કહ્યું છે કે –

**अहिंसा प्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः ।**

અર્થાત્ અહિંસાની પ્રતિષ્ઠા થતા તેની આગળ વૈરવૃત્તિનો ત્યાગ થાય છે. [૭૨]

ઓશો રજનીશ કહે છે, હિંસા ન કરવી એટલે અહિંસા એમ કહેવું ભૂલ ભરેલું છે. અહિંસાનો અર્થ છે, પ્રાણીમાત્ર પર પ્રેમ રાખવો.

અહિંસા માત્ર હિંસાનો અભાવ નથી. પરંતુ કોઈપણ જીવનો સંકલ્પપૂર્વક વધ ન કરવો અને કોઈ જીવને અકારણ દુઃખી ન કરવી આને અહિંસા કહે છે. અહિંસાત્મક જીવનશૈલી વિના કોઈ મનુષ્ય પૂર્ણ યોગી બની શકતો નથી. જીવનનું પરમ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાનું પ્રથમ સોપાન વ્યાવહારિક જીવનમાં અહિંસાનું સમગ્રપણે પાલન છે.

ઈર્ષ્યાદ્વિષરહિત જીવન, આવશ્યકતાઓ પર સંયમ, શાકાહારી તથા વ્યસનમુકત જીવન, ક્રોધ પર સંયમ, ક્ષમાદાન, પરિવારમાં અહિંસા, ઉત્કૃષ્ટ જીવન આચરણ – આને અહિંસા કહે છે.

ધર્મવ્યાધ કૌશિક બ્રાહ્મણને હિંસા–અહિંસાનો ઉપદેશ આપતા કહે છે, જીવો દ્વારા જીવન નિર્વાહથી સમગ્ર સૃષ્ટિ વ્યાપ્ત છે. મત્સ્ય મત્સ્યને પોતાનો ગ્રાસ બનાવે છે. પ્રાણી સ્વયં એકબીજાને પોતાનો આહાર બનાવે છે. કોઈપણ વ્યકિત અહિંસક નથી. ધર્મ પણ અધર્મયુકત પ્રતીત થાય છે. જે પોતાના કુલોચિત કર્મમાં રત છે, તે યશભાગી છે.

ભગવાન્ બુદ્ધ અહિંસાની વ્યાખ્યા આપતા કહે છે –

**सब्बे तसन्ति दण्डस्स सब्बेसं जीवितं पियं ।**

**अत्तानं उपमं कत्वा न हनेप्य न धातये ॥**

અર્થાત્ સર્વ પ્રાણીને પ્રાણ અત્યંત પ્રિય છે. અન્યના પ્રહારથી પીડા થાય તેવી રીતે અન્યને પણ પ્રહારથી પીડા થાય છે. તેથી કોઈ પર પ્રહાર ન કરવો.

**सुखकामानि भूतानि यो दण्डेन विहिंसति ।**

**अत्तनो सुखमेसानो पेच्च सो न लभते सुखम् ॥**

અર્થાત્ સંપૂર્ણ પ્રાણી સુખની કામના કરે છે. સુખાભિલાષી વ્યકિત પર માત્ર ભૌતિક સુખ માટે પ્રહાર કરે તે પરલોકમાં પણ સુખ પ્રાપ્ત નથી કરતા.

તેથી ભગવાન્ મનુએ સ્પષ્ટ ઘોષણા કરી છે કે – ''ઐહિક સુખ માટે પ્રાણીઓની હિંસા કરવાવાળા પાપાત્મા પ્રાણ ધારણ કરવા છતાં મૃતક સમાન છે. તેને કયાંય શાંતિ મળતી નથી.'' [૭૩]

મહાભારતના કવિ વેદવ્યાસને સત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન કે ભકિત કરતાં 'અહિંસા' નામનો મહામંત્ર વધારે અભિપ્રેત છે. કારણ કે કોઈપણ ગ્રંથનું તાત્પર્ય શું છે એ જાણવા માટે પૂર્વમીમાંસાના બીજા અધ્યાયમાં કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે.

**उपक्रमोपसंहारौ अभ्यासोडपूर्वता फलम् ।**

**अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥**

અર્થાત્, ગ્રંથનો પ્રારંભ, અંત, વારંવાર કહેવામાં આવેલ વાત, અપૂર્વ સિદ્ધાંત, ફળ, પ્રશંસા અને નિષ્કર્ષ. આટલી બાબતોને લક્ષમાં રાખવાથી ગ્રંથના મુખ્ય ઉપદેશને જાણી શકાય. આ કસોટીએ જોતા મહાભારતના પ્રત્યેક પર્વમાં અહિંસાનું મહત્ત્વ દર્શાવ્યું છે. અહિંસા ભાવને દઢ કરવા માટે ભગવાન્ વેદવ્યાસે પોતાના વાગ્વૈભવનું જેટલું પ્રદર્શન કર્યું છે, તેટલું પ્રદર્શન કોઈ અન્ય વિષયમાં કર્યું નથી. તે દ્વારા સાબિત થાય છે કે, અહિંસા મહાભારતકારનો પરમ પ્રિય સંદેશ છે. મહાભારતમાં આદિપર્વથી શરૂ કરી સ્વર્ગારોહણ પર્વ સુધી તેઓ અહિંસાનું અખંડ અને નિરંતર ઉચ્ચારણ ક્ષણે–ક્ષણે કરતા રહે છે.

આદિપર્વ અનુસાર કોઈપણ જીવની હિંસા ન કરવી, એ જ સૌથી મોટો ધર્મ છે. [૭૪]

સભાપર્વ પ્રમાણે જરાસંઘ જેવા બળવાન્ રાજાને હરાવવા માટે અસંખ્ય જાનહાનિ થશે તેવું માનતા યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવાનો વિચાર છોડી દેવા શ્રીકૃષ્ણને કહે છે, ''હું આ હિંસાપૂર્ણ કાર્ય છોડી દેવાનું વધારે યોગ્ય માનું છું.'' [૭૫]

ઉદ્યોગપર્વમાં વિદુરના મતે તીર્થ જળના સ્નાનથી પણ અહિંસા ધર્મ ચડિયાતો છે. [૭૬]

દ્રોણપર્વમાં ભીમસેન આચાર્ય દ્રોણને ઉદ્દેશીને કહે છે, અહિંસા સર્વધર્મમાં શ્રેષ્ઠ છે.

અનુશાસન પર્વમાં ભીષ્મ યુધિષ્ઠિરને ધર્મનો ઉપદેશ આપતા અહિંસાને પ્રથમ સ્થાને મૂકે છે. [७७]

મહાભારતનો મૂળ સંદેશ અહિંસા ધર્મ છે. પરંતુ અહિંસાનું પાલન કરવું કઠીન છે. અહિંસાને જીવનમાં આત્મસાત્ કરવી હોય તો અહિંસા ધર્મ સાથે સંકલિત અન્ય વ્રતનું પાલન પણ અનિવાર્ય બની જાય છે.

મહાવીર સ્વામી મહર્ષિ વ્યાસને અનુસરતા કહે છે, ''અહિંસા એટલે કાર્યોની અહિંસા, જીવદયા એટલે હૃદયની અહિંસા, અનેકાન્ત એટલે વિચારોની અહિંસા અને અપરિગ્રહ એ વ્યવહારની અહિંસા છે.''

અહિંસાની ઉપર્યુકત વિસ્તૃત વ્યાખ્યા જોતાં એમ કહી શકાય કે આજનો માનવી ક્ષણે–ક્ષણે હિંસા આચરી રહ્યો છે. આપણે સાચા અર્થમાં અહિંસાને સમજી શકયા નથી. અહિંસાનો ઉપાસક પણ હિંસક હોઈ શકે તેનું મનોમંથન કરવાની આજના સમાજને જરૂર છે. આજે સમાજમાં ઠેર–ઠેર હિંસાનું પ્રમાણ વધતું જાય છે. મનુષ્ય મનુષ્યની હિંસા કરતા અચકાતો નથી. કારણ કે મનુષ્યમાં સહનશકિતનો અભાવ જોવા મળે છે. મહાભારતકારને અપેક્ષિત અહિંસાનું આચરણ કરવામાં આવે તો અર્ધુ વિશ્વ શાંત થઈ જાય તે માટે જરૂર છે, સાચા માર્ગદર્શકની.

તુલસીદાસ ગોસ્વામીએ એક ચોપાઈમાં સર્વનો સાર આપતા કહ્યું છે –

**परहितसरिस धर्म नहिं भाई । पर पीडा सम नहिं अधमाई ॥**

ભગવાન્ વ્યાસ સર્વ વ્યાખ્યાને અંતે એટલું જ કહે છે –

**परोपकाराय पुण्याय पापाय परपीडनम् ।**

**શુભાશુભ કર્મ ફળ :**

મનુષ્યને શુભ–અશુભ કર્મનું ફળ ભોગવવું પડે છે. તેના માટે કદાચ પુનર્જન્મ પણ લેવો પડે છે. પૂર્વજન્મમાં કરેલ કર્મ દૈવ કહેવાય છે.

ધર્મવ્યાધનો વ્યાધને ગૃહે જનમ તે પૂર્વજન્મના ફળ સ્વરૂપે જ છે. તેથી તે દોષનિવારણ માટે આ જન્મમાં પ્રયત્નશીલ છે.

ધર્મવ્યાધ કહે છે –

**पूर्वे हि विहितं कर्म देहिनं न विमुञ्चति ।**

**धात्रा विधिरयं दृष्टो बहुधा कर्मनिर्णये ॥**

અર્થાત્ પહેલા કરેલ કર્મ દેહધારીને છોડતું નથી. કર્મ નિર્ણય માટે વિધાતાઓ આ વિધિ જ અપનાવી છે. [७८]

શાન્તિપર્વમાં ભગવાન્ વેદ વ્યાસ કહે છે, 'મનુષ્ય જ્ઞાની હોય કે મૂર્ખ, શૂરવીર હોય કે કાયર પૂર્વે કરેલ શુભ કે અશુભ કર્માનુસાર પુનર્જન્મમાં દુઃખના ભાગીદાર થાય છે.' [૭૯]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે – **'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।'** પુણ્ય ક્ષીણ થતાં પુનઃ મૃત્યુલોકમાં આવે છે. મનુષ્યના પાપ નષ્ટ થતા તે સ્વર્ગમાં જાય છે. સ્વર્ગ સુખ ભોગવતા પુણ્ય નષ્ટ થતાં પુનઃ મૃત્યુલોકમાં આવે છે. આ પ્રમાણે મનુષ્ય જન્મ–જન્માંતરના ચક્રમાં અટવાયા કરે છે.

સમાજમાં અનેક પ્રકારના દષ્ટાંતો જોવા મળે છે, જેમાં અમુક પરિશ્રમ વિના કાર્ય સિદ્ધ કરી શકે છે અને અમુક અથાગ પરીશ્રમને અંતે પણ ઉચિત ફળથી વંચિત રહે છે. આ કર્મની ગતિ છે. જન્મજન્માંતરના ફળ એવા કર્મના સિદ્ધાંતને સ્વીકારવો જ પડે છે.

### શરીરની નાશવંતતા :

જીવાત્મા સનાતન છે અને સમસ્ત પ્રાણીઓના શરીર નશ્વર છે.

ધર્મવ્યાધ આ બાબત સ્પષ્ટ કરતા કહે છે –

**वत्तमाने शरीरे तु देहनाशो भवत्युत ।**

**जीवः सङ्क्रमतेडन्यत्र कर्मबन्धनिबन्धनः ॥**

અર્થાત્ શરીર પર આઘાત કરવાથી શરીરનો નાશ તો થાય છે. પરંતુ અવિનાશી જીવ મરતો નથી. તે કર્મબન્ધનમાં અન્ય શરીરમાં પ્રવેશ કરે છે. [૮૦]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ આ વાતને અનુમોદન આપે છે – ''આ શરીર જન્મતું કે મરતું નથી, તે જન્મરહિત, નિત્ય, નિરંતર, શાશ્વત અને અનાદિ છે.'' [૮૧]

કઠોપનિષદ્ પણ અલ્પ તફાવત સાથે આ બાબત સ્પષ્ટ કરે છે. [૮૨]

ધર્મવ્યાધ કહે છે, શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી. આત્મા એક શરીર છોડી બીજા શરીરમાં પ્રવેશ કરે છે. [૮૩]

શ્રીમદ્ ભગવદ્ ગીતા આ વાતને પુષ્ટિ આપતા કહે છે, 'મનુષ્ય જેવી રીતે પુરાણા વસ્ત્ર છોડી નવા વસ્ત્ર ધારણ કરે છે તેવી રીતે દેહી પુરાણા શરીરને છોડી અન્ય શરીરમાં પ્રવેશે છે.' [૮૪]

શરીર નાશવંત છે, આત્મા અમર છે. તે વાત ધર્મવ્યાધ કૌશિક બ્રાહ્મણને સમજાવે છે.

### બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો :

ધર્મવ્યાધ બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો દર્શાવતા કહે છે, વૈરાગ્ય સ્વીકારી, પાપ કર્મનો ત્યાગ કરી, સર્વથા ધર્માત્મા બની જાય છે, તે પરમ મોક્ષ પ્રાપ્ત કરે છે. [૮૫]

આગળ વધતા ધર્મવ્યાધ કહે છે, 'તપ જીવના કલ્યાણનું સાધન છે, તેનું મૂળ છે, શમ તથા દમ, મનુષ્ય જે પદાર્થને પ્રાપ્ત કરે છે તે સર્વને તે તપ દ્વારા પ્રાપ્ત કરે છે. ઈન્દ્રિય સંયમ, સત્યભાષણ અને મનોનિગ્રહ. આ ત્રણ તત્વો દ્વારા મનુષ્ય બ્રહ્મને પ્રાપ્ત કરે છે.' [૮૬]

કઠોપનિષદ્ બ્રહ્મ પ્રાપ્તિ માટે કહે છે, 'આત્મા પ્રવચનથી, બુદ્ધિથી, બહુ સાંભળવાથી પ્રાપ્ત થતો નથી. પરંતુ જેને તેની ઉત્કટ ઈચ્છા હોય તેની સામે સ્વરૂપ પ્રકટ કરે છે.' [૮૭]

મહાભારત શાન્તિપર્વ અનુસાર, ''સમસ્ત પ્રાણીઓ પર દયા, શાન્તિ, અહિંસા, સત્ય, સરલતા, અદ્રોહ, નિરાભિમાનતા, લજ્જા, તિતિક્ષા અને શમ – આ પર બ્રહ્મ પ્રાપ્તિના ઉપાય છે.'' [૮૮]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રમાણે, માન મોહરહિત, આસકિત રહિત, આત્મામાં નિત્ય નિમગ્ન, વિષયેચ્છાઓને શમાવનાર, સુખ–દુઃખરૂપી દ્વન્દ્વોથી મુકત જ્ઞાની પુરુષો અવ્યય પદને પામે છે. [૮૯]

સર્વ કામનાઓનો ત્યાગ કરી જે પુરુષ નિઃસ્પૃહ, નિર્મમ અને નિરહંકારી થઈ વિચરે છે, તે શાન્તિ પામે છે. [૯૦]

શાન્તિપર્વ મુજબ પુણ્ય જયારે ક્ષીણ થાય છે અને પાપ દૂર થાય છે, અને પુણ્ય પાપના નિમિત્તથી થતા ફળનો નાશ થાય છે, ત્યારે નિર્લેપ આકાશ જેવો તે સંગ અને ચિહ્ન રહિત મનુષ્ય બ્રહ્મને જુએ છે. [૯૧]

કેનોપનિષદ્‌માં કહ્યું છે કે – પરમાત્માના વાસ્તવિક જ્ઞાનથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. વિદ્યા દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ૯૨

**બ્રાહ્મી વિદ્યા :**

ધર્મત્યાધ બ્રાહ્મી વિદ્યાનું નિરુપણ કરતાં કહે છે –

**इदं विश्वं जगत् सर्वभजप्यं चापि सर्वशः ।**

**महाभूतात्मकं ब्रह्म जातः परतरं भवेत् ॥**

અર્થાત્ પંચમહાભૂતો દ્વારા નિમિત્ત આ ચરાચર સૃષ્ટિ બ્રહ્મ સ્વરૂપ છે. બ્રહ્મથી ઉત્કૃષ્ટ અન્ય કંઈ નથી. [૯૩]

શંકરાચાર્ય બ્રાહ્મી શબ્દનો અર્થ આ રીતે આપે છે, **ब्रह्माणि भवा इयं स्थितिः । सर्वकर्म संन्यस्य ब्रह्मरूपेण एव अवस्थानम् एतत् ।** અર્થાત્ બ્રહ્મ સાક્ષાત્કારની સ્થિતિ.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના મતે બ્રાહ્મી સ્થિતિ એટલે સ્થિતપ્રજ્ઞ સાધક પૂર્ણ થાય ત્યારે બ્રાહ્મી સ્થિતિને પામે છે. [૯૪]

સ્થિતપ્રજ્ઞ બ્રાહ્મી સ્થિતિએ પહોંચ્યા પછી મોહ પામતો નથી. તે મોક્ષ મેળવે છે. મૃત્યુ સમયે જો વાસના રહી જાય તો તેને પુનર્જન્મ લેવો પડે છે. પરંતુ બ્રાહ્મી સ્થિતિથી મુકિત મેળવે છે. હિન્દુ ધર્મ જેને મોક્ષ કહે છે, તેને બૌદ્ધ ધર્મ નિર્વાણ કહે છે.

શ્રી ટિળક કહે છે, 'બ્રાહ્મી સ્થિતિ એ કર્મયોગની અંતીમ અને અત્યુત્તમ સ્થિતિ છે અને તે પ્રાપ્ત થાય એટલે પછી મોહ થતો નથી. એટલે કે પછી મનુષ્ય નિરંતર આ અવસ્થામાં જ રહે છે. આ જીવન્મુકત દશા છે. મનુષ્ય મુકત થાય અને છતાં તેનું શરીર ચાલુ રહે તે દશા તે જીવન્મુકત દશા છે. ભગવદ્ગીતા જીવન્મુકત દશાની શકયતા સ્વીકારે છે.'

રામાનુજાચાર્ય બ્રાહ્મી સ્થિતિને 'આ નિત્ય આત્મજ્ઞાનપૂર્વક અસંગકર્મમાં સ્થિતિ' કહે છે. અંતે બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

આ અવસ્થામાં મનુષ્ય બ્રહ્મમાં હોય, બ્રહ્મીભૂત થયો હોય અને છતાં વ્યવહારમાં રહે છે.

**પંચ મહાભૂતોના ગુણો :**

ધર્મવ્યાધ કહે છે –

**शब्द स्पर्श रूपं च रसो गन्ध पत्तमः ।**

**एते गुणाः पत्त्र भूमेः सर्वेभ्यो गुणवत्तराः ॥**

અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે પાંચ ગુણ છે. [૯૫]

શ્રીમદ્ ભગવદ્ ગીતા અષ્ટધા પ્રકૃતિ કહે છે –

**भूमिरापोडनलो वायुः खं मनो बुद्धिरेव च ।**
**अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥** [૯૬]

સાંખ્યદર્શન પ્રમાણે પાંચ તન્માત્રાઓ, અહંકાર, મહત્ અને અવ્યકતને પ્રકૃતિ કહ્યા છે.

સાંખ્યદર્શનના મતે મૂળ પ્રકૃતિ અવિકારી છે. મહત્ વગેરે સાત તત્ત્વો પ્રકૃતિ પણ છે અને વિકૃતિ પણ છે. સોળ તત્વો તો કેવળ વિકાર જ છે. પુરુષ પ્રકૃતિ પણ નથી અને વિકૃતિ પણ નથી. [૯૭]

સાંખ્યદર્શન કરતાં ગીતા ભિન્ન મત આપે છે.

મહાભારતના શાન્તિપર્વમાં સાંખ્યકારિકા મુજબ સાત પ્રકૃતિ–વિકૃતિ તથા મુળ પ્રકૃતિ એમ કુલ આઠને અષ્ટધા પ્રકૃતિ કહેલ છે.

આમ, મહાભારત કરતાં પણ ગીતા અલગ મત ધરાવે છે.

શ્રી ટિળક લખે છે સાંખ્યની સ્વતંત્ર પ્રકૃતિ ગીતાને માન્ય નથી.

મુંડકોપનિષદ્‌માં કહ્યું છે કે – સર્વશકિતમાન્ પરમાત્મા સૃષ્ટિકાળમાં પ્રાણ, મન અને સંપૂર્ણ ઈન્દ્રિયો તથા આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી – પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. [૯૮]

મુંડકોપનિષદ્ અપરા પ્રકૃતિનું વર્ણન કરે છે. ગીતાની અષ્ટધા પ્રકૃતિના વર્ણનમાં ઉપનિષદ્‌ની અસર જણાય છે.

આ અષ્ટધા પ્રકૃતિ જડ છે. એટલે સ્વયં વ્યવહાર કરી શકતી નથી. તેને ચૈતન્ય પર પરા પ્રકૃતિ પર આધાર રાખવો પડે છે. સમગ્ર સૃષ્ટિનો વ્યવહાર અપરા પ્રકૃતિને કારણે ચાલે છે. તેનાથી અલગ–અલગ અવસ્થાઓનું વૈવિધ્ય સર્જાય છે.

પરા પ્રકૃતિ ઈશ્વરની ઉચ્ચ પ્રકારની પ્રકૃતિ છે. ઈશ્વરે તેને જીવભૂતા પ્રકૃતિ તરીકે ઓળખાવી છે.

ડૉ. પી.એમ. મોદી લખે છે – જીવભૂતા એટલે જીવાત્મા બનેલી એમ અર્થ નથી. પણ ચેતન અર્થ છે. આમ પરા પ્રકૃતિએ આ સૃષ્ટિમાં સર્વત્ર વિલસી રહેલું ચૈતન્ય છે. જે ચૈતન્યથી આ સૃષ્ટિના સર્વ તત્ત્વો વ્યકિતત્વ પામે છે અને આમ છતાં જેને પોતાને કોઈ રૂપ કે આકાર નથી.

મહર્ષિ અરવિંદ અપરા અને પરા પ્રકૃતિની સ્પષ્ટતા આ રીતે કરે છે, 'અપરા પ્રકૃતિ આ સંસાર છે. પરા પ્રકૃતિ બ્રહ્મનું તે ચૈતન્યરૂપ છે, જેનાથી સંસારનું ધારણ થાય છે.'

આ સમગ્ર સૃષ્ટિનો વ્યવહાર આ બંને પ્રકૃતિઓનો બનેલો છે. આમ છતાં આમાંની એક પ્રકૃતિ અન્ય પ્રકૃતિ વગર કાર્ય કરી શકતી નથી. પ્રવૃત્તિ થઈ શકતી નથી. ચૈતન્યની પ્રવૃત્તિ અને અનુભૂતિ જડ દ્વારા થાય છે, તો કોઈપણ જડ તત્ત્વ ચૈતન્ય વગર ટકતું નથી. જડ ચૈતન્યથી જ પ્રવર્તી શકે છે. ચૈતન્ય ચાલ્યું જતાં જડ છિન્ન–ભિન્ન થઈને વિલીન થઈ જાય છે. આમ, પરા અને અપરા પ્રકૃતિ અન્યોન્ય ગૂંથાયેલી છે.

અહીં વિજ્ઞાનના સિદ્ધાંતને અનુમોદન આપ્યું છે.

ધર્મ વ્યાધ કહે છે, શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર જળના ગુણ છે. શબ્દ, સ્પર્શ તથા રૂપ આ ત્રણ તેજના ગુણ છે. શબ્દ અને સ્પર્શ આ બંને વાયુના ગુણ છે. શબ્દ આકાશનો ગુણ છે. [૯૯]

**ત્રણ ગુણોનું સ્વરૂપ :**

આ પ્રકૃતિમાંથી ત્રણ ગુણો ઉત્પન્ન થાય છે, સત્ત્વ, રજસ્, તમસ્.

ધર્મવ્યાધ આ ત્રણ ગુણોનું વર્ણન કરતા કહે છે, જે તમોગુણી છે તે મોહાત્મક છે. રજોગુણ કર્મોમાં પ્રવૃત્ત કરે છે. પરંતુ સત્ત્વગુણમાં પ્રકાશની બહુલતા છે. તેથી તે સર્વશ્રેષ્ઠ છે. [૧૦૦]

સાંખ્યકારિકામાં પણ ત્રણ ગુણોના સ્વરૂપનું વર્ણન છે તે પ્રમાણે અવ્યકત અને પ્રધાન ત્રણ ગુણથી યુકત અવિવેકી, વિષય, સર્વને ઉપલબ્ધ, અચેતન તેમજ પ્રસવધર્મી છે. પુરુષ તેનાથી ઉલટો છે અને તેમના જેવો પણ છે. [૧૦૧]

આ ત્રણ ગુણો અનુક્રમે સુખ, દુઃખ અને મોહ સ્વભાવવાળા છે. સાંખ્ય મત પ્રમાણે આ ગુણો કોઈના ધર્મ નથી. પરંતુ સુખાદિ ધર્મવાળા ધર્મી છે. સમસ્ત વિશ્વ આ ત્રણ ગુણોનો જ વિસ્તાર છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા જણાવે છે કે આ પૃથ્વી ઉપર આકાશમાં કે દેવલોકમાં પણ એવું કોઈ સત્ત્વ નથી કે જે પ્રકૃતિના આ ત્રણ ગુણોથી મુકત હોય. [૧૦૨]

પ્રકૃતિમાંથી સત્ત્વ, રજસ્, તમસ્ ત્રણ ગુણો ઉત્પન્ન થાય છે. આ ત્રણે ગુણો અવિનાશી દેહીને દેહમાં બાંધે છે. [૧૦૩]

પ્રકૃતિ દ્વારા ઉત્પન્ન થવાને કારણે સત્ત્વ, રજ અને તમ – એ ત્રણ ગુણ પ્રકૃતિના છે. પરંતુ પ્રકૃતિના કાર્ય શરીરમાં સંબંધ બાંધે છે. અર્થાત્ હું શરીર છું, શરીર મારું છે. એવું દેહાભિમાન ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે સર્વ વિકાર પ્રકૃતિના સંબંધથી ઉત્પન્ન થાય છે. ચિન્મય સત્તામાત્ર સ્વરૂપમાં કોઈ વિકાર નથી. **'असङ्गो ह्ययं पुरूषः ।'** અર્થાત્ પુરુષ અસંગ છે. [૧૦૪] **देहेडस्मिन् पुरूषः परः ।** અર્થાત્ દેહમાં રહે છે. પરંતુ દેહથી પર છે. [૧૦૫]

વિકારોને કારણે જન્મ–મરણ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર સત્ત્વગુણ નિર્મળ હોવાથી પ્રકાશક છે. છતાં તે સુખ અને જ્ઞાનની આસકિતથી મનુષ્યને બાંધે છે. [૧૦૬]

રજોગુણ તૃષ્ણા અને આસકિત ઉત્પન્ન કરે છે. [૧૦૭]

તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તે પ્રમાદ આળસ, નિદ્રા દ્વારા મનુષ્યને બાંધે છે. [૧૦૮]

સત્ત્વગુણ મનુષ્યને સુખમાં આસકત કરે છે. રજોગુણ કર્મમાં અને તમોગુણ મનુષ્યના જ્ઞાન પર આવૃત્ત થઈ પ્રમાદમાં આસકત કરે છે.

આ સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણ ગુણના ધર્મો જોયા. પરંતુ કોઈપણ મનુષ્યમાં માત્ર સત્ત્વગુણ, રજોગુણ કે તમોગુણ હોતો નથી.

જેને સત્ત્વગુણી કહીએ તે મનુષ્યમાં રજસ્ અને તમસ્ આ બંને ગુણોને દાબી દઈને સત્ત્વગુણનો વિશેષ પ્રભાવ હોય છે. એટલે કે તેનામાં અલ્પ પણ રજોગુણ અને તમોગુણ હોય જ.

તે જ પ્રમાણે રજોગુણીમાં સત્ત્વ અને તમોગુણને દાબીને રજોગુણનો પ્રભાવ જોવા મળે છે અને તમોગુણમાં સત્ત્વ અને રજસ્ને દાબી દઈને તમોગુણનો પ્રભાવ જોવા મળે છે.

જયારે સત્ત્વગુણનો ઉદ્રેક થાય ત્યારે મનુષ્યના દેહમાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. તેની ઈન્દ્રિયો તેને સન્માર્ગે પ્રેરે છે અને સદ્વૃત્તિ જાગે છે.

જયારે રજો ગુણનો ઉદ્રેક થાય ત્યારે મનુષ્યના લોભ, પ્રવૃત્તિ, કર્મનો પ્રારંભ, અશાંતિ અને સ્પૃહા જાગે છે.

જયારે તમોગુણનો ઉદ્રેક થાય ત્યારે મનુષ્ય મૃત્યુ પામે છે અને મૂઢ યોનિમાં જન્મે છે.

સત્કર્મોનું ફળ સાત્ત્વિક અને નિર્મળ હોય છે. રજોગુણનું મૂળ દુઃખ છે. તમો ગુણનું ફળ અજ્ઞાન છે. સત્ત્વગુણમાંથી જ્ઞાન મળે, રજોગુણમાંથી લોભ જન્મે અને તમોગુણમાંથી પ્રમાદ, મોહ, તથા અજ્ઞાન જન્મે છે.

સત્ત્વસ્થ મનુષ્ય ઊર્ધ્વમાં જાય છે. રાજસ્ લોકો મધ્યમાં રહે છે અને તમોગુણીનું અધઃપતન થાય છે.

ત્રણે ગુણોના સ્વરૂપ અને ગુણધર્મો સમજીને ત્રણેય ગુણથી પર થવાનો ત્રિગુણાતીત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા ત્રિગુણાતીતના લક્ષણો આપતા કહે છે –

''પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જે અનુક્રમે સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના પરિણામો છે તે પ્રવૃત્ત થયેલા હોય તો ત્રિગુણાતીત દ્વેષ કરતો નથી અને ન થયા હોય તો તેની આકાંક્ષા રાખતો નથી. આમ ગુણોની વિક્રિયાથી તે વિચલિત થતો નથી.'' [૧૦૯]

ત્રિગુણાતીતને દુઃખ, સુખ, માટી–પત્થર કે સુવર્ણ, પ્રિય કે અપ્રિય, નિંદા કે પ્રશંસા, માન–અપમાન, મિત્ર–શત્રુ પ્રત્યે સમાન દષ્ટિ હોય છે. [૧૧૦]

આ જ બાબતને ગીતાકાર અલગ–અલગ રીતે રજૂ કરે છે જેમ કે –

(૧) જે મનુષ્ય સંપૂર્ણ કામનાઓનો ત્યાગ કરી સ્પૃહા રહિત, મમતા રહિત અને અહંતા રહિત આચરણ કરે છે તે શાન્તિ પામે છે. [૧૧૧]

(૨) દ્વેષરહિત, મિત્રભાવ, દયા, મમતા, અહંકાર રહિત, સુખ–દુઃખમાં સમ, ક્ષમાશીલ, સંતુષ્ટ યોગી, શરીરને વશ કરેલ, દઢ નિશ્ચયવાળા, મય્યર્પિત બુદ્ધિવાળા ભકત મને પ્રિય છે. [૧૧૨]

(૩) અપેક્ષા રહિત, પવિત્ર, ચતુર, ઉદાસીન, વ્યથારહિત, કર્મોનો ત્યાગી ભકત મને પ્રિય છે. [૧૧૩]

જેમ સ્થિતપ્રજ્ઞ બ્રાહ્મી સ્થિતિને પામે છે, તેમ ત્રિગુણાતીત બ્રહ્મભૂત બને છે.

પ્રજ્ઞાને સ્થિર રાખનાર સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ ભકત અને ત્રિગુણાતીત અંતે તો સમાન છે. આ ત્રણ ગીતાના આદર્શ પુરુષો છે.

## પ્રાણ વાયુની સ્થિતિનું વર્ણન :

ધર્મવ્યાધે કહ્યું, પ્રાણીના શરીરને સુરક્ષિત રાખનાર અગ્નિ સ્વરૂપ ઉદાન વાયુ મસ્તકના આશ્રયે શરીરમાં રહે છે અને સમસ્ત શરીરમાં જીવન સંચાર કરે છે. [૧૧૪]

પ્રશ્નોપનિષદ્‌માં કહ્યું છે કે સૂર્ય અને અગ્નિનું  જે બાહ્ય તેજ છે તે ઉદાનનું બાહ્ય સ્વરૂપ છે. શરીરમાંથી ઉદાન વાયુ નીકળી જાય તેના શરીરની ઉષ્ણતા શાંત થઈ જાય. ઈન્દ્રિયો સાથે ઉદાન વાયુ અન્ય શરીરમાં ચાલ્યું જાય છે. [૧૧૫]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે – જીવ જયારે શરીરનો ત્યાગ કરી અન્ય શરીરમાં જાય છે. ત્યારે જેમ પુષ્પના સ્થાનમાંથી વાયુ સુંગધને લઈ જાય તેમ એ લઈ જાય છે. [૧૧૬]

**भूतं भव्यं भविष्यं च सर्वं प्राणे प्रतिष्ठितम्।**

**श्रेष्ठं तदेव भूतानां ब्रह्मयोनिमुपास्महे ॥**

અર્થાત્ ભૂત, વર્તમાન, ભવિષ્ય – સર્વ પ્રાણના આશ્રિત છે. પ્રાણ સમસ્ત ભૂતોમાં શ્રેષ્ઠ છે. તેથી પ્રાણની ઉપાસના કરવી. [૧૧૭]

પ્રશ્નોપનિષદ્ પ્રમાણે પ્રાણ જ પાંચ ભાગોમાં વિભકત થઈ ધારણ કરી મારામાં સુરક્ષિત રહે છે. [૧૧૮]

તું જ પ્રજાપતિ છે, તું જ ગર્ભમાં વિચરણ કરવાવાળો અને માતા–પિતાને અનુરૂપ સંતાનરૂપે જન્મે છે. [૧૧૯]

સર્વશ્રેષ્ઠ પ્રાણ પરમાત્મામાંથી ઉત્પન્ન થયું. તે પરબ્રહ્મ પરમેશ્વર તેનું ઉપાદાન કારણ છે. તેની સ્થિતિ મહેશ્વરને આધીન છે. જેવી રીતે મનુષ્યની છાયા તેને આશ્રયે છે. [૧૨૦]

મુંડકોપનિષદ્ અનુસાર, ''આ પરમેશ્વરમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે. તેમાંથી જ મન, ઈન્દ્રિયો, આકાશ, વાયુ, જયોતિ, જલ, પૃથ્વી ઉત્પન્ન થાય છે.'' [૧૨૧]

ધર્મવ્યાધ કહે છે – પ્રાણ જ જીવ છે તે સમસ્ત પ્રાણીઓનો આત્મા છે, તે સનાતન પુરુષ છે. મહત્તત્ત્વ બુદ્ધિ અને અહંકાર છે. [૧૨૨]

પ્રાણ જ અવ્યકત, સત્ત્વ, જીવ, કાલ, પ્રકૃતિ અને પુરુષ છે. તે જાગ્રત અવસ્થામાં જાગ્રત છે અને સ્વપ્નાવસ્થામાં સ્વપ્ન છે. ૧૨૩

**માતા–પિતાની સેવા :**

ધર્મવ્યાધ માતા–પિતાની સેવા સંદર્ભે કહે છે કે –

**पिता माता च भगवन्नेतौ मश्चैवतं परम्।**

**यद् दैवतेभ्यः कर्तव्यं तदेताभ्यां करोम्यहम्॥**

અર્થાત્ માતા–પિતા મારા માટે મુખ્ય દેવતા છે. જે કંઈ દેવતા માટે કરું છું. તે માતા–પિતા માટે કરું છું. [૧૨૪]

જેને વિદ્વાનો અગ્નિ કહે છે તે મારા માટે છે. ચારે વેદ અને યજ્ઞ પણ માતા–પિતા છે. [૧૨૫]

ઉન્નતિ ઈચ્છતી વ્યકિતને પાંચ ગુરુ છે, પિતા, માતા, અગ્નિ, પરમાત્મા તથા ગુરુ. [૧૨૬]

ઉપનિષદ્‌માં કહ્યું છે કે – **मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव ।**

મનુષ્યે માતા–પિતા તથા ગુરુમાં દેવવત્ બુદ્ધિ રાખવી જોઈએ. જેવી રીતે દેવતા પ્રતિ શ્રદ્ધા, ભકિત, સેવા–પૂજા, આજ્ઞાપાલન, વિનય અને પ્રપત્તિ આદિ ભાવ રહે છે, તેવી રીતે માતા–પિતા સાથે રાખવો જોઈએ. તે પ્રત્યક્ષ દેવતા છે. માતા–પિતાને કષ્ટ પડે તેવું કોઈપણ કાર્ય ન કરવું.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય સંસાર ત્યાગ પશ્ચાત્ પણ માતાના અગ્નિ સંસ્કાર કર્યા હતા. માતા–પિતાની સેવાથી શ્રેષ્ઠ અન્ય કોઈ ધર્મ નથી.

મહાભારતના વનપર્વ પ્રમાણે માતાનું સ્થાન પૃથ્વીથી અધિક અને પિતા આકાશથી ઊંચા છે. [૧૨૭]

સર્વ પાપમાંથી મુકત થઈ શકાય છે. પરંતુ માતાના શાપથી મુકત થઈ શકાતું નથી. [૧૨૮]

મનુસ્મૃતિ અનુસાર મનુષ્યના પાલન–પોષણમાં માતા–પિતા જે કષ્ટ સહન કરે છે, તેનો બદલો સો વર્ષમાં પણ ચૂકવી શકાતો નથી. [૧૨૯]

ભગવાન્ ગણપતિએ પણ સર્વ તીર્થ માતા–પિતાને માની માતા–પિતાની પ્રદક્ષિણા કરી અને કાર્તિકેય સાથેની શરતમાં પ્રથમ આવ્યા હતા.

**નિષ્કર્ષ :**

પશ્ચાત્તાપ દ્વારા કોઈપણ પાપથી મુકત થઈ શકાય છે.

વર્તમાન યુગમાં મનુષ્ય પાપના ભાર નીચે દબાતો જાય છે. પરંતુ પશ્ચાત્તાપ કરતો નથી.

સ્ત્રીને મન પતિ જ સર્વશ્રેષ્ઠ છે તે ફલિત થયું.

ધર્મની વિગતવાર ચર્ચા કરી શ્રેષ્ઠ ધર્મની સમજૂતી આપી.

બ્રાહ્મણ ધર્મ, વર્ણધર્મ, પાપ, હિંસા–અહિંસા, શુભાશુભ કર્મ ફળ, શરીરની નાશવંતતા, બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો, બ્રાહ્મી વિદ્યા, ત્રણ ગુણોનું સ્વરૂપ, પ્રાણ માતા–પિતાની સેવા ઈત્યાદિ વિષયક જ્ઞાન ધર્મવ્યાધે કૌશિક બ્રાહ્મણને આપ્યું અને અંતે માતા–પિતાની સેવામાં સર્વ તીર્થ છે તે સમજાવી ઉપદેશ પૂર્ણ કર્યો. જે જ્ઞાન વર્તમાન યુગમાં પણ તેટલું જ આવશ્યક છે.

# (८) रामोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન વેદવ્યાસ રચિત મહાભારતના તૃતીય પર્વ વનપર્વ અંતર્ગત રામોપાખ્યાન નામના ૨૭૪ મા અધ્યાયમાં નિરુપિત છે. આ ઉપાખ્યાન એટલું મહત્વનું છે કે સમગ્ર ઉપપર્વને તેનું નામ આપ્યું છે.

યુધિષ્ઠિરનો પ્રશ્ન શ્રી રામચંદ્રજીને વનવાસ કેવી રીતે પ્રાપ્ત થયો અને સ્ત્રી વિયોગથી કેવું દુ:ખ સહન કરવું પડ્યું, તેના ઉત્તરમાં માર્કન્ડેયજી રામ ઉપાખ્યાન કહે છે.

રામ શબ્દની વ્યુત્પત્તિ સમજી લઈએ તો –

**राति राजते वा महीस्थितः सन् इति रामः**

અર્થાત્, જે પૃથ્વી પર રહી ભકતજનોના સંપૂર્ણ મનોરથ પૂર્ણ કરે અને રાજાના રૂપમાં સુશોભિત છે, તે રાજા છે.

આ વિગ્રહ અનુસાર **राति** અથવા **राजते** નો પ્રથમ અક્ષર **रा** અને **महीस्थितः** નો પ્રથમ વર્ણ **म** થઈને **राम** બન્યો છે.

રામ બીજમંત્ર છે. રામનું અક્ષર વિભાજન આ પ્રમાણે છે. **र् आ म् अ** તેમાં **र्** કાર સાક્ષાત્ રામ વાચક, **आ** કાર બ્રહ્માનો વાચક, **अ** કાર વિષ્ણુ વાચક અને **म्** કાર શિવ વાચક છે. તેથી રામ ત્રિમૂર્તિ બોધક છે. અથવા ક્રિયા, જ્ઞાન અને ઈચ્છાના ભેદથી ત્રિશકિતનો બોધક છે.

રામ શબ્દનો સામાન્ય અર્થ જે આનંદ આપે છે, જે આનંદ ધન છે એવો થાય છે, **रम** ધાતુ પરથી બનેલ નામ.

પ્રસ્તુત ઉપાખ્યાનનું આલેખન કરતા પૂર્વે રામ નામધારી વ્યકિતઓનો પરિચય મેળવી લઈએ –

પૌરાણિક કથાકોશ નીચે પ્રમાણેની રામ નામની વ્યકિતનો ઉલ્લેખ કરે છે.

(૧) રામ – જમદગ્નિ ઋષિને રેણુકાની કૂખે જન્મેલ (પરશુ) રામ પુત્ર

(૨) રામ – સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુલોત્પન્ન, દશરથ કૌશલ્યાનો પુત્ર

(૩) રામ – બલરામનું અન્ય નામ

(૪) રામ – વસુદેવને રોહિણીની કૂખે જન્મેલ પુત્ર [૧]

પ્રસ્તુત આખ્યાન સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળના દશરથ રાજાનો પુત્ર મર્યાદા પુરુષોત્તમ ભગવાન્ શ્રીરામનો ઉલ્લેખ કરે છે.

મહાભારત પ્રમાણે રામ ઉપાખ્યાનની કથા આ મુજબ છે –

ઈક્ષ્વાકુ વંશમાં અજના પુત્ર દશરથ અને દશરથના ચાર પુત્રોમાંના એક તે રામ. રામના વિવાહ વિદેહ રાજકુમારી સીતા સાથે થયા.

દશરથ રાજા વૃદ્ધ થતાં તેમણે રામનો રાજયાભિષેક કરવાનો નિર્ણય કર્યો. પરંતુ સારા કામોમાં સો વિઘ્ન એ ન્યાયે કૈકેયીએ દશરથ રાજા દ્વારા પૂર્વે આપેલ વચન માંગી રામને ચૌદ વરસ વનવાસ અને ભરતને રાજયગાદી પ્રાપ્ત થાય, તે માંગ્યું.

પિતાના વચન પાલન માટે રામ લક્ષ્મણ, સીતા સહિત વનમાં ગયા. વનવાસ દરમિયાન રાવણની બહેન શૂર્પણખાના કાન–નાક લક્ષ્મણે કાપી નાખ્યા. તેથી ક્રોધિત રાવણે કુટિલતાથી સીતાનું હરણ કર્યું.

માર્ગમાં રાવણે જટાયુનો વધ કર્યો. જટાયુ દ્વારા રામે સમગ્ર વૃત્તાંત જાણ્યો. તે સીતાની શોધ કરવા નીકળી પડયા. તેમાં સુગ્રીવ સાથે મેળાપ થયો. સુગ્રીવ સાથે મિત્રતા કરી વાલીનો વધ કરી સુગ્રીવનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો.

બીજી તરફ રાવણ સીતાને પોતાની પત્ની બનાવવા તૈયાર થયો. પરંતુ સીતા કહે છે –

**परदारास्म्यलभ्या च सततं च पतिव्रता ।**

**न चैवोपयिकी भार्या मानुषी कृपणा तव ॥**

અર્થાત્, હું પરસ્ત્રી છું, પતિવ્રતા છું, તું મને નહી પામી શકે, હું તારા જેવા નિશાચરની ભાર્યા બનવા તૈયાર નથી. [२]

સુગ્રીવે ચારે દિશામાં સીતાની શોધ માટે વાનર મોકલ્યા. હનુમાનજીને લંકામાં મોકલ્યા. પરત આવી હનુમાને લંકાનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

વાનર સેનાનું સંગઠન થયું. લંકાગમન માટે સમુદ્ર પર સેતુ બાંધ્યો. સેતુ પાર કરી વાનરસેનાએ રાજા સહિત લંકામાં પ્રવેશ કર્યો અને તેની જાણ માટે અંગદને રાવણ પાસે દૂત તરીકે મોકલ્યો. અંગદના પરત આવવાથી રાક્ષસો અને વાનરો વચ્ચે મહાસંગ્રામ થયો.

શ્રીરામે રાવણ સેના સાથે દ્વન્દ્વ યુદ્ધ કર્યું. રાવણ પુત્ર ઈન્દ્રજીતે માયાવી યુદ્ધ કર્યું. જેને કારણે રામ અને લક્ષ્મણ મૂર્છિત થઈ ગયા. પુનઃ ઈન્દ્રજીત સાથે યુદ્ધ કરી લક્ષ્મણે ઈન્દ્રજીતનો વધ કર્યો.

અંતે રામ રાવણનું યુદ્ધ થયું અને રામે રાવણનો વધ કરી લંકાનગરી પર વિભિષણનો અભિષેક કર્યો.

રાવણનો વધ કરી સીતાને મુકત કરી. પરંતુ રામ કહે છે –

**कथं ह्यस्मद्विधो जातु जानन् धर्मविनिश्वयम् ।**

**परहस्तगतां नारीं मुहूर्तमपि धारयेत् ॥**

અર્થાત્, ધર્મ સિદ્ધાંતના જ્ઞાતા પુરુષ અન્ય પાસે ગયેલ, નારીને કેવી રીતે ગૃહણ કરે ? [૩]

રામે સીતાનો અસ્વીકાર કર્યો. આ વાત સાંભળી સીતા મૂર્છિત થઈ ગઈ અને મૂર્છામાંથી બહાર આવતા કહેવા લાગી.

વાયુદેવ સમસ્ત પ્રાણીઓની અંદર વિચરે છે. મેં કોઈ પાપાચાર કર્યો હોય તો વાયુદેવતા મારા પ્રાણ હરી લે. [૪]

હું પાપનું આચરણ કરનારી હોઉં તો અગ્નિ, જલ, આકાશ, પૃથ્વી અને વાયુ – મારા પ્રાણ હરી લે. [૫]

તમારા સિવાય અન્ય કોઈ પુરુષનું સ્વપ્નમાં પણ ચિંતન નથી કર્યું. એક માત્ર તમે જ મારા પતિ છો. [૬]

તદ્પશ્ચાત્ વાયુ, અગ્નિ, વરુણ, બ્રહ્મા ઈત્યાદિ દેવોએ સીતાની શુદ્ધતાનું પ્રમાણ આપ્યું.

રામે લક્ષ્મણ અને સીતા સહિત અયોધ્યા ગમન કર્યું. ભરત સાથે મિલન થયું. ભરતે અમાનત તરીકે રાખેલ રાજય રામને સોંપ્યું. રામનો રાજયાભિષેક થયો અને અનંતકાળ સુધી રામ અયોધ્યાના રાજા રહ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

ભગવાન્ શ્રીરામ વિષયક મહર્ષિ વાલ્મીકિએ સુંદર રામાયણની રચના કરી.

તુલસીદાસે અવધ ભાષામાં શ્રીરામચરિત માનસની રચના કરી.

આ ઉપરાંત શ્રીમદ્ ભાગવત, દેવી ભાગવત, બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, શિવપુરાણ, બ્રહ્માંડ પુરાણ ઈત્યાદિ પુરાણોમાં પણ રામકથાનો ઉલ્લેખ છે.

વેદોમાં રામકથા –

મહામુનિ વાલ્મીકિએ રામાયણમાં કહ્યું છે કે – જયારે વેદવેદ્ય બ્રહ્મ દશરથના પુત્રરૂપે અવતીર્ણ થયા, ત્યારે વેદ પણ વાલ્મીકિથી રામાયણરૂપે અવતીર્ણ થયા. [૭]

ઋગ્વેદની એક ઋચામાં રામાયણના મુખ્ય ચાર અંશ આવી જાય છે.

ભગવાન રામ સીતા સાથે તપોવનમાં આવ્યા. રામ–લક્ષ્મણ પાછળ રાવણ સીતા પાસે આવ્યો અને તેનું હરણ કર્યું. હનુમાને લંકામાં આગ લગાડી. રાવણ યુદ્ધ માટે રામ સન્મુખ આવ્યો. [૮]

આ ચાર ચરણમાં રામકથા નિરુપી છે.

વૈદિક સાહિત્યમાં રામોલ્લેખ –

ઈક્ષ્વાકુનો નિર્દેશ ઋગ્વેદ સંહિતામાં પ્રાપ્ત થાય છે. **यस्येक्ष्वाकुरूप व्रते रेवान् मराप्येधत ।** [૯]

અથર્વવેદમાં પણ ઈક્ષ્વાકુ નામનો ઉલ્લેખ છે. **त्वावेद पूर्व इक्ष्वाको यम् ।** [૧૦]

ઋગ્વેદમાં દશરથનો ઉલ્લેખ છે, ''લાલ રંગ અને ભૂરા રંગના દશરથના ચાલીસ અશ્વો સહસ્ર અશ્વોનાદળનું નેતૃત્વ કરે છે.'' [૧૧]

શતપથ બ્રાહ્મણમાં કૈકેયનો ઉલ્લેખ છે. [૧૨]

શતપથ બ્રાહ્મણાં જનકનો ઉલ્લેખ છે.

ઋગ્વેદમાં રામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ''રાજાઓમાં અત્યંત બળશાળી, દુઃશીમ, પૃથવાન્, વેન અને રામ માટે સ્તુતિ કરું છું.'' [૧૩]

છાંદોગ્ય ઉપનિષદ્ ઈત્યાદિમાં દશરથ, કૈકેય આદિનો નિર્દેશ છે. તેના દ્વારા સ્પષ્ટ થાય છે કે સંહિતા પૂર્વે ઈક્ષ્વાકુ નામનો રાજા પ્રસિદ્ધ હતો.

ઉપરાંત અધ્યાત્મ રામાયણ, આનંદ રામાયણ ઈત્યાદિ ગ્રંથો પ્રાપ્ત થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં રામ સંબંધી કથાવસ્તુ લઈને અનેક કવિઓએ અનેક કૃતિની રચના કરી છે. તેમાં કાલિદાસકૃત રઘુવંશ, ભવભૂતિકૃત ઉત્તરરામચરિત, જયદેવકૃત પ્રસન્નરાઘવ, ભોજરાજનું ચમ્પૂરામાયણ, મુરારિ દ્વારા રચિત અનર્ઘરાઘવ, ભાસ્કર ભટ્ટ કૃત ઉન્મત રાઘવ, કવિ ભટ્ટિ કૃત ભટ્ટિ કાવ્ય, શ્રી નિત્યાનંદ શાસ્ત્રી વિરચિત શ્રીરામચરિતાબ્ધિરત્નમ્, પ્રવરસેન દ્વારા રચિત સેતુબન્ધમ્, અજ્ઞાત કવિનું હનુમાન્ નાટક. દિઙ્નાગનું કુન્દમાલા.

**હિન્દી સાહિત્યમાં રામકથા વિષયક કૃતિઓ :**

સૂરદાસ કૃત સૂર રામચરિતાવલી

કેશવદાસ રચિત રામચન્દ્રિકા

રસિકવિહારી વિરચિત રામરસાયન

રઘુરાજસિંહજી કૃત રામ સ્વયંવર

મૈથિલીશરણ ગુપ્ત રચિત સાકેત

રામચરિત ઉપાધ્યાય કૃત રામચરિત ચિંતામણી

**તમિળ ભાષામાં રામકથા :**

કમ્બન રચિત કમ્બ રામાયણ

**તેલુગુ ભાષામાં રામકથા :**

ગોન બુદ્ધારેડ્ડી દ્વારા લિખિત રઙ્નાથ રામાયણ

**મલયાલમ ભાષામાં રામકથા :**

આચાર્ય તુંચતુ રામાનુજન એષુત્તરછન રચિત અધ્યાત્મ રામાયણ

**કન્નડ ભાષામાં રામકથા :**

કન્નડ ભાષામાં આશરે ૩૦ રામકથા આધારિત ગ્રંથો છે. પરંતુ તેમાં લોકપ્રિય ગ્રંથ નરહરિ કૃત તોરવે રામાયણ છે.

**બંગાળી ભાષામાં રામકથા :**

કૃતિવાસ ઓહમ્ કૃત કૃતિવાસી રામાયણ

પંડિત રઘુનંદન ગોસ્વામી રચિત શ્રીરામ રસાયન

**અસમીયા ભાષામાં રામકથા :**

માધવકન્દલી વિરચિત રામાયણ ગ્રંથ

**ગુજરાતી ભાષામાં રામકથા :**

ગિરિધર કૃત ગુજરાતી રામાયણ

ભાલણ દ્વારા વિરચિત રામચરિત, રામબાલચરિત, રામવિવાહ

**મરાઠી ભાષામાં રામકથા :**

મહાકવિ મોરોપન્નો કૃત મંત્ર રામાયણ

**કશ્મીરી ભાષામાં રામકથા :**

પ્રકાશરામ વિરચિત રામાવતારરચિત

**ઉડિયા ભાષામાં રામકથા :**

મહાકવિ બલરાયદાસજી રચિત જગમોહન રામાયણ

મહાકવિ શારલાદાસકૃત વિલંકા રામાયણ

**નેપાળી ભાષામાં રામકથા :**

ભાનુભકત રચિત નેપાલી રામાયણ અથવા ભાનુભકત રામાયણ

**વિદેશોમાં રામકથા :**

થાઈલેન્ડમાં રામાયણનું નામ રામકિયેન છે. તેનું તાત્પર્ય છે રામકીર્તિ.

કમ્બોડિયામાં રામાયણનું નામ રામકેર છે.

મલેશિયામાં પ્રચલિત રામાયણનું નામ હિકાયત સિરીરામા છે.
ઈન્ડોનેશિયામાં રામાયણનું નામ રામાયણ કકવિન છે.
રૂસી ભાષામાં રામચરિત માનસનો અનુવાદ બારાન્નિ કોવે કર્યો.

## વિશ્વની વિભિન્ન ભાષાઓમાં રામ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનું નામ | રચયિતા | દેશ |
|---|---|---|---|
| ૧. | લિઉ તઉત્વ | કિંગ | ચીન |
| ૨. | ત્વ પાઓ | ત્વાંગ કિંગ | ચીન |
| ૩. | લંકા સિહા | અજ્ઞાત | ચીન |
| ૪. | ખોતાની રામાયણ | અજ્ઞાત | પૂર્વી તુર્કિસ્તાન |
| ૫. | તિબ્બતી રામાયણ | અજ્ઞાત | તિબેટ |
| ૬. | મેંગોલિયાની રામકથા | અજ્ઞાત | મેંગોલિયા |
| ૭. | જાપાનની રામકથા | હોબુત્સુ | જાપાન |
| ૮. | જાપાનની રામકથા | સામ્બોએ કોતોબા | જાપાન |
| ૯. | હરિશ્રય | હરિશ્રયકકવિન | ઈન્ડોનેશિયા |
| ૧૦. | રામપુરાણ | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૧. | અર્જુન વિજય | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૨. | રામ વિજય | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૩. | વીરતંત્ર | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૪. | કપિપર્વ | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૫. | ચરિત્ર રામાયણ | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૬. | કકવિન રામાયણ | કવિ કકવિન | ઈન્ડોનેશિયા |
| ૧૭. | જાવી રામાયણ | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૮. | મિસાસુર રામકથા | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૧૯. | કેચક રામકથા | અજ્ઞાત | ઈન્ડોનેશિયા |
| ૨૦. | રામ કિયેન | અજ્ઞાત | થાઈલેન્ડ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | ફાલક ફાલામ | અજ્ઞાત | લાઓસ |
| ૨૨. | પોમ્મચાક | અજ્ઞાત | લાઓસ |
| ૨૩. | હકાયત શ્રીરામ | અજ્ઞાત | મલેશિયા |
| ૨૪. | હકાયત મહારાજ રાવણ | અજ્ઞાત | મલેશિયા |
| ૨૫. | રામકીર્તિ | અજ્ઞાત | કમ્બોડિયા |
| ૨૬. | જાનકીહરણમ્ | લંકાપતિ કુમારદાસ | શ્રીલંકા |
| ૨૭. | મહરાદિયા લાવના | અજ્ઞાત | ફિલિપીન્સ |
| ૨૮. | રામબસ્તુ | અજ્ઞાત | બર્મા |
| ૨૯. | મહારામ | અજ્ઞાત | બર્મા |
| ૩૦. | રામ તોન્મયો | અજ્ઞાત | બર્મા |
| ૩૧. | રામ તાજયી | અજ્ઞાત | બર્મા |
| ૩૨. | રામયગ્રાન | અજ્ઞાત | બર્મા |
| ૩૩. | અલોગરામ તાજયી | અજ્ઞાત | બર્મા |
| ૩૪. | થિરીરામ | અજ્ઞાત | બર્મા |
| ૩૫. | પોન્તવાર | અજ્ઞાત | બર્મા |
| ૩૬. | પૌન્તવરામલખન | અજ્ઞાત | બર્મા |

અકબરે પોતાના શાસનકાળ દરમિયાન 'રામસીતા' પ્રકારના સિક્કા પ્રચલિત કર્યા હતા.

બ્રિટિશ મ્યુઝિયમ લંડનમાં રામ–સીતાના ચિત્રાંકન કરેલ સિક્કા જોવા મળે છે.

ઈરાકમાં રામલ્લાહનગર છે, તો ઈઝરાયલમાં રામમ્ અને એર્ટરામ નામના પ્રાચીન નગરો છે.

બૌદ્ધ ધર્મના 'દશરથ જાતક' ગ્રંથમાં રામને તથાગતનો દરજ્જો આપવામાં આવ્યો છે.

જૈન ગ્રંથોમાં પણ રામનો આઠમા બલરામ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

ગુરુ ગ્રંથ સાહેબમાં રામને સર્વશક્તિમાન્ માનવામાં આવ્યા છે. ગુરુ ગ્રંથ સાહેબમાં રામ નામનો ઉલ્લેખ સો વખત આવે છે.

મહાભારતમાં આવશ્યકતાનુસાર આખ્યાનો–ઉપાખ્યાનો રજૂ થયા છે. આખ્યાન–ઉપાખ્યાન કહેવા પાછળનો મુળ હેતુ બોધ આપવાનો છે. ઉપદેશ દ્વારા સામાન્ય જન સમાજને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત આખ્યાનમાં પણ જે જ્ઞાન સભર મુદ્દાઓ ફલિત થાય છે, તે આ પ્રમાણે છે –

### રામની પિતૃભકિત :

શાસ્ત્રોમાં કહ્યું છે કે **पितृदेवो भव ।** પિતાને દેવનો દરજજો અપાયેલ છે.

પિતૃભકિત માટે રામ અનન્ય છે. રામાયણમાં એવા અનેક પ્રસંગો છે તેમાં રામની પિતૃભકિતના દર્શન થાય છે.

વાલ્મીકિ રામાયણમાં પિતાને દુઃખી જોઈ રામ કહે છે, ''હું મહારાજની આજ્ઞાથી આગમાં પણ કૂદી પડું, તીવ્ર વિષપાન કરું અને સમુદ્રમાં પણ કૂદી શકું. મહારાજ મારા ગુરુ, પિતા અને હિતૈષી છે. રાજાને જે અભીષ્ટ હશે તે હું કરવા પ્રતિજ્ઞા કરું છું.'' [૧૪]

પિતાની સેવા સર્વશ્રેષ્ઠ ધર્મ છે. [૧૫]

મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ કહે છે, 'મને રાજય, સુખ, પૃથ્વી, સ્વર્ગ, સંપૂર્ણ ભોગો અને જીવનની આવશ્યકતા નથી. આપ સત્યવાદી બનો તે જ મારી ઈચ્છા છે.' [૧૬]

અધ્યાત્મ રામાયણમાં ભગવાન્ શ્રીરામ કહે છે, 'પિતાજી માટે હું જીવન ત્યાગી શકું છું, ભયંકર વિષપાન કરી શકું છું અને સીતા કૌશલ્યા તથા રાજય પણ ત્યાગી શકું છું. જે પુત્ર પિતાની આજ્ઞાનું પાલન કરે છે, તે ઉત્તમ છે. જે કહ્યા પછી કરે તે મધ્યમ, અને જે કહ્યા પછી પણ ન કરે તે પુત્ર વિષ્ટા સમાન છે.' [૧૭]

રામચરિત માનસ અનુસાર માતા–પિતાની આજ્ઞાનું પાલન કરનાર પુત્ર ભાગ્યશાળી છે. માતા–પિતાને સંતુષ્ટ કરનાર પુત્ર સંસારમાં દુર્લભ છે. [૧૮]

જેનું ચરિત્ર શ્રવણ કરી પિતા આનંદિત થાય, તેનો જન્મ આ પૃથ્વી પર ધન્ય છે. જેને માતા–પિતા પ્રાણ સમાન પ્રિય છે, તેને ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારે પદાર્થ મુઠ્ઠીમાં છે. [૧૯]

શ્રીરામચંદ્રજી ભરતને કહે છે, 'ચન્દ્રમાંથી તેની પ્રભા અલગ થઈ જાય, હિમાલય હિમનો પરિત્યાગ કરે અથવા સમુદ્ર પોતાની સીમા પાર કરી દે. પરંતુ હું પિતાની પ્રતિજ્ઞા નહી તોડી શકું.' [૨૦]

પિતૃભકિત માટે નચિકેતાનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. કુમાર નચિકેતા પિતૃઆજ્ઞાથી યમલોક ગયા અને યમ દ્વારા મૃત્યુ વિષયક જ્ઞાન પ્રાપ્ત કર્યું.

નચિકેતાની પિતૃભકિત એવી હતી કે પિતા દ્વારા યમદ્વારે જવા છતાં પ્રથમ વરદાનમાં નચિકેતા યમ પાસે પિતાના પ્રેમની યાચના કરે છે.

માતા કૌશલ્યા પાસે વનગમન કરવા શ્રીરામ આજ્ઞા માંગતા કહે છે –

**पितुर्हि वचनं कुर्वन् न कर्श्चिन्नाम हीयते ।**

અર્થાત્, પિતાની આજ્ઞા માનનાર પુરુષ ધર્મથી ભ્રષ્ટ થતો નથી. [21]

## શ્રીરામનું એક પત્નીત્વ વ્રત :

શ્રીરામનું એકપત્નીત્વ અનન્ય હતું. સામાન્ય રીતે મહાભારતકાળમાં રાજાઓને અનેક પત્ની હતી. તેમાં દશરથ, કૃષ્ણ, પાંડવો ઈત્યાદિને ગણાવી શકાય. પરંતુ ભગવાન્ શ્રીરામ તે સર્વથી અલગ છે. તેમણે જીવનભર એક પત્નીવ્રત ધારણ કરી એક પત્નીવ્રતનો અર્થ સમજાવ્યો છે. રામ પતિધર્મ બજાવી મર્યાદા શબ્દના અર્થને સાર્થક કરે છે. શ્રીરામ સીતાને વનમાં સાથે આવવા અનુમતિ આપતા કહે છે, 'તને દુઃખી કરી સ્વર્ગ સુખની પણ મને આવશ્યકતા નથી. બ્રહ્માની માફક મને કિંચિત્ પણ ભય નથી.' [22]

મૃગ પાછળ રામ–લક્ષ્મણના જવાથી સીતા એકાકી થઈ ગઈ. તેનો વિચાર કરતા ભગવાન શ્રીરામ કહે છે, 'સીતા જીવિત હશે તો હું આશ્રમમાં આવીશ. અન્યથા પ્રાણ ત્યાગ કરીશ.' [23]

મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ સીતાને આશ્રમમાં ન નિહાળતા દુઃખી થતા કલ્પના કરે છે –

**हृता मृता वा नष्टा वा भक्षिता वा भविष्यति ।**

**निलीनाप्यथवा भीरूरथवा वनमाश्रिता ॥**

અર્થાત્, સીતાનું કોઈએ હરણ તો નહી કર્યું હોય, તેમનું મૃત્યુ થયું હશે, અથવા ફળ લેવા ગઈ હશે. [24]

શ્રીરામચન્દ્રજીએ ચારે તરફ સીતાની શોધ કરી. પરંતુ સીતા દેખાઈ નહી. શોકને કારણે શ્રીરામ ઉન્મત બની ગયા અને વૃક્ષ, પર્વત, નદી, સરોવર ઈત્યાદિને વિલાપ કરતા પૂછવા લાગ્યા.

વિક્રમોર્વશીયમ્માં પુરુરવા ઉર્વશીની શોધ કરતા કુમારવનના સર્વ વૃક્ષો, વેલી, પશુ, પક્ષી ઈત્યાદિને ઉર્વશીના ખબર પૂછે છે. પુરુરવા કરતાં રામનું પાત્ર શ્રેષ્ઠ છે.

વિરહમાં મનુષ્ય ઉન્મત બની જાય છે. મેઘદૂતનો યક્ષ પણ ઉન્મત્તતાને કારણે મેઘ જેવા જડ પદાર્થને દૂત બનાવી સંદેશો મોકલે છે.

અત્રે શ્રીરામ પણ પ્રેમમાં વિહ્વળ બન્યા છે. તેથી પ્રકૃતિને પોતાની પ્રિયાના સમાચાર પૂછે છે.

શ્રીરામ વિલાપ કરતાં કહે છે,

**नह्यहं जीवितुं शक्तस्तामृते जनकात्मजाम् ।**

અર્થાત્, હું સીતા વિના જીવી શકીશ નહી. [25]

સીતાની અગ્નિ પરીક્ષા સમયે શ્રીરામ કહે છે, 'જેવી રીતે સૂર્યદેવ તેની પ્રભાથી અભિન્ન છે, તેવી રીતે સીતા મારાથી અભિન્ન છે. જેવી રીતે મનસ્વી પુરુષ કીર્તિનો ત્યાગ કરી શકતો નથી, તેવી રીતે હું પણ તેનો ત્યાગ કરી શકું નહી.' [26]

સીતાને પૃથ્વીમાતા લઈ ગયા ત્યારે ભગવાન્ શ્રીરામ કહે છે, ‘મારી સીતાને પુનઃ આપો અન્યથા મારે માટે તમારી ગોદમાં સ્થાન આપો, કારણ કે પાતાળ હોય કે સ્વર્ગ, હું સીતા વિના રહી શકીશ નહી.’ [૨૭]

શ્રીરામ એકપત્નીવ્રતી હતા. તેમણે અશ્વમેધ યજ્ઞ સમયે પણ સીતાની સુવર્ણ પ્રતિમા બાજુમાં મૂકી. પરંતુ દ્વિતીય વિવાહનો વિચાર કર્યો નહી. સાચો પતિધર્મ બજાવી મર્યાદાનું પાલન કરી તેના અવતારને ચરિતાર્થ કર્યો.

### શ્રીરામનો ભ્રાતૃપ્રેમ :

શ્રીરામ ભાઈઓ પ્રત્યે વિશેષ પ્રેમ ધરાવતા હતા. ભરત સૈન્ય સહિત રામના પુનઃ અયોધ્યા પધારવાનું કહેવા આવ્યા, તે સમયે લક્ષ્મણ સૈન્ય જોઈ ક્રોધિત થઈ ગયા. પરંતુ શ્રીરામે તેને સમજાવતા કહ્યું, ‘‘ધર્મ, અર્થ, કામ અને પૃથ્વીનું રાજય પણ તમારા માટે ઈચ્છું છું.’’ [૨૮]

ભરત, લક્ષ્મણ, શત્રુઘ્નનો ત્યાગ કરી મને સુખ પ્રાપ્તિ થાય તો તેને અગ્નિદેવ ભસ્મ કરી દે. [૨૯]

મહાભારતમાં ભાઈઓ વચ્ચે કલહની વાત છે. તેમાં પાંચ પાંડવોમાં ઐકય છે. પરંતુ રામાયણમાં ભાઈ–ભાઈને માટે રાજયનો ત્યાગ કરે છે.

શ્રીરામચરિત માનસમાં તુલસીદાસ આ પ્રમાણે કહે છે, ‘અંધકાર મધ્યાહ્નના સૂર્યને ગળી જાય, આકાશ વાદળમાં મળી જાય, પૃથ્વી ક્ષમાનો ત્યાગ કરી દે, મચ્છરની ફૂંકથી પર્વત ઉડી જાય, પરંતુ ભરતને રાજયમદ કદાપિ નહી થાય.’ [૩૦]

મહર્ષિ વશિષ્ઠજીને ભગવાન્ શ્રીરામ કહે છે, ‘હું આપની અને પિતાજીની સોંગધ લઈને કહું છું. વિશ્વમાં ભરત સમાન ભાઈ નથી.’ [૩૧]

યુદ્ધ દરમિયાન લક્ષ્મણ મૂર્છા પામ્યા. શ્રીરામ વ્યાકુળ બની કહે છે, ‘મૃત્યુલોકમાં સીતા જેવી અન્ય સ્ત્રી મળી શકે છે. પરંતુ લક્ષ્મણ જેવો ભાઈ અશકય છે.’ [૩૨]

પ્રત્યેક દેશમાં સ્ત્રી પ્રાપ્ત થઈ શકે, જાતિ ભાઈ પ્રાપ્ત થઈ શકે, પરંતુ એવો કોઈ દેશ નથી જયાં સહોદર ભાઈ મળી શકે. [૩૩]

શ્રીરામચરિતમાનસ અનુસાર પુત્ર, ધન, સ્ત્રી, ઘર, પરિવાર વિશ્વમાં વારંવાર પ્રાપ્ત થાય છે. પરંતુ સહોદર ભાઈ અશકય છે. [૩૪]

### શ્રીરામનો મૈત્રી ધર્મ :

મિત્રતા આશીર્વાદરૂપ છે, જયારે શત્રુતા અભિશાપ.

શ્રીરામચંદ્રજીની મિત્રતા આદર્શરૂપ છે. જટાયુ પણ રાવણ પાસેથી સીતાને બચાવવા તેનો મિત્ર ધર્મ બજાવી મૃત્યુ પામે છે.

રામાયણમાં રામ અને સુગ્રીવની મૈત્રી શ્રેષ્ઠ છે. મિત્રતાને કારણે બંને અન્યોન્યને મદદ કરે છે.

ફાધર વાલેસ કહે છે, 'મિત્રવિહીન મનુષ્ય એટલે તારાવિહીન આકાશ અને પક્ષીવિહીન ઉપવન.'

જયોર્જ બર્નાડ શો કહે છે કે જે મિત્રના દુઃખમાં સહભાગી થતો નથી. તે સાચા અર્થમાં મિત્ર નથી.

ઋગ્વેદ અનુસાર, તે મિત્ર નથી, જે મિત્રની સહાયતા ન કરે. [૩૫]

યજુર્વેદ મુજબ સર્વ પ્રાણીઓને મિત્રતાની દષ્ટિએ જોવા. [૩૬]

અથર્વવેદ પ્રમાણે પરસ્પર મિત્રોની માફક રહો. [૩૭]

મિત્રના ગુણ દુર્ગુણ વર્ણવતા મિત્રલાભમાં કહ્યું છે કે પવિત્રતા, ત્યાગ, શૌર્ય, સુખ–દુઃખમાં સમભાવ, સૌજન્ય, અનુરાગ અને સત્ય. મિત્ર પાસેથી અપેક્ષિત ગુણો છે. [૩૮]

ખાનગી વાતને ખુલ્લી પાડવી, માંગણી કરવી, નિષ્ઠુરતા આચરવી, મનની ચંચળતા, ક્રોધ, જૂઠ, જુગાર મિત્રના દૂષણો છે. [૩૯]

ભર્તૃહરિ નીતિશતકમાં સન્મિત્રનું લક્ષણ આપતા કહે છે –

પાપમાંથી રોકે, હિત કાર્યમાં જોડે, ગુપ્ત વાત છુપાવે, ગુણોને પ્રકાશિત કરે, સંકટમાં આવી પડે ત્યારે પણ છોડતા નથી અને સમય આવે ત્યારે આપે છે. આ સન્મિત્રના લક્ષણો. [૪૦]

ચાણકય સૂત્ર પ્રમાણે, **मित्रग्रहणे बलं संपद्यते ।**

અર્થાત્, સાચા મિત્રના સાથથી મનુષ્યને બળ પ્રાપ્ત થાય છે. [૪૧]

શ્રીરામ સુગ્રીવને મિત્રતા વિષે સમજાવતા કહે છે. ઉપકાર મિત્રતાનું ફળ છે અને અપકાર શત્રુતાનું લક્ષણ છે. [૪૨]

શ્રીરામચરિતમાનસમાં તુલસીદાસજી કહે છે કે,

જે મિત્રના દુઃખે દુઃખી થતા નથી તે પાપી છે, પોતાના પર્વત સમાન દુઃખને રજ સમાન અને મિત્રના રજ સમાન દુઃખને પર્વત સમાન માનવું. [૪૩]

જે પ્રત્યક્ષ મૃદુ વચન કહે અને પીઠ પશ્ચાત્ બુરાઈ કરે જેનું મન સાપની ચાલ જેવું વક્ર હોય તેવા કુમિત્રનો ત્યાગ કરવો. [૪૪]

મૈત્રીધર્મ સમાનતાવાળો ધર્મ છે. તેમાં આદાન–પ્રદાન બંને છે. મિત્ર કર્તવ્યચ્યુત બને તો તેને સાચી સલાહ આપવી આ મિત્ર ધર્મ છે.

વાલ્મીકિ રામાયણમાં મિત્ર વિષે કહ્યું છે કે ધનવાન્ હોય કે દરિદ્ર, દુઃખી હોય કે સુખી, નિર્દોષ હોય કે દોષયુકત, મિત્ર પરમગતિ છે. [૪૫]

મિત્ર કરવો સરળ છે. પરંતુ મિત્રભાવ બનાવી રાખવો કઠીન છે. કારણ કે મનનો ભાવ સદા સમાન નથી રહેતા. અન્ય દ્વારા વાત કરવાથી પ્રેમમાં અંતર પડે છે. [૪૬]

મિત્રના ઉપકારનું વિસ્મરણ થઈ જવું ધર્મની હાનિ છે. ગુણવાન્ મિત્ર સાથે મિત્રતાનો સંબંધ તૂટવો સ્વયંની જ હાનિ છે. [૪૭]

વિદૂરનીતિ મુજબ, ''જે બે મિત્રોમાં મનથી મન, ગુપ્ત રહસ્યથી ગુપ્ત રહસ્ય બુદ્ધિથી બુદ્ધિનું મિલન થાય છે, તેની મિત્રતા નષ્ટ થતી નથી.'' [૪૮]

શ્રીકૃષ્ણ અને સુદામાની મિત્રતા પણ અજોડ છે.

વર્તમાન યુગમાં આવા નિસ્વાર્થ મિત્રો દુર્લભ છે.

**રાજનીતિ :**

રાજા માટે શ્રેષ્ઠ ધર્મ રાજધર્મ છે, શ્રીરામની રાજનીતિ શ્રેષ્ઠ હતી. તેથી જ તેનું રાજયશાસન પ્રસિદ્ધ હતું.

શુક્રાચાર્ય નીતિસારમાં કહે છે, 'રામ સમાન નીતિમાન્ રાજા પૃથ્વી પર ન કોઈ થયા અને નહી થાય.' [૪૯]

અન્ય પણ પ્રચલિત ઉકિત છે –

**नदीषु गङ्गा नृपतौ च रामः ।**

**काव्येषु माघः कविकालिदासः ॥** ઈત્યાદિ

રાજાની ચતુર્વિધવૃત્તિ વિષે રામ કહે છે –

**न्यायेनार्जतमर्थस्य वर्धनं रक्षणं तथा ।**

**सत्पात्रप्रतिपत्ति राजवृत्तं चतुर्विधम् ॥**

અર્થાત્, ન્યાય દ્વારા ધનોપાર્જન, વ્યાપાર આદિ દ્વારા ધનવૃદ્ધિ, સ્વજનો અને પરજનોથી રક્ષા કરવી, સત્પાત્રમાં નિયોજન કરવું, આ રાજાનો ચાર પ્રકારનો વ્યવહાર છે.

પ્રજાજનો પ્રત્યે શ્રીરામનો અનુરાગ હતો. તેથી તેઓ **राजा प्रकृतिरञ्जनात्** સૂકિતને સાર્થક કરતા પ્રજારાધનના આદર્શને આ પ્રમાણે પ્રસ્તુત કરે છે –

**स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि।**

**आराधनाय लोकानां मुत्त्वतो नास्ति मे व्यथा॥**

અર્થાત્, પ્રજાજનોને સંતુષ્ટ રાખવા માટે સ્નેહ, દયા, સૌખ્ય અથવા પ્રાણાધિક જાનકીનો ત્યાગ કરી શકું છું.

ઉત્તર રામચરિતમાં રામરાજ્ય પ્રત્યેના પ્રેમને પત્ની કરતા પણ ઉચ્ચ દરજ્જો આપે છે. વાલિ વધ પશ્ચાત્ સુગ્રીવનો અને રાવણવધ પશ્ચાત્ વિભિષણનો રાજ્યાભિષેક તેની લોકમર્યાદા પ્રતિ આસ્થાનું પ્રમાણ છે. રાવણવધ પશ્ચાત્ પોતાના અપમાનનું સ્મરણ કરી વિભિષણ રાવણનો દાહ સંસ્કાર કરવા વિમુખ બન્યો. શ્રીરામ અન્ય દ્વારા પણ આ કાર્ય સંપાદન કરાવી શકતા હતા. પરંતુ તેમાં લોકમર્યાદાનો ભંગ થાત અતઃ શ્રીરામે વિભિષણને કહ્યું, ''વિભિષણ વૈર મરણ પર્યન્ત જ રહે છે. આપણો ઉદ્દેશ્ય સિદ્ધ થઈ ગયો છે. તેથી કોઈ પ્રકારનો દ્વેષભાવ ન રાખતા રાવણના અંતિમ સંસ્કાર કરવા જોઈએ. કારણ કે હવે તે આપણા બંનેના પ્રિય છે.'' [૫૦]

શ્રીરામચરિતમાનસમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ કહે છે, 'જે રાજ્યમાં પ્રજા દુઃખી હોય તે રાજા અવશ્ય નરકનો અધિકારી બને છે.' [૫૧]

વાલ્મીકિ રામાયણ અનુસાર, ''સત્યપાલન રાજાનો દયાપ્રધાન ધર્મ છે. સનાતન આચાર છે. રાજ્ય સત્યસ્વરૂપ છે. સત્યમાં સંપૂર્ણ લોક પ્રતિષ્ઠિત છે. સત્યવાદી મનુષ્ય અક્ષય પરમધામ પ્રાપ્ત કરે છે. અસત્યવાદી મનુષ્યથી લોકો સાપની માફક ડરે છે. સંસારમાં સત્ય જ ધર્મની પરાકાષ્ઠા છે અને તે જ સર્વનું મૂળ છે. જગત્માં સત્ય જ ઈશ્વર છે. સદા સત્યના આધારે ધર્મની સ્થિતિ રહે છે. સત્ય જ સર્વનું મૂળ છે. સત્યથી શ્રેષ્ઠ અન્ય પરમપદ નથી. દાન, યજ્ઞ, હોમ, તપસ્યા અને વેદ–સર્વનો આધાર સત્ય છે. તેથી સત્યવાદી બનવું.'' [૫૨]

જેમાં નીતિ, વિનય, સત્ય અને પરાક્રમ આદિ રાજોચિત ગુણ હોય, તે દેશકાળનો જાણકાર રાજા છે. [૫૩]

રાજા ભરતમાં આ સર્વ ગુણો વિદ્યમાન હતા. ભરત પાસેથી એ આદેશ પ્રાપ્ત થાય છે કે વિશ્વમાં ધર્મપાલન અને પ્રસાર માટે યત્ન કરવો. રાજાઓમાં શ્રેષ્ઠ ભરત ધર્મ પર અનુરાગી હતા. તેઓ સમગ્ર પૃથ્વીનું પાલન કરતા હતા.

### સીતાનો પતિવ્રત ધર્મ :

ભારતીય સંસ્કૃતિ પતિને દેવ માનનારી છે. પતિવ્રતા સ્ત્રીઓમાં સાવિત્રી, દ્રૌપદી, અનસૂયા, દમયંતી ઈત્યાદિને ગણાવી શકાય.

સીતા પણ એક પતિવ્રતા સ્ત્રી છે. તે પતિને દેવ માનનારી છે. તેથી તો પતિના પગલે વનમાં જવા તૈયાર થઈ. તે સમયે સીતા રામને કહેવા લાગી, ‘પિતા, માતા, ભાઈ, પુત્ર તથા પુત્રવધૂ પોતપોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવે છે. એકમાત્ર પત્ની જ પતિના કર્મફળની ભાગી છે.’ [૫૪]

માતા સીતા ભગવાન્ શ્રીરામને સ્પષ્ટરૂપે કહે છે, ‘મારા માતા–પિતા પાસેથી મને અનેકવાર શિક્ષા પ્રાપ્ત થઈ છે. તેથી આ વિષયમાં આપ મને વિશેષ કંઈ ન કહો.’ [૫૫]

માતા સીતાની આ ઉકિતમાં કેટલી કર્તવ્યનિષ્ઠા એવં આત્મવિશ્વાસ છે. સીતાએ પિતા જનક, માતા સુનયના અને સાસુ કૌશલ્યા દ્વારા પ્રદત્ત શિક્ષાઓનું સદૈવ ઘ્યાન રાખ્યું છે અને તત્પરતાથી તેનું પાલન કર્યું છે.

પતિ પરાયણા પત્ની પોતાના પતિના કર્તવ્યને જાણે છે. તેથી આદર્શ પતિવ્રતા પત્ની પોતાના પતિના અનુચિત આદેશનું પરિવર્તન કરાવવા પ્રેમાગ્રહ કરે છે અને આ કામ તેનો અધિકાર છે તેમ માને છે. આવા પ્રેમાગ્રહમાં પત્નીનો સ્વાર્થ નથી હોતો. પતિ હિત અને પતિપ્રેમ તેનો મૂળ ઉદ્દેશ્ય હોય છે. માતા સીતાએ શ્રીરામને સ્પષ્ટ કહ્યું –

‘‘સદા ફળ મૂળનો આહાર કરીશ. તમારી સાથે વનમાં રહી તમને કોઈ વાતે દુઃખી નહીં કરું.’’ [૫૬]

માતા સીતા પુનઃ શ્રીરામને આશ્વસ્ત કરતા કહે છે, ‘તમારામાં મારું મન અનન્ય ભાવે અનુરકત છે. આપના વિયોગમાં મારું મૃત્યુ થશે. તેથી આપ મને વનમાં સાથે લઈ જાવ.’ [૫૭]

વનગમન સમયે સીતાએ રામ સમક્ષ એ પ્રતિજ્ઞા કરી કે – **शुश्रूषमाणा ते नित्यं नियता ब्रह्मचारिणी ।**

અર્થાત્, હું નિયમપૂર્વક બ્રહ્મચારિણી રહી આપની સેવા કરીશ. [૫૮]

સીતા સતી અનસૂયા સાથે વાર્તાલાપ કરતા કહે છે, ‘મારા પતિ અનાર્ય તેમજ નિર્ધન હોય તો પણ હું કોઈ દુવિધા વિના તેમની સેવા કરત. પરંતુ મારા પતિ સર્વગુણ સમ્પન્ન છે, તો તેમની સેવામાં શું કહેવાનું હોય ?’ [૫૯]

સ્ત્રી માટે આ લોક અને પરલોકમાં પતિ જ ગતિ છે. પિતા, પુત્ર, માતા, સખી તથા સ્વદેહ પણ સાચી ગતિ નથી. [૬૦]

માતા સીતા પોતાના સતીત્વના પરમ તેજથી રાવણને ભસ્મ કરી શકતી હતી. પરંતુ પતિની આજ્ઞાનુસાર પત્ની પતિ આજ્ઞા વિના શું કરે ? પાપાત્મા રાવણની કુત્સિત મનોવૃત્તિનું અપમાન કરતી સતી સીતા કહે છે, ‘‘તને ભસ્મ કરવાનું તેજ ધરાવું છું. પરંતુ શ્રીરામના આદેશ વિના અને તપોભંગના ભયને કારણે તને ભસ્મ કરી શકતી નથી.’’ [૬૧]

શ્રીહનુમાનજીની પૂંછમાં આગ લગાડવાના સમાચાર જાણી માતા સીતા અગ્નિદેવને પ્રાર્થના કરતા કહે છે –

જો મેં પતિની સેવા, તપસ્યા કરી હોય, જો હું રામની એક પત્ની રહી હોઉં તો અગ્નિદેવ હનુમાન્ માટે શીતળ બનો. [62]

પોતાની અગ્નિ પરીક્ષા સમયે પણ તેમણે પ્રજવલિત અગ્નિને પ્રાર્થના કરી હતી કે – 'જો પતિ રામથી મારું મન કદાપિ પૃથક્ ન થયું હોય તો આપ મારી રક્ષા કરો.' [63]

સીતાના પાતિવ્રત્યની સાક્ષી અગ્નિ પરીક્ષા પશ્ચાત્ સ્વયં અગ્નિદેવ આપતા કહે છે, સીતાના ભાવ શુદ્ધ છે, તે નિષ્પાપ છે, તમે તેનો સ્વીકાર કરો. એમને કંઈ ન કહેશો તેવી મારી આજ્ઞા છે. [64]

સીતાએ પાતિવ્રત્ય દ્વારા પ્રજવલિત અગ્નિને ચંદન જેવો શીતળ બનાવ્યો. પાતિવ્રત્યની સાક્ષી માટે સ્વયં અગ્નિદેવ પ્રકટ થઈ, મંતવ્ય આપે તે પાતિવ્રત્યની તુલના વિશ્વની કઈ પ્રતિવ્રતા સાથે કરી શકાય ? તેથી કહેવાય છે કે માતા સીતાનું પાતિવ્રત્ય દિવ્ય એવં વિશ્વવન્દ્ય છે. એવી જગદ્ વન્દ્ય અપાર કરુણામયી જગન્માતા દેવી ભગવતી સીતા માતાને કોટિ–કોટિ પ્રણામ. પાંચ સતી સ્ત્રીમાં સીતાની ગણના થાય છે –

**अहल्या द्रौपदी सीता तारा मन्दोदरी तथा ।**
**पत्त्वकं नां स्मरेन्नित्यं महापातकनाशनम् ॥**

**નિષ્કર્ષ :**

મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ આદર્શ વ્યકિત છે. તેની કર્તવ્યપરાણતા, ભ્રાતૃપ્રેમ, પત્નીપ્રેમ, પિતૃપ્રેમ, શરણાગતવત્સલતા, ભકિત પ્રેમ, રાજધર્મ, માતૃપ્રેમ ઈત્યાદિ અજોડ છે. સર્વગુણસમ્પન્ન વ્યકિત હોય તે સર્વગુણ ભગવાન્ શ્રીરામમાં દષ્ટિગોચર થાય છે.

ઉપર્યુકત ઉપાખ્યાનમાં આ સર્વ મુદ્દા ફલિત થતા જોવા મળે છે.

શ્રીરામ વિશે એક સુંદર શ્લોક છે, જેમાં વ્યાકરણની સાત વિભકિતનો પ્રયોગ થયો છે, જે આ પ્રમાણે છે –

**रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे**
**रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।**
**रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं**
**रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ॥**

# (९) सावित्र्युपाख्यान

**સ્થાન :**

વનપર્વ આખ્યાન–ઉપાખ્યાનનો ભંડાર છે. પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત અંતર્ગત વનપર્વના પતિવ્રતા માહાત્મ્ય પર્વના ૨૯૩ મા અધ્યાયમાં સમાવિષ્ટ છે. સાવિત્રી ઉપાખ્યાન ખૂબ પ્રસિદ્ધ ઉપાખ્યાન છે.

દ્રૌપદીનું દુઃખ યુધિષ્ઠિરથી સહન ન થતાં યુધિષ્ઠિર માર્કન્ડેયજીને પૂછે છે કે પૂર્વે દ્રૌપદી જેવી કોઈ પતિવ્રતા નારી હતી ? તેના પ્રત્યુત્તરમાં માર્કન્ડેયજી આ પ્રસિદ્ધ સાવિત્રી ઉપાખ્યાન કહે છે.

સુવિખ્યાત એવા સાવિત્રી ઉપાખ્યાનનું નિરુપણ કરતાં પૂર્વે સત્યવાન્ અને સાવિત્રી નામધારી અન્ય કેટલી વ્યકિત તે વિશે માહિતી પ્રાપ્ત કરીએ પ્રથમ સત્યવાન્ નામ વિશે જોઈએ.

પૌરાણિક કથાકોશના મતે –

(૧) સત્યવાન્ – ચક્ષુર્મનુથી નડ્વલાને થયેલા અગિયાર પુત્રોમાંનો એક, એનું અન્ય નામ સત્યવાક્ પણ હતું.

(૨) સત્યવાન્ – દુર્યોધનનો સેનાપતિ

(૩) સત્યવાન્ – શાલ્વદેશાધિપતિ દ્યુમત્સેનનો પુત્ર [૧]

હવે સાવિત્રી નામ વિશે જોઈએ –

(૧) સાવિત્રી – એક દેવી

(૨) સાવિત્રી – બ્રહ્મદેવની સ્ત્રી

(૩) સાવિત્રી – પ્લક્ષદ્વીપની એક મહા નદી

(૪) સાવિત્રી – સામવેદોપનિષદ્

(૫) સાવિત્રી – મદ્ર દેશના અધિપતિ અશ્વપતિ રાજાની કન્યા [૨]

પ્રસ્તુત ઉપાખ્યાન ત્રીજા ક્રમના સત્યવાન્ અને પાંચમા ક્રમની સાવિત્રીને ઉલ્લેખે છે.

મહાભારતની કથા પ્રમાણે મદ્ર દેશમાં બ્રાહ્મણ ભકત, વિશાલ હૃદય, સત્યપ્રતિજ્ઞ, જીતેન્દ્રિય, ક્ષમાશીલ, દાનાધ્યક્ષ, અશ્વપતિ નામનો નિઃસંતાન રાજા હતો. તેથી સંતાન પ્રાપ્તિ માટે અઢાર વર્ષ સુધી નિત્ય ગાયત્રી મંત્રથી યજ્ઞ કરતા. આથી સાવિત્રી દેવીએ પ્રસન્ન થઈ તેને ગૃહે જન્મ ધારણ કર્યો. ગાયત્રી મંત્ર દ્વારા સાવિત્રી દેવીની કૃપાથી કન્યા જન્મી. તેથી સાવિત્રી નામ રાખ્યું. [૩]

સાવિત્રી યુવાન થતાં પિતાએ સ્વયં યોગ્ય વરની શોધ કરવા કહ્યું કારણ કે –

**अप्रदाता पिता वाच्यो वाच्य ानुपयन् पतिः ।**

**मृते भर्तरि पुत्र   वाच्यो मातुररक्षिता ॥**

અર્થાત્ વિવાહ યોગ્ય કન્યાનું દાન ન કરવાથી પિતા નિંદાપાત્ર બને છે. ઋતુકાળમાં સમાગમ ન કરનાર પતિ નિંદનીય છે તથા પતિના મૃત્યુ પછી માતાનું રક્ષણ ન કરનાર પુત્ર નિંદનીય છે. [૪]

પતિનું વરણ કરી પરત થયેલ સાવિત્રીને પિતાએ પૂછયું. ત્યારે સાવિત્રીએ દ્યુમત્સેન પુત્ર સત્યવાન્‌નો નિર્દેશ કર્યો. પરંતુ નારદે તેમાં વિઘ્ન ઉત્પન્ન કરતા કહ્યું –

**एको दोषोऽस्ति नान्योऽस्य सोऽद्यप्रभृति सत्यवान् ।**

**संवत्सरेण क्षीणायुर्देहन्यासं करिष्यति ॥**

અર્થાત્ આજથી એક વર્ષ પછી સત્યવાન્‌નું મૃત્યુ થશે તે એક દોષ તેનામાં છે. [૫]

આ વાત સાંભળી સાવિત્રીએ કહ્યું, ''બંધુઓ વચ્ચે ધનભાગ એકવાર થાય છે, કન્યાદાન એક જ વાર થાય છે, વચનદાન એકવાર થાય, સત્યવાન્‌ને મેં પતિ તરીકે વરણ કરી લીધો. અતઃ હું કોઈ અન્ય પતિનું વરણ નહી કરું.'' [૬]

નારદની સલાહથી સાવિત્રીના સત્યવાન્ સાથે વિવાહ થયા.

એક વર્ષ પશ્ચાત્ સત્યવાન્‌નો મૃત્યુનો દિવસ નજીક આવ્યો. તેથી સાવિત્રીએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા. મૃત્યુને દિવસે સાવિત્રી પતિ સાથે વનમાં ગઈ. સમય જતાં યમદેવે સત્યવાન્‌ના પ્રાણ હરી લીધા.

સાવિત્રી યમદેવની પાછળ ગઈ અને સત્યવાન્‌ના પ્રાણ પાછા આપવા વિનંતિ કરી યમરાજે એક પછી એક પાંચ વરદાન આપ્યા.

તેમાં પ્રથમ વરદાનમાં સાવિત્રીએ તેના શ્વસુરની દષ્ટિ માંગી.

દ્વિતીય વરદાનમાં શ્વસુરનું છિનવાઈ ગયેલું રાજય પાછું માંગ્યું.

તૃતીય વરદાનમાં તેમના પિતા અશ્વપતિને સો પુત્રો થાય તે માંગ્યું.

ચતુર્થ વરદાનમાં પોતાને સત્યવાન્ દ્વારા સો પુત્રો પ્રાપ્ત થાય તેવી યાચના કરી.

પંચમ વરદાનાં ચતુર્થ વરદાનના અનુસંધાનમાં પુત્ર પ્રાપ્તિની યાચના કરી. પરંતુ પતિ વિના પુત્ર પ્રાપ્તિ કેવી રીતે શકય બને ? તેથી મારા પતિને જીવિત કરો, જેથી આપનું વચન સત્ય થાય. [૭]

યમરાજ પાસેથી પતિને પુનઃ પ્રાપ્ત કરી સાવિત્રી પતિ ગૃહે આવી અને વિલંબનું કારણ બતાવી વરપ્રાપ્તિનું વિવરણ કર્યું.

આ પ્રમાણે સાવિત્રીએ સ્વયંનું, માતા–પિતાનું, પતિનું સંકટમાંથી રક્ષણ કર્યું.

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારત ઉપરાંત મત્સ્યપુરાણ, દેવી ભાગવત ઈત્યાદિ પણ નિર્દેશે છે.

સાવિત્રી ઉપાખ્યાનના અંગ્રેજી અનુવાદ આર.ટી.એચ. ગ્રીફીથ (1852, and Idyly from the Sanskrit Allahabad, 1922 PP. 113 ff.) અને જે. મૂઈરે (એડીનબર્ગ) 1880 માં કરેલા છે.

જર્મનમાં એફ. બોપ એફ. રૂકર્ટ અને એચ.સી. કેલનરે અનુવાદ કર્યા છે.

હોલ્ટ્ઝમાનના Das Mahabharata II પૃ. 92 થી આનો અનુવાદ છે અને ફર્ડીનાન્ડ ગ્રાફ સ્પોર્કે, હર્મન ઝુમ્યેના સંગીત નિયોજન સાથે જર્મન રંગભૂમિ માટે નાટક લખ્યું છે. [૮]

જામનગરના શીઘ્ર કવિ શંકરલાલે (ઈ.સ. ૧૮૪૪ થી ૧૯૧૬) **'सावित्रीचरितम्'** કાવ્ય લખ્યું છે. [૯]

આખ્યાન કથા બોધાત્મક કથા છે. તેના દ્વારા જન સમાજને ઉપદેશ પ્રાપ્ત થાય છે. મહાભારતમાં અનેક સ્થળે આવા ઉપદેશાત્મક આખ્યાનો–ઉપાખ્યાનો રજૂ કર્યા છે, જેના દ્વારા અનેક પાસાઓ ઉજાગર થાય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા નીચેના મુદ્દાઓ ફલિત થાય છે –

**સંતાન પ્રાપ્તિ માટે તપ :**

પુરાતનકાળથી સંતાન પ્રાપ્તિ માટે તપ અથવા યજ્ઞ કરવામાં આવતા. તેના અનેક ઉદાહરણો દષ્ટિગોચર થાય છે. તેમાં દશરથ રાજાએ પુત્ર માટે ઋષ્યશૃંગ ઋષિ પાસે યજ્ઞ કરાવેલ. નળ રાજાએ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરેલ. હરિશ્ચન્દ્રએ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરેલ.

રાજા અશ્વપતિએ પણ પુત્ર પ્રાપ્તિ માટે ગાયત્રી યજ્ઞનું અનુષ્ઠાન કરેલ. તેના દ્વારા સ્વયં ગાયત્રીએ રાજગૃહે સાવિત્રીરૂપે જન્મ ધારણ કર્યો.

ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટે યજ્ઞ અને તપ કરવામાં આવતું. માતા કુંતાએ પણ અર્જુન જેવા પુત્ર રત્ન માટે તપ કર્યું હતું. પ્રજાના રક્ષણ માટે ઉત્તમ પુત્રની આવશ્યકતા હતી. પ્રજાને શ્રેષ્ઠ રાજા મળે, જેથી સમાજવ્યવસ્થા ટકી રહે તેવી ઉમદા ભાવનાથી પુત્રેષ્ટી હોમ કરવામાં આવતા.

**યોગ્ય વરની શોધ :**

ભારતીય પરંપરા મુજબ રાજકુમારી માટે સ્વયંવરનું આયોજન થતું તેના ઉદાહરણ તરીકે દ્રૌપદી, સીતા, દમયંતી ઈત્યાદિને ગણાવી શકાય. પરંતુ અત્રે સ્વયં પિતાએ પુત્રીને યોગ્ય વરની વરણી કરવા ભ્રમણ કરવા કહ્યું.

આ વાત દ્વારા મહાભારતકાલીન સમાજ દર્શન થાય છે. મહાભારતકાળમાં સ્ત્રી સ્વતંત્ર હતી. તેથી જ સ્ત્રી સ્વયં ભ્રમણ કરી, પતિની શોધ કરી શકતી અને તેને યોગ્ય લાગે તેની સાથે વિવાહ સંબંધથી જોડાતી.

પિતા પોતાની પુત્રી માટે યોગ્ય વરની શોધ કરવા ભ્રમણ કરતા હશે. તેનું ઉદાહરણ માતલિનું આપી શકાય. માતલિ પોતાની પુત્રી માટે યોગ્ય વરની પ્રાપ્તિ માટે સાતલોકમાં પરિભ્રમણ કરે છે અને નાગલોકમાંથી તેને યોગ્ય વરની પ્રાપ્તિ થાય છે.

સાવિત્રી રૂપ–ગુણ સમ્પન્ન યૌવના હતી. પિતાને પોતાની પુત્રી માટે કોઈ યોગ્ય વર ન મળતા દ્રવિત થઈ પિતાએ પુત્રીને યોગ્ય વરની પ્રાપ્તિ માટે શોધ કરવા આદેશ આપ્યો. [૧૦]

સાવિત્રીએ યોગ્ય વર તરીકે સત્યવાન્‌ની નિયુકિત કરી. આ રાજકુમારના માતા–પિતા સત્યવાદી હતા. તેથી બ્રાહ્મણોએ સત્યવાન્ નામ રાખ્યું. [૧૧]

અશ્વ પ્રિય હોવાથી ચિત્રાશ્વ નામ પણ પાડયું. [૧૨]

સત્યવાન્ ગુણવાન્, ક્ષમાશીલ, બુદ્ધિમાન્ તેમજ તેજસ્વી હતો. પરંતુ તેનું આયુષ્ય એક વર્ષનું જ શેષ રહ્યું હતું.

આ વાત નારદ પાસેથી જાણ્યા છતાં સાવિત્રી સત્યવાન્ સાથે વિવાહ કરવા તૈયાર થઈ.

**અડગતા : દઢ નિશ્ચયી :**

મનુષ્યમાં દઢનિશ્ચયીપણું તે શ્રેષ્ઠ ગુણ છે. કોઈ વાત પર અડગ રહેવું મનુષ્યનો ઉત્તમ ગુણ છે.

સાવિત્રી પણ પોતે પસંદ કરેલ વર સાથે વિવાહ કરવા દઢ નિશ્ચયી હતી. નારદની મનાઈ છતાં સાવિત્રી તેની સાથે વિવાહ કરવા તૈયાર થઈ.

સાવિત્રીના દઢ નિશ્ચયને કારણે જ તે પોતાના પતિને યમદેવ પાસેથી પાછા લાવી.

દઢ નિશ્ચયથી કોઈપણ કઠીન કાર્ય સિદ્ધ થઈ શકે છે. નચિકેતાની અડગતા જોઈ યમરાજાએ તેને મૃત્યુ વિષયક જ્ઞાન આપ્યું.

યમની લોભામણી લાલચમાં નચિકેતા ન ફસાતા માત્ર મૃત્યુ વિશે જાણવા અડગ રહ્યો અને યમરાજાએ ત્રીજા વરદાનમાં તેને મૃત્યુ વિષયક જ્ઞાન આપ્યું.

મનુષ્યને પોતાની જાત પર વિશ્વાસ હોવો જોઈએ.

સ્વામી વિવેકાનંદ કહે છે, ‘જેને પોતાની જાત પર વિશ્વાસ નથી, તે નાસ્તિક છે.’

દઢ નિશ્ચયી હોય તેને સ્વયંમાં શ્રદ્ધા હોય છે. શ્રદ્ધાવાન્ વ્યકિતની પ્રગતિ થાય છે.

ચાણકય નીતિ અનુસાર –

‘‘દેવતા કાષ્ઠ, પાષાણ કે માટીમાં નથી, દેવતા શ્રદ્ધામાં છે. અતઃ ભાવ જ કારણ છે.’’ [૧૩]

ઋગ્વેદ પ્રમાણે સર્વ મનુષ્ય હૃદયના દઢ સંકલ્પથી શ્રદ્ધાની ઉપાસના કરે છે. કારણ કે શ્રદ્ધાથી ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. [૧૪]

શ્રીરામચરિત માનસના મતે ''શ્રદ્ધા વિના ધર્માચરણ ન થાય. પૃથ્વી તત્ત્વ વિના ગંધ શકય છે ? વિશ્વાસ વિના સિદ્ધિ શકય છે ? એવી રીતે શ્રીહરિના ભજન વિના જન્મ મૃત્યુનો ભય નાશ થતો નથી.'' [૧૫]

ઋગ્વેદમાં કહ્યું છે કે, દેશ, જાતિ, ધર્મ અને સંસ્કૃતિ પ્રતિ સમર્પણની ભાવના ત્યારે ઉત્પન્ન થાય જયારે હૃદયમાં તેના પ્રતિ શ્રદ્ધા હોય. શ્રદ્ધાના બળથી કોઈ કર્તવ્ય પ્રતિ ગહન નિષ્ઠા ઉત્પન્ન થાય છે. [૧૬]

દઢ નિશ્ચયી બનવાથી આત્મવિશ્વાસ વધે છે અને તેના દ્વારા મનુષ્યમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

સાવિત્રી દઢ નિશ્ચયી બની સત્યવાન્ સાથે જ વિવાહ કરવાનું કહેતા પિતાને કહે છે –

''ભાઈઓ વચ્ચે એકવાર ધનનું વિભાજન થાય, કન્યા એકવાર અપાય. શ્રેષ્ઠ દાતા એકવાર આપવાનું વચન આપે છે. સત્યવાન્ દીર્ઘાયુ હોય કે અલ્પાયુ, ગુણવાન્ હોય કે ગુણહીન, મેં તેનો એકવાર પતિ તરીકે સ્વીકાર કર્યો. હવે હું અન્ય કોઈ પુરુષનું વરણ નહીં કરું.'' [૧૭]

સાવિત્રીની અડગતા જોઈ પિતા અશ્વપતિએ સત્યવાન્ સાથે તેના વિવાહ યોજયા અને સાવિત્રી એવા જ દઢ નિશ્ચયથી યમરાજા પાસેથી પોતાના પતિને પાછા લાવી. યમરાજ પણ સાવિત્રીની અડગતા સામે પરાજિત થયા. કાલિદાસ કુમારસંભવમાં કહે છે – ઈચ્છિત વસ્તુ મેળવવા દઢ બનેલા મનને તથા નીચે વહેતા જળને કોણ વાળી શકે ? [૧૮]

### સાવિત્રી વ્રત :

સાવિત્રી વ્રતની પ્રખ્યાતી એટલી બધી છે કે વર્તમાન યુગમાં પણ પતિવ્રતા સ્ત્રીઓ પતિના દીર્ઘાયુષ્યની કામના માટે આ વ્રત કરે છે. આ વ્રતનો આટલો પ્રભાવ જોઈ શકાય છે. આ વ્રત જયેષ્ઠ માસની પૂર્ણિમાને દિવસે કરવામાં આવે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ વડનું પૂજન કરી વ્રતનો પ્રારંભ કરે છે.

ભારતીય સંસ્કૃતિ વ્રત અને ઉત્સવની સંસ્કૃતિ છે. વ્રત–તપ દ્વારા વ્યકિત ઈશ્વર સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે.

સાવિત્રીએ પોતાના પતિના દીર્ઘાયુ માટે વ્રત પ્રારંભ્યુ. તેમણે ત્રણ રાત્રિનું વ્રત ધારણ કર્યું. [૧૯]

આ ઉપરાંત સ્ત્રીઓ શ્રેષ્ઠ પતિની પ્રાપ્તિ માટે જયા–પાર્વતીની અથવા ગૌરી વ્રત કરે છે, જે વ્રત પાર્વતીએ શિવને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે કર્યું હતું, તેવો ઉલ્લેખ શિવપુરાણ અને તેને આધારે લઈને કાલિદાસે રચેલ કુમારસંભવ સર્ગ–પમાં છે.

આ બધા શાસ્ત્રોકત વ્રત છે. તદ્ ઉપરાંત એવા અનેક લોકવ્રતો જે પતિના દીર્ઘાયુ માટે તેમજ પુત્રના કલ્યાણ માટે કરવામાં આવે છે. કડવા ચોથ, એવરત–જીવરત, શીતળા સાતમ ઈત્યાદિનો ઉલ્લેખ કરી શકાય.

પાર્વતીએ શિવની પ્રાપ્તિ માટે શિવને કેવડા ચઢાવી વ્રત કરેલ જે કેવડા ત્રીજ તરીકે પ્રખ્યાત છે. શિવજીએ પાર્વતીને વરદાન આપ્યું છે કે માત્ર આ દિવસે જ મને કેવડો ચઢાવવામાં આવશે. અન્ય દિવસે શિવને કેવડો ચઢાવવામાં આવતો નથી.

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં પણ આવા વ્રતના ઉલ્લેખ મળે છે. જેમ કે – પ્રિયાનુપ્રસાદન વ્રત, દુષ્યન્તની માતાએ પુત્રપિંડ પાલન વ્રત કરેલ, વિક્રમોર્વશીયમ્માં રોહિણી–ચાંદ્રાયણ વ્રત તરફ સંકેત છે. રઘુવંશમાં અસિધારાવ્રતનો નિર્દેશ છે. મૃચ્છકટિકમાં અભિરૂપપતિ નામક વ્રતનો ઉલ્લેખ છે. રત્નાવલીમાં મદન મહોત્સવનું વર્ણન છે.

વ્રત શબ્દની વ્યુત્પત્તિ વિષયક અનેક મતમતાંતરો છે.

સેંટ પિટર્સબર્ગ કોશમાં વ્રત શબ્દની વ્યુત્પત્તિ **વૃ** ધાતુથી મનાય છે.

મેકસમ્યુલર તેની વ્યુત્પત્તિ **વૃ** ધાતુથી માને છે, જેનો અર્થ 'રક્ષણ કરવું' તેવો થાય છે.

ડૉ. પી.વી. કાણેના મતાનુસાર ઋગ્વેદમાં પ્રયુકત વ્રત શબ્દની વ્યુત્પત્તિ **'વૃ'** ધાતુમાંથી આપે છે. આ ધાતુ પરથી 'વર' શબ્દ બન્યો છે.

**'વૃ'** શબ્દનો અર્થ 'ઈચ્છા કરવી' એવો થાય છે. આ પ્રમાણે **વ્રત** શબ્દ **'વૃ'** માંથી ઉત્પન્ન થયો. તેની સાથે **'ત'** લગાડયો તો **'વ્રત'** નો અર્થ જે સંકલ્પિત છે અથવા માત્ર સંકલ્પ કે ઈચ્છા થાય છે.

વ્રત શબ્દનો અર્થ આદેશ અથવા વિધિ, આજ્ઞાપાલન અથવા કર્તવ્યતા, ધાર્મિક કે નૈતિક વ્યવહાર, ધાર્મિક ઉપાસના કે આચરણ, ઋગ્વેદમાં વ્રત શબ્દનો અર્થ પી.વી. કાણે આ પ્રમાણે આપે છે. [૨૦]

વ્રતની વિસ્તૃત પરિભાષા માટે મધ્યકાળમાં ઘણી વિવેચના કરી છે.

શબર સ્વામી અનુસાર વ્રત એક માનસ ક્રિયા છે. પ્રતિજ્ઞારૂપે હોય છે.

અગ્નિપુરાણ મુજબ શાસ્ત્ર દ્વારા ઘોષિત નિયમ વ્રત છે. તેને તપ પણ કહ્યું છે.

જયેષ્ઠ માસની પૂર્ણિમાને દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ સાવિત્રી વ્રત કરે છે. મહાભારત વનપર્વ એવં પુરાણો–મત્સ્યપુરાણ, સ્કન્દપુરાણ, વિષ્ણુધર્મોત્તરમાં ભારતીય સ્ત્રીઓ સમક્ષ પતિવ્રતાના આદર્શરૂપે સાવિત્રીની કથા પ્રસિદ્ધ છે.

પૂર્વે આ વ્રત ભાદ્રપદની ત્રયોદશીથી પૂર્ણિમા સુધી મનાવવામાં આવતું, નહીં કે જયેષ્ઠ માસમાં. નિર્ણય સિન્ધુ પણ ભાદ્રપદમાં આ વ્રતનો ઉલ્લેખ કરે છે. વ્રત પ્રકાશમાં બ્રહ્મ સાવિત્રી વ્રતનો ઉલ્લેખ છે. પરંતુ વર્તમાન સમયમાં પ્રચલિત વટસાવિત્રી વ્રત દશમી સદી પૂર્વેનું હશે.

અગ્નિપુરાણમાં સંક્ષેપમાં એક વ્રતનો ઉલ્લેખ કર્યો છે, જે વટસાવિત્રી સમાન છે.

વટની પૂજાનું કારણ દર્શાવતા પી.વી. કાણે નોંધે છે કે સત્યવાન્‌ની મૃત્યુની ઘડી સમયે તેમણે એક વટનો આશ્રય લીધો, તેની શાખાનો સહારો લીધો, તથા અવરુદ્ધ શ્વાસથી સાવિત્રીને કહ્યું, મારા મસ્તકમાં દર્દ છે.

વ્રતરાજ એવં અન્ય ગ્રંથોમાં વિધિ છે કે, ‘હું પતિ અને પુત્રની દીર્ઘાયુ એવં સ્વાસ્થ્ય તથા વૈધવ્ય મુકિત માટે સાવિત્રી વ્રત કરીશ.’ આ વાકય બોલી નારી વ્રતનો સંકલ્પ કરે છે. વૃક્ષના મૂળમાં જળ સિંચન કરી ચોતરફ સૂતર બાંધી પૂજા કરવી. [૨૧]

વટની પૂજા પાછળનો હેતુ એ પણ ગણી શકાય કે ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિ પૂજક છે અને વટમાં વિષ્ણુનો વાસ હોવાથી તેની પૂજા કરવામાં આવે છે.

વિશ્વની સચરાચર સૃષ્ટિમાં ઈશ્વરનો વાસ છે, તેવું માનનારી ભારતીય સંસ્કૃતિ છે અને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની વિભૂતિનું વર્ણન કરતાં કહ્યું છે કે, ‘પ્રત્યેક સર્જનમાં જે કંઈ શ્રેષ્ઠતમ છે તે ઈશ્વરરૂપ છે. સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની ક્રિયા મારામાં થાય છે. સર્વભૂતોના અંતરમાં રહેલો આત્મા હું છું. ભૂત માત્રનો આદિ, મધ્ય અને અંત પણ હું છું.’

ઈશ્વર સર્વવ્યાપક હોવાથી પોતે સારી વસ્તુઓમાં પણ છે અને ભયાવહ બાબતોમાં પણ છે. તે મૃત્યુ પણ છે અને દ્યૂત પણ છે. વિભૂતિનું વર્ણન વિષ્ણુથી થાય છે અને જ્ઞાનથી પૂર્ણ થાય છે. વિષ્ણુ અને જ્ઞાનએ બંને જ્ઞેય બાબતમાં ચરમ બિંદુઓ છે.

વિભૂતિઓનું વર્ણન કર્યા બાદ અંતે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે –

**यद्यद् विभूतिमत् सत्त्वं श्रीमदुर्जितमेव वा ।**

**तत्तदेवावगच्छ त्वं मम तेजोंडशसंभवम् ॥**

અર્થાત્ જે કંઈ શ્રીમત્ કે તેજસ્વી વિભૂતિ સત્ત્વ તારામાં દષ્ટિગોચર થાય તેને તું મારાથી ઉત્પન્ન થયેલ જાણ. [૨૨]

મારા એક અંશથી સમગ્ર વિશ્વને વ્યાપીને રહેલો છું.

વૈશ્વિક આવિર્ભાવમાં જે દિવ્યશકિત કાર્ય કરી રહેલ છે, તે પોતાનો પ્રકાશ વધારેને વધારે સઘનતાપૂર્વક પાડે છે. યથાર્થ જ્ઞાન દષ્ટિથી જોઈએ તો સઘળી પ્રભુની જ શકિતઓ છે. પ્રત્યેક પ્રાણીમાં ગુપ્ત

રીતે પરમાત્મા જ રહેલો છે. પણ પ્રાદુર્ભાવમાં ભૂમિકા હોવાથી જ પદાર્થમાં પરમાત્માની પૂર્ણતાને વધારે આગળ પડતો આવિર્ભાવ જણાય છે, તેને આપણે વિભૂતિ કહી શકીએ.

**સાવિત્રી–યમ સંવાદ :**

સાવિત્રી ઉપાખ્યાનમાં સાવિત્રી અને યમ વચ્ચે સંવાદ થયો, જેમાં યમ સાવિત્રી પતિવ્રતા સ્ત્રી હોવાને કારણે વાર્તાલાપ કરવા તત્પર થયા. [૨૪]

યમ સત્યવાન્‌ના શરીરના આત્માને લઈ દક્ષિણ દિશા તરફ ચાલતા થયા. સાવિત્રી તેની પાછળ ચાલવા લાગી. યમે તેને પાછળ ન આવવા કહ્યું. પરંતુ સાવિત્રી કહેવા લાગી –

**यत्र मे नीयते भर्ता स्वयं वा यत्र गच्छति।**

**मया च तत्र गन्तव्यमेष धर्मः सनातनः ॥**

અર્થાત્ આપ મારા પતિને જ્યાં લઈ જશો ત્યાં હું આવીશ તે સનાતન ધર્મ છે. [૨૫]

સાવિત્રી–યમના સંવાદમાં સાવિત્રી યમને સત્પુરુષોના ધર્મને જ શ્રેષ્ઠ ગણે છે તથા વર્ણધર્મને પ્રધાનતા અર્પે છે.

સાવિત્રી–યમના સંવાદ દ્વારા સજ્જન–દુર્જનના ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. સાવિત્રી કહે છે, સત્પુરુષોનો સમાગમ અભીષ્ટ છે. તેની સાથે મિત્રતા તેનાથી પણ શ્રેષ્ઠ છે. સત્પુરુષનો સંગ કદાપિ નિષ્ફળ નથી જતો. અતઃ સદા સત્પુરુષોની સમીપ રહેવું જોઈએ. [૨૬]

સત્પુરુષનો સંગ કથીરને પણ સુવર્ણ બનાવી દે છે. નીતિશતકમાં ભર્તૃહરિ કહે છે –

'બુદ્ધિની જડતા હરી લે છે, વાણીમાં સત્ય અર્પે છે, સ્વમાનની ઉન્નતિ બતાવે છે, પાપને દૂર કરે છે, મનને પ્રસન્ન કરે છે અને દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. સત્સંગ કહો, મનુષ્યોને શું નથી આપતો ?' [૨૭]

દુર્જન વિષે ભર્તૃહરિ કહે છે –

**दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोडपि सन्।**

**मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥**

અર્થાત્ વિદ્યાથી શોભતા દુર્જનને દૂર રાખવો. મણિથી શોભતો સર્પ શું ભયંકર નથી હોતો ? [૨૮]

સજ્જનોના સંગની ઈચ્છા, બીજાના ગુણો પર પ્રીતિ, ગુરુમાં નમ્રતા, વિદ્યાનું વ્યસન, પોતાની સ્ત્રીમાં જ પ્રેમ, લોક નિંદાનો ડર, શંકરની ભકિત, આત્મસંયમની શકિત, દુષ્ટોના સંગનો ત્યાગ. આ નિર્મલ ગુણો જે મહાપુરુષોમાં હોય છે, તેઓને નમસ્કાર. [૨૯]

સજ્જન નારિયેળના ફળ જેવા હોય છે. જયારે દુર્જન બોરના ફળની માફક માત્ર બહારથી મૃદુ અને અંદરથી અત્યંત કઠોર હોય છે. [૩૦]

મહાપુરુષો **वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।** અર્થાત્ વજ્ર જેવા કઠોર અને ફૂલથી પણ કોમળ હોય છે.

મહાભારતના શકુન્તલોપાખ્યાન અંતર્ગત શકુન્તલા દુષ્યંતનો ઉપાલંભ કરતા સજ્જન–દુર્જનનના લક્ષણો કહે છે.

મૂર્ખ મનુષ્ય પરસ્પર વાર્તાલાપ દ્વારા અન્ય લોકોની વાતો સાંભળી ખરાબ વાતો ગ્રહણ કરે છે. જેમ સુવર અન્ય વસ્તુનો ત્યાગ કરી માત્ર વિષ્ટાને જ આહાર તરીકે સ્વીકારે છે. [૩૧]

વિદુરનીતિના એક સુભાષિત સાથે આ શ્લોકની તુલના કરી શકાય. જેમ વિદ્વાનો મદ, ધનમદ અને કુલીનતાનો મદ એ ઉદ્ધતોને મદ નશારૂપ છે. પરંતુ એ જ સજ્જનોને દમ સંયમરૂપ છે. [૩૨]

સજ્જનોની પ્રશંસા કરતા શકુન્તલા કહે છે કે –

**प्राज्ञस्तु जल्पतां पुंसां श्रुत्वा वाचः शुभाशुभा ।**
**गुणवद् वाक्यमादत्ते हंसः क्षीरमिवाम्भसः ॥**

અર્થાત્ વિદ્વાન્ પુરુષ અન્ય પુરુષના શુભાશુભ વચનો સાંભળી તેમાંથી ગુણયુકત વચનોનો સ્વીકાર કરે છે. જેમ હંસ જળ ત્યાગી માત્ર દૂધને ગ્રહણ કરે છે. [૩૩]

મહાભારતના ઉદ્યોગપર્વ જ્ઞાનીઓનો આશ્રય સજ્જન છે. સજ્જનોનો આશ્રય પણ સજ્જન છે. દુર્જનોનો આશ્રય પણ સજ્જનો છે. પરંતુ દુર્જન સજ્જનોનો આશ્રયરૂપ હોતો નથી. [૩૪]

શાન્તિપર્વ અનુસાર, પુરુષ જેવાની સાથે વસે છે, જેવાઓનું સેવન કરે છે અને જેવો થવાની ઈચ્છા રાખે છે, તેવો થાય છે. જો સત્પુરુષોનું સેવન કરે તો સજ્જન થાય. તપસ્વીનો સહવાસ કરે તો તપસ્વી થાય. ચોરનો સહવાસ રાખે તો ચોર થાય. જેમ વસ્ત્ર રંગીન થાય તેમ પુરુષને પણ સંગનો રંગ લાગે છે.[૩૫]

વનપર્વ મુજબ નિમ્ન કક્ષાના મનુષ્યો સાથે વસવાથી બુદ્ધિ નષ્ટ થાય છે. મધ્યમ કક્ષાના મનુષ્યોનો સંગ કરવાથી મધ્યમ થાય છે અને ઉત્તમ પુરુષોના સંગથી બુદ્ધિ ઉત્તરોત્તર શ્રેષ્ઠ થાય છે. [૩૬]

શ્રીમદ્ ભાગવત પુરાણમાં સજ્જન પ્રશંસા કરતાં કહ્યું છે કે – બુદ્ધિમાને દુર્જન વ્યકિતનો સંગ છોડી સજ્જનોનો સંગ કરવો. કેમ કે સજ્જનો પોતાના વચનોથી એના મનની આસકિતને દૂર કરે છે. જેઓ અપેક્ષા રહિત, મારામાં ચિત્ત રાખનારા, સમદર્શી, નિર્મમ, નમ્ર, દ્વન્દ્વોથી રહિત અને અપરિગ્રહી છે, તેઓ સજ્જન છે. [૩૭]

રામચરિત માનસમાં શ્રી તુલસીદાસ કહે છે કે – સ્વર્ગ અને મોક્ષના સુખને એક પલ્લામાં રાખવામાં આવે તો તે સુખ સમાન નથી, જે સત્સંગથી ક્ષણમાત્રથી પ્રાપ્ત થાય છે. [૩૮]

ચાણકય નીતિ મુજબ –

**सत्सङ्गाद् भवति साधुता खलानाम् ।**

**साधूनां न हि खलसंगतेः खलत्वम् ॥**

અર્થાત્ દુષ્ટને પણ સત્સંગ સજ્જન બનાવે છે. પરંતુ સજ્જનોને દુર્જનના સંગથી દુષ્ટતા આવતી નથી. [૩૯]

ઋગ્વેદ અનુસાર પરમેશ્વર વિદ્વાનોની સંગતિથી પ્રાપ્ત થાય છે. [૪૦]

ચાણકય સૂત્ર પ્રમાણે સજ્જનોનો સંગ સ્વર્ગ સુખ સમાન છે. [૪૧]

અથર્વવેદ સજ્જન–દુર્જનથી થતાં લાભાલાભ વર્ણવતા કહે છે – વિદ્વાન્, ચારિત્રવાન્ શ્રેષ્ઠ પુરુષોના સંગથી મનુષ્યોની ઉન્નતિ થાય છે. પરંતુ મૂર્ખ પતિત મનુષ્યના સંગથી અન્યનું પણ પતન થાય છે. [૪૨]

અન્ન જેવી રીતે ક્ષુધા સંતોષે છે. તેવી રીતે સદ્ગુણોને જીવનમાં ધારણ કરવાથી દુર્ગુણોથી દૂર થવાય છે. [૪૩]

સાવિત્રી સજ્જનો વિષે કહે છે –

**अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।**

**अनुग्रह दानं च सतां धर्मः सनातनः ।**

અર્થાત્ મન, વાણી તથા ક્રિયા દ્વારા કોઈ પ્રાણીનો દ્રોહ ન કરવો, સર્વ પ્રત્યે દયાભાવ રાખવો અને દાન આપવું. આ સત્પુરુષોનો સનાતન ધર્મ છે. [૪૪]

મનુષ્યને સંતો પર અધિક વિશ્વાસ હોય છે. તેથી સર્વ લોકો સંતો પર વિશેષ પ્રેમ રાખે છે. સૌહાર્દથી સમસ્ત પ્રાણીઓનો અન્યોન્ય પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન થાય છે માટે મનુષ્યો સજ્જનોનો વિશ્વાસ કરે છે. સજ્જનો સદૈવ શાશ્વતી ધર્મવૃત્તિવાળા હોય છે. સજ્જનો દુઃખી થતા નથી. સજ્જનોનો સજ્જનો સાથેનો સમાગમ અફળ જતો નથી. સજ્જનથી સજ્જનને ભય લાગતો નથી. સજ્જનો જ સત્યથી સૂર્યને ગતિમાન કરે છે. સજ્જનો ધરતીને તપ વડે ધારણ કરે છે. સજ્જનો ભૂત–ભવિષ્યના આધારરૂપ છે. સજ્જનોની મધ્યે સજ્જન સીદાતો નથી. સત્પુરુષોનો પ્રસાદ નિષ્ફળ જતો નથી. તેઓ અર્થનો નાશ કરતા નથી, તેમ માન ખંડન પણ કરતા નથી. કારણ પ્રસાદ, અર્થ, માન, સજ્જનમાં નિત્ય રહેલા છે. તેથી સજ્જનો રક્ષણ કરનારા હોય છે. [૪૫]

વર્તમાન યુગમાં સજ્જનની અપેક્ષા દુર્જનોની સંખ્યા અનેકગણી છે. આજે માનવી નિજી સ્વાર્થ માટે અન્ય કોઈને ત્રાસ આપતા અચકાતો નથી. સાવિત્રી યમને સજ્જન કહે છે. જેથી તે તેના કૃત્ય બદલ પશ્ચત્તાપ કરી પોતાના પતિ સત્યવાન્ને પુર્નજીવિત કરે.

મહાભારતકાલીન સમાજમાં સજ્જનો અને દુર્જનો બંનેનું પ્રમાણ સમાન હતું. યુધિષ્ઠિર જેવા સજ્જન પણ છે અને દુર્યોધન–શકુનિ જેવા દુર્જનો પણ છે. પરંતુ આ બંનેમાંથી મહર્ષિ વેદ વ્યાસ સજ્જનો જેવું જીવન જીવવાની પ્રેરણા આપે છે.

### પતિવ્રતા ધર્મ :

સાવિત્રી પતિવ્રતા સ્ત્રી છે. યમ પાસેના વરદાનમાં પુનઃ પુનઃ પતિનું જીવતદાન માંગે છે. યમે સત્યવાન્‌ના જીવન સિવાય અન્ય ચાર વરદાન આપ્યા. પરંતુ ચોથા વરદાનમાં સાવિત્રીને સો ઔરસ પુત્રોની પ્રાપ્તિ તે સત્યવાન્ વિના શકય ન હતું. તેથી સાવિત્રીએ પાંચમા વરદાનમાં સત્યવાન્‌નું જીવન માંગ્યું.

પતિવ્રતા ધર્મ સમજાવતા સાવિત્રી કહે છે –

**वरं वृणे जीवतु सत्यवानयं यथा मृता ह्येवमहं पतिं विना ॥**

અર્થાત્ પતિદેવ વિના હું મૃત સમાન છું. [૪૬]

પતિ વિના કોઈ સુખ મળે તો મારે ન જોઈએ. પતિદેવ વિના હું સ્વર્ગની કામના પણ નથી કરતી. પતિ વિના ધનસંપત્તિ પણ ન જોઈએ. હું પતિ વિના જીવિત રહેવા ઈચ્છતી નથી. [૪૭]

આ રીતે સાવિત્રીએ પતિવ્રતા ધર્મ દ્વારા પોતાના પતિને યમરાજ પાસેથી પણ પાછા મેળવ્યા અને યમરાજ પાસેથી સો પુત્રો તેમજ સત્યવાન્ પણ તારા નામે ખ્યાતિ પામશે, [૪૮] તેવું વરદાન આપ્યું.

મહારાજ અશ્વપતિએ સત્યવાન્ સિવાય અન્ય કોઈને વર તરીકે પસંદ કરવા સાવિત્રીને કહ્યું ત્યારે સાવિત્રીએ સ્ત્રી ધર્મ સમજાવતા કહ્યું, ''બંધુઓ વચ્ચે ધનની વહેંચણી એકવાર થાય છે, કન્યા એક જ વાર અપાય છે તથા શ્રેષ્ઠ દાતા એક જ વાર વચન આપે છે. સત્યવાન્ દીર્ઘાયુ હોય કે અલ્પાયુ, ગુણવાન્ હોય કે ગુણહીન. મેં એકવાર તેને પતિ તરીકે પસંદ કરેલ છે. હવે હું અન્ય કોઈ પુરુષનું વરણ નહીં કરું.'' [૪૯]

સાવિત્રીએ પતિવ્રતા ધર્મ દ્વારા સર્વના હૃદય જીતી લીધા. પતિના દીર્ઘાયુ માટે તેમણે વ્રત ગ્રહણ કર્યું.

સાવિત્રીની આ કથાનો મુખ્ય ઉદ્દેશ પ્રાચીન ભારતીય નારીનું સ્મરણ કરાવી પોતાનામાં શકિત, સામર્થ્યનું આધાન કરાવવાનો છે. ભારતની પ્રાચીન નારી કેટલી શકિતશાળી, તેજસ્વી અને મહિમાવાન હતી, તે સાવિત્રી, દમયન્તી, કુંતા, ગાંધારી, દ્રૌપદી, સીતા ઈત્યાદિના જીવન દ્વારા અવગત થાય છે. નારી દેશાટન અને સ્વયંવર યોજતી હતી.

પ્રાચીનકાળની નારીનું માનસ ઉચ્ચ હતું. તે તેમના આચરણ દ્વારા જાણી શકાય છે. પતિ જ તેમના માટે દેવતા હતા. પતિના સુખમાં સુખ અને પતિના દુઃખમાં દુઃખ હતું. પતિ વિના સંપૂર્ણ વૈભવ તુચ્છ હતો. માતા–પિતા, પતિ તેમના માટે દેવતાતુલ્ય હતા. સંપૂર્ણ પરિવારની તે આધાર હતી. તે નારીની તુલના વર્તમાન નારીની સાથે કરીએ તો જમીન–આસમાનનો તફાવત જોવા મળે.

વર્તમાન યુગની સુશિક્ષિત અને સભ્ય નારી પણ રૂઢિગ્રસ્ત અને પાશ્ચાત્ય સભ્યતાથી પ્રભાવિત અને ભારતીય સંસ્કૃતિથી અપરિચિત છે. તેમાં પ્રાચીન નારીનું ઓજ અને બળ કયાં ? પ્રાચીન નારીની સદાશયતા શૂરતા અને તેજસ્વિતા કયાં ? તે ગરિમા અને પ્રતિભા કયાં ? પરંતુ આ સર્વનો દોષ માત્ર નારીને જ ન આપતા પુરુષ પ્રધાન ભારત દેશને આપી શકાય. સ્ત્રીની ઉચ્છૃંખલતાને આપી શકાય. ઉચ્ચ સ્ત્રીના આદર્શોને સ્વીકારીએ તો આજે પણ મહાભારતકાલીન સમાજ અને વેદકાલીન સમાજની રચના થઈ શકે.

વર્તમાન નારીમાં જે જાગૃતિ, સ્વાવલંબન અને શિક્ષા જોવા મળે છે, તે માત્ર બાહ્ય દેખાવ છે. નારી આજે પણ અસહાય, એકલી છે. તેનું મૂળ કારણ પુરુષ પ્રધાન સમાજ છે. ભારતીય નારીને ઉચ્ચ દરજ્જો આપવા માટે તેને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવી પડશે. જો તેમ કરવામાં નહીં આવે તો સમાજની અવનતિ થશે.

નારી એક અપૂર્વ શકિત પૂંજ છે. તેની આ શકિત સંસ્કૃતિના આશ્રયથી જાગ્રત થશે. ભારતીય નારીમાં જાગૃતિ જરૂરી છે. તદ્પશ્ચાત્ સંપૂર્ણ સમસ્યા ક્ષણવારમાં વિલીન થઈ જશે. જે દિવસે નારી શકિત જાગૃત થશે તે દિવસથી સમસ્યાઓનો ઘોર તમસ્ વિલીન થઈ જશે. સુખ–સંપત્તિ ઐશ્વર્યનો સૂર્ય પ્રકાશી ઉઠશે. [૫૦]

**નિષ્કર્ષ :**

ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટે તપ કરવામાં આવતું. શ્રીકૃષ્ણે પણ પ્રદ્યુમ્ન જેવા ઉત્તમ પુત્રની પ્રાપ્તિ માટે તપ કરેલ તેમજ માતા કુંતાએ પણ અર્જુન જેવા સમર્થ પુત્ર માટે તપ કરેલ. અશ્વપતિએ સંતાન પ્રાપ્તિ માટે તપ કર્યું. જેથી સાક્ષાત્ સાવિત્રી દેવી પુત્રી રૂપે અવતર્યા.

વર્તમાન સ્ત્રીઓ પણ સાવિત્રીએ કરેલ વ્રત દીર્ઘ સૌભાગ્ય પ્રાપ્તિ માટે કરે છે અને વટની પૂજા કરે છે. વટમાં વિષ્ણુનો વાસ છે તેમજ ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિની પૂજક છે. તેઓ પ્રકૃતિને દેવ માની તેની પૂજા કરે છે.

સાવિત્રી ઉપાખ્યાન વિષે ડૉ. વિન્ટર્નીટ્ઝ લખે છે, ''જેમણે આ સાવિત્રી ઉપાખ્યાન કહ્યું તે બ્રાહ્મણ હોય કે સુત એ ચોક્કસપણે મહાન્ કવિ છે. મહાન્ કવિ જ આવા સ્ત્રી પાત્રને આપણી સમક્ષ મૂકી શકે. સાચો કવિ જ આવું હૃદયસ્પર્શી અને આકર્ષક ભાષામાં પ્રેમના વિજયને વર્ણવી શકે. આંતરિક સૂઝવાળી વ્યકિત જ આવું સુંદર નારી ચિત્ર નિરુપી શકે. આ કાવ્યની એવી જાદુઈ અસર છે કે આપણે તેને અરણ્યમાં ચિત્રરૂપે રજૂ થતાં જોઈ શકીએ. તેનો પમરાટ શ્વાસમાં માણી શકીએ છીએ. આવા અસામાન્ય કાવ્યમાં આપણી જાતને મૂકી દઈએ છીએ.''

આ કાવ્ય યુરોપીય, જર્મની ઈત્યાદિ ભાષામાં ભાષાંતરિત થયું. પરંતુ ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ આ કાવ્યમાં અજોડ છે. [૫૦]

સામાન્ય રીતે મૃત્યુના અને ન્યાયના દેવ તરીકે ભયંકર અને ક્રૂર મનાતા યમદેવનું પાત્ર ખૂબ સજ્જન, અને સજ્જનથી સજ્જનને ભય થતો નથી એવું, ન્યાય એટલે કાયદાનો જડ ન્યાય નહીં પણ કરુણાથી તરબોળ અહિંસા, અનુગ્રહ, દાનનો પુરસ્કાર કરતાં વાકયોનું અભિનંદન કરતું ઉદાત્ત પાત્ર છે. આ સજ્જનને સજ્જન સાવિત્રી પોતાની નિષ્ઠા, તપ, ધર્મ અને પ્રેમના બળથી પ્રસન્ન કરી, સજ્જન સત્યવાન્નું જીવન પાછું મેળવી આવી છે.

વેદ વ્યાસે સાવિત્રી ઉપાખ્યાન દ્વારા સુખી સતત વિકસતા, ઊર્ધ્વગામી આનંદપૂર્ણ ગૃહસ્થ જીવન માટે જરૂરી ગુણો કે જે ગુણો દુઃખને સંયમના તેજથી સુખમાં ફેરવનારા છે, તેમનું લાઘવયુકત દર્શન કરાવ્યું છે. સતી સાવિત્રીએ ગુણો ઉપરની દઢ શ્રદ્ધાના જોરે જ અલ્પાયુષી પણ ગુણ સાગર સત્યવાન્ને વરવાનો નિશ્ચય કરે છે. એ અનિત્ય એવા રાજય, ધન, મોભો કે આયુષ્યથી લોભાતી નથી પણ સર્વ સુખોની મૂળભૂત પ્રતિષ્ઠા જેવા સદ્ગુણોને પસંદ કરે છે, આચારમાં મૂકે છે, અને એના બળથી પાર ઉતરે છે.

આ બાબત સાથે કઠોપનિષદ્ના નચિકેતાની બાબતને સરખાવી શકાય. બાળક નચિકેતા પણ પિતાને મિથ્યાદાનના દોષમાંથી બચાવવા પિતાના ક્રોધનો ભોગ બની યમગૃહે જાય છે. ત્યાં ધન, રાજય, પુત્ર, પૌત્ર, મોભો અને દીર્ઘ આયુષ્યની લાલચોથી નહિ લોભાતા, ખુદ મૃત્યુ જેવા ગુરુને પ્રાપ્ત કરી એમની પાસેથી શ્રેય અને પ્રેયનો વિવેક સમજી આત્મવિદ્યા અને યોગનું રહસ્ય પ્રાપ્ત કરે છે.

ઉપનિષદ્ના યમરાજ પણ સજ્જન સંગતિ અને મધુર વાણીના ફળને સમજનારા અને શ્રેયના ઉપાસકો માટે મંગલકારી સજ્જન છે; પરંતુ ઉપનિષદ્ની ગૂઢ વાણી સમજવી સહેલી નથી. મહાકવિ વ્યાસે અનિત્ય, કામભોગોની પ્રચુરતાવાળા ગૃહસ્થ જીવનમાં સદ્ગુણો અને શ્રેયાભિમુખ વૃત્તિ વડે મૃત્યુના દેવને પ્રસન્ન કરતી સાવિત્રી ચિતરી, સત્ય, સંયમ અને સત્સંગતિ વડે, પ્રેયને છોડી, શ્રેયને પ્રાપ્ત કરી, તંદુરસ્ત કુટુંબ જીવનને અજવાળતી, આત્માની દિવ્ય પ્રભાનું દર્શન કરાવી ઉપનિષદ્નો અર્થ વિસ્તાર કર્યો અને સૂચવ્યું છે કે સિદ્ધિ મેળવવા સંસાર ત્યાગ જ કરવો એવું નથી. પરિપકવ, સુસંયત, શ્રેયને પંસદ કરનાર સજ્જન માણસ ગમે તે સ્થળે સિદ્ધિ મેળવે જ છે. એ સજ્જનતાથી સ્વયં મૃત્યુને રીઝવી શકે છે, તો પછી અન્યની વાત જ કયાં રહી ? [૫૧]

સાવિત્રીના ઉપાખ્યાન દ્વારા એક આદર્શ ભારતીય નારી, અડગતા નિર્ભયતા જેવા ગુણ, સતીત્વ ઈત્યાદિ ગુણ ચરિતાર્થ થાય છે.

સંક્ષેપમાં સાવિત્રી ભારતીય આર્ય નારીનું એક ઉત્તમ દષ્ટાંત છે.

પ્રકરણ – ૨ પાદટીપ

# વનપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

## (१) सुरभ्युपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૮૬

(२) महाभारत वनपर्व – ९/८

(३) धर्मक्षेत्रे कुरूक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवा ैव किमकुर्वत सञ्जय ॥

श्रीमद् भ.गी. – १/१

(४) आनृशंस्य परो धर्मः ।

म.भा.व.प. – २१३/३०,

वा.रा. सुन्दरकाण्ड – ३८/३९

(५) अमित्रमपि चेद् दीनं शरणैषिणमागतम् ।
व्यसने योडनुगृह्णाति स वै पुरूषसत्तमः ॥

महाभारत अनुशासन पर्व – ५९/१०

(६) तुलसीदास

(७) अनुकोशो हि साधूनां महद्धर्मस्य लक्षणम् ।

महाभारत अनुशासन पर्व – ५/२४

(८) अहिंसा सत्यमक्रोधस्त्याग शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥

श्रीमद् भगवद् गीता – १६/२

(९) शान्तितुल्यं तपो नास्ति न संतोषात्परं सुखम् ।
न तृष्णाया परो व्याधिर्न धर्मो दयया समः ॥

चाणक्य नीति – ८/१३

## (२) नलोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૦૧

(२) उदर्कस्तव कल्याणि कल्याणो भविता शुभे ।
वयं पश्याम तपसा क्षिप्रं प्रक्ष्यसि नैषधम् ॥

महाभारत वनपर्व – ६४/९२

(३) अनेन वाससाच्छन्नः स्वं रूपं प्रतिपत्स्यसे ।
इत्युक्त्वा प्रददौ तस्मै दिव्यं वासोयुगं तदा ॥

एजन वनपर्व – ६६/२५

(४) तेषामन्तावसायिनोऽप्यवध्याः किमङ्ग पुनर्ब्राह्मणाः ।
परस्यैतद् वाक्यमेष दूतधर्मः इति ।

कौटिल्य, अर्थशास्त्र – १२/१६/२

(५) वधं न कुर्वन्ति परावरज्ञा
दूतस्य सन्तो वसुधाधिपेन्द्राः ।

वा.रा. सुंदरकाण्ड – ५२/५

(६) यथोक्तवादिनं दूतं क्षात्रधर्मरतो नृपः ।
यो हन्यात् पितरस्तस्य भ्रूणहत्यामवाप्नुयुः ॥

महाभारत शांतिपर्व – ८५/२७

(७) कुलीनः शीलसम्पन्नो वाग्मी दक्षः प्रियंवदः ।
यथोक्तवादी स्मृतिमान् दूतः स्यात् सप्तभिर्गुणैः ॥

एजन शांतिपर्व – ८५/२८

(८) दूतं चैव प्रकुर्वीत सर्वशास्त्रविशारदम् ।
इङ्गिताकार चेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतम् ॥
अनुरक्तः शुचिर्दक्षः स्मृतिमान्देशकालवित् ।
वपुष्मान्वीतभीर्वाग्मी दूतो राज्ञः प्रशस्यते ॥

मनुस्मृति – ७/६३, ६४

(९) आमात्यसम्पदोपेतो निसृष्टार्थः, पादगुणहीनः
परिमितार्थः अर्धगुणहीनः शासनहरः । कौटिल्य अर्थशास्त्र – १२/१६/१

(१०) *Dynamics of Diplomacy, Delhi, P. 31*

(११) त्वामीळेते अजिरं दूत्याय हविष्मन्तः सदमिन्मानुषासः ।

यस्य देवैरासदो बर्हिरग्नेडहान्यस्मै सुदिना भवन्ति ॥

ऋग्वेद – ७/११/२

(१२) नाहं वेद भ्रातृत्वं नो स्वसृत्वमिन्द्रो विदुरङ्गिरस धोराः ।

गोकामा मे अच्छदयन् यदायमपात इत पणयो वरीयः ॥

ऋग्वेद – १०/१०८/१०

(१३) श्रीमद् भागवत पुराण – १०/४६/७

(१४अ) न मां ब्रूयुरधर्मिष्ठा मूढा ह्यसुहृदस्तथा ।

शक्तो नावारयत् कृष्णः संरब्धान् कुरूपाण्डवान् ॥

महाभारत उद्योगपर्व – ९३/१६

(१४ब) क्रियासु युक्तैर्नृपः चारचक्षुषो न वत्तवनीयाः प्रभवोडनुजीविभिः ।

अतोडर्हसि क्षन्तुमसाधु साधु वा हितं मनोहारि च दुर्लभं वचः ॥

किरातार्जुनीयम् – १/४

(१५) मेघदूत-पूर्वमेघ – ५

(१६) यदि चोत्कंठया तत् तदुन्मत्त इव भाषते ।

तथा भवतु भुम्नेदं सुमेधोभिः प्रयुज्यते ॥

काव्यालङ्कार – १/४३

(१७अ) न तुलाविषये तवाकृतिर्न वचोवर्त्मनि ते सुशीलता ।

त्वदुदाहरणाकृतौ गुणा इति सामुद्रिकसारमुद्रणा ॥

नैषधचरित – २/५१

(१७ब) અર્વાચીન સં.સા. નો ઈતિહાસ, ડો. શ્રીધર વેર્ણેકર

(१८) सत्यं शौचं दया क्षान्तिरार्जवं मधुरं वचः ।

द्विजगोयतिसद्भक्तिः सप्तैते शुभदा गुणाः ॥

आनंद रामायण, राज्यकाण्ड – १६/६

(१९) निद्रालस्यं मद्यपानं द्यूतं वाराङ्गना रतिः ।

अतिक्रीडाश्चतिमृगया सप्त दोषा नृपस्य च ॥ एजन – १६/७

(२०) महाभारत सभापर्व – ५९/१८

(२१) प्रावेपा मां बृहतो मादयन्ति प्रवातेजा इरिणे वर्वृतानाः ।
सोमस्येव मौजवतस्य भक्षो विभीदको जागृविर्मह्यमच्छान् ॥

ऋग्वेद – १०/३४/१

(२२) नवबन्धनमुक्तयेव गर्दभ्या हा ताडितोडस्मि गर्दभ्या ।

मृच्छकटिकम् – २/२

(२३) सस्यलम्पटबलीवर्दो न शक्यो वारयितुमन्यप्रसक्त कलत्रं न शक्यं वारयितुम् ।
द्यूतप्रसक्तमनुष्यो न शक्यो वारयितुं योडपि स्वाभाविकदोषो न शक्यो वारयितुम् ॥

एजन – ३/२

(२४) महाभारत वनपर्व – ६३/७

(२५) यद्यहं नैषधादन्यं मनसापि न चिन्तये ।
तथायं पततां क्षुद्रा परासुर्मृगजीवनः ॥

एजन वनपर्व – ६३/३८

(२६) दशकुमार चरित उ. ६ मित्रगुप्त वृत्तांत

(२७) न पिता नात्मजो वात्मा न माता न सखी ततः ।
इह प्रेत्य च नारीणां पतिरेको गतिः सदा ॥

वा.रा. अयोघ्याकाण्ड – २७/६

(२८) स मुत्त्वतु मम प्राणान् यदि पापं चराम्यहम् ।

महाभारत वनपर्व – ७६/३३

(२९) एजन वनपर्व – ७६/३६

(३०) न ह्दैवकृतं किंचिन्नराणामिह विद्यते ।
न च मे बालभावेडपि किंचित् पापकृतं कृतम् ॥
कर्मणा मनसा वाचा यदिदं दुखमागतम् ।

एजन वनपर्व – ६५/४०, ४१

(३१) नैवाकृति फलति नैव कुलं न शीलं
विद्यापि नैव न च यत्नकृतापि सेवा।
भाग्यानि पूर्वतपसा खलु संचितानि
काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥

नीतिशतक – ९८

(३२) एजन – ९९

(३३) रक्षन्ति पुण्यानि पुराकृतानि।

एजन – १००

(३४) तुलसीदास दोहा

(३५) न कश्चिज्जात्वतिक्रामेज्जरामृत्यु हि मानवः।
अपि सागरपर्यन्ता विजित्येमां वसुन्धराम्।
सुखं वा यदि वा दुःखं भूतानां पर्युपस्थितम्।
प्राप्तव्यमवशैः सर्वं परिहारो न विद्यते ॥

महाभारत शान्तिपर्व – २८/१४, १५

(३६) હિન્દુ ધર્મદર્શન : આચાર્ય વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત

(३७) एता मया श्रष्टपूर्वाः सभा देवेषु भारत।
सभेयं मानुषे लोकं सर्वश्रेष्ठतमा तव ॥

महाभारत सभापर्व – ११/६२

(३८) परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः।
परोपकाराय विभाति सूर्यः परोपकारश्च सदैव कार्यः ॥

सुबोध सुभाषित मंजरी, भा. १

(३९) परोपकारशून्यस्य धिक् मनुष्यस्य जीवितम्।
धन्यास्ते पशवो येषां चर्माप्युपकरिष्यति ॥

एजन

(४०) अचिरादुपकर्तुराचरेदथवात्मौपयिकीमुपक्रियाम्।

पृथुरित्थमथाणुरस्तु सा न विशेषे विदुषामिह गृहः ॥

नैषधचरितं – २/१४

(४१) मणिः शाणोल्लीढः समरविजयी हेतदलितो

मदक्षीणो नागः शरदि सरिदाश्यानपुलिना ।

कलाशेष न्द्रः सुरतमृदिता बालवनिता

तनिम्ना शोभन्ते गलितविभवा ार्थिषु नराः ॥

नीतिशतक – ३६

(४२) મહાભારત મર્મ, મનુભાઈ પંચોળી, પૃ. ૧૩

(४३) श्रीमद् भागवत पुराण – ७/११/८–१२

(४४) आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम् ।

धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥

सुभाषित संग्रहः

(४५) धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा लोकं धर्मिष्ठं प्रजा उपसर्पयन्ति ।

धर्मेण पापमपनुदन्ति, धर्मे सर्वं प्रतिष्ठितं तस्माद्धर्मं परमं वदन्ति ॥

श्रीमन्नारायणोपनिषद्

(४६) धर्म एवं हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।

तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतो वधीत् ॥

मनुस्मृति – ८/१५

(४७) धारणाद्धर्ममित्याहुर्धर्मो धारयते प्रजाः ।

महाभारत

(४८) ब्रह्मसूत्र – १/१/१

(४९) कीर्तिर्लक्ष्मीर्धृतिर्मेघा पुष्टिः श्रद्धा क्रियां तथा ।

बुद्धिर्लज्जा मति ैव पत्न्यो धर्मस्य ता दश ॥

महाभारत आदिपर्व – १/६६/१४, १५

(५०) भानुर्लम्बा ककुब्जाभिर्विश्वा सात्त्म्रा मरूत्वती ।

वसुर्मुहूर्ता सश्चल्पा धर्मपत्न्यः सुतान् श्रुणु ॥

श्रीमद् भागवत – ६/६/४

श्रद्धा मैत्री दया शान्तिस्तुष्टिः पुष्टिः क्रियोन्नतिः ।

बुद्धिर्मेघा तितिक्षा ह्रीर्मूर्तिर्धर्मस्य पत्न्यः ॥

एजन – ४/१/४९

(५१) પ્રેમાનંદ નળાખ્યાન – ૧/૨૩

(५२) રા.વિ. પાઠક, રા.વિ. પાઠક ગ્રંથાવલિ – ૬, પૃ. ૬૩, ૬૪

(५३) यात्त्वा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ।

मेघदूत, पूर्वमेघ – ६

(५४) सा भुवः किमपि रत्नमनर्घ भूषणं जयति तत्र कुमारी ।

भीमभूपतनया दमयन्ती नाम या मदनशस्त्रममोघम् ॥

नैषधचरित – ५/२६

## (३) ऋष्यशृंगोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૯૫

(२) तस्यर्षेः श्रृङ्गं शिरसि राजन्नासीन्महात्मनः ।
तेनर्ष्यश्रृङ्ग इत्येवं तदा स प्रथितोऽभवत् ॥

महाभारत वनपर्व – ११०/३९

(३) एजन वनपर्व – ११३/२१

(४) वपायां हूयमानायां घूममाघ्राय मातरः ॥
ततस्ताः सुमहावीर्याञ्जनयिष्यन्ति ते सुतान् ॥

एजन – १२७/२०

(५) ब्रह्मपुराण – १२९/५०

(६) पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्य्येषि विश्वतः ।
अतप्ततनूर्न तदामो अश्नुते शृतासइद्वहन्तस्तत्समाशत ॥

ऋग्वेद – ९/८३/१

(७) अहिंसा सत्यवचनं आनृशंस्यं दमो धृणा ।
एतत् तपो विदुः धीरा न शरीरस्य शोषणम् ॥

महा शान्तिपर्व – ६९/१८

(८) सर्व जिह्नं मृत्युपदमार्जवं ब्रह्मणः पदम् ।
एतावान् ज्ञानविषयः किं प्रलापः करिष्यति ॥

एजन शान्तिपर्व – ६९/२१

(९) तेजसा निर्दहेल्लोकान् कम्पयेद् धरणीं पदा ।
संक्षिपेज्च महामेरूं तूर्णभावर्तयेद् दिशः ॥
ताश्चशं तपसा युक्तं प्रदीप्तमिव पावकम् ।

कथमस्मद्विधा नारी जितेन्द्रियमभिस्पृशेत् ॥

एजन आदिपर्व – ७१/३६, ३७

(१०) नास्ति खल्वसात्त्म्यं नाम तपसाम् ।

कादम्बरी, महाश्वेतावृत्तान्त परि – ९

(११) ब्रह्मचर्येण तपसा देवा मृत्युमपाघ्नत ।

अथर्ववेद – ११/७/१९

(१२) कर्मणा मनसा वाचा सर्वावस्थासु सर्वदा ।
सर्वत्र मैथुनं त्यागं ब्रह्मचर्यः प्रचक्षते ॥

वशिष्ठ संहिता

(१३) द्वैविध्यं ब्रह्मचर्यस्य भविष्यति महात्मनः ।
लोकेषु प्रथितं राजन् विप्रै   कथितं सदा ॥

वा.रा. बालकांड – ९/५, ६

(१४) नित्यं स्नात्वा शुचिः कुर्याद् देवर्षिपितृतर्पणम् ।
देवताभ्यर्चनं चैव समिदाधानमेव च ॥

मनुस्मृति – २/१७३

(१५) एह्यश्मानसा तिष्ठाश्मा भवतु ते तनूः ।
कृण्वन्तु विश्वे देवा आयुष्टै शरदः शतम् ॥

अथर्ववेद – २/१३/४

(१६) जुषस्व सप्रथमस्तमं वचो देवप्सरस्तमम् ।
हव्या जुह्वान आसनि ॥

ऋग्वेद – १/७५/१

(१७) सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा ।
सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ॥

मुण्डक उपनिषद् – ३/१

(१८) आयुस्तेंजो बलं वीर्यंः प्रज्ञा धी   महायशः ।
पुण्यं च मत्प्रियत्वं च प्राप्यते ब्रह्मचर्यया ॥

वृद्ध गौतम स्मृति

(१९) पूर्वो जातो ब्रह्मणो ब्रह्मचारी धर्मन्वसानस्तपसोदतिष्ठत्।
तस्माज्जातं ब्राह्मणं ब्रह्म ज्येष्ठं देवा सर्वे अमृतेन साकम्॥

अथर्ववेद – ११/७/५

(२०) षट्त्रिंर्शदाब्दिकं चर्य गुरौ त्रैवेदिकं व्रतम्।
तदर्धिकं पादिकं वा गृहणान्तिकमेव वा॥

मनुस्मृति – ३/१

(२१) वेदानधीत्य वैदो वा वेद वाडपि यथाक्रमम्।
अविल्पुत ब्रह्मचर्यो गृहस्थाश्रमवसेत्॥

एजन – ३/२

(२२) तथा च हारितः ''त्रय स्नातका भवन्ति विद्या स्नातको, व्रत स्नातको, विद्याव्रत स्नातक इति।'' य समाव्य वेदमसमाप्य व्रताति समावर्तते, स विद्या स्नातकः। उभयं समाप्य समावर्तते यः स विद्या व्रत स्नातकः, इति।

मन्वर्थ मुक्तावली

(२३) सेवेतेमांस्तु नियमान्ब्रह्मचारी गुरौवसन्।
सन्नियंम्येद्रियग्रामं तपोवृद्धयर्थमात्मनः॥
नित्यं स्नात्वा शुचिः कुर्याद्देवर्षिपितृतर्पणम्।
देवताडभ्यर्चनं चैव समिदाधानमेव च॥

मनुस्मृति – २/१७५, १७६

(२४) स्वभावएष नारीणां नराणामिह दूषणम्।
अतोडर्थान्न प्रमाद्यन्ति प्रमदासु विपर्ति तः॥

एजन – २/२१३

(२५) कुसुमायुधपत्नि दुर्लभस्तव भर्ता न चिराद्भविष्यति।
शृणु येन स कर्मणः गतः शलभत्वं हरलोचनार्चिषि॥

कुमारसभंव – ४/४०

(२६) ऋग्वेद – १/१७९/५

(२७) हित्वा धर्मं तथार्थं च कामं यस्तु निषेवते।
स वृक्षाग्रे यथा सुप्तः पतितः प्रतिबुध्यते॥

वा.रा. किष्किन्धाकाण्ड – ३८/२१

(२८) भोगा भवमहारोगाः तृष्णा मृगतृष्णिका।

योगवशिष्ठ – १/२६/१०

(२९) ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते।
संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते॥

श्रीमद् भ.गी. – २/६२

(३०) इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥

एजन – २/६८

(३१) विषयेन्द्रियसंयोगाश्चयत्तदग्रेऽमृतोपमम्।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्॥

एजन – १८/३८

(३२) ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते।
आद्यन्तवन्त कौन्तेय न तेषु रमते बुधः॥

एजन – ५/२२

(३३) कठोपनिषद् – १/१/२६

(३४) गतेन तेनास्मि कृतो विचेता गात्रं च मे सम्परिदह्यतीव।
इच्छामि तस्यान्तिकमाशु गन्तुं तं चेह नित्यं परिवर्तमानम्॥

महाभारत वनपर्व – ११२/१७

(३५) ब्राह्मणप्रतिपूजायाभायुः कीर्तियशो बलम्।
लोकालोकेश्वरा ैव सर्वे ब्राह्मणपूजकाः॥

एजन अनुशासनपर्व – १५९/९

(३६) अदूरकोपा हि मुनिजन प्रकृतिः।

महाश्वेतावृत्तान्त – परि. १७

(३७) परिभाषां च मे श्रुत्वा को नु यद्वात् प्रतिश्रयम्।
यो मां कर्ि द् वासयीत न स मां कोपयेदिति ॥

महाभारत अनुशासनपर्व – १५९/१७, १८

(३८) एजन अनुशासनपर्व – १५९/२२

(३९) आशीविषविषं तीक्ष्णं ततस्तीक्षणतरो द्विजः।
ब्रह्माशीविषदग्धस्य नास्ति कश्चिकित्सकः ॥

एजन अनुशासन पर्व – १५९/३३

(४०) ततो विलोक्य तेजस्वी ब्राह्मणो मामुवाच ह।
जितः क्रोधस्त्वया कृष्ण प्रकृत्यैव महाभुज ॥

एजन अनुशासन पर्व – १५९/३७

(४१) एजन अनुशासन पर्व – १५९/४३

(४२) शक्यतें विधिना पापं यथोक्तेन व्यपोहितुम्।
आस्तिकें श्रश्र्धाने च विधिरेष विधीयते ॥

महाभारत शान्तिपर्व – ३५/४६

(४३) अदत्तस्यानुपादानं दानमध्ययनं तपः।
अहिंसा सत्यमक्रोध इज्या धर्मस्य लक्षणम्॥
स एव धर्मः सोडधर्मो देशकाले प्रतिष्ठितः।
आदानमनृतं हिंसा धर्मो ह्यावस्थिकः स्मृतः ॥

एजन शान्तिपर्व – ३६/१०, ११

(४४) अविज्ञाय फलं यो हि कर्म त्वेवानुधावति।
स शोचेत् फलवेलायां यथा किंशुकसेवकः ॥

वा.रा. अयोत्ध्याकाण्ड – ६३/९

(४५) तिस्त्रो रात्रीर्यदवात्सीर्गृहे मे अनश्नन् ब्रह्मन्नतिथिर्नमस्य।
नमस्तेडस्तु ब्रह्मन् स्वस्ति मेडस्तु तस्मात् प्रति त्रीन् वरान् वृणीष्व ॥

कठोपनिषद् – १/१/९

(४६) कल्याण 'संस्कार अश्व' – पृ. ११९

## (४) परशुरामोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૨૦

(२) ऋतौ त्वं चैव माता च स्नाते पुंसवनाय वै ।
आलिङ्गैतां पृथग् वृक्षौ साश्वत्थं त्वमुदुम्बरम् ॥

महाभारत वनपर्व – ११५/३५

(३) एजन वनपर्व – ११६/१४

(४) स वव्रे मातुरूत्थानमस्मृतिं च वधस्य वै ।
पापेन तेन चास्पर्शं भ्रातृणां प्रकृतिं तथा ॥
अप्रतिद्वन्द्वतां युद्धे दीर्घमायु भारत ।
ददौ च सर्वान् कामांस्ताञ्जमदग्निर्महातपाः ॥

एजन वनपर्व – ११६/१७, १८

(५) अपि नाम कुलपतेरियमसवर्णक्षेत्रसंभवा स्यात् ।

अभिज्ञान शाकुन्तलम् – अंक–१

(६) પાંડે, રાજબલિ, હિંદુ સંસ્કાર, પૃ. ૨૨૬;
વાચસ્પતિ ગૈરોલા, વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ પૃ. ૩૮૬;

धर्मशास्त्र का इतिहास–१,
पृ. ४४७, पी.वी. काणे

(७) धर्मशास्त्र का इतिहास–१, पृ. ४४७, पी.वी. काणे

(८) પાંડે રાજબલિ, હિન્દુ સંસ્કાર, પૃ. ૨૨૬

(९) धर्मशास्त्र का इतिहास-१, पृ. ४४७, पी.वी. काणे

(१०) રાજબલિ પાંડે, હિન્દુ સંસ્કાર, પૃ. ૨૨૬

(११) धर्मशास्त्र का इतिहास-१, पृ. २७०, पी.वी. काणे

(१२) एजन, पृ. २९२

(१३) न कन्यायाः पिता विद्वांन्गृह्णीयाच्छुल्कमण्वपि।
गृह्णच्छुल्कं हि लोभेन स्यान्नरोडपत्यविक्रयी ॥

मनुस्मृति - ३/५१

(१४) इह वर्षसहस्राणि बहूनि निवसिष्यसि।
वातभक्षा निराहारा तप्यन्ती भस्मशायिनी।
अदृश्या सर्वभूतानामाश्रमेडस्मिन् वसिष्यसि ॥

वा.रा. बालकाण्ड, सर्ग-४८/२९, ३०

(१५) व्यभिचारे तु कस्मिं द् व्यतिक्रम्यापरान् सुतान्।
पित्रोक्त कुपितेनायं जहीमां जननीमिति।

म.भा. शांतिपर्व - २६६/७

(१६) पितुराज्ञा परोधर्मः स्वधर्मो मातृरक्षणम्।
अस्वतन्त्रं च पुत्रत्वं किं तु मां नानुपीडयेत् ॥
स्त्रियं हत्वा मातरं च को हि जातु सुखी भवेत्।
पितरं चाप्यवज्ञाय कः प्रतिष्ठामवाप्नुयात् ॥

एजन शांतिपर्व - २६६/११, १२

(१७) एवं न स्त्री न चैवाहं नाघ्वमस्त्रिदशेश्वरः।
अपराध्यति धर्मस्य प्रमादस्त्वपराध्यति ॥

एजन शांतिपर्व - २६६/५०

(१८) सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥

किरातार्जुनीयम् - २/३०

(१९) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।

कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्रयं त्यजेत् ॥

श्रीमद् भगवद् गीता – १६/२१

(२०) महाभारत शांतिपर्व – २६६/११

(२१) पिता धर्मः पिता स्वर्गः पिता हि परमं तपः ।

पितरि प्रीतिमापन्ने सर्वाः प्रीयन्ति देवताः ॥

एजन शांतिपर्व – २६६/२१

(२२) यतो मूलं नरः पश्येत् प्रादुर्भावनिहात्मनः ।

कथं तस्मिन् न वर्तेत प्रत्यक्षे सति दैवते ॥

वा.रा. अयोध्याकाण्ड – १८/१६

(२३) न ह्यतो धर्मचरणं किंचिदस्ति महत्तरम् ।

यथा पितरि शुश्रूषा तस्य वा वचनक्रिया ॥

एजन अयोध्याकाण्ड – १९/२२

(२४) पित्रर्थे जीवितं दास्ये पिबेयं विषमुल्बणम् ।

सीतां त्यक्षेऽथ कौसल्यां राज्यं चापि त्यजाम्यहम् ।

अत्म्रात्म रामायण अयोत्म्राकाण्ड–३/५९

(२५) सुनु जननी सोइ सुतु बडभागी ।

जो पितु–मातु वचन अनुरागी ॥

तनय मातु पितु तोषनिहारा ।

दुर्लभ जननि सकल संसारा ॥

(२६) बहूनामेमि प्रथमो बहूनामेमि मध्यमः ।

किं तँ स्विद्यमस्य कर्तव्यं यन्मयाद्य करिष्यति ॥

कठोपनिषद् – १/१/५

(२७) शान्तसंकल्पः सुमना यथा स्याद्वीतमन्यु गौंतमो माभि मृत्यो ।

त्वत्प्रसृष्टं माभिवदेत्प्रतीत एतत्त्रयाणां प्रथमं वरं वृणे ॥

एजन – १/१/१०

(२८) तैत्तिरीय उपनिषद् – १/११/८

(२९) माता गुरुतरा भूमेः खात् पितोच्चरस्तथा ।

महाभारत वनपर्व

(३०) दशाचार्यानुपाध्याय उपाध्यायान् पिता दश।
दश चैव पितृन् माता सर्वा वा पृथिवीमपि।
गौरवेणाभिमवति नास्ति भातृसमो गुरूः॥

एजन अनुशासन पर्व - १०५/१४, १५

(३१) नास्ति मातृसमा छाया नास्ति मातृसमा गतिः।
नास्ति मातृसमं त्राणं नास्ति मातृसमा प्रिया॥

एजन शांतिपर्व - २६६/३१

(३२) उपाध्यायात् दशाचार्य आचार्याणां शतं पिता।
सहस्रं तु पितृन् माता गौरवेणातिरिच्यते॥

मनुस्मृति - २/१४५

(३३) कल्याण अवतार कथाश्च - पृ. २४७

(३४) यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥

श्रीमद् भगवद् गीता - ४/७, ८

(३५) कल्याण अवतार अश्च - पृ. २५०

(३६) पापं च ते न भविता अजेय भविष्यसि।
न ते प्रभाविता मृत्युरजर भविष्यसि॥

महा. अनुशासनपर्व - १८/१४

## (५) सुकन्योपाख्यान

(१) પૌરાણિક કથાકોશ – ડાહ્યાભાઈ દેરાસરી ભા. ૨, પૃ. ૨૬૮

(૨) એજન – ભા. ૧, પૃ. ૨૦૬

(३) ततः स गर्भो निवसन् कुक्षौ भृगुकुलोद्वह ।
रोषान्मातुश्च्युत कुक्षेश्च्यवनस्तेन सोऽभवत् ॥

महाभारत आदिपर्व - ६/२

(४) महाभारत वनपर्व - १२१/२३

(५) एजन वनपर्व - १२१/२५

(६) अनागतं च कुरूते स शोभते ।
स शोच्यते यो न करोत्यनागतम् ॥

पंचतंत्र काकोलूकीय - २१२

(७) पतिशुश्रूषया धर्मा यः स मे रोचते द्विजः ।
दैवतेष्वपि सर्वेषु भर्ता मे दैवतं परम् ॥

महाभारत वनपर्व – २०६/३०

(८) न दानैः शुद्ध्यते नारी नोपवासशतैरपि।
न तीर्थसेवया तद्वद् भर्तुः पादोदकैर्यथा॥

चाणक्य नीति – १७/१०

(९) पतिर्हि देवता नार्याः पतिर्बन्धुः पतिर्गुरूः।
प्राणैरपि प्रियं तस्माद्भर्तुः कार्यं विशेषतः॥

वा.रा. उत्तरकाण्ड – ४८/१७, १८

(१०) शुश्रूषां क्रियतां तावत् स हि धर्मः सनातनः।

एजन अयोघ्याकाण्ड – २४/१३

(११) न पिता नात्मजो वात्मा न माता न सखीजनः।
इह प्रेत्य च नारीणां पतिरेको गतिः सदा॥

एजन अयोघ्याकाण्ड – २७/६

(१२) शुद्धात्मन् प्रेमभावाद्धि भविष्यामि विकल्मषा।
भर्तारमनुगच्छन्ती भर्ता हि परदैवतम्॥

एजन अयोघ्याकाण्ड – २९/१६

(१३) यस्त्वया सह स स्वर्गो निरयो यस्त्वया विना।

एजन अयोघ्याकाण्ड – ३०/१८

(१४) पतिशुश्रूषणं पूर्वं मनोवाश्कायचेष्टितैः।

महाभारत आदिपर्व – ७४/९ પછી

(१५) अक्कोधेन जिते कोधं असाधु साधुना जिने।
जिने कदरियं दानेन सच्चेन अलीकवादिनं॥

धम्मपद कोधवग्गो – ३

(१६) क्रोधो वैवस्वतो राजा।

चाणक्य नीति – १८/१४

(१७) धन्याः धलु महात्मानो ये बुद्ध्या कोपमुत्थितम् ।

निरूंधंति महात्मानो दीप्तमग्निमिवाभ्मसा ॥

वा.रा. सुन्दरकाण्ड – ५५/३

## (६) जन्तूपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૯૯

(२) એજન, ભાગ–૧, પૃ. ૨૧૨

(३) धिगस्त्विहैक पुत्रत्वमपुत्रत्वं वरं भवेत् ।

नित्यातुरत्वाद् भूतानां शोक एवैकपुत्रता ॥

महाभारत वनपर्व – १२७/१२

(४) एजन वनपर्व – १२८/१४

(५) दुर्गतेः पितरौ रक्षति स पुत्रः ।

चाणकय सूत्र – ४०८

(६) सर्व सौख्यप्रदः पुत्रः पित्रौ प्रीतिविवर्द्धतः ।

आत्मा वै जायते पुत्र इति वेदेषु निर्ि तम् ॥

गरुडपुराण – २/१५/२१

(७) इष्टान् भोगान् हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥

श्रीमद् भ.गी. – ३/१२

(८) धर्मशास्त्र का इतिहास – पी.वी. काणे, भाग–१, पृ. ३८४

(९) प्लवा ह्येते अदृढा यज्ञरूपा ।

मुण्डक उपनिषद् – १/२/७

(१०) ऋग्वेद – १०/११७/६

(११) न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

महाभारत आदिपर्व – ८५/१४;
मनुस्मृति – २/९४

(१२) ईशोपनिषद् – १

(१३) अग्नौ प्रास्ताडडहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥

मनुस्मृति – ३/७६

(१४) ऋग्वेद – १०/९०/८

(१५) प्राचं यज्ञं प्रणतया स्वसायः ।

ऋग्वेद – १०/१०१/२

(१६) मृतो यज्ञस्त्वदक्षिणः ।

महाभारत वनपर्व – ३१३/८४

(१७) कठोपनिषद् – १/१/४

(१८) सर्वेषां देवानां आत्मा यद् यज्ञः ।

शतपथ ब्राह्मण – ३/३/२/१

(१९) असंस्थितो वा एष यज्ञः ।

तैत्तिरीय उपनिषद् – १/४/९

(૨૦) સંસ્કૃતિ પૂજન – પૃ. ૨૯૧; પાંડુરંગ આઠવલે

(૨૧) શ્રી અરવિંદ, ગીતા નિબંધો – પૃ. ૧૩૧

(૨૨) શ્રી મહાત્મા ગાંધી, ગીતાબોધ પૃ. ૧૪

(૨૩) એજન, પૃ. ૧૬

(२४) भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्।

श्रीमद् भ.गी. – ३/१३

(२५) एजन – ४/३१

(२६) महाभारत शान्तिपर्व – २७२/१४

(२७) अहिंसा सकलो धर्मो हिंसाधर्मस्तथाहितः।

एजन शान्तिपर्व – २७२/२०

(२८) नान्यः कर्तुः फलं राजन्नुपभुङ्क्ते कदाचन।
इमानि तव श्रश्यन्ते फलानि वदतां वर॥

एजन वनपर्व – १२८/१४

(२९) वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोडपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥

भ.गी. २/२२

(३०) पूर्वदेहकृतं कर्म शुभं वा यदि वाशुभम्।
प्राज्ञं मूढं तथा शूरं भजते याश्रशं कृतम्॥

महाभारत शान्तिपर्व – १७४/४७

(૩૧) શ્રીમદ્ ભગવદ્ ગીતા – પૃ. ૨૦૮

(૩૨) ગીતા નિબંધો – પૃ. ૩૫૦

(३३) ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति।

श्रीमद् भगवद् गीता – ९/२१

(३४) न हि कल्याणकृर्त्का द्दुर्गतिं तात गच्छति।

एजन – ६/४०

(३५) प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।
अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥

एजन – ६/४१, ४२

(३६) यथा मृत्पिण्डतः कर्ता कुरूते यद्यदिच्छति ।
एवमात्मकृतं कर्म मानवः प्रतिपद्यते ॥

महाभारत अनुशासन पर्व – १/७४

(३७) हत्वा चैनं नामृतः स्यादयं मे जीवत्यस्मिन् कोऽत्ययः स्यादयं ते ।
अस्योत्सर्गे प्राणयुक्तस्य जन्तो र्मृत्योलोकं को नु गच्छेदनन्तम् ॥

एजन अनुशासनपर्व – १/२३

(३८) तस्यायं वचनाद् दष्टो न कोपेन न काम्यया ।
तस्य तत्किल्बिषं लुब्ध विद्यते यदि किल्बिषम् ॥

एजन अनुशासनपर्व – १/३६

(३९) शतपथ ब्राह्मण – ११/१/२/१२

(४०) कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।

ईशोपनिषद् – २

(४१) सुख दुःखदो न चान्योऽस्ति यतः स्वकृत भुक् पुमान् ।

श्रीमद् भागवत पुराण – १०/५४/३८

(४२) नाभुक्तं क्षीयते कर्म कल्पकोटि शतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥

ब्रह्मवैवर्त पुराण प्रकृति – ३७/१६

(४३) मज्जत्वंभसि यातु मेरूशिखरं शत्रूञ्जयत्वाहवे
वाणिज्यं कृषि सेवने च सकला विद्याः कलाः शिक्षतु ।
आकाशं विपुलं प्रयातु खगवत्कृत्वा प्रयत्नं परं
नाभाव्यं भवतीह कर्मवशतो भाव्यस्य नाशः कृतः ॥

नीतिशतक – ९९

(४४) गुकारस्त्वन्धकारः स्याद् रूकारस्तेज उच्चते ।

अज्ञानग्रासकं ब्रह्म गुरूरेव न संशयः ॥

स्कन्द पुराण, गुरूगीता – १/३३

(४५) विदार्योत्थितस्तस्मादुद्दालक एव नाम्ना भवान्

सर्वे च ते वेदाः प्रतिभास्यन्ति सर्वाणि च धर्मशास्त्राणीति ।

महाभारत आदिपर्व – ३/३१, ३२

(४६) गुरूर्ब्रह्मा गुरूर्विष्णुः गुरूर्देवो महेश्वरः ।

गुरूः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

स्कन्द पुराण, गुरुगीता – ४३

(४७) विद्यामन्त्रप्रदः सत्यं मातुः परतरो गुरूः ।

न हि तस्मात्परः कोडपि वन्द्य पूज्य  वेदनः ।

ब्रह्मवैवर्त पुराण श्रीकृष्ण – ७२/११५

(४८) गुरू गोविंद दोनों खडे काको लागु पाय

बलिहारी गुरू आपकी, गोविन्द दियो बताई । कबीर दोहा

(४९) देवद्विजगुरूप्राज्ञपूजनं शौचमार्जवम् ।

ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

श्रीमद् भगवद् गीता – १७/१४

(५०) શ્રી અરવિંદ – ગીતા નિબંધો, પૃ. ૧૯

(५१) સ્વામી વિવેકાનંદ ભક્તિત રહસ્ય, પૃ. ૪૦

(५२) એજન – પૃ. ૪૧

## (७) पतिव्रतोपाख्यान

(१) महाभारत वनपर्व – २०६/६

(२) एजन वनपर्व – २०६/२०

(३) नाहं बलाका विप्रर्षे त्यज क्रोधं तपोधन ।

अनया क्रुद्धया श्चष्ट्या क्रुद्धः किं मां करिष्यसि ॥

एजन वनपर्व – २०६/२३–२४

(४) अकार्यं कृतवानस्मि रोषरागबलात्कृतः ।

एजन वनपर्व – २०६/६

(५) કલાપીનો કાવ્ય કલાપ – પશ્ચાત્તાપ

(६) मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत् क्रौंचमिथुनादेकमवधीः काममोहितम् ॥

वा.रा. बालकाण्ड – २/१५

(७) विकर्मणा तप्यमानः पापाद् विपरिमुच्यते ।
न तत् कुर्यात् पुनरिति द्वितीयात् परिमुच्यते ॥

महाभारत वनपर्व – २०७/५१

(८) नाभुक्तवति नास्नाते नासंविष्टे च भर्तरि ।
न संविशामि नाश्नामि सदा कर्म करेष्वपि ॥

एजन वनपर्व – २३३/२४

(९) पत्याश्रयो हि मे धर्मो मतः स्त्रीणां सनातनः ।
स देवः सा गतिर्नान्या तस्य का विप्रियं चरेत् ॥

एजन वनपर्व – २३३/३७

(१०) नैताश्चशं दैवतमस्ति सत्ये सर्वेषु लोकेषु सदेवकेषु ।
यथा पतिस्तस्य तु सर्वकामा लभ्याः प्रसादात्कुपित   हन्यात् ॥

एजन वनपर्व – २३४/२

(११) न कामये भर्तृविनाकृता सुखं न कामये भर्तृविना कृता दिवम् ।
न कामये भर्तृविनाकृता श्रियं न भर्तृहीना व्यवसामि जीवितुम् ॥

एजन वनपर्व – २९७/५७

(१२) नास्ति स्त्रीणां पृथग्यज्ञो न व्रतं नान्युपोषितम् ।
पतिशुश्रूषते येन तेन स्वर्गे महीयते ॥

मनुस्मृति – ५/९

(१३) पतिशुश्रूषया धर्मो यः स मे रोचते द्विज ।
दैवतेष्यपि सर्वेषु भर्ता मे दैवतं परम् ॥

महाभारत वनपर्व – २०६/३०

(१४) एतश्चेशप्रसूतस्य सकाशादग्रजन्मनः ।

स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥

मनुस्मृति – २/२०

(१५) धर्मशास्त्राश्च – कल्याण पृ. ६४

(१६) ब्राह्मणोऽस्य मुखमासीद्बाहु राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

ऋग्वेद – १०/९०/१२

(१७) ब्राह्मणासः सोमिनो वाचमक्रत ब्रह्म कृण्वन्तः परिवत्सरीणम् ।
अध्वर्यवो धर्मिणः सिष्विदाना आविर्भवन्ति गुह्या न केचित ॥

ऋग्वेद – ७/१०/८

(१८) श्रीमद् भगवद् गीता – ४/१३

(१९अ) चतुर्वेदोऽपि दुर्वृत्तः स शुद्रादरिच्यते ।
योऽग्निहोत्रपरो दान्तः स ब्राह्मण इति स्मृतः ॥

महाभारत वनपर्व – ३१३/१११

(१९ब) न जटाहि न गोत्तेन न जच्चा होति ब्राह्मणो ।
यम्हि सच्चं च धम्मो च सो सुची सो च ब्राह्मणो ॥

धम्मपद ब्राह्मणवर्ग – ११

(२०) पतिरेव गुरूः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरूः ।
गुरूरग्निद्विजातीनां वर्णानां ब्राह्मणो गुरूः ॥

चाणक्यनीति – ५/१

(२१) महाभारत वनपर्व – २०६/३४

(२२) नवनीतं हृदयं ब्राह्मणस्य वाचि क्षुरो निहितस्तीक्ष्णधारः ।

एजन आदिपर्व – ३/१२३

(२३) योऽध्यापयेदधीयीत यजेद् वा याजयीत वा ।
दद्याद् वापि यथाशक्ति तं देवा ब्राह्मणं विदुः ।

एजन वनपर्व – २०६/३६-३७

(२४) अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहं चैव ब्राह्मणानामकल्पयत् ।

मनुस्मृति – १/१०

(२५) षण्णां तु कर्मणामस्य त्रीणि कर्माणि जीविका ।
याजनाध्यापने चैव विशुद्धाच्च प्रतिग्रहः ॥

एजन – १०/३६

(२६) मन्त्र ज्येष्ठा द्विजातयः ।

महाभारत उद्योगपर्व – १६४/१७

(२७) शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥

श्रीमद् भगवद् गीता – १८/४२

(२८) धर्मे तु ब्राह्मणस्याहुः स्वाध्यायं दममार्जवम् ।
इन्द्रियाणां निग्रहं च शाश्वतं द्विजसत्तम ॥

महाभारत वनपर्व – २०६/३९–४०

(२९) अमरकोश – १/६/३

(३०) મહાભારતનો મર્મ – શ્રી મનુભાઈ પંચોળી, પૃ. ૭૪

(३१) महाभारत शांतिपर्व – २६२/५

(३२) अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।
अनुग्रह  दानं च सतां धर्मः सनातनः ॥

महाभारत वनपर्व – २९७/३५

(३३) धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ मनुस्मृति – ६/९२

(३४) ब्रह्मसूत्र – १/१/१

(३५) द्वाविमावथ पन्थानौ यत्र देवाः प्रतिष्ठिताः ।
प्रवृत्तिलक्षणो धर्मो निवृत्तौ च सुभाषितः ॥

महाभारत शान्तिपर्व – २४१/६

(३६) यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

वैशेषिक दर्शन – १/२

(३७) श्रीमद् भागवत पुराण – ७/११/८–१२

(३८) चाणक्य नीति – १०/७

(३९) आहार निद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम्।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥

सुभाषित

(४०) जब तब होइ धरम कै हानी। ब्राढहि असुर अधम अभिमानी।
करहिं अनीति जाइ नहिं बरनी। सीदहिं बिप्र धेनु सुर घरनी ॥
तब तब प्रभु धरि बिबिध सरीरा श्व हरहिं कृपानिधि सज्जन पीरा श्व

रामचरित मानस – १/१२१/६–८

(४१) यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्।
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

श्रीमद् भगवद् गीता – ४/७–८

(४२) त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मानमाचार्य कुलेऽवसादयन्सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसँ स्थेऽमृतत्वमेति।

छांदोग्य उपनिषद् – २/२३/१

(४३) तैत्तिरीय उपनिषद् – १/११

(४४) धारणात् श्रेय आदधाति इति धर्मः।

आश्वलायन गृह्यसूत्र

(४५) वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम्।
आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥

मनुस्मृति – २/६

(४६) श्रुतिः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः।
सम्यक् संकल्पजः कामो धर्ममूलमिदं स्मृतम् ॥

याज्ञवल्क्य स्मृति – १/७

(४७) धर्मज्ञसमयः प्रमाणं वेदा ।

आपस्तब्ध धर्मसूत्र – १/१/१/२

(४८) अहिंसा परमो धर्मः ।

महाभारत अनुशासन पर्व – १५१/१

(४९) आचारः परमो धर्मः ।

मनुस्मृति – १/१०८

(५०) श्रुतिप्रमाणको धर्मः ।

हारीत

(५१) कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥

श्रीमद् भागवत पुराण – १२/३/५२

(५२) सुगां ऋतस्य पन्था ।

ऋग्वेद – ८/३/१३

(५३) धर्म एको हि नि लः ।

चाणक्य नीति – ५/२०

(५४) नास्ति धर्मात् परो बन्धुर्नास्ति धर्मात् परं धनम् ।
धर्मात् प्रियः परः को वा स्वधर्मं रक्ष यत्नतः ॥
स्वधर्मे रक्षति तात शाश्वत सर्वत्र मंगलम् ।
यशसं सुप्रतिष्ठां च प्रतापाः पूजनं परम् ॥

ब्रह्मवैवर्त पुराण – ६२/२२–२३

(५५) वरं स्वधर्मो विगुणो न पारक्यः स्वनुतिष्ठतः ।
परधर्मेण जीवन् हि सद्यः पतति जातितः ॥ मनुस्मृति – १०/९७

(५६) श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

श्रीमद् भगवद् गीता – ३/३५

(५७) एजन – १८/४५

(५८) श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।

स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्॥

एजन – १८/४७

(५९) सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः॥

एजन – १८/४८

(६०) मनुस्मृति – १/८८–९१

(६१) निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्वाज्जनार्दन।
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः॥

श्रीमद् भगवद् गीता – १/३६

(६२) न पापे प्रतिपापः स्यात् साधुरेव सदा भवेत्।
आत्मनैव हतः पापो यः पापं कर्तुमिच्छति॥

महाभारत वन पर्व – २०७/४५

(६३) न अन्तलिकखे न समुश्चमज्झे न पव्बतानं विवरं पविस्म।
न विज्जती सो जगतिप्पदेसो यत्रट्ठितो मुक्कस्स पापकम्मा॥

धम्मपाद पापवर्ग – १२

(६४) अपेहि मनसस्तपेडपक्राम परश्चर।

अथर्ववेद – २०/९६/२४

(६५) यस्तिष्ठति चरति यश्च वञ्चति यो निलायं चरति यः प्रतंकम्।
द्वौ संनिषद्य यन्मंत्रयेते राजा तद वेद वरूणस्तृतीय॥

एजन – ४/१६/२

(६६) अवश्यं लभते कर्ता फलं पापस्य कर्मणः।
घोरं पर्यागते काले द्रुमः पुष्पमिवार्तवम्॥ वा.रा. अरण्यकाण्ड – २९/८

(६७) महाभारत वनपर्व – २०७/५१

(६८) यथा नागपदेन्यानि पदानि पदगामिनाम्।
सर्वाण्येवापिधीयन्ते पदजातानि कौजरे॥

एजन शान्तिपर्व – २२७/१८

(६९) भारत रत्न अहिंसा – पृ. १२७

(७०) कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा।
अक्लेशजननं प्रोक्तमहिंसात्वेन योगिभिः॥

याज्ञवल्क्य संहिता

(७१) अहिंसा सकलो धर्मो हिंसाधर्मस्तथाहितः।

महाभारत शान्तिपर्व – २७२/२०

(७२) योगसूत्र – २/३५

(७३) योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया।
स जीवं  मृत ैव न क्वचिद् सुखमेधते॥

मनुस्मृति – ५/४५

(७४) अहिंसा परमो धर्मः सर्वप्राणभृतां वर॥

महाभारत आदिपर्व – ११/१३

(७५) संन्यासं रोचये साधु कार्यस्यास्य जनार्दन।
प्रतिहन्ति मनो मेऽद्य राजसूयो दूराहरः॥

एजन सभापर्व – १६/५

(७६) उभे त्वेते समे स्थातामार्जवं वा विशिष्यते।

एजन उद्योगपर्व – ३५/२

(७७) अहिंसा सत्यमक्रोध आनृशंस्यं दमस्तथा।
आर्जवं चैव राजेन्द्र नि तं धर्मलक्षणम्॥

महाभारत अनुशासन पर्व – २२/१९

(७८) महाभारत वनपर्व – २०८/१०

(७९) पूर्वदेहकृतं कर्म शुभं वा यदि वाशुभम्।
प्राज्ञं मूढं तथा शूरं भजते यादृशम् कृतम्। एजन शान्तिपर्व – १७४/४७

(८०) एजन वनपर्व – २०९/२४

(८१) न जायते म्रियते वा कदाचि न्नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥

श्रीमद् भगवद् गीता – २/२०

(८२) न जायते म्रियते वा विपर्ि न्नायं कुतर्ि न्न बभूव कर्ि त्।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

कठोपनिषद् – १/२/१८

(८३) न जीवनाशोऽस्ति हि देहभेदे मिथ्यैतदाहुर्म्रियते किलेति।
जीवस्तु देहान्तरितः प्रयाति दशार्धतैवास्य शरीरभेदः।

महाभारत वनपर्व – २०९/२६

(८४) वासांसि जीर्णानि यथा विहाय नवानि ग्रह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

श्रीमद् भगवद् गीता – २/२२

(८५) एवं निर्वेदमादत्ते पापं कर्म जहाति च।
धार्मिक ापि भवति मोक्षं च लभते परम् ॥

महाभारत वनपर्व – २०९/५२

(८६) तपो निःश्रेयसं जन्तोस्तस्य मूलं शमो दमः ॥
तेन सर्वानवाप्नोति कामान् यान् मनसेच्छति।
इन्द्रियाणां निरोधेन सत्येन च दमेन च।
ब्रह्मणः पदमाप्नोति यत् परं द्विजसत्तम ॥

एजन वनपर्व – २०९/५३-५४

(८७) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥

कठोपनिषद् – १/२/२३,

मुण्डकोपनिषद् – ३/२/३

(८८) आनृशंस्यं क्षमा शान्तिरहिंसा सत्य मार्जवम्।
अद्रोहोऽनभिमान ह्रीस्तितिक्षा शमस्तथा ॥

म.भा.शा.प. २७०/३९

(८९) निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मानित्वा विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुखसंज्ञै र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥

श्रीमद् भगवत् गीता – १५/५

(९०) विहाय कामान्यः सर्वान्पुमां रति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

एजन – २/७१

(९१) क्षीणे च पुण्ये विगते च पापे ततो निमित्ते च काले विनष्टं ।
अलेपमाकाशमलिङ्गमेव मास्थाय पश्यन्ति महत्यसक्ताः ॥

महाभारत शान्तिपर्व – २१९/४६

(९२) प्रतिबोधविदितं मतममृतत्वं हि विन्दते ।
आत्मना विन्दते वीर्यं विद्यया विन्दतेऽमृतम् ॥

केनोपनिषद् – २/२/४

(९३) महाभारत वनपर्व – २१०/१६

(१४) एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥

श्रीमद् भगवत गीता – २/७२

(९५) महा वनपर्व – २११/५

(९६) श्रीमद् भगवद् गीता – ७/४

(९७) मूल प्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त ।
षोडकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरूषः ॥

सांख्यकारिका – ३

(९८) एतस्माजायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥

मुण्डकोपनिषद् – २/१/३

(९९) शब्दः स्पर्श रूपं च रस ापि द्विजोत्तम ।
उपामेते गुणा ब्रह्मन् कीर्तितास्तव सुव्रत ॥
शब्दः स्पर्श रूपं च तेजसोऽथ गुणास्त्रयः ।
शब्दः स्पर्श वायौ तु शब्द ाकाश एव तु ॥ महाभारत वनपर्व – २१०/६-७

(१००) मोहात्मकं तमस्तेषां रज एषां प्रवर्तकम् ।

प्रकाशबहुलत्वाच्च सत्त्वं ज्याय इहोच्यते ॥

एजन वनपर्व – २१२/४

(१०१) त्रिगुणमविवेक विषयः सामान्यमचेतनं प्रसवधर्मि ।
व्यक्तं तथा प्रधानं तद्विपरीतस्तथा च पुमान् ॥

सांख्यकारिका – ११

(१०२) न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥

श्रीमद् भगवत गीता – १८/४०

(१०३) सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥

एजन – १४/५

(१०४) बृहदाण्यक उपनिषद् – ४/३/१५

(१०५) श्रीमद् भगवद् गीता – १३/२२

(१०६) तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानध ॥

एजन – १४/६

(१०७) रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ॥

एजन – १४/७

(१०८) तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥

एजन – १४/८

(१०९) प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥

एजन – १४/२२

(११०) समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।

तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।

सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

एजन – १४/२४–२५

(१११) विहाय कामान्यः सर्वान्पुमां रति निस्पृहः ।

निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥

एजन – २/७१

(११२) अद्वेष्टा सर्वभूतानां मैत्रः करूण एव च ।

निर्ममो निरहङ्कारः समसुखदुःख क्षमी ॥

सन्तुष्टः सततं योगी यतात्मा श्रढनि यः ।

मप्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स म प्रियः ॥

एजन – १२/१३–१४

(११३) अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।

सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥

एजन – १२/१६

(११४) मूर्धानमाश्रितो वह्निः शरीरं परिपालयन् ।

प्राणो मूर्धनि चाग्नौ च वर्तमानो विचेष्टते ॥

महाभारत वनपर्व – २१३/३

(११५) तजो ह वा उदानस्तरस्मादुपशान्ततेजाः पुनर्भवमिन्द्रियैर्मनसि सम्पद्यमानैः ॥

प्रश्नोपनिषद् – ३/९

(११६) शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।

गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥

श्रीमद् भगवद् गीता – १५/८

(११७) महाभारत वनपर्व – २१३/४

(११८) मा मोहमापद्याथाहमेवैतत्पञ्चधाऽऽत्मानं प्रविभज्यैतद् बाणमवष्टभ्य विधारयामीति तेऽश्रद्दधाना बभूवुः ॥

प्रश्नोपनिषद् – २/२/३

(११९) प्रजापति रसि गर्भे त्वमेव प्रतिजायसे ।

तुभ्यं प्राण प्रजास्त्विमा बलिं हरन्ति यः प्राणै प्रतितिष्ठसि ॥

एजन – २/२/७

(१२०) आत्मन एष प्राणो जायते यथैषा पुरूषे छायैतस्मिन्नेतदाततं मनोकृतेनायात्यस्मिन्तशरीरे ॥

एजन – ३/३/३

(१२१) एतस्माजायते प्राणो मनः सवेन्द्रियाणि च ।

खं वायुर्ज्योर्तिरापः पृथिवी विश्वस्य धारिणी ॥

मुण्डकोपनिषद् – २/१३

(१२२) स जन्तुः सर्वभूतात्मा पुरूषः स सनातनः ।

महान् बुद्धिरहश्चारो भूतानां विषय सः ॥

महाभारत वनपर्व – २१३/५

(१२३) अव्यक्तं सत्त्वसंज्ञं च जीवः कालः स चैव हि ।

प्रकृतिः पुरूष ैव प्राण एव द्विजोतम ॥

जागर्ति स्वप्नकाले च स्वप्ने स्वप्नायते च सः ।

एजन वनपर्व – २१३/५ પછી

(१२४) एजन – २१४/१८

(१२५) एतावंवाग्नयो मह्यं यान् वदन्ति मनीषिणः ।

यज्ञा वेदा चत्वारः सर्वमेतौ मम द्विजः ॥

एजन – २१४/२२

(१२६) पत्नैव गुरवो ब्रह्मन् पुरूषस्य बुभूषतः ।

पिता मातागिनरात्मा च गुरू द्विजसत्तम ॥

एजन – २१४/२७

(१२७) माता गुरूतरा भूमेः खात् पितोच्यतरस्तथा ॥

एजन वनपर्व – ३/६०

(१२८) सर्वेषामेव शापानां प्रतिघातो हि विद्यते ।

न तु मात्रभिशिप्तानां मोक्षः क्वचन विद्यते ॥

एजन आदिपर्व – ३६/४

(१२९) यं मातापितरौ क्लेशं सहेते संभवे नृणाम् ।

न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि ॥

मनुस्मृति – २/२२७

# (८) रामोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ – ડાહ્યાભાઈ દેરાસરી, ભા. ૨, પૃ. ૧૦૦

(२) महाभारत वनपर्व, २८१/२१

(३) एजन – २९१/१२

(४) अन्त रति भूतानां मातरिश्वा सदागतिः ।
स मे विमुञ्चतु प्राणान् यदि पापं चराम्यहम् ॥

एजन – २९१/२३

(५) अग्निरापस्तथाऽऽकाशं पृथिवी वायुरेव च ।
विमुञ्चन्तु मम प्राणान् यदि पापं चराम्यहम् ॥

एजन – २९१/२४

(६) यथाहं त्वच्छ्ते वीर नान्यं स्वप्नेऽप्यचिन्तयम् ।
तथा मे देवनिर्दिष्टस्त्वमेव हि पतिर्भव ॥

एजन – २९१/२५

(७) वेदवेद्ये परे पुंसि जाते दशरथात्मजे ।
वेदः प्राचेतसादासीत् साक्षाद्रामायणात्मना ॥

वाल्मीकि रामायण तिलक टीका

(८) भद्रो भद्रया सचमान आगात् स्वसारं जारो अभ्येति प ात् ।
सुप्रकेतैर्द्युभिराग्निर्वितिष्टन् रूशद्भिर्वर्णैरभि राममस्थात् ॥

ऋग्वेद – १०/३/३

(९) ऋग्वेद – १०/६०/४

(१०) अथर्ववेद – १९/३९/९

(११) चत्वारिंशद् दशरथस्य शोणाः सहस्रस्याग्रे श्रोणिं नयन्ति ।

ऋग्वेद – १/१२६/४

(१२) ते होचुः अश्वपतिर्वा अयम् कैकेयः सम्प्रति वैश्वानरं वेद।

शतपथ ब्राह्मण – १०/६/१–२

(१३) प्र तद् दुःशीमे पृथवाने वेते प्र रामे वोचमसुरे।

ऋग्वेद – १०/९३/१४

(१४) अहो धिङ् नार्हसे देवि वक्तुं मामीश्नशं वचः।
अहं हि वचनाद् राज्ञः पतेयमपि पावके॥
भक्षयेयं विषं तीक्ष्णं पतेयमपि चार्णवे।
नियुक्तो गुरूणा पित्रा नृपेण च हितेन च॥
तद् ब्रूहि वचनं देवि राज्ञो यदभिकाक्षितम्।
करिष्ये प्रतिजाने च रामो द्विर्ताभिभाषते॥

वा.रा. अयोघ्याकाण्ड – १८/२८–३०

(१५) नह्यतो धर्मचरणं किंचिदस्ति महत्तरम्
यथा पितरि शुश्रूषा तस्य वा वचनक्रिया॥

एजन – १९/२२

(१६) नैवाहं राज्यमिच्छामि न सुखं न च मेदिनीम्।
नैव सर्वानिमान् कामान् न स्वर्गं न च जीवितुम्॥
त्वामहं सत्यमिच्छामि नानृतं पुरूषर्षभ।

एजन – ३४/४७–४८

(१७) पित्रर्थे जीवितं दास्ये पिबेयं विषमुल्बणम्।
सीतां त्यक्षेडथ कौसल्यां राज्यं चापि त्यजाम्यहम्॥
अनाज्ञप्तोडपि कुरूते पितुः कार्यं च उत्तमः।
उक्तः करोति यः पुत्रः स मघ्यम उदाह्मतः॥
उक्तोडपि कुरूते नैव स पुत्रो मल उच्यते।

अत्म्रात्म रामायण अयोत्म्राकाण्ड – ३/५९–६१

(१८) सुनु जननी सोइ सुतु बडभागी।
जो पितु मातु वचन अनुरागी॥

तनय मातु पितु तोषनिहारा।

दुर्लभ जननि सकल संसारा॥

रामचरित मानस अयोत्ध्याकाण्ड – ४०/४

(१९) धन्य जनमु जगतीत लतासू।

पितहि प्रमोदु चरित सुनि जासू॥

चारि पदारथ करत ताके।

प्रिय पितु भानु प्रान सम ताक॥

एजन अयोत्ध्याकाण्ड – ४५/१

(२०) लक्ष्मी न्द्रादपेयाद् वा हिमवान् वा हिमं त्यजेत्।

अतीयात् सागरो वेलां न प्रतिज्ञामहं पितुः॥

वा.रा. अयोत्ध्याकाण्ड – ११२/१८

(२१) वा.रा. अयोत्ध्याकाण्ड – २१/३७

(२२) न देवि बत दुःखेन स्वर्गमप्यभिरोचये।

न हि मेडस्ति भयं किंचित् स्वयम्भोरिव सर्वतः॥

एजन अयोत्ध्याकाण्ड – ३०/२७

(२३) यदि जीवति वैदेही गमिष्याम्याश्रमं पुनः।

संवृत्ता यदि वृत्ता सा प्राणांस्त्यक्ष्यामि लक्ष्मण॥

एजन अरण्यकाण्ड – ५८/९

(२४) एजन अरण्यकाण्ड – ६०/८

(२५) एजन किष्किन्धाकाण्ड – १/११३

(२६) नेयमर्हति वैक्लव्यं रावणान्तः पुरे सती।

अनन्या हि मया सीता भास्करस्य प्रभा यथा॥

विशुद्धा त्रिषु लाकेषु मैथिली जनकात्मजा।

न विहातुं मया शक्या कीर्तिरात्मवता यथा॥

एजन युद्धकाण्ड – ११८/१९–२०

(२७) तस्मान्निर्यात्यतां सीता विवरे वा प्रयच्छ मे ।
पाताले नाकपृष्टं वा वसेयं सहितस्तया ॥

एजन उत्तरकाण्ड – ९८/८

(२८) धर्ममर्थ च कामं च पृथिवीं चापि लक्ष्मण ।
इच्छामि भवतामर्थे एतत् प्रतिश्रृणोमि ते ॥ एजन अयोत्ध्याकाण्ड – ९७/५

(२९) यद् विना भरतं त्वां च शत्रुघ्नं वापि मानद ।
भवेन्मम सुखं किंचिद् भस्म तत् कुरूतां शिखी ॥

एजन अयोत्ध्याकाण्ड – ९७/८

(३०) तिमिरू तरून तरनिहि मकु गिलई ।
गगनु मगन मकु मेघहिं मिलई ॥
गोपद जल बूडहिं घटजोनी ।
सहज छमा बरू छाडै छोनी ॥
मसक फूंक मकु मेरू उडाई ।
होइ न नृपमदु भरतहि भाई ॥

श्रीरामचरित मानस अयोत्ध्याकाण्ड – २३१/१-३

(३१) नाथ शपथ पितु चरन दोहाई ।
भयउ न भुअन भरत सम भाई ॥

एजन अयोत्ध्याकाण्ड – २५८/२

(३२) शक्या सीतासमा नारी मर्त्यलोके विचिन्वता ।
न लक्ष्मणसमो भ्राता सचिवः साम्यरायिकः ॥

वा.रा. युद्धकाण्ड – ४९/६

(३३) देशे देशे कलत्राणि देशे देशे च बान्धवाः ।
तं तु देशं न पश्यामि यत्र भ्राता सहोदरः ॥

एजन युद्धकाण्ड – १०१/१५

(३४) सुत बित नारि भवन परिवारा ।
होहिं जाहिं जग बारहिं बारा ॥
अस बिचारि जियँ जागहु ताता ।

मिलइ न जगत सहोदर भ्राता ॥

श्रीरामचरित मानस लङ्काकाण्ड–६०/३

(३५) न स सखा यो न ददाति सख्ये ।

ऋग्वेद – १०/११७/४

(३६) मित्रस्याडहं चक्षुषा सर्वापि भूतानि समीक्षे ।

यजुर्वेद – ३६/१८

(३७) सखायाविव सचावहै ।

अथर्ववेद – ६/४२/१

(३८) शुचित्वं त्यागिता शौर्च्य सामान्यं सुखदुःखयोः ।

दाक्षिण्यं चानुरक्ति सत्यता च सुहृदगुणाः ॥

हितोपदेश मित्रलाभ – ९७

(३९) रहस्यभेदो याज्चा च नैष्ठुर्यं चलचितता ।

क्रोधो निःसत्यता द्यूतमेतन्मित्रस्य दूषणम् ॥

एजन – ९९

(४०) पापान्निवारयति योजयते हिताय गुह्यं निगूहति गुणान्प्रकटी करोति ।

आपद्गतं च न जहाति ददाति काले सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥

नीतिशतक – ६६

(४१) चाणकयसूत्र – ३६

(४२) उपकारफलं मित्रमपकारोडरिलक्षणम् ।

वा.रा. किष्किन्धाकांड – ८/२१

(४३) जे न मित्र दुःख होहिं दुखारी तिन्हहि बिलोकत पातक भारी ।

निज दुःख गिरि सम रज करि जाना मित्रक दुःख रज मेरू समाना ॥

श्रीरामचरितमानस किष्किन्धाकाण्ड–६/१

(४४) ओंगै कह मृदु वचन बनाई ।

पाछे अनहित मन कुटिलाई ॥

ना कर चित अहि गति सम भाई ।

अस कुमित्र परिहरोहिं भलाई ॥

एजन किष्किन्धाकाण्ड – ६/४

(४५) आढयो वापि दरिद्रो वा दुःखितः सुखितोऽपि वा।
निर्दोषो वा सदोषो वा वयस्यः परमा गतिः॥

वा.रा. किष्किन्धाकाण्ड – ८/८

(४६) सर्वथा सुकरं मित्रं दुष्करं प्रतिपालनम्।
अनित्यात्व चित्तान प्रीतिरल्पेऽपि भिद्यते॥

एजन किष्किन्धाकाण्ड – ३२/७

(४७) धर्मलोपो महांस्तावत्कृते ह्यप्रतिकुर्वतः।
अर्थलोपश्च मित्रस्य नाशे गुणवतो महान्॥

एजन किष्किन्धाकाण्ड – ३३/४७

(४८) ययोश्चित्तेन वा चित्तं निभृत्तं निभृतेन वा।
समेति प्रज्ञया प्रज्ञा तयोर्मैत्री न जीर्यति॥

विदूरनीति – ७/४७

(४९) न रामसश्चशो राजा पृथिव्यां नीतिमानभूत्।

शुक्राचार्य – ४/६/१३४६

(५०) मरणान्तानि वैराणि निर्वृत्तं नः प्रयोजनम्।
क्रियतामस्य संस्कारो ममाप्येष यथा तव॥

वा.रा. युद्धकाण्ड – १०९/२५

(५१) जासु राज प्रिय प्रजा दुखारी सो नृपु अवसि नरक अधिकारी॥

श्रीरामचरित मानस अयोत्त्याकाण्ड – ७०/३

(५२) सत्यमेवानृशंसं च राजवृत्तं सनातनम्।
तस्मात् सत्यात्मकं राज्यं सत्यं लोकः प्रतिष्ठितः॥
ऋषय ैव देवा सत्यमेव हि मेनिरे।
सत्यवादी हि लोकेऽस्मिन् परं गच्छति चाक्षयम्॥
उद्विजन्ते यथा सर्पान्नरादनृतवादिनः।
धर्म सत्यपरो लोके मूलं सर्वस्य चोच्यते॥
सत्यमेवेश्वरो लोके सत्ये धर्मः सदाश्रितः।

सत्यमूलानि सर्वाणि सत्यान्नास्ति परं पदम् ॥

वा.रा. अयोत्तम्राकाण्ड – १०९/१०, १३

(५३) नय विनय ोभौ यस्मिन् सत्यं च सुस्थितम् ।

विक्रम यथा श्रष्टः स राजा देशकालवित् ॥

एजन किष्किन्धाकाण्ड – १८/८

(५४) आर्यपुत्र पिता माता भ्राता पुत्रस्तथा स्नुषा ।

स्वानि पुण्यानि भुत्तम्रानाः स्वं स्वं भाग्यमुपासते ॥

भर्तुर्भाग्यं तु नार्येका प्राप्नोति पुरूषर्षभ ।

अत ैवाहमादिष्टा वने वस्तव्यमित्यपि ॥

एजन अयोत्तम्राकाण्ड – २७/४-५

(५५) अनुशिष्टास्मि मात्रा च पित्रा च विविधाश्रयम् ।

नास्मि सम्प्रति वक्तव्या वर्तितव्यं यथा मया ॥

एजन अयोत्तम्राकाण्ड – २७/१०

(५६) फलमूलाशना नित्यं भविष्यामि न संशयः ।

न ते दुःखं करिष्यामि निवसन्ती त्वया सदा ॥

वा.रा. अयोत्तम्राकाण्ड – २७/१६

(५७) अनन्यभावामनुरक्तचेतसं त्वया वियुक्तां मरणाय नि ताम् ।

नयस्व मां साधु कुरूष्व याचनां नातो मया ते गुरूता भविष्यति ॥

एजन अयोत्तम्राकाण्ड – २७/२३

(५८) वा.रा. अयोत्तम्राकाण्ड – २७/१३

(५९) यद्यप्येष भवेद् भर्ता अनार्यो वृत्तिवर्जितः ।

अद्वैधमत्र वर्तव्यं यथाप्येष मया भवेत् ॥

किं पुनर्यो गुणश्लात्तम्रः सानुक्रोशो जितेन्द्रियः ।

स्थिरानुरागो धर्मात्मा मातृवत्पितृवत्प्रियः ॥

एजन अयोत्ध्याकाण्ड – ११८/३–४

(६०) न पिता नात्मजो वात्मा न माता न सखीजनः ।
इह प्रेत्य च नारीणां पतिरेको गतिः सदा ॥

एजन अयोत्ध्याकाण्ड – २७/६

(६१) असंदेशातु रामस्य तपस ानुपालनात् ।
न त्वां कुर्मि दशग्रीव भस्म भस्मार्हतेजसा ॥

एजन सुंदरकाण्ड – २२/२०

(६२) यद्यस्ति पतिशुश्रूषा यद्यस्ति चरितं तपः ।
यदि वा त्वेकपत्नीत्वं शीतो भव हनूमतः ॥

एजन सुंदरकाण्ड – ५३/२७

(६३) यथा मे हृदयं नित्यं नापसर्पति राघवात् ।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥

एजन युद्धकाण्ड – ११६/२५

(६४) विशुद्धभावां निष्पापां प्रतिगृह्णीष्व मैथिलीम् ।
न किंचिदभिधातव्या अहमाज्ञापयामि ते ॥

एजन युद्धकाण्ड – ११८/१०

## (९) सावित्र्युपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભા. ૨, પૃ. ૨૩૯

(२) એજન, ભા. ૨, પૃ. ૨૫૮

(३) सावित्र्या प्रीतया दत्ता सावित्र्या हुतया ह्यपि ।
सावित्रीत्येव नामास्या कुर्विप्रास्तथा पिता ॥

महाभारत वनपर्व - २९३/२४

(४) एजन वनपर्व - २९३/३५

(५) एजन वनपर्व - २९४/२३

(६) सकृदंशो निपतति सकृत् कन्या प्रदीयते ।
सकृदाह ददानीति त्रीण्येतानि सकृत् सकृत् ॥
दीर्घायुरथवाल्पायुः सगुणो निर्गुणोऽपि वा ।
सकृद् वृतो मया भर्ता न द्वितीयं वृणोम्यहम् ॥

एजन वनपर्व - २९४/२६-२७

(७) वरातिसर्गः शतपुत्रता मम त्वषैव दत्तोहि्यते च मे पतिः ।
वरं वृणे जीवतु सत्यवानयं तवैव सत्यं वचनं भविष्यति ॥

एजन वनपर्व - २९७/५४

(८) History of Indian Lit., Vol. I, P. 399

(९) અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, શ્રીધર વર્ણેકર, પૃ. ૩૦

(१०) पुत्रि प्रदानकालस्ते न च क द् वृणोति माम्।
स्वयमन्विच्छ भर्तारं गुणैः सश्वशमात्मनः ॥

महाभारत वनपर्व – २९३/३२

(११) सत्यं वदत्यस्य पिता सत्यं माता प्रभाषते।
तथास्य ब्राह्मणा कुर्नामेतत् सत्यवानिति ॥

एजन वनपर्व – २९४/१२

(१२) बालस्याश्वाः प्रियाश्चास्य करोत्यश्वां मृन्मथान्।
चित्रेऽपि विलिखत्यश्वांि त्रा इति चोप्यते ॥

एजन वनपर्व – २९४/३

(१३) न देवो विद्यते काष्ठे न पाषाणे न मृण्मये।
भावेषु विद्यते दैवस्तस्मादभावो हि कारणम् ॥

चाणक्य नीति – ८/११

(१४) श्रद्धा हृदप्य याकूत्या श्रद्धया विन्दते वसु।

ऋग्वेद – १०/१५१/४

(१५) श्रद्धा विना धर्म नहिं होई। बिनु महि गंध कि पावइ कोई ॥
कवनिउ सिद्धि कि बिनु बिस्वासा। बिनु हरि भजन न भव भय नासा ॥

रामचरित मानस उत्तरकाण्ड–८९/४, ८

(१६) यथा देवा असुरेषु श्रद्धामुग्रेषु चक्रिरे।
एवं भोजेषु यज्वस्वस्माकं मुदितं कृधि ॥

ऋग्वेद – १०/१५१/३

(१७) सकृदंशो निपतति सकृत कन्या प्रदीयते।
सकृदाह ददानीति त्रीण्येतानि सकृत् सकृत् ॥
दीर्घायुरथवाल्पायुः सगुणो निर्गुणोऽपि वा।
सकृद वृतो मया भर्ता न द्वितीयं वृणोम्यहम् ॥

महाभारत वनपर्व – २९४/२६, २७

(१८) क ईप्सितार्थस्थिरनि यं मनः पय निम्नाभिमुखं प्रतीपयेत्।

कुमारसंभव – ५/५

(१९) चतुर्थेऽहनि मर्तव्यमिति संचिन्त्य भाविनी ।
व्रत त्रिरात्रमुश्चिश्य दिवारात्रं स्थिताभवत् ॥

एजन वनपर्व – २९६/३

(२०) धर्मशास्त्र का इतिहास, डॉ. पी.वी. काणे, भा. ४, पृ. ३५

(२१) एजन – भा. ४, पृ. ३८

(२२) श्रीमद् भगवद् गीता – १०/४१

(२३) विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।

एजन – १०/४२

(२४) पतिव्रतासि सावित्रि तथैव च तपोऽन्विता ।
अतस्त्वामभिभाषामि विद्धि मां त्वं शुभे यमम् ॥

महाभारत वनपर्व – २९४/१२

(२५) एजन वनपर्व – २९४/२१

(२६) सतां सकृत्संगतमीप्सितं परं ततः परं ततः परं मित्रमिति प्रचक्षते ।
न चाफलं सत्पुरूषेण सङ्गतं ततः सतां सन्निवसेत् समागमे ॥

एजन वनपर्व – २९७/३०

(२७) जाड्यं धियो हरति सित्त्वति वाचि सत्यं मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥

नीतिशतक – २०

(२८) एजन – ४३

(२९) वात्त्छा सज्जनसंगतौ परगुणै प्रीतिर्गुरौ नम्रता
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्भयम् ।
भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खलैरेते
येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो महद्भ्यो नमः ॥

एजन – ५२

(३०) नारिकेल समाकारा दृश्यन्ते खलु सज्जनाः ।

अन्ये बदरिकाकारा बहिरेव मनोहराः ॥

हितोपदेश मित्रलाभ – ९५

(३१) मूर्खो हि जल्पतां पुंसां श्रुत्वा वाचः शुभाशुभाः ।

अशुभं वाक्यमादत्ते पुरीषमिव सूकरः ॥

महाभारत आदिपर्व – ७४/९०

(३२) विद्यामदो धनमदस्तृतीयोऽभिजनो मदः ।

एत मदावलिप्तानामेत एव सतां दमाः ॥

महाभारत उद्योगपर्व – ३४/४४

(३३) महाभारत आदिपर्व – ७४/९१

(३४) गतिरात्मवतां सन्तः सन्त एव सतां गतिः ।

असतां च गतिः सन्तो न त्वसन्तः सतां गतिः ॥

एजन उद्योग पर्व – ३४/४६

(३५) याश्वशैः संनिवसति याश्वशां ोपसेवते ।

याश्वगिच्छेच्च भवितुं ताश्वग् भवति पुरुषः ।

महाभारत उद्योगपर्व – ४/१३

यदि सन्तं सेवति यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव ।

वासो यथा रंगवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ॥

एजन शान्तिपर्व – २९९/३२–३३

(३६) बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् ।

मघ्यमैर्मध्यतां याति श्रेष्ठतां याति चोत्तमैः ॥

एजन वनपर्व – १/३०

(३७) ततो दुःखसङ्गमुत्सृज्य सत्सु सश्वेत बुद्धिमान् ।

सन्त एतस्य छिन्दन्ति मनोव्यासङ्गमुक्तिभिः ॥

सन्तोऽनपेक्षया मत्चित्ताः प्रशान्ताः समदर्शिनः ।

निर्ममा निरहंकारा निर्द्वन्द्वा निष्परिग्रहाः ॥

श्रीमद् भागवत पुराण – ११/२६/२६–२७

(३८) तात स्वर्ग अपवर्ग सुख, धरिय तुला एक अंग।

तूल न ताहि सकल मिलि, जो सुख लव सतसंग॥

श्रीरामचरित मानस सुन्दरकाण्ड - ४

(३९) चाणक्य नीति - १२/७

(४०) देवो देवेभिरा गमत्।

ऋग्वेद - १/१/५

(४१) सत्संगः स्वर्गवासः।

चाणक्य सूत्र - ५१९

(४२) दूरे पूर्णेन वसति दूर ऊनेन हीयते।

महद्यक्षं भुवनस्य मध्ये तस्मै बलि राष्ट्रभृतोभरन्ति॥

अथर्ववेद - १०/८/१५

(४३) अव जहि यातुधानानव कृत्याकृतं जहि।

अथो यो अस्मान् दिप्सति तमु त्वं जघ्योसधे॥

एजन - ५/१४/२

(४४) महाभारत वनपर्व - २९७/३५

(४५) आत्मन्यपि न विश्वासस्तथा भवति सत्सु यः।

तस्मात् सत्सु विशेषेण सर्वः प्रणयमिच्छति॥

सोहृदात् सर्वभूतानां विश्वासे नाम जायते।

तस्मात् सत्सु विशेषेण विश्वासं कुरूते जनः॥

सतां सदा शाश्वतधर्मवृत्तिः सन्तो न सीदन्ति न च व्यथन्ति।

सतां सद्भिर्नाफलः सङ्गमोडस्ति सद्ल्यो भयं नानुवर्तन्ति सन्तः॥

सन्तो हि सत्येन नयन्ति सूर्यं सन्तो भूमिं तपसा धारयन्ति।

सन्तो गतिर्भूतभव्यस्य राजन् सतां मध्ये नावसीदन्ति सन्तः॥

न च प्रसादः सत्पुरुषेषु मोघो न चाप्यर्थो नश्यति नापि मानः।

यस्मादेतन्नियतं सत्सु नित्यं तस्मात् सन्तो रक्षितारो भवन्ति॥

महाभारत वनपर्व -

२९७/४२, ४३, ४७, ४८, ५०

(४६) एजन वनपर्व - २९७/५२

(४७) न कामये भर्तृविना कृता सुखं न कामये भर्तृविना कृता दिवम् ।
न कामये भर्तृविना कृता श्रियं न भर्तृहीना व्यवसामि जीवितुम् ॥

एजन वनपर्व - २९७/५३

(४८) ख्यातास्त्वन्नामधेया भविष्यन्तीह शाश्वताः ॥

एजन वनपर्व - २९७/५९

(४९) सकृदंशो निपतति सकृत् कन्या प्रदीयते ।
सकृदाह ददानीति त्रीण्येतानि सकृत् सकृत् ॥
दीर्घायुरथवाल्पायुः सगुणो निर्गुणोऽपि वा ।
सकृद् वृतो मया भर्ता न द्वितीयं वृणोम्यहम् ॥

(५०) महाभारत - भारतीय संस्कृति के नैतिक मूल्य

डॉ. जगत् नारायण दुबे, पृ. ४२९

(५१) History of Indian Lit., Vol. 1, P. 398-99

डॉ. विन्टर निर्टझ

(५२) भारत रत्न सज्जन-दुर्जन विवेक, पृ. ४६७

## પ્રકરણ – ૩

# ઉદ્યોગપર્વ, કર્ણપર્વ અને શલ્યપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

## ઉદ્યોગપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

ઉદ્યોગપર્વ મહાભારતનું મહત્ત્વનું પર્વ છે. તે અંતર્ગત વિદુરનીતિ સમાવિષ્ટ છે. ઉદ્યોગપર્વમાં યુદ્ધ પૂર્વેની કથા છે. શ્રીકૃષ્ણના દૂત પછી યુદ્ધ અનિવાર્ય હતું. તદ્અંતર્ગત માતા કુંતા યુધિષ્ઠિર વગેરેને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરે છે. ઉદ્યોગપર્વમાં મુખ્ય કહી શકાય તેવા આખ્યાનો અલ્પ છે. જે નીચે પ્રમાણે છે.

(१) **विदुलोपाख्यान पर्व – भगवद् ज्ञान पर्व, अध्याय १३३**

(२) **अम्बोपाख्यान पर्व – अध्याय १७३**

# (१) विदुलोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહાભારત અંતર્ગત ઉદ્યોગપર્વના ૧૩૩ મા અધ્યાયમાં નિરુપાયેલ છે.

શ્રીકૃષ્ણ દૂત બની કૌરવ સભામાંથી પરત આવતા માતા કુંતી પાસે ગયા ત્યાં યુધિષ્ઠિર તથા અન્ય પાંડવોને કુંતા જે સંદેશ આપે છે, તેને વિદુલા ઉપાખ્યાન કહે છે. જેવી રીતે વિદુલાએ પોતાના પુત્રને યુદ્ધ માટે પ્રોત્સાહિત કર્યો, માતા કુંતી પણ યુધિષ્ઠિરને યુદ્ધ કરવા પ્રોત્સાહિત કરતા, પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશના મતે વિદુલાનો ઉલ્લેખ –

વિદુલા સૌવીર દેશના રાજાની સ્ત્રી. [૧]

પૌરાણિક કથાકોશ માત્ર એક વિદુલા નામની વ્યકિતનો ઉલ્લેખ કરે છે.

મહાભારત પ્રમાણે ઉપાખ્યાન આ પ્રમાણે છે –

વિદુલા નામે પ્રસિદ્ધ ક્ષત્રિય સ્ત્રી હતી. એક દિવસ વિદુલાનો પુત્ર સિંધુરાજથી પરાજીત થઈ. દીનભાવથી ઘરે આવ્યો. વિદુલાએ પુત્રની આ દશા જોઈ પુત્રની નિંદા કરી.

તું મારો પુત્ર નથી. કારણ કે તું કાયર છે. તું નામ માત્રનો પુરુષ છે. યુદ્ધ માટે પ્રવૃત્ત થા. શત્રુથી પરાજીત થઈ, ઉદ્યોગશૂન્ય ન બન. આમ કરવાથી તું શત્રુઓને આનંદ આપી રહ્યો છે. માન–પ્રતિષ્ઠા વિહીન બની તારા બાંધવોને શોક આપી રહ્યો છે. [२]

યુદ્ધ માટે ઉત્સાહિત કરતા વિદુલા કહે છે –

**अलब्ध्वा यदि वा लब्ध्वा नानुशोचति पण्डितः ।**

**आनन्तर्यं चारभते न प्राणानां धनायते ॥**

અર્થાત્, વિદ્વાન્ પુરુષને અભિષ્ટ ફળની પ્રાપ્તિ થાય અથવા ન થાય તે તેના માટે શોક નથી કરતા. પરંતુ પ્રાણપર્યન્ત નિરંતર ચેષ્ટા કરે છે અને સ્વ માટે ધનની ઈચ્છા નથી કરતા. [३]

ધૈર્ય અને સ્વાભિમાની બની પુરુષાર્થને જાણી લે. તારે કારણે ડૂબેલા આ વંશનો ઉદ્ધાર કર. [४]

વિદુલા પુત્રને ક્ષત્રિય ધર્મ સમજાવે છે. ક્ષત્રિય ધર્મ છે, યુદ્ધ કરવું.

દરિદ્રતા અભિશાપ છે અને મૃત્યુ સમાન છે. કદાપિ નતમસ્તક ન થવું. [५]

આવા અનેક વચનો વિદુલાએ પુત્રને કહ્યા. અંતે પુત્ર યુદ્ધ માટે ઉદ્યત થયો.

મહાભારતમાં આવશ્યકતાનુસાર આખ્યાનો–ઉપાખ્યાનો રજૂ કર્યા છે, જેના દ્વારા સામાન્ય જન સમાજને કંઈક ઉપદેશ આપી શકે. આખ્યાનો–ઉપાખ્યાનોનો મૂળ ઉદ્દેશ ઉપદેશ આપવાનો છે. આખ્યાનો દ્વારા ઉજાગર થતી બાબતો દ્વારા બોધ મળી રહે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં ક્ષત્રિય ધર્મ રજૂ કર્યો છે.

**યુદ્ધ માટે પ્રોત્સાહિત :**

યુદ્ધ એ ક્ષત્રિયનો ધર્મ છે. યુદ્ધમાંથી પીછેહઠ તે કાયરતા છે. અત્રે વિદુલા પુત્રને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરે છે. વિદુલા કહે છે –

**यो हि तेजो यथाशक्ति न दर्शयति विक्रमात् ।**

**क्षत्रियो जीविताकांक्षी स्तेन इत्येव तं विदुः ॥**

અર્થાત્, જે ક્ષત્રિય જીવનના લોભથી યથાશકિત પરાક્રમ પ્રકટ કરી સ્વતેજનો પરિચય નથી આપતા, તેઓ ચોર સમાન છે. [६]

યુદ્ધ માટે પ્રોત્સાહિત કરવા માટે જ ભગવાન્ શ્રી કૃષ્ણે અર્જુનને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો.

અર્જુન પોતાના સગા–સંબંધીઓને યુદ્ધભૂમિમાં જોઈ યુદ્ધ ન કરવાનું કહે છે. તે સમયે ભગવાન્ શ્રીકૃષ્ણ યુદ્ધ તો ક્ષત્રિયનો ધર્મ છે અને વીર વ્યકિત યુદ્ધ દ્વારા જ પૃથ્વીને ભોગવે છે. ઈત્યાદિ ઉપદેશ આપતા

કહે છે, ''યુદ્ધમાં હાર અથવા જીત બંને ફળદાયી છે. કારણ કે જીતશે તો પૃથ્વીનું રાજય પ્રાપ્ત થશે અને પરાજિત થશે તો સ્વર્ગ પ્રાપ્તિ થાશે.'' [૭]

યુદ્ધમાં પીછેહઠ મૃત્યુ સમાન છે. યુદ્ધ તો સ્વર્ગદ્વાર સદશ ઉત્તમ ગતિ છે. [૮]

યુદ્ધભૂમિમાં મૃત્યુ થવું તે મૃત્યુ નથી. પરંતુ વીરગતિ છે. દુર્યોધન પણ આ ગતિને પામ્યો હતો. તેથી જ તે કહે છે, મારું મૃત્યુ થયું નથી. પરંતુ યુદ્ધ લડતા–લડતા મરાયો છું. મેં પીછેહઠ નથી કરી તેથી હું વીરગતિને પ્રાપ્ત થયો છું.

**ક્ષત્રિય ધર્મ :**

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોએ શાસ્ત્રમાં નિર્દિષ્ટ કર્મ કરવું જોઈએ.

ક્ષત્રિયનો ધર્મ છે, પૃથ્વીની રક્ષા કરવી અને યુદ્ધ કરવું. મનુષ્યએ સ્વકર્મથી પીછેહઠ કરવી ન જોઈએ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર 'સ્વધર્મમાં મૃત્યુ પણ કલ્યાણકારક છે, જયારે પરધર્મ ભયાનક છે.' [૯]

ક્ષત્રિય માટે યુદ્ધ એ જ કલ્યાણકારક કર્મ છે. કર્તવ્ય કર્મથી વિચલિત થયા વિના યુદ્ધ કરવું જોઈએ. [૧૦]

શૌર્ય, તેજ, ચતુરાઈ, યુદ્ધથી ન ડરવું, દાન અને ઈશ્વરભાવ એ ક્ષત્રિયના સ્વભાવથી થતા કર્મ છે. [૧૧]

વિદુલા પુત્રને ક્ષાત્રધર્મ સમજાવતા કહે છે –

**समृद्धिरसमृद्धिर्वा पूर्वेषां मम संजय ।**

**एवं विद्वान् युद्धमना भव मा प्रत्युपाहर ॥**

અર્થાત્, યુદ્ધમાં પૂર્વજોનો અથવા મારો લાભ હોય અથવા હાનિ યુદ્ધ કરવું ક્ષત્રિયનો ધર્મ છે. [૧૨]

**શત્રુવશીકરણના ઉપાય :**

શત્રુને વશ કરવા માટે વિદુલા પુત્રને ઉપાય દર્શાવતા કહે છે –

**तं विदित्वा पराक्रान्तं वशे न कुरूते यदि ।**

**निर्वादैर्निर्वदेयेनमन्ततस्तद् भविष्यति ॥**

અર્થાત્, શત્રુની અસમર્થતા જાણી તેને વશ ન કરી શકીએ તો વિશ્વસનીય દૂતો દ્વારા સામ એવં દાન નીતિનો પ્રયોગ કરી અનુકૂળ બનાવવો. જેથી તેનું વશીકરણ થઈ જાય. [૧૩]

અથર્વવેદમાં ૨/૧૨ **शत्रुनाशनम्** નામનું સૂક્ત છે. તેમાં શત્રુનો કેવી રીતે નાશ કરવો તે આઠ મંત્રમાં દર્શાવ્યું છે.

ઈન્દ્રને સ્તુતિ કરતાં કહ્યું છે કે શોક કરતા હૃદયથી તને બોલાવું છું. જેમ કુહાડીથી વૃક્ષ છેદાય તેમ તે મનુષ્યને કાપી નાખું કે જે અમારા આ સત્કર્મમાં લાગેલ મનને હણે છે. [૧૪]

ત્રણ–ત્રણ ઋચા, એંશી સામગાનોથી, બાર આદિત્યો, આઠ વસુઓ અને અંગિરાઓ સાથે જે દેવોને બોલાવ્યા છે, તે દેવો પિતૃઓ સાથે સંબંધ જોડીને આ અમે કરેલ કર્મોનું રક્ષણ કરે અને દૈવી ક્રોધથી હું તે શત્રુઓને નષ્ટ કરું છું. [૧૫]

અથર્વવેદ અનુસાર ઔષધિ–વનસ્પતિઓના છાલ, ચૂર્ણ, ઘનરસ ઈત્યાદિની બનાવેલી જડીબુટ્ટીઓને 'મણિ' નામ આપવામાં આવેલ છે. મંત્ર બ્રહ્મથી અભિમંત્રિત કરીને મણિને ધારણ કરવાની પ્રક્રિયા જોવા મળે છે. શરીર પર ધારણ કરવાથી તેના ઔષધીય ગુણોની અસર થાય છે. તે સાથે બ્રહ્મથી અભિમંત્રિત હોવાને કારણે તેમની જાદુઈ અસર પણ ચમત્કારિક હોય છે.

અભિવર્ત મણિ રાષ્ટ્રની વૃદ્ધિ અને શત્રુનો નાશ કરે છે.

વરણમણિ શત્રુનો નાશ કરે છે.

અનેક સૂક્તોમાં મણિધારણનો મહિમા વર્ણવ્યો છે.

રથ ચક્રનો બહારનો ભાગ પૃષ્ટિ હોય છે. તેને મણિના આકારે બનાવી તેની અંદર સીસું, લોઢું, તાંબુ કે ચાંદી વગેરેના તાર લઈ પરોવવો, તેને અભિવર્ત મણિ કહે છે. તેરસની તિથિ જેવા પર્વને દિવસે અભિવર્ત મણિ અભિમંત્રિત કરવો. રાજાના હાથે બાંધવો, જેથી શત્રુનો નાશ થાય છે.

આવા તો અનેક મણિનો ઉલ્લેખ કર્યો છે જેમ કે પ્રતિસર મણિ, વરણમણિ, ઈત્યાદિ.

**નિષ્કર્ષ :**

પરાક્રમ એ વીરનું આભૂષણ છે. તેથી નિરંતર પરાક્રમ કરતા રહેવું.

યુદ્ધ તો ક્ષત્રિયનો સ્વધર્મ છે. તેથી સ્વધર્મથી કેવી રીતે વિફળ થવું તે સૂચિત થાય છે.

પુરુષાર્થ કરનાર નિરંતર પ્રગતિ કરે છે અને બેસી રહેનારનું ભાગ્ય પણ બેસી રહે છે. તેથી જ શુનઃશેપાખ્યાનમાં કહ્યું છે કે **चराति चरतो भगः ।**

શત્રુ નાનો હોય કે મોટો, તેને ઉગતા જ પાડી દેવો જોઈએ. કારણ કે મોટો થતાં તે વિષ સમાન બની જાય છે. કારણ કે કોઈ દુશ્મન નાનો નથી હોતો.

પ્રસ્તુત આખ્યાન દ્વારા વીર માતાનો આદર્શ રજૂ થયો છે.

વિદુલા પુત્રને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરી ક્ષત્રિય સ્ત્રી તરીકેનો ધર્મ બજાવે છે.

## (२) अम्बोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહાભારત અંતર્ગત ઉદ્યોગપર્વના 'અમ્બોપાખ્યાન' નામના ૧૭૩ માં અધ્યાયમાં સમાવિષ્ટ છે.

કુરુક્ષેત્રના યુદ્ધ પૂર્વે ભીષ્મ દુર્યોધનને 'પાંચ પાંડવો અને શીખંડીને યુદ્ધમાં મારીશ નહીં' તે બાબત વર્ણવતા દુર્યોધન શીખંડીને ન હણવા પાછળનું કારણ પૂછતા ભીષ્મ પ્રસ્તુત આખ્યાન કહે છે.

શાસ્ત્રોમાં અનેક નામધારી 'અંબા' નામની વ્યકિત છે. પ્રસ્તુત આખ્યાન તેમાંથી કઈ અંબાનું આલેખન કરે છે તે જોઈએ તો –

પૌરાણિક કથાકોશ મુજબ –

(૧) અંબા – પાર્વતીનું એક નામ

(૨) અંબા – આદિશકિત જગત્‌ની જનેતા

(૩) અંબા – ચોસઠ જોગણીમાંની એક

(૪) અંબા – સત્યલોકની એક શ્રેષ્ઠ અપ્સરા

(૫) અંબા – કાશીરાજની ત્રણ કન્યાઓમાંની જયેષ્ઠ [૧]

પ્રસ્તુત આખ્યાન ક્રમ પાંચની અંબા નામની સ્ત્રીનો ઉલ્લેખ કરે છે.

મહાભારતની કથા અનુસાર કાશીરાજને અંબા, અંબિકા અને અંબાલિકા નામે ત્રણ કન્યા હતી. કાશીરાજે ત્રણે કન્યાને જે હરી જાય તે તેની સાથે વિવાહ કરે એવી શરત કરી સ્વયંવર યોજયો. ભીષ્મ વિચિત્રવીર્ય માટે ત્રણે કન્યાનું હરણ કરી ગયા.

પરંતુ જયેષ્ઠ પુત્રી અંબા શાલ્વને પસંદ કરતી હતી. તેથી તેમણે ભીષ્મને કહ્યું –

**मया शाल्वपतिः पूर्वं मनसाभिवृत्तो वरः ।**

**तेन चास्मि वृत्ता पूर्वं रहस्यविदिते पितुः ॥**

અર્થાત્ હું મનથી શાલ્વરાજને પતિ માની ચૂકી છું. [૨]

ભીષ્મએ તેને શાલ્વરાજ પાસે મોકલી દીધી. પરંતુ શાલ્વરાજે તેનો અસ્વીકાર કરતા કહ્યું –

**तामब्रवीच्छाल्वपतिः स्मयन्निव विशाम्यते ।**

**त्वयान्यपूर्वया नाहं भार्यार्थी वरवर्णिनि ॥**

અર્થાત્, તું પ્રથમ અન્યની થઈ ચૂકી છો. અતઃ તારા જેવી સાથે હું વિવાહ કરીશ નહીં. [૩]

આ કથન સાંભળી અંબા દુઃખી થઈ. શાલ્વરાજ પાસેથી પાછી ફરતા વિચારવા લાગી, ભાગ્યને કારણે જ મારા પર અન્યાય થયો છે. પરંતુ તેનું મુખ્ય કારણ ભીષ્મ છે.

આ પ્રમાણે અંબા ભીષ્મને પોતાનો શત્રુ માની તપસ્વી ઋષિના આશ્રમ પર પ્રવેશ કર્યો અને સ્વવૃતાંત કહી સંભળાવ્યો.

મહર્ષિઓએ અંબાને પિતાગૃહે જવા કહ્યું. કારણકે સ્ત્રી માટે પતિ અથવા પિતા જ આશ્રયરૂપ છે. [૪]

અંબા પિતૃગૃહે અપમાનિત થઈ રહેવા ઈચ્છતી નથી. તેથી આશ્રમ પર રહેવાનું વિચારે છે. અંબાના નાના હોત્રવાહને આશ્રમમાં નિવાસ કરવા સંમતિ આપી.

હોત્રવાહને પરશુરામ પાસે જવા કહ્યું, પરશુરામે ભીષ્મને અંબા સાથે વિવાહ કરવા કહ્યું. પરંતુ ભીષ્મની પ્રતિજ્ઞાને કારણે પરશુરામને ધર્મસંકટ ઉત્પન્ન થયું. અંતે પરશુરામે ભીષ્મ સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો.

પરશુરામ અને ભીષ્મ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અંતે પિતૃ, દેવતા અને ગંગાના આગ્રહને કારણે ભીષ્મએ યુદ્ધ સમાપ્ત કર્યું.

યુદ્ધને અતે પરશુરામે અંબાને જે યોગ્ય લાગે તે કરવા કહ્યું. અંબાએ પ્રતિજ્ઞા કરી કે –

**गमिष्यामि तु तत्राहं यत्र भीष्मं तपोधन ।**

**समरे पातयिष्यामि स्वयमेव भृगुद्वह ॥**

અર્થાત્, હું સ્વયં યુદ્ધ ભૂમિમાં ભીષ્મને પરાજીત કરીશ. [5]

અંબાએ રુદ્રની આરાધના કરી. રુદ્રએ પ્રસન્ન થઈ વરદાન માગવાનું કહેતા, અંબાએ ભીષ્મના મૃત્યુનું વરદાન માંગ્યું.

મહાદેવે કહ્યું, 'આ જન્મે તો આ વાત શકય નથી. પરંતુ પુનર્જન્મમાં તું દ્રુપદ રાજાને ત્યાં પુત્રીરૂપે અવતરીશ. અમુક સમય પશ્ચાત્ તને પુરુષત્વ પ્રાપ્ત થશે, ત્યારે તું ભીષ્મને હણી શકીશ.'

રુદ્રના વરદાન પ્રમાણે અંબાએ શિખંડીરૂપે જન્મ ધારણ કર્યો. મહાભારતના યુદ્ધમાં ભીષ્મ કહે છે, તે સ્ત્રી હોવાથી તેના પર હું શસ્ત્ર નહી ચલાવું.

મહાભારતમાં ઉલ્લિખિત આખ્યાનો–ઉપાખ્યાનો બોધાત્મક હોઈ ઉપર્યુકત આખ્યાનમાંથી નીચે પ્રમાણેના મુદ્દાઓ તારવી શકાય –

**રાક્ષસ વિવાહ :**

પૂર્વે વિવાહ વિષે ઉલ્લેખ થઈ ગયો છે. પરંતુ પ્રસ્તુત ઉપાખ્યાન રાક્ષસ વિવાહનો ઉલ્લેખ કરે છે. વિવાહ તે હિંદુ ધર્મનો એક મહત્ત્વનો સંસ્કાર છે. મનુસ્મૃતિમાં ભગવાન મનુએ વિવાહના આઠ પ્રકારનો ઉલ્લેખ કર્યો છે, તે આ પ્રમાણે છે. બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ વિવાહ છે. [6]

ક્ષત્રિય માટે આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ એ ચાર વિવાહ ધર્મયુકત છે.

ભીષ્મ પણ વિચિત્રવીર્ય માટે કાશીરાજની ત્રણ દુહિતાનું હરણ કરે છે, તે રાક્ષસ વિવાહનો પ્રકાર ગણી શકાય.

મનુસ્મૃતિ અનુસાર બળજબરીથી કન્યાનું અપહરણ થાય, તેને રાક્ષસ વિવાહ કહે છે. [7]

ક્ષત્રિય માટે રાક્ષસ વિવાહ યોગ્ય છે. આ પ્રકારમાં કન્યાની ઈચ્છા હોતી નથી. તેને અનિચ્છાએ હરી જવામાં આવે છે. આમ તે ગાંધર્વથી જુદો વિવાહ છે.

પ્રસ્તુત વિવાહ પ્રકાર દ્વારા મહાભારતકાલીન સમાજનું દર્શન થાય છે. તે સમયમાં રાજા કન્યાના વિવાહ માટે શરત મૂકતા અને શરતમાં જે જીતે તે કન્યા સાથે વિવાહ કરે. તેમાં યુદ્ધમાં પણ કન્યાને જીતાતી હતી.

દ્રૌપદી સ્વયંવર પણ શરતી સ્વયંવર હતો.

**ભાગ્ય :**

ભાગ્યથી અધિક કદાપિ પ્રાપ્ત થતું નથી. તેથી ભાગ્યને બળવાન્ કહ્યું છે.

સંસારના સુખ અને દુઃખ ભાગ્યજનિત છે. આથી દુઃખ આવે ત્યારે હતાશ ન થવું અને સુખ આવે ત્યારે અંહકારી ન થવું.

મનુષ્ય પુરુષાર્થ કરે છે પરંતુ ફળદાતા તો ભાગ્ય જ છે. સમુદ્ર મંથનમાં વિષ્ણુને લક્ષ્મી મળી તો શિવને ઝેર પ્રાપ્ત થયું.

પ્રત્યેક મનુષ્ય પોતાના ભાગ્યનો શિલ્પી છે. નસીબદાર મનુષ્યને સમુદ્રમાં ફેંકી દઈએ તો પણ તે મુખમાં મત્સ્ય લઈ બહાર આવશે.

નરસિંહ મહેતા કહે છે, ''જેહના ભાગ્યમાં જેહ સમયે જે હોય, તેહને તે સમયે તે પહોંચે.''

ઓશો રજનીશ કહે છે, ''જયાં પરિશ્રમ થાકી જાય છે, બુદ્ધિ કામ કરતી નથી, ત્યાંથી જ પ્રારબ્ધ શરૂ થાય છે.''

ભારતીય સંસ્કૃતિ અનુસાર ભાગ્ય અને કર્તવ્યમાં કોઈ અંતર નથી. બંને એકબીજાના પૂરક છે. પૂર્વજન્મના કર્તવ્ય કર્મ આ જન્મમાં ભાગ્ય બનીને અવતરીત થાય છે. પૂર્વજન્મમાં કરેલ સુકર્મ અથવા દુષ્કર્મથી ઉત્પન્ન પુણ્ય અથવા પાપ વર્તમાન જન્મમાં મનુષ્યના પ્રારબ્ધરૂપે પ્રકટે છે.

નીતિશતકમાં ભર્તૃહરિ કહે છે કે – રૂપ, કુળ, શીલ, વિદ્યા અને પ્રયત્નપૂર્વક કરેલી સેવા ફળતી નથી. પરંતુ પૂર્વેના તપથી જે ભાગ્ય એકઠા થાય છે તે સમય આવ્યે વૃક્ષો ફળે છે તેમ મનુષ્યને ફળ આપે છે. [૮]

વનમાં, રણમાં, શત્રુઓ, જળ અને અગ્નિમાં, મહાસાગરમાં કે પર્વતના શિખર પર શયન કરેલા, અસાવધ રહેલા કે વિષમ સ્થિતિમાં રહેલા હોય તો પણ પૂર્વે કરેલા પુણ્યો તેનું રક્ષણ કરે છે. [૯]

ગોસ્વામીજીએ કહ્યું છે કે –

**कर्म प्रधान विश्‍व कारि राखा ।**

**जो जस करइ सो तस फल चाखा ॥**

મનુષ્યના પ્રારબ્ધને દૂર કરવું અશકય છે. તેથી કહ્યું છે કે – **यत्पूर्वं विधिना ललाट लिखितं तन्मार्जितुं कः क्षमः ।**

અંબાનો શાલ્વએ અસ્વીકાર કરતા અંબા ભાગ્યને દોષ દેતા કહે છે,

**सर्वथा भागधेयानि खानि प्राप्नोति मानवः ।**

**अनयस्यास्य तु मुखं भीष्मः शान्तनवो मम ॥**

અર્થાત્, મનુષ્યના ભાગ્યમાં હોય તેટલું તેને પ્રાપ્ત થાય છે. [૧૦]

વાલ્મીકિ રામાયણમાં મહર્ષિ વાલ્મીકિ કહે છે કે, જે વિષયમાં કંઈ વિચારી ન શકાય, તેને ભાગ્ય કહે છે. [૧૧]

યોગવશિષ્ઠ પ્રમાણે પૂર્વકૃત સત્કર્મોના અતિરિકત ભાગ્ય અન્ય કંઈ નથી. [૧૨] સમય–સમય બળવાન્ છે. નહીં કે મનુષ્ય બળવાન્...

મત્સ્ય પુરાણ અનુસાર ભાગ્ય, પુરુષાર્થ અને કાળ ત્રણે સંયુકત થઈ મનુષ્યને ફળ આપે છે. [૧૩અ]

મિત્રલાભ પ્રમાણે ચંદ્ર અને સૂર્યને પણ ગ્રહની પીડા, સર્પ અને હાથીને પણ થતા બંધન તેમજ બુદ્ધિશાળીની દરિદ્રતા જોઈને અરે રે ! વિધિ બળવાન્ છે, એવો મારો નિર્ણય થયો છે. [૧૩બ]

પરાક્રમી પુરુષ લક્ષ્મી પ્રાપ્ત કરે છે. ભાગ્યથી પ્રાપ્ત થશે તેવું કાયર પુરુષ કહે છે. [૧૪]

**શત્રુતા :**

શત્રુતા હાનિકારક છે. અંબાએ ભીષ્મ સાથે વૈરભાવ રાખી માતામહ હોત્રવાહનની મદદથી પરશુરામ અને ભીષ્મ વચ્ચે યુદ્ધ કરાવ્યું. કારણ કે ભીષ્મએ અંબાનો ત્યાગ કર્યો હતો. આ ત્યાગ પાછળ ભીષ્મનો કોઈ ખરાબ હેતુ ન હતો. પરંતુ અંબાના કહેવાથી તેને શાલ્વરાજ પાસે મોકલી શાલ્વરાજે અંબાનો અસ્વીકાર કર્યો. તેથી અંબા તેમ માનવા લાગી કે ભીષ્મને કારણે જ શાલ્વએ પોતાનો અસ્વીકાર કર્યો. તેથી ભીષ્મ સાથે યુદ્ધ કરી ભીષ્મને પરાજીત કરવા.

મિત્રતા અને શત્રુતાના ભાવ તો વાદળા જેવા છે, જે પ્રત્યેક ક્ષણે પરિવર્તિત થયા કરે છે.

શત્રુતા સમોવડીયા સાથે કરાય. અત્રે પરશુરામ અને ભીષ્મ વચ્ચે ભયાનક યુદ્ધ થયું. બંને અન્યોન્યના સમોવડીયા હતા. ભીષ્મ પણ અજેય હતા અને પરશુરામે તો એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રિય કરી હતી. તેથી તેની શકિતનો તો પાર પામી શકાય તેમ નથી.

પ્રાયઃ યુદ્ધ બે રાજાઓ વચ્ચે થતું. પરંતુ અત્રે એક બ્રાહ્મણ અને ક્ષત્રિય વચ્ચે યુદ્ધ થયું છે.

બ્રાહ્મણ પણ સમય પ્રમાણે ક્ષત્રિયોચિત વ્યવહાર કરી શસ્ત્ર ઉઠાવી શકતા. આ વસ્તુ મહાભારતકાલીન સમાજને નિરુપે છે.

અંબામાં એટલી પ્રબળ શત્રુતા હતી કે તેમણે ભીષ્મનો વધ કરવા માટે ઉગ્ર તપશ્ચર્યા કરી સ્ત્રીરૂપે પુનર્જન્મ પ્રાપ્ત કરી શિવ પાસેથી ભીષ્મનો વધ કરવાનું વરદાન પ્રાપ્ત કર્યું.

કોઈ મનુષ્ય કોઈનો શત્રુ નથી કે મિત્ર નથી. પરિસ્થિતિ પ્રમાણે શત્રુ અને મિત્ર બને છે.

કાશીરાજ કન્યા અંબા પરશુરામને શરણે ગઈ. તેથી પરશુરામે તેને મદદ કરી. કારણકે શરણે આવેલાને મદદ કરવી તે મનુષ્યનો પ્રથમ ધર્મ છે.

**શરણાગત વત્સલતા :**

અંબા પરશુરામને શરણે આવી હતી. તેથી તેની રક્ષા કરવી, તે પરશુરામનું પ્રથમ કર્તવ્ય છે. કારણકે પરશુરામે પ્રતિજ્ઞા કરી હતી કે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બ્રાહ્મણ સાથે દ્વેષ કરશે તો તેનો વધ કરીશ. ભયભીત બની શરણે આવેલ શરણાર્થીનો ત્યાગ નહી કરું. [૧૫]

શરણાગત વત્સલતા માટે રાજા શિબિનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. તેમણે એક કબૂતરની રક્ષા કરવા માટે પોતાના સંપૂર્ણ શરીરનો ત્યાગ કર્યો. પરંતુ કબૂતર બાજને ન આપ્યું.

શરણાગતની રક્ષા પોતાના આત્માના ભોગે પણ કરવી જોઈએ.

ભાગવત પુરાણમાં શરણાગતની રક્ષાનું ઉદાહરણ ભરતમુનિનું ગણાવી શકાય. મૃગબાળ ભરતને શરણે આવ્યું અને ભરતે સર્વસ્વ ત્યાગી તેની સેવા કરી જેને કારણે પુનર્જન્મમાં તેને મૃગ બનવું પડયું.

હિતોપદેશમાં પણ એક કથા છે કે શરણે આવેલાને સહાય કરવી. કબૂતરોનો સમૂહ જાળમાં ફસાઈ ગયો અને તે જાળ કબૂતરના મિત્ર ઉંદર પાસે કાપવા ગયા ત્યારે કબૂતરે ઉંદરને કહ્યું, ''ડાહ્યા મનુષ્યે ધન અને જીવનનો પારકાને માટે ત્યાગ કરવો. કારણ કે વિનાશી જયારે અવશ્યંભાવિ છે ત્યારે સારા હેતુ માટે કરવામાં આવેલો ત્યાગ શ્રેષ્ઠ છે.'' [૧૬]

જે માનવ ભયભીત થઈ શરણે આવેલાને શત્રુના હાથમાં આપી દે છે, તેનું અન્ન ફળતું નથી. સમયસર વર્ષા થતી નથી તથા તેમને કોઈ રક્ષક મળતો નથી. તે જે અન્ન ગ્રહણ કરે છે, તે વ્યર્થ જાય છે. તેનો ઉદ્યમ નષ્ટ થાય છે. દેવતા તેના હવિષ્યનો સ્વીકાર કરતા નથી. તેના સંતાનો અનાવૃષ્ટિમાં મૃત્યુ પામે છે. પિતૃઓ નરકમાં નિવાસ કરે છે. ઈન્દ્ર આદિ દેવતા વજ્રનો પ્રહાર કરે છે. [૧૬બ]

અત્રે પરશુરામ પણ શરણે આવેલ અંબા માટે ભીષ્મ સાથે યુદ્ધ કરે છે.

**સ્વધર્મ :**

મનુષ્ય માટે સ્વધર્મ શ્રેષ્ઠ છે. સ્વધર્મનું આચરણ કરતા મૃત્યુ આવે તો તે પણ શ્રેષ્ઠ છે. પરંતુ અન્યનો ધર્મ ભયાનક છે, તેમ ગીતાકાર કહે છે. [૧૭]

ભીષ્મ ક્ષત્રિય ધર્મ વિશે કહે છે કે ભય, દયા, ધનલોભ તથા કામનાવશ ક્ષત્રિયધર્મનો ત્યાગ નહીં કરું, તે મારી પ્રતિજ્ઞા છે. [૧૮]

બ્રાહ્મણ પણ ક્ષત્રિયની માફક યુદ્ધ કરે તો તેનો જે વધ કરે છે, તેને બ્રહ્મ હત્યાનો દોષ લાગતો નથી. જેવા સાથે તેવો વર્તાવ કરનાર મનુષ્યને અધર્મ લાગતો નથી. [૧૯]

સ્વધર્મ વિશે ગુણવંત શાહ કહે છે, ''પોતાને ભાગે આવેલું, પોતે સ્વીકારેલું, અને પોતાને રોટલો રળી આપતું કામ કરવામાં જે મનુષ્ય ચોરી કરે છે, તે ગુનેગાર છે.''

સ્વધર્મ હીનકક્ષાનું હોય તો પણ આચરવું જોઈએ. સ્વધર્મમાંથી પીછેહઠ કરનાર પાપનો ભાગી બને છે.

ભીષ્મ પોતે કરેલ પ્રતિજ્ઞા માટે પરશુરામ સાથે યુદ્ધ કરવા તૈયાર થાય છે. પિતાને આપેલ વચન માટે તે અંબા સાથે વિવાહ કરતા નથી. ખરેખર તો ભીષ્મ અંબાનું અપહરણ વિચિત્રવીર્ય માટે જ કરે છે. પરંતુ અંબા ભીષ્મને તેનો સ્વીકાર કરવા કહે છે. ભીષ્મ અંબાનો સ્વીકાર ન કરતા પરશુરામ સાથે યુદ્ધ કરવા તૈયાર થયા.

**કઠોર તપ :**

તપ દ્વારા સર્વ કાર્ય સિદ્ધ કરી શકાય છે. અંબાએ કઠોર તપ આચરી, પુનર્જન્મ પ્રાપ્ત કરી, ભીષ્મના વધનું વરદાન મેળવ્યું. શિવે કહ્યું,

**द्रुपदस्य कुले जाता भविष्यसि महारथः ।**
**शीघ्रास्त्रं त्रयोधी च भविष्यसि सुसम्मतः ॥**

અર્થાત્, દ્રુપદ કુળમાં ઉત્પન્ન થઈ મહારથી બનીશ. શીઘ્રતાપૂર્વક અસ્ત્રકલામાં નિપુણ બનીશ અને તું શ્રેષ્ઠ યોદ્ધા બનીશ. [૨૦]

ભગવાન્ મનુ તપ વિશે કહે છે,

**यद् दुस्तरं यद् दुरापं यद् दुर्गं यच्च दुष्करम् ।**
**सर्वं तु तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥**

અર્થાત્, સર્વ કાર્ય તપ દ્વારા સંભવ થઈ શકે છે.

તપનો એવો મહિમા છે કે તેની શકિતનું ઉલ્લંઘન કરવું શકય નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર, વરુણ, અગ્નિ, પ્રજાપતિ, પૃથ્વી તે સર્વ દેવગણ તપસ્યાના બળ પર સંસાર અને તેના સંપૂર્ણ ક્રિયા કલાપને ધારણ કરે છે. આ વિષયમાં અથર્વવેદમાં કહ્યું છે કે, ‘સત્ય નિષ્ઠા, વિશાળ યથાર્થ બોધ, દક્ષતા, ક્ષાત્રતેજ, તપશ્ચર્યા, બ્રહ્મજ્ઞાન અને ત્યાગ બલિદાનના આ ભાવ ભૂમિ અથવા માતૃભૂમિનું પાલન પોષણ અને રક્ષણ કરે છે. ભૂતકાલીન અને ભવિષ્યમાં થનારા સર્વ જીવોનું પાલન કરનારી માતૃભૂમિ અમને વિશાળ સ્થાન આપે.’ [૨૧]

તપ વિના સુખની કલ્પના શકય નથી. સંસાર દુઃખમય છે. જરા મૃત્યુ આ જગત્‌ની પ્રકૃતિ છે. આ દુઃખથી મુકિત પામવાનો સચોટ ઉપાય તપ છે.

તપસ્યા દ્વારા વશિષ્ઠ, વિશ્વામિત્ર આદિ ઋષિઓએ વેદને ધારણ કર્યા. જેવી રીતે અગ્નિ ઇંધનને ભસ્મ કરી દે છે, તેવી રીતે વેદજ્ઞ પુરુષ જ્ઞાનરૂપી તપથી સંપૂર્ણ પાપોને નષ્ટ કરે છે. [૨૨]

તપસ્યા પર સર્વ વર્ણોનો સમાન અધિકાર છે. જીતેન્દ્રિય અને સંયમહીન વર્ણ માટે પણ તપનું વિધાન છે. તપ પ્રત્યેક વર્ણને સ્વર્ગમાર્ગમાં પ્રવૃત્ત કરે છે.

વિશ્વામિત્રે તપ દ્વારા મહર્ષિમાંથી બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કર્યું.

ધ્રુવે તપ દ્વારા શ્રી ભગવાન્ વિષ્ણુને પ્રસન્ન કર્યા. કૌશિક બ્રાહ્મણે તપ દ્વારા પક્ષીઓને જટામાં નિવાસ કરાવ્યો.

અથર્વવેદમાં કહ્યું છે કે તપ વિના આત્મોન્નતિ થતી નથી. [૨૩]

બ્રહ્મચર્ય તથા તપસ્યા દ્વારા દેવતાઓએ મૃત્યુને જીત્યું. તપ દ્વારા સર્વ સંભવ છે. તેથી તપસ્યાનું મહત્ત્વ સર્વાધિક છે. [૨૪]

બ્રહ્મપુરાણ પ્રમાણે તપસ્યાથી કંઈ દુર્લભ નથી. [૨૫]

કાદંબરીના મહાશ્વેતાવૃત્તાંતમાં કવિ બાણભટ્ટ કહે છે કે – **नास्ति खल्वसाध्यं नाम तपसाम् ।** અર્થાત્, તપસ્વીઓને કશું જ અસાધ્ય નથી. [૨૬]

મહાભારત મુજબ તપ વિના મનુષ્ય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. [૨૭]

**तपो मूलमिदं सर्वम् ।** અર્થાત્, તપસ્યા સર્વનું મૂળ છે. [૨૮]

અર્થ સંચયની અપેક્ષા તપ સંચય શ્રેષ્ઠ છે. [૨૯]

**નિષ્કર્ષ :**

મહાભારતકાલીન સમાજમાં રાક્ષસ વિવાહ પ્રચલિત હતા, તે ફલિત થાય છે.

ભાગ્યની બલવત્તતા દર્શાવી છે. શત્રુતા વધારવાથી વધે છે. તેનો અંત નથી. શરણે આવેલાને આત્માના ભોગે પણ ઉદ્ધાર કરવો તે સૂચિત થાય છે.

સ્વધર્મથી મહાન્ કોઈ કર્મ નથી, તે ફલિત થાય છે. તપને માટે કશું જ અસાધ્ય નથી. તપ દ્વારા સર્વ સિદ્ધ કરી શકાય છે, તે સૂચિત થાય છે. અંબા પુર્નજન્મમાં દ્રુપદ કુમાર શિખંડી પુરુષરૂપે જન્મ્યો અને પછી સ્ત્રી થયો.

આ બાબતને આધુનિક વિજ્ઞાન સાથે સરખાવી શકાય. આધુનિક વિજ્ઞાન પ્રમાણે સ્ત્રીના, પુરુષના અંગોપાંગ જે–તે જાતિને લગતા હોય તો શસ્ત્રક્રિયા દ્વારા સંપૂર્ણ સ્ત્રી કે સંપૂર્ણ પુરુષ બની શકે છે. જો કે મહાભારતકારે દૈવી તત્ત્વ જોડી દીધેલ છે.

શ્રીમદ્ ભાગવત તથા પદ્મપુરાણમાં એક અન્ય કથા છે. રાજકુમાર સુદ્યુમ્ન પુરુષમાંથી સ્ત્રી બન્યો અને તેના ગર્ભમાંથી પુરુરવા નામનો પુત્ર ઉત્પન્ન થયો.

# કર્ણપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

કર્ણપર્વ મહાભારતનાં આઠમા પર્વનું નામ છે. કર્ણપર્વ અંતર્ગત કુરુક્ષેત્ર યુદ્ધ દરમિયાન કૌરવ પક્ષના સેનાપતિમાં પ્રથમ ભીષ્મ હણાયા. તદ્પશ્ચાત્ દ્રૌણ સેનાપતિ બન્યા. દ્રૌણના વધ પશ્ચાત્ કર્ણ સેનાપતિ બન્યો. કર્ણના સેનાપતિ પદે થયેલા ભયાનક યુદ્ધનું વર્ણન આ પર્વમાં છે. યુદ્ધ વર્ણનના અતિરેકને કારણે આખ્યાનોનું પ્રમાણ નહિવત્ છે. કર્ણપર્વમાં મુખ્ય કહી શકાય તેવું માત્ર એક જ ઉપાખ્યાન છે, જે આ પ્રમાણે છે –

(૧) **हंसकाकीयोपाख्यान – कर्णपर्व – अ. ४१**

## (३) हंसकाकीयोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન ભગવાન્ વેદ વ્યાસ રચિત મહાભારતના કર્ણપર્વ અંતર્ગત હંસકાકીયોપાખ્યાન નામના ૪૧ મા અધ્યાયમાં વર્ણવેલ છે.

યુદ્ધ ભૂમિ પર કર્ણને નિરુત્સાહિત કરવા અને કર્ણ અર્જુનની તુલનામાં ઘણો નીચો છે તેવું સાબિત કરવા શલ્ય પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

સમુદ્ર તટ પર એક મહાન્ ધનવાન્ યજ્ઞયાગાદિ કરનાર, દાનપતિ, ક્ષમાશીલ, વર્ણાનુકુલ કર્મમાં તત્પર, પવિત્ર, સંતાનપ્રેમી, દયાળુ વૈશ્ય નિવાસ કરતો હતો. તેની જૂઠન ખાનાર એક કાગડો પણ ત્યાં રહેતો હતો.

તે કાગડો ધનપતિની જૂઠન ખાઈને ઘમંડી થઈ ગયો. તેથી તે તેનાથી શ્રેષ્ઠ પક્ષીઓનું અપમાન કરતો.

એક દિવસ તે સમુદ્ર તટ પર માન સરોવર નિવાસી હંસ આવ્યા.

હંસોને જોઈ વૈશ્ય કુમારોએ કાગડાની પ્રશંસા કરી અને કાગડાને હંસ પાસે મોકલ્યો. કાગડાએ હંસ પાસે જઈને ગર્વપૂર્વક કહ્યું, 'ચાલો ઉડીએ.'

આ સાંભળી હંસ હાસ્યપૂર્વક કહેવા લાગ્યા,

**वयं हंसाश्चरामेमां पृथिवीं मानसौकसः ।**

**पक्षिणां च वयं नित्यं दूरपातेन पूजिताः ॥**

અર્થાત્, અમે માનસરોવર નિવાસી હંસ છીએ, અમે ઉડવામાં સર્વ પક્ષીથી શ્રેષ્ઠ છીએ. [૧]

હંસે કાગડાનો ઉપાલંભ કરતા આવા વાકયો કહ્યા.

કાગડાએ આવો ઉપાલંભ સાંભળી હંસને ગર્વપૂર્વક કહ્યું, ''હું એકસો એક પ્રકારની ઉડાન ઉડી શકું છું અને પ્રત્યેક ઉડાન સો–સો યોજનની હોય તે સર્વ વિભિન્ન પ્રકારની અને વિચિત્ર છે.'' [૨]

એમ કહી કેટલીક ઉડાનોના નામ કહી અલગ–અલગ ઉડાન કહી હંસને ઉડવા માટે આમંત્રણ આપ્યું.

કાગડાની આવી ગર્વોકિત સાંભળી હંસે નમ્રતાથી કહ્યું, ''હું તો એક જ ઉડાન જે સમગ્ર પક્ષી ઉડે છે તે જાણું છું.''

હંસની આવી વાત સાંભળી અન્ય કાગડા પણ હસવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે આ હંસ કાગડા સાથે કેવી રીતે હોડ કરી શકે ?

અંતે હંસ અને કાગડા વચ્ચે ઉડાનની હોડ થઈ. કાગડો હંસનો ઉપહાસ કરતો ઉડતો હતો. ઉડતો–ઉડતો ભિન્ન–ભિન્ન ઉડાન બતાવવા લાગ્યો.

અંતે કાગડો થાક લાગતા વિચારવા લાગ્યો. ''આ સમુદ્ર પર હું કયાં ઉતરાણ કરીશ ?''

હંસે આ જોયું અને કાગડાને પૂછયું, ''તારી એકસો એક ઉડાનમાંથી આ કયા પ્રકારની ઉડાન છે ?''

કાગડો કહેવા લાગ્યો –

**वयं काकाः कुतो नाम चरामः काकवाशिकाः ।**

**हंस प्राणैः प्रपद्ये त्वामुदकान्तं नयस्व माम् ॥**

અર્થાત્, હું પ્રાણ સાથે આપની શરણમાં આવ્યો છું. તું મને સમુદ્ર તટ પર પહોંચાડી દે. [૩]

અચેત કાગડાને હંસે પીઠ પર બેસાડી દ્વીપ પર પહોંચાડયો અને કાગડો અભિમાન છોડી શાંત થઈ ગયો.

મહાભારત આખ્યાનો–ઉપાખ્યાનોનો ખજાનો છે. આ ખજાના દ્વારા મહર્ષિ વેદ વ્યાસ કંઈક ઉપદેશ આપવા ઈચ્છે છે. પ્રત્યેક કથામાંથી કંઈક બોધ પ્રાપ્ત થતો હોય છે, જે બોધ સામાન્યજન સમાજ સુધી પહોંચે, જેથી માનવને જીવન જીવવાનું બળ મળી રહે છે. પ્રસ્તુત ઉપાખ્યાનમાંથી પણ અનેક બાબતો ઉજાગર થાય છે. તેને ક્રમશઃ જોઈએ તો –

**અહંકાર :**

શલ્ય રાજા કર્ણને કાગડા સાથે અને અર્જુનને હંસ સાથે સરખાવે છે. જેવી રીતે હંસ પાસે કાગડાનું ગર્વખંડન થયું તેવી રીતે અર્જુન પાસે કર્ણના અભિમાનના ચૂરેચૂરા થઈ જશે. કાગડો સામાન્ય પક્ષી છે. જ્યારે હંસ રાજહંસ છે. કર્ણ સૂતપુત્ર છે, જ્યારે અર્જુન હસ્તિનાપુરનો રાજકુમાર છે. જેમ મિત્રતા સમોવડિયા વચ્ચે શકય છે, તેમ યુદ્ધ પણ સમોવડિયા વચ્ચે જ થવું જોઈએ. અર્જુન શ્રેષ્ઠ ધનુર્ધર છે. કર્ણ ઉત્તમ બાણાવળી છે, પરંતુ નિમ્ન જાતિનો છે. જેથી બંનેનું સામ્ય શકય નથી.

ગર્વ કરનાર માનવીની હાર થાય છે. તેથી કોઈપણ બાબતનું ગર્વ ન કરવું જોઈએ.

સિડની સ્મિથ કહે છે કે, ''અભિમાન કરનાર માનવીનું પતન નિશ્ચિત હોય છે.''

સ્વામી વિવેકાનંદ કહે છે કે, ''જો તમારામાં અહંકાર નથી, તો કોઈ પુસ્તક વાંચ્યા વિના અથવા કોઈ મંદિરમાં ગયા વિના જ તમે મોક્ષ પામશો.''

અભિમાનથી માનવી ફૂલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી.

કાગડાએ પણ હંસ પાસે અભિમાન કરી તેની એકસો એક ઉડાન વર્ણવી અને તે અભિમાનને કારણે જ તેનો પરાજય થયો. ધનવાન્ વૈશ્યની જૂઠન ખાઈને તેનામાં અભિમાન આવી ગયું અને તે પોતાની જાતને સર્વશ્રેષ્ઠ માનવા લાગ્યો.

કર્ણની પણ તેના જેવી જ સ્થિતિ છે. કર્ણ દુર્યોધનના બળે અભિમાન કરતો હતો. દુર્યોધને કર્ણને અંગ દેશનો રાજા બનાવ્યો અને તે કાગડાની જેમ એમ માનવા લાગ્યો કે પોતે રાજહંસ સમાન અર્જુનથી પણ શ્રેષ્ઠ છે.

કાગડાએ નમ્રતાપૂર્વક હંસને કહ્યું, ''હું જૂઠન ખાઈને ગર્વયુકત થઈ ગયો હતો. અન્ય પક્ષીઓનો તિરસ્કાર કરતો મારી જાતને ગરુડ સમાન માનવા લાગ્યો.'' [૪]

અહંકારથી મહાન્ કોઈ શત્રુ નથી એમ ચાણકય સૂત્ર નોંધે છે. [૫]

મહાભારતકાર કહે છે, અભિમાન સર્વ વસ્તુનો નાશ કરે છે.

અભિમાનને કારણે દશાનન રાવણનો શ્રીરામે વધ કર્યો. અભિમાનને કારણે દુર્યોધન પાંડવોથી પરાજીત થયો.

શ્રીરામ ચરિત માનસમાં કહ્યું છે કે – **प्रीति प्रनथ बिनु मद ते गुनी ।** અર્થાત્, નમ્રતા વિના પ્રેમ અને અહંકારથી ગુણવાન્ મનુષ્ય શીઘ્ર નાશ પામે છે. [૬]

શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર પોતાની જાતને મોટો માનવાવાળો અભિમાની, ધન, માન, મદયુકત દંભથી અવિધિપૂર્વક નામ માત્રના યજ્ઞો દ્વારા યજન કરે છે. [૭]

ગીતાકાર તેને આસુરી યોનિવાળા કહે છે, ગર્વિષ્ઠ વ્યકિતને વારંવાર સંસારમાં આવવું પડે છે.

દેવોના દર્પનો ભંગ કરવા ઈશ્વર અલગ–અલગ રૂપ ધારણ કરે છે. આવી જ એક બ્રહ્માના દર્પભંગની કથા શ્રીમદ્ ભાગવત, બ્રહ્મ વૈવર્ત પુરાણ, શિવપુરાણ, સ્કન્દ પુરાણ આદિ પુરાણોમાં વિભિન્ન રૂપે પ્રાપ્ત થાય છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કૃષ્ણ જન્મખંડના ૧૪૮ મા અધ્યાયમાં બ્રહ્માના ગર્વભંજનની અનેક કથાઓ છે. એક તો તેમાં બ્રહ્માના સ્વરૂપની વિશિષ્ટ કથા છે. તે કથા મુજબ –

એકવાર સ્વર્ગની અપ્સરા મોહિની બ્રહ્માજી પર આસકત થઈ અને તેની સમીપ જઈ પ્રેમદાનની યાચના કરવા લાગી. નિર્વિકારી બ્રહ્મા તે અપ્સરાને જ્ઞાનનો ઉપદેશ આપવા લાગ્યા. પરંતુ અપ્સરાએ તેને ધ્યાનમાં ન લીધો. બ્રહ્માજીએ ઈશ્વર સ્મરણ કર્યું. જેથી સપ્તર્ષિગણ આવી પહોંચ્યા. બ્રહ્માજીને તેની ક્રિયા, ભકિત તથા શકિતનું ગર્વ થઈ ગયું. ઋષિઓએ મોહિનીનું એકાસન પર બેસવાનું કારણ પૂછયું ત્યારે બ્રહ્માજીએ ગર્વપૂર્વક કહ્યું, તે નૃત્ય કરતા થાકી પુત્રીભાવથી મારા આસન પર બેસી ગઈ.

આ સાંભળી મોહિની ક્રોધિત થઈ શાપ આપવા લાગી, તને તારી નિષ્કામતા પર ગર્વ છે અને મારો ઉપહાસ કર્યો તેથી સંસારમાં તારી કોઈ પૂજા કરશે નહીં અને તારો ગર્વ પણ નષ્ટ થશે.

બ્રહ્માજી પશ્ચાત્તાપ કરતા વૈકુંઠમાં ભગવાન્ જનાર્દન પાસે ગયા. તે પોતાની ગાથા કહી રહ્યા હતા. ત્યાં દ્વારપાળે કહ્યું, અષ્ટમુખ બ્રહ્મા દ્વાર પર પધાર્યા છે. અષ્ટમુખ બ્રહ્માએ વિષ્ણુની સ્તુતિ કરી, ચતુરાનન બ્રહ્માને અષ્ટાનન બ્રહ્મા પાસે પોતાની વિદ્યા, બુદ્ધિ શકિત, ભકિત સર્વ નગણ્ય લાગ્યું. અષ્ટાનન બ્રહ્માના ગમન પશ્ચાત્ ષોડશમુખ બ્રહ્મા આવ્યા તેઓ પણ ઈશ્વરની સ્તુતિ કરી ચાલવા લાગ્યા. આ પ્રમાણે સહસ્ર મુખ બ્રહ્મા સુધી આવી ઈશ્વરની સ્તુતિ કરી ચાલતા થયા. તેની યોગ્યતા અને નિરાભિમાનીતા જોઈ બ્રહ્માના ગર્વનું ખંડન થઈ ગયું. તદ્પશ્ચાત્ ભગવાને ગંગા સ્નાન કરાવી તેના ગર્વજનિત પાપની શાંતિ કરાવી.

આવી જ દેવોના ગર્વ ખંડનની કથા કેનોપનિષદ્માં ઉમા–હૈમવતી આખ્યાન સ્વરૂપે વર્ણવેલ છે. તે કથા પ્રમાણે દેવાસુર સંગ્રામ થયો અને તેમાં દૈવવશાત્ દેવોનો વિજય થયો. આથી સર્વ દેવો અભિમાન કરવા લાગ્યા અને એકમાત્ર પ્રભુની કૃપાની વિસ્મૃતિ થઈ ગઈ. આ દેવતાનો દર્પભંગ કરવા બ્રહ્મ એક અદ્ભુત યક્ષરૂપે તેની સામે પ્રકટ થયા.

દેવોએ આ યક્ષની જાણકારી પ્રાપ્ત કરવા અગ્નિદેવને મોકલ્યા. સમસ્ત લોકને ભસ્મ કરવા સક્ષમ અગ્નિ દેવ એક તૃણને બાળી શકયા નહીં. પરાસ્ત થઈ અગ્નિદેવ પાછા ફર્યા.

તદ્નન્તર સર્વ સંમતિથી વાયુદેવ યક્ષ પાસે ગયા. તે પણ તેની શકિતથી પરાભવ પામી પાછા ફર્યા.

અંતે સર્વ દેવતાઓએ ઈન્દ્રને મોકલ્યા. ઈન્દ્રના પહોંચ્યા પહેલા યક્ષ અન્તર્ધાન થઈ ગયા અને ઈન્દ્ર સમક્ષ સાક્ષાત્ ઉમાદેવી પ્રકટ થયા અને કહ્યું, તે યક્ષ પ્રસિદ્ધ પરબ્રહ્મ પરમેશ્વર હતા. તેની કૃપાથી અસુર પરાજીત થયા છે. આપ તો કેવળ નિમિત્ત માત્ર છો. તે માત્ર આપનો મિથ્યા અહંકાર છે. આપની ભ્રાન્તિને દૂર કરવા પરમેશ્વર યક્ષરૂપે પ્રકટ થયા હતા. આપને વિશ્વમાં જે પરાક્રમ, બળ, વિદ્યા, તપ, તેજ એવં ઓજ પ્રાપ્ત થયું છે તે ઈશ્વરની લીલા છે. આ સંસારના કેન્દ્રમાં સચ્ચિદાનંદ પરમેશ્વર છે. મનુષ્યનો અહંકાર મિથ્યા છે.

ઉમાના આ વચનો સાંભળી દેવતાને તેની ભૂલ સમજાઈ અને સર્વ દેવતાના ગર્વનું ખંડન થયું.

વર્તમાન યુગમાં પણ માનવી વધુને વધુ અહંકારી બનતો જાય છે અને તેના અહંકારના મદમાં તે યોગ્યાયોગ્યનો વિવેક ખોઈ બેસે છે અને અંતે મૂર્ખાઈ ભરેલું કાર્ય કરે છે.

મૂર્ખ અને મડદું આ બંને પોતાના વિચારો બદલી શકતા નથી.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં કાગડો ગર્વમાં એટલો અંધ થઈ ગયો હતો કે હંસ સાથે હોડમાં ઉતર્યો અને અંતે પરાજીત થયો. સ્પર્ધા સમાન વચ્ચે હોય. અહી હંસ બુદ્ધિમાન્ અને કાગડો મૂર્ખતાનું પ્રતીક છે.

નીતિશતકમાં કહ્યું છે કે, ''પ્રયત્નપૂર્વક પીસીને કોઈ વ્યકિત રેતીમાંથી તેલ મેળવી શકે, તો કોઈ તૃષાતુર મૃગજળમાંથી પાણી પી શકે. કયારેક સસલાનું શીગડું પણ મેળવી શકે. પરંતુ મૂર્ખ માનવીના મનને મનાવી શકાય નહી.'' [૮]

શાસ્ત્રોમાં સર્વનું ઔષધ બતાવ્યું છે, પણ મૂર્ખતાનું કોઈ ઔષધ નથી. [૯]

અજ્ઞાનીને સહેલાઈથી સમજાવી શકાય, વિશેષ જાણકારને વધારે સહેલાઈથી સમજાવી શકાય, પરંતુ અલ્પજ્ઞાનીને બ્રહ્મા પણ સમજાવી શકતા નથી. [૧૦]

આવા દુરાગ્રહી માનવીને સમજાવવા તે મુશ્કેલ નહીં, પરંતુ અસંભવ છે. થોડું જાણી વધારે અભિમાન કરતા જડ મૂર્ખને સમજાવવો કઠીન છે.

મૂર્ખ માનવી ઉપદેશના વચનો સમજતો નથી. ઉલટાનું કયારેક ઉપદેશ તેને વધારે વિકૃત બનાવે છે. ઉપદેશના વચનો મૂર્ખાઓને પ્રકોપનું કારણ બને છે, શાંતિનું નહીં. સર્પોને દૂધ પીવડાવવામાં આવે તો કેવળ ઝેર જ વધે છે.

મૂર્ખતા અજ્ઞાનને કારણે આવે છે. અજ્ઞાનથી અભિમાન આવે છે અને અભિમાનને કારણે સજ્જનનો સંગ કે વિદ્વાનોની વાતો પસંદ પડતી નથી. મૂર્ખ માનવી પોતે માની લીધેલ વિચારને જ જ્ઞાન સમજે છે અને આવા અધકચરા જ્ઞાનથી હાથીની જેમ મદાન્ધ બની જાય છે. A Little knowledge is a

dangerous thing. (અલ્પજ્ઞાન એ બહું જ ભયાનક વસ્તુ છે.) એવી કહેવત છે અને મુસીબત એ છે કે આવો અલ્પજ્ઞાની પોતાની જાતને મહાજ્ઞાની સમજવા લાગે છે.

મૂર્ખ માનવી પોતે માની લીધેલા વિચારો અને પોતાની સાવ ક્ષુદ્ર બાબતોમાં જ રમમાણ રહેતો હોય છે. જેમ શ્વાન્ સૂકું અને દુર્ગંધ મારતું હાડકું પણ અત્યંત રસથી ચાટતો હોય ત્યારે બાજુમાં સ્વર્ગનો આધિપતિ ઈન્દ્ર આવીને ઊભો રહે તો પણ તેની દરકાર કરતો નથી. આવા વિવેકના અભાવમાં મૂર્ખ માનવી અસત્યને સત્ય, અધર્મને ધર્મ, ખરાબને સારું માનતો થઈ જાય છે.

વિદ્વાનોની સભામાં મૂર્ખ ત્યાં સુધી શોભે છે, જયાં સુધી તે મૌન રહે છે. એની મૂર્ખતા, જડતા અને અવિવેકને ઢાંકી રાખનારું એ મૌન સોહામણું ઢાંકણું છે. મૂર્ખનું એ હિત કરનારું છે. વળી તે પોતાને સ્વાધીન છે. મૂર્ખ બીજુ કાંઈ ન કરે અને વિધાતાએ આપેલા વરદાનના જેવું મૌન ધારણ કરીને બેસી રહે તો પણ શોભે છે.

મહાભારતમાં મૂર્ખ મનુષ્ય વિષે ભગવાન્ શ્રી વેદ વ્યાસ કહે છે – **अबुद्धसेवनाच्चापि बुद्धोप्यबुद्धतां व्रजेत् ।** અર્થાત્, મૂર્ખનો સંગ કરવાથી બુદ્ધિમાન્ પણ મૂર્ખ બને છે. [૧૧]

મહાભારતકાર ઉદ્યોગપર્વમાં મૂર્ખના લક્ષણો વર્ણવતા કહે છે, ''જ્ઞાન વિના ગર્વ કરનાર દરિદ્ર હોવા છતાં મોટા મનોરથ કરનાર, કર્મ વિના ધન પ્રાપ્ત કરનાર મનુષ્યને પંડિત મૂર્ખ કહે છે.'' [૧૨]

જે વર્તમાનમાં પ્રાપ્ત થનાર ધનને છોડીને ભવિષ્યમાં અધિક ધનની લાલચ કરે છે, તે મહામૂર્ખ છે. [૧૩]

**સજ્જન–દુર્જન :**

સજ્જન વ્યકિત હંસ જેવી અને દુર્જન વ્યકિત કાગડા જેવી હોય છે.

સજ્જન વ્યકિતની પ્રશંસા કરતા મહાભારતના આદિપર્વમાં મહર્ષિ ભગવાન્ વેદ વ્યાસ પોતાનું મંતવ્ય આપતા કહે છે કે – મૂર્ખ મનુષ્ય પરસ્પર વાર્તાલાપ કરી અન્યની ભલીબૂરી વાતો સાંભળી ખરાબ વાતો જ ગ્રહણ કરે છે. જેવી રીતે સુવર અન્ય ભોજન ત્યજીને વિષ્ટાનો આહાર કરે છે. પરંતુ વિદ્વાન પુરુષ હંસની માફક પાણીમાંથી દૂધ ગ્રહણ કરી શુભ–અશુભ વાણીમાંથી ગુણવાળા વાકયનું ગ્રહણ કરે છે. [૧૪]

શ્રીરામચરિત માનસમાં સંતશ્રી તુલસીદાસ કહે છે કે – કિરતારે જડ–ચેતન વિશ્વને ગુણ દોષમય રચ્યું છે. તેમાં સંતરૂપી હંસ દોષરૂપી જળ ત્યજીને ગુણરૂપી દૂધ ગ્રહણ કરે છે. [૧૫]

શકુન્તલા દુષ્યન્તના દોષ નિરુપણ કરતા દુષ્યંતને દુર્જન કહી આ પ્રમાણે કહે છે. બીજાની નિંદા કરતા સજ્જનને જેમ પરિતાપ થાય એમ બીજાની નિંદા કરતા દુર્જન સંતુષ્ટ થાય છે. [૧૬]

વૃદ્ધોનું અભિવાદન કરીને જેમ સજ્જનો શાંત થાય છે, એમ સજ્જનની નિંદા કરીને મૂર્ખ શાંત થાય છે. પોતાના દોષ નહીં જોનારા અને પારકાના દોષને જોનારા મૂર્ખાઓ શાંતિથી જીવે છે અને બીજાઓ જે કાર્યમાં મૂર્ખાને અયોગ્ય ગણે છે તે કાર્ય માટે મૂર્ખાઓ સજ્જનોને અયોગ્ય ગણે છે. આ વિશ્વમાં આના જેવું હાસ્યાસ્પદ એકેય નથી કે જયાં દુર્જન બીજાને દુર્જન કહે છે, અને પોતાને સજ્જન કહે છે. સત્યધર્મથી ચ્યુત થયેલા માનવીથી નાસ્તિક પણ કોપેલા ઝેરી સાપથી ડરે, એમ ડરે છે તો આસ્તિક માણસનું તો કહેવું જ શું ? [૧૭]

મહાભારતના સાવિત્રી ઉપાખ્યાનમાં સાવિત્રી–યમ સંવાદમાં સજ્જનની પ્રશંસા કરતા મહાભારતકાર કહે છે કે, ''મનુષ્યને જેવો સજ્જનમાં વિશ્વાસ હોય તેવો પોતાનામાં પણ હોતો નથી. તેથી સર્વ મનુષ્યો સજ્જન સાથે પ્રીતિ ઈચ્છે છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે સુહ્રદ્ભાવથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે માટે મનુષ્યો સજ્જનોનો વિશ્વાસ કરે છે. સજ્જનો સદૈવ શાશ્વતી ધર્મવૃત્તિવાળા હોય છે. સજ્જનો વ્યથિત કે દુઃખી થતા નથી. સજ્જનોનો સજ્જનો સાથેનો સમાગમ અફળ થતો નથી. સજ્જનથી સજ્જનને ભય થતો નથી. સજ્જનો જ સત્યથી સૂર્યને ગતિમાન્ કરે છે. ધરતીને તપ વડે ધારણ કરે છે. ભૂત–ભવિષ્યના આધાર છે. સજ્જનોની મધ્યે સજ્જન વ્યથિત થતો નથી. સત્પુરુષોનો પ્રસાદ નિષ્ફળ જતો નથી. તેઓ કોઈનાય અર્થનો નાશ કરતા નથી. તે માનખંડન પણ કરતા નથી. કારણ પ્રસાદ, અર્થ અને માન સજ્જનમાં નિત્ય રહેલા છે. તેથી સજ્જનો રક્ષણ કરનારા હોય છે. [૧૮]

સજ્જન અંગેનો ઉલ્લેખ કરતા ઉદ્યોગપર્વમાં વિદુરનીતિ વાકયમાં મહર્ષિ વ્યાસ કહે છે, ''જ્ઞાનીઓનો આધાર સંત છે, સજ્જનોનો આધાર સંત છે, દુર્જનોનો આધાર પણ સજ્જન છે. પરંતુ દુર્જન સજ્જનોનો આધાર હોતો નથી.'' [૧૯]

પુરુષ જેવાની સાથે વસે છે, જેવાનું સેવન કરે છે અને જેવો થવાની ઈચ્છા રાખે છે, તેવો થાય છે. [૨૦]

સજ્જન પ્રશંસા અને સજ્જન કે દુર્જન સાથે વસવાથી થતા લાભાલાભ વિષે ભગવાન્ વેદ વ્યાસ કહે છે, ''ફૂલોના સંસર્ગથી તેની સુગંધ વસ્ત્ર, જલ, તિલ, ભૂમિને સુવાસિત કરે છે. તેવી રીતે સંસર્ગ જનિત ગુણ પોતાનો પ્રભાવ બતાવે છે. સાધુ પુરુષોનો સંગ પ્રતિદિન ધર્મની પ્રાપ્તિ કરાવે છે. તેથી વિદ્વાનો, વૃદ્ધ પુરુષો તથા શાન્તિપરાયણ સ્વભાવજનિત વ્યકિત સાથે સંગ કરવો જે પુરુષોમાં વિદ્યા, જાતિ અને કર્મ હોય તેવી વ્યકિતનું સેવન કરવું. પુણ્યાત્મા વ્યકિત સાથેનો સમાગમ પુણ્યની પ્રાપ્તિ કરાવે છે. દુષ્ટ મનુષ્યોનું દર્શન, સ્પર્શ તેની સાથે વાર્તાલાપથી ધાર્મિક આચારોની હાની થાય છે. નિમ્ન કક્ષાના મનુષ્યો સાથે વસવાથી બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. ઉત્તમ પુરુષનો સંગ કરવાથી બુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.'' [૨૧]

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના મતે, બુદ્ધિમાન્ પુરુષે ખરાબ સંગ મૂકી સજ્જનનો સંગ કરવો. કેમકે સજ્જન પોતાના વચનોથી મનની આસકિત દૂર કરે છે. જેઓ અપેક્ષારહિત, મારામાં ચિત્ત રાખનારા, નિર્મમ, નમ્ર દ્વન્દ્વોથી રહિત અને અપરિગ્રહી છે, તેઓ સજ્જન છે. [૨૨]

જેવી રીતે સૂર્યના પ્રકાશથી અંધકારનો નાશ થાય છે, તેવી રીતે સત્સંગથી જીવનનો અંધકાર નષ્ટ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના મતે, જે દુઃખમાં ઉદ્વેગ રહિત અને સુખમાં સ્પૃહા રહિત તથા રાગભયક્રોધ વિનાનો હોય તે સ્થિર બુદ્ધિવાળો સજ્જન કહેવાય. [૨૩અ]

માનનીય સજ્જન પુરુષ માટે અપકીર્તિ મરણથી પણ ચડિયાતી છે. [૨૩બ]

સંસારમાં સુખ અને દુઃખ ચક્રના આરાની માફક ક્રમાનુસાર આવી જાય છે. સુખની પ્રાપ્તિ થતા માનવી આનંદ અનુભવે છે, જયારે દુઃખ આવતા ઉદ્વેગ કરે છે. આ સામાન્ય મનુષ્યના મનની વાત થઈ. પરંતુ સજ્જનો બંને પરિસ્થિતિમાં સમાન રહે છે. આ તેની વિશેષતા છે.

વિનોબા ભાવે કહે છે, ''બુરું આવી મળે તેથી ઉદ્વેગ થવા દઈશ મા, દુઃખ ધીરજથી સહન કરવું, તેનાથી હારી ન બેસવું, દુઃખની જેમ સુખ પણ સાવધ રહી સહન કરવું. તૃષ્ણા, ક્રોધ અને ભય આ ત્રણે વૃત્તિઓ નાબુદ થઈ કે પ્રજ્ઞા સ્થિર થઈ જાય છે. આ વૃત્તિઓ બુદ્ધિ પર આઘાત કરતી હોવાથી તેમને દૂર કરવાની વાત છે.''

અથર્વવેદ અનુસાર ॐ **देवानामपि पन्थानगम्न ।** અર્થાત્, સજ્જનોના માર્ગ પર ચાલો. [૨૪]

ઋગ્વેદના મતે સજ્જન સત્કર્મોમાં સહાયતા કરે છે. [૨૫]

તેમજ આદરણીય સજ્જનોનું સમ્માન કરો. [૨૬]

સત્સંગથી થતા લાભ વર્ણવતા અથર્વવેદમાં કહ્યું છે કે, ''વિદ્વાન્, ચારિત્ર્યવાન્, શ્રેષ્ઠ પુરુષોના સત્સંગથી મનુષ્યની ઉન્નતિ થાય છે. પરંતુ મૂર્ખ પતિત મનુષ્યની સમીપ રહેવાથી અન્યનું પણ પતન થાય છે.'' [૨૭]

નારદસૂત્ર પ્રમાણે **महत्संगस्तु दुर्लभोडगम्योडमोघश्च ।** અર્થાત્, મહાત્માઓનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે. [૨૮]

મહાભારતના શાંતિપર્વમાં મહર્ષિ વેદ વ્યાસ કહે છે કે, ''મૂર્ખના સંગથી બુદ્ધિમાન પણ મૂર્ખ બની જાય છે.'' [૨૯]

આદિપર્વ પ્રમાણે મહાપુરુષોનો સંગ પ્રીતિ વધારે છે. [૩૦]

શ્રી રામચરિત માનસમાં સંતશ્રી તુલસીદાસજી કહે છે – સ્વર્ગ અને મોક્ષ સુખને પલ્લામાં રાખવામાં આવે તો તે સુખ બરાબર નથી, જે સત્સંગથી ક્ષણમાત્રમાં પ્રાપ્ત થાય છે. [31]

હિતોપદેશના મિત્રલાભમાં સજ્જન–દુર્જન વિષે કહ્યું છે કે, ''દુષ્ટ માનવી સાથે મિત્રતા કે પ્રેમ પણ નહિ. જેમ કે અંગારો ગરમ હોય તો બાળે અને બુઝાઈ ગયેલો હોય તો હાથ કાળા કરે છે.'' [32]

સજ્જન પુરુષો નારિયેળ જેવા હોય છે, જયારે દુર્જનો બોરના આકારની જેમ બહારથી જ મનોહર હોય છે. [33]

કોઈપણ સંસ્કૃતિ કે સભ્યતા તેના સજ્જનોને કારણે વિકસે છે. જેવી રીતે સમાજમાં દુર્જનોને કાંટાની જેમ ઓળખીને તેનાથી દૂર રહેવું જોઈએ, તેમ સજ્જનોને સુવાસિત પુષ્પોની જેમ ચૂંટીને અંજલિમાં રાખવા જોઈએ. સજ્જનો પ્રજાની મૂડી છે. ભર્તૃહરિએ નીતિશતકમાં સજ્જનોની પ્રશંસા કરી છે. ''સુવર્ણ અંલકારો ઘસાઈ જાય, બાજુબંધ અને ચંદ્ર જેવા ઉજ્જવળ હાર પણ શોભા આપતા નથી. ચંદનના લેપ, પુષ્પમાળાઓ કે સારી રીતે શણગારેલા વાળ પણ મનુષ્યને શોભા આપતા નથી. પરંતુ વ્યકિત શોભે છે, મધુર અને સંસ્કારી વાણીથી.'' [34]

આજીવન સરસ્વતીની ઉપાસના કરનારા આવા સજ્જનોનો સમાગમ, મનુષ્યોને સંસારમાં શું–શું નથી આપતો ? તે બુદ્ધિની જડતા હરી લે છે. વાણીમાં સત્યનું સિંચન કરે છે. સ્વમાન અને સન્માન શીખવે છે, પાપમાં પગલા ભરતા અટકાવે છે, મનને પ્રસન્ન રાખે છે, આવા અનુપમ લાભ સત્સંગથી થાય છે. [35]

દેશના સીમાડા કે કાળની મર્યાદા વાણીના ઉપાસકને બાંધી શકતી નથી. એની કીર્તિ રાજયની સરહદોને ઉલંઘીને દૂર દેશાવરમાં વિહાર કરે છે.

સજ્જન વ્યકિત પરોપકારી હોય છે. પોતા પર કરેલ અપકારને ભૂલીને સજ્જનો પરોપકાર કરે છે. તેથી જ હંસ પણ કાગડાના વચનોની અવગણના કરી તેના પર પરોપકાર કરી, પીઠ પર બેસાડી સમુદ્ર પાર કરાવ્યો.

સજ્જનો કરેલ ઉપકારની પ્રશંસા કરતા નથી. કર્ણ પણ દુષ્ટ દુર્યોધનનો સંગ કરી સજ્જન એવા પાંડવોનો શત્રુ બન્યો છે. દુર્જનનો સંગ બુદ્ધિને ભ્રષ્ટ કરી દે છે. તે આ ઉદાહરણ દ્વારા સમજી શકાય.

દુર્જન કાગડો આત્મશ્લાઘા કરતો સજ્જન એવા હંસની નિંદા કરે છે.

સજ્જન વ્યકિતને સંસારમાં સર્વ મનુષ્યો સારા લાગે છે, જયારે દુર્જનને કોઈ સારું દેખાતું નથી. મહાભારતકારે યુધિષ્ઠિરને સજ્જન અને દુર્યોધનને દુર્જન કહ્યો છે. એકવાર યુધિષ્ઠિર અને દુર્યોધનને કહેવામાં આવ્યું કે સંસારમાંથી દુષ્ટ મનુષ્ય શોધી લાવો. બંને પાછા ફર્યા. ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, મને સંસારમાં કોઈ દુષ્ટ વ્યકિત દેખાઈ નહીં, જયારે દુર્યોધને કહ્યું, મને આ સંસારમાં કોઈ સજ્જન જોવા મળ્યો નહી. બંનેના ઉત્તર સત્ય છે. સંસારમાં બંને પ્રકારના મનુષ્યો જોવા મળે. પરંતુ માનવીની જેવી દષ્ટિ તેવી

સૃષ્ટિ દેખાય છે. યુધિષ્ઠિરની દષ્ટિ ગુણગ્રાહી હતી. તેથી તેને સર્વ સારું દેખાયું. જયારે દુર્યોધનની દષ્ટિ દોષગ્રાહી હતી તેથી તેને કોઈ સજ્જન ન દેખાયું. માનવી ભલે દેવ ન બને પરંતુ સાચા અર્થમાં માનવી બને તો પણ ઘણું છે. મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીની કાવ્ય પંકિત આ અર્થમાં સૂચક બની જાય છે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું' આ કોઈ ઉચ્ચ આધ્યાત્મિકતાની વાત નથી, ખૂબ સીધી બાબત છે. જો મનુષ્ય ગુણગ્રાહી બને તો તેનો, માનવ તરીકેનો ખૂબ વિકાસ થાય.

જે સર્વ સ્થળે કેવળ દોષ જુએ તે અધમ છે. જે દોષ અને ગુણ બંને જુએ તે મધ્યમ છે, જે કેવળ ગુણ જ જુએ છે તે ઉત્તમ છે અને જે અલ્પ ગુણોને પણ વિસ્તારીને જુએ, તે ઉત્તમોત્તમ છે.

મહાત્માગાંધી, રવિશંકર મહારાજ, ભગવાન્ બુદ્ધ, મહાવીર, મહંમદ પયગંબર, ઈશુ, જરથોસ્થ, સોક્રેટીસ, મહાત્મા થોરો, મહાત્મા ટોલ્સ્ટોય વગેરે માનવ સ્વભાવથી ઉપર ઉઠેલા મહાપુરુષો છે.

અંતે થાકી–હારી કાગડો હંસને શરણે આવ્યો અને પોતાના પ્રાણની રક્ષા કરવા અનુનય કર્યો.

**શરણાગતતા :**

શત્રુ હોય તો પણ શરણે આવેલાનો ઉદ્ધાર કરવો તે સજ્જનોનો ગુણ છે.

શરણાગત વત્સલતા માટે શિબિ રાજાનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. તે શરણે આવેલ કબૂતરના બદલામાં પોતાના સમગ્ર દેહનું માંસ આપવા તૈયાર થયા. અન્યના પ્રાણની રક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવું તે હિન્દુ સંસ્કૃતિ અથવા વૈદિક સંસ્કૃતિનો મૂળ મંત્ર છે. [૩૬]

ભગવાન્ મનુએ સંપૂર્ણ પૃથ્વીના મનુષ્યોને એ આદેશ આપ્યો છે કે –

**एतश्चेश प्रसूतस्य सकाशादग्रजन्मनः ।**

**स्वस्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥**

અર્થાત્, આ દેશ આર્યાવર્તમાં ઉત્પન્ન થયેલ વેદ વેદાંગવિદ્ બ્રાહ્મણ દ્વારા ચરિત્રની શિક્ષા ગ્રહણ કરી.

દ્રૌપદી વસ્ત્રાહરણ પ્રસંગે દ્રૌપદી શ્રીકૃષ્ણને શરણે ગઈ અને શ્રીકૃષ્ણ ભગવાને તેના ચીર પૂર્યા. દ્રૌપદીની આર્તવાણી આ પ્રમાણે હતી, ''હે ગોવિંદ, હે દ્વારકાવાસી કૃષ્ણ, હું કૌરવરૂપી સમુદ્રમાં ડૂબી રહી છું. મારો ઉદ્ધાર કરો. શરણાગત અબલાની રક્ષા કરો.'' [૩૭]

ભગવાન્ મધુસૂદન શરણાગત દ્રૌપદીની રક્ષા માટે તત્કાલ દોડી આવ્યા. ભગવાન્ કેશવે શરણાગત દ્રૌપદીનું શીલ સાચવ્યું.

રામ વિભિષણ મિલન પર ગોસ્વામી તુલસીદાસ શરણાગત ભાવને સુંદર રૂપમાં અભિવ્યકત કરે છે –

**सरनागत कहूँ जे तेजहिं, निज अनहित अनुमाति ।**

**ते नर पांवर पापमय, तिन्हहिं बिलोकत हानि ।**

**कोटि विप्रवध लागहिं जाहू । आये शरन तजहुं नहिं ताहूँ ।**

**नौ सभीत आवा सरनाई । रखिहउँ ताहि प्रान की नाई ।**

પંચતંત્રમાં એક સુંદર સૂકિત છે –

**न भूप्रदानं न सुवर्णदानं न गोप्रदानं न तथान्नदानम् ।**

**यथा वदन्तीह महाप्रदानं सर्वेषु दानेष्वभयप्रदानम् ॥**

અર્થાત્, અભયદાન શ્રેષ્ઠ દાન છે. પ્રાણદાનથી ઉત્તમ અન્ય કયું દાન હોઈ શકે ?

હંસે પણ કાગડાને પ્રાણદાન આપ્યું, જેને કારણે કાગડાના ગર્વનું ખંડન થયું. તે દુષ્ટ બુદ્ધિ હંસથી પરાજીત થઈ પોતાનું બળ પરાક્રમ છોડી શાંત થઈ ગયો. કાગડાએ હંસને વિનંતિ કરતા કહ્યું, હું પ્રાણ સાથે તારે શરણે આવ્યો છું. તું મને દ્વીપ સુધી પહોંચાડી દે હું કુશળપૂર્વક મારા સ્થાને પહોંચી જઈશ, તો કદાપિ કોઈનું અપમાન નહી કરું. આ વિપત્તિમાંથી મારો ઉદ્ધાર કરો. [૩૮]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને કહે છે, **शिष्यस्तेडहं शाधि मां त्वां प्रपन्नम् ।** અર્થાત્, હું આપનો શિષ્ય આપને શરણે આવ્યો છું, મારી રક્ષા કરો. [૩૯]

તેના ઉત્તરમાં ગીતાને અંતે ભગવાન્ શ્રીમુખે કહે છે –

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**

**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

અર્થાત્, સર્વ ધર્મ છોડીને તું મારે શરણે આવ હું તને સર્વ પાપોથી મુકત કરાવીશ. [૪૦]

શરણે આવેલાનું રક્ષણ કરવું, તે મહાન્ ધર્મ છે. તેથી જ શ્રીકૃષ્ણ અર્જુનનું રક્ષણ કરે છે.

## નિષ્કર્ષ :

ગર્વ કિયો સોઈ નર હાર્યો એ કહેવત પ્રમાણે અભિમાન દુર્ગતિની ખીણ છે તેથી કોઈ બાબતનો ગર્વ ન કરવો.

સજ્જન–દુર્જન હંસ અને કાગડા જેવા છે. કાગડો અને કોયલ સમાન લાગે છે. પરંતુ વાણી થકી તેમની પરખ થાય છે. એક સુભાષિતમાં કહ્યું છે કે,

**काकः कृष्णः पिकः कृष्णः को भेदः पिककाकयोः ।**

**वसंत समये तात काकः काकः पिकः पिकः ॥**

સજ્જનો સદા દુર્જનોથી ભયભીત રહે છે, જેમ વૃક્ષોને વાયુનો ભય હોય, કમળને ઠંડીનો ભય હોય, પર્વતોને વજ્રનો ભય હોય, તેમ સજ્જનોને દુર્જનોનો ભય હોય છે. [૪૧]

પારસમણિ કથીરને પણ કંચન બનાવી દે છે. તેમ સત્પુરુષો દુર્જનોને પણ સજ્જન બનાવે છે.

હંસ અને કાગડાના ઉપાખ્યાન દ્વારા અર્જુન અને કર્ણની તુલના કરવામાં આવી છે. કયાં રાજહંસ સમાન અર્જુન અને કયાં દુર્યોધનની જૂઠન પર આધારિત કાગડા જેવો કર્ણ બંનેની સરખામણી થઈ શકે નહીં. કારણકે જેમ યુદ્ધ સમોવડિયા સાથે કરાય, તેમ ગુણની તુલના પણ સમોવડિયાની જ થાય.

શલ્ય વારંવાર કર્ણની હાંસી ઉડાવી તેને યુદ્ધ પ્રત્યે નિરુત્સાહિત કરવાના પ્રયત્નો કરે છે.

સામાન્ય રીતે સારથિ તેના રથીને પ્રોત્સાહિત કરે છે. અહીં તેનાથી વિરુદ્ધ વલણ જોવા મળે છે. સર્વવિદિત છે કે શલ્ય નીતિ–ધર્મથી પાંડવપક્ષે છે. દુર્યોધનના આતિથ્ય ધર્મને નિભાવવા માટે તે કૌરવ પક્ષે રહે છે. વ્યકિત કોઈપણ પક્ષે હોય તો પણ તેમણે સત્યનો પંથ છોડવો ન જોઈએ, તે આ કથાનો મર્મ છે.

શલ્ય અત્રે સારથિ ધર્મથી વિરુદ્ધ કાર્ય કરે છે પરંતુ મહાકવિ ભાસ 'કર્ણભાર' નામના એકાંકીમાં શલ્યને સારથિ ધર્મ બજાવતો બતાવ્યો છે. કર્ણભારનો શલ્ય કર્ણ તરફી છે તે કર્ણ દ્વારા ઈન્દ્રને અપાતા કવચ–કુંડળ પણ ન આપવા કહે છે અને કર્ણની વાત ધ્યાનપૂર્વક સાંભળે છે. તે કવિ ભાસનું પરિવર્તન છે કારણ કે ભાસ પોતાના પાત્ર દ્વારા સ્વધર્મનું જ્ઞાન આપવા ઈચ્છે છે. તેથી શલ્યને સારથિ ધર્મ બજાવતો દર્શાવ્યો છે.

અભયદાન તે મહાદાન છે. આપણા જીવના જોખમે પણ શરણે આવેલાનું રક્ષણ કરવું જોઈએ તે બાબત ચરિતાર્થ થાય છે.

કલ્યાણકામી વ્યકિતએ આત્મશ્લાઘાથી દૂર રહી તેને પરમોદશ્યની પ્રાપ્તિમાં પરમ બાધક માની સદા શીલ, વિનય અને ધીરતાનું અનુપાલન કરવું જોઈએ.

મહાભારતકાર હંસ અને કાગડાના પ્રતીક દ્વારા મનુષ્યને ગર્વ છોડવાનું કહે છે.

## શલ્ય પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

મહાભારતનું નવમું પર્વ, તે શલ્ય પર્વ છે. યુદ્ધ દરમિયાન કૌરવ સેનાનો વિનાશ થઈ ગયો. એકમાત્ર દુર્યોધન જીવિત રહ્યો. તેમણે યુદ્ધ માટે શલ્ય રાજને સેનાપતિ બનાવ્યા અને યુદ્ધારંભ કર્યું. આ પર્વમાં યુદ્ધની ભયાનકતાનું વર્ણન છે. તેથી આખ્યાનોને બહુ સ્થાન મળ્યું નથી. આ પર્વ અંતર્ગત મુખ્ય કહી શકાય. તેવું માત્ર એક જ આખ્યાન છે, જે આ પ્રમાણે છે –

(૧) **त्रित आख्यान – गदापर्व – ३६**

પ્રસ્તુત આખ્યાન મહાભારત અંતર્ગત શલ્યપર્વના ગદાપર્વ અંતર્ગત ત્રિત આખ્યાન નામના ૩૬ મા અધ્યાયમાં નિર્દેશેલ છે.

## (૪) त्रिताख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહાભારત અંતર્ગત શલ્યપર્વના ગદાપર્વ અંતર્ગત ત્રિત આખ્યાન નામના ૩૬ મા અધ્યાયમાં નિર્દેશેલ છે.

ઉદ્‌પાન તીર્થ કેવી રીતે બન્યું ? મહામુનિ ત્રિત કૂવામાં કેવી રીતે પડયા ? ત્રિતે કૂવામાં કેવી રીતે યજ્ઞ કર્યો ? એવા જનમેજયના પ્રશ્નના ઉત્તરમાં વૈશમ્પાયન ત્રિત આખ્યાન કહે છે.

ત્રિત આખ્યાનનું નિરુપણ કરતા પૂર્વે ત્રિત નામધારી અનેક વ્યકિતમાં પ્રસ્તુત આખ્યાન કયા ત્રિતની કથા કહે છે, તે જોઈએ.

પૌરાણિક કથાકોશ પ્રમાણે –

૧) ત્રિત – બ્રહ્મદેવના માનસ પુત્રોમાંનો એક

૨) ત્રિત – ચક્ષુષ્ મનુને નડ્‌વલાથી થયેલા પુત્રોમાંથી એક

૩) ત્રિત – એક બ્રહ્મર્ષિ

૪) ત્રિત – સરસ્વતીના પાત્રમાં આવેલું તીર્થ વિશેષ

૫) ત્રિત – ગૌતમ ઋષિના ત્રણ પુત્રોમાંનો એક

૬) ત્રિત – ઉતરતી પંકિતના દેવ વિશેષ [૧]

ઉપર્યુકત ત્રિત નામના ઉલ્લેખ પરથી એટલું કહી શકાય કે પ્રસ્તુત આખ્યાન પાંચમા ક્રમના ત્રિતનો ઉલ્લેખ કરે છે.

ઋગ્વેદમાં કયાંક ઈન્દ્ર સાથે ત્રિતનો ઉલ્લેખ મળી આવે છે.

મહાભારતમાં વર્ણવેલ ત્રિત આખ્યાન પ્રમાણે બ્રહ્મવાદી એકત, દ્વિત અને ત્રિત નામધારી ત્રણ સહોદર બંધુઓ નિવાસ કરતા હતા. તેમણે તપસ્યા દ્વારા બ્રહ્મલોક પર વિજય પ્રાપ્ત કર્યો.

આ ત્રણ સહોદર બંધુઓમાં ત્રિતે શુભ કર્મ અને સ્વાધ્યાય દ્વારા શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું. સર્વ પ્રજાજનો ગૌતમ ઋષિ તુલ્ય તેનું સમ્માન કરવા લાગ્યા.

એક દિવસ તેના બંને બંધુ યજ્ઞ અને ધન માટે ચિંતિત થયા. તેમણે વિચાર્યું. ત્રિતની સાથે યજમાનોના યજ્ઞ કરી અને દક્ષિણા રૂપે પશુ પ્રાપ્ત કરી મહાન ફળદાયક યજ્ઞનું અનુષ્ઠાન કરવું અને તેમાં સોમરસનું પાન કરવું.

આ પ્રમાણે વિચારી ત્રણે બંધુઓ યજમાન પાસે પશુઓની યાચના કરવા ગયા. અનેક પશુઓ પ્રાપ્ત કરી ચાલતા થયા.

આ જોઈ એકત અને દ્વિતના મનમાં લોભ ઉત્પન્ન થયો. તે ત્રિતને પશુભાગ પ્રાપ્ત ન થાય, તે માટે વિચારવા લાગ્યા.

માર્ગમાં એક વન્ય પ્રાણી મળતા તેનાથી રક્ષણ મેળવવા ત્રિત ભાગવા લાગ્યા. જેને કારણે તે એક કૂવામાં પડી ગયા. એકત અને દ્વિત ત્રિતને કૂવામાં છોડી ચાલવા લાગ્યા.

કૂવામાં પડેલ ત્રિત વિચારવા લાગ્યો –

**सोमः कथं तु पातव्य इहस्थेन मया भवेत् ।**

અર્થાત્, 'કૂવામાં રહી કેવી રીતે સોમપાન કરું ?' [२]

દીર્ઘ વિચારને અંતે ત્રિતે કૂવામાં યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. જળના સંકલ્પ દ્વારા અગ્નિ અને હોતા આદિના સ્થાને સ્વયંને સ્થાપી યજ્ઞ કર્યો.

ત્રિતનું યજ્ઞ અનુષ્ઠાન જોઈ દેવતાઓ તે સ્થાન પર આવ્યા અને યજ્ઞમાં પોતાનો ભાગ માંગ્યો.

ત્રિતે વિધિપૂર્વક મંત્રોચ્ચાર કરી દેવોને ભાગ સમર્પિત કર્યો. આથી દેવતાઓએ પ્રસન્ન થઈ મનોવાંછિત વર પ્રદાન કર્યો.

ત્રિત મુનિએ દેવતા પાસે વર યાચના કરતા કહ્યું, 'આ કૂવામાંથી મારું રક્ષણ કરો અને જે મનુષ્ય તેમાં આચમન કરશે તેને યજ્ઞમાં સોમપાનની ગતિ પ્રાપ્ત થશે.' [३]

મુનિના આવા વાકયથી કૂવામાં તરંગમાલા ઉત્પન્ન થઈ અને જલના વેગથી મુનિ બહાર નીકળ્યા.

મહા તપસ્વી ત્રિતે એકત અને દ્વિતને શાપ આપતા કહ્યું, ''તમે બંનેએ પશુઓના લોભથી મારો ત્યાગ કરી દીધો. તેથી આ પાપકર્મને કારણે તમે બંને મહાભયંકર વરુનું શરીર ધારણ કરી ભટકશો. તમારી સંતાન રીછ–વાનર યોનિની ઉત્પન્ન થશે.'' [४]

બંને ભાઈઓ શાપને કારણે જંગલી વરુ બની ગયા.

બલરામજી આ તીર્થમાં જળસ્પર્શ કરી બ્રાહ્મણોનું પૂજન કરી, ધન પ્રદાન કરી વિનશન તીર્થમાં ચાલ્યા ગયા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

આ કથાના મૂળ ઋગ્વેદ (૧૦/૪૮/૨) માં પડેલા જોઈ શકાય છે.

પ્રસ્તુત આખ્યાનમાંથી નીચેની બાબતો ફલિત થાય છે –

**લોભ :**

ભારતીય સંસ્કૃતિ લોભને પાપનું કારણ માને છે અને કહે છે – **लोभः पापस्य कारणम् ।**

લોભને કારણે ત્રિતના બંને જયેષ્ઠ બંધુએ ત્રિતને કૂવામાં ફેંકી દીધો અને પશુ તથા ધન લઈ સ્વગૃહે ગયા. આ બંને ત્રિતના સહોદર બંધુ હતા. તેમ છતાં ત્રિતનો વધ કરવાનો વિચાર તેના મનમાં આવ્યો. ધનનો લોભ પરિણામની પરવા કર્યા વિના કર્મ કરવા પ્રેરે છે. લોભ મનનું કારણ છે. લોભને કારણે મનુષ્યની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે.

ચાણકય સૂત્રમાં કહ્યું છે કે – **तृष्णया मतिश्छाद्यते ।**

અર્થાત્, લોભ મનુષ્યની બુદ્ધિને ભ્રષ્ટ કરી દે છે. [૫]

મહાભારતના દ્રોણ પર્વમાં કહ્યું છે કે – લોભી મનુષ્ય કોઈ કાર્યના દોષને નથી સમજતા કારણ કે તે લોભ અને મોહથી ગ્રસ્ત થઈ જાય છે. [૬]

આ કારણે જ સીતા સુવર્ણ મૃગ પાછળ લલચાયા. તેથી કહેવાય છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

સુવર્ણમૃગનો જન્મ અશકય છે. છતાં રામ મૃગની પાછળ લોભાયા. ઘણું ખરું વિપત્તિ આવે છે તે સમયે મનુષ્યની બુદ્ધિ મલિન બની જાય છે. [૭]

લોભનું પરિણામ અનિષ્ટ જ હોય છે. તેના માટે મહાભારતના દ્રોણ પર્વમાં સૃંજય નામના રાજાની કથા છે.

સૃંજય નિઃસંતાન હતો તેથી તેણે પુત્ર માટે બ્રાહ્મણોની સેવા પ્રારંભ કરી. બ્રાહ્મણોએ દેવર્ષિ નારદને સૃંજયને પુત્ર પ્રાપ્તિની પ્રાર્થના કરી. દેવર્ષિએ રાજાને પૂછયું, તું કેવા પુત્રની અપેક્ષા રાખે છે ?

રાજા સૃંજયના મનમાં લોભ આવ્યો. તેમણે કહ્યું –

**यस्य मूत्रं पुरीषं च क्लेदः स्वेद काञ्चनम् ।**

**सर्वं भवेत् प्रसादाद् वै ताश्चशं तनयं वृणे ॥**

અર્થાત્, હું એવા પુત્રની ઈચ્છા રાખું છું, જેના મળ, મૂત્ર, થૂંક સર્વ સુવર્ણમય હોય. [૮]

રાજાને પુત્ર પ્રાપ્ત થયો. તેનું નામ સુવર્ણષ્ટીવી રાખ્યું. સુવર્ણ પ્રાપ્તિને કરણે રાજાએ મહેલના સર્વ પાત્ર સુવર્ણના બનાવ્યા. સંપૂર્ણ રાજભવન સુવર્ણનું બનાવ્યું.

સંપૂર્ણ દેશમાં સુવર્ણષ્ટીવીની વાત પ્રસરી ગઈ. એક વખત દસ્યુ રાજકુમારનું અપહરણ કરી ગયા.

વનમાં પહોંચી દસ્યુઓ વચ્ચે કલહ થયો. સર્વએ નિશ્ચય કર્યો કે સુવર્ણષ્ટીવીની હત્યા કરી જે સુવર્ણ પ્રાપ્ત થાય તે પરસ્પર વહેંચી લેવું. તેથી દસ્યુઓએ સુવર્ણષ્ટીવીના ટુકડે–ટુકડા કરી નાખ્યા. પરંતુ તેના શરીરમાંથી રતી ભાર સુવર્ણ પણ પ્રાપ્ત ન થયું.

લોભ વશ રાજા સૃંજયે એવો પુત્ર માંગ્યો, જેનું રક્ષણ અશકય હતું. પરિણામ સ્વરૂપ પુત્ર શોક પ્રાપ્ત કરવો પડયો. લાભ તો કંઈ ન થયો.

સુવર્ણના ઈંડા આપતી મરઘીના વધથી જેમ સુવર્ણ ઈંડું તો પ્રાપ્ત ન થયું. પરંતુ સદા જે એક ઈંડું મળતું હતું તે પણ ગયું. તેવું જ સુવર્ણષ્ટીવીના પાત્રમાં બન્યું.

તેથી જ કહેવાય છે કે અતિલોભ પાપનું મૂળ છે.

લોભને કારણે મુસાફર વાઘની વાતમાં ફસાયો અને તે લોભને કારણે જ કબૂતર અનાજના દાણા પર બિછાવેલી જાળ જોઈ શકયા નહીં. કારણ કે લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે. લોભથી કામ પેદા થાય છે અને લોભથી મોહ અને નાશ પણ પેદા થાય છે. લોભ મોહનું કારણ છે. [૯અ]

જે વ્યકિત લોભને વશ થઈ કલ્પિત લાભની આશામાં દોડે છે, તેની સ્થિતિ ઉપર્યુકત દષ્ટાંત જેવી થાય છે. મિત્રલાભ પ્રમાણે લોભથી બુદ્ધિ ચલિત થાય છે. લોભ તૃષ્ણા પેદા કરે છે. તૃષ્ણાપીડિત વ્યકિત અહીં અને પરલોકમાં પણ દુઃખ પ્રાપ્ત કરે છે. [૯બ]

મહાભારત વનપર્વના મતે લોભનો ત્યાગ કરી મનુષ્ય સુખી થાય છે. [૧૦]

ઉપનિષદ્ પણ લોભ ન કરવાનું કહેતા કહે છે – **मा गृधः कस्य स्विद् धनम्।** કોઈના ધનની લાલચ ન કરો. [૧૧અ]

કઠોપનિષદ્માં નચિકેતા યમને કહે છે , ''મનુષ્ય ધનથી તૃપ્ત થતો નથી.'' [૧૧બ]

ચાણકય સૂત્ર પ્રમાણે અન્યના ધન પર લોભ ન કરવો કારણ કે તે મહાઘાતક છે. [૧૨]

પંચતંત્ર, અતિ લોભ ન કરવો, [૧૩] તેમ કહે છે.

લોભને કારણે મનુષ્ય ઉપહાસનું કારણ બન્યા છે. ગોસ્વામી તુલસીદાસ કહે છે, ''આ સંસારમાં જ્ઞાની, તપસ્વી, શૂરવીર, કવિ, વિદ્વાન્ અને ગુણવાન્ મનુષ્ય લોભને કારણે ઉપહાસનું પાત્ર બન્યા છે.'' [૧૪]

શ્રીમદ્ ભગવદ્ ગીતા તો લોભને નરકનું દ્વાર કહે છે. [૧૫]

લોભનો ત્યાગ કરવાનું કહેતા સુભાષિતમાં કહ્યું છે કે – લોભ પાપનું મૂળ છે. સ્વાદ રોગનું મૂળ છે. સ્નેહ દુઃખનું કારણ છે. ત્રણેનો ત્યાગ કરીને સુખી થાઓ. [૧૬]

મહાભારતકાલીન સમાજ ભાઈ–ભાઈનો શત્રુ હતો. તે ભાઈઓ વચ્ચેની શત્રુતા જ મહાભારત કાવ્યનો મુખ્ય વિષય છે. આજના યુગમાં પણ આ વાત જોવા મળે છે. વર્તમાન સમયમાં પણ સંપત્તિ માટે ભાઈ–ભાઈની હત્યા કરતા અચકાતો નથી.

મનુષ્ય સ્વાર્થી પ્રાણી છે. સ્વાર્થ આવતા તે અન્ય કોઈની પરવા કરતો નથી.

અત્રે પણ એકત અને દ્વિતે સ્વાર્થ અને લોભ વશ ત્રિતને કૂવામાંથી બહાર ન કાઢયો. પરંતુ ત્રિતે કૂવામાં પણ બુદ્ધિ બળે યજ્ઞ કરવાનો માર્ગ શોધી કાઢયો.

**બુદ્ધિ :**

બુદ્ધિ મનુષ્યને દુષ્કર કાર્યમાં પણ માર્ગ બતાવે છે. બુદ્ધિ જ એક એવી વસ્તુ છે, જે સર્વ પ્રાણી કરતા મનુષ્યને શ્રેષ્ઠ બનાવે છે, બુદ્ધિ બળે ત્રિતે કૂવામાં જ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. ત્રિતે રેતીથી ભરેલ કૂવામાં

જળની ભાવના કરી સંકલ્પ કરી અગ્નિની સ્થાપના કરી અને હોતા આદિને સ્થાને સ્વની પ્રતિષ્ઠા કરી. બુદ્ધિ ગમે તેવું કઠીન કાર્ય સાધી આપે છે.

બુદ્ધિ બે પ્રકારની હોય છે. (૧) સદ્ બુદ્ધિ અને (૨) દુર્બુદ્ધિ

ત્રિત સદ્બુદ્ધિ યુકત હતો, જેને કારણે તેણે કઠીન પરિસ્થિતિમાં પણ માર્ગ કર્યો. જયારે એકત અને દ્વિત દુર્બુદ્ધિ હતા, જેને કારણે તેના મનમાં ભાઈની સહાય કરવાને બદલે લોભવશાત્ તેને કૂવામાં જ રહેવા દઈ તેનો ભાગ લઈ લેવાનો વિચાર કર્યો.

સમગ્ર મહાભારતમાં આ બંને પ્રકારના મનુષ્યો દષ્ટિગોચર થાય છે. પાંચ પાંડવો સદ્બુદ્ધિયુકત હતા, જયારે કૌરવો ઈત્યાદિ દુર્બુદ્ધિ હતા તે પોતાની દુર્બુદ્ધિ વડે પાંડવોને સતત પરેશાન કરતા હતા.

સભાપર્વમાં કહ્યું છે કે, **यतो बुद्धिस्ततः शान्तिः ।** અર્થાત્, જયાં બુદ્ધિ છે, ત્યાં શાંતિ છે. [૧૭]

ઉદ્યોગપર્વ પ્રમાણે જેની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે તે મનુષ્ય સદા પાપ કરતા રહે છે. પુનઃ પુનઃ કરેલ પુણ્ય બુદ્ધિને વધારે છે. [૧૮]

શ્રીમદ્ ભગવદ્ ગીતાના મંતવ્ય મુજબ ‘જે પુરુષની ઈન્દ્રિયો વશમાં હોય છે, તેની બુદ્ધિ સ્થિર થઈ જાય છે.’ [૧૯]

બુદ્ધિપૂર્વક કરેલ કાર્ય યશ અપાવે છે. બુદ્ધિથી પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકાય છે.

હિતોપદેશ અનુસાર બુદ્ધિમાનોનો સમય કાવ્ય અને શાસ્ત્રના વિનોદમાં પસાર થાય છે, જયારે મૂર્ખ મનુષ્યનો સમય વ્યસન, ઊંઘ કે કલહ કરવામાં પસાર થાય છે. [૨૦]

આજનો માનવી પોતાની બુદ્ધિશકિત વડે આકાશમાં જઈ પહોંચ્યો છે અને અનેક સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકયો છે. પરંતુ મનુષ્ય સાથેનો વ્યવહાર દુષ્ટ થતો ગયો છે. આજે મનુષ્ય બીજા મનુષ્યને પોતાની બુદ્ધિ વડે કેમ પરાસ્ત કરવો તેની ભાંજગડમાં પડયો છે. મનુષ્યમાં દુર્બુદ્ધિનું પ્રમાણ વધતું જાય છે. વિજ્ઞાનની શોધને કારણે પરમાણુ બોંબ બનાવવા લાગ્યો છે. પરંતુ તે કેટલો વિનાશકારી છે તે પરિણામનો વિચાર કરતો નથી. ઠેર–ઠેર થતા બોમ્બ બ્લાસ્ટ આનું ઉદાહરણ છે. જે અનેક નિર્દોષની હત્યા કરે છે. બોમ્બનો પણ સદ્બુદ્ધિથી ઉપયોગ કરવામાં આવે, જેમ કે યુદ્ધ સમયે તો તે આશીર્વાદરૂપ નીવડે છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેને જરૂર છે, યોગ્ય દિશાસૂચનની.

મહાભારતકાર આવી વ્યકિતને યોગ્ય દિશા બતાવે છે.

**ભય :**

ભય મનુષ્યને મૃત્યુ તરફ ધકેલે છે. મનુષ્ય સતત ભયના ભાર નીચે જીવે છે.

અથર્વવેદ અનુસાર જેવી રીતે પરમાત્મા અને અન્ય દેવી–દેવતાની શકિત ભયભીત થતી નથી. તેવી રીતે અમે કોઈનાથી ભય ન પામીએ. [૨૧]

જે સત્યના પથ પર ચાલે છે, તેને ભય હોતો નથી. [૨૨]

વાલ્મીકિ રામાયણ પ્રમાણે પાકા ફળને જમીન પર પડવા સિવાયનો અન્ય કોઈ ભય નથી તેવી રીતે જેમણે જન્મ ધારણ કર્યો છે, તે મનુષ્યને મૃત્યુ સિવાય કોઈ ભય નથી. [૨૩]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી વાસુદેવ કહે છે કે –

**यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजये च यः ।**

**हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥**

અર્થાત્, જેને મનુષ્યનો ભય નથી તે હર્ષ, ક્રોધ, ભય આદિ ઉદ્વેગોથી મુકત થઈ ગયા છે, તે મને પ્રિય છે. [૨૪]

ચાણકયનીતિના મતાનુસાર ભયથી મનુષ્યએ ત્યાં સુધી ડરવું જયાં સુધી તે આવ્યો નથી. પરંતુ જયારે ભય આવે ત્યારે નિર્ભય બની સામનો કરવો. [૨૫]

ત્રિતના બંને બન્ધુઓ એકત અને દ્વિત પણ વરુના ભયથી નાસવા લાગ્યા અને ત્રિત કૂવામાં પડી ગયા તો પણ તેને લોભવશ બહાર ન કાઢયા. કૂવામાં પડેલ ત્રિતે મૃત્યુના ભયથી કૂવામાં યજ્ઞ સમ્પન્ન કર્યો.

**નિષ્કર્ષ :**

લોભી મનુષ્યની અવનતિ થાય છે, તે બાબત ફલિત થાય છે. લોભને કારણે એકત અને દ્વિતને શાપવશાત્ વરુ યોનિમાં જવું પડયું.

સહોદર ભાઈઓ વચ્ચે પણ ધનના લોભને કારણે કલહ ઉત્પન્ન થયો. ધન લોભ સર્વ અનિષ્ટનું કારણ છે. ધનલોભ પાસે સહોદર સંબંધ પણ વામણો સિદ્ધ થાય છે.

આ આખ્યાન દ્વારા ભાઈઓ વચ્ચેના કલહનું મૂળ લોભ, ધન, ભય, ઈત્યાદિ છે, તે સિદ્ધ કરાય છે.

મનુષ્ય બુદ્ધિ ચાતુર્યથી કઠીન કાર્ય પણ પાર પાડી શકે છે, તે ત્રિતના પાત્ર દ્વારા ચરિતાર્થ થાય છે.

## પ્રકરણ – ૩ પાદટીપ

# ઉદ્યોગપર્વ, કર્ણપર્વ અને શલ્યપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

ઉદ્યોગપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો✓

## (१) विदुलोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ ડાહ્યાભાઈ દેરાસરી – ભા. ૨, પૃ. ૧૬૦

(२) उत्तिष्ठ हे कापुरूष मा शेष्वैवं पराजितः ।
अमित्रान् नन्दयन् सर्वान् निर्मानो बन्धुशोकदः ॥

महाभारत उद्योगपर्व – १३३/८

(३) एजन उद्योगपर्व – १३३/१७

(४) कुरू सत्वं च मानं च विद्धि पौरूषमात्मनः ॥
उद्भावय कुलं मग्नं त्वत्कृते स्वयमेव हि ।

एजन उद्योगपर्व – १३३/२१–२२

(५) उद्यच्छेदेव न नमेदुद्यमो ह्येव पौरूषम् ।
अप्यपर्वणि भज्येत न नमेवेह कस्यचित् ॥

एजन उद्योगपर्व – १३४/३९

(६) एजन उद्योग पर्व – १३४/२

(७) हतो वा प्राप्स्यसि स्वर्ग जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनि  यः ॥

श्रीमद् भगवद् गीता – २/३७

(८) स्वर्गद्वारोपमं राज्यमथवाप्यमृतोपमम् ।
युद्धमेकायनं मत्वा पतोल्मुक इवारिषु ॥

महाभारत उद्योग पर्व – १३४/२९

(९) श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

श्रीमद् भगवद् गीता – ३/३५

(१०) स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोडन्यत्क्षत्रियस्य न विद्यते ॥

एजन – २/३१

(११) शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम्।
दानमीश्वरभाव  क्षात्रं कर्म स्वभावजम्॥

एजन – १८/४३

(१२) महाभारत उद्योगपर्व – १३४/११

(१३) एजन उद्योगपर्व – १३५/३७

(१४) इदमिन्द्र शृणुहि सोमप यत् त्वा ह्यदा शोचता जोहवीमि।
वृ  ामि तं कुलिशेनेव वृक्षं यो अस्माकं मन इदं हिनस्ति॥

अथर्ववेद – २/१२/३

(१५) अशीतिभिस्तिसृभिः सामगेभिरादित्येभिर्वसुभिरङ्गिरोभिः।
इष्टापूर्तमवतु नः पितृणामामुं ददे हरसा दैव्येन॥
एजन – २/१२/४

## (२) अम्बोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૪

(२) महाभारत उद्योगपर्व – १७४/६

(३) एजन उद्योगपर्व – १७५/५

(४) पतिर्वापि गतिर्नार्याः पिता वा वरवर्णिनि ॥

एजन उद्योगपर्व – १७६/७

(५) एजन उद्योगपर्व – १८६/९

(६) ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाऽऽसुरः ॥

गान्धर्वो राक्षस ैव पैशाच ष्टमोऽधमः ॥

मनुस्मृति – ३/२१

(७) हत्वा छित्वा च भित्वा च क्रोशन्तीं रूदतीं गृहात् ॥

प्रसह्य कन्याहरणं राक्षसो विधिरूच्यते ॥

एजन – ३/३३

(८) नैवाकृति फलति नैव कुलं न शीलं विद्यापि नैव न च यत्नकृतापि सेवा ।

भाग्यानि पूर्वतपसा खलु संचितानि काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥

नीतिशतक – ९८

(९) वने रणे शत्रुजलाग्निमध्ये महार्णवे पर्वतमस्तके वा ।

सुप्तं प्रमत्तं विषमस्थितं वा रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥

नीतिशतक – १००

(१०) महाभारत उद्योगपर्व – १७५/३३

(११) यदचिन्त्यं तु तद् दैवम् ।

वाल्मीकि रामायण अयोध्याकाण्ड – २२/२०

(१२) प्राक्स्वकर्मेतराकारं दैवं नाम न विद्यते ।

योगवशिष्ठ – २/६/४

(१३अ) देवं पुरूषकारश्च कालश्च पुरूषोत्तमम् ।

त्रयमेतन्मनुष्यस्य पिंडितं स्यात् फलावहम् ॥

मत्स्य पुराण – २२०/८

(१३ब) शशिदिवाकरयोर्ग्रहपीडनं गजभुजङ्गमयोरपि बन्धनम्।
मतिमतात्त्व विलोक्य दरिद्रतां विधिरहोबलवानिति म मतिः॥

हितोपदेश, मित्रलाभ - ५१

(१४) उद्योगिनं पुरूषसिंहमुपैति लक्ष्मीः।
दैवेन देयमिति कापुरूषा वदन्ति॥

सुभाषित भंडागार - ८६/२०

(१५) ब्राह्मणः क्षत्रियो वैश्यः शुद्रै व रणे यदि॥
ब्रह्मद्विड भविता तं वै हनिष्यामीति भार्गव।
शरणार्थे प्रपन्नानां भीतानां शरणार्थिनाम्॥
न शक्ष्यामि परित्यागं कर्तुं जीवन् कथंचन।

महाभारत उद्योगपर्व - १७६/१२-१३-१४

(१६अ) धनानि जीवितस्यैव परार्थे प्राज्ञ उत्सृजेत्।
सन्निमित्ते वरं त्यागो विनाशे नियते सति॥

हितोपदेश, मित्रलाभ - ४४

(१६ब) न तस्य बीजं रोहति रोहकाल न तस्य वर्षं वर्षति वर्षकाले।
भीतं प्रपन्नं प्रददाति शत्रवे न स त्रातारं लभते त्राणमिच्छन्॥
मोधमन्नं विन्दति चाप्यचेताः स्वर्गात्लोकाद् भ्रश्यति नष्टचेष्टः।
भीतं प्रपन्नं प्रददाति यो वै न तस्यं हव्यं प्रतिगृह्णन्ति देवाः॥
प्रमीयते चास्य प्रजा ह्यकाले सदा विवासं पितरोडस्य कुर्वते।
भीतं प्रपन्नं प्रददाति शत्रवे सेन्द्रादेवाः प्रहरन्त्यस्य वज्रम्॥

महाभारत उद्योगपर्व - १२/१९-२१

(१७) श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः॥

श्रीमद् भगवद्गीता - ३/३५

(१८) न भयान्नाप्यनुक्रोशान्नार्थलोभान्न काम्यया।
क्षात्रं धर्ममहं जह्यामिति मे व्रतमाहितम्॥

महाभारत उद्योगपर्व - १७८/३४

(१९) उद्यतेषुमथो श्चष्टवा ब्राह्मणं क्षत्रबन्धुवत्।

यो हन्यात् समरे क्रुद्धं युत्घ्नन्तमपलायिनम्॥

ब्रह्महत्या न तस्य स्यादिति धर्मेषु नि यः।

क्षत्रियाणां स्थितो धर्म क्षत्रियोडस्मि तपोधन॥

यो यथा वर्तते यस्मिंस्तस्मिन्नेव प्रवर्तयन्।

नाधर्मं समवाप्नोति न चाश्रेय विन्दति॥

एजन उद्योगपर्व – १७८/५१–५३

(२०) एजन उद्योगपर्व – १८७/१४

(२१) सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति।

सा नो भूतस्य भव्यस्य पत्नी उऊंलोकं पृथिवीं न कृणातु॥

अथर्ववेद – १२/१/१

(२२) यथैधः तेजसा वह्निः प्राप्तं निर्दहति क्षणात्।

तथा ज्ञानाग्निना पापं सर्वं दहति वेदवित्॥

मनुस्मृति – ११/२४६

(२३) दिवमारूहत् तपसा तपस्वी।

अथर्ववेद – १३/२/२५

(२४) ब्रह्मचर्येण तपसा देवा मृत्युमपाघ्नन्।

एजन – ११/७/१९

(२५) नासाध्यमस्ति तपसो।

ब्रह्मपुराण – १२९/५०

(२६) कादम्बरी पूर्वार्ध, महाश्वेतावृत्तांत, परिच्छेद – ९

(२७) नातप्ततपसो लोक प्राप्नुवन्ति महासुखम्।

महाभारत वनपर्व – २५९/१३

(२८) एजन उद्योगपर्व – ४३/१३

(२९) तपः संचय एवेहि विशिष्टो द्रव्यसंचयात्।

एजन अनुशासनपर्व – ९३/४५

કર્ણપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો✓

## (३) हंसकाकीयोपाख्यान

(१) महाभारत कर्णपर्व, ४१/२२

(२) शतमेक च पातानां पतितास्मि न संशयः ।
शतयोजनमेकैकं विचित्रं विविधं तथा ॥

एजन कर्णपर्व – ४१/२५

(३) एजन कर्णपर्व – ४१/५८

(४) उच्छिष्टदर्पितो हंस मन्येडडत्मानं सुपर्णवत् ।
अवमन्य बहूँ ाहं काकानन्यां पक्षिणः ॥

एजन कर्णपर्व – ४१/६४

(५) नास्त्यहंकारसमः शत्रुः ।

चाणकयसूत्र – ३०९

(६) श्रीरामचरितमानस, अरण्यकांड – ६

(७) आत्मसंभाविताः स्तब्धाः धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥

श्रीमद् भ.गी. – १६/१७

(८) लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।
कदाचिदपि पर्यटत्तशशविषाणमासादयेन्न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥

नीतिशतक – ५

(९) सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ।

एजन – ११

(१०) अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुविदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ॥

एजन – ३

(११) महाभारत, शान्तिपर्व – ३०४/१०

(१२) अश्रुत समुन्नष्द्धो दरिद्र महामनाः ।
अर्था ाकर्मणा प्रेप्सुर्मूढ इत्युच्यते बुधैः ॥

एजन उद्योगपर्व – ३३/३०

(१३) भूतं हित्वा च भाव्यर्थे योडवलम्बेत स मन्दधीः ।

एजन आदिपर्व – २३२/१५

(१४) मूर्खो हि जल्पतां पुंसां श्रुत्वा वाचः शुभाशुभाः ।
अशुभं वाक्यमादत्ते पुरीषमिव सुकरः ॥
प्राज्ञस्तु जल्पतां पुंसां श्रुत्वा वाचः शुभाशुभाः ।
गुणवद् वाक्यमादत्ते हंसः क्षीरमिवाम्भसः ॥

महाभारत आदिपर्व – ७४/९०, ९१

(१५) जडचेतन गुन दोषमय, बिस्व कौन्ह करतार ।
संत हंस गुन गहहिं पय, परिहरि बारि बिकार ॥

श्रीरामचरितमानस बालकांड – ७

(१६) अन्यान् परिवदन् साधुर्यथा हि परितप्यते ।
तथा परिवदन्नन्यांस्तुष्टो भवति दुर्जनः ॥

महाभारत आदिपर्व – ७४/९२

(१७) एजन, आदिपर्व, ७४/९३, ९६

(१८) आत्मन्यपि न विश्वासस्तथा भवति सत्सु यः ।
तस्मात् सत्सु विशेषेण सर्वः प्रणयमिच्छति ॥
सौह्यदात् सर्वभूतानां विश्वासो नाम जायते।
तस्मात् सत्सु विशेषेण विश्वासं कुरूते जनः ॥
सतां सदा शाश्वतधर्मवृत्तिः सन्तो न सीदन्ति न च व्यथन्ति ।
सतां सद्भिर्नाफलः सङ्गमोडस्ति सद्भ्यो भयं नानुवर्तन्ति सन्तः ॥
सन्तो हि सत्येन नयन्ति सूर्यं सन्तो भूमिं तपसा धारयन्ति ।
सन्तो गतिर्भूतभव्यस्य राजन् सतां मध्ये नावसीदन्ति सन्तः ॥

न च प्रसादः सत्पुरूषेषु मोघो न चाप्यर्थो नश्यति नापि मानः ।
यस्मादेतन्नियतं सत्सु नित्यं तस्मात् सन्तो रक्षितारो भवन्ति ॥

महाभारत वनपर्व – २९७/४२, ४३, ४७, ४८, ५०

(१९) गतिरात्मवतां सन्तः सन्त एव सतां गतिः ।
असतां च गतिः सन्तो न त्वसन्तः सतां गतिः ॥

महाभारत उद्योगपर्व – ३४/४६

(२०) याश्चशैः संनिवसति याश्चशां ोपसेवते ।
याश्चगिच्छेच्च भवितुं ताश्चग्भवति पुरूषः ॥

एजन उद्योगपर्व – ३६/१३

(२१) एजन वनपर्व – १/२४, २५, २६, २७, २८, २९, ३०

(२२) ततो दुःसङ्गमुत्सृज्य सत्सु सश्चेत बुद्धिमान् ।
सन्त एतस्य छिन्दन्ति मनोव्यासङ्गमुक्तिभिः ॥
सन्तोऽनपेक्षया मज्जिताः प्रशान्ताः समदर्शिनः ।
निर्ममा निरहंकारा निर्द्वन्द्वा निष्परिग्रहाः ॥

श्रीमद् भागवत पुराण – ११/२६/२६, २७

(२३अ) दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितिधीर्मुनिरूच्यते ॥

श्रीमद् भगवद् गीता – २/५६

(२३ब) सम्भावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ।

एजन – २/३४

(२४) अथर्ववेद – १९/५९/३

(२५) दस्मत् कृष्णोष्यघ्वरम् ।

ऋग्वेद – १/७४/४

(२६) ज्यायस्वंतार्ि त्तिनो ।

एजन – ३/३०/५

(२७) दूरे पूर्णेन वसति दूर ऊनेन हीयते ।
महद्यक्षं भुवनस्य मघ्ये तस्मै बलिं राष्ट्रभृतो भरन्ति ॥

अथर्ववेद – १०/८/१५

(२८) नारदसूत्र – ३९

(२९) अबुद्धसेवनाच्चापि बुद्धोऽप्यबुद्धतां व्रजेत्।

महाभारत शांतिपर्व – ३०४/१०

(३०) संयोगो वै प्रीतिकरो महत्सु प्रतिदृश्यते।

एजन आदिपर्व – १६९/५६

(३१) तात स्वर्ग अपवर्ग सुख, धरिय तुला एक अंग।
तुल न ताहि सकल मिलि, जो सुख लव सतसंग॥

श्रीरामचरित मानस / सुंदरकांड – ४

(३२) दुर्जनेन समं सख्यं प्रीतिं चापि न कारयेत्।
उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करम्॥

हितोपदेश मित्रलाभ – ८१

(३३) नारिकेलसमाकाराः श्चश्यन्ते हि सुहृश्चनाः।
अन्ये बदरिकाकारा बहिरेव मनोहराः॥

एजन – ९५

(३४) केयूरा न विभूषयन्ति पुरूषं हारा न चन्दोश्चवला।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः॥
वाण्येका समलंकरोति पुरूषं या संस्कृता धार्यते।
क्षीयन्तेडखिलभूषणानि सततं वाग्भूषणं भूषणम्॥

नीतिशतक – १६

(३५) जाडयं धियो हरति सित्त्वति वाचि सत्यं मानोन्नतिं दिशति पापमपाकरोति।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम्॥

एजन – २०

(३६) महाभारत : भारतीय संस्कृति के नैतिक मूल्य

डॉ. जगत् नारायण दुबे – पृ. ६४

(३७) गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय ।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव ॥
हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन ।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन ॥
कृष्ण कृष्ण महायोगिन् विश्वात्मन् विश्वभावन ।
प्रपन्नां पाहि गोविन्द कुरू मध्येडवसीदतीम् ॥

महाभारत सभापर्व - ६८/४१, ४२, ४३

(३८) प्राणैर्हंस प्रपद्ये द्वीपान्तं प्रापयस्व माम् ।
यद्यहं स्वस्तिमान् हंस स्वं देशं प्राप्नुयां प्रभो ।
न कंचिदवमन्येडहमापदो मां समुद्धर ।

महाभारत कर्णपर्व - ४१/६५

(३९) श्रीमद् भगवद् गीता - २/७

(४०) एजन - १८/६६

(४१) पादपानां भयं वातात् पद्मानां शिशिराद् भयम् ।
पर्वतानां भयं वज्रात् साधुनां दुर्जनात् भयम् ॥

सुभाषित मंजरी

## (४) त्रिताख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૩૧

(२) महाभारत शल्यपर्व – ३६/३१

(३) स तु वव्रे वरं देवांस्त्रातुमर्हय मामितः ।
य ेहोपस्पृशेत् कूपे स सोमपगतिं लभेत् ॥

महा. शल्यपर्व – ३६/४६, ४७

(४) पशुलुब्धौ युवां यस्मान्मामुत्सृज्य प्रधावितौ ॥
तस्माद् वृकाकृती रौद्रौ दंष्ट्रिणावभित रौ ।
भवितारौ मया शप्तौ पापेनानेन कर्मणा ॥
प्रसवश्चैव युवयोर्गोलाङ्ग लर्क्षवानराः

एजन, शल्यपर्व – ३६/५०, ५१, ५२

(५) चाणक्य सूत्र – २४३

(६) न लुब्धो बुध्यते दोषाल्लोभान्मोहात् प्रवर्तते ।

महा. द्रोणपर्व – ५१/११

(७) असंभवं हेममृगस्य जन्म तथापि रामो लुलुभे मृगाय ।
प्रायः समापन्नविपत्तिकाले धियोऽपि पुंसां मलिनीभवन्ति ॥

हितोपदेशे–मित्रलाभ – २८

(८) म.भा. द्रोणपर्व, ५५/२३

(९अ) लोभात् क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।
लोभान्मोह नाश लोभः पापस्य कारणम् ॥

हितोपदेशे, मित्रलाभ – २७,

महा. शान्तिपर्व – १५८/४

(९ब) लोभेन बुद्धि लति लोभो जनयते तृषाम्।

तृषार्तो दुःखमाप्नोति परत्रेह च मानवः ॥

हितोपदेशे, मित्रलाभ – १४२

(१०) लोभं हित्वा सुखी भवेत्।

महा. वनपर्व – ३१३/७८

(११अ) ईशावास्य उपनिषद् – १

(११ब) न वित्तेन तर्पणीयो मनुष्यः ।

कठोपनिषद् – १/१/२७

(१२) परविभवेष्वादरो न कर्तव्यः ।

चाणक्य सूत्र – २९०

(१३) अतिलोभो न कर्तव्यः ।

पंतत्र्वतंत्र, अपरिक्षितकारकम्

(१४) ज्ञानी तापस सूर कवि कोविद गुन आगार ।

केहि की लोभ विडम्बना कीन्ह न एहि संसार ॥

गोस्वामी तुलसीदास

(१५) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।

कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

श्रीमद् भगवद् गीता – १६/२१

(१६) लोभमूलानि पापानि व्याधयो रसमूलकाः ।

स्नेहमूलानि दुःखानि त्रयं त्यक्त्वा सुखीभवेत् ॥

सुभाषित मंजरी – ३/७

(१७) महा. सभापर्व – ७३/५

(१८) नष्टप्रज्ञः पापमेव नित्यमारभते नरः ।

पुण्यं प्रज्ञां वर्धयति क्रियमाणं पुनः पुनः ॥

महा. उद्योगपर्व - ३५/६२

(१९) वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।

श्रीमद् भगवद् गीता - २/६१

(२०) काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥

हितोपदेश-मित्रलाभ - १

(२१) यथा सत्यं चानृत च न बिभीतो न रिष्यतः ।
एवा मे प्राण मा बिभे ॥

अथर्ववेद - २/१५/५

(२२) न विभेति कदाचनेति ।

तैत्तिरीय संहिता - २/४

(२३) यथा फलानां पक्वानां नान्यत्र पतनाद् भयम् ।
एवं नरस्य जातस्य नान्यत्र मरणाद् भयम् ॥

वाल्मीकि रामायण अयोध्याकांड - १०५/१७

(२४) श्रीमद् भगवद् गीता - १२/१५

(२५) तावद्भयेन भीतव्यं यावद् भयमनागतम् ।
आगतं तु भयं वीक्ष्य प्रहर्तव्यमशंकया ॥

चाणकयनीति - ५/३

## પ્રકરણ – ૪

# શાન્તિપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વૈપાયન રચિત મહાભારતનું અત્યંત મહત્ત્વનું અને મહાભારતના હાર્દ સમુ બારમુ પર્વ, તે શાન્તિ પર્વ છે. તે પર્વ અંતર્ગત ભીષ્મ યુધિષ્ઠિર સંવાદ છે.

કુરુક્ષેત્રનું યુદ્ધ પૂર્ણ થયું. યુધિષ્ઠિરે રાજયની ધૂરા સંભાળી. પરંતુ યુધિષ્ઠિરના મનને શાંતિ નથી. યુધિષ્ઠિર એમ વિચારે છે કે આ જે કંઈ રાજય પ્રાપ્તિ થઈ તે મારા સ્વજનોના ભોગે થઈ છે. આ વાતનું વારંવાર સ્મરણ કરી યુધિષ્ઠિર દુઃખી થવા લાગ્યા.

આ સમયે ભગવાન્ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને બાણ શય્યા પર પડેલ ભીષ્મ પાસે જવા કહ્યું. કારણ કે ભીષ્મ મહાન્ યૌદ્ધાની સાથે મહાન્ જ્ઞાની પણ હતા. ભીષ્મના મૃત્યુથી તે જ્ઞાન અસ્ત થઈ જાય તેમ હતું. તેથી અસ્ત થતા જ્ઞાનને ઉદ્દીપ્ત કરવા ભગવાન્ વાસુદેવ યુધિષ્ઠિરને ભીષ્મ પાસે જ્ઞાન ગ્રહણ કરવા મોકલે છે. આ જ્ઞાન દરમિયાન ભીષ્મ પિતામહ અનેક આખ્યાનો ઉપાખ્યાનોનું નિરુપણ કરે છે. તેમાં સમગ્ર શાસ્ત્રનું જ્ઞાન સમાવિષ્ટ છે, તે કથાઓ આ પ્રમાણે છે –

**આખ્યાનો :**

| | | | |
|---|---|---|---|
| (१) | **मार्जारमूषिक आख्यान** | – | **आपद्धर्म पर्व – १३८** |
| (२) | **कपोतलुब्धक आख्यान** | – | **आपद्धर्म पर्व – १४३** |
| (३) | **गृधगोमायु आख्यान** | – | **आपद्धर्म पर्व – १५३** |
| (४) | **तुलाधार जाजलि आख्यान** | – | **मोक्षधर्म पर्व – २६१** |

ઉપાખ્યાનો :

| | | | |
|---|---|---|---|
| (१) | **कृतघ्नोपाख्यान** | – | **आपद्धर्म पर्व – १६८** |

## (१) मार्जारमूषिक आख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતના ખૂબ પ્રસિદ્ધ એવા શાંતિપર્વના આપદ્ધર્મ પર્વ નામના ૧૩૮મા અધ્યાયમાં નિરુપેલ છે.

યુધિષ્ઠિરે ભીષ્મને પૂછયું કે, શત્રુઓના આક્રમણ સમયે રાજાએ શું કરવું જોઈએ ? તેના પ્રત્યુત્તરમાં ભીષ્મ પ્રસ્તુત આખ્યાન કહે છે.

મહાભારતની કથા મુજબ ભીષ્મ કહે છે કે, એક વનમાં વૃક્ષ પર લોમશ નામનો બિલાડો અને તેના મૂળ પાસે સો દરવાજાનું દર બનાવી એક ઊંદર રહેતો હતો. તે વનમાં એક ચાંડાલ પણ રહેતો હતો.

તે ચાંડાલ પ્રતિદિન રાત્રિએ જાળ પાથરતો જેથી તેમાં પશુઓ ફસાય અને પ્રાતઃ આવીને લઈ જતો. એક દિવસ અસાવધાનીથી બિલાડો જાળમાં ફસાઈ ગયો. આ જોઈ ઊંદર નિશ્ચિંત ફરવા લાગ્યો.

આ દરમિયાન એક નોળિયો અને ઘુવડ ત્યાં આવી પહોંચ્યા. આ બંને શત્રુને જોઈ ઊંદર ભયભીત થઈ ગયો. ઊંદર વિચારપૂર્વક કહેવા લાગ્યો. બુદ્ધિમાન્, વિદ્વાન્ અને નીતિશાસ્ત્રમાં નિપુણ પુરુષ ભયંકર વિપત્તિમાં પડવાથી દુઃખી થતો નથી. પરંતુ તેમાંથી મુકત થવા ઈચ્છે છે. [૧]

આમ વિચારી તે બિલાડા પાસે આવ્યો. કારણ કે બિલાડો પણ તે સમયે મુશ્કેલીમાં હતો. તેની સાથે વિનયપૂર્વક વાણી બોલવા લાગ્યો.

**सतां साप्तपदं मैत्रं स सखा मेऽसि पण्डितः ।**

**सांवास्यकं करिष्यामि नास्ति ते भयमद्य वै ॥**

અર્થાત્, સાધુ પુરુષો તો સાત પગલા સાથે ચાલવાથી મિત્ર બની જાય છે. આપણે બંને નિત્ય સાથે રહીએ છીએ અતઃ તું મારો વિદ્વાન્ મિત્ર છો. [૨]

આ પ્રમાણે ઊંદરે બિલાડીના જાળના બંધન છેદવાનું કહી તેનો વિશ્વાસ જીત્યો અને ઊંદર બિલાડાની પીઠ પર ચઢી ગયો. આ દશ્ય જોઈ નોળિયો અને ઘુવડ જતા રહ્યા અને ઊંદર બિલાડાના બંધન છેદવા લાગ્યો. બિલાડો મુકત થતા પુનઃ તે વૃક્ષ પર જઈ ચઢયો અને ઊંદર પોતાની દરમાં જતો રહ્યો.

બંને ભયમુકત થઈ ગયા બિલાડીએ વૃક્ષ પર બેસી ઊંદર સાથે મિત્રતા કરવા કહ્યું. ઊંદરે બિલાડા સાથે મિત્રતાનો સ્પષ્ટ અસ્વીકાર કરતા કહ્યું, ''કોઈ કોઈનો મિત્ર નથી કે કોઈ કોઈનો શત્રુ નથી બધા સ્વાર્થવશ મિત્રતા અને શત્રુતા કરે છે.'' [૩]

ઊંદરે બિલાડાને નીતિશાસ્ત્રનું જ્ઞાન આપ્યું.

મહાભારતમાં મહર્ષિ બાદરાયણ ઠેર–ઠેર પ્રતીકાત્મક કથાઓનું નિરુપણ કરે છે. આવી કથાઓ નિરુપણ પાછળ ભગવાન્ વ્યાસજીનો મૂળ હેતુ ઉપદેશ આપવાનો છે. કારણકે સર્વ કથા ઉપદેશ પ્રધાન છે. તેમાંથી અનેક બાબતો ફલિત થતી હોય છે. જેવા કે સત્ય, નીતિ, ધર્મ, મિત્રતા, શત્રુતા, સજ્જન–દુર્જન, દયા, દાન ઈત્યાદિ.

પ્રસ્તુત આખ્યાન આવી અનેક બાબતો ઉજાગર કરે છે, જે આ પ્રમાણે છે –

પ્રસ્તુત આખ્યાન દ્વારા મહર્ષિ વેદ વ્યાસ નીતિશાસ્ત્રનું જ્ઞાન આપે છે. વ્યકિતએ કયા સમયે કેવો વ્યવહાર કરવો ? અન્ય રાજાઓના આક્રમણ સમયે શું સાવધાની રાખવી ? દુર્બળ રાજા પર સબળ રાજા આક્રમણ કરે તો શું કરવું ? મિત્ર શત્રુ બની જાય તો શું કરવું ?

ભીષ્મ કહે છે, મિત્ર અને શત્રુની પરિસ્થિતિ એક સમાન નથી રહેતી. કાર્યોનો પ્રભાવ એવો પડે છે કે શત્રુ મિત્ર બની જાય અને મિત્ર શત્રુ બની જાય. અતઃ દેશકાળ પ્રમાણે કર્તવ્ય અકર્તવ્યનો નિર્ણય કરી વિશ્વાસ ઉત્પન્ન કરવો આવશ્યકતાનુસાર શત્રુ સાથે પણ મિત્રતા કરી લેવી. આવી વ્યકિત કાર્ય સિદ્ધ કરી શકે છે.

પ્રસ્તુત આખ્યાન નીતિશાસ્ત્રનો સાર આપતા નીચેની બાબતોની ચર્ચા કરે છે.

**શીઘ્ર નિર્ણય :**

સ્થળ સંજોગો પ્રમાણે માનવીએ નિર્ણય કરવો જોઈએ. તે નિર્ણયમાં જરાપણ વિલંબ ન કરવો કારણ કે શીઘ્ર નિર્ણય લેનાર વ્યીકતને ફળની પ્રાપ્તિ થાય છે.

ભીષ્મ કહે છે, જે સંકટ પહેલા રક્ષણનો ઉપાય વિચારે છે તે 'અનાગત વિધાતા', જે સમય પર આત્મ રક્ષાનો વિચાર કરે છે તે 'પ્રત્યુત્પન્નમતિ', પરંતુ પ્રત્યેક કાર્યમાં અનાવશ્યક વિલંબ કરનાર 'દીર્ઘસૂત્રી' નષ્ટ થઈ જાય છે. [૪]

આ ત્રણમાંથી સમય પર રક્ષણનો ઉપાય વિચારનાર વ્યકિત શ્રેષ્ઠ છે. તેનામાં ત્વરિત નિર્ણય શકિત હોય છે.

જેવી રીતે ઊંદર પર ભય આવી પડયો ત્યારે તે શત્રુ એવા બિલાડાને શરણે ગયો જેના દ્વારા તેના પ્રાણની રક્ષા થઈ શકી. આમ તો બિલાડો અને ઊંદર અન્યોન્યના શત્રુ મનાય છે. પરંતુ બિલાડો પણ તે ક્ષણે બંધનમાં હતો. તેને પણ સ્વરક્ષણ કરી જીવતદાન જોઈતું હતું. આથી તે બંનેએ શીઘ્ર નિર્ણય કરી એકબીજાને ઉપકારક બની જીવતદાન પ્રાપ્ત કર્યું.

આપત્તિ સમયે શત્રુને પણ મિત્ર બનાવી દેવો. મનુષ્ય પરિસ્થિતિ પ્રમાણે મિત્ર અને શત્રુ બને છે. આ સંસારમાં કોઈ કોઈનો મિત્ર નથી કે કોઈ કોઈનો શત્રુ નથી. બધા સ્વાર્થવશ મિત્રતા અને શત્રુતા કરે છે.

**મિત્રતા–શત્રુતા :**

મિત્રતા સમોવડિયા સાથે કરવી મુશ્કેલીના સમયે શત્રુને પણ મિત્ર બનાવવો તેવું આચાર્યોનું કથન છે. [૫]

વિદ્વાન્ શત્રુ સારો પરંતુ મૂર્ખ મિત્ર સારો નહીં. [૬]

સજ્જનો વચ્ચે સાત પગલા સાથે ચાલવાથી મિત્રતા થાય છે. [૭]

કોઈ કોઈનો મિત્ર નથી કે શત્રુ નથી. સ્વાર્થવશ મિત્ર અને શત્રુ બને છે. જેવી રીતે અર્થો દ્વારા અર્થ બંધાય છે. [૮અ]

મિત્રલાભ પણ આ વાતને અનુમોદન આપતા કહે છે કોઈ કોઈનો મિત્ર કે શત્રુ નથી. મનુષ્ય વ્યવહારથી મિત્ર અને શત્રુ બને છે. [૮બ]

મૈત્રી કોઈ સ્થિર વસ્તુ નથી તેમજ શત્રુતા પણ સ્થિર નથી. સ્વાર્થવશ મિત્ર અને શત્રુ બને છે. [૯]

**अभ्राणामिव रूपाणि विकुर्वन्ति क्षणे क्षणे ।**

અર્થાત્, મિત્રતા અને શત્રુતાના રૂપ વાદળની માફક ક્ષણે–ક્ષણે પરિવર્તન પામે છે. [૧૦]

બિલાડી અને ઊંદરે આવી અનેક મિત્રતા અને શત્રુતા વિષયક નીતિ વિષયક ચર્ચા કરી બિલાડી અને ઊંદર એકબીજાના શત્રુ છે પરંતુ સંકટ સમયે બંનેએ મિત્ર ધર્મ રજૂ કર્યો.

જયારે બધા છોડીને જતા રહે ત્યારે જે સાથ આપે, તે સાચો મિત્ર છે.

ઋગ્વેદ અનુસાર તે મિત્ર નથી જે મિત્રની સહાયતા ન કરે. [૧૧]

યજુર્વેદના મતે **मित्रस्याडहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।** અર્થાત્, સર્વ પ્રાણીઓને મિત્રતાની દષ્ટિથી જોવા. [૧૨]

અથર્વવેદ પરસ્પર મિત્રની માફક રહેવા કહે છે. [૧૩]

મહાભારતના વનપર્વમાંના સાવિત્રી ઉપાખ્યાનમાં સાવિત્રી યમને કહે છે કે કુલીન સત્પુરુષનું કહેવું છે કે સજ્જનોની મૈત્રી સાત પગલા એક સાથે રહેવા માત્રથી થાય છે. [૧૪]

વાલ્મીકિ રામાયણ મુજબ મિત્ર દુઃખમાં હોય કે સુખમાં, તે સદા મિત્રની સહાયતા કરે છે. [૧૫]

મિત્ર પરમગતિ છે, તેમ વાલ્મીકિ કહે છે. [૧૬]

હિતોપદેશના મિત્રલાભની કથા પ્રમાણે હરણે શિયાળ સાથે મિત્રતા કરી, જેમાં અંતે હરણને ફાંસલામાં ફસાવું પડયું. તેથી જ કહેવાય છે કે મિત્ર જોઈ વિચારીને કરવો. સંકટ સમયે જે ઉપયોગી થાય તે જ ખરો મિત્ર છે.

નીતિશતકમાં મહાકવિ ભર્તૃહરિ મિત્રના લક્ષણો દર્શાવતા કહે છે, ''જે પાપમાંથી રોકે, હિત કાર્યમાં જોડે, ગુપ્ત વાત છુપાવે, ગુણોને પ્રકાશિત કરે, સંકટ સમયે પણ છોડતા નથી અને સમય આવે ત્યારે આપે છે.'' [૧૭]

મિત્રતા વ્યવહારથી ઉત્પન્ન થાય છે. એટલે સામાન્ય રીતે મિત્રો વચ્ચે છ પ્રકારના વ્યવહારો સ્થપાય ત્યારે મિત્રતા થાય છે. પ્રેમની જેમ મિત્રતા પણ એકમાર્ગી રસ્તો નથી. તેથી મિત્રના ગૃહે જવું–આવવું, મિત્રને પોતાની ખાનગી વાત કહેવી–સંભળાવવી, મિત્રને ત્યાં ભોજન લેવું–કરાવવું આ છ પ્રકારના વ્યવહારો મિત્રતાના લક્ષણ છે.

જે હંમેશા મિત્રની સુખાકારીનો જ વિચાર કરે અને પોતાની જાતના ભોગે તેની રક્ષા કરે તે જ સાચો મિત્ર. મિત્રો એવા બનાવવા જે ઢાલ જેવા હોય. જે સુખમાં પાછળ રહે અને દુઃખમાં આગળ આવે તે જ સાચો મિત્ર.

મિત્રતા જેમ વિચારપૂર્વક કરાય તેમ શત્રુતા પણ વિચારપૂર્વક કરવી જોઈએ. કહેવાય છે કે રોગ અને શત્રુને ઉગતા જ ડામવા જોઈએ. આ વાત ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને શાંતિપર્વમાં કહે છે કે –

**न च शत्रुरवज्ञेयो दुर्बलोडपि बलीयसा ।**

**अल्पोडपि हि दहत्यग्निर्विषमल्पं हिनस्ति च ।**

અર્થાત્, બળવાન પુરુષે કદાપિ નિર્બળ સાથે શત્રુતા ન કરવી. કારણ કે આગ નાની હોય તો પણ ભસ્મ કરી દે છે અને વિષ અલ્પ હોય તો પણ મૃત્યુ પમાડે છે. [૧૮]

જેમ મિત્રતા સમોવડીયા સાથે હોય તેમ શત્રુતા પણ સમોવડીયા સાથે કરવી.

શેકસપિયર કહે છે કે નવા દોસ્ત અને જૂના શત્રુથી હંમેશા સાવધ રહેવું.

એમર્સના મતે કોઈ મનુષ્ય તમારો શત્રુ નથી કે કોઈ મિત્ર નથી. પ્રત્યેક માનવી આપણો ગુરુ છે.

ઉપનિષદ્ પ્રમાણે આત્માના છ શત્રુઓ છે – કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

શ્રીમદ્ ભગવદ્ગીતા તો જીવાત્માને જ મિત્ર તથા શત્રુ માને છે. [૧૯]

વાલ્મીકિ રામાયણમાં શ્રીરામ સુગ્રીવને કહે છે, ઉપકાર મિત્રતાનું ફળ છે અને અપકાર શત્રુતાનું લક્ષણ છે. [૨૦]

શ્રીરામચરિત માનસમાં તુલસીદાસ મૈત્રી ધર્મ સમજાવતા કહે છે, જે મિત્રના દુઃખથી દુઃખી થતા નથી. તેને મોટું પાપ લાગે છે. પોતાના મેરુ સમાન દુઃખને ધૂળ સમાન અને મિત્રના ધૂળ સમાન દુઃખને મેરુ સમાન માને છે, તે મિત્રનો ધર્મ છે. મિત્રને ખરાબ માર્ગ પરથી અટકાવી સારા માર્ગે વાળે ગુણ પ્રકટ કરે અને અવગુણને છુપાવે, વિપત્તિ સમયે સદા સ્નેહ કરે, આ મિત્રના ગુણ છે. [૨૧] વેદ પણ આ વાતને અનુમોદન આપે છે.

મૈત્રી ધર્મ સમાનતાનો ધર્મ છે. તેમાં આપવું લેવું સમાન છે. મિત્ર કર્તવ્યચ્યુત થાય તો તેને સત્ય વાત સમજાવવી. આ મિત્રનો ધર્મ છે. [૨૨]

મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે કે બુદ્ધિમાન્ અને વિદ્વાન્ મનુષ્ય વિશેષ કારણ વિના શત્રુના વશમાં આવતા નથી. જયારે સ્વ પર અને શત્રુ પર એકસમાન વિપત્તિ આવે ત્યારે નિર્બળ સબળ શત્રુ સાથે સંધિ કરી સાવધાનીપૂર્વક કામ કરવું. કામ પૂર્ણ થતાં પુનઃ તે શત્રુ પર વિશ્વાસ કરવો ન જોઈએ. [૨૩]

સંસ્કૃત સુભાષિતમાં મિત્રતાની પ્રશંસા કરતા કહ્યું છે કે, ''શોક, શત્રુ અને સર્વ પ્રકારના ભયમાંથી રક્ષણ કરનારું, પ્રીતિ અને વિશ્વાસના પાત્ર સમું 'મિત્ર' નામનું આ બે અક્ષરનું રત્ન કોણે બનાવ્યું હશે ?'' પંચતંત્રમાં મિત્ર સંપ્રાપ્તિ અને હિતોપદેશમાં 'મિત્રલાભ' નામના એક વિભાગ આપી મૈત્રીની અનેક કથાઓ દ્વારા તેનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું છે. મનુષ્ય લોકમાં અમૃત નથી. પરંતુ પરમાત્માએ મિત્રતા સર્જીને અમૃતનું મધુર અને નિર્મલ ઝરણું વર્ણવ્યું છે. જેને મિત્રની સાથે સહવાસ નથી કે જેને મિત્રોની સાથે સંવાદ કરવાનું સદ્ભાગ્ય નથી. તેનું જીવન વ્યર્થ છે. માટે સંસારમાં આવીને સારા મિત્રો બનાવવા જોઈએ અને સારા મિત્ર બનવું જોઈએ. તેમાં જ જીવનની સાર્થકતા છે.

વિપત્તિકાળે શત્રુને પણ મિત્ર બનાવવો, તે જ સદ્બુદ્ધિ છે. ઊંદર–બિલાડીએ એક સંપ બની અન્યોન્યને સહાય કરી, જેને કારણે બંનેની જીવનની રક્ષા થઈ શકી.

### સંગઠિત થઈ કરેલ કર્મ :

સમય પ્રમાણે સંગઠિત થઈ કરેલ કર્મ સારું પરિણામ લાવે છે.

ઋગ્વેદમાં એક સાથે કરેલ કર્મની પ્રશંસા કરતા કહ્યું છે કે, **सं गच्छध्वं सं वदध्वं ।** અર્થાત્, એક સાથે ચાલો. [૨૪અ]

અમારું હૃદય મન અને સંકલ્પ એક હોય, જેનાથી અમારું સંગઠન સ્થાયી રહે. [૨૪બ]

હિતોપદેશ મિત્રલાભની એક કથા અનુસાર કબૂતર એક થઈ જાળ લઈ ઉડયા, જેને કારણે સર્વની જીવ રક્ષા થઈ શકી. તેથી જ કહ્યું છે કે **संहतिः कार्यसाधिका ।**

ઊંદર અને બિલાડો બંને વિપત્તિમાં હતા તેથી બંનેએ જીવરક્ષા માટે યુકિતયુકત વાત કહી કારણ કે તે બંને આપત્તિમાં ફસાયેલા હતા. તેથી બંનેએ મિત્રતા કરી એક સંપ બની કાર્ય પાર પાડયું. બિલાડો જાળમાં ફસાયેલ હતો અને ઊંદરને નોળિયા તથા ઘુવડનો ભય હતો. બંનેના પ્રાણ સંકટમાં હતા. આથી બંનેએ એક થઈ નક્કી કર્યું કે ઊંદર બિલાડાની જાળ કાપી તેને મુકત કરે પરંતુ તે પહેલા બિલાડાએ ઊંદરની રક્ષા કરવી જરૂરી હતી. જો બિલાડો ઉંદરની રક્ષા કરે તો જ ઊંદર તેને મુકત કરી શકે. આમ, બંનેના પ્રાણ અન્યોન્ય રક્ષા કરવા પાછળ જોડાયેલા હતા. આથી બંનેએ પરસ્પર શત્રુતા છોડી એક સંપ થઈ પ્રાણ રક્ષા કરી.

હિતોપદેશના મિત્રલાભમાં કહ્યું છે કે, વસ્તુ નાની હોય કે મોટી, તેનું સંગઠન કાર્યસાધક બને છે. દોરીનું રૂપ પામેલા તણખલાથી મદમસ્ત હાથી પણ બંધાય છે. [૨૫]

જેવી રીતે એક કાષ્ઠને સરળતાથી તોડી શકાય છે, પરંતુ તેના જથ્થાને તોડવો મુશ્કેલ છે. તેવી જ રીતે એક સંપ થઈ કરેલ કાર્ય સિધ્ધિ અપાવે છે.

મનુષ્યએ સમય અને સંજોગો પ્રમાણે કાર્ય કરવું જોઈએ. જેમાં તેનું ઈષ્ટ હોય તેવું કાર્ય પ્રથમ કરવું જોઈએ.

**સ્વાર્થ :**

આ કથામાં ઊંદર બિલાડાનો પરસ્પર સ્વાર્થ સધાતો જોવા મળે છે. મિત્રલાભમાં ચિત્રગ્રીવ કબૂતરની વાર્તામાં હિરણ્યક નામનો ઊંદર પોતાની જાતને ભોગે આશ્રિત વ્યકિતનું રક્ષણ કરવાની વાત સાથે સંમત નથી. કારણ કે આપત્તિમાંથી ધન બચાવવું, પત્નીનું ધનથી પણ રક્ષણ કરવું, પરંતુ જરૂર પડે જાતનું રક્ષણ પત્ની કે ધનના ભોગે પણ કરવું જોઈએ. [૨૬]

પક્ષી ફળ ન રહેતા વૃક્ષનો ત્યાગ કરે છે. સારસ જળ સૂકાઈ જવાથી સરોવરનો પરિત્યાગ કરે છે. ભ્રમર વાસી ફૂલનો, મૃગ દગ્ધ વનનો, વેશ્યા નિર્ધન પુરુષનો, તથા મંત્રીગણ શ્રીહીન રાજાનો ત્યાગ કરે છે. સર્વ મનુષ્ય પોત–પોતાના સ્વાર્થવશ પ્રેમ કરે છે. વાસ્તવમાં કોણ કોનું પ્રિય છે ? [૨૭]

મહાભારતના શાન્તિપર્વ મુજબ – ''આ જીવ જગત્ સ્વાર્થના સાથી છે. કોઈ કોઈનું પ્રિય નથી બે સહોદર ભાઈ તથા પતિ અને પત્નીમાં પણ પરસ્પર સ્વાર્થવશ પ્રેમ હોય છે. આ વિશ્વમાં કોઈના પ્રેમને નિષ્કારણ ન સમજવો.'' [૨૮]

માતા, પિતા, પુત્ર, મામા, ભાણેજ, સંબંધી તથા બન્ધુ–બાન્ધવ એ સર્વમાં સ્વાર્થના સંબંધે જ સ્નેહ હોય છે. પુત્ર પણ પતિત હોય તો માતા–પિતા તેનો ત્યાગ કરે છે. અતઃ આ વિશ્વમાં સ્વાર્થ જ સાર છે. [૨૯]

અશ્વઘોષ કહે છે કે, 'સ્વજન શત્રુ બની જાય છે અને પારકા મિત્ર બની જાય છે એવું જોવા મળે છે. કાર્યને વશ થઈ લોકો સ્નેહ કરે અને સંબંધ તોડે છે.'

જેટલાથી પોતાનો સ્વાર્થ સધાય તે સાધીને શેષને ફેંકીને આગળ વધી જાય છે. આ દુનિયાનો ક્રમ છે.

આપત્તિ સમયે વિદ્વાન્ પુરુષ બળવાન્ શત્રુ સાથે પણ સંધિ કરી લે છે. ઊંદર અને બિલાડો આ રીતે અન્યોન્યનો આશ્રય લઈ વિપત્તિમાંથી છૂટી શકયા.

ઊંદર અને બિલાડાનો સંબંધ ભક્ષ્ય–ભક્ષકનો છે. પરંતુ બંનેએ નિજિ સ્વાર્થ માટે એકબીજા સાથે સંધિ કરી.

બુદ્ધિમાન્ પુરુષે નિર્ભયની સમાન રહેવું જોઈએ. અંદરથી વિશ્વાસ ન કરવા છતાં ઉપરથી વિશ્વાસી પુરુષની જેમ વર્તન કરવું. કાર્યોની કઠીનતા જોઈ કદાપિ મિથ્યાચરણ ન કરવું જોઈએ. [૩૦]

મનુષ્ય સ્વાર્થવશ અન્ય સાથે મિત્રતા બાંધી સ્વાર્થ સધાય જતા તેની સાથે વિશ્વાસઘાત કરે છે.

હિતોપદેશના મિત્રલાભમાં વૃદ્ધજરદ્ગવની કથા છે. તેમાં બિલાડાએ ગીધ સાથે સ્વાર્થવશ મિત્રતા કરી અને તક જોઈ પક્ષીના બચ્ચાનું ભક્ષણ કરી સ્વાર્થ સાધી ત્યાંથી પલાયન થઈ ગયો.

આ વિશ્વમાં સ્વાર્થ વિના કોઈ કોઈ પર ઉપકાર કરતું નથી, કારણ કે વિશ્વ સ્વાર્થી લોકોથી ભરેલું છે.

**ઉપકાર :**

કરેલ ઉપકારનો બદલો પ્રતિ ઉપકાર કરી વાળવો જોઈએ. પરંતુ આ સંસારમાં ઉપકાર પર ઉપકાર કરનાર મનુષ્યો અલ્પ છે. મનુષ્ય કરેલ ઉપકારને ક્ષણભરમાં ભૂલી જાય છે. ઉપકારી મનુષ્યે તો જાતનો વિચાર કર્યા વિના અન્ય પર ઉપકાર કરવો જોઈએ.

જેવી રીતે ધૂપસળી પોતે બળીને અન્યને સુવાસ આપે છે, તેવી રીતે મનુષ્યે પોતાના ભોગે પણ ઉપકાર કરવો.

જેમ કે દધીચિએ અસુરોના સંહાર માટે પોતાના અસ્થિનું દાન કરી તેમાંથી વજ્ર બનાવી અસુરોનો સંહાર કર્યો. આનાથી મહાન્ પરોપકાર બીજો કયો હોઈ શકે ?

મહાભારતના ખાંડવ દહન પ્રસંગે અર્જુને મયદાનવનું રક્ષણ કર્યું. ઉપકારના પરિણામે મયદાનવે યુધિષ્ઠિર માટે અલૌકિક સભાનું નિર્માણ કર્યું. આ બાબતથી સ્પષ્ટ થાય છે કે કોઈ કોઈના ઉપકારનો કેટલો અધિક બદલો કેમ ન આપે ? તે પ્રથમ ઉપકાર કરનારની સમાન શોભતો નથી. કારણ કે તેમણે તો ઉપકારના બદલામાં ઉપકાર કર્યો. પરંતુ બીજાએ તો કારણ વિના તેમનો ઉપકાર કર્યો છે. [૩૧]

પરોપકાર માટે વૃક્ષો ફળ આપે છે, નદીઓ વહે છે, સૂર્ય પ્રકાશે છે. હંમેશા પરોપકાર કરવો જોઈએ. [૩૨]

પરોપકાર માટે કર્ણે પોતાના કવચ–કુંડળ આપ્યા, શિબિ રાજાએ પોતાના દેહનું માંસ આપ્યું, જીમૂતવાહને પોતાનો જીવ આપ્યો, દધીચિ મુનિએ સ્વદેહના અસ્થિ આપ્યા, મહાત્મા પુરુષોને કશું નહી આપવા જેવું નથી. સર્વ આપી દે છે. [૩૩]

પરોપકાર વિનાનું જીવન ધિક્કારમય છે. તે પશુઓને ધન્ય છે કે જેનું ચામડું અન્યના ઉપયોગમાં આવી શકે. [૩૪]

નદી પોતાનું પાણી પીતી નથી, વૃક્ષો પોતાના ફળ ખાતા નથી, વાદળ પોતાને માટે પાણી વરસાવતા નથી, સત્પુરુષોની સમૃદ્ધિ પરોપકાર માટે હોય છે. [૩૫]

નૈષધચરિતમાં કહ્યું છે કે, ''ઉપકૃત વ્યકિતએ ઉપકાર કરનાર પર પોતે કરી શકે એવો પ્રત્યુપકાર ત્વરિત કરવો જોઈએ, તે નાનો હોય કે મોટો.'' [૩૬]

મહાભારતમાં કહ્યું છે કે, **परोपकाराय पुण्याय ।** અર્થાત્, પરોપકાર તે પુણ્ય છે.

બિલાડો પણ ઊંદર તેના પર કરેલ ઉપકારના પ્રતિ ઉપકાર માટે તત્પર છે. તેથી તેની સાથે મિત્રતા કરવા ઈચ્છે છે. પરંતુ ઊંદર નીતિશાસ્ત્ર વિશારદ હોવાને કારણે મિત્રતાનો અસ્વીકાર કરે છે.

સંકટ સમયે બિલાડો ઊંદરને તેના પર ઉપકાર કરવાનું કહેતા કહે છે, યથા સમય તારા અભીષ્ટની સિદ્ધિવાળું કોઈપણ કાર્ય કરીશ. આ સંકટમાંથી મુકત થયા પશ્ચાત્ તારો કરેલ ઉપકાર નષ્ટ નહી થાય. અવશ્ય તેનો બદલો આપીશ. [૩૭]

**નિષ્કર્ષ :**

ઉપર્યુકત આખ્યાન નીતિશાસ્ત્રનું જ્ઞાન આપે છે. રાજાએ રાજયશાસન દરમિયાન કયા–કયા ધર્મો પાળવા ? કઈ વસ્તુનો ખ્યાલ રાખવો ? કોને મિત્ર કે શત્રુ બનાવવા, સ્વાર્થ સધાઈ જતા કેવી રીતે અન્ય પરથી વિશ્વાસ લઈ લેવો ? વ્યકિત કયારે ઉપકાર કરે છે ? ઈત્યાદિ બાબતનું જ્ઞાન ભીષ્મે યુધિષ્ઠિરને આપ્યું.

સમયાનુસાર મિત્ર કે શત્રુ બનાવવા અને શત્રુ સાથે સંધિ અને મિત્ર સાથે યુદ્ધ કરવું ઉચિત છે. નીતિશાસ્ત્રના તાત્પર્યને જાણી સાવધાન રહી ભય પહેલા ભયભીત સમાન આચરણ કરવું. જે પુરુષ ભય પહેલા તેના પર શંકા કરે તેની સામે પ્રાયઃ ભયનો અવસર આવતો નથી, પરંતુ જે નિઃશંક બની અન્ય પર વિશ્વાસ કરે છે તેને ભયનો સામનો કરવો પડે છે.

શ્રેષ્ઠ બુદ્ધિનો આશ્રય લઈ શત્રુ અને મિત્રના ભેદ, સંધિ અને વિગ્રહના સમયે તથા વિપત્તિમાંથી મુકત થવાનો ઉપાય વિચારવો જોઈએ.

આ નીતિ ધર્મ, અર્થ અને કામને અનુકૂળ છે. તેથી તેનો આશ્રય લો. આ ઉપદેશ અનુસાર કર્તવ્ય પાલનમાં તત્પર થઈ સંપૂર્ણ પ્રજાની રક્ષા કરી પોતાની ઉન્નતિ માટે તત્પર થવું.

વર્તમાન યુગમાં પણ આ જ્ઞાન એટલું જ આવશ્યક છે. આજે મનુષ્ય મિત્ર બને તો પણ વિચારવું અને વિના કારણ શત્રુ બને તો તે પણ વિચારણીય છે. આ આખ્યાન દ્વારા મહર્ષિ વેદ વ્યાસે સમગ્ર માનવ જીવનને બોધ આપ્યો છે. સામાન્ય પશુના આખ્યાન દ્વારા ગહન જ્ઞાન પીરસ્યું છે.

ઉપર્યુક્ત આખ્યાન સંધિ અને વિગ્રહનું જ્ઞાન તથા વિશેષ બુદ્ધિ ઉત્પન્ન કરે છે. સમગ્ર માનવ જાતિએ સદા આ ઊંદર બિલાડીનું આખ્યાન દષ્ટિ સમક્ષ રાખી શત્રુ મંડલ સાથે યથોચિત વ્યવહાર કરવો જોઈએ.

ભયમાં આવી પડેલા આ બંને જન્મજાત શત્રુઓ મિત્ર બને અને મૈત્રીમાં પણ જે શાશ્વત વ્યવહાર છે, તેની કથા સુંદર રીતે નિરુપાઈ છે. મૈત્રી હોવા છતાં જે પ્રકૃતિ જન્મ છે તેને સમજવું અને વ્યવહારની મર્યાદા આંકવી એટલે શું ? આ સર્વ એક ઊંદર જેવા ક્ષુદ્ર જંતુના મુખેથી રસપ્રદ રીતે વર્ણવાયું છે.

## (२) कपोतलुब्धक आख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન કથાઓના નિધિ રૂપ મહાભારતના શાન્તિપર્વના આપદ્ધર્મ પર્વ નામના ૧૪૩ મા અધ્યાયમાં નિરુપેલ છે. શરણાગતની રક્ષા કરવાના વિષયમાં ભીષ્મ યુધિષ્ઠિરને આ આખ્યાન કહે છે.

યુધિષ્ઠિરના કબૂતરે શરણાગત શત્રુની રક્ષા કરી કેવી રીતે માંસ ભક્ષણ કરાવ્યું, આમ કરવાથી તેને કેવી ગતિ પ્રાપ્ત થઈ ? એવા પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહ કબૂતર–કબૂતરીનો પ્રસંગ કહે છે, જે કથા પરશુરામે મુચુકુન્દને કહી હતી, તે કથા ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને કહે છે.

એક વનમાં દુષ્ટ, કાળ સમાન વ્યાઘ નિવાસ કરતો હતો. તેના સ્વજનોએ તેને તેના ક્રૂર કર્મને કારણે ત્યજી દીધો હતો. તે વનમાં જઈ પક્ષીઓનો વધ કરી વેંચી દેતો. તે પોતાની દુર્વૃત્તિથી મૂઢ થઈ ગયો હતો, જેને કારણે તેને અન્ય કોઈ પ્રવૃત્તિ પસંદ ન હતી.

એક દિવસ વનમાં વિચરણ કરતા ભયંકર આંધિ આવી, જેને કારણે ઠંડીથી તેનું શરીર કંપવા લાગ્યું. તે સમયે તેમણે એક ઠંડીથી વ્યાકુળ થયેલ કબૂતરી જોઈ. વ્યાધે તે કબૂતરીને પીજરામાં કેદ કરી.

આંધિ સમાપ્ત થતા વ્યાધ વિચારવા લાગ્યો. **शरणं यामि यान्यस्मिन् दैवतानि वनस्पतौ ।** અર્થાત્, આ વૃક્ષ પર રહેલ દેવતાનું શરણ લઉં. [1]

આ વૃક્ષ પર કબૂતર તેના સ્વજનો સાથે નિવાસ કરતો હતો. કબૂતરી સવારથી બહાર ગયેલ, જે આંધિમાં પરત ન થતાં કબૂતર ચિંતિત થઈ ગયો. માદા કબૂતરની અનુપસ્થિતિમાં તેને તેની ખોટ સાલવા લાગી. તે તેના સદ્‌ગુણો વિષે વિચારવા લાગ્યો. પત્નીને કારણે ગૃહ 'ગૃહ' કહેવાય છે. ગૃહસ્થનું ગૃહ પત્ની વિના સૂનું છે. આમ અનેક પ્રકારે તેની પ્રશંસા કરવા લાગ્યો અને પત્નીધર્મ સમજાવ્યો.

આ સાંભળી વ્યાધની કેદમાં પૂરાયેલી કબૂતરી બોલી – એક વ્યાધ આપના નિવાસ સ્થાન પર ઠંડી અને ક્ષુધાથી વ્યાકુળ થઈ આવ્યો છે. તેની યથોચિત સેવા કરો. [2]

કબૂતરે વ્યાધનું આતિથ્ય કર્યું, જે અંતર્ગત કબૂતરે ઠંડીથી રક્ષણ કરવા અગ્નિ પ્રજ્વલિત કર્યો અને તેની ક્ષુધા સંતોષવા તે જ અગ્નિમાં પડી તેના માટે આહાર તૈયાર કર્યો.

આ દશ્ય જોઈ વ્યાધને વૈરાગ્ય ઉત્પન્ન થયું અને તે ભારે વિલાપ કરવા લાવ્યો.

પતિવ્રતા કબૂતરી પણ પોતાના પતિને અગ્નિમાં પડતો જોઈ વિલાપ કરતી તે જ અગ્નિમાં પડી ભસ્મ થઈ ગઈ.

વ્યાધે પણ પ્રાયશ્ચિત્ત કરી સ્વર્ગલોકની પ્રાપ્તિ કરી.

આમ, કબૂતર–કબૂતરી અને વ્યાધ ત્રણેને તેના કર્મ પ્રમાણે સ્વર્ગ પ્રાપ્તિ થઈ.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

રામાયણમાં શ્રીરામ વિભિષણને શરણે આવેલો જોઈ વાનર સૈન્યને કબૂતર–કબૂતરીની કથાનું દષ્ટાંત આપે છે. આ ઉપરાંત બ્રહ્મપુરાણ અ–૮૦, પંચતંત્રે કાકોલૂકીય કથા ૮, સ્કન્દપુરાણ, બ્રહ્મખંડ ઈત્યાદિ વર્ણવે છે.

સામાન્યતઃ મહાભારતના આખ્યાનો ઉપાખ્યાનોનો ઉદ્દેશ માનવ જીવનને પૂર્ણતાલક્ષી, અધિકાધિક જ્ઞાનોપદેશ પ્રદાન કરવાનો છે. અતઃ આ કથાઓમાં વ્યવહાર એવં નીતિ, નૈતિકતા એવં ધર્મ, મનોરંજન તથા ઉપદેશ જેવા સમસ્ત ઉદ્દેશ્યોનો સમન્વય થયો છે.

મહાભારતીય કથાઓનો ઉદ્દેશ તપ, નૈતિકતા એવં બ્રાહ્મણ માહાત્મ્યના પ્રતિપાદન સાથે ધર્મના સર્વાંગીણ સ્વરૂપને પ્રસ્તુત કરવાનો છે.

પ્રસ્તુત આખ્યાન પણ આવા અનેક પાસાને ઉજાગર કરે છે, જે આ પ્રમાણે છે –

**શરણાગત રક્ષા :**

શરણે આવેલાનું રક્ષણ કરવું તે માનવનો શ્રેષ્ઠ ધર્મ છે, એમ ભીષ્મ કહે છે. [3]

વ્યાધ કબૂતરને શરણે આવ્યો તેનું પ્રાણના ભોગે પણ રક્ષણ કરવું જોઈએ. કબૂતરે વ્યાધ માટે પોતાના દેહનું માંસ આરોગવા કહ્યું.

પંચતંત્રમાં એક મહાન ઉક્તિ છે –

**न भूप्रदानं न सुवर्णदानं न गोप्रदानं न तथान्नदानम् ।**

**यथा वदन्तीह महाप्रदानं सर्वेषु दानेष्वभयप्रदानम् ॥**

યથાર્થમાં અભયદાન મહાદાન છે. પ્રાણદાનથી શ્રેષ્ઠ અન્ય કયું દાન હોઈ શકે ?

મહાભારતના વનપર્વમાં મહારાજ ઉશીનર શિબિની કથા છે, જેમણે પોતાના દેહનું માંસ કાપી શરણાગત કબૂતરની રક્ષા કરી. મહારાજ શિબિએ બાજને કહ્યું કે – આ કબૂતર ભયથી વ્યાકુળ થઈ થર–થર કાંપે છે. તેમણે પ્રાણરક્ષા માટે મારું શરણ લીધું છે. એવી દશામાં તેનો ત્યાગ કરવો નિંદનીય છે.

જે મનુષ્ય બ્રાહ્મણોની હત્યા કરે છે, જે જગન્માતા ગાયનો વધ કરે છે, તથા જે શરણે આવેલાનો ત્યાગ કરે છે, આ ત્રણે સમાન પાપના ભાગીદાર છે. [૪]

આ બાબતને શાન્તિપર્વમાં ભીષ્મ અલ્પ તફાવત સાથે કહે છે. [૫]

શિબિરાજા પાસે આવેલ બાજ તે ઈન્દ્ર અને કબૂતર તે અગ્નિદેવ હતા. જે રાજાની પરીક્ષા કરવા આવ્યા હતા.

અંતે ઉશીનરે પોતાનું સંપૂર્ણ શરીર બાજને અર્પણ કર્યું અને કબૂતરની રક્ષા કરી.

આ ભારતીય સંસ્કૃતિ છે અને ભારતીયતાનું લક્ષણ છે. આ ભારતીય સંસ્કૃતિનું નૈતિક મૂલ્ય છે. અન્યની પ્રાણ રક્ષા માટે સર્વસ્વ અર્પણ કરવું, એ હિંદુ સંસ્કૃતિ અથવા વૈદિક સંસ્કૃતિનો મૂળ મંત્ર છે. આ દેશનો ધર્મ છે તેથી આ દેશ વિશ્વગુરુ રહ્યો છે. આ ત્યાગ અને બલિદાન આ દેશનો પરિચય છે. આવા વિલક્ષણ નૈતિક મૂલ્યોને કારણે ભારત દેશ સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા પામ્યો છે.

રાણા હમીરે એક સામાન્ય મુસ્લિમ સૈનિકની પ્રાણરક્ષા માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કર્યો. આ વાત વિદેશી સંસ્કૃતિ માટે અજનબી છે. તેઓ આ મહાન્ નૈતિક મૂલ્યોના મર્મને સમજી શકતા નથી.

સભાપર્વમાં દ્રૌપદી વસ્ત્રાહરણ પ્રસંગે દુઃશાસન દ્રૌપદીને ઘસડીને રાજસભામાં લાવ્યો ત્યારે દ્રૌપદી ભકત વત્સલ શ્રીકૃષ્ણને શરણે ગઈ અને શ્રીકૃષ્ણે તેની સહાય કરી. દ્રૌપદીએ આર્તનાદ કર્યો કે –

**कृष्ण कृष्ण महायोगिन् विश्वात्मन् विश्वभावन ।**

**प्रपन्नां पाहि गोविन्द कुरूमध्येडवसीदतीम् ॥**

અર્થાત્, કૌરવોની મધ્યે કષ્ટ સહન કરતી શરણાગત અબળાની રક્ષા કરો. [૬]

અર્જુન મહાભારતના યુદ્ધ સમયે શ્રીકૃષ્ણને શરણે જઈ કહેવા લાગ્યો, **शिष्यस्तेडहं शाधि मां त्वां प्रपन्नम् ।** અર્થાત્, હું તમારો શરણે આવેલો શિષ્ય છું. મને રક્ષણ આપો. [૭]

શ્રીકૃષ્ણ અર્જુનને અભય વચન આપતા કહે છે, ''સંપૂર્ણ ધર્મોનો આશ્રય છોડી તું મારે શરણે આવ, હું તને સર્વ પાપમાંથી મુકત કરીશ.'' [૮અ]

અંતે અર્જુને **'करिष्ये वचनं तव'** કહી સંપૂર્ણ શરણાગતિનો સ્વીકાર કર્યો.

શ્રીરામને શરણે વિભિષણ આવ્યા ત્યારે શ્રીરામે વાનર સેનાને કહ્યું. શરણાગતની રક્ષા ન કરવી તે મહાન દોષ છે. શરણાગતનો ત્યાગ સ્વર્ગ અને સુયશને નષ્ટ કરે છે અને મનુષ્યના બળ અને વીર્યનો નાશ કરે છે. [૮બ]

**ગૃહસ્થી :**

કબૂતરી રાત થતા ગૃહે પાછી ન ફરી તેથી કબૂતર ચિંતિત થયો. તે પોતાની પ્રાણવલ્લભા પત્નીની પ્રશંસા કરતો કહેવા લાગ્યો.

પરિવારજનોથી પૂર્ણ ઘર પત્ની વિના સૂનું છે. વાસ્તવમાં ઘરવાળીનું નામ જ ઘર છે. ઘરવાળી વિનાનું ઘર અરણ્ય સમાન છે. [૯]

ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્ય પ્રેમનું અનેરું મહત્ત્વ છે અને મહાભારતકાર શ્રી ભગવાન્ વેદ વ્યાસ પણ દામ્પત્ય પ્રેમના ગુણગાન ગાય છે.

વૃક્ષ નીચે પણ પત્ની સાથે હોય તો તે તેનું ગૃહ છે, અને મોટા મહેલ પત્ની વિહીન હોય તો તે દુર્ગમ વન સમાન છે. [૧૦]

સંસારમાં સ્ત્રી સમાન કોઈ બંધુ, આશ્રય અને ધર્મસંગ્રહમાં સહાયક અન્ય કોઈ નથી. [૧૧]

જે ઘરમાં પ્રિય વચન બોલનારી પત્ની નથી તેમણે તો અરણ્યમાં જતું રહેવું જોઈએ.

આ પ્રમાણેની કબૂતરની પત્ની પ્રત્યેની પ્રશંસા સાંભળી કબૂતરી કહેવા લાગી.

**न सा स्त्री ह्यभिमन्तव्या यस्यां भर्ता न तुष्यति ।**

**तुष्टे भर्तरि नारीणां तुष्टाः स्युः सर्वदेवताः ॥**

અર્થાત્, તે સ્ત્રી સ્ત્રી નથી જેનો પતિ તેના દ્વારા સંતુષ્ટ નથી. પતિના સંતુષ્ટ થવાથી સ્ત્રીઓ પર સંપૂર્ણ દેવતા સંતુષ્ટ થાય છે. [૧૨]

ભગવાન્ મનુ પણ **यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवताः ।** કહી નારીનો મહિમા ગાય છે.

આવો અજોડ હતો તે પક્ષીઓનો દામ્પત્ય પ્રેમ. અમર દામ્પત્ય પ્રેમમાં રામ–સીતાનું ઉદાહરણ બેનમૂન છે.

ઉત્તર રામચરિતમાં ભવભૂતિ વાસંતીના મુખે કહે છે કે –

**त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं**

**त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।**

અર્થાત્, તું મારું જીવન છે. બીજું હૃદય છે. તું મારા નેત્રોની ચાંદની છો. મારા શરીર માટે અમૃત છો. [૧૩]

કબૂતરીનો દામ્પત્ય પ્રેમ અનેરો છે. તે પોતાના પતિના અગ્નિમાં ભસ્મ થવાથી પોતે પણ અગ્નિ પ્રવેશ કરી પતિની સાથે સ્વર્ગગમન કર્યું.

આ બાબત પરથી મહાભારતકાલીન સમાજ દર્શનનું નિરુપણ થયું છે. કોઈપણ કૃતિમાં જે–તે સમાજના રીત–રિવાજની અસર હોય છે. કહેવાય છે કે સાહિત્ય સમાજની આરસી છે.

અહીં કબૂતર પાછળ કબૂતરી અગ્નિમાં કૂદી પડી તે વાત દ્વારા તત્કાલીન સમાજનું દર્શન થાય છે. મહાભારતકાળમાં પત્ની પતિની પાછળ સતી થતી તેવો રિવાજ પ્રચલિત હતો. તેના અનેક ઉદાહરણ જોવા મળે છે. પાંડુરાજા પાછળ માદ્રી સતી થઈ હતી.

આધુનિક યુગના પ્રવર્તક રાજા રામ મોહનરાયે તે પ્રથા નાબૂદ કરી તેથી આ પ્રથાનું પ્રમાણ ઓછું થઈ ગયું છે. તેમ છતાં સમાજના બંધનો છોડી વર્તમાન યુગમાં આવા બનાવો બનતા રહે છે. રાજસ્થાનમાં રૂપકુંવરબા નામની રાજપુત સ્ત્રી પતિ પાછળ સતી થઈ હતી.

અથર્વવેદમાં દામ્પત્ય પ્રેમનું વર્ણન કરતા કહ્યું છે કે, પતિ–પત્ની, ચકલા–ચકલી માફક પ્રેમ કરે. [૧૪]

પતિ–પત્ની અન્યોન્યને પ્રેમ પૂર્ણ દષ્ટિથી જુએ, મુખથી સદૈવ પ્રિય વચન બોલે, એકબીજાના હૃદયમાં રહે, બે શરીર એક પ્રાણ માને. [૧૫]

યજુર્વેદના મતે પતિ–પત્ની પરસ્પર એવો વ્યવહાર કરે જેના દ્વારા પારસ્પરિક ભય અને ઉદ્વેગનો ભાવ નષ્ટ થઈ જાય. આત્માનું એકત્વ વધે, વિશ્વાસ, દઢતા અને ઉત્સાહ રહે. તેના દ્વારા ગૃહસ્થાશ્રમમાં સ્વર્ગીય સુખની અનુભૂતિ થાય છે. દોષ દર્શનની ભાવના દામ્પત્ય જીવનનું વિષ છે. [૧૬]

આ રીતે ભગવાન્ વેદ વ્યાસે મહાભારતમાં પદે–પદે દામ્પત્ય પ્રેમના પ્રમાણ આપ્યા છે.

**આતિથ્ય ધર્મ :**

શાસ્ત્રોમાં અતિથિને દેવનો દરજ્જો અપાયો છે તેથી જ કહ્યું છે કે **अतिथि देवो भव ।**

કબૂતરી કબૂતરને આતિથ્ય ધર્મ સમજાવતા કહે છે, આપ આપના દેહ પર દયા કર્યા વિના ધર્મ અને અર્થ પર દષ્ટિ રાખી વ્યાધનું એવું સ્વાગત કરો જેને કારણે તે પ્રસન્ન થઈ જાય. [૧૭]

કબૂતરીની આવી ધર્માનુકૂળ વાત સાંભળી કબૂતર પ્રસન્ન થઈ કહેવા લાગ્યો –

**अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते ।**

**छेत्तुमप्यागते छायां नोपसंहरते द्रुमः ॥**

અર્થાત્, શત્રુ પણ ગૃહે આવે તો તેમનો ઉચિત આદર સત્કાર કરવો જોઈએ. વૃક્ષ તેને કાપનારને પણ છાયો આપે છે. [૧૮]

અતિથિનું સ્વાગત કરવું તે ગૃહસ્થનો ધર્મ છે.

કબૂતરે સૂકા પર્ણથી આગ પ્રજ્વલિત કરી અને કહેવા લાગ્યો, **धर्मो महानतिथिपूजने ।** અર્થાત્, અતિથિની પૂજા મહાન ધર્મ છે. [૧૯]

અતિથિ સ્વાગતનો મહિમા વર્ણવતો તે કબૂતર સહર્ષ તે આગમાં કૂદી પડયો, જેથી વ્યાધની ક્ષુધા સંતોષી શકાય.

અથર્વવેદમાં અતિથિ માહાત્મ્યનું વર્ણન કરતા કહ્યું છે કે, ''અતિથિ સત્કાર કરવાથી સમસ્ત પાપ નષ્ટ થઈ જાય છે.'' [૨૦]

મહાભારતના અનુશાસન પર્વ પ્રમાણે જે ગૃહસ્થના ગૃહે અતિથિ પૂજિત થાય છે તેના જેવો મહાન્ ધર્મ નથી. [૨૧]

અતિથિને પ્રસન્ન દષ્ટિથી જોવા, મનથી સેવા કરે, પ્રિય અને સત્ય વાણી ઉચ્ચારે, સેવા કરે, અતિથિ જાય ત્યારે તેની પાછળ દૂર સુધી જાય, આ ગૃહસ્થના પાંચ પ્રકારના દક્ષિણાયુકત યજ્ઞ છે. [૨૨]

ઉદ્યોગપર્વ અનુસાર, ''સજ્જન અતિથિરૂપે ગૃહે આવે તો પ્રથમ આસન આપી જળ દ્વારા પાદ પ્રક્ષાલન કરવું. તદ્‌પશ્ચાત્, ક્ષેમકુશળ પૂછી આવશ્યકતા સમજી ભોજન કરાવવું.'' [૨૩]

વનપર્વ મુજબ જે અતિથિના પાદ પ્રક્ષાલન માટે જળ, માલીશ માટે તેલ, પ્રકાશ હેતુ દીપક, ભોજન માટે અન્ન અને નિવાસાર્થે સ્થાન આપે છે, તે કદાપિ યમદ્વાર દેખતા નથી. [૨૪]

સદ્ ગૃહસ્થને ગૃહે આ ચાર વસ્તુનો અભાવ કદાપિ ન થવો જોઈએ. આસન માટે તૃણ, બેસવાનું સ્થાન, જળ અને મધુર વચન. [૨૫]

જે ગૃહસ્થ અપરિચિત, શ્રમિત, રોગી મુસાફરની ક્ષુધા તૃપ્ત કરે છે, તેને પુણ્યલોકની પ્રાપ્તિ થાય છે. [૨૬]

રંતિદેવ દ્વારા સ્વયં ભુખ્યા રહીને આતિથ્ય સત્કારની ઘટના એવો આદર્શ છે જે ભારતીય સંસ્કૃતિ સાથે સદીઓથી જોડાયેલ છે. ઓગણપચાસ દિવસ અતિથિરૂપે આવેલ બે વ્યકિતને ભોજન કરાવ્યા પછી રંતિદેવનો પરિવાર ભૂખ્યો રહ્યો. કેવળ જળપાન કરી સંતોષ માનનાર રંતિદેવની પાસે ચાંડાળરૂપે આવેલ શ્રીહરિને જળ આપી દેવાથી તે પણ ન રહ્યું. તેના મુખમાંથી સહસા કલ્યાણ–ભાવનાના શબ્દો સરી પડયા, ''મને અષ્ટ સિદ્ધિઓની કામના નથી, નથી મોક્ષની, હું તો ઈશ્વરને એ જ કામના કરું છું કે હું સંપૂર્ણ પ્રાણીઓના હ્રદયમાં સ્થિત રહી ભોકતા બની તેમનું દુઃખ સહન કરતો રહું.'' [૨૭]

હિતોપદેશે મિત્રલાભમાં આતિથ્ય સત્કારનું માહાત્મ્ય વર્ણવતા કહ્યું છે કે, ''બ્રાહ્મણોને માટે અગ્નિ પૂજનીય છે. વર્ણોમાં બ્રાહ્મણ મહાન છે. સ્ત્રીઓ માટે પતિ જ એક ગુરુ છે. પરંતુ અતિથિ સર્વનો વડીલ છે. જેના ગૃહેથી અતિથિ નિરાશ થઈ પાછો ફરે છે તે અતિથિ યજમાનને પાપ આપી પુણ્ય લેતો જાય છે. ઉત્તમ જાતિવાળાને ગૃહે નિમ્ન વ્યકિત આવી હોય તો પણ તેની યોગ્યતા પ્રમાણે પૂજા કરવી. કારણ કે અતિથિમાં સર્વ દેવો રહેલા છે.'' [૨૮]

કઠોપનિષદ્‌માં નચિકેતા યમદ્વારે ત્રણ રાત્રી ભૂખ્યો–તરસ્યો રહ્યો તેથી યમ અતિથિ સત્કારનું મહત્ત્વ દર્શાવતા કહે છે, ''જેને ઘરે બ્રાહ્મણ અતિથિ ભૂખ્યો રહે તેના આશા, પ્રતીક્ષા, સુખ, ફળ, ઈષ્ટાપૂર્તવ, પુત્ર, પશુ સર્વનો નાશ થાય છે.'' [૨૯]

મનુસ્મૃતિ અનુસાર, ''જે ગૃહસ્થ નિત્ય શિલોચ્છવૃત્તિથી આજીવિકા ચલાવનાર અથવા પંચાગ્નિ યજ્ઞ કરનાર પણ જો અતિથિ સત્કાર ન કરે તો તે ગૃહસ્થના પુણ્ય નષ્ટ થાય છે.'' [30]

સંત શિરોમણિ કબીર કહે છે –

**कहै कबीर कमालकूँ – दो बाताँ सिख लेय।**

**कर इस्वर की बंदगी, भूखे को अन देय॥**

ગોસ્વામી તુલસીદાસ કહે છે કે –

**आवत ही हरषे नहीं नयनन नहीं सनेह।**

**तुलसी तहां न जाइए कंचन बरसे मेह॥**

અર્થાત્, અતિથિના આગમનથી જે પ્રસન્ન થતો નથી ત્યાં કદાપિ જવું નહી ત્યાં સુવર્ણની વર્ષા કેમ ન હોય?

અતિથિનો યથાશકિત સત્કાર કરવો પ્રાચીનકાળમાં ગૃહસ્થાશ્રમનું એક આવશ્યક અંગ પ્રત્યેક ગૃહસ્થાશ્રમીનો પ્રથમ ધર્મ મનાય છે. ગૃહસ્થો દ્વારા કરવામાં આવતા પંચ મહાયજ્ઞોમાં અતિથિ સત્કારરૂપ મનુષ્ય યજ્ઞનું પ્રધાન સ્થાન હતું, તથા અતિથિ સત્કાર ન કરનાર ગૃહસ્થ આદર તથા સમ્માનપાત્ર મનાતો નથી. મનુષ્યો માટે જ નહી, અપિતુ દેવતાઓ માટે પણ અતિથિ–સત્કાર પ્રથમ કર્તવ્ય છે. અતિથિ સત્કાર ન કરનારને હાનિ અને દુર્ગતિ સહન કરવી પડે છે.

આજે આપણી આર્યભૂમિની જે દુર્દશા થઈ રહી છે. તેનું મુખ્ય કારણ અતિથિ સત્કારની બેજવાબદારી છે. હે પ્રભુ ! સર્વને કર્તવ્યનું જ્ઞાન કરાવો આ જ પ્રાર્થના છે.

**વૈરાગ્ય :**

કબૂતરે ભૂખથી વ્યાકુળ બનેલ વ્યાધના આહાર માટે પોતાની જાતનું બલિદાન આપ્યું. આ દશ્ય જોઈ વ્યાધને વૈરાગ્ય ઉત્પન્ન થયું. તે કહેવા લાગ્યો, ''હું દુષ્ટ બુદ્ધિ માનવ છું. મારા પર કોઈએ વિશ્વાસ કરવો ન જોઈએ. શઠતા અને ક્રૂરતા મારા જીવનનો સિદ્ધાંત બની ગયો છે.'' [31]

કબૂતરના ત્યાગ દ્વારા વ્યાધને ધર્માચરણ કરવાનો આદેશ આપ્યો.

વ્યાધ વિલાપ કરતો કહેવા લાગ્યો. મહાત્મા કબૂતરે દેહદાન કરી અતિથિ સત્કારનો ઉજ્જવળ આદર્શ આપ્યો. અતઃ હવે હું ધર્માચરણ કરીશ. કારણ કે ધર્મ જ પરમ ગતિ છે. ધર્માત્મા પક્ષીમાં જેવો ધર્મ છે તેવો ધર્મ મને અભીષ્ટ છે. [32]

ભારતીય સંસ્કૃતિમાં વૈરાગ્યનું અતિ મહત્ત્વ છે. રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદ્ આદિ ભારતીય સભ્યતાના શિરમોર ગ્રંથ ત્યાગ, વૈરાગ્ય અને બલિદાનનો મહિમા ગાય છે. સંતો, મહાત્માઓ અને મહાપુરુષોએ પોતાની વાણી દ્વારા વૈરાગ્યની પ્રશંસા કરી છે.

ઈશાવાસ્ય ઉપનિષદ્‌નો પ્રથમ મંત્ર ત્યાગ–વૈરાગ્ય ભાવના પ્રશસ્ત કરે છે –

**ईशावास्यमिदं सर्वं यत्किंचित् जगत्यां जगत् ।**

**तेन त्यक्तेन भुंञ्जीयाः मा गृधः कस्यचिद् धनम् ॥**

અર્થાત્, ધનને ભાગીદારીથી ભોગવો, ધન માટે લોભ ન કરો. ત્યાગીને ભોગવી જાણો. [33] સંપૂર્ણ ઉપનિષદ્‌માં આ ત્યાગવૃત્તિની પ્રશંસા કરી છે.

મહાભારતમાં મહાપરાક્રમી ભીષ્મ પિતામહ ત્યાગ–વૈરાગ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પિતાના સુખ માટે આજીવન બ્રહ્મચર્ય વ્રત અને રાજય ત્યાગની પ્રતિજ્ઞા કરી ત્યાગનું ઉત્તમ ઉદાહરણ પૂરવાર કર્યું.

સમ્રાટ્ અશોકનું વૈરાગ્ય વિશ્વ કેવી રીતે ભૂલી શકે ? તેમને યુદ્ધને અંતે વૈરાગ્ય ઉત્પન્ન થયું અને અંતે બૌદ્ધ ધર્મનો અંગીકાર કરી બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો.

યુદ્ધભૂમિ પર અર્જુનને વૈરાગ્ય ઉત્પન્ન થયું જેના પરિણામે શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું જ્ઞાન સમગ્ર સૃષ્ટિને આપ્યું.

મહાભારતના શાન્તિપર્વના મતે આ સંસારમાં જે મનુષ્ય પોતાની સંપૂર્ણ કામનાઓનો ત્યાગ કરી દે છે અને જે વ્યકિત સંપૂર્ણ કામના પ્રાપ્ત કરે છે. આ બંનેમાં સમસ્ત કામનાઓનો ત્યાગ જ શ્રેષ્ઠ છે. કામના દુઃખદાયક છે અને કામનાનો ત્યાગ સુખદાયક છે. [34]

વૈરાગ્ય માટે જનકનું ઉદાહરણ શ્રેષ્ઠ છે તે વૈરાગ્યને કારણે વિદેહી કહેવાયા.

શ્રીમદ્ ભગવદ્ ગીતા વૈરાગ્યની સમજ આપતા કહે છે, જેની બુદ્ધિ આસકિતરહિત બની જાય છે. જેણે મન અને ઈન્દ્રિયોને જીત્યા છે. જેને કોઈ સ્પૃહા નથી, તે મનુષ્ય સંન્યાસ વડે કર્મ બંધનથી મુકત થવારૂપ પરમ સિદ્ધિને પામે છે. [35]

રાજા યયાતિ, સૌભરિ, ભર્તૃહરિ ઈત્યાદિને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. પરંતુ તેનો વૈરાગ્ય વિષયાસકત વિષયક હતો. જયારે પ્રસ્તુત આખ્યાનના વ્યાધનો વૈરાગ્ય સ્વકર્મમાંથી નીપજેલ પાપ વિષયક હતો.

વ્યાધે એકસાથે પીંજરામાં પૂરેલ કબૂતરી, લાકડી, શલાકા, જાળ, પીંજરું સર્વનો ત્યાગ કર્યો અને વ્યાધે પ્રાયશ્ચિત્ત દ્વારા સ્વર્ગ પ્રાપ્તિ કરી.

**પ્રાયશ્ચિત્ત :**

પ્રાયશ્ચિત્ત દ્વારા સર્વ પાપમાંથી મુકત થઈ શકાય છે. મહાભારતકારે અનેક પ્રકારના પ્રાયશ્ચિત્તનું વર્ણન કર્યું છે. તપ, યજ્ઞ, દાન, ઉપવાસ ઈત્યાદિ સ્વરૂપે પ્રાયશ્ચિત્ત કરી શકાય છે.

વ્યાધ પણ પોતે કરેલ કર્મનું પ્રાયશ્ચિત્ત કરવા ઈચ્છે છે. તેથી જ તેમણે સર્વસ્વનો ત્યાગ કરી વનમાં જવા પ્રયાણ કર્યું.

સંત મુરારિબાપુ કહે છે કે, પુણ્યનું ગર્વ કરવું તે કરતાં પાપનું પ્રાયશ્ચિત્ત વધુ હિતકારી છે.

હજરત મહમદના મતે આપણા કષ્ટો પાપનું પ્રાયશ્ચિત્ત છે.

મહાભારતના વનપર્વમાં ભગવાન્ શ્રી વ્યાસજી કહે છે કે, ''જે મનુષ્ય પાપકર્મ કર્યા પછી સહૃદય પશ્ચાત્તાપ કરે છે તે પાપમાંથી મુકત થાય છે તથા પુનઃ પાપ ન કરવાનો દઢ નિશ્ચય કરવાથી પાપમાંથી બચી શકાય છે.'' [૩૬]

શિવપુરાણના મંતવ્ય પ્રમાણે પશ્ચાત્તાપ પાપમાંથી ઉગરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. પશ્ચાત્તાપથી પાપ દૂર ન થાય તેમણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. [૩૭]

ગુજરાતી કવિ કલાપી 'પશ્ચાત્તાપ' નામના કાવ્યમાં કહે છે કે –

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.

પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. [૩૮]

કબૂતર–કબૂતરી પોતાના ધર્મ દ્વારા અને વ્યાધ પ્રાયશ્ચિત્ત દ્વારા સ્વર્ગ સુખ પામ્યો.

વર્તમાન યુગમાં પાપનું પ્રમાણ વધી ગયું છે. મનુષ્ય પાપ આચરે છે. પરંતુ પ્રાયશ્ચિત્ત કરતો નથી. તેથી તેની અધોગતિ થાય છે.

**નિષ્કર્ષ :**

શરણાગતની રક્ષા કરવી તે માનવ ધર્મ છે. તે આપણો શત્રુ કેમ ન હોય ? જે શરણાગતનો વધ કરે છે તેની કદાપિ મુકિત થતી નથી.

મહાત્મા કબૂતરે શરીરનું દાન કરી શરણાગત રક્ષા અને અતિથિ–સત્કારનો ઉજ્જવલ આદર્શ સ્થાપિત કર્યો. ધર્માત્મા શ્રેષ્ઠ પક્ષીમાં જે ધર્મ છે તે અન્યત્ર દુર્લભ છે.

અતિથિ સત્કાર ભારતીય સંસ્કૃતિનો વિશેષ ગુણ છે. **सर्वदेवमयोऽतिथिः** કહીને અતિથિને ઉચ્ચ સમ્માન આપ્યું. સંસ્કૃતિનો વાહક એવો કોઈ ગ્રંથ નથી, જેમાં અતિથિની પ્રતિષ્ઠા ન હોય કોઈ દીન દુઃખી, વિપત્તિમાં આવી પડેલ, અપરિચિત વ્યકિતની આત્મીયતા અને સ્નેહથી સેવા કરીએ તેમાં જ માનવતાની પ્રતિમા સાકાર થાય છે.

મહાભારતકાર એક ક્ષુદ્ર પક્ષી દ્વારા ભારતીય સંસ્કૃતિના પરમોજ્જવલ આદર્શ દર્શાવે છે. મનુષ્યએ કબૂતર–કબૂતરીએ જે રીતે શરણાગતની રક્ષા કરી, આતિથ્ય ધર્મ પૂર્ણ કર્યો અને આ નિહાળી વ્યાધને જે વૈરાગ્ય ઉત્પન્ન થયો તેમાંથી વર્તમાન યુગના મનુષ્યએ પણ તેના જેવું જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ.

વર્તમાન યુગમાં આપણને જાણવા મળે છે કે મનુષ્ય મૃત્યુ પછી દેહદાન, ચક્ષુદાન ઈત્યાદિ કરે છે. પરંતુ મનુષ્ય પ્રાણના ભોગે અન્યની રક્ષા કરતું નથી. કારણ કે આજનો માનવી સ્વાર્થી છે. સ્વાર્થ પૂર્ણ થતા મિત્રને પણ શત્રુ બનાવી દે છે.

ઉત્તમ દામ્પત્ય દ્વારા શ્રેષ્ઠ ગૃહસ્થી સિદ્ધ થાય છે.

પ્રસ્તુત કથા દ્વારા તત્કાલીન સમાજનું દર્શન થાય છે. જેમ કે શરણે આવેલાની રક્ષા કરવી, અતિથિ સત્કાર, કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત કરવું અને તેના દ્વારા ઉત્પન્ન થતો વૈરાગ્ય ઈત્યાદિ બાબતો ફલિત થાય છે.

## (३) गृध्रगोमायु-आख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહાભારતના નીતિશાસ્ત્રના હાર્દ શાન્તિપર્વના આપદ્ધર્મ પર્વ નામના ૧૫૩ મા અધ્યાયમાં ઉલ્લિખિત છે.

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થતાં યુધિષ્ઠિરે રાજયધૂરા સંભાળી અને સર્વત્ર ધર્મનો જય જયકાર કર્યો. પરંતુ યુધિષ્ઠિરના મનને શાંતિ નથી તે વારંવાર કહે છે, 'આ રાજય મેં મારા જ સ્વજનોની હત્યા કરી પ્રાપ્ત કર્યું છે.' તે સમયે ભગવાન્ શ્રીકૃષ્ણ તેને સાંત્વના આપે છે અને બાણશય્યા પર પડેલા ભીષ્મ પાસે જ્ઞાન લેવા જવાનું કહે છે. કારણ કે ભીષ્મ પિતામહ મહાન્ યોદ્ધાની સાથે મહાન્ જ્ઞાની પણ હતા તેથી શ્રીકૃષ્ણ કહે છે ભીષ્મના મૃત્યુથી જ્ઞાનનો અસ્ત થઈ જશે. તેથી તે અસ્ત થતા જ્ઞાનને પ્રાપ્ત કરવું આવશ્યક છે. કૃષ્ણની સલાહથી યુધિષ્ઠિર ભીષ્મ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા ગયા જે જ્ઞાનનું નિરુપણ શાન્તિપર્વ અને અનુશાસન પર્વમાં કરવામાં આવ્યું છે. તેમાં ભીષ્મ અનેક ઉપદેશ પ્રધાન કથાઓ કહે છે તે પૈકીમાંની એક કથા તે ગીધ અને શિયાળની કથા છે.

યુધિષ્ઠિર ભીષ્મ પિતામહ પાસે ઉપદેશ ગ્રહણ કરવા આવ્યા. તદ્ અંતર્ગત યુધિષ્ઠિર મનુષ્ય મૃત્યુ પામ્યા પછી પુનઃ જીવિત થઈ શકે છે ? તેવો પ્રશ્ન કરે છે ત્યારે ભીષ્મ તેને પ્રસ્તુત આખ્યાન કહે છે.

એક બ્રાહ્મણને એક પુત્ર હતો. પરંતુ સંજોગવશાત્ તે બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામ્યો. આ મૃત બાળકને લઈને તેના સ્વજનો આક્રંદ કરવા લાગ્યા. તેને સ્મશાન ભૂમિમાં છોડવા અસમર્થ હતા.

આ આક્રંદ સાંભળી ગીધ આવ્યું તે કહેવા લાગ્યું, આ સંસારમાં તમારા પુત્રને છોડી ચાલ્યા જાવ. અહીં સેંકડો સ્ત્રી–પુરુષ કાળ દ્વારા આવે છે અને સર્વના સ્વજનો તેને છોડી ચાલ્યા જાય છે. સંસાર

સુખ–દુઃખ યુકત છે. મનુષ્યની આયુ પૂર્ણ થતાં તે મૃત્યુ પામે છે. આ સ્થાન પ્રાણીઓ માટે ભયજનક છે. તેથી શીઘ્ર ચાલ્યા જાવ કારણ કે,

**न पुनर्जीवितः क त् कालधर्ममुपागतः ।**

**प्रियो वा यदि वा द्वेष्यः प्राणिनां गतिरीश्वशी ॥**

અર્થાત્, પ્રિય હોય કે દ્વેષપાત્ર કોઈપણ મૃત્યુ પામ્યા પછી પુનર્જીવિત નથી થયું. સમસ્ત પ્રાણીઓની આવી ગતિ છે. [૧]

સૂર્ય અસ્તાચળ તરફ જઈ રહ્યો છે. તેથી આપ સર્વ ઘર તરફ પ્રયાણ કરો.

આ સાંભળી સર્વજન ઘર તરફ ચાલવા લાગ્યા. ત્યાં એક શિયાળ આવ્યું જે આ લોકોને ઘર તરફ પ્રયાણ કરતા જોઈ કહેવા લાગ્યું. તમને તમારા પુત્ર પ્રત્યે જરાપણ સ્નેહ નથી જે કારણે તમે તેને સ્મશાન ભૂમિમાં છોડી ચાલવા લાગ્યા. આમ કહી પુત્ર સ્નેહનું કારણ છે તે સંબંધી વાતો કરી.

આ વાતોથી પ્રભાવિત થઈ સર્વજનો મૃત બાળકના શરીર પાસે પુનઃ આવ્યા.

આ જોઈ ગીધ બોલ્યો શિયાળની વાત સાંભળી તમે કેમ પાછા આવ્યા ? આ બાળકની પંચ ઈન્દ્રિયો નિસ્તેજ થઈ ગઈ છે. સર્વની આ જ ગતિ છે. તેથી શોક ન કરો અને કર્મ પ્રમાણે જન્મ ધારણ કરાય છે ઈત્યાદિ જ્ઞાન આપ્યું.

આ સાંભળી પુનઃ શિયાળ કહેવા લાગ્યું, આ બાળકના સ્વજનોનો શોક જોઈ હું પણ રુદન કરવા લાગ્યો. જયાં સુધી સૂર્યાસ્ત ન થાય ત્યાં સુધી તેના પુનર્જીવનની પ્રતીક્ષા કરો.

ગીધ બોલ્યો કોઈ પ્રાણી મૃત્યુ પામ્યા પછી પુનર્જીવિત થતા નથી.

પુનઃ શિયાળે આવી બાળકના પુનર્જીવિત થવાની વાત કરી.

આમ વારંવાર ગીધ અને શિયાળ બાળકના મૃત્યુ અને પુનર્જીવન વિષયક વાતો કરવા લાગ્યા.

કારણ કે તે ગીધ અને શિયાળ બંને ક્ષુધાતુર હતા. તેના ઉદ્દેશ્યની સિદ્ધિ માટે તે બાળકના મૃત્યુ અને પુનર્જીવનની બાબત વર્ણવતા હતા.

આ બંનેની વાતચીત ચાલતી હતી તે દરમિયાન ત્યાંથી ભગવાન્ શંકર પસાર થયા. તેમણે મનુષ્યને વરદાન આપ્યું. તે બાળકને પુનર્જીવિત કરી. સો વર્ષની આયુ પ્રદાન કરી અને ગીધ અને શિયાળને તેની ક્ષુધા તૃપ્ત થવાનું વરદાન આપ્યું.

મહાભારત આખ્યાનો–ઉપાખ્યાનોનો ખજાનો છે. તેમાંના કેટલાક આખ્યાનો–ઉપાખ્યાનો તો એટલા સુંદર છે કે વર્તમાન યુગમાં પણ તેને શાશ્વત સ્વરૂપે સ્વીકારી શકાય.

ગીધ અને શિયાળનું આખ્યાન પ્રતીકાત્મક આખ્યાન છે, જેના દ્વારા મહર્ષિ વ્યાસ નીચે પ્રમાણે ઉપદેશ આપે છે –

**મૃત્યુ :**

**जातस्य हि ध्रुवो मृत्युः ।**

એ સૂકિત અનુસાર, કોઈપણ સજીવ મૃત્યુના બંધનમાંથી મુકત થઈ શકયું નથી. જે જીવ જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. આ વાતને ગીધ ખૂબ સુંદર રીતે રજૂ કરતા કહે છે.

**सर्वेण खलु मर्तव्यं मर्त्यलोके प्रसूयता ।**
**कृतान्तविहिते मार्गे मृतं को जीवयिष्यति ॥**

અર્થાત્, જેમણે આ મૃત્યુ લોક ઉપર જન્મધારણ કર્યો છે. તેનું મૃત્યુ નિશ્ચિત છે. કાળ દ્વારા નિર્મિત પથ પર મૃત્યુ પામનાર પ્રાણીને કોણ જીવિત કરી શકે છે ? [૨]

શ્રીમદ્ ભગવદ્ ગીતા આ વાતને પુષ્ટિ આપતા કહે છે કે 'જન્મ ધારણ કરનારનું મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલાનો જન્મ નિશ્ચિત છે. [૩]

જેવી રીતે ચક્રમાં રહેલો આરો ઉપર નીચે આવે છે તેવી રીતે સંસાર ચક્રના જન્મ, મૃત્યુ બે આરા છે. જે જન્મે છે તેને માટે મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલાને પુનર્જન્મ લેવો પડે છે. આ દેહ ક્ષણે–ક્ષણે પરિવર્તન પામ્યા કરે છે.

પરિવર્તનશીલ સમાજમાં મૃત કોણ પુનઃ જન્મતો નથી ? એ પ્રસિદ્ધ ઉકિત છે. આનું પ્રતિબિંબ ગીતાના ઉપર્યુકત શ્લોકમાં પડે છે. જન્મ મૃત્યુએ કુદરતી પ્રક્રિયા છે માટે શોક કરવાની આવશ્યકતા નથી.

ડૉ. રાધાકૃષ્ણન્ મૃત્યુની અનિવાર્યતા તથા સુખ દુઃખને સહન કરવાની વાત પર ભાર મૂકતા કહે છે, ''આપણું જીવન લઘુ છે અને મૃત્યુ સુનિશ્ચિત છે. આ માનવીય ગૌરવની એ માંગ છે કે આપણે કષ્ટ અને દુઃખનો સ્વીકાર કરવો જોઈએ. પરંતુ મૃત્યુની અનિવાર્યતા હત્યાઓને, આત્મહત્યાઓને અને યુદ્ધોને ઉચિત ઠરાવતી નથી જો કે સર્વ માટે મૃત્યુ નિશ્ચિત છે. એમ જાણીને અન્ય લોકોની મૃત્યુની કામના કરી શકાય નહીં. સત્ય હકીકત એ છે કે સંપૂર્ણ જીવનનો અંત મૃત્યુ છે. સાંસારિક અર્થમાં કોઈપણ વસ્તુ નિત્ય નથી.''

ગીધ કહે છે, વિદ્વાન્ હોય કે મૂર્ખ, ધનવાન્ હોય કે દરિદ્ર, સર્વ પોતપોતાના કર્મ અનુસાર કાળને આધીન થાય છે. [૪]

અથર્વવેદ પ્રમાણે આ મૃત્યુ મનુષ્ય, જીવ–જંતુ કોઈને છોડતું નથી. તેનાથી રક્ષણ મેળવવા આત્માને જાણવો અને જ્ઞાનવાન્ બની મૃત્યુથી ડરતા રહેવું. [૫]

મહાભારતકારના મંતવ્ય પ્રમાણે આ કરાલ કાળ યુવા, બાળક, વૃદ્ધ અને ગર્ભસ્થ શિશુ સર્વમાં પ્રવેશે છે. [૬]

જેના મામા ભગવાન્ શ્રીકૃષ્ણ હોય અને પિતા અર્જુન હોય, તે અભિમન્યુ પણ મૃત્યુ પામ્યો. અપિતુ કોઈપણ કાળને પાર કરી શકતું નથી. [૭]

કારણ કે કાળ સર્વનો શાસક અને સ્વામી છે. [૮]

વાલ્મીકિ રામાયણ અનુસાર કાળને કોઈની સાથે ભાઈ, મિત્રતા, સ્વજનનો સંબંધ નથી. તેને વશમાં કરવાનો કોઈ ઉપાય નથી તથા તેના પર કોઈનું પરાક્રમ ચાલતું નથી. કાળ કોઈના વશમાં નથી. [૯]

મૃત વ્યકિત પુનર્જીવિત થઈ શકતી નથી. તે બાબત સ્પષ્ટ કરતા મહર્ષિ વેદવ્યાસ ગીધને મુખે કહે છે કે, **मृतस्योत्सृष्टदेहस्य पुनर्देहो न विद्यते ।** અર્થાત્, જે વ્યકિત એકવાર મૃત્યુ પામે છે તેનું પુર્નજીવન શકય નથી. [૧૦]

ભારતીય સંતો, મહાત્માઓ, વિદ્વાનોને મૃત્યુ ભય, મૃત્યુ પર વિજય આદિ મૃત્યુ સંબંધી ગંભીર ચિંતન કર્યું છે. કબીરનો એક દોહો છે, જે મૃત્યુના સ્વરૂપ પર પ્રકાશ પાડે છે –

**काया कठी काल धनु जतन जतन सौ खाय ।**
**काया माही काल बस करम न कोऊ पाय ॥**

અર્થાત્, કાળનો નિવાસ મનુષ્ય શરીરમાં હોય છે. તે પ્રતિદિન તેને ખાય છે. કબીર એક તરફ મૃત્યુની વ્યાખ્યા કરે છે. બીજી તરફ મૃત્યુની અટલતાનું સ્મરણ કરાવે છે.

**कबिरा रसरी पाँव मे कह सोवै सुख चैन ।**
**श्वास नगारा कूच का बाजत है दिन रैन ॥**

પગમાં મૃત્યુરૂપી બંધન છે અને જીવન પ્રતિપળ પ્રતિશ્વાસ સાથે સમાપ્ત થઈ રહ્યું છે.

મૃત્યુને દૂર તો કરી શકાતું નથી. પરંતુ તેના પર વિજય મેળવવાનો એક માત્ર ઉપાય પ્રભુ સ્મરણ છે. આ વાતને રહિમ આ રીતે રજૂ કરે છે.

**गहि सरनागति राम की भवसागर की नाव ।**
**रहिमन जगत उधार को और न कछू उपाव ॥**

રૈદાસ તો એમ કહે છે કે,

**रैदास रात न सोइये, दिवस न करिये स्वाद ।**
**अहनिसि हरिजी सुमरिये, छाँडि सकल प्रतिवाद ॥**

મૃત્યુમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે, જેને સુરદાસ, મીરા, તુલસીદાસ, નરસિંહ મહેતા ભિન્ન–ભિન્ન સ્વરૂપે નિરુપે છે.

નરસિંહ મહેતા તો વારંવાર જન્મ–મૃત્યુના ચક્રમાં પડવા માંગે છે. તેઓ કહે છે, હરિના જન તો મુકિત ન માગે, માગે જનમ–જનમ અવતાર.

**અપત્ય પ્રેમ :**

પુત્ર સ્નેહનું કારણ છે તે સર્વ કાર્યમાં આનંદ આપનાર છે.

પુત્ર સ્નેહને કારણે બ્રાહ્મણ પુત્રના મૃત્યુ સમયે આક્રંદ કરવા લાગ્યો અને સ્મશાનમાં તેનો ત્યાગ કરવા તૈયાર ન હતો. પરંતુ ગીધે તેને મૃત્યુ વિષયક જ્ઞાન આપ્યું તો તે મૃત બાળકને સ્મશાનમાં છોડવા તૈયાર થયો. પરંતુ શિયાળ તેને પુત્રસ્નેહ સમજાવતા કહે છે, ''આ બાળક આપણા જ રકત–માંસથી બનેલ છે. તે શરીરનું એક અંગ છે અને પિતૃઓની વંશવૃદ્ધિ કરનાર છે.'' [૧૧]

પુત્ર 'પુમ્' નામના નરકમાંથી પિતાનો ઉદ્ધાર કરે છે. તેથી તે પુત્ર કહેવાય છે. [૧૨]

ગરુડ પુરાણના મતે પુત્ર સુખદાયક છે. માતા–પિતાના આનંદવર્ધક છે. આત્મા જ પુત્રરૂપે જન્મ લે છે. [૧૩]

મનુષ્ય પુત્રસ્નેહમાં અંધ બને છે. તેનું ઉદાહરણ ધૃતરાષ્ટ્રનું આપી શકાય. ધૃતરાષ્ટ્ર પુત્રસ્નેહમાં એટલા અંધ બની ગયા હતા કે તે શુભાશુભ કાર્ય વિચારવા શકિતમાન્ ન હતા. તેના પુત્ર પ્રેમે જ મહાભારતમાં યુદ્ધરૂપે સર્વનાશ યોજયો. માતા ગાંધારી તથા વિદુરજી વારંવાર તેને પુત્રનો ત્યાગ કરવાનું કહે છે. વિદુરજીએ તો દુર્યોધનના જન્મ સમયે જ તેનો ત્યાગ કરવા કહ્યું હતું. પરંતુ ધૃતરાષ્ટ્રે વિદુરની વાત માન્ય રાખી નહીં.

વર્તમાન યુગમાં પણ માનવી પુત્ર પ્રત્યે આંધળો પ્રેમ દર્શાવે છે. વર્તમાન યુગમાં પિતા સ્વરૂપે અનેક ધૃતરાષ્ટ્રો જોવા મળે છે, જે અનેક દુર્યોધનોને પોષે છે. પરિણામે સમાજની વ્યવસ્થા ડગે છે. પુત્રપ્રેમ પાછળ આંધળો સમાજ પુત્રીની માતાની કુખમાં જ હત્યા કરે છે.

**ક્ષુધા :**

**बुभुक्षितः किं न करोति पापम् ।**

એ ઉકિત મુજબ – ક્ષુધા ભયંકર ચીજ છે. ક્ષુધાતુર વ્યકિત ગમે તેવું હીન કર્મ કરવા તત્પર થાય છે. ક્ષુધાને કારણે તે સારાસાર વિવેક ભૂલી જાય છે.

અત્રે ગીધ અને શિયાળ બંને ક્ષુધાતુર છે. તેથી ગીધ તે બાળક નિશ્ચિત મૃત્યુ પામ્યો છે અને મૃત વ્યકિત પુનર્જીવિત થઈ શકતી નથી, તેવું તત્ત્વજ્ઞાન સમજાવે છે. જયારે શિયાળ તે બાળક પુર્નજીવિત થશે

તેમ કહે છે. ગીધ કહે છે, સૂર્ય અસ્ત થઈ ચૂકયો છે. શિયાળ કહે છે, સૂર્ય અસ્ત થયો નથી. બંને પોતપોતાનો સ્વાર્થ સાધવા કમર કસી રહ્યા છે. બંને શાસ્ત્રોનો આધાર લઈ વાત કરે છે.

ક્ષુધાને કારણે મનુષ્ય મનુષ્યનો શત્રુ બને છે. ત્યાં સુધી કે મનુષ્ય–મનુષ્યની હત્યા પણ કરી બેસે છે. જેવી રીતે સર્પ પોતાના જ ઈંડાનો આહાર કરી જાય છે તેવી રીતે મનુષ્ય પોતાના પુત્ર કે પત્નીને પણ મારીને ખાઈ જાય છે, તેવી કથા દંડી દશકુમાર ચરિતમાં વર્ણવે છે.

દશકુમારચરિતમાં બ્રહ્મરાક્ષસ દ્વારા પૂછાયેલા ચાર પ્રશ્નના ઉત્તરમાં સ્ત્રીનું હૃદય અત્યંત ક્રૂર હોય છે. તેના સમર્થનમાં ધૂમિનીની કથા કહે છે તે કથા મુજબ –

ત્રિગર્ત દેશમાં ધનક, ધાન્યક અને ધન્યક નામના ત્રણ શ્રીમંત ભાઈઓ નિવાસ કરતા હતા. એક વખત બાર વર્ષ પર્યન્ત વર્ષા ન વરસતા ધાન્ય સત્ય વિહોણું બન્યું, નદી સૂકાવા લાગી, ઔષધિ નિષ્ફળ બની ગઈ, વાદળ જળ વગરના બન્યા, કલ્યાણોત્સવ અટકી ગયા. લોકો એકબીજાને ભરખી જવા લાગ્યા.

આમ માનવ–માનવને ખાવા લાગ્યો તેવી ભૂખ સર્વત્ર વ્યાપી ગઈ.

**નિષ્કર્ષ :**

મૃત્યુના પાશમાંથી કોઈ બચી શકયું નથી. મૃત્યુ સમય સંજોગો અનુસાર આવતું નથી. તેને કોઈ સમયના બંધન નથી. મૃત વ્યકિત પુર્નજીવિત થઈ શકતી નથી. તે સનાતન નિયમ છે. એવું બને કે કયારેક દૈવયોગે આ બાબત શકય બને છે. જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. તેથી તો વિષ્ણુના અવતાર રામ અને કૃષ્ણને પણ મનુષ્ય જન્મની મર્યાદા પાળવા માટે મૃત્યુને સ્વીકારવું પડેલ. તેથી નિશ્ચિત છે કે **जातस्य हि ध्रुवो मृत्युः ।**

બાળકના અગ્નિ સંસ્કાર સમયે સ્મશાનમાં આવેલા તેના શોકાતુર સ્વજનો સાથે સ્મશાનમાં રહેલા ગીધ અને શિયાળ જે રીતે સંવાદ કરે છે તે અદ્‌ભૂત છે. ગીધ અને શિયાળ ખરેખર તો આ મૃત બાળકનું માંસ ભક્ષણ કરવા તત્પર હતા. પરંતુ જે રીતે તે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો આશ્રય લઈ પરસ્પર જ્ઞાન ચર્ચા કરે છે અને શોકાતુર પરિવારને ભ્રમિત કરે છે, તે વર્તમાન યુગમાં એકવીસમી સદીમાં પણ યથાર્થ લાગે છે.

વ્યકિત તેના પરિવારજનો સાથે જે વ્યવહાર કરે છે તે શોચનીય છે. મનુષ્ય ગમે તેટલો તત્ત્વજ્ઞાની બને તેની મૂળભૂત વૃત્તિમાં પરિવર્તન શકય નથી.

મૃત્યુ વિષયક ચર્ચામાં ઉપનિષદ્ તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાત્મના દર્શન થાય છે. મૃત્યુ અનિવાર્ય બાબત છે, તે સર્વવિદિત છે. મનુષ્યે મૃત્યુનો ડર કાઢી મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવો જોઈએ.

રાષ્ટ્ર સેવા, સમાજ સેવા, પ્રજા કલ્યાણ આ સર્વ ચર્ચા મહર્ષિ વ્યાસે આ આખ્યાનમાં ગીધ અને શિયાળના મુખે મૂકી છે.

પન્નાલાલ પટેલે પણ માનવીની ભવાઈ નવલકથામાં ભૂખ ભૂંડી છે તેમ કહેતા માનવી–માનવીને ખાવા લાગ્યાના ઉલ્લેખો જોવા મળે છે.

## (૪) कृतघ्नोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન બાદરાયણ વ્યાસ રચિત મહાભારતના શાન્તિપર્વનાં આપદ્ધર્મ પર્વના કૃતઘ્ન ઉપાખ્યાન નામના ૧૬૮ મા અધ્યાયમાંથી લેવામાં આવ્યું છે.

પ્રસ્તુત આખ્યાનમાં ભીષ્મરૂપી જ્ઞાનનો સૂર્ય અસ્ત પામે તે પહેલા સમગ્ર જ્ઞાનનું પાન કરવા તત્પર એવા યુધિષ્ઠિરને ભીષ્મ પોતાની વાતને વધારે પ્રબળ બનાવવા કથાને ઉપાખ્યાનો દ્વારા પ્રસ્તુત કરે છે.

કોની સાથે મિત્રતા કરવી, અને કોની સાથે દ્રોહ કરવો, તે વિષયક સમજૂતી આપતા ભીષ્મ પિતામહ કૃતઘ્ન વ્યકિતની વાત કરે છે તે અનુસંધાને યુધિષ્ઠિરને મિત્રદ્રોહી અને કૃતઘ્ન વ્યકિતનો ઈતિહાસ જાણવા માંગતા ભીષ્મ પિતામહ ઉત્તર દિશામાં મ્લેચ્છોના દેશમાં બનેલ ઘટના કહે છે.

મધ્ય દેશનો વેદથી અનભિજ્ઞ ગૌતમ નામે બ્રાહ્મણ એક સુખી સમૃદ્ધ નગરમાં ભીક્ષા માટે ગયો. તે નગરમાં એક બ્રાહ્મણ પ્રેમી દુષ્ટ રહેતો હતો. તે દસ્યુએ બ્રાહ્મણને નિવાસ માટે સ્થાન આપ્યું. ભીક્ષાનો પ્રબંધ કર્યો અને વસ્ત્રાદિ આપી સેવા માટે એક દાસી નિયુકત કરી.

તે ગૌતમ બ્રાહ્મણે બાણ ચલાવવાનો અભ્યાસ કર્યો. બ્રાહ્મણ દસ્યુના સંગને કારણે પ્રતિદિન શિકાર કરવા લાગ્યો.

તદનન્તર તે નગરમાં જટા, મૃગચર્મ અને વલ્કલધારી એક બ્રાહ્મણ આવ્યો. તે ગૌતમ બ્રાહ્મણથી વિરુદ્ધ સ્વભાવનો હતો. ફરતાં–ફરતાં તે બ્રાહ્મણ ગૌતમને ગૃહે પહોંચ્યો. ગૌતમને બ્રાહ્મણત્વથી ભ્રષ્ટ થયેલો જોઈ દુઃખી થતો કહેવા લાગ્યો, ''તું દ્વિજ છો, અતઃ દ્વિજોચિત્ત સત્ત્વ, શીલ, શાસ્ત્રજ્ઞાન, સંયમ અને દયાભાવનું સ્મરણ કરી તારે નિવાસસ્થાને પરત થઈશ જા.'' [1]

ગૌતમ બ્રાહ્મણે કહ્યું, ''હું દરિદ્ર છું અને વેદથી અનભિજ્ઞ છું. ધન પ્રાપ્તિ માટે અત્રે આવ્યો છું.'' [2]

આગંતુક બ્રાહ્મણના દર્શનથી ગૌતમ કૃતાર્થ થઈ ગયો અને પ્રભાત થતા સાથે જવાનું નક્કી કર્યું. તે બ્રાહ્મણ ક્ષુધાતુર હતો છતાં તેમણે ગૌતમ બ્રાહ્મણને ગૃહે ભોજન ન કર્યું. પ્રાતઃ થતા તે બ્રાહ્મણના ચાલ્યા જવાથી ગૌતમ બ્રાહ્મણ પણ સમુદ્ર તરફ ચાલતો થયો. માર્ગમાં વૈશ્યના સમુહમાં ભળી ગયો જેના પર મત્ત હાથીએ આક્રમણ કર્યું. તે ભયથી રક્ષણ પામવા ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો. તે રમણીય વનમાં પહોંચી ગયો.

તે એક રમણીય વૃક્ષ નીચે આવ્યો જે વૃક્ષ પર રાજધર્મા નામનો બગલાનો રાજા નિવાસ કરતો હતો. તે પક્ષીને જોઈ ગૌતમને તેનું ભક્ષણ કરવાની ઈચ્છા થઈ.

પક્ષી રાજધર્માએ બ્રાહ્મણ ગૌતમનો આતિથ્ય સત્કાર કર્યો અને પોતાને મહર્ષિ કશ્યપ અને દક્ષ પ્રજાપતિની કન્યાના પુત્ર તરીકે ઓળખાવ્યો. ગૌતમ બ્રાહ્મણનું અહીં આગમનનું કારણ પૂછયું. બ્રાહ્મણ ધન પ્રાપ્તિ માટે આવ્યો છે તે જાણી પક્ષી રાજધર્માએ કહ્યું –

**तं गच्छ द्विजमुख्य त्वं स मद्वाक्यप्रचोदितः ।**

**कामानभीप्सितांस्तुभ्यं दाता नास्त्यत्र संशयः ॥**

અર્થાત્, આપ મારા મિત્ર વિરુપાક્ષ પાસે જાવ તે આપની મનોકામના પૂર્ણ કરશે. [3]

રાજધર્માની વાત સાંભળી ગૌતમ બ્રાહ્મણ રાક્ષસરાજ વિરુપાક્ષ પાસે આવ્યો.

વિરુપાક્ષે અનેક બ્રાહ્મણો સાથે ગૌતમને ભોજન કરાવ્યું અને અનેક સુવર્ણ, મોતી, હીરા ઈત્યાદિનું દાન કર્યું. તદ્પશ્ચાત્ ગૌતમ બ્રાહ્મણ પુનઃ તે વૃક્ષ પાસે દાનમાં મળેલ ધન સંપત્તિ લઈ આવ્યો. રાજધર્માએ પુનઃ તેનું સ્વાગત કર્યું. ભોજન પશ્ચાત્ ગૌતમ બ્રાહ્મણ વિચારવા લાગ્યો, ''મેં મોહવશ અધિક સુવર્ણ પ્રાપ્ત કર્યું. મારે ખૂબ દૂર જવું છે. માર્ગમાં ભોજન માટે કંઈ અન્ન નથી.'' [4]

આમ, વિચારતા તેને રાજધર્માની હિંસા કરી તેનું માંસ ભક્ષણ કરવાનો વિચાર આવ્યો. તત્કાળ તે વિચાર પર અમલ કરી. તે બગલાનો વધ કરી તેના માંસને લઈ ગૌતમ સુવર્ણના ભાર સાથે ત્વરિત ત્યાંથી ચાલતો થયો.

રાજધર્મા રાક્ષસરાજ વિરુપાક્ષ પાસે ન પહોંચતા વિરુપાક્ષ વિચારવા લાગ્યો – **न प्रेक्षे राजधर्माणमद्य पुत्र खगोत्तमम् ।** અર્થાત્, ''આજે હું પક્ષીરાજ રાજધર્માને જોઈ શકતો નથી.'' [૫]

વિરુપાક્ષે વિચાર્યું, તે બ્રાહ્મણે કદાચ મારા મિત્રનો વધ કરી નાખ્યો હશે કારણ કે તે બ્રહ્મતેજ હીન હતો.

વિરુપાક્ષ પુત્ર રાજધર્માની શોધ માટે નીકળી પડયો. થોડે દૂર તેમણે રાજધર્માનું મૃત શરીર અને ગૌતમ બ્રાહ્મણને જોયા મિત્રની આવી દુર્દશા જોઈ વિરુપાક્ષ આક્રંદ કરવા લાગ્યો. આ પાપીનો વધ કરો અને સમસ્ત રાક્ષસ એના માંસનો યથેષ્ટ ઉપયોગ કરો.

રાજાની આજ્ઞાનુસાર રાક્ષસોએ તે બ્રાહ્મણના ટૂકડે–ટૂકડા કરી દસ્યુઓને આપ્યા. દસ્યુઓએ પણ કૃતઘ્નનું માંસ આરોગવાનો અસ્વીકાર કર્યો.

રાજા વિરુપાક્ષે રાજધર્માનો દાહ સંસ્કાર કરી મિત્ર ધર્મ બજાવ્યો. તે સમયે સુરભિ ધેનુએ આવી તેની ચિતા પર દૂધમિશ્રિત ફેણ નાખ્યું જેને કારણે રાજધર્મા પુનર્જીવિત થયો.

ઈન્દ્રએ આવી રાજધર્માના પુનર્જીવન વિષે માહિતી આપી. રાજધર્માએ ઈન્દ્ર પાસે ગૌતમના પુનર્જીવનની યાચના કરી. આ યાચનાનો સ્વીકાર કરી ઈન્દ્રે ગૌતમને પુનર્જીવિત કર્યો. ગૌતમ તેની શુદ્ર પત્ની પાસે પાછો ફર્યો. પરંતુ સમાજે તેને કૃતઘ્ન જાહેર કર્યો અને ગૌતમને નરકની પ્રાપ્તિ થઈ.

મહાભારત આખ્યાનો–ઉપાખ્યાનોનો ભંડાર છે. તેમાં પણ શાન્તિપર્વમાં તો અનેક કથાઓનું નિરુપણ કરવામાં આવ્યું છે. આ પ્રત્યેક આખ્યાન–ઉપાખ્યાનનું નિરુપણ કરવાનો મહર્ષિ બાદરાયણ વ્યાસનો મૂળ હેતુ ઉપદેશ આપવાનો છે. પ્રત્યેક કથામાંથી બોધ પ્રાપ્ત થાય છે. જેમ કે નીતિ, ત્યાગ, સેવાધર્મ, ગુરુ પ્રત્યેનો આદર, મિત્રતા, શત્રુતા જેવા અનેક આદર્શ રજૂ કરે છે. ઉપર્યુકત ઉપાખ્યાનમાંથી પણ આવા અનેક સૂચિતાર્થો ફલિત થાય છે, જે ક્રમશઃ આ પ્રમાણે છે –

**બ્રાહ્મણત્વ :**

હિંદુ સંસ્કૃતિમાં ચાર વર્ણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. તે વર્ણ વ્યવસ્થા જન્મ અને કર્મ અનુસાર છે. તે ચાર વર્ણમાંથી બ્રાહ્મણને ઉત્તમ કહ્યો છે. કારણ કે ઋગ્વેદના પુરુષસૂકત અનુસાર બ્રાહ્મણની ઉત્પત્તિ પુરુષના મુખમાંથી થઈ છે. [૬અ]

બ્રાહ્મણ તે છે જે તપ, ત્યાગ, સંયમ, જ્ઞાન, ઉદારતા અને લોકહિત જેવી પ્રવૃત્તિઓને પૂર્ણ રીતે પોતાનામાં ઉતારે અને એક મજબૂત બંધની માફક સુદઢ આધાર પર ઊભા રહે. બ્રાહ્મણનો ધર્મ છે સ્વ સજાગતા અને અન્યને જાગૃત બનાવવાની ક્ષમતા.

ભાગવત બ્રાહ્મણના લક્ષણો નિરુપતા કહે છે – શમ, દમ, તપ, શૌચ, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા, ભગવત્પરાયણતા અને સત્ય, આ બ્રાહ્મણના લક્ષણો છે. [૬બ]

પ્રસ્તુત ઉપાખ્યાનમાં બે જન્મે બ્રાહ્મણની બાબત નિરુપી છે. તેમાંનો એક ગૌતમ બ્રાહ્મણ જન્મે જ બ્રાહ્મણ છે. જયારે તેનું કર્મ શુદ્ર કરતા પણ હીન કક્ષાનું છે. તે માંસાહાર તો કરે છે. સાથે–સાથે શિકાર પણ કરે છે. જયારે અન્ય એવો બ્રાહ્મણ છે જે શુદ્ર જેવા કર્મ કરતા બ્રાહ્મણનું અન્ન આરોગવા પણ તૈયાર નથી.

અત્રે બે વિરોધાભાસ દષ્ટિગોચર થાય છે અને તે દ્વારા મહર્ષિ વ્યાસ તત્કાલીન સમાજ વ્યવસ્થાનું નિરુપણ કરે છે. મહાભારતકાલીન સમાજમાં બ્રાહ્મણનું સ્થાન શ્રેષ્ઠ તો હતું પરંતુ બ્રાહ્મણત્વથી ભ્રષ્ટ થયેલ બ્રાહ્મણ પણ જોવા મળે છે, તેનું ઉદાહરણ આ ગૌતમ છે.

વેદ પારંગત બ્રાહ્મણકુળમાં પણ ગૌતમ જેવા વેદથી અનભિજ્ઞ, હિંસક, દુરાચારી પુત્રનો જન્મ શકય છે તે તેના પૂર્વજન્મના કર્મનું ફળ છે.

મહાભારતના કર્ણપર્વમાં કહ્યું છે કે – વેદથી અનભિજ્ઞ હોવું બ્રાહ્મણ માટે કલંક છે. [૭]

બ્રાહ્મણોનું શ્રેષ્ઠ કર્મ તો વેદનું અધ્યયન અધ્યાપન છે. [૮]

વનપર્વ અનુસાર ચાર વેદનો જ્ઞાતા પણ જો દુરાચારી હોય તો તે શુદ્રથી હીન છે. કેવળ અગ્નિહોત્ર કરનાર જીતેન્દ્રિય છે, તે વસ્તુતઃ બ્રાહ્મણ છે. [૯]

ધમ્મપદના મતે ''જટા રાખવાથી બ્રાહ્મણ થવાતું નથી, અમુક ગોત્રમાં ઉત્પન્ન થવાથી બ્રાહ્મણ થવાતું નથી. પરંતુ જેનામાં સત્ય અને ધર્મ છે, તે પવિત્ર છે, અને બ્રાહ્મણ છે.'' [૧૦]

માત્ર બ્રાહ્મણીની કૂખે જન્મવાથી બ્રાહ્મણ કહેવાતો નથી. જો તે ધનિક હોય તો લોકો તેને આપ કહીને બોલાવે પરંતુ જે અકિંચન છે તેને હું બ્રાહ્મણ કહું છું. [૧૧]

બૃહદરાણ્યક ઉપનિષદ્માં કહ્યું છે કે પ્રથમ માત્ર બ્રાહ્મણ હતા. તે એકલો ઉન્નતિ કરી શકયો નહી તેથી તેમણે ક્ષત્રિયની સૃષ્ટિ કરી જયારે તેના દ્વારા પણ ઉન્નતિ શકય ન બની ત્યારે વૈશ્યની રચના કરી અને અંતે શુદ્રની સૃષ્ટિ કરી. [૧૨]

આ ચાર વર્ણની ઉત્પત્તિ પશ્ચાત્ ધર્મની સૃષ્ટિ થઈ. પ્રથમ વર્ણની ઉત્પત્તિ થઈ. તદ્પશ્ચાત્ કર્તવ્યકર્મની ઉત્પત્તિ થઈ. વૈદિક યુગમાં જે યજ્ઞ કરતા હતા તેને બ્રાહ્મણ કહેતા, જે યુદ્ધ કરતા તે ક્ષત્રિય ઈત્યાદિ. પરંતુ બૃહદારણ્યક ઉપનિષદ્ના આ વચનથી જ્ઞાત થાય છે કે આવી ધારણા સત્ય નથી. પ્રથમ વર્ણની ઉત્પત્તિ થઈ. તદ્પશ્ચાત્ કર્તવ્ય કર્મનો નિર્દેશ કર્યો. અર્થાત્ બ્રાહ્મણ માટે યજ્ઞાદિ કર્મ ઉચિત છે. ક્ષત્રિય માટે યુદ્ધ ઈત્યાદિ.

કોઈ પંડિત કહે છે કે વેદમાં બ્રાહ્મણાદિ વર્ણનો ઉલ્લેખ છે. પરંતુ તે સમયે વર્ણ જન્મગત ન હતો. કોઈ બ્રાહ્મણનો પુત્ર હોવાથી બ્રાહ્મણ નથી કહેવાતો. જે યજ્ઞ કરતો તે બ્રાહ્મણ છે. પરંતુ આ મત યથાર્થ નથી. પુરુષ સૂકતમાં બ્રહ્માના વિભિન્ન અંગમાંથી વર્ણની ઉત્પત્તિ થઈ. વર્ણ જન્મજાત હોવાથી જ આ ઉકિત સુસંગત થાય છે.

ઋગ્વેદ ૧૦/૭૧/૯ માં કહ્યું છે કે જે બ્રાહ્મણ વેદનો અર્થ જાણતો નથી તે કૃષિ–કર્મ દ્વારા જીવન નિર્વાહ કરે. આ બાબત દ્વારા જ્ઞાત થાય છે કે બ્રાહ્મણવંશમાં જન્મ લેનાર કૃષિ કર્મ કરનાર પણ બ્રાહ્મણથી ઓળખાય છે. જો કર્મ પ્રમાણે વર્ણ વિભાજન હોય તો તેને બ્રાહ્મણ ન કહેતા વૈશ્ય કહ્યો હોત.

ઋગ્વેદ ૮/૧૮/૩૦ પ્રમાણે હે ઈન્દ્ર ! તું પ્રમાદ છોડી નાસ્તિક બ્રાહ્મણ સમાન ન બન. આના દ્વારા જ્ઞાત થાય છે કે બ્રાહ્મણ વંશમાં જન્મ ધારણ કરવાથી બ્રાહ્મણોચિત્ત ગુણ–કર્મ ન હોવા છતાં તેને બ્રાહ્મણ કહેવાય છે.

ઋગ્વેદ ૨/૪૩/૨ અનુસાર બ્રાહ્મણનો પુત્ર જે રીતે યજ્ઞમાં વેદમંત્રોનું ગાન કરે છે. હે પક્ષી તું પણ તેની માફક ગાન કર. આનાથી સ્પષ્ટ થાય છે કે યજ્ઞમાં બ્રાહ્મણના પુત્ર જ વેદમંત્ર ગાન કરતા હતા અન્ય વર્ણના નહી. અતઃ જોઈ શકાય છે કે વૈદિક યુગમાં જન્મ અનુસાર વર્ણ નિર્દેશ કર્યો છે, ગુણ અને કર્મ અનુસાર નહીં.

મહાભારતમાં અમુક સ્થળે જન્મને આધારે અને અમુક સ્થળે કર્મને આધારે બ્રાહ્મણ કહેવાય છે તેમ કહ્યું છે, **ब्राह्मण्यां ब्राह्मणाज्जातो ब्राह्मणः स्यान्न संशयः ।**

અર્થાત્, બ્રાહ્મણીના ગર્ભમાં બ્રાહ્મણના વીર્યથી જેનો જન્મ થાય છે, તે બ્રાહ્મણ છે. [૧૩]

તે અનુસાર વર્ણ જન્મ અનુસાર હોય છે. પુનઃ વનપર્વમાં કહ્યું છે કે જેનામાં સત્ય, દાન, ક્ષમા, તપસ્યા, આદિ ગુણ છે, તે બ્રાહ્મણ છે. [૧૪]

અત્રે કહ્યું છે કે ગુણ અનુસાર બ્રાહ્મણ કહેવાય છે.

આ બંને ઉકિતમાં વિસંગતતા જોવા મળે છે. પ્રથમ જન્મને આધારે કહ્યું અને દ્વિતીય ઉકિતમાં ગુણને આધારે કહ્યું. આ વાકયમાં સામંજસ્ય સ્થાપિત થતું નથી.

અશ્વત્થામામાં ગુણ યા કર્મ એક પણ બ્રાહ્મણોચિત્ત ધર્મ ન હતો. તેઓ યુદ્ધ કરતા, રાત્રિ દરમિયાન પાંડવ પુત્રનો વધ કર્યો. ઉત્તરાના ગર્ભસ્થ શિશુની હત્યા કરી. ગુણ અને કર્માનુસાર વર્ણ નિર્દેશ કરવાથી અશ્વત્માથાને કદાપિ બ્રાહ્મણ ન કહી શકાય. પરંતુ જયારે તેને પકડીને દ્રોપદી પાસે લાવવામાં આવ્યા ત્યારે બ્રાહ્મણ કહી તેનો વધ ન કર્યો. આ અવસર પર ભીમે દ્રોપદીને કહ્યું, **जित्वा मुक्तो द्रोणपुत्रो ब्राह्मण्याद् गौरवेण च ।** અર્થાત્, દ્રોણ પુત્રને મુકત કરો. કારણ કે તે બ્રાહ્મણ છે અને ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર છે.

અહીં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગુણ કર્મ અનુસાર વર્ણનો ઉલ્લેખ નથી. પરંતુ જન્મ અનુસાર નિર્દેશ કર્યો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા બ્રાહ્મણના કર્મનો ઉલ્લેખ કરતા કહે છે. મનનો નિગ્રહ, ઈન્દ્રિયોનું દમન, તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન, અનુભવ, આસ્તિકતા એ બ્રાહ્મણના સ્વભાવજન્ય કર્મો છે. [૧૫અ]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રમાણે ''ગુણ અને કર્મના વિભાગ દ્વારા મેં ચારે વર્ણની સૃષ્ટિ કરી છે.'' [૧૫બ] આ વચનથી કેટલાક લોકો સમજે છે કે ગીતાનો ઉદ્દેશ્ય જન્મ અનુસાર વર્ણ વ્યવસ્થા નહીં, ગુણ અને કર્માનુસાર છે. પરંતુ ગીતાના આ વચનની આવી વ્યાખ્યા અસત્ય છે.

મનુ સંહિતા મુજબ જન્મ પછી દસ અથવા બાર દિવસમાં નામકરણ કરવું. બ્રાહ્મણના નામ આગળ શર્મા, ક્ષત્રિયના નામ આગળ 'વર્મા' જોડવું. [૧૬]

જન્મના દસ અથવા બાર દિવસમાં ગુણ અને કર્મને આધારે નામકરણ કરવું અશકય છે. અતએવ સ્પષ્ટ છે કે જન્મ અનુસાર વર્ણ નિર્ણય શાસ્ત્રનો ઉદ્દેશ્ય છે. [૧૭અ]

બ્રાહ્મણો સંસ્કૃતિના રક્ષક છે. એટલે જયાં સુધી આ વર્ગ ઊભો હશે ત્યાં સુધી સમાજનું અધઃપતન નહીં થાય. બ્રાહ્મણમાં બ્રાહ્મણત્વ રહેશે ત્યાં સુધી સમાજ, દેશ કે જગતનું અધઃપતન શકય નથી. બ્રાહ્મણોનો રાજસત્તા સાથેનો વિશિષ્ટ સંબંધ જોઈએ તો જરૂર લાગે છે કે ધન અને અધિકાર પાછળ ન દોડનાર બ્રાહ્મણ જ આવું મહાન કાર્ય કરી શકે. બ્રાહ્મણો સમાજના સંસ્કૃતિરૂપી શરીરની ઢાલ છે. ક્રાંતિદર્શી તત્ત્વવેત્તા આદ્ય શંકરાચાર્યજીએ પણ ગીતાભાષ્યમાં બ્રાહ્મણત્વનો મહિમા ગાયો છે.

**''ब्राह्मणत्वस्य हि रक्षणेन रक्षितः स्याद् वैदिको धर्मः ।''**

આથી જો સમાજનું રક્ષણ જરૂરી હોય તો બ્રાહ્મણનું રક્ષણ કરવું જરૂરી છે. સમાજ જ્ઞાનથી જીવંત રહે છે અને આવું જ્ઞાન સમાજ બ્રાહ્મણ પાસેથી મેળવે છે. જો બ્રાહ્મણ તેજથી, જ્ઞાનથી અને સામર્થ્યથી જીવે તો તેનું બ્રાહ્મણત્વ જળવાઈ રહે. [૧૭બ]

પ્રસ્તુત ઉપાખ્યાનમાં ગૌતમ જન્મે બ્રાહ્મણ છે. પરંતુ તેનું કર્મ શુદ્ર જેવું છે.

વર્તમાન યુગમાં પણ આપણે વારંવાર એવું સાંભળીએ છીએ કે બ્રાહ્મણે મદિરાપાન કર્યું. દ્યૂત રમ્યા, કોઈની હિંસા કરી. આ બધું સૂચવે છે કે આજનો બ્રાહ્મણ પણ પોતાના વેદોકત કર્મથી વિમુખ થતો જાય છે. તે માત્ર જન્મથી જ બ્રાહ્મણ હોય છે, કર્મથી નહીં. આજે વેદમાં સૂચવેલી વર્ણાનુસાર કર્મ વ્યવસ્થા જોવા મળતી નથી. શુદ્ર પણ અધ્યયન–અધ્યાપન કરાવી શકે છે અને વેપાર વાણિજય કરી શકે છે. આ આજની જીવન પ્રણાલી છે.

ભગવાન્ વેદવ્યાસ અને ઋષિ વાલ્મીકિની માતા બ્રાહ્મણ ન હતી. તેમ છતાં તેઓ વિશ્વગુરુ બની રહ્યા.

**સંગદોષ :**

જેવી વ્યકિતની સાથે મનુષ્ય રહે છે તેના જેવો તે થાય છે. સંગદોષ મનુષ્યને અચૂક લાગે છે. ગૌતમ બ્રાહ્મણ પણ દુષ્ટ સાથે રહી દુષ્ટ જેવો બની ગયો. દુષ્ટ જેવા કાર્ય કરવા લાગ્યો. જેવા કે, શિકાર કરવો, હિંસા કરવી ઈત્યાદિ.

મહાભારતના ઉદ્યોગપર્વમાં કહ્યું છે કે – જો સત્પુરુષનું સેવન કરે તો સજ્જન થાય છે. તપસ્વીનો સહવાસ રાખે તો તપસ્વી, ચોરનો સહવાસ રાખે તો ચોર. જેમ વસ્ત્ર જેવા સાથે સંપર્કમાં આવે તેવું થાય છે એમ પુરુષને પણ સંગનો રંગ લાગે છે. [૧૮]

પુરુષ જેવાની સાથે વસે છે, જેવાઓનું સેવન કરે છે અને જેવો થવાની ઈચ્છા રાખે છે તેવો થાય છે. [૧૯]

શ્રીમદ્ ભાગવતમાં શ્રી ભગવાન્ ઉદ્ધવને કહે છે, ''બુદ્ધિમાન પુરુષે દુષ્ટનો સંગ ત્યજી સજ્જનનો સંગ કરવો. કેમ કે સજ્જન પોતાના વચનો વડે મનની આસકિતને કાપી નાખે છે. જેઓ અપેક્ષા રહિત, મારામાં ચિત્ત રાખનારા, પ્રશાન્ત, સમદર્શી, નિર્મમ, નમ્ર, દ્વન્દ્વોથી રહિત અને અપરિગ્રહી છે તેઓ સજ્જન છે.'' [૨૦]

સંગદોષ માટે સૌભરિનું ઉદાહરણ આપી શકાય. સૌભરિ ઋષિ હતા. પરંતુ એક સમય નદીમાં સ્નાન કરતા મત્સ્યને કામક્રીડામાં રત થયેલા જોયા આ જોઈ સૌભરિનું મન ચલિત થઈ ગયું અને તે કામાસકત થયા. 'જેવો સંગ તેવો રંગ' તે મનુષ્ય સ્વભાવ છે. સૌભરિ જેવા ઋગ્વેદી ઋષિ સંસર્ગથી દૂર રહી શકતા નથી. ઈન્દ્રિયો ચંચળ છે તે આ વાતથી ફલિત થાય છે.

જેવી રીતે સૂર્યના પ્રકાશથી પૃથ્વીનો અંધકાર નષ્ટ થાય છે તેવી રીતે સત્સંગથી જીવનનો અંધકાર નાશ પામે છે.

અથર્વવેદ પ્રમાણે વિદ્વાન્, ચરિત્રવાન્, શ્રેષ્ઠ પુરુષોના સત્સંગથી મનુષ્યની ઉન્નતિ થાય છે. પરંતુ મૂર્ખ પતિત મનુષ્ય પાસે રહેવાથી બીજાનું પણ પતન થાય છે. [૨૧]

ચાણકય સૂત્ર મુજબ **क्षीराश्रितं जलं क्षीरमेव भवति।** અર્થાત્, જળને દૂધમાં ભેળવવાથી દૂધ બની જાય છે. તેવી રીતે ગુણવાન્ સાથે રહેવાથી ગુણી બનાય છે. [૨૨]

કઠોપનિષદ્ પ્રમાણે ઉઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોના સત્સંગથી જ્ઞાન પ્રાપ્ત કરો. [૨૩]

મહાભારતના શાન્તિપર્વના મતે મૂર્ખનો સંગ કરવાથી બુદ્ધિમાન્ પણ મૂર્ખ બની જાય છે. [૨૪]

નીતિશતકમાં કહ્યું છે કે, **सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम्।** અર્થાત્, સત્સંગ શું નથી કરતો ?

કુસંગનું પરિણામ અનિષ્ટ આપનારું હોય છે.

વેદ અનુસાર સત્પુરુષ જ મહાન્ પુરુષ છે. જીવનમાં એવો મહાપુરુષોનો સંગ કરવો જોઈએ. દુષ્ટ જન સાથે મિત્રતા કરવાથી અને તેના દ્વારા પ્રદર્શિત માર્ગ પર ચાલવાથી અધઃપતન થાય છે. જે મહાપુરુષોનો સંગ કરે છે તે સ્વયં મહાન્ બની જાય છે. [૨૫]

ઋગ્વેદની એક ઋચા પ્રમાણે સામાન્ય મનુષ્ય યોનિનો મહાન્ ઈન્દ્ર સાથે મિત્રતા કરી તેનો સંગ કર્યો તો તે ઈન્દ્ર સદશ બની ગયો. અતઃ કલ્યાણકામી વ્યકિતએ જો મહાન્ બનવું હોય તો ઉત્તમ જન સાથે નિવાસ કરવો, કારણ કે સજ્જનોનો સંગ કલ્યાણકારી હોય છે.

ક્ષણભરનો કુસંગ પણ પતનનું કારણ બને છે. શ્રીમદ્ ભાગવતમાં એક કથા છે. કનોજમાં અજામિલ નામનો શાસ્ત્રજ્ઞ, શીલવાન, ઉદાર, સત્યવાદી તથા સંયમી બ્રાહ્મણ નિવાસ કરતો હતો. પિતાની આજ્ઞાનુસાર તે યુવક વનમાં અગ્નિહોત્ર માટે સમિધ લેવા ગયો. માર્ગમાં તેમણે એક શુદ્ર દુરાચારિણી સ્ત્રી સાથે મદિરા પાન કરી નિર્લજ્જ વિનોદ કરતો હતો. અજામિલ ત્વરિત ત્યાંથી પસાર થઈ ગયો. પરંતુ તેના સુષુપ્ત મનમાં ક્ષણભરના કુસંગથી વિકાર ઉત્પન્ન થયો. તે ધર્માત્મા સંયમી બ્રાહ્મણ માતા–પિતા, કુળ, સદાચાર, સાધ્વી પત્ની સર્વનો ત્યાગ કરી તે દુરાચારિણી સ્ત્રી પાસે પહોંચી ગયો.

એકવાર મનુષ્યનું પતન થાય છે તદ્પશ્ચાત્ તેનાથી દૂર થવું કઠીન છે. અજામિલનું પતન થવા લાગ્યું. અજામિલ તે કુલ્ટા નારીને સંતુષ્ટ કરવા માટે ચોરી, જુગાર, છળ–કપટ ઈત્યાદિ ઉપાયથી તેને ધન આપવા લાગ્યો.

ક્ષણભરનો કુસંગ કેટલો મહાન્ અનર્થ સર્જી શકે છે. એક ધર્માત્મા સંયમી એક ક્ષણના પ્રમાદથી આચારહીન અને અધર્મી બની ગયો.

અંતે યમના પાર્ષદો સાથે અજામિલને ક્ષણિક સત્સંગ થયો. તેના દ્વારા તેને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. ક્ષણભરનો સત્સંગ પણ કલુષિત જીવનને પરમોજ્જવલ બનાવી દે છે.

**અતિથિ સત્કાર :**

**मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव, अतिथि देवो भव** ના વેદ વાકયને હૃદયંગમ કરી તેમાં માનવના આદર્શ **'अतिथि देवो भव'** ના વાસ્તવિક અર્થને સમજવો નિતાન્ત આવશ્યક છે. સંસારમાં કોઈપણ દેશની સંસ્કૃતિમાં આવી ઉદાત્ત ભાવના એવં સભ્યતા દશ્યમાન થતી નથી.

ભારતીય મનીષીઓના હજારો વર્ષોની ચિંતન સાધનાના સર્વોત્કૃષ્ટ રત્ન છે, અતિથિને દેવ માનવા. આતિથ્ય સત્કારની સુદીર્ઘ પરંપરા ભારતીય સદ્ગૃહસ્થનો ધર્મ બની ગઈ છે. દ્વારે આવેલ અતિથિને યથોચિત સ્વાગત–સત્કાર કરવો માનવીય પ્રકૃતિના ભ્રાતૃભાવ, સહૃદયતા અને સૌજન્ય જેવા ઉદાત્ત ગુણોના પરિચાયક છે.

તૈત્તિરીય ઉપનિષદ્ની ભૃગુવલ્લી તો આતિથ્ય સત્કારને વ્રતની સંજ્ઞા આપે છે. ગૃહાગત અતિથિના સત્કાર માટે અન્ન પ્રાપ્તિ માટે પ્રયાસ કરો, નિવાસ હેતુ પધારેલ અતિથિને પ્રતિકૂળ વચન ન કહે તે પણ વ્રત છે. [२६]

મહાભારતમાં મહાત્મા વિદુર અતિથિ રૂપમાં આવેલ ભદ્ર પુરુષના આતિથ્યનો ક્રમ સમજાવતા ધૃતરાષ્ટ્રને કહે છે. સજ્જન અતિથિરૂપે ગૃહે આવે તો પ્રથમ આસન આપી જળ દ્વારા પાદ પ્રક્ષાલન કરી તેના કુશળ મંગળ જાણી તદનન્તર આવશ્યકતા સમજી ભોજન કરાવવું. [૨૭]

ભગવાન્ વેદ વ્યાસે અતિથિ યજ્ઞની વ્યાખ્યા આપતા કહ્યું છે, અતિથિને પ્રેમભરી દષ્ટિથી જોવા, હ્રદયથી તેમનું હિત ચિંતન કરવું તથા મધુર વાણી પ્રદાન કરવી. જયારે તે પ્રસ્થાન કરે ત્યારે કેટલાક પગલા તેની સાથે ચાલવા, ઘર પર રહે ત્યાં સુધી સેવા કરવી આ પ્રમાણે પાંચ પ્રકારની દક્ષિણાથી યુકત અતિથિ યજ્ઞ છે. [૨૮]

ગૃહસ્થને ગૃહે આ પ્રમાણેની વસ્તુનો અભાવ કદાપિ ન હોવો જોઈએ. આસન માટે તૃણ, બેસવાનું સ્થાન, જળ અને મધુર વાણી. [૨૯]

જે ગૃહસ્થ અપરિચિત, શ્રમિત રોગી પથિકની ક્ષુધા–તૃપ્તિ કરે છે, તેને મહાન્ પુણ્યની પ્રાપ્તિ થાય છે. [૩૦]

વનવાસકાળ દરમિયાન કામ્ય વનમાં વિચરણ કરતાં યુધિષ્ઠિર તથા માર્કન્ડેયનો આતિથ્ય ધર્મ વિષયમાં કરેલ વાર્તાલાપ નિઃસંદેહ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

અગ્નિદેવને હવિષ્યથી સંતોષ થતો નથી. પરંતુ અતિથિને ભોજન કરાવવાથી થાય છે. તેથી શકય તેટલા પ્રયાસ દ્વારા અતિથિને ભોજન કરાવવું. જે મનુષ્ય અતિથિના ચરણ પ્રક્ષાલન માટે જળ, માલીશ હેતુ તેલ, પ્રકાશ માટે દીપક, ભોજન માટે અન્ન અને આવાસ હેતુ સ્થાન આપે, તે કદાપિ યમદ્વાર જોતા નથી. [૩૧]

સૌરાષ્ટ્રનો અતિથિ સત્કાર તો પ્રશંસનીય છે. ગુજરાતી લોક દુહામાં કહ્યું છે કે કદાચ સૌરાષ્ટ્રમાં ઈશ્વર પણ જો અતિથિરૂપે આવે તો તે સ્વર્ગને ભૂલી જાય તેવું તેનું સ્વાગત કરે છે. શેઠ શગાળશાએ ઋષિના ભોજન માટે તેના વહાલસોયા પુત્રનું બલિદાન આપી ઋષિનું આતિથ્ય કર્યું.

શ્રીકૃષ્ણને ગૃહે સુદામા પધાર્યા તો શ્રીકૃષ્ણે દરિદ્ર સુદામાનું પાદ પ્રક્ષાલન કરી સ્વાગત કર્યું. શ્રીકૃષ્ણ પગમાં પગરખા પહેર્યા વિના દોડી ગયા અને રાણીને કહેતા ગયા પૂજા થાળ તૈયાર કરો. [૩૨]

આવી છે, ભારતીય સંસ્કૃતિની આતિથ્ય ભાવના.

સર્વજનોએ આતિથ્ય ધર્મનું પાલન કરતા સમસ્ત પ્રાણીઓમાં વ્યાપ્ત વિશ્વાત્મા પ્રભુની સેવાનું પુણ્ય ફળ પ્રાપ્ત કરવાનો સંકલ્પ ગ્રહણ કરવો જોઈએ.

ગૌતમ બ્રાહ્મણ રાજધર્મા પક્ષીના નિવાસ સ્થાને આવ્યો તો રાજધર્માએ તેમનું યથાયોગ્ય સ્વાગત કર્યું. તેને આહાર માટે ગંગાજીના જળમાંથી મત્સ્ય લાવી તેને પકાવી આરોગવા આપ્યા. તે પક્ષી પોતાની પાંખો દ્વારા ગૌતમ બ્રાહ્મણને હવા નાંખવા લાગ્યો. શયન માટે પર્ણ બિછાવ્યા આ રીતે તેનું સ્વાગત કર્યું.

વિરુપાક્ષે પણ ગૌતમ બ્રાહ્મણનું સ્વાગત કર્યું અને અનેક સુવર્ણ અલંકાર દાનમાં આપ્યા.

**દાન :**

મનુષ્ય જીવનમાં દાનનું અત્યાધિક મહત્ત્વ છે. આ એક પ્રકારનું નિત્યકર્મ છે. મનુષ્યે પ્રતિદિન અવશ્ય દાન કરવું જોઈએ. **श्रद्धया देयम्, ह्रिया देयम्, भिया देयम्।** અર્થાત્ શ્રદ્ધા, લજ્જા કે ભયથી દાન અવશ્ય કરવું. દાન વિના મનુષ્ય ઉન્નતિમાં અવરોધ ઉત્પન્ન થાય છે. આ પ્રસંગમાં એક કથા પ્રચલિત છે.

એકવાર દેવતા, મનુષ્ય અને અસુર એમ ત્રણેની ઉન્નતિમાં અવરોધ ઉત્પન્ન થયો. અતઃ સર્વ પ્રજાપતિ બ્રહ્મા પાસે જઈ દુઃખ દુર કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. પ્રજાપતિ બ્રહ્માએ ત્રણેને માત્ર એક અક્ષરનો ઉપદેશ કર્યો. **'द'** સ્વર્ગમાં ભોગોની બહુલતાથી ભોગ જ દેવલોકમાં સુખ મનાય છે. અતઃ દેવગણ કદાપિ વૃદ્ધ ન થતા ઈન્દ્રિય ભોગ ભોગવવામાં રત રહે છે. આ અવસ્થા પર વિચાર કરી બ્રહ્માજીએ **'द'** દ્વારા ઈન્દ્રિય દમનનો ઉપદેશ આપ્યો.

અસુર સ્વભાવથી હિંસાત્મક હતા. ક્રોધ અને હિંસા તેનો નિત્યક્રમ હતો. તેથી પ્રજાપતિએ આ દુષ્કર્મમાંથી છોડાવવા **'द'** દ્વારા જીવ માત્ર પર દયા કરવાનો ઉપદેશ આપ્યો.

મનુષ્ય કર્મયોનિ હોવાને કારણે લોભવશ કર્મ કરતા અર્થસંગ્રહમાં મગ્ન રહે છે. તેથી પ્રજાપતિએ લોભી મનુષ્યને **'द'** દ્વારા તેમના કલ્યાણ માટે દાન કરવાનો ઉપદેશ આપ્યો.

અતઃ માનવે તેના અભ્યુદય માટે અવશ્ય દાન કરવું જોઈએ.

મનુસ્મૃતિના મંતવ્ય પ્રમાણે **'दानमेकं कलौयुगे ।'** અર્થાત્ કલિયુગમાં દાન સર્વશ્રેષ્ઠ કર્મ છે. [૩૩]

ઋગ્વેદ પ્રમાણે આજીવિકા ન મેળવનાર ત્યાગી કરતા આજીવિકા મેળવી દાન કરનાર વ્યકિત શ્રેષ્ઠ હોય છે. [૩૪]

શ્રીરામચરિતમાનસ મુજબ દાન કોઈપણ રીતે શ્રેષ્ઠ છે. [૩૫]

અથર્વવેદમાં કહ્યું છે કે – **न पावत्याय रासीय ।** અર્થાત્ કુપાત્રને દાન ન દેવું. [૩૬]

હિતોપદેશ પ્રમાણે દરિદ્રોનું ભરણ કર. ધનિકને ધન ન આપવું. રોગીને દવા ગુણકારી નીવડે છે. નિરોગીને દવા શા કામની ? [૩૭]

આપવું જોઈએ, એમ માની, જે દાન ઉપકાર કર્યા વિનાની વ્યકિતને દેશ, કાલ અને પાત્ર જોઈને આપવામાં આવે છે, તે દાન સાત્ત્વિક ગણાય છે. [૩૮]

ચાણકયનીતિના મતે સર્વ પ્રકારના દાન, યજ્ઞ, હોમ અને બલિ આ સર્વ કુપાત્રને આપવાથી શીઘ્ર નષ્ટ થઈ જાય છે. પરંતુ સુપાત્રને આપેલું દાન કદાપિ નષ્ટ થતું નથી. [૩૯]

મહાન્ નાટયકાર ભાસ તેના કર્ણભાર નામના એકાંકીમાં કર્ણના મુખે કહે છે કે 'આપેલું અને હોમેલુ તેમનું તેમ રહે છે.' [૪૦]

અથર્વવેદ કહે છે કે સેંકડો હાથોથી એકઠું કરો અને સહસ્ર હાથોથી દાન કરો. [૪૧]

દાન આપવા માટે કર્ણનું પાત્ર પ્રસિદ્ધ છે. કર્ણ મહાન્ દાનેશ્વરી હતો. તેના વિષેની એક કથા મહાભારતમાં વર્ણિત છે.

કોઈ બ્રાહ્મણ દેવતાના પિતાનું દેહાંત થયું. તેમણે વિચાર્યું, તેના પિતાનો દાહ ચંદનના કાષ્ઠથી કરવો. પરંતુ તેની પાસે ચંદન કાષ્ઠ ન હતા. તેણે રાજા યુધિષ્ઠિર પાસે જઈ પિતાના અગ્નિદાહની વાત કરી, પરંતુ તે સમયે અવિરત વર્ષાને કારણે યુધિષ્ઠિર શુષ્ક ચંદન કાષ્ઠ આપી શકયા નહી. આથી તે બ્રાહ્મણ કર્ણ પાસે ગયો. કર્ણ પાસે પણ તે જ પરિસ્થિતિ હતી. પરંતુ કર્ણએ તેના ચંદનના સિંહાસનમાંથી શુષ્ક કાષ્ઠ આપવા આદેશ આપ્યો. આ રીતે બ્રાહ્મણના પિતાનો ચંદનના કાષ્ઠ વડે અગ્નિ સંસ્કાર થઈ શકયો. ચંદનના કાષ્ઠનું સિંહાસન મહારાજ યુધિષ્ઠિર પાસે પણ હતું. પરંતુ આવું સામયિક જ્ઞાન અને મનની ઉદારતા તેને પ્રાપ્ત ન હતી. જેને કારણે તેઓ આ દાનથી વંચિત રહી ગયા. આથી કર્ણને 'દાનવીર' ની ઉપાધિ પ્રાપ્ત થઈ. કર્ણએ જન્મ સાથે પ્રાપ્ત કરેલ કવચ–કુંડળ પણ ઈન્દ્રને દાનમાં આપી દીધા. આવી વિલક્ષણ હતી કર્ણની દાનવીરતા.

શાસ્ત્રો તથા પુરાણોમાં દાનના વિભિન્ન સ્વરૂપ વર્ણિત છે.

(૧) નિત્ય નિયમપૂર્વક દાન કરવું જોઈએ. આવા દાનમાં અન્નદાનને વિશેષ મહત્ત્વ અપાયું છે.

(૨) વિભિન્ન પર્વો અને અવસર પર જે દાન અપાય છે, તેને નૈમિત્તિક દાન કહે છે. જેવી રીતે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ સમયે તામ્ર અથવા રજત પાત્રમાં કાળા તલ, સુવર્ણ તથા દ્રવ્યાદિનું દાન.

(૩) વેદ–પુરાણોમાં મનુષ્યની કામના પૂર્તિ માટે અપાતા દાનનું વર્ણન છે. જેમ કે તુલાદાન, ગોદાન, ભૂમિદાન, સ્વર્ણદાન, ઘટદાન આદિ. આઠ, દશ તથા સોળ મહાદાન ગણાય છે.

(૪) કેટલાક દાન બહુજનહિતાય બહુજન સુખાયની ભાવના વિદ્યાલય, ઔષધાલય, અન્નક્ષેત્ર, અનાથાલય, ગૌશાળા, ધર્મશાળા, કૂવા, તળાવ આદિ સર્વજનોપયોગી સ્થાનોના નિર્માણ આદિ કાર્ય. [૪૨]

સામાન્યતઃ ન્યાયપૂર્વક અર્જીત કરેલ ધનનો દશમાંશ મનુષ્યએ દાન કાર્યમાં વ્યય કરવો જોઈએ. સ્કન્દપુરાણમાં આ બાબત સ્પષ્ટ કરી છે. [૪૩]

અન્યાયપૂર્વક અર્જીત ધનનું દાન કરવાથી કોઈ પુણ્ય નથી થતું. આ વાત **'न्यायोपार्जितवित्तस्य'** આ વચનથી સ્પષ્ટ થાય છે. દાન આપવાનું અભિમાન અને લેનારના મનમાં કોઈ પ્રકારનો ઉપકાર ભાવ ઉત્પન્ન ન થવો જોઈએ.

દેવી ભાગવતમાં તો સ્પષ્ટ કહ્યું છે કે અન્યાયપૂર્વક ઉપાર્જિત ધન દ્વારા કરેલ શુભ કર્મ વ્યર્થ છે. તેના દ્વારા ઈહલોક અને પરલોકની પ્રાપ્તિ થતી નથી. [૪૪]

ઉપાર્જિત ધનના દશમાંશનું દાન કરવાનું વિધાન સામાન્ય કોટિના મનુષ્ય માટે કહેલ છે. પરંતુ જે વ્યકિત વૈભવશાળી, ધનિક અને ઉદારચેતા છે. તેમણે તો ઉપાર્જિત ધનને પાંચ ભાગમાં વિભકત કરવું જોઈએ. (૧) ધર્મ (૨) યશ (૩) અર્થ (૪) કામ (૫) સ્વજન માટે.

પુરાણોમાં દાન સંબંધી ત્યાં સુધી કહેલ છે કે –

**यावद् भ्रियेत जठरं तावत् स्वत्वं हि देहिनाम् श्च**

**अधिकं योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति श्च्श्च**

અર્થાત્ જેટલાથી પેટ ભરાય તેટલા પર જ મનુષ્યનો અધિકાર છે. તેનાથી વધારેનો જે અધિકાર માને છે, તે ચોર છે, દંડનો ભાગી છે.

કોઈપણ ધર્મ કાર્ય સમ્પન્ન કરી દાન અપાતું તેમાં ગૌદાન શ્રેષ્ઠ દાન ગણાય છે. વાજશ્રવસ ૠષિએ પણ યજ્ઞ કાર્ય સમ્પન્ન કરી નિર્બળ ગાયોનું દાન કરેલ જે જોઈ નચિકેતા દુઃખી થતો કહેવા લાગ્યો. મને પણ કોઈકને દાનમાં આપો. ત્યારે વાજશ્રવસે ક્રોધિત થઈ નચિકેતાને યમને દાનમાં આપી દીધો.

સાંપ્રત યુગમાં પણ દાનનું મહત્ત્વ છે. મનુષ્ય કરેલ પાપમાંથી મુકત થવા દાન–પુણ્ય કરે છે, જેના કારણે સ્વર્ગ પ્રાપ્તિ થાય છે.

રાક્ષસ વિરુપાક્ષ પણ શ્રેષ્ઠ પર્વ અને તિથિને દિવસે દાન કરતો તેમાં જે કંઈ તેની પાસે હતું તે સર્વનું દાન કરી દે છે.

**મિત્ર :**

મિત્ર તે છે જે પ્રતિક્ષણ સુખ કે દુઃખમાં સાથે રહે. માત્ર સુખમાં જ પાસે આવે અને દુઃખ આવે ત્યારે દૂર ચાલ્યા જાય તેવા મિત્રથી દૂર રહેવું.

હિતોપદેશ કહે છે, જેની કુળ–જાતિ જાણતા ન હોઈએ તેવાને મિત્ર બનાવવો નહી. [૪૫]

ભીષ્મ પ્રસ્તુત ઉપાખ્યાનના પ્રારંભમાં કોની સાથે સંધિ ન કરવી અને કોની સાથે કરવી તે સંબંધી જ્ઞાન અ–૧૬૮ મા ૫થી ૨૫ શ્લોકમાં આપે છે. અંતે ભીષ્મ પિતામહ કહે છે – જે પ્રતિદિન શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે છે, ક્રોધ પર કાબુ કરે છે, યુદ્ધમાં પ્રબળ રહે છે, જેનો જન્મ ઉત્તમ કુળમાં થયો છે, જે શીલવાન્ અને શ્રેષ્ઠ ગુણોથી યુકત છે તેવા શ્રેષ્ઠ પુરુષ જ મિત્ર બનાવવા યોગ્ય હોય છે. [૪૬]

વાલ્મીકિ રામાયણમાં ભગવાન્ શ્રીરામ સુગ્રીવને મિત્રધર્મ સમજાવતા કહે છે.

**उपकारफलं मित्रमपकारोऽरिलक्षणम् ।**

અર્થાત્, ઉપકાર મિત્રતાનું ફળ છે અને અપકાર શત્રુતાનું લક્ષણ છે. [૪૭]

મિત્ર દુઃખમાં હોય કે સુખમાં તે પોતાના મિત્રની સદા સહાયતા કરે છે. [૪૮]

**वयस्यः परमा गतिः ।** અર્થાત્ મિત્ર પરમગતિ છે. [૪૯]

મિત્ર બનાવવો સરળ છે. પરંતુ મિત્રભાવ બનાવી રાખવો કઠીન છે. કારણ કે મનનો ભાવ સદા પરિવર્તિત થતો રહે છે. [૫૦]

મિત્રએ કરેલ ઉપકારનો બદલો ન ચૂકવવાથી ધર્મની હાનિ થાય છે. ગુણવાન્ મિત્ર સાથે મિત્રતાનો સંબંધ તૂટી જવાથી અર્થની હાનિ થાય છે. [૫૧]

ઋગ્વેદ અનુસાર તે મિત્ર નથી જે મિત્રની સહાયતા કરતો નથી. [૫૨]

યજુર્વેદ પ્રમાણે સર્વ પ્રાણીઓને મિત્રતાની દષ્ટિથી જોવા જોઈએ. [૫૩]

અથર્વવેદ કહે છે કે – પરસ્પર મિત્રોની માફક રહો. [૫૪]

ગૌતમ બ્રાહ્મણે સ્વાર્થવશ બગલા સાથે મિત્રતા કરી અને અંતે મિત્રના જ હાડ–માંસનો આહાર કર્યો.

ઋગ્વેદમાં કહ્યું છે કે – મનુષ્ય સ્વાર્થવશ મિત્રતા કરી સ્વાર્થ પૂરો થતા તેને છોડી દે છે. તેવા મનુષ્યોનો કદાપિ વિશ્વાસ ન કરવો. તેને નિંદા અને અપયશનો ભાગીદાર બનવું પડે છે. [૫૫]

આ માટે ભીષ્મ પ્રોકત ઊંદર અને બિલાડાની કથાનું ઉદાહરણ આપી શકાય. બંને પરસ્પરના જન્મ–જન્માંતરના શત્રુ સ્વાર્થવશ કેવા મિત્ર બની ગયા અને સ્વાર્થ પૂરો થતા બંને પુનઃ શત્રુ બની રહેવા લાગ્યા.

હિતોપદેશની કથા અનુસાર બિલાડો પણ સ્વાર્થવશ ગીધ સાથે મિત્રતા કરે છે. વિશ્વમાં સ્વાર્થના સગા અનેક છે. સ્વાર્થ પૂરો થતા શત્રુ જેવો વ્યવહાર કરે છે.

ગુજરાતી કવિ રાજેશ વ્યાસ કહે છે –

ઓરડામાં એકાદ ચિત્ર હોય પૂરતું છે.

જીવનમાં એક સરસ મિત્ર હોય પૂરતું છે.

મિલાવ હાથ ભલે સાવ મેલો ઘેલો છે.

હૃદયથી આદમી પવિત્ર હોય પૂરતું છે.

મિત્ર દ્રોહ કરવો તેના કરતા વધારે ઉત્તમ મિત્ર ન બનાવવો તે છે. મિત્રતાનો દ્રોહ કરવો તેના જેવું પાતક એકપણ નથી. તેથી જ કૃતઘ્ની વ્યકિત વારંવાર અપમાનિત થાય છે.

**કૃતઘ્ન :**

સમાજમાં બે પ્રકારના મનુષ્ય જોવા મળે છે. (૧) કૃતજ્ઞ અને (૨) કૃતઘ્ન. કૃતજ્ઞ વ્યકિત મહાન્ હોય છે. જયારે કૃતઘ્નીનું સમાજમાં કોઈ સ્થાન હોતું નથી.

ભીષ્મ કહે છે સૌથી અધમ કૃતઘ્ન છે. તેઓ મિત્રનો વધ કરતા પણ અચકાતા નથી. આવા દુરાચારી નરાધમોનો ત્યાગ કરવો જોઈએ, તેવો સર્વનો નિર્ણય છે. [૫૬]

કૃતઘ્નને યશ પ્રાપ્તિ થતી નથી. કૃતઘ્ની વિશ્વાસ યોગ્ય હોતો નથી. કૃતઘ્નના ઉદ્ધાર માટે શાસ્ત્રમાં કોઈ પ્રાયશ્ચિત્ત નથી. મનુષ્યએ મિત્ર દ્રોહના પાપથી દૂર રહેવું જોઈએ. મિત્રદ્રોહી મનુષ્ય અનંતકાળ સુધી નરકમાં પડે છે. [૫૭]

બ્રહ્મ હત્યારા, શરાબી, ચોર અને વ્રતભંગ કરનાર મનુષ્ય માટે સાધુ પુરુષોએ પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે. પરંતુ કૃતઘ્ન માટે કોઈ પ્રાયશ્ચિત્ત નથી. આશાનો પુત્ર અધર્મ છે. અસૂયાનો પુત્ર ક્રોધ છે, શઠતાનો પુત્ર લોભ છે, પરંતુ કૃતઘ્ન મનુષ્ય સંતાન પ્રાપ્તિને યોગ્ય નથી. [૫૮]

અનુશાસન પર્વ પ્રમાણે કૃતઘ્નની એક જ ગતિ છે, સદા નરકમાં પડયા રહેવું. [૫૯]

મિત્રદ્રોહી, નૃશંસ, નરાધમ તથા કૃતઘ્ન–મનુષ્યોના માંસ માંસભક્ષી જીવજંતુ આરોગતા નથી. [૬૦]

ગૌતમ બ્રાહ્મણ કૃતઘ્ની હતો. તેમણે તેમને આશ્રય આપનાર મિત્રનો પણ દ્રોહ કર્યો. તેનો વધ કરી તેના માંસનું ભક્ષણ કર્યું. તેથી કહ્યું છે કે કૃતઘ્ની વિશ્વાસ યોગ્ય નથી.

મિત્રલાભમાં જરદ્ગવ ગીધ અને બિલાડાની કથા છે, તે આ કથાનું સચોટ ઉદાહરણ કહી શકાય. બિલાડાએ પ્રથમ ગીધ સાથે મિત્રતા કરી અને તદ્પશ્ચાત્ મિત્રનો દ્રોહ કરી ગીધના રક્ષણ નીચે રહેલા પક્ષીઓના બચ્ચાનું ભક્ષણ કર્યું.

વર્તમાન યુગમાં ડગેલેને પગલે આવી કૃતઘ્ની વ્યકિત દષ્ટિગોચર થાય છે. કારણ કે આજનો યુગ સ્વાર્થાપરાધ યુગ છે. મનુષ્ય એટલો સ્વાર્થી થઈ ગયો છે કે તેને સ્વરક્ષા સિવાય અન્ય કોઈની રક્ષા કરવાની પરવા નથી. તે એટલી હદ સુધી કે કયારેક મનુષ્ય ન કરવા યોગ્ય કાર્ય કરી બેસે છે. મહાભારતકાર પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા તત્કાલીન સમાજના મનુષ્યોને એ ઉપદેશ આપે છે કે અપરિચિત વ્યકિતનો વિશ્વાસ ન કરવો. તે સમયમાં આવા કૃતઘ્ની મનુષ્યો હતા અને વર્તમાન યુગમાં પણ આવા મનુષ્યો જોવા મળે છે.

**નિષ્કર્ષ :**

મહાભારતકાલીન સમાજમાં બ્રાહ્મણોને ઉચ્ચ દરજ્જો અપાતો હતો, પછી તે બ્રાહ્મણ અધઃપતનના માર્ગે વળેલ હોય તો પણ તેને શ્રેષ્ઠ ગણાતો. બ્રાહ્મણો માંસાહાર કરતા હતા. શિકાર કરતા હતા, તેમ છતાં તેને બ્રાહ્મણ કહી તેને દાન–દક્ષિણા પણ આપવામાં આવતા. ગૌતમ બ્રાહ્મણ આનું ઉદાહરણ છે.

આતિથ્ય સત્કારની ભાવના તો ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી છે. ઋગ્વેદમાં પણ અતિથિને ભોજન કરાવવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

જે વ્યકિતનું કૂળ, શીલ જાણતા ન હોઈએ તેની સાથે કદાપિ મિત્રતા ન કેળવવી. તે અનર્થકારી જ નીવડે છે.

દાનનું મહત્ત્વ દર્શાવ્યું છે.

આ ઉપાખ્યાનનો મુખ્ય ઉપદેશ તો એ કહી શકાય કે કૃતઘ્ની વ્યકિતનો કદાપિ વિશ્વાસ ન કરવો. કૃતઘ્ની, નિર્લજ્જ, મિત્રદ્રોહી, કુલાંગાર અને પાપાચારી જેવા અધમ મનુષ્યનો વિદ્વાન્ પુરુષોએ સદા ત્યાગ કરવો. કારણ કે કૃતઘ્ની વ્યકિત કોઈને છોડતી નથી.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા બાદરાયણ વ્યાસે પાપી, કૃતઘ્ની અને મિત્રદ્રોહી પુરુષનો પરિચય આપ્યો છે.

## (५) तुलाधार-जाजलि आख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન ભગવાન્ દ્વૈપાયન વ્યાસ રચિત મહાભારતના શાન્તિપર્વ નામના ૧૨ મા પર્વના મોક્ષધર્મ પર્વ નામના ૨૬૧ મા અધ્યાયમાં નિર્દિષ્ટ છે.

ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને ધર્મ વિષયક જ્ઞાન આપતા સાચો ધર્મજ્ઞ કોણ ? પૂર્વકાળમાં જાજલિએ એવું કયું દુષ્કર કાર્ય કર્યું હતું જેના દ્વારા તેને પરમસિદ્ધિની પ્રાપ્તિ થઈ તે બાબત વિસ્તારપૂર્વક કહો, તેવા યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ તુલાધાર જાજલિ આખ્યાન કહે છે અને સત્ ધર્મનો મહિમા ગાય છે.

આ આખ્યાનનું નિરુપણ કરતા પૂર્વે તુલાધાર–જાજલિ નામની વ્યકિતની સ્પષ્ટતા કરી લઈએ તો પૌરાણિક કથાકોશ મુજબ –

(૧) તુલાધાર – એક ધર્માત્મા વૈશ્ય [૧]

(૧) જાજલિ – એક ઋષિ

(૨) જાજલિ – વેદ શીર્ષ ઋષિનો શિષ્ય વિશેષ, જેણે અથર્વવેદનું અધ્યયન કર્યું હતું.

(૩) જાજલિ – એક ઋષિ પશ્ચિમ સમુદ્ર તીરે તેને મુકિત મળી હતી. [૨]

પૌરાણિક કથાકોશ માત્ર એક જ તુલાધારનો ઉલ્લેખ કરે છે, જયારે જાજલિ નામની ત્રણ વ્યકિતનો નિર્દેશ કર્યો છે. તેમાં પ્રથમ ક્રમના જાજલિની કથા પ્રસ્તુત આખ્યાન નિરુપે છે.

મહાભારતની કથા અનુસાર જાજલિ નામનો એક મહા તપસ્વી વનવાસી બ્રાહ્મણ ઘોર તપ કરતો હતો. તે પ્રતિદિન નદી કિનારે સાયંકાળ અને પ્રાતઃકાળે સ્નાન સંધ્યા કરતો. ધર્મનો જ્ઞાતા જાજલિ પોતાના ધર્મતેજની શ્રીથી તેજસ્વી જણાતો હતો. તે શાસ્ત્રોકત વિધિ અનુસાર તપ કરતો હતો. તેમ છતાં તેમને ધર્મનો સાક્ષાત્કાર થયો નહિ. સદા વનમાં વિચરવાને કારણે તે મેલો થઈ ગયો અને એની જટા પણ મેલી થઈ ગઈ હતી.

તપ કરવા તે મહા તપસ્વી અવ્યગ્રપણે ઊભો રહ્યો. આથી કુલિંગ પક્ષીના યુગલે તેની જટામાં માળો બાંધ્યો.

વિપ્રર્ષિ જાજલિ દયાળુ હતા. આથી તેમણે પક્ષી દંપતીની ઉપેક્ષા કરી નહી. પક્ષી દંપતી જાજલિની જટામાં આરામથી રહેવા લાગ્યા. સમયાંતરે પક્ષીએ તેમાં ઈંડા મૂકયા. ઈંડામાંથી બચ્ચા બહાર આવ્યા. બચ્ચા પણ ઉડી ગયા ત્યારે તેને મનમાં અભિમાન થયું કે **सिद्धोडस्मीति ।** અર્થાત્ હું સિદ્ધ થઈ ગયો છું.

નિયમપૂર્વક વ્રતનું પાલન કરનારા મહાત્મા જાજલિ પક્ષીઓને ઉડી ગયેલા જોઈ કૃતાર્થ થયો અને તેના મનમાં અભિમાને સ્થાન ગ્રહણ કર્યું અને તે કહેવા લાગ્યો **धर्मः प्राप्तो मयेति वै ।** મેં ધર્મ પ્રાપ્ત કર્યો છે.

આ સમયે જાજલિએ આકાશવાણી સાંભળી કે ''તુ તુલાધાર જેટલો ધાર્મિક નથી. મહાપ્રાજ્ઞ તુલાધાર પણ એમ બોલવાને લાયક નથી.'' [૩]

આ સાંભળી ક્રોધથી વશીભૂત થયેલ જાજલિ તુલાધારની શોધ કરવા નીકળી પડયો. દીર્ઘકાળ પશ્ચાત્ તેમણે તુલાધારને શોધ્યો. તે વેપારી હતો. તેમણે ધર્મ દ્વારા જાજલિને પોતાની પાસે આવવાનું પ્રયોજન જાણી લીધું અને જાજલિના જીવન વિષેનો સમગ્ર વૃત્તાંત તેને આત્મસાત્ હતો. તેથી કહેવા લાગ્યો, ''હું આપનું શું પ્રિય કરું ?''

જાજલિએ પૂછયું, ''આપે ધર્મનિષ્ઠ બુદ્ધિ કયાંથી પ્રાપ્ત કરી ? આ જ્ઞાન કેવી રીતે સુલભ બન્યું ? તે યથાર્થરૂપે કહો.'' [૪]

જાજલિએ આવો આક્ષેપયુકત પ્રશ્ન કર્યો એટલે ધર્મ અને અર્થના તત્ત્વના જાણકાર યશસ્વી અને સદૈવ જ્ઞાન તૃપ્ત વૈશ્ય તુલાધારે કષ્ટકારી તપ કરનારા જાજલિને સ્વસ્થપણે ધર્મના સૂક્ષ્મ રહસ્યો કહેવા માંડયા.

તે ધર્મ વિષયક જ્ઞાનમાં હિંસા–અહિંસા, કર્મ, યજ્ઞ, પાપ–પુણ્ય આદિ સમજાવ્યા અને અંતે તુલાધાર અને જાજલિ બંને પરમધામને પામ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

ઉપર્યુકત આખ્યાન મહાભારત ઉપરાંત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ પણ જાજલિ એવા નામનો પ્રયોગ કરે છે, તે કયા જાજલિ હશે તે કહી શકાય એમ નથી. પરંતુ ૪/૩૧/૨ માં જાજલિ નામનો ઉલ્લેખ છે. આ ઉપરાંત બ્રહ્માંડ પુરાણ ૨/૩૩/૨ માં જાજલિનું આખ્યાન છે.

આખ્યાન કથા ઉપદેશાત્મક કથા છે. ઉપદેશનું માધ્યમ છે. મહાભારતકાર આવા આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા સામાન્ય જનસમાજને ઉપદેશ આપે છે, જેના દ્વારા માનવી તેના જેવું જીવન જીવવા પ્રેરાય છે અને સત્ સમાજની રચના થઈ શકે છે. આવા આખ્યાનો–ઉપાખ્યાનો અનેક સુંદર તત્ત્વોનું સૂચન કરે છે, જેવા કે ધર્મ, નીતિ, ત્યાગ, વૈરાગ્ય, દાન, પાપ–પુણ્ય, લોભ ઈત્યાદિ.

પ્રસ્તુત આખ્યાન પણ આવા અનેક સૂચિતાર્થો પ્રકટ કરે છે, જે આ પ્રમાણે છે –

**તપ :**

તપ દ્વારા સર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. ઋગ્વેદકાળથી પ્રારંભી આદ્યપરન્ત તપનો મહિમા રહેલો છે. તપ મનુષ્યને જીવન જીવવાનું બળ પૂરું પાડે છે.

જાજલિ પણ મહા તપસ્વી હતો. મહાભારતકારે તેના તપનું વર્ણન કરતા કહ્યું છે કે જાજલિ વર્ષાઋતુમાં આકાશ નીચે પડયો રહેતો. હેમંત ઋતુમાં જળમાં બેસી રહેતો. ગ્રીષ્મમાં લૂ અને પ્રખર તાપ સહન કરતો. પરંતુ તેને ધર્મ તત્ત્વની પ્રાપ્તિ થઈ નહીં. તેમણે એટલું કઠીન તપ કર્યું કે તેની જટામાં પક્ષીઓએ માળો બાંધ્યો અને પછી તો જટામાં આખો પક્ષી પરિવાર નિવાસ કરવા લાગ્યો. પક્ષીના બચ્ચા મોટા થયા અને ઉડી ગયા ત્યાં સુધી જાજલિ હલ્યો નહીં. આ સર્વ તપને કારણે જ પ્રાપ્ત થઈ શકે છે.

પાર્વતીએ પણ શિવની પ્રાપ્તિ માટે આવું જ કઠોર તપ કર્યું હતું. તેનું વર્ણન કરતા કાલિદાસે કુમારસંભવ સર્ગ–૫માં કહ્યું છે કે – ''કમલિની જેવા પોતાના કોમળ શરીરને કઠોર તપથી રાત–દિવસ સૂકવી નાખતી તેણે તપસ્વીઓના કઠોર દેહ વડે મેળવેલા તપને પણ પાછળ રાખી દીધું. [૫અ]

શુષ્ક પર્ણનો આહાર ત્યજીને કઠોર તપ કરતી પાર્વતી **અપર્ણા** તરીકે પ્રસિદ્ધ થઈ. [૫બ]

જાજલિ અને પાર્વતીએ ઉગ્ર તપ કર્યું. પરંતુ બંનેના તપના કારણ ભિન્ન છે. જાજલિ કોઈપણ પ્રકારના નિજી સ્વાર્થ વિના તપ કરે છે. જયારે પાર્વતીના તપ કરવા પાછળ શિવને પતિ તરીકે પ્રાપ્ત કરવાનો હેતુ રહેલો છે. પાર્વતીનું તપ સહેતુક છે.

ઋગ્વેદ તપ વિશે કહે છે, ''આ સંસાર શુભ મંગલદાયક અને પદાર્થોથી પૂર્ણ છે પરંતુ તે તેને મળે છે, જે તપ દ્વારા તેનું મૂલ્ય ચૂકવવા તૈયાર થાય છે. વિવેકપૂર્ણ તપથી વિદ્યા ધન આદિની પ્રાપ્તિ થાય છે.'' [૬]

અથર્વવેદ અનુસાર તપ કરનાર ઊંચા થઈ જાય છે. કારણ કે તપ વિના કોઈની આત્મોન્નતિ થતી નથી. [૭]

જાજલિ પણ આત્મોન્નતિ માટે તપ કરતો હતો.

તપ દ્વારા સર્વ સંભવ છે. તેથી તપનું મહત્ત્વ સર્વાધિક છે. [૮]

વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે, **'तपो हि परमं श्रेयः सम्मोहमितरत् सुखम् ।'** અર્થાત્ તપ પરમ કલ્યાણનું સાધન છે. અન્ય સર્વ સુખ અજ્ઞાન માત્ર છે. [૯]

મહાભારતકાર તપનું મહત્ત્વ દર્શાવતા કહે છે. તપસ્યા સંપૂર્ણ વિશ્વનું મૂળ છે. [૧૦]

તપ વિના ઈહલોકમાં કોઈ મનુષ્ય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. [૧૧]

બ્રહ્મપુરાણ મુજબ **नासाध्यमस्ति तपसो ।** અર્થાત્ તપસ્યાથી કશું જ દુર્લભ નથી. [૧૨]

મહાકવિ બાણભટ્ટ પણ આ જ વાતનો પડઘો પાડતા કાદંબરીના મહાશ્વેતાવૃત્તાંતમાં ચંદ્રાપીડના મુખે કહે છે કે **नास्ति खल्वसाध्यनामतपसाम् ।** તપને માટે કશું જ અસાધ્ય નથી. [૧૩]

શ્રીમદ્ ભગવદ્ ગીતા શરીર સંબંધી અને મન સંબંધી એવા બે પ્રકારના તપનો ઉલ્લેખ કરે છે. પ્રથમ શરીર સંબંધી તપનું વર્ણન કરતા કહે છે, 'દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા શરીર સંબંધી તપ છે.' [૧૪]

મનની પ્રસન્નતા, શાંતભાવ, ભગવત્ ચિંતન કરવાનો સ્વભાવ, મનોનિગ્રહ અને અંતઃકરણના ભાવોની પવિત્રતા આ મન સંબંધી તપ છે. [૧૫]

ભગવાન્ મનુદેવ તપના વિષયમાં કહે છે –

**यद् दुस्तरं यद् दुरापं यद् दुर्गं यच्च दुष्करम् ।**
**सर्वं तु तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥**

અર્થાત્ આ સંસારના સંકટો સમુદ્રની માફક પાર કરવા અશકય છે, જે શશશૃંગની માફક દુર્લભ છે. હિમાલયની જેમ કઠીન તથા રેતીમાંથી તેલ કાઢવાની માફક અસંભવ છે, તે સર્વ કાર્ય એકમાત્ર તપ દ્વારા સંભવ થઈ શકે છે.

તપનો એટલો મહિમા છે કે તેની શકિતનું ઉલ્લંઘન કરવું શકય નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર, વરુણ, અગ્નિ, પ્રજાપતિ, પૃથ્વી તે સર્વ શતશઃ શકિતશાળી દેવગણ તપસ્યાના બળ પર જ સંસાર અને તેના સંપૂર્ણ ક્રિયાકલાપને ધારણ કરે છે. આ વિષયમાં શ્રુતિનું પણ સમર્થન છે.

સારા સંસાર દુઃખમય છે. જરા અને મૃત્યુ આ વિશ્વ પ્રકૃતિ છે. આ દુઃખથી મુકિત મેળવવાનો એક જ ઉપાય 'તપ' છે. વૈદિક વિદ્વાનોએ વારંવાર આ વાતની ઘોષણા કરી છે કે સંપૂર્ણ સુખ તે ભૌતિક હોય કે આધ્યાત્મિક તેના આદિ, મધ્ય અને અંતમાં તપ છે. [૧૭]

તપસ્યાના બળથી જ વશિષ્ઠ, વિશ્વામિત્ર, ધ્રુવ આદિ ઋષિમુનિઓએ વેદોને ધારણ કર્યા છે.

ભગવાન્ પરાશરનન્દને તપની વ્યાખ્યા કરતાં પ્રારંભમાં જ એ સ્પષ્ટ કર્યું છે કે સામાન્ય માનવીની એવી ધારણા છે કે ઉપવાસ જ તપ છે. આ વાતને નિર્મૂળ બતાવતા કહ્યું છે કે માત્ર કઠીન ઉપવાસને જે તપ માને છે તે મનુષ્યોની એ ધારણા ધર્મના પ્રથમ સાધનભૂત શરીરનું શોષણ કરવાની છે. અતઃ શ્રેષ્ઠ પુરુષોની દૃષ્ટિએ ઉપવાસ એ તપ નથી. વિદ્વાનોના મતે ત્યાગ અને વિનય જ ઉત્તમ તપ છે. [૧૮]

પરાશર ગીતાનું કથન છે કે તપસ્યા પર સર્વ વર્ણનો સમાન અધિકાર છે. જીતેન્દ્રિય અને સંયમહીન વર્ણ માટે પણ તપનું વિધાન છે. તપ પ્રત્યેક વર્ણના મનુષ્યને સ્વર્ગ માર્ગમાં પ્રવૃત્ત કરે છે. સૃષ્ટિના આદિકાળમાં પ્રજાપતિ બ્રહ્માએ તપની શકિત દ્વારા સંપૂર્ણ સંસારની સૃષ્ટિ કરી હતી.

તપમાં અલૌકિક શકિત હોય છે. તેથી તો ભગવાન્ જરત્કારુએ તપસ્યાની શકિતથી સૂર્યદેવને પણ પોતાના આશ્રિત કર્યા હતા.

પ્રાચીન સમયમાં તપ સ્વર્ગ પ્રાપ્તિનું સાધન હતું. પરંતુ વર્તમાન યુગમાં તપનું મહત્ત્વ ઘટતું ગયું છે. આજનો મનુષ્ય પ્રાચીન ઋષિ જેવું કઠીન તપ કરી શકતો નથી. આજે તપને બહાને પ્રપંચ વધી ગયા છે. સમાજમાં પ્રપંચીનું પ્રમાણ વધી ગયું છે. તેથી ખરા તપસ્વી અલભ્ય થઈ ગયા છે. તે કદાચ યુગનો પણ ધર્મ હોઈ શકે. સત્યુગમાં કઠીન તપશ્ચર્યા દ્વારા સ્વર્ગ પ્રાપ્તિ થતી હતી. વર્તમાન યુગમાં પ્રભુ નામ સ્મરણથી જ સ્વર્ગ પ્રાપ્તિ શકય બની છે. આ પણ તપનું પ્રમાણ ઘટવાનું એક કારણ હોઈ શકે.

જાજલિએ ઉગ્ર તપશ્ચર્યા કરી જેને કારણે તે માનવા લાગ્યો કે હું સિદ્ધ થઈ ગયો. તેથી તેના મનમાં અહંકારે સ્થાન ગ્રહણ કર્યું.

**અહંકાર :**

અહંકારી મનુષ્યનો શતમુખે વિનિપાત થાય છે. અહંકાર મનુષ્યનો મહાન્ શત્રુ છે. મનુષ્યના મનમાં અહંકારે સ્થાન ગ્રહણ કર્યું. પછી તેની અવગતિ થતી રહે છે.

જાજલિના મનમાં પણ અહંકારે સ્થાન ગ્રહણ કર્યું. તેથી મહાન્ તપસ્વી હોવા છતાં તેને ધર્મની પ્રાપ્તિ ન થઈ. તે મનોમન વિચારવા લાગ્યો કે **'सिद्धोडस्मीति'** હું સિદ્ધ થઈ ગયો. મેં ધર્મને પ્રાપ્ત કર્યો છે.

ધમ્મપદમાં કહ્યું છે કે 'નગ્ન ફરવું, જટા રાખવી, કાદવ લગાડવો, આહાર ત્યજવો, સખત ભૂમિ પર સૂવું, ધૂળ ચોળવી અને સૂવું નહી એવું વ્રત લેવું. એ કોઈ પણ જો મનની શંકા દૂર થઈ ન હોય તો માણસને શુદ્ધ કરતા નથી.' [૧૯]

વધુ પડતો સર સામાન રાખનાર એક ભિક્ષુને ભગવાન્ બુદ્ધે તેનો નિષેધ કરતા ભિક્ષુ ગુસ્સે ભરાયો. કેવળ લંગોટ પહેરીને પરિષદ્માં ઊભો રહ્યો ત્યારે બુદ્ધે તેને આ ગાથા કહી હતી.

ગાથામાં વર્ણવેલા ઘણા તપ જાજલિ કરતો હતો પણ તેને ધર્મદર્શન થયું ન હતું. અહંકાર તો આસુરી સંપત્નું લક્ષણ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ આસુરી સંપત્ના લક્ષણો વર્ણવતા કહે છે કે દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરપણું અને અજ્ઞાન આ દુર્ગુણ આસુરી સંપત્ લઈને જન્મેલા હોય છે. [૨૦]

આગળ જતાં વાસુદેવ શ્રીકૃષ્ણ કહે છે કે ''આ શત્રુને મેં માર્યો, અન્યને પણ પૂરા કરીશ, હું ધારું એ કરી શકું એવો છું, હું ભોગી છું, હું સિદ્ધ છું, હું બળવાન છું, હું સુખી છું.'' [૨૧]

જાજલિને અભિમાન થવાનું કારણ **'सत्ये तपसि तिष्ठन्स न च धर्ममवैक्षत।'** અર્થાત્ તે સત્ય અને તપમાં સ્થિર છતાં ધર્મનું દર્શન કરતો ન હતો. કારણ ટીકાકાર વિદ્યાસાગર નોંધે છે તેમ 'જાજલિ કામક્રોધાદિથી યુકત હોઈ ધર્મ પામતો ન હતો.'

અહંકાર મનુષ્યને આત્મસાક્ષાત્કારથી દૂર કરે છે. આ અહંકાર મનુષ્યનો મહાન્ શત્રુ છે.

**ईश्वरस्याप्यभिमानद्वेषित्वाद् दैन्यप्रियत्वाच्च।**

અર્થાત્ ઈશ્વરને અભિમાન અપ્રિય છે અને નમ્રભાવ પ્રિય છે. ગોસ્વામીજીએ પણ નમ્રભાવ પ્રકટ કરતા કહ્યું છે કે –

**जेहि दीन पिआरे बेद पुकारे द्रवउ सो श्री भगवाना।**

નારદજી ભકત સાધકને **अभिमानदम्भादिकं त्याज्यम्** એ શબ્દો દ્વારા ચેતવણી આપે છે અને કહે છે, અહંકાર ત્યાજય છે.

ચાણકય સૂત્ર અનુસાર અહંકારથી મોટો કોઈ શત્રુ નથી. [૨૨]

જાજલિને ઉગ્ર તપસ્યા પશ્ચાત્ ગર્વ થયો કે મારા જેવો બીજો કોઈ મનુષ્ય નથી. જાજલિ આવી ગર્વોકિત બોલ્યો એટલે પિશાચોએ કહ્યું, ''તારાથી આમ બોલાય નહિ. વારાણસીનો મહા યશસ્વી વણિક તુલાધાર પણ તું જે રીતે ગર્વભર્યું બોલે છે તેમ બોલવા લાયક નથી જ.'' [૨૩]

કાગડો પણ વૈશ્યની જૂઠન ખાઈને અહંકારી થઈ રાજહંસની સાથે હોડમાં ઉતર્યો અને અંતે પરાજિત થઈ હંસને શરણે આવ્યો.

કહેવાય છે કે ગર્વ કરનાર મનુષ્ય પરાજિત થાય છે.

અહંકાર આવવાથી ભકિત પણ ચાલી જાય છે. આ વાત કબીરના શબ્દોમાં જોઈએ તો –

**तिमिर गया रवि देखते, कुमति गई गुरूज्ञान ।**

**सुमति गई अति लोभ से, भक्ति गई अभिमान ॥**

અર્થાત્, સૂર્યોદય થતા અંધકાર નષ્ટ થાય છે. ગુરુ જ્ઞાન થવાથી દુર્બુદ્ધિ નાશ પામે છે. અત્યધિક લોભથી સદ્‌બુદ્ધિ ચાલી જાય છે અને અભિમાન કરવાથી ભકિત ચાલી જાય છે. [૨૪]

આકાશવાણી સાંભળી જાજલિ તુલાધાર વૈશ્ય પાસે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા ગયો.

**ધર્મ :**

શાસ્ત્રોમાં ધર્મની પરિભાષા **'धारणाद् धर्मः'** આપી છે. અર્થાત્, ધર્મ તે છે જે સર્વ વિનાશ અને અધોગતિથી ઉપર ઉઠાવી ઉન્નતિ તરફ લઈ જાય છે.

વશિષ્ઠ સ્મૃતિ કહે છે કે **धर्मं चरत ।** ધર્મનું આચરણ કરો. પરંતુ તે ધર્મ શું છે તેની કોઈ નિશ્ચિત વ્યાખ્યા શાસ્ત્રકારોએ આપી નથી. જે એક માટે ધર્મ છે તે અન્ય માટે અધર્મ પણ હોઈ શકે તેથી ધર્મ કોને કહેવો તે વિષયમાં દ્વિધા પ્રવર્તે છે.

મહાભારતકાર સનાતન ધર્મને શ્રેષ્ઠ કહે છે. મહાભારતના શાન્તિપર્વ અનુસાર મન, વાણી અને ક્રિયા દ્વારા સર્વ પ્રાણીઓ સાથે કદાપિ દ્રોહ ન કરવો તથા દયા અને દાન તે શ્રેષ્ઠ પુરુષોનો સનાતન ધર્મ છે. [૨૫]

આ સનાતનનો અર્થ છે, નિત્ય. વૈદિક ધર્મનું નામ સનાતન ધર્મ અત્યંત ઉપર્યુકત છે. અન્ય કોઈ પણ ભાષામાં ધર્મનો વાચક કોઈ શબ્દ નથી મળતો. અંગ્રેજીમાં તેને માટે Religion શબ્દ છે. પરંતુ ધર્મનો ભાવ Religion માં પૂર્ણ રીતે નથી ઉતરતો. Religion શબ્દ ધર્મના એ ભાવને માટે છે જે સીમિત અને સંકુચિત છે. પરંતુ સનાતન ધર્મ એટલો વિશાળ છે કે તેમાં આ જન્મના જ નહી અપિતુ પૂર્વજન્મ અને ભવિષ્ય જન્મના સર્વ વિષયો અને પરિણામોનો પૂર્ણતયા સમાવેશ થઈ જાય છે. [૨૬]

મનુ ભગવાન કહે છે કે – **धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।** હનન કરેલ ધર્મ પ્રજાનો વધ કરે છે અને રક્ષિત ધર્મ પ્રજાની રક્ષા કરે છે.

સનાતન ધર્મ ઉચ્ચ અને શ્રેષ્ઠ છે તેની તુલના સંસારના કોઈ ધર્મ કરી શકતા નથી.

રાવણ આર્યવંશમાં ઉત્પન્ન થયો હતો. પરંતુ વ્યવહારથી રાક્ષસ હતો. જયારે તેને પૂછવામાં આવ્યું, 'તું અધર્મ કેમ આચરે છે ?' પરદારા–હરણ તો અધર્મ છે ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું કે 'હું અધર્મ નથી આચરતો પરંતુ રાક્ષસ ધર્મનું પાલન કરું છું. **'राक्षसनामयं धर्मः परदाराभिमर्शनम् ।'** પરસ્ત્રીનું અપહરણ કરવું રાક્ષસોનો ધર્મ છે.

તેથી જ ધર્મની કોઈ નિશ્ચિત વ્યાખ્યા નથી એમ કહેવાય છે. **धर्मस्य गहना गतिः ।** તેથી ઋષિઓએ કહ્યું કે,

**धर्मस्य तत्त्वं निहितं गुहायां ।**

**महाजनो येन गतः स पन्थाः ।**

અર્થાત્, બુદ્ધિમાન્ તત્ત્વદર્શી મહાપુરુષ જે માર્ગે જાય તે સદાચાર તે જ ધર્મ છે.

ધર્મમાં બે બાબતો મુખ્ય છે. (૧) આચરણ શુદ્ધિ અને (૨) વંશ પરંપરાગત શુદ્ધ આજીવિકાથી જીવન નિર્વાહ. જે આ પ્રમાણે કરે છે તે ધાર્મિક છે.

સનાતન ધર્મ એક દેશ, જાતિ કે સમાજ માટે નથી. ધર્મમાં હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ આ વિશેષણનો પ્રયોગ ઉચિત નથી. ધર્મ તો ધર્મ જ છે. પછી તે દેશ, કાલ, પાત્રના ભેદથી બાહ્ય ક્રિયાઓમાં ભેદ મનાય છે.

ધર્મ સંપૂર્ણ વિશ્વની પ્રતિષ્ઠા છે અને ધર્મ પર સમગ્ર સંસાર ટકી રહ્યો છે. ધર્મજ્ઞ મનીષી ધર્મને સર્વોપરિ માને છે. **धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा, लोके धर्मिष्टं प्रजा उपसर्पयन्ति । धर्मेण पापमपनुदन्ति, धर्मे सर्वं प्रतिष्ठितम् । तस्माद्धर्म परमं वदन्ति ।**

અમરકોષ અનુસાર ધર્મ શબ્દ **धृक्तत्त्र**ાતુથી નિષ્પન્ન થયો છે તેનો અર્થ ધારણ કરવું, પાલન કરવું, આશ્રય આપવો આદિ છે. **धरति लोकोडनेन, धरति लोकं वा धरति विश्वम् इति, धरति लोकान् ध्रियते वा जनैरिति ।** [૨૭]

વૈશેષિક દર્શન પ્રમાણે જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસ્‌ની સિદ્ધિ થાય તે ધર્મ છે. [૨૮]

પૂર્વમીમાંસાનો પ્રતિપાદ્ય ધર્મ **अथातो धर्मजिज्ञासा ।** છે.

ઉત્તરમીમાંસાનો પ્રતિપાદ્ય બ્રહ્મ છે. [૨૯]

અભ્યુદય અને નિઃશ્રેયસ્ બંનેમાં ઉપકારક અદ્રોહ, અલોભ, બાહ્ય ઈન્દ્રિય નિગ્રહ, પ્રાણીમાત્ર પ્રતિ દયા, તપસ્યા, બ્રહ્મચર્ય, સત્ય, કરુણા, ક્ષમા અને ધૈર્ય, આ દસ સનાતન ધર્મના દુર્લભ મૂળ છે. [૩૦]

પ્રકારાન્તરે શ્રી મનુ ભગવાને ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિય નિગ્રહ, ધી, વિદ્યા, સત્ય, અક્રોધ આ દસને ધર્મ માન્યા છે. [૩૧]

ઋગ્વેદમાં ધર્મ શબ્દનો ઉલ્લેખ ૫૬ વાર થયો છે. [૩૨]

અથર્વવેદમાં ધર્મ શબ્દનો અર્થ 'ધાર્મિક આચાર દ્વારા પ્રાપ્ત થતું પુણ્ય' છે.

વાજસનેયી સંહિતામાં **'ध्रुवेण धर्मणा'** અર્થમાં ધર્મ શબ્દ છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે, ધર્મના ત્રણ આધાર સ્તંભ છે. યજ્ઞ, અધ્યયન અને દાન, તે પ્રથમ. તપ દ્વિતીય આધારસ્તંભ છે. આચાર્યકુળમાં રહેનાર બ્રહ્મચારી પોતાના શરીરને ક્ષીણ કરી નાખે છે, તે તૃતીય આધારસ્તંભ છે. બ્રહ્મમંત્ર સમ્યક્ પ્રકારથી સ્થિત ચતુર્થાશ્રમી સંન્યાસી અમૃત તત્ત્વને પ્રાપ્ત કરે છે. [૩૩]

તૈત્તિરીય ઉપનિષદ્‌માં **सत्यं वद, धर्मं चर** એવો ધર્મ શબ્દનો અર્થ છે. [૩૪]

મનુસ્મૃતિ અનુસાર સમગ્ર વેદ, સ્મૃતિ, વેદવેતાઓના શીલ અને આચાર તથા ધાર્મિક સજ્જનોનો આત્મ સંતોષ એ ધર્મના મૂળ આધાર છે. [૩૫]

મહર્ષિ યાજ્ઞવલ્કય મુજબ વેદ, સ્મૃતિ, ધર્મસૂત્રાદિ સજ્જનોના આચાર અને તેમના ઉપદેશ અનુસાર તથા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, આત્મબુદ્ધિ અનુસાર પ્રત્યેક વ્યકિતએ પોતાનું આચરણ રાખવું જોઈએ. હોમ–હવન, સદાચાર, ઈન્દ્રિય દમન, અહિંસા, દાન, વેદશાસ્ત્રનું અધ્યયન અને શાસ્ત્રોકત કર્મોનું અનુષ્ઠાન આ સર્વમાં આત્મદર્શન તે જ સર્વોત્તમ ધર્મ છે. [૩૬]

મહાભારતમાં ધર્મની વ્યાપક અને વિશદ કલ્પના કરી છે. આ વિશ્વના વિભિન્ન અવયવોને એક સૂત્રમાં, એક શૃંખલામાં બાંધવાનો જે સાર્વભોમ તત્ત્વ છે તે ધર્મ છે. જો આ વિશ્વમાં ધર્મ ન રહે તો આ સૃષ્ટિ વિશૃંખલ થઈ છિન્ન–ભિન્ન થઈ જાય. [૩૭]

યુધિષ્ઠિરના ધર્મ વિષયક પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહનું આ સર્વપ્રથમ કથન ધર્મની મહનીયતા તથા વ્યાપકતાનો સ્પષ્ટ સંકેત પ્રદાન કરે છે.

સર્વ આશ્રયો વેદ દ્વારા ધર્મનું વિધાન કરે છે, જે વસ્તુતઃ અદષ્ટ ફળ પ્રદાન કરનાર છે. [૩૮]

વનવાસ દરમિયાન યુધિષ્ઠિરને પોતાની દુઃખી અવસ્થા પર ક્ષોભ ઉત્પન્ન થયો. તે લોમશ ઋષિને પૃચ્છા કરે છે કે ‘મારું જીવન અધાર્મિક નથી તથાપિ હું નિરંતર દુઃખોથી પ્રતાડિત રહું છું. ધર્મજ્ઞ હોવા છતાં આટલું દુઃખ ? અધર્મનું સેવન કરનાર સુખ–સમૃદ્ધિના ભાજક છે. તેનું શું કારણ ? તેના ઉત્તરમાં ધર્મની મહત્તા પ્રતિપાદિત કરતા લોમશ ઋષિનું કથન ધ્યાન યોગ્ય છે.’

‘‘અધર્મના આચરણથી મનુષ્યની બુદ્ધિ દેખાય છે તે સ્થાયી નથી ક્ષણિક છે. મનુષ્ય અધર્મથી વધે છે. તદ્‌પશ્ચાત્ કલ્યાણને જુએ છે. એટલું જ નહી તે શત્રુઓને પણ જીતે છે. પરંતુ અંતે સમૂળ નષ્ટ થઈ જાય છે.’’ [૩૯]

ધર્મથી વિપરીત કર્મ લૌકિક દષ્ટિથી લાભદાયક હોય તો પણ બુદ્ધિમાન્ પુરુષે તેનું સેવન કરવું જોઈએ નહી. [૪૦]

ધર્મનું સામ્રાજય વિસ્તૃત, વ્યાપક તથા સાર્વભૌમ હોય છે. કોઈ સભામાં વ્યકિત ન્યાય માટે ઉપસ્થિત હોય અને સભાસદો તેના વચનની ઉપેક્ષા કરે ત્યારે ધર્મને મહાન પીડા થાય છે. સભાપર્વમાં દ્રોપદી ચીરહરણ પ્રસંગે વિદુર વચન તથા કૌરવસભામાં દૈત્ય પ્રસંગે શ્રીકૃષ્ણનું વચન કેટલું માર્મિક છે. [૪૧]

વિરાટપર્વમાં પણ આવો પ્રસંગ ઉપસ્થિત થયો. જયારે દ્રોપદી સાથે કરેલ કીચકના દુષ્કૃત્ય પર રાજા વિરાટ ધ્યાન આપતા નથી, ત્યારે દ્રોપદી સભામાં વિરાટ રાજાને કહે છે –

''રાજા થઈને કીચક પ્રતિ રાજોચિત ન્યાય ન કરવો તે આપનો લુટારું જેવો વ્યવહાર છે.'' [૪૨]

મહાભારતનો યુગ બૌદ્ધ ધર્મ તથા બ્રાહ્મણધર્મના ઉત્કટ સંઘર્ષનો યુગ હતો. બૌદ્ધધર્મ તેના નાસ્તિક વિચારોને કારણે સામાન્ય જનનો પ્રિય ધર્મ બન્યો હતો. શાન્તિપર્વના પ્રારંભમાં આ સંઘર્ષની ભીષણતાનો પૂર્ણ પરિચય પ્રાપ્ત થાય છે.

વિશિષ્ટ ધર્મ અતિરિકત મહાભારતમાં સામાન્ય ધર્મનું સર્વસ્વ આ પ્રખ્યાત પદ્યમાં નિર્દિષ્ટ છે –

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चाप्यवधार्यताम् ।**

**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥**

અર્થાત્, પ્રતિકૂળ વ્યવહાર અન્ય સાથે કદાપિ ન કરવો.

ધર્મનું આ મૌલિક તત્ત્વ મહાભારતની દષ્ટિમાં ધર્મનું સર્વસ્વ છે.

ઉપેન્દ્ર સાંડેસરા પણ કહે છે કે પુરુષ બીજાએ આચરેલ જે વ્યવહારને પોતાને માટે વાંછનીય માનતો નથી અને જેને અપ્રિય માને છે તે વ્યવહાર તેણે બીજાઓ સાથે કરવો નહીં. જેમ કે જે કોઈ સ્ત્રી સાથે વ્યભિચાર કરતો હોય તે બીજાને શું કહી શકે ? પરંતુ જો કોઈ અન્ય તેની ભાર્યા સાથે વ્યભિચાર કરે તો તે તેને સહન કરે નહિ. [૪૩]

શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર 'જે મનુષ્ય સર્વને પોતાના સમાન જુએ છે અને સુખ હોય કે દુઃખ બંનેમાં સમાન સમજે છે, તે યોગી શ્રેષ્ઠ ગણાય છે.' [૪૪]

ધન માટે ધર્મનો ત્યાગ કરવો ઈષ્ટ નથી. સર્વ સાથે પ્રેમપૂર્ણ વર્તન રાખીને જે સ્થૂળ કે સૂક્ષ્મ સંપત્તિ પ્રાપ્ત થાય છે તે ધર્મ છે તેનાથી વિપરીત હોય તે અધર્મ છે એમ મનીષીઓ કહે છે. [૪૫]

શાસ્ત્રજ્ઞ વિદ્વાનોએ ધર્મમાં વેદોને જ પ્રમાણ કહ્યા છે. પરંતુ વેદવાદોનો તો યુગે–યુગે હ્રાસ થતો જાય છે. સત્યુગમાં ભિન્ન ધર્મ હોય છે. એ જ રીતે ત્રેતા, દ્વાપર અને કલિયુગના ધર્મ અલગ–અલગ હોય છે. ઋષિઓએ તે યુગના મનુષ્યોની શકિત અનુસાર ધર્માચરણની વ્યવસ્થા કરી છે. [૪૬]

ધર્મનું તત્ત્વ છરાની ધાર કરતાં સૂક્ષ્મ અને પર્વત કરતાંય સ્થૂળ છે. [૪૭]

કઠોપનિષદ્ અનુસાર **क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ।** અર્થાત્ સૂક્ષ્મદર્શી વિદ્વાનો કહે છે કે આ માર્ગ છરાની તીણી ધાર ઉપર ચાલવા જેવો છે. [૪૮]

શ્રી ઉપેન્દ્ર સાંડેસરા કહે છે કે, 'જેમ ગાયોને પાણી પીવાના હવાડા અને ખેતરમાં પાણી પાવા વાળેલી પાણીની નાની નીકો જેમ સુકાઈ જાય છે, તેમ સનાતન ધર્મ પણ નાશ પામીને અદશ્ય થયો છે. કેટલાક લોકો કામનાઓથી, કેટલાક સત્તા માટે અથવા તો અવનતિમાં પડવાથી અને બીજા કેટલાક દુર્જનો તો ધર્મના નામે ઢોંગ કરે છે. સજ્જનો જે ધર્મનું પાલન કરે છે, તેને મૂઢ લોકો પ્રલાપ ગણી કાઢે છે. આ દુર્જનો તો સજ્જનોને ઉન્મત્ત ગણી તેની મશ્કરી કરે છે. મોટા–મોટા મનુષ્યો પણ પોતાનો સ્વધર્મ છોડીને રાજધર્મનો સ્વીકાર કરે છે. તેથી કોઈપણ આચાર એવો નથી કે જે સમાનરૂપે સર્વનું હિત કરતો હોય. એક જ ધર્મના આચરણથી કોઈની ઉન્નતિ થાય છે તો તે જ ધર્માચરણથી અન્યને દુ:ખ પડે છે. [૪૯]

તુલાધાર જાજલિને ધર્મોપદેશ આપતા કહે છે, કોઈની સાથે દ્રોહ ન કરવો પડે તે ઉત્તમ ધર્મ છે. હું તેના દ્વારા જીવન નિર્વાહ કરું છું. [૫૦]

જે સર્વ જીવોનો સુહૃદ્ છે અને મન, વાણી તથા ક્રિયા દ્વારા સર્વના હિતમાં કાર્ય કરે છે તે વાસ્તવમાં ધર્મને જાણે છે. [૫૧]

કોઈનો વિરોધ ન કરવો કે દ્વેષ ન કરવો. કોઈ પાસે કંઈ માંગવું નહીં. સમસ્ત પ્રાણીઓ પ્રત્યે સમભાવ છે અને આ તરાજૂ સર્વ મનુષ્ય માટે સમ છે. [૫૨]

જે જિતેન્દ્રિય પુરુષ પોતાના ચિત્તમાં અન્ય પ્રતિ દ્રોહ ન રાખી, આ પ્રમાણે શ્રેષ્ઠ પુરુષો દ્વારા પાળેલ આચારને પોતાના આચરણમાં લાવે છે, તે વિદ્વાન્ વેદબોધિત સદાચારનું પાલન કરવાથી શીઘ્ર ધર્મના રહસ્યને જાણે છે. [૫૩]

ચાણકયનીતિના મતે આ ચરાચર વિશ્વમાં લક્ષ્મી, પ્રાણ, યૌવન અને જીવન સર્વ નાશવંત છે. માત્ર ધર્મ જ અટલ છે. [૫૪]

મહાભારતકાર તો ત્યાં સુધી કહે છે કે –

**ऊर्ध्वबाहुः विरोम्येष न च कर्ि त् श्रृणोति माम् ।**

**धर्मादर्थ   काम   स किमर्थं न सेव्यते ॥**

અર્થાત્, ધર્મના સેવનથી જ અર્થ, ધન, સમૃદ્ધિ અને સમસ્ત પદાર્થોની પ્રાપ્તિ થાય છે તો તે ધર્મનું સેવન કેમ ન કરવું ? [૫૫]

મનુષ્યએ કદાપિ ધર્મનો ત્યાગ ન કરવો. કારણ કે ધર્મ નિત્ય અને સુખ અનિત્ય છે તથા જીવ નિત્ય અને જીવન અનિત્ય છે. [૫૬]

ધર્મએ કોઈ બહારથી ઠોકી બેસાડવાની વસ્તુ નથી પણ એ તો મનુષ્યના અંતરમાં સતત વહેતું સદ્‌ગુણોનુ એક ઝરણું છે. તે માનવીને ગતિશીલ બનાવે છે, સત્યના માર્ગે લઈ જાય છે, ચારિત્ર્યવાન બનાવે છે, સાચો ધર્મ ઈશ્વર પ્રત્યે સદ્‌ભાવ જન્માવે છે. માનવીને પોતાની ફરજનું ભાન કરાવે છે.

ભારતીય સંસ્કૃતિ ધર્મ પરાયણ છે. ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. ભારતીય સમાજમાં ધર્મ અને સંસ્કૃતિ એવી રીતે ઓતપ્રોત થયેલા છે કે તેમને અલગ પાડવા મુશ્કેલ છે. [૫૭]

સાંપ્રત સમયમાં ધર્મ એ માત્ર બાહ્યાડંબર છે. મનુષ્ય ધર્મના નામે ધતિંગ કરી મનુષ્યને લુંટવા લાગ્યો છે. ભારતના મૂળભૂત સનાતન ધર્મને ભૂલી અલગ–અલગ સંપ્રદાયોમાં ડૂબેલો રહે છે. પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ તેવું લોકો માનવા લાગ્યા છે. તેને કારણે ધર્મના નામે હિંસા થવા લાગી છે. કેટલાક ધર્મમાં તો પરાણે ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે. વેદોકત ધર્મનું મનુષ્યને વિસ્મરણ થઈ ગયું છે અને ધર્મ એટલે કોઈ ઈશ્વર પ્રત્યેનો પ્રેમ તેને જ ધર્મ ગણવા લાગ્યા છે, પરંતુ તે ધર્મ નથી.

મહાભારતકારને મન ધર્મ તે માનવધર્મ, જાતિધર્મ, આપદ્ધર્મ, સ્વધર્મ, કુલધર્મ, રાજધર્મ, સ્ત્રીધર્મ, વર્ણધર્મ, આશ્રમધર્મ ઈત્યાદિ.

મનુભાઈ પંચોલીના મતે મહાભારતના મતે ધર્મ એ કેવળ એક વ્યકિત વર્ગ કે એક વર્ગની ધારણા માટેની બાબત નથી. તે સર્વના સાંધિક જીવનને સ્પર્શતો વિચાર છે. સમાજના બધા અંગોપાંગને વ્યકિતને પણ આવરતો વિષય છે. [૫૮]

દુર્યોધનનો માર્ગ સમાજ સુધારણાનો ન હતો. સ્વયં કુરુવંશની ધારણા પણ એ માર્ગે સંભવિત ન હતી અને છતાં બંને વૃદ્ધજનો ધર્મનો પક્ષ લઈ શકયા નહીં. તેમણે પાંડવોને આશીર્વાદ આપ્યા. પરંતુ સક્રિય રહ્યા દુર્યોધનના પક્ષમાં.

આમાં તેમને જેમનું અન્ન ખાધું તેને ન છોડાય તેવી પરંપરાપ્રાપ્ત ધર્મ સમજ હતી. [૫૯અ]

ધર્મ વ્યકિતગત નહી પરંતુ સમષ્ટિગત છે.

ધાર્મિક મનુષ્યના ધર્મપાલનમાં ભગવદ્‌ નિષ્ઠા અને ભગવદ્‌ ભકિત દુઃખ સમુદ્રમાંથી આરપાર નીકળવા માટે નૌકારૂપ છે. [૫૯બ]

ધર્મ લોક વ્યવહારને સુચારુ રૂપથી ચલાવવા માટે નિર્માણ થયો અને વેદોની આ કલ્પનાને મહર્ષિ વ્યાસે સ્પષ્ટ કરી.

ધર્મ માનવતાનો મેરુદંડ છે. અતઃ ધર્મ માનવતાને તોડતો નથી, પરંતુ જોડે છે. વિઘટન નથી કરતો, પરંતુ સામંજસ્ય સ્થાપિત કરે છે. સંકટમાં નથી પાડતા, પરંતુ સંકટમાંથી ઉગારે છે. શત્રુતા નથી કરતા, પરંતુ પ્રેમ, પ્રીતિ તથા મિત્રતાની ભાવનાને ઉજાગર કરે છે. યુદ્ધ નહીં, પરંતુ શાંતિનું સામ્રાજય

સ્થાપિત કરે છે. માત્ર એટલું જ નહીં, **'वसुधैव कुटुम्बकम्'** ની ભાવનાને જાગૃત કરી વિશ્વબંધુત્વ સ્થાપિત કરે છે. [૬૦]

ધર્મનીતિની રક્ષા માટે રાજા હરિશ્ચંદ્રએ પુત્ર અને પત્નીને વેચી દીધા અને અંતે સ્વયં ચાંડાલના હાથે વેંચાયા. ધર્મરાજ યુધિષ્ઠિરે પણ દ્યૂતમાં સર્વસ્વ હારી બાર વર્ષ સુધી વનવાસમાં જીવન વ્યતીત કર્યું, તેમ છતાં ધર્મનો ત્યાગ ન કર્યો. ધર્મને કારણે તે બંનેને અંતે પુનઃ રાજય પ્રાપ્ત થયું. તેથી જ કહ્યું છે કે **एष धर्मः सनातनः ।** અતઃ ધર્મનો પરિત્યાગ કદાપિ ન કરવો.

**અહિંસા :**

મહાભારતકાર **अहिंसा परमो धर्मः** કહી અહિંસાને શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે તે અહિંસા જ મહાભારતકારને અભિપ્રેત છે. તેથી વારંવાર ભગવાન્ વેદ વ્યાસ અહિંસાની હિમાયત કરે છે.

તુલાધાર જાજલિને અહિંસાનો ઉપદેશ આપતા કહે છે, ''અહિંસા અને દયાભાવથી પ્રેરિત થઈ કરેલ કર્મ ઈહલોક અને પરલોકમાં ઉત્તમ ફળ આપે છે. હિંસાભાવથી કરેલ કર્મ શ્રદ્ધાનો નાશ કરે છે. આવી શ્રદ્ધાથી કરેલ કર્મ હિંસક મનુષ્યનો સર્વનાશ કરે છે.'' [૬૧]

ભગવાન્ મનુના મતે ઐહિક સુખ માટે પ્રાણીઓની હિંસા કરનાર પાપાત્મા પ્રાણ ધારણ કરેલ હોવા છતાં મૃતક તુલ્ય છે. તેને આ લોકમાં સુખ મળતું નથી. પરંતુ પરલોકમાં પણ સુખ પ્રાપ્ત થતું નથી. [૬૨]

ગોસ્વામીજીએ એક ચોપાઈમાં સર્વનો સાર આપી દીધો છે –

**परहितसरसि धर्म नहि भाई ।**
**पर पीडा सम नहिं अधमाई ॥**

ભગવાન્ વ્યાસની પણ આ જ ઘોષણા છે –

**परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥**

મહાભારતકાર અહિંસાને હાથીના પગલા સાથે સરખાવે છે. 'જેમ હાથીના પગલામાં બીજા સર્વ પ્રાણીઓના પગલા ઢંકાઈ જાય તેમ અહિંસામાં સકલ ધર્મનો અર્થ સમાઈ જાય છે.' [૬૩]

**कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा ।**
**अक्लेशजननं प्रोक्तमहिंसात्वेन योगिभिः ॥**

અર્થાત્ મન, વચન અને કર્મથી સર્વભૂતો પ્રત્યે કલેશની ઉત્પત્તિ ન કરવી તેને જ યોગીઓ અહિંસા કહે છે.

કોઈ પ્રાણીની હિંસા કરવી નહિ. મૈત્રીભાવ રાખવો, આ જીવન ધારણ કરીને કોઈની સાથે શત્રુતા કરવી નહિ.

મહાભારતકાર ભગવાન્ વેદવ્યાસ કહે છે કે 'સંપૂર્ણ ભૂતો માટે જે ધર્મનું વિધાન કર્યું છે. તેમાં અહિંસાને સર્વથી મહાન્ કહી છે.' [૬૪]

માનવજીવન હિંસા પર આધારિત છે. મોટી મત્સ્ય નાની મત્સ્યનું ભક્ષણ કરે છે. તેવી રીતે પ્રબળ જીવ દુર્બળ જીવોને પોતાનો આહાર બનાવે છે. [૬૫]

મહાભારત હિંસાના ઉજ્જવળ પક્ષને પ્રજા સન્મુખ રજૂ કરે છે. તેઓ કહે છે, અન્યના મર્મના છેદ્યા વિના, દુષ્કર કાર્ય કર્યા વિના, અને શત્રુને માર્યા વિના, મનુષ્ય કદાપિ લક્ષ્મી પ્રાપ્ત કરી શકતો નથી. [૬૬]

એટલું જ નહીં શત્રુને જેમણે હણ્યો નથી, શું તેને કદાપિ કીર્તિ મળે છે ? તથા ધન અને પ્રજાને પણ તે પ્રાપ્ત કરી શકે છે ? કદાપિ નહીં. ઈન્દ્રએ વૃત્રવધને કારણે મહેન્દ્રત્વ પ્રાપ્ત કર્યું. મનુષ્ય તેની જ પૂજા કરે છે, જેમણે શત્રુનો વધ કરી પોતાનું પદ પ્રતિષ્ઠિત કર્યું. નિષ્કર્ષ એ છે કે કોઈપણ મનુષ્ય આ લોકમાં જીવિત પ્રાણી અહિંસાથી જીવિત નથી રહેતા. તેમણે પોતાના જીવન નિર્વાહ માટે હિંસાનો આશ્રય લેવો જ પડે છે. એ લોકજીવનનું ધ્રુવ સત્ય છે. [૬૭]

**न हि पश्यामि जीवन्तं लोके कं दहिंसया ।**

અર્થાત્, કોઈપણ મનુષ્ય એવો નથી, જે અહિંસાથી જીવન વ્યતીત કરતો હોય. [૬૮અ]

અહિંસા પરમ ધર્મ છે, પરમ સંયમ છે, પરમ દાન છે, પરમ તપસ્યા છે. પરમ યજ્ઞ, પરમ ફલ, પરમ મિત્ર, પરમ સુખ છે. [૬૮બ]

ડૉ. બલદેવ ઉપાધ્યાયના મંતવ્ય અનુસાર આજે ભારતવર્ષને આ તત્ત્વને સમજવા તથા મનન કરવાની નિતાંત આવશ્યકતા છે. મહાત્મા ગાંધીના 'અહિંસા' સિદ્ધાંતનું તાત્પર્ય સમજી જે અધિકારી વર્ગ આજે પણ પોતાના વિરોધી રાષ્ટ્રોના આક્રમણનું પ્રતિકાર કરવાથી અચકાય છે, તેને મહાભારતના અહિંસા ધર્મને સમજવાની તાતી જરૂરીયાત છે. શત્રુઓનો વિરોધ કરવો પ્રત્યેક જીવનું કર્તવ્ય છે. વિશેષતઃ કોઈપણ દેશ તથા રાષ્ટ્રના શાસકે તો ખાસ.

હિંસાને ગૃહસ્થ જીવન માટે મહાભારત એક નિતાંત આવશ્યક તથા અનિવાર્ય સાધન માને છે તે યુકિત તથા વ્યવહાર એમ બંને દષ્ટિએ એક નિભ્રાન્ત સત્ય છે. [૬૯]

શ્રી ઉપેન્દ્ર સાંડેસરા ભારત–રત્નમાં કહે છે કે 'અહિંસા એટલે માત્ર અભાવાત્મક પ્રતિકાર નહીં, કોઈપણ પ્રાણીને દુઃખ દેવું તે નહીં. આવી અહિંસા સિદ્ધ કરનારને કટોકટીનો પ્રસંગ આવે જ નહીં. કારણ કે તેની સહાયમાં ઈશ્વરી શકિત સદા ઊભી હોય છે. જેને લીધે મરણ કે જીવન જે આવે તેને એ શાંતિપૂર્વક ભેટવાને તૈયાર હોય છે. આ સિદ્ધ અહિંસકની વાત છે.

પરંતુ તે ન થવાય ત્યાં સુધી શું ? ત્યાં સુધી અભાવાત્મક પ્રતિકાર, અન્યાયનો પ્રેમપૂર્વક પ્રતિકાર કોઈ બૂરું કરનારનું પણ ભલુ કરવાનો વિચાર, ભયથી ભાગવા કરતા શ્રેષ્ઠ એવો હિંસક પ્રતિકાર, ઈત્યાદિને શ્રેણીબદ્ધ વિકાસક્રમમાં સ્થાન છે અને હતાશ થયા વિના અનાસકતપણે એ માર્ગે સતત ચાલ્યા કરવાનો પ્રયત્ન કરવો, તે અહિંસા સિદ્ધ કરવાનો અને તે દ્વારા ઈશ્વરદર્શન કરવાનો એક રાજમાર્ગ છે. [૭૦]

સ્વલ્પાતિસ્વલ્પ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાને જે જીતે, તે વીર છે.

યજ્ઞમાં ભોગ ધરવા, દેવીને ભોગ ધરવા, અન્ય પશુઓના બલિ, ધાર્મિક યુદ્ધો, ધાર્મિક રમખાણો, ગાંધીજીની હત્યા, આ સર્વ હિંસાના ઉદાહરણો છે.

મહાત્મા ગાંધીજી અને મહાવીર સ્વામી અહિંસાના પૂજારી હતા. મહાત્મા ગાંધીએ અહિંસા દ્વારા ભારત દેશને આઝાદી અપાવી.

વર્તમાન યુગમાં મનુષ્ય વધુને વધુ હિંસક બનતો જાય છે. કોઈનો વધ કરવો તે તેના મન સામાન્ય બાબત બની ગઈ છે. મનુષ્ય સાચા અર્થમાં અહિંસાને સમજી શકયો નથી. મહાભારતમાં વર્ણિત અહિંસાનું પ્રતિપાદન થાય તો અર્ધુ વિશ્વ શાંત થઈ જાય.

મહર્ષિ વ્યાસને અનુસરતા મહાવીર સ્વામી કહે છે કે અહિંસા એટલે કાર્યોની અહિંસા, જીવદયા એટલે હૃદયની અહિંસા, અનેકાન્ત એટલે વિચારોની અહિંસા, અને અપરિગ્રહ એ વ્યવહારની અહિંસા છે.

મહાત્મા ગાંધીના મતે અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમાં પરમ પુરુષાર્થ છે તે કાયરોથી દૂર ભાગે છે, અને વીર પુરુષોની તે શોભા છે. તે શુષ્ક નીરસ અને જડ પદાર્થ નથી. તે આત્માનો વિશેષ ગુણ છે.

અહિંસાની ઉપર્યુકત વિસ્તૃત ચર્ચા જોતા એમ કહી શકીએ કે આજનો મનુષ્ય ક્ષણે–ક્ષણે હિંસા આચરી રહ્યો છે. ત્યારે અહિંસાનો ઉપાસક પણ હિંસક હોઈ શકે તેનું મનોમંથન કરવાની આજના સમાજને જરૂર છે.

**યજ્ઞ :**

જાજલિ તુલાધારને યજ્ઞનો મહિમા પૂછતા કહે છે, ‘ખેતીથી અન્ન ઉત્પન્ન થાય છે, અન્ન અને પશુઓથી મનુષ્યનો જીવન નિર્વાહ થાય છે. તેના દ્વારા કાર્ય સમ્પન્ન થાય છે. પશુઓના કષ્ટનો વિચાર કરી ખેતી આદિ વૃત્તિઓનો ત્યાગ કરી દેવાય તો આ સંસારનું જીવન સમાપ્ત થઈ જાય.’

આવા પ્રશ્નનો તુલાધારે સમ્યક્ ઉત્તર આપતા કહ્યું કે – યજ્ઞ નીંદનીય નથી. પરંતુ યજ્ઞના યથાર્થ સ્વરૂપને સમજનાર પુરુષ અત્યંત દુર્લભ છે. મહાભારતકાળમાં બ્રાહ્મણ પોતાના યજ્ઞનો પરિત્યાગ કરી ક્ષત્રિયોચિત યજ્ઞના અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહેવા લાગ્યા. વૈદિક વચનોનું તાત્પર્ય સમજયા વિના મિથ્યા યજ્ઞોનો પ્રચાર પ્રારંભ થઈ ગયો. જે વ્યકિત કામનાવશ યજ્ઞ કરે છે, તળાવ અને બગીચા બનાવડાવે છે, તે અસાધુ પુરુષને ગુણહીન સંતાન પ્રાપ્ત થાય છે. શુદ્ધભાવથી કરેલ યજ્ઞથી પ્રજાની ઉત્પત્તિ થાય છે. અગ્નિ દ્વારા

અપાતી આહુતિ સૂર્યમંડલને પ્રાપ્ત થાય છે. સૂર્યથી જળની વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્ન દ્વારા સંપૂર્ણ પ્રજા જન્મ તથા જીવન ધારણ કરે છે.

ઋગ્વેદના પુરુષ સૂકતમાં પણ આ જ વિચારનો પડઘો પડે છે.

પુરુષરૂપી હવિ વડે દેવોએ જયારે યજ્ઞ કર્યો ત્યારે તેમાંથી વસંત, આજય, ગ્રીષ્મ, શરદ અને હવિ બન્યા. [૭૧ અ]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છે કે અન્નમાંથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, વરસાદથી અન્ન થાય છે, વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ નિષ્કામ કર્મથી થાય છે. [૭૧ બ]

બ્રાહ્મણ ગ્રંથો અને મીમાંસા ગ્રંથોમાં **'स्वर्गकामो यजेत'** એ વાકયનું વારંવાર પુનરાવર્તન કર્યું છે. અતઃ એ સિદ્ધ છે કે મનુષ્ય પ્રથમ સ્વર્ગરૂપ ફળનો સંકલ્પ કરે છે. તદ્ પશ્ચાત્ યજ્ઞનું અનુષ્ઠાન આરંભ કરે છે.

યજ્ઞ અનુષ્ઠાન મનુષ્યનું કર્તવ્ય છે, એમ માની જે ફળની ઈચ્છા વિના યજ્ઞ કરે છે, તે હિંસા કે દ્રોહ કરતા નથી. વેદના બ્રાહ્મણ ભાગમાંથી યજ્ઞનું પ્રાકટય થયું. પ્રત્યેક દ્વિજનું કર્તવ્ય છે કે કંઈ વિચાર્યા વિના યજ્ઞ કરે અને કરાવે. જે સ્વર્ગદાયક વિધિ અનુસાર યજ્ઞ કરે છે, તેને દેહત્યાગ પશ્ચાત્ મહાન સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે એ નિશ્ચિત છે કે જે યજ્ઞ કરતા કે કરાવતા નથી તેવા પુરુષને માટે આ લોક તેમજ પરલોક સુખદાયક નથી. [૭૨]

યજ્ઞમાં હિંસાનું વિધાન છે એ બાબત વેદમાં જોવા મળતી નથી. વેદમાં યજ્ઞ માટે તથા યજ્ઞના વિશેષણના રૂપમાં **'अत्तब्र'** શબ્દનો પ્રયોગ થયો છે. આ **'अत्तब्र'** પદ દેવતાઓની સ્તુતિના સામાન્ય રૂપમાં પ્રયુકત થયો છે, જેનો અર્થ 'હિંસા રહિત' છે. ઋગ્વેદના પ્રથમ સૂકતમાં યજ્ઞના વિશેષણ અને યજ્ઞને માટે આ શબ્દનો પ્રયોગ બેવાર થયો છે.

બ્રાહ્મણકાળ પશ્ચાત્ અને મહાભારતકાળ પૂર્વ એક દીર્ઘકાળ વ્યતીત થયો. તે દરમિયાન યજ્ઞમાં હિંસાનું વિધાન થયું. પરંતુ આ વિધાનનું વેદમાં ઉલ્લેખ નથી. અવશ્ય ધૂર્ત વિદ્વાનોએ યજ્ઞમાં હિંસાનો સમાવેશ કર્યો. ભગવાન્ વ્યાસે મહાભારતમાં તેનો ઉલ્લેખ કર્યો.

સુરા, આસવ, મધુ, માંસ અને મત્સ્ય તથા તલ અને ચોખાની ખિચડી, આ સર્વ વસ્તુને યજ્ઞમાં પ્રચલિત કરી. વેદમાં આના ઉપયોગનું વિધાન નથી. [૭૩]

સંપૂર્ણ મહાભારતમાં યજ્ઞીય હિંસાનું સમર્થન નથી. આ વિષયમાં મહારાજ રાજર્ષિ, વિચખ્નુના ઉદ્ગાર અત્યંત સટીક અને પ્રાસંગિક છે. જે મનુષ્ય ધર્મની મર્યાદાથી ભ્રષ્ટ થયા છે, મૂર્ખ નાસ્તિક છે. તથા જેને આત્માના વિષયમાં સંદેહ છે, એવં જેની પ્રસિદ્ધિ નથી, એવા મનુષ્યોએ હિંસાનું સમર્થન કર્યું છે.

ધર્માત્મા મનુએ સંપૂર્ણ કર્મો પર અહિંસાનું પ્રતિપાદન કર્યું છે. મનુષ્ય પોતાની ઈચ્છાથી યજ્ઞની બાહ્ય વેદિ પર પશુઓનું બલિદાન કરે છે. [૭૪]

મહાભારતકાળમાં યજ્ઞ અમુક ફળની પ્રાપ્તિ માટે કરવામાં આવતા. જેમ કે સમ્રાટ્ બનવા માટે રાજસૂય યજ્ઞનું અનુષ્ઠાન.

યુધિષ્ઠિરે પણ રાજસૂય યજ્ઞનું અનુષ્ઠાન કરેલ. શ્રીરામે અશ્વમેઘ યજ્ઞનું અનુષ્ઠાન કરેલ.

પ્રાચીનકાળમાં મહાન પ્રતાપી રાજાઓ દ્વારા ધન સાધ્ય રાજસૂય યજ્ઞ, અશ્વમેઘ યજ્ઞ આદિ, યજ્ઞ થતાં તો બીજી તરફ તપોવનમાં મહર્ષિઓ દ્વારા શ્રમસાધ્ય એવં તપસાધ્ય દીર્ઘકાલીન મહાયજ્ઞોનું અનુષ્ઠાન કરવામાં આવતું. મહામુનિ અગત્સ્યએ દ્વાદશવર્ષમાં સમાપ્ત થનાર યજ્ઞની દિક્ષા ગ્રહણ કરી હતી.

ગીતાકાર તો વળી યજ્ઞની સાવ અલગ જ વ્યાખ્યા આપે છે. તેમના મતે દેવોના અનેકવિધ ઉપકારોથી પ્રભાવિત થયેલા આપણા પ્રાચીન ઋષિઓ અગ્નિ, વરુણ, ઈન્દ્રાદિ દેવોને હોમ કરીને આભાર પ્રકટ કરતા હતા. તેમની આ ભાવના **'स्वाहा'** અને **'न मम'** શબ્દો દ્વારા વ્યકત થતી હતી. અર્થાત્ આ અગ્નિનું છે, મારું નહીં. પોતાને જે કાંઈ મળે છે તે દેવોની કૃપાથી મળ્યું છે. પ્રાચીન યજ્ઞમાંથી **'न मम'** ની વિશાળ વિચારસરણી લઈને ગીતાકારે તેને જીવનના બધા જ પાસાઓમાં વણી લીધી છે. આ મમત્વનો ત્યાગ એ જ ગીતાની યજ્ઞ ભાવનાનું હોમ છે.

આમ, ગીતાના મતે યજ્ઞ એટલે અગ્નિમાં ઘૃત અન્નાદિ હોમવાનો માત્ર બાહ્યાચાર કે કર્મકાંડ નહીં. તેનો યજ્ઞ કોઈ ચોક્કસ ફળ યા કોઈ વ્યકિત વિશેષના શ્રેય અર્થે નહીં, પરંતુ સમષ્ટિના હિતાર્થે સામાજિક યા વિશ્વ કલ્યાણની ભાવના અર્થે થવો જોઈએ. પોતાનું જે કાંઈ છે તે સમાજ તથા દેવોને અર્પણ કર્યા સિવાય ભોગવી શકાય નહીં. એ ભોગવનાર પ્રત્યે ગીતા અણગમો વ્યકત કરે છે.

ઋગ્વેદ યજ્ઞ વિષે કહે છે **प्रायः यज्ञं प्रणतया स्वसाय ।** અર્થાત્ પ્રત્યેક શુભ કાર્ય યજ્ઞ સાથે પ્રારંભ કરો. [૭૫]

યજુર્વેદ અનુસાર યજ્ઞમાં હોમેલ આહુતિ કલ્યાણકારી હોય છે. [૭૬]

સામવેદ પ્રમાણે, 'જે મનુષ્ય અગ્નિમાં હોમ કરે છે તેને ઉત્તમ સંતાન, સદ્બુદ્ધિ, ધન અને ધાન્યની પ્રાપ્તિ થાય છે.' [૭૭]

અથર્વવેદના મતે યજ્ઞ કરનારને સ્વર્ગ સુખની પ્રાપ્તિ થાય છે. [૭૮]

યજ્ઞ કરવાથી શત્રુ નષ્ટ થઈ જાય છે. શત્રુતાને મિત્રતામાં પરિવર્તિત કરવાનો સર્વોત્તમ ઉપાય યજ્ઞ છે. [૭૯]

તૈત્તિરીય ઉપનિષદ્ના મંતવ્ય અનુસાર યજ્ઞનું પુણ્યફળ કદાપિ નષ્ટ થતું નથી. બુદ્ધિમાન મનુષ્ય યજ્ઞના પુણ્યનું સંચય કરે છે. [૮૦]

આજનો મનુષ્ય ફલાસકિતયુકત યજ્ઞ કરે છે. વેદ અને ગીતાની યજ્ઞભાવનાનો હ્રાસ થતો જોવા મળે છે. યજ્ઞ એ માત્ર હોમ–હવન બની ગયો છે. આવી યજ્ઞની વ્યાખ્યામાંથી બહાર નીકળી મનુષ્યે ગીતાની યજ્ઞભાવના કેળવવી જોઈએ.

**કર્મ :**

કર્મ શબ્દની સરળ વ્યાખ્યા આપીએ તો કર્મ એટલે ક્રિયા આપી શકાય. તમામ માનસિક અને શારીરિક ક્રિયાને કર્મ કહેવાય છે.

વ્યાકરણની દષ્ટિએ જોઈએ તો કર્મ શબ્દ **कृ** ધાતુ પરથી ઉતરી આવ્યો છે, તેનો અર્થ થાય ‘કરવું’.

તમામ શારીરિક અને માનસિક ક્રિયાને કર્મ કહેવાય.

તુલાધાર જાજલિને કર્મ વિષયક જ્ઞાન આપતા કહે છે. કર્તાપણાના અભિમાન વિના કરેલ કર્મ શ્રેષ્ઠ કર્મ છે. નિષ્કામ ભાવથી કરેલ કર્મ શ્રેષ્ઠ છે. પ્રત્યેક કર્મમાં ફળની કામના પર સંયમ આવશ્યક છે. [૮૧]

તુલાધારના ઉપદેશમાં ગીતાનો કર્મ સિદ્ધાંત દષ્ટિગોચર થાય છે. કર્તાપણાના અભિમાન વિના કરેલ કર્મને શ્રીમદ્ ભગવદ્ગીતા ઉત્તમ કહે છે. ગીતાકાર કહે છે, આસકિત રહિત કરેલ કર્મ પુરુષને મોક્ષ આપે છે. [૮૨]

ગીતાનો અભિગમ નિષ્કામ કર્મ તરફનો રહ્યો છે. ચિત્તમાં જયાં સુધી વાસનારૂપી કર્મના બીજ પડયા હોય ત્યાં સુધી ચિત્ત શુદ્ધિ થતી નથી. છતાં પણ જો કોઈ પરાણે સર્વ ધર્મનો ત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કરી લે તો પ્રકૃતિ તેને માટે નવી માયાજાળ રચે છે. આથી જ ગીતા કર્મ કરવાનો આગ્રહ રાખે છે. શરીર નિર્વાહ માટે પણ કર્મ કરવા આવશ્યક છે. [૮૩]

મહાત્મા ગાંધી પણ અભિમાન રહિત કર્મને જ નિષ્કામ કાર્ય તરીકે ગણાવતા લખે છે, અભિમાનપૂર્વક કરેલું કોઈપણ કર્મ ગમે તેટલું સાત્ત્વિક હોય તો પણ બંધન કરનારું છે તે જયારે ઈશ્વરાર્પણ બુદ્ધિથી અભિમાન વિના થાય છે ત્યારે બંધન રહિત બને છે. [૮૪]

લોકમાન્ય તિલક જેને ‘કર્મયોગની ચતુઃસૂત્રી’ કહે છે. તેમાં ગીતાનું કર્મયોગનું તત્ત્વજ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે. ગીતાકારે કહ્યું છે કે –

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥**

અર્થાત્, કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહીં. તું કર્મફળના હેતુવાળો ન થા તેમજ કર્મ ન કરવામાં તારી આસકિત ન થાઓ. [૮૫]

ગીતાકાર મનુષ્યને સતત કર્મ કરતા રહેવાનું કહે છે. આજ વાત ઈશોપનિષદ્ પણ કરે છે. તેમના મતે મનુષ્યે કર્મ કરતા–કરતા સો વર્ષનું આયુષ્ય ભોગવવું. [૬]

વિનોબા ભાવેના મતે ફળ નિરપેક્ષ એટલે ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરનારા પુરુષની પોતાના કર્મ સાથેની તન્મયતા સમાધિના દરજ્જાની હોય છે. તેથી તેને પ્રાપ્ત થતો આનંદ અન્ય લોકોના આનંદ કરતા સો ગણો હોય છે એ રીતે નિષ્કામ કર્મ એ જ મોટું ફળ છે.

સ્વામિ સચ્ચિદાનંદ કર્મ સિદ્ધાંતના આ શ્લોકને ખૂબ મહત્ત્વનો ગણે છે. તેમાં બે મહત્ત્વના લક્ષ્યો તથા બે પોષક તત્ત્વો સ્પષ્ટ કરાયેલા છે.

(૧) કર્મ કરવામાં તારો અધિકાર છે.

(૨) કર્મના પરિણામ મેળવવામાં તું સ્વતંત્ર નથી.

આ બે મૂળ સિદ્ધાંતોને સાધ્ય કરવા બે ગૌણ તત્ત્વો કહે છે, તું કર્મફળમાં આસકત ન થા અને અકર્મમાં એટલે કે અપ્રવૃત્તિમાં પણ તારી આસકિત ન હોય. [૭]

ચોક્કસ કર્મનું નિશ્ચિત ફળ મળે તેવી આશાથી કર્મ કરવું નહીં. પરંતુ માત્ર કર્તવ્ય બુદ્ધિથી કર્મ કરવું જોઈએ. એટલે કે કર્મના ફળના હેતુરૂપ થવું જોઈએ નહીં. કારણ કે ફળેચ્છાથી થતા કર્મ અન્ય કર્મ કરવા માટે પ્રેરે છે. જયારે ફળની ઈચ્છા વિના કરેલા કર્મ પુનઃ કર્મમાં પ્રેરતા નથી. કારણ કે ચિત્તશુદ્ધિ વડે જ્ઞાન પેદા કરીને મોક્ષ પમાડે છે.

મહાભારતના પ્રારંભથી અંત સુધી કર્મની છાયા વ્યાપ્ત છે. મુખ્ય કથા જ નહી પરંતુ ઉપકથાઓમાં પણ કર્મ દષ્ટિ સમક્ષ રહ્યું છે. યથાર્થમાં **गहना कर्मणो गतिः ।** કહી શ્રીકૃષ્ણ મિત્ર સુદામાજી કર્મની ગહનતા ગાતા કહે છે કે –

ગહન દીસે છે કર્મની ગતિ,<br>
એક ગુરુના વિદ્યાર્થી,<br>
તે થઈ બેઠો પૃથ્વીપતિ,<br>
મારા ઘરમાં ખાવા રજ નથી.<br>
રમાડતો ગોકુળ માકડાં,<br>
ગુરુને ઘેર લાવતો લાકડા,<br>
તે આજ બેઠો સિંહાસન ચઢી,<br>
મારે તંબુડીને લાકડી. [૮]

ભગવાન્ ગીતામાં કહે છે કે તારે પરમસિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો અન્ય કોઈ સામગ્રીની આવશ્યકતા નથી. તમે જે કર્મ કરો તે પરમાત્માની પૂજાની સામગ્રી બનાવી દો.

**स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।** [૮૯]

અન્યના કર્મમાં પડયા વિના તારું નિયત કર્મ કર. [૯૦]

કેટલીક વખત કર્મ કરવા એ નૈતિક દષ્ટિએ યોગ્ય હોવા છતાં વ્યકિત કર્મના પરિણામથી ડરી જઈને કર્મથી વિમુખ બને છે. આવી કામચોર વ્યકિતને સમાજ ક્ષમા કરતો નથી.

તુલાધારએ ઉપદેશ આપે છે કે કોઈપણ કર્મ સામાન્ય નથી, પરંતુ દિવ્ય કર્મ છે. આવા દિવ્ય કર્મ કૃષ્ણાર્પણ કરવા એ જ સાચો કર્મયોગ.

**શ્રદ્ધા :**

ઈશ્વર અને ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા જ મનુષ્યનો કલ્યાણનો એકમાત્ર માર્ગ છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતામાં શ્રદ્ધાની પ્રશંસા કરતા કહ્યું છે કે, ધર્મ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર પુરુષ જ યથાર્થ જ્ઞાન અને શાન્તિનો અધિકારી થઈ શકે છે. [૯૧]

અજ્ઞાની તથા શ્રદ્ધા વિનાનો સંશયવાળો મનુષ્ય નાશ પામે છે. તેને આ લોક કે પરલોક નથી અને સુખ નથી. [૯૨]

તુલાધાર જાજલિને શ્રદ્ધા વિષયક જ્ઞાન આપતા કહે છે, અશ્રદ્ધા મહાન્ પાપ છે અને શ્રદ્ધા પાપથી મુકિત અપાવનારી છે. જેવી રીતે સર્પ જીર્ણ કાંચળીને ત્યજી દે છે એમ શ્રદ્ધાવાન્ પાપનો ત્યાગ કરે છે. શ્રદ્ધા રાખવાની સાથે જ દોષોમાંથી નિવૃત્ત થવું એ સર્વ પવિત્રતાઓ કરતાં વિશેષ પવિત્રતા છે. જેના શીલ સંબંધી દોષ દૂર થઈ ગયા છે તે શ્રદ્ધાળુ સદા પવિત્ર જ છે. એને તપ, સદાચાર કે આત્માનું પણ શું પ્રયોજન છે ? આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા હોય તેવો તે થાય છે. [૯૩]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ આ વાતનો પડઘો પાડે છે. [૯૪]

**अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।**

**असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥**

અર્થાત્, અશ્રદ્ધાથી, યજ્ઞ, દાન, તપ કે જે કંઈ કરવામાં આવે તે 'અસત્' કહેવાય છે તેને અહીં કે પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત થતું નથી. [૯૫]

તુલાધારે શ્રદ્ધાની મહત્તા વર્ણવતા કહ્યું છે કે, સૂર્યની પુત્રી શ્રદ્ધા છે. તેથી તેને વૈવસ્વતી, સાવિત્રી અને પ્રસવિત્રી પણ કહે છે. વાણી અને મન પણ શ્રદ્ધાની અપેક્ષાએ બહિરંગ છે. [૯૬]

શતપથ બ્રાહ્મણ પણ શ્રદ્ધાને સૂર્યની પુત્રી કહે છે.

તૈત્તિરીય બ્રાહ્મણમાં શ્રદ્ધાને પ્રજાપતિની પુત્ર કહી છે.

મહાભારત આદિપર્વ અનુસાર ધર્મની દશપત્નીઓમાં શ્રદ્ધા તેની પત્ની હતી. [૯૭]

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ પ્રમાણે દક્ષપુત્રી શ્રદ્ધાને ધર્મની પત્ની કહી છે. શ્રદ્ધા, મૈત્રી, દયા, શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ. [૯૮]

ૠગ્વેદમાં શ્રદ્ધાની સ્તુતિ છે તે અનુસાર શ્રદ્ધા દ્વારા અગ્નિ પ્રજ્વલિત થાય છે. શ્રદ્ધા દ્વારા આહુતિ અપાય છે, શ્રદ્ધા સકળ સંપત્તિઓમાં સર્વોત્તમ છે, એમ અમે ઘોષણા કરીએ છીએ. શ્રદ્ધાનું અમે પ્રાતઃ મધ્યાન્હ અને સાયંકાળે આહ્વાન કરીએ છીએ. શ્રદ્ધા અમને શ્રદ્ધાવાન્ કરો. [૯૯]

શ્રદ્ધા હૃદયની ઉચ્ચ ભાવનાની પ્રતિક છે. તેના દ્વારા મનુષ્યનું આધ્યાત્મિક જીવન સફળ થાય છે અને ધન પ્રાપ્ત કરી સુખી થાય છે. [૧૦૦]

દેશ, જાતિ, ધર્મ અને સંસ્કૃતિ પ્રતિ સમર્પણની ભાવના હૃદયની શ્રદ્ધાથી ઉત્પન્ન થાય છે. શ્રદ્ધામાંના બળથી કોઈપણ કર્તવ્ય પ્રત્યે નિષ્ઠા ઉત્પન્ન થાય છે. [૧૦૧]

અથર્વવેદ અનુસાર **ये श्रद्धा धनकाम्या क्रव्यादा समासते ।** અર્થાત્, જે શ્રદ્ધાનો ત્યાગ કરી તૃષ્ણામાં ફસાય છે, તેનો નાશ થાય છે. [૧૦૨]

ઈશ્વર પ્રત્યે પણ સાચી શ્રદ્ધા હોય તો નિશ્ચિત ઈશ્વર પ્રસન્ન થાય છે. આજે મનુષ્યને ઈશ્વર પ્રત્યે તો શ્રદ્ધા નથી. પરંતુ મનુષ્ય પ્રત્યે પણ શ્રદ્ધા રહી નથી, જેને કારણે સમાજમાં બદીઓ વધવા લાગી છે. શ્રદ્ધા અને વિશ્વાસની ઈંટ પર સમાજ ટકી રહે છે. જયારે તે શ્રદ્ધા અને વિશ્વાસ ન હોય તો સમાજનું અધઃપતન જ થાય ને ?

**નિષ્કર્ષ :**

વ્યાવહારિક ઉન્નતિ માટે તુલાધાર વૈશ્યની વ્યાપાર નીતિ અનુકરણીય અને અનુસરણીય છે. તેના દ્વારા સત્યતા અને સમતાપૂર્વક સ્વધર્મનું પાલન એ ઉપદેશ ફલિત થાય છે. તેના સત્ વ્યવહારને કારણે જ ત્રણે લોક અને ત્રણે કાળનું તેને જ્ઞાન હતું.

પ્રાચીનકાળમાં ધાર્મિક ઉન્નતિ માટે પોતાના પ્રાણની પણ મનુષ્ય પરવા કરતા ન હતા.

યુધિષ્ઠિર, નલ, શિબિ, દધિચી ઈત્યાદિ મહાન્ પુરુષોના ચરિત્ર દ્વારા સામાન્ય મનુષ્યએ બોધ ગ્રહણ કરવો જોઈએ કે સદા ધર્મપાલનમાં તત્પર રહેવું. તુલાધારના ચરિત્ર દ્વારા પણ આ બાબત ફલિત થાય છે કે જે આશ્રમ યા વર્ણના હોય તેના માટે તે આશ્રમ યા વર્ણના ધર્મનું શાસ્ત્ર વિધિ અનુસાર નિષ્કામભાવથી પાલન કરવું ઉચિત છે.

આ પ્રકારે હિંસારહિત, યુકિતસંગત તથા શ્રેષ્ઠ પુરુષો દ્વારા સેવિત ધર્મની તુલાધાર વૈશ્યએ સદા પ્રશંસા કરી છે.

આવી કથાઓ દ્વારા મહાભારતકાર ભગવાન્ સત્યવતીનંદને એ ઉપદેશ આપવા ઈચ્છે છે કે સદા ધર્મ પરાયણ રહી, સ્વકર્મ કરતા પાપ રહિત અને અહિંસાત્મક જીવન પસાર કરવું.

તુલાધારના ઉપદેશામૃતનું પાન કરીને જાજલિનું દુઃખ દ્વન્દ્વ દૂર થયું. તદનન્તર તેમણે તુલાધાર જેવું જીવન જીવવાનો પ્રારંભ કર્યો. આપણે સૌએ પણ તુલાધાર જેવું જીવન વ્યતીત કરવું જોઈએ.

દર્પયુકત તપ નિરર્થક છે. અભિમાની યોગીના તપથી સાંસારિક વ્યકિતનો આદર્શ શ્રેષ્ઠ છે. ધર્મયુકત જીવન તપથી પણ અધિક છે, તે બાબત ફલિત થાય છે.

## (६) चिरकारीकोपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન યુધિષ્ઠિર–ભીષ્મના સંવાદરૂપ શાંતિપર્વના મોક્ષધર્મ પર્વ અંતર્ગત ૨૬૬ મા અધ્યાયમાં નિરુપેલ છે.

યુધિષ્ઠિરનો પ્રશ્ન એવો હતો કે કદાપિ એવી પરિસ્થિતિનું નિર્માણ થાય, જે ગુરુજનોની આજ્ઞાથી કર્તવ્ય હોય પરંતુ હિંસાયુકત હોવાથી અનુચિત હોય તેવા અવસર પર કાર્યની પરખ કેવી રીતે કરવી ? તેના પ્રત્યુત્તરમાં ભીષ્મ પિતામહ પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનનું નિરુપણ કરતા પૂર્વે ગૌતમ અને ચિરકારી નામધારી વ્યકિત કેટલી અને તેનો ઉલ્લેખ કયાં–કયાં થયો છે તે જોઈએ તો, પૌરાણિક કથાકોશ મુજબ પ્રથમ ગૌતમ નામનો ઉલ્લેખ કરીએ તો –

(૧) ગૌતમ – ચાલુ મન્વન્તરના સપ્તર્ષિમાંનો એક

(૨) ગૌતમ – ઋષિ વિશેષ

(૩) ગૌતમ – એક સ્મૃતિકાર

(૪) ગૌતમ – અંગિરાકુળનો એક પ્રખ્યાત વંશ વિસ્તારક ઋષિ

(૫) ગૌતમ – અંગિરાકુળનો અન્ય એ નામનો ઋષિ

(૬) ગૌતમ – કાશિક ઋષિનો શિષ્ય

(૭) ગૌતમ – એકત, દ્વિત, ત્રિત ઋષિઓના પિતા

(૮) ગૌતમ – વિધ્યાંશ્વ રાજાની કન્યા અહલ્યાના પતિ, સતાનંદ અને ચિરકારી ઋષિના પિતા

(૯) ગૌતમ – દીર્ઘતમા ઋષિના પુત્ર

(૧૦) ગૌતમ – એક બ્રહ્મર્ષિ

(૧૧) ગૌતમ – કૃપાચાર્યનું એક નામ

(૧૨) ગૌતમ – એક કૃતઘ્ન બ્રાહ્મણ

(૧૩) ગૌતમ – ઉત્તંક ઋષિના શ્વસુર [૧]

પૌરાણિક કથાકોશ મુજબ આ ગૌતમ નામના ઉલ્લેખને આધારે એમ કહી શકાય કે ક્રમ ૮ (આઠ) મુજબના ગૌતમ ઋષિનો અત્રે નિર્દેશ છે.

(૧) ચિરકારી – ગૌતમ ઋષિના બે પુત્રોમાંના એક [૨]

ચિરકારી નામધારી એક જ વ્યકિતનો ઉલ્લેખ શ્રી ડાહ્યાભાઈ દેરાસરી કરે છે.

મહાભારતની કથા મુજબ, મહર્ષિ ગૌતમને વિષયોમાં દીર્ઘકાળ સુધી વિચાર કરી કર્તવ્ય કરનાર ચિરકારી નામે પુત્ર હતો.

તે સર્વ કાર્યમાં વિચાર કરતો, ચિરકાળ સુધી જાગૃત રહેતો તેમજ શયન કરતો તથા દીર્ઘકાળ પશ્ચાત્ કાર્ય પૂર્ણ કરતો, તેથી તે ચિરકારી કહેવાયો. [૩]

મંદબુદ્ધિ મનુષ્યો તેને દુર્બુદ્ધિ કહેવા લાગ્યા. એક દિવસ ગૌતમ પોતાની પત્નીના ઈન્દ્ર સાથે કરેલ વ્યભિચાર પર કુપિત થઈ પુત્ર ચિરકારીને આજ્ઞા કરી કે, **'जहीमां जननीमिति ।'** તારી માતાનો વધ કર.

આ વાત કહી ગૌતમ ઋષિ તપ કરવા ચાલ્યા ગયા. ચિરકારી પિતાના આદેશ પર વિચારવા લાગ્યો. કયા ઉપાય દ્વારા પિતાની આજ્ઞાનું પાલન પણ થાય અને માતાનો વધ પણ ન થાય ? પિતાની આજ્ઞાનું પાલન પરમ ધર્મ છે. માતાની રક્ષા તે પુત્રનો ધર્મ છે. પુત્ર માતા–પિતાને આધીન હોય છે. [૪]

ચિરકારી માતાનું મહત્ત્વ દર્શાવતા કહે છે –

**पुत्रपौत्रोपपन्नोडपि जननीं यः समाश्रितः ।**

**अपि वर्षशतस्यान्ते स द्विहायनवच्चरेत् ॥**

અર્થાત્, પુત્ર–પૌત્રથી સમ્પન્ન હોવા છતાં જે માતાના આશ્રયે રહે છે તે સો વર્ષની અવસ્થા હોવા છતાં તેમની પાસે બે વર્ષના બાળકની જેમ આચરણ કરે છે. [૫]

ચિરકારીએ પિતા અને માતા બંનેનું જીવનમાં અનેરું સ્થાન છે તેમ કહ્યું.

આમ, દીર્ઘકાળ સુધી વિચાર કરતો ચિરકારી બેસી રહ્યો.

ગૌતમ ઋષિ પુત્રને કરેલ આદેશ પર વિચારવા લાગ્યા. મારી પત્નીનો કોઈ અપરાધ નથી. પરંતુ બ્રાહ્મણવેશે પધારેલ ઈન્દ્ર અપરાધી છે. મારા દ્વારા ધર્મના વિષયમાં જે સ્ત્રીવધરૂપ પ્રમાદ થયો તે આ અપરાધની જડ છે. [૬]

ગૌતમ ઋષિ પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને પુત્ર ચિરકારી નામ પ્રમાણે આજે પણ કાર્ય કરે તેવું વિચારવા લાગ્યા.

પુત્રને માતાનો વધ ન કરેલ જોઈ પિતા ગૌતમ અતિ પ્રસન્ન થયા અને પુત્રની પ્રશંસા કરવા લાગ્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત સ્કન્દપુરાણ કુમારિલ ખંડમાં પણ આ કથાનો નિર્દેશ છે.

મહાભારતમાં યત્ર–તત્ર આખ્યાનો–ઉપાખ્યાનોને નિરુપ્યા છે. આવી કથાઓ નિરુપવા પાછળનો કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો મૂળ હેતુ ઉપદેશ આપવાનો છે. અહી તો સ્વયં ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે. તેથી કથાનું મહત્ત્વ વધી જાય છે.

પ્રસ્તુત ઉપાખ્યાન અનેક સૂચિતાર્થો રજૂ કરે છે, જે આ પ્રમાણે છે –

**માતૃપ્રેમ :**

ભારતીય સંસ્કૃતિ માતાને પૂજનીય ગણી દેવનો દરજ્જો આપનારી સંસ્કૃતિ છે તેથી જ કહ્યું છે કે **मातृदेवो भव ।**

માતા પ્રેમનું અવિરત વહેતું ઝરણું છે અને તેથી જ કદાચ ઈશ્વરના દૂત તરીકે ઈશ્વરે માને મોકલી છે. માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે. બાળકની અવનતિ અને ઉન્નતિનો આધાર તેની માતા પર જ છે. માતા કદાપિ મૃત્યુ પામતી નથી તે મનુષ્યની માનસિક ચેતનામાં જીવંત રહે છે. તેથી જ માતા અને માતૃભૂમિને સ્વર્ગથી પણ મહાન કહી છે. **जननी जन्मभूमि स्वर्गादपि गरीयसी ।** વિશ્વમાં માંની કોઈ ઉપમા નથી તે અજોડ છે.

ચિરકારી માતાનું ગૌરવ વર્ણવતા કહે છે. મારા મનુષ્ય શરીરનો મુખ્ય હેતુ માતા છે. જેવી રીતે અગ્નિ પ્રકટ થવાનો મુખ્ય આધાર અરણી–કાષ્ટ છે, તેવી રીતે માતા મનુષ્યના શરીરરૂપી અગ્નિને

પ્રકટાવનાર અરણી છે. સુખ અને સાંત્વના પ્રદાન કરનારી માતા છે. માતા જીવિત રહેવાથી તે સનાથ છે અને માતાના મૃત્યુ પશ્ચાત્ તે અનાથ બની જાય છે. માતા સિવાય પુત્રનું પાલન અન્ય કોઈ કરતું નથી. માતા વિના સંસાર સૂનો લાગે છે. માતા સમાન કોઈ છાયા નથી. માતા તુલ્ય અન્ય કોઈ સહારો નથી. માતા સમાન કોઈ રક્ષક નથી. બાળક માટે માતા સમાન અન્ય કોઈ પ્રિય વસ્તુ નથી. તે ગર્ભાશયમાં બાળકને ધારણ કરનાર હોવાથી ધાત્રી, જન્મ દેનાર હોવાથી જનની, પાલન–પોષણ કરવાથી અંબા તથા વીર સંતાનના પ્રસવને કારણે વીરસૂ કહેવાય છે. [૭]

માતૃગૌરવના વિષયમાં તમામ પ્રાચીન શાસ્ત્રકારો આશ્ચર્યજનક રીતે માતાની શ્રેષ્ઠતા વર્ણવતા થાકતા નથી. સામાન્ય ગૌરવયુકત પ્રશંસા તો ખરી જ પણ તે ઉપરાંત ધર્મશાસ્ત્રો આજ્ઞા કરે છે કે આપસ્તંબ ધર્મસૂત્ર અનુસાર માતા પતિતા હોય તો પણ તેની શુશ્રૂષા કરવી.

બોધાયન ધર્મ સૂત્ર પ્રમાણે પતિત પિતાનો ત્યાગ થઈ શકે પણ પતિત માતા કદાપિ પુત્ર માટે ત્યાજય નથી.

વશિષ્ઠ ધર્મસૂત્ર મુજબ પુત્રે માતા–પિતાના વિખવાદમાં કોઈનો પક્ષ લઈને ન બોલવું પણ માતાના પક્ષે બોલવું, કારણ માતા તેનું ધારણ અને પોષણ કરે છે.

માતાનું ગૌરવ પૃથ્વીથી પણ અધિક છે.

મહાભારત આદિપર્વમાં કહ્યું છે કે –

**सर्वेषामेव शापानां प्रतिघातो हि विद्यते ।**

**न तु मात्राभिशप्तानां मोक्षः क्वचन विद्यते ॥**

અર્થાત્, સર્વ પાપોનું નિરાકરણ શકય છે. પરંતુ માતાના શાપથી પુત્રને મુકિત મળતી નથી. [૮]

વર્તમાન યુગ પણ પ્રાચીન યુગની મફક માતાને ઉચ્ચ દરજ્જો આપે છે. ચિરકારીને મન માતાનું સ્થાન અદકેરું છે તે પિતા કરતા પણ માતાને ચઢિયાતી ગણે છે. માતાની એક આંખમાં ક્રોધ અને બીજી આંખમાં પ્રેમ હોય છે તે હસાવે પણ છે અને રડાવે પણ છે. તે માતા વિશે ગુજરાતી કવિઓએ પણ અનેકગણી પ્રશંસા કરી છે. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', 'જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે', 'મા તે મા બીજા વગડાના વા', મહા હેતવાળી દયાળી જ મા તું.' ઈત્યાદિ અનેક ગુણગાન ગાઈ માતાનું ગૌરવ વધાર્યું છે.

ભગવાન્ પરશુરામ પણ માતૃભકત હતા. તેમણે પિતાની આજ્ઞા દ્વારા માતાનો વધ કરી વરદાનમાં પુનઃ માતા જીવિત થાય તેમ માંગ્યું.

ગુણવંત શાહ કહે છે, ''માતા શબ્દ નથી પણ શબ્દતીર્થ છે.''

માતાના ગુણગાન ગાતા રામનારાયણ પાઠકની પંકિતનું સ્મરણ થાય છે.

*''પરથમ પરણામ મારા માતાજીને કહેજો;*

*માન્યુ જેણે માટીને રતનજી.''*

**પિતૃભકિત :**

તૈત્તિરીય ઉપનિષદ્માં પિતાને દેવ માની તેની પૂજા કરી છે. [૯] સમાજમાં માતા–પિતાનું સ્થાન સમાન છે.

મહાભારતકાર માતાને પૃથ્વીથી અધિક અને પિતાને આકાશથી ઊંચા કહે છે. [૧૦]

આવા પિતા શબ્દની વ્યુત્પત્તિ રક્ષણાર્થક **पा** ધાતુથી થાય છે. **पा** ધાતુને **तृच्** પ્રત્યય લગાડવાથી તથા આકારનો **इत्व** નું નિયાતન કરવાથી **पितृ** શબ્દ નિષ્પન્ન થાય છે. **पितृ** શબ્દથી પ્રાતિપદિક સંજ્ઞા કરવાથી **'सु'** વિભકિત આવે છે. પશ્ચાત્ **'अनङ्'** અને **'दीर्घ'** કરવાથી **'पिता'** રૂપ બને છે.

પિતા શબ્દનું નિર્વચન કરીએ તો –

(૧) **पाति धर्मान् बोधयति – शिक्षयति चाधर्मान्निवर्तयति पुत्रमिति पिता ।**
અર્થાત્ જે ધર્મની શિક્ષા આપી અધર્મથી નિવૃત્ત કરે.

(૨) **पाति पाठयति विद्यां व्यश्नयति लौकिकव्यवहारानिति पिता ।**
અર્થાત્ જે વિદ્યાભ્યાસ કરાવે અને લોકવ્યવહારમાં કુશળ બનાવે.

(૩) **पाति क्षमतेडपत्यकृतानपराधानाकलप्यसुखसाधनानीति पिता ।**
અર્થાત્ જે સુખ સંપત્તિ ઉપસ્થિત કરે તથા પુત્રના અપરાધને ક્ષમા કરે.

(૪) **पाति ददाति स्वोपार्जितधनधान्यादीनि यः स पिता ।**
અર્થાત્ સંગ્રહિત સમસ્ત સંપત્તિ પુત્રને આપો.

(૫) **पाति गृह्णाति सदपत्यप्रत्तजलाक्तक्रल्यादिकमिति पिता ।**
અર્થાત્ જે પોતાના પુત્ર દ્વારા આપેલ જલાંજલિને ગ્રહણ કરે.

(૬) **पाति गच्छति सदपत्योत्पादनाय स्वदारानिति पिता ।**
અર્થાત્ જે ઉત્તમ સંતાન માટે ધર્મપત્ની સાથે સમાગમ કરે.

(૭) **पाति प्रार्थयते भगवन्तं स्वापत्यरक्षणाय यः स पिता ।**
અર્થાત્ જે સ્વ સંતાન માટે ઈશ્વરને પ્રાર્થના કરે.

(૮) **पाति प्रयोजयति सत्कार्येषु यः स पिता ।**
અર્થાત્ જે ઉત્તમ કાર્યમાં પ્રેરીત કરે.

(૯) **पाति लभतेडपत्यकृतां शुश्रूषामिति पिता।**

અર્થાત્ જે પુત્ર દ્વારા કરાયેલ સેવાનો સ્વીકાર કરે.

(૧૦) **पाति पिबति सकलावगुणरसान् पतनकारिणो लोकविद्विष्टान् स्वापत्यकृतान् यः स पिता।**

અર્થાત્ જે પતનની ખાઈમાં નાખનાર સમસ્ત લોક વિરુદ્ધ અવગુણોને ગ્રહણ કરી પુત્રને પ્રેમ કરે.

(૧૧) **पाति रक्षति दोषेभ्यः शत्रुभ्यो वेति पिता।**

અર્થાત્ જે દોષ તેમજ શત્રુઓથી રક્ષણ કરે.

(૧૨) **पाति रक्षयतीति पिता।**

અર્થાત્ જે સેવક આદિ દ્વારા પુત્રની રક્ષાનો પ્રબંધ કરે, તે પિતા છે. [૧૧]

ચિરકારીએ પિતાનો આદેશ સાંભળી વિચાર્યું કે પિતાની આજ્ઞાપાલન પરમ ધર્મ છે. પિતા સ્વયં પોતાના શીલ, સદાચાર, કુળ અને ગોત્રની રક્ષા માટે સ્ત્રીના ગર્ભમાં આધાન કરે છે અને પુત્રરૂપે ઉત્પન્ન થાય છે. પિતા ભરણ–પોષણ કરનાર તથા શિક્ષા આપનાર હોવાથી પ્રધાન ગુરુ છે. તે ધર્મનું સાક્ષાત્ સ્વરૂપ છે. પુત્ર પિતાની પ્રીતિરૂપ છે અને પિતા પુત્રનું સર્વસ્વ છે તેથી પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. જે પિતાની આજ્ઞાનું પાલન કરતા નથી તેના સર્વ પુણ્ય નષ્ટ થઈ જાય છે. [૧૨]

**पिता धर्मः पिता स्वर्गः पिता हि परमं तपः।**
**पितरि प्रीतिमापन्ने सर्वाः प्रीयन्ति देवताः॥**

અર્થાત્ પિતા ધર્મ, સ્વર્ગ અને તપસ્યા છે. પિતાના પ્રસન્ન થવાથી સંપૂર્ણ દેવતા પ્રસન્ન થાય છે. [૧૩]

બ્રહ્મવૈવર્તપુરાણ અંતર્ગત ક્રમશઃ સાત અને પાંચ પ્રકારના 'પિતા' નો ઉલ્લેખ કર્યો છે.

કન્યા દેનાર, ભરણ–પોષણ કરાવનાર, આપત્તિમાંથી રક્ષનાર, જન્મ દેનાર, મંત્ર દેનાર અને જયેષ્ઠ ભાઈ – આ સાત પ્રકારના પિતા શાસ્ત્રમાં કહ્યા છે. [૧૪]

અન્ન આપનાર, રક્ષણ કરનાર, વિદ્યા આપનાર, જન્મ દેનાર – આ પિતા છે. [૧૫]

ચાણકયનીતિ પાંચ પ્રકારના પિતાનો ઉલ્લેખ કરે છે. ''જન્મદાતા, ગાયત્રી ઉપદેશક, વિદ્યા આપનાર, ભરણ–પોષણ કરનાર અને વિપત્તિમાં રક્ષણ કરનાર – આ પાંચ પ્રકારના 'પિતા' શાસ્ત્રમાં કહ્યા છે.'' [૧૬]

ઉપર્યુકત પિતાના ઉલ્લેખમાં જન્મ દેનાર પિતાને શ્રેષ્ઠ અને પૂજય કહ્યા છે. ધર્મશાસ્ત્રાદિ સદ્ગ્રન્થોનો સિદ્ધાંત છે કે – **सर्वेषामपि पितृणां जन्मदाता परो मतः।**

**दुर्लभो मानुषो देहः।** અનુસાર માનવ દેહ અત્યંત દુર્લભ છે. આ અપ્રાપ્ય શરીરને પ્રદાન કરનારનું શ્રેય પિતાને છે. બ્રહ્મવૈવર્ત પુરાણના ગણપતિખંડમાં સ્પષ્ટ કહ્યું છે કે – ''જે પિતાની કૃપાથી

મનુષ્ય ઈહલોક અને પરલોકના સમસ્ત સુખોને ભોગવે છે તે સર્વથા સર્વના પૂજનીય છે. જન્મ આપવાથી 'જનક', રક્ષા કરવાથી 'પિતા', સૃષ્ટિનો વિસ્તાર કરવાથી 'પ્રજાપતિ' સંજ્ઞા પ્રાપ્ત થઈ છે.'' [૧૭]

પુત્ર માટે અહૈતુક કલ્યાણ ઈચ્છનાર પિતાથી મહાન કોઈ નથી. અતઃ પુત્ર પોતાના પિતાના જન્મ જન્માંતર સુધી ઋણમુકત નથી થતો. પુત્રએ પિતાની શ્રદ્ધા અને ભકિતપૂર્વક જીવનપર્યન્ત સેવા કરવી. પિતૃસેવાનું મહત્ત્વ પદ્મપુરાણમાં આ પ્રમાણે વર્ણવ્યું છે. ''વિદ્વાન્ મનુષ્યોને જે પ્રકારે યજ્ઞનું જે કંઈ ફળ પ્રાપ્ત થાય છે તે ફળ પુત્રને પિતાની સેવાથી પ્રાપ્ત થાય છે.'' [૧૮]

પિતાની સેવાથી દેવતા, ઋષિ તથા ત્રણેલોકની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. [૧૯]

પુત્ર માટે પિતા સર્વસ્વ છે.

**पिता धर्मः पिता स्वर्गः पिता हि परमं तपः ।**

**पितरि प्रीतिमापन्ने प्रीयन्ते सर्वदेवताः ॥**

અર્થાત્ પિતા ધર્મ, સ્વર્ગ, તપ, પૂજા ઈત્યાદિ છે. તેનાથી ઉત્તમ કોઈ દેવતા નથી.

**नास्ति तात समो देवो नास्ति तात समो गुरूः ।**

**नास्ति तात समो बन्धुर्नास्ति तात समः क त् ॥**

અન્ય ધર્મ ગ્રંથો અનુસાર,

**नास्ति पितृसमो गुरूः ।**

**न च मित्रं पितुः परम् ।**

**मातापित्रोः परं तीर्थम् ।**

**पिता देवो जनार्दनः ।**

જે સમયે પવિત્ર ભારતભૂમિ પર પિતૃભકત બાળક વિરાજમાન હતા તે સમયે આ દેશ સર્વ પ્રકારના સુખ વૈભવથી સમૃદ્ધ હતો. આજે પણ પિતૃભકિત એવં પિતૃ સેવાના પ્રભાવથી ભાવિ સંતાન સદાચારી અને પિતૃભકત બની શકે છે. પિતૃભકત બાળકથી દેશનું સદા કલ્યાણ થતું રહ્યું છે.

પ્રાચીન ઈતિહાસોમાં ભગવાન રામચંદ્ર, પિતામહ ભીષ્મ, વીરવર પરશુરામ, બાળક નચિકેતા જેવા અનેક પિતૃભકત પુત્ર ઉત્પન્ન થયા. જેની અટલ કીર્તિ આજે પણ અમર છે. એ જ પ્રમાણે અનેક ઋષિ મુનિઓ, રાજા–મહારાજાઓની પિતૃભકિત પ્રસિદ્ધ છે, જેના દ્વારા આપણે શિક્ષા ગ્રહણ કરવી જોઈએ.

આજે પણ અનેક પિતૃભકત વિદ્યમાન છે, જે પિતૃસેવા દ્વારા આધ્યાત્મિક આધિદૈવિક એવં આધિભૌતિક ઉન્નતિ પ્રાપ્ત કરી રહ્યા છે. અત એવ આપણે સૌએ પણ પરમારાધ્ય પિતૃદેવની સેવા દ્વારા પોતાના સર્વવિધ કલ્યાણના સાધનને સુગમ બનાવવું જોઈએ.

ચિરકારી માતા અને પિતા બંનેને આદર્શ અને પૂજય માને છે. જીવનમાં બંનેનું સ્થાન એક સમાન છે તે કહે છે, પિતાનો અનાદર ઉચિત નથી. માતાની રક્ષા કરવી પુત્રનો ધર્મ છે. આ બંને ધર્મ ઉચિત અને યોગ્ય છે. માતા–પિતા બંનેએ પુત્રરૂપે જન્મ આપ્યો છે. બંને ઉત્પત્તિનું કારણ છે. [૨૦]

મનુસ્મૃતિ માતા–પિતાનું મહત્ત્વ દર્શાવતા કહે છે કે પુત્રના પાલન–પોષણમાં માતા–પિતા જે કલેશ સહે છે તેનો બદલો સો વર્ષોમાં પણ ચૂકવી શકાતો નથી. [૨૧]

વાલ્મીકિ રામાયણ અનુસાર પિતાની સેવા તથા આજ્ઞા પાલન જેવો મહત્ત્વપૂર્ણ ધર્મ અન્ય કોઈ નથી. [૨૨]

સમાજમાં માતા–પિતા બંનેને સમાન દરજ્જો અપાયો છે.

**ક્રોધ :**

ક્રોધની ચર્ચા પૂર્વે થઈ ગયેલ છે. તેમ છતાં અહીં મુકવાનું કારણ એ છે કે ગૌતમ ઋષિને ક્રોધ ઉત્પન્ન થયો જેથી ચિરકારીને માતૃવધનો આદેશ અપાયો છે. તેમણે પુત્ર ચિરકારીને આજ્ઞા આપી કે તારી માતાનો વધ કર. વગર વિચાર્યે શાપ આપી ઋષિ જપ કરવા વનમાં ચાલ્યા ગયા.

ગૌતમે ક્રોધવશ કેટલું મોટું અનર્થ સર્જી દીધું. આ ક્રોધ સર્વ અમંગળનું મૂળ છે. તેને વશ થઈ કરેલ કર્મ અનિષ્ટકારી હોય છે.

તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ક્રોધને નરકનું દ્વાર કહ્યું છે. [૨૩]

ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે. સંમોહથી બુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને બુદ્ધિ નાશથી મનુષ્ય સ્વયંની સ્થિતિથી નીચે પડી નષ્ટ થઈ જાય છે. [૨૪]

વાલ્મીકિ રામાયણ પ્રમાણે ક્રોધ પ્રાણ હરનાર શત્રુ છે. ક્રોધ મિત્ર જેવો દેખાતો શત્રુ છે. ક્રોધ અત્યંત તીક્ષ્ણ તલવાર તથા ક્રોધ સર્વ ગુણોનો નાશક છે. [૨૫]

મત્સ્યપુરાણ મુજબ **अकार्यं क्रियते मूढैः प्रायः क्रोधसमीरितैः ।** અર્થાત પ્રાયઃ ક્રોધથી પ્રેરિત મૂર્ખ જનો અકાર્ય કરી બેસે છે. [૨૬]

વિદૂરનીતિ અનુસાર **अक्रोधेन जयेत् क्रोधम् ।** અર્થાત્ અક્રોધથી ક્રોધને જીતો.

જૈનપુરાણમાં એક કથા છે કે – એકવાર શ્રી બલદેવ, વાસુદેવ અને સાત્યકિ ત્રણે વનમાં ભૂલા પડયા. તે ત્રણેએ અશ્વ પરના જીન ઉતારી ભૂમિ પર મૂકયા. રાત્રિનો પ્રથમ પ્રહર સમાપ્ત થઈ ચૂકયો હતો. અંતિમ ત્રણ પ્રહર પસાર કરવાના હતા. નિશ્ચય કર્યો કે એક પછી એક ત્રણે જાગૃત રહી રક્ષા કાર્ય કરે.

પ્રથમ સાત્યકિએ રક્ષા કરવી તેમ નક્કી કરી શ્રી બલદેવ અને શ્રી વાસુદેવ નિદ્રાધીન થયા, ત્યારે ત્યાં એક ભયંકર પિશાચ પ્રકટ થયો. તેમણે સાત્યકિને કહ્યું હું તને મુકત કરીશ. આ બંનેનું ભક્ષણ કરવા દે.

સાત્યકિએ કહ્યું, પ્રાણની રક્ષા કરવી હોય તો અહીંથી ચાલ્યો જા. પિશાચે આ વાત સાંભળી નહીં અને પિશાચે સાત્યકિ સાથે યુદ્ધ કર્યું. પરંતુ સાત્યકિ જેમ ક્રોધ કરતા તેમ પિશાચનું શરીર વૃદ્ધિ પામતું હતું. યુદ્ધ કરતા એક પ્રહર સમાપ્ત થઈ ગયો. પિશાચ અદશ્ય થઈ ગયો. સાત્યકિએ શ્રી બલદેવને જાગ્રત કર્યા. પિશાચ પુનઃ પ્રકટ થયો. બલદેવ અને પિશાચ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ થવા લાગ્યું. એક પ્રહર પશ્ચાત્ બલદેવ નિદ્રાધીન થયા.

હવે શ્રી વાસુદેવ જાગ્રત થયા. પિશાચ પુનઃ પ્રકટ થયો. હવે પિશાચની દુર્ગતિ થવાની હતી. જયારે પિશાચ ક્રોધિત થતો તો વાસુદેવ હસવા લાગતા. પરિણામે પિશાચનું બળ ઘટવા લાગ્યું. અંતે તે નાના કીડા જેવડો થઈ ગયો.

પ્રાતઃકાળે ત્રણે જાગ્યા. સાત્યકિનું મુખ અને પાદ પર ઘાવ લાગ્યા હતા. આ જોઈ વાસુદેવે ઘાવનું કારણ પૂછયું. સાત્યકિએ પિશાચની વાત કરી. આ સાંભળી બલદેવજીએ કહ્યું, તે પિશાચે મને પણ તંગ કર્યો હતો.

વાસુદેવે તે પિશાચ જે કીડા જેવો થઈ ગયો હતો, તેને સમ્મુખ મૂકયો અને કહ્યું, આ રહ્યો પિશાચ. આ તો ક્રોધ છે જેટલો ક્રોધ તમે કરતા ગયા તેમ તે વૃદ્ધિ પામતો ગયો. આ તેમનું સ્વરૂપ છે. ક્રોધ ન કરવાથી તેનું બળ અને વિસ્તાર સર્વ સમાપ્ત થઈ જાય છે. [૨૭]

વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે તે મહાન્ પુરુષ ધન્ય છે જે પોતાના ક્રોધને બુદ્ધિ દ્વારા એવી રીતે નિયમનમાં કરે છે કે જેવી રીતે દીપ્ત અગ્નિ જળને રોકી રાખે છે. [૨૮]

ધમ્મપદના મતે તોફાને ચઢેલા રથની પેઠે ઉછાળા મારતા ક્રોધને જે પોતાને તાબે કરી શકે તે જ ખરો સારથિ છે. બાકી બીજા તો ખાલી રાશને પકડનારા છે. [૨૯]

ક્રોધ મનુષ્યનો મહાન શત્રુ છે. ક્રોધને કારણે જ પરશુરામે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી.

ઋષિમુનિઓ સુલભકોપા હોય છે. તે ક્ષણમાં કોપાયમાન થઈ જતા હોય છે. ક્રોધ સમયે મનુષ્યની આંખો બંધ થઈ જાય છે, જેથી તે શુભાશુભ પરિણામનો વિચાર કરી શકતો નથી. પરીક્ષિત ક્રોધને કારણે જ શાપગ્રસ્ત થઈ મૃત્યુ પામ્યા.

જેણે ક્રોધ પર વિજય મેળવ્યો, તેણે વિશ્વ પર વિજય પ્રાપ્ત કર્યો છે.

આજે મનુષ્યમાં ક્રોધનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. મનુષ્ય સજ્જનતા ગુમાવી ક્રોધ કરવા લાગ્યો છે. પરિણામે સમાજમાં અપરાધ વધવા લાગ્યા છે. મનુષ્યમાં સહનશકિતનો અભાવ થતો જાય છે.

**સ્ત્રી ચારિત્ર્ય અપરાધ :**

સ્ત્રીનો ચારિત્ર્ય વિષયક અપરાધ મહાભારતકારને ક્ષમ્ય નથી. તેથી વારંવાર ચારિત્ર્ય ભ્રષ્ટ સ્ત્રીઓની નિંદા કરી છે અને તેના વધના પણ અનેક ઉદાહરણો મળે છે.

ગૌતમ પત્નીથી પણ ચારિત્ર્યનો અપરાધ થયો. પરંતુ તેમાં ગૌતમ પત્ની કારણભૂત નથી. તેમણે તો આતિથ્યધર્મ સમજી ઈન્દ્રનો સત્કાર કર્યો. પરંતુ ઈન્દ્રની વિષયલોલુપતાને કારણે અઘટિત ઘટના ઘટી. તેમાં સ્ત્રીનો કોઈ અપરાધ નથી.

આટલી બાબત મહાભારતકાર નિરુપે છે. પરંતુ ઈન્દ્રે પ્રણયની યાચના કરી ત્યારે ગૌતમ પત્નીએ કહ્યું, ‘હું આતિથ્યધર્મને આધીન છું તેથી નિયમવશ પ્રણય કરીશ.’ એમ કહ્યું. તે બાબત મહાભારતમાં નથી, માત્ર આતિથ્યધર્મ સમજી ઈન્દ્રએ સત્કાર કર્યો તે બાબતનું જ નિરુપણ છે.

ગૌતમ ઋષિ પશ્ચાત્તાપ કરતા કહે છે –

**एवं न स्त्री न चैवाहं नाध्वगस्त्रिदशेश्वरः ।**

**अपराध्यति धर्मस्य प्रमादस्त्वपरात्तम्रति ॥**

અર્થાત્ આ બાબતમાં જે ખોટું થયું છે તેમાં શું સ્ત્રીનો, શું મારો કે, શું દેવરાજ ઈન્દ્રનો કોઈનો અપરાધ નથી. અપરાધ હોય તો તે છે ધર્મના પ્રમાદનો, ધર્મના છિદ્રનો. [30]

પુરાણોકી કહાનિયાઁના કર્તા વેદપ્રકાશ સોની ગૌતમ પત્ની તરીકે અહલ્યાનો ઉલ્લેખ કરે છે તે કથા મુજબ એકવાર ગૌતમ પત્ની અહલ્યા સાથે ઈન્દ્રે છલપૂર્વક દુરાચરણ કર્યું. શીઘ્ર આ દુર્ઘટનાની ચર્ચા સમસ્ત ભૂમંડળમાં પ્રસરી ગઈ. આ સાંભળી ગૌતમ ઋષિએ ઈન્દ્રને ભયંકર શાપ આપ્યો. તેમ છતાં તેમનો આવેગ ઓછો ન થયો. તે ઉન્મત્તની જેમ અહલ્યાને સમાપ્ત કરવા તત્પર થયા. પરંતુ અહલ્યા પ્રાણના ભયથી આશ્રમમાં છૂપાઈ ગઈ. તેમાં અહલ્યાનો કોઈ દોષ ન હતો. તેને ભ્રમમાં નાખી ઈન્દ્રે દુરાચરણ કર્યું હતું. ગૌતમ ઋષિ ક્રોધિત થઈ ગયા. આ જોઈ પુત્ર ચિરકારી તેમની સમીપ ગયો તેથી પિતાએ કહ્યું. તારી માતાનું મસ્તક દેહથી અલગ કરી નાખ. આ મારી આજ્ઞા અને અંતિમ ઈચ્છા છે.

આ પ્રમાણેની કથાનું નિરુપણ વેદપ્રકાશ સોનીએ કર્યું છે. પરંતુ મહાભારતકાર ગૌતમ પત્ની જ કહે છે. તે અહલ્યા હતી, તેવો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી અને કથામાં પણ તફાવત છે. મહાભારતકાર માત્ર ઈન્દ્રના આતિથ્યધર્મના બદલામાં ઈન્દ્રની વિષયલોલુપતાની વાત જ કરે છે. જેને કારણે ગૌતમ પત્નીનો અપરાધ અલ્પ લાગે છે. તેથી જ ગૌતમ ઋષિને પશ્ચાત્તાપ થયો અને તેના પુત્રએ પત્નીનો વધ ન કર્યો હોય એમ ઈચ્છે છે.

આ કથાની તુલના અહલ્યા કથા સાથે કરી શકાય. કારણ કે ઋષિનું નામ ગૌતમ, સ્ત્રીના કશાક વ્યભિચારનો નિર્દેશ અને સજા તેમજ ગૌતમના વિચારોમાં સ્પષ્ટ રીતે ઈન્દ્રના આતિથ્ય વ્રત અને પ્રણય યાચનાનો ઉલ્લેખ અહલ્યા કથાનું સ્મરણ કરાવે છે. [૩૧]

વનપર્વ અંતર્ગત આવતી પરશુરામની કથાનું સ્મરણ પણ થાય છે. તેમાં પણ માતા ચારિત્ર્ય અપરાધ માટે એના વધની સજાનો પિતાએ પુત્રને આપેલો આદેશ નોંધનીય છે. પરશુરામનું માતૃવધનું કાર્ય નીંદનીય છે. પિતાની આજ્ઞાના પાલનરૂપે પણ આ કાર્ય ટીકાપાત્ર તો છે જ.

ગૌતમનું સ્ત્રીના અપરાધને સ્વીકૃત ગણી લેવાનું જે વલણ છે, તેમાં મતભેદ ઉત્પન્ન થાય છે. કારણ કે તેમાં ગૌતમ પત્નીનો કોઈ દોષ નથી.

સમાજમાં સ્ત્રીનું સ્થાન વિશિષ્ટ રહ્યું છે. તેથી જ મનુ ભગવાન્ તો ત્યાં સુધી કહે છે કે જયાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાનો વાસ હોય છે. [૩૨]

સ્ત્રી અપરાધના વિષયમાં ચિરકારી વિચાર કરતા કહે છે, ''વાસ્તવમાં સ્ત્રીનો કોઈ અપરાધ નથી. પુરુષ જ અપરાધ કરે છે. વ્યભિચારનું મહાન્ પાપ પુરુષ કરે છે, તેથી તે અપરાધી છે. સ્ત્રીને માટે પતિ પરમ આદરણીય છે. મારી માતાએ એવા પુરુષ પાસે આત્મસમર્પણ કર્યું. જે શરીર, વેશભૂષા ઈત્યાદિથી પિતા સમાન હતા. સ્ત્રી પરાધીન હોવાને કારણે અપરાધી નથી.''

આ વિચારમાં ચિરકરીની માતા દોષિત નથી. તે બાબત સ્પષ્ટ કરી છે અને એક વાકય જે શરીર અને વેશભૂષાથી તેના પતિ સમાન હતા તે વાત પરથી વેદપ્રકાશ સોનીના મત સાથે સહમત થઈ શકાય કે તે કદાચ અહલ્યા હોઈ શકે. પરંતુ આ માત્ર કલ્પના છે. તેમાં વાસ્તવિકતાનો અંશ નહિવત્ છે.

સાંપ્રત સમયમાં પણ સમાજ સ્ત્રીના ચારિત્ર્ય અપરાધને ક્ષમ્ય ગણતું નથી. આજે આપણે વારંવાર સાંભળીએ છીએ કે પતિ દ્વારા વ્યભિચારિણી પત્નીની હત્યા તે પુરુષનો સહજ સ્વભાવ છે. પ્રત્યેક પુરુષ એમ જ ઈચ્છે છે કે તેની પત્ની શુદ્ધ ચારિત્ર્યવાન હોય. આથી જ સમાજમાં ચાલતી અરાજકતામાંથી તે પોતાની પત્નીની રક્ષા પણ કરે છે, અને આવશ્યકતા ઊભી થાય તો અન્ય પુરુષનો વધ કરતા પણ તે અચકાતો નથી.

**દીર્ઘદષ્ટા :**

પ્રત્યેક મનુષ્યે દીર્ઘદષ્ટા બનવું જોઈએ અને પ્રત્યેક કર્મ દીર્ઘ વિચાર પશ્ચાત્ જ કરવું જોઈએ. વિચાર્યા વિના કાર્ય કરનારને અંતે પશ્ચાત્તાપ વહોરવો પડે છે.

ચિરકારી દીર્ઘદષ્ટા હતો. તે કર્તવ્ય વિષયો પર દીર્ઘ વિચાર કરી સર્વ કાર્ય વિલંબથી કરતો. તેથી તે ચિરકારી નામે પ્રસિદ્ધ થયો.

ચિરકારી હોવાને કારણે જ તેમણે પિતાની આજ્ઞાનું તત્કાળ અમલ ન કરતા તે વિષય પર વિચાર કરી, માતા–પિતાનું મહત્ત્વ દર્શાવ્યું અને અંતે પિતાની આજ્ઞા કરતા પણ તેને માતાનું જીવન વિશેષ પ્રિય લાગતા તેમણે માતાનો વધ ન કર્યો. ગૌતમ ઋષિ પણ પશ્ચાત્તાપ કરતા વિચારવા લાગ્યા.

આજે ચિરકારીએ વિલંબથી કાર્ય કરવાનો પોતાના સ્વભાવનું અનુસરણ કર્યું હશે તો ચિરકારી નામ સાર્થક થશે. આ વાત વારંવાર કહી પોતાની પત્ની અને પુત્રને સન્મુખ જોઈ ગૌતમ ઋષિ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા.

**चिरकारिक भद्रं ते चिरकारी चिरं भव ।**
**चिराय यदि ते सौम्य चिरमस्मि न दुःखितः ॥**

અર્થાત્ તું ચિરકાળ સુધી ચિરકારી એવં ચિરંજીવી બની રહે. [૩૩]

મુનિશ્રેષ્ઠ ગૌતમે ચિરકારીને આ ગાથા કહી ચિરકાળ સુધી વિચારી કોઈની સાથે મિત્રતા કરવી અને જેને મિત્ર બનાવીએ તેનો સહસા ત્યાગ ન કરવો. ત્યાગવાની આવશ્યકતા ઉત્પન્ન થાય તો પરિણામ પર ચિરકાળ સુધી વિચારી લેવું. દીર્ઘકાળ સુધી વિચાર કરી બનાવેલ મિત્રની મિત્રતા ચિરકાળ સુધી ટકી રહે છે. રાગ, દર્પ, અભિમાન, પાપાચરણ અને કોઈનું અપ્રિય કરવામાં જે વિલંબ કરે છે તેની પ્રશંસા કરાય છે. બન્ધુઓ, સુહૃદો, સેવકો અને સ્ત્રીઓના અપરાધોના વિષયમાં કંઈ નિર્ણય કરવામાં ઉતાવળ ન કરી દીર્ઘકાળ સુધી વિચાર કરે છે, તેની પ્રશંસા થાય છે. [૩૪]

ચિરકારીની કથા સાથે પરશુરામનું કથાનક સરખાવી શકાય. પરશુરામને પણ પિતાએ આદેશ આપ્યો કે, 'તારી માતાનો વધ કર.' તે પરશુરામે તત્કાળ કર્યું, જયારે ચિરકારીએ પિતાની તેવી જ આજ્ઞાનું પાલન ન કરતા તેના પર વિચાર કર્યો અને અંતે તેને પિતાની આજ્ઞા યોગ્ય ન લાગતા માતાનો વધ ન કર્યો.

પરશુરામ અને ચિરકારી બંનેને એક સમાન આજ્ઞાપાલનનો સમય આવ્યો. પરંતુ તેમાં પરશુરામે યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. આ કથા દ્વારા પરશુરામનો પિતૃપ્રેમ તો ખરો પણ તે ઉપરાંત તેનું વિચાર્યા વિનાનું કરેલ કાર્ય પણ જોઈ શકાય છે. ચિરકારી માતા–પિતા બંનેનું જીવનમાં સમ્યક્ સ્થાન જુએ છે. પરશુરામના કાર્યમાં તેનો ક્રોધિત સ્વભાવ અને ત્વરિત નિર્ણય શકિત દષ્ટિગોચર થાય છે, જયારે ચિરકારી ધીરગંભીર વ્યકિતત્વવાળો છે.

પંચતંત્રના કાકોલૂકીયમાં એક વાર્તા છે. એકવાર એક સિંહ શિકારની શોધમાં વનમાં ફરવા લાગ્યો. દુર્ભાગ્યવશ શિકાર મળ્યો નહી. પરંતુ તેમણે એક ગુફા જોઈ ગુફામાં કોઈ હતું નહી. તે સમયે શિયાળ ત્યાં આવ્યું. તેમણે વિચાર્યું કે આ ગુફામાં કોઈ જનાર પ્રાણીના પદચિહ્ન છે. પરંતુ તે પદચિહ્ન બહાર નીકળતા નથી. તેથી નિશ્ચિત આ ગુફામાં કોઈ છે. દીર્ઘ વિચાર કરી તેમણે બિલના નામની બૂમ પાડી. આ સાંભળી

સિંહે પ્રતિસાદ આપ્યો. તેથી શિયાળે માન્યું કે નિશ્ચિત આ ગુફામાં કોઈ પ્રાણી છે અને વિચારતું ચાલ્યું ગયું કે જે સાવધાન થઈ વિચારપૂર્વક કાર્ય કરે છે. તે શોભા પામે છે અને જે વિચાર્યા વિના કરે છે તે પશ્ચાત્તાપ કરે છે. હું આ વનમાં રહેતા વૃદ્ધ થઈ ગયો પરંતુ મેં કોઈ બીલનો અવાજ સાંભળ્યો નથી. અવશ્ય કંઈક ગરબડ છે. [૩૫]

આમ, શિયાળ દીર્ઘ વિચાર કરી મૃત્યુના મુખમાંથી બચી શકયું.

મહાભારતના શાન્તિપર્વમાં ભીષ્મ યુધિષ્ઠિરને સંકટ સમયે કેવી બુદ્ધિ વાપરવી તે વિષયક એક કથા કહે છે.

એક તળાવમાં અનાગત–વિધાતા, પ્રત્યુત્પન્નમતિ તથા દીર્ઘસૂત્રી નામના ત્રણ મત્સ્યો નિવાસ કરતા હતા.

એકવાર તે તળાવમાંથી જળ બહાર કાઢવાનો પ્રારંભ કર્યો. આ જોઈ અનાગત વિધાતા જે પ્રત્યેક કાર્યનો સંકટ પહેલા જ વિચાર કરનાર મત્સ્યે કહ્યું, આપણે અહીંથી દૂર જતું રહેવું જોઈએ. જે આવનાર સંકટ આવતા પહેલા જ સુનીતિ દ્વારા દૂર કરે છે, તે કદાપિ પ્રાણ જવાના સંકટમાં પડતા નથી. તેથી અન્ય જળાશયમાં ચાલ્યા જઈએ. [૩૬]

આ વાત પ્રત્યુત્પન્નમતિ અને દીર્ઘસૂત્રીને માન્ય ન હતી. તેથી અનાગતવિધાતા નામનો મત્સ્ય ઊંડા જળાશયમાં ચાલ્યો ગયો.

હવે માછીમારોએ જળાશયનું પાણી ઓછું થતા જાળ બિછાવી મત્સ્યોને જાળમાં પકડી લીધી. તેમાં પ્રત્યુત્પન્નમતિ અને દીર્ઘસૂત્રી પણ ફસાઈ ગયા.

આમ જે સંકટ પહેલા જ સ્વરક્ષાનો ઉપાય કરી લે છે, તે અનાગત વિધાતાની માફક બચી જાય છે.

જે વિચારપૂર્વક કામ કરનાર તથા સતત સાવધાન રહેનાર છે, તે ઈચ્છાનુસાર ફળ પ્રાપ્ત કરે છે. [૩૭]

અતઃ નીતિ કહે છે કે સમય પહેલા જ પોતાના કલ્યાણ માર્ગનો વિચાર કરી લેવો જોઈએ. તે શ્રેયસ્કર માર્ગ છે. પ્રત્યુત્પન્નમતિ અનુસાર અવસરની પ્રતીક્ષા પણ ન કરવી જોઈએ. કારણ કે તે માર્ગ પણ સંશયાત્મક છે. પ્રથમ માર્ગ તો ઉત્તમ છે, દ્વિતીય મધ્યમ અને તૃતીય દીર્ઘસૂત્રી મત્સ્યની નીતિનું અનુસરણ કરનાર ઈહલોક તથા પરલોક બંનેમાં દુર્ગતિ ભોગવે છે. અતઃ અનાગતવિધાતા બનવાની ચેષ્ટા કરવી જોઈએ.

ચિરકારી પણ દીર્ઘ વિચારપૂર્વક કાર્ય કરનાર વ્યકિત છે. સંકટ સમયે જે વિચારીને કાર્ય કરે છે, તેને પાછળથી પશ્ચાત્તાપ કરવો પડતો નથી.

**નિષ્કર્ષ :**

ચિરકારીની માફક જીવનમાં માતા અને પિતા બંનેનું સ્થાન અમૂલ્ય હોવું જોઈએ. પિતાની આજ્ઞા પાલન કરવી તે પુત્રનો ધર્મ છે. પરંતુ પિતાની ગમે તે આજ્ઞાનું પાલન કરતી સમયે તે આજ્ઞા યોગ્ય છે કે અયોગ્ય તેનો વિચાર કરી પછી તેનું પાલન કરવું જોઈએ. આજ્ઞાંકિતતા આદર્શનું વરવું સ્વરૂપ પ્રકટ થાય છે.

મનુષ્યને ક્રોધ દૂર થતાં તેમણે ક્રોધવશ કરેલ કર્મનો પશ્ચાત્તાપ થાય છે. તેમનું જ્ઞાન અને ધૈર્ય નિર્મળ બને છે.

સ્ત્રી નિયમોલ્લંઘન કરે ત્યારે તે ઉલ્લંઘનને સમાજ સ્વીકારતો નથી તે બાબત મહાભારતકાર રજૂ કરે છે અને પોતાની જ પત્નીને દેહાંત દંડની સજા પણ કરે છે. તેના ઉદાહરણમાં પરશુરામ, અહલ્યા અને ચિરકારીનું ઉદાહરણ પુરાણોમાં ઉત્તમ છે. પુત્ર દ્વારા માતાને દેહાંતદંડની સજા કરાવવામાં ચારિત્ર્યશુદ્ધિના આદર્શને રજૂ કર્યો છે.

વિચાર કરી ચિરકાર પશ્ચાત્ નિશ્ચય પર પહોંચનાર પુરુષને દીર્ઘકાળ સુધી પશ્ચાત્તાપ કરવો પડતો નથી. જે ચિરકાળ સુધી ક્રોધને અંદર સમાવી રાખે છે અને ક્રોધપૂર્વક કરેલ કર્મને દીર્ઘકાળ સુધી કરતા નથી, તેમના દ્વારા કોઈ કર્મ એવું નથી બનતું જે પશ્ચાત્તાપ કરાવનાર હોય. અધિક સમય સુધી જે વિદ્વાનોનો સંગ કરે, ચિરકાળ પર્યન્ત શિષ્ટ પુરુષોની સેવા કરે, તથા દીર્ઘકાળ પર્યન્ત પોતાના મનને વશમાં રાખે તે ચિરકાળ સુધી અવજ્ઞા નહી પરંતુ સમ્માનનો ભાગીદાર બને છે.

પુત્રને સુખી જોઈ માતાને થતું અનહદ સુખ અને માતાના જીવતા જ સુખ આપવાની પુત્રની ફરજ વિષે ગુજરાતના મધ્યકાલીન યુગનો પ્રસંગ સરખાવવા જેવો છે.

મન્ત્રીશ્વર વસ્તુપાળ સંઘપતિ થઈને શત્રુંજયની યાત્રાએ ગયા હતા. ત્યાં એક શિલ્પીએ તેમજ માતા કુમારદેવીની કાષ્ઠની મૂર્તિ આપી એટલે મન્ત્રીશ્વર દુખાર્ત થઈને રૂદન કરવા લાગ્યા. માતા જીવિત હોત તો કેટલી સુખી થાત એમ કહી દુઃખી થયા. રાજા સિદ્ધરાજે માતા જીવિત હોત તો કેટલી આનંદ પામત એમ કહી ઉચ્ચારેલો શ્લોક –

**मा स्म सीमन्तिनी कापि जनयेत् सुतमीश्वशम् ।**

**बृहदभाग्यफलं यस्य मृतमातुरनन्तरम् ॥**

અર્થાત્ જેને માતાના મૃત્યુ પછી આટલું બધું મહાભાગ્ય સાંપડે એવા મારા જેવા પુત્રને કોઈપણ સ્ત્રી જન્મ આપશો નહિ. આમ, સંભળાવીને આશ્વાસન આપ્યું હતું. [૩૮]

પ્રકરણ – ૪ પાદટીપ

# શાન્તિપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

## (१) मार्जारमूषिकआख्यान

(१) न हि बुद्धयान्वितः प्राज्ञो नीतिशास्त्रविशारदः ।
निमश्चयत्यापदं प्राप्य महतीं दारूणामपि ॥

महा. शान्तिपर्व – १३८/३९–४०

(२) एजन शान्तिपर्व – १३८/५६

(३) न कि त् कस्यचिन्मित्रं न कि त् कस्यचिद् रिपुः ।

एजन शान्तिपर्व – १३८/११०

(४) अनागत विधाता च प्रत्युत्पन्नमति   यः ।

द्वावेव सुखमेधेते दीर्घसूत्री विनश्यति ॥

एजन शान्तिपर्व – १३७/२०

(५) बलिना संनिकृष्टस्य शत्रोरपि परिग्रहः ।

कार्य इत्याहुराचार्या विषमे जीवितार्थिना ॥

एजन शान्तिपर्व – १३८/४५

(६) श्रेष्ठो हि पण्डितः शत्रुर्न च मित्रमपण्डितः ।

एजन शान्तिपर्व – १३८/४६

(७) सतां साप्तपदं मैत्रम् ।

एजन शान्तिपर्व – १३८/५६

(८अ) न कि त् कस्यचिन्मित्रं न कि त् कस्यचिद् रिपुः ।

अर्थतस्तु निबध्यन्ते मित्राणि रिपवस्तथा ॥

एजन शान्तिपर्व – १३८/११०

(८ब) न कि त् कस्यचिन्मित्रं न कि त् कस्यचिद्रिपुः ।

व्यवहारेण मित्राणि जायन्ते रिपवस्तथा ॥

हितोपदेश–मित्रलाभ – ७२

(९) नास्ति मैत्री स्थिरा नाम न च ध्रुवमसौहृदम् ।

अर्थयुक्त्यानुजायन्ते मित्राणि रिपवस्तथा ॥

एजन शान्तिपर्व – १३८/१४१

(१०) एजन शान्तिपर्व – १३८/१६०

(११) न स सखा यो न ददाति सख्ये ।

ऋग्वेद – १०/११७/४

(१२) यजुर्वेद – ३६/१८

(१३) सखायाविव सचावहै ।

अथर्ववेद – ६/४२/१

(१४) सतां साप्तपदं मैत्रमाहुः सन्तः कुलोचिताः ।

महाभारत वनपर्व – २६०/३५

(१५) दुःखितः सुखितो वापि सख्युर्नित्यं सखा गतिः ।

वा.रा. किष्किन्धाकांड – ८/४०

(१६) वयस्यः परमा गतिः ।

एजन वा.रा. किष्किन्धाकांड – ८/८

(१७) पापान्निवारयति योजयते हिताय ।
गुह्यं निगूहति गुणान्प्रकटीकरोति ॥
आपद्गतं च न जहाति ददाति काले ।
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥

नीतिशतक – ६६

(१८) महा. शान्तिपर्व – ५८/१७

(१९) आत्मैवह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ।

श्रीमद् भगवद् गीता – ६/५

(२०) उपकारफलं मित्रमपकारोऽडरिलक्षणम् ।

वा.रा. किष्किन्धाकांड – ८/२१

(२१) रामचरितमानस – ६/२, ५

(२२) कल्याण 'राम अंक' – पृ. १३६

(२३) शत्रुसाधारणे कृत्ये कृत्वा संधिं बलीयसा ॥
समाहित रेद् युक्त्या कृतार्थ न विश्वसेत् ।

महा. शान्तिपर्व – १३८/१९३, १९४

(२४अ) ऋग्वेद – १०/१९१/२

(२४ब) समानी व आकूतिः समाना हृदयानि वः ।

समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥

एजन – १०/१९१/४

(२५) अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधिका ।
तृणैर्गुणत्वमापन्नैर्बध्यन्ते मत्तदन्तिनः ॥

हितोपदेश–मित्रलाभ – ३५

(२६) आपदर्थे धनं रक्षेद् दारान् रक्षेद् धनैरपि श्च
आत्मानं सततं रक्षेद् दारैरपि धनैरपि श्च्च

एजन – ४२

(२७) वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टश्रियं मन्त्रिणः
सर्वः कार्यवशाश्चनोडभिरमते कस्यास्ति को वल्लभः ॥

कल्याण–नीतिसार अंश्च – पृ. ४६६

(२८) अर्थार्थी जीवलोकोडयं न कर्िं त् कस्यचित् प्रियः ।
सख्यं सोदर्ययोर्भ्रात्रोर्दम्पत्योर्वा परस्परम् ॥
कस्यचिन्नाभिजानामि प्रीतिं निष्कारणामिह ।

महा. शान्तिपर्व – १३८/१५२, १५३

(२९) अर्थयुक्त्या हि जायन्ते पिता माता सुतस्तथा ॥
मातुला भागिनेया   तथा सम्बन्धिबान्धवाः ।
पुत्रं हि मातापितरौ त्यजतः पतितं प्रियम् ॥
लोको रक्षति चात्मानं पश्य स्वार्थस्य सारताम् ।

एजन शान्तिपर्व – १३८/१४५, १४६

(३०) तस्माद्भीतवद् भीतो विश्वस्तवदविश्वसन् ॥
कार्याणां गुरूतां प्राप्य नानृतं किंचिदाचरेत् ।

एजन शान्तिपर्व, १३८/२१२, २१३

(३१) प्रत्युपकुर्वन् बह्वापि न भाति पूर्वोपकारिणा तुल्यः ।

एकः करोति हि कृते निष्कारणमेव कुरूतेडन्यः ॥

एजन शान्तिपर्व – १३८/८२

(३२) परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय विभाति सूर्यः परोपकार सदैव कार्यः ॥

सुभाषित मंजरी, भाग–१ – २/३४

(३३) कर्णस्त्वचं शिबिमसिं जीवं जीमूतवाहनः ।
ददौ दधीचिरस्थीनि नास्त्यदेयं महात्मनाम् ॥

एजन, भाग–१ – २/३५

(३४) परोपकारशून्यस्य धिक् मनुष्यस्य जीवितम् ।
धन्यास्ते पशवो येषां चर्माप्युपकरिष्यति ॥

एजन – ३/८

(३५) पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
धाराधरो वर्षति नात्महेतवे परोपकाराय सत्तां विभूतयः ॥

एजन – ५/५

(३६) अचिरादुपकर्तुराचरेदथवात्मौपयिकीमुपक्रियाम् ।
पृथुरित्थकथाणुरस्तु सा न विशेषे विदुषामिह गृहः ॥

नैषधचरित – २/१४

(३७) विधास्ये प्राप्तकालं यत् कार्य सिद्धिकरं विभो ।
अपि कृच्छ्राद् विनिर्मुक्ते न विनङ्क्ष्यति ते कृतम् ॥

महा. शान्तिपर्व – १३८/७०

✓

## (२) कपोतलुब्धकआख्यान

(१) महा. शान्तिपर्व – १४३/३२

(२) एष शाकुनिकः शेते तव वासं समाश्रितः ॥

शीतार्त   क्षुधार्त   पूजामस्मै समाचर।

एजन शान्तिपर्व, १४५/७, ८

(३) महान् धर्मो महाराज शरणागतपालने।

एजन शान्तिपर्व – १४३/२

(४) प्रस्पन्दमानः सम्भ्रान्तः कपोतः श्येन लक्ष्यते।
मत्सकाशं जीवितार्थी तस्य त्यागो विगर्हितः ॥
यो हि कि द् द्विजान् हन्याद् गां वा लोकस्य मातरम्।
शरणागतं च त्यजते तुल्यं तुल्यं तेषां हि पातकम् ॥

एजन वनपर्व – १३१/५, ६

(५) यो हि कि द् द्विजं हन्याद् गां च लोकस्य मातरम्।
शरणागतं च यो हन्यात् तुल्यं तेषां च पातकम् ॥

एजन शान्तिपर्व – १४५/८

(६) एजन सभापर्व – ६८/४३

(७) श्रीमद् भगवद् गीता – २/७

(८अ) सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

एजन – १८/६६

(८ब) एवं दोषो महानत्र प्रपन्नानामरक्षणे।
अस्वर्ग्यं चायशस्यं च बलवीर्यविनाशनम् ॥

वा.रा. युद्धकांड – १८/३१

(९) पुत्रपौत्रवधूभृत्यैराकीर्णमपि सर्वतः।
भार्याहीनं गृहस्थस्य शून्यमेव गृहं भवेत् ॥
न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते।
गृहं तु गृहिणीहीनमरण्यसश्च्शं मतम् ॥ महा. शान्तिपर्व – १४४/५६

(१०) वृक्षमूलेऽपि दयिता यस्य तिष्ठति तद् गृहम्।
प्रासादोऽपि तया हीनः कान्तार इति नि तम् ॥

एजन शान्तिपर्व – १४४/१२

(११) नास्ति भार्या समो बन्धुर्नास्ति भार्यासमा गतिः ।
नास्ति भार्या समो लोक सहायो धर्मसंग्रहे ॥

एजन शान्तिपर्व – १४४/१६

(१२) एजन शान्तिपर्व – १४५/३

(१३) उत्तर रामचरित – ३/२६

(१४) चक्रवाकेव दम्पती ।

अथर्ववेद – १४/२/६४

(१५) अक्ष्यौ नौ मधुसंकाशे अनीकं नौ समञ्जनम् ।
अन्तः कृणुष्व मां हृदि मन इन् नौ सहासति ॥

एजन – ७/३७/१

(१६) मा भेर्मा संविक्थाऊर्ज धत्स्व धिषणे विड्वी सती वीड्येथामूर्ज दधाथाम् ।
पाप्मा हतो न सोमः ॥

यजुर्वेद – ६/३५

(१७) तत् स्वदेहे दयां त्यक्त्वा धर्मार्थै परिगृह्य च ।
पूजामस्मै प्रयुङ्क्ष्व त्वं प्रीयेतास्य मनो यथा ॥

महा. शान्तिपर्व – १४५/१२

(१८) एजन शान्तिपर्व – १४६/५ – हितो. मित्रलाभ – ५९

(१९) एजन शान्तिपर्व – १४६/२१

(२०) जग्धपाप्मा यस्यान्नमश्नन्ति ।

अथर्ववेद – ९/७/८

(२१) अतिथिः पूजितो यस्य गृहस्थस्य तु गच्छति ।
नान्यस्तस्मात्परोधर्म इति प्राहुर्मनीषिणः ॥

महा. अनुशासनपर्व – २/७०

(२२) चक्षुर्दद्यान्मनो दद्याद् वाचं दद्याच्च सूनृताम् ।
अनुव्रजेदुपासीत स यज्ञः पञ्चदक्षिणः ॥

एजन अनुशासनपर्व - ७/६

(२३) पीठं दत्वा साघवेऽभ्यागताय आनीयापः परिनिर्णज्य पादौ ।

सुखं पृष्टवा प्रतिवेद्यात्मसंस्थां ततो दद्यादन्नमवेक्ष्य धीरः ॥

एजन उद्योगपर्व - ३८/२

(२४) पादोदकं पादधृतं दीपमन्नं प्रतिश्रयम् ।

प्रयच्छन्ति तु ये राजन् नोपसर्पन्ति ते यमम् ।

एजन वनपर्व - २००/२३, २४

(२५) तृणानि भूमिरूदकं वाक् चतुर्थी च सूनृता ।

सतामेतानि गेहेषु नोच्छिद्यन्ते कदाचन ॥

मनुस्मृति, ३/१०१

महा. वनपर्व, २/५४

हितो. मित्रलाभ, ६०

(२६) यो दद्यादपरिक्लिष्टमन्नमघ्वनि वर्तते ।

श्रान्तायादृष्टपूर्वाय तस्य पुण्यफलं महत् ॥

महा. वनपर्व, २/६२

(२७) न कामयेऽहं गतिमीश्वरात् परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।

आर्ति प्रपद्येऽखिलदेहभाजामन्तःस्थितो येन भवन्त्यदुःखाः ॥

श्रीमद् भागवत, ९/२१/२२

(२८) गुरूरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरूः ।

पतिरेको गुरूः स्त्रीणां सर्वत्राभ्यागतो गुरूः ॥

अतिथिर्यस्य भग्नाशो ग्रहात्प्रतिनिवर्तते ।

स तस्मै दुष्कृतं दत्वा पुण्यमादाय गच्छति ॥

उत्तमस्यापि वर्णस्य नीचोऽपि गृहमागतः ।

पूजनीयो यथायोग्यं सर्वदेवमयोऽतिथिः ॥

हितोपदेशे-मित्रलाभ - ६२/६३/६४

(२९) आशाप्रतीक्षे संगत ँ सूनृतां च इष्टापूर्ते पुत्रपश ूँ सर्वान् ।

एतद् वृङ्क्ते पुरूषस्याल्पमेघसो यस्यानश्नन् वसति ब्राह्मणो गृहे ॥

कठोपनिषद् – १/१/८

(३०) अदत्त्वा तु य एतेभ्यः पूर्वे वृङ्क्तेडविचक्षणः ।

स भुञ्जानो न जानाति श्वगृधैर्जग्धिमात्मनः ॥

मनुस्मृति – ३/११५

(३१) स विनिन्दंस्तथाडडत्मानं पुनः पुनरूवाच ह ।

अविश्वास्यः सुदुर्बुद्धिः सदा निकृतिनि  यः ॥

महा. शान्तिपर्व – १४७/३

(३२) अहो देहप्रदानेन दर्शितातिथिपूजना ॥

तस्माद् धर्मं चरिष्यामि धर्मो हि परमा गतिः ।

श्रष्टो धर्मो हि धर्मिष्ठे याश्वशो विहगोत्तमे ॥

एजन शान्तिपर्व – १४७/८, ९

(३३) ईशावास्य उपनिषद् – १

(३४) यः कामानाप्नुयात् सर्वान् यश्चैतान् केवलांस्त्यजेत् ।

प्रापणात् सर्वकामानां परित्यागो विशिष्यते ॥

महा. शान्तिपर्व – १७७/१६

(३५) असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।

नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥

श्रीमद् भगवद् गीता – १८/४९

(३६) विकर्मणा तप्यमानः पापाद् विपरिमुच्यते ।

न तत् कुर्यात् पुनरिति द्वितीयात् परिमुच्यते ॥

महा. वनपर्व – २०७/५१

(३७) प त्तापः पापकृतां पापानां निष्कृतिः परा ।

सर्वेषां वर्णितं सद्रभिः सर्वपापविशोधनम् ॥

शिवपुराण – १/३/५

(३८) કલાપી – કલાપીનો કાવ્ય કલાપ ‘પશ્ચાત્તાપ’.

## (३) गृध्रगोमायु आख्यान

(१) महा. शान्तिपर्व – १५३/१२

(२) अेजन शान्तिपर्व – १५३/१३

(३) जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

श्रीमद् भगवद् गीता – २/४७

(४) प्राज्ञो वा यदि वा मूर्खः सधनो निर्धनोऽपि वा ।
सर्वः कालवशं याति शुभाशुभसमन्वितः ॥

महा. शान्तिपर्व – १५३/४३

(५) मृत्युरीशे द्विपदां मृत्युरीशे चतुष्पदाम् ।
तस्मात् त्वां मृत्योर्गोपतेरूद्भरामि समा बिभेः ॥

अथर्ववेद – ८/२/२३

(६) यौवनस्थां बालां वृद्धान् गर्भगतानपि ।
सर्वानाविशते मृत्युरेवंभूतमिदं जगत् ॥

महा. शान्तिपर्व – १५३/४५

(७) मातुलो यस्य गोविन्दः पिता यस्य धनञ्जयः ।
सोऽपि कालवशं प्राप्तः कालो हि दुरतिक्रमः ॥

सुभाषित रत्न भांडागार – ३९०/१८७

(८) सर्वस्य हि प्रभुः कालो धर्मतः समदर्शनः ॥

महा. शान्तिपर्व – १५३/४४

(९) न कालस्यास्ति बन्धुत्वं न हेतुर्न पराक्रमः ।
न मित्रज्ञातिसम्बन्ध कारणं नात्मनो वशः ॥

वा.रा. किष्किन्धाकांड, २५/७

(१०) महा. शान्तिपर्व – १५३/७५

(११) आत्ममांसोपवृत्तं च शरीरार्धमयीं तनुम् ।
पितृणां वंशकर्तारं वने त्यक्त्वा क्व यास्यथ ॥

एजन शान्तिपर्व – १५३/५२

(१२) पुन्नाम्नो नरकाद्यस्मात्पितरं त्रायते सुतः ।
तस्मात्पुत्र इति प्रोक्तः पितृन्यः पाति सर्वतः ॥

वा.रा. अयोध्याकांड - १०७/१२

(१३) सर्वसौख्यप्रदः पुत्रः पित्रोः प्रीतिविवर्धनः ।
आत्मा वै जायते पुत्र इति वेदेषु नि तम् ॥

गरूड पुराण - २/१५/२१

# (४) कृतघ्नोपाख्यान

(१) अवबुध्यात्मनाऽऽत्मानं सत्त्वं शीलं श्रुतं दमम्।

अनुक्रोशं च संस्मृत्य त्यज वासमिमं द्विज ॥

महा. शान्तिपर्व – १६८/४८

(२) निर्धनोऽस्मि द्विजश्रेष्ठ नापि वेदविदप्यहम्।

वित्तार्थमिह सम्प्राप्तं विद्धि मां द्विजसत्तम ॥

एजन शान्तिपर्व – १६८/५०

(३) एजन शान्तिपर्व – १७०/१६

(४) गृहीतो लोभमोहाभ्यां दूरं च गमनं मम।

न चास्ति पथि भोक्तव्यं प्राणसंधारणं मम ॥

एजन शान्तिपर्व – १७१/३२

(५) एजन शान्तिपर्व – १७२/५

(६अ) ब्राह्मणोऽस्य मुखमासीद्

ऋग्वेद – १०/९०/१२

(६ब) शमोदमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवम्।

ज्ञानंदयाऽच्युतात्मत्वं सत्यं च ब्रह्मलक्षणम्॥

श्रीमद् भागवत पुराण – ७/११/२१

(७) ब्राह्मणस्याश्रुतं मलम्।

महा. कर्णपर्व, ४५/२३

(८) मन्त्रज्येष्ठा द्विजातयः।

एजन उद्योगपर्व – १६८/१७

(९) चतुर्वेदोऽपि दुर्वृतः स शुद्रादतिरिच्यते।

योऽग्निहोत्रपरो दान्तः स ब्राह्मण इति स्मृतः ॥

एजन वनपर्व – ३१३/१११

(१०) न जटाहि न गोत्तेन न जच्चा होति ब्राह्मणो।

यम्हि सच्चं च धम्मो च सो सुत्ती सो च ब्राह्मणो ॥

धम्मपद ब्राह्मणवर्ग – ११

(११) न चाहं ब्राह्मणं ब्रूमि योनिजं मत्तिसंभवं ।
भोवादि नाम सो होति सत्ते होतिं सकिंचनो ।
अकिञ्चनं अनादानं तमहं ब्रूमि ब्राह्मणं ॥

एजन ब्राह्मणवर्ग – १४

(१२) ब्रह्म वा इदमग्र आसीदेकमेव तदेकं सन्न व्यभवत् । तच्छ्रेयोरूपमत्यसृजत क्षत्रम् ।
स नैव व्यभवत् स विशमसृजत । स नैव व्यभवत् स शौद्रं वर्णमसृजत ।

बृहदारण्यक उपनिषद् – १/४/११-१३

(१३) महाभारत अनुशासन पर्व – ४७/२८

(१४) सत्यं दानं क्षमा शीलमानृशंस्यं तपो घृणा ॥
दृश्यन्ते यत्र नागेन्द्र स ब्राह्मण इति स्मृतः ॥

एजन वनपर्व – १८०/२१

(१५अ) शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥

श्रीमद् भगवद् गीता – १८/४२

(१५ब) चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।

एजन – ४/१३

(१६) शर्मवद् ब्राह्मणस्य स्याद्राज्ञो रक्षासमन्वितम् ।
वैश्यस्य पुष्टिसंयुक्तं शुद्रस्य प्रेष्यसंयुतम् ॥

मनुस्मृति – २/३२

(१७अ) कल्याण धर्मशास्त्राङ्क वर्णाश्रमधर्म – पृ. ३५७

(१७ब) श्रीकृष्ण जीवन दर्शन, प्रकरण-२ – पृ. १६

(१८) यदि सन्तं सेवति यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव ।
वासो यथा रङ्गवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ॥

महा. उद्योगपर्व – ३६/१०

(१९) याश्वशैः संनिविशते याश्वशां ोपसेवते।

याश्वगिच्छेच्च भवितुं ताश्वग् भवति पुरूषः ॥

एजन उद्योगपर्व – ३६/१४

(२०) ततो दुःसङ्गमुत्सृज्य सत्सु सश्चेत बुद्धिमान्।

सन्त एतस्य छिन्दन्ति मनोव्यासङ्गमुक्तिभिः ॥

सन्तोऽनपेक्षया मच्चिताः प्रशान्ताः समदर्शिनः।

निर्ममा निरहश्वाराः निर्द्वन्द्वा निष्परिग्रहः ॥

श्रीमद् भागवत पुराण – ११/२६/२६, २७

(२१) दूरे पूर्णेन वसति दूर ऊनेन हीयते।

महद्यक्षं भुवनस्य मध्ये तस्मै बलिं राष्ट्रभृतो भरन्ति ॥

अथर्ववेद – १०/८/१५

(२२) चाणकय सूत्र – १८७

(२३) उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।

कठोपनिषद् – १/३/१४

(२४) अबुद्धसेवनाच्चापि बुद्धोप्यबुद्धतां व्रजेत्।

महा. शान्तिपर्व – ३०४/१०

(२५) कल्याण, नीतिसार अंश्व – पृ. २८५

(२६) अन्नं बहु कुर्वीत। तद् व्रतम्। न कंचन वसतौ प्रत्याचक्षीत। तद् व्रतम्।

तैत्तिरीय उपनिषद् – ३/९, १०

(२७) पीठं दत्वा साधवेऽभ्यागताय आनीयापः परिनिर्णज्य पादौ।

सुखं पृष्ट्वा प्रतिवेद्यात्मसंस्थां ततो दद्यादन्नमवेक्ष्य धीरः ॥

महा. उद्योगपर्व – ३८/२

(२८) चक्षुर्दद्यान्मनो दद्याद् वाचं दद्याच्च सुनृताम्।

अनुव्रजेदुपासीत स यज्ञः पत्च्वदक्षिणः ॥

एजन वनपर्व – २/६१

(२९) तृणानि भूमिरूदकं वाक् चतुर्थी च सुनृता।

सतामेतानि गेहेषु नोच्छिद्यन्ते कदाचन ॥

एजन वनपर्व – २/५४

(३०) यो दद्यादपरिक्लिष्टमन्नमध्वनि वर्तते।
श्रान्तायादृष्टपूर्वाय तस्य पुण्यफलं महत्। एजन वनपर्व – २/६२

(३१) न तथा हविषो होमैर्न पुष्पैर्नानुलेपनैः।
अग्नयः पार्थ तुष्यन्ति यथा ह्यतिथिभोजने॥
तस्मात् त्वं सर्वयत्नेन यतस्त्वातिथिभोजने।
पादोदकं पादधृतं दीपमन्नं प्रतिश्रयम्।
प्रयच्छन्ति तु ये राजन् नोपसर्पन्ति ते यमम्॥

एजन वनपर्व – २००/२२, २४

(३२) ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં ન પહેર્યા પાય રે;
સ્ત્રીને કહેતા ગયા ભગવાન રે; પૂજાથાળ કરો સાવધાન રે;

सुदामा चरित्र – ७/१५, १७

(३३) मनुस्मृति – १/८६

(३४) पृणन्नापिरपृणन्तमभि ष्यात्।

ऋग्वेद – १०/११७/७

(३५) येन केन विधि दीन्हे दान करई कल्याण।

श्रीरामचरितमानस – ७/१०३

(३६) अथर्ववेद – २०/८२/१

(३७) दरिद्रान् भर कौन्तेय मा प्रयच्छेश्वरे धनम्।
व्याधितस्यौषधं पथ्थं नीरूजस्य किमौषधैः॥

हितोपदेश–मित्रलाभ – १५

(३८) दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥

एजन–१६, श्रीमद् भगवद् गीता–१७/२०

(३९) क्षीयन्ते सर्वदानानि यज्ञहोमबलिक्रियाः।
न क्षीयते पात्रदानमभयं सर्वदेहिनाम्॥

चाणकय नीति – १६/१४

(४०) हुतं च दत्तं च तथैव तिष्ठति।

कर्णभार

(४१) शतहस्त समाहारा सहस्रहस्त सं किर।

अथर्ववेद – ३/२४/५

(४२) कल्याण-धर्मशास्त्राश्च – पृ. ३७३

(४३) न्यायोपार्जितवित्तस्य दशमांशेन धीमतः।
कर्तव्यो विनियोग ईश्वरप्रीत्यर्थमेव च॥

स्कन्दपुराण

(४४) अन्यायोपार्जितेनैव द्रव्येण सुकृतं कृतम्।
न कीर्तिरिहलोके च परलोके च तत्फलम्॥

देवी भागवत – ३/१२/८

(४५) अज्ञातकुलशीलस्य वासो देयो न कस्यचित्।

हितोपदेश-मित्रलाभ – ५६

(४६) शास्त्रनित्या जितक्रोधा बलवन्तो रणे सदा॥
जन्मशीलगुणोपेताः संधेयाः पुरुषोत्तमाः।

महा. शान्तिपर्व – १६८/२४, २५

(४७) वा.रा. किष्किन्धाकांड – ८/२१

(४८) दुःखितः सुखिनो वापि सख्युर्नित्यं सखा गतिः।

एजन किष्किन्धाकांड – ८/४०

(४९) एजन किष्किन्धाकांड – ८/८

(५०) सर्वथा सुकरं मित्र दुष्करं प्रतिपालनम्।
अनित्यत्वात्तु चित्तान प्रीतिरल्पेऽपि भिद्यते॥

एजन किष्किन्धाकांड – ३२/७

(५१) धर्मलोपो महांस्तावत्कृते ह्यप्रतिकुर्वतः।
अर्थलोप मित्रस्य नाशे गुणवतो महान्॥

एजन किष्किन्धाकांड – ३३/४७

(५२) न स सखा यो न ददाति सख्ये।

ऋग्वेद – १०/११७/४

(५३) मित्रस्याऽहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे।

यजुर्वेद – ३६/१८

(५४) सखायाविव सचावहै।

अथर्ववेद – ६/४२/१

(५५) यस्तित्याज सचिविदं सखायं न तस्य वाच्यपि भागो अस्ति।
यदीं शृणोत्यलकं शृणोति नहि प्रवेद सुकृतस्य पन्थाम्॥

ऋग्वेद – १०/७१/६

(५६) ये च दोषसमायुक्ता नराः प्रोक्ता मयानघ॥
तेषामप्यधमा राजन् कृतघ्ना मित्रघातकाः।
त्यक्तव्यास्तु दुराचाराः सर्वेषामिति नि यः॥

महा. शान्तिपर्व – १६८/२६, २७

(५७) कुतः कृतघ्नस्य यशः कुतः स्थानं कुतः सुखम्।
अश्रद्धेयः कृतघ्नो हि कृतघ्ने नास्ति निष्कृतिः॥
मित्रद्रोहो न कर्तव्यः पुरूषेण विशेषतः।
मित्रध्रुङ्नरकं घोरमनन्तं प्रतिपद्यते॥

एजन शान्तिपर्व – १७३/२०, २१

(५८) ब्रह्मघ्ने च सुरापे च चौरे भग्नव्रते तथा।
निष्कृतिर्विहिता सद्भिः कृतघ्ने नास्ति निष्कृतिः॥
आशायास्तनयोऽधर्मः क्रोधोऽसूयासुतः स्मृतः।
लोभः पुत्रो निकृत्यास्तु कृतघ्नो नार्हति प्रजाम्॥

एजन शान्तिपर्व–२७१/११, १२–१७२/२५

(५९) कृतघ्नानां गतिस्तात नरके शाश्वतीः समाः।

एजन अनुशासन पर्व – १२/३

(६०) मित्रद्रोही नृशंस  कृतघ्न  नराधमः ।

क्रव्यादैः कृमिभि ैव न भुज्यन्ते हि ताश्चशाः ॥

महा. शान्तिपर्व – १७२/२६

## (५) तुलाधार जाजलि आख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૨૮

(२) એજન, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૨૦

(३) अर्थान्तरिक्षे वागासीत् तां च शुश्राव जाजलिः ।

धर्मेण न समस्त्वं वै तुलाधारस्य जाजले ॥

वाराणस्यां महाप्राज्ञस्तुलाधारः प्रतिष्ठितः ।

सोडप्येवं नार्हते वक्तुं यथा त्वं भाषसे द्विज ॥

महा. शान्तिपर्व – २६१/४२, ४३

(४) अध्यगा नैष्ठिकीं बुद्धिं कुतस्त्वामिदमागतम् ।

एतदाचक्ष्व मे सर्वं निखिलेन महामते ॥

एजन शान्तिपर्व – २६२/३

(५अ) मृणालिकापेलवमेवमादिभिर्व्रतैः स्वमङ्ग ग्लपयन्त्यहर्निशम् ।

तपः शरीरैः कठिनैरूपार्जितं तपस्विनां दूरमध कार सा ॥

कुमार संभव – ५/२९

(५ब) स्वयंविशीर्णद्रुमपर्णवृत्तिता परा हि काष्ठा तपसस्तया पुनः ।

तदस्यपाकीर्णमतः प्रियंवदां वदन्त्यपर्णेति च तां पुराविदः ॥

एजन – ५/२८

(६) पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्येषि विश्वतः ।

अतप्नतनूर्न तदामो अश्नुते शृतासइद्वहन्तस्तत्समाशत ॥

ऋग्वेद – ९/८३/१

(७) दिवमारूहत् तपसा तपस्वी ।

अथर्ववेद – १३/२/२१

(८) ब्रह्मचर्येण तपसा देवा मृत्युमपाघ्नत।

एजन – ११/७/१९

(९) वाल्मीकि रामायण उत्तरकांड – ८४/९

(१०) तपोमूलमिदं सर्वम्।

महा. उद्योगपर्व – ४३/१३

(११) नातप्ततपसो लोके प्राप्नुवन्ति महासुखम्।

एजन वनपर्व – २५९/१३

(१२) ब्रह्मपुराण – १२९/५०

(१३) कादंबरी, महाश्वेतावृत्तांत, परिच्छेद – ९

(१४) देवद्विजगुरूप्राज्ञपूजनं शौचमार्जवम्।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते॥

श्रीमद् भगवद् गीता – १७/१४

(१५) मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते॥

एजन – १७/१६

(१६) सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति।
सा नो भूतस्य भव्यस्य पत्नी उरूं लोकं पृथिवी नः कृणातु॥

अथर्ववेद – १२/१/१

(१७) तपोमूलमिदं सर्व दैवमानुषकं सुखम्।
तपोमध्यं बुधैः प्रोक्तं तपोडन्तं वेददर्शिभिः॥

मनुस्मृति – ११/२३४

(१८) महाभारत : भारतीय संस्कृति के नैतिक मूल्य, डो. जगतनारायण दुबे – पृ. ३९३

(१९) न नग्नचरिया न जटा न पङ्का नानासका थण्डिलसायिका वा।
रजो च जल्लं उक्कटिकप्पधानं सोधेन्ति मच्चं अवितिणकंखं॥

धम्मपद – १४१

(२०) दम्भो दर्पोऽभिमान   क्रोधः पारूष्यमेव च।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम्॥

श्रीमद् भगवद् गीता – १६/४

(२१) असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी॥

एजन – १६/४

(२२) अगम्यागमनादायुर्यशः पुण्यानि क्षीयन्ते।
नास्त्यहंकारसमः शत्रुः॥

चाणकय सूत्र – ३०९

(२३) अर्थान्तरिक्षेवागासीत् तां च शुश्राव जाजलिः।
धर्मेण न समस्त्वं वै तुलाधारस्य जाजले॥
वाराणस्यां महाप्राज्ञस्तुलाधारः प्रतिष्ठितः।
सोऽप्येवं नार्हते वक्तुं यथा त्वं भाषसे द्विज॥

महा. शान्तिपर्व – २६१/४२, ४३

(२४) कबीरवाणी, साखी, ४१ – पृ. २४६

(२५) अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा।
अनुग्रह   दानं च सतां धर्मः सनातनः॥

महा. शान्तिपर्व – १६२/२१

(२६) कल्याण, धर्मशास्त्र अंश्र सनातन धर्म का स्वरूप – पृ. ४५

(२७) अमरकोष – १/६/३

(२८) यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः।

वैशेषिक दर्शन – १/२

(२९) अथातो ब्रह्मजिज्ञासा।

ब्रह्मसूत्र – १/१/१

(३०) अद्रोहोऽप्यलोभ   दमो भूतदया तपः।
ब्रह्मचर्यं ततः सत्यमनुक्रोशः क्षमा धृतिः॥

सनातनस्य धर्मस्य मूलमेतद् दुरासदम् ॥

मत्स्यपुराण

(३१) धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

मनुस्मृति – ६/१२

(३२) कल्याण, धर्मशास्त्र अङ्क – पृ. १५३

(३३) त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचर्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मानमाचार्यकुलेऽवसादयन्सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसंस्थोऽमृतत्वमेति ।

छांदोग्य उपनिषद् – २/२३

(३४) तैत्तिरीय उपनिषद् – १/११/१

(३५) वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम् ।
आचार ैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥

मनुस्मृति – २/६

(३६) श्रुतिः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः ।
सम्यक् संकल्पजः कामो धर्ममूलमिदं स्मृतम् ॥
इज्याचारदमाहिंसादानस्वाध्याय कर्मणाम् ।
अयं तु परमो धर्मो यद्योगेनात्मदर्शनम् ॥

याज्ञवल्कय स्मृति – १/७, ८

(३७) भारतीय धर्म और दर्शन –

आचार्य बलदेव उपाध्याय – पृ. ८२

(३८) सर्व विहितो धर्मः स्वर्ग्यः सत्यफलं तपः ।
बहुद्वारस्य धर्मस्य नेहास्ति विफला क्रिया ॥

महा. शान्तिपर्व – १७४/२

(३९) वर्धत्यधर्मेण नरस्ततो भद्राणि पश्यति ।
ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति ॥

एजन वनपर्व, ९४/३

(४०) धर्मादपेतं यत् कर्म यद्यपि स्यान्महाफलम् ।
न तत् सेवेत मेघादि न तद्धितमिहोच्यते ॥

एजन शान्तिपर्व – २९३/८

(४१) द्रौपदी प्रश्नमुक्त्वैवं रोरवीति हयनाथवत् ।
न च विब्रूत तं प्रश्नं सभ्या धर्मोडत्र पीडयते ॥

महा. सभापर्व – ६८/५९

(४२) न राजा राजवत् किंचित् समाचरति कीचके ।
दस्यूनामिव धर्मस्ते न हि संसदि शोभते ॥

महा. विराट पर्व – १६/३१

(४३) 'तुलाधार', उपेन्द्र सांडेसरा – पृ. ३

(४४) आत्मौपम्येन सर्वत्र समं पश्यति योडर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

श्रीमद् भगवद् गीता – ६/३२

(४५) सर्वं प्रियाभ्युपगतं धर्ममाहुर्मनीषिणः ।
पश्यैतं लक्षणोद्देशं धर्माधर्मेय युधिष्ठिर ॥

महा. शान्तिपर्व – २५९/२५

(४६) पुनरस्य प्रमाणं निर्दिष्टं शास्त्रकौविदैः ।
वेदवादा ानुयुगं हसन्तीतीह नः श्रुतम् ॥
अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरे परे ।
अन्ये कलियुगे धर्मा यथाशक्ति कृता इव ॥

महा. शान्तिपर्व – २६०/७, ८

(४७) विद्म चैवं न वा विद्म शक्यं वा वेदितुं न वा ।
अणीयान् क्षुरधाराया गरीयानपि पर्वतात् ॥

एजन शान्तिपर्व – २६०/१२

(४८) कठोपनिषद् – १/३/१४

(४९) 'तुलाधार', डो. उपेन्द्र पंडया, पृ. ८

(५०) अद्रोहेणैव भूतानामल्पद्रोहेण वा पुनः ।
या वृत्तिः स परो धर्मस्तेन जीवामि जाजले ॥

महा. शान्तिपर्व - २६२/६

(५१) सर्वेषां यः सुहृन्नित्यं सर्वेषां च हिते रतः ।
कर्मणा मनसा वाचा स धर्म वेद जाजले ॥

महा. शान्तिपर्व - २६२/९

(५२) नानुरूद्धये निरूध्ये वा न द्वेष्मि न च कामये ।
समोडहं सर्वभूतेषु पश्य मे जाजले व्रतम् ।
तुला मे सर्वभूतेषु समा तिष्टति जाजले ॥

महा. शान्तिपर्व - २६२/१०

(५३) आचाराश्चले प्राज्ञः क्षिप्र धर्ममवाप्नुयात् ।
एवं यः साधुभिर्दान्त रेदद्रोहचेतसा ॥

एजन शान्तिपर्व - २६२/२१

(५४) चला लक्ष्मी लाः प्राणा ले जीवितयौवने ।
चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥

चाणकय नीति - ५/२०

(५५) महा. स्वर्गारोहण पर्व - ५/६२

(५६) न जातु कामान्न भयान्न लोभाद् धर्मं त्यजेश्चीवितस्थापि हेतोः ।
नित्यो धर्मः सुख दुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्य ॥

एजन स्वर्गा. पर्व - ५/६३

(५७) ગુજરાતના ધર્મ સંપ્રદાય, પ્રાસ્તાવિક, પૃ. ૧

(५८) મહાભારતનો મર્મ, મનુભાઈ પંચોળી, પૃ. ૭૪

(५९) મહાભારતનો મર્મ, મનુભાઈ પંચોળી, પૃ. ૫૭

(६०) कल्याण, नीतिसार अंक - पृ. १७१

(६१) अहिंसादिकृतं कर्मं इह चैव परत्र च ।

श्रद्धां निहन्ति वै ब्रह्मन् सा हता हन्ति तं नरम् ॥

महा. शान्तिपर्व – २६४/६

(६२) योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया ।

स जीवंश्च मृतश्चैव न क्वचिद् सुखमेघते ॥

मनुस्मृति – ५/४५

(६३) यथा नागपदेऽन्यापि पदानि पदगामिनाम् ।

सर्वाण्येवापिधीयन्ते पदजातानि कौञ्चरे ॥

एवं सर्वमहिंसायां धर्मार्थमपिधीयते ।

अमृतः स नित्यं वसति योऽहिंसां प्रतिपद्यते ॥

महा. शान्तिपर्व – २४५/१८, १९

(६४) अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता ।

एजन शान्तिपर्व – २६५/६

(६५) दण्डश्चेन्न भवेल्लोके विनश्येयुरिमाः प्रजाः ।

जल मत्स्यानिवाभक्ष्यत् दुर्बलान् बलवत्तराः ॥

एजन शान्तिपर्व – १५/३०

(६६) नाच्छित्वा परमर्माणि नाकृत्वा कर्म दुष्करम् ।

नाहत्वा मत्स्यघातीव प्राप्नोति महतीं श्रियम् ॥

एजन शान्तिपर्व – १५/१४

(६७) भारतीय धर्म अने दर्शन, डो. बलदेव उपाध्याय – पृ. ९२

(६८अ) महा. शान्तिपर्व – १५/२०

(६८ब) अहिंसा परमोधर्मस्तथाहिंसा परो दमः ।

अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥

अहिंसा परमो यज्ञस्तथाहिंसा परं फलम् ।

अहिंसा परमं मित्रमहिंसा परमं सुखम् ।

महा. अनुशासन – ११६/२८, २९

(६९) ભારતીય ધર્મ અને દર્શન, ડો. બલદેવ ઉપાધ્યાય, પૃ. ૯૩

(७०) ભારત રત્ન, ઉપેન્દ્ર સાંડેસરા, 'અહિંસા', પૃ. ૧૩૨

(७१अ) यत् पुरूषेण हविषा देवा यज्ञमतन्वत ।

वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इघ्मः शरद्धविः ॥

ऋग्वेद – १०/९०/६

(७१ब) अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।

यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥

श्रीमद् भगवद् गीता – ३/१४

(७२) महाभारत ः भारतीय संस्कृति के नैतिक मूल्य, डो. जगतनारायण दुबे – पृ. ३४५

(७३) सुरा मत्स्या मधु मांसमासवं कृसरोदनम् ।

धूर्तैः प्रवर्तितं ह्येतन्नैतद् वेदेषु कल्पितम् ॥

महा. शान्तिपर्व – २६५/९

(७४) अव्ययस्थितमर्यादैर्विमूढैर्नास्तिकैर्नरैः ।

संशयात्मभिरव्यक्तैर्हिंसा समनुवर्णिता ॥

सर्वकर्मस्वहिंसा हि धर्मात्मा मनुरब्रवीत् ।

कामकाराद्विहिंसन्ति बहिर्वेद्यां पशून् नराः ॥

एजन शान्तिपर्व – २६५/४, ५

(७५) ऋग्वेद – १०/१०१/२

(७६) यज्ञ नो अग्नि राहुतः ।

यजुर्वेद – १५/३२

(७७) आ वंसते मधवा वीरवद् यशः समिद्धो द्युम्न्याहुतः ।

कुविन्नो अस्य सुमतिर्भवीयस्यच्छा वाजेभिरागमन् ॥

सामवेद, उत्तरार्चिक – ४/६/२

(७८) ईजानाः स्वर्ग यन्ति लोकम् ।

अथर्ववेद – १८/४/२

(७९) अग्निहौत्रेण प्र णुदे सपत्नान्।

एजन – ९/२/६

(८०) असंस्थितो वा एष यज्ञः ।

तैत्तिरीय उपनिषद् – १/४/९

(८१) कर्तव्यमिति कर्तव्यं वेत्ति वै ब्राह्मणो मयम्॥
ब्रह्मैव वर्तते लोके नैव कर्तव्यतां पुनः ।
विगुणं च पुनः कर्म ज्याय इत्यनुशुश्रुम ॥
सर्वभूतोपघात फलभावे च संयमः ।

महा. शान्तिपर्व – २६३/१६, १७, १८

(८२) तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पुरूषः ॥ श्रीमद् भगवद् गीता – ३/१९

(८३) नियतं कुरू कर्म त्वं कर्म ज्यायोह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ॥

श्रीमद् भगवद् गीता – ३/८

(८४) અનાસકિત યોગ, પૃ. ૪૩

(८५) श्रीमद् भगवद् गीता – २/४७

(८६) कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छर्त समाः ।

ईशावास्योपनिषद् – २

(८७) ગીતા અને આપણા પ્રશ્નો – સ્વામી સચ્ચિદાનંદ, ગીતા અને કર્મ, પૃ. ૯૩

(८८) કર્મનો સિદ્ધાંત, હીરાભાઈ ઠક્કર, પૃ. ૭

(८९) श्रीमद् भगवद् गीता – १८/४६

(९०) स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।

एजन – १८/४५

(९१) श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्धवा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

एजन – ४/३९

(९२) अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥

एजन – ४/४०

(९३) अश्रद्धा परमं पापं श्रद्धा पापप्रमोचिनी।
जहाति पापं श्रद्धावान् सर्पो जीर्णामिवत्वचम् ॥
ज्यायसी सा पवित्राणां निवृत्तिः श्रद्धया सह।
निवृत्तशीलदोषो यः श्रद्धावान् पूत एव सः ॥
किं तस्य तपसा कार्यं किं वृत्तेन किमात्मना।
श्रद्धामयोऽयं पुरूषो यो यच्छ्रद्धः स एव सः ॥

महा. शान्तिपर्व – २६४/१५, १६, १७

(९४) श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।

श्रीमद् भगवद् गीता – १७/३

(९५) एजन – १७/२८

(९६) श्रद्धा वैवस्वती सेयं सूर्यस्य दुहिता द्विज।
सावित्री प्रसवित्री च बहिर्वाङ्मनसी ततः ॥

महा. शान्तिपर्व – २६४/८

(९७) कीर्तिर्लक्ष्मीर्धृतिर्मेघा पुष्टिः श्रद्धा क्रिया तथा।
बुद्धिर्लज्जा मतिश्चैव पत्न्यो धर्मस्य ता दश ॥

महा. आदिपर्व – ६६/१४, १५

(९८) श्रद्धा मैत्री दया शान्तिस्तुष्टिः पुष्टिः क्रियोन्नतिः।
बुद्धिर्मेधा तितिक्षा ह्रर्मूर्तिर्धर्मस्य पत्नयः ॥

श्रीमद् भागवत पुराण – ४/१/४९

(९९) श्रद्धयाग्निः समिध्यते श्रद्धया हूयते हविः।
श्रद्धां भगस्य मूर्धनि वचसा वेदयामसि ॥

ऋग्वेद – १०/१५१/१

(१००) श्रद्धां देवा यजमाना वायुगोपा उपासते।
श्रद्धां हृदय्ययाकूत्या श्रद्धया विन्दते वसु ॥

एजन – १०/१५१/४

(१०१) यथा देवा असुरेषु श्रद्धामुग्रेषु चक्रिरे ।
एवं भोजेषु यज्वस्वस्माकंमुदितं कृधि ॥

एजन – १०/१५१/३

(१०२) अथर्ववेद – १२/२/५१

## (६) चिरकारीकोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૧૮૭

(२) એજન, ભાગ–૧, પૃ. ૨૦૫

(३) चिरं स चिन्तयत्यर्थां रं जाग्रच्चिरं स्वपन् ।
चिरं कार्याभिपत्तिं च चिरकारी तथोच्यते ॥

महा. शान्तिपर्व – २६६/५

(४) पितुराज्ञां कथं कुर्यां न हन्यां मातरं कथम् ।
कथं धर्मच्छलेनास्मिन् निमज्ञेयमसाधुवत् ॥
पितुराज्ञा परो धर्मः स्वधर्मो मातृरक्षणम् ।
अस्वतन्त्रं च पुत्रत्वं किं तु मां नानुपीडयेत् ॥

एजन, शान्तिपर्व – २६६/१०, ११

(५) एजन, शान्तिपर्व – २६६/२८

(६) एवं न स्त्री न चैवाहं नाध्वगस्त्रिदशेश्वरः ।
अपराध्यति धर्मस्य प्रमादस्त्वपराध्यति ॥

एजन, शान्तिपर्व – २६६/५०

(७) एजन, शान्तिपर्व – २६६/२५, ३२

(८) एजन, आदिपर्व – ३६/४

(९) पितृदेवो भव।

तैत्तिरीय उपनिषद् – १/११/८

(१०) माता गुरूतरा भूमेः स्वात् पितोच्चतरस्तथा।

महा. वनपर्व – ३/६०

(११) कल्याण, वर्ष–१६, पितृसेवा – पृ. १५२४

(१२) महा. शान्तिपर्व – २६६/१४, १७, १८, १९

(१३) एजन, शान्तिपर्व – २६६/२१

(१४) कन्यादातान्नदाता च ज्ञानदाताभयप्रदः।
जन्मदो मन्त्रदो ज्येष्ठभ्राता च पितरः स्मृताः ॥ ब्रह्मवैवर्तपुराण, कृष्णजन्म खंड–३५/५७

(१५) अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च।
विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम् ॥

एजन, ब्रह्मखंड, १०/१५३

(१६) जनिता चोपनेता च यस्तं विद्यां प्रयच्छति।
अन्नदाता भयत्राता पञ्चैते पितरः स्मृताः ॥

चाणकय नीति – ५/२२

(१७) मान्यः पूज्च सर्वेभ्यः सर्वेषां जनको भवेत्।
अहो यस्य प्रसादेन सर्वान् पश्यति मानवः ॥
जनको जन्मदाताच्च रक्षणाच्च पिता नृणाम्।
ततो विस्तारकरणात् कलया स प्रजापतिः ॥

ब्रह्मवैवर्तपुराण, गणपतिखंड–४४/५९,६०

(१८) मखानामेव सर्वेषां यत् फलं प्राप्यते बुधैः।
तत् फलं प्राप्यते पुत्रैः पितुः शुश्रूषणादपि ॥

पद्मपुराण, भूमिखंड – ६३/१३

(१९) देवास्तस्यापि तुष्यन्ति ऋषयः पुण्यवत्सलाः ।
त्रयो लोका  तुष्यन्ति पितुः शुश्रूषणादिह ॥

एजन, भूमिखंड – ६२/७३

(२०) अनवज्ञा पितुर्युक्ता धारणं मातृरक्षणम् ।
युक्तक्षमावुभावेतौ नातिवर्तेत मां कथम् ॥
सोडहं मात्रा स्वयं पित्रा पुत्रत्वे प्रकृतः पुनः ।
विज्ञानं मे कथं न स्याद् द्वौ बुद्धये चात्मसंभवम् ॥

महा. शान्तिपर्व – २६६/१३, १५

(२१) यं मातापितरौ क्लेशं सहेते संभवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि ॥

मनुस्मृति – २/२२७

(२२) न ह्यतो धर्मचरणं किंचिदस्ति महत्तरम् ।
यथा पितरि शुश्रूषा तस्य वा वचन क्रिया ॥

वा.रा. अयोध्याकांड – १९/२२

(२३) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

श्रीमद् भगवद् गीता – १६/२१

(२४) क्रोधाद् भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यांति ॥

एजन – २/६३

(२५) क्रोधः प्राणहरः शत्रुः क्रोधो मित्रमुखो रिपुः ।
क्रोधो ह्यसिर्महातीक्ष्णः सर्वंक्रोधोडपकर्षति ॥

वा.रा. उत्तरकांड – २/२१

(२६) मत्स्यपुराण – १५७/३

(२७) कल्याण, सत्कथाश्च, पृ. २३२

(२८) धन्याः धलु महात्मानो ये बुद्ध्या कोपमुत्थितम् ।
निरूंधंति महात्मानो दीप्तमग्निमिवाम्भसा ॥

वाल्मीकि रामायण, सुंदरकांड – ५५

(२९) यो वे उप्पतितं क्रोधं रथं भन्तं व धारये।
तमहं सारथिं ब्रूमि रस्मिग्गाहो इतरो जनो ॥

धम्मपद, क्रोध वग्गो – २

(३०) महा. शान्तिपर्व – २६६/५०

(३१) મહાભારત : મનન અને મંથન, મહાભારતના ઉપાખ્યાનો, પ્રા. ડો. રાજેન્દ્ર નાણાવટી

(३२) यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥

मनुस्मृति – ३/३६

(३३) महा. शान्तिपर्व – २६६/६७

(३४) चिरेण मित्रं बध्नीयाच्चिरेण च कृतं त्यजेत्।
चिरेण हि कृतं मित्रं चिरं धारणमर्हति ॥
रागे दर्पे च माने च द्रोहे पापे च कर्मणि।
अप्रिये चैव कर्तव्ये चिरकारी प्रशस्यते ॥
बन्धूनां सुहृदा चैव भृत्यानां स्त्रीजनस्य च।
अव्यक्तेष्वपराधेषु चिरकारी प्रशस्यते ॥

एजन, शान्तिपर्व – २६६/६९, ७०, ७१

(३५) अनागतं यः कुरूते स शोभते स शोच्यते यो न करोत्यनागतम्।
वनेऽत्र संस्थस्य समागता नरा बिलस्य वाणी न कदापि मे श्रुता ॥

पंचतंत्र, काकोलूकीय – २१२

(३६) अनागतमनर्थं हि सुनयैर्यः प्रबाधयेत्।
स न संशयमाप्नोति रोचतां भो व्रजामहे ॥

महा. शान्तिपर्व - १३७/८

(३७) परीक्ष्यकारी युक्त स सम्यगुपपादयेत् ।
देशकालावभिपेतौ ताभ्यां फलमवाप्नुयात् ॥

એજન, શાન્તિપર્વ, ૧૩૭/૨૪

(३८) ભારત રત્ન, 'ગાર્હસ્થ્ય', પૃ. ૩૧૪

## પ્રકરણ – ૫

# અનુશાસનપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

અનુશાસન પર્વ મહાભારતનું તેરમું પર્વ છે. શાન્તિપર્વમાં આપવામાં આવેલ ભીષ્મ–યુધિષ્ઠિર સંવાદનો ઉપદેશ આ પર્વમાં આગળ વધારવામાં આવ્યો છે અને ભીષ્મ સ્વર્ગારોહણની કથા પણ આ પર્વ અંતર્ગત છે. ભીષ્મ યુધિષ્ઠિરને અનેક કથાઓ દ્વારા જ્ઞાન આપે છે. મહાભારતમાંથી શાન્તિપર્વ અને અનુશાસન પર્વને દૂર કરવામાં આવે તો કદાચ મહાભારત તેનું હાર્દ ગુમાવી બેસે તેવા શ્રેષ્ઠ કક્ષાના આ બે પર્વો છે.

આ પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો આ પ્રમાણે છે.

ઉપાખ્યાનો :

(१) भङ्गास्वनोपाख्यान – दानधर्म पर्व - १२

(२) च्यवनोपाख्यान – दानधर्म पर्व - ५०

| | | | |
|---|---|---|---|
| **(३)** | **नृगोपाख्यान** | **–** | **दानधर्म पर्व – ७०** |
| **(४)** | **नचिकेतोपाख्यान** | **–** | **दानधर्म पर्व – ७१** |

## (१) भङ्गास्वनोपाख्यान

પ્રસ્તુત ઉપાખ્યાન સત્યવતીનંદન વ્યાસ રચિત મહાભારતના તેરમા પર્વ અનુશાસનપર્વના દાનધર્મપર્વ અંતર્ગત ૧૨ મા અધ્યાયમાં ઉલ્લિખિત છે.

મહાભારતકાર અનુશાસન પર્વમાં એવી અનેક બાબતોનું વિવેચન કરે છે, જે આજના યુગમાં પણ સત્ય પુરવાર થાય છે. મહાભારતકારે પોતાના સર્જનમાં જીવન વ્યવહારનો બોધ પણ આપ્યો છે. તેમણે માત્ર ધર્મની જ વાત કરી નથી. તે કામશાસ્ત્રનું પણ નિરુપણ કરે છે. આ ઉપાખ્યાન તેનું ઉદાહરણ છે. તેથી જ કહ્યું છે કે – **यन्न भारते तन्न भारते ।**

યુધિષ્ઠિરના સ્ત્રી–પુરુષના સંયોગમાં વિષયસુખની અનુભૂતિ કોને અધિક થાય છે તેવા પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહ ભઙ્ગાસ્વનનું ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ પ્રમાણે –

(૧) ભઙ્ગાસ્વન – એક રાજા જે સરોવરમાં સ્નાન કરવા જતા સ્ત્રી રૂપ થઈ ગયો. [૧]

પૌરાણિક કથાકોશ એક જ ભઙ્ગાસ્વનનો નિર્દેશ કરે છે તેનું અન્ય નામ ભાઙ્ગસ્વન પણ હતું.

મહાભારત કથા અનુસાર –

ભઙ્ગાસ્વન નામે પ્રસિદ્ધ રાજર્ષિએ પુત્રહીન હોવાને કારણે અગ્નિષ્ટુત નામના પ્રસિદ્ધ યજ્ઞનો પ્રારંભ કર્યો. ઈન્દ્ર ભઙ્ગાસ્વનનો કોઈ દોષ શોધતો હતો. પરંતુ ભઙ્ગાસ્વનમાં એક પણ દોષ તેને જોવા મળ્યો નહી.

ઈન્દ્ર ભઙ્ગાસ્વન જયારે શિકારે ગયા ત્યારે તેની પાછળ ગયા ભઙ્ગાસ્વનને ઈન્દ્રે ભ્રાન્ત કર્યા. તેથી રાજા વનમાં ભટકવા લાગ્યા. તે દરમિયાન રાજર્ષિએ એક સુંદર સરોવર જોયું. રાજા તે સરોવરમાં સ્નાન કરવા ગયા અને સ્ત્રી ભાવમાં પરિવર્તિત થયા.

પોતે સ્ત્રીરૂપે થઈ ગયા તેથી તેમને રાજમહેલમાં પ્રવેશતા સંકોચ ઉત્પન્ન થયો. મહાન પ્રયત્નને અંતે તે અશ્વ ઘોડા પર આરુઢ થઈ નગરમાં આવ્યા અને તે કેવી રીતે સ્ત્રીરૂપ પામ્યા તે બાબત વર્ણવી.

યજ્ઞ દ્વારા પ્રાપ્ત થયેલ સો પુત્રોને રાજય સોંપી રાજા સ્ત્રીરૂપે વનમાં એક તાપસના આશ્રયે રહેવા લાગ્યા તે તપસ્વીના આશ્રમમાં સ્ત્રીરૂપે તેમણે અન્ય સો પુત્રોને જન્મ આપ્યો તે સો પુત્રોને પુરુષરૂપે પ્રાપ્ત કરેલ સો પુત્રો સાથે રાખ્યા. આમ તે બસો ભાઈઓ રાજયનો ઉપભોગ કરતા રહેવા લાગ્યા.

આ જોઈ દેવરાજ ઈન્દ્રએ વિચાર્યું આ તો રાજા પર અપકારને સ્થાને ઉપકાર થઈ ગયો. આથી ઈન્દ્રે તે બસો ભાઈઓ વચ્ચે કલહ ઉત્પન્ન કર્યો. આ કારણે તે સર્વ ભાઈઓ મૃત્યુ પામ્યા. આ સાંભળી સ્ત્રીરૂપ રાજાને ખૂબ દુઃખ થયું. તે રૂદન કરવા લાગી તે સમયે બ્રાહ્મણ વેશે ઈન્દ્ર ત્યાં આવ્યા અને રૂદન પાછળનું કારણ પૂછયું. તે સ્ત્રીએ કહ્યું, સ્ત્રીરૂપે મને સો પુત્રોની પ્રાપ્તિ થઈ તે સર્વ પુત્રો નગરમાં નિવાસ કરતા હતા. દૈવવશાત્ તે સર્વ પુત્રો વચ્ચે વૈર ઉત્પન્ન થયું અને પરસ્પર કલહમાં મૃત્યુ પામ્યા. તેથી હું આક્રંદ કરી રહી છું. [૨]

ઈન્દ્રે કઠોર વાણીમાં કહ્યું, તે યજ્ઞ કાર્ય કર્યું ત્યારે મારું આહવાન કર્યા વિના યજ્ઞ પૂર્ણ કર્યો તેથી તે વેરનો મેં બદલો લીધો.

રાજાએ ઈન્દ્રની ક્ષમા માંગી. ઈન્દ્રે પ્રસન્ન થઈ વરદાનમાં કોઈપણ સો પુત્રો સજીવન કરવા કહ્યું ત્યારે રાજાએ સ્ત્રીરૂપે ઉત્પન્ન કરેલ પુત્ર પુનર્જીવિત થવા કહ્યું.

ઈન્દ્રે વિસ્મિત થઈ આનું કારણ પૂછયું, ત્યારે સ્ત્રીરૂપ રાજાએ કહ્યું.

**स्त्रियास्त्वभ्यधिकः स्नेहो न तथा पुरूषस्य वै ।**

**तस्मात् ते शक्र जीवन्तु ये जाताः स्त्रीकृतस्य वै ॥**

અર્થાત્ સ્ત્રીનો પોતાના પુત્ર પર અધિક સ્નેહ હોય છે તેવો સ્નેહ પુરુષનો નથી હોતો. અતઃ સ્ત્રીરૂપે જેને જન્મ આપ્યો તે પુત્રો જીવિત થાય. [૩]

ઈન્દ્રે પ્રસન્ન થઈ તેના સર્વ પુત્રો જીવિત કર્યા અને પુનઃ પુરુષ થવું છે કે સ્ત્રી જ રહેવું છે ? તેમ પૂછયું. તેના ઉત્તરમાં રાજાએ કહ્યું, હું સ્ત્રીરૂપે રહેવા ઈચ્છું છું. કારણ કે સ્ત્રીરૂપમાં અધિક રતિસુખનો અનુભવ થાય છે. તેથી હું સ્ત્રીરૂપથી સંતુષ્ટ છું. ઈન્દ્ર તથાસ્તુ કહી સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા અને રાજા સ્ત્રીરૂપે રહ્યા.

પ્રસ્તુત ઉપાખ્યાન અલગ પ્રકારના કામશાસ્ત્રનો બોધ આપે છે. રતિસુખમાં પુરુષની અપેક્ષાએ સ્ત્રીને વિશેષ આનંદની અનુભૂતિ થાય છે તે બાબત ફલિત કરે છે.

**પુત્રેષ્ટિ હોમ :**

પુત્ર પ્રાપ્તિ માટે થતા યજ્ઞોનો મહાભારતકાર અનેકવાર ઉલ્લેખ કરે છે. રાજા દશરથથી માંડી અનેક રાજાઓએ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કર્યાના ઉલ્લેખો શાસ્ત્રમાં આપેલ છે.

ઋગ્વેદમાં પણ શુનઃશેપની બાબતમાં હરિશ્ચન્દ્રનો પુત્રના યજન દ્વારા યજ્ઞનો ઉલ્લેખ મળે છે તે વાત ઐતરેય બ્રાહ્મણમાં વિસ્તૃત વર્ણવેલ છે.

અત્રે અગ્નિષ્ટુત નામના યજ્ઞનો નિર્દેશ છે. તે પુત્રની કામના માટે કરાતો યજ્ઞ છે, તેમ મહાભારતકાર લખે છે.

પુરાતનકાળથી અપત્ય પ્રેમને કારણે પુત્રેષ્ટી યજ્ઞો કરવાના પુરાવા પ્રાપ્ત થાય છે. ઋગ્વેદકાળથી મનુષ્ય સંતાન માટે યજ્ઞ કરવાના નિર્દેશો છે. કેટલીકવાર તો ઉત્તમ સંતાન માટે પણ યજ્ઞ કરવામાં આવતા.

આવા પુત્રેષ્ટી યજ્ઞ વિષે અગાઉ અનેકવાર ચર્ચા થઈ ગઈ છે. તેથી અત્રે તે બાબત સંક્ષેપમાં નિરુપી છે.

**શત્રુતા :**

પ્રસ્તુત ઉપાખ્યાનમાં મનુષ્યની ઈન્દ્ર સાથેની શત્રુતા નિરુપી છે. સ્વર્ગલોકનો દેવ ઈન્દ્ર જ એક એવો દેવ છે, જે સ્વર્ગ અને પૃથ્વીને સાંકળતા સેતુ સમાન છે. ઈન્દ્ર અને મનુષ્યની શત્રુતાનું નિરુપણ શાસ્ત્રોમાં અનેકવાર નિર્દેશ્યું છે. કારણ કે ઈન્દ્રને સદા તેના ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીનો જતા રહેવાનો ભય છે તેથી તેની સંભાળ માટે ઈન્દ્ર વારંવાર પૃથ્વીલોકના મનુષ્યો અને ઋષિઓ સાથે યુદ્ધ અથવા તપોભંગ કર્યા કરે છે.

વિશ્વામિત્રના કઠોર તપથી ભય પામી તેના તપનો ભંગ કરવા અપ્સરા મેનકાને મોકલી

નહુષ રાજાની યજ્ઞ કાર્ય દ્વારા ઈન્દ્રાસન પ્રાપ્ત કરવાની ચંદ્રવંશી રાજા નહુષની ઈન્દ્ર સાથેની શત્રુતા પ્રસિદ્ધ છે. નહુષે ઈન્દ્રાસન પ્રાપ્ત કર્યું. તે ન્યાયે શચી પણ ઈન્દ્રાસન સાથે બંધાયેલી છે તેથી નિયમ પ્રમાણે તેની પત્ની બની.

સપ્તર્ષિઓ દ્વારા નહુષે શિબિકા ઉપડાવી, શચીના મહેલે જવા નીકળ્યા. ઠીંગણા અગસ્ત્ય મુનિ અને અન્ય ઊંચા મુનિઓથી ઉપાડાતી શિબિકા કંપવા લાગી. આ કંપ સહન ન થતા રાજાએ અગસ્ત્ય મુનિને **सर्प सर्प** એમ કહી ઉતાવળ કરાવી કોપાયમાન મુનિએ **'सर्पो भव'** એમ કહી તેને શાપ આપ્યો.

રાજાઓ સદેહે સ્વર્ગમાં જતા અને ઈન્દ્ર સાથે મિત્રતા કરતા તેવા ઉલ્લેખો પણ શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે. પૃથ્વીલોકનો રાજા પુરુરવા સ્વર્ગલોકની અપ્સરાને બચાવવા સ્વર્ગમાં ગમન કરે છે.

દેવાધિદેવ મહાદેવના તપોભંગ માટે ઈન્દ્રે કામદેવને સહાય કરી હતી. પરંતુ અહીં ઈન્દ્રનો કોઈ નિજિ સ્વાર્થ ન હતો. પરંતુ સમષ્ટિના કલ્યાણ માટે શિવ–પાર્વતીના વિવાહ માટે શિવનું તપોભંગ આવશ્યક હતું. તેથી કામદેવને સહાય કરી હતી. આ બાબત પરથી ઈન્દ્રનું ઉમદા વ્યકિતત્વ દષ્ટિગોચર થાય છે.

ભઙ્ગાસ્વને પણ ઈન્દ્રને યજ્ઞ કાર્યમાં નિમંત્રણ ન આપ્યું. તેથી ઈન્દ્ર સાથે શત્રુતા ઉત્પન્ન થઈ. આ શત્રુતા કેવું વિપરીત પરિણામ લાવી તેનું ઉદાહરણ ભઙ્ગાસ્વન છે.

ઈન્દ્રએ શત્રુતાવશ ભઙ્ગાસ્વનું લિંગ પરિવર્તન કરી નાખ્યું.

ગોસ્વામી તુલસીદાસજી કહે છે, 'જેને તમે બુદ્ધિ કે શકિત દ્વારા જીતી શકો તેમ છો તેની સાથે જ વેર રાખો.'

જય–પરાજયને કારણે વૈર–પ્રતિવૈરનું વિષચક્ર ચાલ્યા જ કરે છે. શત્રુનો સમૂળ ઉચ્છેદ કરી એ વિષચક્રનો અંત આવી શકે.

મહાભારતકાર કહે છે, વૈરથી વૈર શમતું નથી એ તો હવિષ હોમવાથીઅગ્નિ જેમ વધુ પ્રજ્વલિત થાય તેમ વૈરથી વૈર વધે છે. [૪]

ધમ્મપદ અનુસાર –

**न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचन ।**

**अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ॥**

અર્થાત્ કદીપણ વૈરથી વૈર શમતું નથી. અવૈરથી શમે છે એ સનાતન ધર્મ છે.

ગુજરાતીમાં પણ કહ્યું છે કે – 'અવેરે જ શમે વૈર, ન શમે વૈર વૈરથી'

હરિવંશ પ્રમાણે શત્રુ, ઋણ અથવા અગ્નિને શેષ રહેવા દેવાથી તે પુનઃ વૃદ્ધિ પામે છે. અતઃ તેના શેષને પણ શેષ ન રહેવા દેવું. [૫]

આજના સમયમાં મિત્રોની અપેક્ષાએ શત્રુનું પ્રમાણ વધતું જાય છે. માનવી મિત્રતા નિભાવવામાં ઘણો પાછળ રહી જાય છે અને મનુષ્યમાં સહનશકિતનો પણ અભાવ જોવા મળે છે, જેને કારણે સમાજમાં

શત્રુતાનું પ્રમાણ વધતું જાય છે. આજે માનવીએ પરસ્પર પ્રેમપૂર્વક રહેવું આવશ્યક છે તો જ એક બની વિદેશી આક્રમણ સામે ટકી રહીશું.

**લિંગ પરિવર્તન :**

ભઙ્ગાસ્વન ઈન્દ્રના પ્રકોપને કારણે જળાશયમાં પ્રવેશ કરવાથી સ્ત્રીરૂપ પામ્યા અને સ્ત્રી બન્યા પછી તેને લજ્જા ઉત્પન્ન થઈ તેનું વર્ણન કરતા સ્ત્રી અને પુરુષના લક્ષણો કહે છે.

**मृदुत्वं च तनुत्वं च विक्लवत्वं तथैव च ।**

**स्त्रीगुणा ऋषिभिः प्रोक्ता धर्मतत्त्वार्थदर्शिभिः ॥**

**व्यायामे कर्कशत्वं च वीर्यं च पुरूषे गुणाः ।**

અર્થાત્ મૃદુતા, કૃશતા અને વ્યાકુળતા – આ સ્ત્રીના લક્ષણો છે. કઠોરતા અને બળ પરાક્રમ તે પુરુષના ગુણ છે. [૬]

લિંગ પરિવર્તન મહાભારતકાળમાં પણ થતું હતું. તેનું ઉદાહરણ શિખંડી છે. તેમણે લિંગ પરિવર્તન કરી ભીષ્મ સાથે યુદ્ધ કર્યું.

શિખંડીના લિંગ પરિવર્તનની કથા આ મુજબ છે –

પૂર્વ જન્મમાં કાશી નરેશની પુત્રી અંબા તરીકે જન્મ ધારણ કરવો પરંતુ ભાગ્યવશાત્ ભીષ્મ સાથે શત્રુતા ઊભી થઈ, જેને કારણે તેમણે બે જન્મમાં કઠોર તપ કરી મહાદેવજીને પ્રસન્ન કરી અભીષ્ટ વરની પ્રાપ્તિ કરી તદ્પશ્ચાત્ તૃતીય જન્મે દ્રુપદ રાજાને ગૃહે જન્મ ધારણ કર્યો. માતા–પિતાએ તેમને પુત્રી હોવા છતાં પુત્રરૂપે જાહેર કરી દશાર્ણરાજની કન્યા સાથે વિવાહ કર્યા. વિવાહ પશ્ચાત્ વનમાં જઈ સ્થૂણાકર્ણ નામના યક્ષ પાસેથી દુઃખ નિવારણનો ઉપાય જાણી શિખંડીએ પુરુષત્વ પ્રાપ્ત કર્યું.

આમ, શિખંડીનું લિંગ પરિવર્તન હકીકત છે. આવી જ કથા મત્સ્યપુરાણ અંતર્ગત ઈલા આખ્યાનની છે. તેમાં ઈલનું શરવણ વનના પ્રવેશને કારણે સ્ત્રીરૂપમાં પરિવર્તન થવું અને શિવની આરાધના દ્વારા એક માસ પુરુષ અને એક માસ સ્ત્રીરૂપમાં સુદ્યુમ્ન નામે પ્રસિદ્ધ થયો. આમ ઈલાનું સુદ્યુમ્ન થવું અને સુદ્યુમ્નનું ઈલા થવું એવી કથા વૈવિધ્યથી સભર છે.

આજે પણ તબીબી વિજ્ઞાન સ્ત્રીમાં પુરુષત્વના અંગ ઉપાંગ અને પુરુષમાં સ્ત્રીત્વના અંગઉપાંગ હોય તો શસ્ત્ર ક્રિયા દ્વારા લિંગ પરિવર્તન કરે છે.

મહાભારતકારની દષ્ટિ કેટલી દીર્ઘ હતી કે તે સમયમાં તેમણે લિંગ પરિવર્તનની વાતનો નિર્દેશ કર્યો છે. મહાભારતકાળમાં વિજ્ઞાન એટલું આગળ હતું કે આ લિંગ પરિવર્તનો શકય હતા.

ભઙ્ગાસ્વન તે વિજ્ઞાનનું જ ઉદાહરણ હોઈ શકે.

## રતિ સુખમાં આનંદ :

ચાર પુરૂષાર્થોમાં કામને તૃતીય સ્થાને મૂકયું છે. કામ તે મનુષ્ય જીવનની એક જરૂરિયાત છે, જેના સંતોષ દ્વારા મનુષ્ય પોતાનું જીવન સરળતાથી જીવી શકે છે. રતિ સુખમાં જે આનંદ પ્રાપ્ત થાય છે તે પુરુષની અપેક્ષાએ સ્ત્રીને વિશેષ થાય છે, આ વાત સિદ્ધ કરવા જ મહાભારતકાર પ્રસ્તુત ઉપાખ્યાનનું નિરુપણ કરે છે.

ભઙ્ગાસ્વન પુરુષમાંથી સ્ત્રીરૂપમાં પરિવર્તિત થયા, તે સ્ત્રીરૂપે ઉત્પન્ન કરેલ સો પુત્રો જીવિત થાય તેવું તેમણે ઈન્દ્ર પાસે માંગ્યું તેનું કારણ આપતા ભઙ્ગાસ્વન કહે છે કે – ''સ્ત્રીનો પોતાના પુત્ર પર અધિક સ્નેહ હોય છે. પુરુષને તેવો સ્નેહ હોતો નથી. તેથી સ્ત્રીરૂપે જે પુત્રોને જન્મ આપ્યો તે જીવિત થાય.'' [૭]

કામસુખને સંભોગ કહે છે જેનો અર્થ સ્ત્રી પુરુષ બંનેને સમાન આનંદની પ્રાપ્તિ –

કામ જીવનનું એક આવશ્યક પાસુ છે જો તેનો સમજીને ઉપયોગ કરવામાં આવે તો તે જીવનને ધન્ય બનાવી દે છે. કામ દ્વારા જ મનુષ્યનો વંશ આગળ ચાલે છે. પરંતુ તે જ કામ જયારે વાસના બને છે ત્યારે મનુષ્યનું અધઃપતન થાય છે.

શૃંગારશતક આ વાતને રજૂ કરતા કહે છે બે પૂર્ણતયા વિભિન્ન સ્ત્રી–પુરુષનું વિવાહ પશ્ચાત્ એક થવું તે આ લોકમાં કામનું પરિણામ છે. એક ચિત્ત ન થઈ કરેલ કામ સેવન બે પ્રાણીનું મિલન નહીં પરંતુ બે શબનું સંગમ માત્ર છે. [૮]

વાસનાયુકત કામને સમાજ સ્વીકારતો નથી. તેવી વ્યકિતને સમાજ ધિક્કારે છે અને વાસના દ્વારા ઉત્પન્ન સંતાન પણ અવગણનાને પાત્ર બને છે.

કામના સંતોષ માટે પુરુષ અન્ય સ્થળે જાય તો તેવા પુરુષ અને સ્ત્રીને સમાજ ધિક્કારે છે.

આજના યુગમાં કામનું વિકૃત સ્વરૂપ જોવા મળે છે. કામવાસનાની તૃપ્તિ માટે ડાન્સબાર, વૈશ્યાગૃહ વગેરે અનેક સ્થાને જાય છે. આજે સ્ત્રી પણ પોતાની કામપૂર્તિ માટે હીનમાં હીન કાર્ય કરતા પણ અચકાતી નથી.

જે કામને ભારતીય સંસ્કૃતિએ ચાર પુરુષાર્થમાં સ્થાન આપ્યું છે તે કામનું આજે વરવું સ્વરૂપ જોવા મળે છે. પરંતુ કામનો જો યોગ્ય દિશામાં ઉપભોગ કરવામાં આવે તો તેના દ્વારા સમાજને શ્રેષ્ઠ વ્યકિતની પ્રાપ્તિ થાય છે.

કામથી આ સંસાર ચાલે છે. વિશ્વના વ્યવહારનું ચાલકબળ કામ છે. કામથી જ સૃષ્ટિનું સર્જન થાય છે. તેથી જ ભારતીય સંસ્કૃતિમાં કામ એક પ્રભાવક દેવ તરીકે સ્વીકારાયો છે. એનું સામર્થ્ય, ઔદાર્ય અને મહત્ત્વ વિશ્વની તમામ પ્રજાએ સ્વીકાર્યું છે.

ઋગ્વેદમાં જણાવ્યું છે કે – **कामस्तदग्रे समवर्तताधि ।** અર્થાત્ સૃષ્ટિના આરંભમાં પ્રથમ કામ ઉત્પન્ન થયો છે. કામ અનંગ છે, તેને દેહ નથી. પરંતુ પ્રત્યેક શરીરમાં તે રહેલો છે. આવું વરદાન ભગવાન્ શિવે કામદેવ દહન પ્રસંગે કામદેવને આપ્યું હતું.

કામદેવનું એક નામ મકરધ્વજ છે તે અત્યંત સૂચક છે. જેમ મગરની પકડમાંથી કોઈ છૂટી શકતું નથી, તેમ કામની પકડમાંથી દેવ, દાનવ કે માનવ કોઈ છૂટી શકતું નથી.

જેટલી પ્રબળતાથી આપણા શાસ્ત્રોએ કામની નિંદા કરી છે. તેટલી જ પ્રબળતાથી કામની મહત્તા સ્વીકારી તેની પ્રશંસા પણ કરી છે. વાસ્તવમાં કામ નીંદનીય વસ્તુ નથી. કામનો અતિરેક અથવા અધર્મપ્રેરિત કામ જ ખરાબ છે. કામની આવશ્યકતા સ્વીકારી ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે.

**धर्माविरूद्धो लोकेऽस्मिन् कामोऽस्मि भरतर्षभ ।**

અર્થાત્ ધર્મને પોષક અને સંવર્ધક હોય તેવો કામ હું છું.

કામના મહત્ત્વને સ્વીકારી વાત્સ્યાયને 'કામસૂત્ર' ની રચના કરી. અજન્તા ઈલોરાની ગુફાનું શિલ્પ સ્થાપત્ય કામસૂત્ર પર જ આધારિત છે.

આ કામ કોઈ સૂગની વસ્તુ નથી પરંતુ તેનો યથાયોગ્ય ઉપભોગ શાસ્ત્ર પણ સ્વીકારે છે.

ઈન્દ્રે ભઙ્ગાસ્વનને પુરુષત્વ પ્રાપ્ત કરવું છે કે સ્ત્રીરૂપે જીવન પસાર કરવું છે તેના ઉત્તરમાં ભંગાસ્વને કહ્યું, હું સ્ત્રીરૂપે જીવવા ઈચ્છું છું. કારણ કે –

**स्त्रियाः पुरूषसंयोगे प्रीतिरभ्यधिका सदा ।**

**एतस्मात् कारणाच्छक्र स्त्रीत्वमेव वृणोम्यहम् ॥**

અર્થાત્ સ્ત્રીનો પુરુષ સાથેના સંયોગમાં સ્ત્રીને પુરુષની અપેક્ષાએ વિશેષ વિષયસુખ પ્રાપ્ત થાય છે. તેને કારણે હું સ્ત્રી રહેવા ઈચ્છુ છું. [૯]

ચાણકય નીતિ પણ આ વાતને અનુમોદન આપતા કહે છે કે –

''પુરુષોની અપેક્ષા સ્ત્રીનું ભોજન બમણું, લજ્જા ચાર ગણી, સાહસ છ ગણું, અને કામની ઈચ્છા આઠ ગણી અધિક હોય છે.'' [૧૦]

પુરુષ અને સ્ત્રીને અન્યોન્યના પૂરક કહેતા સંતશ્રી તુલસીદાસ રામચરિતમાનસમાં કહે છે કે જીવ વિના શરીર, જળ વિના નદી વ્યર્થ છે, તેવી રીતે સ્ત્રી વિના પુરુષનું જીવન વ્યર્થ છે. [૧૧]

આજના યુગમાં સ્ત્રી–પુરુષ કામ ઉપભોગ દ્વારા સમાન આનંદ પ્રાપ્ત કરી શકે છે. મહાભારતકારની દષ્ટિ કેટલી દીર્ઘ હતી કે તેમણે સ્ત્રીને વિશેષ આનંદ પ્રાપ્તિની વાતને પુષ્ટિ આપી છે.

**નિષ્કર્ષ :**

મહાભારતકાળમાં પુત્રનું અધિક મહત્ત્વ હતું, તે આજે પણ છે. પરંતુ તફાવત એટલો કે તે સમયે શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ માટે યજ્ઞ–હોમ કરવામાં આવતા. જયારે આજે વિજ્ઞાનની સિદ્ધિને કારણે પુત્રીની ગર્ભમાં જ હત્યા કરવામાં આવે છે.

કોઈની સાથે શત્રુતા ન કરવી. શત્રુતા એટલી વિનાશકારી છે કે તે મનુષ્યનું જીવન દુષ્કર બનાવી દે છે.

પુરુષ અને સ્ત્રી અન્યોન્યના પૂરક છે અને તે બંનેના સંયોગ દ્વારા સંસાર ચાલે છે. જેમ પુરુષ અને પ્રકૃતિના સંયોગથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તેમ સ્ત્રી–પુરુષના સંયોગથી સૃષ્ટિ આગળ વધી છે તે કામસુખમાં સ્ત્રીને વિશેષ આનંદ પ્રાપ્તિ થાય છે. તે ભઙ્ગાસ્વનના ઉદાહરણ દ્વારા સિદ્ધ કર્યું છે.

ધર્મ–અર્થ–કામ અને મોક્ષ અંતર્ગત મહાભારતકાર કામને પણ એટલું જ મહત્ત્વ આપે છે, એ બાબત સિદ્ધ થાય છે.

## (૨) च्यवनोपाख्यान

**સ્થાન :**

મહાભારતના પ્રસિદ્ધ એવા અનુશાસનપર્વના દાનધર્મ પર્વ અંતર્ગત આવતા ૫૦ મા અધ્યાયમાં ચ્યવન ઉપાખ્યાનનું નિરુપણ કરેલ છે.

ભીષ્મ–યુધિષ્ઠિર સંવાદ અંતર્ગત ગાયોના માહાત્મ્ય સંબંધી પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહ પ્રસ્તુત ઉપાખ્યાન રજૂ કરે છે.

પુરાણોમાં એકાધિક ચ્યવનનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં પ્રસ્તુત ઉપાખ્યાન કયા ચ્યવન ઋષિની કથા કહે છે તે જોઈએ તો –

પૌરાણિક કથાકોશના મતે –

(૧) ચ્યવન – પરીક્ષિત રાજા પાસે આવેલ એક ઋષિ

(૨) ચ્યવન – વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો જયેષ્ઠ

(૩) ચ્યવન – સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ રાજાનો પૌત્ર

(૪) ચ્યવન – સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના નીલવંશના મિત્રેયુ રાજાના બે પુત્રોમાંનો બીજો [૧]

પ્રસ્તુત ઉપાખ્યાન ભૃગુપુત્રનો ઉલ્લેખ કરે છે. પરંતુ સુકન્યાના પતિ ચ્યવન કે અન્ય કોઈ ચ્યવન ઋષિ તેનો ભેદ પાડતું નથી.

મહાભારત અનુસાર આ કથા નીચે મુજબ છે –

ભૃગુપુત્ર મહર્ષિ ચ્યવને દ્વાદશ વર્ષ સુધી જળની અંદર મહાન વ્રત કર્યું. તેને કારણે તે ઋષિએ સમગ્ર જળચર પ્રાણી પર સંપૂર્ણ આધિપત્ય જમાવ્યું હતું.

તે જળાશયમાં મલ્લાહોએ જાળ ફેલાવી. તે જાળમાં મત્સ્યોની સાથે ચ્યવન ઋષિને પણ ખેંચી લીધા. જળમાં રહેવાને કારણે ચ્યવન ઋષિ જળની લીલથી લપેટાઈ ગયા હતા.

ચ્યવન ઋષિને જોઈ મલ્લાહો નત મસ્તક પૃથ્વી પર ઊભા રહ્યા. ચ્યવન ઋષિને તેમની સાથેના જાળના મત્સ્યોને મૃત જોઈ નિરાશ થઈ ગયા.

ચ્યવન ઋષિએ મત્સ્યો સાથે પોતાના પ્રાણત્યાગની વાત કરી. કારણ કે તે તેમના સહવાસી હતા.

મુનિની વાત સાંભળી નિષાદ રાજા નહુષ પાસે ગયા. નહુષ રાજા તત્કાળ ત્યાં પહોંચી ચ્યવન ઋષિનું પૂજન કર્યું અને કહ્યું, 'હું આપનું શું પ્રિય કરું ? આપની આજ્ઞાથી કઠીન કાર્ય પણ પૂર્ણ કરીશ.' [૨]

ચ્યવને કહ્યું, મત્સ્યની સાથે મારું પણ ઉચિત મૂલ્ય ચૂકવી દો.

નહુષે મલ્લાહોને એક સહસ્ર સુવર્ણ મુદ્રા આપવા કહ્યું –

ચ્યવને તેનો અસ્વીકાર કર્યો. અંતે નહુષ એક કરોડ મુદ્રા આપવા તત્પર થયા તેમ છતાં ચ્યવને તેનો સ્વીકાર કર્યો નહીં અને કહ્યું,

**राजन् नार्हाम्यहं कोटिं भूयो वापि महाद्युते ।**
**सश्वशं दीयतां मूल्यं ब्राह्मणैः सह चिन्तय ॥**

અર્થાત્ હું એક કરોડમાં અથવા તેનાથી અધિક મુદ્રામાં વિક્રય કરવા યોગ્ય નથી જે મારા ઉચિત હોય તે મૂલ્ય બ્રાહ્મણો સાથે વિચાર કરી કહો. [૩]

તે સમયે એક પુરોહિતનું આગમન થયું. તેમણે રાજા તથા સર્વ મંત્રીઓને આનંદિત કરતા કહ્યું, ''બ્રાહ્મણો અને ગાયોનું કુળ એક છે. પરંતુ તે બંને બે રૂપમાં વિભકત થઈ ગયા છે. બ્રાહ્મણ સર્વ વર્ણોમાં ઉત્તમ છે અને ગાય અમૂલ્ય છે. તેથી આપ તેને એક ગાય પ્રદાન કરો.'' [૪]

એમ કહી ચ્યવન ઋષિને એક ગાય પ્રદાન કરી ઋષિએ ગાયનો સ્વીકાર કર્યો અને મત્સ્યોની સાથે મલ્લાહ પણ સ્વર્ગલોકને પ્રાપ્ત થયો.

તદ્પશ્ચાત્ નહુષને ધર્મપરાયણ રહેવાનું વરદાન આપી ચ્યવન ઋષિ આશ્રમમાં પધાર્યા.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

સ્કંદ પુરાણ નામફેર કરી આ કથા આલેખે છે.

સુકન્યા પતિ ચ્યવનનો ઉલ્લેખ ઋગ્વેદ, શતપથ બ્રાહ્મણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, ભવિષ્ય પુરાણ, મત્સ્ય પુરાણ ઈત્યાદિ પુરાણોમાં છે. પરંતુ પ્રસ્તુત ઉપાખ્યાનના ઋષિ ચ્યવન માત્ર ભૃગુ પુત્ર છે, એટલો જ નિર્દેશ છે. અન્ય કોઈ વાત પ્રાપ્ત થતી નથી. તેથી પ્રસ્તુત ઉપાખ્યાનનો ઉલ્લેખ અન્ય સ્થળે પ્રાપ્ત થતો નથી.

મહાભારતના કર્તા મહર્ષિ વેદ વ્યાસે આખ્યાનો–ઉપાખ્યાનો વર્ણવી મહાભારતનું સ્વરૂપ બૃહદ્ બનાવ્યું છે. એટલું જ નહીં પરંતુ આવી કથાઓ દ્વારા તે કંઈક બોધ અથવા જ્ઞાન આપવા ઈચ્છે છે. આ કથાઓને માત્ર પ્રતિકાત્મક સ્વરૂપે લઈએ તો પણ તેમાંથી અનેક બાબતો ઉજાગર થાય છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાંથી નીચે પ્રમાણેની બાબતો ફલિત થાય છે તે ક્રમશઃ જોઈએ તો –

**ઉચિત મૂલ્ય :**

માનવ જીવન અતિ મૂલ્યવાન્ છે. તેનું મૂલ્ય ધન દ્વારા આંકી શકાય તેમ નથી. રાજા પાસે પુષ્કળ ધનરાશિ હોય તેથી તે મનુષ્યનું મૂલ્ય ધનમાં કરે છે. તેથી જ નહુષે મહર્ષિ ચ્યવનનું મૂલ્ય એક સહસ્ર સુવર્ણ મુદ્રા આંકયું.

વિવેક ચૂડામણિ અનુસાર **दुर्लभं मानुषं देहम् ।** અર્થાત્ મનુષ્ય દેહ દુર્લભ છે. [૫]

તેવા અમૂલ્ય મનુષ્યનું કોઈ મૂલ્ય આંકવાનું ન હોય.

શ્રીમદ્ ભાગવત અનુસાર મનુષ્ય જન્મ સર્વ જન્મમાં શ્રેષ્ઠ છે. [૬]

ચાણકય નીતિના મતે ''ધન, મિત્ર, સ્ત્રી, પૃથ્વી, દેશ, રાજય સર્વ મળી શકે છે. પરંતુ મનુષ્ય શરીર પુનઃ પ્રાપ્ત થતું નથી.'' [૭]

રાજાને ઋષિના મૂલ્યનો ખ્યાલ નથી. પરંતુ એક બ્રાહ્મણ તે જાણે છે. જેને કારણે બ્રાહ્મણે ચ્યવન ઋષિનું ઉચિત મૂલ્ય એક ગાય છે એમ કહ્યું. કારણ કે બ્રાહ્મણ અને ગાયનું કુળ એક છે. બ્રાહ્મણ સર્વ વર્ણોમાં ઉત્તમ છે. બ્રાહ્મણ અને ગાયનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી.

ચ્યવન ઋષિ ગાયનું મહત્ત્વ દર્શાવતા કહે છે, ''આ સંસારમાં ગાય સમાન કોઈ ધન નથી. ગાયનું દાન અને તેના દર્શનની શાસ્ત્રોમાં પ્રશંસા કરી છે. ગાય સદા લક્ષ્મી સમાન છે. ગાય મનુષ્યને અન્ન અને દેવતાઓને હવિષ્ય આપનારી છે.''

**गावः स्वर्गस्य सोपानं गावः स्वर्गेऽपि पूजिताः ।**

**गावः कामदुहो देव्यो नान्यत् किंचित् परं स्मृतम् ॥**

અર્થાત્ ગાય સ્વર્ગની સીડી છે. ગાય સ્વર્ગમાં પૂજનીય છે. ગાય સમસ્ત કામનાઓને પૂર્ણ કરનાર દેવી છે. તેનાથી શ્રેષ્ઠ અન્ય કંઈ નથી. [૮]

મહાભારતકાર ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વૈપાયન ગાયનો મહિમા ગાતા કહે છે, **गौर्वरिष्ठा चतुष्पदाम् ।**

અર્થાત્ ચોપગા પ્રાણીમાં ગાય શ્રેષ્ઠ છે. [૯]

ગાય સમસ્ત પ્રાણીઓની માતા કહેવાય છે તે સર્વને સુખ પ્રદાન કરનારી છે. [૧૦]

જેવી રીતે નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, તેવી રીતે ગાયોમાં કપિલા ગાય શ્રેષ્ઠ છે. [૧૧]

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, ગાયોમાં હું કામધેનુ છું. [૧૨]

રાજા દિલીપે તે કામધેનુ ગાય પુત્રી નંદિનીની સેવા કરી સંતાન પ્રાપ્તિ કરી.

સત્યકામ જાબાલે ગૌ–સેવા કરી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ગૌ–સેવામાં મનોવાંછિત ફળ પ્રદાન કરવાની અદ્ભૂત શકિત છે. ઉશીનર, નૃગ, ભગીરથ, યુવનાશ્વ, માંધાતા, મુચુકુન્દ અને ભરતાદિએ ગૌ–સેવાથી દિવ્ય લોક પ્રાપ્ત કર્યો.

મહાભારતના નચિકેતા ઉપાખ્યાનમાં નચિકેતાના ગૌવિષયક ચિંતનનું ખૂબ મહત્ત્વ છે. ઋષિ જમદગ્નિ ગૃહે કામધેનુનો વાસ હતો. ભગવાન્ શ્રીકૃષ્ણનું ગોચારણ પ્રસિદ્ધ છે. તેમણે ઈન્દ્રયજ્ઞનો નિષેધ કરી ગોવર્ધનપૂજામાં ગાયોને પ્રવૃત્ત કરી ગોવર્ધન પર્વત ધારણ કર્યો.

ગૌના મહત્ત્વને સ્વીકારી ગોવંશની સેવા સુરક્ષા હેતુ વેદ, ઉપનિષદ્, પુરાણ એવં સ્મૃતિ શાસ્ત્રોમાં નિર્દેશ કર્યો છે. ભગવાન્ શ્રીરામ, શ્રીકૃષ્ણ, ઋષિમુનિઓ એવં અનેક આચાર્યોએ ગૌસેવાને પોતાની દૈનિક ચર્યામાં મુખ્ય ગણી છે.

આજના સમયમાં તો કૃષિ, ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ એવં આર્થિક દષ્ટિથી ગૌનું મહત્ત્વ અધિક છે. ઉત્તમ કોટિના વિટામીનયુકત સ્નેહ–ક્ષાર પદાર્થો પ્રોટીનયુકત દુગ્ધ એવં દુગ્ધજન્ય પદાર્થોથી માનવ પુષ્ટ અને દેવગણ સંતુષ્ટ થાય છે. ગોદુગ્ધ, ગોઘૃત તથા ગૌમૂત્ર ઔષધિરૂપે ઉપયોગી છે. ગોબરગેસ પ્લાન્ટથી ઈંધણ એવં પ્રકાશ ઉર્જા પ્રાપ્ત થાય છે. મૃત્યુ ઉપરાંત પણ તેના અવયવ (અસ્થિ, ચર્મ, શૃંગ, ખૂર, કેશ, આદિ) ઉપયોગમાં આવે છે.

પ્રાચીનકાળથી વર્તમાનયુગ પર્યન્ત ગૌનું માહાત્મ્ય વર્ણવ્યું છે.

**નિષ્કર્ષ :**

પ્રસ્તુત ઉપાખ્યાન પરથી ગૌ અને ગૌદાનનું માહાત્મ્ય વર્ણવ્યું છે. બ્રાહ્મણ અને ગૌ અમૂલ્ય છે. બ્રાહ્મણને દક્ષિણામાં ગૌદાન કરવાની પ્રથા પ્રચલિત હતી. ગૌને એક દેવી માની તેની પૂજા કરવામાં આવતી ઈત્યાદિ બાબતો સિદ્ધ થાય છે.

## (३) नृगोपाख्यान

પ્રસ્તુત ઉપાખ્યાન મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતના અનુશાસન પર્વના દાનધર્મપર્વ અંતર્ગત ૭૦ મા નૃગ ઉપાખ્યાન નામના અધ્યાયમાં સમાવિષ્ટ છે.

ભીષ્મ–યુધિષ્ઠિર સંવાદ અંતર્ગત દાનધર્મનો મહિમા વર્ણવતા ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ બે નામધારી નૃગનો ઉલ્લેખ કરે છે.

(૧) નૃગ – સૂર્યવંશી વૈવસ્વત મનુના દસપુત્રોમાંનો બીજો

(૨) નૃગ – સૂર્યવંશી નૃગ કુળોત્પન્ન ઓઘરથ રાજાનો પુત્ર [૧]

પ્રસ્તુત ઉપાખ્યાન ક્રમ બે નામધારી નૃગની કથા આલેખે છે.

મહાભારત પ્રમાણે કથા જોઈએ તો –

પ્રાચીનકાળમાં દ્વારકા નગરીમાં ઘાસથી આચ્છાદિત એક કૂવા પાસે બાળકો જળપાનની ઈચ્છાથી ગયા. તે કૂવામાં વિશાળકાય મગરમચ્છ જોયો. બાળકો તેને બહાર કાઢવાના પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ સફળતા ન મળતા સર્વ બાળકો શ્રીકૃષ્ણ પાસે આવ્યા.

શ્રીકૃષ્ણે તે મગરને કૂવામાંથી બહાર કાઢયો. શ્રીકૃષ્ણના પાવન સ્પર્શથી મગરનો ઉદ્ધાર થયો તે રાજા નૃગ હતો.

નૃગને જોઈ ભગવાન્ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા. આપની આવી દશા કેવી રીતે થઈ ? તેના પ્રત્યુત્તરમાં નૃગ તેમના પૂર્વજીવનની કથા કહે છે.

એક બ્રાહ્મણ પાસે એક ગાય હતી. તે બ્રાહ્મણના પરદેશગમનથી તે ગાય મારી ગાયો સાથે આવી ગઈ.

ગૌદાન સમયે તે બ્રાહ્મણની ગાય બીજા બ્રાહ્મણને આપી દીધી.

થોડા સમય પશ્ચાત્ તે બ્રાહ્મણ પરદેશથી પરત થયો. તે સમયે પોતાની ગાય અન્ય બ્રાહ્મણ પાસે જોઈ તેથી તેમણે કહ્યું, આ ગાય મારી છે.

બંને બ્રાહ્મણો કલહ કરતા રાજા નૃગ પાસે આવ્યા. બંનેએ પોતપોતાની વાત રજૂ કરી.

રાજા નૃગે દાન લેનાર બ્રાહ્મણને આ ગાયના બદલામાં એક સહસ્ર ગાય આપવાનું કહ્યું. પરંતુ તે બ્રાહ્મણને આ વાત માન્ય ન હતી. કારણ કે આ ગાય પોતાના માતૃહીન બાળકને દૂધ પીવડાવતી હતી.

પરદેશથી પાછા ફરેલ બ્રાહ્મણને રાજાએ બોલાવી કહ્યું, **गवां शतसहस्रं हि तत्कृते गृह्यतामिति ।** અર્થાત્ આ ગાયના બદલામાં હું આપને એક લાખ ગાય આપું. [૨]

બ્રાહ્મણે આ વાતનો અસ્વીકાર કર્યો.

તે દરમિયાન રાજાનું મૃત્યુ થયું. ધર્મરાજાએ કહ્યું, તમે પહેલા પુણ્યકર્મોનું ફળ ભોગવવા ઈચ્છો છો કે પાપકર્મનું ? કારણ કે આપે અજ્ઞાનવશ બ્રાહ્મણની ગાયનું અપહરણ કર્યું છે. તેથી આપના દ્વારા પાપકર્મ થયું છે.

રાજા નૃગે પ્રથમ પાપ ભોગવવાનો નિશ્ચય કર્યો તે સમયે યમરાજના વચન પ્રમાણે – એક હજાર વર્ષ પછી પાપ કર્મ સમાપ્ત થશે. જનાર્દન શ્રીકૃષ્ણ આવી ઉદ્ધાર કરશે. તદ્પશ્ચાત્ પુણ્યકર્મના પ્રભાવથી સનાતન લોક પ્રાપ્ત કરશો.

તિર્યગ્યોનિમાં પણ મને પૂર્વજન્મની સ્મરણશકિત રહી છે. શ્રીકૃષ્ણે તેને સ્પર્શ કરી ઉદ્ધાર કર્યો અને રાજા નૃગને સ્વર્ગલોકની પ્રાપ્તિ થઈ.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

મહાભારત ઉપરાંત રામાયણ–ઉત્તરકાંડ–૫૪, શ્રીમદ્ ભાગવતની આ કથા અલ્પ તફાવત સાથે નિર્દિષ્ટ કરાયેલ છે, જે આ પ્રમાણે છે –

રામાયણમાં રાજા નૃગને નારદ અને પર્વત દ્વારા મળેલ શાપનો ઉલ્લેખ છે, જે મહાભારતમાં નથી. રામાયણ કથા મુજબ રાજા સ્વયં એક ખાડો ખોદાવી તેમાં રહે છે અને રાજકુમાર વસુને રાજધર્મનો ઉપદેશ આપી ખાડામાં પ્રવેશ કરે છે.

શ્રીમદ્ ભાગવતની કથા અને મહાભારતની કથામાં સમાનતા જોવા મળે છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા નીચે પ્રમાણેનો ઉપદેશ પ્રાપ્ત થાય છે, તે ક્રમશઃ જોઈએ તો –

**બ્રાહ્મણના ધનનું અપહરણ કરવાનું ફળ :**

વૈદિક કાળથી બ્રાહ્મણને મૂર્ધન્ય સ્થાન અપાયું છે. સમગ્ર પૃથ્વીનો શાસક પણ બ્રાહ્મણને ઉચ્ચ આસને બેસાડે છે. તેના રાજયમાં બ્રાહ્મણને યોગ્ય માન–સમ્માન આપે છે.

નૃગ રાજા પણ નિત્ય બ્રાહ્મણોને દાન આપતા પરંતુ સંજોગવશાત્ અજાણતા તેનાથી એક બ્રાહ્મણની ગાય જે રાજાની ગાયોના સમૂહમાં આવી ગઈ હતી. તેનું દાન કરી દીધું તેથી ચોરાયેલ ગાયનું દાન ફળ આપતું નથી. તે ન્યાયે તેને તિર્યગ્યોનિ પ્રાપ્ત થઈ.

મહાભારતકાર બ્રાહ્મણના માહાત્મ્યનું વર્ણન કરતા કહે છે –

**ते पूज्यास्ते नमस्कार्या मान्यास्ते पितरो यथा ।**
**तेष्वेव यात्रा लोकानां भूतानामिव वासवे ॥**

અર્થાત્ રાજા માટે બ્રાહ્મણ પિતાની માફક પૂજનીય છે, વંદનીય અને માનનીય છે. જેવી રીતે પ્રાણીઓનું જીવન ઈન્દ્ર પર નિર્ભર છે, તેવી રીતે વિશ્વની જીવન યાત્રા બ્રાહ્મણો પર અવલંબિત છે. [૩]

જે મૂર્ખજન બ્રાહ્મણની નિંદા કરે છે, તે નષ્ટ થાય છે. [૪]

બ્રાહ્મણના સંતુષ્ટ થવાથી પિતૃ તથા દેવતા સદા પ્રસન્ન રહે છે. [૫]

ચોપગા પ્રાણીમાં ગાય ઉત્તમ છે, ધાતુઓમાં સુવર્ણ ઉત્તમ છે, શબ્દોમાં વેદમંત્ર ઉત્તમ છે, અને બે પગવાળા પ્રાણીમાં બ્રાહ્મણ ઉત્તમ છે. [૬]

અથર્વવેદના મંતવ્ય પ્રમાણે જયાં બ્રાહ્મણનો તિરસ્કાર થાય છે, સુખ–શાંતિ રહેતી નથી. [૭]

ધમ્મપદ અનુસાર ''જે આ વિશ્વમાં પુણ્ય અને પાપના સંગથી પર થઈ ગયેલો છે. શોક વગરનો, મેલ વગરનો અને શુદ્ધ છે તેને હું બ્રાહ્મણ કહું છું.'' [૮]

આવા બ્રાહ્મણના ધનનું અપહરણ કરવાથી નરક યાતના ભોગવવી પડે છે.

વર્તમાન યુગમાં બ્રાહ્મણમાં બ્રાહ્મણત્વનો હ્રાસ થતો જોવા મળે છે. તેઓ માત્ર જન્મે જ બ્રાહ્મણ રહ્યા છે. તેના કર્મ બ્રાહ્મણને અનુરૂપ નથી.

**કરેલ કર્મનું ફળ :**

મનુષ્યે કરેલ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. રાજા નૃગે અજ્ઞાનવશ એક બ્રાહ્મણની ગાય અન્ય બ્રાહ્મણને દાન આપી. તેથી સહસ્ર વર્ષ પર્યન્ત નરક યાતના ભોગવવી પડી.

શુભાશુભ કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. આ વેદનું વિધાન છે.

આ વિધાન મનુષ્ય માટે જ નહીં અપિતુ દેવતાઓ માટે પણ કહી શકાય. દેવતાઓને પણ જો કર્મનું ફળ ભોગવવું પડે તો મનુષ્યોને ભોગવવું પડે તેમાં આશ્ચર્ય શા માટે ?

ઋગ્વેદ અનુસાર પોતાના અશુભ કર્મને કારણે સવિતાદેવને હિરણ્યયાણિ થવું પડયું. [૯]

કથા આ પ્રમાણે છે. એકવાર દેવયાગમાં અધ્વર્યુઓએ પુરોડાશ સવિતાદેવ નિમિત્તે પ્રદાન કર્યો તો તે સવિતાદેવે અમન્ત્રક તે પુરાડોશ પોતાના હાથમાં ગ્રહણ કર્યો. આ નિષિદ્ધ કર્મના ફળ સ્વરૂપ તેમનો હાથ કપાઈ ગયો. તદ્પશ્ચાત્ અધ્વર્યુઓએ સ્વર્ણ મંડિત હાથ પ્રતિષ્ઠિત કર્યો. આ પ્રમાણે આ યજ્ઞમાં ભગ દેવતાને નેત્રવિહીન થવું પડયું અને પૂષાદેવને દંતવિહીન.

અતઃ કલ્યાણકામી વ્યકિતએ શાસ્ત્રવિહિત એવં પ્રશસ્ત ઉત્તમ કર્મોનું અનુષ્ઠાન કરવું. નિષિદ્ધ અને નિંદ્ય કર્મોનું અનુષ્ઠાન કદાપિ ન કરવું.

મહાભારતકાર સત્યવતીનંદન વ્યાસ કર્મનો સિદ્ધાંત વર્ણવતા કહે છે –

''કુંભાર જેમ માટીના પિંડમાંથી પોતાની ઈચ્છા મુજબનું પાત્ર બનાવે, તેવી રીતે પોતે કરેલા કર્મને મનુષ્ય ભોગવે છે.'' [૧૦]

મનુષ્ય જ્ઞાની, મૂર્ખ કે શૂરવીર હોય, તેમણે પૂર્વજન્મમાં કરેલ શુભ–અશુભ કર્મ પ્રમાણે ફળ ભોગવે છે. [૧૧]

શુભ કર્મનું પરિણામ શુભ હોય અને અશુભ કર્મોનું પરિણામ અશુભ હોય. કોઈ કામ પરિણામનો વિચાર કર્યા વિના કરવામાં આવે તો તેનું ફળ દાહક બને છે. પૂર્વે કરેલા સત્કર્મો પણ વાવેલા વૃક્ષની જેમ સમય આવ્યે ફળ્યા કરે છે. કર્મનું ફળ અવશ્ય મળે છે. તેથી જ કહ્યું છે કે –

*'જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,*
*બદલો ભલા–બૂરાનો, અહીંનો અહીં મળે છે.'*

માત્ર આ જન્મના જ નહીં ગત જન્મે કરેલ અને તપથી પાવન બનેલ કર્મો પણ ફળ આપે છે. **'पूराकृतानि पुण्यानि'** પ્રમાણે તેના કર્મો, જીવનપોથીમાં જમા હોય છે.

શ્રીમદ્ ભાગવત અનુસાર સુખ–દુઃખયુકત મનુષ્ય પૂર્વે કરેલ કર્મનું ફળ ભોગવે છે. [૧૨]

બ્રહ્મવૈવર્તના મતે ''મનુષ્યને શુભ–અશુભ કર્મનું ફળ ભોગવવું પડે છે. કરોડોકલ્પ પછી પણ કર્મફળ ભોગવ્યા વિના મુકિત મળતી નથી.'' [૧૩]

વાલ્મીકિ રામાયણ પણ આ વાતને પુષ્ટિ આપતા કહે છે.

**यदाचरति कल्याणि शुभं वा यदि वाशुभम् ।**
**तदैव लभते भद्रे कर्ता कर्मजमात्मनः ॥**

અર્થાત્ મનુષ્ય શુભ–અશુભ કર્મ પ્રમાણે શુભ–અશુભ ફળ પ્રાપ્તિ કરે છે. [૧૪]

**'कर्मण्येवाधिकारस्ते'** એવી જયાં ઈશ્વરી ઘોષણા થઈ છે તેવી ભારતની આ કર્મભૂમિમાં જે મનુષ્ય સત્કર્મોનું તપ નથી કરતો, તે મંદભાગ્ય છે. મનુષ્યનું આવું અવિવેકી વર્તન કેટલું અનુચિત છે !

**નિષ્કર્ષ :**

જ્ઞાની વ્યકિતએ બ્રાહ્મણના ધનનું અપહરણ કરવું જોઈએ નહી. બ્રાહ્મણનું અપહરણ કરેલ ધન સર્વસ્વનો નાશ કરે છે. જેવી રીતે બ્રાહ્મણની ગાયનું અપહરણ કરવાથી રાજા નૃગનો સર્વનાશ થયો.

ગૌદાનથી જેવું ઉત્તમ ફળ મળે તેવું જ ગાયનો દ્રોહ કરવાથી કુફળ ભોગવવું પડે છે. અતઃ ગાયને કષ્ટ આપવું નહી.

કરેલ કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે, તે આ ઉપાખ્યાનનો મુખ્ય સંદેશ છે.

શ્રેષ્ઠ વ્યકિતના ઉદ્ધાર માટે સ્વયં ઈશ્વરને પૃથ્વી પર આવવું પડે છે, તે બાબત ફલિત થાય છે. આ સાથે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો **संभवामि युगे युगे** શ્લોકનું સ્મરણ થાય છે.

સ્થાન :

## (४) नचिकेतोपाख्यान

સ્થાન :

પ્રસ્તુત ઉપાખ્યાન મહાભારતના તેરમા અનુશાસનપર્વ નામના દાનધર્મપર્વ અંતર્ગત ૭૧ મા અધ્યાયમાં નિર્દિષ્ટ છે.

ભીષ્મ યુધિષ્ઠિરને ગૌદાનની મહિમા વર્ણવતા પ્રસ્તુત ઉપાખ્યાન કહે છે.

પૌરાણિક કથાકોશ પ્રમાણે –

(૧) નચિકેતા – ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલા આરુણિ ઋષિના પુત્ર [૧]

પૌરાણિક કથાકોશ એકમાત્ર નચિકેતાનો ઉલ્લેખ કરે છે.

પૌરાણિક કથાકોશ એકાધિક યમનો ઉલ્લેખ કરે છે.

(૧) યમ – કલ્પારંભ સમયનો દક્ષિણ દિગ્પાલ

(૨) યમ – વિવસ્વાન્ નામના આદિત્યની સંજ્ઞા સ્ત્રીની કૂખે વૈવસ્વત મનુના જન્મ પછી જે કન્યા પુત્રરૂપ જોડકું જન્મ્યું હતું, તેમાંનો પુત્ર. [૨]

ઉપર્યુક્ત યમ વિષયક માહિતીમાંથી ક્રમ બેના જેમણે નચિકેતાને આત્મજ્ઞાન આપ્યું હતું, તે યમની કથા નિરુપે છે.

મહાભારતકારના વર્ણન મુજબ –

એક સમય ઉદ્દાલક ઋષિએ યજ્ઞાનુષ્ઠાનનો પ્રારંભ કર્યો. તે સમયે પુત્ર નચિકેતાને નદી તટે રાખેલ યજ્ઞનું સમિધ લાવવા કહ્યું. પરંતુ નચિકેતાને યજ્ઞ સામગ્રી જોવા મળી નહીં.

પિતાને આ સમાચાર આપ્યા, જેને કારણે પિતાએ ક્રોધિત થઈ **'यमं पश्येति'** કહી શાપ આપ્યો.

શાપને કારણે નચિકેતા નિષ્પાણ થઈ ગયો. આ જોઈ પિતા શોકમગ્ન થઈ ગયા. રાત્રિ થતા પુત્ર નચિકેતાના શરીરમાં પ્રાણ સંચાર થયો.

પિતાના પ્રશ્નને કારણે નચિકેતા યમસદનનું વર્ણન કરવા લાગ્યો.

યમે નચિકેતાનો આતિથ્ય સત્કાર કર્યો. તદ્પશ્ચાત્ નચિકેતાએ પોતે જે લોકમાં જવા યોગ્ય હોય ત્યાં જવાની આજ્ઞા માંગી.

યમરાજે કહ્યું તું મૃત્યુ પામ્યો નથી. તારા પિતાના કહેવાથી તે યમરાજને જોઈ લીધા. તારા પિતા પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી છે. તેની વાત અસત્ય કેવી રીતે ઠરે ? [૩]

નચિકેતાએ યમ પાસે સમૃદ્ધિશાલી લોકના દર્શન કરવાનું વરદાન માંગ્યું.

નચિકેતાએ પિતાને યમના પુણ્યશાલી લોકનું વર્ણન કર્યું અને યમ દ્વારા અપાયેલ ગૌદાનના મહિમાને વર્ણવ્યો.

**અન્ય સ્થળે ઉલ્લેખ :**

નચિકેતા ઉપાખ્યાનનું મૂળ ઋગ્વેદ ૧૦/૧૩૫ માં રહેલું છે. એવો સાયણનો મત છે.

આ ઉપરાંત તૈત્તિરીય બ્રાહ્મણ, કઠોપનિષદ્, વરાહ પુરાણ, ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ, મત્સ્ય પુરાણ, પદ્મપુરાણ, વાયુ પુરાણ, બ્રહ્મપુરાણ, હરિવંશ ઈત્યાદિ શાસ્ત્રોમાં આ કથા નિરુપિત થઈ છે.

પરંતુ ઋગ્વેદ, તૈત્તિરીય બ્રાહ્મણ, કઠ ઉપનિષદ્‌ની કથા મહાભારતની કથા સાથે બંધબેસતી લાગતી નથી. તે કથાનકમાં અનેક પરિવર્તન કરવામાં આવ્યા છે.

ઋગ્વેદ અનુસાર –

**यस्मिन् वृक्षे सुपलाशे देवैः संपिबते यमः ।**

**अत्रानो विश्पतिः पिता पुराणां अनु वेनति ॥**

અર્થાત્ જે ઉત્તમ છાયાવાળા વૃક્ષની નીચે દેવોની સાથે બેસીને યમ રસપાન કરે છે. અમારા પ્રજાના પાલક અર્થાત્ નચિકેતાના જેવા બાળકોનું પાલન કરવાવાળા વાજશ્રવાના પિતા ગૌત્તમ પ્રાચીન પૂર્વજો સાથે આ નચિકેતા પણ જઈને બેસે એવી તેની ઈચ્છા છે. [૪]

માત્ર એક શ્લોકના નિર્દેશ પરથી નચિકેતાની મૂળકથાનો ખ્યાલ આવી શકે તેમ નથી.

તૈત્તિરીય બ્રાહ્મણની કથા પ્રમાણે –

વાજશ્રવા ઋષિએ વિશ્વજીત નામનો યજ્ઞ કર્યો ત્યારે ગાયોને દાનમાં અપાતી જોઈ નચિકેતાએ પિતાને પ્રશ્ન કર્યો, તમે મને કોને આપશો ?

પિતાએ ક્રોધવશાત્ નચિકેતાને મૃત્યુને આપી દીધો. આકાશવાણી દ્વારા જાણ્યું કે ત્યાં ત્રણ રાત્રિ ભૂખ્યો રહેજે. યમ તને પૂછે તો કહે જે કે – પ્રથમ રાત્રિએ તારી પ્રજા ખાધી, બીજી રાત્રિએ પશુઓ ખાધા અને ત્રીજી રાત્રિએ તારા સુકૃત આરોગ્યા એમ કહેજે.

નચિકેતાએ યમને આ પ્રમાણે કહ્યું, યમે નચિકેતાને ત્રણ વરદાન આપ્યા.

કઠોપનિષદ્‌ની કથા તૈત્તિરીય બ્રાહ્મણની કથા જેવી છે તેમાં માત્ર ત્રણ રાત્રી શું–શું આરોગ્યું તેનો ઉત્તર નથી આટલો તફાવત છે.

કઠોપનિષદ્‌માં જોવા મળતી તત્ત્વજ્ઞાનની ચર્ચા અન્યત્ર નથી.

મહાભારત તો આ સર્વ કથા કરતા સાવ અલગ જ કથા આલેખે છે, જે આપણે ઉપર જોઈ ગયા.

પ્રસ્તુત ઉપાખ્યાનમાંથી આજ્ઞાકારી પુત્ર, વત્સલ પિતા, ગૌદાન ઈત્યાદિ બાબતો ફલિત થાય છે તે ક્રમશઃ જોઈએ તો –

**શાપ :**

ઋષિ મુનિઓનો શાપ કદાપિ મિથ્યા થતો નથી. તેથી વાજશ્રવસે નચિકેતાને યમને જોવાનો શાપ આપ્યો, જેને કારણે નચિકેતા યમગૃહે પહોંચી ગયો.

શાપનું મહત્ત્વ અનેરું છે. દેવો અને અપ્સરાઓને પણ શાપવશાત્ પૃથ્વી પર અવતરવું પડે છે. તેનું ઉદાહરણ સ્વર્ગની અપ્સરા ઉર્વશીનું આપી શકાય. તે પુરુરવા પ્રત્યે આસકત થઈ અને પૃથ્વી પર નિવાસ કરવા લાગી.

કયારેક શાપ આશીર્વાદરૂપ પણ બનતો હોય છે. કઠોપનિષદ્‌માં પિતા ઉદ્દાલકે નચિકેતાને મૃત્યુ પામવાનો શાપ આપ્યો, જેને કારણે વિશ્વને શ્રેષ્ઠ આત્મતત્ત્વનું જ્ઞાન સાંપડયું.

અભિજ્ઞાન શાકુન્તલમાં કવિ કાલિદાસે દુર્વાસાના શાપના પ્રસંગનું આયોજન કરી નાટકને નવીનરૂપ બક્ષ્યું છે. દુર્વાસાના શાપ વિષે શ્રી રાઈડર લખે છે કે ''શાપ અને તેનો પ્રતિકાર એ તો હિન્દુઓને સામાન્ય વાત છે. આ પ્રસંગ કાલિદાસ એટલી સરસ રીતે પ્રયોજે છે કે હિન્દુ કે યુરોપિયન કોઈને કશું અજુગતુ ન લાગે. શાપ પ્રસંગ એ તો નાટકને ઘેરી વળતું એક દૈવી વાદળું છે. માનવવૃત્તિઓને તે રુંધતું નથી પણ વધુ મહત્ત્વ અને ચિરંજીવ સ્થાન આપે છે.''

શાપનો ભોગ બનેલ વ્યકિતનું મૃત્યુ પણ થાય છે, તેના ઉદાહરણ રાજા પરીક્ષિત, રાજા પાંડુ, રાજા દશરથ ઈત્યાદિને ગણાવી શકાય.

પરંતુ પ્રસ્તુત ઉપાખ્યાનમાં શાપ આશીર્વાદરૂપ નીવડે છે. પિતાના શાપને કારણે નચિકેતા યમપુરીના દર્શન કરી યમ દ્વારા જ ગૌદાનનો મહિમા પ્રાપ્ત કર્યો.

કઠોપનિષદ્‌ની કથા અનુસાર શાપને કારણે વિશ્વને શ્રેષ્ઠ આત્મ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું.

**આજ્ઞાકારી પુત્ર :**

પિતાની આજ્ઞાનું પાલન કરવું તે પુત્રની નૈતિક ફરજ છે.

આજ્ઞાકારી પુત્ર તરીકે ભગવાન્ શ્રીરામ પશ્ચાત્ નચિકેતાને મૂકી શકાય.

નચિકેતા પિતાની આજ્ઞા અનુસાર યમપુરીમાં ગયા અને યમ પાસેથી ગૌદાનનું મહત્ત્વ શ્રવણ કર્યું.

પિતા ઉદ્દાલકની આજ્ઞા **'यमं पश्येति'** અનુસાર તે યમને માત્ર જુએ છે અને તદ્‌પશ્ચાત્ યમપુરીમાંથી પરત થાય છે. યમ પણ પિતા ઉદ્દાલકની આજ્ઞા પ્રમાણે નચિકેતાને પિતા પાસે પુનઃ મોકલે છે.

મહાભારતના આદિપર્વમાં ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પુત્ર કેવો હોવો જોઈએ તે વિષે કહે છે –

**माता पित्रोर्वचनकृद्धितः पथ्य  यः सुतः ।**

**स पुत्रः पुत्रवद् य  वर्तते पितृमातृषु ॥**

અર્થાત્ જે માતા–પિતાની આજ્ઞા માને છે, તેનું હિત ઈચ્છે છે, તેને અનુકૂળ રહે છે તથા માતા–પિતા પ્રતિ પુત્રોચિત વ્યવહાર કરે છે, તે વાસ્તવમાં પુત્ર છે. [૫]

પિતાની આજ્ઞાને માન્ય રાખી ભગવાન્ શ્રીપરશુરામે તેની માતાનો વધ કર્યો.

વાલ્મીકિ રામાયણમાં ભગવાન્ શ્રીરામ પિતા પરનો પ્રેમ વ્યકત કરતા કહે છે, ''હું મહારાજના કહેવાથી આગમાં કૂદી શકું, તીવ્ર વિષનું ભક્ષણ કરી શકું અને સમુદ્રમાં પડી શકું. મહારાજ મારા ગુરુ, પિતા અને હિતૈષી છે. હું તેમની આજ્ઞાનું પાલન કેમ ન કરી શકું?'' [૬]

વર્તમાન યુગમાં પિતૃભકત પુત્રની ઓછપ જોવા મળે છે. આજનો સમાજ પિતા–પુત્ર મિત્ર સમાન બની રહે તેવી માન્યતાવાળો થયો છે. પિતાની આજ્ઞાપાલન તો એક તરફ રહી પરંતુ જન્મદાતા પિતાનો વધ કરતા પણ આજનો પુત્ર અચકાતો નથી. તેથી આવા શાસ્ત્રોકત આજ્ઞાકારી પુત્રની કથા સંભળાવવી આજના સમયમાં આવશ્યક છે.

**વરદાન :**

વરદાન દ્વારા મનુષ્ય કૃતકૃત્ય થાય છે. જેવી રીતે શાપ જીવનની અવનતિ કરે છે તેવી રીતે વરદાન જીવનમાં ઉન્નતિ લાવે છે.

નચિકેતાએ યમરાજ પાસેથી વરદાન પ્રાપ્ત કરી બ્રહ્મલોકનું દર્શન કર્યું.

કઠોપનિષદ્‌ની કથા અનુસાર નચિકેતા યમગૃહે ત્રણ રાત્રિ ભૂખ્યો રહ્યો. તેના બદલામાં યમે નચિકેતાને ત્રણ વરદાન આપ્યા. તે ત્રણ વરદાન આ પ્રમાણે છે –

(૧) **शान्तसंकल्पः सुमना यथा स्यात्**
**वीतमन्युर्गौतमो माभि मृत्यो ।**
**त्वत्प्रसृष्टं माभिवदेत्प्रतीत एतत्**
**त्रयाणां प्रथमं वरं वृणे ॥**

અર્થાત્ શાંત સંકલ્પવાળા, પ્રસન્ન મનવાળા મારા પિતા મારા પ્રત્યે ક્રોધરહિત થઈ જાય. તમારી પાસેથી પાછા ફરેલા મારી સાથે બોલે. [૭]

(૨) **स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि त्वं श्रद्धधानाय मह्यम् ।**
**स्वर्गलोका अमृतत्वं भजन्ते एतद् द्वितीयेन वृणे वरेण ॥**

અર્થાત્ તમે સ્વર્ગલોકના સાધનરૂપ અગ્નિને જાણો છો. શ્રદ્ધાળુ એવા મને તેના વિષે કહો. [૮]

(૩) નચિકેતાનું ત્રીજું વરદાન જેના અનુસંધાનમાં સમગ્ર કઠોપનિષદ્નો સાર આવી જાય છે –

**येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके ।**

**नायएतद्विद्यामनुशिष्टस्त्वयाऽहं वराणामेव वरस्तृतीयः ॥**

અર્થાત્ મૃત મનુષ્ય વિષે જે આ શંકા છે – કેટલાક 'છે' એમ અને કેટલાક 'આ નથી' એમ માને છે. તમારા વડે સમજાયેલો હું આ જ્ઞાન જાણવા માંગું છું. [૯]

ત્રીજા વરદાનમાં યમરાજાએ શ્રેય–પ્રેય, વિદ્યા–અવિદ્યા, આત્માનું સ્વરૂપ, જીવાત્મા–પરમાત્માનો નિત્ય સંબંધ, રથ–રથીનું રૂપક, સગુણ બ્રહ્મ, અશ્વત્થ વૃક્ષ ઈત્યાદિ વિષયક જ્ઞાન નચિકેતાને આપ્યું, જેને કારણે નચિકેતા બ્રહ્મતત્ત્વને પ્રાપ્ત કરી શકયો અને વિશ્વમાં શ્રેષ્ઠ શિષ્ય તરીકેનું સ્થાન પામ્યો.

મહાભારતકાર યમના ત્રણ વરદાનની વાત કરતા નથી. તેઓ યમના ઉપદેશમાં ગૌદાનનો મહિમા વર્ણવે છે.

**ગૌદાન :**

સંપૂર્ણ મનુષ્ય જીવનમાં દાનનું અતિ મહત્ત્વ છે. તેમાં પણ ગૌદાનનું મહત્ત્વ વિશેષ છે.

ગૌદાન વિષયક ચર્ચા ચ્યવન ઉપાખ્યાનમાં થઈ ગઈ છે. પરંતુ અત્રે ગૌદાનનું મહત્ત્વ વિશેષ દર્શાવ્યું હોવાથી પુનઃ તેની ચર્ચા કરી છે.

બ્રાહ્મણ અને ગાય અમૂલ્ય છે, તેમ ચ્યવન ઉપાખ્યાન નિરુપે છે. તેમાં કહ્યું છે કે – ગાય સ્વર્ગની સીડી છે. ગાય સ્વર્ગમાં પૂજાય છે. ગાય સમસ્ત કામનાની પૂર્તિ કરનાર દેવી છે. [૧૦]

યમરાજા ગૌદાનનું માહાત્મ્ય વર્ણવતા નચિકેતાને કહે છે, ''સુપાત્ર બ્રાહ્મણ, ઉત્તમ સમય, વિશિષ્ટ ગૌ તથા દાનની સર્વોત્તમ વિધિ – આ સર્વ જાણીને ગૌદાન કરવું જોઈએ. જે બ્રાહ્મણ વેદના સ્વાધ્યાય સમ્પન્ન, તપસ્વી તથા યજ્ઞાનુષ્ઠાનમાં મગ્ન રહે છે તે ગૌદાન માટેનું ઉત્તમ પાત્ર છે. આ સિવાય જે બ્રાહ્મણ કુચ્છવ્રતથી મુકત થઈ પરિવારની પુષ્ટિ માટે ગૌદાનના પ્રાર્થી દાન માટે ઉત્તમ છે. જે ગૌ પ્રતિ ક્ષમાશીલ, રક્ષા માટે સમર્થ, કૃતજ્ઞ અને આજીવિકારહિત છે. તેવા બ્રાહ્મણને ગૌદાન માટે ઉત્તમ પાત્ર બતાવ્યા છે. જે વૃદ્ધ, રોગી, દુર્ભિક્ષ કોઈ મહાન્ યજ્ઞનું અનુષ્ઠાન કરનાર, ખેતીની આવશ્યકતા કરનાર, હોમ માટે હવિષ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય અથવા ઘરમાં સ્ત્રી ગર્ભવતી હોય અથવા ગુરુ દક્ષિણામાં આપવા, બાળકની પુષ્ટિ માટે ગૌદુગ્ધની આવશ્યકતા આવી પડી હોય તેવી વ્યકિતઓને ગૌદાન આપવું જોઈએ. દહેજમાં લાવેલ ગાય દાન માટે ઉત્તમ મનાય છે.'' [૧૧]

એક બળદનું દાન કરવાથી મનુષ્ય દેવતાઓનો સેવક બને છે. બે બળદના દાનથી વેદવિદ્યાની પ્રાપ્તિ થાય છે. કપિલા ગાયનું દાન કરવાથી સમસ્ત પાપોનો પરિત્યાગ થઈ જાય છે. [૧૨]

યજ્ઞ સમાપ્તિ સમયે ગૌદાનનું મહત્ત્વ હશે તેવું કઠોપનિષદ્‌ના કથાનક પરથી તારવી શકાય.

ઉત્તમ ગાયનું દાન આપવું જોઈએ. દુર્બળ ગાયોનું દાન આપવાથી પુણ્ય નષ્ટ થઈ જાય છે.

ગૌની મહિમાનો ઉલ્લેખ વેદાદિ શાસ્ત્રોમાં મળે છે.

વેદમાં ગાયને **'अघ्न्या'** કહી છે. તેનો અર્થ જેની હત્યા ન થવી જોઈએ તેવો થાય છે.

શુકલ યજુર્વેદમાં ગૌ અને પૃથ્વી બંનેના સંદર્ભમાં પ્રશ્ન કર્યો છે કે **कस्य मात्रा न विद्यते ?** (કોની ઉપમા નથી ?) તેનો ઉત્તર છે, **'गोस्तु मात्रा न विद्यते ।'** ગાયથી અધિક કશું નથી.

ગૌ અને પૃથ્વીમાં અભિન્નતા છે. મૃત્યુલોકની આધારશકિત પૃથ્વી અને દેવલોકની આધારશકિત ગૌ છે. પૃથ્વીને ભૂલોક અને ગૌને ગોલોક કહે છે. પૃથ્વીની માફક ગૌમાતા મનુષ્ય જીવનનો આધાર છે. તેથી વેદમાં પૃથ્વી અને ગૌ બંનેને **'मही'** શબ્દથી નવાજયા છે.

શાસ્ત્રોમાં ગૌને સર્વદેવમયી અને સર્વતીર્થમયી કહી છે. અતઃ ગૌના દર્શન માત્રથી સમસ્ત દેવતાઓના દર્શન અને સમસ્ત તીર્થોની યાત્રાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. ગાયના નિવાસ સ્થાને સર્વદા સુખ–શાન્તિનું પૂર્ણ સામ્રાજય ઉપસ્થિત થાય છે. ગૌદર્શન, ગૌસ્પર્શન સર્વવિધ પાપમાંથી મુકત થઈ અક્ષત સ્વર્ગનો ભોગ પ્રાપ્ત કરાવે છે.

વેદમાં ગૌ મહિમાપરક અનેક મંત્ર ઉપલબ્ધ છે. જેમ કે, અમે આપના એવા ગોલોકરૂપ નિવાસસ્થાને જવા ઈચ્છીએ છીએ કે જયાં મોટા શૃંગવાળી, સર્વત્ર ગમન કરનાર ગાય નિવાસ કરતી હોય ત્યાં સર્વવ્યાપક વિષ્ણુ ભગવાનનું પરમપદ વૈકુંઠ પ્રકાશિત હોય. [૧૩]

**माता रूद्राणां दुहिता वसूनां स्वसादित्यानाममृतस्य नाभिः ।**

અર્થાત્ ગૌ એકાદશ રુદ્રની માતા, અષ્ટ વસુઓની કન્યા અને દ્વાદશ આદિત્યોની ભગિની છે જે અમૃતરૂપ દુગ્ધ આપનારી છે. [૧૪]

અથર્વવેદ અનુસાર **'इमा या गावः स जनास इन्द्रः ।'** અર્થાત્ જેની પાસે ગૌ છે, તે ઈન્દ્ર છે. [૧૫]

ગૌ સંપત્તિનું ઘર છે. [૧૬]

શતપથ બ્રાહ્મણ મુજબ ગૌનો મહિમા મહાન્ છે. [૧૭]

આ પ્રમાણે વેદથી આરંભી સમસ્ત ધાર્મિક ગ્રંથોમાં અને સમસ્ત સંપ્રદાયના ધર્મગ્રંથોમાં એવં પ્રાચીન અર્વાચીન ઋષિ–મહર્ષિ, આચાર્યો, વિદ્વાનોથી શરૂ કરી આધુનિક વિદ્વાનો પર્યન્ત ગૌમાતાનું સ્થાન સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય છે.

ગૌ એક અમૂલ્ય સ્વર્ગીય જયોતિ છે, જેનું નિર્માણ ઈશ્વરે મનુષ્યના કલ્યાણ માટે આશીર્વાદરૂપે પૃથ્વીલોકમાં કર્યું. અતઃ આ પૃથ્વી પર ગૌમાતા મનુષ્યો માટે ઈશ્વરનો પ્રસાદ છે. ઈશ્વરના પ્રસાદરૂપ

અમૃતરૂપી ગૌદુગ્ધનું પાન કરી માનવ જ નહીં, અપિતુ દેવગણ પણ સંતુષ્ટ થઈ જાય છે. તેથી ગૌદુગ્ધને અમૃત કહ્યું છે.

અતઃ માનવ જાતિ માટે ગૌથી ઉત્તમ ઉપકારક કોઈ પ્રાણી નથી. તેથી હિંદુ જાતિએ ગૌને દેવતાતુલ્ય સમજી તેની સેવા શુશ્રૂષા કરવી, તે જ પરમ ધર્મ છે.

શાસ્ત્રોમાં ગૌયજ્ઞનો ઉલ્લેખ છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ગોવર્ધનપૂજનના અવસરે ગૌ યજ્ઞ કર્યો હતો. આજ વર્તમાન સમયની વિકટ પરિસ્થિતિ જોતા ગૌ પ્રધાન ભારતભૂમિમાં સર્વત્ર ગૌયજ્ઞની આવશ્યકતા છે. ગૌ યજ્ઞોના ફળ સ્વરૂપ મહાભારતોકત પુણ્યમય શ્લોકદ્વયની મધુર ધ્વનિ સર્વદા નિઃસૃત થતી રહે. જેનાથી દેશ અને સંપૂર્ણ સમાજનું સર્વવિધ કલ્યાણ હો.

ભીષ્મ કહે છે, હું સદા ગૌનું દર્શન કરું અને ગૌ મારા પર કૃપા દષ્ટિ કરે. ગૌ અમારી છે અને અમે ગૌના છીએ. જયાં ગાય રહે ત્યાં અમે નિવાસ કરીએ. ગાય મારી આગળ–પાછળ ચોતરફ રહે અને હું ગૌની મધ્યે રહું. [૧૮]

વર્તમાન સમયમાં ગૌનો મહિમા સમજી તેની સાથે વ્યવહાર કરવો જોઈએ. શાસ્ત્રો પ્રમાણે ગૌમાં તેત્રીસ કરોડ દેવતા સમાયેલા છે. તે ગૌ સર્વ રીતે ઉપયોગી છે. તેના ગોબરમાંથી ગેસ પ્લાન્ટ ઉત્પન્ન થાય છે. તેના મૂત્રમાં રોગ પ્રતિકારક શકિત રહેલી છે.

ભારતીય શાસ્ત્રોમાં ગૌહત્યાનો નિષેધ કરાયો છે. મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે, ''ભારતને આઝાદી પ્રાપ્ત થશે કે નવી સરકાર સૌપ્રથમ કામ ગૌહત્યાબંધીનો કાયદો લાવવાનું કરશે.''

પરંતુ કાયદાની આંટીઘૂંટીમાં ગૌહત્યા નિષેધનો કાયદો અમલમાં આવી શકયો નહિ.

ગુજરાત સરકારે સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધીનો કાયદો કરવા માટે જે પ્રસ્તાવના અને હેતુઓનું નિવેદન કર્યું તેમાં નીચેના પાંચ કારણો આપવામાં આવ્યા હતા, જેને સુપ્રિમ કોર્ટે સત્ય પુરવાર કર્યા છે.

(૧) ગાય અને તેનો વંશ દેશના આરોગ્યની રક્ષા કરે છે.

(૨) ગાયના વત્સ કૃષિ માટે અપરિહાર્ય છે. કારણ કે અન્ય પશુની અપેક્ષાએ તે વધુ ઊર્જા આપે છે.

(૩) ગાયનું છાણ કૃત્રિમ ખાતર કરતા સસ્તુ છે અને ગોબરગેસની બનાવટમાં ઉપયોગી છે.

(૪) ગાય અને તેનો વંશ ભારતીય કૃષિની કરોડરજ્જુ છે.

(૫) ગુજરાત રાજયનું અર્થતંત્ર કૃષિ આધારિત છે. કૃષિના ક્ષેત્રમાં પ્રાણીઓનો ઉપયોગ ભારવહન, દૂધ, પ્રજનન અને ખેતીવાડીના ઉપયોગ માટે કરવાનું ભારે મહત્ત્વ છે. કૃષિમાં કામ આવતા બળદ અને આખલા જેવા પ્રાણીઓની રક્ષા કરવી અને તેનું સંવર્ધન કરવું તે ધ્યાન આપવા લાયક બાબત છે.

આમ, ગૌવંશની રક્ષામાં ગુજરાત દીવાદાંડી બન્યું.

ગાય માટે આટલી બધી ચિંતા શા માટે કરી છે ? કારણ કે ગાયનું દૂધ રોગ હરનારું છે. ગાયનું ઘી, માખણ, ઔષધિ સાથે આપીને રોગીષ્ટને રોગ મુકત કરાય છે. કેન્સર, ડાયાબીટીસ જેવા ભયંકર રોગ પણ ગૌમૂત્રથી નાશ પામે છે.

મહાભારતકાર તો ત્યાં સુધી કહે છે કે ગાયના ગોબરથી સ્નાન કરવું, ગોબર પર બેસવું, ગૌના તિરસ્કારથી દૂર રહેવું. [૧૯]

આવી ગાયનો વધ કરવો, તે મહાપાતક છે. મુસ્લિમ સમ્રાટ્ અકબરે ગૌવધ પર પ્રતિબંધ મૂકયો હતો. ગૌનું માંસ ભક્ષણ કરવાથી પણ પાપના ભાગીદાર થવાય છે. આવી ઉત્તમોત્તમ ગાયની સર્વદા પૂજા કરવી જોઈએ.

આજે પણ ભારતના પ્રત્યેક ઘરમાં ગૌગ્રાસની પ્રથા છે. ગૌને ભોજન કરાવ્યા બાદ ઘરના પ્રત્યેક સભ્ય ભોજન કરે છે.

**નિષ્કર્ષ :**

શાપનું માહાત્મ્ય દર્શાવ્યું છે.

શાપ–વરદાન પરસ્પર વિરોધી બાબતો છે. નચિકેતા પિતાના શાપવશાત્ યમપુરીમાં ગયો તો યમે તેના પર પ્રસન્ન થઈ તેને વરદાનમાં યમલોકનું દર્શન કરાવ્યું.

નચિકેતાના પાત્ર દ્વારા આદર્શ પિતૃભકિતના દર્શન થાય છે. પિતાની આજ્ઞા શિરોમાન્ય રાખવી જોઈએ. જે પિતાની આજ્ઞાનું પાલન કરતો નથી તેને નરકલોકની પ્રાપ્તિ થાય છે.

નચિકેતામાં જે અડગતા અને દઢનિશ્ચયીપણું જોવા મળે છે, તે આજના સમયના યુવાનોએ ગ્રહણ કરવા યોગ્ય છે.

નચિકેતાના ચરિત્ર દ્વારા મહાભારતકાર સમાજને એ સંદેશ આપવા ઈચ્છે છે કે વય અને જ્ઞાનને કોઈ સંબંધ નથી. નચિકેતા બાળક હોવા છતાં તેમણે યમ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું.

નચિકેતામાં શ્રેષ્ઠ શિષ્યત્વના દર્શન થાય છે. શિષ્યત્વના અર્જુન, એકલવ્ય અને કર્ણના ચરિત્રમાં પણ દર્શન થાય છે.

મહાભારતકાર નચિકેતાના ઉપાખ્યાન દ્વારા ગૌદાનનો મહિમા વર્ણવે છે. ગૌદાન તે શ્રેષ્ઠ દાન છે.

પરાશર સ્મૃતિ મુજબ – ગૌના શૃંગના મૂળમાં બ્રહ્માજી અને બંને શૃંગોના મધ્યમાં ભગવાન નારાયણનો નિવાસ છે. શૃંગના શીરોભાગમાં ભગવાન્ શિવનો નિવાસ છે. અતઃ ગૌ સર્વદેવમયી છે. ગૌના લલાટના અગ્રભાગમાં દેવી પાર્વતી તથા નાસિકાની મધ્યમાં કુમાર કાર્તિકેયનો નિવાસ છે. ગૌના બંને કર્ણમાં

કમ્બલ અને અશ્વતર નામના બે નાગ નિવાસ કરે છે. સુરભિ ગૌના ચક્ષુમાં સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન છે. દંત્યમાં આઠ વસુ અને જિહ્‌વામાં ભગવાન્ વરુણ પ્રતિષ્ઠિત છે. ગોમૂત્રમાં ગંગાના પવિત્ર જળનો વાસ છે અને ગોમયમાં ભગવતી યમુના તથા સર્વ દેવતા પ્રતિષ્ઠિત છે. અઠ્ઠયાવીસ કરોડ દેવતા તેના રોમમાં રહેલા છે.

આ રીતે ગૌના દેહમાં સર્વદેવતાઓનો વાસ સમજી તેના પર ક્રોધ અને પ્રતાડન કરતા નથી, તે મહાન્ ઐશ્વર્યના ભાગી બને છે અને સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠા પામે છે. આવી ગૌનું દાન કરવાનું મહાભારતકાર કહે છે –

**संस्पृशन् गां नमस्कृत्य कुर्यात् तां च प्रदक्षिणम् ।**
**प्रदक्षिणीकृता तेन सप्तद्वीपा वसुन्धरा ॥**

અર્થાત્ ગાયને જોઈ તેને પ્રણામ કરી તેની પ્રદક્ષિણા કરી તેણે સપ્તદ્વીપવતી પૃથ્વીની પ્રદક્ષિણા કરી, તેમ જાણવું.

## પ્રકરણ – ૫ પાદટીપ

# અનુશાસપર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

## (१) भङ्गास्वनोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૨, પૃ. ૨૨

(२) स्त्रिया मे पुत्रशतं तापसेन महात्मना ।
आश्रमे जनितं ब्रह्मन् नीतं तन्नगरं मया ॥
तेषां च वैरमुत्पन्नं कालयोगेन वै द्विज ।
एतच्छोचाम्यहं ब्रह्मन् दैवेन समभिप्लुता ॥

महा. अनुशासन पर्व – १२/३७, ३८

(३) एजन अनु. प. – १२/४७

(४) न चापि वैरं वैरैण केशव व्युपशाम्यति ।
हविषाग्निर्यथा कृष्ण भूय एवाभिवर्धते ॥

एजन उद्योगपर्व – ७२/६३

(५) शत्रुशेषमृणाच्छेषं शेषमग्ने भूमिप ।
पुनर्वर्धेत सम्भूय तस्माच्छेषं न शेषयेत् ॥

हरिवंश – १/२०/१३१

(६) महा. अनुशासन पर्व – १२/१४, १५

(७) स्त्रियास्त्वभ्यधिकः स्नेहो त तथा पुरूषस्य वै ।
तस्मात् ते शक्र जीवन्तु ये जाताः स्त्रीकृतस्य वै ॥

महा. अनुशासनपर्व – १२/८

(८) एतत्कामफलं लोकं यद् द्वयोरेकचित्तता ।
अन्यचित्तकृते कामे शवयोरेव संगमः ॥

शृंगारशतक

(९) म.भा. अनुशासनपर्व – १२/५२

(१०) स्त्रीणां द्विगुण आहारो लज्जा चापि चतुर्गुणा ।
साहसं षड्गुणं चैव कामश्चाष्टगुणः स्मृतः ॥

चाणक्य नीति – १/१७

(११) जिय बिनु देह नदी बिनु बारी।

तौसिअ नाथ पुरूष बिनु नारी॥

श्रीरामचरितमानस, अयोत्ध्याकांड–६४/६

## (२) च्यवनोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૦૭

(२) करवाणि प्रियं किं ते तन्मे ब्रूहि द्विजोत्तम।
सर्वं कर्तास्मि भगवन् यद्यपि स्यात् सुदुष्करम्॥

महा. अनुशासनपर्व – ५१/४

(३) एजन, अनुशासनपर्व – ५१/११

(४) ब्राह्मणानां गवां चैव कुलमेकं द्विधा कृतम्।
एकत्र मन्त्रास्तिष्ठन्ति हविरन्यत्र तिष्ठति॥
अनर्घेया महाराज द्विजा वर्णेषु चोत्तमाः।
गाव पुरूषव्याघ्र गौर्मूल्यं परिकल्प्यताम्॥

महा. अनुशासन पर्व – ५१/२२

(५) विवेक चूडामणि – ५

(६) अहोनुजन्माखिलजन्मशोभनम्।

श्रीमद् भागवत – ५/१३/२१

(७) पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही।
एतत्सर्व पुनर्लभ्यं न शरीरं पुनः पुनः॥

चाणक्य नीति – १४/३

(८) महा. अनुशासनपर्व – ५१/३३

(९) एजन, भीष्मपर्व – १२१/३४

(१०) एजन, अनुशासनपर्व, ६९/७

(११) एजन, अनुशासनपर्व, ८८/८

(१२) धेनूनामस्मि कामधुक्।

श्रीमद् भगवद् गीता – १०/२८

## (३) नृगोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, ડો. ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૩૧૬

(२) महा. अनुशासनपर्व – ७०/१७

(३) एजन, अनुशासनपर्व – ३३/७

(४) परिवादं च ये कुर्युर्ब्राह्मणानामचेतसः ।
सत्यं ब्रवीमि ते राजन् विनश्येयुर्न संशयः ॥

एजन, अनुशासनपर्व – ३३/१८

(५) ब्राह्मणेषु तु तुष्टेषु प्रीयन्ते पितरः सदा ॥
तथैव देवता राजन् नात्र कार्या विचारणा ।

एजन, अनुशासनपर्व – ३४/८, ९

(६) चतुश्पदां गौः प्रवरा लोहानां काञ्चनं वरम् ।
शब्दानां प्रवरो मंत्रो ब्राह्मणो द्विपदां वरः ॥

एजन, शान्तिपर्व – ११/११

(७) न ब्राह्मणस्य गां जग्ध्वा राष्ट्रे जागार कश्चन ।

अथर्ववेद – ५/१९/१०

(८) योध पुत्तञ्जं च पापं च उभो सङ्ग उपच्चगा ।
असोकं विरजं सुद्धं तमहं ब्रमि ब्राह्मणं ॥

धम्मपद, ब्राह्मणवर्ग – ३०

(९) हिरण्यपाणिः सविता विचर्षणिरूभे द्यावापृथिवी अन्तरीयते ।
अपामीवां बाधते वेति सूर्यभमि कृष्णेन रजसा द्यामृणोति ॥

ऋग्वेद – १/३५/९

(१०) यथा मृत्पिण्डतः कर्ता कुरूते यद्यदिच्छति ।
एवमात्मकृतं कर्म मानवः प्रतिपद्यते ॥

महा. अनुशासनपर्व – १/७४

(११) पूर्वदेहकृतं कर्म शुभं वा यदि वाशुभम् ।
प्राज्ञं मूढं तथा शूरं भजते याश्वशं कृतम् ॥

एजन, शान्तिपर्व – १७४/४७

(१२) सुख दुःखदो न चान्योऽस्ति यतः स्वकृतभुक् पुमान् ।

श्रीमद् भागवत – १०/५४/३८

(१३) नाभुक्तं क्षीयते कर्म कल्पकोटि शतैरपि ।

अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥

ब्रह्मवैवर्तपुराण, प्रकृति – ३७/१६

(१४) वा.रा. अयोत्माकांड – ६३/६

## (४) नचिकेतोपाख्यान

(१) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભાગ–૧, પૃ. ૨૯૭

(२) एजन, भाग–२ – पृ. ७८

(३) यमोऽब्रवीन्मां न मृतोऽसि सौम्य यमं पश्येत्याह स त्वां तपस्वी ।
पिता प्रदीप्ताग्निसमानतेजा न तच्छक्यमनृतं विप्र कर्तुम् ॥

महा. अनुशासन पर्व – ७१/१८

(४) ऋग्वेद – १०/१३५/१, यस्मिवृक्षे

(५) महा. आदिपर्व – ८५/२५

(६) अहं हि वचनाद् राज्ञः पतेयमपि पावके ॥
भक्षयेयं विषं तीक्ष्णं पतेयमपि चार्णवे ।
नियुक्तो गुरूणा पित्रा नृपेण च हितेन च ॥

वा.रा. अयोध्याकांड – १८/२८, २९

(७) कठोपनिषद् – १/१/१०

(८) एजन – १/१/१३

(९) एजन – १/१/२०

(१०) गावः स्वर्गस्य सोपानं गावः स्वर्गेऽपि पूजिताः ।
गावः कामदुहो देव्यो नान्यत् किंचित् परं स्मृतम् ॥

महा. अनुशासनपर्व – ५१/३३

(११) एजन, अनुशासनपर्व – ७१/३०, ३६

(१२) एजन – ७१/५०

(१३) ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिश्रृङ्गा अयासः ।
अत्राह तदुरूगायस्य वृष्णः परमं पदमव भाति भूरि ॥

ऋग्वेद – १/१५४/६

(१४) एजन, ८/१०१/१५

(१५) अथर्ववेद – ४/२१/५

(१६) धेनुं सदनं रयीणाम्।

एजन – ११/१/३४

(१७) महांस्त्वेव गोर्महिमा।

शतपथ ब्राह्मण

(१८) गा वै पश्याम्यहं नित्यं गावः पश्यन्तु मां सदा।
गावोऽस्माकं वयं तासां यतो गावस्ततो वयम्॥

महा. अनुशासन पर्व – ७८/२४

गावो ममाग्रतो नित्यं गावः पृष्ठत एव च।
गावो मे सर्वत ैव गवां मध्ये वसाम्यहम्॥

एजन, अनुशासनपर्व – ८०/३

(१९) गोमयेन सदा स्नायात् करीषे चापि संविशेत्।
श्लेष्ममूत्रपूरीपाणि प्रतिघातं च वर्जयेत्॥

एजन, अनुशासन पर्व – ७८/१९

## પ્રકરણ – ૬

# આશ્વમેધિક પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

ભગવાન્ સત્યવતીનંદન વેદ વ્યાસ રચિત મહાભારત એક અદ્વિતીય મહાકાવ્ય છે તે અંતર્ગત ચૌદમું પર્વ તે આશ્વમેધિક પર્વ છે.✓

આ પર્વમાં ભીષ્મ પિતામહે આપેલ જ્ઞાન પશ્ચાત્ ભીષ્મે સ્વર્ગારોહણ કર્યું. યુધિષ્ઠિર પ્રજાની કલ્યાણ વિષયક બાબતો ધ્યાનમાં રાખી રાજ્ય કરવા લાગ્યા. શ્રીકૃષ્ણની સલાહથી યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ, ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારા પુનઃ અનુગીતા અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અધ્યાત્મ નિરુપણ, દાન મહિમા ઈત્યાદિ જ્ઞાન નિરુપણ કરી, ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકાગમન દર્શાવ્યું.

આવી અનેક બાબતોનું નિરુપણ આ પર્વ અંતર્ગત કરવામાં આવ્યું છે. તે દરમિયાન ભગવાન્ શ્રી વેદવ્યાસ આખ્યાનો–ઉપાખ્યાનોનું નિરુપણ પણ કરે છે જે આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| **(१)** | **उत्तश्च उपाख्यान** | **–** | **अनुगीतापर्व – ५३** |
| **(२)** | **नकुल आख्यान** | **–** | **अनुगीतापर्व – ९०** |

# (१) उत्तश्च उपाख्यान

**સ્થાન :**

પ્રસ્તુત ઉપાખ્યાન ભારતીય સંસ્કૃતિના વસિયતસમા મહાભારતના આશ્વમેધિક પર્વ અંતર્ગત અનુગીતાપર્વના ઉત્તઙ્કોપાખ્યાન નામના ૫૩મા અધ્યાયમાં વિદ્યમાન છે.

ભીષ્મના સ્વર્ગગમન પશ્ચાત્ યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં પધાર્યા. તદ્ અંતર્ગત અર્જુન શ્રીકૃષ્ણને પુનઃ શ્રીમદ્ ભગવદ્ ગીતાનું શ્રવણ કરાવવા કહે છે. પરંતુ તે શબ્દશઃ કહેવું અશકય હોવાથી શ્રીકૃષ્ણ તેનો સાર અનુગીતામાં આપે છે તે અનુગીતાપર્વ અંતર્ગત આ ઉપાખ્યાન નિરુપવામાં આવ્યું છે.

કૃષ્ણ યુધિષ્ઠિરને રાજય સોંપી દ્વારકા પરત થતા માર્ગમાં ઉત્તંક મુનિ સાથે મિલન થતા ઉત્તંક મુનિ કૌરવો–પાંડવોમાં શ્રીકૃષ્ણને પાંડવો પ્રતિ વિશેષ પ્રેમ હોવાને કારણે યુદ્ધ થયું તેવો આક્ષેપ મૂકે છે અને શ્રીકૃષ્ણને શાપ આપવા પ્રવૃત્ત થયા તે સમયે શ્રીકૃષ્ણ ઉત્તંક ઋષિને જે ઉપદેશ આપે છે, તે આ ઉપાખ્યાનની મુખ્ય કથા છે.

આ કથામાં સ્વયં શ્રીકૃષ્ણ ઉત્તંક ઋષિ સાથે સંવાદ કરે છે. તેથી પણ આ ઉપાખ્યાનનું મહત્ત્વ વિશેષ રહેલું છે.

પૌરાણિક કથાકોશ ત્રણ નામધારી ઉત્તંક ઋષિનો ઉલ્લેખ કરે છે, જે આ પ્રમાણે છે –

(૧) ઉત્તંક – એક પુરાતન ઋષિ, સૂર્યવંશી કુવલાશ્વ રાજાએ તેની સહાયતા વડે ધંધુ નામના દૈત્યને માર્યો હતો.

(૨) ઉત્તંક – એક પુરાતન ઋષિ ગૌતમ કુળનો શિષ્ય.

(૩) ઉત્તંક – વેદ નામના ઋષિનો શિષ્ય તેનું મુળ નામ ઉપમન્યુ હતું. [૧]

પૌરાણિક કથાકોશ અનુસાર ક્રમ બે (૨) ના ઉત્તંક ઋષિની કથા મહાભારતકાર નિરુપે છે.

મહાભારતની કથા પ્રમાણે –

શ્રીકૃષ્ણના હસ્તિનાપુરથી દ્વારકા ગમન સમયે માર્ગમાં ઉત્તંક ઋષિના દર્શન કર્યા. શ્રીકૃષ્ણે ઉત્તંક ઋષિની પૂજા કરી. તદ્ પશ્ચાત્ મુનિના કુશળ પ્રશ્ન પૂછયા.

ઉત્તંક ઋષિએ મધુસૂદનની પૂજા કરી તેને પ્રશ્ન કર્યો. શું આપ કૌરવો–પાંડવો વચ્ચે સંધિ સ્થાપિત કરી શકયા ?

તે સમયે શ્રીકૃષ્ણે કહ્યું, અનેક પ્રયત્નો છતાં કૌરવો–પાંડવો વચ્ચે સંધિ કરી શકયો નહી, જેને કારણે કૌરવો પુત્ર સહિત મૃત્યુ પામ્યા. કૌરવોએ મારી, ભીષ્મ પિતામહની કે વિદુરની સલાહ માન્ય રાખી નહી. જેને કારણે તેમનો ધ્વંસ થયો.

આ સાંભળી ઉત્તંક ઋષિ ક્રોધિત થઈ શાપ આપવા તત્પર થયા. શ્રીકૃષ્ણે તેમને અધ્યાત્મ વિષયક જ્ઞાન આપી આપની ઈચ્છા મુજબ વર્તન કરશો, એમ કહ્યું. શ્રીકૃષ્ણએ સ્વ પરિચય આપતા કહ્યું –

**न च मां तपसाल्पेन शाक्तोडभिभवितुं पुमान् ॥**

**न च ते तपसो नाशमिच्छामि तपसां वर ।**

અર્થાત્ કોઈપણ વ્યકિત થોડી તપસ્યાના બળે મારો તિરસ્કાર કરવા શકિતમાન નથી. હું નથી ઈચ્છતો કે આપની તપસ્યા નષ્ટ થાય. [२]

શ્રીકૃષ્ણે આ વાત કહી અધ્યાત્મતત્ત્વનું વર્ણન કર્યું, જે અંતર્ગત શ્રીકૃષ્ણની વિભૂતિ, સત્–અસત્, ક્ષર–અક્ષર, વ્યકત–અવ્યકત , ધર્મ, ૐકાર, ભિન્ન–ભિન્ન અવતાર ઈત્યાદિ વિષયક ઉત્તંક ઋષિને શ્રવણ કરાવ્યું.

અધ્યાત્મ વિષયક જ્ઞાન સાંભળી ઉત્તંક મુનિ પ્રસન્ન થઈ, શાપ આપવાના વિચારથી નિવૃત્ત થયા અને શ્રીકૃષ્ણને આજીજી કરતા કહેવા લાગ્યા.

**यदि त्वनुग्रहं कंचित् त्वत्तोडर्हामि जनार्दन ।**

**द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं तन्निदर्शय ॥**

અર્થાત્ આપની કૃપાથી ઈશ્વરીય રૂપ જોવા ઈચ્છું છું. [३]

ભગવાન્ વાસુદેવે જે પ્રથમ અર્જુનને દર્શન કરાવેલ તે વિશ્વરૂપ દર્શન ઉત્તંક ઋષિને કરાવ્યું, જેના દર્શન કરી ઉત્તંક ઋષિ કૃતકૃત્ય થઈ ગયા.

શ્રીકૃષ્ણે ઉત્તંક ઋષિને વરદાન માંગવા કહ્યું. વરદાન માંગતા ઉત્તંક ઋષિ બોલ્યા, 'મને યથેષ્ટ જળની પ્રાપ્તિ થાય, કારણ કે આ મરુભૂમિમાં જળ દુર્લભ છે.' [४]

જળપ્રાપ્તિનું વરદાન આપી શ્રીકૃષ્ણ દ્વારકા ચાલતા થયા.

તદ્પશ્ચાત્ ઉત્તંક મુનિ તરસથી વ્યાકુળ બન્યા અને શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. તે દરમિયાન શ્વાનથી ઘેરાયેલા એક ચાંડાલને જોયો, જેના પગમાંથી જળની ધારા વહેતી હતી. ચાંડાલે ઉત્તંક ઋષિને જળ ગ્રહણ કરવા કહ્યું. પરંતુ ઋષિએ તેનો અસ્વીકાર કર્યો, જેને કારણે તે ચાંડાલ અન્તર્ધાન થઈ ગયો. આ જોઈ ઉત્તંક ઋષિ વિચારવા લાગ્યા. **मेने प्रलब्धमात्मानं कृष्णेनामित्रघातिना ।** અર્થાત્ શત્રુઘાતી શ્રીકૃષ્ણે મને ઠગ્યો છે.

તદન્તર શ્રીકૃષ્ણ પ્રકટ થયા. ઉત્તંકે તેમને કહ્યું, આપે શ્રેષ્ઠ બ્રાહ્મણ માટે ચાંડાલ સ્પર્શથી અપવિત્ર બનેલ જળ આપ્યું, જે ઉચિત ન કહેવાય.

કૃષ્ણના કથન દ્વારા જાણ્યું કે તે ચાંડાલ તે સાક્ષાત્ ઈન્દ્ર દેવ હતા. જે અમૃત આપવા માટે પધાર્યા હતા. પરંતુ આપે તેનો અસ્વીકાર કર્યો.

પુનઃ શ્રીકૃષ્ણે ઉત્તંકની વર યાચના મુજબ વર્ષા દ્વારા જળ પ્રદાન કર્યું અને જે મેઘ ઉત્તંક નામથી પ્રસિદ્ધ થયા. આજે પણ મરુભૂમિમાં ઉત્તંક મેઘ પ્રકટ થઈ જળ વર્ષા કરે છે.

આ કથામાં શ્રીકૃષ્ણ અને ઉત્તંક ઋષિના સંવાદ દ્વારા શ્રીકૃષ્ણનો અધ્યાત્મ વિષયક ઉપદેશ, વિશ્વરૂપ દર્શન, ઈન્દ્રના અપરાધનો દંડ ઈત્યાદિ બાબતો ફલિત થતી જોવા મળે છે, જે આ પ્રમાણે છે –

**અધ્યાત્મ તત્ત્વનું જ્ઞાન :**

અધ્યાત્મ અર્થાત્ આત્મા સંબંધી, જે આત્મા સંબંધી જ્ઞાન આપે છે, તે અધ્યાત્મ જ્ઞાન.

ઉત્તંક ઋષિના કહેવાથી શ્રીકૃષ્ણ અધ્યાત્મ તત્ત્વનું નિરુપણ કરતાં કહે છે – ત્રણ ગુણો મારા આશ્રયે છે. રુદ્રો અને વસુઓ મારા દ્વારા ઉત્પન્ન થાય છે. [૫]

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોનું વર્ણન કરે છે.

**सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।**
**निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥**

અર્થાત્ પ્રકૃતિથી ઉત્પન્ન થતાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણો અવિનાશી જીવાત્માને દેહમાં બાંધે છે. [૬]

સાંખ્યદર્શનમાં પ્રકૃતિના કાર્યોની લાક્ષણિકતાને આધારે તેની વિકાસયાત્રાને ત્રણ ઘટકશકિતઓ અથવા ગુણો પર નિર્ભર માનવામાં આવે છે.

પરસ્પર વિરુદ્ધ ધર્મો ધરાવતાં હોવા છતાં આ ત્રણ ગુણોના સંયોજનથી પ્રકૃતિ પ્રવૃત્તિશીલ બને છે. આ વાતને સમજાવવા માટે સાંખ્યકારિકા 'દીપક' નું દષ્ટાંત આપે છે. [૭]

ઉપર્યુકત ત્રણેય ગુણો પ્રત્યેક મનુષ્યમાં વત્તા–ઓછા પ્રમાણમાં હોય જ છે અને પ્રત્યેક માનવમાં કોઈ એક ગુણ મુખ્ય હોય છે. તેના આધારે તેને સાત્ત્વિક, રાજસી કે તામસી તરીકે ઓળખવામાં આવે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ ઉત્તંકને સચરાચર સૃષ્ટિમાં મારો વાસ છે. દેવો, અપ્સરાઓ પણ મારા દ્વારા ઉત્પન્ન થાય છે તે વાત સમજાવે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ પોતાની વિભૂતિઓનું વર્ણન કરતા આ જ વાતનો પડઘો પાડે છે. ભગવાન્ કહે છે, મારા વિસ્તારનો પાર નથી. સમસ્ત બ્રહ્માંડ મારી અનિર્વચનીય, અકલ્પ્ય સંકલ્પ શકિતથી મારી અંદર જ ઉત્પન્ન કરી, હું તેમનાથી પર રહું છું. [8]

વિભૂતિઓ વર્ણવ્યા પૂર્વે ભગવાન્ શ્રીકૃષ્ણ જણાવે છે કે – 'સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની ક્રિયાઓ મારામાં જ થાય છે. સર્વભૂતોના અંતરમાં રહેલો આત્મા હું છું. વળી ભૂતમાત્રનો આદિ, મધ્ય અને અંત પણ હું છું.'

પ્રત્યેક સર્જનમાં જે કંઈ શ્રેષ્ઠત્તમ છે તે ઈશ્વરરૂપ છે. શ્રીમદ્ ભાગવત પુરાણના ૧૧/૧૬ માં ભગવાન્ આવી જ દૈવી વિભૂતિઓનું વર્ણન કરે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ ઉત્તંક મુનિને કહે છે. વિદ્વાન્ જેને સત્–અસત્, વ્યકત–અવ્યકત, ક્ષર–અક્ષર કહે છે તે મારું જ રૂપ છે. ચાર આશ્રમોમાં જે ચાર પ્રકારના ધર્મ છે તથા સંપૂર્ણ વેદોકત કર્મ મારું સ્વરૂપ છે. ચારે વેદ હું છું. યજ્ઞમાં યૂપ, સોમ, ચરુ, હોમ, હવન સામગ્રી, અધ્વર્યું, કલ્પક, હવિષ્ય સર્વ હું છું. [9]

ધર્મની રક્ષા અને સ્થાપના માટે ત્રણે લોકમાં ભિન્ન યોનિઓમાં અવતાર ધારણ કરી તે–તે રૂપોમાં તદનુરૂપ વર્તન કરું છું. જયારે–જયારે યુગ પરિવર્તન થાય છે, ત્યારે પ્રજાના કલ્યાણાર્થે ભિન્ન–ભિન્ન યોનિઓમાં જન્મ ધારણ કરું છું. તે યોનિના આચાર–વિચારનું પાલન કરું છું. આ સમયે મનુષ્ય યોનિમાં હોવાને કારણે મનુષ્ય જેવું આચરણ કરુ છું.

આ વાત પરથી ભગવાન્ શ્રીકૃષ્ણે આપેલ ગીતાનું **संभवामि युगे युगे** વચનનું સ્મરણ થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન્ શ્રી વાસુદેવે કહ્યું છે કે –

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्।**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।**
**धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥** [10]

વેદો આધ્યાત્મિકતાનો સંદેશ આપે છે. વેદ જ્ઞાન–વિજ્ઞાનના સાગર છે. શબ્દશઃ સત્ય છે. વેદ જ માનવ અને પશુનો ભેદ સ્પષ્ટ કરે છે. દેવ દુર્લભ મનુષ્ય શરીરનું પ્રયોજન સકલ દુઃખ નિવૃત્તિ એવં પરમાનન્દની પ્રાપ્તિ છે. કેનોપનિષદ્માં કહ્યું છે કે – આ મનુષ્ય શરીરમાં જો પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ જાય તો મનુષ્ય શરીર સાર્થક છે. અન્યથા સર્વનાશ થઈ જાય છે. [11]

વેદ ઈશ્વરનું સંવિધાન છે. તેમાં એવા અનેક મંત્રો છે. જેના દ્વારા શિક્ષા પ્રાપ્ત કરી મનુષ્ય અધ્યાત્મના સર્વોચ્ચ શિખર પર પહોંચી શકે છે. જેમ કે –

**ऋतस्य पथा प्रेते।**

અર્થાત્ સત્યના પથ પર ચાલો. [૧૨]

**ओश्चँम् कृतो स्मर । क्लिबे स्मर । कृत स्मर ॥**

યજ્ઞાદિ કર્મોનું સ્મરણ રાખો, પોતાનું સામર્થ્ય અને અન્યના ઉપકારનું સ્મરણ કરો. [૧૩]

**अक्षैर्मा दिव्यः ।**

દ્યૂત ન રમો. [૧૪]

**मा गृधः कस्य स्विद्धनम् ।**

પારકા ધનની લાલચ ન કરો. [૧૫]

**मा हिंसीः पुरूषान् पशूँ ।**

મનુષ્ય અને પશુઓને કષ્ટ ન આપો.

આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે ઉત્તંક ઋષિને અનેક અધ્યાત્મ વિષયક મંત્રો કહ્યા, જેનું શ્રવણ કરી ઉત્તંક મુનિ કૃતાર્થ થયા અને ભગવાન્ શ્રીકૃષ્ણને વિશ્વરૂપ દર્શન કરાવવા વિનંતિ કરવા લાગ્યા.

**વિશ્વરૂપ દર્શન :**

વિશ્વરૂપ દર્શન અર્થાત્ ઈશ્વરનું વિરાટ સ્વરૂપ, જે જોવાની ઉત્તંક ઋષિએ વિનંતિ કરી અને ભગવાન્ શ્રીકૃષ્ણે યુદ્ધારંભે જેવું અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું હતું તેવું દર્શન કરાવ્યું.

ઉત્તંક ઋષિને બતાવેલ વિશ્વરૂપ દર્શન આ પ્રમાણે હતું. જે સહસ્ર સૂર્ય સમાન પ્રકાશમાન તથા વિશાળ ભૂજાઓથી સુશોભિત હતું, તેમાંથી પ્રજ્વલિત અગ્નિ સમાન જવાળા પ્રકટતી હતી. ચોતરફ મુખ હતું અને સંપૂર્ણ આકાશને વ્યાપીને રહેલ હતું. આવું અદ્ભૂત રૂપ જોઈ ઉત્તંકને વિસ્મય થયું. [૧૬]

ઉત્તંક ઋષિ આવું વિરાટ રૂપ જોઈ ગદ્ગદિત થઈ ગયા અને ભગવાન્‌ને પૂર્વરૂપે પ્રકટ થવા વિનવવા લાગ્યા.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન્ અર્જુનને યુદ્ધ પૂર્વે ઉપદેશ આપતા વિશ્વરૂપ દર્શન કરાવે છે.

અર્જુન આ વિશ્વરૂપના દેહમાં સર્વભૂતો, બ્રહ્મા ઈત્યાદિ દેવો, ઋષિઓ દિવ્ય સર્પો વગેરેને જુએ છે. આ વિશ્વરૂપને અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્રો છે. તેમનું રૂપ અનંત છે. તેને આદિ, મધ્ય કે અંત નથી તે પોતાના દિવ્ય તેજથી વિશ્વને પ્રકાશિત કરે છે અને વિશ્વની સર્વ ક્રિયાઓ તેનામાંથી જન્મે છે અને તેનામાં જ લય પામે છે. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર અર્જુનને ભીષ્મ, દ્રોણ, જયદ્રથ, ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો અને અન્ય વીરોને વિશ્વરૂપના મુખમાં પ્રવેશતા જોયા, જેણે ભગવાન્ કાળસ્વરૂપે આવિર્ભૂત થયા હોય તેમ કહે છે.

હું લોકોનો નાશ કરનાર મહાન્ કાળ છું. લોકોને સંહારવાને માટે પ્રવૃત્ત થયો છું. [૧૭]

શ્રીકૃષ્ણ આ પૂર્વે પણ મહાભારત ઉદ્યોગપર્વમાં પોતાનું વિરાટ સ્વરૂપ પ્રકટ કરી ચૂકયા છે. મહાભારતના યુદ્ધ પૂર્વે જયારે તેઓ શાંતિદૂત રૂપે હસ્તિનાપુર ગયા. ત્યારે સંધિના અંતિમ પ્રયત્નો પણ નિષ્ફળ સાબિત થયા. એ સમયે દુષ્ટ દુર્યોધન શ્રીકૃષ્ણને બંદી બનાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે તે સમયે ક્રોધિત થયેલા શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રની સભામાં પોતાનું વિકરાલ સ્વરૂપ પ્રકટ કરે છે અને દુર્યોધન, વડીલો તથા સભાજનોને કૃષ્ણના દિવ્ય સ્વરૂપના દર્શન થાય છે.

જો કે આ બંને દર્શનોમાં તફાવત છે. ઉદ્યોગપર્વમાં ક્રોધિત થયેલા શ્રીકૃષ્ણ કૌરવરાજને ભયભીત કરવા માટે વિરાટરૂપ દર્શાવે છે. જયારે અહીં અર્જુન તરફના પ્રેમ અને ભકિતને કારણે તેના મનનો વિષાદ દૂર કરવા માટે ભગવાન્ પ્રસન્ન થઈને અભિરામ સ્વરૂપના દર્શન કરાવે છે.

ઉત્તંક ઋષિને બતાવેલ વિરાટ સ્વરૂપ અર્જુનને બતાવેલ તેવું સૌમ્ય છે. ઉત્તંક ઋષિના તપથી પ્રભાવિત થઈ ભગવાન્ તેને વિશ્વરૂપ દર્શન કરાવે છે.

આ સ્વરૂપ દ્વારા બ્રહ્મની વિશ્વવ્યાપકતા જોવા મળે છે. બ્રહ્મ સ્વયં વિરાટ અને સૂક્ષ્મ બંને સ્વરૂપે પ્રકટે છે.

ઋગ્વેદના પુરુષ સૂકતમાં તેનું વિરાટ સ્વરૂપ દર્શાવતા કહે છે.

**सहस्त्रशीर्षा पुरूषः सहस्त्राक्षः सहस्रपात् ।**

**स भूमि विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥**

અર્થાત્ તે આદિ પુરુષના સહસ્ર મસ્તક, સહસ્ર આંખ, અને સહસ્ર ચરણ હતા, અને પૃથ્વીને ચારે બાજુથી વ્યાપીને દસ આંગળ વધારે હતો. [૧૮]

આ જ બ્રહ્મને ઉપનિષદ્કાર અણુથી પણ અણુ કહે છે. [૧૯]

મુંડકોપનિષદ્માં આવતા વિરાટ્ સ્વરૂપનું અવલોકન જોઈએ તો –

''જે પરમાત્માનું મસ્તક અગ્નિ છે, ચક્ષુ ચંદ્રમા તથા આદિત્ય છે, જેનાં શ્રોત્રરૂપે દિશાઓ છે, વેદો વાણીરૂપે પ્રકટ થયેલા છે, જેના પ્રાણ વાયુરૂપે છે, જેનું હૃદય વિશ્વરૂપ છે, તે વિરાટ્ ઈશ્વર જ સર્વભૂતોનો અંતરાત્મા છે.'' [૨૦]

પુરાણોમાં પણ આ પ્રકારના દર્શનનો ઉલ્લેખ છે. શ્રીમદ્ ભાગવતમાં પરીક્ષિતના પ્રશ્નના ઉત્તરમાં શુકદેવજી ભગવાન્ના વિરાટ્રૂપનું વર્ણન કરે છે. તે પ્રમાણે તે વિરાટ્ પુરુષના ચરણનું મૂળ પાતાળ છે. પગની એડી રસાતલ છે. બે ઘૂંટી મહાતલ છે અને જે વિશ્વના સ્રષ્ટા તે પુરુષની બે જાંઘો છે, છાતી સ્વર્ગલોક, કંઠ મહર્લોક, મુખ જનલોક અને લલાટને તપોલોક કહે છે, ઈત્યાદિ વિસ્તૃત વર્ણન છે. [૨૧]

ભગવાન્ શ્રીકૃષ્ણે બાળ સ્વરૂપે પોતાની માતા યશોદાને તેમના મુખમાં વિશ્વરૂપ દર્શન કરાવ્યું હતું, તે વાત સર્વવિદિત છે.

બલિ પાસેથી સમગ્ર પૃથ્વીનું આધિપત્ય લેવા વિષ્ણુએ વામનરૂપ લઈ ત્રણ પાદમાં ત્રણ લોકને ચાંપી દીધા હતા. આ તેમનું વિરાટ સ્વરૂપ જ છે.

વિષ્ણુ સહસ્રનો આ શ્લોક વિષ્ણુના વિશ્વરૂપનો મહિમા બતાવે છે –

**अग्रणीर्ग्रामणीः श्रीमात्र्यायो नेता समीरणः ।**

**सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥**

આવા અનેક સ્થાનોએ ભગવાન્ શ્રીકૃષ્ણનું વિશ્વરૂપ અને સર્વવ્યાપકતા જોવા મળે છે.

આ પરથી ફલિત થાય છે કે બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વવ્યાપક છે. તે વિશ્વની સચરાચર સૃષ્ટિ પર વ્યાપ્ત છે.

**વરદાન :**

ઈશ્વર દ્વારા પ્રાપ્ત થતી વસ્તુ વરદાન છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ઉત્તંક ઋષિને વરદાન આપ્યું કે તે ઈચ્છશે ત્યારે ભગવત્ સ્મરણથી જળ પ્રાપ્ત કરી શકશે. [२२]

આ વરદાન દ્વારા ભગવાન્ ઉત્તંક ઋષિને અમૃત પ્રાપ્ત કરાવવા ઈચ્છતા હતા. પરંતુ ચાંડાલરૂપે આવેલ વ્યકિત પાસેથી ઋષિ જળપાન કરવા માંગતા ન હતા. તેથી અમૃત પ્રાપ્ત કરી શકયા નહી.

પરંતુ મેઘ દ્વારા જળપ્રદાન અને તે મેઘને ઉત્તંક મેઘ નામ પ્રાપ્ત થયું.

શ્રીકૃષ્ણએ પોતાના ભકતને સહાય કરવા ઈન્દ્રની મદદ માંગી. જેને કારણે પોતાનો ભકત અમર બની શકે. અત્રે શ્રીમદ્ ભગવદ્ ગીતાની **न मे भक्त प्रणश्यति** ઉકિતનું સ્મરણ થાય છે.

ઈશ્વર ઈચ્છે તો પોતાના ભકતને અમરત્વ બક્ષી શકે છે, તેમાં શંકાને સ્થાન નથી.

**નિષ્કર્ષ :**

શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ અધ્યાત્મજ્ઞાનમાં ઉપનિષદ્, વેદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા ઈત્યાદિનું સ્મરણ થાય છે. સ્વયં ભગવાન્ જયારે જ્ઞાન આપનાર હોય પછી તો પૂછવું જ શું ? એવી તો કોઈક જ વિરલ વ્યકિત હોય કે જેને જ્ઞાન આપવા સ્વયં ભગવાન્ પધારે. તેમાં અર્જુન પછી દ્વિતીય ક્રમે ઉત્તંક ઋષિ આવે છે, જેણે ભગવાન્ના સ્વમુખે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને વિશ્વરૂપદર્શન કરી કૃતાર્થ થયા.

ઈશ્વર ઈચ્છે તો પોતાના ભકતને અમર બનાવી શકે છે. શાસ્ત્રોમાં એવા અનેક ઉદાહરણો છે. જેમાં ભગવાન્ સ્વયં પોતાના ભકતને સહાય કરવા પહોંચી જાય છે. દ્રૌપદીના ચીર પૂરવા ભગવાન્ પધાર્યા હતા. યુદ્ધ સમયે અર્જુનનું સારથિત્વ સ્વીકાર્યું હતું અને ભારતીય સંસ્કૃતિને શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા મહાન્ ગ્રંથની પ્રાપ્તિ થઈ.

ઊંચનીચના ભેદની ભાવના મ.ભા. કાળમાં પણ હશે, તેનું ઉદાહરણ આ આખ્યાન છે.

મ.ભા. કાળમાં પણ અસ્પૃશ્યતા સમાજમાં પ્રવર્તમાન હતી, તેનું આ આખ્યાન ઉદાહરણ છે.

વ્યકિતમાં વરદાન પચાવવાની ક્ષમતા હોવી જોઈએ. ઉત્તઙ્ક ઋષિ વરદાન પચાવી શકયા નહી.

આપણે અસ્પૃશ્યતા વિશે અનેક બાબતોની ચર્ચા કરીએ છીએ. પરંતુ આંતરિક રીતે સમાજ તેને સ્વીકારી શકતો નથી. ઉત્તઙ્ક ઋષિએ ચાંડાલવેશધારી વ્યકિતનું સ્પર્શ કરેલ જળપાન કરવાનો અસ્વીકાર કર્યો. આને પરિણામે તેમણે અમરત્વ ગુમાવ્યું. ઉત્તઙ્ક ઋષિ ઊંચ–નીચના ભેદથી વ્યાપ્ત હતા. તેનું કારણ વ્યકિત પાસે અધ્યાત્મજ્ઞાનની અપૂર્ણતા કહી શકાય. વ્યકિત પૂર્ણતાએ પહોંચે ત્યારે જ અધ્યાત્મજ્ઞાનનો અધિકારી બને છે. શ્રીકૃષ્ણ પણ આવા દંભી વ્યકિતને અમરત્વ પ્રદાન કરતા નથી અને પોતાનો યુગધર્મ બજાવે છે. વર્તમાન યુગમાં આવશ્યકતા છે, શ્રીકૃષ્ણ જેવા નેતાની.

# (२) नकुल आख्यान

**સ્થાન :**

પ્રસ્તુત આખ્યાન મહાભારતના આશ્વમેધિક પર્વ અંતર્ગત નકુળ આખ્યાન નામના ૯૦મા અધ્યાયમાં વર્ણવેલ છે.

યુધિષ્ઠિરના અશ્વમેધયજ્ઞની પૂર્ણાહુતિ સમયે આવેલ નકુલ દ્વારા મનુષ્યવાણીમાં યુધિષ્ઠિરનું દાન બ્રાહ્મણની અપેક્ષાએ શૂન્ય છે. તદ્વિષયક જે બાબત કહે છે, તે આ આખ્યાનનું કથાનક છે. આ આખ્યાન વૈશમ્પાયન જનમેજયને કહે છે.

પૌરાણિક કથાકોશ નીચે પ્રમાણે નકુલનો ઉલ્લેખ કરે છે –

(૧) નકુલ – એક બ્રહ્મર્ષિ.

(૨) નકુલ – ચંદ્રવંશી પુરુકુળના અજમીઢ વંશના જહ્નુકુળમાં થયેલા પાંડુ રાજાનો માદ્રીની કૂખે જન્મેલ પુત્ર. [૧]

મહાભારતકાર ઉપર્યુકત બંનેમાંથી એક પણ નકુલની કથા આલેખતું નથી. પરંતુ મહર્ષિ વ્યાસ નકુળ નામના સરીસૃપની કથા વર્ણવે છે.

આ કથાની વિશેષતા એ છે કે એક પ્રાણી મનુષ્યવાણીમાં વાત કરે છે, તેથી આ કથામાં અતિ પ્રાકૃત તત્ત્વ જોવા મળે છે.

મહાભારતની કથા અનુસાર,

યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞ સમાપ્તિ સમયે એક નકુલ આવી ગર્જના સાથે મનુષ્યવાણીમાં કહેવા લાગ્યો –

**सक्तुप्रस्थेन वो नायं यज्ञस्तुल्यो नराधिपाः ।**
**उच्छवृत्तेर्वदान्यस्य कुरूक्षेत्रनिवासिनः ॥**

અર્થાત્ તમારો આ યજ્ઞ કુરુક્ષેત્ર નિવાસી ઉચ્છવૃત્તિધારી ઉદાર બ્રાહ્મણના એક પ્રસ્થ અનાજના દાન સમાન નથી. [૨]

આ કથન સાંભળી બ્રાહ્મણોને આશ્ચર્ય થયું. જેથી બ્રાહ્મણો તેનું કારણ પૂછવા લાગ્યા અને નકુલ ત્યાં કેવી રીતે પહોંચ્યો. આ યજ્ઞ શાસ્ત્રીય વિધિ અનુસાર થયો છે. પૂજનીય વ્યકિતની પૂજા કરી પુષ્કળ દાન કર્યું છે. તેમ છતાં આ યજ્ઞ પર આક્ષેપ કરવાનું કારણ શું ?

આ સાંભળી નકુલ બ્રાહ્મણના દાનની અધિકતા દર્શાવતા કહેવા લાગ્યો.

એક બ્રાહ્મણ સપરિવાર ઉચ્છવૃત્તિથી જીવન નિર્વાહ કરતો હતો. તે ઉત્તમ દ્વિજ ત્રણ–ત્રણ દિવસે પરિવાર સાથે ભોજન કરતો. ત્રણ દિવસે ભોજન પ્રાપ્ત ન થાય તો બીજા ત્રણ દિવસ પશ્ચાત્ ભોજન કરતો.

એક સમય ભયંકર દુષ્કાળને કારણે અનેક દિવસો પર્યન્ત ભોજન ન મળ્યું. એક દિવસ એક શેર જવ પ્રાપ્ત થયા, જે સમગ્ર પરિવાર ભાગ પાડી ભોજન કરવા લાગ્યા.

તે સમયે એક બ્રાહ્મણ અતિથિ પધાર્યા. તેનો બ્રાહ્મણ પરિવારે આતિથ્ય સત્કાર કર્યો. બ્રાહ્મણે તેને પોતાના ભાગનું ભોજન આરોગવા કહ્યું. પરંતુ તે અતિથિને આટલા ભોજનથી સંતોષ ન થયો. તે સમયે બ્રાહ્મણ પત્નીએ પોતાના ભાગનું ભોજન અર્પણ કર્યું. તેમ છતાં તે અતિથિ સંતુષ્ટ થયા નહીં. આખરે તેના પુત્ર અને પુત્રવધૂના ભાગનું અનાજ પણ આરોગી ગયા. ત્યારે બ્રાહ્મણ સંતુષ્ટ થયા. આ જોઈ અતિથિ પ્રસન્ન થયા. તે અતિથિ અન્ય કોઈ નહીં, પરંતુ સાક્ષાત્ ધર્મ હતા. તે અતિથિએ સંતુષ્ટ થઈ બ્રાહ્મણને શ્રેષ્ઠ દાની તરીકે ઓળખાવ્યો અને બ્રાહ્મણને સ્વર્ગલોકમાં આવવા કહ્યું અને તેના દાનની પ્રશંસા કરતા કહેવા લાગ્યા.

''ક્ષુધા મનુષ્યની બુદ્ધિને વિકૃત બનાવે છે, ધાર્મિક વિચાર કરતા નથી, ધીરજ ખોઈ બેસે છે, જે ક્ષુધા પર જીત મેળવે છે, તે સ્વર્ગ પર વિજય પ્રાપ્ત કરે છે.'' [૩]

આ પ્રમાણે અનેક ઉપદેશક વચનો તે અતિથિ રૂપે પધારેલ ધર્મએ બ્રાહ્મણને કહ્યા.

ધર્મના ઉપદેશ પશ્ચાત્ તે બ્રાહ્મણ સપરિવાર સ્વર્ગલોકમાં ગયા. તે સમયે નકુલ બીલમાંથી બહાર નીકળ્યો. અને ત્યાં નીચે પડેલા અનાજના દાણા પર નકુલના મસ્તકનો સ્પર્શ થયો. બ્રાહ્મણના તપ તથા દાનના પ્રભાવથી નકુલનું મસ્તક સુવર્ણનું બની ગયું. અને અર્ધુ શરીર સુવર્ણનું થઈ ગયું. હવે બીજું અર્ધુ શરીર સુવર્ણનું બનાવવા હું યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં આવ્યો. પરંતુ મને સફળતા મળી નહીં. તેથી કહું છું. ''આ યજ્ઞ બ્રાહ્મણના એક પ્રસ્થ અનાજના બરાબર નથી. કારણ કે તે અનાજના કણના સ્પર્શથી મારું અર્ધુ શરીર સુવર્ણનું થઈ ગયું. પરંતુ આ યજ્ઞના દાનથી મારું અર્ધુ શરીર સુવર્ણનું ન થયું.'' [૪]

સમસ્ત બ્રાહ્મણોને આ પ્રમાણે કહી તે નકુલ ત્યાંથી ચાલતો થયો.

મહાભારતકાર માત્ર મનુષ્યના મુખે જ ઉપદેશ આપે છે, તેમ નથી પરંતુ પ્રાણીઓના મુખે પણ કથા કહેવડાવી નવીન અભિગમ આપે છે. આવી કથા મહાભારતમાં અનેક છે. જેમ કે હંસ–કાગડાનું આખ્યાન, ગીધ–શિયાળ આખ્યાન, ઉંદર–બિલાડાનું આખ્યાન, કબૂતર–કબૂતરીની કથા ઈત્યાદિ.

પ્રસ્તુત આખ્યાન પણ એક સરીસૃપ યોનિમાં જન્મેલ નકુલના મુખે મૂકી કથાનું માહાત્મ્ય વધારી દે છે. તે કથામાંથી ફલિત થતા મુદ્દા આ પ્રમાણે છે.

**દાન :**

**हस्तस्य भूषणं दानं** એ ઉક્તિ અનુસાર, મનુષ્ય જીવનમાં દાનનું મહત્ત્વ અત્યધિક છે. મનુષ્યનું તે નિત્યકર્મ છે. મનુષ્યે પ્રતિદિન દાન કરવું જોઈએ.

**श्रद्धया देयम्, ह्रिया देयम्, भिया देयम्।**

અર્થાત્ શ્રદ્ધાથી, લજ્જાથી કે ભયથી આપે, પરંતુ દાન અવશ્ય કરવું જોઈએ. મનુષ્ય જાતિ માટે દાન આવશ્યક છે.

પ્રસ્તુત આખ્યાનમાં બ્રાહ્મણના દાન પાસે યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞનું દાન તુચ્છ લાગે છે. કારણ કે યુધિષ્ઠિરનું દાન ફલાસક્તિ સહિત હતું. જયારે બ્રાહ્મણનું દાન ફલાસક્તિ રહિત હતું. તેથી યુધિષ્ઠિરના દાન કરતા બ્રાહ્મણનું દાન શ્રેષ્ઠ છે.

ઋગ્વેદમાં દાનનો મહિમા ગાતા કહ્યું છે કે – **उतो रयिः पृणतो नोप दस्यति श्च**

અર્થાત્ દાન આપવાથી સંપત્તિ વધે છે. [૫]

અથર્વવેદ અનુસાર ‘કુપાત્રને દાન ન આપો.’ [૬]

મહાભારતકાર મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વનપર્વમાં દાન વિષયક ચર્ચા કરે છે, તે પ્રમાણે –

‘‘ન્યાયપૂર્વક પ્રાપ્ત કરેલ ધન ઉત્તમ દેશ, કાલ અને પાત્રનો વિચાર કરી શ્રેષ્ઠ પુરુષોને આપવું, અન્યાયપૂર્વક પ્રાપ્ત કરેલ ધન દ્વારા જે દાનધર્મ કરે છે, તે પુણ્ય પ્રાપ્ત કરાવતું નથી. વિશુદ્ધ મનથી યથા સમય સુપાત્રને દાન આપવાથી પરલોકમાં અનન્તફળ પ્રાપ્ત કરાવે છે.’’ [૭]

ભગવાન્ વાસુદેવે ભ.ગી. માં પણ વ્યાસજીની આ વાતનું સમર્થન કર્યું છે.

‘‘દાન દેવું એમ ફરજ સમજી, બદલાની આશા વિના યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને જે અપાય તેને ‘સાત્ત્વિક દાન’ કહ્યું છે. પરંતુ બદલો મેળવવા માટે જે દાન અપાય તે રાજસ્ દાન. જે દાન સત્કાર વગર, તિરસ્કારથી અને અયોગ્ય દેશકાળમાં આપવામાં આવે તેને ‘તામસ્દાન’ કહ્યું છે.’’ [૮]

આગળ વધતા ગીતાકાર કહે છે –

**अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत्।**
**असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह॥**

અર્થાત્ અશ્રદ્ધાથી યજ્ઞ, દાન, તપ જે કંઈ કરવામાં આવે તે ‘અસત્’ કહેવાય છે તે કલ્યાણ કરતું નથી. [૯]

મહાભારતકાર ભગવાન્ વેદવ્યાસ કહે છે, ''દાન લેનાર બ્રાહ્મણ શ્રોત્રિય, નિર્ધન, ગૃહસ્થ, અગ્નિહોત્રી, દરિદ્ર, ઉપકારની અપેક્ષા વિનાની વ્યકિતને દાન કરવું જોઈએ, ધનવાનોને નહી.'' [૧૦]

હિતોપદેશમાં પણ આ બાબતનો પડઘો સંભળાય છે. ગરીબોનું ભરણ કર. ધનવાનને ધન આપીશ નહી. રોગીને દવા ગુણકારી નીવડે છે. નીરોગીને દવા શા કામની ? આ આપવું જોઈએ એમ માનીને જે દાન ઉપકાર કર્યા વિનાની વ્યકિતને દેશ, કાલ અને પાત્ર જોઈને આપવામાં આવે તે દાન સાત્ત્વિક ગણાય છે. [૧૧]

ચાણકયનીતિ પ્રમાણે –

'સર્વ પ્રકારનું દાન, યજ્ઞ, હોમ અને બલિ કુપાત્રને આપવાથી શીઘ્ર નષ્ટ થઈ જાય છે. પરંતુ સુપાત્રને કરાયેલ દાન અને જીવદયા કદાપિ નષ્ટ થતા નથી.' [૧૨]

મનુસ્મૃતિ મુજબ –

''જળદાન પૂર્ણ તૃપ્તિ અપાવે છે. અન્નદાન કરનાર અક્ષય સુખની પ્રાપ્તિ કરે છે. તલનું દાન ઈચ્છિત સંતાન પામે છે. દીપક દાન ઉત્તમ નેત્ર પ્રાપ્ત કરે છે. ભૂમિ દાન કરનાર ભૂમિ પ્રાપ્ત કરે છે. સુવર્ણ દાન કરનાર દીર્ઘાયુષ્ય ભોગવે છે. ઘરનું દાન કરનાર ઉત્તમ ઘર પામે છે. ચાંદીનું દાન કરનાર સુંદરતા પ્રાપ્ત કરે છે.'' [૧૩]

કળિયુગમાં ગૃહસ્થ માટે દાન શ્રેષ્ઠ ધર્મ છે. [૧૪]

દેવી ભાગવતના મંતવ્ય પ્રમાણે ''અન્યાયથી ઉપાર્જિત ધન દ્વારા કરેલ શુભ કર્મ વ્યર્થ છે. તેનાથી આ લોક કે પરલોકમાં ફળ મળતું નથી.'' [૧૫(અ)]

નીતિશતક અનુસાર ધનની ત્રણ ગતિ છે, દાન, ભોગ, નાશ, જે દાન આપતો નથી, અને જે ભોગવતો નથી, તેની ત્રીજી ગતિ થાય છે. [૧૫(બ)]

પ્રસ્તુત આખ્યાનમાં અતિથિરૂપે પધારેલ ધર્મ દાનની મહિમા ગાતા કહે છે, ''શ્રદ્ધાપૂર્વક દાન કરતાં મનુષ્યમાં એક સહસ્ર આપવાની ક્ષમતા હોય તો સોનું દાન કરે. સોની શકિત હોય તો દસનું દાન કરે. જેની પાસે કશું જ ન હોય તે શકિત અનુસાર જળદાન કરે તો આ બધા સમાન મનાય છે. ન્યાયોપાર્જિત અન્ન પણ શ્રદ્ધાપૂર્વક આપવાથી પ્રસન્નતા અનુભવાય છે.''

અતિથિએ એક પ્રસ્થ અનાજના ફળરૂપે જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે તે રાજસૂય યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞના ફળની અપેક્ષાએ અનેકગણું ઉત્તમ છે, જેને કારણે તેને બ્રહ્મલોકની પ્રાપ્તિ થઈ.

તે દરિદ્ર બ્રાહ્મણના દાનના કણના સ્પર્શથી નકુલનું મસ્તક સુવર્ણનું બની ગયું. આવો ઉત્તમ દાનનો મહિમા છે.

ઉત્તમ દાનીમાં કર્ણનું નામ પ્રથમ પંકિતમાં મુકાય છે, જેમણે સ્વરક્ષક જેવા કવચ–કુંડળનું પણ દાન આપી દીધું.

રાજા રઘુએ પણ યજ્ઞ કાર્ય પૂર્ણ કરી તેની સંપૂર્ણ સંપત્તિ દાનમાં આપી દીધી હતી.

રાજા નૃગે ગૌદાન કરી ઉત્તમ લોક પ્રાપ્ત કર્યો હતો. શિબિ રાજાએ સ્વદેહનું દાન કરી અક્ષયલોકની પ્રાપ્તિ કરી.

આ સંસારમાં દાન કરવું કઠીન છે. તેનું કારણ એ છે કે મનુષ્યોની ધન પ્રતિ તૃષ્ણા અધિક હોય છે અને ધનોપાર્જન અતિ કષ્ટસાધ્ય છે. આ કષ્ટસાધ્ય ધનને અન્યને આપવું વિરલ વ્યકિતનું જ કામ છે.

શાસ્ત્રો દાનના મહત્વને સ્વીકારે છે. મનુષ્યે યથાયોગ્ય દાન કરી પુણ્ય પ્રાપ્ત કરવું જોઈએ. તે વર્તમાન યુગના માનવીએ પણ સમજવા જેવું છે. આજે ધનોપાર્જનના અનેક સ્થાનો જોવા મળે છે. પરંતુ મનુષ્ય ધનોપાર્જનની અપેક્ષાએ દાન કર્મ ઓછું કરે છે. તેથી સમાજમાં પાપનું ભારણ વધી ગયું છે. ધનલોલુપ માનવી શાસ્ત્રોને ભૂલતો જાય છે તેથી ધન પાછળ આંધળી દોટ મૂકે છે. આજે જરૂર છે માનવીને દાન ધર્મ સમજાવી શકે તેવા મહાપુરુષોની.

**અતિથિ સત્કાર :**

અતિથિ સત્કારની ભાવના ભારતીય સંસ્કૃતિના મૂળમાં છે. પ્રત્યેક શાસ્ત્રો અતિથિનો આદર કરવાનો સંદેશ આપે છે. તેથી જ તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યું છે કે **'अतिथि देवो भव ।'**

પ્રસ્તુત આખ્યાનમાં દરિદ્ર બ્રાહ્મણને ગૃહે અતિથિ આવ્યો તો તેના સમગ્ર પરિવારે ભૂખ વેઠી અતિથિને ભોજન કરાવ્યું. તે દરિદ્ર બ્રાહ્મણે અતિથિને યથાયોગ્ય સત્કારમાં અર્ઘ્ય, પાદ્ય અને આસન આપી ન્યાયપૂર્વક ઉપાર્જિત અનાજ પ્રેમપૂર્વક ગ્રહણ કરવા કહ્યું. [૧૬]

આ પ્રમાણે દરિદ્ર બ્રાહ્મણ પાસે આતિથ્ય સત્કારની કોઈ ઉત્તમ વસ્તુ ન હોવાથી તેના ભાગનું જે અનાજ હતું, તે બ્રાહ્મણને આરોગવા આપ્યું.

આવા આતિથ્ય ધર્મ વિષયક ચર્ચા પૂર્વે શકુન્તલોપાખ્યાન, કપોત–લુબ્ધક આખ્યાન, કૃતઘ્નોપાખ્યાન, ઈત્યાદિ આખ્યાનોમાં થઈ ચૂકી છું. તેથી પુનરુકિત દોષને કારણે અત્રે તે ચર્ચા કરવી આવશ્યક ન લાગતા કરી નથી.

**સ્ત્રી રક્ષા :**

ભારતીય સંસ્કૃતિ સ્ત્રીને ઉચ્ચ દરજ્જો આપે છે અને સ્ત્રીના માન અને સન્માનની રક્ષા કરે છે.

ભગવાન્ મનુ કહે છે કે – **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।** અર્થાત્ જયાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાનો વાસ હોય છે. મનુ ભગવાન્ નારીનો આદર કરવાનું કહે છે. જે ઘરમાં સ્ત્રીઓ સુખી

અને સંતુષ્ટ હોય છે, જયાં કલેશ, કંકાસ અને કડવાશ હોતા નથી. તે ઘેર દેવોનો વાસ હોય છે. જયાં તેમનો અનાદર થાય છે, જયાં સ્ત્રીઓ દુઃખી હોય, માનસિક–શારીરિક ત્રાસ અપાતો હોય તે કુળના પુરુષો યજ્ઞાદિ ધાર્મિક ક્રિયાઓ કરે તો પણ તે વ્યર્થ છે.

સ્ત્રીની રક્ષા કરવી તે પતિનો ધર્મ છે. તેથી જ મહાભારતકાર અને ભગવાન્ મનુ કહે છે.

**पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।**

**पुत्रा स्थाविरे भावे न स्त्री स्वातन्त्र्यमर्हति ॥**

અર્થાત્ કુમારાવસ્થામાં પિતા, યુવાવસ્થામાં પતિ તથા વૃદ્ધાવસ્થામાં પુત્રએ સ્ત્રીની રક્ષા કરવી, સ્ત્રીએ સ્વતંત્ર રહેવું જોઈએ નહી. [૧૭]

આ શ્લોક પરથી કેટલાક વિદ્વાનો એમ કહે છે કે મહાભારતકાળ તેમજ મનુના સમયમાં સ્ત્રીની સ્થિતિ સારી ન હતી. વૈદિક કાળમાં જેટલી સ્વતંત્રતા સ્ત્રીઓને હતી તેટલી તદ્પશ્ચાત્ કાળમાં ન હતી. એમ લાગે છે. અપાલા, મૈત્રેયી, ગાર્ગી, ઘોષા, લોપામુદ્રા ઈત્યાદિ જેવી વિદુષી સ્ત્રીઓના ઉલ્લેખ વૈદિક કાળમાં છે. તેથી એમ કહી શકાય કે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચ હતું.

દરિદ્ર બ્રાહ્મણ પણ સ્ત્રીના ભાગનું અનાજ અતિથિને આપવાની વાતનો અસ્વીકાર કરતા કહે છે, ''સ્ત્રીની રક્ષા તથા પાલન–પોષણ જીવજંતુ તેમજ પશુઓનું પણ કર્તવ્ય છે. પુરુષ સ્ત્રી દ્વારા પોતાનું ભરણ–પોષણ અને સંરક્ષણ કરે છે, તે દયાને પાત્ર છે. તે કીર્તિભ્રષ્ટ થઈ જાય છે. તેને ઉત્તમ લોકની પ્રાપ્તિ થતી નથી. ધર્મ, કામ અને અર્થ સંબંધી કાર્ય, સેવા–શુશ્રૂષા તથા વંશપરંપરાની રક્ષા – આ સર્વ સ્ત્રીને આધીન છે. પિતૃધર્મ પણ પત્નીને આશ્રિત છે. જે પુરુષ સ્ત્રીની રક્ષાને પોતાનું કર્તવ્ય નથી માનતો તે અપયશનો ભાગી બને છે અને નરકનો ભાગીદાર બને છે.'' [૧૮]

બ્રાહ્મણ પત્ની સ્ત્રી ધર્મ સમજાવતા કહે છે. પાલન કરવાથી પતિ, ભરણ–પોષણ કરવાથી ભર્તા અને પુત્ર પ્રદાન કરવાને કારણે વરદાતા છે. તેથી મારા ભાગનું અનાજ પણ તે અતિથિને અર્પણ કરો. [૧૯]

વર્તમાન સમયે સ્ત્રી–પુરુષને કાયદાની દષ્ટિએ સમાન અધિકાર છે. સ્ત્રી દાક્ષિણ્ય વધ્યું છે. છતાં ભારતીય સમાજમાં સ્ત્રીઓની એકંદર સ્થિતિ સંતોષપ્રદ નથી. ઘરકામ, બાળઉછેર, દહેજને કારણે સહન કરવા પડતા અપમાનો તથા માનસિક–શારીરિક ત્રાસ વગેરે અનેક સમસ્યાઓ હોય છે અને વળી આધુનિક યુગમાં ધનોપાર્જનની જવાબદારી પણ સ્ત્રીને શિરે આવી છે.

સ્ત્રી રક્ષા દ્વારા ભગવાન્ વેદ વ્યાસ જે બાબત નિરુપે છે તે બાબત દામ્પત્ય જીવનને આનંદમય અને મંગલમય બનાવવાની ચાવી છે અને તે આજના સમયમાં પ્રત્યેક ક્ષણે અને સ્થળે અનુસરણીય અને અનુકરણીય છે.

**નિષ્કર્ષ :**

ઉત્તમ ત્યાગનું મહત્ત્વ દાનમાં છે. સંખ્યામાં નહીં તે બાબત પ્રસ્તુત આખ્યાનનો મુખ્ય સંદેશ છે.

ભારતીય સંસ્કૃતિ દાનને અત્યધિક મહત્ત્વ આપે છે. **'हस्तस्य भूषणं दानं'**, **'दानमेकं कलौ युगे'** આદિ સૂકિતઓ દ્વારા વિદ્વાનોએ દાનનો મહિમા ગાયો છે. દાનની આ મહત્તા પાછળ ભારતીય સંસ્કૃતિની કરુણા, પરદુઃખકારકતા એવં માનવીયતાની ભાવના રહી છે. અભાવગ્રસ્ત એવં દુઃખી, નિર્ધન તથા પરાશ્રિત વ્યકિતની માનવીય ભાવનાથી પ્રેરિત થઈ કોઈ વસ્તુના માધ્યમથી સહાયતા કરે તો ભારતીય ધર્મ તેને દાન કહે છે. દાન આપવું કઠીન બાબત છે, તેમ મહાભારતકાર કહે છે. તેનું કારણ મનુષ્યની ધન પ્રત્યેની તૃષ્ણા છે. મનુષ્ય કદાપિ ધનથી તૃપ્ત થતો નથી. [૨૦] તેવું વિધાન કઠોપનિષદ્‌માં નચિકેતા યમને કહે છે. માત્ર હિન્દુ ધર્મ જ નહીં ઈસ્લામ, ઈસાઈ, જૈન, બૌદ્ધ ઈત્યાદિ ધર્મો પણ દાનનો મહિમા વર્ણવે છે.

નીચેની ચાર બાબતો પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનમાં વણી લેવી જોઈએ.

(૧) ધની હોવા છતાં નિયમોનું પાલન કરવું.

(૨) શકિત હોવા છતાં સહન કરવું.

(૩) યૌવનાવસ્થામાં વ્રત પાલન કરવું.

(૪) દરિદ્ર હોવા છતાં દાન કરવું.

ઈશોપનિષદ્ તો કહે છે કે – **तेन त्यक्तेन भुञ्जीथाः ।** ત્યાગીને ભોગવી જાણે આ જ દાનનો શ્રેષ્ઠ મહિમા છે.

ભારતીય સમાજની વિરલ આતિથ્ય ભાવનાના દર્શન થાય છે. અતિથિ તો સર્વનો પૂજનીય છે.

મહાભારતકાલીન સમાજમાં સ્ત્રીની રક્ષા કરવી તે પુરુષનો સ્વધર્મ મનાતો હતો. સ્ત્રી સર્વદા પૂજનીય રહી છે.

### પ્રકરણ – ૬ પાદટીપ

## આશ્વમેધિક પર્વનાં આખ્યાનો–ઉપાખ્યાનો

### (१) उत्तङ्कोपाख्यान✓

(१) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભા. ૧, પૃ. ૮૧

(२) महाभारत आश्वमेधिक पर्व – ५३/२४–२५

(३) एजन, आश्वमेधिक पर्व – ५५/३

(४) अवश्यं करणीयं च यद्येतन्मन्यसे विभो।
तोयमिच्छामि यत्रेष्टं मरूष्वेतद्धि दुर्लभम्॥

एजन, आश्वमेधिक पर्व – ५५/१३

(५) तमो रज सत्त्वं च विद्धि भावान् मदाश्रयान्।
तथा रूद्रान् वसून् वापि विद्धि मत्प्रभवान् द्विज॥

एजन, आश्वमेधिक पर्व – ५४/२

(६) श्रीमद् भगवद् गीता – १४/५

(७) सत्त्वं लघु प्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः।
गुरू वरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः॥

सांख्यकारिका – १३

(८) हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः।
प्राधान्यतः कुरूश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे॥

श्रीमद् भगवद् गीता – १०/१९

(९) महाभारत आश्वमेधिक पर्व – ५४/५–९

(१०) श्रीमद् भगवद् गीता – ४/७–८

(११) इह चेदवेदीदय सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः।

केनोपनिषद् – २/१

(१२) यजुर्वेद – ७/४५

(१३) एजन – ४०/१५

(१४) ऋग्वेद – १०/३४/१३

(१५) यजुर्वेद – ४०/१

(१६) स ददर्श महात्मानं विश्वरूपं महाभुजम्।
सहस्त्रसूर्यप्रतिमं दीप्तिमत् पावकोपमम्॥
सर्वमाकाशमावृत्य तिष्ठन्तं सर्वतोमुखम्।
तद् दृष्टवा परमं रूपं विष्णोर्वैष्णवमद्भूतम्।
विस्मयं च यचौ विप्रस्तं श्रष्ट्वा परमेश्वरम्॥

महाभारत आश्वमेधिक पर्व – ५५/५-६

(१७) कालोडस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान् समाहर्तुमिह प्रवृत्तः॥

श्रीमद् भगवद् गीता – ११/३२

(१८) ऋग्वेद – १०/९०/१

(१९) अणोरणीयान्महतो महीयान्, कठोपनिषद् १/२/२०

(२०) अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृताश्च वेदाः।
वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा॥

मुण्डकोपनिषद् – २/१/४

(२१) श्रीमद् भागवत पुराण – २/१/२६-३८

(२२) एष्टव्य सति चिन्त्योडहमित्युक्ता द्वारकां ययौ।

महाभारत आश्वमेधिक पर्व – ५५/१४

## (२) नकुल आख्यान

(१) પૌરાણિક કથાકોશ, શ્રી ડાહ્યાભાઈ દેરાસરી, ભા. ૧, પૃ. ૨૯૬

(२) महाभारत आश्वमेधिक पर्व – ९०/६

(३) क्षुधा निर्णुदति प्रज्ञां धर्मबुद्धिं व्यपोहति ॥
क्षुधापरिगतज्ञानो धृतिं त्यजति चैव ह ।
बुभुक्षां जयते यस्तु स स्वर्गे जयते ध्रुवम् ॥

महाभारत आश्वमेधिक – ९०/९०-९१

(४) ततो मयोक्तं तद् वाक्यं प्रहस्य ब्राह्मणर्षभाः ॥
सक्तुप्रस्थेन यज्ञोऽयं सम्मितो नेति सर्वथा ।
सक्तुप्रस्थलवैस्तैर्हि तदाहं कात्त्वनीकृतः ॥
नहि यज्ञो महानेष सश्चशस्तैर्मतो मम ।

एजन आश्वमेधिक पर्व – ९०/११४-११६

(५) ऋग्वेद – १०/११७/१

(६) न पावत्याय रासीथ ।

अथर्ववेद – २०/८२/१

(७) विशेषस्त्वत्र विज्ञेयो न्यायेनोपार्जितं धनम् ।
पात्रे काले च देशे च साधुभ्यः प्रतिपादयेत् ॥
अन्यायात् समुपात्तेन दानधर्मो धनेन यः ।
क्रियते न स कर्तारं त्रायते महतो भयात् ॥

पात्रे दानं स्वल्पमपि काले दत्तं युधिष्ठिर ।
मनसा हि विशुद्धेन प्रेत्यानन्तफलं स्मृतम् ॥

महाभारत वनपर्व – २५९/३२–३४

(८) दातव्यमिति यद्दानं दीयतेऽनपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥
यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥
अदेशकाले यद्दानमपात्रेभ्य दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥

श्रीमद् भगवद् गीता – १७/२०–२१–२२

(९) एजन – १७/२८

(१०) श्रोत्रियाय दरिद्राय गृहस्थादाग्निहोत्रिणे ।
पुत्रदाराभिमूताय तथा ह्यनुपकारिणे ॥
एवंविधेषु दातव्या न समृद्धेषु भारत ।
को गुणो भरतश्रेष्ठ समृद्धेष्वभिवर्जितम् ॥

महाभारत वनपर्व – २००/२७–२८

(११) दरिद्रान् भर कौन्तेय मा प्रयच्छेश्वरे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं नीरजस्य किमौषधैः ॥
दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

हितोपदेश मित्रलाभ – १५–१६

(१२) क्षीयन्ते सर्वदानानि यज्ञहोमबलिक्रियाः ।

न क्षीयते पात्रदानभयं सर्वदेहिनाम् ॥

चाणक्य नीति – १६/१४

(१३) वारिदस्तृप्तिमाप्नोति सुखमक्षयमन्नदः ।
तिलप्रदः प्रजामिष्टां दीपद क्षुरूत्तमम् ॥
भूमिदो भूमिमाप्नोति दीर्घमायुर्हिरण्यदः ।
गृहदोग्रथाणि वेश्मनि रूप्यदोरूपमुत्तमम् ॥

मनुस्मृति – ४/२२९–२३०

(१४) दानमेक कलौयुगे ।

एजन – १/८६

(१५अ) अन्यायोपार्जितेनैव द्रव्येण सुकृतं कृतम् ।
न कीर्तिरिहलोके च परलोके च तत्फलम् ॥

देवी भागवत – ३/१२/८

(१५ब) दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥ नीतिशतकम् – ३५

(१६) इदमर्घ्यं च पाद्यं च वृसी चेयं तवानघ ।
शुचयः सक्तवश्चेमे नियमोपार्जिताः प्रभो ।
प्रतिगृह्णीष्व भद्रं ते मया दत्ता द्विजर्षभ ॥

महाभारत आश्वमेधिक पर्व–९०/३८–३९

(१७) म.भा. अनुशानपर्व – ४६/१४

मनुस्मृति – ९/३

(१८) महाभारत आश्वमेधिक पर्व – ९०/४५–४९

(१९) पालनाद्धि पतिस्त्वं मे भर्तासि भरणाच्च मे ॥
पुत्रप्रदानाद् वरदस्तस्मात् सक्तून् प्रयच्छ मे ।

महाभारत आश्वमेधिक – ९०/५२–५३

(२०) न वित्तेन तर्पणीयो मनुष्यो

कठोपनिषद् – १/१/२७

# ઉપસંહાર

પ્રસ્તુત મહાનિબંધમાં મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનોની સમીક્ષા તથા તુલના કરવાનો પ્રયાસ કર્યો છે. તદ્ અંતર્ગત આદિપર્વ, વનપર્વ, ઉદ્યોગપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, શાન્તિપર્વ, અનુશાસન પર્વ, અશ્વમેધિક પર્વ ઈત્યાદિ કુલ પર્વોના ઐતિહાસિક, ધાર્મિક, રાજનૈતિક, સાંસ્કૃતિક, નૈતિક ઈત્યાદિ બાબતો ચરિતાર્થ કરતાં ત્રીસ આખ્યાનો–ઉપાખ્યાનોની વિવેચના કરી છે. અન્ય દસ પર્વના આખ્યાનો–ઉપાખ્યાનો જે અલ્પ પ્રસિદ્ધ છે, તેવા આખ્યાનો–ઉપાખ્યાનોની સમીક્ષા વિસ્તાર ભયને કારણે કરી નથી. તેનો પરિશિષ્ટમાં માત્ર નામ નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત સમગ્ર આખ્યાનો–ઉપાખ્યાનોનો પણ પરિશિષ્ટમાં પર્વ પ્રમાણે નામ નિર્દેશ કર્યો છે.

અત્રે ઉપસંહારમાં આખ્યાનો–ઉપાખ્યાનોની ઓછા પ્રચલિત છતાં પણ મહત્ત્વના છે તેવા આખ્યાનોની વિસ્તૃત વિવેચના ન કરતાં સંક્ષેપમાં પરિચય આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે જેમ કે –

## सुन्दोपसुन्दोपाख्यान :

વિદુરાગમનના રાજયલમ્ભ પર્વના અધ્યાય ૨૦૮ માં વર્ણવેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન સહોદર બાંધવોનો પ્રેમ અને તે પ્રેમ એક સ્ત્રીને કારણે કેવો શત્રુતામાં પરિણમ્યો તે બાબત ફલિત કરે છે. આ ઉપરાંત પાત્રતા વિનાનું જ્ઞાન મનુષ્ય પચાવી શકતો નથી અને મનુષ્ય અહંકારમાં એટલો ઉન્મત્ત થઈ જાય છે કે તે સ્વયં તેના વિનાશનું કારણ બને છે. તેથી જ ભર્તૃહરિ કહે છે કે **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।**

## श्येनकपोतीयोपाख्यान :

વનપર્વના લોમશતીર્થયાત્રા અધ્યાય ૧૩૦ માં સમાવિષ્ટ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન શરણે આવેલાને જાતના ભોગે પણ રક્ષણ કરવું, તે બાબતનો સંદેશ આપે છે. શિબિ રાજા સાક્ષાત્ અગ્નિદેવ સ્વરૂપે પધારેલા શરણાગત કબૂતરને સ્વદેહનું માંસ આપી રક્ષણ કરે છે. તદ્ અંતર્ગત ઈન્દ્ર સ્વરૂપે બાજ અને શિબિરાજા વચ્ચે જે સંવાદ થાય છે, તેમાં ધર્મ–અધર્મ વિષયક ચર્ચા છે. તેમાં બાજ કહે છે –

**धर्म यो बाधते धर्मो न स धर्मः कुधर्म तत्**

**अविरोधात् तु यो धर्मः स धर्मः सत्यविक्रमः ॥ (म.भा. ३/१३१/११)**

અર્થાત્ જે ધર્મ અન્ય ધર્મનો બાધક હોય તે ધર્મ નથી, કુધર્મ છે. જે અન્ય કોઈના ધર્મનો વિરોધ ન કરતા પ્રતિષ્ઠા પામે છે તે જ વાસ્તવિક ધર્મ છે. મહાભારતના કવિનો મુખ્ય ઉદ્દેશ ધર્મ સંસ્થાપનાનો છે. તે વાત આ આખ્યાન દ્વારા ઉજાગર થાય છે.

**अष्टावक्रीयोपाख्यान** વનપર્વના લોમશતીર્થ પર્વ નામના અધ્યાય–૧૩૨ અંતર્ગત નિરુપેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાં અષ્ટાવક્રની રાજા જનક અને તેના પિતા કહોડ જે જનકરાજાના બંદી છે તે બંને વચ્ચે અધ્યાત્મ વિષયક ચર્ચાનું નિરુપણ છે.

અષ્ટાવક્ર બાળક હોવા છતાં જ્ઞાનમાં વૃદ્ધ છે, તેને કારણે જ તેને જનકના યજ્ઞમાં પ્રવેશ મળ્યો હતો. અષ્ટાવક્ર કહે છે –

**न हायनैर्न पलितैर्न वित्तेन न बन्धुभिः ।**

**ऋषय क्रिरे धर्मं योऽनूचानः स नो महान् ॥ (म.भा. ३/१३३/१२)**

અર્થાત્ અધિક અવસ્થા, શ્વેત કેશ, અધિક ધન અને અધિક બાંધવો હોવાથી વૃદ્ધ નથી થવાતું જે સંપૂર્ણ વેદનું અધ્યયન કરે છે, તે મહાન્ છે.

જનક અને અષ્ટાવક્રના સંવાદમાં ઉપનિષદ્નું અધ્યાત્મ તત્ત્વ દષ્ટિગોચર થાય છે. અષ્ટાવક્ર ગીતા જનક અષ્ટાવક્ર સંવાદનું ઉત્તમ દષ્ટાંત છે.

**मुद्‌गलोपाख्यान** વનપર્વના વ્રીહિદ્રોણિક પર્વ નામના અધ્યાય–૨૬૦ માં વર્ણવેલ છે.

મુદ્‌ગલ નામના મહાન દાની બ્રાહ્મણની પરીક્ષા કરવા દુર્વાસાનું તેમના ગૃહે આગમન અને મુદ્‌ગલે પોતાના ભાગનું સર્વ અનાજ ઋષિને આરોગવા આપી સ્વયં ભૂખ્યા રહ્યા અને અંતે મુદ્‌ગલને સ્વર્ગલોકની પ્રાપ્તિ, આ કથા નિરુપે છે.

દાનનો મહિમા વર્ણવી ભારતીય સંસ્કૃતિનો એક આદર્શ રજૂ કર્યો છે અને સાથે આતિથ્ય ધર્મની વાત પણ વર્ણવી છે.

**श्रमेणोपार्जितं त्यक्तुं दुःखं शुद्धेन चेतसा । (म.भा. ३/२६०/२६)**

અર્થાત્ પરિશ્રમથી ઉપાર્જિત ધનનું શુદ્ધ હૃદયથી દાન કરવું દુષ્કર છે.

મ.ભા. નો કવિ નિર્દેશ કરે છે કે પાત્ર જોઈ દાન આપવું જોઈએ. પાત્રતા વિનાનું દાન વ્યર્થ છે.

## दम्भोद्भवोपाख्यान :

ઉદ્યોગપર્વના ભગવદ્યાનપર્વ અંતર્ગત અધ્યાય–૯૬ માં સમાવેશ પામેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન બ્રાહ્મણ દ્વેષી રાજા દમ્ભોદ્ભવને યુદ્ધમાં પરાસ્ત કરવા નર અર્થાત્ ભગવાન્ તેની સાથે યુદ્ધ કરી તેનું કલ્યાણ કરે છે, તે બાબત સ્પષ્ટ થાય છે.

આ ઉપાખ્યાનમાં પરશુરામ કૌરવોને અર્જુન સાથે યુદ્ધ ન કરવા સમજાવતા કહે છે –

**कस्तमुत्सहते जेतुं त्रिषु लोकेषु भारत ।**

**वीरं कपिध्वजं जिष्णुं यस्य नास्ति समो युधि ॥ (म.भा. ५/१६/४७)**

અર્થાત્ યુદ્ધભૂમિમાં અર્જુનને જીતવાનું સાહસ ત્રણે લોકમાં કોઈ પુરુષમાં નથી. સ્વયં શ્રીકૃષ્ણ જેની સાથે હોય તેને કોઈ પરાસ્ત કરી શકે તેમ નથી. તેથી સંધિ કરી પાંડવોને તેના ભાગનું રાજય આપી દેવું તેમ પરશુરામ કૌરવોને કહે છે. વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણનો ઉદ્દેશ સિદ્ધ થાય છે.

**मातलि उपाख्यान** ઉદ્યોગપર્વના ભગવદ્યાન પર્વ અંતર્ગત અધ્યાય–૯૭ માં નિર્દિષ્ટ છે.

કણ્વ મુનિ દુર્યોધનને યુદ્ધ ન કરવા સમજાવતા માતલિ ઉપાખ્યાન કહે છે.

પ્રસ્તુત ઉપાખ્યાન ઈન્દ્ર સારથિ માતલિ પોતાની કન્યા માટે યોગ્ય પતિની શોધ માટે નાગલોકના પાતાલ લોકમાં ગયા. ત્યાં હિરણ્યપુર નગરી, ગરુડલોક, રસાતલ ઈત્યાદિ લોકના વર્ણન કરી નાગકુમાર સુમુખ સાથે પોતાની કન્યાના વિવાહ કરવાનો નિશ્ચય કર્યો.

પિતા પોતાની કન્યાના યોગ્ય પતિ સાથે વિવાહ કરવા ચિંતિત રહેતા, જે વર્તમાન સમયમાં પણ જોઈ શકાય છે. મહાભારતકાલીન સમયમાં પણ પિતા પોતાની પુત્રી માટે યોગ્ય વરની શોધ કરી કન્યાદાન કરતા હતા, તે સ્પષ્ટ થાય છે.

## षोडशराजकीयोपाख्यान :

દ્રોણપર્વના અભિમન્યુવધ પર્વ અંતર્ગત અધ્યાય–૫૫ માં સમાવિષ્ટ છે.

રાજા સૃંજયે પુત્રના મોહને કારણે નારદ પાસે એવા પુત્રની માગણી કરી જેનું રક્ષણ કરવું શકય ન હતું. સુવર્ણમંડિત પુત્ર લુંટારા દ્વારા મૃત્યુ પામતા સૃંજયે જે પુત્રશોક કર્યો તેના ઉત્તરમાં નારદે મૃત્યુની

અનિવાર્યતા સમજાવી કેટલાક રાજાના દષ્ટાંત આપ્યા કે જે પ્રસિદ્ધ હોવા છતાં મૃત્યુ પામ્યા. તેમાં સુહોત્ર કે જેમણે એક સહસ્ર અશ્વમેધ, રાજસૂય તથા દક્ષિણાવાળા યજ્ઞ કર્યા હતા, તે પણ મૃત્યુ પામ્યા.

દસ લાખ અશ્વનું દાન કરનાર પૌરવ મૃત્યુ પામ્યા.

ભગવાન્ શિવનું વરદાન પ્રાપ્ત કરનાર રાજા શિબિ સ્વર્ગલોકમાં ગયા.

શ્રીરામ પિતાની આજ્ઞાનુસાર ચૌદ વર્ષ વનમાં ગયા. જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય – એ બધામાં તમારાથી પ્રસિદ્ધ વિષ્ણુના અવતાર શ્રીરામ મૃત્યુ પામ્યા તો અન્યની તો વાત જ શી કરવી ?

પૂર્વજોના ઉદ્ધાર માટે ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા ભગીરથ પણ મૃત્યુ પામ્યા.

રાજા દિલીપ પણ મૃત્યુ પામ્યા.

યુવનાશ્વ પુત્ર રાજા માન્ધાતા – જે દેવતા, અસુર અને મનુષ્ય ત્રણે લોકના વિજયી મૃત્યુ પામ્યા.

ઐશ્વર્યશાલી રાજા યયાતિ ધૈર્યનો આશ્રય લઈ કામનાઓનો પરિત્યાગ કરી પુત્ર પુરુને રાજય સોંપી સ્વર્ગે સિધાવ્યા.

દસ લાખ રાજાઓ સાથે યુદ્ધ કરનાર રાજા અંબરીષ પણ મરણ પામ્યા.

રાજા શશબિન્દુ, રાજા ગય, રાજા રન્તિદેવ, રાજા ભરત, રાજા પૃથુ, ભગવાન્ પરશુરામ આદિ અનેક મહર્ષિ મૃત્યુ પામ્યા.

અહીં ગીતાકારની સૂકિતનું સ્મરણ થાય છે – **जातस्य हि ध्रुवो मृत्युः ।** જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત વ્યકિત પુર્નજીવિત થઈ શકતી નથી. કયારેક દૈવયોગે આવી ઘટના બનતી હોય છે તે ફલિત થાય છે.

**त्रिपुराख्यान :**

કર્ણપર્વના કણપર્વ નામના ઉપપર્વમાં અધ્યાય–૩૩ માં નિર્દેશેલ છે.

પ્રસ્તુત આખ્યાન દેવો દ્વારા દાનવોને અપાયેલ વરદાન અને તે વરદાન પ્રાપ્ત કરી દાનવોનો વધેલ સંહારને દૂર કરવા સાક્ષાત્ શિવનું યુદ્ધ કરવું તે કથા દ્વારા દેવોએ વિચાર્યા વિના દાનવોને વરદાન આપ્યું. દેવોના અવિચારી કાર્યનું ફળ પણ ભોગવવું પડે છે. દાનવોનો સંહાર કરવા સાક્ષાત્ શિવે તેની સાથે યુદ્ધ કરવું પડયું.

**मुचुकुन्दोपाख्यान :**

શાન્તિપર્વના રાજધર્માનુશાસન પર્વના અધ્યાય–૭૪ માં દર્શાવેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન બ્રાહ્મણનું માહાત્મ્ય વર્ણવે છે. જે રાજા બ્રાહ્મણને આશ્રયે રહી રાજયકાર્યમાં પ્રવૃત્ત રહે છે, તે મહાન્ યશનો ભાગી બને છે.

**एवं यो धर्मविद् राजा ब्रह्मपूर्व प्रवर्तते ।**

**जयत्यविजितामुर्वो यश   महदश्नुते । (म.भा. १२/७४/२१)**

બ્રાહ્મણ અને ક્ષત્રિયને સમાન ગણાવતા મુચુકુન્દ કહે છે કે –

**ब्रह्मक्षत्रमिदं सृष्टमेकयोनि स्वयम्भुवा ।**

**पृथग्बलविधानं तन्न लोकं परिपालयेत् ॥ (शान्तिपर्व – ७४/१३)**

અર્થાત્ બ્રાહ્મણ–ક્ષત્રિય બંનેનું ઉત્પત્તિ સ્થાન એક છે. બંને સ્વયંભૂ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયા છે. તેમના બલ અને પ્રયત્ન ભિન્ન–ભિન્ન થઈ જાય તો તે સંસારની રક્ષા કરી શકતા નથી.

**कैकेयोपाख्यान** શાન્તિપર્વના રાજધર્માનુશાસનપર્વના અધ્યાય–૭૭ માં ઉલ્લિખિત છે.

પ્રસ્તુત ઉપાખ્યાન પણ બ્રાહ્મણનું માહાત્મ્ય વર્ણવતા કહે છે –

**येषां पुरोगमा विप्रा येषां ब्रह्म परं बलम् ।**

**अतिथिप्रियास्तथा पौरास्ते वै स्वर्गजितो नृपाः ॥ (म.भा. १२/७७/३१)**

અર્થાત્ જેની આગળ બ્રાહ્મણ ચાલે છે, જેનું બળ બ્રાહ્મણ છે તથા જેના નાગરિક અતિથિ સત્કારના પ્રેમી છે તે નિશ્ચય સ્વર્ગલોક પર અધિકાર પ્રાપ્ત કરે છે. ગીતાકારને જન્મ આધારિત વર્ણ વ્યવસ્થા માન્ય નથી. તેઓ કહે છે, **चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः (श्रीमद् भ.गी. ४/१३)** અર્થાત્ મારા દ્વારા ગુણ અને કર્મો પ્રમાણે ચાર વર્ણની ઉત્પત્તિ થઈ.

જન્મ અનુસાર વર્ણવ્યવસ્થા જોઈ શકાય છે. બ્રાહ્મણ અધ્યયન–અધ્યાપન કરાવતા તે જોવા મળે છે.

બ્રાહ્મણને સમ્માન આપનાર વ્યકિતનો કદાપિ પરાભવ થતો નથી, તે બાબત ફલિત થાય છે.

**कालकवृक्षीयोपाख्यान** શાન્તિપર્વના રાજધર્માનુશાસન પર્વના અધ્યાય–૮૨ માં સમાવિષ્ટ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન રાજાનું હિત ઈચ્છનાર વ્યકિતને રાજાએ સમ્માન આપવું જોઈએ, તે બાબત ઉજાગર કરે છે. તેથી જ ભીષ્મ પિતામહ કહે છે –

**राजकोशस्य गोप्तारं राजकोशविलोपकाः ।**

**समेत्य सर्वे बाधन्ते स विनश्यत्यरक्षितः ॥ (म.भा. १२/८२/४)**

અર્થાત્ જે રાજા કોશની રક્ષા કરે છે તે પુરુષને રાજકીય કોશ લૂંટનાર લોકો ત્રાસ આપે છે. રાજા તેની રક્ષા ન થાય તો તે વ્યકિત મૃત્યુને આધીન થાય છે.

**उष्ट्रग्रीवोपाख्यान** શાન્તિપર્વના રાજધર્માનુશાસન પર્વના અધ્યાય–૧૧૨માં નિર્દિષ્ટ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન આળસનું દુષ્પરિણામ દર્શાવે છે. આળસુ વ્યકિતની ઉન્નતિ થતી નથી. આળસનો ત્યાગ કરી કાર્ય કરનાર વ્યકિત સદૈવ પૂજનીય છે. ભીષ્મ પિતામહ કહે છે –

**बुद्धिश्रेष्ठानि कर्माणि बाहुमध्यानि भारत ।**

**तानि जङ्घाजघन्यानि भारप्रत्यवराणि च ॥ (म.भा. १२/११२/१८)**

અર્થાત્ બુદ્ધિબળથી કરેલ કર્મ શ્રેષ્ઠ છે. બાહુબળથી કરેલ કાર્ય મધ્યમ છે. પગના બળથી કરેલ કર્મ અધમ છે તથા મસ્તક પર વજન ઉપાડવાનું કાર્ય નિમ્ન શ્રેણીનું છે.

**दण्डोत्पत्युपाख्यान** શાન્તિપર્વના રાજધર્માનુશાસન પર્વના અધ્યાય–૧૨૨ માં વર્ણવેલ છે.

આ ઉપાખ્યાન દંડથી રાજય પર નિયમન લાવી શકાય છે, તે બાબત સ્પષ્ટ કરે છે દંડથી વ્યકિત ભય પામી દુષ્કૃત્ય કરતા અટકે છે. જો દંડ ન હોય તો મનુષ્ય સ્વચ્છંદી બની જાય છે. મહાભારતકાર ભીષ્મના મુખે કહે છે કે –

**विभज्य दण्डः कर्तव्यो धर्मेण न यश्च्छया**

**दुष्टानां निग्रहो दण्डो हिरण्यं बाह्यतः क्रिया ॥ (म.भा. १२ – १२२/४०)**

અર્થાત્ ધર્માનુસાર ન્યાય અન્યાયનો વિચાર કરી દંડ કરવો જોઈએ. દુષ્ટોનું દમન દંડનું મુખ્ય ઉદ્દેશ્ય છે.

**शाकुलोपाख्यान** શાન્તિપર્વના આપદ્ધર્મ પર્વ અંતર્ગત અધ્યાય–૧૩૭ માં નિરુપવામાં આવ્યું છે.

પ્રસ્તુત ઉપાખ્યાન આવનાર સંકટનો સાવધાન રહી સામનો કરનાર દૂરદર્શી, તત્કાલજ્ઞ અને દીર્ઘસૂત્રી – આ ત્રણ પ્રકારના વ્યકિતમાંથી કઈ વ્યકિત શ્રેષ્ઠ છે તે બાબત નિરુપી દૂરદર્શી વ્યકિતને શ્રેષ્ઠ કહી તેને **'अनागत विधाता'** કહી છે.

ભગવાન્ શ્રી વેદવ્યાસ કહે છે,

**अनागतविधाता च प्रत्युत्पन्नमति चः ।**

**द्वावेव सुखमेधेते दीर्घसूत्री विनश्यति ॥ (म.भा. १२/१३७/२०)**

અર્થાત્ જે સંકટ પહેલા જ ઉપાય શોધી લે છે તે **'अनागत विधाता'** સમય પર આત્મરક્ષાનો ઉપાય શોધે તે **'प्रत्युत्पन्नमति'** આ બંને પ્રકારના મનુષ્યો ઉન્નતિ કરે છે. પરંતુ જે પ્રત્યેક કાર્યમાં અનાવશ્યક વિલંબ કરનાર **'दीर्घसूत्री'** નાશ પામે છે.

**कुण्डधारोपाख्यान** શાન્તિપર્વના મોક્ષ ધર્મપર્વ અંતર્ગત અધ્યાય–૨૭૧ માં નિરુપાયેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન ધનની અપેક્ષા તપ અધિક શ્રેષ્ઠ છે, તે બાબત ચરિતાર્થ કરે છે. ધન દ્વારા વ્યકિત સ્વર્ગલોકની પ્રાપ્તિ કરી શકતો નથી. સ્વર્ગ પ્રાપ્તિ માટે તો તપ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેથી જ મહાભારતકાર કહે છે –

**देवता ब्राह्मणः सन्तो यक्षा मानुषचारणाः ।**

**धार्मिकान् पूजयन्तीह न धनाढयान् न कामिनः ॥ (भ.भा. १२/२७१/५५)**

અર્થાત્ દેવતા, બ્રાહ્મણ, સાધુ–સંત, યક્ષ, મનુષ્ય અને ચારણ, સર્વજન ધર્માત્માઓની પૂજા કરે છે. ધની કે ભોગીઓની નહી.

## सुदर्शनोपाख्यान :

અનુશાસન પર્વના દાનધર્મ પર્વ અંતર્ગત અધ્યાય–૨ માં સમાવિષ્ટ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય એવી આતિથ્ય ભાવના દષ્ટિગોચર થાય છે. તૈત્તિરીય ઉપનિષદ્ તો **'अतिथि देवो भव'** કહી અતિથિને દેવનો દરજ્જો આપે છે. આતિથ્ય સત્કાર માટે પતિવ્રતા સ્ત્રી પોતાનું પતિવ્રત્ત ધર્મનો ત્યાગ કરી અતિથિને શરણે ગઈ. અતિથિ સત્કારના પુણ્ય દ્વારા સુદર્શને મૃત્યુ, આત્મા, બુદ્ધિ, મન, કામ, ક્રોધ ઈત્યાદિ પર વિજય પ્રાપ્ત કર્યો.

ભીષ્મ પિતામહ આતિથ્ય ભાવના દર્શાવતા કહે છે.

**पात्रं त्वतिथिमासाद्य शीलाढयं यो न पूजयेत् ।**

**स दत्त्वा दुष्कृतं तस्मै पुण्यमादाय गच्छति ॥ (म.भा. १३/२/९३)**

અર્થાત્ જે ગૃહસ્થ અતિથિનો સત્કાર કરતો નથી તે અતિથિ તેના પાપ આપી પુણ્ય લઈ જાય છે.

**विपुलोपाख्यान** અનુશાસન પર્વના દાનધર્મ પર્વ અંતર્ગત અધ્યાય–૪૦ માં નિરુપવામાં આવ્યું.

વિપુલે ગુરુપત્નીની રક્ષા માટે નિષ્કામ ભાવથી તેના શરીરમાં પ્રવેશ કર્યો. તેના દ્વારા એ ફલિત થાય છે કે આસકિત વિના કરેલ દુષ્કૃત્ય હોય તો પણ પાપના ભાગી થવાતું નથી. સ્ત્રીની રક્ષા કરવી, પુરુષનું કર્તવ્ય છે. સમાજમાં સ્ત્રીના રક્ષકોની અપેક્ષાએ ભક્ષકોનું પ્રમાણ વધી જાય તો સમાજનું પતન થાય છે.

ઈન્દ્રની સ્ત્રી લંપટતા પણ જોઈ શકાય છે.

**कीटोपाख्यान** અનુશાસન પર્વના દાનધર્મ પર્વ અંતર્ગત અધ્યાય–૧૧૭ માં દર્શાવેલ છે.

પ્રસ્તુત ઉપાખ્યાન દ્વારા કર્મ અનુસાર જીવની મરણોત્તર ગતિ થાય છે તે બાબત સિદ્ધ થાય છે. પૂર્વકૃત કર્મ મનુષ્યને પુનર્જન્મમાં પણ સાથે આવે છે. મહર્ષિ વેદવ્યાસ કહે છે – **शुभकृच्छुभयोनिषु पापकृत पापयोनिषु श्च(म.भा. १३/११९/९)** જીવમાત્રને મૃત્યુનો ભય હોય છે, પછી તે મનુષ્ય હોય કે ક્ષુદ્ર જંતુ.

અર્થાત્ ઉત્તમ કર્મ કરનાર ઉત્તમ યોનિ અને પાપ કરનાર પાપ યોનિમાં જન્મ ધારણ કરે છે.

મહાભારતમાં નિર્દિષ્ટ આખ્યાનો–ઉપાખ્યાનો ઉત્તમ કોટિના છે. તેમાંના કેટલાક આખ્યાનો તો પરવર્તી સાહિત્યના કવિઓને ઉપજીવ્ય બની રહ્યા છે. મહાભારત દ્વારા દ્વૈપાયન વ્યાસ મહાભારતના પ્રારંભમાં જ કહે છે કે –

**धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ ।**

**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित् ॥ (म.भा. १/६२/५३)**

અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી જે બાબત આ ગ્રંથમાં છે, તે અન્યત્ર પણ છે, જે આમાં નથી તે કયાંય નથી.

અંતે ભગવાન્ શ્રી વેદ વ્યાસ કહે છે –

**ऊर्ध्वबाहुर्विरौम्येष न च कर्ि च्छृणोति माम् ।**

**धर्मादर्थ   काम   स किमर्थं न सेव्यते ॥ (म.भा. १८/५/६२)**

અર્થાત્ હું હાથ ઊંચા કરીને કહું છું પણ કોઈ મને સાંભળતું નથી. ધર્મથી કામ અને મોક્ષ મળે છે તે ધર્મનું સેવન કેમ કરતા નથી.

આમ, અથથી ઈતિ સુધી મહાભારતકાર અગણિત બાબતો વર્ણવે છે. ભારત જેવા વિશાળ દેશને એકસૂત્રે બાંધી રાખવાનું કામ મહાભારતકારે કર્યું છે.

મહાભારતે અનેક ધાર્મિક તેમજ રાજનૈતિક ગ્રંથની ભેટ આપી. શ્રીમદ્ ભગવદ્ ગીતા, વિષ્ણુસહસ્ર નામ, ભીષ્મ–સ્તવરાજ, ગજેન્દ્ર મોક્ષ, અનુગીતા, વિદુરનીતિ જેવા ગ્રંથોની ઉત્પત્તિ મહાભારતમાંથી જ થઈ હોવા છતાં સ્વતંત્ર ગ્રંથ તરીકેનું સ્થાન પામ્યા.

આવા મહાભારતના કુલ ત્રીસ આખ્યાનો–ઉપાખ્યાનોની વિસ્તૃત છણાવટ કરી મારી કલમને વિરામ આપું છું.

શક્ય છે મારો આ પ્રયત્ન વર્તમાન યુગમાં પ્રેરણારૂપ બની રહેશે.

અને અંતે આ મહાગ્રંથના સર્જક મહર્ષિ વિશાલબુદ્ધિ વ્યાસને વંદન કરીને પ્રાર્થું છું કે **प्रज्वालितो ज्ञानमय प्रदीपः ।**

**अस्तु**

# પરિશિષ્ટ – ૧✓

પ્રસ્તુત શોધ પ્રબંધમાં મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનોનું વિવેચન કર્યું નથી તેવા આખ્યાનો–ઉપાખ્યાનોને પરિશિષ્ટમાં સમાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે પર્વોમાં આખ્યાનો–ઉપાખ્યાનો છે તે પ્રસ્તુત કર્યા છે, અને જે પર્વમાં એક પણ આખ્યાન કે ઉપાખ્યાન નથી તેમનો નિર્દેશ કર્યો નથી.✓

**આદિપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોનો નામ નિર્દેશ :**

| | | | |
|---|---|---|---|
| (१) | **महाभिषोपाख्यान** | – | **सम्भव पर्व – अ. ९६** |
| (२) | **शान्तनूपाख्यान** | – | **सम्भव पर्व – अ. ९७** |
| (३) | **आपवोपाख्यान** | – | **सम्भव पर्व – अ. ९९** |
| (४) | **सत्यवतीलाभोपाख्यान** | – | **सम्भव पर्व – अ. १००** |
| (५) | **चित्रांगदोपाख्यान** | – | **सम्भव पर्व – अ. १०१** |
| (६) | **अणीमाण्डव्योपाख्यान** | – | **सम्भव पर्व – अ. १०३** |
| (७) | **व्युषिता ोपाख्यान** | – | **सम्भव पर्व – अ. १२१** |

| | | | |
|---|---|---|---|
| (८) | वशिष्ठोपाख्यान | – | चैत्ररथ पर्व – अ. १८१ |
| (९) | पत्त्वेन्द्रोपाख्यान | – | वैवाहिक पर्व – अ. १९६ |
| (१०) | सुन्दोपसुन्दोपाख्यान | – | विदुरागमनराज्यलम्भ पर्व – अ. २०८ |
| (११) | शार्ङ्गकोपाख्यान | – | मयदर्शन पर्व – अ. २२८ |

વનપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | सौभवधोपाख्यान | – | अर्जुनाभिगमन पर्व – अ. १४ |
| (२) | अगस्त्योपाख्यान | – | तीर्थयात्रा पर्व – अ. ९६ |
| (३) | मान्धतोपाख्यान | – | तीर्थयात्रा पर्व – अ. १२६ |
| (४) | श्येनकपोतीयोपाख्यान | – | तीर्थयात्रा पर्व – अ. १३० |
| (५) | अष्टावक्रीयोपाख्यान | – | तीर्थयात्रा पर्व – अ. १३२ |
| (६) | यवक्रीतोपाख्यान | – | तीर्थयात्रा पर्व – अ. १३५ |
| (७) | मत्स्योपाख्यान | – | मार्कन्डेय समास्या पर्व – अ. १८७ |
| (८) | मण्डूकोपाख्यान | – | मार्कन्डेय समास्या पर्व – अ. १९२ |
| (९) | इन्द्रद्युम्नोपाख्यान | – | मार्कन्डेय समास्या पर्व – अ. १९९ |
| (१०) | धुन्धुमारोपाख्यान | – | मार्कन्डेय समास्या पर्व – अ. २०१ |
| (११) | अङ्गिरसोपाख्यान | – | मार्कन्डेय समास्या पर्व – अ. २१८ |
| (१२) | मुद्गलोपाख्यान | – | व्रीहिद्रोणिक पर्व – अ. २६० |
| (१३) | दुर्वासापाख्यान | – | द्रौपदीहरण पर्व – अ. २६२ |

ઉદ્યોગપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | दम्भोद्भवोपाख्यान | – | भगवद्यान पर्व – अ. ९६ |
| (२) | मातलि उपाख्यान | – | भगवद्यान पर्व – अ. ९७ |

ભીષ્મ પર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | विश्वोपाख्यान | – | भीष्मवध पर्व – अ. ६५ |

દ્રોણ પર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | षोडशराजकीयोपाख्यान | – | अभिमन्युवध पर्व – अ. ५५ |

કર્ણપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | त्रिपुराख्यान | – | कर्णपर्व – अ. ३३ |

શલ્યપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | सारस्वतोपाख्यान | – | गदापर्व – अ. ३७ |

શાન્તિપર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | सेनजिदुपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. २५ |
| (२ | षोडशराजकीयोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. २९ |
| (३) | नारद पर्वतोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ३० |
| (४) | स्वर्णष्ठीविसम्भवोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ३१ |
| (५ | प्रार्य त्तीयोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ३३ |
| (६) | रामोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ४८ |
| (७) | मुचुकुन्दोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ७४ |
| (८) | कैकेयोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ७७ |
| (९) | कालकवृक्षीयोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ८२ |
| (१०) | उष्ट्रग्रीवोपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. ११२ |
| (११) | दण्डोत्पत्युपाख्यान | – | राजधर्मानुशासन पर्व – अ. १२२ |
| (१२ | शाकुलोपाख्यान | – | आपद्धर्म पर्व – अ. १३७ |
| (१३) | नृशंसाख्यान | – | आपद्धर्म पर्व – अ. १६४ |
| (१४) | जापकोपाख्यान | – | मोक्षधर्म पर्व – अ. १९७ |
| (१५ | कुण्डधारोपाख्यान | – | मोक्षधर्म पर्व – अ. २७१ |
| (१६) | उच्छवृत्युपारख्यान | – | मोक्षधर्म पर्व – अ. ३५३ |

અનુશાસન પર્વના આખ્યાનો–ઉપાખ્યાનોની સૂચિ :

| | | | |
|---|---|---|---|
| (१) | सुदर्शनोपाख्यान | – | दानधर्म पर्व – अ. २ |
| (२) | विश्वामित्रोपाख्यान | – | दानधर्म पर्व – अ. ३ |
| (३) | कर्मफलिकोपाख्यान | – | दानधर्म पर्व – अ. ७ |
| (४) | मेघवाहनपर्व आख्यान | – | दानधर्म पर्व – अ. १४ |
| (५) | वीतहव्योपाख्यान | – | दानधर्म पर्व – अ. ३० |
| (६) | विपुलोपाख्यान | – | दानधर्म पर्व – अ. ४० |
| (७) | तारकवधोपाख्यान | – | दानधर्म पर्व – अ. ८६ |
| (८) | बिसस्तेन्योपाख्यान | – | दानधर्म पर्व – अ. ९३ |

| | | | |
|---|---|---|---|
| (९) | आयुष्याख्यान | – | दानधर्म पर्व – अ. १०४ |
| (१०) | कीटोपाख्यान | – | दानधर्म पर्व – अ. ११७ |
| (११) | हरिणकृशकआख्यान | – | दानधर्म पर्व – अ. १२४ |
| (१२) | सावित्रीव्रतोपाख्यान | – | दानधर्म पर्व – अ. १५० |

આ સિવાયના પર્વમાં આખ્યાનો–ઉપાખ્યાનો ન હોવાને કારણે નામનિર્દેશ કર્યો નથી.

# સંદર્ભ ગ્રંથોની સૂચિ

## મૂળ સંસ્કૃત ગ્રંથો✓


| ક્રમ | ગ્રંથનું નામ | સંપાદક/પ્રકાશક✓ |
|---|---|---|
| ૧. | મહાભારત (૧–૬ ભાગ) | ગીતા પ્રેસ, ગોરખપુર વિ.સં. ૨૦૧૨ |
| ૨. | ઋગ્વેદ સંહિતા (સાયણ ભાષ્ય ભાગ ૧–૫) | વૈદિક સંશોધન મંડળ, પુના, ૧૯૩૨ |
| ૩. | યજુર્વેદ | શ્રી રામ શર્મા આચાર્ય, બ્રહ્મવર્ચસ્ શાંતિકુંજ, હરિદ્વાર – ૧૯૯૪ |
| ૪. | સામવેદ | શ્રી રામ શર્મા આચાર્ય, બ્રહ્મવર્ચસ્ શાંતિકુંજ, હરિદ્વાર – ૧૯૯૩ |
| ૫. | અથર્વવેદ | શ્રી રામ શર્મા આચાર્ય, બ્રહ્મવર્ચસ્ શાંતિકુંજ, |

| | | |
|---|---|---|
| | | હરિદ્વાર – ૧૯૯૬ |
| ૬. | રામાયણ | ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૨૦૬૩ |
| ૭. | શ્રીમદ્ ભાગવત પુરાણ | ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૨૦૪૪ |
| ૮. | મત્સ્ય પુરાણ | ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૧૯૯૨ |
| ૯. | બ્રહ્મવૈવર્ત પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી |
| ૧૦. | માર્કણ્ડેય પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી |
| ૧૧. | વરાહ પુરાણ | વેંકટેશ્વર પ્રેસ, મુંબઈ, સં. ૧૯૮૦ |
| ૧૨. | વામન પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૩ |
| ૧૩. | વાયુ મહાપુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૩ |
| ૧૪. | વિષ્ણુ પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૫ |
| ૧૫. | શિવ મહાપુરાણ | જવાલા પ્રસાદ મિશ્ર, ખેમરાજ કૃષ્ણદાસ, મુંબઈ, વિ.સં. ૧૯૬૫ |
| ૧૬. | સ્કંદ પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૬ |
| ૧૭. | પદ્મપુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૪ |
| ૧૮. | કૂર્મ પુરાણ | Asiatic Society of Bengal - 1990 |
| ૧૯. | ભવિષ્ય પુરાણ | શ્રી રામ શર્મા, આચાર્ય, સંસ્કૃત સંસ્થાન, બરેલી, ઈ.સ. ૧૯૯૯ |
| ૨૦. | બ્રહ્મપુરાણ | નાગ પ્રકાશન, દિલ્હી |
| ૨૧. | બ્રહ્માંડપુરાણ | જગદીશ શાસ્ત્રી, મોતીલાલ બનારસીદાસ, |
| ૨૨. | અગ્નિપુરાણ | આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલી, પુના, ઈ.સ. ૧૯૦૦ |
| ૨૩. | ગરુડ પુરાણ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, ઈ.સ. ૧૯૮૯ |
| ૨૪. | રામચરિતમાનસ | ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૧૯૯૯ |
| ૨૫. | હરિવંશ | ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૧૯૪૪ |

| | | |
|---|---|---|
| ૨૬. | શ્રીમદ્ દેવી ભાગવત | પંડિતશ્રી રાજતેજ પાંડેય,<br>ચૌખમ્બા વિદ્યાભવન,<br>વારાણસી, ૧૯૯૯ |
| ૨૭. | વિષ્ણુધર્મોત્તર પુરાણ | નાગ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૮૫ |
| ૨૮. | શતપથ બ્રાહ્મણ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>વારાણસી, વિ.સં. ૨૦૫૪ |
| ૨૯. | ઈશાદિનૌ ઉપનિષદ્<br>(શાંકર ભાષ્ય સહિત) | ગીતા પ્રેસ, ગોરખપુર,<br>વિ.સં. ૨૦૧૦ |
| ૩૦. | છાંદોગ્ય ઉપનિષદ્<br>(શાંકર ભાષ્ય સહિત) | ગીતા પ્રેસ, ગોરખપુર,<br>વિ.સં. ૧૯૯૩ |
| ૩૧. | બૃહદારણ્યક ઉપનિષદ્<br>(શાંકર ભાષ્ય સહિત) | ગીતા પ્રેસ, ગોરખપુર,<br>વિ.સં. ૧૯૯૫ |
| ૩૨. | તૈત્તિરીય બ્રાહ્મણ | આનંદાશ્રમ ગ્રંથમાલા, પુના |
| ૩૩. | બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય | ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૯૪ |
| ૩૪. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | ગીતા પ્રેસ, ગોરખપુર, સં. ૨૦૬૧ |
| ૩૫. | યોગવાશિષ્ઠ | વાસુદેવ લક્ષ્મણ શાસ્ત્રી પણશીકર<br>નિર્ણય સાગર પ્રેસ, ૧૯૧૮ |
| ૩૬. | મનુસ્મૃતિ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી,<br>વિ.સં. ૨૦૬૦ |
| ૩૭. | અષ્ટાધ્યાયી | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>વારાણસી, ૧૯૫૪ |
| ૩૮. | નિરુકત (દુર્ગાચાર્ય ટીકા સમ્મેત) | ગુરુમંડલ ગ્રંથમાલા, કલકત્તા, ૧૯૫૨ |
| ૩૯. | સાંખ્યકારિકા | શ્રી રમાશંકર ત્રિપાઠી,<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>વારાણસી, ૧૯૯૦ |
| ૪૦. | કૌટિલ્ય અર્થશાસ્ત્ર | સંસ્કૃત સાહિત્ય, મુદ્રણાલય, |

| | | |
|---|---|---|
| | | અમદાવાદ, ૧૯૮૩ |
| ૪૧. | સાહિત્ય દર્પણ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, વિ.સં. ૨૦૬૪ |
| ૪૨. | કાવ્યાલંકાર | ડો. આર.પી. મહેતા, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૦ |
| ૪૩. | યાજ્ઞવલ્કય સ્મૃતિ | વૈંકટેશ્વર પ્રેસ, મુંબઈ, ૧૯૦૦ |
| ૪૪. | પંચતંત્ર | ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી, વિ.સં. ૨૦૪૭ |
| ૪૫. | હિતોપદેશ–મિત્રલાભ | મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ઈ.સ. ૧૯૭૪ |
| ૪૬. | સુભાષિત મંજરી | ભારતીય વિદ્યામંડલ, સુરત, ઈ.સ. ૧૯૯૫ |
| ૪૭. | અભિજ્ઞાન શાકુન્તલમ્ | ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી, ઈ.સ. ૨૦૦૨ |
| ૪૮. | મેઘદૂત | ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી, ઈ.સ. ૨૦૦૫ |
| ૪૯. | કુમારસંભવ | ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી, વિ.સં. ૨૦૫૪ |
| ૫૦. | વિક્રમોર્વશીયમ્ | પ્રા. પી.સી. દવે, પ્રા. સુરેશ દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૮ |
| ૫૧. | બુદ્ધચરિતમ્ | ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, વિ.સં. ૨૦૨૯ |
| ૫૨. | કાદંબરી (પૂર્વાર્ધ) | ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી, વિ.સં. ૨૦૫૦ |

| | | |
|---|---|---|
| ૫૩. | ઉત્તરરામચરિતમ્ | પ્રા. સી.વી. રાવલ, પ્રા. સુરેશ દવે,<br>પ્રા. વસંત ભટ્ટ, પ્રા. ભરત ભટ્ટ,<br>સરસ્વતી પુસ્તક ભંડાર,<br>અમદાવાદ, ૧૯૯૦ |
| ૫૪. | મૃચ્છકટિકમ્ | મહાજન પબ્લિશિંગ હાઉસ,<br>અમદાવાદ, ૧૯૫૮ |
| ૫૫. | નૈષધચરિતમ્ | પ્રા. સુરેશ દવે, પ્રા. ભગવતી પ્રસાદ પંડયા,<br>સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ |
| ૫૬. | દશકુમાર ચરિતમ્ | એમ.આર. કાલે,<br>મોતીલાલ બનારસીદાસ, ૧૯૬૬ |
| ૫૭. | કર્ણભાર | ચૌખમ્બા વિદ્યાભવન,<br>સંસ્કૃત ગ્રંથમાલા, વારાણસી |
| ૫૮. | કિરાતાર્જુનીયમ્ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>વારાણસી, સં. ૨૦૧૮ |
| ૫૯. | શતકત્રયમ્ | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>વારાણસી, વિ.સં. ૨૦૪૨ |
| ૬૦. | હર્ષચરિતમ્ | ચૌખમ્બા વિદ્યાભવન,<br>વારાણસી, ૧૯૫૮ |

# સહાયક ગુજરાતી સંદર્ભ ગ્રંથો


| ક્રમ | ગ્રંથનું નામ | સંપાદક/પ્રકાશક |
|---|---|---|
| ૧. | મહાભારત | ડૉ. રાધાકૃષ્ણન, અનુવાદ, ચંદ્રશેખર શુકલ, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ |
| ૨. | ભારતરત્ન (મ.ભા. ના સૂકિત રત્નોનું સમાલોચન) | ડો. ઉપેન્દ્ર સાંડેસરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજ સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, વડોદરા, ૧૯૬૩ |
| ૩. | ગીતા નિબંધો | શ્રી અરવિંદ ઘોષ, શ્રી અરવિંદ સોસાયટી, પોંડીચેરી, ૧૯૭૦ |
| ૪. | ગીતા પ્રવચનો | શ્રી વિનોબા ભાવે, પરમધામ પ્રકાશન, પવનાર |

| | | |
|---|---|---|
| ૫. | ગીતા મંથન | શ્રી કિશોરલાલ મશરૂવાળા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ |
| ૬. | પ્રાચીન સાહિત્ય | શ્રી રવીન્દ્રનાથ ટાગોર, ગુજરાતી વિદ્યાપીઠ, અમદાવાદ, સં. ૧૯૭૮ |
| ૭. | રવીન્દ્રનાથનો સાહિત્ય વારસો | નગીનદાસ પારેખ, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, ૧૯૮૧ |
| ૮. | અનાસકિત યોગ | શ્રી ગાંધીજી, નવજીવન પ્રકાશન, અમદાવાદ |
| ૯. | સ્વામી વિવેકાનંદ ભાષણો અને લેખો | સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ |
| ૧૦. | ભકિત રહસ્ય | સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ |
| ૧૧. | ગુજરાતના ધર્મ સંપ્રદાય | ડો. નવીનચંદ્ર આચાર્ય, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૩ |
| ૧૨. | નારદ અને શાંડિલ્યના ભકિતસૂત્રો | શ્રી કે.કા. શાસ્ત્રી, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાલા, અમદાવાદ, વિ.સં. ૨૦૧૩ |
| ૧૩. | ગીતા અને આપણા પ્રશ્નો | સ્વામી સચ્ચિદાનંદ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૮ |
| ૧૪. | શ્રીકૃષ્ણ જીવન દર્શન (પાંડુરંગ શાસ્ત્રી આઠવલેના પ્રવચનોનું સંકલન) | સદ્ વિચાર દર્શન ટ્રસ્ટ, મુંબઈ, ૧૯૭૫ |
| ૧૫. | ધમ્મપદ | સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૮૧ |
| ૧૬. | કર્મનો સિદ્ધાંત | શ્રી હીરાભાઈ ઠક્કર, ૧૯૮૩ |
| ૧૭. | પૌરાણિક કથાઓ અને આખ્યાનો | શ્રી હર્ષદેવ માધવ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૧૯૯૭ |

| | | |
|---|---|---|
| ૧૮. | મહાભારતનો મર્મ | શ્રી મનુભાઈ પંચોળી,<br>સર્વોદય સહકારી પ્રકાશન,<br>સંઘ–સણોસરા |
| ૧૯. | મહાભારત –<br>એક આધુનિક દષ્ટિકોણ | શ્રી બુદ્ધદેવ બસુ, ભાષાન્તર નિધિ,<br>બલવંત ભવન, ભાવનગર,<br>ઈ.સ. ૧૯૮૦ |
| ૨૦. | તુલાધાર | ડો. ઉપેન્દ્ર સાંડેસરા,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૨૧. | વૈદિક સાહિત્યનો ઈતિહાસ | ડૉ. વર્ષા દવે, ડૉ. વસન્ત ભટ્ટ,<br>સરસ્વતી પુસ્તક ભંડાર,<br>અમદાવાદ, ૧૯૯૪ |
| ૨૨. | નલાખ્યાન | પ્રેમાનંદ, સંપાદક – રમણ જોષી,<br>અરુણોદય પ્રકાશન, ૨૦૦૫ |
| ૨૩. | મહાભારત – મનન અને મંથન | જયાનન્દ દવે, પ્રવીણ પુસ્તક ભંડાર,<br>રાજકોટ, ૧૯૯૮ |
| ૨૪. | શ્રીમદ્ ભગવદ્ ગીતા :<br>એક નૂતન અભિગમ | ડો. કુસુમબા જાડેજા,<br>પ્રવીણ પુસ્તક ભંડાર,<br>રાજકોટ, ૨૦૦૪ |
| ૨૫. | કલાપીનો કાવ્ય કલાપ | કલાપી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,<br>૧૯૫૪ |

# સહાયક હિન્દી સંદર્ભ ગ્રંથો



| ક્રમ | ગ્રંથનું નામ | સંપાદક/પ્રકાશક |
|---|---|---|
| १. | पौराणिक आख्यानो का विकासात्मक अध्ययन | डॉ. उमापतिराय चण्डेल, कोणार्क प्रकाशन, दिल्ली, इ.स. १८७५ |
| २. | श्रीमद् भगवद् गीता | डॉ. राधाकृष्णन्, हिन्दी अनुवाद, सरस्वती विहार, दिल्ली, १९९८ |
| ३. | चाणक्य नीति | मनोज पब्लिकेशन, दिल्ली, २००८ |
| ४. | पुराण विमर्श | श्री बलदेव उपाध्याय, शारदा मंदिर, वाराणसी, १९६८ |
| ५. | पुराण तत्त्व मीमांसा | श्री कृष्णमणि त्रिपाठी, मोतीलाल बनारसीदास, वाराणसी |
| ६. | पुराण तत्त्व विमर्श | पं. स्थानेशचंद्र उपैति, परिमल पब्लिकेशन, दिल्ली, १९८६ |
| ७. | धर्मशास्त्र का इतिहास (भाग : १-५) | डॉ. पी.वी. काणे अर्जुन चोबेकाश्यप, हिन्दी समिति-लखनउ, १९८४ |

| | | |
|---|---|---|
| ८. | संस्कृत साहित्य का इतिहास | वाचस्पति गैरोला, चौखम्बा विद्याभवन, वाराणसी, वि.सं. २०१७ |
| ९. | संस्कृत साहित्य का इतिहास | श्री बलदेव उपाध्याय, शारदा मंदिर, वाराणसी, १९६८ |
| १०. | संस्कृत महाकाव्य की परम्परा | श्री केशवलाल मुसलगाँवकर, चौखम्बा संस्कृत सीरीज, वाराणसी, २०२६ |
| ११. | संस्कृत साहित्य का इतिहास | श्री कृष्ण चैतन्य, चौखम्बा विद्याभवन, वाराणसी, वि.सं. २०२९ |
| १२. | अष्टादश पुराण परिचय | श्री कृष्णमणि त्रिपाठी, मोतीलाल बनारसीदास, वाराणसी |
| १३. | वैदिक साहित्य एवं संस्कृति | श्री वाचस्पति गैरोला, संवर्तिका प्रकाशन, इलाहाबाद, १९६१ |
| १४. | वैदिक आख्यानों की प्रकृति | डॉ. वसुंधरा रिहानी |
| १५. | पौराणिक आख्यान | डॉ. गंगासागर राय, चौखम्बा विद्याभवन, वाराणसी, १९९१ |

क्त

क्त

क्त

क्त

| | | |
|---|---|---|
| १६. | पौराणिक कथाएँ | पं. हृदयराय शर्मा,<br>चौखम्बा विद्याभवन |
| १७. | भारतीय धर्म और दर्शन | श्री बलदेव उपाध्याय,<br>चौखम्बा ओरियन्दती प्राच्य विद्या,<br>वाराणसी, ई.स. १९७७ |
| १८. | हिन्दु संस्कार | श्री राजबलि पाण्डे,<br>चौखम्बा विद्याभवन,<br>वाराणसी, १९६६ |
| १९. | पुराणपर्यालोचनम् | श्री कृष्णमणि त्रिपाठी,<br>चौखम्बा सुरभारती प्रकाशन,<br>वाराणसी, १९७५ |
| २०. | कबीरवाणी | मनोज पब्लिकेशन,<br>दिल्ली, २००७ |


क्त

क्त

# ENGLISH BOOKS


| Sr. | Title | Author / Publishers |
|---|---|---|
| 1. | A History of Sanskrit Literature, Vol-1 | S.N. Dasgupta, S.K. De, University of Calcutta, 1947 |
| 2. | History of Indian Literature Vol-1 | Winternitz, Published by the University of Calcutta, 1927 |
| 3. | A Critical Studies in Mahabharatam | V.S. Shukthankar, Memorial Adition Committee, Bombay-2, 1945 |
| 4. | Talks on the Gita | Acharya Vinoba Bhave, Akhilbharat Sarve Seva Sangh, Kashi, 1959 |
| 5. | History of Sanskrit Literature | A.B. Keith, Oxford University Vidya Bhavan, Bombay, 1955 |
| 6. | History of Classical Sanskrit Literature | M. Krishnamachariar, Motilal Banarasidas, Delhi, 1984 |
| 7. | History of Sanskrit | S.K. De, Firma K.L. Mukhopadhayay, Calcutta, 1960 |

## શબ્દકોશ ગ્રંથો


(૧) પૌરાણિક કથાકોશ
શ્રી ડાહ્યાભાઈ દેરાસરી,
ગ્રંથલોક, અમદાવાદ, ૧૯૮૮

(૨) સાર્થ ગુજરાતી જોડણી કોશ,
સંગ્રહકાર – દેસાઈ મગનભાઈ
પ્રકાશન – નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૯

(૩) અમરકોશ (અમરસિંહ)
શ્રી કે.કા. શાસ્ત્રી,
યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫


## સામાયિકો


(१) धर्मशास्त्राङ्क – 'कल्याण', गीता प्रेस, गोरखपुर – १९९६

(२) संस्कार - अङ्क – 'कल्याण', गीता प्रेस, गोरखपुर – २००६

(३) अवतार - कथाङ्क – 'कल्याण', गीता प्रेस, गोरखपुर – २००७